પ્ર. ભંતે ! ભાવિતાત્મા **અણગાર** કાર્યવશ એક તરફ યજ્ઞોપવીત (જનોઈ) ધારણ કરેલ પુરુષનાં જેવા કેટલા રૂપોની વિકુર્વણા કરી શકે છે ?

Jainsite.com जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उ. गोयमा ! **एवं चेव -जाव-** नो विकुव्विंसु वा, विकुव्वंति वा, विकुव्विस्संति वा।

***एवं दुहओजण्णोवइयंपडागं पि।***

-विया. स. ३, उ. ५, सु. ८-९.

ઉ. ગૌતમ ! **પહેલા કહ્યા અનુસાર જાણી લેવું જોઈએ -યાવત્-** આટલા રૂપોની વિકુર્વણા ક્યારેય કરેલ નથી, કરતા નથી અને કરશે પણ નહીં.

***આ પ્રમાણે બંને અને યજ્ઞોપવીત (જનોઈ) ધારણ કરેલ પુરુષની જેમ રૂપોની વિકુર્વણા કરવાનાં સંબંધમાં પણ જાણી લેવું જોઈએ.***

**९. भावियप्पमणगारं पडुच्च पल्हत्थियंरूवविउव्वण परूवणं -**

प. **से जहानामए** केइ पुरिसे एगओपल्हत्थियं काउं चिट्ठेज्जा,

एवामेव अणगारे वि भावियप्पा एगओपल्हत्थिय किच्चगएणं अप्पाणेणं उड्ढं वेहासं उप्पएज्जा ?

उ. गोयमा ! **तं चेव -जाव-** नो विकुव्विंसु वा, विकुव्वंति वा, विकुव्विस्संति वा।

***एवं दुहओपल्हत्थियं पि।***

-विया. स. ३, उ. ५, सु. १०

**૯. ભાવિતાત્મા અણગાર દ્વારા પલાંઠી વાળીને બેઠેલા રૂપની વિકુર્વણાનું પ્રરૂપણ :**

પ્ર. **જેમ કોઈ પુરુષ,** એક તરફ પલાંઠી વાળીને બેઠા,

શું તે પ્રમાણે ભાવિતાત્મા અણગાર પણ એક પલાંઠીવાળેલ તે પુરુષની જેમ સ્વયં આકાશમાં ઉડી શકે છે ?

ઉ. ગૌતમ ! **પહેલા કહ્યા અનુસાર જાણવું, -યાવત્-** એટલા વિકુર્વિત રૂપ પણ ક્યારેય બનાવ્યું નથી, બનાવતા નથી અને બનાવશે પણ નહીં.

***આ પ્રમાણે બંને તરફ પલાંઠી લગાવેલ પુરુષનાં સમાન રૂપ-વિકુર્વણાનાં સંબંધમાં જાણી લેવું જોઈએ.***

**१०. भावियप्पमणगारं पडुच्च पलियंकरूवविउव्वण परूवणं -**

प. **से जहानामए** केइ पुरिसे एगओपलियंकं काउं चिट्ठेज्जा, एवामेव अणगारे वि भावियप्पा एगओ पलियंकं किच्चगएणं अप्पाणेणं उड्ढं वेहासं उप्पएज्जा ?

उ. गोयमा ! **तं चेव -जाव-** नो विकुव्विंसु वा, विकुव्वंति वा, विकुव्विस्संति वा।

***एवं दुहओपलियंकं पि।***

-विया. स. ३, उ. ५, सु. ११

**૧૦. ભાવિતાત્મા અણગાર દ્વારા પલાંઠીવાળીને બેઠેલ (પદ્માસનમાં) રૂપની વિકુર્વણાનું પ્રરૂપણ :**

પ્ર. **જેમ કોઈ પુરુષ,** એક તરફ પદ્માસન કરીને બેઠેલ, એ.પ્રમાણે શું ભાવિતાત્મા અણગાર પણ એક પદ્માસનમાં બેસેલ તે પુરુષનાં સમાન વિકુર્વણા કરીને આકાશમાં ઉડી શકે છે ?

ઉ. ગૌતમ ! **પહેલા કહ્યા અનુસાર જાણવું -યાવત્-** એટલા રૂપ ક્યારેય વિકુર્વિત કરેલ નથી, કરતાં નથી, કરશે પણ નહીં.

***આ પ્રમાણે બંને તરફ પદ્માસન કરી બેઠેલ પુરુષનાં સમાન રૂપ-વિકુર્વણાનાં સંબંધમાં જાણવું જોઈએ.***

**११. भावियप्पमणगारं आसाइ रूवअभिजुंजियत्त परूवणं -**

प. अणगारे णं भंते ! भावियप्पा बाहिरए पोग्गले अपरियाइत्ता पभू एगं महं आसरूवं वा, हत्थिरूवं वा, सीह-वग्घ-वग-दीविय-अच्छ-तरच्छ-परासररूवं वा अभिजुंजित्तए ?

**૧૧. ભાવિતાત્મા અણગારના અશ્વ આદિ રૂપોને વશ કરવાનું પ્રરૂપણ :**

પ્ર. ભંતે ! ભાવિતાત્મા અણગાર, બહારનાં પુદ્ગલોને ગ્રહણ કર્યા વગર એક મોટા અશ્વનાં રૂપને, હાથીનાં રૂપને, સિંહ, વાઘ, વરુ, ચિત્તો, રીંછ, દીપડો અથવા સન્યાસીનાં રૂપને વશ કરવામાં સમર્થ છે ?

જૈન સાહિત્ય JAINSITE

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे ।

अणगारे णं एवं बाहिरए पोग्गले परियादित्ता पभू ।

प. अणगारे णं भंते ! भावियप्पा एगं महं आसरूवं वा अभिजुंजित्ता अणेगाइं जोयणाइं गमित्तए ?

उ. हंता, गोयमा ! पभू ।

प. से भंते ! आयड्ढीए गच्छइ, परिड्ढीए गच्छइ ?

उ. गोयमा ! आयड्ढीए गच्छइ, नो परिड्ढीए गच्छइ ।

*एवं आयकम्मुणा नो परकम्मुणा ।*

*आय पयोगेणं, नो परप्पयोगेणं ।*

*उस्सिओदगं वा गच्छइ, पतोदगं वा गच्छइ ।*

प. से णं भंते ! किं अणगारे आसे ?

उ. गोयमा ! अणगारे णं से, नो खलु से आसे ।

**एवं -जाव- परासररूवं वा ।**

-विया. स. ३, उ. ५, सु. १२-१४

**१२. भावियप्पा अणगारे णं गामाइरूव विउव्वणा परूवणं -**

प. अणगारे णं भंते ! भावियप्पा बाहिरए पोग्गले अपरियाइत्ता पभू एगं महं गामरूवं वा नगररूवं वा **-जाव-** सन्निवेसरूवं वा विकुव्वित्तए ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे ।

प. अणगारे णं भंते ! भावियप्पा बाहिरए पोग्गले परियाइत्ता पभू एगं महं गामरूवं वा नगररूवं वा **-जाव-** सन्निवेसरूवं वा विकुव्वित्तए ?

उ. हंता, गोयमा ! पभू ।

प. अणगारे णं भंते ! भावियप्पा केवइयाइं पभू गामरूवाइं विकुव्वित्तए ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

(પરંતુ) તે ભાવિતાત્મા અણગાર બાહરનાં પુદ્ગલોને ગ્રહણ કરીને પ્રવૃત્તિ કરવામાં સમર્થ છે.

પ્ર. ભંતે ! ભાવિતાત્મા અણગાર, એક મોટા અશ્વનાં રૂપને વશ કરીને અનેક યોજન સુધી જઈ શકે છે ?

ઉ. હા, ગૌતમ ! તે તેવું કરવામાં સમર્થ છે.

પ્ર. ભંતે ! શું તે આત્મ-ઋદ્ધિથી જાય છે કે પર-ઋદ્ધિથી જાય છે ?

ઉ. ગૌતમ ! તે આત્મઋદ્ધિથી જાય છે. પર-ઋદ્ધિથી નથી જાતાં.

***આ પ્રમાણે તે પોતાના કર્મથી જાય છે, પર કર્મથી નહીં.***

***તે આત્મ-પ્રયોગથી જાય છે, પર-પ્રયોગથી નહીં.***

***તે ઉપર ચઢેલ પાણીનાં (ઉપર ઉઠેલ-ઉભા) રૂપમાં પણ જઈ શકે છે અને નીચે પડેલ પાણીનાં (નીચે પડેલ-ઝુકેલ) રૂપમાં પણ જઈ શકે છે.***

પ્ર. ભંતે ! તે અશ્વરૂપધારી ભાવિતાત્મા અનગાર શું અશ્વ છે ?

ઉ. ગૌતમ ! તે અણગાર છે, અશ્વ નથી.

***આ પ્રમાણે સન્યાસી સુધીનાં રૂપોનાં સંબંધમાં પણ જાણવું જોઈએ.***

**૧૨. ભાવિતાત્મા અણગાર દ્વારા ગ્રામાદિનાં રૂપોની વિકુર્વણાનું પ્રરૂપણ :**

પ્ર. ભંતે ! ભાવિતાત્મા અણગાર બાહરનાં પુદ્ગલોને ગ્રહણ કર્યા વગર, એક મોટા ગ્રામ રૂપની, નગરરૂપની **-યાવત્-** સન્નિવેશનાં રૂપની વિકુર્વણા કરી શકે છે ?

ઉ. ગૌતમ ! તે અર્થ સમર્થ નથી.

પ્ર. ભંતે ! ભાવિતાત્મા અણગાર બાહરનાં પુદ્ગલોને ગ્રહણ કરીને એક મોટા ગ્રામરૂપની, નગરરૂપની **-યાવત્-** સન્નિવેશનાં રૂપની વિકુર્વણા કરી શકે છે ?

ઉ. હા, ગૌતમ ! કરી શકે છે.

પ્ર. ભંતે ! ભાવિતાત્મા અણગાર કેટલા ગ્રામરૂપોની વિકુર્વણા કરવામાં સમર્થ છે ?

JAINSITE जैन साईट जैनम् जयति शासनम्

उ. गोयमा ! से जहानामए जुवइं जुवाणे हत्थेणं हत्थे गेण्हेज्जा -**जाव**- नो विकुव्विंसु वा, विकुव्वंति वा, विकुव्विस्संति वा ।

ઉ. ગૌતમ ! જેમ યુવક-યુવતીનાં હાથ પોતાના હાથથી દૃઢતાપૂર્વક પકડીને ચાલે છે **-યાવત્-** એટલા રૂપોની વિકુર્વણા ક્યારેય કરી નથી, કરતા નથી અને કરશે પણ નહિં.

***एवं -जाव- सन्निवेसरूवं वा ।***

-विया. स. ३, उ. ६, सु. ११-१३

***આ પ્રમાણે સન્નિવેશ રૂપો સુધીની વિકુર્વણા કહેવી જોઈએ.***

## १३. विकुव्वणाकारी अणगारस्स आराहग विराहगत्त परूवणं -

## ૧૩. વિકુર્વણાકારી અણગારનાં આરાધક વિરાધકત્વનું પ્રરૂપણ :

प. से भंते ! किं मायी विकुव्वइ, अमायी विकुव्वइ ?

પ્ર. ભંતે ! શું માયી અણગાર વિકુર્વણા કરે છે કે અમાયી અણગાર વિકુર્વણા કરે છે ?

उ. गोयमा ! मायी विकुव्वइ, नो अमायी विकुव्वइ ।

ઉ. ગૌતમ ! માયી અણગાર વિકુર્વણા કરે છે, અમાયી અણગાર વિકુર્વણા કરતાં નથી.

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ -

"मायी विकुव्वइ, नो अमायी विकुव्वइ ?

પ્ર. ભંતે ! એવું ક્યા કારણથી કહેવાય છે કે-

"માયી અણગાર વિકુર્વણા કરે છે, અમાયી અણગાર વિકુર્વણા કરતાં નથી ?"

उ. गोयमा ! मायी णं पणीयं पाण-भोयणं भोच्चा-भोच्चा वामेइ,

ઉ. ગૌતમ ! માયી અણગાર પ્રણીત (કરેલ) આહાર-પાણી કરે છે. આ પ્રમાણે વારંવાર આહાર-પાણી કરીને તે વમન (ઊલ્ટી) કરે છે.

तस्स णं तेणं पणीएणं पाणभोयणेणं अट्ठि-अट्ठिमिंजा बहलीभवंति, पयणुए मंस-सोणिए भवइ,

તે આહાર-પાણીથી તેની અસ્થિ અને હાડકામાં રહેલ મજ્જા કઠણ થઈ જાય છે. તેનું લોહી અને માંસ પાતળું થઈ જાય છે.

जे वि य से अहाबादरा पोग्गला ते वि य से परिणमंति, तं जहा -

सोइंदियत्ताए **-जाव-** फासिंदियत्ताए, अट्ठि-अट्ठिमिंजकेस - मंसु - रोम - नहत्ताए सुक्कत्ताए सोणियत्ताए ।

તે આહારનાં જે સ્થૂલ પુદ્ગલ હોય છે તેનું પરિણમન તે-તે રૂપમાં થાય છે, જેમકે -

શ્રોત્રેન્દ્રિય રૂપમાં **-યાવત્-** સ્પર્શેન્દ્રિય રૂપમાં તથા હાડકાં, હાડકાનાં મજ્જા, વાળ, દાઢી, મૂંછ, રોમ, નખ, વીર્ય, રક્તનાં રૂપમાં તે પરિણત થાય છે.

अमायी णं लूहं पाण-भोयणं भोच्चा-भोच्चा णो वामेइ, तस्स णं तेणं लूहेणं पाण-भोयणेणं अट्ठि-अट्ठिमिंजा पतणूभवइ, बहले मंस सोणिए,

અમાયી અણગારએ રુક્ષ આહાર પાણીનું સેવન કરે છે અને એવા રુક્ષ આહાર-પાણીનો ઉપભોગ કરીને તે વમન કરતાં નથી. તે રુક્ષ આહાર-પાણીનાં સેવનથી તેની અસ્થિ તથા હાડકાંના મજ્જા પાતળા થાય છે તથા તેનું માંસ અને રક્ત કઠણ થઈ જાય છે. (જાડું થઈ જાય છે)

जे वि य से अहाबादरा पोग्गला ते वि य से परिणमंति, तं जहा-

उच्चारत्ताए पासवणत्ताए **-जाव-** सोणियत्ताए ।

તે આહાર-પાણીનાં જે સ્થૂલ પુદ્ગલ હોય છે, તેનું પરિણમન તે-તે રૂપમાં થાય છે, જેમકે -

મળ, મૂત્ર **-યાવત્-** રક્તરૂપમાં પરિણમન થઈ જાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-
"मायी विकुव्वइ, नो अमायी विकुव्वइ।"

माटे हे गौतम ! એવું કહેવાય છે કે-
"માયી અણગાર વિકુર્વણા કરે છે અને અમાયી અણગાર વિકુર્વણા કરતાં નથી."

मायी णं तस्स ठाणस्स अणालोइयपडिक्कंते कालं करेइ णत्थि तस्स आराहणा।

માયી અણગાર પોતાના દ્વારા કરેલ વૈક્રિય કરણરૂપની આલોચના અને પ્રતિક્રમણ કર્યા વગર જો કાળ કરે છે તો તેની આરાધના થતી નથી.

अमायी णं तस्स ठाणस्स आलोइयपडिक्कंते कालं करेइ अत्थि तस्स आराहणा[1]।

-विया. स. ३, उ. ४, सु. १९

અમાયી અણગાર જો આલોચના અને પ્રતિક્રમણ કરીને કાળ કરે છે તો તેની આરાધના થાય છે.

प. से भंते ! किं मायी विकुव्वइ ? अमायी विकुव्वइ ?

પ્ર. ભંતે ! શું વિકુર્વણા માયી કરે છે કે અમાયી કરે છે ?

उ. गोयमा ! मायी विकुव्वइ, णो अमायी विकुव्वइ[2]।

-विया. स. १३, उ. ९, सु. २६

ઉ. ગૌતમ ! માયી વિકુર્વણા કરે છે, અમાયી વિકુર્વણા કરતાં નથી.

**१४. माइस्स विकुव्वणा करणं उप्पत्ति य परूवणं -**

**૧૪. માયીની વિકુર્વણા કરવી અને ઉત્પત્તિનું પ્રરૂપણ :**

प. से भंते ! किं मायी विकुव्वइ ? अमायी विकुव्वइ ?

પ્ર. ભંતે ! શું માયી અણગાર વિકુર્વણા કરે છે કે અમાયી અણગાર વિકુર્વણા કરે છે ?

उ. गोयमा ! मायी विकुव्वइ, णो अमायी विकुव्वइ।

ઉ. ગૌતમ ! માયી અણગાર વિકુર્વણા કરે છે, અમાયી અણગાર વિકુર્વણા કરતાં નથી.

माई णं तस्स ठाणस्स अणालोइयपडिक्कंते कालं करेइ अण्णयरेसु आभिओगिएसु देवलोगेसु देवत्ताए उववज्जइ।

માયી અણગાર તે પ્રકારની વિકુર્વણા કર્યા પછી તે સ્થાનની આલોચના અને પ્રતિક્રમણ કર્યા વગર જ કાળ કરે છે. તો તે મૃત્યુ પામી આભિયોગિક દેવલોકોમાંથી કોઈ પણ એક દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે.

अमाई णं तस्स ठाणस्स आलोइय पडिक्कंते कालं करेइ अण्णयरेसु अणाभिओगिएसु देवलोगेसु देवत्ताए उववज्जइ।

-विया. स. ३, उ. ५, सु. १५-१६

પરંતુ અમાયી અણગાર તે પ્રકારની વિકુર્વણા કર્યા પછી પશ્ચાત્તાપપૂર્વક પૂર્વોક્ત પ્રમાદ રૂપ દોષ સ્થાનની આલોચના પ્રતિક્રમણ કરીને કાળ કરે છે. તો તે મરીને અનાભિયોગિક દેવલોકોમાંથી કોઈ દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે.

**१५. असंवुडाणं अणगारस्स विकुव्वणसामत्थ परूवणं -**

**૧૫. અસંવૃત અણગારની વિકુર્વણા સામર્થ્યનું પ્રરૂપણ :**

प. **असंवुडे** णं भंते ! **अणगारे** बाहिरए पोग्गले अपरियाइत्ता पभू एगवण्णं एगरूवं विउव्वित्तए ?

પ્ર. ભંતે ! શું **અસંવૃત અણગાર** બાહરનાં પુદ્ગલોને ગ્રહણ કર્યા વગર, એક વર્ણવાળા એક રૂપની વિકુર્વણા કરવામાં સમર્થ છે ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

प. **असंवुडे** णं भंते ! **अणगारे** बाहिरए पोग्गले परियाइत्ता पभू एगवण्णं एगरूवं विउव्वित्तए ?

પ્ર. ભંતે ! શું **અસંવૃત અણગાર** બાહરનાં પુદ્ગલોને ગ્રહણ કરીને એક વર્ણવાળા એક રૂપની વિકુર્વણા કરવામાં સમર્થ છે ?

१. विया. स. १३, उ. ९, सु. २७ २. (क) विया. स. ३, उ. ५, सु. १५ (१) (ख) विया. स. ३, उ. ४, सु. १९

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उ. हंता, गोयमा ! पभू।

ઉ. હા, ગૌતમ ! તે એવું કરવામાં સમર્થ છે.

प. से णं भंते ! किं इहगए पोग्गले परियाइत्ता विकुव्वइ ?

तत्थगए पोग्गले परियाइत्ता विकुव्वइ ?

अण्णत्थगए पोग्गले परियाइत्ता विकुव्वइ ?

પ્ર. ભંતે ! તે અસંવૃત્ત અણગાર અહીં રહેલ પુદ્દગલોને ગ્રહણ કરીને વિકુર્વણા કરે છે ?

ત્યાં રહેલ પુદ્દગલોને ગ્રહણ કરીને વિકુર્વણા કરે છે.

અન્યત્ર રહેલ પુદ્દગલોને ગ્રહણ કરીને વિકુર્વણા કરે છે ?

उ. गोयमा ! इहगए पोग्गले परियाइत्ता विकुव्वइ,

नो तत्थगए पोग्गले परियाइत्ता विकुव्वइ,

नो अण्णत्थगए पोग्गले परियाइत्ता विकुव्वइ।

एवं २. *एगवण्णं अणेगरूवं*, ३. *अणेगवण्णं एगरूवं*, ४. *अणेगवण्णं अणेगरूवं*-चउभंगो।

ઉ. ગૌતમ ! તે અહીં રહેલ પુદ્દગલોને ગ્રહણ કરીને વિકુર્વણા કરે છે.

પરંતુ ત્યાં રહેલ પુદ્દગલોને ગ્રહણ કરીને વિકુર્વણા કરતાં નથી.

અને અન્યત્ર રહેલ પુદ્દગલોને ગ્રહણ કરીને વિકુર્વણા કરતાં નથી.

**આ પ્રમાણે ૨. એક વર્ણ અનેક રૂપ, ૩. અનેક વર્ણ એક રૂપ, ૪. અનેક વર્ણ અનેક રૂપ. આ ચૌભંગીનું વર્ણન કરેલ છે.**

प. **असंवुडे** णं भंते ! **अणगारे** बाहिरए पोग्गले अपरियाइत्ता पभू कालगं पोग्गलं नीलगपोग्गलत्ताए परिणामेत्तए ?

नीलगं पोग्गलं वा कालगपोग्गलत्ताए परिणामेत्तए ?

પ્ર. ભંતે ! **અસંવૃત્ત અણગાર** બાહ્ય પુદ્દગલોને ગ્રહણ કર્યા વગર કાળા પુદ્દગલોને નીલા પુદ્દગલોનાં રૂપમાં પરિણમન કરવામાં સમર્થ છે ?

કે નીલા પુદ્દગલોને કાળા પુદ્દગલોનાં રૂપમાં પરિણમન કરવામાં સમર્થ છે ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

परियाइत्ता पभू **-जाव-** नीलगं पोग्गलं वा कालगपोग्गलत्ताए परिणामेत्तए।

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

બાહ્ય પુદ્દગલોને ગ્રહણ કરીને **-યાવત્-** નીલા પુદ્દગલોને કાળા પુદ્દગલોનાં રૂપમાં પરિણમન કરવામાં સમર્થ છે.

प. **असंवुडे** णं भंते ! **अणगारे** बाहिरए पोग्गले **अपरियाइत्ता** पभू निद्धपोग्गलं लुक्खपोग्गलत्ताए परिणामेत्तए ?

लुक्खपोग्गलं निद्धपोग्गलत्ताए परिणामेत्तए ?

પ્ર. ભંતે ! **અસંવૃત્ત અણગાર** બાહ્ય પુદ્દગલોને ગ્રહણ કર્યા વગર ચીકણાં પુદ્દગલોને રુક્ષ પુદ્દગલોનાં રૂપમાં પરિણમન કરવામાં સમર્થ છે ?

કે રુક્ષ પુદ્દગલોને ચીકણાં પુદ્દગલોનાં રૂપમાં પરિણમન કરવામાં સમર્થ છે ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे, परियाइत्ता पभू।

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. (બાહ્ય-પુદ્દગલોને ગ્રહણ કરીને) પરિણમન કરવામાં સમર્થ છે.

प. से णं भंते ! किं इहगए पोग्गले परियाइत्ता परिणामेइ ?

तत्थगए पोग्गले परियाइत्ता परिणामेइ ?

अण्णत्थगए पोग्गले परियाइत्ता परिणामेइ ?

પ્ર. ભંતે ! તે અસંવૃત્ત અણગાર અહીં રહેલ પુદ્દગલોને ગ્રહણ કરીને પરિણમન કરે છે ?

ત્યાં રહેલ પુદ્દગલોને ગ્રહણ કરીને પરિણમન કરે છે ?

અન્યત્ર રહેલ પુદ્દગલોને ગ્રહણ કરીને પરિણમન કરે છે ?

JAINSITE जैन साइट जैनम् जयति शासनम्

उ. गोयमा ! इहगए पोग्गले परियाइत्ता परिणामेइ,

णो तत्थगए पोग्गले परियाइत्ता परिणामेइ,

णो अण्णत्थगए पोग्गले परियाइत्ता परिणामेइ।

- विया. स. ७, उ. ९, सु. १-४

ઉ. ગૌતમ ! તે અહીં રહેલ પુદ્દગલોને ગ્રહણ કરીને પરિણમન કરે છે.

પરંતુ ત્યાં રહેલ પુદ્દગલોને ગ્રહણ કરીને પરિણમન કરતાં નથી,

અને અન્યત્ર રહેલ પુદ્દગલોને ગ્રહણ કરીને પણ પરિણમન કરતાં નથી.

**१६. चोद्दसपुव्विस्स सहस्स रूवकरण सामत्थं-**

प. पभू णं भंते ! चोद्दसपुव्वी घडाओ घडसहस्सं, पडाओ पडसहस्सं, कडाओ कडसहस्सं, रहाओ रहसहस्सं, छत्ताओ छत्तसहस्सं, दंडाओ दंडसहस्सं, अभिनिव्वत्तित्ता उवदंसेत्तए ?

उ. हंता, गोयमा ! पभू।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

'पभू चोद्दसपुव्वी घडाओ घडसहस्सं **-जाव-** दंडाओ दंडसहस्सं अभिनिव्वत्तिता उवदंसेत्तए ?'

उ. गोयमा ! चउद्दसपुव्विस्स णं अणंताइं दव्वाइं उक्करियाभेएणं भिज्जमाणाइं लद्धाइं पत्ताइं अभिसमन्नागयाइं भवंति।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

पभू चोद्दसपुव्वी घडाओ घडसहस्सं **-जाव-** दंडाओ दंडसहस्सं अभिनिव्वत्तित्ता उवदंसेत्तए।

- विया. स. ५, उ. ४, सु. ३६

**૧૬. ચૌદ પૂર્વીનાં હજાર રૂપ કરવાનું સામર્થ્ય :**

પ્ર. ભંતે ! શું ચૌદ પૂર્વધારી એક ઘડામાંથી હજાર ઘડા, એક વસ્ત્રમાંથી હજાર વસ્ત્ર, એક ચટ્ટાઈમાંથી હજાર ચટ્ટાઈ, એક રથમાંથી હજાર રથ, એક છત્રમાંથી હજાર છત્ર અને એક દંડમાંથી હજાર દંડ કરીને બતાડવામાં સમર્થ છે ?

ઉ. હા, ગૌતમ ! તે એવું કરીને બતાડવામાં સમર્થ છે.

પ્ર. ભંતે ! કયા કારણથી એવું કહેવાય છે કે-

'ચૌદપૂર્વ ધારી એક ઘડામાંથી હજાર ઘડા **-યાવત્-** એક દંડમાંથી હજાર દંડ બતાડવામાં સમર્થ છે ?

ઉ. ગૌતમ ! ચૌદ પૂર્વધારીએ સૂકેલ મગફળી વગેરેનાં તડ-તડ કરતા ભેદ દ્વારા ભેદન થયેલ અનન્ત દ્રવ્યોને પ્રાપ્ત કરેલ છે તથા શબ્દ-સ્વરૂપને સમજીને અવધારણ કરેલ છે.

માટે ગૌતમ ! એવું કહેવાય છે કે-

ચૌદ પૂર્વધારી એક ઘટમાંથી હજાર ઘટ **-યાવત્-** એક દંડમાંથી હજાર દંડ કરીને બતાડવામાં સમર્થ છે.

**१७. भावियप्पा अणगारस्स ओगहणं सामत्थं-**

प. अणगारे णं भंते ! भावियप्पा असिधारं वा खुरधारं वा ओगाहेज्जा ?

उ. हंता, गोयमा ! ओगाहेज्जा।

प. से णं तत्थ छिज्जेज्ज वा भिज्जेज्ज वा ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे, णो खलु तत्थ सत्थं कमइ।

प. अणगारे णं भंते ! भावियप्पा अगणिकायस्स मज्झंमज्झेणं वीइवएज्जा ?

**૧૭. ભાવિતાત્મા અણગારનું અવગાહન સામર્થ્ય :**

પ્ર. ભંતે ! શું ભાવિતાત્મા અણગાર (વૈક્રિય લબ્ધિનાં-સામર્થ્યથી) તલવારની ધાર પર અથવા અસ્ત્રની ધાર પર રહી શકે છે ?

ઉ. હા, ગૌતમ ! તે રહી શકે છે.

પ્ર. ભંતે ! શું તે ત્યાં છિન્ન કે ભિન્ન થાય છે ?

ઉ. ગૌતમ ! તે અર્થ સમર્થ નથી, કારણકે તેનાં પર શસ્ત્ર સંક્રમણ કરતાં નથી.

પ્ર. ભંતે ! શું ભાવિતાત્મા અણગાર અગ્નિકાયની વચમાંથી થઈને નીકળી શકે છે ?

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उ. हंता, गोयमा ! वीइवएज्जा।

प. से णं भंते ! तत्थ झियाएज्जा ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे, णो खलु तत्थ सत्थं कमइ।

प. अणगारे णं भंते ! भावियप्पा पुक्खलसंवट्टगस्स महामेहस्स मज्झंमज्झेणं वीइवएज्जा ?

उ. हंता, गोयमा ! वीइवएज्जा।

प. से णं भंते ! तत्थ उल्ले सिया ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे, णो खलु तत्थ सत्थं कमइ।

प. अणगारे णं भंते ! भावियप्पा गंगाए महाणदीए पडिसोयं हव्वमागच्छेज्जा ?

उ. हंता, गोयमा ! हव्वमागच्छेज्जा।

प. से णं भंते ! तत्थ विणिहायमावज्जेज्जा ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे, णो खलु तत्थ सत्थं कमइ।

प. अणगारे णं भंते ! भावियप्पा उदगावत्तं वा उदगबिंदु वा ओगाहेज्जा ?

उ. हंता, गोयमा ! ओगाहेज्जा।

प. से णं भंते ! तत्थ परियावज्जेज्जा ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे, णो खलु तत्थ सत्थं कमइ।

- विया. स. १८, उ. १०, सु. २-३

ઉ. હા, ગૌતમ ! તે નીકળી શકે છે.

પ્ર. ભંતે ! શું તે ત્યાં બળે છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. કારણ કે તેના પર શસ્ત્ર સંક્રમણ કરતાં નથી.

પ્ર. ભંતે ! શું ભાવિતાત્મા અણગાર પુષ્કર-સંહારકારક મહામેઘની મધ્ય પ્રવેશ કરી શકે છે ?

ઉ. હા, ગૌતમ ! તે પ્રવેશ કરી શકે છે.

પ્ર. ભંતે ! શું તે ત્યાં ભીનાં થાય છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. કારણકે તેના પર શસ્ત્ર સંક્રમણ કરતાં નથી.

પ્ર. ભંતે ! શું ભાવિતાત્મા અણગાર ગંગા-સિન્ધુ નદિઓનાં પ્રતિસ્ત્રોતમાંથી થઈને નીકળી શકે છે ?

ઉ. હા, ગૌતમ ! તે નીકળી શકે છે.

પ્ર. ભંતે ! શું તે વિનષ્ટ થઈ જાય છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. કારણકે તેના પર શસ્ત્ર સંક્રમણ કરતાં નથી.

પ્ર. ભંતે ! શું ભાવિતાત્મા અણગાર ઉદકાવર્તમાં કે ઉદક બિન્દુમાં પ્રવેશ કરી શકે છે ?

ઉ. હા, ગૌતમ ! તે પ્રવેશ કરી શકે છે.

પ્ર. ભંતે ! શું તે પરિતાપને પ્રાપ્ત થાય છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી, કારણકે તેના પર શસ્ત્ર સંક્રમણ કરતાં નથી.

## १८. पंचविहदेवाणं विकुव्वणासत्ति-

प. १. भवियदव्वदेवा णं भंते ! किं एगत्तं पि पभू विउव्वित्तए, पुहत्तं पि पभू विउव्वित्तए ?

उ. गोयमा ! एगत्तं पि पभू विउव्वित्तए,
पुहत्तं पि पभू विउव्वित्तए,

एगत्तं विउव्वमाणे एगिंदियरूवं वा **-जाव-** पंचेंदियरूवं वा,

पुहत्तं विउव्वमाणे एगिंदियरूवाणि वा **-जाव-** पंचेंदियरूवाणि वा।

## ૧૮. પાંચ પ્રકારનાં દેવોની વિકુર્વણા શક્તિ :

પ્ર. ૧. ભંતે ! શું ભવ્ય દ્રવ્ય દેવ એક રૂપની વિકુર્વણા કરવામાં સમર્થ છે કે અનેક રૂપોની વિકુર્વણા કરવામાં સમર્થ છે ?

ઉ. ગૌતમ ! તે એક રૂપની વિકુર્વણા કરવામાં સમર્થ છે અને અનેક રૂપોની વિકુર્વણા કરવામાં પણ સમર્થ છે.

એક રૂપની વિકુર્વણા કરીને તે એક એકેન્દ્રિય રૂપ **-યાવત્-** પંચેન્દ્રિય રૂપની વિકુર્વણા કરે છે.

અનેક રૂપોની વિકુર્વણા કરીને અનેક એકેન્દ્રિય રૂપો **-યાવત્-** અનેક પંચેન્દ્રિય રૂપોની વિકુર્વણા કરે છે.

जैन साहित्य JAINSITE जैनम् जयति शासनम्

ताइं संखेज्जाणि वा, असंखेज्जाणि वा,
संबद्धाणि वा, असंबद्धाणि वा,
सरिसाणि वा असरिसाणि वा विउव्वंति,
विउव्वित्ता तओ पच्छा जहिच्छियाइं कज्जाइं करेंति।

તે રૂપ સંખ્યેય કે અસંખ્યેય,
સંબદ્ધ અથવા અસંબદ્ધ,
અથવા સદૃશ કે અસદૃશ વિકુર્વિત કરાય છે.
વિકુર્વણા કર્યા પછી તે પોતાના યથેષ્ટ કાર્ય કરે છે.

***एवं २. नरदेवा वि. ३. धम्मदेवा वि।***

***આ પ્રમાણે ૨. નરદેવ અને ૩. ધર્મદેવની વિકુર્વણા માટે પણ કહેવું જોઈએ.***

प. ४. **देवाहिदेवा** णं भंते ! किं एगत्तं पभू विउव्वित्तए, पुहत्तं पि पभू विउव्वित्तए ?

પ્ર. ૪. ભંતે ! **દેવાધિદેવ** શું એક રૂપની વિકુર્વણા કરવામાં સમર્થ છે કે અનેક રૂપોની વિકુર્વણા કરવામાં સમર્થ છે ?

उ. गोयमा ! एगत्तं पि पभू विउव्वित्तए, पुहत्तं पि पभू विउव्वित्तए,

ઉ. ગૌતમ ! તે એક રૂપની વિકુર્વણા કરવામાં સમર્થ છે અને અનેક રૂપોની વિકુર્વણા કરવામાં પણ સમર્થ છે.

णो चेव णं संपत्तीए विउव्विंसु वा, विउव्वंति वा, विउव्विस्संति वा।

પરંતુ શક્તિ હોવા છતાં પણ તેણે ક્યારેય વિકુર્વણા કરી નથી, કરતાં નથી અને કરશે નહિ.

५. ***भावदेवा जहा भवियदव्वदेवा।***

- विया. स. १२, उ. ९, सु. १७-२०

૫. ***જે પ્રમાણે ભવ્ય-દ્રવ્યદેવનું વર્ણન કરેલ છે, તે જ પ્રમાણે ભાવદેવનું પણ વર્ણન કરવું જોઈએ.***

जैन साईट JAINSITE .com जैनम् जयतु शासनम्

**१९. चउव्विहे देव-देविंदसामाणियाईणं इड्ढि विउव्वणाई परूवणं-**

**૧૯. ચતુર્વિધ દેવ- દેવેન્દ્ર અને સામાનિકાદિકોની ઋદ્ધિ વિકુર્વણા આદિનું પ્રરૂપણ :**

तेणं कालेणं तेणं समएणं मोया नामं नगरी होत्था, **वण्णओ**।

તે કાળ અને તે સમયમાં "મોકા" નામની નગરી હતી. **તેનું વર્ણન કરવું જોઈએ.**

तीसे णं मोयाए नगरीए बहिया उत्तरपुरत्थिमे दिसीभाए णं नंदणे नामं चेइए होत्था। **वण्णओ**।

તે મોકા નગરીની બાહર ઉત્તરપૂર્વ દિશા ભાગમાં અર્થાત્ ઈશાનકોણમાં નંદન નામનું ચૈત્ય (ઉદ્યાન) હતું. **તેનું વર્ણન કરવું જોઈએ.**

तेणं कालेणं सामी समोसढे, परिसा निग्गच्छइ, पडिगया परिसा।

તે કાળ અને તે સમયમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી ત્યાં પધાર્યા. (શ્રમણ ભગવાન મહાવીરનું આગમન જાણીને) પરિષદ્ (તેના દર્શનાર્થે) નીકળી. (ભગવાનનો ઉપદેશ સાંભળીને) પરિષદ્ પાછી ચાલી ગઈ.

तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स दोच्चे अंतेवासी अग्गिभूई नामं अणगारे गोयमे गोत्तेणं सत्तुस्सेहे **-जाव-** पज्जुवासमाणे एवं वयासी-

તે કાળ અને તે સમયમાં શ્રમણ ભગવાન મહાવીરનાં બીજા અંતેવાસી ગૌતમગોત્રી સાત હાથ ઉંચા **-યાવત્-** શરીર સંપદાથી યુક્ત અગ્નિભૂતિ નામક અણગારની પર્યુપાસના કરતા થકાં આ પ્રમાણે પૂછ્યું :

प. चमरे णं भंते ! असुरिंदे असुरराया के महिड्ढीए ? के महज्जुईए ? के महाबले ? के महायसे ? के महासोक्खे ? के महाणुभागे केवइयं च णं पभू विकुव्वित्तए ?

પ્ર. ભંતે ! અસુરોનાં ઈન્દ્ર અસુરરાજ ચમરેન્દ્ર કેટલી મોટી ઋદ્ધિવાળા છે? કેટલી મોટી દ્યુતિવાળા છે ? કેટલા મહાન્ બળથી સંપન્ન છે ? કેટલા મહાન્ યશસ્વી છે ? કેટલા મહાન્ સુખોથી સંપન્ન છે ? કેટલા મહાન્ પ્રભાવવાળા છે ? અને તે કેટલી વિકુર્વણા કરવામાં સમર્થ છે ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उ. गोयमा ! चमरे णं असुरिंदे असुरराया महिड्ढीए -जाव- महाणुभागे।

से णं तत्थ चोत्तीसाएभवणावाससयसहस्साणं, चउसट्ठीए सामाणियसाहस्सीणं, तायत्तीसाए तायत्तीसगाणं -जाव- विहरइ।

एमहिड्ढीए -जाव- ए महाणुभागे, एवइयं च णं पभू विकुव्वित्तए-

से जहानामए जुवइं जुवाणे हत्थेणं हत्थे गेण्हेज्जा,

चक्कस्स वा नाभी अरगाउत्ता सिया,

एवामेव गोयमा ! चमरे असुरिंदे असुरराया वेउव्वियसमुग्घाएणं समोहण्णइ, समोहण्णित्ता संखेज्जाइं जोयणाइं दंडं निसिरइ, तं जहा- रयणाणं -जाव- रिट्ठाणं, अहाबायरे पोग्गले परिसाडेइ, परिसाडेत्ता अहासुहुमे पोग्गले परियाइयइ

परियाइयत्ता दोच्चं पि वेउव्वियसमुग्घाएणं समोहण्णइ, समोहण्णित्ता -

पभू णं गोयमा ! चमरे असुरिंदे असुरराया केवलकप्पं जंबुद्दीवं दीवं बहूहिं असुरकुमारेहिं देवेहिं देवीहिं य आइण्णे विइकिण्णं उवत्थडं संथडं फुडं अवगाढा-वगाढं करेत्तए।

अदुत्तरं च णं गोयमा ! पभू चमरे असुरिंदे असुरराया तिरियमसंखेज्जे दीवसमुद्दे बहूहिं असुरकुमारेहिं देवेहिं देवीहि य आइण्णे विइकिण्णे उवत्थडे संथडे फुडे अवगाढावगाढे करेत्तए।

एस णं गोयमा ! चमरस्स असुरिंदस्स असुररण्णो अयमेयारूवे विसए विसयमेत्ते वुइए, णो चेव णं संपत्तीए विकुव्विंसु वा, विकुव्वइ वा, विकुव्विस्सइ वा।

ઉ. ગૌતમ ! અસુરોનાં ઈન્દ્ર અસુરરાજ ચમરેન્દ્ર મહાન્ ઋદ્ધિવાળા છે -યાવત્- મહાપ્રભાવશાળી છે.

તે ત્યાં ચોત્રીસ (૩૪) લાખ ભવનવાસી પર, ચોસઠ (૬૪) હજાર સામાનિક દેવો પર અને તેત્રીસ ત્રાયસ્ત્રિંક દેવો પર આધિપત્ય કરતા થકાં -યાવત્- વિચરણ કરે છે.

તે ચમરેન્દ્ર એટલી મોટી ઋદ્ધિવાળા છે -યાવત્- એવા મહાપ્રભાવવાળા છે અને આ પ્રમાણેની વિક્રિયા કરવામાં સમર્થ છે,

હે ગૌતમ ! જેમ કોઈ યુવા પુરૂષ (પોતાના) હાથથી યુવતી સ્ત્રીનાં હાથને (દઢતાપૂર્વક) પકડે છે,

અથવા જેમ ગાડીનાં પૈડાંની નાભિ આરાથી સરસ રીતે જોડાયેલી અને સુસંબદ્ધ હોય છે.

આ પ્રમાણે હે ગૌતમ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમરેન્દ્ર વૈક્રિય સમુદ્દ્ઘાત દ્વારા સમવહત થાય છે અને સમવહત થઈને સંખ્યાત યોજન પ્રમાણવાળા દંડને કાઢે છે તથા તેના દ્વારા રત્નોનાં -યાવત્- રિષ્ટ રત્નોનાં સ્થૂલ પુદ્દગલોને છોડી દે છે અને સૂક્ષ્મ પુદ્દગલોને ગ્રહણ કરે છે.

ગ્રહણ કરીને પછી બીજીવાર વૈક્રિય સમુદ્દ્ઘાત દ્વારા સમવહત હોય છે, સમવહત થઈને-

હે ગૌતમ ! તે અસુરેન્દ્ર અસુરરાજ ચમરેન્દ્ર ઘણા અસુરકુમાર દેવો અને દેવીઓ દ્વારા પરિપૂર્ણ જંબૂદ્વીપ નામક દ્વીપને આકીર્ણ, વ્યતિકીર્ણ, ઉપસ્તીર્ણ, સંસ્તીર્ણ, સ્પૃષ્ટ અને ગાઢાવગાઢ કરવામાં સમર્થ છે.

અથવા હે ગૌતમ ! તે અસુરેન્દ્ર અસુરરાજ ચમરેન્દ્ર, અનેક અસુરકુમાર દેવો અને દેવીઓ દ્વારા આ તિર્છાલોકમાં પણ અસંખ્યાત દ્વીપો અને સમુદ્રો સુધીનાં સ્થલને આકીર્ણ, વ્યતિકીર્ણ, ઉપસ્તીર્ણ, સંસ્તીર્ણ, સ્પૃષ્ટ અને ગાઢાવગાઢ કરવામાં સમર્થ છે.

હે ગૌતમ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમરેન્દ્રની એવી શક્તિનાં વિષય અને વિષયમાત્ર બતાવેલ છે. પરંતુ ચમરેન્દ્રની એવી શક્તિના રહેતા પણ ક્યારેય વિકુર્વણા કરી નથી, કરતાં નથી અને કરશે પણ નહિં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. जइ णं भंते ! चमरे असुरिंदे असुरराया एमहिड्ढीए -जाव- एवइयं च णं पभू विकुव्वित्तए, चमरस्स णं भंते ! असुरिंदस्स असुररण्णो सामाणिया देवा के महिड्ढीया -जाव- केवइयं च णं पभू विकुव्वित्तए ?

उ. गोयमा ! चमरस्स असुरिंदस्स असुररण्णो सामाणिया देवा महिड्ढीया -जाव- महाणुभागा ।

ते णं तत्थ साणं-साणं भवणाणं, साणं-साणं सामाणियाणं, साणं-साणं अग्गमहिसीणं -जाव- दिव्वाइं भोगभोगाइं भुंजमाणा विहरंति ।

एमहिड्ढीया -जाव- एवइयं च णं पभू विकुव्वित्तए-

से जहानामए जुवइं जुवाणे हत्थेणं हत्थे गेण्हेज्जा

चक्कस्स वा नाभी अरयाउत्ता सिया,

एवामेव गोयमा ! चमरस्स असुरिंदस्स असुररण्णो एगमेगे सामाणिए देवे वेउव्वियसमुग्घाएणं समोहण्णइ, समोहण्णित्ता -जाव- दोच्चं पि वेउव्वियसमुग्घाएणं समोहण्णइ समोहण्णित्ता -

पभू णं गोयमा ! चमरस्स असुरिंदस्स असुररण्णो एगमेगे सामाणिए देवे केवलकप्पं जंबुद्दीवं दीवं बहूहिं असुरकुमारेहिं देवेहिं देवीहि य आइण्णं विइकिण्णं उवत्थडं संथडं फुडं अवगाढावगाढं करेत्तए ।

अदुत्तरं च णं गोयमा ! पभू चमरस्स असुरिंदस्स असुररण्णो एगमेगे सामाणियदेवे तिरियमसंखेज्जे दीव-समुद्दे बहूहिं असुरकुमारेहिं देवेहिं देवीहि य आइण्णे विइकिण्णे उवत्थडे संथडे फुडे अवगाढावगाढे करेत्तए ।

પ્ર. ભંતે ! અસુરેન્દ્ર અસુરરાજ ચમરેન્દ્ર જ્યારે એવી મોટી ઋદ્ધિવાળા છે **-યાવત્-** એટલી વિકુર્વણા કરવામાં સમર્થ છે ત્યારે ભંતે ! તે અસુરરાજ અસુરેન્દ્ર ચમરેન્દ્રનાં સામાનિક દેવ કેટલી મોટી ઋદ્ધિવાળા છે **-યાવત્-** કેટલી વિકુર્વણા કરવામાં સમર્થ છે ?

ઉ. ગૌતમ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમરેન્દ્રનાં સામાનિક દેવ મહા ઋદ્ધિવાળા છે **-યાવત્-** મહાપ્રભાવશાળી છે.

તે ત્યાં પોત-પોતાના ભવનો પર, પોત-પોતાનાં સામાનિક દેવો પર તથા પોત-પોતાની અગ્ર-મહીષિઓ (પટરાણીઓ) પર આધિપત્ય કરતાં થકા **-યાવત્-** દિવ્ય ભોગોનો ઉપભોગ કરીને વિચરે છે.

તે આ પ્રકારની મોટી ઋદ્ધિવાળા છે **-યાવત્-** એટલી વિકુર્વણા કરવામાં સમર્થ છે.

હે ગૌતમ ! જેમ કોઈ યુવા પુરૂષ પોતાના હાથથી યુવતી સ્ત્રીનાં હાથને પકડે છે.

અથવા જેમ ગાડીનાં પૈડાંની ધુરી આરોથી સુસંબદ્ધ હોય છે.

આ પ્રમાણે હે ગૌતમ ! વિકુર્વણા કરવાના માટે અસુરેન્દ્ર અસુરરાજ ચમરેન્દ્રનાં એક-એક સામાનિક દેવ વૈક્રિય સમુદ્ઘાત દ્વારા સમવહત થાય છે **-યાવત્-** બીજીવાર પણ વૈક્રિય સમુદ્ઘાત દ્વારા સમવહત હોય છે અને સમવહત થઈને-

ગૌતમ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમરેન્દ્રનાં પ્રત્યેક સામાનિક દેવ આ સંપૂર્ણ જંબૂદ્વીપ નામનાં દ્વીપને ઘણા અસુરકુમાર દેવ અને દેવીઓથી આકીર્ણ, વ્યતિકીર્ણ, ઉપસ્તીર્ણ, સંસ્તીર્ણ, સ્પૃષ્ટ અને ગાઢાવગાઢ કરી શકે છે.

આનાં ઉપરાંત હે ગૌતમ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમરેન્દ્રનાં એક-એક સામાનિકદેવ આ તિર્છાલોકનાં અસંખ્ય દ્વીપો અને સમુદ્રો સુધીનાં સ્થળને ઘણા અસુરકુમાર દેવો અને દેવીઓથી આકીર્ણ, વ્યતિકીર્ણ, ઉપસ્તીર્ણ, સંસ્તીર્ણ, સ્પૃષ્ટ અને ગાઢાવગાઢ કરી શકે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

एस णं गोयमा ! चमरस्स असुरिंदस्स असुररण्णो एगमेगस्स सामाणियदेवस्स अयमेयारूवे विसए विसयमेत्ते वुइए, णो चेव णं संपत्तीए विकुव्विंसु वा, विकुव्वइ वा, विकुव्विस्सइ वा।

હે ગૌતમ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમરેન્દ્રનાં પ્રત્યેક સામાનિક દેવમાં આ પ્રકારની વિકુર્વણા કરવાની શક્તિના વિષય અને વિષયમાત્ર બતાવેલ છે. પરંતુ ચમરેન્દ્રનાં કોઈપણ સામાનિક દેવે આવી શક્તિ હોવા છતાં પણ ક્યારેય વિકુર્વણા કરી નથી, કરતાં નથી અને કરશે નહિં.

प. जइ णं भंते ! चमरस्स असुरिंदस्स असुररण्णो सामाणिया देवा एमहिड्ढीया **-जाव-** एवइयं च णं पभू विकुव्वित्तए चमरस्स णं भंते ! असुरिंदस्स असुररण्णो तायत्तीसिया देवा के महिड्ढीया **-जाव-** केवइयं च णं पभू विकुव्वित्तए ?

પ્ર. ભંતે ! અસુરેન્દ્ર અસુરરાજ ચમરેન્દ્રનાં સામાનિક દેવ જો આ પ્રકારની મહાન્ ઋદ્ધિથી સંપન્ન છે **-યાવત્-** વિકુર્વણા કરવામાં સમર્થ છે તો ભંતે તે અસુરેન્દ્ર અસુરરાજ ચમરેન્દ્રનાં ત્રાયસ્ત્રિંક દેવ કેટલી મોટી ઋદ્ધિવાળા છે **-યાવત્-** તે કેટલી વિકુર્વણા કરવામાં સમર્થ છે ?

उ. गोयमा ! ***तायत्तीसिया देवा जहा सामाणिया देवा तहा नेयव्वा।***

***लोगपाला तहेव।***

**णवरं**-संखेज्जा-दीव-समुद्दा भाणियव्वा।

ઉ. ગૌતમ ! ***જેમ સામાનિક દેવોનાં વિષયમાં કહ્યું તેવું જ ત્રાયસ્ત્રિંશક દેવોનાં વિષયમાં પણ કહેવું જોઈએ.***

***લોકપાલ દેવનાં વિષયમાં પણ આ પ્રમાણે જાણવું જોઈએ.***

**વિશેષ** : લોકપાલ વિકુર્વિત દેવ દેવીઓનાં સંખ્યાત દ્વીપ સમુદ્ર કહેવા જોઈએ.

प. जइ णं भंते ! चमरस्स असुरिंदस्स असुररण्णो लोगपाला देवा एमहिड्ढीया **-जाव-** एवइयं च णं पभू विकुव्वित्तए चमरस्स णं भंते ! असुरिंदस्स असुररण्णो अग्गमहिसीओ देवीओ केमहिड्ढीयाओ **-जाव-** केवइयं च णं पभू विकुव्वित्तए ?

પ્ર. ભંતે ! જ્યારે અસુરેન્દ્ર અસુરરાજ ચમરેન્દ્રનાં લોકપાલ આવી મહાઋદ્ધિવાળા છે **-યાવત્-** તે આટલી વિકુર્વણા કરવામાં સમર્થ છે ત્યારે અસુરેન્દ્ર અસુરરાજ ચમરેન્દ્રની અગ્રમહિષીઓ કેટલી મોટી ઋદ્ધિવાળી છે **-યાવત્-** તે કેટલી વિકુર્વણા કરવામાં સમર્થ છે ?

उ. गोयमा ! चमरस्स णं असुरिंदस्स असुररण्णो अग्गमहिसीओ महिड्ढीयाओ **-जाव-** एमहाणुभागाओ, ताओ णं तत्थ साणं साणं भवणाणं, साणं साणं सामाणियसाहस्सीणं, साणं साणं महत्तरियाणं, साणं-साणं परिसाणं **-जाव-** एमहिड्ढीयाओ,

***अन्नं जहा लोगपालाणं अपरिसेसं।***

ઉ. ગૌતમ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમરેન્દ્રની અગ્રમહિષી દેવીઓ મહાઋદ્ધિ સંપન્ન છે **-યાવત્-** મહાપ્રભાવશાલીની છે. તે પોત-પોતાના ભવનો પર, પોત-પોતાના એક હજાર સામાનિક દેવો પર, પોત-પોતાની મહત્તરી દેવીઓ પર અને પોત-પોતાની પરિષદાઓ પર આધિપત્ય કરતી વિચરે છે **-યાવત્-** તે અગ્રમહિષિઓ એવી મહાઋદ્ધિવાળી છે.

***બાકી સંપૂર્ણ વર્ણન લોકપાલોનાં સમાન જાણવું જોઈએ.***

सेवं भंते ! सेवं भंते ! त्ति भगवं दोच्चे गोयमे समणं भगवं महावीरं वंदइ, नमंसइ, वंदित्ता नमंसित्ता जेणेव तच्चे गोयमे वायुभूई अणगारे तेणेव उवागच्छइ उवागच्छित्ता तच्चं गोयमं वायुभूइं अणगारं एवं वयासि -

ભંતે ! તે આ પ્રમાણે છે ભંતે ! તે આ પ્રમાણે છે. (તેવું કહીને) દ્વિતીય ગૌતમ ગોત્રીય અગ્નિભૂતિ અણગાર શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન નમસ્કાર કરે છે, વંદન નમસ્કાર કરીને જ્યાં ત્રીજા ગૌતમ ! (ગોત્રીય) વાયુભૂતિ અણગાર હતા, તે અહીં આવ્યા તેની નજીક પહોંચીને તે ત્રીજા ગૌતમ (ગોત્રીય) વાયુભૂતિ અણગારથી એમ બોલ્યા -

'एवं खलु गोयमा ! चमरे असुरिंदे असुरराया एमहिड्ढीए

*ते चेव एवं सव्वं अपुट्ठवागरणं नेयव्वं अपरिसेसिय -जाव- अग्गमहिसीणं वत्तव्वया समत्ता।*

हे ગૌતમ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમરેન્દ્ર એવી મહાઋદ્ધિવાળા છે.

*ઈત્યાદિ સમગ્ર વર્ણન વગર પૂછ્યે જ અગ્રમહિષિઓ સુધી કહ્યું.*

तए णं से तच्चे गोयमे वायुभूई अणगारे दोच्चस्स गोयमस्स अग्गिभूइस्स अणगारस्स एवमाइक्खमाणस्स **-जाव-** एयमट्ठं नो सद्दहइ, नो पत्तियइ, नो रोयइ, एयमट्ठं असद्दहमाणे अपत्तियमाणे अरोएमाणे उट्ठाए उट्ठेइ उट्ठित्ता जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ **-जाव-** पज्जुवासमाणे एवं वयासी-

ત્યારપછી દ્વિતીય (ગણધર) ગૌતમ ગૌત્રીય અગ્નિભૂતિ અણગાર દ્વારા આ પ્રમાણે કહેલ **-યાવત્-** આ અર્થ પર તૃતીય ગૌતમ વાયુભૂતિ અણગારને શ્રદ્ધા થઈ નહિં, પ્રતીતિ થઈ નહિં, તેને રુચિકર લાગી નહિં માટે ઉપરની વાત પર શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિ ન કરતાં તે પોતાના આસનથી ઉઠ્યાં અને ઉઠીને જ્યાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી બિરાજમાન હતા, ત્યાં (તેની પાસે) ગયા અને **-યાવત્-** તેની પર્યુપાસના કરતા થકાં આ પ્રમાણે બોલ્યા -

'एवं खलु भंते ! मम दोच्चे गोयमे अग्गिभूई अणगारे एवमाइक्खइ भासइ पण्णवेइ परूवेइ - एवं खलु गोयमा ! चमरे असुरिंदे असुरराया एमहिड्ढीए **-जाव-** एमहाणुभागे णं तत्थं चोत्तीसाए भवणावाससयसहस्साणं ***एवं ते चेव सव्वे अपरिसेसं भाणियव्वं -जाव- अग्गमहिसीणं वत्तव्वया समत्ता।***

ભંતે ! દ્વિતીય ગૌતમ ગૌત્રીય અગ્નિભૂતિ અનગારને મારાથી આ પ્રમાણે કહ્યું, આ પ્રમાણે ભાષણ કર્યું, આ પ્રમાણે બતાવ્યું અને આ પ્રમાણે પ્રરુપિત કર્યું, હે ગૌતમ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમરેન્દ્ર એવી મોટી ઋદ્ધિવાળા છે **-યાવત્-** મહાન્ પ્રભાવશાળી છે. તે ચોત્રીસ લાખ ભવનવાસી આદિ પર આધિપત્ય કરતાં વિચરે છે. ***ઈત્યાદિ સંપૂર્ણ વર્ણન અગ્રમહિષિઓની વિકુર્વણા શક્તિ સુધી કહ્યું.***

प. से कहमेयं भंते ! एवं ?

પ્ર. ભંતે ! આ વાત કેવી રીતે કહી ?

उ. 'गोयमा !' समणे भगवं महावीरे तच्चं गोयमं वायुभूतिं अणगारं एवं वयासि-

ઉ. 'ગૌતમ !' આ પ્રમાણે સંબોધન કરીને શ્રમણ ભગવાન મહાવીરે ત્રીજા ગૌતમ વાયુભૂતિ અણગારથી આ પ્રમાણે કહ્યું-

जं णं गोयमा ! तव दोच्चे गोयमे अग्गिभूई अणगारे एवमाइक्खइ **-जाव-** परूवेइ "एवं खलु गोयमा ! चमरेणं असुरिंदे असुरराया एमहिड्ढीए ***एवं तं चेव सव्वं -जाव- अग्गमहिसीणं वत्तव्वया समत्ता" सच्चे णं एसमट्ठे,***

હે ગૌતમ ! દ્વિતીય ગૌતમ ગૌત્રીય અગ્નિભૂતિ અણગારે તમને જે આ પ્રમાણે કહ્યું **-યાવત્-** પ્રરુપિત કર્યું તેમ ગૌતમ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમરેન્દ્ર આવી મહાન ઋદ્ધિવાળા છે. ***ઈત્યાદિ તેની અગ્રમહિષિઓ સુધીનું સંપૂર્ણ વર્ણન (અહીં કરવું જોઈએ.) આ વર્ણન સત્ય છે.***

अहं पि णं गोयमा ! एवमाइक्खामि **-जाव-** परूवेमि एवं खलु गोयमा ! चमरे असुरिंदे असुरराया **-जाव- एमहिड्ढीए सो चेव बिइओ गमो भाणियव्वो -जाव- अग्गमहिसीओ सच्चे णं एसमट्ठे।**

હે ગૌતમ ! હું પણ આ પ્રમાણે કહું છું- **-યાવત્-** પ્રરુપિત કરું છું કે હે ગૌતમ ! અસુરેન્દ્ર અસુરરાજ ચમરેન્દ્ર મહાઋદ્ધિશાળી છે, ઈત્યાદિ ***તેની અગ્રમહિષિઓ સુધીનું વર્ણન બીજા સૂત્રપાઠની જેમ કહેવું જોઈએ. આ વાત સત્ય છે.***

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

सेवं भंते ! सेवं भंते ! त्ति तच्चे गोयमे वायुभूई अणगारे समणं भगवं महावीरं वंदइ नमंसइ, वंदित्ता नमंसित्ता- 'जेणेव दोच्चे गोयमे अग्गिभूई अणगारे तेणेव उवागच्छइ उवागच्छित्ता दोच्चं गोयमं अग्गिभूइं अणगारं वंदइ नमंसइ वंदित्ता नमंसित्ता एयमट्ठं सम्मं विणएणं भुज्जो-भुज्जो खामेइ।

ભંતે ! આ તે પ્રમાણે છે, ભંતે ! તે આ પ્રમાણે છે, આમ કહીને ત્રીજા ગૌતમ વાયુભૂતિ અણગારે શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કરી અને જ્યાં બીજા ગૌતમ ગોત્રીય અગ્નિભૂતિ અણગાર હતાં, ત્યાં આવ્યાં આવીને બીજા ગૌતમ ગોત્રીય અગ્નિભૂતિ અણગારને વંદન નમસ્કાર કર્યા. વંદન નમસ્કાર કરીને પૂર્વોક્ત વાતની ઉપેક્ષાનાં માટે તેને વિનય પૂર્વક વારંવાર ક્ષમાયાચના કરી.

तए णं से दोच्चे गोयमे अग्गिभूई अणगारे तच्चेणं गोयमेणं वायुभूइणा अणगारे एयमट्ठं सम्मं विणएणं भुज्जो-भुज्जो खामिए समाणे उवट्ठाए उट्ठेइ उट्ठित्ता तच्चेणं गोयमेणं वायुभूइणा अणगारेणं सद्धिं जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ उवागच्छित्ता समणं भगवं महावीरं वंदइ नमंसइ वंदित्ता नमंसित्ता **-जाव-** पज्जुवासए।

ત્યારબાદ બીજા ગૌતમ ગોત્રીય અગ્નિભૂતિ અણગાર તે પૂર્વોક્ત વાતને માટે ત્રીજા ગૌતમ ગોત્રીય વાયુભૂતિની સાથે સમ્યક્ પ્રકારથી વિનયપૂર્વક ક્ષમાયાચના કરી લીધા પછી પોતાના આસનથી ઉઠી અને ત્રીજા ગૌતમ ગોત્રીય વાયુભૂતિ અણગારની સાથે જ્યાં શ્રમણ ભગવાન મહાવીર બિરાજમાન હતા ત્યાં આવ્યાં, ત્યાં આવીને શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કર્યા અને વંદન નમસ્કાર કરીને **-યાવત્-** તેની પર્યુપાસના કરવા લાગ્યા.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

तए णं से तच्चे गोयमे वायुभूई अणगारे समणं भगवं महावीरं वंदइ नमंसइ वंदित्ता नमंसित्ता एवं वयासी -

આનાં પછી ત્રીજા ગૌતમ ! ગોત્રીય વાયુભૂતિ અણગારે શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે બોલ્યા-

जइ णं भंते ! चमरे असुरिंदे असुरराया एमहिड्ढीए **-जाव-** एवइयं च णं पभू विकुव्वित्तए बली णं भंते ! वइरोयणिंदे वइरोयणराया के महिड्ढीए **-जाव-** केवइयं च णं पभू विकुव्वित्तए ?

ભંતે ! જો અસુરેન્દ્ર અસુરેન્દ્રરાજ ચમરેન્દ્ર એટલી મોટી ઋદ્ધિવાળા છે **-યાવત્-** એટલી વિકુર્વણા શક્તિથી સંપન્ન છે, ત્યારે ભંતે ! વૈરોચનેન્દ્ર વૈરોચનરાજ બલી કેટલી મોટી ઋદ્ધિવાળા છે ? **-યાવત્-** તે કેટલી વિકુર્વણા કરવામાં સમર્થ છે ?

उ. गोयमा ! बली णं वइरोयणिंदे वइरोयणराया एमहिड्ढीए **-जाव-** महाणुभागे।

ઉ. ગૌતમ ! વૈરોચનેન્દ્ર વૈરોચનરાજ બલી મહાઋદ્ધિ સંપન્ન છે **-યાવત્-** મહાપ્રભાવશાળી છે.

से णं तत्थ तीसाए भवणावाससयसहस्साणं, सट्ठीए सामाणियसाहस्सीणं ***सेसं जहा चमरस्स,***

તે ત્યાં ત્રીસ લાખ ભવનવાસી તથા સાઈઠ હજાર સામાનિક દેવોનાં અધિપતિ છે. ***બાકી સંપૂર્ણ વર્ણન ચમરેન્દ્રનાં સમાન જાણવું જોઈએ.***

**णवरं** - चउण्हं सट्ठीणं आयरक्खदेवसाहस्सीणं अन्नेसिं च **-जाव-** भुंजमाणे विहरइ।

**વિશેષ** : બલિ વૈરોચનેન્દ્ર બે લાખ ચાલીસ હજાર આત્મરક્ષક દેવોનું તથા અન્ય ઘણા દેવ દેવીઓનું આધિપત્ય કરતાં **-યાવત્-** વિચરે છે.

***से जहानामए एवं जहा चमरस्स,***

***ચમરેન્દ્રની વિકુર્વણા શક્તિની જેમ આની પણ વિકુર્વણા શક્તિનું રૂપ જાણવું જોઈએ.***

**णवरं**-साइरेगं केवलकप्पं जंबूद्दीवे दीवे त्ति भाणियव्वं ।

***सेसं तहेव -जाव- नो विउव्विस्सइ वा ।***

प. जइ णं भंते ! बली वइरोयणिंदे वइरोयणराया एमहिड्ढीए **-जाव-** एवइयं च णं पभू विकुव्वित्तए बलिस्स णं वइरोयणस्स सामाणियदेवा के महिड्ढीया **-जाव-** केवइयं च णं पभू विकुव्वित्तए ?

उ. गोयमा ! एवं ***सामाणियदेवा, तावत्तीसा, लोकपालअग्गमहिसीओ य जहा चमरस्स ।***

**णवरं**-साइरेगं जंबुद्दीवे **-जाव-** एगमेगाए अग्गमहिसीए देवीए इमे बुइए विसए **-जाव-** नो विउव्विस्संति वा ।

सेवं भंते ! सेवं भंते त्ति, तच्चे गोयमे वायुभूई अणगारे समणं भगवं महावीरं वंदइ नमंसइ वंदित्ता नमंसित्ता नच्चासन्ने **-जाव-** पज्जुवासइ ।

तए णं से दोच्चे गोयमे अग्गिभूई अणगारे समणे भगवं महावीरं वंदइ नमंसइ वंदित्ता नमंसित्ता एवं वयासि -

प. जइ णं भंते ! बली वइरोयणिंदे वइरोयणराया एमहिड्ढीए **-जाव-** एवइयं च णं पभू विकुव्वित्तए धरणे णं भंते ! नागकुमारिंदे नागकुमारराया के महिड्ढीए **-जाव-** केवइयं च णं पभू विकुव्वित्तए ?

उ. गोयमा ! धरणे णं नागकुमारिंदे नागकुमारराया एमहिड्ढीए **-जाव-** से णं तत्थ चोयालीसाए भवणावाससयसहस्साणं, छण्हं सामाणियसाहस्सीणं, तायत्तीसाए तायत्तीसगाणं, चउण्हं लोगपालाणं, छण्हं अग्गमहिसीणं सपरिवाराणं, तिण्हं परिसाणं, सत्तण्हं अणियाणं, सत्तण्हं -

**વિશેષ :** બલિ પોતાની વિકુર્વણા શક્તિથી સાતિરેક સંપૂર્ણ જંબુદ્વીપને ભરી દે છે.

***શેષ વર્ણન વિકુર્વણા કરશે નહિં ત્યાં સુધી પૂર્વવત્ સમજી લેવું જોઈએ.***

પ્ર. ભંતે ! જો વૈરોચનેન્દ્ર વૈરોચનરાજ બલિ એટલી મહાઋદ્ધિવાળા છે **-યાવત્-** તેની એટલી વિકુર્વણા શક્તિ છે તો તે વૈરોચનેન્દ્ર વૈરોચનરાજ બલિનાં સામાનિક દેવ કેટલી મોટી ઋદ્ધિવાળા છે **-યાવત્-** તેની વિકુર્વણા શક્તિ કેટલી છે ?

ઉ. ગૌતમ ! ***બલિનાં સામાનિક દેવ, ત્રાયસ્ત્રિંશક દેવ અને લોકપાલ તથા અગ્રમહિષીઓની ઋદ્ધિ આદિનું વર્ણન ચમરેન્દ્રનાં સામાનિક દેવોની જેમ સમજવું જોઈએ.***

**વિશેષ :** આની વિકુર્વણા શક્તિ સાતિરેક જંબુદ્વીપનાં સ્થળ સુધીને ભરી દેવાની છે **-યાવત્-** પ્રત્યેક અગ્રમહિષીની એટલી વિકુર્વણા શક્તિ વિષયમાત્ર કહી છે **-યાવત્-** તે વિકુર્વણા કરશે પણ નહિં, અહીં સુધી પૂર્વવત્ સમજી લેવું જોઈએ.

ભંતે ! જેમ આપ કહો છો, તે આ પ્રમાણે છે, ભંતે ! આ તે પ્રમાણે છે. એવું કહીને ત્રીજા ગૌતમ ! વાયુભૂતિ અનગારે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન નમસ્કાર કર્યા અને વંદન નમસ્કાર કરીને ન અતિદૂર અને ન અતિ નજીક રહીને **-યાવત્-** તે પર્યુપાસના કરવા લાગ્યા.

ત્યારબાદ બીજા ગૌતમ (ગોત્રીય) અગ્નિભૂતિ અનગારે શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કર્યા વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું-

પ્ર. ભંતે ! જો વૈરોચનેન્દ્ર વૈરોચનરાજ બલિ આ પ્રમાણેની મહાઋદ્ધિવાળા છે **-યાવત્-** એટલી વિકુર્વણા કરવામાં સમર્થ છે, તો ભંતે ! નાગકુમારેન્દ્ર નાગકુમારરાજ ધરણેન્દ્ર કેટલી મોટી ઋદ્ધિવાળા છે **-યાવત્-** કેટલી વિકુર્વણા કરવામાં સમર્થ છે ?

ઉ. ગૌતમ ! તે નાગકુમારેન્દ્ર નાગકુમારરાજ ધરણેન્દ્ર મહાઋદ્ધિવાળા છે **-યાવત્-** તે ચુમાલીસ લાખ ભવનાવાસો પર, છ હજાર સામાનિક દેવો પર, તેત્રીસ ત્રાયસ્ત્રિંશક દેવો પર, ચાર લોકપાલ પર, પરિવાર સહિત છ અગ્રમહિષીઓ પર, ત્રણ પરિષદાઓ પર, સાત સેનાઓ પર, સાત-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

अणियाहिवईणं, चउवीसाए आयरक्खदेवसाहस्सीणं अन्नेसिं च णं -जाव- विहरइ, एवइयं च णं पभू विउव्वित्तए से जहानामए जुवइं जुवाणे -जाव- पभू केवलकप्पं जंबुद्दीवं -जाव- तिरियमसंखेज्जे दीवे-समुद्दे बहूहिं नागकुमारीहिं -जाव- नो विउव्विस्सइ वा ।

સેનાધિપતિઓ ૫૨ અને ચોવીસ હજાર આત્મરક્ષક દેવો ૫૨ તથા અન્ય અનેક દેવો અને દેવીઓ ૫૨ આધિપત્ય આદિ કરતાં રહે છે અને એટલી વિકુર્વણા કરવામાં પણ સમર્થ છે. જેમ યુવા પુરુષ પોતાના હાથથી યુવતી સ્ત્રીનાં હાથને પકડે છે. તે પ્રમાણે -યાવત્- તે પોતાના દ્વારા વૈક્રિયકૃત ઘણા નાગકુમાર દેવો અને નાગકુમાર દેવીઓથી સંપૂર્ણ જંબુદ્વીપને ભરવામાં સમર્થ છે -યાવત્- તિર્છાલોકનાં અસંખ્યાત દ્વીપ સમુદ્રોનાં જેટલા સ્થળને ભરવાની શક્તિવાળા છે. પરંતુ વિકુર્વણા કરશે નહિં.

***सामाणिय-तायत्तीस-लोगपाल अग्गमहिसीओ य तहेव जहा चमरस्स ।***

***ધરણેન્દ્રનાં સામાનિક દેવ, ત્રાયસ્ત્રિંશક દેવ, લોકપાલ અને અગ્રમહિષીઓની ઋદ્ધિ આદિનું વર્ણન ચમરેન્દ્રનાં વર્ણનની જેમ કહેવું જોઈએ.***

**णवरं** - संखिज्जे दीव-समुद्दे भाणियव्वं ।

**વિશેષ** : આ બધાની વિકુર્વણા શક્તિ સંખ્યાત દ્વીપ સમુદ્રોનાં સ્થળને ભરવાની સમજવી જોઈએ.

***एवं -जाव- थणियकुमारा, वाणमंतर जोइसिया वि ।***

***આ પ્રમાણે સ્તનિતકુમારો સુધી બધા ભવનપતિદેવો વાણવ્યંતર અને જ્યોતિષ્કદેવોનાં સંબંધમાં કહેવું જોઈએ.***

**णवरं** - दाहिणिल्ले सव्वे अग्गीभूई पुच्छइ, उत्तरिल्ले सव्वे वाउभूई पुच्छइ ।

**વિશેષ** : દક્ષિણ દિશાનાં બધા ઈન્દ્રોનાં વિષયમાં બીજા ગૌતમ (ગોત્રીય) અગ્નિભૂતિ અણગાર પૂછે છે અને ઉત્તર દિશાનાં બધા ઈન્દ્રોનાં વિષયમાં ત્રીજા ગૌતમ ગોત્રીય વાયુભૂતિ અનગાર પૂછે છે.

'भंते !' त्ति भगवं दोच्चे गोयमे अग्गिभूई अणगारे समणं भगवं महावीरं वंदइ नमंसइ वंदित्ता नमंसित्ता एवं वयासी-

'ભંતે !' આ સંબોધન કરીને બીજા ગૌતમ (ગોત્રીય) અગ્નિભૂતિ અણગારે શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કર્યા અને વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું -

प. जइ णं भंते ! जोइसिंदे जोइसराया एमहिड्ढीए -जाव- एवइयं च णं पभू विकुव्वित्तए सक्के णं भंते ! देविंदे देवराया के महिड्ढीए -जाव- केवइयं च णं पभू विउव्वित्तए ?

પ્ર. ભંતે ! જે જ્યોતિષ્કેન્દ્ર જ્યોતિષ્કરાજ એવી મહાઋદ્ધિવાળા છે -યાવત્- એટલી વિકુર્વણા કરવામાં સમર્થ છે તો ભંતે ! દેવેન્દ્ર દેવરાજ શક્રેન્દ્ર કેટલી મહાઋદ્ધિવાળા છે -યાવત્- કેટલી વિકુર્વણા કરવામાં સમર્થ છે ?

उ. गोयमा ! सक्के णं देविंदे देवराया महिड्ढीए -जाव- महाणुभागे ।
से णं तत्थ बत्तीसाए विमाणावाससयसहस्साणं,

ઉ. ગૌતમ ! દેવેન્દ્ર દેવરાજ શક્રેન્દ્ર મહાન્ ઋદ્ધિવાળા છે -યાવત્- મહાપ્રભાવશાળી છે. તે ત્યાં બત્રીસ લાખ વિમાનાવાસો ૫૨ તથા

चउरासीए सामाणियसाहस्सीणं -जाव- चउण्हं चउरासीणं आयरक्खदेवसाहस्सीणं अन्नेसिं च -जाव- विहरइ ।
एमहिड्ढीए -जाव- एवइयं च णं पभू विकुव्वित्तए ।

ચોર્યાસી હજાર સામાનિક દેવો ૫૨ -યાવત્- ત્રણ લાખ છત્રીસ હજાર આત્મરક્ષક દેવો ૫૨ અને બીજા ઘણાં દેવો ૫૨ આધિપત્ય કરતાં -યાવત્- વિચરણ કરે છે. શક્રેન્દ્ર આવી મોટી ઋદ્ધિવાળા છે -યાવત્- આટલી વિક્રિયા કરવામાં સમર્થ છે.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

*एवं जहेव चमरस्स तहेव भाणियव्वं ।*

**तेनी वैक्रिय शक्तिनां विषयमां चमरेन्द्रनी जेम बधुं वर्णन करवुं जोईए.**

**णवरं** - दो केवलकप्पे जंबुद्दीवे दीवे,

**विशेष :** ते पोताना विकुर्वित रूपोथी बे संपूर्ण जंबुद्वीप जेटला स्थळने भरवामां समर्थ छे.

*अवसेसं तं चेव ।*

**शेष बधुं पूर्ववत् कहेवुं जोईए.**

एस णं गोयमा ! सक्कस्स देविंदस्स देवरण्णो इमेयारूवे विसए विसयमेत्ते णं वुइए, नो चेव णं संपत्तीए विकुव्विंसु वा, विकुव्वइ वा, विकुव्विस्सइ वा ।

गौतम ! देवेन्द्र देवराज शक्रेन्द्रनी आ रूपनी वैक्रिय शक्ति तो मात्र विषय अने विषय मात्र कही छे. परंतु शक्रेन्द्र त्यां रहेवा छतां पण विकुर्वणा करी नथी, करतां नथी अने करशे पण नहिं.

प. जइ णं भंते ! सक्के देविंदे देवराया एमहिड्ढीए **-जाव-** एवइयं च णं पभू विकुव्वित्तए एवं खलु देवाणुप्पियाणं अंतेवासी तीसए णामं अणगारे पगइभद्दए **-जाव-** विणीए छट्ठंछट्ठेणं अणिक्खित्तेणं तवोकम्मेणं अप्पाणं भावेमाणे बहुपडिपुण्णाइं अट्ठसंवच्छराइं सामण्णपरियागं पाउणित्ता मासियाए संलेहणाए अत्ताणं झूसेत्ता सट्ठिं भत्ताइं अणसणाए छेदेत्ता आलोइय-पडिक्कंते समाहिपत्ते कालमासे कालं किच्चा सोहम्मे कप्पे सयंसी उववायसभाए देवसयणिज्जंसि देवदूसंतरिए अंगुलस्स असंखेज्जइभागमेत्तीए ओगाहणाए सक्कस्स देविंदस्स देवरण्णो सामाणियदेवत्ताए उववन्ने । तए णं तीसए देवे अहुणोववन्नमेत्ते समाणे पंचविहाए पज्जत्तीए पज्जत्तिभावं गच्छइ, तं जहा-

प्र. भंते ! जो देवेन्द्र देवराज शक्रेन्द्र आवी महान् ऋद्धिवाळा छे **-यावत्-** आटली विकुर्वणा करवामां समर्थ छे. तो आप देवानुप्रियनो शिष्य "तिष्यक" नामनो अणगार जे प्रकृतिथी भद्र **-यावत्-** विनीत हतो निरंतर छठ-छठ (बे-बे) नी तपस्याथी पोतानी आत्माने भावित करतो थको, पूरा आठ वर्ष सुधी श्रामण्य पर्याय (साधु-दीक्षा)नुं पालन करीने, एक मासनी संलेखनाथी पोतानी आत्माने भावित करतो तथा साईठ भक्त अनशननुं छेदन करी, आलोचना अने प्रतिक्रमण करीने, समाधिपूर्वक काळनां अवसर पर मृत्यु प्राप्त करी सौधर्म देवलोकमां गया छे. ते त्यां पोताना विमानमां, उपपात सभामां, देवदूष्यथी आच्छादित देवशय्यामां, अंगुळनां असंख्यातमां भाग जेटली अवगाहनाथी देवेन्द्र देवराज शक्रेन्द्रनां सामानिक देवनां रूपमां उत्पन्न थाय छे पछी तत्काळ उत्पन्न थईने ते तिष्यक देव पांच प्रकारनी पर्याप्तिओथी पर्याप्त भावने प्राप्त थया, जेमके -

१. आहारपज्जत्तीए, २. सरीरपज्जत्तीए,
३. इंदियपज्जत्तीए, ४. आणापाणुपज्जत्तीए,
५. भासा-मणपज्जत्तीए ।

१. आहार पर्याप्ति, २. शरीर पर्याप्ति,
३. ईन्द्रिय पर्याप्ति, ४. श्वासोच्छ्वास पर्याप्ति,
५. भाषा-मनः पर्याप्ति.

तए णं तं तीसयं देवं पंचविहाए पज्जत्तीए पज्जत्तिभावं गयं समाणं सामाणियपरिसोववन्नया देवा करयलपरिग्गहियं दसनहं सिरसावत्तं मत्थए अंजलिं कट्टु जएणं विजएणं वद्धाविंति वद्धावित्ता एवं वयासि-

त्यारबाद ज्यारे ते तिष्यकदेव पांच प्रकारनी पर्याप्तिओथी पर्याप्त भावने प्राप्त थई गया त्यारे सामानिक परिषद्नां देवो बंने हाथ जोडीने अने दसे आंगळीओनां दस नखने एकत्रित करीने मस्तक पर अंजलि करी जय विजय शब्दोथी बधाव्यो अने बधावीने आ प्रमाणे बोल्या -

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"अहो ! णं देवाणुप्पिएहिं दिव्वा देविड्ढी, दिव्वा देवज्जुई दिव्वे देवाणुभावे लद्धे पत्ते अभिसमन्नागए जारिसिया णं देवाणुप्पिएहिं दिव्वा देविड्ढी दिव्वा देवज्जुई दिव्वे देवाणुभावे लद्धे पत्ते अभिसमन्नागए तारिसिया णं सक्केणं देविंदेणं देवरण्णा दिव्वा देविड्ढी **-जाव-** अभिसमन्नागया जारिसिया णं सक्केणं देविंदेणं देवरण्णा दिव्वा देविड्ढी **-जाव-** अभिसमन्नागया तारिसिया, णं देवाणुप्पिएहिं दिव्वा देविड्ढी **-जाव-** अभिसमन्नागया ।

'અહો ! આપ દેવાનુપ્રિયે આ દિવ્ય દેવ ઋદ્ધિ, દિવ્ય દેવદ્યુતિ અને દિવ્ય દેવ-પ્રભાવ પ્રાપ્ત કરેલ છે, અધિગત કરેલ છે. જેમ દિવ્ય દેવ ઋદ્ધિ, દિવ્ય દેવકાંતિ અને દિવ્ય દેવપ્રભાવ આપ દેવાનુપ્રિય એ ઉપલબ્ધ પ્રાપ્ત અને અભિમુખ કરેલ છે તેવી જ દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવકાંતિ અને દિવ્ય દેવપ્રભાવ દેવેન્દ્ર દેવરાજ શક્રેન્દ્રને ઉપલબ્ધ, પ્રાપ્ત અને અભિમુખ કરેલ છે. જેવી દિવ્ય દેવ ઋદ્ધિ **-યાવત્-** અભિમુખ શક્રેન્દ્રએ કરેલ છે. તેવી જ દિવ્ય દેવઋદ્ધિ **-યાવત્-** અભિમુખ આપે કરેલ છે.

प. से णं भंते ! तीसए देवे के महिड्ढीए **-जाव-** केवइयं च णं पभू विकुव्वित्तए ?

પ્ર. ભંતે ! તે તિષ્યક દેવ કેટલી મહાઋદ્ધિવાળા છે **-યાવત્-** કેટલી વિકુર્વણા કરવામાં સમર્થ છે ?

उ. गोयमा ! महिड्ढीए **-जाव-** महाणुभागे से णं तत्थ सयस्स विमाणस्स, चउण्हं सामाणियसाहस्सीणं, चउण्हं अग्गमहिसीणं सपरिवाराणं, तिण्हं परिसाणं, सत्तण्हं अणियाणं, सत्तण्हं अणियाहिवईणं, सोलसण्हं आयरक्खदेवसाहस्सीणं, अन्नेसिं च बहूणं वेमाणियाणं देवाण य देवीण य **-जाव-** विहरइ। एमहिड्ढीए **-जाव-** एवइयं च णं पभू विकुव्वित्तए ।

ઉ. ગૌતમ ! તે તિષ્યક દેવ મહાઋદ્ધિવાળા છે **-યાવત્-** મહાપ્રભાવવાળા છે. તે ત્યાં પોતાના વિમાન પર, ચાર હજાર સામાનિક દેવો પર, સપરિવાર ચાર અગ્રમહિષીઓ પર, ત્રણ પરિષદાઓ પર, સાત સૈન્યો પર, સાત સેનાધિપતિઓ પર અને સોળ હજાર આત્મરક્ષક દેવો અને દેવીઓ પર આધિપત્ય કરતા થકાં **-યાવત્-** વિચરણ કરે છે. તે તિષ્યકદેવ આવી મહાઋદ્ધિવાળા છે **-યાવત્-** એટલી વિકુર્વણા કરવામાં સમર્થ છે.

से जहाणामए जुवइ जुवाणे हत्थेणं हत्थे गेण्हेज्जा **जहेव सक्कस्स तहेव -जाव- एस** णं गोयमा ! तीसयस्स देवस्स अयमेयारूवे विसए विसयमेत्ते वुइए नो चेव णं संपत्तीए विउव्विंसु वा, विउव्वइ वा, विउविस्सइ वा ।

જેમ કોઈ યુવતી યુવા પુરુષનો હાથ દૃઢતાથી પકડીને ચાલે છે. **જે પ્રમાણે શક્રેન્દ્રની વિકુર્વણા શક્તિનો કહ્યો તે પ્રમાણે અહીં પણ કહેવું જોઈએ -યાવત્-** હે ગૌતમ ! તિષ્યકદેવનું આ અને આ પ્રમાણેની શક્તિનાં વિષય અને વિષયમાત્ર બતાવેલ છે. પરંતુ શક્તિનાં રહેતા પણ એણે ક્યારેય આટલી વિકુર્વણા કરી નથી, કરતા નથી અને ક્યારેય પણ કરશે નહિ.

प. जइ णं भंते ! तीसए देवे एमहिड्ढीए **-जाव-** एवइयं च णं पभू विकुव्वित्तए सक्कस्स णं भंते ! देविंदस्स देवरण्णो अवसेसा सामाणिया देवा के महिड्ढीया **-जाव-** केवइयं च णं पभू विकुव्वित्तए ?

પ્ર. ભંતે ! જો તિષ્યક દેવ એટલી મહાઋદ્ધિ-વાળા છે **-યાવત્-** એટલી વિકુર્વણા કરવાની શક્તિ રાખે છે તો ભંતે ! દેવેન્દ્ર દેવરાજ શક્રેન્દ્રનાં બીજા બધા સામાનિક દેવ કેટલી મહાઋદ્ધિ-વાળા છે **-યાવત્-** તેની વિકુર્વણા શક્તિ કેટલી છે ?

उ. गोयमा ! **तहेव सव्वं -जाव-** एस णं

ઉ. હે ગૌતમ ! **જે પ્રમાણે તિષ્યકદેવની ઋદ્ધિ અને વિકુર્વણા શક્તિ આદિનાં વિષયમાં કહ્યું તે પ્રમાણે શક્રેન્દ્રનાં વિષયમાં જાણવુ જોઈએ.** પરંતુ હે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

गोयमा ! सक्कस्स देविंदस्स देवरण्णो एगमेगस्स सामाणियस्स देवस्स इमेयारूवे विसए विसयमेत्ते वुइए नो चेव णं संपत्तीए विकुव्विंसु वा, विकुव्वंति वा, विकुव्विस्संति वा ।

ગૌતમ ! આ વિકુર્વણા શક્તિ દેવેન્દ્ર દેવરાજ શક્રેન્દ્રનાં પ્રત્યેક સામાનિક દેવનાં વિષય અને વિષયમાત્ર બતાવ્યાં છે. પરંતુ શક્તિનાં રહેતા પણ એણે ક્યારેય આટલી વિકુર્વણા કરી નથી, કરતા નથી અને ક્યારેય આટલી વિકુર્વણા કરશે નહિ.

***तायत्तीसय-लोगपाल-अग्गमहिसीणं जहेव चमरस्स ।***

***શક્રેન્દ્રનાં ત્રાયસ્ત્રિંશક લોકપાલ અને અગ્રમહિષીઓનું વર્ણન ચમરેન્દ્રની જેમ કરવું જોઈએ.***

**णवरं**-दो केवलकप्पे जंबुद्दीवे दीवे, **अन्नं तं चेव ।**

**વિશેષ** : તે પોતાના વૈક્રિયકૃત રૂપોથી એ સંપૂર્ણ જંબુદ્વીપોને વ્યાપ્ત કરવામાં સમર્થ છે. **શેષ સંપૂર્ણ વર્ણન ચમરેન્દ્રની જેમ કહેવું જોઈએ.**

सेवं भंते ! सेवं भंते ! त्ति दोच्चे गोयमे **-जाव-** विहरइ ।

ભંતે ! તે આ પ્રમાણે છે, ભંતે ! તે આ પ્રમાણે છે, એવું કહીને બીજા ગૌતમ અગ્નિભૂતિ અણગાર **-યાવત્-** વિચરણ કરે છે.

भंते ! त्ति भगवं तच्चे गोयमे वाउभूई अणगारे भगवं **-जाव-** एवं वयासी -

ભંતે ! આ સંબોધન કરી ત્રીજા ગૌતમ વાયુભૂતિ અણગારે શ્રમણ ભગવાન મહાવીરથી **-યાવત્-** આ પ્રમાણે પૂછયું :

प. जइ णं भंते ! सक्के देविंदे देवराया एमहिड्ढीए **-जाव-** एवइयं च णं पभू विउव्वित्तए ईसाणे णं भंते ! देविंदे देवराया के महिड्ढीए **-जाव-** केवइयं च णं पभू विकुव्वित्तए ?

પ્ર. ભંતે ! જો દેવેન્દ્ર દેવરાજ શક્રેન્દ્ર આટલી મહાઋદ્ધિવાળા છે **-યાવત્-** એટલી વિકુર્વણા કરવામાં સમર્થ છે તો ભંતે દેવેન્દ્ર દેવરાજ ઈશાન કેટલી મહાઋદ્ધિવાળા છે **-યાવત્-** કેટલી વિકુર્વણા કરવાની શક્તિવાળા છે ?

उ. गोयमा ! ***एवं तहेव ।***

ઉ. ગૌતમ ! ***જેમ શક્રેન્દ્રનાં વિષયમાં કહ્યું તેવું જ બધું વર્ણન ઈશાનેન્દ્રનાં વિષયમાં પણ જાણવું જોઈએ.***

**णवरं**-साहिए दो केवलकप्पे जंबुद्दीवे दीवे,

**વિશેષ** : તે (પોતાના વૈક્રિયકૃત) રૂપોથી કંઈક અધિક સંપૂર્ણ બે જંબુદ્વીપોને ભરવામાં સમર્થ છે.

***अवसेसं तहेव ।***

***શેષ બધું વર્ણન પૂર્વવત્ જાણવું જોઈએ.***

जइ णं भंते ! ईसाणे देविंदे देवराया एमहिड्ढीए **-जाव-** एवइयं च णं पभू विउव्वित्तए खलु देवाणुप्पियाणं अंतेवासी कुरुदत्तपुत्ते नामं पगइभद्दए **-जाव-** विणीए अट्ठमंअट्ठमेण अणिक्खित्तेणं पारणए आयंबिलपरिग्गहिएणं तवोकम्मेणं उड्ढं बाहाओ पगिज्झिय-पगिज्झिय सूराभिमुहे आयावणभूमीए आयावेमाणं बहुपडिपुण्णे छम्मासे सामण्णपरियागं -

ભંતે ! જો દેવેન્દ્ર દેવરાજ ઈશાનેન્દ્ર આટલી મોટી ઋદ્ધિથી યુક્ત છે **-યાવત્-** તે એટલી વિકુર્વણા શક્તિ રાખે છે તો પ્રકૃતિથી ભદ્ર **-યાવત્-** વિનીત તથા અઠ્ઠમ - અઠ્ઠમ (ત્રણ-ત્રણ) ની તપસ્યા અને પારણામાં આયંબિલ, એવી કઠોર તપસ્યાથી આત્માને ભાવિત કરતા બંને હાથ ઉપર રાખીને સૂર્યની સામે મુખ રાખીને આતાપના ભૂમિમાં આતાપના લેનાર આપ દેવાનુપ્રિયનાં અંતેવાસી (શિષ્ય) કુરુદત્તપુત્ર અણગારે પૂરા છ મહિના સુધી શ્રામણ્ય-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

पाउणित्ता अद्धमासियाए संलेहणाए अत्ताणं झोसित्ता तीसं भत्ताइं अणसणाए छेदित्ता आलोइयपडिक्कंते समाहिपत्ते कालमासे कालं किच्चा ईसाणे कप्पे सयंसि विमाणंसि ***जा चेव तीसाए वत्तव्वया सच्चेव अपरिसेसा कुरूदत्तपुत्ते वि।***

પર્યાયનું પાલન કરીને પંદર દિવસની સંલેખનાથી પોતાની આત્માને શુદ્ધ કરીને ત્રીસ ભક્તનાં અનશનથી છેદન કરીને આલોચના પ્રતિક્રમણ પૂર્વક સમાધિ પ્રાપ્ત કરી કાળનો અવસર આવતાં કાળ કરીને ઈશાનકલ્પમાં પોતાના વિમાનમાં ઈશાનેન્દ્રનાં સામાનિક દેવનાં રૂપમાં ઉત્પન્ન થયા છે. ***ઈત્યાદિ સંપૂર્ણ વર્ણન તિષ્યક દેવની જેમ કુરુદત્તપુત્ર દેવનાં માટે પણ કહેવું જોઈએ.***

**णवरं**-साइरेगे दो केवलकप्पे जंबुद्दीवे दीवे,

**વિશેષ :** કુરુદત્તપુત્ર દેવ પોતાના વિકુર્વિત રૂપોથી કંઈક અધિક બે જંબુદ્વીપોને ભરવામાં સમર્થ છે.

***अवसेसं तं चेव।***

***શેષ વર્ણન તેની જેમ જ સમજવું જોઈએ.***

***एवं सामाणिय तायत्तीस-लोगपाल-अग्गमहिसीणं -जाव-*** एस णं गोयमा ! ईसाणस्स णं देविंदस्स देवरण्णो एवं एगमेगाए अग्गमहिसीए देवीए अयमेयारूवे विसए विसयमेत्ते वुइए, नो चेव णं संपत्तीए विकुव्विंसु वा, विकुव्वंति वा, विकुव्विस्संति वा।

***આ પ્રમાણે (ઈશાનેન્દ્રનાં અન્ય) સામાનિક દેવ, ત્રાયસ્ત્રિંશક દેવ અને લોકપાલ તથા અગ્રમહિષીઓની ઋદ્ધિ વિકુર્વણા શક્તિ આદિ (નાં વિષયમાં) જાણવું જોઈએ -યાવત્-*** હે ગૌતમ ! દેવેન્દ્ર દેવરાજ ઈશાનેન્દ્ર અને એક-એક અગ્રમહિષી દેવીનું આ અને આ પ્રમાણેનાં વિષય અને વિષયમાત્ર બતાવેલ છે. પરંતુ શક્તિના રહેતા પણ આટલી વિકુર્વણા કરી નથી, કરતાં નથી અને કરશે પણ નહી.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

***एवं सणंकुमारे वि,***

***આ પ્રમાણે સનત્કુમાર દેવલોકનાં દેવેન્દ્રનાં વિષયમાં પણ સમજવું જોઈએ.***

**णवरं**-चत्तारि केवलकप्पे जंबुद्दीवे दीवे, अदुत्तरं च णं तिरियमसंखेज्जे।

**વિશેષ :** સનત્કુમારેન્દ્રની વિકુર્વણા શક્તિ સંપૂર્ણ ચાર જંબુદ્વીપો જેટલા સ્થળને ભરવાની છે અને તિર્છી તેની વિકુર્વણાશક્તિ અસંખ્યાત દ્વીપ સમુદ્રો જેટલા સ્થળને ભરવાની છે.

***एवं सामाणिय-तायत्तीस-लोगपाल-अग्गमहिसीणं असंखेज्जे दीव-समुद्दे सव्वे विउव्वंति।***

***આ પ્રમાણે (સનત્કુમારેન્દ્રનાં) સામાનિક દેવ ત્રાયસ્ત્રિંશક લોકપાલ અને અગ્રમહિષીઓની વિકુર્વણા શક્તિ અસંખ્યાત દ્વીપ સમુદ્રો જેટલા સ્થળોને ભરવાની છે.***

***सणंकुमाराओ आरद्धा उवरिल्ला लोगपाला सव्वे वि असंखेज्जे दीव समुद्दे विउव्वंति।***

***સનત્કુમારથી લઈને ઉપરના (દેવલોકના) બધા લોકપાલ અસંખ્યાત દ્વીપ સમુદ્રને ભરવાની વૈક્રિય શક્તિવાળા છે.***

***एवं माहिंदे वि।***

***આ પ્રમાણે માહેન્દ્રનાં વિષયમાં પણ સમજવું જોઈએ.***

**णवरं**-साइरेगे चत्तारि केवलकप्पे जंबुद्दीवे दीवे।

**વિશેષ :** કંઈક અધિક ચાર જંબુદ્વીપો જેટલા સ્થળને ભરવાની વિકુર્વણા શક્તિવાળા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

*एवं बंभलोए वि,*

**આ પ્રમાણે બ્રહ્મલોકનાં વિષયમાં પણ જાણવું જોઈએ.**

**णवरं**-अट्ठ केवलकप्पे जंबुद्दीवे दीवे।

**વિશેષ :** તે સંપૂર્ણ આઠ જંબુદ્વીપો (ને ભરવાની) વૈક્રિય શક્તિવાળા છે.

*एवं लंतए वि,*

**આ પ્રમાણે લાંતક નામક દેવલોકનાં વિષયમાં પણ સમજવું જોઈએ.**

**णवरं**-साइरेगे अट्ठ केवलकप्पे जंबुद्दीवे दीवे।

**વિશેષ :** તે કંઈક અધિક આઠ જંબુદ્વીપોનાં સ્થળને ભરવાની વિકુર્વણા શક્તિ રાખે છે.

***महासुक्के सोलस केवलकप्पे जंबुद्दीवे दीवे।***

***મહાશુક્ર દેવલોકનાં ઈન્દ્રાદિ સંપૂર્ણ સોળ જંબુદ્વીપો (જેટલા સ્થળ)ને ભરવાની વૈક્રિય શક્તિ રાખે છે.***

***सहस्सारे साइरेगे सोलस केवलकप्पे जंबुद्दीवे दीवे।***

***સહસ્ત્રાર દેવલોકનાં ઈન્દ્રાદિ કંઈક અધિક સોળ જંબુદ્વીપોનાં સ્થળને ભરવાનું સામર્થ્ય રાખે છે.***

*एवं पाणए वि,*

**આ પ્રમાણે પ્રાણત દેવલોકનાં ઈન્દ્રાદિનાં વિષયમાં પણ જાણવું જોઈએ.**

**णवरं**-बत्तीसं केवलकप्पे जंबुद्दीवे दीवे।

**વિશેષ :** તે સંપૂર્ણ બત્રીસ જંબુદ્વીપો જેટલા ક્ષેત્રને ભરવાની વૈક્રિય શક્તિવાળા છે.

*एवं अच्चुए वि,*

**આ પ્રમાણે અચ્યુત કલ્પનાં ઈન્દ્રાદિનાં વિષયમાં પણ જાણવું જોઈએ.**

**णवरं**-साइरेगे बत्तीसं केवलकप्पे जंबुद्दीवे दीवे।

**વિશેષ :** કંઈક અધિક બત્રીસ જંબુદ્વીપ ક્ષેત્રને ભરવાનું વૈક્રિય સામર્થ્ય રાખે છે.

***अन्नं तं चेव।***

**શેષ બધુ વર્ણન પૂર્વવત્ સમજવું જોઈએ.**

सेवं भंते ! सेवं भंते ! त्ति तच्चे गोयमे वायुभूई अणगारे समणं भगवं महावीरं वंदइ नमंसइ वंदित्ता नमंसित्ता **-जाव-** विहरइ।

-विया. स. ३, उ. १, सु. २-३०

ભંતે ! તે આ પ્રમાણે છે, ભંતે ! તે આ પ્રમાણે છે. એવું કહીને ત્રીજા ગૌતમ વાયુભૂતિ અનગાર શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન નમસ્કાર કરે છે અને વંદન નમસ્કાર કરીને **-યાવત્-** વિચરણ કરવા લાગ્યા.

## २०. देवेसु जहेच्छया विकुव्वणा करणाकरण सामत्थं -

प. दो भंते ! असुरकुमारा एगंसि असुरकुमारावासंसि असुरकुमार देवत्ताए उववण्णा,

तत्थ णं एगे असुरकुमारे देवे 'उज्जुयं विउव्विस्सामीति'

उज्जुयं विउव्वइ, 'वंकं विउव्विस्सामीति' वंकं विउव्वइ, जं जहा इच्छइ तं तहा विउव्वइ।

## ૨૦. દેવોમાં યથેચ્છા વિકુર્વણા કરવી, ન કરવાનું સામર્થ્ય :

પ્ર. ભંતે ! એક જ અસુરકુમારાવાસમાં બે અસુરકુમાર, અસુરકુમાર દેવ રૂપમાં ઉત્પન્ન થયા, તેમાંથી એક અસુરકુમાર દેવ એવું ચાહે છે કે "હું ઋજુ રૂપની વિકુર્વણા કરીશ."

તો તે ઋજુ રૂપની વિકુર્વણા કરે છે અને જો તે ચાહે છે કે "હું વક્ર રૂપની વિકુર્વણા કરીશ." તો તે વક્ર રૂપની વિકુર્વણા કરે છે. અર્થાત્ તે જે રૂપની વિકુર્વણા કરવા ચાહે છે તે તેવા જ રૂપની વિકુર્વણા કરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

एगे असुरकुमारे देवे 'उज्जुयं विउव्विस्सामीति' वंकं विउव्वइ, 'वंकं विउव्विस्सामीति' उज्जुयं विउव्वइ, जं जहा-इच्छइ नो तं तहा विउव्वइ,

જ્યારે એક અસુરકુમાર દેવ ચાહે છે કે "હું ઋજુ રૂપની વિકુર્વણા કરીશ." પરંતુ વક્રરૂપની વિકુર્વણા થઈ જાય છે અને તે જો ચાહે છે કે "હું વક્રરૂપની વિકુર્વણા કરીશ." પરંતુ ઋજુ રૂપની વિકુર્વણા થઈ જાય છે. અર્થાત્ તે જે રૂપની વિકુર્વણા કરવા ચાહે છે તે એવા રૂપની વિકુર્વણા કરી શકતા નથી,

से कहमेयं भंते ! एवं ?

ભંતે ! એવું શું કામ થાય છે ?

उ. गोयमा ! असुरकुमारा देवा दुविहा पण्णत्ता, तं जहा-

१. माइमिच्छदिट्ठी उववण्णा य,

२. अमाइसम्मदिट्ठी उववण्णा य।

१. तत्थ णं जे से माइमिच्छदिट्ठी उववण्णए असुरकुमारे देवे से णं उज्जुयं विउव्विस्सामीति वंकं विउव्वइ -जाव- नो तं तहा विउव्वइ।

२. तत्थ णं जे से अमाइसम्मदिट्ठी उववण्णए असुरकुमारे देवे से णं उज्जुयं विउव्विस्सामीति उज्जुयं विउव्वइ -जाव- तं तहा विउव्वइति।

ઉ. ગૌતમ ! અસુરકુમાર દેવ બે પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. માયી- મિથ્યાદષ્ટિ- ઉપપન્નક,

૨. અમાયી- સમ્યગ્દષ્ટિ- ઉપપન્નક.

૧. આમાંથી જે માયી-મિથ્યાદષ્ટિ-ઉપપન્નક અસુરકુમાર દેવ છે તે ઋજુ રૂપની વિકુર્વણા કરવા ચાહે છે પરંતુ વક્ર-રૂપની વિકુર્વણા થઈ જાય છે **-યાવત્-** જે રૂપની વિકુર્વણા કરવા ચાહે છે તે રૂપની વિકુર્વણા કરી શકતા નથી,

૨. આમાંથી જે અમાયી- સમ્યગ્દષ્ટિ-ઉપપન્નક અસુરકુમાર દેવ છે તે ઋજુ રૂપની વિકુર્વણા કરવા ચાહે છે અને ઋજુ રૂપની જ વિકુર્વણા કરે છે **-યાવત્-** જે રૂપની વિકુર્વણા કરવા ચાહે છે, તે રૂપની વિકુર્વણા કરે છે.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

प. दो भंते ! नागकुमारा एगंसि नागकुमारावासंसि नागकुमारदेवत्ताए उववण्णा -जाव- जं जहा इच्छइ नो तं तहा विउव्वइ,

પ્ર. ભંતે ! એક જ નાગકુમારાવાસમાં બે નાગકુમાર નાગકુમારના રૂપમાં ઉત્પન્ન થયા, તેમાંથી એક નાગકુમાર દેવ જો તે ચાહે "હું ઋજુ રૂપથી **-યાવત્-** જે રૂપની જે પ્રકારની વિકુર્વણા કરવા ચાહે છે તે રૂપની તેજ પ્રકારથી વિકુર્વણા કરી શકતા નથી,

से कहमेयं भंते ! एवं ?

તો ભંતે ! એવું, શું કામ થાય છે ?

उ. गोयमा ! ***एवं चेव।***

ઉ. ગૌતમ ! ***પૂર્વવત્ (અસુરકુમારનાં સમાન) જાણવું જોઈએ.***

***एवं -जाव- थणियकुमारा।***

***આ પ્રમાણે સ્તનિતકુમારો સુધી વિકુર્વણા જાણવી જોઈએ.***

***वाणमंतर-जोइसिय-वेमाणिया एवं चेव।***

-विया. स. १८, उ. ५, सु. १२-१५

***વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક પણ આ પ્રમાણે છે.***

## २१. पोग्गल गहणेण विकुव्वणा करणं-

प. देवे णं भंते ! महिड्ढीए -**जाव**- महाणुभागे बाहिरए पोग्गले अपरियाइत्ता वालं अच्छेत्ता अभेत्ता पभू गढित्तए ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

प. देवे णं भंते ! महिड्ढीए -**जाव**- महाणुभागे बाहिरए पोग्गले अपरियाइत्ता वालं छेत्ता भेत्ता पभू गढित्तए ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

प. देवे णं भंते ! महिड्ढीए -**जाव**- महाणुभागे बाहिरए पोग्गले परियाइत्ता वालं अच्छेत्ता अभेत्ता पभू गढित्तए ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

प. देवे णं भंते ! महिड्ढीए -**जाव**- महाणुभागे बाहिरए पोग्गले परियाइत्ता वालं छेत्ता भेत्ता पभू गढित्तए ?

उ. हंता, गोयमा ! पभू।

तं चेव णं गंठिं छउमत्थे मणूसे ण जाणइ ण पासइ,

एसुहुमं च णं गढेज्जा।

प. देवे णं भंते ! महिड्ढीए -**जाव**- महाणुभागे बाहिरए पोग्गले अपरियाइत्ता वालं अच्छेत्ता अभेत्ता पभू दीहीकरित्तए वा हस्सीकरित्तए वा ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

प. देवे णं भंते ! महिड्ढीए -**जाव**- महाणुभागे बाहिरए पोग्गले अपरियाइत्ता वालं छेत्ता भेत्ता पभू दीहीकरित्तए वा हस्सीकरित्तए वा ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

प. देवे णं भंते ! महिड्ढीए -**जाव**- महाणुभागे बाहिरए पोग्गले परियाइत्ता वालं अच्छेत्ता अभेत्ता पभू दीहीकरित्तए वा हस्सीकरित्तए वा ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

प. देवे णं भंते ! महिड्ढीए -**जाव**- महाणुभागे बाहिरए पोग्गले परियाइत्ता वालं छेत्ता भेत्ता पभू दीहीकरित्तए वा हस्सीकरित्तए वा ?

## ૨૧. પુદ્‌ગલોનાં ગ્રહણ દ્વારા વિકુર્વણા કરણ :

પ્ર. ભંતે ! મહર્દ્ધિક -**યાવત્**- મહાનુભાગ દેવ બાહ્ય પુદ્‌ગલોને ગ્રહણ કર્યા વગર વાળનું છેદન ભેદન કર્યા વગર તેને બનાવવામાં સમર્થ છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

પ્ર. ભંતે ! મહર્દ્ધિક -**યાવત્**- મહાનુભાગ દેવ બાહ્ય પુદ્‌ગલોને ગ્રહણ કર્યા વગર વાળનું છેદન ભેદન કર્યા વગર તેને બનાવવામાં સમર્થ છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

પ્ર. ભંતે ! મહર્દ્ધિક -**યાવત્**- મહાનુભાગ દેવ બાહ્ય પુદ્‌ગલોને ગ્રહણ કરીને પરંતુ વાળને છેદન ભેદન કર્યા વગર તેને બનાવવામાં સમર્થ છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

પ્રં. ભંતે ! મહર્દ્ધિક -**યાવત્**- મહાનુભાગ દેવ બાહ્ય પુદ્‌ગલોને ગ્રહણ કરીને અને વાળનું છેદન ભેદન કરી તેને બનાવવામાં સમર્થ છે ?

ઉ. હા, ગૌતમ ! સમર્થ છે.

તે બનાવવાને છદ્મસ્થ મનુષ્ય જાણી શકતા નથી અને જોઈ શકતા નથી.

આ પ્રમાણે તે સૂક્ષ્મ બનાવે છે.

પ્ર. ભંતે ! મહર્દ્ધિક -**યાવત્**- મહાનુભાગ દેવ બાહ્ય પુદ્‌ગલોને ગ્રહણ કર્યા વગર અને વાળનું છેદન-ભેદન કર્યા વગર તેને મોટું કે નાનું કરવામાં સમર્થ છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

પ્ર. ભંતે ! મહર્દ્ધિક -**યાવત્**- મહાનુભાગ દેવ બાહ્ય પુદ્‌ગલોને ગ્રહણ કર્યા વગર વાળનું છેદન ભેદન કરીને તેને મોટું કે નાનું કરવામાં સમર્થ છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

પ્ર. ભંતે ! મહર્દ્ધિક -**યાવત્**- મહાનુભાગ દેવ બાહ્ય પુદ્‌ગલોને ગ્રહણ કરી અને વાળનું છેદન ભેદન કર્યા વગર તેને મોટું કે નાનું કરવામાં સમર્થ છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

પ્ર. ભંતે ! મહર્દ્ધિક -**યાવત્**- મહાનુભાગ દેવ બાહ્ય પુદ્‌ગલ ગ્રહણ કરીને અને વાળનું છેદન ભેદન કરી તેને મોટું કે નાનું કરવામાં સમર્થ છે ?

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उ. हंता, गोयमा ! पभू।

तं चेव णं गंठिं छउमत्थे मणूसे ण जाणइ ण पासइ, एसुहुमं च णं दीहीकरेज्ज वा हस्सी करेज्ज वा।

-जीवा. पडि. ३, सु. १९०

ઉ. હા, ગૌતમ ! આ અર્થ સમર્થ છે.

તે બનાવવા ને છદ્મસ્થ મનુષ્ય જાણી શકતા નથી અને જોઈ શકતા નથી. આ પ્રમાણે તે આટલો સૂક્ષ્મ નાનુ કે મોટું કરે છે.

**२२. पोग्गल गहणेण वण्णाइ परिणमणं-**

प. देवे णं भंते ! महिड्ढीए **-जाव-** महाणुभागे बाहिरए पोग्गले अपरियाइत्ता पभू एगवण्णं एगरूवं विउव्वित्तए ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

प. देवे णं भंते ! बाहिरए पोग्गले परियाइत्ता पभू एगवण्णं एगरूवं विउव्वित्तए ?

उ. हंता, गोयमा ! पभू।

प. से णं भंते ! किं इहगए पोग्गले परियाइत्ता विउव्वइ ?

तत्थगए पोग्गले परियाइत्ता विउव्वइ ?

अण्णत्थगए पोग्गले परियाइत्ता विउव्वइ ?

उ. गोयमा ! णो इहगए पोग्गले परियाइत्ता विउव्वइ,

तत्थगए पोग्गले परियाइत्ता विउव्वइ,

णो अण्णत्थगए पोग्गले परियाइत्ता विउव्वइ।

***एवं एएणं गमेणं -जाव-***

१. एगवण्णं एगरूवं,

२. एगवण्णं अणेगरूवं,

३. अणेगवण्णं एगरूवं,

४. अणेगवण्णं अणेगरूवं-**चउभंगो।**

प. देवे णं भंते ! महिड्ढीए **-जाव-** महाणुभागे बाहिरए पोग्गले अपरियाइत्ता पभू कालगं पोग्गलं नीलगपोग्गलत्ताए परिणामेत्तए, नीलगं पोग्गलं वा कालगपोग्गलत्ताए परिणामेत्तए ?

**૨૨. પુદ્‌ગલોના ગ્રહણ દ્વારા વર્ણાદિનું પરિણમન :**

પ્ર. ભંતે ! શું મહર્દ્ધિક **-યાવત્-** મહાનુભાગ દેવ બાહરનાં પુદ્‌ગલોને ગ્રહણ કર્યા વગર એક વર્ણ અને એક રૂપની વિકુર્વણા કરવામાં સમર્થ છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

પ્ર. ભંતે ! શું બાહરનાં પુદ્‌ગલોને ગ્રહણ કરીને એક વર્ણ અને એક રૂપની વિકુર્વણા કરવામાં સમર્થ છે ?

ઉ. હા, ગૌતમ ! સમર્થ છે.

પ્ર. ભંતે ! શું તે દેવ અહીંઆ રહેલ પુદ્‌ગલોને ગ્રહણ કરીને વિકુર્વણા કરે છે ?

ત્યાં રહેલ પુદ્‌ગલોને ગ્રહણ કરીને વિકુર્વણા કરે છે ?

અન્યત્ર રહેલ પુદ્‌ગલોને ગ્રહણ કરીને વિકુર્વણા કરે છે ?

ઉ. ગૌતમ ! તે દેવ અહીં રહેલ પુદ્‌ગલોને ગ્રહણ કરીને વિકુર્વણા કરતાં નથી,

તે ત્યાંના પુદ્‌ગલોને ગ્રહણ કરીને વિકુર્વણા કરે છે.

પરંતુ અન્યત્ર રહેલા પુદ્‌ગલોને ગ્રહણ કરીને વિકુર્વણા કરતા નથી.

***આ પ્રમાણે આ સૂત્રપાઠ દ્વારા વિકુર્વણાનાં ચાર ભંગ કહેવા જોઈએ.***

૧. એક વર્ણવાળા, એક રૂપવાળા,

૨. એક વર્ણવાળા, અનેક રૂપવાળા,

૩. અનેક વર્ણવાળા, એક રૂપવાળા,

૪. અનેક વર્ણવાળા, અનેકરૂપવાળા. **આ પ્રમાણે ચાર ભાંગા છે.**

પ્ર. ભંતે ! શું મહર્દ્ધિક **-યાવત્-** મહાનુભાગ દેવ, બાહરનાં પુદ્‌ગલોને ગ્રહણ કર્યા વગર કાળા પુદ્‌ગલને નીલા પુદ્‌ગલનાં રૂપમાં અને નીલા પુદ્‌ગલને કાળા પુદ્‌ગલનાં રૂપમાં પરિણત કરવામાં સમર્થ છે ?

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे, परियाइत्ता पभू ।

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી, પરંતુ દેવ બાહરનાં પુદ્ગલોને ગ્રહણ કરીને તેવું કરવામાં સમર્થ છે.

प. से णं भंते ! किं इहगए पोग्गले परियाइत्ता परिणामेइ ?

तत्थगए पोग्गले परियाइत्ता परिणामेइ ?

अण्णत्थगए पोग्गले परियाइत्ता परिणामेइ ?

પ્ર. ભંતે ! શું તે દેવ અહીંઆ રહેલ પુદ્ગલોને ગ્રહણ કરીને પરિણમન કરે છે ?

ત્યાં રહેલ પુદ્ગલોને ગ્રહણ કરીને પરિણમન કરે છે ?

અન્યત્ર રહેલ પુદ્ગલોને ગ્રહણ કરીને પરિણમન કરે છે ?

उ. गोयमा ! णो इहगए पोग्गले परियाइत्ता परिणामेइ,

तत्थगए पोग्गले परियाइत्ता परिणामेइ,

णो अण्णत्थगए पोग्गले परियाइत्ता परिणामेइ ।

ઉ. ગૌતમ ! તે દેવ અહીં રહેલ પુદ્ગલોને ગ્રહણ કરીને પરિણમન કરતાં નથી,

તે ત્યાં રહેલ પુદ્ગલોને ગ્રહણ કરીને પરિણમન કરે છે,

પરંતુ અન્યત્ર રહેલ પુદ્ગલોને ગ્રહણ કરીને પરિણમન કરતાં નથી.

***एवं एएणं गमेणं -जाव-***

१. एगवण्णं एगरूवं,

२. एगवण्णं अणेगरूवं,

३. अणेगवण्णं एगरूवं,

४. अणेगवण्णं अणेगरूवं-**चउभंगो ।**

***આ પ્રમાણે આ સૂત્રપાઠ દ્વારા પરિણમનનાં ચાર ભંગ કહેવા જોઈએ.***

૧. એક વર્ણવાળા, એક રૂપવાળા,

૨. એક વર્ણવાળા, અનેક રૂપવાળા

૩. અનેક વર્ણવાળા, એક રૂપવાળા,

૪. અનેક વર્ણવાળા, અનેક રૂપવાળા, **આ પ્રમાણે ચાર ભાંગા છે.**

**एवं** कालगपोग्गलं लोहियपोग्गलत्ताए ।

**આ પ્રમાણે** કાળા પુદ્ગલને લાલ પુદ્ગલનાં રૂપમાં પરિણત કરવામાં સમર્થ છે.

**एवं** कालएणं **-जाव-** सुक्किलं ।

**આ પ્રમાણે** કાળા પુદ્ગલની સાથે શુક્લ પુદ્ગલ સુધી જાણવું જોઈએ.

**एवं** नीलएणं **-जाव-** सुक्किलं ।

**આ પ્રમાણે** નીલા પુદ્ગલની સાથે શુક્લ પુદ્ગલ સુધી જાણવું જોઈએ

**एवं** लोहिएणं **-जाव-** सुक्किलं ।

**આ પ્રમાણે** લાલ પુદ્ગલને **-યાવત્-** શુક્લ પુદ્ગલનાં રૂપમાં પરિણત કરવામાં સમર્થ છે.

**एवं** हालिद्दएणं **-जाव-** सुक्किलं ।

**આ પ્રમાણે** પીળા પુદ્ગલને **-યાવત્-** શુક્લ પુદ્ગલનાં રૂપમાં પરિણત કરવામાં સમર્થ છે.

***एवं एयाए परिवाडीए गंध-रस-फासा ।***

***આ પ્રમાણે આ ક્રમનાં અનુસાર ગંધ, રસ અને સ્પર્શનાં વિષયમાં પણ સમજવું જોઈએ.***

(कक्खडफासपोग्गलं मउयफासपोग्गलत्ताए ।)

(કર્કશ સ્પર્શવાળા પુદ્ગલને મૃદુ સ્પર્શવાળા પુદ્ગલમાં પરિણત કરવામાં સમર્થ છે.)

***एवं दो दो गरूय-लहुय, सीय-उसिण, णिद्ध-लुक्ख, फासाइं परिणामेइ ।***

***આ પ્રમાણે બે-બે વિરુદ્ધ ગુણોને અર્થાત્ ગુરુ અને લઘુ, શીત અને ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષ સ્પર્શ આદિને તે સર્વત્ર પરિણમાવે છે.***

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

***आलावगा य दो दो,*** *तं जहा-*

पोग्गले अपरियाइत्ता, परियाइत्ता।

-विया. स. ६, उ. ९, सु. २-१२

**आ क्रियानी साथे अहीं आ प्रमाणे बे-बे आलापक कहेवा जोईए.** जेमके-

पुद्‌गलोने ग्रहण करीने परिणमावे छे,
पुद्‌गलोने ग्रहण कर्या वगर परिणमता नथी.

## २३. रूविभावं पत्तस्स देवस्स अरूवित्तविउव्वण असामत्थ परूवणं-

प. देवे णं भंते ! महिड्ढीए **-जाव-** महेसक्खे पुव्वामेव रूवी भवित्ता पभू अरूविं विउव्वित्ता णं चिट्ठित्तए ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"देवे णं महिड्ढीए **-जाव-** महेसक्खे पुव्वामेव रूवी भवित्ता पभू अरूविं विउव्वित्ता णं चिट्ठित्तए ?"

उ. गोयमा ! अहमेयं जाणामि, अहमेयं पासामि,
अहमेयं बुज्झामि, अहमेयं अभिसमण्णागच्छामि,
मए एयं नायं, मए एयं दिट्ठं,
मए एयं बुद्धं, मए एयं अभिसमण्णागयं,

जण्णं तहागयस्स जीवस्स सरूविस्स,
सकम्मस्स, सरागस्स, सवेदस्स,
समोहस्स, सलेसस्स, ससरीरस्स,
ताओ सरीराओ अविप्पमुक्कस्स एवं पण्णायइ, तं जहा-
कालत्ते वा **-जाव-** सुक्किलत्ते वा,
सुब्भिगंधत्ते वा, दुब्भिगंधत्ते वा,
तित्तत्ते वा **-जाव-** महुरत्ते वा,
कक्खडत्ते वा **-जाव-** लुक्खत्ते वा।
से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-
"देवे णं महिड्ढीए **-जाव-** महेसक्खे पुव्वामेव रूवी भवित्ता नो पभू अरूविं विउव्वित्ता णं चिट्ठित्तए।"

-विया. स. १७, उ. २, सु. १८

## २३. રૂપી ભાવને પ્રાપ્ત દેવની અરૂપી વિકુર્વણાનાં અસામર્થ્યનું પ્રરૂપણ :

પ્ર. ભંતે ! શું મહર્દ્ધિક **-યાવત્-** મહાસુખ-સંપન્ન દેવ પહેલા રૂપી થઈને પછી અરૂપીની વિક્રિયા કરવામાં સમર્થ છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

પ્ર. ભંતે ! એવું શા માટે કહેવાય છે કે-

"મહર્દ્ધિક **-યાવત્-** મહાસુખ-સંપન્ન દેવ, પહેલા રૂપી થઈને પછી અરૂપીની વિક્રિયા કરવામાં સમર્થ નથી ?"

ઉ. ગૌતમ ! હું આ જાણું છું, હું આ જોઉં છું,
હું આ નિશ્ચય જાણું છું, હું આ સર્વથા જાણું છું,
હું આને જાણું છું, મેં આ જોયું છે,
મેં આ નિશ્ચિત સમજી લીધું છે અને મેં આ પૂર્ણ રીતે જાણ્યું છે કે-

તેવા પ્રકારનાં સરૂપી,
સકર્મ, સરાગ, સવેદ,
સમોહ, સલેશી. સશરીર અને
તે શરીરથી અવિપ્રમુક્ત જીવનાં વિષયમાં એવું સંપ્રજ્ઞાત થાય છે, જેમકે-
તે શરીરયુક્ત જીવમાં કાળાપણું **-યાવત્-** સફેદપણું,
સુગંધિત્વ કે દુર્ગંધિત્વ,
કડવાપણું **-યાવત્-** મધુરપણું,
કર્કશપણું **-યાવત્-** રૂક્ષપણું હોય છે.
માટે હે ગૌતમ ! એવું કહેવાય છે કે-
"મહર્દ્ધિક **-યાવત્-** મહાસુખ સંપન્ન દેવ પહેલા રૂપી થઈને પછી અરૂપીની વિક્રિયા કરવામાં સમર્થ નથી."

## २४. वेमाणिय देवाणं विकुव्वणासत्ती-

प. सोहम्मीसाणेसु णं भंते ! कप्पेसु देवा किं एगत्तं पभू विउव्वित्तए ? पुहत्तं पभू विउव्वित्तए ?

## ૨૪. વૈમાનિક દેવોની વિકુર્વણા શક્તિ :

પ્ર. ભંતે ! સૌધર્મ અને ઈશાન કલ્પમાં દેવ શું એક રૂપની વિકુર્વણા કરવામાં સમર્થ છે કે અનેક રૂપોની વિકુર્વણા કરવામાં સમર્થ છે ?

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उ. गोयमा ! एगत्तंपि पभू विउव्वित्तए, पुहत्तंपि पभू विउव्वित्तए,

उ. ગૌતમ ! એક રૂપની વિકુર્વણા કરવામાં પણ સમર્થ છે અને અનેક રૂપોની વિકુર્વણા કરવામાં પણ સમર્થ છે.

एगत्तं विउव्वेमाणा एगिंदियरूवं वा **-जाव-** पंचेंदियरूवं वा विउव्वंति,

એક રૂપની વિકુર્વણા કરતાં એકેન્દ્રિયનાં રૂપની **-યાવત્-** પંચેન્દ્રિયનાં રૂપની વિકુર્વણા કરે છે.

पुहत्तं विउव्वेमाणा एगिंदियरूवाणि वा **-जाव-** पंचेंदियरूवाणि वा,

અનેક રૂપોની વિકુર્વણા કરતાં અનેક એકેન્દ્રિય રૂપોની વિકુર્વણા કરે છે **-યાવત્-** અનેક પંચેન્દ્રિય રૂપોની વિકુર્વણા કરે છે.

ताइं संखेज्जाइं पि असंखेज्जाइं पि,

તેમાં સંખ્યેય રૂપોની પણ અને અસંખ્યેય રૂપોની પણ,

सरिसाइं पि असरिसाइं पि,

સદૃશ રૂપોની પણ અને અસદૃશ રૂપોની પણ,

संबद्धाइं पि असंबद्धाइं पि रूवाइं विउव्वंति,

સંબદ્ધ રૂપોની પણ અને અસંબદ્ધ રૂપોની પણ વિકુર્વણા કરે છે.

विउव्वित्ता तओ पच्छा जहिच्छियाइं कज्जाइं करेंति।

વિકુર્વણા કરીને તેના પછી ઈચ્છા થાય તે કાર્ય કરે છે.

***एवं -जाव- अच्चुओ।***

***આ પ્રમાણે અચ્યુત કલ્પ સુધીનાં દેવ વિકુર્વણા કરે છે.***

प. गेवेज्जादेवाणं भंते ! किं एगत्त पभू विउव्वित्तए ? पुहत्त पभू विउव्वित्तए ?

પ્ર. ભંતે ! શું ગ્રૈવેયક દેવ એક રૂપની વિકુર્વણા કરવામાં સમર્થ છે કે અનેક રૂપોની વિકુર્વણા કરવામાં સમર્થ છે ?

उ. गोयमा ! एगत्तं पि पभू विउव्वित्तए, पुहत्तं पि पभू विउव्वित्तिए,

ઉ. ગૌતમ ! એક રૂપની વિકુર્વણા કરવામાં પણ સમર્થ છે અને અનેક રૂપોની વિકુર્વણા કરવામાં પણ સમર્થ છે.

णो चेव णं संपत्तीए विउव्विंसु वा, विउव्वंति वा विउव्विस्संति वा।

પરંતુ તેવોએ ક્યારેય આવી વિકુર્વણા કરી નથી, કરતાં નથી અને કરશે નહિ.

***एवं अणुत्तरोववाइया।***

-जीवा. पडि. ३, सु. २०३

***આ પ્રમાણે અનુત્તરોપપાતિક દેવ માટે પણ કહેવું જોઈએ.***

## २५. सक्कस्स विउव्वणासत्ती-

## ૨૫. શક્રેન્દ્રની વિકુર્વણા શક્તિ :

प. पभू णं भंते ! सक्के देविंदे देवराया पुरिसस्स सीसं सपाणिया असिणा छिंदित्ता कमंडलुम्मि पक्खिवित्तए ?

પ્ર. ભંતે! શું દેવેન્દ્ર દેવરાજ શક્રેન્દ્ર, પોતાના હાથમાં ગ્રહણ કરેલ તલવારથી કોઈ પુરુષનાં મસ્તક કાપીને કમંડલુમાં નાંખવામાં સમર્થ છે ?

उ. हंता, गोयमा ! पभू।

ઉ. હા, ગૌતમ ! તે સમર્થ છે.

प. भंते ! कहमिदाणिं पकरेइ ?

પ્ર. ભંતે ! તે કેવી રીતે નાંખે છે ?

उ. गोयमा ! छिंदिया छिंदिया व णं पक्खिवेज्जा,

ઉ. ગૌતમ ! શક્રેન્દ્ર તે પુરુષનાં મસ્તકને કાપી-કાપીને નાંખે છે.

भिंदिया भिंदिया व णं पक्खिवेज्जा,
कुट्टिया कुट्टिया व णं पक्खिवेज्जा,
चुण्णिया चुण्णिया व णं पक्खिवेज्जा,
तओ पच्छा खिप्पामेव पडिसंघातेज्जा,

नो चेव णं तस्स पुरिसस्स किंचि आबाहं वा वाबाहं वा उप्पाएज्जा,

छविच्छेयं पुण करेइ, एसुहुमं च णं पक्खिवेज्जा।

-विया. स. १४, उ. ८, सु. २४

અલગ-અલગ કરીને નાંખે છે
અથવા કૂટી-કૂટીને નાંખે છે.
અથવા ચૂર્ણ કરી-કરીને નાંખે છે.
ત્યાર પછી શીઘ્ર તે મસ્તકનાં ખંડિત અવયવોને એકત્રિત કરે છે અને ફરીથી મસ્તક બનાવે છે.

આ પ્રક્રિયામાં ઉપરનાં પુરુષનાં મસ્તકને છેદન કરતાં પણ તે પુરુષને થોડી કે વધારે પીડા પહુંચાડતાં નથી.

આ પ્રમાણે મસ્તક કાપવાની સૂક્ષ્મ ક્રિયા કરીને તે તેને કમંડલુમાં નાંખે છે.

## २६. महिड्ढियदेवस्स संगामे विउव्वण सामत्थं-

प. देवे णं भंते ! महिड्ढीए **-जाव-** महेसक्खे रूवसहस्सं विउव्वित्ता पभू अण्णमण्णेणं सिद्धं संगामं संगामित्तए ?

उ. **हंता, गोयमा !** पभू।

प. ताओ णं भंते ! बोंदीओ किं एगजीवफुडाओ, अणेगजीवफुडाओ ?

उ. गोयमा ! एगजीवफुडाओ, णो अणेगजीवफुडाओ।

प. ते णं भंते ! तेसिं बोंदीणं अंतरा किं एगजीवफुडा, अणेगजीवफुडा ?

उ. गोयमा ! एगजीवफुडा, णो अणेगजीवफुडा।

-विया. स. १८, उ. ७, सु. ३८-४०

## ૨૬. મહર્દ્ધિક દેવનું સંગ્રામમાં વિકુર્વણા સામર્થ્ય :

પ્ર. ભંતે ! મહર્દ્ધિક **-યાવત્-** મહાસુખવાળા દેવ, હજાર રૂપોની વિકુર્વણા કરીને પરસ્પર એક બીજાની સાથે સંગ્રામ કરવામાં સમર્થ છે ?

ઉ. હા, ગૌતમ ! સમર્થ છે.

પ્ર. ભંતે ! વૈક્રિયકૃત તે શરીર એક જ જીવની સાથે સંબદ્ધ હોય છે કે અનેક જીવોની સાથે સંબદ્ધ હોય છે ?

ઉ. ગૌતમ ! એક જ જીવની સાથે સંબદ્ધ હોય છે, અનેક જીવોની સાથે સંબદ્ધ હોતાં નથી.

પ્ર. ભંતે ! તે વૈક્રિયકૃત શરીરોની વચ્ચેનાં અંતરાલ ભાગ શું એક જીવથી સંબદ્ધ હોય છે કે અનેક જીવોથી સંબદ્ધ હોય છે ?

ઉ. ગૌતમ ! તે શરીરની વચ્ચેનાં અંતરાલ ભાગ એક જ જીવથી સંબદ્ધ હોય છે, અનેક જીવોથી સંબદ્ધ હોતાં નથી.

## २७. देवासुरसंगामे पहरण विउव्वणा-

प. अत्थि णं भंते ! देवासुरा संगामा, देवासुरा संगामा ?

उ. **हंता, गोयमा !** अत्थि।

प. देवासुरेसु णं भंते ! संगामेसु वट्टमाणेसु किं णं तेसिं देवाणं पहरणरयणत्ताए परिणमइ ?

उ. गोयमा ! जं णं ते देवा तणं वा, कट्ठं वा, पत्तं वा, सक्करं वा परामुसंति तं णं तेसिं देवाणं पहरणरयणत्ताए परिणमइ।

## ૨૭. દેવાસુર સંગ્રામમાં શસ્ત્ર વિકુર્વણા :

પ્ર. ભંતે ! શું દેવો અને અસુરોમાં દેવાસુર સંગ્રામ હોય છે ?

ઉ. હા, ગૌતમ ! હોય છે.

પ્ર. ભંતે ! દેવો અને અસુરોમાં સંગ્રામ થઈ જવાથી કઈ વસ્તુ તે દેવોનાં શ્રેષ્ઠ પ્રહરણ રૂપમાં પરિણત થાય છે ?

ઉ. ગૌતમ ! તે દેવ જે તૃણ, કાષ્ઠ, પાંદડા કે કાંકરા આદિને સ્પર્શ કરે છે. તેજ વસ્તુ તે દેવોનાં શસ્ત્રરત્નનાં રૂપમાં પરિણત થઈ જાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. देवासुरेसु णं भंते ! संगामेसु वट्टमाणेसु किं णं तेसिं असुरकुमाराणं पहरणरयणत्ताए परिणमइ ?

प्र. ભંતે ! દેવો અને અસુરોમાં સંગ્રામ થઈ જવાથી કંઈ વસ્તુ તે અસુરોના શ્રેષ્ઠ પ્રહરણ રૂપમાં પરિણત થાય છે ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे ।

असुरकुमाराणं देवाणं निच्चं विउव्विया पहरणरयणा पण्णत्ता ।

-विया. स. १८, उ. ७, सु. ४२-४४

ઉ. ગૌતમ ! તેના માટે આ વાત શક્ય નથી.

કારણકે અસુરકુમારદેવોનાં તો સદા વૈક્રિયકૃત શસ્ત્રરત્ન હોય છે.

## २८. नेरएहिं विउव्विय रूवाणं परूवणं-

प. इमीसे णं भंते ! **रयणप्पभाए पुढवीए नेरइया किं** एकत्तं पभू विउव्वित्तए ? पुहुत्तं पभू विउव्वित्तए ?

उ. गोयमा ! एगत्तंपि पभू विउव्वित्तए, पुहुत्तंपि पभू विउव्वित्तए ।

एगत्तं विउव्वेमाणा एगं महं मोग्गररूवं वा **-जाव-** भिंडमालरूवं वा ।

पुहुत्तं विउव्वेमाणा मोग्गररूवाणि वा **-जाव-** भिंडमालरूवाणि वा ।

ताइं संखेज्जाइं, णो असंखेज्जाइं,

संबद्धाइं, णो असंबद्धाइं,

सरिसाइं, णो असरिसाइं विउव्वंति,

विउव्वित्ता अण्णमण्णस्स कायं अभिहणमाणा अभिहणमाणा-वेयणं उदीरेंति,

"उज्जलं विउलं पगाढं कक्कसं कडुयं फरूसं निट्ठुरं चंडं तिव्वं दुक्खं दुग्गं दुरहियासं ।"

***एवं -जाव- धूमप्पभाए पुढवीए ।***

छट्ठसत्तमासु णं पुढवीसु नेरइया बहू महंताइं लोहियकुंथुरूवाइं वइरामयतुंडाइं गोमय कीडसमाणाइं विउव्वंति,

## ૨૮. નૈરયિક દ્વારા વિકુર્વિત રૂપોનું પ્રરૂપણ :

પ્ર. ભંતે ! આ **રત્નપ્રભા પૃથ્વીનાં નૈરયિક** શું એક રૂપની વિકુર્વણા કરે છે કે અનેક રૂપોની વિકુર્વણા કરે છે ?

ઉ. ગૌતમ ! એક રૂપની પણ વિકુર્વણા કરે છે અને અનેક રૂપોની પણ વિકુર્વણા કરે છે.

એક રૂપની વિકુર્વણા કરતાં એક મહાન્ મુદ્ગર (કસરત કરવાનું સાધન) **-યાવત્-** છરાનાં રૂપોની વિકુર્વણા કરે છે.

અનેક રૂપોની વિકુર્વણા કરતાં અનેક મુદ્ગર રૂપોની **-યાવત્-** અનેક છરાનાં રૂપોની વિકુર્વણા કરે છે.

સંખ્યેય રૂપોની વિકુર્વણા કરે છે. પણ અસંખ્યેય રૂપોની વિકુર્વણા કરતાં નથી.

સંબદ્ધ રૂપોની વિકુર્વણા કરે છે. પણ અસંબદ્ધ રૂપોની વિકુર્વણા કરતાં નથી.

સદૃશ રૂપોની વિકુર્વણા કરે છે પણ અસદૃશ રૂપોની વિકુર્વણા કરતા નથી.

વિકુર્વણા કરીને એક બીજાનાં શરીર પર પ્રહાર કરતાં-કરતાં વેદનાની ઉદીરણા કરે છે.

"તે વેદના ઉગ્ર, વિપુલ, પ્રગાઢ, કર્કશ, કટુ, કઠોર, નિષ્ઠુર, ક્રૂર, તીવ્ર, દુઃખદ, દુર્દમ અસહ્ય હોય છે."

***આ પ્રમાણે ધૂમપ્રભા પૃથ્વી સુધીમાં પણ નૈરયિક વિકુર્વણા કરે છે.***

છઠ્ઠી અને સાતમી પૃથ્વીમાં નૈરયિક છાણાનાં કીડાની સમાન ઘણા મોટા વજ્રમય મુખવાળા રક્તવર્ણ કુંથુઓના રૂપોની વિકુર્વણા કરે છે.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

विउव्वित्ता अण्णमण्णस्स कायं समतुरंगेमाणा-समतुरंगेमाणा खायमाणा-खायमाणा सयपोराग-किमियाविव चालेमाणा-चालेमाणा अंतो-अंतो अणुप्पविसमाणा-अणुप्पविसमाणा वेदणं उदीरेंति-उज्जलं **-जाव-** दुरहियासं ।[1]

-जीवा. पडि. ३, सु. ८९(२)

વિકુર્વણા કરીને એક બીજાનાં શરીર પર ચઢે છે. તેના શરીરને વારંવાર કાપે છે, સૌ પર્વવાળા ઈક્ષુનાં કીડાની જેમ છેદન કરતાં અંદર- અંદર ઘુસી જાય છે અને તેને ઉજ્જવલ **-યાવત્-** અસહ્ય વેદના ઉત્પન્ન કરે છે.

## २९. वाउकायस्स विउव्वणा परूवणं-

प. पभू णं भंते ! वाउकाए एगं महं इत्थिरूवं वा पुरिसरूवं वा हत्थिरूवं वा जाणरूवं वा

**एवं** जुग्ग-गिल्लि-थिल्लि-सीय-संदमाणियरूवं वा विउव्वित्तए ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे ।

वाउकाए णं विकुव्वमाणे एगं महं पडागासंठियं रूवं विकुव्वइ ।

प. पभू णं भंते ! वाउकाए एगं महं पडागसंठियं रूव विउव्वित्ता अणेगाइं जोयणाइं गमित्तए ?

उ. हंता, गोयमा ! पभू ।

प. से भंते ! किं आयड्ढीए गच्छइ, परिड्ढीए गच्छइ ?

उ. गोयमा ! आयड्ढीए गच्छइ, णो परिड्ढीए गच्छइ ।

***जहा आयड्ढीए,***

***एवं चेव आयकम्मुणा वि, आयप्पओगेण वि भाणियव्वं ।***

प. से भंते ! किं ऊसिओदयं गच्छइ, पतोदयं गच्छइ ?

उ. गोयमा ! ऊसिओदयं पि गच्छइ, पतोदयं पि गच्छइ ।

प. से भंते ! किं एगओपडागं गच्छइ, दुहओपडागं गच्छइ ?

## ૨૯. વાયુકાયની વિકુર્વણાનું પ્રરૂપણ :

પ્ર. ભંતે ! શું વાયુકાય એક મોટા સ્ત્રીરૂપ કે પુરુષરૂપ, હસ્તીરૂપ કે પાલખીરૂપ તથા

**આ પ્રમાણે** રિક્ષા કે ઘોડા જેવી સવારી, હાથીની અંબાડી, ઊંટનું પલ્લાણ, પુરુષનાં જેટલી લાંબી પાલખી આ બધા રૂપોની વિકુર્વણા કરી શકે છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

વાયુકાય જો વિકુર્વણા કરે તો એક મોટી પતાકાનાં આકારનાં રૂપની વિકુર્વણા કરી શકે છે.

પ્ર. ભંતે ! શું વાયુકાય એક મોટી પતાકાના આકાર જેવા રૂપની વિકુર્વણા કરીને અનેક યોજન સુધી ગમન કરવામાં સમર્થ છે.

ઉ. હા, ગૌતમ ! તે કરવામાં સમર્થ છે.

પ્ર. ભંતે ! શું વાયુકાય પોતાની ઋદ્ધિથી ગતિ કરે છે કે બીજાની ઋદ્ધિથી ગતિ કરે છે ?

ઉ. ગૌતમ ! તે પોતાની ઋદ્ધિથી ગતિ કરે છે, બીજાની ઋદ્ધિથી ગતિ કરતાં નથી.

***જેમ વાયુકાય આત્મઋદ્ધિથી ગતિ કરે છે.***

***એવી જ રીતે આત્મકર્મથી અને આત્મપ્રયોગથી પણ ગતિ કરે છે તેવું કહેવું જોઈએ.***

પ્ર. ભંતે ! શું તે વાયુકાય ઉન્નત પતાકાનાં (ઉપર) આકારથી ગતિ કરે છે કે મુકેલ પતાકાનાં આકારથી ગતિ કરે છે ?

ઉ. ગૌતમ ! તે ઉપર જતાં પતાકા અને નીચે જતાં પતાકા, આ બંનેનાં આકારથી ગતિ કરે છે.

પ્ર. ભંતે ! શું વાયુકાય એક દિશામાં એક પતાકાનાં સમાન રૂપ બનાવીને ગતિ કરે છે અથવા બે દિશાઓમાં બે પતાકાઓને સમાન રૂપ બનાવીને ગતિ કરે છે ?

१. विया. स. ५, उ. ६, सु. १४

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उ. गोयमा ! एगओपडागं गच्छइ, णो दुहओपडागं गच्छइ ।

ઉ. ગૌતમ ! તે એક પતાકાનાં સમાનરૂપ બનાવીને ગતિ કરે છે, પરંતુ બે દિશાઓમાં બે પતાકાઓનાં સમાનરૂપ બનાવીને ગતિ કરતાં નથી.

प. से णं भंते ! किं वाउकाए पडागा ?

પ્ર. ભંતે ! તે સમયે શું તે વાયુકાય છે કે પતાકા છે ?

उ. गोयमा ! वाउकाए णं से, णो खलु सा पडागा ।

-विया. स. ३, उ. ४, सु. ६-७

ઉ. ગૌતમ ! તે વાયુકાય છે, પરંતુ પતાકા નથી.

**३०. बलागस्स इत्थिआइ रूव परिणमण परूवणं-**

**૩૦. બગલાની સ્ત્રી આદિ રૂપોનાં પરિણમનનું પરૂપણ :**

प. पभू णं भंते ! बलाहगे एगं महं इत्थिरूवं वा **-जाव-** संदमाणियरूवं वा परिणामेत्तए ?

પ્ર. ભંતે ! શું બાદલો મેઘ એક મોટા સ્ત્રીરૂપ **-યાવત્-** સ્યંદમાનિકાના રૂપમાં પરિણત થવામાં સમર્થ છે ?

उ. हंता, गोयमा ! पभू ।

ઉ. હા, ગૌતમ ! આવું થવામાં સમર્થ છે.

प. पभू णं भंते ! बलाहए एगं महं इत्थिरूवं परिणामेत्ता अणेगाइं जोयणाइं गमित्तए ?

પ્ર. ભંતે ! શું બલાહક મેઘ એક મોટા સ્ત્રીરૂપમાં પરિણત થઈને અનેક યોજન સુધી જવામાં સમર્થ છે ?

उ. हंता, गोयमा ! पभू ।

ઉ. હા, ગૌતમ ! તે આવું કરવામાં સમર્થ છે.

प. से भंते ! किं आयड्ढीए गच्छइ, परिड्ढीए गच्छइ ?

પ્ર. ભંતે ! શું તે બલાહક આત્મઋદ્ધિથી ગતિ કરે છે કે પરઋદ્ધિથી ગતિ કરે છે ?

उ. गोयमा ! णो आयड्ढीए गच्छइ, परिड्ढीए गच्छइ ।

*एवं णो आयकम्मुणा परकम्मुणा ।*
*नो आयपयोगेणं, परप्पयोगेणं ।*

*ऊसिओदयं वा गच्छइ, पतोदयं वा गच्छइ ।*

ઉ. ગૌતમ ! તે આત્મઋદ્ધિથી ગતિ કરતા નથી, પરઋદ્ધિથી ગતિ કરે છે.

***એવી રીતે તે આત્મકર્મ (સ્વક્રિયાથી) અને આત્મપ્રયોગથી ગતિ કરતા નથી, પરંતુ પરકર્મથી અને પર પ્રયોગથી ગતિ કરે છે. તે ઉચ્છ્રિતપતાકા કે પતિત-પતાકા બંનેમાંથી કોઈ એકનાં આકાર રૂપથી ગતિ કરે છે.***

जैन साइट JAINSITE.com जैनम् जयति शासनम्

प. से णं भंते ! किं बलाहए इत्थी ?

પ્ર. ભંતે ! તે સમયે શું તે બલાહક-મેઘના સ્ત્રી છે ?

उ. गोयमा ! बलाहए णं से, णो खलु सा इत्थी ।

ઉ. ગૌતમ ! તે બલાહક-મેઘ છે, સ્ત્રી નથી.

*एवं पुरिसे, आसे हत्थी ।*

**આ પ્રમાણે બલાહક પુરુષ, અશ્વ કે હાથી નથી.**

प. पभू णं भंते ! बलाहए एगं महं जाणरूवं परिणामेत्ता अणेगाइं जोयणाइं गमित्तए ?

પ્ર. ભંતે ! શું તે બલાહક એક મોટા યાન રૂપમાં પરિણત થઈને અનેક યોજન સુધી જઈ શકે છે ?

उ. गोयमा ! ***जहा इत्थिरूवं तहा भाणियव्वं ।***

ઉ. ગૌતમ ! ***જેમ સ્ત્રીનાં સંબંધમાં કહ્યું, તે જ પ્રમાણે યાનનાં સંબંધમાં કહેવું જોઈએ.***

**णवरं-** एगओ चक्कवालं पि, दुहओ चक्कवालं पि भाणियव्वं ।

**વિશેષ :** તે યાન એક ચક્રવાળા થઈને પણ ચાલી શકે છે. અને બંને તરફ ચક્રવાળા થઈને પણ ચાલી શકે છે.

*जुग्ग-गिल्लि-थिल्लि-सीया-संदमाणियाणं तहेव ।*

-विया. स. ३, उ. ४, सु. ८-११

***તે પ્રમાણે પાલખી, હાથીની અંબાડી, ઊંટનો પલ્લાણ, શિવિકા અને સ્યન્દમાનિકાનાં રૂપોનાં સંબંધમાં પણ જાણવું જોઈએ.***

# ૧૬. ઈંદ્રિય અધ્યયન

આત્માના લિંગને ઈંદ્રિય કહેવામાં આવે છે. ઈંદ્રિયોથી આત્મા છે એવું જ્ઞાન થાય છે. ઈંદ્રિયનું સામાન્ય લક્ષણ ઈન્દ્રનો અર્થ આત્મા માનીને કરી શકાય છે. પણ વ્યાવહારિક દષ્ટિએ ઈંદ્રિયાં આભિનિબોધિક જ્ઞાનમાં સહાયભૂત થાય છે. આભિનિબોધિક અથવા મતિજ્ઞાનપૂર્વક શ્રુતજ્ઞાન હોય છે. આ પ્રમાણે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનમાં ઈંદ્રિયોની મહત્વપૂર્ણ ભૂમિકા હોય છે. સંસારી જીવ પ્રાયઃ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન અથવા મતિઅજ્ઞાની અને શ્રુતઅજ્ઞાની હોય છે. માટે ઈંદ્રિયો જ તેના જ્ઞાનનું મુખ્ય સાધન હોય છે. જૈન દર્શનમાં ઈંદ્રિય શબ્દથી મનને ગ્રહણ કરવામાં આવતુ નથી. માટે જ મનને અનિન્દ્રિય કહેવામાં આવે છે.

ઈંદ્રિયો પાંચ પ્રકારની છે- ૧. શ્રોત્રેન્દ્રિય, ૨. ચક્ષુરિન્દ્રિય, ૩. ઘ્રાણેન્દ્રિય, ૪. રસનેન્દ્રિય (જિહ્વેન્દ્રિય) અને ૫. સ્પર્શનેન્દ્રિય. જૈનેતર કેટલાક દર્શનોમાં ઈંદ્રિયોને જ્ઞાનેન્દ્રિય કહી છે અને તેનામાં પાણિ, પાદ, પાયુ, ઉપસ્થ અને વાક્ આ પાંચ કર્મેન્દ્રિયો પણ સ્વીકારવામાં આવેલી છે. જૈન દર્શનમાં કર્મેન્દ્રિયોનું વર્ણન અલગથી ક્યાંય થયેલ નથી. આ કર્મેન્દ્રિયો જૈન દર્શનના પ્રમાણે શરીરના અંગોપાંગોમાં સમાવિષ્ટ છે.

શ્રોત્રથી શબ્દનું, ચક્ષુથી રૂપનું, ઘ્રાણથી ગંધનું, જિહ્વાથી રસનું અને સ્પર્શન ઈંદ્રિયથી સ્પર્શનું જ્ઞાન થાય છે. વર્ણાદિના ભેદોથી પાંચ ઈંદ્રિયોના ૨૩ વિષય અને ૨૪૦ વિકાર મનાય છે.

એ પાંચે પ્રકારની ઈંદ્રિયો દ્રવ્ય અને ભાવના ભેદથી બે-બે પ્રકારની હોય છે. દ્રવ્યેન્દ્રિયના આગમમાં આઠ ભેદ કહ્યા છે.- બે શ્રોત્ર, બે નેત્ર, બે ઘ્રાણ, એક જિહ્વા અને એક સ્પર્શન. ભાવેન્દ્રિયના પાંચ ભેદ છે.- શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, જિહ્વા અને સ્પર્શન. તત્વાર્થસૂત્રમાં દ્રવ્યેન્દ્રિયના નિર્વૃત્તિ અને ઉપકરણ બે ભેદ કર્યા છે તેમજ લબ્ધિ અને ઉપયોગ ભાવેન્દ્રિયના બે ભેદ કહ્યા છે.

દ્રવ્યેન્દ્રિયમાંથી પ્રત્યેક બાહુલ્યની દષ્ટિએ અંગુલના અસંખ્યાતમો ભાગ કહી છે તથા પ્રદેશોની અપેક્ષાએ અનંત પ્રદેશી કહી છે. શ્રોત્રેન્દ્રિય, ચક્ષુઈંદ્રિય અને ઘ્રાણેન્દ્રિય વિશાળતા (પૃથુત્વ) ની દષ્ટિએ અંગુલનો અસંખ્યાતમો ભાગ પ્રમાણ છે પરંતુ જિહ્વેન્દ્રિયની વિશાળતા અંગુલ પૃથકત્વ અને સ્પર્શનેન્દ્રિયની વિશાળતા શરીર પ્રમાણ કહી છે. પાંચે ઈંદ્રિયો અસંખ્યાત પ્રદેશોમાં અવગાઢ રહે છે. આકાર કે સંસ્થાનની દષ્ટિએ શ્રોત્રેન્દ્રિય કદમ્બપુષ્પના આકારવાળી, ચક્ષુઈંદ્રિય મસૂરચન્દ્રના આકારવાળી, ઘ્રાણેન્દ્રિય અતિમુક્તકપુષ્પના આકારવાળી, જિહ્વેન્દ્રિય તાવિયાના આકારવાળી તથા સ્પર્શેન્દ્રિય અનેક પ્રકારના આકારવાળી માનવામાં આવી છે.

પાંચ ઈંદ્રિયોમાં ચક્ષુને છોડીને ચાર ઈંદ્રિયો પ્રાપ્યકારી છે અર્થાત્ તે વિષયોનો સ્પર્શ થવાથી જ તેને જાણે છે. અન્યથા નહીં. જ્યારે ચક્ષુઈંદ્રિય અપ્રાપ્યકારી હોય છે, તે વિષયોથી અસ્પૃષ્ટ રહિત થઈ તેનું જ્ઞાન કરાવે છે. ક્યારેક ઈંદ્રિયોનો વિષય એક દેશથી જાણી શકાય છે તથા ક્યારેક સર્વદેશથી જાણી શકાય છે. આ પ્રમાણે પાંચ ઈંદ્રિયોના વિષય એક દેશ અને સર્વદેશના આધારે દસ પ્રકારના થાય છે. શ્રોત્રેન્દ્રિયાદિ ઈંદ્રિયોનું વિષય ક્ષેત્ર અલગ-અલગ છે.

પાંચ ઈંદ્રિયોના જે વિષય છે તેમાંથી શબ્દ અને રૂપને કામ કહેવાય છે. તથા ગંધ, રસ અને સ્પર્શને ભોગ કહેવાય છે. પાંચે મળીને કામ-ભોગ કહેવાય છે. તે કામભોગ જીવથી સંબદ્ધ હોવાને કારણે જીવ પણ છે અને મૂળથી અજીવ હોવાના કારણે અજીવ પણ છે. આ જ પ્રમાણે તે સચિત્ત પણ છે અને અચિત્ત પણ છે તથા પૌદ્ગલિક હોવાથી તે રૂપી હોય છે. અને જીવોમાં જ હોય છે અજીવોમાં નહિં. આ પુદ્ગલો શુભથી અશુભમાં અને અશુભથી શુભમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરિણમન કાર્યો કર્યા કરે છે. જેમ સુશબ્દ દુ:શબ્દમાં, દુ:શબ્દ સુશબ્દમાં, સુરૂપ દુરૂપમાં, દુરૂપ સુરૂપમાં, સુગંધ દુર્ગંધમાં, દુર્ગંધ સુગંધમાં, સુરસ દુરસમાં, દુરસ સુરસમાં અને આ પ્રમાણે સ્પર્શનું શુભ અને અશુભમાં પરિણમન થયા કરે છે.

જે જીવમાં જેટલી ઇંદ્રિયો પ્રાપ્ત થાય છે તે જીવ તે જ નામથી ઓળખાય છે. જેમ જે જીવમાં એક સ્પર્શેન્દ્રિય પ્રાપ્ત થાય છે તેને એકેન્દ્રિય, જેમાં સ્પર્શ અને રસ એ બે ઇંદ્રિયો પ્રાપ્ત થાય છે તેને બેઇંદ્રિય. જેમાં સ્પર્શ, રસ અને ઘ્રાણ એ ત્રણ ઇંદ્રિયો પ્રાપ્ત થાય છે તેને ત્રેઇંદ્રિય. જેમાં ચક્ષુ સહિત ચાર ઇંદ્રિયો પ્રાપ્ત થાય છે તેને ચઉરેન્દ્રિય અને જેમાં શ્રોત્ર સહિત પાંચેં ઇંદ્રિયો પ્રાપ્ત થાય છે તે જીવને પંચેન્દ્રિય કહેવામાં આવે છે.

ચૌવીસ દંડકોમાં નૈરયિક, દેવ, મનુષ્ય અને પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવોમાં પાંચે ઇંદ્રિયો પ્રાપ્ત થાય છે. માટે તે બધા પંચેન્દ્રિય જીવ છે. તિર્યંચગતિના ચઉરેન્દ્રિય જીવોમાં ચાર, તેઇંદ્રિયમાં ત્રણ અને બેઇંદ્રિયમાં બે ઇંદ્રિયો રહે છે. પૃથ્વીકાય આદિ જે એકેન્દ્રિય જીવ છે તેમાં માત્ર એક સ્પર્શેન્દ્રિય પ્રાપ્ત થાય છે. નૈરયિક અને દેવોમાં સ્પર્શેન્દ્રિય બે પ્રકારની હોય છે- ભવધારણીય (જન્મથી પ્રાપ્ત) અને ઉત્તર વૈક્રિય (વૈક્રિય શરીર જન્ય). નૈરયિકોમાં બન્ને પ્રકારની સ્પર્શેન્દ્રિય હુંડક સંસ્થાનવાળી હોય છે. જ્યારે દેવોમાં ભવધારણીય સ્પર્શેન્દ્રિય સમચતુરસ્રસંસ્થાનવાળી અને ઉત્તરવૈક્રિય સ્પર્શેન્દ્રિય અનેક સંસ્થાનવાળી કહી છે. પંચેન્દ્રિય તિર્યંચયોનિકો અને મનુષ્યોની સ્પર્શેન્દ્રિય છ પ્રકારના સંસ્થાનોવાળી હોય શકે છે. તે સંસ્થાન એ છે - સમચતુરસ્ર, ન્યગ્રોધપરિમંડળ, સાદિ, વામન, કુબ્જક અને હુંડક. એકેન્દ્રિયોની જે સ્પર્શેન્દ્રિય છે તે અલગ અલગ આકારવાળી માની છે. પૃથ્વીકાયિકોની સ્પર્શેન્દ્રિય મસૂરચન્દ્રના સમાન, અપ્કાયિકોની જલ બિન્દુના સમાન, તેજસ્કાયિકોની સૂચીકલાપના સમાન, વાયુકાયિકોની પતાકાના સમાન આકારવાળી તથા વનસ્પતિકાયિકોની અનેક આકારવાળી કહી છે. આ અધ્યયનમાં પ્રત્યેક જીવની ઇંદ્રિયોના સંસ્થાન, બાહુલ્ય, પૃથુત્વ, પ્રદેશ અને અવગાહનાનું સમ્યક્ વર્ણન કરેલ છે.

પાંચ પ્રકારની ઇંદ્રિયોમાં અવગાહનાની અપેક્ષાએ ચક્ષુઇંદ્રિય બધાથી અલ્પ છે. તથા સ્પર્શેન્દ્રિય બધાથી વધારે છે. પ્રદેશોની અપેક્ષાએ પણ ચક્ષુઇંદ્રિય બધાથી અલ્પ તથા સ્પર્શેન્દ્રિય બધાથી વધારે મનાય છે. ચક્ષુથી શ્રોત્ર, શ્રોત્રથી ઘ્રાણ, ઘ્રાણથી જિહ્વા અને જિહ્વાથી સ્પર્શની અવગાહના અને પ્રદેશ ઉત્તરોત્તર વધારે છે.

ઇંદ્રિયોના પાંચ ભેદ જ ઇંદ્રિયલબ્ધિના પાંચ ભેદ હોય છે અને તે જ ઇંદ્રિયોપયોગના પાંચ ભેદ હોય છે. આ પ્રમાણે લબ્ધિ અને ઉપયોગના રૂપમાં વિભક્ત ભાવેન્દ્રિય પણ શ્રોત્રાદિના ભેદથી પાંચ પ્રકારની જ હોય છે. જે જીવમાં જેટલી ઇંદ્રિયો પ્રાપ્ત થાય છે. એમાં એટલીજ ઇંદ્રિયલબ્ધિ અને ઇંદ્રિયોપયોગ પ્રાપ્ત થાય છે. ઉપયોગ કાળની દ્રષ્ટિએ ચક્ષુનો ઉપયોગકાળ બધાથી અલ્પ અને સ્પર્શેન્દ્રિયનો ઉપયોગકાળ બધાથી વધારે છે. ચક્ષુથી શ્રોત્ર, ઘ્રાણ અને જિહ્વાનો ઉપયોગકાળ ઉત્તરોત્તર વધારે છે.

ઇંદ્રિય નિર્વર્તના (રચના) ઇંદ્રિયકરણ અને ઇંદ્રિયોપચયના પણ ઇંદ્રિયોની જેમ શ્રોત્રાદિ પાંચ - પાંચ ભેદ છે. જે જીવમાં જેટલી ઇંદ્રિયો હોય છે. એમાં એટલી જ ઇંદ્રિયનિર્વર્તના, એટલી જ ઇંદ્રિયકરણ અને એટલીજ ઇંદ્રિયોપચય પ્રાપ્ત થાય છે. ઇંદ્રિયનિર્વર્તનાનો કાળ અસંખ્યાત સમય યુક્ત અંતર્મુહૂર્ત મનાય છે. આ કાળમાં યથાયોગ્ય ઇંદ્રિયોનું નિર્માણ થઈ જાય છે.

મતિજ્ઞાન ઇંદ્રિયોની સહાયતાથી થાય છે. મતિજ્ઞાનના અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા એ ચાર ભેદ કરાય છે. અવગ્રહ બે પ્રકારના હોય છે. અર્થાવગ્રહ અને વ્યંજનાવગ્રહ, આમાંથી અર્થાવગ્રહ પાંચે ઇંદ્રિયો અને મનથી થવાના કારણે છ પ્રકારના હોય છે તથા વ્યંજનાવગ્રહ ચક્ષુ અને મનને છોડીને બાકીની ચાર ઇંદ્રિયોથી થવાને કારણે ચાર પ્રકારના હોય છે. જેમકે - શ્રોત્રેન્દ્રિય વ્યંજનાવગ્રહ, ઘ્રાણેન્દ્રિય વ્યંજનાવગ્રહ, જિહ્વેન્દ્રિય વ્યંજનાવગ્રહ અને સ્પર્શેન્દ્રિય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વ્યંજનાવગ્રહ. ઈહા અને અવાયમાં પાંચે ઇંદ્રિયો સહાયક હોવાથી પાંચ પાંચ પ્રકારના કહ્યા છે. મનથી એને સ્વીકાર કરવાથી એના અન્યત્ર છ - છ ભેદ પણ પ્રતિપાદિત છે. જે જીવમાં જે ઇંદ્રિયો ઉપલબ્ધ છે એમાં એની જ ઈન્દ્રિયોના વ્યંજનાવગ્રહ, અર્થાવગ્રહ, ઈહા અને અવાય જ્ઞાન ઉપલબ્ધ થાય છે.

દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિયના આધાર પર પ્રકારાન્તરથી ઇંદ્રિયોના જે બે ભેદ કહ્યા છે એમાંથી કયા જીવમાં કેટલી દ્રવ્યેન્દ્રિય અને કેટલી ભાવેન્દ્રિય પ્રાપ્ત થાય છે એનું ૨૪ દંડકોમાં આ અધ્યયનમાં વિસ્તૃત વર્ણન કરેલ છે. એટલું જ નહીં. અતીત, બદ્ધ અને પુરસ્કૃત (ભાવી) ભેદોના આધારે પણ ૨૪ દંડકોમાં દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિયની ઉપલબ્ધિનું વિસ્તારથી વર્ણન છે, જેમાં ગતિ - આગતિ અને ગણિતનું જ્ઞાન આવશ્યક છે. અહીં વિશેષ એ છે કે એમાં બે શ્રોત્ર, બે ચક્ષુ, બે ઘ્રાણ, એક જિહ્વા અને એક સ્પર્શનની ગણના કરવાથી દ્રવ્યેન્દ્રિયના આઠ ભેદ મનાય છે અને ભાવેન્દ્રિયના તે જ પાંચ ભેદ અનુમત છે જે ઇંદ્રિયોના સામાન્યતઃ શ્રોત્રાદિ પાંચ ભેદ છે.

શ્રોત્રાદિ ઇંદ્રિયોમાં અનન્ત કર્કશ અને ગુરુ ગુણ છે. તથા અનંત મૃદુ અને લઘુગુણ છે. અલ્પબહુત્વની દ્રષ્ટિથી બધાથી ઓછા ચક્ષુરેન્દ્રિયના કર્કશ ગુરુગુણ છે. તેનાથી શ્રોત્ર, ઘ્રાણ, જિહ્વા અને સ્પર્શના કર્કશ ગુરુ ગુણ ઉત્તરોત્તર અનંત અનંતગુણા છે. મૃદુલઘુ ગુણોની અપેક્ષાએ બધાથી અલ્પ સ્પર્શેન્દ્રિયના મુદુલઘુ ગુણ છે અને ઉત્તરોત્તર અનંત અનંતગુણા છે.

એકેન્દ્રિયાદિ જીવોની કાયાસ્થિતિ પર વિચાર કરવાથી જાણી શકાય છે કે એકેન્દ્રિય જીવ એકેન્દ્રિયના રુપમાં જઘન્ય અંતર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટ અનન્તકાળ અર્થાત્ વનસ્પતિકાળ સુધી રહે છે. બેઇંદ્રિય, ત્રેઇંદ્રિય અને ચઉરેન્દ્રિય જીવોની કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સહસ્ત્ર સાગરોપમથી કંઈક અધિક કાળ સુધી છે. એકેન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય સુધીના જીવ અપર્યાપ્ત અવસ્થામાં જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત સુધી રહે છે. પર્યાપ્તા અવસ્થામાં એનો કાળ અલગ-અલગ હોય છે. એકેન્દ્રિય જીવ પર્યાપ્તા અવસ્થામાં જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સંખ્યાત હજાર વર્ષો સુધી રહે છે. બેઇંદ્રિયથી લઈને ચઉરેન્દ્રિય સુધીના પર્યાપ્તા જીવોનો જઘન્યકાળ તો અંતર્મુહૂર્ત જ છે. પરંતુ ઉત્કૃષ્ટકાળ ક્રમશઃ સંખ્યાત વર્ષ, સંખ્યાત રાત-દિવસ અને અસંખ્યાત માસ છે. પંચેન્દ્રિય પર્યાપ્તાનો જઘન્યકાળ અન્તર્મુહૂર્ત જ છે. પરંતુ ઉત્કૃષ્ટકાળ સાગરોપમ શતપૃથકત્વ છે.

અંતરકાળની અપેક્ષાએ એકેન્દ્રિયનો જઘન્ય અંતરકાળ અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અંતરકાળ સંખ્યાતવર્ષ વધારે બે હજાર સાગરોપમ છે. બેઇંદ્રિયથી લઈને પંચેન્દ્રિયનો ઉત્કૃષ્ટ અંતરકાળ વનસ્પતિકાળ (અનન્તકાળ) છે.

અલ્પબહુત્વની અપેક્ષાએ સંસારમાં બધાથી અલ્પ પંચેન્દ્રિય જીવ છે. તેનાથી ચઉરેન્દ્રિય, ત્રેઇંદ્રિય અને બેઇંદ્રિય જીવ ઉત્તરોત્તર વધારે છે. બેઇંદ્રિયથી અનિન્દ્રિય અર્થાત્ સિદ્ધજીવ અનંતગુણા છે. તેનાથી એકેન્દ્રિય જીવ અનંતગુણા છે. આ પ્રમાણે સંસારમાં એકેન્દ્રિય જીવોનું આધિક્ય છે. પર્યાપ્તા અને અપર્યાપ્તા જીવોને ભેળવીને આ અધ્યયનમાં અલ્પ-બહુત્વનું વિશેષ વિચાર કરવામાં આવેલ છે. માટે બધાથી અલ્પ ચઉરેન્દ્રિય પર્યાપ્ત જીવ છે અને બધાથી વધારે એકેન્દ્રિય પર્યાપ્ત જીવ છે. સેન્દ્રિય જીવ તેનાથી વિશેષાધિક છે. ઉર્ધ્વલોક આદિ ક્ષેત્રોની અપેક્ષાએ પણ આ અધ્યયનમાં જીવોના અલ્પબહુત્વનું વર્ણન કરેલ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## १६. इन्दियऽज्झयणं

सूत्र -

१. इंदिय भेय परूवणं-

प. कइ णं भंते ! इंदिया पण्णत्ता ?

उ. गोयमा ! पंच इंदिया पण्णत्ता, तं जहा-

१. सोइंदिए, २. चक्खिंदिए,

३. घाणिंदिए, ४. जिब्भिंदिए,

५. फासिंदिए।[1]

-पण्ण. प. १५, उ. १, सु. ९७३

इंदियाणं बाहल्लं-

प. सोइंदिए णं भंते ! केवइयं बाहल्लेणं पण्णत्ते ?

उ. गोयमा ! अंगुलस्स असंखेज्जइभागं बाहल्लेणं पण्णत्ते,

*एवं -जाव- फासिंदिए।*

- पण्ण. प. १५, उ. १, सु. ९७५

इंदियाणं पोहत्तं-

प. सोइंदिए णं भंते ! केवइयं पोहत्तेणं पण्णत्ते ?

उ. गोयमा ! अंगुलस्स असंखेज्जइभागं पोहत्तेणं पण्णत्ते,

*एवं चक्खिंदिए वि, घाणिंदिए वि,*

प. जिब्भिंदिए णं भंते ! केवइयं पोहत्तेणं पण्णत्ते ?

उ. गोयमा ! अंगुलपुहत्तं पोहत्तेणं पण्णत्ते।

प. फासिंदिए णं भंते ! केवइयं पोहत्तेणं पण्णत्ते ?

उ. गोयमा ! सरीरपमाणमेत्ते पोहत्तेणं पण्णत्ते।

-पण्ण. प. १५, उ. १, सु. ९७६

इंदियाणं पएसा-

प. सोइंदिए णं भंते ! कइपएसिए पण्णत्ते ?

उ. गोयमा ! अणंतपएसिए पण्णत्ते,

*एवं -जाव- फासिंदिए।*

-पण्ण. प. १५, उ. १, सु. ९७७

इंदियाणं पएसोगाढत्तं-

प. सोइंदिए णं भंते ! कइपएसोगाढे पण्णत्ते ?

## ૧૬. ઈન્દ્રિય અધ્યયન

સૂત્ર :

૧. ઈન્દ્રિયોના ભેદોનું પ્રરૂપણ :

પ્ર. ભંતે ! ઈન્દ્રિય કેટલી કહી છે ?

ઉ. ગૌતમ ! પાંચ ઈન્દ્રિય કહી છે, જેમકે-

૧. શ્રોત્રેન્દ્રિય, ૨. ચક્ષુરિન્દ્રિય,

૩. ઘ્રાણેન્દ્રિય, ૪. રસેન્દ્રિય,

૫. સ્પર્શેન્દ્રિય.

ઈન્દ્રિયોની જાડાઈ :

પ્ર. ભંતે ! શ્રોત્રેન્દ્રિયની જાડાઈ કેટલી કહી છે ?

ઉ. ગૌતમ ! અંગુલના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ જાડાઈ કહી છે.

*આ પ્રમાણે સ્પર્શેન્દ્રિય સુધી જાડાઈ જાણવી.*

ઈન્દ્રિયોની વિશાળતા :

પ્ર. ભંતે ! શ્રોત્રેન્દ્રિયની કેટલી વિશાળતા કહી છે ?

ઉ. ગૌતમ ! અંગુલના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ વિશાળતા કહી છે.

*આ પ્રમાણે ચક્ષુરિન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિયના વિષયમાં પણ સમજવું જોઈએ.*

પ્ર. ભંતે ! રસેન્દ્રિયની કેટલી વિશાળતા કહી છે ?

ઉ. ગૌતમ ! રસેન્દ્રિયની અંગુલ પૃથક્ત્વની વિશાળતા કહી છે.

પ્ર. ભંતે ! સ્પર્શેન્દ્રિયની કેટલી વિશાળતા કહી છે ?

ઉ. ગૌતમ ! સ્પર્શેન્દ્રિયની વિશાળતા શરીર પ્રમાણ કહી છે.

ઈન્દ્રિયોના પ્રદેશ :

પ્ર. ભંતે ! શ્રોત્રેન્દ્રિય કેટલા પ્રદેશવાળી છે ?

ઉ. ગૌતમ ! તે અનન્ત પ્રદેશવાળી છે.

*આ પ્રમાણે સ્પર્શેન્દ્રિય સુધીનાં પ્રદેશોનાં સંબંધમાં કહેવું જોઈએ.*

ઈન્દ્રિયોના પ્રદેશાવગાઢત્વ :

પ્ર. ભંતે ! શ્રોત્રેન્દ્રિય કેટલા પ્રદેશોમાં અવગાઢ કરે છે ?

---

१. (क) विया. स. २, उ. ४, सु. १, (ख) विया. स. १६, उ. १, सु. १९ (ग) विया. स. १७, सु. १, सु. १६

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उ. गोयमा ! असंखेज्जपएसोगाढे पण्णत्ते,

***एवं -जाव- फासिंदिए।***

-पण्ण. प. १५, उ. १, सु. ९७८

उ. ગૌતમ ! અસંખ્યાત પ્રદેશોમાં અવગાઢ કરે છે.

***આ પ્રમાણે સ્પર્શેન્દ્રિય સુધી કહેવું જોઈએ.***

**इंदियाणं संठाणं-**

प. सोइंदिए णं भंते ! किं संठिए पण्णत्ते ?

उ. गोयमा ! कलंबुया-पुप्फ-संठाणसंठिए पण्णत्ते,

प. चक्खिंदिए णं भंते ! किं संठिए पण्णत्ते ?

उ. गोयमा ! मसूरचंदसंठाणसंठिए पण्णत्ते।

प. घाणिंदिए णं भंते ! किं संठिए पण्णत्ते ?

उ. गोयमा ! अइमुत्तग-संठाणसंठिए पण्णत्ते।

प. जिब्भिंदिए णं भंते ! किं संठिए पण्णत्ते ?

उ. गोयमा ! खुरप्प-संठाणसंठिए पण्णत्ते।

प. फासिंदिए णं भंते ! किं संठिए पण्णत्ते ?

उ. गोयमा ! णाणासंठाणसंठिए पण्णत्ते।

- पण्ण. प. १५, उ. १, सु. ९७४

**ઈન્દ્રિયોનાં સંસ્થાન :**

પ્ર. ભંતે ! શ્રોત્રેન્દ્રિય કયા આકારની કહી છે ?

ઉ. ગૌતમ ! તે કદંબ પુષ્પના આકારની કહેવાય છે.

પ્ર. ભંતે ! ચક્ષુરિન્દ્રિય કયા આકારની કહી છે ?

ઉ. ગૌતમ ! મસૂરની દાળના આકારની કહેવાય છે.

પ્ર. ભંતે ! ઘ્રાણેન્દ્રિય કયા આકારની કહી છે ?

ઉ. ગૌતમ ! તે અતિમુક્તક પુષ્પનાં આકારની કહેવાય છે.

પ્ર. ભંતે ! રસેન્દ્રિય કયા આકારની કહી છે ?

ઉ. ગૌતમ ! તે અસ્તરાના આકારની કહેવાય છે.

પ્ર. ભંતે ! સ્પર્શેન્દ્રિય કયા આકારની કહી છે ?

ઉ. ગૌતમ ! તે નાના પ્રકારના આકારની કહેવાય છે.

## २. विविहा इंदियत्था-

चत्तारि इंदियत्था पुट्ठा वेदेंति, तं जहा-

१. सोतिंदियत्थे, २. घाणिंदियत्थे,

३. जिब्भिंदियत्थे, ४. फासिंदियत्थे।

-ठाणं. ४, उ. ३, सु. ३३४ (३)

छ इंदियत्था पण्णत्ता, तं जहा-

१. सोतिंदियत्थे **-जाव-** ५. फासिंदियत्थे[1], ६. नोइंदियत्थे।

-ठाणं अ. ६, सु. ४८६

दस इंदियत्थाऽतीता पण्णत्ता, तं जहा-

१. देसेणवि एगे सद्दाइं सुणिंसु।

२. सव्वेणवि एगे सद्दाइं सुणिंसु।

३. देसेणवि एगे रूवाइं पासिंसु।

४. सव्वेणवि एगे रूवाइं पासिंसु।

५. देसेणवि एगे गंधाइं जिंघिंसु।

## २. ઈન્દ્રિયોનાં વિવિધ અર્થ :

ચાર ઈન્દ્રિયોના વિષય ઈન્દ્રિયોથી સ્પર્શિત થઈને સંવેદિત થાય છે, જેમકે -

૧. શ્રોત્રેન્દ્રિય વિષય, ૨. ઘ્રાણેન્દ્રિય વિષય,

૩. રસનેન્દ્રિય વિષય, ૪. સ્પર્શેન્દ્રિય વિષય.

ઈન્દ્રિયોના વિષય છ પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. શ્રોત્રેન્દ્રિયનો અર્થ **-યાવત્-** ૫. સ્પર્શેન્દ્રિયનો અર્થ.

૬. નો-ઈન્દ્રિયનો અર્થ.

ઈન્દ્રિયોનાં અતીતકાલીન વિષય દસ કહ્યા છે, જેમકે -

૧. અનેક જીવોએ શરીરના એક દેશથી પણ શબ્દ સાંભળેલ છે.

૨. અનેક જીવોએ શરીરના સર્વ દેશથી પણ શબ્દ સાંભળેલ છે.

૩. અનેક જીવોએ શરીરના એક દેશથી પણ રૂપ જોયા હતાં.

૪. અનેક જીવોએ શરીરના સર્વ દેશથી પણ રૂપ જોયા હતાં.

૫. અનેક જીવોએ શરીરના એક દેશથી પણ ગંધ સૂંઘેલ હતી.

---

१. ठाणं. अ. ५, उ. ३, सु. ४४३

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

६. सव्वेणवि एगे गंधाइं जिंघिंसु।

૬. અનેક જીવોએ શરીરના સર્વ દેશથી પણ ગંધ સૂંઘેલ હતી.

७. देसेणवि एगे रसाइं आसादेंसु।

૭. અનેક જીવોએ શરીરના એક દેશથી પણ રસ ચાખ્યું.

८. सव्वेणवि एगे रसाइं आसादेंसु।

૮. અનેક જીવોએ શરીરના બધા દેશથી પણ રસ ચાખ્યું.

९. देसेणवि एगे फासाइं पडिसंवेदेंसु।

૯. અનેક જીવોએ શરીરના એક દેશથી પણ સ્પર્શનું વેદન કરેલ.

१०. सव्वेणवि एगे फासाइं पडिसंवेदेंसु।

૧૦. અનેક જીવોએ શરીરના સર્વ દેશથી પણ સ્પર્શનું વેદન કરેલ.

दस इंदियत्था पडुप्पण्णा पण्णत्ता, तं जहा-

ઈન્દ્રિયોનાં વર્તમાનકાલીન વિષય દસ કહ્યા છે, જેમકે-

१. देसेणवि एगे सद्दाइं सुणेंति।

૧. અનેક જીવ શરીરના એક દેશથી પણ શબ્દ સાંભળે છે.

२. सव्वेणवि एगे सद्दाइं सुणेंति।

૨. અનેક જીવ શરીરનાં સર્વ દેશથી પણ શબ્દ સાંભળે છે.

३. देसेणवि एगे रूवाइं पासंति।

૩. અનેક જીવ શરીરના એક દેશથી પણ રૂપ જુવે છે.

४. सव्वेणवि एगे रूवाइं पासंति।

૪. અનેક જીવ શરીરના સર્વ દેશથી પણ રૂપ જુવે છે.

५. देसेणवि एगे गंधाइं जिंघंति।

૫. અનેક જીવ શરીરના એક દેશથી પણ ગંધ સુંઘે છે.

६. सव्वेणवि एगे गंधाइं जिंघंति।

૬. અનેક જીવ શરીરના સર્વ દેશથી પણ ગંધ સુંઘે છે.

७. देसेणवि एगे रसाइं आसादेंति।

૭. અનેક જીવ શરીરના એક દેશથી પણ રસ ચાખે છે.

८. सव्वेणणि एगे रसाइं आसादेंति।

૮. અનેક જીવ શરીરના સર્વ દેશથી પણ રસ ચાખે છે.

९. देसेणवि एगे फासाइं पडिसंवेदेंति।

૯. અનેક જીવ શરીરના એક દેશથી પણ સ્પર્શોનું વેદન કરે છે.

१०. सव्वेणवि एगे फासाइं पडिसंवेदेंति।

૧૦. અનેક જીવ શરીરના સર્વ દેશથી પણ સ્પર્શોનું વેદન કરે છે.

दस इंदियत्था अणागता पण्णत्ता, तं जहा-

ઈન્દ્રિયોનાં ભવિષ્યકાલીન દસ વિષય કહ્યા છે, જેમકે -

१. देसेणवि एगे सद्दाइं सुणिस्संति।

૧. અનેક જીવ શરીરના એક દેશથી પણ શબ્દ સાંભળશે.

२. सव्वेणवि एगे सद्दाइं सुणिस्संति।

૨. અનેક જીવ શરીરના સર્વ દેશથી પણ શબ્દ સાંભળશે.

३. देसेणवि एगे रूवाइं पासिस्संति।

૩. અનેક જીવ શરીરના એક દેશથી પણ રૂપ જોશે.

४. सव्वेणवि एगे रूवाइं पासिस्संति।

૪. અનેક જીવ શરીરના સર્વ દેશથી પણ રૂપ જોશે.

५. देसेणवि एगे गंधाइं जिंघिस्संति।

૫. અનેક જીવ શરીરના એક દેશથી પણ ગંધ સુંઘશે.

६. सव्वेणवि एगे गंधाइं जिंघिस्संति।

૬. અનેક જીવ શરીરના સર્વ દેશથી પણ ગંધ સુંઘશે.

७. देसेणवि एगे रसाइं आसादेस्संति।

૭. અનેક જીવ શરીરના એક દેશથી પણ રસ ચાખશે.

८. सव्वेणवि एगे रसाइं आसादेस्संति।

૮. અનેક જીવ શરીરના સર્વ દેશથી પણ રસ ચાખશે.

९. देसेणवि एगे फासाइं पडिसंवेदेस्संति।

૯. અનેક જીવ શરીરના એક દેશથી પણ સ્પર્શોનું વેદન કરશે.

१०. सव्वेणवि एगे फासाइं पडिसंवेदेस्संति।

૧૦. અનેક જીવ શરીરનાં સર્વ દેશથી પણ સ્પર્શોનું વેદન કરશે.

-ठाणं. अ. १०, सु. ७०६

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

३. इंदियाणं पुट्ठापुट्ठ पविट्ठापविट्ठ य विसय गहणं-

प. पुट्ठाइं भंते ! सद्दाइं सुणेइ, अपुट्ठाइं सद्दाइं सुणेइ ?

उ. गोयमा ! पुट्ठाइं सद्दाइं सुणेइ, नो अपुट्ठाइं सद्दाइं सुणेइ,

प. पुट्ठाइं भंते ! रूवाइं पासइ, अपुट्ठाइं रूवाइं पासइ ?

उ. गोयमा ! नो पुट्ठाइं रूवाइं पासइ, अपुट्ठाइं रूवाइं पासइ,

प. पुट्ठाइं भंते ! गंधाइं अग्घाइ, अपुट्ठाइं गंधाइं अग्घाइ ?

उ. गोयमा ! पुट्ठाइं गंधाइं अग्घाइ, नो अपुट्ठाइं गंधाइं अग्घाइ,

प. पुट्ठाइं भंते ! रसाइं अस्साएइ, अपुट्ठाइं रसाइं अस्साएइ ?

उ. गोयमा ! पुट्ठाइं रसाइं अस्साएइ, नो अपुट्ठाइं रसाइं अस्साएइ,

प. पुट्ठाइं भंते ! फासाइं पडिसंवेदेइ, अपुट्ठाइं फासाइं पडिसंवेदेइ ?

उ. गोयमा ! पुट्ठाइं फासाइं पडिसंवेदेइ, नो अपुट्ठाइं फासाइं पडिसंवेदेइ।

प. पविट्ठाइं भंते ! सद्दाइं सुणेइ, अपविट्ठाइं सद्दाइं सुणेइ ?

उ. गोयमा ! पविट्ठाइं सद्दाइं सुणेइ, नो अपविट्ठाइं सद्दाइं सुणेइ।

***एवं जहा पुट्ठाणि तहा पविट्ठाणि वि।***

-पण्ण. प. १५, उ. १, सु. ९९०-९९१

**गाहाओ**-पुट्ठं सुणेइ सद्दं, रूवं पुण पासइ अपुट्ठं तु।

गंधं रसं च फासं च, बद्धपुट्ठं वियागरे॥

भासा-समसेढीओ, सद्दं जं सुणइ मीसियं सुणइ।

वीसेणी पुण सद्दं, सुणेइ नियमा पराघाए॥

-नंदी सु. ६५, गा. ७५-७६

૩. **ઈન્દ્રિયોનાં સ્પૃષ્ટ- અસ્પૃષ્ટ અને પ્રવિષ્ટ-અપ્રવિષ્ટ વિષયોનું ગ્રહણ :**

પ્ર. ભંતે શ્રોત્રેન્દ્રિય સ્પૃષ્ટ શબ્દોને સાંભળે છે કે અસ્પૃષ્ટ શબ્દોને સાંભળે છે ?

ઉ. ગૌતમ ! તે સ્પૃષ્ટ શબ્દોને સાંભળે છે, અસ્પૃષ્ટ શબ્દોને સાંભળતા નથી.

પ્ર. ભંતે ! ચક્ષુ ઈન્દ્રિય સ્પૃષ્ટ (સ્પર્શ) રૂપોને જુવે છે કે અસ્પૃષ્ટ રૂપોને જુવે છે ?

ઉ. ગૌતમ ! તે સ્પૃષ્ટ રૂપોને જોતી નથી, અસ્પૃષ્ટ રૂપોને જુવે છે.

પ્ર. ભંતે ! ઘ્રાણેન્દ્રિય સ્પૃષ્ટ ગંધોને સૂંઘે છે કે અસ્પૃષ્ટ ગંધોને સૂંઘે છે ?

ઉ. ગૌતમ ! તે સ્પૃષ્ટ ગંધોને સૂંઘે છે, અસ્પૃષ્ટ ગંધોને સૂંઘતા નથી.

પ્ર. ભંતે ! રસેન્દ્રિય સ્પૃષ્ટ રસોને ચાખે છે કે અસ્પૃષ્ટ રસોને ચાખે છે.

ઉ. ગૌતમ ! તે સ્પૃષ્ટ રસોને ચાખે છે, અસ્પૃષ્ટ રસોને ચાખતી નથી.

પ્ર. ભંતે ! સ્પર્શેન્દ્રિય સ્પૃષ્ટ સ્પર્શોનું પ્રતિ સંવેદન કરે છે કે અસ્પૃષ્ટ સ્પર્શોનું પ્રતિસંવેદન કરે છે ?

ઉ. ગૌતમ ! તે સ્પૃષ્ટ સ્પર્શોનું પ્રતિસંવેદન કરે છે, અસ્પૃષ્ટ સ્પર્શોનું પ્રતિસંવેદન કરતાં નથી.

પ્ર. ભંતે ! શ્રોત્રેન્દ્રિય પ્રવિષ્ટ શબ્દોને સાંભળે છે કે અપ્રવિષ્ટ શબ્દોને સાંભળે છે ?

ઉ. ગૌતમ ! તે પ્રવિષ્ટ શબ્દોને સાંભળે છે, અપ્રવિષ્ટ શબ્દોને સાંભળતા નથી.

***જે પ્રમાણે સ્પૃષ્ટના વિષયમાં કહ્યું તેજ પ્રમાણે પ્રવિષ્ટના વિષયમાં પણ કહેવું જોઈએ.***

**ગાથાર્થ :** શબ્દ શ્રોત્રેન્દ્રિયથી સ્પૃષ્ટ થવાથી જ સાંભળી શકે છે, પરંતુ રૂપ નેત્રથી સ્પૃષ્ટ થયા વગરજ જોઈ શકાય છે.

ગંધ, રસ અને સ્પર્શનાં પુદ્‌ગલ ઈન્દ્રિયોથી બદ્ધ અને સ્પૃષ્ટ થવા પર જ જાણી શકાય છે.

સમ શ્રેણીમાં સ્થિત શ્રોતા અન્ય (શબ્દ) પુદ્‌ગલોથી આઘાત પ્રાપ્ત ભાષા પુદ્‌ગલોને સાંભળે છે.

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्

४. **इंदियाणं विसयखेत्तपमाणं-**

प. सोइंदियस्स णं भंते ! केवइए विसए पण्णत्ते ?

उ. गोयमा ! जहण्णेणं अंगुलस्स असंखेज्जइभागाओ, उक्कोसेणं बारसहिं जोयणेहिंतो अच्छिण्णे पोग्गले पुट्ठे पविट्ठाइं सद्दाइं सुणेइ।

प. चक्खिंदियस्स णं भंते ! केवइए विसए पण्णत्ते ?

उ. गोयमा ! जहण्णेणं अंगुलस संखेज्जइभागाओ, उक्कोसेणं साइरेगाओ जोयणसयसहस्साओ अच्छिण्णे पोग्गले अपुट्ठे अपविट्ठाइं रूवाइं पासइ।

प. घाणिंदियस्स णं भंते ! केवइए विसए पण्णत्ते ?

उ. गोयमा ! जहण्णेणं अंगुलस्सअसंखेज्जइभागाओ, उक्कोसेणं णवहिं जोयणेहिंतो अच्छिण्णे पोग्गले पुट्ठे पविट्ठाइं गंधाहिं अग्घाइ।

***एवं जिब्भिंदियस्स वि, फासिंदियस्स वि।***

-पण्ण. प. १५, उ. १, सु. ९९२

५. **छउमत्थ केवलीहिं सद्दसवणसामत्थ परूवणं-**

प. छउमत्थे णं भंते ! मणुस्से आउडिज्जमाणाइं सद्दाइं सुणेइ, तं जहा-

१. संखसद्दाणि वा, २. सिंगसद्दाणि वा,
३. संखियसद्दाणि वा, ४. खरमुहिसद्दाणि वा,
५. पोयासद्दाणि वा, ६. परिपिरियासद्दाणि वा,
७. पणवसद्दाणि वा, ८. पडहसद्दाणि वा,
९. भंभासद्दाणि वा, १०. होरंभसद्दाणि वा,
११. भेरिसद्दाणि वा, १२. झल्लरिसद्दाणि वा,
१३. दुंदभिसद्दाणि वा, १४. तताणि वा,
१५. विततागि वा, १६. घणाणि वा,
१७. झुसिराणि वा ?

उ. हंता, गोयमा ! छउमत्थे णं मणूसे आउडिज्जमाणाइं सद्दाइं सुणेइ, तं जहा-

१. संखसद्दाणि वा **-जाव-** १७. झुसिराणि वा।

प. ताइं भंते ! किं पुट्ठाइं सुणेइ, अपुट्ठाइं सुणेइ ?

उ. गोयमा ! पुट्ठाइं सुणेइ, नो अपुट्ठाइं सुणेइ **-जाव-** णियमा छद्दिसिं सुणेइ।

૪. **ઈન્દ્રિયોનાં વિષય ક્ષેત્રનું પ્રમાણ :**

પ્ર. ભંતે ! શ્રોત્રેન્દ્રિયનાં વિષય કેટલા કહ્યા છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય અંગુળનાં અસંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટ બાર યોજન દૂરથી આવેલ અવિચ્છિન્ન શબ્દ વર્ગણાનાં પુદ્દગલ સ્પૃષ્ટ થવા પર પ્રવિષ્ટ શબ્દોને સાંભળે છે.

પ્ર. ભંતે ! ચક્ષુરિન્દ્રિયનાં વિષય કેટલા કહ્યા છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય અંગુળનો સંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટ એક લાખ યોજન દૂરના અવિચ્છિન્ન પુદ્દગલોના અસ્પૃષ્ટ અને અપ્રવિષ્ટ રૂપોને જુવે છે.

પ્ર. ભંતે ! ઘ્રાણેન્દ્રિયનાં વિષય કેટલા કહ્યા છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય અંગુળના અસંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટ નવ યોજન દૂરથી આવેલ અવિચ્છિન્ન પુદ્દગલના સ્પૃષ્ટ થવા પર પ્રવિષ્ટ ગંધોને સૂંઘી લે છે.

***આ પ્રમાણે રસેન્દ્રિયનું અને સ્પર્શેન્દ્રિયનું પણ વર્ણન કરવું જોઈએ.***

૫. **છદ્મસ્થ અને કેવળી દ્વારા શબ્દ શ્રવણનાં સામર્થ્યનું પ્રરૂપણ :**

જૈનસાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

પ્ર. ભંતે ! છદમસ્થ મનુષ્ય શું વાગતાં થતાં વાદ્યોના શબ્દોને સાંભળે છે, જેમકે -

૧. શંખનાં શબ્દ, ૨. શ્રૃંગીનાં શબ્દ,
૩. શંખનીનાં શબ્દ, ૪. કાહલાનાં શબ્દ,
૫. વાદ્યનાં શબ્દ, ૬. પરિપીરિકાનાં શબ્દ,
૭. ઢોલના શબ્દ, ૮. ઢોલકીનાં શબ્દ,
૯. ઢક્કાનાં શબ્દ, ૧૦. હોરંભના શબ્દ,
૧૧. નગારાનાં શબ્દ, ૧૨. ઝાલરના શબ્દ,
૧૩. દુંદુભિના શબ્દ, ૧૪. વીણા આદિના શબ્દ,
૧૫. તબલાના શબ્દ, ૧૬. ધનના શબ્દ,
૧૭. બાંસુરીનાં શબ્દ સાંભળે છે ?

ઉ. હા, ગૌતમ ! છદમસ્થ મનુષ્ય વાગતાં શબ્દોને સાંભળે છે, જેમકે -

૧. શંખ **-યાવત્-** ૧૭. બાંસુરી આદિ વાદ્યનાં શબ્દ.

પ્ર. ભંતે ! શું તે (છદમસ્થ) પૂર્વોક્ત (વાદ્યોના) શબ્દોને સ્પૃષ્ટ થવા પર સાંભળે છે કે અસ્પૃષ્ટ થવા પર સાંભળે છે ?

ઉ. ગૌતમ ! છદમસ્થ મનુષ્ય (તે વાદ્યોને) સ્પૃષ્ટ થયેલ શબ્દોને સાંભળે છે, અસ્પૃષ્ટ શબ્દોને સાંભળતા નથી. નિયમથી છ દિશાઓથી આવેલ સ્પૃષ્ટ શબ્દોને સાંભળે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. छउमत्थे णं भंते ! मणुस्से किं आरगयाइं सद्दाइं सुणेइ ? पारगयाइं सद्दाइं सुणेइ ?

પ્ર. ભંતે ! શું છદ્મસ્થ મનુષ્ય ઈન્દ્રિય ગોચર થયેલ શબ્દોને સાંભળે છે કે પાર પામેલ શબ્દોને સાંભળે છે ?

उ. गोयमा ! आरगयाइं सद्दाइं सुणेइ, नो पारगयाइं सद्दाइं सुणेइ।

ઉ. ગૌતમ ! (છદ્મસ્થ મનુષ્ય) ઈન્દ્રિય ગોચર થયેલ શબ્દોને સાંભળે છે, પરંતુ પાર પામેલ શબ્દોને સાંભળતાં નથી.

प. जहा णं भंते ! छउमत्थ मणुस्से आरगयाइं सद्दाइं सुणेइ, नो पारगयाइं सद्दाइं सुणेइ ? तहा णं भंते ! केवली किं आरगयाइं सद्दाइं सुणेइ, नो पारगयाइं सद्दाइं सुणेइ ?

પ્ર. ભંતે ! જેમ છદ્મસ્થ મનુષ્ય ઈન્દ્રિય ગોચર શબ્દોને સાંભળે છે પરંતુ પાર પામેલ શબ્દોને સાંભળતા નથી. તો ભંતે ! શું તે કેવળજ્ઞાની તેવીજ રીતે ઈન્દ્રિય ગોચર શબ્દોને સાંભળે છે પારપામેલ શબ્દોને સાંભળતા નથી ?

उ. गोयमा ! केवली णं आरगयं वा पारगयं वा सव्वदूरमूलमणंतियं सद्दं जाणइ पासइ।

ઉ. હા, ગૌતમ ! કેવળી મનુષ્ય ઈન્દ્રિય ગોચર, પાર પામેલ કે બધા પ્રકારનાં દૂરવર્તી, નિકટવર્તી અનન્ત શબ્દોને જાણે જુવે છે.

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

'केवली णं आरगयं वा पारगयं वा सव्वदूरमूलमणंतियं सद्दं जाणइ पासइ ?

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે-

"કેવળી મનુષ્ય ઈન્દ્રિય ગોચર, પાર પામેલ કે બધા પ્રકારનાં દૂરવર્તી, નિકટવર્તી અનન્ત શબ્દોને જાણે દેખે છે ?

उ. गोयमा ! केवली णं पुरत्थिमेणं मियं पि जाणइ, अमियं पि जाणइ, ***एवं दाहिणेणं, पच्चत्थिमेणं, उत्तरेणं, उड्ढं, अहे मियं पि जाणइ अमियं पि जाणइ।***

ઉ. ગૌતમ ! કેવળી પૂર્વ દિશાની મિત વસ્તુને પણ જાણે છે અને અમિત વસ્તુને પણ જાણે છે. ***આ પ્રમાણે દક્ષિણ દિશા, પશ્ચિમ દિશા, ઉત્તર દિશા ઉર્ધ્વદિશા અને અધોદિશાની મિત (પરિમિત) વસ્તુને પણ જાણે દેખે છે તથા અમિત (અપરિમિત) વસ્તુને પણ જાણે દેખે છે.***

सव्वं जाणइ केवली, सव्वं पासइ केवली, सव्वओ जाणइ पासइ, सव्वकालं जाणइ पासइ, सव्वभावे जाणइ केवली, सव्वभावे पासइ केवली, अणंते नाणे केवलिस्स, अणंते दंसणे केवलिस्स, निव्वुडे नाणे केवलिस्स, निव्वुडे दंसणे केवलिस्स।

કેવળજ્ઞાની બધુ જાણે છે અને બધુ જુવે છે. કેવળી સર્વતઃ જાણે દેખે છે, કેવળી સર્વકાળને જાણે દેખે છે. કેવળી સર્વ ભાવો (પદાર્થો)ને જાણે દેખે છે. કેવળીનાં અનન્તજ્ઞાન અને અનન્ત દર્શન હોય છે. કેવળજ્ઞાનીનાં જ્ઞાન અને દર્શન (બધા પ્રકારનાં આવરણોથી રહિત હોય છે.)

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

'केवली णं आरगयं वा पारगयं वा सव्वदूरमूलमणंतियं सद्दं जाणइ पासइ।'

-विया. स. ५, उ. ४, सु. १-४

માટે હે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"કેવળી મનુષ્ય આરગત અને પારગત શબ્દોને બધા પ્રકારનાં દૂરવર્તી અને નિકટવર્તી શબ્દોને જાણે દેખે છે."

## ६. इंदियाणं विसयाणं काम-भोगत्तं च परूवणं-

प. रूवी भंते ! कामा ? अरूवी कामा ?

उ. गोयमा ! रूवी कामा समणाउसो ! नो अरूवी कामा।

## ૬. ઈન્દ્રિય-વિષયોનાં કામ અને ભોગિત્વનું પ્રરૂપણ :

પ્ર. ભંતે ! કામ રૂપી છે કે અરૂપી છે ?

ઉ. હે આયુષ્મન્ શ્રમણ ગૌતમ ! કામ રૂપી છે. અરૂપી નથી.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. सचित्ता भंते ! कामा ? अचित्ता कामा ?

उ. गोयमा ! सचित्ता वि कामा, अचित्ता वि कामा।

प. जीवा भंते ! कामा ? अजीवा कामा ?

उ. गोयमा ! जीवा वि कामा, अजीवा वि कामा।

प. जीवाणं भंते ! कामा ? अजीवाणं कामा ?

उ. गोयमा ! जीवाणं कामा, नो अजीवाणं कामा।

प. कइविहा णं भंते ! कामा पण्णत्ता ?

उ. गोयमा ! दुविहा कामा पण्णत्ता, तं जहा-

१. सद्दा य, २. रूवा य।

प. रूवी भंते ! भोगा ? अरूवी भोगा ?

उ. गोयमा ! रूवी भोगा, नो अरूवी भोगा।

प. सचित्ता भंते ! भोगा ? अचित्ता भोगा ?

उ. गोयमा ! सचित्ता वि भोगा, अचित्ता वि भोगा।

प. जीवा भंते ! भोगा ? अजीवा भोगा ?

उ. गोयमा ! जीवा वि भोगा, अजीवा वि भोगा।

प. जीवाणं भंते ! भोगा ? अजीवाणं भोगा ?

उ. गोयमा ! जीवाणं भोगा, नो अजीवाणं भोगा।

प. कइविहा णं भंते ! भोगा पण्णत्ता ?

उ. गोयमा ! तिविहा भोगा पण्णत्ता, तं जहा-

પ્ર. ભંતે ! નાગકુમાર કેટલા કાળમાં ઉચ્છ્વાસ **-યાવત્-** નિઃશ્વાસ લે છે ?

उ. गोयमा ! जहण्णेणं सत्तण्हं थोवाणं आणमंति वा **-जाव-** नीससंति वा,

उक्कोसेणं मुहुत्तपुहुत्तस्स आणमंति वा **-जाव-** नीससंति वा।

ઉ. ગૌતમ ! તે જઘન્ય સાત સ્તોકમાં ઉચ્છ્વાસ **-યાવત્-** નિઃશ્વાસ લે છે.

ઉત્કૃષ્ટ મુહૂર્તપૃથુક્ત્વમાં ઉચ્છ્વાસ **-યાવત્-** નિઃશ્વાસ લે છે.

૧. આહાર અધ્યયન (પણ્ણ. પ. ૨૮) માં જુઓ.
२. विया. श. १, उ. १, सु. ६ (१)
३. विया. श. १, उ. १, सु. ६ (२)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

***एवं -जाव- थणियकुमाराणं।***[1]

**આ પ્રમાણે સ્તનિતકુમારો સુધી શ્વાસોચ્છ્વાસના માટે જાણી લેવું જોઈએ.**

प. **दं. १२.** पुढविकाइया णं भंते ! केवइकालस्स आणमंति वा **-जाव-** नीससंति वा ?

उ. गोयमा ! वेमाइयाए आणमंति वा **-जाव-** नीससंति वा।[2]

પ્ર. **દં.૧૨.** ભંતે ! પૃથ્વીકાયિક જીવ કેટલા કાળમાં ઉચ્છ્વાસ **-યાવત્-** નિઃશ્વાસ લે છે ?

ઉ. ગૌતમ ! વિમાત્રાથી ઉચ્છ્વાસ **-યાવત્-** નિઃશ્વાસ લે છે.

***दं. १३-२१. एवं -जाव- मणूसा।***[3]

**દં.૧૩-૨૧. આ પ્રમાણે મનુષ્યો સુધી શ્વાસોચ્છ્વાસના માટે જાણી લેવું જોઈએ.**

***दं. २२. वाणमंतरा जहा णागकुमारा।***[4]

**દં.૨૨. વાણવ્યંતર દેવ નાગકુમારોના સમાન ઉચ્છ્વાસ -યાવત્- નિઃશ્વાસ લે છે.**

प. **दं. २३.** जोइसिया णं भंते ! केवइकालस्स आणमंति वा **-जाव-** नीससंति वा ?

उ. गोयमा ! जहण्णेणं मुहुत्तपुहुत्तस्स आणमंति वा **-जाव-** नीससंति वा,

उक्कोसेण वि मुहुत्तपुहुत्तस्स[5] आणमंति वा **-जाव-** नीससंति वा।

પ્ર. **દં.૨૩.** ભંતે ! જ્યોતિષ્ક દેવ કેટલા કાળમાં ઉચ્છ્વાસ **-યાવત્-** નિઃશ્વાસ લે છે ?

ઉ. ગૌતમ ! તે જઘન્ય મુહૂર્તપૃથુક્ત્વમાં ઉચ્છ્વાસ **-યાવત્-** નિઃશ્વાસ લે છે.

ઉત્કૃષ્ટ પણ મુહૂર્તપૃથુક્ત્વમાં ઉચ્છ્વાસ **-યાવત્-** નિઃશ્વાસ લે છે.

प. **दं. २४.** वेमाणिया णं भंते ! केवइकालस्स आणमंति वा **-जाव-** नीससंति वा ?

उ. गोयमा ! जहण्णेणं मुहुत्तपुहुत्तस्स आणमंति वा **-जाव-** नीससंति वा,

उक्कोसेणं तेत्तीसाए पक्खाणं आणमंति वा **-जाव-** नीससंति वा।

પ્ર. **દં.૨૪.** ભંતે ! વૈમાનિક દેવ કેટલા કાળમાં ઉચ્છ્વાસ **-યાવત્-** નિઃશ્વાસ લે છે ?

ઉ. ગૌતમ ! તે જઘન્ય અનેક મુહૂર્તોમાં ઉચ્છ્વાસ **-યાવત્-** નિઃશ્વાસ લે છે,

ઉત્કૃષ્ટ તેત્રીસ પક્ષમાં ઉચ્છ્વાસ **-યાવત્-** નિઃશ્વાસ લે છે.

प. **१.** सोहम्मगदेवा णं भंते ! केवइकालस्स आणमंति वा **-जाव-** नीससंति वा ?

उ. गोयमा ! जहण्णेणं मुहुत्तपुहुत्तस्स आणमंति वा **-जाव-** नीससंति वा,

उक्कोसेणं दोण्हं पक्खाणं आणमंति वा **-जाव-** नीससंति वा ।

પ્ર. **૧.** ભંતે ! સૌધર્મ કલ્પનાં દેવ કેટલા કાળ પછી ઉચ્છ્વાસ **-યાવત્-** નિઃશ્વાસ લે છે ?

ઉ. ગૌતમ ! તે જઘન્ય મુહૂર્તપૃથુક્ત્વમાં ઉચ્છ્વાસ **-યાવત્-** નિઃશ્વાસ લે છે,

ઉત્કૃષ્ટ બે પક્ષોમાં ઉચ્છ્વાસ **-યાવત્-** નિઃશ્વાસ લે છે.

प. **२.** ईसाणगदेवा णं भंते ! केवइकालस्स आणमंति वा **-जाव-** नीससंति वा ?

उ. गोयमा ! जहण्णेणं साइरेगस्स मुहुत्तपुहुत्तस्स आणमंति वा **-जाव-** नीससंति वा,

उक्कोसेणं साइरेगाणं दोण्हं पक्खाणं आणमंति वा **-जाव-** नीससंति वा।

પ્ર. **૨.** ભંતે ! ઈશાન કલ્પના દેવ કેટલા કાળમાં ઉચ્છ્વાસ **-યાવત્-** નિઃશ્વાસ લે છે ?

ઉ. ગૌતમ ! તે જઘન્ય કંઈક અધિક મુહૂર્તપૃથુક્ત્વમાં ઉચ્છ્વાસ **-યાવત્-** નિઃશ્વાસ લે છે,

ઉત્કૃષ્ટ કંઈક અધિક બે પક્ષોમાં ઉચ્છ્વાસ **-યાવત્-** નિઃશ્વાસ લે છે.

---

१. विया. स. १, उ. १, सु. ६ (३)
२. (क) विया. स. १, उ. १, सु. ६ (१२)
(ख) विया. स. १, उ. १, सु. ६ (१३-१६)
(ग) विया. स. १, उ. १, सु. ६ (१७-२०)
३. विया. स. १, उ. १, सु. ६ (२१)
४. विया. स. १, उ. १, सु. ६ (२२)
५. विया. स. १, उ. १, सु. ६ (२३)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. ३. सणंकुमारदेवा णं भंते ! केवइकालस्स आणमंति वा -**जाव**- नीससंति वा ?

उ. गोयमा ! जहण्णेणं दोण्हं पक्खाणं आणमंति वा -**जाव**- नीससंति वा ?

उक्कोसेणं सत्तण्हं पक्खाणं आणमंति वा -**जाव**- नीससंति वा।[1]

प. ४. माहिंदग देवा णं भंते ! केवइकालस्स आणमंति वा -**जाव**- नीससंति वा ?

उ. गोयमा ! जहण्णेणं साइरेगाणं दोण्हं पक्खाणं आणमंति वा -**जाव**- नीससंति वा,

उक्कोसेणं साइरेगाणं सत्तण्हं पक्खाणं आणमंति वा -**जाव**- नीससंति वा।

प. ५. बंभलोगदेवा णं भंते ! केवइकालस्स आणमंति वा -**जाव**- नीससंति वा ?

उ. गोयमा ! जहण्णेणं सत्तण्हं पक्खाणं आणमंति वा -**जाव**- नीससंति वा,

उक्कोसेणं दसण्हं पक्खाणं आणमंति वा -**जाव**- नीससंति वा।

प. ६. लंतगदेवा णं भंते ! केवइकालस्स आणमंति वा -**जाव**- नीससंति वा ?

उ. गोयमा ! जहण्णेणं दसण्हं पक्खाणं आणमंति वा -**जाव**- नीससंति वा,

उक्कोसेणं चोद्दसण्हं पक्खाणं आणमंति वा -**जाव**- नीससंति वा।

प. ७. महासुक्कदेवा णं भंते ! केवइकालस्स आणमंति वा -**जाव**- नीससंति वा ?

उ. गोयमा ! जहण्णेणं चोद्दसण्हं पक्खाणं आणमंति वा -**जाव**- नीससंति वा,

उक्कोसेणं सत्तरसण्हं पक्खाणं आणमंति वा -**जाव**- नीससंति वा।

प. ८. सहस्सारगदेवा णं भंते ! केवइकालस्स आणमंति वा -**जाव**- नीससंति वा ?

उ. गोयमा ! जहण्णेणं सत्तरसण्हं पक्खाणं आणमंति वा -**जाव**- नीससंति वा,

उक्कोसेणं अट्ठारसण्हं पक्खाणं आणमंति वा -**जाव**- नीससंति वा।

પ્ર. **૩.** ભંતે ! સનત્કુમાર દેવ કેટલા કાળમાં ઉચ્છ્વાસ -**યાવત્**- નિઃશ્વાસ લે છે ?

ઉ. ગૌતમ ! તે જઘન્ય બે પક્ષોમાં ઉચ્છ્વાસ -**યાવત્**- નિઃશ્વાસ લે છે.

ઉત્કૃષ્ટ સાત પક્ષોમાં ઉચ્છ્વાસ -**યાવત્**- નિઃશ્વાસ લે છે.

પ્ર. **૪.** ભંતે ! માહેન્દ્ર કલ્પના દેવ કેટલા કાળમાં ઉચ્છ્વાસ -**યાવત્**- નિઃશ્વાસ લે છે ?

ઉ. ગૌતમ ! તે જઘન્ય કંઈક અધિક બે પક્ષોમાં ઉચ્છ્વાસ -**યાવત્**- નિઃશ્વાસ લે છે.

ઉત્કૃષ્ટ કંઈક અધિક સાત પક્ષોમાં ઉચ્છ્વાસ -**યાવત્**- નિઃશ્વાસ લે છે.

પ્ર. **૫.** ભંતે ! બ્રહ્મલોકકલ્પના દેવ કેટલા કાળમાં ઉચ્છ્વાસ -**યાવત્**- નિઃશ્વાસ લે છે ?

ઉ. ગૌતમ ! તે જઘન્ય સાત પક્ષોમાં ઉચ્છ્વાસ -**યાવત્**- નિઃશ્વાસ લે છે.

ઉત્કૃષ્ટ દસ પક્ષોમાં ઉચ્છ્વાસ -**યાવત્**- નિઃશ્વાસ લે છે.

પ્ર. **૬.** ભંતે ! લાંતક કલ્પના દેવ કેટલા કાળમાં ઉચ્છ્વાસ -**યાવત્**- નિઃશ્વાસ લે છે ?

ઉ. ગૌતમ ! તે જઘન્ય દસ પક્ષોમાં ઉચ્છ્વાસ -**યાવત્**- નિઃશ્વાસ લે છે.

ઉત્કૃષ્ટ ચૌદ પક્ષોમાં ઉચ્છ્વાસ -**યાવત્**- નિઃશ્વાસ લે છે.

પ્ર. **૭.** ભંતે ! મહાશુક્ર કલ્પના દેવ કેટલા કાળમાં ઉચ્છ્વાસ -**યાવત્**- નિઃશ્વાસ લે છે ?

ઉ. ગૌતમ ! તે જઘન્ય ચૌદ પક્ષોમાં ઉચ્છ્વાસ -**યાવત્**- નિઃશ્વાસ લે છે.

ઉત્કૃષ્ટ સત્તર પક્ષોમાં ઉચ્છ્વાસ -**યાવત્**- નિઃશ્વાસ લે છે.

પ્ર. **૮.** ભંતે ! સહસ્ત્રારકલ્પના દેવ કેટલા કાળમાં ઉચ્છ્વાસ -**યાવત્**- નિઃશ્વાસ લે છે ?

ઉ. ગૌતમ ! તે જઘન્ય સત્તર પક્ષોમાં ઉચ્છ્વાસ -**યાવત્**- નિઃશ્વાસ લે છે,

ઉત્કૃષ્ટ અઢાર પક્ષોમાં ઉચ્છ્વાસ -**યાવત્**- નિઃશ્વાસ લે છે.

---

१. विया. स. १, उ. १, सु. ६ (२४)

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. ९. आणयदेवा णं भंते ! केवइकालस्स आणमंति वा -**जाव**- नीससंति वा ?

उ. गोयमा ! जहण्णेणं अट्ठारसण्हं पक्खाणं आणमंति वा -**जाव**- नीससंति वा,

उक्कोसेणं एगूणवीसाए पक्खाणं आणमंति वा -**जाव**- नीससंति वा !

प. १०. पाणयदेवा णं भंते ! केवइकालस्स आणमंति वा -**जाव**- नीससंति वा ?

उ. गोयमा ! जहण्णेणं एगूणवीसाए पक्खाणं आणमंति वा -**जाव**- नीससंति वा।

उक्कोसेणं वीसाए पक्खाणं आणमंति वा -**जाव**- नीससंति वा।

प. ११. आरणदेवा णं भंते ! केवइकालस्स आणमंति वा -**जाव**- नीससंति वा ?

उ. गोयमा ! जहण्णेणं वीसाए पक्खाणं आणमंति वा -**जाव**- नीससंति वा,

उक्कोसेणं एगवीसाए पक्खाणं आणमंति वा -**जाव**- नीससंति वा।

प. १२. अच्चुयदेवा णं भंते ! केवइकालस्स आणमंति वा -**जाव**- नीससंति वा ?

उ. गोयमा ! जहण्णेणं एक्कवीसाए पक्खाणं आणमंति वा -**जाव**- नीससंति वा,

उक्कोसेणं बावीसाए पक्खाणं आणमंति वा -**जाव**- नीससंति वा।

प. १. हेट्ठिम-हेट्ठिमगेविज्जगदेवा णं भंते ! केवइकालस्स आणमंति वा -**जाव**- नीससंति वा ?

उ. गोयमा ! जहण्णेणं बावीसाए पक्खाणं आणमंति वा -**जाव**- नीससंति वा,

उक्कोसेणं तेवीसाए पक्खाणं आणमंति वा -**जाव**- नीससंति वा।[1]

प. २. हेट्ठिम-मज्झिमगेवेज्जगदेवा णं भंते ! केवइकालस्स आणमंति वा -**जाव**- नीससंति वा ?

उ. गोयमा ! जहण्णेणं तेवीसाए पक्खाणं आणमंति वा -**जाव**- नीससंति वा,

પ્ર. ૯. ભંતે ! આનતકલ્પના દેવ કેટલા કાળમાં ઉચ્છ્વાસ -**યાવત્**- નિઃશ્વાસ લે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય અઢાર પક્ષોમાં ઉચ્છ્વાસ -**યાવત્**- નિઃશ્વાસ લે છે.

ઉત્કૃષ્ટ ઓગણીસ પક્ષોમાં ઉચ્છ્વાસ -**યાવત્**- નિઃશ્વાસ લે છે.

પ્ર ૧૦. ભંતે ! પ્રાણતકલ્પના દેવ કેટલા કાળમાં ઉચ્છ્વાસ -**યાવત્**- નિઃશ્વાસ લે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય ઓગણીસ પક્ષોમાં ઉચ્છ્વાસ -**યાવત્**- નિઃશ્વાસ લે છે.

ઉત્કૃષ્ટ વીસ પક્ષોમાં ઉચ્છ્વાસ -**યાવત્**- નિઃશ્વાસ લે છે.

પ્ર. ૧૧. ભંતે આરણકલ્પના દેવ કેટલા કાળમાં ઉચ્છ્વાસ -**યાવત્**- નિઃશ્વાસ લે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય વીસ પક્ષોમાં ઉચ્છ્વાસ -**યાવત્**- નિઃશ્વાસ લે છે.

ઉત્કૃષ્ટ એકવીસ પક્ષોમાં ઉચ્છ્વાસ -**યાવત્**- નિઃશ્વાસ લે છે.

પ્ર. ૧૨. ભંતે ! અચ્યુતકલ્પના દેવ કેટલા કાળમાં ઉચ્છ્વાસ -**યાવત્**- નિઃશ્વાસ લે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય એકવીસ પક્ષોમાં ઉચ્છ્વાસ -**યાવત્**- નિઃશ્વાસ લે છે.

ઉત્કૃષ્ટ બાવીસ પક્ષોમાં ઉચ્છ્વાસ -**યાવત્**- નિઃશ્વાસ લે છે.

પ્ર. ૧. ભંતે ! અધસ્તન-અધસ્તન ગ્રૈવેયક દેવ કેટલા કાળમાં ઉચ્છ્વાસ -**યાવત્**- નિઃશ્વાસ લે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય બાવીસ પક્ષોમાં ઉચ્છ્વાસ -**યાવત્**- નિઃશ્વાસ લે છે.

ઉત્કૃષ્ટ ત્રેવીસ પક્ષોમાં ઉચ્છ્વાસ -**યાવત્**- નિઃશ્વાસ લે છે.

પ્ર. ૨. ભંતે ! અધસ્તન-મધ્યમ ગ્રૈવેયક દેવ કેટલા કાળમાં ઉચ્છ્વાસ -**યાવત્**- નિઃશ્વાસ લે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય ત્રેવીસ પક્ષોમાં ઉચ્છ્વાસ -**યાવત્**- નિઃશ્વાસ લે છે,

१. सम. सम. २३, सु. ९

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

उक्कोसेणं चउवीसाए पक्खाणं आणमंति वा -**जाव**- नीससंति वा ।[1]

प. **३.** हेट्ठिम-उवरिमगेवेज्जगा णं भंते ! केवइकालस्स आणमंति वा **-जाव-** नीससंति वा ?

उ. गोयमा ! जहण्णेणं चउवीसाए पक्खाणं आणमंति वा **-जाव-** नीससंति वा,

उक्कोसेणं पणुवीसाए पक्खाणं आणमंति वा **-जाव-** नीससंति वा ।[2]

प. **४.** मज्झिम-हेट्ठिमगेवेज्जगा णं भंते ! केवइकालस्स आणमंति वा **-जाव-** नीससंति वा ?

उ. गोयमा ! जहण्णेणं पणुवीसाए पक्खाणं आणमंति वा **-जाव-** नीससंति वा,

उक्कोसेणं छव्वीसाए पक्खाणं आणमंति वा **-जाव-** नीससंति वा ।[3]

प. **५.** मज्झिम-मज्झिमगेवेज्ज देवा णं भंते ! केवइकालस्स आणमंति वा **-जाव-** नीससंति वा ?

उ. गोयमा ! जहण्णेणं छव्वीसाए पक्खाणं आणमंति वा **-जाव-** नीससंति वा,

उक्कोसेणं सत्तावीसाए पक्खाणं आणमंति वा **-जाव-** नीससंति वा ।[4]

प. **६.** मज्झिम-उवरिमगेवेज्जगा णं भंते ! देवा णं केवइकालस्स आणमंति वा **-जाव-** नीससंति वा ?

उ. गोयमा ! जहण्णेणं सत्तावीसाए पक्खाणं आणमंति वा **-जाव-** नीससंति वा,

उक्कोसेणं अट्ठावीसाए पक्खाणं आणमंति वा **-जाव-** नीससंति वा ।[5]

प. **७.** उवरिम-हेट्ठिमगेवेज्जगा णं भंते ! देवा णं केवइकालस्स आणमंति वा **-जाव-** नीससंति वा ?

उ. गोयमा ! जहण्णेणं अट्ठावीसाए पक्खाणं आणमंति वा **-जाव-** नीससंति वा,

उक्कोसेणं एगूणतीसाए पक्खाणं आणमंति वा **-जाव-** नीससंति वा ।[6]

प. **८.** उवरिम-मज्झिमगेवेज्जगा णं भंते ! देवा णं केवइकालस्स आणमंति वा **-जाव-** नीससंति वा ?

ઉત્કૃષ્ટ ચોવીસ પક્ષોમાં ઉચ્છ્વાસ **-યાવત્-** નિઃશ્વાસ લે છે.

પ્ર. **૩.** ભંતે ! અધસ્તન- ઉપરિતન ગ્રૈવેયક દેવ કેટલા કાળમાં ઉચ્છ્વાસ **-યાવત્-** નિઃશ્વાસ લે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય ચોવીસ પક્ષોમાં ઉચ્છ્વાસ **-યાવત્-** નિઃશ્વાસ લે છે.

ઉત્કૃષ્ટ પચ્ચીસ પક્ષોમાં ઉચ્છ્વાસ **-યાવત્-** નિઃશ્વાસ લે છે.

પ્ર. **૪.** ભંતે ! મધ્યમ-અધસ્તન ગ્રૈવેયક દેવ કેટલા કાળમાં ઉચ્છ્વાસ **-યાવત્-** નિઃશ્વાસ લે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય પચ્ચીસ પક્ષોમાં ઉચ્છ્વાસ **-યાવત્-** નિઃશ્વાસ લે છે,

ઉત્કૃષ્ટ છવ્વીસ પક્ષોમાં ઉચ્છ્વાસ **-યાવત્-** નિઃશ્વાસ લે છે.

પ્ર. **૫.** ભંતે ! મધ્યમ-મધ્યમ ગ્રૈવેયક દેવ કેટલા કાળમાં ઉચ્છ્વાસ **-યાવત્-** નિઃશ્વાસ લે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય છવ્વીસ પક્ષોમાં ઉચ્છ્વાસ **-યાવત્-** નિઃશ્વાસ લે છે,

ઉત્કૃષ્ટ સત્યાવીસ પક્ષોમાં ઉચ્છ્વાસ **-યાવત્-** નિઃશ્વાસ લે છે.

પ્ર. **૬.** ભંતે ! મધ્યમ-ઉપરિતન ગ્રૈવેયક દેવ કેટલા કાળમાં ઉચ્છ્વાસ **-યાવત્-** નિઃશ્વાસ લે છે?

ઉ. ગૌતમ ! જઘન્ય સત્યાવીસ પક્ષોમાં ઉચ્છ્વાસ **-યાવત્-** નિઃશ્વાસ લે છે,

ઉત્કૃષ્ટ અઠ્યાવીસ પક્ષોમાં ઉચ્છ્વાસ **-યાવત્-** નિઃશ્વાસ લે છે.

પ્ર. **૭.** ભંતે ! ઉપરિતન- અધસ્તન ગ્રૈવેયક દેવ કેટલા કાળમાં ઉચ્છ્વાસ **-યાવત્-** નિઃશ્વાસ લે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય અઠ્યાવીસ પક્ષોમાં ઉચ્છ્વાસ **-યાવત્-** નિઃશ્વાસ લે છે,

ઉત્કૃષ્ટ ઓગણત્રીસ પક્ષોમાં ઉચ્છ્વાસ **-યાવત્-** નિઃશ્વાસ લે છે.

પ્ર. **૮.** ભંતે ! ઉપરિતન- મધ્યમ ગ્રૈવેયક દેવ કેટલા કાળમાં ઉચ્છ્વાસ **-યાવત્-** નિઃશ્વાસ લે છે ?

---

१. सम. सम. २४, सु. ११
२. सम. सम. २५, सु. १४
३. सम. सम. २६, सु. ८
४. सम. सम. २७, सु. १२
५. सम. सम. २८, सु. ११
६. सम. सम. २९, सु. १५

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उ. गोयमा ! जहण्णेणं एगूणतीसाए पक्खाणं आणमंति वा -जाव- नीससंति वा,
उक्कोसेणं तीसाए पक्खाणं आणमंति वा -जाव- नीससंति वा।[1]

प. ९. उवरिम-उवरिमगेवेज्जगा णं भंते ! देवा णं केवइकालस्स आणमंति वा -जाव- नीससंति वा ?

उ. गोयमा ! जहण्णेणं तीसाए पक्खाणं आणमंति वा -जाव- नीससंति वा,
उक्कोसेणं एक्कतीसाए पक्खाणं आणमंति वा -जाव- नीससंति वा।[2]

प. १-४. विजय-वेजयंत-जयंतऽपराजियविमाणेसु णं भंते ! देवा केवइकालस्स आणमंति वा -जाव- नीससंति वा ?

उ. गोयमा ! जहण्णेणं एक्कतीसाए पक्खाणं आणमंति वा -जाव- नीससंति वा,
उक्कोसेणं तेत्तीसाए पक्खाणं आणमंति वा -जाव- नीससंति वा।[3]

प. सव्वट्ठसिद्धगदेवा णं भंते ! केवइकालस्स आणमंति वा -जाव- नीससंति वा ?

उ. गोयमा ! अजहण्णमणुक्कोसेणं तेत्तीसाए पक्खाणं आणमंति वा -जाव- नीससंति[4] वा।

- पण्ण. प.७, सु. ६९३-७२४

ઉ. ગૌતમ ! જઘન્ય ઓગણત્રીસ પક્ષોમાં ઉચ્છ્વાસ -યાવત્- નિઃશ્વાસ લે છે,
ઉત્કૃષ્ટ ત્રીસ પક્ષોમાં ઉચ્છ્વાસ -યાવત્- નિઃશ્વાસ લે છે.

પ્ર. ૯. ભંતે ! ઉપરિતન-ઉપરિતન ગ્રૈવેયક દેવ કેટલા કાળમાં ઉચ્છ્વાસ -યાવત્- નિઃશ્વાસ લે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય ત્રીસ પક્ષોમાં ઉચ્છ્વાસ -યાવત્- નિઃશ્વાસ લે છે,
ઉત્કૃષ્ટ એકત્રીસ પક્ષોમાં ઉચ્છ્વાસ -યાવત્- નિઃશ્વાસ લે છે.

પ્ર. ૧-૪. ભંતે ! વિજય, વૈજયંત, જયંત અને અપરાજીત વિમાનોના દેવ કેટલા કાળમાં ઉચ્છ્વાસ -યાવત્- નિઃશ્વાસ લે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય એકત્રીસ પક્ષોમાં ઉચ્છ્વાસ -યાવત્- નિઃશ્વાસ લે છે,
ઉત્કૃષ્ટ તેત્રીસ પક્ષોમાં ઉચ્છ્વાસ -યાવત્- નિઃશ્વાસ લે છે.

પ્ર. ભંતે ! સર્વાર્થસિદ્ધ વિમાનના દેવ કેટલા કાળમાં ઉચ્છ્વાસ -યાવત્- નિઃશ્વાસ લે છે ?

ઉ. ગૌતમ ! અજઘન્ય અનુત્કૃષ્ટ તેત્રીસ પક્ષોમાં ઉચ્છ્વાસ -યાવત્- નિઃશ્વાસ લે છે.

## ३. विसिट्ठ वेमाणिय देवाणं उस्सास नीसास कालो-

१. जे देवा सागरं सुसागरं सागरकंतं भवं मणुं माणुसुत्तरं लोगहियं विमाणं देवत्ताए उववण्णा-

ते णं देवा एगस्स अद्धमासस्स आणमंति वा -जाव- नीससंति वा। -सम.सम. १, सु. ४३-४४

२. जे देवा सुभं सुभकंतं सुभवण्णं सुभगंधं सुभलेसं सुभफासं सोहम्मवडेंसगं विमाणं देवत्ताए उववण्णा-

ते णं देवा दोण्हं अद्धमासाणं आणमंति वा -जाव- नीससंति वा। -सम.सम. २, सु. २०-२१

३. जे देवा आभंकरं पभंकरं आभंकर-पभंकरं, चंदं चंदावत्तं चंदप्पभं चंदकंतं चंदवण्णं चंदलेसं चंदज्झयं चंदरूवं चंदसिंगं चंदसिट्ठं चंदकूडं चंदुत्तरवडेंसगं विमाणं देवत्ताए उववण्णा-

## ૩. વિશિષ્ટ વૈમાનિક દેવોનો ઉચ્છ્વાસ-નિઃશ્વાસ કાળ :

૧. જે દેવ સાગર, સુસાગર, સાગરકાંત, ભવ, મનુ, માનુષોત્તર અને લોકહિત વિમાનોમાં દેવ રુપમાં ઉત્પન્ન થાય છે.
તે દેવ એક પક્ષથી શ્વાસોચ્છ્વાસ ગ્રહણ કરે છે અને છોડે છે.

૨. જે દેવ શુભ, શુભકાંત, શુભવર્ણ, શુભગંધ, શુભલેશ્યા, શુભસ્પર્શ અને સૌધર્માવતંસક વિમાનોમાં દેવ રુપમાં ઉત્પન્ન થાય છે.
તે દેવ બે પક્ષોથી શ્વાસોચ્છ્વાસ ગ્રહણ કરે છે અને છોડે છે.

૩. જે દેવ આભંકર, પ્રભંકર, આભંકર-પ્રભંકર, ચંદ્ર, ચંદ્રાવર્ત, ચંદ્રપ્રભ, ચંદ્રકાંત, ચન્દ્રવર્ણ, ચંદ્રલેશ્યા, ચંદ્રધ્વજ, ચંદ્રરૂપ, ચંદ્રશ્રૃંગ, ચંદ્રસૃષ્ટ, ચંદ્રકૂટ અને ચન્દ્રોત્તરાવતંસક વિમાનોમાં દેવરૂપમાં ઉત્પન્ન થાય છે.

---

१. सम. सम. ३०, सु. १३
२. सम. सम. ३१, सु. ११
३. ते णं देवा बत्तीसाए अद्धमासेहिं आणमंति वा -जाव- नीससंति वा। - सम. सम. ३२, सु. १२
४. सम. सम. ३३, सु. ११

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ते णं देवा तिण्हं अद्धमासाणं आणमंति वा -जाव- नीससंति वा । -सम. सम. ३, सु. २१-२२

४. जे देवा किट्टिं सुकिट्टिं किट्टियावत्तं किट्टिप्पभं किट्टिकंतं किट्टिवण्णं किट्टिलेसं किट्टिज्झयं किट्टिसिंगं किट्टिसिट्ठं किट्टिकूडं किट्ठोत्तरवडेंसगं विमाणं देवत्ताए उववण्णा-

ते णं देवा चउण्हं अद्धमासाणं आणमंति वा -जाव- नीससंति वा । -सम. सम. ४, सु. १५-१६

५. जे देवा वायं सुवायं वायावत्तं वातप्पभं वातकंतं वातवण्णं वातलेसं वातज्झयं वातसिंगं वातसिट्ठं वातकूडं वाउत्तरवडेंसगं,

सूर सुसूरं सूरावत्तं सूरप्पभं सूरकंतं सूरवण्णं सूरलेसं सूरज्झयं सूरसिंगं सूरसिट्ठं सूरकूडं सूरुत्तरवडेंसगं विमाणं देवत्ताए उववण्णा-

ते णं देवा पंचण्हं अद्धमासाणं आणमंति वा -जाव- नीससंति वा । -सम. सम. ५, सु. १९-२०

६. जे देवा सयंभु सयंभुरमणं घोसं सुघोसं महाघोसं किट्टिघोसं,

वीरं सुवीरं वीरगतं वीरसेणियं वीरावत्तं वीरप्पभं वीरकंतं वीरवण्णं वीरलेसं वीरज्झयं वीरसिंगं वीरसिट्ठं वीरकूडं वीरुत्तरवडेंसगं विमाणे देवत्ताए उववण्णा-

ते णं देवा छण्हं अद्धमासाणं आणमंति वा -जाव- नीससंति वा । -सम. सम. ६, सु. १४-१५

७. जे देवा समं समप्पभं महापभं पभासं भासुरं विमलं कंचणकूडं सणंकुमारवडेंसगं विमाणं देवत्ताए उववण्णा-

ते णं देवा सत्तण्हं अद्धमासाणं आणमंति वा -जाव- नीससंति वा । -सम. सम. ७, सु. २०-२१

८. जे देवा अच्चिं अच्चिमालिं वइरोयणं पभंकरं चंदाभं सुराभं सुपइट्ठाभं अग्गिचाभं रिट्ठाभं अरूणाभं अरूणोत्तरवडेंसगं विमाणं देवत्ताए उववण्णा-

ते णं देवा अट्ठण्हं अद्धमासाणं आणमंति वा -जाव- नीससंति वा । -सम. सम. ८, सु. १५-१६

તે દેવ ત્રણ પક્ષોથી શ્વાસોચ્છ્વાસ ગ્રહણ કરે છે અને છોડે છે.

૪. જે દેવ કૃષ્ટિ, સુકૃષ્ટિ, કૃષ્ટિકાવર્ત્ત, કૃષ્ટિપ્રભ, કૃષ્ટિકાંત, કૃષ્ટિવર્ણ, કૃષ્ટિલેશ્યા, કૃષ્ટિધ્વજ, કૃષ્ટિશ્રૃંગ, કૃષ્ટિસૃષ્ટ, કૃષ્ટિકૂટ અને કૃષ્ટ્યુત્તરાવતંસક વિમાનોમાં દેવરુપમાં ઉત્પન્ન થાય છે-

તે દેવ ચાર પક્ષોથી શ્વાસોચ્છ્વાસ ગ્રહણ કરે છે અને છોડે છે.

૫. જે દેવ વાત, સુવાત, વાતાવર્ત્ત, વાતપ્રભ, વાતકાંત, વાતવર્ણ, વાતલેશ્યા, વાતધ્વજ, વાતશ્રૃંગ, વાતસૃષ્ટ, વાતકૂટ અને વાતોત્તરાવતંસક તથા,

સૂર, સૂસૂર, સૂરાવર્ત્ત, સૂરપ્રભ, સૂરકાંત, સૂરવર્ણ, સૂરલેશ્યા, સૂરધ્વજ, સૂરશ્રૃંગ, સૂરસૃષ્ટ, સૂરકૂટ અને સૂરોત્તરાવતંસક વિમાનોમાં ઉત્પન્ન થાય છે.

તે દેવ પાંચ પક્ષોથી શ્વાસોચ્છ્વાસ ગ્રહણ કરે છે અને છોડે છે.

૬. જે દેવ સ્વયંભૂ, સ્વયંભૂરમણ, ઘોષ, સુઘોષ, મહાઘોષ, કૃષ્ટિઘોષ,

વીર, સુવીર, વીરગત, વીરશ્રેણિક, વીરાવર્ત, વીરપ્રભ, વીરકાંત, વીરવર્ણ, વીરલેશ્યા, વીરધ્વજ, વીરશ્રૃંગ, વીરસૃષ્ટ, વીરકૂટ અને વીરોત્તરાવતંસક વિમાનોમાં ઉત્પન્ન થાય છે.

તે દેવ છ પક્ષોથી શ્વાસોચ્છ્વાસ ગ્રહણ કરે છે અને છોડે છે.

૭. જે દેવ સમ, સમપ્રભ, મહાપ્રભ, પ્રભાસ, ભાસુર, વિમલ, કાંચનકૂટ અને સનત્કુમારાવતંસક વિમાનોમાં ઉત્પન્ન થાય છે.

તે દેવ સાત પક્ષોથી શ્વાસોચ્છ્વાસ ગ્રહણ કરે છે અને છોડે છે.

૮. જે દેવ અર્ચિ, અર્ચિમાળી, વૈરોચન, પ્રભંકર, ચંદ્રાભ, સૂરાભ, સુપ્રતિષ્ઠાભ, અગ્ન્યર્ચાભ રિષ્ટાભ, અરુણાભ અને અરુણોત્તરાવતંસક વિમાનોમાં ઉત્પન્ન થાય છે.

તે દેવ આઠ પક્ષોથી શ્વાસોચ્છ્વાસ ગ્રહણ કરે છે અને છોડે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

९. जे देवा पम्हं सुपम्हं पम्हावत्तं पम्हप्पभं पम्हकंतं पम्हवण्णं पम्हलेसं **-जाव-** पम्हुत्तरवडेंसगं,

सुज्जं सुसुज्जं सुज्जावत्तं सुज्जप्पभं सुज्जकंतं **-जाव-** सुज्जुत्तरवडेंसगं -

रुइल्लं रुइल्लावत्तं रुइल्लप्पभं **-जाव-** रुइल्लुत्तरवडेंसगं विमाणं देवत्ताए उववण्णा-

ते णं देवा नवण्हं अद्धमासाणं आणमंति वा **-जाव-** नीससंति वा ।  - सम. ९, सु. १७-१८

१०. जे देवा घोसं सुघोसं महाघोसं नंदिघोसं सुसरं मणोरमं रम्मं रम्मगं रमणिज्जं मंगलावत्तं बंभलोगवडेंसगं विमाणं देवत्ताए उववण्णा-

ते णं देवा दसण्हं अद्धमासाणं आणमंति वा **-जाव-** नीससंति वा ।

- सम. सम. १०, सु. २२-२३

११. जे देवा बंभं सुबंभं बंभावत्तं बंभप्पभं बंभकंतं बंभवण्णं बंभलेसं बंभज्झयं बंभसिंगं बंभसिट्ठं बंभकूडं बंभुत्तरवडेंसगं विमाणं देवत्ताए उववण्णा-

ते णं देवा एक्कारसण्हं अद्धमासाणं आणमंति वा **-जाव-** नीससंति वा ।

- सम. सम. ११, सु. १३-१४

१२. जे देवा महिंदं महिंदज्झयं कंबुं कंबुग्गीवं पुंखं सुपुंखं महापुंखं पुंडुं सुपुंडुं महापुंडं नरिंदं नरिंदकंतं नरिंदुत्तरवडेंसगं विमाणं देवत्ताए उववण्णा-

ते णं देवा बारसण्हं अद्धमासाणं आणमंति वा **-जाव-** नीससंति वा ।

- सम. सम. १२, सु. १७-१८

१३. जे देवा वज्जं सुवज्जं वज्जावत्तं वज्जप्पभं वज्जकंतं वज्जवण्णं वज्जलेसं वज्जज्झयं वज्जसिंगं वज्जसिट्ठं वज्जकूडं वज्जुत्तरवडेंसगं

वइरं वइरावत्तं **-जाव-** वइरुत्तरवडेंसगं लोगं लोगावत्तं लोगप्पभं **-जाव-** लोगुत्तरवडेंसणं विमाणं देवत्ताए उववण्णा -

ते णं देवा तेरसहिं अद्धमासेहिं आणमंति वा **-जाव-** नीससंति वा ।

- सम. सम. १३, सु. १४-१५

૯. જે દેવ પક્ષ્મ, સુપક્ષ્મ, પક્ષ્માવર્ત, પક્ષ્મપ્રભ, પક્ષ્મકાંત, પક્ષ્મવર્ણ, પક્ષ્મલેશ્યા **-યાવત્-** પક્ષ્મોત્તરાવતંસક તથા

જે દેવ સૂર્ય, સુસૂર્ય, સૂર્યાવર્ત્ત, સૂર્યપ્રભ, સૂર્યકાંત **-યાવત્-** સૂર્યોત્તરાવતંસક તેમજ

રુચિર, રુચિરાવર્ત્ત, રુચિરપ્રભ **-યાવત્-** રુચિરોત્તરાવતંસક વિમાનોમાં ઉત્પન્ન થાય છે.

તે દેવ નવ પક્ષોથી શ્વાસોચ્છ્વાસ ગ્રહણ કરે છે અને છોડે છે.

૧૦. જે દેવ ઘોષ, સુઘોષ, મહાઘોષ, નંદીઘોષ, સુસ્વર, મનોરમ, રમ્ય, રમ્યક્, રમણીય, મંગલાવર્ત્ત અને બ્રહ્મલોકાવતંસક વિમાનોમાં ઉત્પન્ન થાય છે.

તે દેવ દસ પક્ષોથી શ્વાસોચ્છ્વાસ ગ્રહણ કરે છે અને છોડે છે.

૧૧. જે દેવ બ્રહ્મ, સુબ્રહ્મ, બ્રહ્માવર્ત્ત, બ્રહ્મપ્રભ, બ્રહ્મકાંત, બ્રહ્મવર્ણ, બ્રહ્મલેશ્યા, બ્રહ્મધ્વજ, બ્રહ્મશ્રૃંગ, બ્રહ્મસૃષ્ટ, બ્રહ્મકૂટ અને બ્રહ્મોત્તરાવતંસક વિમાનોમાં ઉત્પન્ન થાય છે -

તે દેવ અગિયાર પક્ષોથી શ્વાસોચ્છ્વાસ ગ્રહણ કરે છે અને છોડે છે.

૧૨. જે દેવ માહેન્દ્ર, માહેન્દ્ર ધ્વજ, કંબુ, કંબુગ્રીવ, પુંખ, સુપુંખ, મહાપુંખ, પુંડ્ર, સુપુંડ્ર, મહાપુંડ્ર, નરેન્દ્ર, નરેન્દ્રકાંત અને નરેન્દ્રોત્તરાવતંસક વિમાનોમાં ઉત્પન્ન થાય છે -

તે દેવ બાર પક્ષોથી શ્વાસોચ્છ્વાસ ગ્રહણ કરે છે અને છોડે છે.

૧૩. જે દેવ વજ્ર, સુવજ્ર, વજ્રાવર્ત, વજ્રપ્રભ, વજ્રકાંત, વજ્રવર્ણ, વજ્રલેશ્યા, વજ્રધ્વજ, વજ્રશ્રૃંગ, વજ્રસૃષ્ટ, વજ્રકૂટ અને વજ્રોત્તરાવતંસક તથા

વૈર, વૈરાવર્ત્ત **-યાવત્-** વૈરોત્તરાવતંસક તેમજ લોક, લોકાવર્ત્ત, લોકપ્રભ **-યાવત્-** લોકોત્તરાવતંસક વિમાનોમાં ઉત્પન્ન થાય છે-

તે દેવ તેર પક્ષોથી શ્વાસોચ્છ્વાસ ગ્રહણ કરે છે અને છોડે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

१४. जे देवा सिरिकंतं सिरिमहिअं सिरिसोमणसं लंतयं काविट्ठं महिंदं महिंदोकंतं महिंदुत्तरवडेंसगं विमाणं देवत्ताए उववण्णा-

ते णं देवा चोद्दसहिं अद्धमासेहिं आणमंति वा -जाव- नीससंति वा।

- सम. सम. १४, सु. १५-१६

१५. जे देवा णंदं सुणंदं णंदावत्तं णंदप्पभं णंदकंतं णंदवण्णं णंदलेसं -जाव- णंदुत्तरवडेंसगं विमाणं देवत्ताए उववण्णा-

ते णं देवा पण्णरसण्हं अद्धमासाणं आणमंति वा -जाव- नीससंति वा।

- सम. सम.१५, सु. १३-१४

१६. जे देवा आवत्तं वियावत्तं नंदियावत्तं महाणंदियावत्तं अंकुसं अंकुसपलंबं भद्दं सुभद्दं महाभद्दं सव्वओभद्दं भद्दुत्तरवडेंसगं विमाणं देवत्ताए उववण्णा-

ते णं देवा सोलसण्हं अद्धमासाणं आणमंति वा -जाव- नीससंति वा।

- सम. सम. १६, सु. १३-१४

१७. जे देवा सामाणं सुसामाणं महासामाणं पउमं महापउमं कुमुदं महाकुमुदं नलिणं महाणलिणं पोंडरीयं महापोंडरीयं सुक्कं महासुक्कं सीहं सीहकंतं सीहवियं भावियं विमाणं देवत्ताए उववण्णा-

ते णं देवा सत्तरसहिं अद्धमासेहिं आणमंति वा -जाव- नीससंति वा।

- सम. सम. १७, सु. १८-१९

१८. जे देवा कालं सुकालं महाकालं अंजणं रिट्ठं सालं समाणं दुमं महादुमं विसालं सुसालं पउमं पउमगुम्मं कुमुदं कुमुदगुम्मं नलिणं नलिणगुम्मं पुंडरीयं पुंडरीयगुम्मं सहस्सारवडेंसगं विमाणं देवत्ताए उववण्णा-

ते णं देवा अट्ठारसहिं अद्धमासेहिं आणमंति वा -जाव- नीससंति वा।

- सम. सम. १८, सु. १५-१६

૧૪. જે દેવ શ્રીકાંત, શ્રીમહિત, શ્રીસૌમનસ, લાંતક, કાપિષ્ઠ, મહેન્દ્ર, મહેન્દ્રાવકાંત અને મહેન્દ્રોત્તરાવતંસક વિમાનોમાં ઉત્પન્ન થાય છે -

તે દેવ ચૌદ પક્ષોથી શ્વાસોચ્છ્વાસ ગ્રહણ કરે છે અને છોડે છે.

૧૫. જે દેવ નંદ, સુનંદ, નંદાવર્ત, નંદપ્રભ, નંદકાંત, નંદવર્ણ, નંદલેશ્યા -યાવત્- નંદોવત્તરાવતંસક વિમાનોમાં ઉત્પન્ન થાય છે -

તે દેવ પંદર પક્ષોથી શ્વાસોચ્છ્વાસ ગ્રહણ કરે છે અને છોડે છે.

૧૬. જે દેવ આવર્ત્ત, વ્યાવર્ત, નન્દ્યાવર્ત, મહાનન્દ્યાવર્ત, અંકુશ, અંકુશપ્રલંબ, ભદ્ર, સુભદ્ર, મહાભદ્ર, સર્વતોભદ્ર અને ભદ્રોત્તરાવતંસક વિમાનોમાં ઉત્પન્ન થાય છે.

તે દેવ સોળ પક્ષોથી શ્વાસોચ્છ્વાસ ગ્રહણ કરે છે અને છોડે છે.

૧૭. જે દેવ સામાન, સુસામાન, મહાસામાન, પદ્મ, મહાપદ્મ, કુમુદ, મહાકુમુદ, નલીન, મહાનલીન, પૌંડરીક, મહાપૌંડરીક, શુક્લ, મહાશુક્લ, સિંહ, સિંહાવકાંત, સિંહવીત અને ભાવિત વિમાનોમાં ઉત્પન્ન થાય છે-

તે દેવ સત્તર પક્ષોથી શ્વાસોચ્છ્વાસ ગ્રહણ કરે છે અને છોડે છે.

૧૮. જે દેવ કાળ, સુકાળ, મહાકાળ, અંજન, રિષ્ટ, શાળ, સમાન, દ્રુમ, મહાદ્રુમ, વિશાળ, સુશાળ, પદ્મ, પદ્મગુલ્મ, કુમુદ, કુમુદગુલ્મ, નલીન, નલીનગુલ્મ, પુંડરીક, પુંડરીકગુલ્મ અને સહસ્ત્રારાવતંસક વિમાનોમાં ઉત્પન્ન થાય છે.

તે દેવ અઢાર પક્ષોથી શ્વાસોચ્છ્વાસ ગ્રહણ કરે છે અને છોડે છે.

जैन साइट JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

१९. जे देवा आणतं पाणतं णतं विणतं घणं झुसिरं इंदं इंदोकंतं इंदुत्तरवडेंसगं विमाणं देवत्ताए उववण्णा-

ते णं देवा एगूणवीसाए अद्धमासाणं आणमंति वा -जाव- नीससंति वा।

- सम. सम. १९, सु. १२-१३

૧૯. જે દેવ આનત, પ્રાણત, નત, વિનત, ઘન, ઝુષિર, ઈન્દ્ર, ઈન્દ્રાવકાંત અને ઈન્દ્રોત્તરાવતંસક વિમાનોમાં ઉત્પન્ન થાય છે -

તે દેવ ઓગણીસ પક્ષોથી શ્વાસોચ્છ્વાસ ગ્રહણ કરે છે અને છોડે છે.

२०. जे देवा सातं विसातं सुविसायं सिद्धत्थं उप्पलं रूइलं तिगिच्छं दिसासोवत्थियं वद्धमाणयं पलंबं पुप्फं सुपुप्फं पुप्फावत्तं पुप्फप्पभं पुप्फकंतं पुप्फवण्णं पुप्फलेसं पुप्फज्झयं पुप्फसिंगं पुप्फसिट्ठं पुप्फकूडं पुप्फुत्तरवडेंसगं विमाणं देवत्ताए उववण्णा-,

ते णं देवा वीसाए अद्धमासाणं आणमंति वा -जाव- नीससंति वा।　　　- सम. २०, सु. १४-१५

૨૦. જે દેવ સાત, વિસાત, સુવિસાત, સિદ્ધાર્થ, ઉત્પલ, રુચિર, તિગિચ્છ, દિશાસૌવસ્તિક, વર્દ્ધમાનક, પ્રલંબ, પુષ્પ, સુપુષ્પ, પુષ્પાવર્ત, પુષ્પપ્રભ, પુષ્પકાંત, પુષ્ણવર્ણ, પુષ્પલેશ્યા, પુષ્પધ્વજ, પુષ્પશ્રૃંગ, પુષ્પસૃષ્ટ, પુષ્પકૂટ અને પુષ્પોત્તરાવતંસક વિમાનોમાં ઉત્પન્ન થાય છે-

તે દેવ વીસ પક્ષોથી શ્વાસોચ્છ્વાસ ગ્રહણ કરે છે અને છોડે છે.

२१. जे देवा सिरिवच्छं सिरिदामगंडं मल्लं किट्ठिं चावोण्णयं आरणवडेंसगं विमाणं देवत्ताए उववण्णा-

ते णं देवा एक्कवीसाए अद्धमासाणं आणमंति वा -जाव- नीससंति वा।

- सम. सम. २१, सु. ११-१२

૨૧. જે દેવ શ્રીવત્સ, શ્રીદામગંડ, માલ્ય, કૃષ્ટિ, ચાપોન્નત અને આરણ્યાવતંસક વિમાનોમાં ઉત્પન્ન થાય છે -

તે દેવ એકવીસ પક્ષોથી શ્વાસોચ્છ્વાસ ગ્રહણ કરે છે અને છોડે છે.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

२२. जे देवा महितं विस्सुतं विमलं पभासं वणमालं अच्चुवडेंसगं विमाणं देवत्ताए उववण्णा-

ते णं देवा बावीसं अद्धमासाणं आणमंति वा -जाव- नीससंति वा।

- सम. सम. २२, सु. ११-१२

૨૨. જે દેવ મહિત, વિશ્રુત, વિમલ, પ્રભાસ, વનમાલ અને અચ્યુતાવતંસક વિમાનોમાં ઉત્પન્ન થાય છે.

જે તે દેવ બાવીસ પક્ષોથી શ્વાસોચ્છ્વાસ ગ્રહણ કરે છે અને છોડે છે.

**४. वेमाणिय देवाणं उस्सासत्ताए परिणमिय पोग्गलाणं परूवणं-**

प. भंते ! सोहम्मीसाणदेवाणं केरिसया पोग्गला उस्सासत्ताए परिणमंति ?

उ. गोयमा ! जे पोग्गला इट्ठा कंता मणुण्णा मणामा एएसिं उस्सासत्ताए परिणमंति -जाव- अणुत्तरोववाइया।

- जीवा. पडि. ३, सु. २०१ (ई)

**૪. વૈમાનિક દેવોના શ્વાસોચ્છ્વાસના રુપમાં પરિણમિત પુદ્દગલોનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! સૌધર્મ- ઈશાન દેવોના શ્વાસોચ્છ્વાસના રુપમાં કેવી રીતે પુદ્દગલ પરિણત થાય છે ?

ઉ. ગૌતમ ! જે પુદ્દગલ ઈષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ અને મણામ હોય છે. તે અનુત્તરોપપાતિક દેવો સુધી શ્વાસોચ્છ્વાસના રુપમાં પરિણત થાય છે.

**५. णेरइयाणं उसासत्ताए परिणमिय पोग्गलाणं परूवणं-**

प. इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए णेरइयाणं केरिसया पोग्गला उसासत्ताए परिणमंति ?

**૫. નૈરયિકોના શ્વાસોચ્છ્વાસના રુપમાં પરિણમિત પુદ્દગલોનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! આ રત્નપ્રભાપૃથ્વીના નારકના શ્વાસોચ્છ્વાસના રુપમાં કેવી રીતે પુદ્દગલ પરિણત થાય છે ?

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

उ. गोयमा ! जे पोग्गला अणिट्ठा **-जाव-** अमणामा, ते तेसिं उसासत्ताए परिणमंति ।

*एवं -जाव- अहेसत्तमाए ।*

- जीव. पडि. ३, सु. ८८ (१)

ઉ. ગૌતમ ! જે પુદ્ગલ અનિષ્ટ **-યાવત્-** અમણામ હોય છે તે નારકના શ્વાસોચ્છ્વાસના રુપમાં પરિણત થાય છે.

**આ પ્રમાણે સાતમી પૃથ્વી સુધીના નરકનું વર્ણન કરવું જોઈએ.**

६. **पुढविकाइयाईणं उस्सास निस्सास रूवं-**

प. पुढविकाइए णं भंते ! पुढविकाइयं चेव आणमंति वा, पाणमंति वा, ऊससंति वा, नीससंति वा ?

उ. हंता, गोयमा ! पुढविकाइए पुढविक्काइयं चेव आणमंति वा, पाणमंति वा, ऊससंति वा, नीससंति वा ।

प. पुढविकाइए णं भंते ! आउक्काइयं आणमंति वा **-जाव-** नीससंति वा ।

उ. हंता, गोयमा ! पुढविकाइए आउक्काइयं आणमंति वा **-जाव-** नीससंति वा ।

*एवं तेउक्काइयं वाउक्काइयं वणस्सइकाइयं ।*[1]

प. आउक्काइए णं भंते ! पुढविक्काइयं आणमंति वा **-जाव-** नीससंति वा ?

उ. हंता, गोयमा ! **एवं चेव ।**

प. आउक्काइए णं भंते ! आउक्काइयं आणमंति वा **-जाव-** नीससंति वा ?

उ. हंता, गोयमा ! **एवं चेव ।**

*एवं तेउकाइयं, वाउकाइयं, वणस्सइकाइयं ।*

*जहा आउकाइय वत्तव्वया तहा तेउ - वाउ - वण्णस्सईकाइयाणं भाणियव्वा ।*

- विया. स. ९, उ. ३४, सु. ९-१५

૬. **પૃથ્વીકાયિકાદિના ઉચ્છ્વાસ નિઃશ્વાસનું રુપ :**

પ્ર. ભંતે ! શું પૃથ્વીકાયિક જીવ પૃથ્વીકાયિક જીવને શ્વાસોચ્છ્વાસના રુપમાં ગ્રહણ કરે છે અને છોડે છે ?

ઉ. હા, ગૌતમ ! પૃથ્વીકાયિક જીવ, પૃથ્વીકાયિક જીવને શ્વાસોચ્છ્વાસના રુપમાં ગ્રહણ કરે છે અને છોડે છે.

પ્ર. ભંતે ! પૃથ્વીકાયિક જીવ અપ્કાયિક જીવને શ્વાસોચ્છ્વાસ રુપમાં ગ્રહણ કરે છે અને છોડે છે ?

ઉ. હા, ગૌતમ ! પૃથ્વીકાયિક જીવ, અપ્કાયિક જીવને શ્વાસોચ્છ્વાસના રુપમાં ગ્રહણ કરે છે અને છોડે છે.

**આ પ્રમાણે તેજસ્કાયિક, વાયુકાયિક અને વનસ્પતિકાયિક જીવોના માટે પણ જાણવું જોઈએ.**

પ્ર. ભંતે ! અપ્કાયિક જીવ, પૃથ્વીકાયિક જીવને શ્વાસોચ્છ્વાસના રુપમાં ગ્રહણ કરે છે અને છોડે છે ?

ઉ. હા, ગૌતમ ! **પૂર્વોક્ત રુપથી જાણવું જોઈએ.**

પ્ર. ભંતે ! અપ્કાયિક જીવ, અપ્કાયિક જીવને શ્વાસોચ્છ્વાસના રુપમાં ગ્રહણ કરે છે અને છોડે છે ?

ઉ. હા, ગૌતમ ! **પૂર્વોક્ત રુપથી જાણવું જોઈએ.**

**આ પ્રમાણે તેજસ્કાયિક વાયુકાયિક અને વનસ્પતિકાયિકના માટે જાણવું જોઈએ.**

**જે પ્રમાણે અપ્કાયનું વર્ણન કર્યું તે પ્રમાણે તેઉકાય, વાયુકાય અને વનસ્પતિકાયના પણ આલાપક કહેવા જોઈએ.**

---

१. विया. स. २, मु. १, सु. ६

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ૧૮. ભાષા અધ્યયન

વિચારોનું વિમર્શન કરવા માટે ભાષા એક સશક્ત માધ્યમ છે. ભાષાની ચર્ચા દાર્શનિક યુગમાં પર્યાપ્ત માત્રામાં ચર્ચાયેલી છે. ભર્તૃહરિ જેવા દાર્શનિકોએ વ્યાકરણ દર્શનમાં વાક્યપદીયગ્રંથ રચીને ભાષાનું દિગ્દર્શન પ્રસ્તુત કરેલ છે. મીમાંસા અને ન્યાયદર્શનમાં પણ શબ્દ અને અર્થની ચર્ચા થયેલ છે. પરંતુ જૈનાગમોમાં ભાષાના સંબંધમાં જે પ્રરુપણા ઉપલબ્ધ થાય છે તે વિશેષ છે અને એ આધુનિક યુગ માટે પણ પ્રાસંગિક છે.

જૈનાગમોની અનુસાર ભાષાનું મૂળ કારણ જીવ છે. તેની ઉત્પત્તિ શરીરથી થાય છે. તેનો આકાર વજ્ર જેવો છે. તેનો અંત લોકાન્તમાં થાય છે. લોકાન્તમાં અંત કહેવાનો આશય ભાષાના પુદ્ગલો લોકાન્ત સુધી જ પહોંચી શકે છે.

ભાષાના મુખ્ય રૂપથી ચાર ભેદ કહ્યા છે - ૧. સત્યભાષા, ૨. મૃષાભાષા, ૩. સત્યમૃષાભાષા અને ૪. અસત્યમૃષા ભાષા. વિસ્તારથી જ્યારે ભાષાના ભેદોનું અધ્યયન કરવામાં આવે છે તો જાણવામાં આવે છે કે ભાષા બે પ્રકારની છે - ૧. પર્યાપ્તિકા (પ્રતિનિયત) અને ૨. અપર્યાપ્તિકા (અપ્રતિનિયત). પર્યાપ્તિકા ભાષા બે પ્રકારની હોય છે - ૧. સત્ય, ૨. મૃષા. અપર્યાપ્તિકા ભાષાના પણ બે ભેદ હોય છે - ૧. સત્યમૃષા અને ૨. અસત્યમૃષા. સત્ય પર્યાપ્તિકા ભાષાના જનપદસત્યા, સમ્મતસત્યા આદિ દસ ભેદ હોય છે. મૃષા પર્યાપ્તિકા ભાષાના ક્રોધનિઃસૃતા, માનનિઃસૃતા આદિ દસ ભેદ છે. સત્યા-મૃષા અપર્યાપ્તિકા ભાષાના ઉત્પન્નમિશ્રિતા, વિગતમિશ્રિતા આદિ દસ ભેદ હોય છે, જ્યારે અસત્યામૃષા અપર્યાપ્તિકા ભાષાના આમંત્રણી આજ્ઞાપની આદિ બાર ભેદ પ્રતિપાદિત છે.

ભાષા જ્યારે બોલાય છે ત્યારે તે ભાષા કહેવાય છે. તેના પૂર્વ અને પછી નહીં. ભાષા અવધારિણી પણ હોય છે અને પ્રજ્ઞાપની પણ હોય છે. અવધારિણી ભાષા સ્યાત્ સત્ય હોય છે. સ્યાત્ મૃષા હોય છે, સ્યાત્ સત્યમૃષા હોય છે અને સ્યાત્ અસત્યામૃષા હોય છે. જયારે તે ભાષા આરાધની હોય છે ત્યારે સત્ય હોય છે. જયારે વિરાધની હોય છે ત્યારે અસત્ય હોય છે. જયારે આરાધની અને વિરાધની બન્ને હોય છે ત્યારે સત્ય-મૃષા હોય છે અને જયારે આરાધની ન હોય, વિરાધની ન હોય અને બન્ને ન હોય ત્યારે તે અસત્યામૃષા કહેવાય છે. પ્રજ્ઞાપનીભાષા મૃષા જેવી પ્રતીત હોય છે. પરંતુ તે મૃષા હોતી નથી. તેમાં કોઈ સત્યને આદેશાત્મક રૂપમાં પ્રસ્તુત કરાય છે.

ભાષાનો પ્રયોગ કરનાર જીવને ભાષક તથા ભાષાનો પ્રયોગ ન કરનાર જીવને અભાષક કહેવામાં આવે છે. સંસારમાં કેટલાક જીવ ભાષક છે અને કેટલાક જીવ અભાષક છે. એકેન્દ્રિય જીવ અભાષક હોય છે. કારણકે તે ભાષાનો પ્રયોગ કરતાં નથી. આ પ્રમાણે સિદ્ધ જીવ અને શૈલેશી અવસ્થાને પ્રાપ્ત કેવળી પણ અભાષક હોય છે. આટલુ જ નહીં બેઈન્દ્રિયથી લઈને પંચેન્દ્રિયસુધીના જીવોમાં જે અપર્યાપ્તા જીવ હોય છે તે પણ અભાષક હોય છે. માત્ર પર્યાપ્તા બેઈન્દ્રિયથી લઈને પર્યાપ્તા પંચેન્દ્રિય સુધીના જીવ ભાષક હોય છે. એ દૃષ્ટિએ એકેન્દ્રિયના પાંચ દંડકોને છોડીને બાકીના દંડકોના જીવ બે પ્રકારના હોય છે. ભાષક પણ હોય છે અને અભાષક પણ હોય છે. ભાષાપર્યાપ્તિ જ્યાં સુધી પૂર્ણ ન થાય ત્યાં સુધી તે અભાષક રહે છે તથા પર્યાપ્તિના પૂર્ણ થવા પર તે ભાષક થઈ જાય છે.

ભાષક નૈરયિક જીવ સત્ય, મૃષા, સત્યમૃષા અને અસત્યમૃષા રુપ ચારે પ્રકારની ભાષાઓ બોલે છે. આ પ્રમાણે બધાજ દેવ અને મનુષ્યોમાં પણ ચારે પ્રકારની ભાષાઓ બોલાય છે. બેઈન્દ્રિયથી લઈને પંચેન્દ્રિયતિર્યંચયોનિક સુધીના જીવ માત્ર એક અસત્યામૃષા ભાષા બોલે છે. પંચેન્દ્રિયતિર્યંચયોનિક જીવ ક્યારેક શિક્ષાપૂર્વક કે ઉત્તરગુણલબ્ધિની અપેક્ષાએ અન્ય ત્રણ પ્રકારની ભાષાઓ પણ બોલે છે.

સત્યભાષા આદિ ચારેય પ્રકારોની ભાષાઓને ઉપયોગપૂર્વક બોલનાર જીવ આરાધક હોય છે. પણ આનાથી વિપરીત અસંયત, અવિરત, પાપકર્મનો અપ્રતિઘાતક અને પ્રત્યાખ્યાન ન કરનાર જીવ ચારે પ્રકારની ભાષાઓ બોલવાથી વિરાધક હોય છે.

ભાષાનો પ્રયોગ યદ્યપિ જીવ કરે છે. તથાપિ ભાષા જીવ હોતી નથી. તે આત્માથી ભિન્ન રુપી, અચિત્ત અને અજીવ હોય છે. જીવ ભાષાના રૂપમાં સ્થિત દ્રવ્યોને ગ્રહણ કરે છે અસ્થિત દ્રવ્યોને નહીં. જે સ્થિત દ્રવ્યોને ગ્રહણ કરે છે તેને તે દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી ગ્રહણ કરે છે. દ્રવ્યથી અનન્ત પ્રદેશોને, ક્ષેત્રથી અસંખ્યાત પ્રદેશાવગાઢને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાળથી એક સમયની સ્થિતિવાળા યાવત્ અસંખ્યાત સમયની સ્થિતિવાળાને અને ભાવથી વર્ણ, ગંધ, રસ અને સ્પર્શવાળા પુદ્ગલ દ્રવ્યોને ગ્રહણ કરે છે. વર્ણની અપેક્ષાએ એક વર્ણવાળા યાવત્ પાંચ વર્ણવાળાને, ગંધની અપેક્ષાએ એક ગંધવાળાને બે ગંધવાળાને, રસની અપેક્ષાએ એક રસવાળા યાવત્ પાંચ રસવાળાને અને સ્પર્શની અપેક્ષાએ બે સ્પર્શવાળા યાવત્ ચાર સ્પર્શવાળા પુદ્ગલોને ગ્રહણ કરે છે. વર્ણાદિમાં એક ગુણ યાવત્ અનન્તગુણની તરતમતા પણ સંભવ છે.

ભાષા યોગ્ય પુદ્ગલોને જીવ સ્પષ્ટ, અવગાઢ, અણુ, સ્થૂલ, ઉર્ધ્વ, અધઃસ્વંવિષયક, આનુપૂર્વી યુક્ત તથા છ દિશાઓથી ગ્રહણ કરે છે. એના પર પણ આ અધ્યયનમાં વર્ણન કરેલ છે.

જીવ ભાષાના રૂપમાં જે દ્રવ્યોને ગ્રહણ કરે છે તેને તે સાન્તર પણ ગ્રહણ કરે છે અને નિરંતર પણ ગ્રહણ કરે છે. સાન્તર ગ્રહણ કરનાર જઘન્ય એક સમયમાં ગ્રહણ કરે છે અને ઉત્કૃષ્ટ અસંખ્યાત સમયનો અંતર કરીને ગ્રહણ કરે છે. નિરંતર ગ્રહણ કરનાર જઘન્ય બે સમય સુધી અને ઉત્કૃષ્ટ અસંખ્યાત સમય સુધી નિરંતર ગ્રહણ કરે છે.

જીવ ભાષા વર્ગણાના જે દ્રવ્યોને સત્યભાષાના રૂપમાં ગ્રહણ કરે છે, તે તેને સત્યભાષાના રૂપમાં કાઢે છે. જે દ્રવ્યોને તે મૃષાભાષાના રૂપમાં ગ્રહણ કરે છે તેને મૃષાભાષાના રૂપમાં કાઢે છે. આ પ્રમાણે સત્યમૃષા અને અસત્યમૃષા ભાષાના રૂપમાં દ્રવ્યોને ગ્રહણ કરે છે. તો તે તેજ ભાષાઓના રૂપમાં તે દ્રવ્યોને કાઢે છે અને તે તેને સાન્તર કાઢે છે. એક સમયમાં ગ્રહણ કરે છે અને એક સમયમાં કાઢે છે. જીવ ભાષાના રૂપમાં ગૃહિત દ્રવ્યોને ભિન્ન અને અભિન્નના રૂપમાં કાઢે છે. જે જીવ ભિન્નને કાઢે છે, તે ભિન્ન દ્રવ્ય અનન્તગુણ વૃદ્ધિને પ્રાપ્ત કરનાર લોકાન્તનો સ્પર્શ કરે છે અને જે જીવ અભિન્નને કાઢે છે તે અભિન્ન દ્રવ્ય અસંખ્યાત અવગાહન વર્ગણા સુધી જઈને ભેદને પ્રાપ્ત થઈ જાય છે. પછી સંખ્યાત યોજનો સુધી આગળ જઈને વિધ્વંસને પ્રાપ્ત થઈ જાય છે.

ભાષા દ્રવ્યોના પાંચ ભેદ પ્રરૂપ્યા છે - ૧. ખંડભેદ, ૨. પ્રતરભેદ, ૩. ચૂર્ણિકાભેદ, ૪. અનુતટિકાભેદ અને ૫. ઉત્કટિકાભેદ. આ પાંચે ભેદોનું સ્વરૂપ આ અધ્યયનમાં સ્પષ્ટરૂપે પ્રસ્તુત છે.

જેટલા ભાષાના ભેદ છે. તેટલા જ ભાષાનિર્વૃત્તિના ભેદ છે અને તેટલાજ ભાષા કરણના ભેદ છે. એ અપેક્ષાએ ભાષાનિર્વૃત્તિ અને ભાષાકરણના ચાર - ચાર ભેદ છે - ૧. સત્ય, ૨. મૃષા, ૩. સત્યમૃષા અને ૪. અસત્યમૃષા.

ભાષાનો પ્રયોગ કરનાર જે ભાષક જીવ છે. તેની કાયાસ્થિતિ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત છે. અભાષક જીવ ત્રણ પ્રકારના છે - ૧. અનાદિ અપર્યવસિત, ૨. અનાદિ સપર્યવસિત અને ૩. સાદિ સપર્યવસિત. આમાંથી સાદિ સપર્યવસિતની કાયસ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ છે.

ભાષકનો અંતરકાળ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ છે. સાદિ સપર્યવસિત અભાષકનો અન્તરકાળ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત છે. અલ્પ બહુત્વની અપેક્ષાએ વિચાર કરીએ તો બધાથી અલ્પ સત્યભાષક જીવ છે. તેનાથી સત્યમૃષા ભાષક અસંખ્યાતગુણા છે. તેનાથી અસત્યામૃષા ભાષક અસંખ્યાતગુણા છે અને તેનાથી અભાષક જીવ અનન્તગુણા છે.

આ અધ્યયનના અંતમાં દેવોની ભાષા, શક્રેન્દ્રની ભાષા અને કેવળીની ભાષાનું વર્ણન પણ છે. જેના અનુસાર મહર્દ્ધિક યાવત્ મહાસુખીદેવ હજાર રૂપોની વિકુર્વણા કરીને હજાર ભાષાઓ બોલવામાં સમર્થ છે. પરંતુ તે વસ્તુતઃ એક જ ભાષા હોય છે, હજાર નથી. દેવ અર્ધમાગધીભાષા બોલે છે. દેવેન્દ્ર દેવરાજ શક્રનીભાષા સાવદ્ય પણ હોય છે અને નિરવદ્ય પણ હોય છે યતનાથી બોલવા પર નિરવદ્ય હોય છે અને અયતના પર બોલવાથી સાવદ્ય હોય છે. કેવળી બે જ પ્રકારની ભાષા બોલે છે - ૧. સત્યભાષા અને ૨. અસત્યમૃષા ભાષા. તે ક્યારે પણ મૃષા અને સત્ય-મૃષા ભાષા બોલતા નથી.

આ પ્રમાણે આ ભાષા અધ્યયનમાં અનેક મહત્વપૂર્ણ તથ્ય સંકલિત છે. કેટલાક તથ્ય વચનયોગ, વર્ગણા અને પુદ્ગલોથી સંકળાયેલા છે માટે તેનું ત્યાં તે અધ્યયનોમાં વર્ણન જુઓ.

JAINSITE

# १८. भासा अज्झयणं

सूत्र -

१. **भासासरूवं-**

प. भासा णं भंते ! १. किमादीया ?

२. किं पहवा ?

३. किं संठिया ?

४. किं पज्जवसिया ?

उ. गोयमा ! १. भासा णं जीवादीया,

२. सरीरपहवा,

३. वज्जसंठिया,

४. लोगंतपज्जवसिया पण्णत्ता।

प. १. भासो कओ य पहवइ ?

२. कतिहिं च समएहिं भासती भासं ?

३. भासा कतिप्पगारा ?

४. कति वा भासा अणुमयाओ ?

उ. १. सरीरप्पहवा भासा,

२. दोहि य समएहिं भासती भासं।

३. भासा चउप्पगारा,

४. दोण्णि य भासा अणुमयाओ।

- पण्ण.प.११, सु. ८५८-८५९

२. **पज्जत्तियाइ भेएण भासापगारा :-**

प. कइविहा णं भंते ! भासा पण्णत्ता ?

उ. गोयमा ! दुविहा भासा पण्णत्ता, तं जहा -

१. पज्जत्तिया य,

२. अपज्जत्तिया य।

प. पज्जतिया णं भन्ते ! भासा कइविहा पण्णत्ता ?

उ. गोयमा ! दुविहा पण्णत्ता, तं जहा-

१. सच्चा य, २. मोसा य।

प. सच्चा णं भंते ! भासा पज्जत्तिया कइविहा पण्णत्ता ?

उ. गोयमा ! दसविहा पण्णत्ता, तं जहा-

१. जणवयसच्चा, २. सम्मतसच्चा,

३. ठवणासच्चा, ४. णामसच्चा,

# ૧૮. ભાષા અધ્યયન

સૂત્ર :

૧. **ભાષાનું સ્વરુપ :**

પ્ર. ભંતે ! ૧. ભાષાનું મૂળ કારણ શું છે ?

૨. ભાષાની ઉત્પત્તિ ક્યાંથી થાય છે ?

૩. ભાષાનો આકાર કેવો છે ?

૪. ભાષાનું અંત ક્યાં થાય છે ?

ઉ. ગૌતમ ! ૧. ભાષાનું મૂળ કારણ જીવ છે,

૨. ભાષાની ઉત્પત્તિ શરીરથી થાય છે,

૩. ભાષાનો આકાર વજ્ર જેવો છે,

૪. ભાષાનો અંત લોકાન્તમાં થાય છે એમ કહેવામાં આવે છે.

પ્ર. ૧. ભાષા ક્યાંથી ઉત્પન્ન થાય છે ?

૨. ભાષા કેટલા સમયમાં બોલાય છે ?

૩. ભાષા કેટલા પ્રકારની છે ?

૪. કેટલી ભાષાઓ અનુમત છે ?

ઉ. ૧. ભાષા શરીરથી ઉત્પન્ન થાય છે.

૨. ભાષા બે સમયમાં બોલાય છે.

૩. ભાષા ચાર પ્રકારની છે.

૪. બે ભાષાઓ અનુમત છે.

૨. **પર્યાપ્તિકાદિ ભેદોથી ભાષાના પ્રકાર :**

પ્ર. ભંતે ! ભાષા કેટલા પ્રકારની કહી છે ?

ઉ. ગૌતમ ! ભાષા બે પ્રકારની કહી છે, જેમકે -

૧. પર્યાપ્તિકા (પ્રતિનિયત- નિશ્ચિત)

૨. અપર્યાપ્તિકા (અપ્રતિનિયત- અનિશ્ચિત)

પ્ર. ભંતે ! પર્યાપ્તિકા ભાષા કેટલા પ્રકારની કહી છે ?

ઉ. ગૌતમ ! બે પ્રકારની કહી છે, જેમકે -

૧. સત્ય, ૨. મૃષા.

પ્ર. ભંતે ! સત્ય પર્યાપ્તિકા ભાષા કેટલા પ્રકારની કહી છે ?

ઉ. ગૌતમ ! દસ પ્રકારની કહી છે, જેમકે -

૧. જનપદ સત્ય, ૨. સમ્મત સત્ય,

૩. સ્થાપના સત્ય, ૪. નામ સત્ય,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

५. रूवसच्चा, ६. पडुच्चसच्चा,
७. ववहारसच्चा, ८. भावसच्चा,
९. जोगसच्चा, १०. ओवम्मसच्चा[1]।

प. मोसा णं भंते ! भासा पज्जत्तिया कइविहा पण्णत्ता ?

उ. गोयमा ! दसविहा पण्णत्ता, तं जहा-
१. कोहणिस्सिया, २. माणणिस्सिया,
३. मायाणिस्सिया, ४. लोभणिस्सिया,
५. पेज्जणिस्सिया, ६. दोसणिस्सिया,
७. हासणिस्सिया, ८. भयणिस्सिया,
९. अक्खाइयाणिस्सिया, १०. उवघायणिस्सिया[2]।

प. अपज्जत्तिया णं भंते ! भासा कइविहा पण्णत्ता ?

उ. गोयमा ! दुविहा पण्णत्ता, तं जहा-
१. सच्चामोसा य, २. असच्चामोसा य।

प. सच्चामोसा णं भंते ! भासा अपज्जत्तिया कइविहा पण्णत्ता ?

उ. गोयमा ! दसविहा पण्णत्ता, तं जहा-
१. उप्पण्णमिस्सिया, २. विगयमिस्सिया,
३. उप्पण्णविगयमिस्सिया, ४. जीवमिस्सिया,
५. अजीवमिस्सिया, ६. जीवाजीवमिस्सिया,
७. अणंतमिस्सिया, ८. परित्तमिस्सिया,
९. अद्धामिस्सिया, १०. अद्धद्धामिस्सिया[3]।

प. असच्चामोसा णं भंते ! भासा अपज्जत्तिया कइविहा पण्णत्ता ?

उ. गोयमा ! दुवालसविहा पण्णत्ता, तं जहा-
१. आमंतणि, २. आणमणी,
३. जायणि, ४. तह पुच्छणी य,

૫. રુપ સત્ય, ૬. પ્રતીત સત્ય,
૭. વ્યવહાર સત્ય, ૮. ભાવસત્ય,
૯. યોગ સત્ય, ૧૦. ઔપમ્ય સત્ય.

પ્ર. ભંતે ! મૃષા- પર્યાપ્તિકા ભાષા કેટલા પ્રકારની કહી છે ?

ઉ. ગૌતમ ! દસ પ્રકારની કહી છે, જેમકે -
૧. ક્રોધ નિઃસૃતા, ૨. માન નિઃસૃતા,
૩. માયા નિઃસૃતા, ૪. લોભ નિઃસૃતા,
૫. રાગ નિઃસૃતા, ૬. દ્વેષનિઃસૃતા,
૭. હાસ્ય નિઃસૃતા, ૮. ભયનિઃસૃતા.
૯. આખ્યાનિકા નિઃસૃતા. ૧૦. ઉપઘાતનિઃસૃતા.

પ્ર. ભંતે ! અપર્યાપ્તિકા ભાષા કેટલા પ્રકારની કહી છે ?

ઉ. ગૌતમ ! તે બે પ્રકારની કહી છે, જેમકે -
૧. સત્યામૃષા, ૨. અસત્યામૃષા.

પ્ર. ભંતે ! સત્યામૃષા અપર્યાપ્તિકા ભાષા કેટલા પ્રકારની કહી છે ?

ઉ. ગૌતમ ! તે દસ પ્રકારની કહી છે, જેમકે -
૧. ઉત્પન્નમિશ્રિતા, ૨. વિગત મિશ્રિતા,
૩. ઉત્પન્ન વિગત મિશ્રિતા, ૪. જીવમિશ્રિતા,
૫. અજીવ મિશ્રિતા, ૬. જીવાજીવમિશ્રિતા,
૭. અનન્તમિશ્રિતા, ૮. પરિત્ત મિશ્રિતા,
૯. અદ્ધામિશ્રિતા, ૧૦. અદ્ધદ્ધામિશ્રિતા.

પ્ર. ભંતે ! અસત્યામૃષા અપર્યાપ્તિકા ભાષા કેટલા પ્રકારની કહી છે ?

ઉ. ગૌતમ ! તે બાર પ્રકારની કહી છે, જેમકે -
૧. આમંત્રણી, ૨. આજ્ઞાપની,
૩. યાચની, ૪. પૃચ્છની,

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

---

१. गाहा - (१) जणवय, (२) सम्मत, (३) ठवणा, (४) णामे, (५) रूवे,
(६) पडुच्चसच्चेय, (७) ववहार, (८) भाव, (९) जोगे, (१०) दसमे ओवम्मसच्चे य। - ठाणं. अ. १०, सु. ७४१
२. (क) गाहा -(१) कोहे, (२) माणे, (३) माया, (४) लोभे, (५) पेज्जे, (६) तहेवदोसे य।
(७) हास, (८) भए, (९) अक्खाइय, (१०) उवघाइयणिस्सिया दसमा ॥ - पण्ण. पद. ११, सु. ८६३, गा. १९५
(ख) गाहा -(१) कोहे, (२) माणे य, (३) मायाए, (४) लोभे य उवउत्तया।
(५) हासे, (६) भय, (७) मोहरिए, (८) विगहासु तहेव य ॥ - उत्त. अ. २४, गा. ९
(ग) ठाणं अ. १०, सु. ७४१
३. ठाणं अ. १०, सु. ७४१

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

५. पण्णवणी, ६. पच्चक्खाणी भासा,
७. भासा इच्छाणुलोमा य, ८. अणभिग्गहिया भासा,
९. भासा य अभिग्गहम्मि बोधव्वा,
१०. संसयकरणी भासा,
११. वोयडा, १२. अव्वोयडा चेव ।
- पण्ण. प. ११, सु. ८६०-८६६

५. પ્રજ્ઞાપની, ૬. પ્રત્યાખ્યાની,
૭. ઈચ્છાનુલોમા, ૮. અનભિગૃહીતા,
૯. અભિગૃહીતા,
૧૦. સંશય કરણી,
૧૧. વ્યાકૃતા, ૧૨. અવ્યાકૃતા.

३. **चत्तारि भासज्जायं परूवणं-**

प. कइ णं भंते ! भासज्जाया पण्णत्ता ?
उ. गोयमा ! चत्तारि भासज्जाया पण्णत्ता, तं जहा-
१. सच्चमेगं भासज्जायं,
२. बितियं मोसं भासज्जायं,
३. ततियं सच्चामोसं भासज्जायं,
४. चउत्थं असच्चामोसं भासज्जायं[1] ।
- पण्ण. प. ११, सु. ८७०

૩. **ચાર પ્રકારની ભાષા જાતિનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! ભાષાજાતિ કેટલા પ્રકારની કહી છે ?
ઉ. ગૌતમ ! ચાર પ્રકારની ભાષા જાતિ કહી છે, જેમકે-
૧. એક સત્ય ભાષાજાતિ,
૨. બીજી મૃષા ભાષાજાતિ,
૩. ત્રીજી સત્યામૃષા ભાષાજાતિ,
૪. ચોથી અસત્યામૃષા ભાષાજાતિ.

४. **जीव एगूणवीसदंडएसु भासज्जायं परूवणं-**

प. जीवाणं भंते !
१. किं सच्चं भासं भासंति,
२. मोसं भासं भासंति,
३. सच्चामोसं भासं भासंति,
४. असच्चामोसं भासं भासंति ?
उ. गोयमा ! जीवा १. सच्चं पि भासं भासंति,
२. मोसं पि भासं भासंति,
३. सच्चामोसं पि भासं भासंति,
४. असच्चामोसं पि भासं भासंति ।
प. **दं. १.** णेरइया णं भंते ! किं सच्चं भासं भासंति **-जाव-** किं असच्चामोसं भांस भासंति ?
उ. गोयमा ! णेरइया णं सच्चं पि भासं भासंति **-जाव-** असच्चामोसं पि भासं भासंति ।
दं.२-११. ***एवं असुरकुमारा -जाव- थणियकुमारा।***
**दं. १७-१९.** वेइंदिय-तेइंदिय-चउरिंदिया य णो सच्चं, णो मोसं, णो सच्चामोसं भासं भासंति, असच्चामोसं भासं भासंति ।

૪. **જીવ અને ઓગણીસ દંડકોમાં ભાષાના ભેદોનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! જીવ શું -
૧. સત્યભાષા બોલે છે,
૨. મૃષાભાષા બોલે છે,
૩. સત્યામૃષાભાષા બોલે છે,
૪. અસત્યામૃષાભાષા બોલે છે ?
ઉ. ગૌતમ ! જીવ, ૧. સત્યભાષા બોલે છે,
૨. મૃષાભાષા બોલે છે,
૩. સત્યામૃષા ભાષા બોલે છે,
૪. અસત્યામૃષા ભાષા પણ બોલે છે.
પ્ર. **દં.૧.** ભંતે ! શું નારક સત્યભાષા બોલે છે. **-યાવત્-** અસત્યામૃષાભાષા બોલે છે ?
ઉ. ગૌતમ ! નારક સત્યભાષા પણ બોલે છે **-યાવત્-** અસત્યામૃષા ભાષા પણ બોલે છે.
દં.૨-૧૧. ***આ પ્રમાણે અસુરકુમારોથી સ્તનિતકુમારો સુધી જાણવું જોઈએ.***
**દં. ૧૭-૧૯.** બેઈન્દ્રિય, ત્રેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય જીવ સત્યભાષા, મૃષાભાષા, સત્યામૃષાભાષા બોલતાં નથી, પરંતુ અસત્યામૃષાભાષા બોલે છે.

---

१. (क) ठाणं अ. ४, उ. ४, सु. २३८
(ख) विया. श. १३, उ. ७, सु. ९
(ग) पण्ण. प. ११, सु. ८९८

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. **दं. २०.** पंचेंदिय-तिरिक्खजोणिया णं भंते ! किं सच्चं भासं भासंति **-जाव-** किं असच्चामोसं भासं भासंति ?

उ. गोयमा ! पंचेंदिय-तिरिक्खजोणिया णो सच्चं भासं भासंति, णो मोसं भासं भासंति, णो सच्चामोसं भासं भासंति, एगं असच्चामोसं भासं भासंति णऽण्णत्थ सिक्खापुव्वगं उत्तरगुणलद्धिं वा पडुच्च सच्चं पि भासं भासंति, मोसं पि भासं भासंति, सच्चामोसं पि भासं भासंति, असच्चामोसं पि भासं भासंति।

दं. २१-२४. ***मणुस्सा -जाव- वेमाणिया एए जहा जीवा तहा भाणियव्वा।***

- पण्ण. प. ११, सु. ८७१-८७६

પ્ર. **દં.૨૦.** ભંતે ! પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવ શું સત્યભાષા બોલે છે **-યાવત્-** શું અસત્યામૃષાભાષા બોલે છે ?

ઉ. ગૌતમ ! પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવ સત્યભાષા બોલતા નથી, મૃષાભાષા બોલતા નથી. સત્યામૃષાભાષા બોલતા નથી. તે ફક્ત એક અસત્યામૃષાભાષા બોલે છે. પરંતુ શિક્ષાપૂર્વક કે ઉત્તરગુણ લબ્ધિની અપેક્ષાથી સત્યભાષા પણ બોલે છે, મૃષાભાષા પણ બોલે છે, સત્યામૃષાભાષા પણ બોલે છે. અસત્યામૃષાભાષા પણ બોલે છે.

દં.૨૧-૨૪. ***મનુષ્યોથી વૈમાનિકો સુધી ભાષા સંબંધી વર્ણન ઔધિક જીવોના સમાન કરવું જોઈએ.***

**५. भासज्जायं भासमाण जीवस्स आराहग विराहगत्तं-**

प. इच्चेयाइं भंते ! चत्तारि भासज्जायाइं भासमाणे किं आराहए विराहए ?

उ. गोयमा ! इच्चेयाइं चत्तारि भासज्जायाइं आउत्ते भासमाणे आराहए, णो विराहए,

तेण परं अस्संजयाऽविरयाऽपडिहयाऽपच्चक्खाय-पावकम्मे सच्चं वा भासं भासंति, मोसं वा, सच्चामोसं वा, असच्चामोसं वा भासं भासमाणे णो आराहए, विराहए। - पण्ण. प. ११, सु. ८९९

**૫. ભાષા પ્રકારોને બોલનાર જીવ આરાધક કે વિરાધક :**

પ્ર. ભંતે ! આ ચારે ભાષા પ્રકારોને બોલનાર આરાધક હોય છે કે વિરાધક હોય છે ?

ઉ. ગૌતમ ! આ ચારે પ્રકારની ભાષાઓનો ઉપયોગ પૂર્વક બોલનાર આરાધક હોય છે, વિરાધક હોતા નથી.

તેનાથી અન્ય જે અસંયત, અવિરત, પાકકર્મનો અપ્રતિઘાતક અને પ્રત્યાખ્યાન ન કરનાર સત્યભાષા બોલનાર તથા મૃષા, સત્યામૃષા અને અસત્યામૃષા ભાષા બોલનાર આરાધક નથી થતો પણ વિરાધક હોય છે.

**६. भासाए अण्णत्तत्त परूवणं-**

प. आया भंते ! भासा, अन्ना भासा ?

उ. गोयमा ! नो आया भासा, अन्ना भासा।

- विया. स. १३, उ. ७, सु. २

**૬. ભાષામાં અનાત્મત્વનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! ભાષા આત્મા છે કે અન્ય છે ?

ઉ. ગૌતમ ! ભાષા આત્મા નથી, અન્ય છે.

**७. भासाए रूवित्त परूवणं-**

प. रूविं भंते ! भासा, अरूविं भासा ?

उ. गोयमा ! रूविं भासा, नो अरूविं भासा।

- विया, स. १३, उ. ७, सु. ३

**૭. ભાષામાં રુપિત્વનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! ભાષા રુપી છે કે અરુપી છે ?

ઉ. ગૌતમ ! ભાષા રુપી છે, અરુપી નથી.

**८. भासाए अचित्तत्त परूवणं-**

प. सचित्ता भंते ! भासा, अचित्ता भासा ?

उ. गोयमा ! नो सचित्ता भासा, अचित्ता भासा।

- विया. स. १३, उ. ७, सु. ४

**૮. ભાષામાં અચિત્તત્વનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! ભાષા સચિત્ત છે કે અચિત્ત છે ?

ગૌતમ ! ભાષા સચિત્ત નથી, અચિત્ત છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**९. भासाए अजीवत्त परूवणं-**

प. जीवा भंते ! भासा, अजीवा भासा ?

उ. गोयमा ! नो जीवा भासा, अजीवा भासा ।

- विया. स. १३, उ. ७, सु. ५

**૯. ભાષામાં અજીવત્વનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! ભાષા જીવ છે કે અજીવ છે ?

ઉ. ગૌતમ ! ભાષા જીવ નથી અજીવ છે.

**१०. अजीवाणं भासा णिसेहो-**

प. जीवाणं भंते ! भासा, अजीवाणं भासा ?

उ. गोयमा ! जीवाणं भासा, नो अजीवाणं भासा ।

- विया, स. १३, उ. ७, सु. ६

**૧૦. અજીવોની ભાષાનો નિષેધ :**

પ્ર. ભંતે ! ભાષા જીવોને હોય છે કે અજીવોને હોય છે ?

ઉ. ગૌતમ ! ભાષા જીવોને હોય છે, અજીવોને હોતી નથી.

**११. भासिज्जमाणीभासाभासा परूवणं-**

प. अण्णउत्थिया णं भंते ! एवमाइक्खंति **-जाव-** एवं परूवेंति-

"पुव्विं भासा भासा, भासिज्जमाणी भासा अभासा,

भासा समय विइक्कंतं च णं भासिया भासा भासा,"

जा सा पुव्विं भासा भासा, भासिज्जभाणी भासा अभासा, भासा समय विइक्कंतं च णं भासिया भासा भासा, सा किं भासओ भासा ? अभासओ भासा ?

उ. अभासओ णं सा भासा, नो खलु सा भासओ भासा ।

प. से कहमेयं भंते ! एवं ?

उ. गोयमा ! जण्णं ते अण्णउत्थिया एवमाइक्खंति **-जाव-** एवं परूवेंति-

"पुव्विं भासा भासा, भासिज्जभाणी भासा अभासा **-जाव-** नो खलु सा भासओ भासा"

जे ते एवमाहंसु मिच्छा ते एवमाहंसु,

अहं पुण गोयमा ! एवमाइक्खामि **-जाव-** एवं परूवेमि

"पुव्विं भासा अभासा, भासिज्जमाणी भासा भासा, भासा समय विइक्कंतं च णं सा भासिया भासा अभासा[1] ।

प. जा सा पुव्विं भासा अभासा, भासिज्जमाणी भासा भासा, भासा समय विइक्कंतं च णं भासिया भासा अभासा, सा किं भागओ भासा, अभासओ भासा ?

**૧૧. "બોલનારી ભાષા જ ભાષા છે" તેનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! અન્યતીર્થિક જે આ પ્રમાણે કહે છે **-યાવત્-** પ્રરુપણા કરે છે કે -

"બોલતા પહેલાની જે ભાષા છે તે ભાષા છે, બોલનારની ભાષા ભાષા નથી."

બોલવાનો સમય વ્યતીત થઈ ગયા પછીની જે ભાષા છે તે ભાષા છે."

જે તે બોલતા પહેલાની ભાષા ભાષા છે, બોલનારની ભાષા ભાષા નથી, બોલવાનો સમય વ્યતીત થઈ ગયા પછીની ભાષા તે ભાષા છે તો શું બોલનારની ભાષા છે કે ન બોલનારની ભાષા છે ?

ઉ. તે ન બોલનારની જ ભાષા છે પરંતુ બોલનારની ભાષા નથી.

પ્ર. ભંતે ! શું તે વર્ણન બરાબર છે ?

ઉ. ગૌતમ ! અન્યતીર્થિક જે આ પ્રમાણે કહે છે **-યાવત્-** પ્રરુપણા કરે છે કે -

"બોલતા પહેલાની જ ભાષા ભાષા છે-બોલનારની ભાષા અભાષા છે **-યાવત્-** બોલનારની ભાષા ભાષા નથી."

આ જે તેનું વર્ણન છે તે મિથ્યા છે.

ગૌતમ ! હું આ પ્રમાણે કહું છું **-યાવત્-** પ્રરુપણા કરું છું કે -

"બોલતા પહેલાની ભાષા અભાષા છે. બોલનારની ભાષા ભાષા છે. બોલવાનો સમય વ્યતીત થઈ ગયા પછીની ભાષા ભાષા નથી.

પ્ર. જે તે બોલતા પહેલાની ભાષા ભાષા નથી, બોલનારની ભાષા ભાષા છે, બોલવાનો સમય વ્યતીત થઈ ગયા પછીની ભાષા ભાષા નથી, તે શું બોલનારની ભાષા છે કે ન બોલનારની ભાષા છે ?

---

१. (क) विया. स. १३, उ. ७, सु. ७ (ख) आचा. सु. २, अ. ४, उ. १, सु. ५२३

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उ. भासओ णं भासा, नो खलु सा अभासओ भासा।

- विया. स. १, उ. १०, सु. १

## १२. भासिज्जमाणी भासा भिज्जइ त्ति परूवणं :-

प. १. पुव्विं भंते ! भासा भिज्जइ ?

२. भासिज्जमाणी भासा भिज्जइ ?

३. भासासमयवीइक्कंता भासा भिज्जइ ?

उ. गोयमा ! १. नो पुव्विं भासा भिज्जइ,

२. भासिज्जमाणी भासा भिज्जइ,

३. नो भासासमयवीइक्कंता भासा भिज्जइ।

- विया. स. १३, उ. ७, सु. ८

## १३. ओहारिणी भासा परूवणं-

प. से णूणं भंते ! मण्णामीति ओहारिणी भासा ?

चिंतेमीति ओहारिणी भासा ?

अह मण्णामीति ओहारिणी भासा ?

अह चिंतेमीती ओहारिणी भासा ?

तह मण्णामीति ओहारिणी भासा ?

तह चिंतेमीति ओहारिणी भासा ?

उ. गोयमा ! मण्णामीति ओहारिणी भासा,

चिंतेमीति ओहारिणी भासा,

अह मण्णामीति ओहारिणी भासा,

अह चिंतेमीति ओहारिणी भासा,

तह मण्णामीति ओहारिणी भासा,

तह चिंतेमीति ओहारिणी भासा।

प. ओहारिणी णं भंते ! भासा किं सच्चा, मोसा, सच्चामोसा, असच्चामोसा ?

उ. गोयमा ! सिय सच्चा, सिय मोसा, सिय सच्चामोसा, सिय असच्चामोसा।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

ઉ. ગૌતમ ! તે બોલનારની ભાષા છે, ન બોલનારની ભાષા નથી.

## ૧૨. બોલતા સમયની ભાષાના ભેદનનું પ્રરુપણ:

પ્ર. ભંતે ! ૧. બોલતા પહેલા ભાષાનું ભેદન થાય છે?

૨. બોલતા સમયે ભાષાનું ભેદન થાય છે ?

૩. બોલવાનો સમય વ્યતીત થઈ ગયા પછી ભાષાનું ભેદન થાય છે ?

ઉ. ગૌતમ ! ૧. બોલતા પહેલા ભાષાનું ભેદન થતું નથી.

૨. બોલતા સમયે ભાષાનું ભેદન થાય છે.

૩. બોલવાનો સમય વ્યતીત થઈ ગયા પછી ભાષાનું ભેદન થતું નથી.

## ૧૩. અવધારિણી ભાષાનું પરુપણ :

પ્ર. ભંતે ! હું એવું માનું છું કે- ભાષા અવધારિણી છે ?

હું એવું ચિંતન કરું છું કે- ભાષા અવધારિણી છે ?

શું હું એવું માનું કે- ભાષા અવધારિણી છે ?

શું હું એવું ચિંતન કરું કે - ભાષા અવધારિણી છે ?

તે પ્રમાણે હું એવું માનુ છું કે- ભાષા અવધારિણી છે ?

તે પ્રમાણે હું એવું ચિંતન કરું છું કે- ભાષા અવધારિણી છે ?

ઉ. હા ગૌતમ ! હું માનું છું કે- ભાષા અવધારિણી છે.

હું ચિંતન કરું છું કે- ભાષા અવધારિણી છે.

હમણાં પણ હું માનું છું કે- ભાષા અવધારિણી છે.

હમણાં પણ હું ચિંતન કરું છું કે- ભાષા અવધારિણી છે.

તે પ્રમાણે હું માનું છું કે- ભાષા અવધારિણી છે.

તે પ્રમાણે હું ચિંતન કરું છું કે- ભાષા અવધારિણી છે.

પ્ર. ભંતે ! અવધારિણી ભાષા શું સત્ય છે, મૃષા છે, સત્યામૃષા છે, અસત્યામૃષા (ન સત્ય, ન અસત્ય) છે ?

ઉ. હા, ગૌતમ ! તે સત્ય પણ હોય છે, મૃષા પણ હોય છે, સત્યામૃષા પણ હોય છે અને અસત્યામૃષા પણ હોય છે.

પ્ર. ભંતે ! શા કારણથી એવું કહેવાય છે કે -

JAINSITE जैनम् जयति शासनम्

"ओहारिणी णं भासा सिय सच्चा, सिय मोसा, सिय सच्चामोसा, सिय असच्चामोसा ?

उ. गोयमा ! १. आराहणी सच्चा,

२. विराहणी मोसा,

३. आराहणविराहणी सच्चामोसा,

४. जा णेव आराहरणी, णेव विराहणी, णेव आराहण-विराहणी, असच्चामोसा णामं सा चउत्थी भासा।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ -

"ओहारिणी णं भासा सिय सच्चा, सिय मोसा, सिय सच्चामोसा, सिय असच्चामोसा।"

- पण्ण. प. ११, सु. ८३०-८३१

**१४. पण्णवणी भासा परूवणं-**

प. अह भंते ! गाओ, मिया, पसू, पक्खी-

पण्णवणी णं एसा भासा ?

ण एसा भासा मोसा ?

उ. हंता, गोयमा ! गाओ, मिया, पसू, पक्खी-

पण्णवणी णं एसा भासा,

ण एसा भासा मोसा।

प. अह भंते ! जा य इत्थिवयू, जा य पुमवयू, जा य णपुंसगवयू-

पण्णवणी णं एसा भासा ?

ण एसा भासा मोसा ?

उ. हंता, गोयमा ! जा य इत्थिवयू, जा य पुमवयू, जा य णपुंसगवयू-

पण्णवणी णं एसा भासा,

ण एसा भासा मोसा।

प. अह भंते ! जा य इत्थिआणमणी, जा य पुमआणमणी, जा य णपुंसगआणमणी-

पण्णवणी णं एसा भासा ?

ण एसा भासा मोसा ?

उ. हंता, गोयमा ! जा य इत्थिआणमणी, जा य पुमआणमणी, जा य णपुंसगआणमणी-

पण्णवणी णं एसा भासा,

ण एसा भासा मोसा।

"અવધારિણી ભાષા સત્ય, મૃષા, સત્યામૃષા અને અસત્યામૃષા પણ હોય છે ?"

ઉ. ગૌતમ ! ૧. આરાધની સત્ય છે,

૨. વિરાધની મૃષા છે.

૩. આરાધની વિરાધની સત્યામૃષા છે.

૪. જો તે આરાધની નથી, વિરાધની નથી અને આરાધની વિરાધની નથી, પણ ચોથી અસત્યામૃષા નામની ભાષા છે.

માટે હે ગૌતમ ! એવું કહેવાય છે કે-

"અવધારિણી ભાષા સત્ય, મૃષા, સત્યામૃષા અને અસત્યામૃષા પણ હોય છે."

**૧૪. પ્રજ્ઞાપની ભાષાની પ્રરુપણા :**

પ્ર. ભંતે ! ગાય, મૃગ, પશુ, પક્ષી -

શું તે ભાષા પ્રજ્ઞાપની છે ?

તે ભાષા મૃષા તો નથી ?

ઉ. હા ગૌતમ ! ગાય, મૃગ, પશુ, પક્ષીની -

તે ભાષા પ્રજ્ઞાપની છે,

તે ભાષા મૃષા નથી.

પ્ર. ભંતે ! તે સ્ત્રીવચન છે, પુરુષવચન છે અને નપુંસકવચન છે,

શું તે પ્રજ્ઞાપની ભાષા છે ?

તે ભાષા મૃષા તો નથી ?

ઉ. હા ગૌતમ ! તે સ્ત્રી વચન છે, પુરુષ વચન છે, નપુંસક વચન છે,

તે ભાષા પ્રજ્ઞાપની છે,

તે ભાષા મૃષા નથી.

પ્ર. ભંતે ! તે સ્ત્રી- આજ્ઞાપની છે, પુરુષ આજ્ઞાપની છે અને નપુંસક આજ્ઞાપની છે,

શું તે પ્રજ્ઞાપની ભાષા છે ?

તે ભાષા મૃષા તો નથી ?

ઉ. હા ગૌતમ ! તે સ્ત્રી આજ્ઞાપની છે, પુરુષ આજ્ઞાપની છે, નપુંસક-આજ્ઞાપની છે.

તે ભાષા પ્રજ્ઞાપની છે.

તે ભાષા મૃષા નથી.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. अह भंते ! जा य इत्थीपण्णवणी, जा य पुमपण्णवणी, जा य णपुंसगपण्णवणी-

पण्णवणी णं एसा भासा ?

ण एसा भासा मोसा ?

उ. हंता, गोयमा ! जा य इत्थिपण्णवणी, जा य पुमपण्णवणी, जा य णपुंसगपण्णवणी-

पण्णवणी णं एसा भासा,

ण एसा भासा मोसा।

प. अह भंते ! जाईति इत्थिवयू, जाईति पुमवयू, जाईति णपुंसगवयू-

૭૭. (૧૩) **અથવા** અનેક ઔદારિક મિશ્ર શરીરકાય પ્રયોગી, અનેક આહારક શરીરકાય પ્રયોગી, એક આહારક મિશ્ર શરીરકાય પ્રયોગી અને એક કાર્મણ શરીરકાય પ્રયોગી હોય છે.

७८. (१४) **अहवेगे** य ओरालियमीसगसरीरका-यप्पओगिणो य, आहारगसरीरकायप्पओगिणो य, आहारगमीसगसरीरकायप्पओगी य, कम्मगसरीर-कायप्पओगिणो य,

૭૮. (૧૪) **અથવા** અનેક ઔદારિક મિશ્ર શરીરકાય પ્રયોગી, અનેક આહારક શરીરકાય પ્રયોગી, એક આહારક મિશ્ર શરીરકાય પ્રયોગી અને અનેક કાર્મણ શરીરકાય પ્રયોગી હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

७९. (१५) **अहवेगे** य ओरालियमीसगसरीरकायप्पओगिणो य, आहारगसरीरकायप्पओगिणो य, आहारगमीसगसरीरकायप्पओगिणो य, कम्मगसरीर-कायप्पओगी य,

७९. (१५) **અથવા** અનેક ઔદારિક મિશ્ર શરીરકાય પ્રયોગી, અનેક આહારક શરીરકાય પ્રયોગી, અનેક આહારક મિશ્ર શરીરકાય પ્રયોગી અને એક કાર્મણ શરીરકાય પ્રયોગી હોય છે.

८०. (१६) **अहवेगे** य ओरालियमीसगसरीरकायप्पओगिणो य, आहारगसरीरकायप्पओगिणो य, आहारगमीसगसरीरकायप्पओगिणो य, कम्मगसरीर-कायप्पओगिणो य,

८०. (१६) **અથવા** અનેક ઔદારિક મિશ્ર શરીરકાય પ્રયોગી, અનેક આહારક શરીરકાય પ્રયોગી, અનેક આહારક મિશ્ર શરીરકાય પ્રયોગી અને અનેક કાર્મણ શરીરકાય પ્રયોગી હોય છે.

***एवं एए चउसंजोएणं सोलस भंगा भवंति।***

***આ પ્રમાણે ચતુઃ સંયોગીથી સોળ ભંગ હોય છે.***

***सव्वेवि य णं सपिंडिया असीतिं भंगा भवंति।***

***તે બધા અસંયોગી ૮, દ્વિકસંયોગી ૨૪, ત્રિકસંયોગી ૩૨ અને ચતુઃસંયોગી ૧૬ એ બધા (મળીને) એંસી (૮૦) ભંગ થાય છે.***

***दं. २२-२४. वाणमंतर-जोइसिय-वेमाणिया जहा असुरकुमारा।***

- पण्ण. प. १६, सु. १०७७-१०८४

***દં. ૨૨-૨૪. વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોના પ્રયોગ અસુરકુમારોના પ્રયોગનાં સમાન સમજવાં જોઈએ.***

## ४. गइप्पवाय परूवणं-

प. कइविहे णं भंते ! गइप्पवाए पण्णत्ते ?

उ. गोयमा ! पंचविहे पण्णत्ते, तं जहा-

१. पओगगई २. ततगई,

३. बंधणच्छेयणगई, ४. उववायगई,

५. विहायगई। -पण्ण. प. १६, सु. १०८५

## ४. ગતિપ્રપાતની પ્રરુપણા :

પ્ર. ભંતે ! ગતિપ્રપાત કેટલા પ્રકારની કહી છે ?

ઉ. ગૌતમ ! પાંચ પ્રકારની કહી છે, જેમકે -

૧. પ્રયોગ ગતિ, ૨. તતગતિ,

૩. બંધનછેદન ગતિ, ૪. ઉપપાત ગતિ,

૫. વિહાયોગતિ.

## ५. पओगगई भेया जीव-चउवीसदंडएसु य परूवणं-

प. १. से किं तं पओगगई ?

उ. पओगगई पण्णरसविहा पण्णत्ता, तं जहा-

१. सच्चमणप्पओगगई **-जाव-** १५ कम्मगसरीर कायप्पओगगई।

***एवं जहा पओगो भणिओ तहा एसा वि भाणियव्वा।***

प. जीवाणं भंते ! कइविहा पओगगई पण्णत्ता ?

उ. गोयमा ! पण्णरसविहा पण्णत्ता, तं जहा-

१. सच्चमणप्पओगगई **-जाव-**

१५. कम्मगसरीरकायप्पओगगई।

## ५. પ્રયોગગતિના ભેદ અને જીવ-ચોવીસ દંડકોમાં પ્રરુપણ :

પ્ર. ૧. પ્રયોગ ગતિ કેટલા પ્રકારની છે ?

ઉ. પ્રયોગ ગતિ પંદર પ્રકારની કહી છે, જેમકે -

૧. સત્યમન : પ્રયોગગતિ **-યાવત્-** ૧૫. કાર્મણ શરીરકાય પ્રયોગ ગતિ.

***જે પ્રમાણે પ્રયોગ પંદર પ્રકારનાં કહ્યા છે. તે જ પ્રમાણે પ્રયોગ ગતિ પણ પંદર પ્રકારની કહેવી જોઈએ.***

પ્ર. ભંતે ! જીવોની પ્રયોગગતિ કેટલા પ્રકારની કહી છે ?

ઉ. ગૌતમ ! તે પંદર પ્રકારની કહી છે, જેમકે

૧. સત્યમનઃ પ્રયોગગતિ **-યાવત્-**

૧૫. કાર્મણ શરીરકાય પ્રયોગગતિ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. **दं. १.** णेरइयाणं भंते ! कइविहा पओगगई पण्णत्ता ?

उ. गोयमा ! एक्कारसविहा पण्णत्ता, तं जहा-

१. सच्चमणप्पओगगई ***एवं उवउज्जिऊण जस्स जइविहा तस्स तइविहा भाणियव्वा -जाव- वेमाणियाणं।***

प. जीवा णं भंते! किं सच्चमणप्पओगगई **-जाव-** कम्मगसरीरकायप्पओगगई ?

उ. गोयमा ! जीवा सव्वे वि ताव होजा, सच्चमणप्पओगगई वि,

***एवं तं चेव पुव्ववण्णियं भाणियव्वं,***

दं. १-२४ ***भंगा तहेव -जाव- वेमाणियाणं।***

***से तं पओगगई।***

- पण्ण. प. १६, सु. १०८६-१०८९

प्र. **દં.૧.** ભંતે ! નારકની પ્રયોગગતિ કેટલા પ્રકારની કહી છે ?

ઉ. ગૌતમ ! અગિયાર પ્રકારની કહી છે, જેમકે -

૧. સત્યમનઃ પ્રયોગગતિ આદિ ***આ પ્રમાણે ઉપયોગ કરીને વૈમાનિકો સુધી જેની જેટલા પ્રકારની ગતિ છે તેની તેટલા પ્રકારની ગતિ કહેવી જોઈએ.***

પ્ર. ભંતે ! જીવ શું સત્યમનઃ પ્રયોગ ગતિવાળા છે **-યાવત્-** કાર્મણ શરીરકાય પ્રયોગ ગતિવાળા છે ?

ઉ. ગૌતમ ! જીવ બધા પ્રકારની ગતિવાળા હોય છે. સત્યમનઃ પ્રયોગ ગતિવાળા પણ હોય છે.

***ઈત્યાદિ પૂર્વવત્ કહેવું જોઈએ.***

દં.૧-૨૪. ***તે પ્રમાણે પૂર્વવત્ (નારકથી) વૈમાનિકો સુધી ભંગ કહેવા જોઈએ.***

***આ પ્રયોગગતિની પ્રરુપણા થઈ.***

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

६. **ततगई सरूवं-**

प. २. से किं तं ततगई ?

उ. ततगई जेणं जं गामं **-जाव-** सण्णिवेसं वा संपट्ठिए असंपत्ते अंतरापहे वट्टइ।

***से तं ततगई।*** -पण्ण. प. १६, सु. १०९०

૬. **તતગતિનું સ્વરુપ :**

પ્ર. ૨. તતગતિ ક્યા પ્રકારની છે ?

ઉ. તતગતિ તે છે, જેના દ્વારા જે ગ્રામ **-યાવત્-** સન્નિવેશના માટે પ્રસ્થાન કરેલ હોય વ્યક્તિ હજી પહોંચેલ નથી વચના માર્ગમાં જ છે.

***આ તતગતિનું સ્વરુપ છે.***

७. **बंधणछेयणगई सरूवं-**

प. ३. से किं तं बंधणच्छेयणगई ?

उ. बंधणच्छेयणगई जेणं जीवो वा सरीराओ, सरीरं वा जीवाओ।

***से तं बंधणच्छेयणगई।***

- पण्ण. प. १६, सु. १०९१

૭. **બન્ધન છેદન ગતિનું સ્વરુપ :**

પ્ર. ૩. બન્ધન છેદન ગતિ શું છે ?

ઉ. બન્ધન છેદન ગતિ તે છે, જેના દ્વારા જીવ શરીરથી બન્ધન તોડીને બાહર નીકળે છે અથવા શરીર જીવથી પૃથક્ હોય છે.

***આ બન્ધન છેદન ગતિનું સ્વરુપ છે.***

८. **उववायगई भेयप्पभेया-**

प. ४. से किं तं उववायगई ?

उ. उववायगई तिविहा पण्णत्ता, तं जहा-

१. खेत्तोववायगई, २. भवोववायगई,

३. णोभवोववायगई।

૮. **ઉપપાત ગતિનાં ભેદ-પ્રભેદ :**

પ્ર. ૪. ઉપપાત ગતિ કેટલા પ્રકારની છે ?

ઉ. ઉપપાત ગતિ ત્રણ પ્રકારની કહી છે, જેમકે -

૧. ક્ષેત્રોપપાતગતિ, ૨. ભવોપપાતગતિ,

૩. નોભવોપપાતગતિ.

प. से किं तं खेत्तोववायगई ?

उ. खेत्तोववायगई पंचविहा पण्णत्ता, तं जहा-

१. णेरइयखेत्तोववायगई,

२. तिरिक्खजोणियखेत्तोववायगई,

३. मणूसखेत्तोववायगई,

४. देवखेत्तोववायगई,

५. सिद्धखेत्तोववायगई।

प. से किं तं णेरइयखेत्तोववायगई ?

उ. णेरइयखेत्तोववायगई सत्तविहा पण्णत्ता, तं जहा-

१. रयणप्पहापुढविणेरइयखेत्तोववायगई **-जाव-**

७. अहेसत्तमापुढविणेरइयखेत्तोववायगई।

***से तं णेरइयखेत्तोववायगई।***

प. से किं तं तिरिक्खजोणिय खेत्तोववागयई ?

उ. तिरिक्खजोणिय-खेत्तोववायगई पंचविहा पण्णत्ता, तं जहा-

१. एगिंदिय-तिरिक्खजोणिय-खेत्तोववायगई **-जाव-**

५. पंचेंदिय-तिरिक्खजोणिय-खेत्तोववायगई।

***से तं तिरिक्खजोणिय-खेत्तोववायगई।***

प. से किं तं मणूसखेत्तोववायगई ?

उ. मणूस-खेत्तोववायगई दुविहा पण्णत्ता, तं जहा-

१. सम्मुच्छिम-मणुस्स-खेत्तोववायगई,

२. गब्भवक्कंतिय-मणुस्स-खेत्तोववायगई।

***से तं मणूस-खेत्तोववायगई।***

प. से किं तं देवखेत्तोववायगई ?

उ. देवखेत्तोववायगई चउव्विहा पण्णत्ता, तं जहा-

१. भवणवइ देव- खेत्तोववायगई **-जाव-**

४. वेमाणिय देव-खेत्तोववायगई।

***से तं देवखेत्तोववायगई।***

પ્ર. ક્ષેત્રોપપાતગતિ કેટલા પ્રકારની છે ?

ઉ. ક્ષેત્રોપપાતગતિ પાંચ પ્રકારની કહી છે, જેમકે -

૧. નારક ક્ષેત્રોપપાતગતિ,

૨. તિર્યંચયોનિક ક્ષેત્રોપપાતગતિ,

૩. મનુષ્ય ક્ષેત્રોપપાતગતિ,

૪. દેવ ક્ષેત્રોપપાતગતિ,

૫. સિદ્ધ ક્ષેત્રોપપાતગતિ.

પ્ર. નારક ક્ષેત્રોપપાત ગતિ કેટલા પ્રકારની છે ?

ઉ. નારક ક્ષેત્રોપપાત ગતિ સાત પ્રકારની કહી છે, જેમકે -

૧. રત્નપ્રભા પૃથ્વીનારક ક્ષેત્રોપપાત ગતિ **-યાવત્-**

૭. અધઃસપ્તમપૃથ્વી નારક ક્ષેત્રોપપાત ગતિ.

***આ નારક ક્ષેત્રોપપાત ગતિની પ્રરુપણા થઈ.***

પ્ર. તિર્યંચયોનિક ક્ષેત્રોપપાતગતિ કેટલા પ્રકારની છે ?

ઉ. તિર્યંચયોનિક ક્ષેત્રોપપાતગતિ પાંચ પ્રકારની કહી છે, જેમકે -

૧. એકેન્દ્રિય તિર્યંચયોનિક ક્ષેત્રોપપાતગતિ **-યાવત્-**

૫. પંચેન્દ્રિય તિર્યંચયોનિક ક્ષેત્રોપપાતગતિ.

***આ તિર્યંચયોનિક ક્ષેત્રોપપાત ગતિની પ્રરુપણા થઈ.***

પ્ર. મનુષ્ય ક્ષેત્રોપપાત ગતિ કેટલા પ્રકારની છે ?

ઉ. મનુષ્ય ક્ષેત્રોપપાત ગતિ બે પ્રકારની કહી છે, જેમકે -

૧. સમ્મૂર્ચ્છિમ મનુષ્ય- ક્ષેત્રોપપાત ગતિ,

૨. ગર્ભજ મનુષ્ય- ક્ષેત્રોપપાત ગતિ.

***આ મનુષ્ય ક્ષેત્રોપપાત ગતિની પ્રરુપણા થઈ.***

પ્ર. દેવક્ષેત્રોપપાતગતિ કેટલા પ્રકારની છે ?

ઉ. દેવક્ષેત્રોપપાતગતિ ચાર પ્રકારની કહી છે, જેમકે -

૧. ભવનપતિ દેવ - ક્ષેત્રોપપાત ગતિ **-યાવત્-**

૪. વૈમાનિક દેવ - ક્ષેત્રોપપાત ગતિ.

***આ દેવ ક્ષેત્રોપપાતગતિની પ્રરુપણા થઈ.***

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. से किं सिद्धखेत्तोववायगई ?

उ. सिद्धखेत्तोववायगई अणेगविहा पण्णत्ता, तं जहा-

**जंबुद्दीवे** दीवे भरहेरवयवाससपक्खिं सपडिदिसिं सिद्धखेत्तोववायगई,

**जंबुद्दीवे** दीवे चुल्लहिमवंत-सिहरिवा सहरपव्वयस-पक्खिं सपडिदिसिं सिद्धखेत्तोववायगई,

**जंबुद्दीवे** दीवे हेमवय-हेरण्णवयवाससपक्खिं सपडिदिसिं सिद्धखेत्तोववायगई,

**जंबुद्दीवे** दीवे सद्दावइ-वियडावइवट्टवेयड्ढ-सपक्खिं सपडिदिसिं सिद्धखेत्तोववायगई,

**जंबुद्दीवे** दीवे महाहिमवंत-रूप्पिवासहरपव्व-यसपक्खिं सपडिदिसिं सिद्धखेत्तोववायगई,

**जंबुद्दीवे** दीवे हरिवास-रम्मगवाससपक्खिं सपडिदिसिं सिद्धखेत्तोववायगई,

**जंबुद्दीवे** दीवे गंधावइ-मालवंतपरियायवट्टवेयड्ढ-सपक्खिं सपडिदिसिं सिद्धखेत्तोववायगई,

**जंबुद्दीवे** दीवे णिसढ-णीलवंतवासहरपव्वयसपक्खिं सपडिदिसिं सिद्धखेत्तोववायगई,

**जंबुद्दीवे** दीवे पुव्वविदेह-अवरविदेहसपक्खिं सपडिदिसिं सिद्धखेत्तोववायगई,

**जंबुद्दीवे** दीवे देवकुरूत्तरकुरूसपक्खिं सपडिदिसिं सिद्धखेत्तोववायगई,

**जंबुद्दीवे** दीवे मंदरस्स पव्वयस्स सपक्खिं सपडिदिसिं सिद्धखेत्तोववायगई,

પ્ર. સિદ્ધ ક્ષેત્રોપપાત ગતિ કેટલા પ્રકારની છે ?

ઉ. સિદ્ધ ક્ષેત્રોપપાત ગતિ અનેક પ્રકારની કહી છે, જેમકે-

**જમ્બૂદ્વીપ** નામક દ્વીપમાં ભરત અને ઐરવત વર્ષ (ક્ષેત્ર)ની બધી દિશાઓ અને બધી વિદિશાઓમાં સિદ્ધક્ષેત્રોપપાતગતિ હોય છે.

**જમ્બૂદ્વીપ** નામક દ્વીપમાં ક્ષુદ્ર હિમવાન અને શિખરી વર્ષધર પર્વતની બધી દિશાઓમાં અને વિદિશાઓમાં સિદ્ધ ક્ષેત્રોપપાતગતિ હોય છે.

**જમ્બૂદ્વીપ** નામક દ્વીપમાં હેમવત અને હૈરણ્યવત વર્ષમાં બધી દિશાઓ અને વિદિશાઓમાં સિદ્ધક્ષેત્રોપપાતગતિ હોય છે.

**જમ્બૂદ્વીપ** નામક દ્વીપમાં શબ્દાપાતી અને વિકટાપાતી વૃત્ત વૈતાઢ્ય પર્વતની બધી દિશાઓ અને વિદિશાઓમાં સિદ્ધ ક્ષેત્રોપપાતગતિ હોય છે.

**જમ્બૂદ્વીપ** નામક દ્વીપમાં મહાહિમવન્ત અને રુક્મી નામક વર્ષધર પર્વતોની બધી દિશાઓ અને વિદિશાઓમાં સિદ્ધ ક્ષેત્રોપપાતગતિ હોય છે.

**જમ્બૂદ્વીપ** નામક દ્વીપમાં હરિવર્ષ અને રમ્યક્‌વર્ષની બધી દિશાઓ-વિદિશાઓમાં સિદ્ધક્ષેત્રોપપાત ગતિ હોય છે.

**જમ્બૂદ્વીપ** નામક દ્વીપમાં ગન્ધાવતી માલ્યવન્ત પર્યાય નામક વૃત્તવૈતાઢ્યપર્વતની સમસ્ત દિશાઓ - વિદિશાઓમાં સિદ્ધક્ષેત્રોપપાતગતિ હોય છે.

**જમ્બૂદ્વીપ** નામક દ્વીપમાં નિષધ અને નીલવંત નામક વર્ષધર પર્વતની બધી દિશાઓ-વિદિશાઓમાં સિદ્ધક્ષેત્રોપપાતગતિ હોય છે.

**જમ્બૂદ્વીપ** નામક દ્વીપમાં પૂર્વવિદેહ અને અપરવિદેહની બધી દિશાઓ-વિદિશાઓમાં સિદ્ધક્ષેત્રોપપાતગતિ હોય છે.

**જમ્બૂદ્વીપ** નામક દ્વીપમાં દેવકુરુ અને ઉત્તરકુરુ ક્ષેત્રની બધી દિશાઓ-વિદિશાઓમાં સિદ્ધક્ષેત્રોપપાતગતિ હોય છે.

**જમ્બૂદ્વીપ** નામક દ્વીપમાં મંદર પર્વતની બધી દિશાઓ અને વિદિશાઓમાં સિદ્ધક્ષેત્રોપપાતગતિ હોય છે.

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्

**लवणसमुद्दे** सपक्खिं सपडिदिसिं सिद्धखेत्तोववायगई,

**लवण समुद्र**नी बधी दिशाओ अने विदिशाओमां सिद्धक्षेत्रोपपात गति होय छे.

**धायइसंडे** दीवे पुरिमद्धपच्छिमद्धमंदरपव्वयस्स सपक्खिं सपडिदिसिं सिद्धखेत्तोववायगई,

**धातकीखंड** द्वीपना पूर्वार्द्ध अने पश्चिमार्द्धमां स्थित मंदर पर्वतनी बधी दिशाओ-विदिशाओमां सिद्धक्षेत्रोपपात गति होय छे.

**कालोयसमुद्दे** सपक्खिं सपडिदिसिं सिद्धखेत्तोववायगई,

**काळोदसमुद्र**नी समस्त दिशाओ-विदिशाओमां सिद्धक्षेत्रोपपात गति होय छे.

**पुक्खरवरदीवड्ढ** पुरिमड्ढभरहेरवयवाससपक्खिं सपडिदिसिं सिद्धखेत्तोववायगई,

**पुष्करवर द्वीपार्द्ध**नां पूर्वार्द्धमां भरत अने ऐरवत वर्षनी बधी दिशाओ अने विदिशाओमां सिद्धक्षेत्रोपपात गति होय छे.

**एवं -जाव-** पुक्खरवरदीवड्ढपच्छिमद्धमंदरपव्वयस्स सपक्खिं सपडिदिसिं सिद्धखेत्तोववायगई।

**आ प्रमाणे -यावत्-** पुष्करवर द्वीपार्द्धनां पश्चिमार्द्धमां स्थित मंदर पर्वतनी बधी दिशाओ अने विदिशाओमां सिद्धक्षेत्रोपपात गति होय छे.

***से तं सिद्धखेत्तोववायगई।***

***आ सिद्धक्षेत्रोपपातगतिनुं वर्णन थयुं.***

***से तं खेत्तोववायगई।***

***आ प्रमाणे क्षेत्रोपपातगतिनी प्ररुपणा पूर्ण थई.***

प. से किं तं भवोववायगई ?

उ. भवोववायगई चउव्विहा पण्णत्ता, तं जहा-

१. णेरइयभवोववायगई **-जाव-**

४. देवभवोववायगई।

प्र. भवोपपातगति केटला प्रकारनी छे ?

उ. भवोपपातगति चार प्रकारनी कही छे, जेमके-

१. नारक भवोपपात गति **-यावत्-**

४. देव भवोपपात गति.

प. से किं तं णेरइयभवोववायगई ?

प्र. नारक भवोपपात गति केटला प्रकारनी कही छे ?

उ. णेरइयभवोववायगई सत्तविहा पण्णत्ता, तं जहा-

उ. नारक भवोपपात गति सात प्रकारनी कही छे, जेमके-

१. रयणप्पभापुढविणेरइय-भवोववायगई **-जाव-**

७. अहेसत्तमापुढविणेरइय-भवोववायगई।

१. रत्नप्रभापृथ्वी नारक भवोपपात गति **-यावत्-**

७. अधःसप्तम पृथ्वी नारक भवोपपात गति.

***एवं सिद्धवज्जो भेओ भाणियव्वो, जो चेव खेत्तोववायगईए सो चेव भवोववायगईए।***

***आ प्रमाणे सिद्धोने छोडीने क्षेत्रोपपात गतिनां जे भेद कह्या छे ते ज भवोपपात गतिनां भेद पण कहेवा जोईए.***

***से त्तं भवोववायगई।***

***आ भवोपपातगतिनी प्ररुपणा थई.***

प. से किं तं णो भवोववायगई ?

उ. णो भवोववायगई दुविहा पण्णत्ता, तं जहा-

१. पोग्गलणोभवोववायगई,

२. सिद्धणोभवोववायगई य।

प्र. नो भवोपपातगति केटला प्रकारनी छे ?

उ. नोभवोपपातगति बे प्रकारनी कही छे, जेमके-

१. पुद्गल-नोभवोपपात गति.

२. सिद्ध-नोभवोपपात गति.

जैनम् जयति शासनम् JAINSITE .com

प. से किं तं पोग्गलणोभवोववायगई ?

उ. पोग्गलणोभवोववायगई-जण्णं परमाणुपोग्गले लोगस्स पुरत्थिमिल्लाओ चरिमंताओ पच्छिमिल्लं चरिमंतं एगसमएणं गच्छइ,

पच्छिल्लिाओ वा चरिमंताओ पुरत्थिमिल्लं चरिमंतं एगसमएणं गच्छइ,

दाहिणिल्लाओ वा चरिमंताओ उत्तरिल्लं चरिमंतं एगसमएणं गच्छइ,

***एवं उत्तरिल्लाओ दाहिणिल्लं, उवरिल्लाओ हेट्ठिल्लं, हेट्ठिल्लाओ वा उवरिल्लं।***

***से तं पोग्गल णोभवोववायगई।***

प. से किं तं सिद्धणोभवोववायगई ?

उ. सिद्धणोभवोववायगई दुविहा पण्णत्ता, तं, जहा-

१. अणंतरसिद्धणोभवोववायगई य,

२. परंपरसिद्धणोभवोववायगई य।

प. से किं तं अणंतरसिद्धणोभवोववायगई ?

उ. अणंतरसिद्धणोभवोववायगई पन्नरसविहा पण्णत्ता, तं जहा-

१. तित्थसिद्धअणंतरसिद्धणोभवोववायगई य **-जाव-**

१५. अणेगसिद्धअणंतरसिद्धणोभवोववायगई य।

***से तं अणंतरसिद्धणोभवोववायगई।***

प. से किं तं परंपरसिद्धणोभवोववायगई ?

उ. परंपरसिद्धणोभवोववायगई अणेगविहा पण्णत्ता, तं जहा-

अपढमसमयसिद्धणोभवोववायगई एवं - दुसमय - सिद्धणोभवोववायगई **-जाव-** अणंतरसमयसिद्धणोभवोववायगई।

***से तं परंपरसिद्धणोभवोववायगई।***

પ્ર. પુદ્‌ગલ નોભવોપપાત ગતિ શું છે ?

ઉ. પુદ્‌ગલ નોભવોપપાત ગતિ એ છે, જે પુદ્‌ગલ પરમાણુ લોકનાં પૂર્વી ચરમાન્ત અર્થાત્ કિનારાથી પશ્ચિમી ચરમાન્ત સુધી એક જ સમયમાં ગમન કરે છે.

પશ્ચિમી ચરમાન્તથી પૂર્વી ચરમાન્ત સુધી એક જ સમયમાં ગમન કરે છે.

દક્ષિણી ચરમાન્તથી ઉત્તરી ચરમાન્ત સુધી એક જ સમયમાં ગતિ કરે છે.

***ઉત્તરી ચરમાન્તથી દક્ષિણી ચરમાન્ત સુધી તથા ઉપરી ચરમાન્તથી નીચેના ચરમાન્ત સુધી અને નીચેના ચરમાંન્તથી ઉપરના ચરમાન્ત સુધી એક જ સમયમાં ગતિ કરે છે.***

***આ પુદ્‌ગલ નોભવોપપાતગતિ કહેવાય છે.***

પ્ર. સિદ્ધ નોભવોપપાતગતિ કેટલા પ્રકારની છે.?

ઉ. સિદ્ધ નોભવોપપાતગતિ બે પ્રકારની કહી છે, જેમકે-

૧. અનન્તરસિદ્ધ નોભવોપપાતગતિ,

૨. પરંપરસિદ્ધ નોભવોપપાતગતિ.

પ્ર. અનન્તરસિદ્ધ નોભવોપપાતગતિ કેટલા પ્રકારની છે ?

ઉ. અનન્તર સિદ્ધ નોભવોપપાતગતિ પંદર પ્રકારની કહી છે, જેમકે-

૧. તીર્થસિદ્ધ-અનન્તર સિદ્ધ-નોભવોપપાતગતિ **-યાવત્-**

૧૫. અનેક સિદ્ધ-અનન્તર સિદ્ધ- નોભવોપપાતગતિ..

***આ અનન્તરસિદ્ધ-નોભવોપપાતગતિનું પ્રરુપણ થયું.***

પ્ર. પરંપરસિદ્ધ-નોભવોપપાતગતિ કેટલા પ્રકારની છે ?

ઉ. પરંપરસિદ્ધ-નોભવોપપાતગતિ અનેક પ્રકારની કહી છે, જેમકે-

અપ્રથમ સમયસિદ્ધ- નોભવોપપાતગતિ અને દ્વિસમય સિદ્ધ નોભવોપપાતગતિ **-યાવત્-** અનન્તર સમયસિદ્ધ-નોભવોપપાતગતિ.

***આ પરંપરસિદ્ધ-નોભવોપપાતગતિનું પ્રરુપણ થયું.***

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

से तं सिद्धणोभवोववायगई ।

से तं णोभवोववायगई ।

से तं उववायगई ।

- पण्ण. प. १६, सु. १०९२-११०४

## ९. सत्तरसविहाविहायगई-

प. ५. से किं तं विहायगई ?

उ. विहायगई सत्तरसविहा पण्णत्ता, तं जहा-

१. फुसमाणगई, २. अफुसमाणगई,
३. उवसंपज्जमाणगई, ४. अणुवसंपज्जमाणगई,
५. पोग्गलगई, ६. मंडूयगई,
७. णावागई, ८. णयगई,
९. छायागई, १०. छायाणुवायगई,
११. लेसागई, १२. लेस्साणुवायगई,
१३. उद्दिसपविभत्तगई,
१४. चउपुरिसपविभत्तगई,
१५. वंकगई, १६. पंकगई,
१७. बंधणविमोयणगई ।

प. १. से किं तं फुसमाणगई ?

उ. फुसमाणगई जण्णं परमाणुपोग्गले दुपएसिय -जाव- अणंतपएसियाणं खंधाणं अण्णमण्णं फुसित्ताण गई पवत्तइ ।

*से तं फुसमाणगई ।*

प. २. से किं तं अफुसमाणगई ?

उ. अफुसमाणगई जण्णं एएसिं चेव अफुसित्ता णं गई पवत्तइ ।

*से तं अफुसमाणगई ।*

प. ३. से किं तं उवसंपज्जमाणगई ?

उ. उवसंपज्जमाणगई जण्णं रायं वा, जुवरायं वा, ईसरं वा, तलवरं वा, माडंबियं वा, कोडुंबियं वा, इब्भं वा, सेट्ठिं वा, सेणावइं वा, सत्थवाहं वा उवसंपज्जित्ता णं गच्छइ ।

**से तं उवसंपज्जमाणगई ।**

**આ સિદ્ધ-નોભવોપપાતગતિનું વર્ણન થયું.**

**આ નોભવોપપાતગતિની પ્રરુપણા થઈ.**

**આ ઉપપાતગતિનું વર્ણન પૂર્ણ થયું.**

## ૯. સત્તર પ્રકારની વિહાયોગતિ :

પ્ર. ૫. વિહાયોગતિ કેટલા પ્રકારની છે ?

ઉ. વિહાયોગતિ સત્તર પ્રકારની કહી છે, જેમકે-

૧. સ્પૃશદ્માનગતિ, ૨. અસ્પૃશદ્માનગતિ.
૩. ઉપસંપદ્યમાનગતિ, ૪. અનુપસંપદ્યમાનગતિ.
૫. પુદ્‌ગલગતિ, ૬. મંડૂકગતિ,
૭. નૌકાગતિ, ૮. નયગતિ,
૯. છાયાગતિ, ૧૦. છાયાનુપાતગતિ,
૧૧. લેશ્યાગતિ, ૧૨. લેશ્યાનુપાતગતિ,
૧૩. ઉદ્દિશ્યપ્રવિભક્તગતિ,
૧૪. ચતુઃપુરુષ પ્રવિભક્તગતિ,
૧૫. વક્રગતિ, ૧૬. પંકગતિ,
૧૭. બંધનવિમોચનગતિ.

પ્ર. ૧. સ્પૃશદ્માનગતિ કોને કહે છે ?

ઉ. પરમાણુ પુદ્‌ગલની અથવા દ્વિપ્રદેશી -યાવત્- અનન્ત પ્રદેશી સ્કંધોની એક બીજાને સ્પર્શ કરતાં જે ગતિ થાય છે તે સ્પૃશદ્માન ગતિ છે.

**આ સ્પૃશદ્માનગતિનું વર્ણન છે.**

પ્ર. ૨. અસ્પૃશદ્માન ગતિ કોને કહે છે ?

ઉ. (જે આ પરમાણુ પુદ્‌ગલોથી લઈને અનન્ત પ્રદેશી સ્કંધોને) પરસ્પર સ્પર્શ કર્યા વગર જે ગતિ થાય છે તે અસ્પૃશદ્‌ગતિ છે.

**આ અસ્પૃશદ્માનગતિનું સ્વરુપ છે.**

પ્ર. ૩. ઉપસંપદ્યમાનગતિ કોને કહે છે ?

ઉ. ઉપસંપદ્યમાનગતિ એવી છે, જેમાં વ્યક્તિ રાજા, યુવરાજ, ઈશ્વર (ઐશ્વર્યશાળી) તલવર (કોઈ રાજા દ્વારા નિયુક્ત પટ્ટધર શાસક) માડંલિક (મંડલાધિપતિ) ઈભ્ય (ધનાઢ્ય) શેઠ, સેનાપતિ કે સાર્થવાહને આશ્રય કરીને (તેના સહયોગ કે સહારાથી) ગમન કરે છે.

**આ ઉપસંપદ્યમાન ગતિનું સ્વરૂપ છે.**

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

प. ४. से किं तं अणुवसंपज्जमाणगई ?

उ. अणुवसंपज्जमाणगई जण्णं एएसिं चेव अण्णमण्णं अणुवसंपज्जित्ता णं गच्छइ।

**से तं अणुवसंपज्जमाणगई।**

પ્ર. ૪. અનુપસંપદ્યમાનગતિ કોને કહે છે ?

ઉ. આજ પૂર્વોક્ત (રાજા આદિ)નું પરસ્પર આશ્રય ન લઈને જે ગતિ થાય છે. તે અનુપસંપદ્યમાન ગતિ છે.

**આ અનુપસંપદ્યમાન ગતિનું સ્વરૂપ છે.**

प. ५. से किं तं पोग्गलगई ?

उ. पोग्गलगई जण्णं परमाणुपोग्गलाणं **-जाव-** अणंतपएसियाणं खंधाणं पवत्तइ।

**से तं पोग्गलगई।**

પ્ર. ૫. પુદ્ગલગતિ કોને કહે છે ?

ઉ. પરમાણુ પુદ્ગલોની **-યાવત્-** અનન્તપ્રદેશી સ્કંધોની ગતિ પુદ્ગલગતિ છે.

**આ પુદ્ગલગતિનું સ્વરૂપ છે.**

प. ६. से किं तं मंडूयगई ?

उ. मंडूयगई जण्णं मंडूए उप्फिडिया उप्फिडिया गच्छइ।

**से तं मंडूयगई।**

પ્ર. ૬. દેડકાગતિ કોને કહે છે ?

ઉ. દેડકો જે ઉછળી-ઉછળીને ગતિ કરે છે તે દેડકાગતિ કહેવાય છે.

**આ દેડકાગતિનું સ્વરૂપ છે.**

प. ७. से किं तं णावागई ?

उ. णावागई जण्णं णावा पुव्ववेयालीओ दाहिणवेयालिं जलपहेणं गच्छइ, दाहिणवेयालीओ वा अवरवेयालिं जलपहेणं गच्छइ।

**से तं णावागई।**

પ્ર. ૭. નૌકાગતિ કોને કહે છે ?

ઉ. જેમ નૌકા પૂર્વી વૈતાલી (તટ)થી દક્ષિણી વૈતાલીની તરફ જલપથથી જાય છે અથવા દક્ષિણી વૈતાલીથી પશ્ચિમી વૈતાલીની તરફ જલપથથી જાય છે. એવી ગતિ નૌકાગતિ છે

**આ નૌકાગતિનું સ્વરૂપ છે.**

प. ८. से किं तं णयगई ?

उ. णयगई जण्णं णेगम-संगह-ववहार-उज्जुसुय-सद्द-समभिरूढ-एवंभूयाणं णयाणं जा गई, अहवा सव्वणया वि जं इच्छंति।

**से तं णयगई।**

પ્ર. ૮. નયગતિ કોને કહે છે ?

ઉ. નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરુઢ અને એવંભૂત આ સાત નયોની જે પ્રવૃત્તિ છે અથવા બધા નય જે માને છે તે નયગતિ છે.

**આ નયગતિનું સ્વરૂપ છે.**

प. ९. से किं तं छायागई ?

उ. छायागई जण्णं हयच्छायं वा, गयच्छायं वा, नरच्छायं वा, किन्नरच्छायं वा, महोरगच्छायं वा, गंधव्वच्छायं वा, उसहच्छायं वा, रहच्छायं वा, छत्तच्छायं वा, उवसंपज्जित्ता णं गच्छइ।

**से तं छायागई।**

પ્ર. ૯. છાયાગતિ કોને કહે છે ?

ઉ. અશ્વની છાયા, હાથીની છાયા, મનુષ્યની છાયા, કિન્નરની છાયા, મહોરગની છાયા ગન્ધર્વની છાયા, વૃષભની છાયા, રથની છાયા, છત્રની છાયાનો આશ્રય કરીને જે ગમન કરે છે તે છાયાગતિ છે.

**આ છાયાગતિનું સ્વરૂપ છે.**

प. १०. से किं तं छायाणुवायगई ?

उ. छायाणुवायगई-जण्णं पुरिसं छाया अणुगच्छइ, णो पुरिसे छायं अणुगच्छइ।

પ્ર. ૧૦. છાયાનુપાતગતિ કોને કહે છે ?

ઉ. છાયા પુરુષ આદિ પોતાના નિમિત્તનું અનુગમન કરે છે, પરંતુ પુરુષ છાયાનું અનુગમન કરતા નથી. તે છાયાનુપાતગતિ છે.

JAINSITE जैन साईट जैनम् जयति शासनम्

**से तं छायाणुवायगई।**

प. ११. से किं तं लेस्सागई ?

उ. लेस्सागई जण्णं कण्हलेस्सा णीललेस्सं पप्प तारूवत्ताए तावणत्ताए तागंधत्ताए तारसत्ताए ताफासत्ताए भुज्जो-भुज्जो परिणमइ,

**एवं** णीललेस्सा काउलेस्सं पप्प तारूवत्ताए **-जाव-** ताफासत्ताए परिणमइ,

**एवं** काउलेस्सा वि तेउलेस्सं, तेउलेस्सा वि पम्हलेस्सं, पम्हलेस्सा वि सुक्कलेस्सं पप्प तारूवत्ताए **-जाव-** परिणमइ।

**से तं लेस्सागई।**

प. १२. से किं तं लेस्साणुवायगई ?

उ. लेस्साणुवायगई जल्लेस्साइं दव्वाइं परियाइत्ता कालं करेइ तल्लेस्सेसु उववज्जइ, तं जहा-

कण्हलेस्सेसु वा **-जाव-** सुक्कलेस्सेसु वा।

**से तं लेस्साणुवायगई।**

प. १३. से किं तं उद्दिस्सपविभत्तगई ?

उ. उद्दिस्सपविभत्तगई जेणं आयरियं वा, उवज्झायं वा, थेरं वा, पवत्तं वा, गणिं वा, गणहरं वा, गणावच्छेइयं वा उद्दिसिय-उद्दिसिय गच्छइ।

**से तं उद्दिस्सपविभत्तगई।**

प. १४. से किं तं चउपुरिसपविभत्तगई ?

उ. चउपुरिसपविभत्तगई से जहाणामए चत्तारि पुरिसा, तं जहा-

१. समगं पट्ठिता समगं पज्जवट्ठिया,

२. समगं पट्ठिया विसमं पज्जवट्ठिया,

**આ છાયાનુપાતગતિનું સ્વરૂપ છે.**

પ્ર. ૧૧. લેશ્યાગતિ કોને કહે છે ?

ઉ. કૃષ્ણલેશ્યાનાં દ્રવ્ય, નીલ લેશ્યાનાં દ્રવ્યને પ્રાપ્ત કરીને તેના જ વર્ણરુપમાં, તેના જ ગંધરુપમાં, તેના જ રસ રુપમાં તથા તેના જ સ્પર્શરુપમાં વારંવાર જે પરિણત થાય છે.

**આ પ્રમાણે** નીલલેશ્યા પણ કાપોતલેશ્યાને પ્રાપ્ત કરીને તેના જ વર્ણરુપમાં **-યાવત્-** તેના જ સ્પર્શરુપમાં પરિણત થાય છે.

**આ પ્રમાણે** કાપોતલેશ્યા પણ તેજોલેશ્યાને, તેજોલેશ્યા પદ્મલેશ્યાને અને પદ્મલેશ્યા શુકલ-લેશ્યાને પ્રાપ્ત કરીને તેનાજ વર્ણ રુપમાં **-યાવત્-** તેના જ સ્પર્શરુપમાં પરિણત થાય છે. તે લેશ્યાગતિ છે.

**આ લેશ્યાગતિનું સ્વરૂપ છે.**

પ્ર. ૧૨. લેશ્યાનુપાતગતિ કોને કહે છે ?

ઉ. જે જેવી લેશ્યાનાં દ્રવ્યોને ગ્રહણ કરીને (જીવ) કાળ કરે છે. (મરે છે) તેવી લેશ્યાવાળા (જીવો)માં તે ઉત્પન્ન થાય છે, જેમકે-

કૃષ્ણલેશ્યાવાળા દ્રવ્યોમાં **-યાવત્-** શુકલ લેશ્યાવાળા દ્રવ્યોમાં (આ પ્રકારની ગતિ) લેશ્યાનુપાત ગતિ છે.

**આ લેશ્યાનુપાતગતિનું સ્વરૂપ છે.**

પ્ર. ૧૩. ઉદ્દિશ્યપ્રવિભક્તગતિ કોને કહે છે ?

ઉ. આચાર્ય, ઉપાધ્યાય, સ્થવિર, પ્રવર્તક, ગણી, ગણધર કે ગણાવચ્છેદકને લક્ષ્ય (ઉદ્દેશ્ય) કરીને જે ગમન કરાય છે તે ઉદ્દિશ્યપ્રવિભક્તગતિ છે.

**આ ઉદ્દિશ્યપ્રવિભક્તગતિનું સ્વરૂપ છે.**

પ્ર. ૧૪. ચતુઃપુરુષપ્રવિભક્તગતિ કોને કહે છે ?

ઉ. ચતુઃ પુરુષપ્રવિભક્તગતિ ચાર પ્રકારની છે, જેમકે-

૧. જેમ ચાર પુરુષોનું એક સાથે પ્રસ્થાન અને ચારેયનું એક સાથે પહોંચવું.

૨. ચાર પુરુષોનું એક સાથ પ્રસ્થાન, પરંતુ અલગ-અલગ પહોંચવું.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

३. विसमं पट्ठिया समगं पज्जवट्ठिया,

४. विसमं पट्ठिया विसमं पज्जवट्ठिया।

***से तं चउपुरिसपविभत्तगई।***

प. १५. से किं तं वंकगई ?

उ. वंकगई चउव्विहा पण्णत्ता, तं जहा-

१. घट्टणया, २. थंभणया,

३. लेसणया, ४. पवडणया।

***से तं वंकगई।***

प. १६. से किं तं पंकगई ?

उ. पंकगई से जहाणामए केइ पुरिसे सेयंसि वा, पंकंसि वा, उदयंसि वा कायं उब्बहिया गच्छइ।

***से तं पंकगई।***

प. १७. से किं तं बंधणविमोयणगई ?

उ. बंधणविमोयणगई जण्णं अंबाण वा, अंबाडगाण वा, माउलुंगाण वा, बिल्लाण वा, कविट्ठाण वा, भल्लाणं वा, फणसाण वा, दाडिमाण वा, पारेवाण वा, अक्खोडाण वा, चोराण वा, बोराण वा, तिंदुयाण वा, पक्काणं परियागयाणं बंधणाओ विप्पमुक्काणं णिव्वाघाएणं अहे वीससाए गई पवत्तइ।

***से तं बंधणविमोयणगई।***

***से तं विहायगई।***

***से तं गइप्पवाए।***[1]

- पण्ण. प. १६, सु. ११०५-११२२

૩. ચાર પુરુષોનું અલગ-અલગ પ્રસ્થાન, પરંતુ એક સાથ પહોંચવું.

૪. ચાર પુરુષોનું અલગ-અલગ પ્રસ્થાન અને અલગ-અલગ પહોંચવું.

***આ ચતુ:પુરુષપ્રવિભક્તગતિનું સ્વરુપ છે.***

પ્ર. ૧૫. વક્રગતિ કેટલા પ્રકારની છે ?

ઉ. વક્રગતિ ચાર પ્રકારની કહી છે, જેમકે-

૧. સંઘટ્ટો કરવાથી, ૨. અટકાવવાથી,

૩. ભેટવાથી, ૪. પડવાથી.

***આ વક્રગતિનું સ્વરુપ છે.***

પ્ર. ૧૬. પંકગતિ કોને કહે છે ?

ઉ. જેમ કોઈ પુરુષ કાદવમાં, પંકમાં અથવા પાણીમાં પોતાના શરીર દ્વારા લપસી જવાથી કે ડુબી જવાથી ગમન કરે છે. તેની આ પંકગતિ છે.

***આ પંકગતિનું સ્વરુપ છે.***

પ્ર. ૧૭. બંધનવિમોચન ગતિ કોને કહે છે ?

ઉ. અત્યંત પાકીને તૈયાર થયેલ અથવા બંધનથી વિમુક્ત (છૂટેલા) આમ્રો, આમ્રાતકો, બીજોરા, બિલ્બફળ, કવિત્થ ફળો, ભદ્ર નામક ફળો, કટહલો (ફણસ), દાડમ, પારેવત નામક ફળ અખરોટ, ચોરફળો, બોર અથવા તિન્દુકફળોની વ્યાઘાત ન હોય તો સ્વભાવથી જ-જે અધોગતિ હોય છે. તે બંધન વિમોચનગતિ છે.

***આ બંધન વિમોચનગતિનું સ્વરુપ છે.***

***આ વિહોયોગતિની પ્રરુપણા પૂર્ણ થઈ.***

***આ ગતિપ્રપાતનું વર્ણન પૂર્ણ થયું.***

१. विया. स. ८, उ. ७, सु. २५

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ૨૧. ઉપયોગ અધ્યયન

જ્ઞાન અને દર્શન જીવના શાશ્વત ગુણ છે. આના જ આધારે જીવ જડ પદાર્થોથી જુદો દર્શાવી શકાય છે. એ બન્ને જીવના લક્ષણ છે. આ હમેંશા જીવની સાથે રહીને પોતાની જુદી વિશેષતાઓ દર્શાવે છે. જૈન આગમોમાં જ્ઞાન અને દર્શનને ઉપયોગ કહેવામાં આવે છે, પરંતુ સાથે એ પણ દર્શાવ્યું છે કે એક સમયમાં એક જ ઉપયોગ હોય છે. ઉપયોગના રુપમાં જ્ઞાન અને દર્શન યુગપદ્ ભાવી નથી. એક અન્તર્મુહૂર્ત પછી જ એ ઉપયોગોમાં પરિવર્તન થયા કરે છે. ગુણના રુપમાં જ્ઞાન અને દર્શન યુગપદ્ભાવી છે., એક સાથે રહે છે. પરંતુ ઉપયોગના રુપમાં તે યુગપદ્ભાવી નથી, ક્રમભાવી છે. આજ ગુણ અને ઉપયોગમાં ભેદ છે.

ઉપયોગના બે ભેદ કરાય છે- સાકારોપયોગ અને અનાકારોપયોગ. સાકારોપયોગમાં જ્ઞાન અને અનાકારોપયોગમાં દર્શનનો અન્તર્ભાવ હોય છે. સાકારોપયોગનાં પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાનના આધારે આઠ ભેદ કરાય છે, જેમ- આભિનિબોધિકજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન, અનાકારોપયોગના ચાર ભેદ છે- ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવળદર્શન. આ પ્રમાણે સાકારોપયોગ જ્ઞાનાત્મક અને અનાકારોપયોગ દર્શનાત્મક હોય છે. જ્ઞાન સાકાર ઉપયોગ છે પરંતુ દર્શન અનાકાર ઉપયોગ છે.

બન્ને પ્રકારના ઉપયોગ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શથી રહિત હોય છે અને અગુરુલઘુ પણ હોય છે. નિર્વૃત્તિ કે નિષ્પત્તિના આધારે પણ ઉપયોગનિર્વૃત્તિને સાકારોપયોગ અને અનાકારોપયોગના ભેદથી બે પ્રકારના કહ્યા છે.

ચોવીસ દંડકોમાંથી કોઈ પણ જીવ કોઈ પણ સમયે ઉપયોગ રહિત હોતા નથી. તથાપિ સામાન્ય રુપે વિચાર કરીએ તો પ્રત્યેક જીવમાં બે ઉપયોગ હોય છે - સાકાર અને અનાકાર. ક્યારેક સાકાર ઉપયોગ હોય છે - તો ક્યારેક અનાકાર ઉપયોગ હોય છે. જે જીવમાં જે જ્ઞાન કે અજ્ઞાન પ્રાપ્ત હોય છે, તેમાં તે જ સાકારોપયોગ હોય છે. અને જે દર્શન પ્રાપ્ત હોય છે, તેમાં તે જ અનાકારોપયોગ હોય છે. આ દષ્ટિથી પૃથ્વીકાયિક આદિ એકેન્દ્રિય જીવોમાં મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન એ બે સાકારોપયોગ અને અચક્ષુદર્શન નામક એક અનાકાર ઉપયોગ હોય છે. બેઈન્દ્રિય અને ત્રેઈન્દ્રિય જીવોમાં પણ એકેન્દ્રિય જીવોની જેમ અનાકાર ઉપયોગ તો એક અચક્ષુદર્શનને જ હોય છે, પરંતુ સાકારોપયોગમાં આભિનિબોધિક જ્ઞાન અને શ્રુતજ્ઞાન એ બે વધારે થાય છે. કારણ કે એ બન્ને સાકારોપયોગમાં સમ્યગ્દષ્ટિ પ્રાપ્ત થવાથી તે ઉપલબ્ધ હોય છે. ચઉરેન્દ્રિય જીવમાં ત્રેઈન્દ્રિયની જેમ ચાર જ સાકારોપયોગ હોય છે - આભિનિબોધિકજ્ઞાન, શ્રુતજ્ઞાન, મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન. અનાકારોપયોગ બે હોય છે - ચક્ષુદર્શન અને અચક્ષુદર્શન. ચઉરેન્દ્રિયમાં ચક્ષુ વધવાથી તેમાં ચક્ષુદર્શન પ્રાપ્ત થાય છે. નૈરયિકજીવો, દેવો અને પંચેન્દ્રિય તિર્યંચયોનિકોમાં છ સાકારોપયોગ અને ત્રણ અનાકારોપયોગ હોય છે. તેમાં અવધિદર્શન નામક એક અનાકારોપયોગ તથા અવધિજ્ઞાન અને વિભંગજ્ઞાન નામક બે સાકારોપયોગ ચઉરેન્દ્રિયથી અધિક પ્રાપ્ત થાય છે. મનુષ્યોમાં સાકારોપયોગના સમસ્ત આઠ ભેદ તથા અનાકારોપયોગના સમસ્ત ચાર ભેદ માનવામાં આવે છે. સમસ્ત પ્રાણીઓમાં મનુષ્ય બધાથી અધિક વિકસિત જીવ છે. કેવલજ્ઞાન જેવા સાકારોપયોગ અને કેવળદર્શન જેવા અનાકારોપયોગ તેમાં જ ઉપલબ્ધ થાય છે.

પ્રસંગવશ આ અધ્યયનમાં એવી ચર્ચાનો પણ સમાવેશ થયેલ છે કે કેવલજ્ઞાનીઓમાં બે ઉપયોગ એક સાથે પ્રાપ્ત થતાં નથી. તેઓ કેવલજ્ઞાન નામક સાકારોપયોગ અને કેવલદર્શન નામક અનાકારોપયોગવાળા હોવા છતા એક સમયમાં તેઓને આમાંથી એક જ ઉપયોગ પ્રાપ્ત થાય છે. ગુણની દષ્ટિથી તેમાં કેવળજ્ઞાન અને કેવળદર્શન બન્ને એક સાથે રહે છે. કેવળજ્ઞાની જે સમયે રત્નપ્રભાપૃથ્વી આદિને આકારો, હેતુઓ, ઉપમાઓ, દૃષ્ટાન્તો, વર્ણો, સંસ્થાનો, પ્રમાણો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને ઉપકરણોથી જાણે છે તે સમયે જોતા નથી. તથા જે સમયે જુવે છે તે સમયે જાણતાં નથી. કારણ કે જે સાકાર છે તે જ્ઞાન છે તથા જે અનાકાર છે તે દર્શન છે.

સાકારોપયોગ અને અનાકારોપયોગમાં પ્રત્યેકની કાયસ્થિતિ (સ્થિતિકાળ) જઘન્ય અને ઉત્કૃષ્ટ અન્તર્મૂહૂર્ત્ત છે. તેનો પરસ્પર અંતરકાળ પણ અન્તર્મુહૂર્ત્ત જ છે. એક અન્તર્મુહૂર્ત્તનાં અનન્તર તે ક્રમશઃ બદલતા રહે છે. અલ્પબહુત્વની દૃષ્ટિએ અનાકારોપયોગ યુક્ત જીવ અલ્પ છે તથા સાકારોપયોગયુક્ત જીવ તેનાથી સંખ્યાતગુણા છે.

આ અધ્યયનમાં દર્શનોપયોગનું વિશેષ વર્ણન થયેલ છે. ચાર ગતિઓમાં ક્યો જીવ ક્યાં દર્શનોપયોગથી યુક્ત છે એનું વિસ્તૃત વર્ણન કરેલ છે. આમાં સૂક્ષ્મ પૃથ્વીકાયિક આદિ જીવો અને સમ્મૂર્ચ્છિમ જીવોના દર્શનોપયોગની વિશેષ ચર્ચા છે. માટે સૂક્ષ્મ પૃથ્વીકાયિક, બાદર પૃથ્વીકાયિક આદિ જીવોમાં પણ સામાન્ય એકેન્દ્રિય જીવોની જેમ એક અચક્ષુદર્શન-ઉપયોગ રહે છે. સમ્મૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવોમાં ચક્ષુદર્શન અને અચક્ષુદર્શન એ બે દર્શનોપયોગ હોય છે. જ્યારે સમ્મૂર્ચ્છિમ મનુષ્યોમાં માત્ર અચક્ષુદર્શન હોય છે પરન્તુ ચક્ષુદર્શનનો ઉપયોગ થતો નથી.

દર્શન ગુણથી સંપન્ન ચક્ષુદર્શની આદિ જીવોની કાયસ્થિતિ, અંતરકાળ અને અલ્પબહુત્વનો પણ આ અધ્યયનમાં વર્ણન થયેલ છે. તેના પ્રમાણે ચક્ષુદર્શની જીવ ચક્ષુદર્શનીના રુપમાં જઘન્ય અન્તર્મુહૂર્ત્ત સુધી અને ઉત્કૃષ્ટ કંઈક અધિક હજાર સાગરોપમ સુધી રહે છે. અચક્ષુદર્શનીની આ કાયસ્થિતિ બે પ્રકારની હોય છે - ૧. અનાદિ અપર્યવસિત અને ૨. અનાદિ સપર્યવસિત. અવધિદર્શનીની કાયસ્થિતિ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ કંઈક અધિક બે છાસઠ સાગરોપમ સુધી હોય છે. કેવલદર્શની સાદી અપર્યવસિત હોય છે. અલ્પબહુત્વની અપેક્ષાએ બધાથી અલ્પ અવધિદર્શની છે, તેનાથી ચક્ષુદર્શની અસંખ્યાતગુણા છે, તેનાથી- કેવળદર્શની અનન્તગુણા છે અને તેનાથી અચક્ષુદર્શની અનન્તગુણા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# २१. उवओग-अज्झयणं

सूत्र -

१. **उवओगस्सभेयप्पभेय परूवणं-**

प. कइविहे णं भंते ! उवओगे पण्णत्ते ?

उ. गोयमा ! दुविहे उवओगे पण्णत्ते, तं जहा-

१. सागारोवओगे य, २. अणागारोवओगे य।[1]

प. सागारोवओगे णं भंते ! कइविहे पण्णत्ते ?

उ. गोयमा ! अट्ठविहे पण्णत्ते, तं जहा-

१. आभिणिबोहियणाणसागारोवओगे,
२. सुयणाणसागारोवओगे,
३. ओहिणाणसागारोवओगे,
४. मणपज्जवणाणसागारोवओगे,
५. केवलणाणसागारोवओगे,
६. मइअण्णाणसागारोवओगे,
७. सुयअण्णाणसागारोवओगे,
८. विभंगणाणसागारोवओगे।

प. अणागारोवओगे णं भंते ! कइविहे पण्णत्ते ?

उ. गोयमा ! चउव्विहे पण्णत्ते, तं जहा-

१. चक्खुदंसणअणागारोवओगे,
२. अचक्खुदंसणअणागारोवओगे,
३. ओहिदंसणअणागारोवओगे,
४. केवलदंसणअणागारोवओगे।

- पण्ण. प. २९, सु. १९०८-१९१०

२. **ओहेण जीवेसु उवओग परूवणं-**

***एवं जीवाणं पि।*** - पण्ण. प. २९, सु. १९११

३. **उवओगाणं अगरूयलहुयत्त परूवणं-**

***सागारोवओगो अणागारोवओगो चउत्थएणं पएणं (अगरूय लहुयपएणं)***

- विया. स. १, उ. ९, सु. १४

४. **उवओगाणं वण्णाइअभावो-**

सागारोवओगे य अणागारोवओगे य अवण्णा, अगंधा, अरसा, अफासा।

- विया. स. १२, उ. ५, सु. ३२

# २१. ઉપયોગ અધ્યયન

સૂત્ર :

૧. **ઉપયોગનાં ભેદ-પ્રભેદોનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! ઉપયોગ કેટલા પ્રકારના કહ્યા છે ?

ઉ. ગૌતમ ! ઉપયોગ બે પ્રકારના કહ્યા છે, જેમકે-

૧. સાકારોપયોગ, ૨. અનાકારોપયોગ.

પ્ર. ભંતે ! સાકારોપયોગ કેટલા પ્રકારના કહ્યા છે ?

ઉ. ગૌતમ ! આઠ પ્રકારના કહ્યા છે, જેમકે-

૧. આભિનિબોધિકજ્ઞાન - સાકારોપયોગ.
૨. શ્રુતજ્ઞાન - સાકારોપયોગ,
૩. અવધિજ્ઞાન-સાકારોપયોગ,
૪. મનઃપર્યવજ્ઞાન-સાકારોપયોગ,
૫. કેવળજ્ઞાન-સાકારોપયોગ,
૬. મતિ અજ્ઞાન - સાકારોપયોગ,
૭. શ્રુત અજ્ઞાન - સાકારોપયોગ,
૮. વિભંગજ્ઞાન - સાકારોપયોગ.

પ્ર. ભંતે ! અનાકારોપયોગ કેટલા પ્રકારના કહ્યા છે ?

ઉ. ગૌતમ ! ચાર પ્રકારના કહ્યા છે, જેમકે-

૧. ચક્ષુદર્શન - અનાકારોપયોગ,
૨. અચક્ષુદર્શન- અનાકારોપયોગ,
૩. અવધિદર્શન - અનાકારોપયોગ,
૪. કેવળ-દર્શન - અનાકારોપયોગ.

૨. **સામાન્યથી જીવોમાં ઉપયોગોનું પ્રરુપણ :**

***આ પ્રમાણે સમુચ્ચય જીવોમાં જાણવું જોઈએ.***

૩. **ઉપયોગોનું અગુરુલઘુત્વનું પ્રરુપણ :**

***સાકારોપયોગ અને અનાકારોપયોગના ચતુર્થપદ (અગુરુ લઘુત્વ) વાળા જાણવાં જોઈએ.***

૪. **ઉપયોગોમાં વર્ણાદિનો અભાવ :**

સાકારોપયોગ અને અનાકારોપયોગ આ બંને વર્ણ-ગંધ- રસ અને સ્પર્શથી રહિત છે.

१. विया. स. १६, उ. ७, सु. १

JAINSITE जैन साईट जैनम् जयति शासनम्

५. **उवओगनिव्वत्ती भेया चउवीसदंडएसु य परूवणं-**

प. कइविहा णं भंते ! उवओगनिव्वत्ती पण्णत्ता ?

उ. गोयमा ! दुविहा उवओगनिव्वत्ती पण्णत्ता, तं जहा-

१. सागारोवओगनिव्वत्ती,

२. अणागारोवओगनिव्वत्ती ।

दं. २-२४. ***एवं णेरइयाणं -जाव- वेमाणियाणं ।***

- विया. स. १९, उ. ८, सु. ४४-४५

६. **चउवीसदंडएसु उवओगभेयप्पभेयाणं परूवणं-**

प. **दं. १.** णेरइयाणं भंते ! कइविहे उवओगे पण्णत्ते ?

उ. गोयमा ! दुविहे उवओगे पण्णत्ते, तं जहा-

१. सागारोवओगे य, २. अणागारोवओगे य ।[1]

प. णेरइयाणं भंते ! सागारोवओगे कइविहे पण्णत्ते ?

उ. गोयमा ! छव्विहे पण्णत्ते, तं जहा-

१. मइणाणसागारोवओगे,

२. सुयणाणसागारोवओगे,

३. ओहिणाणसागारोवओगे,

४. मइअण्णाणसागारोवओगे,

५. सुयअण्णाणसागारोवओगे,

६. विभंगणाणसागारोवओगे ।

प. णेरइयाणं भंते ! अणागारोवओगे कइविहे पण्णत्ते ?

उ. गोयमा ! तिविहे पण्णत्ते, तं जहा-

१. चक्खुदंसणअणागारोवओगे,

२. अचक्खुदंसणअणागारोवओगे,

३. ओहिदंसणअणागारोवओगे य ।

दं. २-११. ***एवं -जाव- थणियकुमाराणं ।***

प. **दं. १२.** पुढविक्काइयाणं भंते ! कइविहे उवओगे पण्णत्ते ?

૫. **ઉપયોગ- નિર્વૃત્તિનાં ભેદ અને ચોવીસ દંડકોમાં પ્રરુપણ :**

પ્ર. ભંતે ! ઉપયોગ નિર્વૃત્તિ કેટલા પ્રકારની કહી છે ?

ઉ. ગૌતમ ! ઉપયોગ નિર્વૃત્તિ બે પ્રકારની કહી છે, જેમકે-

૧. સાકારોપયોગ નિર્વૃત્તિ,

૨. અનાકારોપયોગ નિર્વૃત્તિ.

દં.૨-૨૪. **આ પ્રમાણે નારકોથી વૈમાનિકો સુધી જાણવું જોઈએ.**

૬. **ચોવીસ દંડકોમાં ઉપયોગોનાં ભેદ-પ્રભેદોનું પ્રરુપણ :**

પ્ર. **દં.૧.** ભંતે ! નારકના ઉપયોગ કેટલા પ્રકારના કહ્યા છે ?

ઉ. ગૌતમ ! બે પ્રકારના કહ્યા છે, જેમકે-

૧. સાકારોપયોગ, ૨. અનાકારોપયોગ.

પ્ર. ભંતે ! નારકનાં સાકારોપયોગ કેટલા પ્રકારનાં કહ્યા છે ?

ઉ. ગૌતમ ! છ પ્રકારના કહ્યા છે, જેમકે-

૧. મતિજ્ઞાન- સાકારોપયોગ,

૨. શ્રુતજ્ઞાન- સાકારોપયોગ,

૩. અવધિજ્ઞાન-સાકારોપયોગ,

૪. મતિઅજ્ઞાન-સાકારોપયોગ,

૫. શ્રુતઅજ્ઞાન-સાકારોપયોગ,

૬. વિભંગજ્ઞાન-સાકારોપયોગ.

પ્ર. ભંતે ! નારકનાં અનાકારોપયોગ કેટલા પ્રકારનાં કહ્યા છે ?

ઉ. ગૌતમ ! ત્રણ પ્રકારના કહ્યા છે, જેમકે-

૧. ચક્ષુદર્શન - અનાકારોપયોગ.

૨. અચક્ષુદર્શન-અનાકારોપયોગ,

૩. અવધિદર્શન - અનાકારોપયોગ,

દં.૨-૧૧. **આ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું જોઈએ.**

પ્ર. **દં.૧૨.** ભંતે ! પૃથ્વીકાયિકોનાં ઉપયોગ કેટલા પ્રકારનાં કહ્યા છે ?

---

१. (क) जीवा. पडि. १, सु. ३२

(ख) जीवा. पडि. ३, सु. १०६, १२७

(ग) विया. स. १, उ. ५, सु. २६

जैन साहित्य JAINSITE.com जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उ. गोयमा ! दुविहे उवओगे पण्णत्ते, तं जहा-
१. सागारोवओगे य, २. अणागारोवओगे य।[1]

प. पुढविक्काइयाणं भंते ! सागारोवओगे कइविहे पण्णत्ते ?

उ. गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा-
१. मइअण्णाणे, २. सुयअण्णाणे।

प. पुढविक्काइयाणं भंते ! अणागारोवओगे कइविहे पण्णत्ते ?

उ. गोयमा ! एगे अचक्खुदंसणाणागारोवओगे पण्णत्ते।

दं. १३-१६. ***एवं -जाव- वणप्फइकाइयाणं।***[2]

प. **दं. १७.** बेइंदियाणं भंते ! कइविहे उवओगे पण्णत्ते ?

उ. गोयमा ! दुविहे उवओगे पण्णत्ते, तं जहा-
१. सागारोवओगे य, २. अणागारोवओगे य।[3]

प. बेइंदियाणं भंते ! सागारोवओगे कइविहे पण्णत्ते ?

उ. गोयमा ! चउव्विहे पण्णत्ते, तं जहा-
१. आभिणिबोहियणाणसागारोवओगे,
२. सुयणाणसागारोवओगे,
३. मइअण्णाणसागारोवओगे,
४. सुयअण्णाणासागारोवओगे।

प. बेइंदियाणं भंते ! अणागारोवओगे कइविहे पण्णत्ते ?

उ. गोयमा ! एगे अचक्खुदंसणअणागारोवओगे।

दं. १८. ***एवं तेइंदियाण वि।***[4]

दं. १९. ***चउरिंदियाण वि एवं चेव।***[5]

ઉ. ગૌતમ ! ઉપયોગ બે પ્રકારના કહ્યા છે, જેમકે-
૧. સાકારોપયોગ, ૨. અનાકારોપયોગ.

પ્ર. ભંતે ! પૃથ્વીકાયિકોના સાકારોપયોગ કેટલા પ્રકારનાં કહ્યા છે ?

ઉ. ગૌતમ ! બે પ્રકારના કહ્યા છે, જેમકે-
૧. મતિઅજ્ઞાન, ૨. શ્રુત અજ્ઞાન.

પ્ર. ભંતે ! પૃથ્વીકાયિકોના અનાકારોપયોગ કેટલા પ્રકારનાં કહ્યા છે ?

ઉ. ગૌતમ ! એક જ અચક્ષુદર્શન અનાકારોપયોગ કહ્યો છે.

દં.૧૩-૧૬. **આ પ્રમાણે વનસ્પતિકાયકો સુધી જાણવું જોઈએ.**

પ્ર. **દં.૧૭.** ભંતે ! બેઈન્દ્રિયોના ઉપયોગ કેટલા પ્રકારનાં કહ્યા છે ?

ઉ. ગૌતમ ! (તેના) ઉપયોગ બે પ્રકારનાં કહ્યા છે, જેમકે-
૧. સાકારોપયોગ, ૨. અનાકારોપયોગ.

પ્ર. ભંતે ! બેઈન્દ્રિયોના સાકારોપયોગ કેટલા પ્રકારનાં કહ્યા છે ?

ઉ. ગૌતમ ! (તેના) ઉપયોગ ચાર પ્રકારનાં કહ્યા છે, જેમકે-
૧. આભિનિબોધિકજ્ઞાન - સાકારોપયોગ,
૨. શ્રુતજ્ઞાન - સાકારોપયોગ,
૩. મતિઅજ્ઞાન - સાકારોપયોગ,
૪. શ્રુતઅજ્ઞાન - સાકારોપયોગ.

પ્ર. ભંતે ! બેઈન્દ્રિયોના અનાકારોપયોગ કેટલા પ્રકારનાં કહ્યા છે ?

ઉ. ગૌતમ ! (તેના) એક અચક્ષુદર્શન-અનાકારોપયોગ કહ્યા છે.

દં.૧૮. **આ પ્રમાણે ત્રેઈન્દ્રિયોનાં ઉપયોગ છે.**

દં.૧૯. **ચઉરેન્દ્રિયનાં ઉપયોગ પણ આ પ્રમાણે છે.**

---

१. जीवा. पडि. १, सु. १३ (१७)
२. जीवा. पडि. १, सु. १४-२६
३. जीवा. पडि. १, सु. २८
४. जीवा. पडि. १, सु. २९
५. जीवा. पडि. १, सु. ३०

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

णवरं-अणागारोवओगे दुविहे पण्णत्ते, तं जहा-

१. चक्खुदंसणअणागारोवओगे य,

२. अचक्खुदंसणअणागारोवओगे य।

दं. २०. ***पंचेंदिय-तिरियक्खजोणियाणं जहा णेरइयाणं।***[1]

दं. २१. ***मणुस्साणं जहा ओहिए उवओगे भणियं तहेव भाणियव्वं।***[2]

दं. २२-२४. ***वाणमंतर -जोइसिय-वेमाणियाणं जहा णेरइयाणं।***[3]

- पण्ण. प. २९, सु. १९१२-१९२७

**विશેષ :** (તેના) અનાકારોપયોગ બે પ્રકારનાં કહ્યા છે, જેમકે-

૧. ચક્ષુદર્શન- અનાકારોપયોગ,

૨. અચક્ષુદર્શન-અનાકારોપયોગ.

દં.૨૦. **પંચેન્દ્રિય તિર્યંચયોનિકોનાં (સાકારોપયોગ તથા અનાકારોપયોગ) વર્ણન નારકનાં સમાન છે.**

દં.૨૧. **ઔઘિક ઉપયોગ જેટલા કહ્યા છે તેટલા જ મનુષ્યોનાં ઉપયોગ કહેવા જોઈએ.**

દં.૨૨-૨૪. **વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકોનાં ઉપયોગ નારકનાં સમાન છે.**

## ७. जीव-चउवीसदंडएसु सागाराणागारोवउत्तत्त परूवणं-

प. जीवा णं भंते ! किं सागारोवउत्ता अणागारोवउत्ता ?

उ. गोयमा ! सागारोवउत्ता वि, अणागारोवउत्ता वि।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-
"जीवा सागारोवउत्ता वि, अणागारोवउत्ता वि ?"

उ. गोयमा ! जे णं जीवा आभिणिबोहियणाण-सुयणाण-ओहिणाण-मण-केवल-मइअण्णाण-सुयअण्णाण-विभंगणाणोवउत्ता

ते णं जीवा सागारोवउत्ता,

जे णं जीवा चक्खुदंसण-अचक्खुदंसण-ओहिदंसण-केवलदंसणोवउत्ता, ते णं जीवा अणागारोवउत्ता,

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-
"जीवा सागारोवउत्ता वि, अणागारोवउत्ता वि।"

प. **दं. १.** णेरइयाणं भंते ! किं सागारोवउत्ता अणागारोवउत्ता ?

## ૭. જીવ-ચોવીસ દંડકોમાં સાકાર-અનાકારોપયુક્તત્વનું પ્રરુપણ :

પ્ર. ભંતે ! જીવ સાકારોપયોગ યુક્ત છે કે અનાકારોપયોગ યુક્ત છે ?

ઉ. ગૌતમ ! જીવ સાકારોપયોગ યુક્ત પણ છે અને અનાકારોપયોગ યુક્ત પણ છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહ્યું છે કે -
"જીવ સાકારોપયોગ યુક્ત પણ છે અને અનાકારોપયોગ યુક્ત પણ છે ?"

ઉ. ગૌતમ ! જે જીવ આભિનિબોધિકજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવળ જ્ઞાન, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગ-જ્ઞાનોપયોગવાળા છે.

તે જીવ સાકારોપયોગ યુક્ત કહેવાય છે.

જે જીવ ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવળદર્શનના ઉપયોગથી યુક્ત છે, તે જીવ અનાકારોપયોગ યુક્ત કહેવાય છે.

માટે હે ગૌતમ ! એવું કહેવાય છે કે -
"જીવ સાકારોપયોગયુક્ત પણ છે અને અનાકારોપયોગ યુક્ત પણ છે."

પ્ર. **દં.૧.** ભંતે ! નારક સાકારોપયોગયુક્ત છે કે અનાકારોપયોગ યુક્ત છે ?

---

१. (क) जीवा. पडि. ३, सु. ९७(१)
(ख) जीवा. पडि. १, सु. ३५-४०

२. जीवा. पडि. १, सु. ४१

३. (क) जीवा. पडि. ३, सु. २०१ (ई)
(ख) जीवा. पडि. १, सु. ४२

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उ. गोयमा ! णेरइया सागारोवउत्ता वि, अणागारोवउत्ता वि ।

ઉ. ગૌતમ ! નારક સાકારોપયોગ યુક્ત પણ છે અને અનાકારોપયોગ યુક્ત પણ છે.

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-
"णेरइया सागारोवउत्ता वि, अणागारोवउत्ता वि ?"

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -
"નારક સાકારોપયોગ યુક્ત પણ છે અને અનાકારોપયોગ યુક્ત પણ છે ?"

उ. गोयमा ! जे णं णेरइया आभिणिबोहियणाण-सुयणाण-ओहिणाण - मइअण्णाण - सुयअण्णाण-विभंगणाणोवउत्ता,
ते णं णेरइया सागारोवउत्ता,
जे णं णेरइया चक्खुदंसण-अचक्खुदंसण-ओहिदंसणोवउत्ता,
ते णं णेरइया अणागारोवउत्ता,
से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-
"णेरइया सागारोवउत्ता वि, अणागारोवउत्ता वि ।

ઉ. ગૌતમ ! જે નારક આભિનિબોધિકજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાનના ઉપયોગથી યુક્ત છે.
તે નારક સાકારોપયોગયુક્ત છે.
જે નારક ચક્ષુદર્શન, અચક્ષુદર્શન અને અવધિદર્શનનાં ઉપયોગથી યુક્ત છે,
તે નારક અનાકારોપયોગયુક્ત છે
માટે હે ગૌતમ ! એવું કહેવાય છે કે -
"નારક સાકારોપયોગ યુક્ત પણ છે અને અનાકારોપયોગ યુક્ત પણ છે."

दं. २-११. ***एवं -जाव- थणियकुमारा ।***

દં.૨-૧૧. ***આ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું જોઈએ.***

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्

प. **दं. १२.** पुढविक्काइयाणं भंते ! किं सागारोवउत्ता अणागारोवउत्ता ?

પ્ર. **દં.૧૨.** ભંતે ! પૃથ્વીકાયિકો સાકારોપયોગ યુક્ત છે કે અનાકારોપયોગ યુક્ત છે ?

उ. गोयमा ! पुढविक्काइया सागारोवउत्ता वि, अणागारोवउत्ता वि ।

ઉ. ગૌતમ ! પૃથ્વીકાયિક સાકારોપયોગ યુક્ત પણ છે અને અનાકારોપયોગ યુક્ત પણ છે.

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-
"पुढविक्काइया सागारोवउत्ता वि, अणागारोवउत्ता वि ?"

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -
"પૃથ્વીકાયિક સાકારોપયોગ યુક્ત પણ છે અને અનાકારોપયોગ યુક્ત પણ છે?"

उ. गोयमा ! जे णं पुढविक्काइया मइअण्णाण सुयअण्णाणोवउत्ता,
ते णं पुढविकाइया सागारोवउत्ता,
जे णं पुढविक्काइया अचक्खुदंसणोवउत्ता,
ते णं पुढविकाइया अणागारोवउत्ता,
से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-
"पुढविकाइया सागारोवउत्ता वि, अणागारोवउत्ता वि ।"

ઉ. ગૌતમ ! જે પૃથ્વીકાયિક મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાનના ઉપયોગવાળા છે,
તે પૃથ્વીકાયિક સાકારોપયોગ યુક્ત છે.
જે પૃથ્વીકાયિક અચક્ષુદર્શનના ઉપયોગવાળી છે.
તે પૃથ્વીકાયિક અનાકારોપયોગયુક્ત છે.
માટે હે ગૌતમ ! એવું કહેવાય છે કે -
"પૃથ્વીકાયિક સાકારોપયોગયુક્ત પણ છે અને અનાકારોપયોગ યુક્ત પણ છે."

दं. १३-१६. ***एवं -जाव- वणप्फइकाइया ।***

દં.૧૩-૧૬. ***આ પ્રમાણે વનસ્પતિકાયિકો સુધી જાણવું જોઈએ.***

प. **दं. १७.** बेइंदियाणं भंते ! किं सागारोवउत्ता अणागारोवउत्ता ?

પ્ર. **દં.૧૭.** ભંતે ! બેઈન્દ્રિય સાકારોપયોગયુક્ત છે કે અનાકારોપયોગયુક્ત છે ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उ. गोयमा ! बेइंदिया सागारोवउत्ता वि, अणागारोवउत्ता वि ।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"बेइंदिया सागारोवउत्ता वि, अणागारोवउत्ता वि ?"

उ. गोयमा ! जे णं बेइंदिया आभिणिबोहियणाण-सुयणाण-मइअण्णाण - सुय-अण्णाणोवउत्ता,

ते णं बेइंदिया सागारोवउत्ता,

जे णं बेइंदिया अचक्खुदंसणोवउत्ता,

ते णं बेइंदिया अणागारोवउत्ता,

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"अट्ठसहिया बेइंदिया सागारोवउत्ता वि, अणागारोवउत्ता वि ।"

दं. १८-१९. ***एवं -जाव- चउरिंदिया ।***

**णवरं**-चक्खुदंसणं अब्भइयं चउरिंदियाणं ।

दं. २०. ***पंचेंदिय-तिरिक्खजोणिया जहा णेरइया ।*** [1]

दं. २१. ***मणूसा जहा जीवा ।*** [2]

दं. २२-२४. ***वाणमंतर-जोइसिय-वेमाणियाणं जहा णेरइया ।*** [3]

- पण्ण. प. २९, सु. १९२८-१९३५

ઉ. ગૌતમ ! બેઈન્દ્રિય સાકારોપયોગ યુક્ત પણ છે અને અનાકારોપયોગયુક્ત પણ છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"બેઈન્દ્રિય સાકારોપયોગયુક્ત પણ છે અને અનાકારોપયોગયુક્ત પણ છે ?"

ઉ. ગૌતમ ! જે બેઈન્દ્રિય આભિનિબોધિકજ્ઞાન, શ્રુતજ્ઞાન, મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાનનાં ઉપયોગવાળા છે.

તે બેઈન્દ્રિય સાકારોપયોગયુક્ત છે,

જે બેઈન્દ્રિય અચક્ષુદર્શનના ઉપયોગથી યુક્ત છે.

તે બેઈન્દ્રિય અનાકારોપયોગ યુક્ત છે,

માટે હે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"બેઈન્દ્રિય સાકારોપયોગયુક્ત પણ છે અને અનાકારોપયોગ યુક્ત પણ છે."

દં.૧૮-૧૯. ***આ પ્રમાણે ચઉરેન્દ્રિય સુધી જાણવું જોઈએ.***

**વિશેષ** : ચઉરેન્દ્રિય જીવોમાં ચક્ષુદર્શન અધિક કહેવા જોઈએ.

દં.૨૦. ***પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની ઉપયોગ યુક્તતા નારકનાં સમાન છે.***

દં.૨૧. ***મનુષ્યોની ઉપયોગ યુક્તતા સમુચ્ચય જીવોનાં સમાન છે.***

દં.૨૨-૨૪. ***વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોની ઉપયોગ યુક્તતા નારકનાં સમાન છે.***

८. **केवलिसु एगसमए दोउवओगाणं णिसेहो-**

प. केवली णं भंते ! इमं रयणप्पभं पुढविं आगारेहिं, हेऊहिं, उवमाहिं, दिट्ठंतेहिं, वण्णेहिं, संठाणेहिं, पमाणेहिं, पडोयारेहिं जं समयं जाणइ तं समयं पासइ, जं समयं पासइ तं समयं जाणइ ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे ।

૮. **કેવળીઓમાં એક સમયમાં બે ઉપયોગોનો નિષેધ :**

પ્ર. ભંતે ! કેવળજ્ઞાની આ રત્નપ્રભાપૃથ્વીનો આકારોથી, હેતુઓથી, ઉપમાઓથી, દૃષ્ટાંતોથી, વર્ણોથી, સંસ્થાનોથી, પ્રમાણોથી અને પ્રત્યવતારોથી (ઉપકરણોથી) સહિત જે સમય જાણે છે શું તે સમયે જુવે છે તથા જે સમયે જુવે છે શું તે સમયે જાણે છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

---

१. (क) जीवा. पडि. १, सु. ३५
(ख) जीवा. पडि. ३, सु. ९७ (१)

२. जीवा. पडि. १, सु. ४२

३. (क) विया. स. १६, उ. ७, सु. १
(ख) जीवा. पडि. १, सु. ४२
(ग) जीवा. पडि. ३, सु. २०१ (ई)

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"केवली णं इमं रयणप्पभं पुढवीं आगारेहिं -जाव- पडोयारेहिं जं समयं जाणइ, णो तं समयं पासइ, जं समयं पासइ, णो तं समयं जाणइ ?"

प्र. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"કેવળી આ રત્નપ્રભાપૃથ્વીને આકારો **-યાવત્-** ઉપકરણોથી સહિત જે સમયે જાણે છે તે સમયે જાણતાં નથી અને જે સમયે જુવે છે તે સમયે જાણતાં નથી ?"

उ. गोयमा ! सागारे से णाणे भवइ, अणागारे से दंसणे भवइ ।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"केवली णं इमं रयणप्पभं पुढवीं आगारेहिं -जाव- पडोयारेहिं जं समयं जाणइ, णो तं समयं पासइ, जं समयं पासइ, णो तं समयं जाणइ ।

ઉ. ગૌતમ ! જે સાકાર છે તે જ્ઞાન છે અને જે અનાકાર છે તે દર્શન છે.

માટે હે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"કેવળી આ રત્નપ્રભાપૃથ્વીને આકારો **-યાવત્-** ઉપકરણોથી સહિત જે સમયે જાણે છે તે સમયે દેખતા નથી. અને જે સમયે જુવે છે તે સમયે જાણતાં નથી."

***एवं -जाव- अहेसत्तमपुढविं ।***

***આ પ્રમાણે અધઃસપ્તમ પૃથ્વી સુધી જાણવું જોઈએ.***

***एवं सोहम्मं कप्पं -जाव- अच्चुय, गेवेज्जगविमाणे, अणुत्तरविमाणे, ईसीपब्भारं पुढवीं, परमाणुपोग्गलं, दुपएसियं खंधं -जाव- अणंतपदेसियं खंधं ।***

***આ પ્રમાણે સૌધર્મકલ્પથી અચ્યુતકલ્પ સુધી, ગ્રૈવેયક વિમાન, અનુત્તરવિમાન, ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી, પરમાણુપુદ્ગલ, દ્વિપ્રદેશિક સ્કંધ -યાવત્- અનન્તપ્રદેશી સ્કંધનાં માટે પણ જાણવું જોઈએ.***

प. केवली णं भंते ! इमं रयणप्पभं पुढवीं अणागारेहिं, अहेऊहिं, अणुवमाहिं, अदिट्ठं तेहिं अवण्णेहिं, असंठाणेहिं, अपमाणेहिं, अपडोयारेहिं पासइ ण जाणइ ?

પ્ર. ભંતે ! શું કેવળજ્ઞાની આ રત્નપ્રભા પૃથ્વીને અનાકારોથી, અહેતુઓથી, અનુપમાઓથી, અદૃષ્ટાંતોથી, અવર્ણોથી, અસંસ્થાનોથી, અપ્રમાણોથી અને ઉપકરણોથી રહિત જે સમયે જુવે છે શું તે સમયે જાણતાં નથી ?

उ. हंता, गोयमा ! केवली णं इमं रयणप्पभं पुढविं अणागारेहिं **-जाव-** अपडोयारेहिं पासइ, ण जाणइ ।

ઉ. હા, ગૌતમ ! કેવળી આ રત્નપ્રભા પૃથ્વીને અનાકારોથી **-યાવત્-** ઉપકરણોથી જે સમયે જુવે છે, તે સમયે જાણતાં નથી.

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"केवली णं इमं रयणप्पभं पुढविं अणागारेहिं **-जाव-** अपडोयारेहिं पासइ, ण जाणइ ?"

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"કેવળી આ રત્નપ્રભા પૃથ્વીને અનાકારોથી **-યાવત્-** ઉપકરણોથી જે સમયે જુવે છે તે સમયે જાણતાં નથી?"

उ. गोयमा ! अणागारे से दंसणे भवइ, सागारे से णाणे भवइ,

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"केवली णं इमं रयणप्पभं पुढविं अणागारेहिं **-जाव-** अपडोयारेहिं पासइ, ण जाणइ ।

ઉ. ગૌતમ ! જે અનાકાર હોય છે તે દર્શન (જેવું) છે અને જે સાકાર છે તે જ્ઞાન (જાણે) છે.

માટે હે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"કેવળી આ રત્નપ્રભાપૃથ્વીને અનાકારોથી **-યાવત્-** ઉપકરણોથી જે સમયે જુવે છે, તે સમયે જાણતાં નથી."

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

***एवं -जाव- ईसीपब्भारं पुढविं परमाणुपोग्गलं, अणंतपदेसियं खंधं पासइ, ण जाणइ ।***

- पण्ण. प. ३०, सु. १९६३-१९६४

***આ પ્રમાણે ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી સુધી પરમાણુ પુદ્‌ગલ તથા અનન્તપ્રદેશી સ્કંધ સુધી કેવળી જે સમયે જુવે છે તે સમયે જાણતાં નથી.***

**९. उवओगोत्ताणं कायट्ठिई परूवणं-**

प. सागारोवउत्ते णं भंते ! सागारोवउत्ते त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं ।

***अणागारोवउत्ते वि एवं चेव ।***[1]

- पण्ण. प. १८, सु. १३६२-१३६३

**૯. ઉપયોગયુક્તોની કાય-સ્થિતિનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! સાકારોપયોગ યુક્ત જીવ સાકારોપયોગ-યુક્ત રુપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત સુધી રહે છે.

***અનાકારોપયોગ યુક્ત જીવ પણ આ પ્રમાણે છે.***

**१०. उवओगोत्ताणं अंतरकाल परूवणं-**

सागारोवउत्ता य अणागारोवउत्ता य अंतरं जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं ।

- जीवा. पडि. ९, सु. २३३

**૧૦. ઉપયોગયુક્તોનાં અંતરકાળનું પ્રરુપણ :**

સાકારોપયોગયુક્તો અને અનાકારોપયોગયુક્તોનું જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતરકાળ અંતર્મુહૂર્તનું છે.

**११. उवओगोत्ताणं अप्पबहुत्तं-**

प. एएसि णं भंते ! जीवाणं सागारोवउत्ताणं अणागारोवउत्ताण य कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

उ. गोयमा ! १. सव्वत्थोवा जीवा अणागारोवउत्ता,

२. सागारोवउत्ता संखेज्जगुणा ।[2]

- पण्ण. प. ३, सु. २६२

**૧૧. ઉપયોગયુક્તોનો અલ્પબહુત્વ :**

પ્ર. ભંતે ! આ સાકારોપયોગયુક્ત અને અનાકારોપયોગયુક્ત જીવોમાં કોણ કોનાથી અલ્પ **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! ૧. બધાથી અલ્પ અનાકારોપયોગ યુક્ત જીવ છે.

૨. (તેનાથી) સાકારોપયોગયુક્ત જીવ સંખ્યાતગુણા છે.

**१२. चउगईसु दंसणोवओग परूवणं**[3] **-**

प. णेरइयाणं भंते ! जीवा किं चक्खुदंसणी, अचक्खुदंसणी, ओहिदंसणी, केवलदंसणी ?

उ. गोयमा ! चक्खुदंसणी वि, अचक्खुदंसणी वि, ओहिदंसणी वि, णो केवलदंसणी ।

- जीवा. पडि. १, सु. ३२

प. सुहुमपुढविकाइयाणं भंते ! जीवा किं चक्खुदंसणी **-जाव-** केवलदंसणी ?

उ. गोयमा ! णो चक्खुदंसणी, अचक्खुदंसणी, णो ओहिदंसणी, णो केवलदंसणी ।

- जीवा. पडि. १, सु. १३(१४)

***एवं -जाव- सुहुम बायर वणप्फइकाइयाण वि ।***

- जीवा. पडि. १, सु. १४-२६

**૧૨. ચાર ગતિઓમાં દર્શનોપયોગનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! નારક જીવ શું ચક્ષુદર્શની, અચક્ષુદર્શની, અવધિદર્શની કે કેવળદર્શની છે ?

ઉ. ગૌતમ ! ચક્ષુદર્શની, અચક્ષુદર્શની અને અવધિદર્શની છે. પરંતુ કેવળદર્શની નથી.

પ્ર. ભંતે ! સૂક્ષ્મ પૃથ્વીકાયિક જીવો શું ચક્ષુદર્શની **-યાવત્-** કેવળદર્શની છે ?

ઉ. ગૌતમ ! ચક્ષુદર્શની, અવધિદર્શની અને કેવળ દર્શની નથી પરંતુ અચક્ષુદર્શની છે.

***આ પ્રમાણે સૂક્ષ્મ બાદર વનસ્પતિકાયિકો સુધી જાણવું જોઈએ.***

---

१-२. जीवा. पडि. ९, सु. २३३

૩. દર્શન આ ઉપયોગનો જ ભેદ છે તે કારણે અહીંયા આ પ્રકરણ લેવામાં આવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

***बेंइंदिया तेइंदिया जहेव सुहुमपुढविकाइया ।***

- जीवा. पडि. १, सु. २८-२९

***બેઈન્દ્રિય, તેઈન્દ્રિય જીવોનું વર્ણન સૂક્ષ્મ પૃથ્વીકાયિકોના સમાન જાણવું જોઈએ.***

प. चउरिंदिया णं भंते ! जीवा किं चक्खुदंसणी **-जाव-** केवलदंसणी ?

उ. गोयमा ! चक्खुदंसणी वि, अचक्खुदंसणी वि, णो ओहिदंसणी, णो केवलदंसणी ।

- जीवा. पडि. १, सु. ३०

પ્ર. ભંતે ! ચઉરેન્દ્રિય જીવ શું ચક્ષુદર્શની **-યાવત્-** કેવળ દર્શની છે ?

ઉ. ગૌતમ ! ચક્ષુદર્શની પણ છે અને અચક્ષુદર્શની પણ છે. પરંતુ અવધિદર્શની અને કેવળદર્શની નથી.

प. सम्मुच्छिम पंचेंदिय तिरियक्खजोणिय जलयराणं भंते ! किं चक्खुदंसणी **-जाव-** केवलदंसणी ?

उ. गोयमा ! चक्खुदंसणी वि, अचक्खुदंसणी वि, णो ओहिदंसणी, णो केवलदंसणी ।

***थलयरा खहयरा एवं चेव ।***

પ્ર. ભંતે ! સમ્મૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચયોનિક જળચર શું ચક્ષુદર્શની **-યાવત્-** કેવળદર્શની છે ?

ઉ. ગૌતમ ! ચક્ષુદર્શની પણ છે અને અચક્ષુદર્શની પણ છે. પરંતુ અવધિદર્શની અને કેવળદર્શની નથી.

***આ પ્રમાણે (સમ્મૂર્છિમ) સ્થળચર ખેચર જીવોના માટે પણ જાણવું જોઈએ.***

प. गब्भवक्कंतिय पंचेंदिय तिरिक्खजोणिय जलयराणं भंते ! किं चक्खुदंसणी **-जाव-** केवलदंसणी ?

उ. गोयमा ! चक्खुदंसणी वि, अचक्खुदंसणी वि, ओहिदंसणी वि, णो केवलदंसणी ।

***थलयरा खहयरा एवं चेव ।***

- जीवा. पडि. १, सु. ३५-४०

પ્ર. ભંતે ! ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચયોનિક જળચર શું ચક્ષુદર્શની **-યાવત્-** કેવળદર્શની છે ?

ઉ. ગૌતમ ! ચક્ષુદર્શની, અચક્ષુદર્શની અને અવધિદર્શની છે પરંતુ કેવળદર્શની નથી.

***આ પ્રમાણે ગર્ભજ સ્થળચર ખેચર જીવોનાં માટે પણ જાણવું જોઈએ.***

प. सम्मुच्छिम मणुस्सा णं भंते ! किं चक्खुदंसणी **-जाव-** केवलदंसणी ?

उ. गोयमा ! णो चक्खुदंसणी, अचक्खुदंसणी, णो ओहिदंसणी, णो केवलदंसणी ।

પ્ર. ભંતે ! સમ્મૂર્ચ્છિમ મનુષ્ય શું ચક્ષુદર્શની **-યાવત્-** કેવળદર્શની છે ?

ઉ. ગૌતમ ! ચક્ષુદર્શની, અવધિદર્શની અને કેવળ દર્શની નથી. પરંતુ અચક્ષુદર્શની છે.

प. गब्भवक्कंतिय मणुस्साणं भंते ! किं चक्खुदंसणी **-जाव-** केवलदंसणी ?

उ. गोयमा ! चक्खुदंसणी वि **-जाव-** केवलदंसणी वि ।

- जीवा. पडि. १, सु. ४१

પ્ર. ભંતે ! ગર્ભજ મનુષ્ય શું ચક્ષુદર્શની **-યાવત્-** કેવળદર્શની છે ?

ઉ. ગૌતમ ! ચક્ષુદર્શની પણ છે **-યાવત્-** કેવળ દર્શની પણ છે.

प. देवा णं भंते ! किं चक्खुदंसणी **-जाव-** केवलदंसणी ?

उ. गोयमा ! चक्खुदंसणी वि, अचक्खुदंसणी वि, ओहिदंसणी वि, णो केवलदंसणी ।

- जीवा. पडि. १, सु. ४२

પ્ર. ભંતે ! દેવ શું ચક્ષુદર્શની **-યાવત્-** કેવળ દર્શની છે ?

ઉ. ગૌતમ ! ચક્ષુદર્શની પણ છે, અચક્ષુદર્શની પણ છે અને અવધિદર્શની પણ છે પરંતુ કેવળ દર્શની નથી.

**१३. दंसणस्स अगरूयलहुयत्त परूवणं-**

प. दंसणे णं भंते ! किं गरूया ? लहुया ? गरूयलहुया ? अगरूयलहुया ?

उ. गोयमा ! णो गरूया, णो लहुया, णो गरूयलहुया, अगरूयलहुया ।

- विया. स. १, उ. ९, सु. ११

**૧૩. દર્શનનાં અગુરુલઘુત્વનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! દર્શન શું ગુરુ છે, લઘુ છે. ગુરુલઘુ છે કે અગુરુલઘુ છે ?

ઉ. ગૌતમ ! દર્શન ગુરુ નથી, લઘુ નથી અને ગુરુલઘુ પણ નથી પરંતુ અગુરુલઘુ છે.

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**१४. चक्खुदंसणी आईणं कायट्ठिई परूवणं-**

प. चक्खुदंसणी णं भंते ! चक्खुदंसणी त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं,
उक्कोसेणं सागरोवमसहस्सं साइरेगं ।

प. अचक्खुदंसणी णं भंते ! अचक्खुदंसणी त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! अचक्खुदंसणी दुविहे पण्णत्ते, तं जहा-
१. अणाईए वा अपज्जवसिए,
२. अणाईए वा सपज्जवसिए ।

प. ओहिदंसणी णं भंते ! ओहिदंसणी त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं एक्कं समयं,
उक्कोसेणं दो छावट्ठीओ सागरोवमाणं साइरेगाओ ।

प. केवलदंसणी णं भंते ! केवलदंसणी त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! साईए अपज्जवसिए ।[1]

- पण्ण. प. १८, सु. १३४६-१३५७

**१४. ચક્ષુદર્શની આદિની કાયસ્થિતિનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! ચક્ષુદર્શની, ચક્ષુદર્શનીનાં રુપમાં કેટલા કાળ સુધી રહે છે?

ઉ. ગૌતમ ! જઘન્ય - અન્તર્મુહૂર્ત સુધી,
ઉત્કૃષ્ટ કંઈક અધિક હજાર સાગરોપમ સુધી રહે છે.

પ્ર. ભંતે ! અચક્ષુદર્શની, અચક્ષુદર્શનીનાં રુપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! અચક્ષુદર્શની બે પ્રકારનાં કહ્યા છે, જેમકે-
૧. અનાદિ અપર્યવસિત,
૨. અનાદિ સપર્યવસિત.

પ્ર. ભંતે ! અવધિદર્શની, અવધિદર્શનીનાં રુપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય એક સમય સુધી,
ઉત્કૃષ્ટ કંઈક અધિક બે છયાસઠ સાગરોપમ સુધી રહે છે.

પ્ર. ભંતે ! કેવળદર્શની, કેવળદર્શનીનાં રુપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! કેવળદર્શની સાદિ અપર્યવસિત હોય છે.

JAINSITE जैन साईट .com जैनम् जयति शासनम्

**१५. चक्खुदंसणी आईणं अंतरकाल परूवणं-**

चक्खुदंसणिस्स अंतरं-जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं वणस्सइकालो ।

अचक्खुदंसणिस्स-दुविहस्स नत्थि अंतरं ।

ओहिदंसणिस्स-जहन्नेणं अंतोमुहुत्तं,
उक्कोसेणं वणस्सइकालो ।

केवलदंसणिस्स-णत्थि अंतरं ।

- जीवा. पडि. ९, सु. २४६

**૧૫. ચક્ષુદર્શની આદિનાં અંતરકાળનું પ્રરુપણ :**

ચક્ષુદર્શનીનું અંતર-જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ છે.

બંને પ્રકારના અચક્ષુદર્શનીઓનું અંતર નથી.

અવધિદર્શનીનું અંતર જઘન્ય અંતર્મુહૂર્ત,
ઉત્કૃષ્ટ વનસ્પતિકાળ છે.

કેવળદર્શનીનું અંતર નથી.

**१६. चक्खुदंसणीआईणं अप्पबहुत्तं-**

प. एएसि णं भंते ! चक्खुदंसणीणं **-जाव-** केवलदंसणीण य कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

उ. गोयमा ! १. सव्वत्थोवा ओहिदंसणी,
२. चक्खुदंसणी असंखेज्जगुणा,
३. केवलदंसणी अणंतगुणा,
४. अचक्खुदंसणी अणंतगुणा ।

- जीवा. पडि. ९, सु. २४६

**૧૬. ચક્ષુદર્શની આદિનું અલ્પબહુત્વ :**

પ્ર. ભંતે ! આ ચક્ષુદર્શની **-યાવત્-** કેવળ દર્શનીમાંથી કોણ કોનાથી અલ્પ **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! ૧. બધાથી અલ્પ અવધિદર્શની છે.
૨. (તેનાથી) ચક્ષુદર્શની અસંખ્યાતગુણા છે.
૩. (તેનાથી) કેવળદર્શની અનન્તગુણા છે.
૪. (તેનાથી) અચક્ષુદર્શની અનન્તગુણા છે.

१. जीवा. पडि. ९, सु. २४६

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ૨૨. પશ્યતા અધ્યયન

**'पासणया'** શબ્દ જૈન આગમોમાં પ્રયુક્ત એક વિશિષ્ટ શબ્દ છે, જેમાં જ્ઞાન અને દર્શનનો સમાવેશ થઈ જાય છે. જ્ઞાન અને દર્શનનો સમાવેશ "ઉપયોગ" શબ્દમાં પણ થયો છે, પરંતુ ઉપયોગ અને पासणया (પશ્યતા) માં ભેદ છે. ઉપયોગમાં જ્ઞાન અને દર્શનના સમસ્ત ભેદો ગ્રહણ થાય છે, જ્યારે पासणया માં મતિજ્ઞાન અને અચક્ષુદર્શન ગ્રહણ થતાં નથી. पासणया ના માટે હિંદીમાં પશ્યતા શબ્દનો પ્રયોગ થયો છે. જે બૌદ્ધ દર્શનમાં પ્રચલિત વિપશ્યનાથી અલગ અર્થ રાખે છે. पासणया શબ્દનો વાસ્તવિક અર્થ શું છે એ શોધનો વિષય છે, પરંતુ એના સંબંધમાં આગમોમાં જે તથ્ય સંકલિત છે તેનાથી જાણ થાય છે કે તે ઉપયોગથી જુદો જ છે.

ઉપયોગની જેમ પાસણયાના બે ભેદ વર્ણવ્યા છે.- સાકારપાસણયા અને અનાકાર પાસણયા. સાકારપશ્યતા (પાસણયા) છ પ્રકારની છે.- શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન. મતિજ્ઞાન અને મતિઅજ્ઞાનને પાસણયાના ભેદોમાં ગણેલ નથી. માટે જાણ થાય છે કે સાકારપાસણયાના અન્તર્ગત માત્ર વર્તમાનકાળનો વિષય કરનાર આભિનિબોધિક (મતિ) જ્ઞાન અને મતિઅજ્ઞાનનો સમાવેશ થતો નથી. પાષણયા ત્રૈકાલિક વિષયોથી સમ્બદ્ધ છે. અનાકાર પશ્યતાના ત્રણ પ્રકાર છે - ચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવળદર્શન. આમાં અચક્ષુદર્શનનો સમાવેશ થતો નથી. કારણ કે તે બાકીના ત્રણ દર્શનોની અપેક્ષાએ અપરિસ્ફુટ હોય છે. અનાકાર પશ્યતામાં તે જ ત્રણ દર્શનોનો સમાવેશ છે. જેમાં વિશદતા કે પરિસ્ફુટતા છે.

ચોવીસ દંડકોમાં પાસણયાનું વર્ણન કરવાથી જાણી શકાય છે કે એકેન્દ્રિય જીવોમાં એક માત્ર શ્રુતઅજ્ઞાન સાકાર પશ્યતા પ્રાપ્ત થાય છે. બેઈન્દ્રિય અને ત્રેઈન્દ્રિય જીવોમાં શ્રુતજ્ઞાન કે શ્રુતઅજ્ઞાન સાકાર પશ્યતા મળે છે. ચઉરેન્દ્રિય જીવોમાં શ્રુતજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન સાકાર પશ્યતાના સિવાય ચક્ષુદર્શન અનાકારપશ્યતા પણ ઉપલબ્ધ હોય છે. કારણ કે તે ચક્ષુઈન્દ્રિય યુક્ત હોય છે. નૈરયિકો, દેવો અને પંચેન્દ્રિય તિર્યંચયોનિકોમાં શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાનના ભેદથી ચાર પ્રકારની સાકારપશ્યતા તથા ચક્ષુદર્શન અને અવધિદર્શનના ભેદથી બે પ્રકારની અનાકારપશ્યતા થઈ શકે છે. મનુષ્યોમાં સાકાર પશ્યતાના છ અને અનાકારપશ્યતાના ત્રણેય ભેદ પ્રાપ્ત થાય છે. આ વર્ણન સમુચ્ચયથી છે. પ્રત્યેક જીવની અપેક્ષાએ તેમાં ભિન્નતા રહે છે.

જીવમાં પ્રાપ્ત થનારી સાકારપશ્યતાના આધારે તે સાકારપશ્યી અને અનાકારપશ્યતાના આધારે તે અનાકારપશ્યી કહેવાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# २२. पासणया अज्झयणं

सूत्र -

१. **पासणयाभेय-प्पभेयपरूवणं-**

प. कइविहा णं भंते ! पासणया पण्णत्ता ?

उ. गोयमा ! दुविहा पासणया पण्णत्ता, तं जहा -

१. सागारपासणया, २. अणागारपासणया य।

प. सागारपासणया णं भंते ! कइविहा पण्णत्ता ?

उ. गोयमा ! छव्विहा पण्णत्ता, तं जहा-

१. सुयणाणसागारपासणया,

२. ओहिणाणसागारपासणया,

३. मणपज्जवणाणसागारपासणया,

४. केवलणाणसागारपासणया,

५. सुयअण्णाणसागारपासणया,

६. विभंगणाण सागारपासणया।

प. अणागारपासणया णं भंते ! कइविहा पण्णत्ता ?

उ. गोयमा ! तिविहा पण्णत्ता, तं जहा-

१. चक्खुदंसणअणागारपासणया,

२. ओहिदंसणअणागारपासणया,

३. केवलदंसणअणागारपासणया।

- पण्ण. प. ३०, सु. १९३६-१९३८

२. **जीवेसु ओहेण पासणया परूवणं-**

*एवं जीवाणं पि।* -पण्ण. प. ३०, सु. १९३९

३. **चउवीसदंडएसु पासणया भेयप्पभेया परूवणं-**

प. **दं. १.** णेरइयाणं भंते ! कइविहा पासणया पण्णत्ता ?

उ. गोयमा ! दुविहा पण्णत्ता, तं जहा-

१. सागारपासणया य, २. अणागारपासणया य।

प. णेरइयाणं भंते ! सागारपासणया कइविहा पण्णत्ता ?

उ. गोयमा ! चउव्विहा पण्णत्ता, तं जहा-

१. सुयणाणसागारपासणया,

२. ओहिणाणसागारपासणया,

३. सुयअण्णाणसागारपासणया,

४. विभंगणाणसागारपासणया।

# ૨૨. પશ્યતા અધ્યયન

સૂત્ર :

૧. **પશ્યતા (જોવું) નાં ભેદ-પ્રભેદોનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! પશ્યતા કેટલા પ્રકારની કહી છે ?

ઉ. ગૌતમ ! બે પ્રકારની કહી છે, જેમકે-

૧. સાકાર પશ્યતા, ૨. અનાકારપશ્યતા.

પ્ર. ભંતે ! સાકાર પશ્યતા કેટલા પ્રકારની કહી છે ?

ઉ. ગૌતમ ! છ પ્રકારની કહી છે, જેમકે-

૧. શ્રુતજ્ઞાન સાકાર પશ્યતા,

૨. અવધિજ્ઞાન સાકાર પશ્યતા,

૩. મન:પર્યવજ્ઞાન સાકાર પશ્યતા,

૪. કેવળજ્ઞાન સાકાર પશ્યતા,

૫. શ્રુત અજ્ઞાન સાકાર પશ્યતા,

૬. વિભંગજ્ઞાન સાકાર પશ્યતા.

પ્ર. ભંતે ! અનાકારપશ્યતા કેટલા પ્રકારની કહી છે ?

ઉ. ગૌતમ ! ત્રણ પ્રકારની કહી છે, જેમકે-

૧. ચક્ષુદર્શન અનાકાર પશ્યતા,

૨. અવધિદર્શન અનાકાર પશ્યતા,

૩. કેવળદર્શન અનાકાર પશ્યતા.

૨. **સામાન્યથી જીવોમાં પશ્યતાનું પ્રરુપણ :**

***આ પ્રમાણે સમુચ્ચય જીવોમાં પશ્યતાનું વર્ણન કરવું જોઈએ.***

૩. **ચોવીસ દંડકોમાં પશ્યતાનાં ભેદ-પ્રભેદોનું પ્રરુપણ :**

પ્ર. **દં.૧.** ભંતે ! નારકની પશ્યતા કેટલા પ્રકારની કહી છે ?

ઉ. ગૌતમ ! બે પ્રકારની કહી છે, જેમકે-

૧. સાકારપશ્યતા, ૨. અનાકારપશ્યતા.

પ્ર. ભંતે ! નારકની સાકારપશ્યતા કેટલા પ્રકારની કહી છે ?

ઉ. ગૌતમ ! ચાર પ્રકારની કહી છે, જેમકે-

૧. શ્રુતજ્ઞાન સાકાર પશ્યતા,

૨. અવધિજ્ઞાન સાકાર પશ્યતા,

૩. શ્રુત અજ્ઞાન સાકાર પશ્યતા,

૪. વિભંગજ્ઞાન સાકાર પશ્યતા.

JAINSITE जैन साईट .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. णेरइयाणं भंते ! अणागारपासणया कइविहा पण्णत्ता ?

उ. गोयमा ! दुविहा पण्णत्ता, तं जहा-

१. चक्खुदंसणअणागारपासणया य,

२. ओहिदंसणअणागारपासणया य।

दं. २-११. ***एवं -जाव- थणियकुमारा।***

પ્ર. ભંતે ! નારકોની અનાકારપશ્યતા કેટલા પ્રકારની કહી છે ?

ઉ. ગૌતમ ! બે પ્રકારની કહી છે, જેમકે-

૧. ચક્ષુદર્શન અનાકાર પશ્યતા,

૨. અવધિદર્શન અનાકાર પશ્યતા.

દં.૨-૧૧. ***આ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું જોઈએ.***

प. **दं. १२.** पुढविक्काइयाणं भंते ! कइविहा पासणया पण्णत्ता ?

उ. गोयमा ! एगा सागारपासणया।

प. पुढविक्काइयाणं भंते ! सागारपासणया कइविहा पण्णत्ता ?

उ. गोयमा ! एगा सुयअण्णाणसागारपासणया पण्णत्ता।

दं. १३-१६. ***एवं -जाव- वणप्फइकाइयाणं।***

પ્ર. **દં.૧૨.** ભંતે ! પૃથ્વીકાયિકોની પશ્યતા કેટલા પ્રકારની કહી છે ?

ઉ. ગૌતમ ! એક સાકારપશ્યતા કહી છે.

પ્ર. ભંતે ! પૃથ્વીકાયિકોની સાકાર પશ્યતા કેટલા પ્રકારની કહી છે ?

ઉ. ગૌતમ ! એકમાત્ર શ્રુતઅજ્ઞાન સાકારપશ્યતા કહી છે.

દં.૧૩-૧૬. ***આ પ્રમાણે વનસ્પતિકાયિકો સુધીની પશ્યતા જાણવી જોઈએ.***

प. **दं. १७.** बेइंदियाणं भंते ! कइविहा पासणया पण्णत्ता ?

उ. गोयमा ! एगा सागारपासणया पण्णत्ता।

प. बेइंदियाणं भंते ! सागारपासणया कइविहा पण्णत्ता ?

उ. गोयमा ! दुविहा पण्णत्ता, तं जहा-

१. सुयण्णाणसागारपासणया य।

२. सुयअण्णाणसागारपासणया य।

दं. १८. ***एवं तेइंदियाण वि।***

પ્ર. **દં.૧૭.** ભંતે ! બેઈન્દ્રિયોની પશ્યતા કેટલા પ્રકારની કહી છે ?

ઉ. ગૌતમ ! એક માત્ર સાકારપશ્યતા કહી છે.

પ્ર. ભંતે ! બેઈન્દ્રિયોની સાકારપશ્યતા કેટલા પ્રકારની કહી છે ?

ઉ. ગૌતમ ! બે પ્રકારની કહી છે, જેમકે-

૧. શ્રુતજ્ઞાન સાકાર પશ્યતા,

૨. શ્રુત અજ્ઞાન સાકાર પશ્યતા.

દં.૧૮. ***આ પ્રમાણે ત્રેઈન્દ્રિય જીવોની પણ પશ્યતા કહેવી જોઈએ.***

प. **दं. १९.** चउरिंदियाणं भंते ! कइविहा पासणया पण्णत्ता ?

उ. गोयमा ! दुविहा पण्णत्ता, तं जहा-

१. सागारपासणया य, २. अणागारपासणया य।

***सागारपासणया जहा बेइंदियाणं।***

प. चउरिंदियाणं भंते ! अणागारपासणया कइविहा पण्णत्ता ?

પ્ર. **દં.૧૯.** ભંતે ! ચઉરેન્દ્રિયોની પશ્યતા કેટલા પ્રકારની કહી છે ?

ઉ. ગૌતમ ! બે પ્રકારની કહી છે, જેમકે-

૧. સાકારપશ્યતા, ૨. અનાકારપશ્યતા.

***આની સાકારપશ્યતા બેઈન્દ્રિયોની સાકાર-પશ્યતાનાં સમાન જાણવી જોઈએ.***

પ્ર. ભંતે ! ચઉરેન્દ્રિયોની અનાકાર પશ્યતા કેટલા પ્રકારની કહી છે ?

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

उ. गोयमा ! एगा चक्खुदंसणअणागारपासणया पण्णत्ता।

दं. २०. ***पंचेंदिय-तिरिक्खजोणिया जहा णेरइया।***

दं. २१. ***मणूसाणं जहा जीवाणं।***

दं. २२-२४. ***सेसा जहा णेरइया जाव वेमाणिया।***

- पण्ण. प. ३०, सु. १९४०-१९५३

ઉ. ગૌતમ ! એકમાત્ર ચક્ષુદર્શનની જ અનાકારપશ્યતા કહી છે.

દં.૨૦. ***પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની પશ્યતા નારકનાં જેવી છે.***

દં.૨૧. **મનુષ્યોની પશ્યતા સમુચ્ચય જીવોનાં સમાન છે.**

દં.૨૨-૨૪ ***શેષ-વૈમાનિકો સુધી નારકનાં સમાન પશ્યતા જાણવી જોઈએ.***

४. **जीव-चउवीसदंडएसु सागारणागारपस्सी परूवणं-**

प. जीवा णं भंते ! किं सागारपस्सी, अणागारपस्सी ?

उ. गोयमा ! जीवा सागारपस्सी वि, अणागारपस्सी वि।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"जीवा सागारपस्सी वि, अणागारपस्सी वि ?"

उ. गोयमा ! जे णं जीवा सुयणाणी, ओहिणाणी, मणपज्जवणाणी, केवलणाणी, सुयअण्णाणी, विभंगणाणी,

ते णं जीवा सागारपस्सी,

जे णं जीवा चक्खुदंसणी, ओहिदंसणी, केवलदंसणी,

ते णं जीवा अणागारपस्सी,

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"जीवा सागारपस्सी वि, अणागारपस्सी वि।"

प. **दं. १.** णेरइया णं भंते ! किं सागारपस्सी अणागारपस्सी ?

उ. गोयमा ! ***एवं चेव।***

**णवरं-**सागारपासणयाए मणपज्जवणाणी केवलणाणी य वुच्चंति, अणागार-पासणयाए केवलदंसणं णत्थि।

दं. २-११. ***एवं -जाव- थणियकुमारा।***

૪. **જીવ-ચોવીસ દંડકોમાં સાકાર-અનાકાર પશ્યતાવાળાનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! જીવ સાકાર પશ્યતાવાળા છે કે અનાકાર પશ્યતાવાળા છે ?

ઉ. ગૌતમ ! જીવ સાકારપશ્યતાવાળા પણ છે અને અનાકારપશ્યાતાવાળા પણ છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"જીવ સાકારપશ્યતાવાળા પણ છે અને અનાકાર પશ્યતાવાળા પણ છે ?"

ઉ. ગૌતમ ! જે જીવ શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, કેવળજ્ઞાની, શ્રુતઅજ્ઞાની અને વિભંગજ્ઞાની છે.

તે જીવ સાકારપશ્યતાવાળા છે.

જે જીવ ચક્ષુદર્શની, અવધિદર્શની અને કેવળ દર્શની છે.

તે જીવ અનાકારપશ્યતાવાળા છે.

માટે હે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"જીવ સાકારપશ્યતાવાળા પણ છે અને અનાકારપશ્યતાવાળા પણ છે."

પ્ર. **દં.૧.** ભંતે ! નારક સાકારપશ્યતાવાળા છે કે અનાકારપશ્યતાવાળા છે ?

ઉ. ગૌતમ ! ***પૂર્વવત્ જાણવું જોઈએ.***

**વિશેષ :** સાકારપશ્યતામાં મનઃપર્યાયજ્ઞાની અને કેવળજ્ઞાની તથા અનાકાર પશ્યતામાં કેવળ દર્શની નથી એવું કહેવું જોઈએ.

દં.૨-૧૧. ***આ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું જોઈએ.***

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

प. **दं. १२.** पुढविक्काइयाणं भंते ! किं सागारपस्सी, अणागारपस्सी ?

उ. गोयमा ! पुढविक्काइया सागारपस्सी, णो अणागारपस्सी।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"पुढविक्काइया सागारपस्सी, णो अणागारपस्सी ?

उ. गोयमा ! पुढविक्काइयाणं एगा सुयअण्णाणसागारपासणया पण्णत्ता।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"पुढविक्काइया सागारपस्सी, णो अणागारपस्सी।"

***दं. १३-१६. एवं -जाव- वणस्सइकाइया।***

प. **दं. १७.** बेइंदियाणं भंते ! किं सागारपस्सी, अणागारपस्सी ?

उ. गोयमा ! सागारपस्सी, णो अणागारपस्सी।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"बेइंदिया सागारपस्सी, णो अणागारपस्सी ?"

उ. गोयमा ! बेइंदियाणं दुविहा सागारपासणया पण्णत्ता, तं जहा-

१. सुयणाणसागारपासणया य,

२. सुयअण्णाणसागारपासणया य।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"बेइंदिया सागारपस्सी, णो अणागारपस्सी।"

दं. १८. ***एवं तेइंदियाण वि।***

प. **दं. १९.** चउरिंदियाणं भंते ! किं सागारपस्सी, अणागारपस्सी ?

उ. गोयमा ! चउरिंदिया सागारपस्सी वि, अणागारपस्सी वि।

प. से केणट्ठेण भंते ! एवं वुच्चइ-

"चउरिंदिया सागारपस्सी वि, अणागारपस्सी वि ?

પ્ર. **દં.૧૨.** ભંતે ! પૃથ્વીકાયિક સાકારપશ્યતાવાળા છે કે અનાકારપશ્યતાવાળા છે ?

ઉ. ગૌતમ ! પૃથ્વીકાયિક સાકારપશ્યતાવાળા છે, અનાકારપશ્યતાવાળા નથી.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"પૃથ્વીકાયિક જીવ સાકાર પશ્યતાવાળા છે પરંતુ અનાકારપશ્યતાવાળા નથી?"

ઉ. ગૌતમ ! પૃથ્વીકાયિકોમાં એકમાત્ર શ્રુત્રઅજ્ઞાન સાકારપશ્યતા કહી છે.

માટે હે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"પૃથ્વીકાયિક સાકારપશ્યતાવાળા છે અનાકારપશ્યતાવાળા નથી."

દં. ૧૩-૧૬. ***આ પ્રમાણે વનસ્પતિકાયિકો સુધી જાણવું જોઈએ.***

પ્ર. **દં.૧૭.** ભંતે ! બેઈન્દ્રિય સાકારપશ્યતાવાળા છે કે અનાકારપશ્યતાવાળા છે ?

ઉ. ગૌતમ ! તે સાકારપશ્યતાવાળા છે, અનાકાર-પશ્યતાવાળા નથી.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"બેઈન્દ્રિય સાકારપશ્યતાવાળા છે. અનાકાર-પશ્યતાવાળા નથી"?

ઉ. ગૌતમ ! તે બેઈન્દ્રિય બે પ્રકારથી સાકારપશ્ય-તાવાળા કહ્યા છે, જેમકે-

૧. શ્રુતજ્ઞાન સાકારપશ્યતા,

૨. શ્રુતઅજ્ઞાનસાકારપશ્યતા.

માટે હે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"બેઈન્દ્રિય સાકારપશ્યતાવાળા છે, અનાકાર પશ્યતાવાળા નથી."

દં.૧૮. ***આ પ્રમાણે ત્રેઈન્દ્રિય જીવોનાં વિષયમાં સમજવું જોઈએ.***

પ્ર. **દં.૧૯.** ભંતે ! ચઉરેન્દ્રિય સાકારપશ્યતાવાળા છે કે અનાકારપશ્યતાવાળા છે ?

ઉ. ગૌતમ ! ચઉરેન્દ્રિય સાકારપશ્યતાવાળા પણ છે અને અનાકારપશ્યતાવાળા પણ છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"ચઉરેન્દ્રિય સાકારપશ્યતાવાળા પણ છે અને અનાકારપશ્યતાવાળા પણ છે"?

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उ. गोयमा ! जे णं चउरिंदियाणं सुयणाणी सुयअण्णाणी,

ते णं चउरिंदिया सागारपस्सी,

जे णं चउरिंदिया चक्खुदंसणी,

ते णं चउरिंदिया अणागारपस्सी।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"चउरिंदिया सागारपस्सी वि, अणागारपस्सी वि।"

दं. २०. ***पंचेंदिय-तिरिक्खजोणिया जहा णेरइया।***

दं. २१. ***मणूसा जहा जीवा।***

दं. २२-२४. ***अवसेसा जहा णेरइया -जाव- वेमाणिया।***[1]

- पण्ण. प. ३०, सु. १९५४-१९६२

ઉ. ગૌતમ ! જે ચઉરેન્દ્રિય શ્રુતજ્ઞાની અને શ્રુતઅજ્ઞાની છે,

તે ચઉરેન્દ્રિય સાકારપશ્યતાવાળા છે.

જે ચઉરેન્દ્રિય ચક્ષુદર્શની છે,

તે ચઉરેન્દ્રિય અનાકારપશ્યતાવાળા છે.

માટે હે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"ચઉરેન્દ્રિય સાકારપશ્યતાવાળા પણ છે અને અનાકારપશ્યતાવાળા પણ છે."

દં.૨૦. **પંચેન્દ્રિય તિર્યંચયોનિકોનું વર્ણન નારકનાં સમાન છે.**

દં.૨૧. **મનુષ્યોનું વર્ણન સમુચ્ચય જીવોનાં સમાન છે.**

દં.૨૨-૨૪. **બાકીનાં વૈમાનિકો સુધી નારકનાં સમાન પશ્યતાવાળા જાણવું જોઈએ.**

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

---

१. विया. स. १६, उ. ७, सु. १

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ૨૩. દષ્ટિ અધ્યયન

દષ્ટિ અધ્યયનના અન્તર્ગત ત્રણ પ્રકારની દષ્ટિયોનું વિવેચન થયેલ છે. ત્રણ દષ્ટિઓ છે.- ૧. સમ્યગ્દષ્ટિ, ૨. મિથ્યાદષ્ટિ અને ૩. મિશ્રદષ્ટિ. આમાંથી કોઈપણ એક દષ્ટિ પ્રત્યેક જીવમાં પ્રાપ્ત હોય છે. કોઈપણ જીવ દષ્ટિવિહીન હોતાં નથી. ચાહે તે એકેન્દ્રિયનો પૃથ્વીકાય જીવ હોય કે સિદ્ધનો જીવ હોય. બધામાં દષ્ટિ વિદ્યમાન છે. આ દષ્ટિ જીવન અને જગતના પ્રત્યે જેની દષ્ટિ જે પ્રમાણે હોય તે પ્રમાણે દર્શાવામાં આવી છે. જે જીવ સંસારને સુખ સમજે છે, વિષયભોગોમાં રમે છે તે મિથ્યાદષ્ટિવાળો હોય છે, જે જીવ સંસારથી પર મોક્ષસુખનો અભિલાષી હોય છે તે સમ્યગ્દષ્ટિવાળો હોય છે. એવા જીવોની વિષયભોગોમાં આસક્તિ તીવ્ર હોતી નથી. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે સાત પ્રકૃતિઓનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ હોવો આવશ્યક છે. તે સાત પ્રકૃતિઓ આ પ્રમાણે છે.- અનન્તાનુબંધી કષાયની ચતુષ્ક, સમ્યક્ત્વમોહનીય, મિથ્યાત્વમોહનીય અને મિશ્રમોહનીય. જ્યારે મોહકર્મની એ સાત પ્રકૃતિઓ ક્ષીણ થાય છે ત્યારે સમ્યગ્દષ્ટિવાળો બને છે. આને દષ્ટિની નિર્વૃતિ કહેવામાં આવે છે. નિર્વૃતિનો અર્થ છે નિષ્પત્તિ કે નિર્મિતિ, જ્યારે સમ્યગ્દર્શન પણ ન થાય અને મિથ્યાદષ્ટિ પણ ન થાય ત્યારે તેને સમ્યગ્મિથ્યા દષ્ટિ કહેવામાં આવે છે. મલયગિરિ પ્રજ્ઞાપનાસૂત્રની વૃત્તિ (પત્રાંક-૩૮૮) માં કહેલ છે કે જીનેન્દ્ર પ્રરુપિત જીવાદિ તત્વો પ્રત્યે અવિપરીત દષ્ટિનું હોવું સમ્યગ્દષ્ટિ છે અને જીનેન્દ્ર પ્રરુપિત તત્વો પ્રત્યે સમ્યક્ શ્રદ્ધા પણ ન હોય અને વિપ્રતિપત્તિ પણ ન હોય તે સમ્યગ્મિથ્યાદષ્ટિ હોય છે. તેને જીન પ્રરુપિત તત્વોના સંબંધમાં રુચિ પણ હોતી નથી અને અરૂચિ પણ હોતી નથી.

સમુચ્ચયની અપેક્ષાએ નૈરયિકો અને દેવોમાં ત્રણ પ્રકારની દષ્ટિ પ્રાપ્ત થાય છે. ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચયોનિક અને ગર્ભજ મનુષ્યોમાં પણ એ ત્રણેય દષ્ટિઓ પ્રાપ્ત થાય છે. સમ્મૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચ જીવોમાં સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિ એ બે દષ્ટિઓ કહી છે તથા સમ્મૂર્ચ્છિમ મનુષ્યોમાં એક માત્ર મિથ્યાદષ્ટિ મનાય છે. એકેન્દ્રિય જીવોમાં પણ માત્ર મિથ્યાદષ્ટિ હોય છે. જ્યારે બેઈન્દ્રિય, ત્રેઈન્દ્રિય અને ચઉરેન્દ્રિય જીવોમાં બે દષ્ટિઓ મનાય છે - સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિ. સિદ્ધ જીવ માત્ર સમ્યગ્દષ્ટિ હોય છે. તે મિથ્યાદષ્ટિ અને સમ્યગ્મિથ્યાદષ્ટિ હોતાં નથી. દેવોમાં પાંચ અનુત્તરવિમાન (ના દેવો) માં પણ માત્ર સમ્યગ્દષ્ટિ રહે છે બીજી નહિ.

દષ્ટિનો સંબંધ આત્માથી છે, એટલા માટે તે સંસારી જીવોમાં પણ હોય છે. તેમજ સિદ્ધોમાં પણ હોય છે. દષ્ટિ સિદ્ધોની જેમ અગુરુલઘુ હોય છે માટે ગુરુલઘુતાથી રહિત હોય છે. જીવ જે દષ્ટિથી ક્રિયા કરે છે, એ દષ્ટિ તે ક્રિયાની અપેક્ષાએ કરણ કહેવાય છે. આ પ્રમાણે દષ્ટિકરણ પણ ત્રણ જ હોય છે. જેમ- સમ્યગ્દષ્ટિકરણ, મિથ્યાદષ્ટિકરણ અને સમ્યગ્મિથ્યાદષ્ટિકરણ. જે જીવમાં જે દષ્ટિ પ્રાપ્ત થાય છે તે જ દષ્ટિકરણ તેમાં ઉપલબ્ધ થાય છે. આ દષ્ટિઓથી ત્રણ પ્રકારના બંધ થાય છે - ૧. જીવ પ્રયોગ-બંધ, ૨. અનન્તર-બંધ અને ૩. પરંપર-બંધ.

કાયસ્થિતિની અપેક્ષાએ વિચાર કરવાથી જાણ થાય છે કે એક તો તે જીવ છે જેમાં એકવાર સમ્યગ્દષ્ટિ ઉત્પન્ન થઈ ગયા પછી ફરી પૂર્ણ થતી નથી. તેની આ સમ્યગ્દષ્ટિને સાદિ અપર્યવસિત કહેવામાં આવે છે પણ કેટલાક એવા પણ જીવ છે જેમાં સમ્યગ્દર્શન પ્રગટ થયા પછી ફરી ચાલી જાય છે, તે સમ્યગ્દષ્ટિ સાદી સપર્યવસિત કહેવાય છે. તે જઘન્ય અન્તર્મુહૂર્ત્ત સુધી અને વધારેમાં કંઈક વધારે (૬૬) છયાંસઠ સાગરોપમ સુધી રહે છે. મિથ્યાદષ્ટિ ત્રણ પ્રકારની હોય છે.- ૧. સાદી સપર્યવસિત, ૨. અનાદિ અપર્યવસિત અને ૩. અનાદિ સપર્યવસિત. આમાં જે સાદી સપર્યવસિત છે તેની જઘન્ય કાયસ્થિતિ અન્તર્મુહૂર્ત્તની છે અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ દેશોન અર્ધપુદ્ગલ પરાવર્તન કાળ છે. સમ્યગ્મિથ્યાદષ્ટિ અર્થાત્ મિશ્રદષ્ટિ જઘન્ય અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત્ત સુધી રહે છે. કાયસ્થિતિના અનુસાર જ દષ્ટિઓના અંતરકાળનું પણ આ અધ્યયનમાં વર્ણન કરેલ છે.

અલ્પબહુત્વની અપેક્ષાએ સર્વેથી અલ્પ સમ્યગ્મિથ્યાદષ્ટિ (મિશ્રદષ્ટિ) જીવ છે. તેનું ત્રીજુ ગુણસ્થાન મનાય છે. આ ગુણસ્થાન એક અન્તર્મુહૂર્ત્તથી અધિક કાળ સુધી રહેતું નથી. પછી તેના અનન્તર જીવ મિથ્યાદષ્ટિ કે સમ્યગ્દષ્ટિ જ હોય છે. મિશ્રદષ્ટિથી સમ્યગ્દષ્ટિ જીવ અનન્તગુણા છે તથા સમ્યગ્દષ્ટિથી મિથ્યાદષ્ટિ જીવ અનન્તગુણા છે. આ સંસાર મિથ્યાદષ્ટિ જીવોથી ભરેલ છે.

✱ ✱ ✱

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# २३. दिट्ठी अज्झयणं

सूत्र -

१. **जीव-चउवीसदंडएसु सिद्धेसु य दिट्ठी भेय परूवणं-**

प. जीवा णं भंते ! किं सम्मदिट्ठी, मिच्छादिट्ठी सम्मामिच्छादिट्ठी ?

उ. गोयमा ! जीवा सम्मदिट्ठी वि, मिच्छादिट्ठी वि, सम्मामिच्छादिट्ठी वि ।[1]

दं. १. ***एवं णेरइया वि ।***[2]

दं. २-११. ***असुरकुमारा वि एवं चेव -जाव- थणियकुमारा ।***

प. **दं. १२.** पुढविक्काइयाणं भंते ! किं सम्मदिट्ठी, मिच्छादिट्ठी, सम्मामिच्छादिट्ठी ?

उ. गोयमा ! पुढविक्काइया णो सम्मदिट्ठी, मिच्छादिट्ठी, णो सम्मामिच्छादिट्ठी ।[3]

दं. १३-१६. ***एवं -जाव- वणफ्फइकाइया ।***[4]

प. **दं. १७.** बेइंदियाणं भंते ! किं सम्मदिट्ठी, मिच्छादिट्ठी, सम्मामिच्छादिट्ठी ?

उ. गोयमा ! बेइंदिया सम्मदिट्ठी वि, मिच्छादिट्ठी वि, णो सम्मामिच्छादिट्ठी ।[5]

दं. १८-१९. ***एवं तेइंदिया चउरिंदिया वि ।***[6]

दं. २०-२४. ***पंचेंदिय-तिरिक्खजोणिय[7] मणुस्सा[8], वाणमंतर-जोइसिय-वेमाणिया य सम्मदिट्ठी वि, मिच्छादिट्ठी वि, सम्मामिच्छादिट्ठी वि ।***[9]

प. सिद्धा णं भंते ! किं सम्मदिट्ठी, मिच्छादिट्ठी, सम्मामिच्छादिट्ठी ?

उ. गोयमा ! सिद्धा णं सम्मदिट्ठी, णो मिच्छादिट्ठी, णो सम्मामिच्छादिट्ठी ।

- पण्ण. प. १९. सु. १३९९-१४०५

# ૨૩. દૃષ્ટિ અધ્યયન

સૂત્ર :

૧. **જીવ ચોવીસદંડકો અને સિદ્ધોમાં દૃષ્ટિનાં ભેદોનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! શું જીવ સમ્યગ્દૃષ્ટિ છે, મિથ્યાદૃષ્ટિ છે કે સમ્યગ્મિથ્યાદૃષ્ટિ છે ?

ઉ. ગૌતમ ! જીવ સમ્યગ્દૃષ્ટિ પણ છે, મિથ્યાદૃષ્ટિ પણ છે અને સમ્યગ્મિથ્યાદૃષ્ટિ પણ છે.

દં.૧ ***આ પ્રમાણે નારક પણ ત્રણે દૃષ્ટિવાળા છે.***

દં.૨-૧૧. ***અસુરકુમારોથી સ્તનિતકુમારો સુધીને પણ ત્રણે દૃષ્ટિઓ પ્રાપ્ત થાય છે.***

પ્ર. **દં.૧૨.** ભંતે ! પૃથ્વીકાયિક જીવ શું સમ્યગ્દૃષ્ટિ છે, મિથ્યાદૃષ્ટિ છે કે સમ્યગ્મિથ્યાદૃષ્ટિ છે ?

ઉ. ગૌતમ ! પૃથ્વીકાયિક જીવ સમ્યગ્દૃષ્ટિ અને સમ્યગ્મિથ્યાદૃષ્ટિ નથી પરંતુ મિથ્યાદૃષ્ટિ છે.

દં.૧૩-૧૬. ***આ પ્રમાણે વનસ્પતિકાયિકો સુધી જાણવું જોઈએ.***

પ્ર. દં.૧૭. ભંતે ! બેઈન્દ્રિય જીવ સમ્યગ્દૃષ્ટિ છે, મિથ્યાદૃષ્ટિ છે કે સમ્યગ્મિથ્યાદૃષ્ટિ છે ?

ઉ. ગૌતમ ! બેઈન્દ્રિય જીવ સમ્યગ્દૃષ્ટિ પણ છે, મિથ્યાદૃષ્ટિ પણ છે, પરંતુ સમ્યગ્મિથ્યાદૃષ્ટિ નથી.

દં.૧૮-૧૯. ***આ પ્રમાણે ત્રેઈન્દ્રિય અને ચઉરેન્દ્રિયની પણ દૃષ્ટિઓ જાણવી જોઈએ.***

દં.૨૦-૨૪. ***પંચેન્દ્રિય તિર્યંચયોનિક, મનુષ્ય, વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવ સમ્યગ્દૃષ્ટિ પણ હોય છે, મિથ્યાદૃષ્ટિ પણ હોય છે અને સમ્યગ્મિથ્યાદૃષ્ટિ પણ હોય છે.***

પ્ર. ભંતે ! શું સિદ્ધ જીવ સમ્યગ્દૃષ્ટિ છે, મિથ્યાદૃષ્ટિ છે કે સમ્યગ્મિથ્યાદૃષ્ટિ છે ?

ઉ. ગૌતમ ! સિદ્ધ જીવ સમ્યગ્દૃષ્ટિ હોય છે, તે મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્મિથ્યાદૃષ્ટિ હોતા નથી.

---

१. ठाणं. अ. ३, उ. ३, सु. १८७
२. (क) जीवा. पडि. ३, उ. ३, सु. ८८ (२)
(ख) जीवा. पडि. १, सु. ३२
३. (क) जीवा. पडि. १, सु. (१३/१३)
(ख) विया. स. १९, उ. ३, सु. ४
(ग) विया. स. २४, उ. १२, सु. ३
४. जीवा. पडि. १, सु. १६-२६
५. (क) जीवा. पडि. १, सु. २८
(ख) विया. स. २०, उ. १, सु. ४
६. जीवा. पडि. १, सु. २९-३०
७. (क) विया. स. १, उ. २, सु. ९/२
(ख) विया. स. २०, उ. १, सु. ७
८. विया. स. १, उ. २, सु. १०/२
९. (क) ठाणं. अ. ३, उ. ३, सु. १८७
(ख) जीवा. पडि. ३, सु. ९७ (१)
(ग) जीवा. पडि. १, सु. ४२

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

२. **दिट्ठिस्स अगरूयलहुयत्त परूवणं-**

प. दिट्ठी णं भंते ! किं गरूया ? लहुया ? गरूयलहुया ? अगरूयलहुया ?

उ. गोयमा ! णो गरूया, णो लहुया, णो गरूयलहुया, अगरूयलहुया।

- विया. स. १, उ. ९. सु. ११

૨. **દૃષ્ટિનાં અગુરુલઘુત્વનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! દૃષ્ટિ શું ગુરુ છે, લઘુ છે, ગુરુલઘુ છે કે અગુરુલઘુ છે ?

ઉ. ગૌતમ ! દૃષ્ટિ ગુરુ નથી, લઘુ નથી અને ગુરુ લઘુ પણ નથી પરંતુ અગુરુલઘુ છે.

३. **दिट्ठी निव्वत्ती भेया चउवीसदंडएसु य परूवणं-**

प. कइविहा णं भंते ! दिट्ठी निव्वत्ती पण्णत्ता ?

उ. गोयमा ! तिविहा दिट्ठी निव्वत्ती पण्णत्ता, तं जहा-

१. सम्मदिट्ठी निव्वत्ती,

२. मिच्छादिट्ठी निव्वत्ती,

३. सम्मामिच्छादिट्ठी निव्वत्ती।

दं. १-२४. ***एवं -जाव- वेमाणियाणं जस्स जइविहा दिट्ठी तस्स तइ भाणियव्वा।***

- विया. स. १९, उ. ८, सु. ३६-३७

૩. **દૃષ્ટિનિર્વૃત્તિનાં ભેદ અને ચોવીસ દંડકોમાં પ્રરુપણ :**

પ્ર. ભંતે ! દૃષ્ટિનિર્વૃત્તિ કેટલા પ્રકારની કહી છે ?

ઉ. ગૌતમ ! દૃષ્ટિનિર્વૃત્તિ ત્રણ પ્રકારની કહી છે, જેમકે-

૧. સમ્યગ્દૃષ્ટિ નિર્વૃત્તિ,

૨. મિથ્યાદૃષ્ટિનિર્વૃત્તિ,

૩. સમ્યગ્મિથ્યા દૃષ્ટિનિર્વૃત્તિ.

દં.૧-૨૪. ***આ પ્રમાણે વૈમાનિકો સુધી જેની જેટલી દૃષ્ટિઓ હોય તેની તેટલી દૃષ્ટિનિર્વૃત્તિ કહેવી જોઈએ.***

४. **दिट्ठी करण भेया चउवीसदंडएसु य परूवणं-**

प. कइविहे णं भंते ! दिट्ठी करणे पण्णत्ते ?

उ. गोयमा ! तिविहे दिट्ठी करणे पण्णत्ते, तं जहा-

१. सम्मदिट्ठी करणे,

२. मिच्छादिट्ठी करणे,

३. सम्मामिच्छादिट्ठी करणे,

दं. १-२४. ***एवं -जाव- वेमाणियाणं।***

**णवरं**-जस्स जं अत्थि तस्स तं सव्वं भाणियव्वं।

- विया. सं. १९, उ. ९, सु. ८

૪. **દૃષ્ટિકરણના ભેદ અને ચોવીસ દંડકોમાં પ્રરુપણ :**

પ્ર. ભંતે ! દૃષ્ટિકરણ કેટલા પ્રકારનાં કહ્યા છે ?

ઉ. ગૌતમ ! દૃષ્ટિકરણ ત્રણ પ્રકારનાં કહ્યા છે, જેમકે-

૧. સમ્યગ્દૃષ્ટિકરણ,

૨. મિથ્યાદૃષ્ટિકરણ,

૩. સમ્યગ્મિથ્યાદૃષ્ટિકરણ.

દં.૧-૨૪: ***આ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું જોઈએ.***

**વિશેષ :** જેની જે દૃષ્ટિ હોય તે બધી કહેવી જોઈએ.

५. **दिट्ठी एहिं बंध पगारा चउवीसदंडएसु य परूवणं-**

प. सम्मदिट्ठीएणं मिच्छादिट्ठीएणं सम्मामिच्छादिट्ठीएणं भंते ! कइविहे बंधे पण्णत्ते ?

उ. गोयमा ! तिविहे बंधे पण्णत्ते, तं जहा-

१. जीवप्पओग बंधे,

२. अणंतर बंधे,

३. परंपर बंधे।

१-२४. ***एवं चउवीसं दंडगा भाणियव्वा।***

૫. **દૃષ્ટિઓ દ્વારા બંધના પ્રકાર અને ચોવીસ દંડકોમાં પ્રરુપણ :**

પ્ર. ભંતે ! સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્-મિથ્યાદૃષ્ટિનાં દ્વારા બંધ કેટલા પ્રકારનાં કહ્યા છે ?

ઉ. ગૌતમ ! બંધ ત્રણ પ્રકારનાં કહ્યા છે, જેમકે-

૧. જીવપ્રયોગ બંધ,

૨. અનન્તર બંધ,

૩. પરંપરબંધ.

૧-૨૪. ***આ પ્રમાણે ચોવીસ દંડકોમાં બંધ કહેવા જોઈએ.***

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

णवरं-जाणियव्वं जस्स जं अत्थि।

- विया. स. २०, उ. ७, सु. १८

**विशेष :** જેને જે હોય તે જાણવું જોઈએ.

६. **सम्मुच्छिम गब्भवक्कंतिय पंचेंदियतिरिक्खजोणिएसु मणुस्सेसु य दिट्ठी परूवणं-**

प. सम्मुच्छिम पंचेंदिय तिरिक्खजोणिय जलयराणं भंते ! कइ दिट्ठीओ पण्णत्ताओ ?

उ. गोयमा ! दो दिट्ठीओ पण्णत्ताओ, तं जहा-

१. सम्मदिट्ठी वि,

२. मिच्छादिट्ठी वि

नो सम्मामिच्छादिट्ठी।

***थलयरा खहयरा वि एवं चेव।***

प. गब्भवक्कंतिय पंचिंदिय तिरिक्खजोणिय जलयराणं भंते ! कइ दिट्ठीओ पण्णत्ताओ ?

उ. गोयमा ! तओ दिट्ठीओ पण्णत्ताओ, तं जहा-

१. सम्मदिट्ठी वि,

२. मिच्छादिट्ठी वि,

३. सम्मामिच्छादिट्ठी वि।

***थलयरा खहयरा वि एवं चेव।***

- जीवा. पडि. १, सु. ३५-४०

प. सम्मुच्छिम मणुस्सा णं भंते ! कइ दिट्ठीओ पण्णत्ताओ ?

उ. गोयमा ! एगा दिट्ठी पण्णत्ता, तं जहा-

नो सम्मदिट्ठी, मिच्छादिट्ठी, नो सम्मामिच्छादिट्ठी।

प. गब्भवक्कंतिय मणुस्सा णं भंते ! कइ दिट्ठीओ पण्णत्ताओ ?

उ. गोयमा ! तओ दिट्ठीओ पण्णत्ताओ, तं जहा-

१. सम्मदिट्ठी वि,

२. मिच्छादिट्ठी वि,

३. सम्मामिच्छादिट्ठी वि।

- जीवा. पडि. १, सु. ४१

६. **સમ્મૂર્ચ્છિમ ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચયોનિકો અને મનુષ્યોમાં દષ્ટિ ભેદોનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! સમ્મૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચયોનિક જલચરોમાં કેટલી દષ્ટિઓ કહી છે ?

ઉ. ગૌતમ ! બે દષ્ટિઓ કહી છે, જેમકે-

૧. સમ્યગ્દષ્ટિ,

૨. મિથ્યાદષ્ટિ,

તે સમ્યગ્મિથ્યા દષ્ટિવાળા હોતા નથી.

***આ પ્રમાણે સમ્મૂર્ચ્છિમ સ્થળચરો, ખેચરોમાં પણ બે દષ્ટિઓ જાણવી જોઈએ.***

પ્ર. ભંતે ! ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચયોનિક જલચરોની કેટલી દષ્ટિઓ કહી છે ?

ઉ. ગૌતમ ! ત્રણ દષ્ટિઓ કહી છે, જેમકે-

૧. સમ્યગ્દષ્ટિ,

૨. મિથ્યાદષ્ટિ,

૩. સમ્યગ્મિથ્યાદષ્ટિ.

***આ પ્રમાણે ગર્ભજ સ્થળચરો, ખેચરોમાં પણ ત્રણે દષ્ટિઓ જાણવી જોઈએ.***

પ્ર. ભંતે ! સમ્મૂર્ચ્છિમ મનુષ્યોમાં કેટલી દષ્ટિઓ કહી છે ?

ઉ. ગૌતમ ! એક દષ્ટિ કહી છે, જેમકે-

તે સમ્યગ્દષ્ટિ અને સમ્યગ્મિથ્યાદષ્ટિ નથી. એકમાત્ર મિથ્યાદષ્ટિ છે.

પ્ર. ભંતે ! ગર્ભજ મનુષ્યોમાં કેટલી દષ્ટિઓ કહી છે ?

ઉ. ગૌતમ ! ત્રણ દષ્ટિઓ કહી છે, જેમકે-

૧. સમ્યગ્દષ્ટિ,

૨. મિથ્યાદષ્ટિ,

૩. સમ્યગ્મિથ્યાદષ્ટિ.

७. **वेमाणिय देवेसु दिट्ठी भेय परूवणं-**

प. सोहम्मीसाणदेवा णं भंते ! किं सम्मदिट्ठी, मिच्छादिट्ठी, सम्मामिच्छादिट्ठी ?

૭. **વૈમાનિક દેવોમાં દષ્ટિ ભેદોનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! શું સૌધર્મ- ઈશાન કલ્પનાં દેવ સમ્યગ્દષ્ટિ છે, મિથ્યાદષ્ટિ છે કે સમ્યગ્મિથ્યાં દષ્ટિ છે ?

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उ. गोयमा ! तिण्णि वि -जाव- अंतिम गेवेज्जादेवा सम्मदिट्ठी वि, मिच्छादिट्ठी वि, सम्मामिच्छादिट्ठी वि ।

अणुत्तरोववाइया सम्मदिट्ठी, नो मिच्छादिट्ठी, नो सम्मामिच्छादिट्ठी ।

- जीवा. पडि. ३, सु. २०१ (ई)

ઉ. ગૌતમ ! ત્રણેય પ્રકારની છે. અંતિમ ગ્રૈવેયક સુધીનાં દેવ સમ્યગ્દૃષ્ટિ પણ હોય છે, મિથ્યાદૃષ્ટિ પણ હોય છે અને સમ્યગ્મિથ્યાદૃષ્ટિ પણ હોય છે.

અનુત્તર વિમાનોનાં દેવ સમ્યગ્દૃષ્ટિ જ હોય છે, પરંતુ મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્મિથ્યાદૃષ્ટિ હોતાં નથી.

## ८. सम्मद्दिट्ठीआई जीवाणं कायट्ठिई परूवणं-

प. सम्मदिट्ठी णं भंते ! सम्मदिट्ठी त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! सम्मदिट्ठी दुविहे पण्णत्ते, तं जहा-

१. साईए वा अपज्जवसिए,

२. साईए वा सपज्जवसिए ।

तत्थं णं जे से साईए सपज्जवसिए से जहण्णेणं अंतोमुहुत्तं,

उक्कोसेणं छावट्ठिं सागरोवमाइं साइरेगाइं ।

प. मिच्छादिट्ठी णं भंते ! मिच्छादिट्ठी त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! मिच्छादिट्ठी तिविहे पण्णत्ते, तं जहा-

१. अणाईए वा अपज्जवसिए,

२. अणाईए वा सपज्जवसिए,

३. साईए वा सपज्जवसिए ।

तत्थं णं जे से साईए सपज्जवसिए से जहण्णेणं अंतोमुहुत्तं,

उक्कोसेणं अणंतं कालं -जाव- खेत्तओ अवड्ढं पोग्गलपरियट्टं देसूणं ।

प. सम्मामिच्छादिट्ठी णं भंते ! सम्मामिच्छादिट्ठी त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं ।

- जीवा. पडि. ९, सु. २३७

## ૮. સમ્યગ્દૃષ્ટિ આદિ જીવોની કાયસ્થિતિનું પ્રરુપણ :

પ્ર. ભંતે ! સમ્યગ્દૃષ્ટિ જીવ સમ્યગ્દૃષ્ટિનાં રુપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! સમ્યગ્દૃષ્ટિ જીવ બે પ્રકારનાં કહ્યા છે, જેમકે-

૧. સાદિ અપર્યવસિત,

૨. સાદિ સપર્યવસિત.

જે સાદિ સપર્યવસિત સમ્યગ્દૃષ્ટિ છે. તે જઘન્ય અન્તર્મુહૂર્ત,

ઉત્કૃષ્ટ કંઈક અધિક છયાસઠ સાગરોપમ સુધી રહે છે.

પ્ર. ભંતે ! મિથ્યાદૃષ્ટિ જીવ મિથ્યાદૃષ્ટિનાં રુપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! મિથ્યાદૃષ્ટિ ત્રણ પ્રકારનાં કહ્યા છે, જેમકે-

૧. અનાદિ અપર્યવસિત,

૨. અનાદિ સપર્યવસિત,

૩. સાદિ સપર્યવસિત.

આમાંથી જે સાદિ સપર્યવસિત છે, તે જઘન્ય અન્તર્મુહૂર્ત,

ઉત્કૃષ્ટ અનન્તકાળ અર્થાત્ ક્ષેત્રથી દેશોન અર્ધપુદ્‌ગલ પરાવર્ત કાળ સુધી રહે છે.

પ્ર. ભંતે ! સમ્યગ્મિથ્યાદૃષ્ટિ જીવ સમ્યગ્મિથ્યાદૃષ્ટિનાં રુપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! (સમ્યગ્મિથ્યાદૃષ્ટિ જીવ) જઘન્ય અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત સુધી રહે છે.

## ९. सम्मद्दिट्ठीआई जीवाणं अंतरकाल परूवणं-

सम्मदिट्ठीस्स साईयस्स अपज्जवसियस्स णत्थि अंतरं,

साइयस्स सपज्जवसियस्स जहण्णेणं अंतोमुहुत्तं,

## ૯. સમ્યગ્દૃષ્ટિ આદિ જીવોનાં અંતરકાળનું પ્રરુપણ :

સાદિ અપર્યવસિત સમ્યગ્દૃષ્ટિનું અંતર નથી,

સાદિ સપર્યવસિતનું અંતર જઘન્ય અન્તર્મુહૂર્ત.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

उक्कोसेणं अणंतं कालं **-जाव-** अवड्ढं पोग्गलपरियट्टं देसूणं,

मिच्छादिट्ठियस्स अणाइयस्स अपज्जवसियस्स णत्थि अंतरं,

अणाइयस्स सपज्जवसियस्स णत्थि अंतरं,

साइयस्स सपज्जवसियस्स जहण्णेणं अंतोमुहुत्तं,

उक्कोसेणं छावट्ठिं सागरोवमाइं साइरेगाइं,

सम्मामिच्छादिट्ठिस्स जहण्णेणं अंतोमुहुत्तं,

उक्कोसेणं अणंतं कालं **-जाव-** अवड्ढं पोग्गलपरियट्टं देसूणं।

– जीवा. पडि. ९, सु. २३७

ઉત્કૃષ્ટ અનન્તકાળ અર્થાત્ દેશોન અર્દ્ધપુદ્‌ગલપરાવર્ત સુધી છે.

અનાદિ અપર્યવસિત મિથ્યાદષ્ટિનું અંતર નથી.

અનાદિ સપર્યવસિત મિથ્યાદષ્ટિનું પણ અંતર નથી.

સાદિ સપર્યવસિતનું અંતર જઘન્ય અન્તર્મુહૂર્ત,

ઉત્કૃષ્ટ કંઈક અધિક છયાસઠ સાગરોપમ છે.

સમ્યગ્‌મિથ્યાદષ્ટિનું અંતર જઘન્ય અન્તર્મુહૂર્ત,

ઉત્કૃષ્ટ અનંતકાળ દેશોન અર્દ્ધ પુદ્‌ગલ પરાવર્તન સુધી છે.

**१०. सम्मदिट्ठीआई जीवाणं अप्पबहुत्तं-**

प. एएसि णं भंते ! जीवाणं सम्मदिट्ठी णं, मिच्छादिट्ठीणं, सम्मामिच्छादिट्ठीण य कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

उ. गोयमा ! १. सव्वत्थोवा जीवा सम्मामिच्छादिट्ठी,

२. सम्मदिट्ठी अणंतगुणा,

३. मिच्छादिट्ठी अणंतगुणा।[1]

– पण्ण. प. ३, सु. २५६

**૧૦. સમ્યગ્‌દષ્ટિ આદિ જીવોનું અલ્પબહુત્વ :**

પ્ર. ભંતે ! સમ્યગ્‌દષ્ટિ, મિથ્યાદષ્ટિ અને સમ્યગ્‌-મિથ્યાદષ્ટિ જીવોમાં કોણ કોનાથી અલ્પ **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! ૧. બધાથી અલ્પ સમ્યગ્‌મિથ્યાદષ્ટિ જીવ છે,

૨. (તેનાથી) સમ્યગ્‌દષ્ટિ જીવ અનન્તગુણા છે.

૩. (તેનાથી) મિથ્યાદષ્ટિ જીવ અનન્તગુણા છે.

१. जीवा. पडि. ९, सु. २३७

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ૨૪. જ્ઞાન અધ્યયન

પ્રસ્તુત અધ્યયનમાં પ્રમુખરુપે પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાનનું વિવેચન છે. અંતમાં અનુયોગદ્વાર સૂત્રના અનુસાર શ્રુતજ્ઞાનના ભેદ અંગબાહ્ય આવશ્યકસૂત્રના સામાયિક અધ્યયનમાં ચાર અનુયોગ કહીને તે ચાર અનુયોગો (ઉપક્રમ, નિક્ષેપ, અનુગમ અને નય) નું વિસ્તૃત વર્ણન છે. મધ્ય-ભાગમાં ભાવિતાત્મા અનગાર અને છદ્મસ્થોના વિવિધ જ્ઞાન, ૨૪ દંડકોમાં આહાર-પુદ્ગલોને જાણવું-દેખવું, છ પ્રકારના પ્રશ્ન, દસ પ્રકારના વાદ- દોષ, શ્રોતાઓના ૧૪ પ્રકાર, જ્ઞાત અથવા ઉદાહરણના ચાર પ્રકાર, કાવ્યના ચાર-પ્રકાર, ચાર પ્રકારની માળાઓ અને અલંકારોનું પણ વર્ણન થયેલ છે. અનુયોગોના અન્તર્ગત સંગીતમાં પ્રયુક્ત સાત પ્રકારના સ્વરો, ભાષામાં પ્રયુક્ત આઠ પ્રકારની વિભક્તિઓ અને નવ પ્રકારના સાહિત્યિક રસોનું પણ વિવેચન કરેલ છે. આ પ્રમાણે આ અધ્યયન જ્ઞાનની વિવિધ સામગ્રીથી અલંકૃત છે.

જ્ઞાનનો સામાન્ય અર્થ છે- જાણવું. આ જાણવું ક્યારેક ઈન્દ્રિય અને મનના માધ્યમથી થાય છે એનાથી રહિત સીધુ તથા ક્યારેક આત્માથી પણ થાય છે. આ માટે જ્ઞાનને પ્રત્યક્ષ અને પરોક્ષ એ બે વિભાગોમાં વિભક્ત કરવામાં આવેલ છે. આત્માથી થવાનું જ્ઞાન પ્રત્યક્ષ તથા ઈન્દ્રિયાદિની સહાયતાથી થનારુ જ્ઞાન પરોક્ષ કહેવાય છે. જ્ઞાનના આ બે પ્રકાર જ ન્યાય અથવા પ્રમાણ- વ્યવસ્થા યુગમાં બે પ્રમાણો (પ્રત્યક્ષ અને પરોક્ષ) ના રુપમાં પ્રતિષ્ઠિત થયેલ છે. સ્વરુપગત ભેદના આધારે જ્ઞાનના પાંચ પ્રકાર પ્રતિપાદિત છે.- ૧. આભિનિબોધિકજ્ઞાન, ૨. શ્રુતજ્ઞાન, ૩. અવધિજ્ઞાન, ૪. મનઃપર્યવજ્ઞાન અને ૫. કેવળજ્ઞાન. આ પાંચ જ્ઞાનોમાં પ્રથમ બે જ્ઞાન પરોક્ષ છે તથા અંતિમ ત્રણ જ્ઞાન પ્રત્યક્ષ છે.

જૈન સાઈટ JAINSITE.com

આભિનિબોધિકજ્ઞાન (મતિજ્ઞાન) અને શ્રુતજ્ઞાનમાં એ અંતર છે કે શ્રુતજ્ઞાન મતિજ્ઞાનપૂર્વક થાય છે. જેને મતિજ્ઞાન હોતું નથી તેને શ્રુતજ્ઞાન પણ હોતું નથી. આ બન્ને જ્ઞાનોનું વિશેષ સ્વરુપ આના ભેદોથી જાણી શકાય છે.

આભિનિબોધિક જ્ઞાનનાં બે પ્રકાર છે.- ૧. શ્રુતનિશ્રિત અને ૨. અશ્રુતનિશ્રિત. શ્રુતનિશ્રિત આભિનિબોધિકજ્ઞાન (મતિજ્ઞાન) ચાર પ્રકારના છે - ૧. અવગ્રહ, ૨. ઈહા, ૩. અવાય અને ૪. ધારણા. અશ્રુતનિશ્રિત મતિજ્ઞાન પણ ચાર પ્રકારના છે. જેમાં ચાર પ્રકારની બુધ્ધિઓની ગણના થાય છે, તે ચાર બુધ્ધિઓ છે.- ૧. ઔત્પાતિકી, ૨. વૈનયિકી, ૩. કર્મજા અને ૪. પારિણામિકી.

પહેલા જોયા વગર, સાંભળ્યા વગર અને જાણ્યાં વગર પદાર્થોના વિશુધ્ધ અભિપ્રાયને જે બુધ્ધિથી તત્કાળ ગ્રહણ કરી લે છે તેને 'ઔત્પાતિકી બુધ્ધિ' કહેવામાં આવે છે. આનું ફળ અબાધિત હોય છે. જે બુધ્ધિ કાર્યને વહન કરવામાં સમર્થ, ત્રિવર્ગ (ધર્મ,અર્થ અને કામ) ના સૂત્રાર્થને ગ્રહણ કરવામાં પ્રમુખ તથા આ લોક અને પરલોકમાં ફળ દેનારી હોય તેને 'વૈનયિકીબુધ્ધિ' કહેવામાં આવે છે. કાર્ય કરતાં- કરતાં જે બુધ્ધિ ઉત્પન્ન થાય તેને 'કર્મજા બુધ્ધિ' કહેવામાં આવે છે તથા અનુમાનદષ્ટાન્ત આદિથી સ્વપર હિતકારી જે બુધ્ધિ ઉત્પન્ન થાય છે તે 'પારિણામિકી બુધ્ધિ' હોય છે. આ બુધ્ધિ નિઃશ્રેયસ્ અર્થાત્ મોક્ષમાર્ગની તરફ લઈ જાય છે.

શ્રુતનિશ્રિત મતિજ્ઞાનના જે ચાર ભેદ છે, તેમાં અર્થો (પદાર્થો) ના સામાન્ય ગ્રહણને અવગ્રહ, તેના પર્યાલોચન (વિચારણા) ને ઈહા, નિર્ણયાત્મક જ્ઞાનને અવાય તથા સ્મૃતિમાં ધારણ કરનારને ધારણા કહેવામાં આવે છે. અવગ્રહ પણ બે પ્રકારના હોય છે.- ૧. વ્યંજનાવગ્રહ અને ૨. અર્થાવગ્રહ. ઈન્દ્રિય અને પદાર્થના સંયોગ (સન્નિકર્ષ) થી જે અવગ્રહ થાય છે તે વ્યંજનાવગ્રહ છે. તથા પદાર્થના સામાન્ય બોધ અર્થાવગ્રહ કહેવાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અર્થાવગ્રહ પાંચ ઈન્દ્રિય અને એક મનથી થવાને કારણે છ પ્રકારના હોય છે. જેમ- શ્રોત્રેન્દ્રિયાર્થાવગ્રહ, ચક્ષુરિન્દ્રિયાર્થાવગ્રહ, ઘ્રાણેન્દ્રિયાર્થાવગ્રહ, રસનેન્દ્રિયાર્થાવગ્રહ, સ્પર્શેન્દ્રિયાર્થાવગ્રહ અને નોઈન્દ્રિયાર્થાવગ્રહ. ચક્ષુ અને મનથી વ્યંજનાવગ્રહ થતું નથી. માટે વ્યંજનાવગ્રહ ચાર પ્રકારના હોય છે - શ્રોત્રેન્દ્રિય- વ્યંજનાવગ્રહ, ઘ્રાણેન્દ્રિય-વ્યંજનાવગ્રહ, રસનેન્દ્રિય-વ્યંજનાવગ્રહ અને સ્પર્શેન્દ્રિય વ્યંજનાવગ્રહ. જે ઈન્દ્રિયથી વ્યંજનાવગ્રહ અને અર્થાવગ્રહ બન્ને થાય છે, તેમાં પહેલા વ્યંજનાવગ્રહ થાય છે પછી અર્થાવગ્રહ થાય છે. ઈહા, અવાય અને ધારણાના પણ પાંચ ઈન્દ્રિય અને એક મન (નોઈન્દ્રિય અથવા અનિન્દ્રિય)ના આધાર પર છ- છ ભેદ થાય છે.

પ્રમાણનયતત્વાલોકમાં અવગ્રહના સ્વરુપને સ્પષ્ટ કરતા કહ્યું છે કે વિષય અને ઈન્દ્રિયનું સન્નિકર્ષ થવાથી દર્શન થાય છે અને ત્યારબાદ અવાન્તર સામાન્યનું જે જ્ઞાન થાય છે તે અવગ્રહ છે. અવગ્રહ દ્વારા જાણેલ પદાર્થના સંબંધમાં વિશેષ જાણવાની કાંક્ષાને 'ઈહા' કહેવામાં આવે છે. તથા **"ईहितविशेषनिर्णयोऽवायः"** સૂત્રના અનુસાર ઈહા દ્વારા જાણેલ પદાર્થનો નિર્ણયાત્મક જ્ઞાન 'અવાય' છે. જ્યારે અવાય જ્ઞાનને સ્મૃતિના હેતુ રુપમાં ધારણ કરાય છે ત્યારે તેને 'ધારણા' કહેવાય છે. અવગ્રહ આદિની વિશેષ ચર્ચા માટે વિશેષાવશ્યક ભાષ્ય જોવું જોઈએ. તેમાં રુપ, રસ આદિના ભેદોથી અનિર્દેશ્ય અને અવ્યક્ત સ્વરુપ સામાન્ય અર્થના ગ્રહણને 'અવગ્રહ' કહેવામાં આવે છે. સંક્ષિપ્ત સ્વરુપ આ પ્રમાણે છે.-

**"सामण्णत्थावग्गहणमुग्गहो भेयमग्गणमहेहा ।**
**तस्सावगमोऽवाओ अविच्चुई धारणा तस्स ॥**

વિશેષાવશ્યક ભાષ્યગાથા-૧૮૦

જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ દ્વારા પ્રદત્ત ઉપર્યુક્ત લક્ષણોને વૃત્તિકાર મલધારી હેમચન્દ્ર સ્પષ્ટ કરતા કહે છે કે- 'વિશેષ યુક્ત- સામાન્ય અર્થને કોઈપણ પ્રકારના નિર્દેશ વગર એક સમયના માટે જે ગ્રહણ થાય છે તેને 'અવગ્રહ' કહેવામાં આવે છે. અથવા સામાન્યરુપથી પદાર્થના ગ્રહણ પણ 'અવગ્રહ' કહેવાય છે. વસ્તુના ધર્મોનું અન્વેષણ કરવું 'ઈહા' છે. જેમ- કોઈ સ્થાણુને જોઈને તેમાં પુરુષનું માથું ખંજાળવું આદિની ક્રિયા જોયા વગર તથા કાગડા આદિના માળા આદિ જોઈને એવું વિચારવું કે આમાં સ્થાણુનો ધર્મ છે તે 'ઈહા' છે. ઈહા દ્વારા જાણેલ પદાર્થનો નિશ્ચય 'અવાય' છે. જેમ- આ સ્થાણુ (ઠુંઠ) જ છે. એવો નિર્ણય વસ્તુની અવિચ્યુતિ કે વાસના રુપ સંસ્કાર 'ધારણા' કહેવાય છે. આગમોમાં સુતેલ વ્યક્તિને જગાડવાથી જે જ્ઞાનની પ્રક્રિયા ચાલે છે તેને પણ આ ચાર સોપાનોમાં ઘટિત કરાય છે.

ઈન્દ્રિયાદિની સહાયતાથી થનાર જ્ઞાનના અવગ્રહાદિના ચાર સોપાન છે. કોઈ પણ અવાયજ્ઞાન વગર અવગ્રહ અને ઈહાના અવાયત્વ સુધી પહોચી શકાતું નથી અને અવાય જ્ઞાન વગર ધારણા હોતી નથી. જ્ઞાનની આ પ્રક્રિયા અતિશીઘ્ર હોવાથી એના ક્રમશઃ થવાના જાણની ખબર તરત જ પડતી નથી.

તત્ત્વાર્થસૂત્ર (૧-૧૬) માં અવગ્રહાદિના બહુ, બહુવિધ, ક્ષિપ્ર, નિશ્રિત, અસંદિગ્ધ, ધ્રુવ અને એનાથી વિપરીત અલ્પ, અલ્પવિધ, અક્ષિપ્ર, અનિશ્રિત, સંદિગ્ધ અને અધ્રુવ એ ૧૨ ભેદનું વર્ણન છે. સ્થાનાંગ સૂત્રમાં આના છ- છ ભેદોનો ઉલ્લેખ છે, જેમ- ૧. શીઘ્ર, ૨. બહુ, ૩. બહુવિધ, ૪. ધ્રુવ, ૫. અનિશ્રિત (હેતુ આદિના સહારા લીધા વગર જાણવું) અને ૬. અસંદિગ્ધ.

આભિનિબોધિક જ્ઞાનના પર્યાયવાચી શબ્દના રુપમાં મતિજ્ઞાન શબ્દ પ્રસિદ્ધ છે. પરંતુ આ જ્ઞાનની અનેક વિશેષતાઓને વ્યક્ત કરનાર ઈહા, અપોહ, વિમર્શ, માર્ગણા, ગવેષણા, સંજ્ઞા, સ્મૃતિ અને પ્રજ્ઞા પણ આભિનિબોધિક જ્ઞાન કહેવાય છે. અવગ્રહ અથવા અર્થાવગ્રહને વ્યક્ત કરનાર અન્ય શબ્દ છે - અવગ્રહણતા, ઉપધારણતા, શ્રવણતા, અવલંબનતા અને મેધા. ઈહાના સમાનાર્થક શબ્દ છે.- આભોગનતા, માર્ગણતા, ગવેષણતા, ચિંતા અને વિમર્શ. અવાયના સમાનાર્થક શબ્દ આવર્તનતા, પ્રત્યાવર્તનતા, અપાય, બુધ્ધિ અને વિજ્ઞાન છે. ધારણાને- સાધારણા, સ્થાપના, પ્રતિષ્ઠા અને કોષ્ઠ પણ કહેવામાં આવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અવગ્રહનો કાળ નન્દીસૂત્રના અનુસારે એક સમય છે. ઈહા અને અવાયનો કાળ અન્તર્મુહૂર્ત છે તથા ધારણાનો કાળ સંખ્યાત કે અસંખ્યાત છે.

અવગ્રહ આદિના ભેદોના આધાર પર આભિનિબોધિક જ્ઞાનના ૩૩૬ ભેદ કરાય છે. તેમાં વ્યંજનાવગ્રહના ૪ (ચક્ષુ અને મન છોડીને) તથા અર્થાવગ્રહ, ઈહા, અવાય અને ધારણાના ૬-૬ ભેદોને બહુ, બહુવિધ આદિ ૧૨ ભેદોનો ગુણાકાર કરવાથી ૩૩૬ (૪ + ૬ + ૬ + ૬ + ૬ = ૨૮ × ૧૨ = ૩૩૬) ભેદ થાય છે. આમાં બુધ્ધિના ચાર ભેદ મેળવવાથી ૩૪૦ ભેદ બને છે.

આભિનિબોધિક જ્ઞાન પૌદ્ગલિક ઈન્દ્રિયાદિની સહાયતાથી થવા છતા પણ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શથી રહિત હોય છે. જ્ઞાન તો જીવનો સ્વભાવ છે. તે જ્ઞાનના આવરણના ક્ષયોપશમ કે ક્ષય થવાથી પ્રગટ થાય છે. માટે તે વર્ણાદિથી રહિત હોય છે.

શ્રુતજ્ઞાન શું છે ? શ્રુતજ્ઞાનાવરણનો ક્ષયોપશમ થવાથી આત્મામાં સંકેતગ્રાહી શબ્દ આદિના નિમિત્તથી જે જ્ઞાન પ્રકટ થાય છે તે શ્રુતજ્ઞાન છે. એ શ્રુતજ્ઞાન આભિનિબોધિક જ્ઞાનના અનન્તર હોય છે. શબ્દ કે સંકેત તો તેમાં નિમિત્ત માત્ર હોય છે. જ્ઞાન આત્મામાં જ પ્રકટ થાય છે. એ દૃષ્ટિએ પરમાર્થતઃ તો જીવ જ શ્રુત છે. પરંતુ શ્રુતજ્ઞાનનું કારણભૂત કે કાર્યભૂત શબ્દ ઉપચારથી શ્રુતજ્ઞાન કહેવાય છે. જેમ- "श्रुतज्ञानस्य कारणभूते कार्यभूते वा शब्दे श्रुतोपचारः क्रियते । ततो न परमार्थतः शब्दः श्रुतम् किन्तूउपचारतः इत्यदोषः । परमार्थतस्तर्हि किं श्रुतम् ? परमार्थतस्तु जीवः श्रुतम्, ज्ञानज्ञानिनोरनन्य भूतत्वात् ।" (વિશેષાવશ્યકભાષ્યવૃત્તિ ગાથા-૯૯)

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

શ્રુતજ્ઞાન પણ બે પ્રકારના હોય છે.- દ્રવ્યશ્રુત અને ભાવશ્રુત. શ્રોત્ર રહિત એકેન્દ્રિયાદિ જીવોમાં ભાવશ્રુત જ્ઞાન હોય છે, તેમાં દ્રવ્યશ્રુત નથી.

આગમોમાં શ્રુતજ્ઞાનના ૧૪ ભેદ પ્રસિદ્ધ છે. જેમકે -

| | | | |
|---|---|---|---|
| ૧. અક્ષરશ્રુત, | ૨. અનક્ષરશ્રુત, | ૩. સંજ્ઞીશ્રુત, | ૪. અસંજ્ઞીશ્રુત, |
| ૫. સમ્યક્શ્રુત, | ૬. મિથ્યાશ્રુત, | ૭. સાદિશ્રુત, | ૮. અનાદિશ્રુત, |
| ૯. સપર્યવસિતશ્રુત, | ૧૦. અપર્યવસિતશ્રુત, | ૧૧. ગમિકશ્રુત, | |
| ૧૨. અગમિકશ્રુત, | ૧૩. અંગપ્રવિષ્ટશ્રુત અને | ૧૪. અનંગપ્રવિષ્ટશ્રુત. | |

અક્ષર અર્થાત્ વર્ણોના નિમિત્તથી જે શ્રુતજ્ઞાન પ્રગટ થાય છે તે 'અક્ષરશ્રુતજ્ઞાન' કહેવાય છે. આ સંજ્ઞા, વ્યંજન અને લબ્ધ્યક્ષરના ભેદથી ત્રણ પ્રકારના હોય છે. ઉંચો શ્વાસ લેવો, શ્વાસ છોડવો, થૂંકવું, ખંજવાળવું, છીંકવું આદિ અવર્ણાત્મક સંકેતોથી જે શ્રુતજ્ઞાન થાય છે તે 'અનક્ષરશ્રુતજ્ઞાન' કહેવાય છે. આ અનેક પ્રકારના હોય છે. સંજ્ઞા અર્થાત્ મનોજ્ઞાનથી યુક્ત સંજ્ઞીનું શ્રુતજ્ઞાન 'સંજ્ઞીશ્રુત' કહેવાય છે. આ ત્રણ પ્રકારના હોય છે. - ૧. કાલીકી ઉપદેશ, ૨. હેતુ- ઉપદેશ અને ૩. દૃષ્ટિવાદ ઉપદેશ. કાલિકી સંજ્ઞામાં અતીત અર્થનું સ્મરણ અને ભવિષ્યત્ વસ્તુનું ચિંતન હોય છે. આ દીર્ઘકાલિકી સંજ્ઞા પણ કહેવાય છે. છાયો, તડકો, આહાર આદિ ઈષ્ટ અનિષ્ટ વસ્તુઓમાંથી જે પોતાની દેહ રક્ષાના માટે ઈષ્ટમાં પ્રવૃત્ત રહે છે એવી હેતુવાદોપદેશ સંજ્ઞાથી બેઈન્દ્રિયાદિ જીવ યુક્ત હોય છે. માટે તેમાં તે સંજ્ઞા પ્રાપ્ત થાય છે અને તેનું જ્ઞાન હેતુ ઉપદેશ 'સંજ્ઞીશ્રુત' કહેવાય છે. ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિને પણ સંજ્ઞી કહેવાય છે. એની એ સંજ્ઞા દૃષ્ટિવાદોપદેશથી છે. આ શ્રુતજ્ઞાન દૃષ્ટિવાદોપદેશ સંજ્ઞીશ્રુતજ્ઞાન છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અસંજ્ઞીશ્રુતજ્ઞાન સંજ્ઞીશ્રુતથી ભિન્ન હોય છે. આ અસંજ્ઞીઓમાં થાય છે. સર્વજ્ઞ અને સર્વદર્શી અર્હત્ દ્વારા પ્રણીત દ્વાદશાંગ રુપ ગણિપિટક 'સમ્યક્શ્રુત' કહેવાય છે. અજ્ઞાની અને મિથ્યાદષ્ટિયો દ્વારા સ્વચ્છંદ અને વિપરીત બુધ્ધિથી કલ્પિત ગ્રંથ મિથ્યાશ્રુત છે. જેમ- મહાભારત, રામાયણ આદિ. અહીં એક સ્પષ્ટીકરણ આવશ્યક છે કે મિથ્યાદષ્ટિવાળા સાધક માટે આ ગ્રંથ મિથ્યાશ્રુત છે તથા સમ્યગ્દષ્ટિવાળા સાધક માટે આ ગ્રંથ સમ્યક્શ્રુત છે. માટે આ જ્ઞાન જ્ઞાતાની દષ્ટિએ જ જાણી શકાય છે. દ્વાદશાંગ રુપ ગણિપિટક પર્યાયાર્થિકનયની અપેક્ષાએ વ્યુચ્છિત્તિના કારણે સાદિ-સાન્ત છે તથા અવ્યુચ્છિત્તિ (દ્રવ્યાર્થિકનય) ના કારણે આદિ અંત રહિત છે. સાદિ- સાન્ત હોવાથી તેને સાદિ- સપર્યવસિત તથા આદિ- અંત રહિત હોવાથી અનાદિ અપર્યવસિત કહેવાય છે. દ્વાદશાંગોમાંથી દષ્ટિવાદ 'ગમિકશ્રુત' છે તથા દષ્ટિવાદના સિવાય અંગ-આગમ 'આગમિકશ્રુત' છે. આચારાંગ આદિ બાર અંગ આગમોને 'અંગપ્રવિષ્ટ' કહેવામાં આવે છે. અંગબાહ્ય આગમો 'અનંગપ્રવિષ્ટ' કહેવાય છે. તે બે પ્રકારના હોય છે - આવશ્યકસૂત્ર અને આવશ્યકથી વ્યતિરિક્ત આગમ. આવશ્યક શ્રુત ૬ પ્રકારના મનાય છે - ૧. સામાયિક, ૨. ચતુર્વિંશતિસ્તવ, ૩. વંદના, ૪. પ્રતિક્રમણ, ૫. કાયોત્સર્ગ અને ૬. પ્રત્યાખ્યાન. આવશ્યક વ્યતિરિક્તશ્રુત બે પ્રકારના પ્રતિપાદિત છે - ૧. કાલિક અને ૨. ઉત્કાલિક. કાલિક અને ઉત્કાલિક શ્રુત અનેક પ્રકારના છે.

આ અધ્યયનમાં અંગ આગમો અને અંગબાહ્ય આગમોના સમવાયાંગ, નન્દીસૂત્રોના આધાર પર વિસ્તૃત પરિચય આપેલ છે. સમસ્ત આગમોમાં ક્યા પ્રકારનું વર્ણન છે, તેને આ અધ્યયનને ભણીને સંક્ષેપમાં જાણી શકાય છે. ક્યાંક ક્યાંક સંબંધિત આગમોથી જ કેટલાક પાઠ આપેલ છે. એક પ્રશ્ન અવશ્ય થાય છે કે આગમોની જે વિષય-વસ્તુ સમવાયાંગ અને નન્દીસૂત્રમાં આપેલ છે તેમાં અને સમ્પ્રતિ પ્રાપ્ત આગમોની વિષય- વસ્તુમાં કંઈક કંઈક ભેદ કર્યો છે ? કાલ - કવલન અને સ્મૃતિભ્રંશ પણ આ ભેદનું કારણ હોય શકે છે.

અહીં બાર અંગ આગમોનો પરિચય આપેલ છે - તે એ છે- ૧. આચારાંગ, ૨. સૂત્રકૃતાંગ, ૩. સ્થાનાંગ, ૪. સમવાયાંગ, ૫. વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ, ૬. જ્ઞાતાધર્મકથા, ૭. ઉપાસકદશા, ૮. અન્તકૃત્દશા, ૯. અનુત્તરોપપાતિક, ૧૦. પ્રશ્નવ્યાકરણ, ૧૧. વિપાકસૂત્ર અને ૧૨. દષ્ટિવાદસૂત્ર, આગમોનો પરિચય દેવાની સાથે તેના સ્કંધ, ઉદ્દેશનકાળ, સમુદ્દેશનકાળનો પણ ઉલ્લેખ કરેલ છે. આ સમયે દષ્ટિવાદ અંગ લુપ્ત થઈ ચુક્યો છે. આમાં સર્વભાવોની પ્રરુપણા હતી. તે સંક્ષેપમાં પાંચ પ્રકારના છે- ૧. પરિકર્મ, ૨. સૂત્ર, ૩. પૂર્વગત, ૪. અનુયોગ અને ૫. ચૂલિકા. પરિકર્મ પણ સિદ્ધ શ્રેણિકા આદિના ભેદથી સાત પ્રકારના છે. તે સાતે પરિકર્મ પૂર્વાપર ભેદોની અપેક્ષાએ ત્યાસી (૮૩) પ્રકારના છે. સૂત્રના ૨૨ ભેદ છે. તે પૂર્વાપર ભેદોની અપેક્ષાએ ૮૮ પ્રકારના છે. પૂર્વગત દષ્ટિવાદ ૧૪ પ્રકારના છે. તે ૧૪ પૂર્વ એ છે- ૧. ઉત્પાદ, ૨. અગ્રાયણીય, ૩. વીર્યપ્રવાદ, ૪. અસ્તિનાસ્તિપ્રવાદ, ૫. જ્ઞાનપ્રવાદ, ૬. સત્યપ્રવાદ, ૭. આત્મપ્રવાદ, ૮. કર્મપ્રવાદ, ૯. પ્રત્યાખ્યાન પ્રવાદ, ૧૦. વિધુનુપ્રવાદ, ૧૧. અબન્ધ્ય, ૧૨. પ્રાણાયુ, ૧૩. ક્રિયાવિશાળ અને ૧૪. લોકબિન્દુસાર. અનુયોગ બે પ્રકારના હોય છે - ૧. મૂળ પ્રથમાનુયોગ અને ૨. ગંડિકાનુયોગ. આદિના ચાર પૂર્વોમાં ચૂલિકા નામનો અધિકાર છે તેને ચૂલિકા કહેવાય છે. દષ્ટિવાદ એક મહત્વપૂર્ણ અંગ છે. પરંતુ અંતિમ તીર્થંકરના ઉપદેશના એક હજાર વર્ષ પછી તેનો લોપ થઈ જાય છે. દષ્ટિવાદના ૪૬ માતૃકાપદ કહેવાય છે. આ અંગને હેતુવાદ, ભૂતવાદ, તત્વવાદ, સમ્યગ્વાદ, ધર્મવાદ, ભાષાવિચય, પૂર્વગત, અનુયોગગત, સર્વ પ્રાણ ભૂત-જીવ સત્વ સુખાવહ પણ કહેવાય છે.

દ્વાદશાંગ ગણિપિટકને પ્રવચન પણ કહેવાય છે તથા અરિહન્તોને પ્રવચની કહેવાય છે. દિગમ્બર આગમ ષટ્ખંડાગમની ધવલા ટીકામાં શ્રુતજ્ઞાનના ૨૦ પર્યાયવાચી નામોની ગણના કરતા પ્રવચન અને પ્રવચનીને પણ શ્રુતજ્ઞાનનો પર્યાયવાચી કહેવાય છે. દ્વાદશાંગ ગણિપિટક ભૂતકાળમાં પણ હતા, વર્તમાનકાળમાં પણ છે અને ભવિષ્યકાળમાં પણ રહેશે. આ ગણિપિટકમાં અનન્ત ભાવો, અનન્ત અભાવો, અનન્ત હેતુઓ, અનન્ત અહેતુઓ, અનન્ત કારણો, અનન્ત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અકારણો, અનન્ત જીવો, અનન્ત અજીવો, અનન્ત ભવ્યસિદ્ધિઓ, અનન્ત અભવ્યસિદ્ધિઓ, અનન્ત સિદ્ધો અને અનન્ત અસિદ્ધોનું વર્ણન કરેલ છે. ગણિપિટકમાં પ્રરુપિત આજ્ઞાઓની આરાધના કરનાર ચતુર્ગતિરુપ સંસાર અટવીથી પાર થઈ જાય છે.

પૂર્વોનો વિચ્છેદ પ્રત્યેક જિનાન્તરમાં હોય છે. કેટલાક તીર્થંકરોનું પૂર્વગત શ્રુત સંખ્યાતકાળ સુધી રહ્યું છે અને કેટલાક તીર્થંકરોનું અસંખ્યાતકાળ સુધી રહ્યું છે. ભગવાન મહાવીરનું પૂર્વગત શ્રુત એક હજાર વર્ષ સુધી રહ્યું છે. કાલિક-શ્રુતનો પણ વિચ્છેદ થાય છે. તેવીસ જિનાન્તરો (એક જિન અને બીજા જિનના મધ્યનું અંતરકાલ)માંથી પહેલા અને છેલ્લેથી આઠ-આઠ જિનાન્તરોમાં કાલિકશ્રુત અવિચ્છિન્ન કહેવાય છે તથા મધ્યના સાત જિનાન્તરોમાં કાલિકશ્રુત વિચ્છિન્ન કહેવાય છે.

કાલિક અને ઉત્કાલિકસૂત્ર અનેક છે. જે સૂત્રોનું અધ્યયન નિર્ધારિત કાળમાં કરાય છે તે 'કાલિક' તથા જે અધ્યયનનો કાળ નિર્ધારિત હોતો નથી તે 'ઉત્કાલિકસૂત્ર' કહેવાય છે. નન્દીસૂત્રની સૂચીના પ્રમાણે ૨૯ સૂત્ર ઉત્કાલિક છે. જેમાં દસવૈકાલિક, કલ્પિતાકલ્પિત, ચુલ્લકલ્પ, મહાકલ્પ, ઔપપાતિક, રાજપ્રશ્નીય, જીવાભિગમ, પ્રજ્ઞાપના આદિની ગણના થાય છે. તેમાં કેટલાક ઉપાંગસૂત્ર છે. કેટલાક મૂળ સૂત્ર છે તથા કેટલાક પ્રકીર્ણક પણ છે. પ્રકીર્ણકોમાં પ્રમુખ છે- દેવેન્દ્રસ્તવ, તન્દુલવૈચારિક, આત્મવિશુદ્ધિ, આતુર પ્રત્યાખ્યાન, મહાપ્રત્યાખ્યાન આદિ.

કાલિકસૂત્રોમાં ૩૦ સૂત્રોની સૂચી આપેલી છે. એમાં પ્રમુખ સૂત્ર છે- ઉત્તરાધ્યયન, દશાશ્રુતસ્કંધ, બૃહત્કલ્પ, વ્યવહાર, નિશીથ, મહાનિશીથ, ઋષિભાષિત, જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ, દ્વીપસાગરપ્રજ્ઞપ્તિ, અંગચૂલિકા, વર્ગચૂલિકા આદિ.

પ્રકીર્ણકોની ચર્ચા કરતાં કહેવાય છે કે આદિ તીર્થંકર ઋષભદેવના સમયના ૮૪ હજાર પ્રકીર્ણક છે, મધ્યમાં ૨૨ તીર્થંકરોના સમયના સંખ્યાત સહસ્ત્ર પ્રકીર્ણક છે તથા ભગવાન્ મહાવીરના સમયના ૧૪ હજાર પ્રકીર્ણક છે. એવું મનાય છે કે જે તીર્થંકરના જેટલા શિષ્ય ઔત્પાતિકી આદિ બુદ્ધિઓથી યુક્ત છે તેના તેટલા સહસ્ત્ર પ્રકીર્ણક હોય છે. પ્રત્યેક બુદ્ધો અને પ્રકીર્ણકોની સંખ્યા પણ સમાન મનાય છે. આ સમયે ૧૦ - ૧૦ પ્રકીર્ણકોના ૩ સમૂહ માન્ય છે. આ પ્રમાણે કુલ ૩૦ પ્રકીર્ણક સમ્પ્રતિ માન્ય છે.

દસ આગમ એવા છે જેમાં પ્રત્યેકમાં ૧૦ -૧૦ અધ્યયન કહ્યા છે. તે છે - ૧. કર્મ વિપાક દશા, ૨. ઉપાસકદશા, ૩. અન્તકૃદ્દશા, ૪. અનુત્તરોપપાતિકદશા, ૫. આચારદશા, ૬. પ્રશ્નવ્યાકરણ દશા, ૭. બંધદશા, ૮. વિગૃદ્ધિદશા, ૯. દીર્ઘદશા અને ૧૦. સંક્ષેપકદશા. આમાંથી કેટલાક આગમ સંપ્રતિ અનુપલબ્ધ છે.

અનુયોગદ્વાર સૂત્રના અનુસાર શ્રુત ચાર પ્રકારના હોય છે- ૧. નામશ્રુત, ૨. સ્થાપનાશ્રુત, ૩. દ્રવ્યશ્રુત અને ૪. ભાવશ્રુત. કોઈ જીવ કે અજીવનું નામ "શ્રુત" રાખી લેવું 'નામશ્રુત' છે. કોઈ કાષ્ઠ આદિમાં શ્રુતની સ્થાપના કરવી 'સ્થાપના શ્રુત' છે. દ્રવ્યશ્રુત બે પ્રકારના હોય છે- ૧. આગમ દ્રવ્યશ્રુત અને ૨. નો આગમ દ્રવ્યશ્રુત. ઉપયોગ રહિત સીખેલશ્રુત 'આગમ દ્રવ્યશ્રુત' છે, નોઆગમશ્રુત ત્રણ પ્રકારના છે- ૧. જ્ઞાયકશરીર દ્રવ્યશ્રુત, ૨. ભવ્યશરીર દ્રવ્યશ્રુત અને ૩. જ્ઞાયકશરીર-ભવ્યશરીર વ્યતિરિક્ત દ્રવ્યશ્રુત. પૂર્વકાળમાં આગમજ્ઞ સિદ્ધને આ સમયમાં 'જ્ઞાયક શરીર દ્રવ્યશ્રુત' કહી શકાય છે. ભવિષ્યમાં જિનોપદિષ્ટ શ્રુતપદને સીખનારને આ સમયે 'ભવ્ય શરીર દ્રવ્યશ્રુત' કહી શકાય છે. તાડપત્રો, વસ્ત્રખંડો કે કાગળ પર લખેલ શ્રુતને 'જ્ઞાયક શરીર ભવ્ય શરીર વ્યતિરિક્ત દ્રવ્યયુક્ત' કહી શકાય છે. ભાવશ્રુતના બે પ્રકાર છે ૧. આગમ ભાવશ્રુત અને ૨. નો આગમ ભાવશ્રુત. શ્રુતના જ્ઞાતા થવાની સાથે તેનો ઉપયોગથી પણ યુક્ત થવું તે 'આગમભાવશ્રુત' છે. નો આગમ ભાવશ્રુત બે પ્રકારના છે- ૧. લૌકિક અને ૨. લોકોત્તરિક. અજ્ઞાની મિથ્યાદષ્ટિઓ દ્વારા રચિત મહાભારત આદિ 'લૌકિકનોઆગમ ભાવશ્રુત' છે. અરિહંતો દ્વારા પ્રણીત દ્વાદશાંગ ગણિપિટક 'લોકોત્તરનો આગમભાવશ્રુત' છે.

શ્રુતના સૂત્ર, ગ્રંથ, સિદ્ધાન્ત, શાસન, આજ્ઞા, વચન, ઉપદેશ, પ્રજ્ઞાપના અને આગમ પર્યાયાર્થક શબ્દ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જૈનમ્ જયતિ શાસનમ

શ્રુતને ભણવાની વિધિ અને આગમોના અધ્યેતાના આઠ ગુણોનો પણ આ પ્રસંગમાં ઉલ્લેખ કરેલ છે. જે શ્રુત જીજ્ઞાસુઓના માટે અત્યધિક ઉપયોગી છે.

સૂત્રકૃતાંગ સૂત્રમાં ૬૫ વિદ્યાઓને પાપ-શ્રુતના અન્તર્ગત ગણેલ છે તથા એવું કહેવાય છે કે આવી હજી પણ વિદ્યાઓ હોઈ શકે છે જે આ શ્રેણીમાં આવે છે આવી પાપજનક વિદ્યાઓનું અધ્યયન ભોજન, પેય, વસ્ત્ર, આવાસ, શય્યાની પ્રાપ્તિ તથા નાના પ્રકારના કામ-ભોગોના માટે કરાય છે.

સ્થાનાંગ સૂત્રમાં પાપશ્રુતના નવ પ્રકાર છે. જેમ - ઉત્પાત, નિમિત્ત, મંત્ર, આખ્યાયિકા, ચિકિત્સા, કળા, આવરણ, અજ્ઞાન અને મિથ્યા પ્રવચન. સમવાયાંગમાં પાપ શ્રુતના પ્રસંગ ૨૯ પ્રકારના પ્રતિપાદિત છે. આમાં ભૌમ, ઉત્પાત, સ્વપ્ન, અંતરિક્ષ, અંગ, સ્વર, વ્યંજન અને લક્ષણ આ આઠ ભેદોના સૂત્ર, વૃત્તિ અને વાર્તિકના આધાર પર ૮ × ૩ = ૨૪ ભેદ બને છે. પછી વિકથાનુયોગ, વિદ્યાનુયોગ, મંત્રાનુયોગ, યોગાનુયોગ અને અન્યતીર્થિક પ્રવૃત્તાનુયોગને મેળવીને ૨૯ ભેદ થઈ જાય છે.

સ્વપ્નને પાપશ્રુતમાં ગણેલ છે. માટે આ પ્રસંગમાં સ્વપ્નના સંબંધમાં પણ ચર્ચા થયેલ છે. સ્વપ્ન દર્શન પાંચ પ્રકારના બતાવ્યા છે - ૧. યથાર્થ, ૨. વિસ્તૃત, ૩. ચિંતા સ્વપ્ન, ૪. તદ્વિપરીત અને ૫. અવ્યક્ત સ્વપ્નદર્શન. સુતેલ અને જાગેલ પ્રાણી સ્વપ્ન ન જોઈ શકે છે પરંતુ સુપ્ત-જાગૃત સ્વપ્ન જુવે છે. આને આધુનિક મનોવિજ્ઞાનમાં ચિત્તની અવચેતન અવસ્થા તથા અન્ય ભારતીય દર્શનોમાં સ્વપ્નાવસ્થા જ કહી છે.

પ્રત્યક્ષજ્ઞાનના નન્દીસૂત્રમાં બે ભેદ કર્યા છે - ૧. ઈન્દ્રિય પ્રત્યક્ષ અને ૨. નો ઈન્દ્રિય પ્રત્યક્ષ. પાંચ ઈન્દ્રિયોના આધારે ઈન્દ્રિયપ્રત્યક્ષના શ્રોત્રેન્દ્રિય આદિ પાંચ ભેદ કર્યા છે. નો ઈન્દ્રિય પ્રત્યક્ષના ત્રણ ભેદ પ્રતિપાદિત છે- ૧. અવધિજ્ઞાન, ૨. મનઃપર્યવજ્ઞાન અને ૩. કેવળજ્ઞાન. નો ઈન્દ્રિયનો અર્થ અહીં મન નથી, આત્મા છે. મનથી થનાર પ્રત્યક્ષને અહીં અલગથી ગણેલ નથી. પ્રમાણ પ્રતિપાદિત કરનાર આચાર્યોએ સાંવ્યવહારિક પ્રત્યક્ષના અન્તર્ગત ઈન્દ્રિય અને અનિન્દ્રિય (મન) પ્રત્યક્ષ આ બે ભેદ કરીને મનથી થનાર પ્રત્યક્ષને પણ પૃથક્ રુપે સ્થાન આપેલ છે. પારમાર્થિક પ્રત્યક્ષના અન્તર્ગત તે અવધિ આદિ ત્રણ જ્ઞાનને ગણાવે છે. જેને નન્દીસૂત્રમાં નોઈન્દ્રિય પ્રત્યક્ષના રુપમાં કહેલ છે.

ક્ષેત્ર, કાળ આદિની મર્યાદાથી સીધુ આત્મા દ્વારા જે રુપી પદાર્થોનું જ્ઞાન થાય છે તેને અવધિજ્ઞાન કહેવામાં આવે છે. આ અવધિજ્ઞાન બે પ્રકારના હોય છે- ૧. ભવપ્રત્યયિક અને ૨. ક્ષાયોપશમિક. જન્મથી થનાર અવધિજ્ઞાન ભવપ્રત્યયિક કહેવાય છે. આ દેવો અને નારકોને હોય છે. જન્મથી પ્રાપ્ત ન થતા પછી અવધિજ્ઞાનાવરણના ક્ષયોપશમથી જે અવધિજ્ઞાન હોય છે તે 'ક્ષાયોપશમિક અવધિજ્ઞાન' કહેવાય છે. આ મનુષ્યો અને પંચેન્દ્રિય તિર્યંચોને હોય છે. ક્ષાયોપશમિક (ગુણ પ્રત્યય) અવધિજ્ઞાન છ પ્રકારના હોય છે - ૧. આનુગામિક, ૨. અનાનુગામિક, ૩. વર્ધમાન, ૪. હીયમાન, ૫. પ્રતિપાતી અને ૬. અપ્રતિપાતી.

જે અવધિજ્ઞાન જે સ્થાન વિશેષમાં પ્રકટ થયેલ છે તે સ્થાનને છોડવા પર પણ જ્ઞાતાની સાથે-સાથે અનુગમન કરવામાં આવે તે 'આનુગામિક અવધિજ્ઞાન' કહેવાય છે. આનુગામિક અવધિજ્ઞાન બે પ્રકારના હોય છે- ૧. અન્તગત અને ૨. મધ્યગત. અન્તગત અવધિજ્ઞાન પુરતઃ, માર્ગતઃ અને પાર્શ્વતઃના ભેદથી ત્રણ પ્રકારના છે. 'પુરતઃ આનુગામિક અવધિજ્ઞાન'થી જ્ઞાતા આગળના પ્રદેશમાં સંખ્યાત, અસંખ્યાત યોજન સુધી પદાર્થોને જોતા ચાલે છે. પાછળના પ્રદેશમાં સંખ્યાત, અસંખ્યાત યોજન સુધીના પદાર્થોને જોતા ચાલવાવાળાને 'માર્ગતઃ અન્તગતઅવધિજ્ઞાન' થાય છે. પાર્શ્વતઃ અવધિજ્ઞાનથી પાર્શ્વવર્તી પ્રદેશમાં સંખ્યાત, અસંખ્યાત યોજન સુધીના પદાર્થોને જોતા ચાલી શકાય છે. મધ્યગત અવધિજ્ઞાનથી ચારો તરફના સંખ્યાત, અસંખ્યાત યોજન સુધીના પદાર્થોને જોતા ચાલે છે. અન્તગત અને મધ્યગત આનુગામિક અવધિજ્ઞાનમાં એક અંતર એ છે કે અન્તગત અવધિજ્ઞાનથી અવધિજ્ઞાની એક દિશામાંજ જાણે છે, જુવે છે. જ્યારે મધ્યગત અવધિજ્ઞાનથી તે બધી દિશાઓમાં જાણે છે. જુવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનાનુગામિક અવધિજ્ઞાન જે ક્ષેત્રમાં કોઈ જ્ઞાતાને પ્રકટ થાય છે. તે જ્ઞાતા તે જ ક્ષેત્રમાં સ્થિત થઈને સંખ્યાત અને અસંખ્યાત યોજન સુધી વિશેષ રુપથી અને સામાન્ય રુપથી રુપી પદાર્થોને જાણે-જુવે છે. પરંતુ અન્યત્ર જવા પર જાણતા નથી અને જોતા નથી.

અધ્યવસાયોના વિશુદ્ધ થવાથી અને ચારિત્રની વૃદ્ધિ થવાથી તથા આવરણ કર્મ-મલથી રહિત થવાથી જે અવધિજ્ઞાન દિશાઓ અને વિદિશાઓમાં ચારે તરફ વધે છે તે 'વર્ધમાન અવધિજ્ઞાન' કહેવામાં આવે છે. જે અવધિજ્ઞાન હ્રાસને પ્રાપ્ત થાય છે તે 'હીયમાન અવધિજ્ઞાન' કહેવાય છે તે અધ્યવસાયોની અશુભતા અને સંક્લિષ્ટ ચારિત્રના કારણે હ્રાસને પ્રાપ્ત થાય છે. જે અવધિજ્ઞાન એકવાર પ્રકટ થઈને નષ્ટ થઈ જાય છે તે 'પ્રતિપાતી અવધિજ્ઞાન' કહેવાય છે. તથા જે અવધિજ્ઞાની પોતાના અવધિજ્ઞાનથી અલોકના એક આકાશ પ્રદેશને પણ જાણે છે- જુવે છે તેનું 'અવધિજ્ઞાન અપ્રતિપાતી' (જીવન પર્યંત રહેનાર) હોય છે.

અવધિજ્ઞાનીનું જઘન્ય અવધિજ્ઞાન કેટલું હોય છે તથા ક્ષેત્ર અને કાળથી અવધિજ્ઞાનનો શું સંબંધ રહે છે એ વિષયમાં પણ આ અધ્યયનમાં સામગ્રી મળે છે. એવું કહેવાય છે કે ત્રણ સમયના આહારક સૂક્ષ્મ-નિગોદ જીવની જઘન્ય અવગાહના જેટલી હોય છે તેટલું જ જઘન્ય અવધિજ્ઞાનનું ક્ષેત્ર છે. તથા સમસ્ત સૂક્ષ્મ, બાદર, પર્યાપ્તા અને અપર્યાપ્તા અગ્નિકાયના જીવ બધી દિશાઓમાં જેટલું ક્ષેત્ર નિરંતર પૂર્ણ કરે છે તેટલું ક્ષેત્ર પરમાવધિ જ્ઞાનીનું મનાય છે. જો અવધિજ્ઞાની ક્ષેત્રથી અંગુલના અસંખ્યાતમા ભાગને જાણે છે તો કાળથી આવલિકાનો સંખ્યાતમો ભાગ જાણે છે. જે ક્ષેત્રથી મનુષ્ય લોક પરિમાણ ક્ષેત્રને જાણે છે તો કાળથી એક વર્ષ પર્યન્ત ભૂત- ભવિષ્યકાળને જાણે છે. અવધિજ્ઞાનમાં કાળની વૃદ્ધિ હોવાથી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ ચારેયની વૃદ્ધિ થાય છે. ક્ષેત્રની વૃદ્ધિ થવાથી કાળની વૃદ્ધિમાં ભજના (વિકલ્પ) છે. અવધિજ્ઞાનમાં દ્રવ્ય અને પર્યાયની વૃદ્ધિ થવાથી ક્ષેત્ર અને કાળની વૃદ્ધિ ભજના (વિકલ્પ) થાય છે. કારણકે કાળ સૂક્ષ્મ હોય છે. પરંતુ ક્ષેત્ર તેનાથી પણ સૂક્ષ્મતર હોય છે. એનું કારણ એ છે કે અંગુલના પ્રથમ શ્રેણી રુપ ક્ષેત્રમાં અસંખ્યાત અવસર્પિણીઓ જેટલો સમય થાય છે.

નારકી, દેવ અને પંચેન્દ્રિય તિર્યંચોનું અવધિજ્ઞાન દેશાવધિ છે, જ્યારે મનુષ્યોનું અવધિજ્ઞાન દેશાવધિ અને સર્વાવધિ બન્ને પ્રકારનું હોય છે.

ચોવીસ દંડકોમાં કયા અવધિજ્ઞાની કેટલા ક્ષેત્રને જાણે-જુવે છે. એનું વિવેચન કરતા જાણી શકાય છે કે નૈરયિકોમાં સર્વેથી અલ્પક્ષેત્ર (અવધિજ્ઞાનનું) સાતમી નરકના નૈરયિકોને હોય છે. તે જઘન્ય અર્ધગાઉ અને ઉત્કૃષ્ટ એક ગાઉ પર્યંત જાણે-જુવે છે, જ્યારે પ્રથમ નરકનો નૈરયિક જઘન્ય અડધાગાઉ અને ઉત્કૃષ્ટ ચાર ગાઉ સુધી જાણે-જુવે છે. અસુરકુમારદેવ જઘન્ય પચ્ચીસ યોજન તથા ઉત્કૃષ્ટ અસંખ્યાત દ્વીપ સમુદ્રોને જાણે-જુવે છે. બાકીના નવ ભવનપતિદેવ જઘન્ય પચ્ચીસ યોજન અને ઉત્કૃષ્ટ સંખ્યાત દ્વીપ સમુદ્રોને જાણે-જુવે છે. પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવ પોતાના અવધિજ્ઞાનથી જઘન્ય અંગુલના અસંખ્યાતમાં ભાગ ક્ષેત્રને અને ઉત્કૃષ્ટ અસંખ્યાતદ્વીપ સમુદ્રોને જાણે-જુવે છે. મનુષ્ય પણ જઘન્ય તો પંચેન્દ્રિય તિર્યંચના સમાન જ જાણે-જુવે છે. પરંતુ ઉત્કૃષ્ટ અલોકમાં લોક પ્રમાણ અસંખ્ય ખંડોને જાણે-જુવે છે. વાણવ્યંતરદેવ બીજાથી દસમાં ભવનપતિદેવના સમાન જાણ-જુવે છે. જ્યોતિષ્કદેવ જઘન્ય સંખ્યાતદ્વીપ- સમુદ્રો અને ઉત્કૃષ્ટ પણ સંખ્યાતદ્વીપ - સમુદ્રોને જાણે - જુવે છે. વૈમાનિકદેવ જઘન્ય અંગુલના અસંખ્યાતમાં ભાગને જાણે-જુવે છે. પરંતુ તેનો ઉત્કૃષ્ટ જ્ઞાન-ક્ષેત્ર ભિન્ન છે. નરક પૃથ્વીઓનું તથા પોતાના વિમાનો સુધીનું જ્ઞાન તેને થાય છે. વૈમાનિકોમાં અનુત્તરૌપપાતિકદેવ સંપૂર્ણ લોક નાડીને જાણે-જુવે છે.

અવધિજ્ઞાનની સ્વરુપની દૃષ્ટિથી અલગ અલગ આકૃતિઓવાળા મનાય છે. જેમ - નૌકા, પલ્લક, પટહ, ઝાલર આદિની આકૃતિઓવાળા (આ આકૃતિ જેવા ક્ષેત્રને જાણનાર)ને અવધિજ્ઞાન બતાવ્યું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેવો અને નારકોનું અવધિજ્ઞાન આનુગામિક, અપ્રતિપાતી અને અવસ્થિત હોય છે. જ્યારે પંચેન્દ્રિય તિર્યંચયોનિકો અને મનુષ્યોનું અવધિજ્ઞાન આનુગામિક, અનાનુગામિક, વર્ધ્ધમાન, હીયમાન, પ્રતિપાતી, અપ્રતિપાતી, અવસ્થિત અને અનવસ્થિત બધા પ્રકારના હોય છે.

**મનઃપર્યવજ્ઞાનથી** મનમાં ચિન્ત્યમાન પદાર્થોનું જ્ઞાન થાય છે. આ જ્ઞાનના સંબંધમાં દાર્શનિકોની બે ધારાઓ છે- એક ધારા આવશ્યકનિર્યુક્તિ (ગાથા ૭૬) તથા તત્વાર્થભાષ્ય (૧.૨૯) ના અનુસાર છે. આના અનુસાર મનઃપર્યાયજ્ઞાન પરકીય મનમાં ચિન્ત્યમાન પદાર્થોને જાણે છે. બીજી પરંપરાના અનુસાર મનઃપર્યાયજ્ઞાન ચિન્તનમાં લાગેલ મનોદ્રવ્યની પર્યાયોને સાક્ષાત્ જાણે છે. પરંતુ ચિન્ત્યમાન પદાર્થોને અનુમાનથી જાણે છે. આ પરંપરા વિશેષાવશ્યકભાષ્ય (ગાથા ૮૧૪) અને નન્દીચૂર્ણિના અનુસાર છે. મનઃપર્યાયજ્ઞાન મનુષ્ય ક્ષેત્રમાં રહેનાર સાધુને ક્ષયોપશમથી થાય છે.

આના સ્વામિત્વનો વિચાર કરવાથી આ જાણ થાય છે કે મનઃપર્યાયજ્ઞાન સંખ્યાતવર્ષની આયુવાળા પર્યાપ્તા કર્મભૂમિજ ગર્ભજ લબ્ધિધારી અપ્રમાદી સમ્યગ્દષ્ટિ મનુષ્યો (સાધુઓ) ને જ થાય છે, અન્યને નહીં.

મનઃપર્યવજ્ઞાન બે પ્રકારના હોય છે- ૧. ઋજુમતિ અને ૨. વિપુલમતિ. ઋજુમતિની અપેક્ષાએ વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન વિશેષ અને વિશુદ્ધ હોય છે. આ ઋજુમતિની અપેક્ષાએ સૂક્ષ્મતર અને અધિક વિશેષોને સ્પષ્ટ રુપથી જાણે છે. એક અન્તર એ છે કે ઋજુમતિજ્ઞાન ઉત્પન્ન થયા પછી કદાચ સમાપ્ત પણ થઈ શકે છે. પરંતુ વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન કેવળજ્ઞાનની પ્રાપ્તિ થવા સુધી નિરંતર બની રહે છે.

**કેવળજ્ઞાન** અનન્તજ્ઞાન છે. તેના દ્વારા સંપૂર્ણજ્ઞેય પદાર્થોનું તેની પર્યાયો સહિત ત્રૈકાલિકજ્ઞાન થાય છે. કેવળજ્ઞાન બે પ્રકારનું પ્રતિપાદિત છે- ૧. ભવસ્થ કેવળજ્ઞાન અને ૨. સિદ્ધ કેવળજ્ઞાન. કેવળજ્ઞાનાવરણનો ક્ષય થવાથી સંસારસ્થ વીતરાગીઓને જે કેવળજ્ઞાન થાય છે તે ભવસ્થ કેવળજ્ઞાન કહેવાય છે. તથા સિદ્ધોનું કેવળજ્ઞાન સિદ્ધ કેવળજ્ઞાન કહેવાય છે. આ બન્ને જ્ઞાનોમાં સ્વરુપની દ્રષ્ટિએ કોઈ ભેદ થતાં નથી ભવસ્થ કેવળજ્ઞાન સયોગી અને અયોગીના હોવાથી સયોગી ભવસ્થ કેવળજ્ઞાન અને અયોગી ભવસ્થ કેવળજ્ઞાન એ બે ભેદોમાં વિભક્ત થાય છે. આ બન્નેને પ્રથમ સમય, અપ્રથમસમય અથવા ચરમસમય અને અચરમ સમય આ બે - બે પ્રકારોમાં વિભક્ત કરવામાં આવ્યા છે. સિદ્ધ કેવલજ્ઞાન અનન્તર સિદ્ધ અને પરંપરસિદ્ધ (બીજા આદિ સમયવાળા સિદ્ધ) આ બે પ્રકારોમાં વેચાય છે. અનન્તરસિદ્ધ કેવળજ્ઞાન સિદ્ધ પંદર પ્રકારના હોવાથી પંદર પ્રકારના માનવામાં આવ્યા છે. અનન્તર સિદ્ધના પંદર પ્રકાર છે- તીર્થસિદ્ધ, અતીર્થસિદ્ધ, તિર્થંકરસિદ્ધ, અતીર્થંકરસિદ્ધ આદિ. પરંપરસિદ્ધ કેવળજ્ઞાન અનેક પ્રકારના છે. કારણકે તે સિદ્ધ અપ્રથમસમય સિદ્ધ, દ્વિસમય સિદ્ધ, ત્રણ સમય સિદ્ધ, સંખ્યાત સમય સિદ્ધ, અસંખ્યાત સમય સિદ્ધ, અનન્તસમયસિદ્ધ આદિ ભેદોથી અનેક પ્રકારના હોય છે.

કેવળજ્ઞાનનું વિશેષ પ્રતિપાદિત કરતા નન્દીસૂત્રમાં કહ્યું છે કે આ સંપૂર્ણ દ્રવ્યો, પરિણામો, ભાવોને જાણવાનું કારણ એ છે કે આ જ્ઞાન અનન્ત, શાશ્વત તથા અપ્રતિપાતી છે અને તે એક જ પ્રકારનું છે.

કેવળજ્ઞાની ઈન્દ્રિયોથી જાણતા નથી, જોતા નથી, કારણ કે ઈન્દ્રિયોથી સમસ્ત પદાર્થો અને તેની પર્યાયોને એક સાથે જાણી શકાતું નથી. કેવળી બધી દિશાઓમાં પરિમિત પણ જાણે જુવે છે અને અપરિમિત પણ જાણે જુવે છે. તે બધી તરફથી જાણે જુવે છે. બધા કારણોને જાણે જુવે છે. તેનું જ્ઞાન અને દર્શન અનન્ત છે અને નિરાવરણ છે. કેવળી સિદ્ધો અને ચરમશરીરીઓને પણ જાણે-જુવે છે. પરંતુ છદ્મસ્થ એવું કરી શકતા નથી. તે કોઈ આપ્ત પુરુષથી સાંભળી કે પ્રમાણ દ્વારા જાણે -જુવે છે.

પ્રમાણને આગમોમાં ચાર પ્રકારના બતાવ્યા છે- ૧. પ્રત્યક્ષ, ૨. અનુમાન, ૩. ઔપમ્ય અને ૪. આગમ. આ ચારેય પ્રમાણોનું અનુયોગદ્વાર સૂત્રમાં વિસ્તારથી ઉલ્લેખ છે. તત્વાર્થ સૂત્રમાં તેમજ ઉત્તરકાલીન જૈન દાર્શનિકોએ પ્રમાણના બે ભેદ કર્યા છે- ૧. પ્રત્યક્ષ અને ૨. પરોક્ષ. પ્રત્યક્ષના તેણે ફરીથી બે ભેદ કર્યા છે- ૧. સાંવ્યવહારિક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રત્યક્ષ અને ૨. પારમાર્થિક પ્રત્યક્ષ. સાંવ્યવહારિક પ્રત્યક્ષ પણ ઈન્દ્રિય અને અનિન્દ્રિય (મન) નાં ભેદથી બે પ્રકારના છે. તથા પારમાર્થિક પ્રત્યક્ષના સકળ અને વિકળ એ બે ભેદ કર્યા છે. સકળ પ્રત્યક્ષમાં કેવળજ્ઞાનનો સમાવેશ થાય છે અને વિકલ પ્રત્યક્ષમાં અવધિજ્ઞાન અને મનઃ પર્યવજ્ઞાનની ગણના થાય છે.

સિદ્ધો અને ભવસ્થ કેવળીઓના કેવળજ્ઞાનમાં કોઈ અન્તર હોતું નથી. બન્ને સમાન રુપથી જાણે છે. પરંતુ કેવળી (ભવસ્થ) ઉત્થાન, કર્મ, બળ, વીર્ય અને પુરુષાર્થ - પરાક્રમથી યુક્ત હોય છે. જ્યારે સિદ્ધ આનાથી રહિત હોય છે. માટે કેવળજ્ઞાનીઓને પ્રશ્ન પૂછવાથી તેઓ તેનો જવાબ આપે છે. પરંતુ સિદ્ધ આપતા નથી. કેવળી પોતાની આંખો બંધ કરે અને ખોલે છે, જ્યારે સિદ્ધ નહિ. આ પ્રમાણે અંગોના સંકોચ, વિસ્તાર, ઉભા રહેવું, સુવું-બેસવું આદિ ક્રિયાઓની દ્રષ્ટિએ કેવળી અને સિદ્ધોમાં અંતર છે. કેવળી અને સિદ્ધોમાં વેદનીય આદિ ચાર અઘાતિ કર્મોનું પણ અંતર રહે જ છે.

છદ્મસ્થો અને કેવળીઓના જ્ઞાનમાં અંતર પ્રતિપાદિત કરતાં સ્થાનાંગસૂત્રમાં કહ્યું છે - કે છદ્મસ્થ દસ વાતો (પદાર્થો)ને સંપૂર્ણ રુપથી જાણતાં-જોતાં નથી. જ્યારે કેવળી એને સર્વભાવથી સંપૂર્ણ રુપમાં જાણે-જુવે છે. તે દસ પદાર્થ આ છે - ૧. ધર્માસ્તિકાય, ૨. અધર્માસ્તિકાય, ૩. આકાશાસ્તિકાય, ૪. શરીર મુક્ત જીવ, ૫. પરમાણુ પુદ્ગલ, ૬. શબ્દ, ૭. ગંધ, ૮. વાયુ, ૯. આ જિન થશે કે નહિ, ૧૦. આ બધા દુઃખોનો અંત કરશે કે નહિ. છદ્મસ્થ અને કેવળીઓમાં સાત વાતોનું અંતર હોય છે- છદ્મસ્થ.- ૧. પ્રાણોનો અતિપાત કરે છે, ૨. મૃષા બોલે છે, ૩. અદત્તને ગ્રહણ કરે છે, ૪. શબ્દ, સ્પર્શ, રસ, રુપ અને ગંધનો આસ્વાદક હોય છે, ૫. પૂજા - સત્કારનો અનુમોદના કરે છે, ૬. સાવદ્યને સાવદ્ય કહીને પણ તેનું સેવન કરે છે, ૭. જેવું કહે તેવું કરતા નથી.કેવળીનો વ્યવહાર આ સાત વાતોથી વિપરીત હોય છે તથા તેઓ પ્રાણોનો અતિપાત કરતા નથી વગેરે.

અનુત્તરોપપાતિકદેવ પોતાના સ્થાનપર રહીને જ અહીં રહેલ કેવળીઓની સાથે આલાપ અને સંલાપ કરી શકે છે. કેવળીના દસ અનુત્તર (ઉત્કૃષ્ટ) કહ્યા છે- ૧. અનુત્તરજ્ઞાન, ૨. અનુત્તરદર્શન, ૩. અનુત્તર ચારિત્ર, ૪. અનુત્તર તપ, ૫. અનુત્તર વીર્ય, ૬. અનુત્તર ક્ષાન્તિ, ૭. અનુત્તર મુક્તિ, ૮. અનુત્તર આર્જવ, ૯. અનુત્તર માર્દવ અને અનુત્તર લાઘવ. કેવળી પ્રશસ્ત મન અને વચનને ધારણ કરે છે. કેટલાક દેવતા એને જાણે છે તથા કેટલાક નથી જાણતા.

પાંચ જ્ઞાનોમાંથી કોઈપણ વિશુદ્ધ જ્ઞાનની ઉત્પત્તિમાં શ્રવણ તથા જાણપણના નિમિત્ત બને છે. તેમજ આ જ્ઞાનોની વિશુદ્ધતા માટે આરંભ અને પરિગ્રહને જાણીને છોડવું આવશ્યક છે. કેવળી પ્રરુપિત ધર્મનું શ્રવણ કર્મપુદ્ગલોનો ક્ષય કે ઉપશમ થવાથી થાય છે.

**અજ્ઞાન** ત્રણ પ્રકારના હોય છે- ૧. મતિ અજ્ઞાન, ૨. શ્રુત અજ્ઞાન અને ૩. વિભંગજ્ઞાન. મનઃપર્યાયજ્ઞાન અને કેવળજ્ઞાન આ બે જ્ઞાન અજ્ઞાન રુપ હોતા નથી. બાકીના ત્રણ જ્ઞાન અજ્ઞાન રુપ હોય છે. સમ્યગ્દષ્ટિ જીવને એ ત્રણે જ્ઞાન જ્ઞાનરુપ હોય છે તથા મિથ્યાદષ્ટિના આ ત્રણેય અજ્ઞાન રુપ હોય છે. અજ્ઞાનનો અર્થ જ્ઞાનનો અભાવ નથી પરંતુ અશુદ્ધ (મિથ્યાદષ્ટિ યુક્ત) જ્ઞાનને અજ્ઞાન કહેવાય છે. મતિ- અજ્ઞાનના પણ આભિનિબોધિક જ્ઞાનની જેમ ચાર ભેદ થાય છે- ૧. અવગ્રહ, ૨. ઈહા, ૩. અવાય અને ૪. ધારણા. આ ચારેના ભેદોપભેદ પણ અજ્ઞાનમાં ઘટિત થાય છે. અજ્ઞાની મિથ્યાદષ્ટિયો દ્વારા સ્વચ્છંદ બુદ્ધિથી કલ્પિત ગ્રંથ 'શ્રુત અજ્ઞાન' કહેવાય છે. જેમ મહાભારત **યાવત્** સાંગોપાંગ વેદ.

અવધિજ્ઞાન જ્યારે અજ્ઞાન રુપ હોય છે તો તેને વિભંગજ્ઞાન કહેવામાં આવે છે તે પણ મિથ્યાદષ્ટિઓને હોય છે. સમ્યગ્દષ્ટિઓને અવધિજ્ઞાન નથી થતો. વિભંગજ્ઞાનને ગ્રામસંસ્થિત, દ્વીપ સંસ્થિત, સમુદ્રસંસ્થિત વગેરે ભેદોથી અનેક પ્રકારનો કહેવામાં આવ્યો છે. વિભંગજ્ઞાન સાત પ્રકારના પણ કહેવાય છે. જેમ- ૧. એક દિશામાં લોકનું જ્ઞાન,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨. પાંચ દિશાઓમાં લોકનું જ્ઞાન, ૩. જીવ ક્રિયાવરણ છે, ૪. પુદ્ગલ નિર્મિત શરીર જ જીવ છે, ૫. પુદ્ગલોથી અનિષ્પન્ન શરીરવાળા જીવ છે, ૬. રુપી જીવ છે અને ૭. તે બધા (ગતિશીલ પદાર્થ) જીવ છે.

જ્ઞાનની ઉત્પતિ મુખ્ય તથા તેના આવરણના ક્ષયોપશમ અથવા ક્ષયથી થાય છે. ધર્મશ્રવણ આદિ એમાં નિમિત્ત માત્ર બને છે. જ્યારે ઉપાસિકા આદિથી ધર્મ સાંભળ્યા વગર જ જ્ઞાન પ્રકટ થઈ જાય છે તો તે 'અશ્રુત્વા જ્ઞાનોપાર્જન' કહેવાય છે તથા જ્યારે ઉપાસિકા આદિથી ધર્મ શ્રવણ કરી જ્ઞાનોપાર્જન થાય છે તો તે 'શ્રુત્વા જ્ઞાનોપાર્જન' કહેવાય છે.

જીવ જ્ઞાની પણ છે અને અજ્ઞાની પણ છે. કેટલાક જીવ જ્ઞાની છે તથા કેટલાક જીવ અજ્ઞાની છે. જે જ્ઞાની છે તેમાં કેટલાક જીવ બે જ્ઞાનવાળા છે. કેટલાક ત્રણ જ્ઞાનવાળા છે, કેટલાક ચાર જ્ઞાનવાળા છે તથા કેટલાક એક જ્ઞાનવાળા છે. બે જ્ઞાનવાળા આભિનિબોધિકજ્ઞાની અને શ્રુતજ્ઞાની છે. ત્રણ જ્ઞાનવાળા આ બે ને મેળવી અવધિજ્ઞાની કે મનઃપર્યવજ્ઞાની હોય છે. ચાર જ્ઞાનવાળામાં આભિનિબોધિક, શ્રુત, અવધિ અને મનઃપર્યવ એ ચાર જ્ઞાન હોય છે. જે એક જ્ઞાનવાળા છે તે નિયમથી કેવળજ્ઞાની છે. કેવળજ્ઞાનીને બાકી ચારેય જ્ઞાન માનવામાં આવતા નથી.

જે જીવ અજ્ઞાની છે, તેમાંથી કેટલાક બે અજ્ઞાનવાળા છે તેમજ તે કેટલાક ત્રણ અજ્ઞાનવાળા છે બે અજ્ઞાનવાળામાં મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન હોય છે. તથા ત્રણ અજ્ઞાનવાળાને વિભંગજ્ઞાન પણ હોય છે.

૨૪ દંડકોમાં નૈરયિક જીવ જ્યારે જ્ઞાનવાળા હોય છે તો નિયમથી આભિનિબોધિક, શ્રુત અને અવધિજ્ઞાનના ધારક હોય છે. તથા જ્યારે અજ્ઞાની હોય છે તો બે કે ત્રણ અજ્ઞાનવાળા હોય છે. ભવનપતિ અને વાણવ્યંતરોનું વર્ણન પણ નૈરયિકોની જેમ જાણવું. જ્યોતિષ્ક અને વૈમાનિકદેવોમાં ત્રણ જ્ઞાન કે ત્રણ અજ્ઞાન નિયમથી પ્રાપ્ત થાય છે. સૌધર્મકલ્પથી લઈને નવગ્રૈવેયક સુધીના દેવ જ્ઞાની કે અજ્ઞાની બન્ને પ્રકારના હોય શકે છે. પરંતુ અનુત્તરોપપાતિક દેવ જ્ઞાની જ હોય છે, અજ્ઞાની નહિ, કારણ કે તેમાં સમ્યગ્દર્શન રહે છે. આ દેવ નિયમ પ્રમાણે ત્રણ જ્ઞાનવાળા હોય છે- આભિનિબોધિક, શ્રુત અને અવધિજ્ઞાનવાળા હોય છે. પૃથ્વીકાયિક આદિ એકેન્દ્રિય જીવ નિયમતઃ બે અજ્ઞાનવાળા હોય છે - ૧. મતિઅજ્ઞાન અને ૨. શ્રુતઅજ્ઞાન. બેઈન્દ્રિય, ત્રેઈન્દ્રિય, ચઉરેન્દ્રિય અને સંમૂર્છિમ પંચેન્દ્રિય તિર્યંચજીવ જ્ઞાની પણ હોય છે અને અજ્ઞાની પણ હોય છે. જે જ્ઞાનવાળા છે તે આભિનિબોધિક અને શ્રુતજ્ઞાન યુક્ત છે. તથા જે અજ્ઞાની છે તે નિયમતઃ મતિઅજ્ઞાની અને શ્રુતઅજ્ઞાની છે. ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવ જ્ઞાની પણ છે અને અજ્ઞાની પણ છે. તે બે જ્ઞાનવાળા અથવા ત્રણ જ્ઞાનવાળા (અવધિજ્ઞાન યુક્ત) હોય છે. તેમજ બે અજ્ઞાન અને ત્રણ અજ્ઞાન યુક્ત પણ હોય છે. સંમૂર્છિમ મનુષ્ય જ્ઞાની હોતા નથી, અજ્ઞાની જ હોય છે. તેને નિયમતઃ મતિ-અજ્ઞાન અને શ્રુત-અજ્ઞાન જ પ્રાપ્ત હોય છે. ગર્ભજ મનુષ્ય જ્ઞાની પણ હોય છે અને અજ્ઞાની પણ હોય છે. તે જ્ઞાની હોવાથી ઔધિક જીવોની જેમ બે, ત્રણ, ચાર કે એક જ્ઞાનવાળા હોય છે. તથા અજ્ઞાની હોવાથી બે કે ત્રણ અજ્ઞાનવાળા છે. સિદ્ધ જીવોમાં નિયમતઃ એક જ્ઞાન "કેવળજ્ઞાન" જ પ્રાપ્ત થાય છે.

જ્ઞાન અને અજ્ઞાનની પ્રાપ્તિ અપ્રાપ્તિનું વિવેચન આ અધ્યયનમાં ૨૦ દ્વારોના માધ્યમથી પ્રસ્તુત છે. તે ૨૦ દ્વાર છે- ૧. ગતિ, ૨. ઈન્દ્રિય, ૩. કાય, ૪. સૂક્ષ્મ, ૫. પર્યાપ્તા-અપર્યાપ્તા, ૬. ભવસ્થ, ૭. ભવસિદ્ધિક, ૮. સંજ્ઞી, ૯. લબ્ધિ, ૧૦. ઉપયોગ, ૧૧. યોગ, ૧૨. લેશ્યા, ૧૩. કષાય, ૧૪. વેદ, ૧૫. આહાર, ૧૬. વિષય, ૧૭. સંચિટ્ઠણા (કેટલા કાળસુધી), ૧૮. અંતર, ૧૯. અલ્પ-બહુત્વ અને ૨૦. પર્યાય.

આ વીસ દ્વારોમાં જે વિવેચન કરેલ છે તેનાથી જ્ઞાન કે અજ્ઞાનની ઉપલબ્ધિની વિભિન્ન સ્થિતિઓની જાણકારી થઈ જાય છે. લબ્ધિ દ્વારના અન્તર્ગત દસ પ્રકારની લબ્ધિઓનું વર્ણન કરેલ છે. તે દસ લબ્ધિઓ આ છે. - ૧. જ્ઞાનલબ્ધિ, ૨. દર્શન લબ્ધિ, ૩. ચારિત્ર લબ્ધિ, ૪. ચારિત્રાચારિત્ર લબ્ધિ, ૫. દાન લબ્ધિ, ૬. લાભ-લબ્ધિ, ૭. ભોગ લબ્ધિ, ૮. ઉપભોગ-લબ્ધિ, ૯. વીર્ય લબ્ધિ અને ૧૦. ઈન્દ્રિય લબ્ધિ. વિષય દ્વારમાં વિષયને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી ચાર પ્રકારના કહ્યા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આભિનિબોધિક જ્ઞાની કોઈ અપેક્ષાએ (આદેશ) દ્રવ્યથી સર્વદ્રવ્યોને, ક્ષેત્રથી સર્વક્ષેત્રને, કાળથી સર્વકાળને અને ભાવથી સર્વભાવોને જાણે-દેખે છે. શ્રુતજ્ઞાની ઉપયોગ યુક્ત (શ્રુતજ્ઞાનોપયોગયુક્ત) હોય ત્યારે દ્રવ્યથી સર્વદ્રવ્યોને, ક્ષેત્રથી સર્વક્ષેત્રને, કાળથી સર્વકાળને તથા ભાવથી સર્વ ભાવને જાણે-દેખે છે. અવધિજ્ઞાની દ્રવ્યથી જઘન્ય અનન્ત રુપી દ્રવ્યોને, ઉત્કૃષ્ટ સમસ્ત રુપી દ્રવ્યોને જાણે-દેખે છે. ક્ષેત્રથી તે જઘન્ય અંગુલના અસંખ્યાતમાં ભાગને, ઉત્કૃષ્ટ અલોકમાં લોક જેવડા અસંખ્યખંડોને જાણે-દેખે છે. કાળથી અવધિજ્ઞાની જઘન્ય એક આવલિકાના અસંખ્યાતમો ભાગને, ઉત્કૃષ્ટ અતીત અને અનાગત અસંખ્યાત ઉત્સર્પિણી અને અવસર્પિણી પરિમાણ કાળને જાણે-દેખે છે. ભાવથી જઘન્ય અનંત ભાવોને જાણે દેખે છે તથા ઉત્કૃષ્ટ પણ અનંત ભાવોને જાણે-દેખે છે. પરંતુ સર્વ ભાવોના અનન્તમાં ભાગનેજ જાણે-દેખે છે. મનઃપર્યવજ્ઞાની બે પ્રકારના છે.- ઋજુમતિ અને વિપુલમતિ, દ્રવ્યથી ઋજુમતિ અનન્ત અનન્તપ્રદેશિક સ્કંધોને જાણે-દેખે છે અને વિપુલમતિ તે જ સ્કંધોને અધિક વિપુલ, વિશુદ્ધ અને સ્પષ્ટ જાણે-દેખે છે. ક્ષેત્રથી ઋજુમતિ જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગને તથા ઉત્કૃષ્ટ નીચેની તરફ રત્નપ્રભા-પૃથ્વીને ઉપરિતન- અધસ્તન ક્ષુદ્રક પ્રતરો, ઉપર જ્યોતિષ ચક્રના ઉપરિતલ સુધી, તિર્છાલોકમાં મનુષ્ય ક્ષેત્રની અંદર અઢીદ્વીપ સમુદ્ર સુધી, પંદર કર્મભૂમીઓ, ત્રીસ અકર્મભૂમીઓ અને છપ્પન અર્ન્તદ્વીપોમાં વિદ્યમાન સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના મનોગત ભાવોને જાણે-દેખે છે. વિપુલમતિ એટલા જ ક્ષેત્રોને અઢી અંગુલ અધિક વિપુલ, વિશુદ્ધ અને સ્પષ્ટ જાણે છે. કાળથી ઋજુમતિ જઘન્ય પલ્યોપમના અસંખ્યાતમાં ભાગને તથા ઉત્કૃષ્ટ પણ પલ્યોપમના અસખ્યાતમો ભાગ ભૂત-ભવિષ્યકાળને જાણે-દેખે છે. વિપુલમતિ તે જ કાળને કંઈક અધિક **યાવત્** સુસ્પષ્ટ જાણે-દેખે છે. ભાવથી ઋજુમતિ અનન્ત ભાવોને જાણે-દેખે છે. પરંતુ સર્વ ભાવોના અનન્તમાં ભાગને જ જાણે-દેખે છે. તે જ ભાવોને વિપુલમતિ કંઈક અધિક **યાવત્** સુસ્પષ્ટ જાણે-દેખે છે. કેવલજ્ઞાની દ્રવ્યથી સર્વ દ્રવ્યને, ક્ષેત્રથી સર્વક્ષેત્ર (લોકાલોક બન્ને)ને, કાળથી ભૂત, વર્તમાન અને ભવિષ્યત્ ત્રણેય કાળોને તથા ભાવથી સર્વ દ્રવ્યોને સર્વ ભાવો કે પર્યાયોને જાણે-દેખે છે.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

મતિ અજ્ઞાની દ્રવ્યથી મતિઅજ્ઞાન પરિગત દ્રવ્યોને, ક્ષેત્રથી મતિ-અજ્ઞાન પરિગત ક્ષેત્રને, કાળથી મતિઅજ્ઞાન પરિગત કાળને અને ભાવથી મતિ અજ્ઞાન પરિગત ભાવોને જાણે-દેખે છે. શ્રુત-અજ્ઞાની પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી પોતાના શ્રુત અજ્ઞાનના વિષયભૂત દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને જાણીને તેનું વર્ણન કે પ્રરુપણા કરે છે. વિભંગજ્ઞાની પોતાના વિભંગજ્ઞાનના વિષયગત દ્રવ્ય-ક્ષેત્ર, કાળ અને ભાવોને જાણે-દેખે છે.

સંચિટ્ઠણા કાળદ્વારના અન્તર્ગત જે વર્ણન કરવામાં આવ્યું છે તે આ પ્રમાણે છે- આભિનિબોધિક આદિ જ્ઞાની તે જ્ઞાનથી યુક્ત કેટલા કાળ સુધી રહે છે ? એના અનુસાર આભિનિબોધિકજ્ઞાની - આભિનિબોધિકજ્ઞાનીના રુપમાં જઘન્ય અન્નર્મૂહૂર્ત અને ઉત્કૃષ્ટ કંઈક અધિક છાંસઠ સાગરોપમ સુધી રહે છે. આજ કાળ શ્રુતજ્ઞાની અને અવધિજ્ઞાનીના માટે પણ જાણવો જોઈએ. અવધિજ્ઞાનીનો જઘન્ય સંસ્થિતિ કાળ એક સમય છે. મનઃપર્યવજ્ઞાનીનું સંસ્થિતિકાળ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોટિ સુધી હોય છે. કેવળજ્ઞાની સાદી અપર્યવસિત હોય છે. મતિ-અજ્ઞાની અને શ્રુત-અજ્ઞાની ત્રણ પ્રકારના હોય છે - ૧. અનાદિ અપર્યવસિત, ૨. અનાદિ સપર્યવસિત અને ૩. સાદિ સપર્યવસિત. આમાંથી સાદિસપર્યવસિત જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનન્તકાળ સુધી રહે છે. અર્થાત્ અનન્ત ઉત્સર્પિણી અવસર્પિણીઓ સુધી રહે છે. ક્ષેત્રની અપેક્ષાએ તે દેશોન અપાર્દ્ધ પુદ્દગલ પરાવર્તન સુધી રહે છે. વિભંગજ્ઞાનીનું સંસ્થિતિ કાળ જઘન્ય એક સમય તથા ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોટિ અધિક (૩૩) તેત્રીસ સાગરોપમ સુધી રહે છે.

અલ્પ-બહુત્વ દ્વારના પ્રમાણે બધાથી અલ્પ જ્ઞાની છે તથા અજ્ઞાની તેનાથી અનન્તગુણા છે. પાંચે જ્ઞાનોમાં બધાથી અલ્પ મનઃપર્યવજ્ઞાની છે, તેનાથી અવધિજ્ઞાની અસંખ્યાતગુણા છે, તેનાથી આભિનિબોધિકજ્ઞાની અને શ્રુતજ્ઞાની વિશેષાધિક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. તેનાથી કેવળજ્ઞાની અનન્તગુણા છે. જેટલા આભિનિબોધિક જ્ઞાની છે તેટલા જ શ્રુતજ્ઞાની છે. કારણ કે તે એક સાથે રહે છે. અજ્ઞાનીઓમાં વિભંગજ્ઞાની અલ્પ છે. તથા તેનાથી મતિઅજ્ઞાની અને શ્રુતઅજ્ઞાની અનન્તગુણા છે. બધા જ્ઞાનો અને અજ્ઞાનોની અનન્ત પર્યાયો હોય છે.

જ્ઞાનના આ પ્રકરણમાં ભાવિતાત્મા મિથ્યાદૃષ્ટિ અનગારના નગરાદિની વિકુર્વણા કરીને જાણવા જોવા, ભાવિતાત્મા સમ્યગ્દૃષ્ટિ અનગારના નગરાદિની વિકુર્વણા કરીને જાણવા જોવા, ભાવિતાત્મા અનગાર દ્વારા વૈક્રિય સમુદ્ઘાતથી સમવહત દેવાદિને જાણવા-જોવા, વૃક્ષના અંદર અને બાહર જોવવો, વૃક્ષના મૂળ, કંદ, ફળ આદિને જોવાનું ઈત્યાદિ વર્ણન કરવામાં આવ્યું છે. વ્યાખ્યાપ્રજ્ઞપ્તિમાં છદ્મસ્થ દ્વારા પરમાણુ પુદ્ગલને જાણવા-જોવા સંબંધી પ્રશ્નનો ઉત્તર દેતા ભગવાન મહાવીરે કહ્યું છે કે- 'કોઈ છદ્મસ્થ મનુષ્ય પરમાણુ પુદ્ગલને જાણે છે, પરંતુ જોતા નથી. કોઈ જાણતા પણ નથી, અને જોતા પણ નથી. અનંત પ્રદેશી સ્કન્ધને કોઈ છદ્મસ્થ મનુષ્ય જાણે છે અને જુવે છે, કોઈ જાણે છે પણ જોતા નથી કોઈ જાણતા નથી પણ જુવે છે, કોઈ જાણતા પણ નથી અને જોતા પણ નથી. પરમાવધિજ્ઞાની મનુષ્ય જે સમયે પરમાણુ પુદ્ગલને કે અનન્ત પ્રદેશી સ્કંધને જે સમયે જાણે છે તે સમયે જોતાં નથી તથા જુવે છે તે સમયે જાણતાં નથી. કેવળ જ્ઞાનીના માટે પણ એવું મનાય છે કારણ કે જ્ઞાન સાકાર હોય છે. તથા દર્શન નિરાકાર હોય છે. નિર્જરા-પુદ્ગલો આહાર પુદ્ગલો આદિને જાણવા-દેખવાનું વર્ણન પણ આ અધ્યયનમાં કરેલ છે.

જ્ઞાનથી જોડાયેલ અનેક વાતો કે તથ્યોનું પણ આ અધ્યયનમાં સમાવેશ કરેલ છે. જેમ-પ્રશ્નોના ૬ પ્રકાર, વિવક્ષાથી હેતુ ભેદ, દસ પ્રકારના વાદ દોષ, ૧૦ પ્રકારના શુદ્ધ વચનાનુયોગ, શ્રોતાઓના ૧૪ પ્રકાર, શ્રોતૃજનોની પરિષદના ૩ પ્રકાર, ત્રણ પ્રકારના ચક્ષુષ્માન્, જ્ઞાત અથવા ઉદાહરણના ચાર - ચાર પ્રકાર, કાવ્યના ચાર પ્રકાર, વાદ્ય, નૃત્ય, ગીત અને અભિનયના ચાર પ્રકાર, માળાઓના ચાર પ્રકાર, અલંકારોના ચાર પ્રકાર આદિ.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

પ્રશ્ન છ પ્રકારના હોય છે - ૧. સંશય પ્રશ્ન, ૨. વ્યુદ્ગ્રહ પ્રશ્ન, ૩. અનુયોગી, ૪. અનુલોમ, ૫. તથાજ્ઞાન અને ૬. અતથાજ્ઞાન. આમાંથી ચાર પ્રકારના પ્રશ્ન સારા છે. - સંશયપ્રશ્ન, અનુયોગી (વ્યાખ્યામાટે પૂછેલ) પ્રશ્ન, અનુલોમ (કુશલ કામનાથી પૂછેલ) પ્રશ્ન અને અતથાજ્ઞાન (સ્વયં ન જાણવાની સ્થિતિમાં પૂછેલ) પ્રશ્ન આમાંથી બે પ્રકારના પ્રશ્ન અનુચિત છે - વ્યુદ્ગ્રહ પ્રશ્ન (કપટથી બીજાને પરાજીત કરવા માટે પૂછેલ પ્રશ્ન) અને તથાજ્ઞાન (સ્વયં જાણે છે છતાપણ પૂછેલ પ્રશ્ન). જો આમાં બીજાને જ્ઞાન કરાવવાની ભાવના હોય તો આ યોગ્ય છે.

હેતુના ત્રણ પ્રકારથી ચાર- ચાર ભેદ કર્યા છે પ્રથમ પ્રકારમાં હેતુના ચાર ભેદ છે- ૧. યાપક, ૨. સ્થાપક, ૩. વ્યંસક અને ૪. લૂપક. બીજા પ્રકારમાં હેતુના ચાર ભેદ તે જ છે. જે પ્રમાણના ચાર ભેદ છે- ૧. પ્રત્યક્ષ, ૨. અનુમાન, ૩. ઉપમાન અને ૪. આગમ. ત્રીજા પ્રકારમાં હેતુના ચાર પ્રકાર છે- ૧. વિધિ સાધક વિધિ હેતુ, ૨. વિધિ સાધક નિષેધ હેતુ, ૩. નિષેધ સાધક વિધિ હેતુ અને ૪. નિષેધ સાધક નિષેધ હેતુ.

કાવ્યના ચાર પ્રકાર છે - ૧. ગદ્ય, ૨. પદ્ય, ૩. કથ્ય અને ૪. ગેય. વાદ્ય ચાર પ્રકારના છે- ૧. તત, ૨. વિતત, ૩. ધન અને ૪. શુષિર. નાટ્ય, ગેય અને અભિનયના ચાર-ચાર પ્રકાર નિરુપિત છે. માળાઓના ચાર પ્રકાર છે- ૧. ગુથેલી, ૨. ફૂલોથી લપેટેલી, ૩. પૂરી થયેલ અને ૪. એકથી બીજા પુષ્પને જોડીને બનાવેલી.

અલંકારનો અર્થ છે- શોભાવર્ધક. આના ચાર પ્રકાર છે- ૧. કેશાલંકાર, ૨. વસ્ત્રાલંકાર, ૩. માલ્યાલંકાર અને ૪. આભરણાલંકાર.

www.jainsite.com For Private & Personal Use Only www.jainsite.com

અંતમા જ્ઞાન અધ્યયનનું અનુયોગ પ્રકરણ છે. આમાં અનુયોગની વિધિનું વર્ણન છે. પ્રારંભમાં કહ્યું છે કે પાંચ જ્ઞાનમાંથી શ્રુતજ્ઞાનમાંજ ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞા અને અનુયોગ પ્રવૃત્ત હોય છે, બાકીના ચાર જ્ઞાનોમાં ઉદ્દેશ, સમુદ્દેશ અને અનુજ્ઞા ન હોવાથી આમાં અનુયોગની પણ પ્રવૃત્તિ હોતી નથી.

શ્રુત જ્ઞાનમાં પ્રવૃત્ત અનુયોગ અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય દ્વિવિધ આગમોમાં પ્રવૃત્ત થાય છે. અંગબાહ્યોમાં કાલિક અને ઉત્કાલિક બન્ને પ્રકારના આગમોમાં એ પ્રવૃત્ત થાય છે. ઉત્કાલિક શ્રુંતોમાં આવશ્યકસૂત્ર અને આવશ્યક વ્યતિરિક્ત સૂત્રોમાં પણ અનુયોગ કરવામાં આવે છે. અહીં આવશ્યકસૂત્રના પ્રથમ સામાયિક અધ્યયનમાં અનુયોગનું વર્ણન કરેલ છે.

અનુયોગના ચાર દ્વાર છે- ૧. ઉપક્રમ (સ્વરુપ જાણવું) ૨. નિક્ષેપ (સ્થાપના કરવી), ૩. અનુગમ (વ્યાખ્યા કરવી) અને ૪. નય (વસ્તુના અનેક ધર્મોમાંથી એક ધર્મનું વર્ણન કરવું). ઉપક્રમના છ ભેદ છે - ૧. નામ, ૨. સ્થાપના, ૩. દ્રવ્ય, ૪. ક્ષેત્ર, ૫. કાળ અને ૬. ભાવ. આ ભેદોના સ્વરુપનું વર્ણન કર્યા બાદ ઉપક્રમના ફરીથી છ ભેદ કરેલ છે- ૧. આનુપૂર્વી, ૨. નામ, ૩. પ્રમાણ, ૪. વક્તવ્યતા, ૫. અર્થાધિકાર અને ૬. સમવતાર. આનુપૂર્વી, નામ, સ્થાપના આદિના ૧૦ ભેદ કહ્યા છે.

ઉપક્રમ અનુયોગમાં નામ દ્વારના દસ પ્રકારનું વર્ણન છે- એક નામ, બે નામ, ત્રણ નામ **યાવત્** દસનામ. આ નામોનું ઉદાહરણ આપીને વિવેચન કરતાં વ્યાકરણ, સાહિત્ય, સંગીત આદિથી પણ ઉદાહરણ આપેલ છે. પાંચ નામોમાં નામિક, નૈપાતિક, આખ્યાતિક, ઔપસર્ગિક અને મિશ્ર નામ આપીને, આઠ નામોમાં આઠ વિભક્તિઓનું વિવેચન કરી વ્યાકરણજ્ઞાનને પ્રગટ કરેલ છે. સાત નામોથી સ્વરના સાત પ્રકાર આપેલ છે- ૧. ષડ્જ, ૨. ઋષભ, ૩. ગાંધાર, ૪. મધ્યમ, ૫. પંચમ, ૬. ધૈવત અને ૭. નિષાદ. એમાંથી સંગીતજ્ઞાન પ્રકટ થયેલ છે. એ સાતે સ્વર નાભિથી ઉત્પન્ન થાય છે. ગીતમાં છ દોષ, આઠ ગુણ, ત્રણ વૃત્ત અને બે ભણિતિયાં (ગીતની ભાષા વિશેષ) હોય છે. નવ નામોમાં સાહિત્યના નવ રસોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેમ - ૧. વીર, ૨. શ્રૃંગાર, ૩. અદ્દભુત, ૪. રૌદ્ર, ૫. વ્રીડન, ૬. બિભત્સ, ૭. હાસ્ય, ૮. કારુણ્ય અને ૯. પ્રશાંતરસ. અહીં રસોના ઉદાહરણ આપીને સ્પષ્ટ કરેલ છે.

છ નામોના અન્તર્ગત છ ભાવોનું વિસ્તૃત વર્ણન મળે છે. છ ભાવ છે. - ૧. ઔદયિક, ૨. ઔપશમિક, ૩. ક્ષાયિક, ૪. ક્ષાયોપશમિક, ૫. પારિણામિક અને ૬. સાન્નિપાતિક.

તત્ત્વાર્થસૂત્રમાં સાન્નિપાતિક ભાવનો ઉલ્લેખ નથી. પરંતુ આગમોમાં આને પૃથક્ ભાવના રુપમાં સ્થાન આપેલ છે.

પ્રમાણ - દ્વારના અન્તર્ગત પ્રમાણના ચાર ભેદ કર્યા છે- ૧. નામ પ્રમાણ, ૨. સ્થાપના પ્રમાણ, ૩. દ્રવ્ય પ્રમાણ અને ૪. ભાવ પ્રમાણ. આ બધા ભેદોની વ્યાખ્યા કરતા ભાવ- પ્રમાણના અન્તર્ગત સમાસ, તદ્ધિત, ધાતુ અને નિરુક્તિ પર વિસ્તૃત પ્રકાશ નાખ્યો છે. પ્રમાણના ભિન્ન પ્રકારથી પણ ચાર ભેદ કર્યા છે. જેમ- ૧. દ્રવ્ય પ્રમાણ, ૨. ક્ષેત્ર પ્રમાણ, ૩. કાળ પ્રમાણ અને ૪. ભાવ પ્રમાણ. અહીં પ્રમાણ શબ્દ પરિમાણના અર્થમાં જાણવો.

"વક્તવ્યતા - દ્વાર" ના ત્રણ પ્રકાર છે.- ૧. સ્વ સમય- વક્તવ્યતા, ૨. પરસમય વક્તવ્યતા અને ૩. સ્વસમય-પરસમય વક્તવ્યતા. સમયનો અર્થ હોય છે- સિદ્ધાન્ત. જેમાં અવિરોધી રુપથી સ્વસિદ્ધાન્તનું વર્ણન, પ્રજ્ઞાપન, પ્રરુપણ આદિ કરાય તે 'સ્વસમય વક્તવ્યતા' છે. અન્ય મતના સિદ્ધાન્તનું વર્ણન, પ્રજ્ઞાપન આદિ કરવું 'પર સમય વક્તવ્યતા' છે. તથા બન્ને સિદ્ધાંતોનું વર્ણન હોય તેને 'સ્વસમય-પરસમય વક્તવ્યતા' કહ્યું છે. વક્તવ્યતામાં નયનું પણ વર્ણન કરવામાં આવેલ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અર્થાધિકારનો અર્થ છે વર્ણ્ય વિષયનો અધિકાર. જેમ આવશ્યકસૂત્રના સામાયિકસૂત્રમાં સામાયિક આદિ છ અધ્યયનોમાં પ્રથમ અધ્યયનનો અર્થાધિકાર સાવદ્યયોગવિરતિ છે. બીજા અધ્યયનનો અર્થાધિકાર ઉત્કીર્તન છે આદિ.

"સમવતાર" છ પ્રકારનું નિરુપિત છે- ૧. નામ, ૨. સ્થાપના, ૩. દ્રવ્ય, ૪. ક્ષેત્ર, ૫. કાળ અને ૬. ભાવ.

અનુયોગના બીજા દ્વાર નિક્ષેપને ત્રણ પ્રકારના કહ્યા છે- ૧. ઓઘ નિષ્પન્ન, ૨. નામ નિષ્પન્ન, ૩. સૂત્રાલાપક નિષ્પન્ન. આ ત્રણના ભેદોપભેદોનું ઉદાહરણ સહિત આ અધ્યયનમાં જે વિવેચન થયેલ છે તે નિક્ષેપના જીજ્ઞાસુઓના માટે વિશેષરૂપથી પઠનીય છે. અનુયોગના ત્રીજા દ્વાર અનુગમના બે પ્રકાર કહ્યા છે. - ૧. સૂત્રાનુગમ અને ૨. નિર્યુક્ત્યનુગમ. નિર્યુક્ત્યનુગમ નિક્ષેપ, ઉપોદ્ઘાત અને સૂત્રસ્પર્શિકના ભેદથી ત્રણ પ્રકારના માનવામાં આવ્યા છે. સૂત્રાર્થને સમજવા-જાણવા માટે એનો ઘણો મોટો સહારો છે. ચતુર્થદ્વાર "નય" ના સાત ભેદ છે- ૧. નૈગમ, ૨. સંગ્રહ, ૩. વ્યવહાર, ૪. ઋજુસૂત્ર, ૫. શબ્દ, ૬. સમભિરુઢ અને ૭. એવંભૂતનય. આ નયોના દ્વારા હેય અને ઉપાદેયને જાણીને તદનુકૂળ પ્રવૃત્તિ કરવી જોઈએ.

આ પ્રમાણે આ જ્ઞાન - અધ્યયનમાં માત્ર પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાનનુંજ વર્ણન નથી. પરંતુ જ્ઞાન સંબંધિત વિવિધ સામગ્રીઓ અને અનુયોગ - પદ્ધતિનું પણ આમાં સંકલન મળે છે. વાચક વાંચીને જ્ઞાનના સંબંધમાં અવશ્ય નવીન જાણકારી મેળવશે.

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# २४. णाणऽज्झयणं

सूत्र -

१. **पंचविह णाणं-**

प. कइविहे णं भंते ! नाणे पण्णत्ते ?

उ. गोयमा ! पंचविहे नाणे पण्णत्ते, तं जहा-

१. आभिणिबोहियनाणे, २. सुयनाणे,

३. ओहिनाणे, ४. मणपज्जवनाणे,

५. केवलनाणे ।[1]

- विया. स. ८, उ. २, सु. २२

२. **णाणणिव्वत्ती भेया चउवीसदंडएसु य परूवणं-**

प. कइविहा णं भंते ! णाणणिव्वत्ती पण्णत्ता ?

उ. गोयमा ! पंचविहा णाणणिव्वत्ती पण्णत्ता, तं जहा-

१. आभिणिबोहियनाणणिव्वत्ती **-जाव-**

५. केवलनाणणिव्वत्ती ।

***एवं एगिंदियवज्जं -जाव- वेमाणियाणं जस्स जइ णाणा तस्स तइ णाणणिव्वत्ती भाणियव्वा ।***

- विया. स. १९, उ. ८, सु. ३८-३९

३. **पंच णाणाणं दुविहत्तं-**

तं समासओ दुविहं पण्णत्तं, तं जहा-

१. पच्चक्खं च, २. परोक्खं च ।[2] - नंदी. सु. २

४. **परोक्ख णाणस्स भेया -**

प. से किं तं परोक्खं ?

उ. परोक्खं दुविहं पण्णत्तं, तं जहा-

१. आभिणिबोहियनाणपरोक्खं च,

२. सुयनाणपरोक्खं च ।[3]

जत्थ आभिणिबोहियनाणं तत्थ सुयनाणं,

जत्थ सुयनाणं तत्थ आभिणिबोहियनाणं ।

दोऽवि एयाइं अण्णमण्णमणुगयाइं,

तह वि पुण एत्थ आयरिया णाणत्तं पण्णवेंति-

# ૨૪. જ્ઞાન-અધ્યયન

સૂત્ર :

૧. **પાંચ પ્રકારના જ્ઞાન :**

પ્ર. ભંતે ! જ્ઞાનના કેટલા પ્રકાર કહ્યા છે ?

ઉ. ગૌતમ ! જ્ઞાનના પાંચ પ્રકાર કહ્યા છે, જેમકે-

૧. આભિનિબોધિક જ્ઞાન ૨. શ્રુતજ્ઞાન,

૩. અવધિજ્ઞાન, ૪. મનઃ પર્યવજ્ઞાન,

૫. કેવલજ્ઞાન.

૨. **જ્ઞાનનિર્વૃત્તિના ભેદ અને ચોવીસ દંડકોમાં પ્રરુપણ :**

પ્ર. ભંતે ! જ્ઞાનનિર્વૃત્તિના કેટલા પ્રકાર કહ્યા છે ?

ઉ. ગૌતમ ! જ્ઞાનનિર્વૃત્તિના પાંચ પ્રકાર કહ્યા છે, જેમકે-

૧. આભિનિબોધિક જ્ઞાન - નિર્વૃત્તિ **-યાવત્-**

૨. કેવલજ્ઞાન - નિર્વૃત્તિ.

***આ પ્રમાણે એકેન્દ્રિયને છોડીને વૈમાનિકો સુધી જેમાં જેટલા જ્ઞાન હોય તે પ્રમાણે તેમાં તેટલી જ્ઞાનનિર્વૃત્તિ કહેવી જોઈએ.***

૩. **પાંચ જ્ઞાનોનું દ્વિવિધત્વ :**

તે જ્ઞાન બે પ્રકારનાં કહ્યા છે, જેમકે-

૧. પ્રત્યક્ષ, ૨. પરોક્ષ.

૪. **પરોક્ષ જ્ઞાનના ભેદ :**

પ્ર. પરોક્ષ જ્ઞાનના કેટલા પ્રકાર છે ?

ઉ. પરોક્ષજ્ઞાનના બે પ્રકાર કહ્યા છે, જેમકે-

૧. આભિનિબોધિકજ્ઞાન,

૨. શ્રુતજ્ઞાન.

જ્યાં આભિનિબોધિકજ્ઞાન છે ત્યાં શ્રુતજ્ઞાન પણ છે,

જ્યાં શ્રુતજ્ઞાન છે ત્યાં આભિનિબોધિકજ્ઞાન પણ છે.

આ બન્ને એક બીજા સાથે રહેવાવાળા છે.

તો પણ આચાર્ય એ આ (બન્ને) માં અંતરનું પ્રતિપાદન કર્યું છે.

---

१. (क) ठाणं. अ. ५, उ.३, सु. ४६४ (१)
(ख) नंदी. सु. १ (ग) अणु. सु. १
(घ) तत्थ पंचविहं नाणं, सुयं आभिणिबोहियं ।
ओहिनाणं तइयं, मणनाणं च केवलं ॥ - उत्त. अ. २८, गा. ४

२. ठाणं अ. २, उ. १, सु. ६० (१)

३. ठाणं अ. २, उ. १, सु. ६० (१७)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

अभिणिवुज्झइ त्ति आभिणिवोहियं नाणं सुणेइ त्ति सुयं ।

જે સામે આવેલા પદાર્થોને પ્રમાણપૂર્વક જાણી લે છે તે "આભિનિબોધિક જ્ઞાન" છે અને જે સાંભળી શકાય છે તે "શ્રુતજ્ઞાન છે."

"मईपुव्व जेण सुयं, ण मईसुयपुव्विया ।"

"શ્રુતજ્ઞાન મતિજ્ઞાનપૂર્વક હોય છે પણ મતિજ્ઞાન શ્રુતજ્ઞાનપૂર્વક નથી હોતું.

अविसेसिया मई-
मईनाणं च मईअन्नाणं च ।
विसेसया मई-
सम्मदिट्ठिस्स मई मईनाणं,
मिच्छादिट्ठिस्स मई मईअन्नाणं ।
अविसेसियं सुयं-
सुयनाणं च, सुयअन्नाणं च ।
विसेसियं सुयं-
सम्मदिट्ठिस्स सुयं सुयनाणं,
मिच्छादिट्ठिस्स सुयं सुयअन्नाणं ।

- नंदी. सु. ४५-४६

સામાન્ય રુપથી બુદ્ધિ-
મતિજ્ઞાન અને મતિ-અજ્ઞાન રુપ છે.
તે મતિ- વિશેષ રુપથી-
સમ્યક્દષ્ટિની મતિ-મતિજ્ઞાન છે.
મિથ્યાદષ્ટિની મતિ-મતિ-અજ્ઞાન છે.
સામાન્ય રુપથી શ્રુત-
શ્રુતજ્ઞાન અને શ્રુત- અજ્ઞાનરુપ છે.
તેજ શ્રુત વિશેષ રુપથી-
સમ્યક્દષ્ટિનું શ્રુત-શ્રુતજ્ઞાન છે,
મિથ્યાદષ્ટિનું શ્રુત-શ્રુતઅજ્ઞાન છે.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

५. **आभिणिवोहियनाणस्स पज्जव णामाणि-**

१. **ईहा,**
२. **अपोह,**
३. **वीमंसा,**
४. **मग्गणा य,**
५. **गवेसणा,**
६. **सण्णा,**
७. **सई,**
८. **मई,**
९. **पण्णा,**

- नंदी. सु. ६०

सव्वं आभिणिबोहियं ॥

૫. **આભિનિબોધિક જ્ઞાનનાં પર્યાયવાચી નામ :**

૧. **ઈહા** - પદાર્થનું પર્યાલોચન.
૨. **અપોહ** - નિશ્ચય કરવું.
૩. **વિમર્શ** - ઈહા અને અવાયના મધ્યમાં થનારી વિચારધારા.
૪. **માર્ગણા** - અન્વય ધર્મોનું અન્વેષણ કરવું.
૫. **ગવેષણા** - વ્યતિરેક ધર્મોથી વ્યાવૃત્તિ કરવી.
૬. **સંજ્ઞા** - અતીતમાં અનુભવ કરેલ અને વર્તમાનમાં અનુભવ કરેલ વસ્તુની એકતાનું - અનુસંધાન- જ્ઞાન કરવું.
૭. **સ્મૃતિ** - અતીતમાં અનુભવ કરેલનું સ્મરણ કરવું.
૮. **મતિ** - જે જ્ઞાન વર્તમાન વિષયનો ગ્રાહક હોય,
૯. **પ્રજ્ઞા** - વિશિષ્ટ ક્ષયોપશમથી ઉત્પન્ન યથાવસ્થિત વસ્તુગત ધર્મનું પર્યાલોચન કરવું.

આ બધા આભિનિબોધિકજ્ઞાનનાં પર્યાયવાચી નામ છે.

६. **आभिणिवोहिय नाणस्स उक्किट्ठा ठिई-**

आभिणिबोहियनाणस्स णं उकोसेणं छावट्ठिं सागरोवमाइं ठिई पण्णत्ता ।

- सम. सम. ६६, सु. ४

૬. **આભિનિબોધિક જ્ઞાનની ઉત્કૃષ્ટ સ્થિતિ :**

આભિનિબોધિક જ્ઞાનની ઉત્કૃષ્ટ સ્થિતિ છયાસઠ સાગરોપમની કહી છે.

७. **आभिणिबोहियणाणस्स भेया-**

प. से किं तं आभिणिबोहियनाणं ?

उ. आभिणिबोहियनाणं दुविहं पण्णत्तं, तं जहा -

१. सुयणिस्सियं च, २. असुयणिस्सियं च ।[1]

- नंदी सु. ४७

७. **આભિનિબોધિક જ્ઞાનનાં ભેદ :**

પ્ર. આભિનિબોધિક જ્ઞાન કેટલા પ્રકારનાં છે ?

ઉ. આભિનિબોધિક જ્ઞાન બે પ્રકારનાં કહ્યા છે, જેમકે-

૧. શ્રુત નિશ્રિત, ૨. અશ્રુતનિશ્રિત.

८. **अस्सुय-णिस्सिय मई णाणस्स भेया-**

प. से किं तं असुयणिस्सियं ?

उ. असुयणिस्सियं चउव्विहं पण्णत्तं, तं जहा-

१. उप्पत्तिया, २. वेणइया,

३. कम्मया, ४. पारिणामिया ।

बुद्धी चउव्विहा वुत्ता, पंचमा नोवलब्भइ ॥[2]

८. **અશ્રુતનિશ્રિત મતિજ્ઞાનનાં ભેદ :**

પ્ર. અશ્રુતનિશ્રિત કેટલા પ્રકારના છે ?

અશ્રુતનિશ્રિત ચાર પ્રકારના કહ્યા છે, જેમકે-

૧. ઔત્પાતિકી, ૨. વૈનયિકી,

૩. કર્મજા, ૪. પારિણામિકી.

આ ચાર પ્રકારની બુદ્ધિઓ શાસ્ત્રકારોએ વર્ણિત કરેલ છે, પાંચમો ભેદ ઉપલબ્ધ નથી.

१. **उप्पत्तिया बुद्धी-**

पुव्वंमदिट्ठमसुयमवेइयतक्खणविसुद्धगहियत्था ।
अव्वाहयफलजोगा, बुद्धी उप्पत्तिया णामं ॥

१. भरह, २. सिल, ३. मिंढ, ४. कुक्कुड, ५. तिल, ६. वालुय, ७. हत्थी य, ८. अगड ९. वणसंडे, १०. पायस, ११. अइया, १२. पत्ते, १३. खाडहिला १४. पंच पियरो य,

१. भरहसिल, २. पणिय ३. रूक्खे, ४. खुड्डग, ५. पड, ६. सरड, ७. काय, ८. उच्चारे, ९. गय, १०. घयण, ११. गोल, १२. खंभे, १३. खुड्डग १४-१५. मग्गित्थि, १६. पति १७. पुत्ते, १८. महुसित्थ, १९-२०. मुद्दियंके य, २१. णाणए, २२. भिक्खु, २३. चेडगणिहाणे, २४. सिक्खा य २५. अत्थसत्थे, २६. इच्छा य महं, २७. सयसहस्से ॥

१. **ઔત્પાતિકી બુદ્ધિ :**

પૂર્વમાં જોયા વગર, વગર સાંભળે અને વગર જાણીએ પદાર્થોનાં વિશુદ્ધ અર્થ - (અભિપ્રાય) ને જે બુદ્ધિનાં દ્વારા તત્કાળ ગ્રહણ કરેલ છે અને જેનો અવ્યાહત (બાધા વગર) ફળ હોય તે ઔત્પાતિકી બુદ્ધિ કહેવાય છે.

૧. ભરતક્ષેત્ર, ૨. શિલા, ૩. દેડકો, ૪. મરઘી, ૫. તેલ, ૬. રેતી, ૭. હાથી, ૮. કૂવો, ૯. વનખંડ, ૧૦. ખીર, ૧૧. અતિગ, ૧૨. પાંદડું, ૧૩. ખાડહિલા (ગિલહરી) ૧૪. પાંચપિતા.

૧. ભરતશિલા, ૨. પ્રતિજ્ઞા, ૩. વૃક્ષ, ૪. અંગુઠી, ૫. વસ્ત્ર, ૬. કાકીડો, ૭. કાગડો, ૮. વડી નીત (મલ) ૯. હાથી, ૧૦. ઘૃત, ૧૧. ગોલ (લખોટો), ૧૨. સ્તમ્ભ, ૧૩. ક્ષુદ્રક, ૧૪. માર્ગ, ૧૫. સ્ત્રી, ૧૬. પતિ, ૧૭. પુત્ર, ૧૮. મીણ, ૧૯. મુદ્રિકા, ૨૦. અંક, ૨૧. મોહર, ૨૨. ભિક્ષુ, ૨૩. ચેટકનિધાન, ૨૪. શિક્ષા, ૨૫. અર્થશાસ્ત્ર, ૨૬. અધિક ઈચ્છા, ૨૭. શતસહસ્ત્ર. આ ઔત્પાતિકી બુદ્ધિનાં ઉદાહરણ છે.

२. **वेणइया बुद्धी-**

भरणित्थरणसमत्थातिवग्गसुत्तत्थगहियपेयाला ।
उभयोलोगफलवती विणयसमुत्था हवइ बुद्धी ॥

१. णिमित्ते, २. अत्थसत्थे य,

३. लेहे ४. गणिए य ५. कूव ६. अस्से य ।

२. **વૈનયિકી બુદ્ધિ :**

કાર્ય ભારને વહન કરવામાં સમર્થ, ત્રિવર્ગ.

(ધર્મ, અર્થ, કામ)નાં સૂત્રાર્થોનાં સાર ગ્રહણ કરવામાં પ્રધાન આ લોક અને પરલોકમાં ફળ આપનાર વૈનયિકી બુદ્ધિ હોય છે.

૧. નિમિત્ત, ૨. અર્થશાસ્ત્ર,

૩. લેખ, ૪. ગણિત, ૫. કૂવો, ૬. અશ્વ,

---

१. ठाणं अ. २, उ. १, सु. ६० (१६) २. ठाणं अ. ४, उ. ४, सु. ३६४ (१)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

७. गद्दभ ८. लक्खण ९. गंठी
१०. अगए ११. रहिए य १२. गणिया य ॥
१३. मीया साडी दीहं च तणं, अवसव्वयं च कुंचस्स ।
१४. निव्वोदए य १५. गोणे घोडग पडणं च रुक्खाओ ॥

૭. ગર્દભ, ૮. લક્ષણ, ૯. ગ્રંથિ.
૧૦. અગડ, ૧૧. રથિક, ૧૨. ગણિકા.
૧૩. ભીનીસાડી, લાંબાતૃણ, ક્રૌંચ પક્ષી, ૧૪. નેવાનું પાણી, ૧૫. બળદોની ચોરી, અશ્વનું મરણ અને વૃક્ષથી પડવું એ આ વૈનયિકી બુદ્ધિનાં ઉદાહરણ છે.

**३. कम्मिया बुद्धी-**

उवओगदिट्ठसारा कम्मपसंगपरिघोलणविसाला ।
साहुक्कारफलवती कम्मसमुत्था हवइ बुद्धी ॥

**૩. કર્મજા બુદ્ધિ :**

ઉપયોગથી કાર્યોની વિશેષતાને જોનારી, કાર્ય કરતાં - કરતાં અને ચિંતન કરતાં-કરતાં વ્યાપક થનારી અને પ્રશંસા પ્રાપ્તિરુપ ફળવાળી તે કર્મજા બુદ્ધિ હોય છે.

१. हेरण्णिए २. करिसए
३. कोलिय ४. डोए य
५. मुत्ति ६. घय ७. पवए ।
८. तुण्णाग, ९. वड्ढई य १०. पूविए य ११. घड
१२. चित्तकारे य ॥

૧. સુવર્ણકાર, (સોની) ૨. કિસાન, (ખેડૂત)
૩. જુલાહા, ૪. દર્વીકાર (લાકડાનો ચાટવો)
૫. મોતી, ૬. ઘી, ૭. નટ,
૮. દરજી, ૯. સુતાર, ૧૦. કંદોઈ, ૧૧. ઘટ, ૧૨. ચિત્રકાર. એ કર્મથી ઉત્પન્ન બુદ્ધિનાં ઉદાહરણ છે.

**४. पारिणामिया बुद्धी-**

अणुमाणं-हेउ-दिट्ठंतसाहिया वयविवागपरिणामा ।
हियं णिस्सेयस फलवती, बुद्धी पारिणामिया णामं ॥

**૪. પારિણામિકી બુદ્ધિ :**

અનુમાન, હેતુ અને દૃષ્ટાંતથી (કાર્ય) સિદ્ધ કરનારી, આયુનાં પરિપકવ થવાથી પ્રાપ્ત થનારી, સ્વપર હિતકારી તથા મોક્ષરુપી ફળ આપનારી પારિણામિકી બુદ્ધિ હોય છે.

જૈન આગમ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

१. अभए, २. सेट्ठि, ३. कुमारे,
४. देवी, ५. उदिओदए हवइ राया ।
६. साहू य णंदिसेणे,
७. धणदत्ते, ८. सावग, ९. अमच्चे ॥
१०. खमए, ११. अमच्चपुत्ते,
१२. चाणक्के चेव, १३. थूलभद्दे य ।
१४. णासिकसुंदरी-नंदे,
१५. वइरे परिणामिया बुद्धी ॥
१६. चलणाहण, १७. आमंडे,
१८. मणी य १९. सप्पे य २०. खग्गि २१. थूभिंदे ।
पारिणामियबुद्धीए, एवमाई उदाहरणा,
*से तं असुयणिस्सियं ।* - नंदी सु. ४८-५२

૧. અભયકુમાર, ૨. શેઠ, ૩. કુમાર,
૪. દેવી, ૫. ઉદિતોદયરાજા,
૬. સાધુ(શિષ્ય) અને નન્દીષેણ,
૭. ધનદત્ત, ૮. શ્રાવક, ૯. અમાત્ય,
૧૦. ક્ષપક, ૧૧. અમાત્યપુત્ર,
૧૨. ચાણક્ય, ૧૩. સ્થૂલિભદ્ર,
૧૪. નાકનું સુન્દરીનંદ,
૧૫. વજ્રસ્વામી,
૧૬. ચરણાહત, ૧૭. આંબળા,
૧૮. મણિ, ૧૯. સર્પ, ૨૦. ગેંડો, ૨૧. સ્તૂપ-ભેદન.
આ પારિણામિકી બુદ્ધિનાં ઉદાહરણ છે.
***આ અશ્રુતનિશ્રિત (આભિનિબોધિક જ્ઞાન) છે.***

**९. उप्पत्तियाई बुद्धीसु वण्णाइअभाव परूवणं-**

प. अह भंते ! १. उप्पत्तिया २. वेणइया ३. कम्मया ४. परिणामिया, एस णं कइवण्णा कइगंधा कइरसा कइफासा पण्णत्ता ?

**૯. ઔત્પાતિકી આદિ બુદ્ધિઓમાં વર્ણાદિનાં અભાવનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! ૧. ઔત્પાતિકી, ૨. વૈનયિકી, ૩. કાર્મિકી અને ૪. પારિણામિકી બુદ્ધિ કેટલા વર્ણ, ગંધ, રસ અને સ્પર્શવાળી કહી છે ?

उ. गोयमा ! उप्पत्तिया **-जाव-** परिणामिया, एस णं अवण्णा **-जाव-** अफासा पण्णत्ता।

- विया. स. १२, उ. ५, सु. ९

**१०. सुयणिस्सिय मई णाणस्स भेया-**

प. से किं तं सुयणिस्सियं मईनाणं ?

उ. सुयणिस्सियं मईनाणं चउव्विहं पण्णत्तं, तं जहा-

१. उग्गहे, २. ईहा, ३. अवाए, ४. धारणा।[1]

- नंदी. सु. ५३

**११. उग्गहादीणं लक्खणाणि-**

अत्थाणं उग्गहणं तु उग्गहं, तह वियालणं ईहं।
ववसायं तु अवायं, धरणं पुण धारणं बिंति॥

- नंदी. सु. ६७

**१. उग्गह परूवणं-**

प. से किं तं उग्गहे ?

उ. उग्गहे दुविहे पण्णत्ते, तं जहा-

१. अत्थोग्गहे य, २. वंजणोग्गहे य।[2]

प. से किं तं वंजणोग्गहे ?

उ. वंजणोग्गहे चउव्विहे पण्णत्ते, तं जहा-

१. सोइंदियवंजणोग्गहे, २. घाणेंदियवंजणोग्गहे, ३. जिब्भिंदियवंजणोग्गहे, ४. फासेंदियवंजणोग्गहे।

***से त्तं वंजणोग्गहे।***

प. से किं तं अत्थोग्गहे ?

उ. अत्थोग्गहे छव्विहे पण्णत्ते, तं जहा-

१. सोइंदियअत्थोग्गहे, २. चक्खिंदियअत्थोग्गहे, ३. घाणिंदियअत्थोग्गहे, ४. जिब्भिंदियअत्थोग्गहे, ५. फासिंदियअत्थोग्गहे, ६. णोइंदियअत्थोग्गहे।[3]

तस्स णं इमे एगट्ठिया णाणाघोसा णाणावंजणा पंच णामधेया भवंति, तं जहा-

१. ओगिण्हणया, २. उवधारणया, ३. सवणता, ४. अवलंबणता, ५. मेहा।

***से तं उग्गहे।*** - नंदी. सु. ५४-५६

ઉ. ગૌતમ ! ઔત્પાતિકી **-યાવત્-** પારિણામિકી આ ચારે બુદ્ધિઓ વર્ણ **-યાવત્-** સ્પર્શથી રહિત કહી છે.

**૧૦. શ્રુતનિશ્રિત મતિજ્ઞાનના ભેદ :**

પ્ર. શ્રુતનિશ્રિત મતિજ્ઞાન કેટલા પ્રકારના છે ?

ઉ. શ્રુતનિશ્રિત મતિજ્ઞાન ચાર પ્રકારનાં કહ્યા છે, જેમકે-

૧. અવગ્રહ, ૨. ઈહા, ૩. અવાય, ૪. ધારણા.

**૧૧. અવગ્રહ આદિના લક્ષણ :**

અર્થોનાં સામાન્ય જ્ઞાનને અવગ્રહ, અર્થોનાં પર્યાલોચન (વિચારણા)ને ઈહા, અર્થોનાં નિર્ણયાત્મક જ્ઞાનને અવાય અને સ્મૃતિમાં ધારણ કરનારને ધારણા કહે છે.

**૧. અવગ્રહનું પ્રરુપણ :**

પ્ર. અવગ્રહ કેટલા પ્રકારના છે ?

ઉ. અવગ્રહ બે પ્રકારનાં કહ્યા છે, જેમકે-

૧. અર્થાવગ્રહ, ૨. વ્યંજનાવગ્રહ.

પ્ર. વ્યંજનાવગ્રહ કેટલા પ્રકારના છે ?

ઉ. વ્યંજનાવગ્રહ ચાર પ્રકારના કહ્યા છે, જેમકે-

૧. શ્રોત્રેન્દ્રિય વ્યંજનાવગ્રહ, ૨. ઘ્રાણેન્દ્રિય-વ્યંજનાવગ્રહ, ૩. રસેન્દ્રિય વ્યંજનાવગ્રહ, ૪. સ્પર્શેન્દ્રિય વ્યંજનાવગ્રહ.

***આ વ્યંજનાવગ્રહનું વર્ણન થયું.***

પ્ર. અર્થાવગ્રહ કેટલા પ્રકારના છે ?

ઉ. અર્થાવગ્રહ છ પ્રકારના કહ્યા છે, જેમકે-

૧. શ્રોત્રેન્દ્રિય અર્થાવગ્રહ, ૨. ચક્ષુરેન્દ્રિય અર્થાવગ્રહ, ૩. ઘ્રાણેન્દ્રિય અર્થાવગ્રહ, ૪. રસેન્દ્રિય અર્થાવગ્રહ, ૫. સ્પર્શેન્દ્રિય અર્થાવગ્રહ, ૬. નો ઈન્દ્રિય અર્થાવગ્રહ.

અર્થાવગ્રહનાં સમાનાર્થક નાનાઘોષ તથા નાના વ્યંજનવાળા પાંચ નામ આ પ્રમાણે છે, જેમકે-

૧. અવગ્રહનતા, ૨. ઉપધારણતા, ૩. શ્રવણતા, ૪. અવલમ્બનતા, ૫. મેધા.

***આ અવગ્રહનું વર્ણન થયું.***

---

१. उग्गह ईहाऽवाओ य, धारणा एव होंति चत्तारि।
आभिणिबोहियनाणस्स, भेयवत्थू समासेणं॥ - नंदी सु. ६६

२. राय. सु. २४१

३. (क) पण्ण. प. १५, सु. १०१७-१०१९
(ख) सम. सम. ६, सु. ६
(ग) ठाणं. अ. ६, सु. ५२५

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

२. **ईहा परूवणं-**

प. से किं तं ईहा ?

उ. ईहा छव्विहा पण्णत्ता, तं जहा-

१. सोइंदियईहा, २. चक्खिंदियईहा,
३. घाणिंदियईहा, ४. जिब्भिंदियईहा,
५. फासिंदियईहा, ६. णोइंदियईहा।

तीसे णं इमे एगट्ठिया णाणाघोसा णाणावंजणा पंच णामधेया भवंति, तं जहा-

१. आभोगणया, २. मग्गणया,
२. गवेसणया, ४. चिंता,
५. वीमंसा।

***से तं ईहा।*** - नंदी सु. ५८

३. **अवाय परूवणं-**

प. से किं तं अवाए ?

उ. अवाए छव्विहे पण्णत्ते, तं जहा-

१. सोइंदियावाए, २. चक्खिंदियावाए,
३. घाणिंदियावाए, ४. जिब्भिंदियावाए,
५. फासिंदियावाए, ६. णोइंदियावाए।[1]

तस्स णं इमे एगट्ठिया णाणाघोसा णाणावंजणा पंच णामधेया भवंति, तं जहा-

१. आवट्टणया, २. पच्चावट्टणया,
३. अवाए, ४. बुद्धी,
५. विण्णाणे।

***से तं अवाए।*** - नंदी. सु. ५९

४. **धारणा परूवणं -**

प. से किं तं धारणा ?

उ. धारणा छव्विहा पण्णत्ता, तं जहा-

१. सोइंदियधारणा, २. चक्खिंदियधारणा,
३. घाणिंदियधारणा, ४. जिब्भिंदियधारणा,
५. फासिंदियधारणा, ६. णोइंदियधारणा।

तीसे णं इमे एगट्ठिया णाणाघोसा णाणावंजणा पंच णामधेया भवंति, तं जहा-

૨. **ઈહાની પ્રરુપણા :**

પ્ર. ઈહા કેટલા પ્રકારની છે ?

ઉ. ઈહા છ પ્રકારની કહી છે, જેમકે-

૧. શ્રોત્રેન્દ્રિય-ઈહા, ૨. ચક્ષુરેન્દ્રિય-ઈહા,
૩. ઘ્રાણેન્દ્રિય-ઈહા, ૪. રસેન્દ્રિય-ઈહા,
૫. સ્પર્શેન્દ્રિય-ઈહા, ૬. નોઈન્દ્રિય-ઈહા

ઈહાનાં સમાનાર્થક નાનાઘોષ અને નાના વ્યંજનવાળા પાંચ નામ આ પ્રમાણે છે, જેમકે-

૧. આભોગનતા, ૨. માર્ગનતા,
૩. ગવેષણતા, ૪. ચિંતા,
૫. વિમર્શ.

***આ ઈહાનું વર્ણન થયું.***

૩. **અવાયની પ્રરુપણા :**

પ્ર. અવાય કેટલા પ્રકારનાં છે ?

ઉ. અવાય છ પ્રકારનાં છે, જેમકે-

૧. શ્રોત્રેન્દ્રિય-અવાય, ૨. ચક્ષુરેન્દ્રિય-અવાય,
૩. ઘ્રાણેન્દ્રિય-અવાય, ૪. રસેન્દ્રિય-અવાય,
૫. સ્પર્શેન્દ્રિય-અવાય, ૬. નોઈન્દ્રિય-અવાય.

અવાયનાં સમાનાર્થક નાનાઘોષ અને નાના વ્યંજનવાળા પાંચ નામ આ પ્રમાણે છે, જેમકે-

૧. આવર્તન, ૨. પ્રત્યાવર્તન,
૩. અવાય, ૪. બુદ્ધિ,
૫. વિજ્ઞાન.

***આ અવાયનું વર્ણન થયું.***

૪. **ધારણાની પ્રરુપણા :**

પ્ર. ધારણા કેટલા પ્રકારની છે ?

ઉ. ધારણા છ પ્રકારની કહી છે, જેમકે-

૧. શ્રોત્રેન્દ્રિય-ધારણા, ૨. ચક્ષુરેન્દ્રિય-ધારણા,
૩. ઘ્રાણેન્દ્રિય-ધારણા, ૪. રસેન્દ્રિય-ધારણા,
૫. સ્પર્શેન્દ્રિય-ધારણા, ૬. નોઈન્દ્રિય-ધારણા

ધારણાનાં સમાનાર્થક નાનાઘોષ અને નાના વ્યંજનવાળા પાંચ નામ આ પ્રમાણે છે, જેમકે-

१. सम. सम. २८, सु. ३

जैन साइट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

१. धारणा, २. साधारणा,

३. ठवणा, ४. पइट्ठा,

५. कोट्ठे।

***से तं धारणा।*** - नंदी. सु. ६०

१. ધારણા, ૨. સાધારણા,

૩. સ્થાપના, ૪. પ્રતિષ્ઠા,

૫. કોષ્ઠ.

**આ ધારણાનું વર્ણન થયું.**

**१२. विसयगहण विवक्खया उग्गहाणं भेया-**

चउव्विहा मई पण्णत्ता, तं जहा-

१. उग्गहमई, २. ईहामई,

३. अवायमई, ४. धारणामई।

**अहवा** चउव्विहा मई पण्णत्ता, तं जहा-

१. अरंजरोदगसमाणा, २. वियरोदगसमाणा,

३. सरोदगसमाणा, ४. सागरोदगसमाणा,

- ठाणं अ. ४, उ. ४, सु. ३६४ (२-३)

**(क)** छव्विहा उग्गहमई पण्णत्ता, तं जहा-

१. खिप्पमोगिण्हइ,
२. बहुमोगिण्हइ,
३. बहुविहमोगिण्हइ,
४. धुवमोगिण्हइ,
५. अणिस्सियमोगिण्हइ,
६. असंदिद्धमोगिण्हइ।

**(ख)** छव्विहा ईहामई पण्णत्ता, तं जहा-

१. खिप्पमीहइ,
२. बहुमीहइ,
३. बहुविहमीहइ,
४. धुवमीहइ,
५. अणिस्सियमीहइ,
६. असंदिद्धमीहइ।

**(ग)** छव्विहा अवायमई पण्णत्ता, तं जहा-

१. खिप्पमवेइ,
२. बहुमवेइ,
३. बहुविहमवेइ,
४. धुवमवेइ,
५. अणिस्सियमवेइ,
६. असंदिद्धमवेइ।

**૧૨. વિષયગ્રહણની અપેક્ષા અવગ્રહાદિનાં ભેદ :**

મતિ ચાર પ્રકારની કહી છે, જેમકે-

૧. અવગ્રહ મતિ, ૨. ઈહામતિ,

૩. અવાયમતિ, ૪. ધારણામતિ.

**અથવા** મતિ ચાર પ્રકારની કહી છે, જેમકે-

૧. ઘડાનાં પાણીનાં સમાન, ૨. ખાડાનાં પાણીનાં સમાન,

૩. તળાવનાં પાણીનાં સમાન, ૪. સમુદ્રનાં પાણીનાં સમાન.

**(ક)** અવગ્રહમતિ છ પ્રકારની કહી છે, જેમકે-

૧. શીઘ્ર ગ્રહણ કરવું,
૨. ઘણુ ગ્રહણ કરવું,
૩. ઘણા પ્રકારની વસ્તુઓને ગ્રહણ કરવી,
૪. ધ્રુવ ગ્રહણ કરવું,
૫. અનિશ્રિત (વગર સહારે) ગ્રહણ કરવું,
૬. અસંદિગ્ધ ગ્રહણ કરવું.

**(ખ)** ઈહામતિ છ પ્રકારની કહી છે, જેમકે-

૧. શીઘ્ર ઈહા કરવી,
૨. ઘણી ઈહા કરવી,
૩. ઘણા પ્રકારની વસ્તુઓની ઈહા કરવી,
૪. ધ્રુવ ઈહા કરવી,
૫. અનિશ્રિત ઈહા કરવી,
૬. અસંદિગ્ધ ઈહા કરવી.

**(ગ)** અવાયમતિ છ પ્રકારની કહી છે, જેમકે-

૧. શીઘ્ર અવાય કરવી,
૨. ઘણી અવાય કરવી,
૩. ઘણા પ્રકારની વસ્તુઓની અવાય કરવી,
૪. ધ્રુવ અવાય કરવી,
૫. અનિશ્રિત અવાય કરવી,
૬. અસંદિગ્ધ અવાય કરવી.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**(घ)** छव्विहा धारणा (मई) पण्णत्ता, तं जहा-

१. वहुं धरेइ,
२. वहुविहं धरेइ,
३. पोराणं धरेइ,
४. दुद्धरं धरेइ,
५. अणिस्सियं धरेइ,
६. असंदिद्धं धरेइ ।

- ठाणं अ. ६, सु. ५१० (१-४)

**(ઘ)** ધારણા (મતિ) છ પ્રકારની કહી છે, જેમકે-

૧. ઘણી ધારણા કરવી,
૨. ઘણા પ્રકારની વસ્તુઓની ધારણા કરવી,
૩. જુની વસ્તુઓની ધારણા કરવી,
૪. દુઃખે પકડી શકાય તેવી ધારણા કરવી,
૫. અનિશ્રિતની ધારણા કરવી,
૬. અસંદિગ્ધની ધારણા કરવી.

**१३. पगारान्तरेण सुय असुयणिस्सियाणं भेया-**

सुयनिस्सिए दुविहे पण्णत्ते, तं जहा-

१. अत्थोग्गहे चेव, २. वंजणोग्गहे चेव ।

***असुयनिस्सिए वि एवमेव ।***

- ठाणं अ. २, उ. १, सु. ६० (१९-२०)

**૧૩. પ્રકારાન્તરથી શ્રુત-અશ્રુત નિશ્રિતોનાં ભેદ :**

શ્રુતનિશ્રિત બે પ્રકારના કહ્યા છે, જેમકે-

૧. અર્થાવગ્રહ, ૨. વ્યંજનાવગ્રહ.

***અશ્રુતનિશ્રિત પણ આ પ્રમાણે બે પ્રકારનાં છે.***

**१४. वंजणुग्गह परूवगं दिट्ठंते-**

अट्ठावीसइविहस्स आभिणिबोहियनाणस्स वंजणोग्गहस्स परूवणं करिस्सामि-पडिबोहगदिट्ठंतेणं, मल्लगदिट्ठंतेण य ।

प. (क) से किं तं पडिवोहगदिट्ठंतेणं ?

उ. पडिवोहगदिट्ठंतेणं-

से जहानामए केइ पुरिसे कंचि पुरिसं सुत्तं पडिवोहेज्जा "अमुगा ! अमुग !" त्ति ।

तत्थ च चोयगे पण्णवगं एवं वयासी-

प. किं एगसमयपविट्ठा पोग्गला गहणमागच्छंति ?

दुसमयपविट्ठा पोग्गला गहणमागच्छंति **-जाव-** दससमयपविट्ठा पोग्गला गहणमागच्छंति ?

संखेज्जसमयपविट्ठा पोग्गला गहणमागच्छंति ?

असंखेज्जसमयपविट्ठा पोग्गला गहणमागच्छंति ?

उ. **एवं** वदंतं चोयगं पण्णवगे **एवं** वयासी-

"**णो** एगसमयपविट्ठा पोग्गला गहणमागच्छंति,

**૧૪. વ્યંજનાવગ્રહ પ્રરુપક દૃષ્ટાંત :**

પ્રતિબોધક દૃષ્ટાંત અને મલ્લક (કોડીયું)નું દૃષ્ટાંત દ્વારા અઠ્યાવીસ પ્રકારનાં આભિનિબોધિક-જ્ઞાન (મતિજ્ઞાન) નાં વ્યંજનાવગ્રહની હું પ્રરુપણા કરીશ.

પ્ર. (ક) પ્રતિબોધક (જગાડેલ)નું દૃષ્ટાંત શું છે ?

ઉ. પ્રતિબોધકનું દૃષ્ટાંત -

જે પ્રમાણે સુતેલ કોઈ વ્યક્તિને "હે અમુક ! હે અમુક."

આ પ્રમાણે કહીને જગાડે ત્યાં પ્રશ્નકર્તા પ્રરુપકથી આ પ્રમાણે કહે છે કે -

પ્ર. શું (તે પુરુષનાં કાનમાં) એક સમયમાં પ્રવિષ્ટ પુદ્‌ગલ ગ્રહણ કરવામાં આવે છે ?

શું બે સમયમાં પ્રવિષ્ટ પુદ્‌ગલ ગ્રહણ કરવામાં આવે છે **-યાવત્-** દસ સમયોમાં પ્રવિષ્ટ પુદ્‌ગલ ગ્રહણ કરવામાં આવે છે ?

શું સંખ્યાત સમયોમાં પ્રવિષ્ટ પુદ્‌ગલ ગ્રહણ કરવામાં આવે છે ?

શું અસંખ્યાત સમયોમાં પ્રવિષ્ટ પુદ્‌ગલ ગ્રહણ કરવામાં આવે છે ?

ઉ. **આ પ્રમાણે** કહેતા પ્રશ્નકર્તાને પ્રરુપક **આ પ્રમાણે** કહે છે -

એક સમયમાં પ્રવિષ્ટ પુદ્‌ગલ ગ્રહણ કરવામાં આવતા નથી.

जैन साहित्य JAINSITE जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

णो दुसमयपविट्ठा पोग्गला गहणमागच्छंति **-जाव-**

બે સમયમાં પ્રવિષ્ટ પુદ્ગલ ગ્રહણ કરવામાં આવતાં નથી **-યાવત્-**

णो दससमयपविट्ठा पोग्गला गहणमागच्छंति,

દસ સમયમાં પ્રવિષ્ટ પુદ્ગલ ગ્રહણ કરવામાં આવતાં નથી.

णो संखेज्जसमयपविट्ठा पोग्गला गहणमागच्छंति,

સંખ્યાત સમયમાં પ્રવિષ્ટ પુદ્ગલ ગ્રહણ કરવામાં આવતા નથી.

असंखेज्जसमयपविट्ठा पोग्गला गहणमागच्छंति।

પરંતુ અસંખ્યાત સમયોમાં પ્રવિષ્ટ પુદ્ગલ ગ્રહણ કરવામાં આવે છે.

***से त्तं पडिबोहगदिट्ठंतेणं।***

***આ પ્રતિબોધકનું દૃષ્ટાંત થયું.***

प. (ख) से किं तं मल्लगदिट्ठंतेणं ?

પ્ર. (ખ) કોડિયાનું દૃષ્ટાંત શું છે ?

उ. मल्लगदिट्ठंतेणं-

ઉ. કોડિયાનું દૃષ્ટાંત :

से जहाणामए केइ पुरिसे आवागसीसाओ मल्लगं गहाय तत्थेगं उदगबिंदू पक्खिवेज्जा, से णट्ठे, अण्णे पक्खित्ते. से वि णट्ठे,

જે પ્રમાણે કોઈ વ્યક્તિ નિભાડાથી (કુંભારનાં વાસણ પકાવવાનું સ્થાન) એક પ્યાલો લઈને તેમાં પાણીની એક બૂંદ નાંખે તો તે પણ નષ્ટ થઈ જાય,

**एवं** पक्खिप्पमाणेसु पक्खिप्पमाणेसु होही से उदगबिंदू, जं णं तं मल्लगं रावेहिइ, होही से उदगबिंदू,

**આ પ્રમાણે** (પાણીની એક-એક બૂંદ) નાંખતા-નાંખતાં પાણીનું કોઈ ટીપું એવું હશે જે પ્યાલાને ભીનું કરશે.

जं णं तंसि मल्लगंसि ठाहिइ, होही से उदगबिंदू,

ત્યારબાદ કોઈ ટીપું એવું હશે જે તેમાં રહેશે,

जं णं तं मल्लगं भरेहिइ, होही से उदगबिंदू,

કોઈ ટીપાં એવાં હશે જેનાથી પ્યાલો ભરાશે.

जं णं तं मल्लगं पवाहेहिइ,

કોઈ ટીપાં એવા હશે જેનાથી પાણી બહાર પડશે.

**एवामेव** पक्खिप्पमाणेहिं पक्खिप्पमाणेहिं अणंतेहिं पोग्गलेहिं जाहे तं वंजणं पूरितं होइ ताहे "हुं" ति करेइ णो चेव णं जाणइ, के वेस सद्दाइ ?

**આ પ્રમાણે** તે વ્યંજન (શબ્દનાં) અનન્ત પુદ્ગલ પ્રવેશ કરતાં-કરતાં કાનમાં સંભળાય છે ત્યારે તે પુરુષ હુંકાર કરે છે. પરંતુ તે આ જાણતાં નથી કે આ કોની અવાજ છે ?

तओ ईहं पविसइ, तओ जाणइ, अमुगे एस सद्दाइ,

જ્યારે તે ઈહા કરે છે, ત્યારે જાણે છે કે તે અમુક વ્યક્તિ અવાજ આપી રહ્યો છે,

तओ अवायं पविसइ, तओ से उवगयं हवइ,

ત્યાર પછી તે અવાય કરે છે, ત્યારે તે સારી રીતે જાણી લે છે કે અમુક વ્યક્તિ જ આવાજ આપી રહ્યા છે.

तओ णं धारणं पविसइ,

ત્યારબાદ તે ધારણા કરે છે;

तओ णं धारेइ संखेज्जं वा कालं, असंखेज्जं वा कालं।

ત્યારે તે સંખ્યાત અથવા અસંખ્યાતકાળ સુધી (ઘણા સમય સુધી) ધારણ કરીને રહે છે. (વિસ્મૃત થતું નથી)

प. से जहाणामए केइ पुरिसे अव्वत्तं सद्दे सुणेज्जा तेणं सद्दे त्ति उग्गहिए, णो चेवं णं जाणइ, के वेस सद्दाइ ?

પ્ર. જેમ કોઈ પુરુષે અવ્યક્ત શબ્દને સાંભળીને "આ કોઈ શબ્દ છે." એ પ્રમાણે જાણ્યું પરંતુ તે ન જાણ્યું કે" આ શબ્દ કોનો છે ?

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

उ. तओ ईहं पविसइ,
तओ जाणइ, 'अमुगे एस सद्दे',
तओ णं अवायं पविसइ, तओ से अवगयं हवइ,

तओ धारणं पविसइ,
तओ णं धारेइ संखेज्जं वा कालं असंखेज्जं वा कालं।

***एवं अव्वत्तं रूवं, अव्वत्तं गंधं, अव्वत्तं रसं, अव्वत्तं फासं, पडिसंवेदेज्जा।***

प. से जहाणामए केइ पुरिसे अव्वत्तं सुमिणं पडिसंवेदेज्जा, 'तेणं सुमिणे' त्ति उग्गहिए, णो चेव णं जाणइ, 'के वेसे सुमिणेत्ति ?'

उ. तओ ईहं पविसइ,
तओ जाणइ, 'अमुगे एस सुमिणे' त्ति,
तओ अवायं पविसइ, तओ से अवगयं हवइ,
तओ धारणं पविसइ,
तओ णं धारेइ संखेज्जं कालं, असंखेज्जं वा कालं।

***से तं मल्लगदिट्ठतेणं,***

***से तं सुयणिस्सियं।*** - नंदी. सु. ६२-६४

उ. પછી તે ઈહા કરે છે.
ત્યારે તે જાણે છે કે "આ અમુક શબ્દ છે."
ત્યારબાદ તે અવાય (નિશ્ચિત જ્ઞાન) કરે છે. ત્યારે તેને પૂર્ણ જાનકારી થઈ જાય છે,
પછી તે ધારણા કરે છે.
ત્યારે તેને સંખ્યાતકાળ કે અસંખ્યાતકાળ સુધી ધારણા (સંસ્મૃતિ) બની રહે છે.

***આ પ્રમાણે તે અવ્યક્ત રુપ, અવ્યક્ત ગંધ, અવ્યક્ત રસાસ્વાદન અને અવ્યક્ત સ્પર્શને જાણે છે.***

પ્ર. જેમ કોઈ પુરુષ અવ્યક્ત સ્વપ્નને જુવે, તો તેને "આ સ્વપ્ન છે." એવો બોધ થાય છે, પરંતુ તે જાણતા નથી કે "આ કેવું સ્વપ્ન છે"?

ઉ. પછી તે ઈહા કરે છે.
ત્યારે તે જાણે છે કે "આ અમુક સ્વપ્ન છે."
પછી તે અવાય કરીને પૂર્ણ રુપમાં જાણે છે.
પછી તે ધારણા કરે છે.
ત્યારે તેને સંખ્યાતકાળ કે અસંખ્યાતકાળ સુધી ધારણા (સ્મૃતિ) બની રહે છે.

***આ (કોડિયા) મલ્લક દૃષ્ટાંતથી અવગ્રહનું સ્વરુપ છે.***

***આ શ્રુતનિશ્રિત જ્ઞાન છે.***

**१५. उग्गहाईसु वण्णाइ अभाव परूवणं-**

प. अह भंते ! १. उग्गहे, २. ईहा, ३. अवाये, ४. धारणा एस णं कइवण्णा, कइगंधा, कइरसा, कइफासा पण्णत्ता ?

उ. गोयमा ! उग्गहे **-जाव-** धारणा, एस णं अवण्णा **-जाव-** अफासा पण्णत्ता।

- विया. स. १२, उ. ५, सु. १०

**૧૫. અવગ્રહાદિમાં વર્ણાદિના અભાવનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! ૧. અવગ્રહ, ૨. ઈહા, ૩. અવાય અને ૪. ધારણામાં કેટલા વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ કહ્યા છે ?

ઉ. ગૌતમ ! અવગ્રહ **-યાવત્-** ધારણા એ ચારે વર્ણ **-યાવત્-** સ્પર્શથી રહિત કહ્યા છે.

**१६. उग्गहाईणं काल परूवणं-**

उग्गहे एक्कसामइए,
अंतोमुहुत्तिया ईहा,
अंतोमुहुत्तिए अवाए, धारणा संखेज्जं वा कालं असंखेज्जं वा कालं।[1] - नंदी. सु. ६१

**૧૬. અવગ્રહ આદિનું કાળ પ્રરુપણ :**

અવગ્રહ (જ્ઞાન)નો કાળ એક સમય છે.
ઈહાનો કાળ અન્તર્મુહૂર્ત છે.
અવાયનો કાળ પણ અન્તર્મુહૂર્ત છે, ધારણાનો કાળ સંખ્યાત કે અસંખ્યાતકાળ છે.

---

१. उग्गहा एक्कं समयं, ईहाऽवाया मुहुत्तमद्धं तु।
कालमसंखं संखं च, धारणा होंति णायव्वा॥ - नंदी सु. ६८

जैन साईट JAINSITE जैनम् जयति शासनम
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**१७. सुयनाणस्स भेया-**

प. से किं तं सुयनाणपरोक्खं ?

उ. सुयनाणपरोक्खं चोद्दसविहं पण्णत्तं, तं जहा-

१. अक्खरसुयं, २. अणक्खरसुयं,
३. सण्णिसुयं, ४. असण्णिसुयं,
५. सम्मसुयं, ६. मिच्छसुयं,
७. सादीयं, ८. अणादीयं,
९. सपज्जवसियं, १०. अपज्जवसियं,
११. गमियं, १२. अगमियं,
१३. अंगपविट्ठं, १४. अणंगपविट्ठं।[1]

- नंदी. सु. ७२

**(१) अक्खरसुयं-**

प. से किं तं अक्खरसुयं ?

उ. अक्खरसुयं तिविहं पण्णत्तं, तं जहा-

१. सण्णक्खरं, २. वंजणक्खरं,
३. लद्धिअक्खरं।

प. (क) से किं तं सण्णक्खरं ?

उ. सण्णक्खरं अक्खरस्स संठाणाऽगिई।

***से तं सण्णक्खरं।***

प. (ख) से किं तं वंजणक्खरं ?

उ. वंजणक्खरं अक्खरस्स वंजणाभिलावो।

***से तं वंजणक्खरं।***

प. (ग) से किं तं लद्धिअक्खरं ?

उ. लद्धिअक्खरं - अक्खरलद्धियस्स लद्धिअक्खरं समुप्पज्जइ, तं जहा-

१. सोइंदियलद्धिअक्खरं,
२. चक्खिंदियलद्धिअक्खरं,
३. घाणेंदियलद्धिअक्खरं,
४. रसनिंदियलद्धिअक्खरं,
५. फासेंदियलद्धिअक्खरं,
६. णोइंदियलद्धिअक्खरं।

***से तं लद्धिअक्खरं, से तं अक्खरसुयं।***

- नंदी. सु. ७३

**૧૭. શ્રુતજ્ઞાનના ભેદ :**

પ્ર. શ્રુતજ્ઞાન પરોક્ષ કેટલા પ્રકારનાં છે ?

ઉ. શ્રુતજ્ઞાન પરોક્ષ ચૌદ પ્રકારના કહ્યા છે, જેમકે-

૧. અક્ષરશ્રુત, ૨. અનક્ષરશ્રુત,
૩. સંજ્ઞીશ્રુત, ૪. અસંજ્ઞીશ્રુત,
૫. સમ્યક્શ્રુત, ૬. મિથ્યાશ્રુત,
૭. સાદિ શ્રુત, ૮. અનાદિશ્રુત,
૯. સપર્યવસિત શ્રુત ૧૦. અપર્યવસિતશ્રુત,
૧૧. ગમિક શ્રુત, ૧૨. અગમિક શ્રુત,
૧૩. અંગપ્રવિષ્ટ શ્રુત, ૧૪. અનંગપ્રવિષ્ટ શ્રુત.

**(૧) અક્ષરશ્રુત :**

પ્ર. અક્ષરશ્રુત કેટલા પ્રકારના છે ?

ઉ. અક્ષરશ્રુત ત્રણ પ્રકારના કહ્યા છે, જેમકે-

૧. સંજ્ઞા-અક્ષર, ૨. વ્યંજન-અક્ષર,
૩. લબ્ધિ-અક્ષર.

પ્ર. (ક) સંજ્ઞા-અક્ષર શું છે ?

ઉ. અક્ષરનાં સંસ્થાન આકૃતિ સંજ્ઞા અક્ષર છે.

***આ સંજ્ઞા - અક્ષરનું સ્વરુપ છે.***

પ્ર. (ખ) વ્યંજન-અક્ષર શું છે ?

ઉ. ઉચ્ચારણ કરાય તેવા અક્ષર વ્યંજન અક્ષર છે.

***આ વ્યંજન-અક્ષરનું સ્વરુપ છે.***

પ્ર. (ગ) લબ્ધિ અક્ષર શું છે ?

ઉ. અક્ષર-લબ્ધિવાળા જીવને લબ્ધિઅક્ષર (ભાવ શ્રુતજ્ઞાન) ઉત્પન્ન થાય છે. (તે છ પ્રકારનાં છે) જેમકે-

૧. શ્રોત્રેન્દ્રિય લબ્ધિ અક્ષર,
૨. ચક્ષુરેન્દ્રિય-લબ્ધિઅક્ષર,
૩. ઘ્રાણેન્દ્રિયલબ્ધિ અક્ષર,
૪. રસનેન્દ્રિયલબ્ધિ અક્ષર,
૫. સ્પર્શેન્દ્રિય લબ્ધિ અક્ષર,
૬. નોઈન્દ્રિય લબ્ધિ અક્ષર.

***આ લબ્ધિ અક્ષરનું સ્વરુપ છે, આ અક્ષરશ્રુતનું વર્ણન થયું.***

---

१. नंदी. सु. ११५

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(२) अणक्खरसुयं-

प. से किं तं अणक्खरसुयं ?

उ. अणक्खरसुयं अणेगविहं पण्णत्तं, तं जहा-
ऊससियं णीससियं णिच्छूढं, खासियं च छीयं च।
णिस्सिंघियमणुसारं, अणक्खरं छेलियादीयं॥

*से तं अणक्खरसुयं।* - नंदी. सु. ७४

(३-४) सण्णि-असण्णिसुयं-

प. से किं तं सण्णिसुयं ?

उ. सण्णिसुयं तिविहं पण्णत्तं, तं जहा-
१. कालिओवएसेणं, २. हेऊवएसेणं,
३. दिट्ठिवाओवदेसेणं।

प. से किं तं कालिओवएसेणं ?

उ. कालिओवएसेणं जस्स णं अत्थि ईहा अवोहो मग्गणा गवेसणा चिंता वीमंसा, से णं सण्णि त्ति लब्भइ,

जस्स णं णत्थि ईहा अवोहो मग्गणा गवेसणा चिंता वीमंसा, से णं असण्णि त्ति लब्भइ।

*से तं कालिओवएसेणं।*

प. से किं तं हेऊवएसेणं ?

उ. **हेऊवएसेणं** - जस्स णं अत्थि अभिसंधारणपुव्विया करणसत्ती से णं सण्णि त्ति लब्भइ.

जस्स णं णत्थि अभिसंधारणपुव्विया करणसत्ती से णं असण्णि त्ति लब्भइ।

*से तं हेऊवएसेणं।*

प. से किं तं दिट्ठिवाओवएसेणं ?

उ. दिट्ठिवाओवएसेणं - सण्णिसुयस्स खओवसमेणं सण्णी लब्भइ,

असण्णिसुयस्स खओवसमेणं असण्णी लब्भइ,

से तं दिट्ठिवाओवएसेणं।

*से तं सण्णिसुयं, से तं असण्णिसुयं।*

- नंदी. सु. ७८

(૨) અનક્ષરશ્રુત :

પ્ર. અનક્ષરશ્રુત કેટલા પ્રકારના છે ?

ઉ. અનક્ષરશ્રુત અનેક પ્રકારનાં કહ્યા છે. જેમકે- લાંબો-લાંબો શ્વાસ લેવો, શ્વાસ છોડવો, થૂંકવું, ઉધરસ ખાવું, છીંકવું, નાક સાફ કરવું, બીજી અનુસ્વાર યુક્ત ચેષ્ટા કરવી, ચપટી વગાડવી.

***આ અનક્ષરશ્રુતનું સ્વરુપ છે.***

(૩-૪) સંજ્ઞી-અસંજ્ઞી શ્રુત :

પ્ર. સંજ્ઞીશ્રુત કેટલા પ્રકારના છે ?

ઉ. સંજ્ઞી શ્રુત ત્રણ પ્રકારનાં કહ્યા છે, જેમકે-
૧. કાલીકી- ઉપદેશ, ૨. હેતુ-ઉપદેશ,
૩. દૃષ્ટિવાદ ઉપદેશ.

પ્ર. કાલીકી-ઉપદેશ સંજ્ઞીશ્રુત શું છે ?

ઉ. કાલિકી ઉપદેશથી જેના ઈહા, નિશ્ચય માર્ગણા (અન્વય ધર્મનું અન્વેષણ), ગવેષણા (વ્યતિરેક ધર્મનું અન્વેષણ), ચિંતા અને વિમર્ષ હોય તે સંજ્ઞી કહેવાય છે.

જેને ઈહા, અપોહ,માર્ગણા, ગવેષણા, ચિંતા અને વિમર્શ ન હોય તે અસંજ્ઞી કહેવાય છે.

***આ કાલિકી ઉપદેશનું સ્વરુપ છે.***

પ્ર. હેતુ-ઉપદેશ સંજ્ઞીશ્રુત શું છે ?

ઉ. **હેતુ-ઉપદેશથી** જે પ્રાણીમાં અભિસંધારણપૂર્વક કરણ શક્તિ અર્થાત્ વિચારપૂર્વક ક્રિયા કરવાની શક્તિ છે તે સંજ્ઞી કહેવાય છે.

જે પ્રાણીમાં અભિસંધારણપૂર્વક કરણશક્તિ અર્થાત્ વિચારપૂર્વક ક્રિયા કરવાની શક્તિ નથી તે અસંજ્ઞી કહેવાય છે.

***આ હેતુ ઉપદેશનું સ્વરુપ છે.***

પ્ર. દૃષ્ટિવાદ ઉપદેશ સંજ્ઞીશ્રુત શું છે ?

ઉ. દૃષ્ટિવાદ ઉપદેશથી સંજ્ઞીશ્રુતનાં ક્ષયોપશમથી સંજ્ઞી કહેવાય છે.

અસંજ્ઞીશ્રુતનાં ક્ષયોપશમથી અસંજ્ઞી કહેવાય છે.

આ દૃષ્ટિવાદોપદેશનું સ્વરુપ છે.

***આ સંજ્ઞીશ્રુત અને અસંજ્ઞીશ્રુતનું વર્ણન થયું.***

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(५) सम्मसुयं-

प. से किं तं सम्मसुयं ?

उ. सम्मसुयं-जं इमं अरहंतेहिं भगवंतेहिं उप्पण्णणाण-दंसणधरेहिं तेलोक्कणिरिक्खिय-महिय पूइएहिं,

तीय-पच्चुप्पण्ण-मणागयजाणएहिं,

सव्वण्णूहिं सव्वदरिसीहिं पणीयं दुवालसंगं-गणिपिडगं, तं जहा-

१. आयारो, २. सूयगडो,

३. ठाणं, ४. समवाओ,

५. विवाहपण्णत्ती, ६. णायाधम्मकहाओ,

७. उवासगदसाओ, ८. अतंगडदसाओ,

९. अणुत्तरोववाइयदसाओ,

१०. पण्हावागरणाइं,

११. विवागसुयं, १२. दिट्ठिवाओ।

इच्चेयं दुवालसंगं गणिपिडगं-चोद्दसपुव्विस्स सम्मसुयं, अभिण्णदसपुव्विस्स सम्मसुयं, तेण परं भिण्णेसु भयणा॥

***से तं सम्मसुयं।*** - नंदी. सु. ७६

(६) मिच्छसुयं-

प. से किं तं मिच्छसुयं ?

उ. मिच्छसुयं-जं इमं अण्णाणिएहिं मिच्छादिट्ठिहिं सच्छंदबुद्धि मइविगप्पियं, तं जहा-

१. भारहं, २. रामायणं,

३. भीमासुरक्खं, ४. कोडिल्लयं,

५. सगडभद्दियाओ, ६. खोडगमुहं,

७. कप्पासियं, ८. नागसुहुमं,

९. कणगसत्तरी, १०. वइसेसियं,

११. बुद्धवयणं, १२. तेरासियं,

१३. काविलियं, १४. लोगायतं,

१५. सट्ठितंतं १६. माढरं,

१७. पुराणं, १८. वारणं,

१९. णाडगादी।

(५) सम्यक्श्रुत :

प्र. सम्यक्श्रुत शुं छे ?

उ. सम्यक्श्रुत-उत्पन्न-ज्ञान अने दर्शननां धारक त्रण लोकनां जीवो द्वारा आदर-सन्मानपूर्वक जोयेल तथा यथावस्थित भावयुक्त कीर्तन नमस्कार करेल,

अतीत, वर्तमान अने अनागतनां ज्ञाता,

सर्वज्ञ अने सर्वदर्शी अर्हंत (तीर्थंकर-भवगन्तो) द्वारा प्रणीत जे आ द्वादशांग रुप गणिपिटक छे ते सम्यक्श्रुत छे, जेमके-

१. आचारांग, २. सूत्रकृतांग,

३. स्थानांग, ४. समवायांग,

५. व्याख्याप्रज्ञप्ति, ६. ज्ञाताधर्मकथांग,

७. उपासक दशांग, ८. अन्तकृत दशांग,

९. अनुत्तरोपपातिकदशा,

१०. प्रश्नव्याकरण,

११. विपाकश्रुत, १२. दृष्टिवाद.

आ द्वादशांग गणिपिटक चोद पूर्वधारी अने संपूर्ण दस पूर्वधारीने सम्यक्श्रुत थाय छे. तेनाथी ओछुं अर्थात् कंईक ओछुं दस पूर्व अने नव आदि पूर्वोनां ज्ञातानुं श्रुत विकल्पथी सम्यक्श्रुत छे.

**आ सम्यक्श्रुतनुं स्वरुप छे.**

(६) मिथ्याश्रुत :

प्र. मिथ्याश्रुत शुं छे ?

उ. अज्ञानी अने मिथ्यादृष्टिओ द्वारा स्वच्छंद अने विपरीत बुद्धिथी कल्पित करेल ग्रंथ मिथ्याश्रुत छे, जेमके-

१. महाभारत, २. रामायण,

३. भीमासुरोक्त, ४. कौटिल्य,

५. शकटभद्रिका, ६. घोटकमुख,

७. कार्पासिक, ८. नाग-सूक्ष्म,

९. कनकसप्तति, १०. वैशेषिक,

११. बुद्धवचन, १२. त्रैराशिक,

१३. कापिलीय, १४. लोकायत,

१५. षष्टितंत्र, १६. माठर,

१७. पुराण, १८. व्याकरण,

१९. नाटक आदि.

| सुरभवण-विमाणसुक्खाइं अणोवमाइं भुत्तूण चिरं च भोगभोगाणि ताणि दिव्वाणि महरिहाणि, तओ य कालक्कमचुयाणं जह य पुणो लद्धसिद्धिमग्गाणं अंतकिरिया। | તથા જે દેવ-ભવનો અને દેવ-વિમાનોનાં અનુપમ સુખ અને ભોગ-ઉપભોગોને ચીરકાળ સુધી ભોગવીને કાળક્રમનાં અનુસાર ત્યાંથી ચ્યુત થઈ ફરીથી યથાયોગ્ય મુક્તિનાં માર્ગને પ્રાપ્ત કરી અંતક્રિયા કરે છે તેનું વર્ણન છે. |
| चलियाण य सदेवमाणुस्स धीरकरणकारणाणि बोधण-अणुसासणाणि, | જે સમાધિમરણનાં સમયે કર્મ-વશ વિચલિત થઈ ગયેલ છે. તેને દેવો અને મનુષ્યોનાં દ્વારા ધૈર્ય ધારણ કરવામાં કારણભૂત બોધવચનો અને અનુશાસનોને, |
| गुण-दोस-दरिसणाणि, दिट्ठंतए पच्चये य सोऊण लोगमुणिणो जहयट्ठियसासणम्मि, जर-मरणनासणकरे आराहिअसंजमा य, | સંયમનાં ગુણ અને દોષ-દર્શક દૃષ્ટાંતોને તથા બોધિનાં કારણભૂત વાક્યોને સાંભળીને શુકપરિવ્રાજક આદિએ પણ જરા-મરણનો નાશ કરનાર જિન-શાસનને સ્વીકાર કરીને સ્થિત થઈને સંયમની આરાધના કરી, |
| सुरलोगपडिनियत्ता उवेंति जह सासयं सिवं सव्वदुक्खमोक्खं। | ફરી દેવલોકમાં ઉત્પન્ન થયેલ, ત્યાંથી આવીને શાશ્વત સુખ અને સર્વ દુઃખોથી વિમોક્ષને પ્રાપ્ત કર્યું. |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | |
|---|---|
| एए अण्णे य एवमाइ अत्था वित्थरेण समासिज्जंति। | અન્ય પણ એવી અનેક મહાપુરુષોની કથાઓ આ અંગમાં વિસ્તારથી કહી છે. |
| ***दस धम्मकहाणं वग्गा।*** | **ધર્મકથાઓના દસ વર્ગ છે.** |
| तत्थ णं एगमेगाए धम्मकहाए पंच पंच अक्खाइयासयाइं, | તેમાંથી એક- એક ધર્મકથામાં પાંચ-પાંચ સો આખ્યાયિકાઓ છે. |
| एगमेगाए अक्खाइयाए पंच पंच उवक्खाइयासयाइं, | એક-એક આખ્યાયિકામાં પાંચ-પાંચ સો ઉપઆખ્યાયિકાઓ છે, |
| एगमेगाए उवक्खाइयाए पंच पंच अक्खाइयउवक्खाइयासयाइं, | એક-એક ઉપઆખ્યાયિકામાં પાંચ-પાંચ સૌ આખ્યાયિકાઓ-ઉપઆખ્યાયિકાઓ છે. |
| ***एवामेव सपुव्वावरेणं अद्धुट्ठाओ अक्खाइयाकोडीओ भवंतीति मक्खायाओ।*** | ***આ પ્રમાણે બધી મળીને સાડા ત્રણ કરોડ કથાઓ કહી છે.*** |
| णायाधम्मकहासु णं परित्ता वायणा **-जाव-** संखेज्जाओ संगहणीओ। | જ્ઞાતા ધર્મકથામાં પરિમિત વાચનાઓ છે **-યાવત્-** સંખ્યાત સંગ્રહણીઓ છે. |
| से णं अंगट्ठयाए छट्ठे अंगे, | અંગોમાં આ છઠ્ઠો અંગ છે. |
| दो सुयक्खंधा, एगूणतीसं अज्झयणा। | તેમાં બે શ્રુત સ્કંધ છે અને ઓગણત્રીસ અધ્યયન છે. |
| ते समासओ दुविहा पण्णत्ता, तं जहा- | તે સંક્ષેપમાં બે પ્રકારના કહ્યા છે, જેમકે- |
| १. चरिया य, २. कप्पिया य। | ૧. ચરિત, ૨. કલ્પિત. |
| एगूणतीसं उद्देसणकाला, | જ્ઞાતા ધર્મકથામાં ઓગણત્રીસ ઉદ્દેશનકાળ છે. |
| एगूणतीसं समुद्देसणकाला, | ઓગણત્રીસ સમુદ્દેશન-કાળ છે, |
| संखेज्जाइं पयसयसहस्साइं पयग्गेणं पण्णत्ता, संखेज्जा अक्खरा **-जाव-** उवदंसिज्जंति। | પદ-ગણનાની અપેક્ષાએ સંખ્યાત હજાર પદ છે, સંખ્યાત અક્ષર છે **-યાવત્-** ઉદાહરણ આપીને સમજાવેલ છે. |
| से एवं आया, एवं णाया, एवं विण्णाया, एवं चरण करण परूवणा आघविज्जंति **-जाव-** उवदंसिज्जंति। | આનો સમ્યક્ અધ્યયન કરનાર તદાત્મરુપ જ્ઞાતા અને વિજ્ઞાતા થઈ જાય છે. આ પ્રમાણે આ અંગમાં ચરણ કરણની વિશિષ્ટ પ્રરુપણા કરી છે **-યાવત્-** ઉપદર્શન કરેલ છે. |
| ***से त्तं णायाधम्मकहाओ।***[1] - सम., सु. १४१ | **આ જ્ઞાતાધર્મકથાનું વર્ણન છે.** |

१. प. से किं तं णायाधम्मकहाओ ?

उ. णायाधम्मकहासु णं णायाणं णगराइं उज्जाणाइं चेइआइं वणसंडाइं समोसरणाइं रायाणो अम्मापियरो धम्मकहाओ धम्मायरिया इहलोग-परलोगिया रिद्धि-विसेसा भोगपरिच्चागा पव्वज्जाओ परियागा सुयपरिग्गहा तवोवहाणाइं संलेहणाओ भत्तपच्चक्खाणाइं पाओवगमणाइं देवलोगगमणाइं सुकुलपच्चायाईओ पुणबोहिलाभा अंतकिरियाओ य आघविज्जंति।

दस धम्मकहाणं वग्गा तत्थ णं एगमेगाए धम्मकहाए पंच पंच अक्खाइयासयाइं,

एगमेगाए अक्खाइयाए पंच पंच उवक्खाइयासयाइं, एगमेगाए उवक्खाइयाए पंच पंच अक्खाइओवक्खाइयासयाइं, एवमेव सपुव्वावरेणं अद्धुठाओ कहाणगकोडीओ भवंतीति मक्खायं।

णाया धम्मकहाणं परित्ता वायणा **-जाव-** संखेज्जाओ संगहणीओ।

से णं अंगट्ठयाए छट्ठे अंगे, दो सुयक्खंधा, एगूणवीसं णायज्झयणा, एगूणवीसं उद्देसणकाला, एगूणवीसं समुद्देसणकाला, संखेज्जाइं पयसहस्साइं पयग्गेणं, संखेज्जा अक्खरा **-जाव-** उवदंसिज्जंति।

से एवं आया, एवं नाया, एवं विण्णाया, एवं चरण-करण परूवणा आघवज्जिइ। **से त्तं णायाधम्मकहाओ।**

- नंदी. सु. ८८

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**(क) णायाधम्मकहांगस्स पढम सुयक्खंधस्स उक्खेवो-**

तेणं कालेणं तेणं समएणं चंपा नामं नयरी होत्था-**वण्णओ।**

तीसे णं चंपाए नयरीए बहिया उत्तरपुरत्थिमे दिसीभाए पुण्णभद्दे नामं चेइए होत्था-**वण्णओ।**

तत्थ णं चंपाए नयरीए कोणिए नामं राया होत्था-**वण्णओ।**

तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स अंतेवासी अज्जसुहम्मे नामं थेरे जाइ संपण्णे कुल संपण्णे,

बल-रूव-विणय-नाण-दंसण-चरित्त-लाघवसंपण्णे,

ओयंसी तेयंसी वच्चंसी जसंसी,

जियकोहे जियमाणे जियमाए जियलोहे,

जियइंदिए जियनिद्दे जियपरीसहे,

जीवियास-मरणभयविप्पमुक्के,

तवप्पहाणे गुणप्पहाणे,

एवं-करण-चरण-निग्गह-निच्छय,

अज्जव-मद्दव-लाघव-खंति-गुत्ति-मुत्ति,

विज्जा-मंत-बंभ-वेय-नय-नियम-सच्च-सोय,

नाण-दंसण-चरित्तप्पहाणे

ओराले घोरे घोरव्वए घोरतवस्सी घोरबंभचेरवासी,

उच्छूढसरीरे,

संखित्त-विउल-तेयलेस्से,

चोद्दसपुव्वी चउनाणोवगए,

**(ક) જ્ઞાતાધર્મકથાના પ્રથમ શ્રુતસ્કંધનું ઉપોદ્ઘાત :**

તે કાળ અને તે સમયમાં ચંપા નામની નગરી હતી- **અહીં નગરીનું વર્ણન કરવું જોઈએ.**

તે ચંપા નગરીનાં બહાર ઉત્તર-પૂર્વનાં દિશા ભાગ (ઈશાન કોણ) માં પૂર્ણભદ્ર નામનું ચૈત્ય (બાગ) હતું. **ત્યાં ચૈત્યનું વર્ણન જાણવું જોઈએ.**

તે ચંપા નગરીમાં કોણિક નામનો રાજા રહેતો હતો. **અહીં રાજાનું વર્ણન કરવું જોઈએ.**

તે કાળ અને તે સમયમાં શ્રમણ ભગવાન મહાવીરના અંતેવાસી આર્ય સુધર્મા નામનાં સ્થવિર જે ઉત્તમ જાતિ અને ઉત્તમ કુળના હતા.

તે બળથી, રુપથી, વિનયથી તથા જ્ઞાનદર્શન ચારિત્રથી પણ શ્રેષ્ઠ હતા. અલ્પ કર્મ રજવાળા હતા.

તે ઓજસ્વી તેજસ્વી વર્ચસ્વી અને યશસ્વી હતા.

તે ક્રોધ, માન, માયા અને લોભને જીતનાર હતા,

તે ઈન્દ્રિયો પર અને નિદ્રા પર વિજય પ્રાપ્ત કરનાર અને પરીષહોને સહન કરનાર હતા.

તે જીવવાની ઈચ્છા કરતા નથી અને મરવાનાં ભયથી પણ સર્વથા મુક્ત હતા,

તે તપશ્ચર્યા કરવા માટે સદા તત્પર રહેતા હતા, તે અનેક ગુણોનાં ધારક હતા,

આ પ્રમાણે તે 'કરણ'-કૃત, કારિત, અનુમોદનાદિનું 'ચરણ'-મન, વચન, કાયાનો તે નિગ્રહ કરતા હતા, નિશ્ચય કરવામાં નિપુણ હતા,

તે સ્વભાવથી સરળ, પ્રકૃતિથી મૃદુ, અલ્પ ઉપધિવાળા, ક્ષમાશીલ, ગુપ્તિ યુક્ત અને નિર્લોભી હતા.

તે અનેક વિદ્યાઓ અને મંત્રોને જાણનાર હતા, બ્રહ્મચર્યનાં પાલક, વેદોનાં પારંગત, નયોમાં નિષ્ણાત, નિયમોનાં પાલક, સત્યવાદી દ્રવ્યથી અને ભાવથી શૌચ (શુદ્ધિ) વાળા હતા.

તે જ્ઞાન દર્શન ચારિત્રનું પાલન કરવા માટે પ્રયત્નશીલ હતા.

ઉદાર વ્રતોનું વિવેક પૂર્વક પાલન કરનાર ઉત્કૃષ્ટ તપસ્વી બ્રહ્મચર્યનું દૃઢતાથી પાલન કરનાર હતા.

તેનું શરીર પ્રમાણોપેત ઊંચાઈવાળો હતો,

ઘણી મોટી તેજોલબ્ધિને પ્રાપ્ત કરેલ હતા,

ચૌદપૂર્વ અને ચાર જ્ઞાનનાં ધારક હતા,

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

पंचहिं अणगारसएहिं सद्धिं संपरिवुडे पुव्वाणुपुव्विं चरमाणे गामाणुगामं दूइज्जमाणे सुहंसुहेणं विहरमाणे जणेव चंपा नयरी जेणेव पुण्णभद्दे चेइए तेणामेव उवागच्छइ,

પાંચસો અણગારને સાથે લઈને એક ગામથી બીજા ગામ ક્રમશઃ સુખપૂર્વક વિહાર કરતા ચંપાનગરીનાં બહાર જ્યાં પૂર્ણભદ્ર ઉદ્યાન હતા ત્યાં તે આવ્યા.

उवागच्छित्ता अहापडिरूवं ओग्गहं ओगिण्हइ ओगिण्हित्ता संजमेणं तवसा अप्पाणं भावेमाणे विहरइ ।

આવીને આગમ વિહિત વિધિથી યોગ્ય સ્થાનની આજ્ઞા લઈને સંયમ તથા તપની સાધના કરતા-કરતા તે ત્યાં આવ્યા.

तए णं चंपाए नयरीए परिसा निग्गया ।

તે સમયે ચંપા નગરીથી ધર્મ શ્રવણનાં માટે પરિષદ નીકળી.

कोणिओ निग्गओ ।

કોણિક રાજા પણ નીકળ્યા.

धम्मो कहिओ ।

આર્ય સુધર્મા (સ્થવિર)ને ધર્મ (નું સ્વરૂપ) કહ્યું :

परिसा जामेव दिसिं पाउब्भूया, तामेव दिसिं पडिगया ।

પરિષદ જે દિશાથી આવી તેજ દિશામાં ચાલી ગઈ.

तेणं कालेणं तेणं समएणं अज्जसुहम्मस्स अणगारस्स जेटठे अंतेवासी अज्ज जंबू नामं अणगारे कासवा-गोत्तेणं सत्तुस्सेहे समचउरंस-संठाण-संठिए, वइररिसहणाराय संघयणे,

તે કાળ અને તે સમયમાં આર્ય સુધર્મા અણગારનાં મોટા શિષ્ય આર્ય જંબૂ નામનાં અણગાર જેનું કાશ્યપ ગોત્ર હતું. તે સાત હાથ ઉંચા હતા, સમચતુરસ્ત્ર સંસ્થાનથી સંસ્થિત હતા, વજ્રઋષભનારાચ સંહનનવાળા હતા,

कणग-पुलग-निघस-पम्ह-गोरे,

તે કસૌટી પર કસેલ, સ્વર્ણ પદ્મનાં સમાન ગૌરવર્ણવાળા હતા.

उग्गतवे दित्ततवे तत्ततवे महातवे, उराले,

તે ઉગ્ર તપસ્વી, અગ્નિનાં સમાન તેજોમય તપવાળા, તપોમય આત્માવાળા હતા, મહાતપસ્વી અને ઉદાર પ્રકૃતિનાં હતા અથવા અનેકાનેક ગુણોનાં ધારક હતા.

घोरे घोरगुणे घोर तवस्सी घोरबंभचेरवासी,

તે કર્મોનું ઉન્મૂલન કરવામાં કઠોર હતા. સર્વોત્તમ ગુણોથી સંપન્ન અને કઠિન તપ કરનાર બ્રહ્મચર્યનું દૃઢતાપૂર્વક પાલન કરનાર હતા.

उच्छूढसरीरे,

તેનું શરીર પ્રમાણોપેત ઉંચાઈવાળો હતો,

संखित्त-विउलतेयलेस्से,

ઘણી મોટી તેજોલબ્ધિને અંદર ધારણ કરેલ હતા.

अज्जसुहम्मस्स थेरस्स अदूरसामंते उड्ढं जाणू अहोसिरे झाणकोट्ठोवगए संजेमेणं तवसा अप्पाणं भावेमाणे विहरइ ।

તે આર્ય સુધર્મા સ્થવિરથી થોડી દૂર ઉંચે જાનુ (ગોઠણ) અને નીચે મસ્તક કરીને ધ્યાન કરતાં થકા સંયમ અને તપથી પોતાની આત્માને ભાવિત કરતા હતા,

तए णं से अज्ज जंबू नामे अणगारे जायसड्ढे जायसंसए जायकोउहल्ले **-जाव-** अज्ज सुहम्मस्स थेरस्स नच्चासण्णे नाइदूरे सुस्सूसमाणे नमंसमाणे अभिमुहे पंजलिउडे विणएणं पज्जुवासमाणे एवं वयासी[१] -

તે સમયે આર્ય જંબૂ નામનાં અણગારને શ્રદ્ધાપૂર્વક પોતાના સંશયનું સમાધાન પ્રાપ્ત કરવા માટે સામાન્ય ઉત્સુકતા થઈ **-યાવત્-** આર્ય સુધર્મા સ્થવિરથી થોડી દૂર બેસીને તેની તરફ મોઢું કરીને વિનયપૂર્વક સૂચન કરતા અને હાથ જોડીને ઉપાસના કરતા આ પ્રમાણે બોલ્યા :

---

१. (क) उवा. अ. १, सु. १-५ (क)
(ख) अंत. अ. १, सु. १-३
(ग) अणु. अ. १, सु. १
(घ) विपा. सुय. १, अ. १, सु. १-४
(च) निरिय वग्ग. १, अ. १, सु. १
(छ) विपा. सुय. २, अ. १, सु. १

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. "जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं
आइगरेणं तित्थयरेणं सयंसंबुद्धेणं
पुरिसुत्तमेणं पुरिससीहेणं, पुरिसवरपुंडरीएणं पुरिसवर गंध हत्थिणं,
लोगुत्तमेणं लोगनाहेणं लोगहिएणं लोगपईवेणं लोगपज्जोयगरेणं,
अभयदएणं चक्खुदएणं मग्गदएणं सरणदएणं जीवदएणं बोहीदएणं,
धम्मदएणं धम्मदेसएणं धम्मनायगेणं धम्मसारहीणं धम्मवरचाउरंतचक्कवट्टिणं,
दीवोत्ताणं सरणगइपइट्ठाणेणं अप्पडिहयवरनाणदंसणधरेणं विअट्टछउमेणं,
जिणेणं जावएणं
तिण्णेणं तारएणं
बुद्धेणं बोहएणं
मुत्तेणं मोयगेणं
सव्वण्णूणं, सव्वदरिसिणं
सिव-मयल-मरूय-मणंतमक्खयव्वाबाह मपुणरावित्तियं सिद्धिगइनामधेयं ठाणं संपत्तेणं पंचमस्स अंगस्स अयमट्ठे पण्णत्ते,
छट्ठस्स णं भंते ! अंगस्स नायाधम्मकहाणं के अट्ठे पण्णत्ते ?
जंबू त्ति अज्जसुहम्मे थेरे अज्जजंबूनामं अणगारं एवं वयासी-

उ. एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं **-जाव-** सिद्धिगइनामधेयं ठाणं संपत्तेणं छट्ठस्स अंगस्स दो सुयक्खंधा पण्णत्ता, तं जहा -

१. नायाणि य, २. धम्मकहाओ य।

प. जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं **-जाव-** सिद्धिगइनामधेयं ठाणं संपत्तेणं छट्ठस्स अंगस्स दो सुयक्खंधा पण्णत्ता,
पढमस्स णं भंते ! सुयक्खंधस्स समणेणं भगवया महावीरेणं **-जाव-** सिद्धिगइनामधेयं ठाणं संपत्तेणं नायाणं कइ अज्झयणा पण्णत्ता ?

પ્ર. ભંતે ! આદિકર્તા તીર્થંકર સહજ સંબુદ્ધ શ્રમણ ભગવાન મહાવીર જે,
પુરુષોમાં ઉત્તમ, પુરુષોમાં સિંહ સમાન, પુરુષોમાં પુંડરીક સમાન, પુરુષોમાં ગંધહસ્તિ સમાન,
(મનુષ્ય) લોકમાં ઉત્તમ, લોકના નાથ, લોકનાં હિતૈષી, લોકમાં દીપક સમાન, લોકમાં પ્રકાશકર્તા,
અભયદાતા, જ્ઞાન ચક્ષુના દાતા, મોક્ષમાર્ગ દાતા, શરણદાતા (લોકોત્તર), જીવનદાતા (આત્મ) બોધદાતા,
ધર્મદાતા, ધર્મોપદેશક, ધર્મનાં નાયક, ધર્મનાં સારથી, ચારે ગતિઓનાં અંતકરનાર, ધર્મનાં ચક્રવર્તી,
દ્વીપ રુપ રક્ષક, શરણ યોગ્ય, શિવગતિદાતા, આધાર રુપ અવિનાશી જ્ઞાનદર્શન ધારક છદ્મસ્થતાથી રહિત,
રાગ-દ્વેષ વિજેતા, વિજય બોધક,
ભવોદધિ તીર્ણ, ભવ્યજન તારક,
સ્વયંબુદ્ધ, ભવ્યજનબોધક,
કર્મ બંધન મુક્ત, મુમુક્ષુજન મોચક,
સર્વજ્ઞ, સર્વદર્શી,
શિવ અચલ અરુજ (રોગ રહિત) અનન્ત અક્ષય અવ્યાબાધ અપુનરાવર્ત સિદ્ધગતિ નામનો સ્થાન પ્રાપ્તએ પાંચમા અંગનો આ અર્થ કહ્યો છે તો,
ભંતે ! છઠ્ઠા અંગ જ્ઞાતાધર્મકથાનો શું અર્થ કહ્યો છે ?
આર્ય સુધર્મા નામક સ્થવિરએ આર્યજંબૂ અણગારને આ પ્રમાણે કહ્યું :

ઉ. જંબૂ ! શ્રમણ ભગવાન મહાવીર **-યાવત્-** સિદ્ધગતિ નામક શાશ્વત સ્થાન પ્રાપ્ત દ્વારા છઠ્ઠા અંગનાં બે શ્રુતસ્કંધ કહ્યા છે, જેમકે-

૧. જ્ઞાત અને ૨. ધર્મકથાઓ.

પ્ર. ભંતે ! જો શ્રમણ ભગવાન મહાવીર **-યાવત્-** સિદ્ધગતિ નામક શાશ્વત સ્થાન પ્રાપ્ત દ્વારા છઠ્ઠા અંગનાં બે શ્રુતસ્કંધ કહ્યા છે તો,
ભંતે ! શ્રમણ ભગવાન મહાવીર સિદ્ધગતિ નામક શાશ્વત સ્થાન પ્રાપ્ત દ્વારા જ્ઞાતાના પ્રથમ શ્રુતસ્કંધમાં કેટલા અધ્યયન કહ્યા છે ?

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उ. एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं **-जाव-** सिद्धिगइनामधेयं ठाणं संपत्तेणं नायाणं एगूणवीसं अज्झयणा पण्णत्ता, तं जहा -

१. उक्खित्तणाए, २. संघाडे, ३. अंडे, ४. कुम्मे य, ५. सेलगे । ६. तुंबे य, ७. रोहिणी, ८. मल्ली, ९. मायंदी, १०. चंदिमा इ य ॥

११. दावद्दवे १२. उदगणाए, १३. मंडुक्के, १४. तेयली वि य। १५. नंदीफले, १६. अवरकंका, १७.आइण्णे, १८. सुंसमा इ य ॥

१९. अवरे य पुंडरीए, नामा एगूणवीसमे ॥[1]

प. जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं **-जाव-** सिद्धिगइनामधेयं ठाणं संपत्तेणं नायाणं एगूणवीसं अज्झयणा पण्णत्ता,

पढमस्स णं भंते ! अज्झयणस्स के अट्ठे पण्णत्ते ?

उ. एवं खलु जंबू ! ............

- णाया. सुय. १, अ. १, सु. १-१३

**(ख) पढमज्झयणस्स निक्खेवो-**

एवं खलु जंबू समणेणं भगवया महावीरेणं **-जाव-** सिद्धिगइनामधेयंठाणंसंपत्तेणं (अप्पोपालंभ निमित्त) पढमस्स नायज्झयणस्स अयमट्ठे पण्णत्ते ।[2] त्ति बेमि । - णाया. सुय. १, अ. १, सु. २१

**(ग) बिईज्झयणस्स उक्खेवो -**

प. जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं **-जाव-** सिद्धिगइनामधेयं ठाणं संपत्तेणं पढमस्स नायज्झयणस्स अयमट्ठे पण्णत्ते,

बिइयस्स णं भंते ! नायज्झयणस्स के अट्ठे पण्णत्ते ?

उ. एवं खलु जम्बू !............[3]

- णाया. सुय. १, अ. २, सु. १-२

**(घ) छट्ठज्झयणस्स उक्खेवो-**

प. जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं **-जाव-** सिद्धिगइनामधेयं ठाणं संपत्तेणं पंचमस्स नायज्झयणस्स अयमट्ठे पण्णत्ते,

छट्ठस्स णं भंते ! णायज्झयणस्स के अट्ठे पण्णत्ते ?

ઉ. જંબૂ ! શ્રમણ ભગવાન મહાવીર **-યાવત્-** સિદ્ધ ગતિ નામક શાશ્વત સ્થાન પ્રાપ્ત દ્વારા જ્ઞાતાના (ઉદાહરણો) ઓગણીસ અધ્યયન કહ્યા છે. જેમકે-

૧. ઉત્ક્ષિપ્તજ્ઞાન, ૨. સંઘાટક, ૩. અંડજ, ૪. કૂર્મ, ૫. શૈલક-રાજર્ષિ, ૬. તુંબ, ૭. રોહિણી (પુત્રવધુ) ૮. રાજકુમારી, ૯. માકંદી પુત્ર, ૧૦. ચંદ્ર. (કૃષ્ણ-શુકલ પક્ષની વધ-ઘટ)

૧૧. વૃક્ષ, ૧૨. ઉદકજ્ઞાત, ૧૩. દેડકો, ૧૪. તેતલી પુત્ર, ૧૫. નંદીફળ, ૧૬. અવરકંકા (નગરી), ૧૭. આકીર્ણ અશ્વ, ૧૮. સુસમા દારિકા, ૧૯. પુંડરીક (રાજા) આ ઓગણીસ નામ છે.

પ્ર. ભંતે ! શ્રમણ ભગવાન મહાવીર **-યાવત્-** સિદ્ધગતિ નામક શાશ્વત સ્થાન પ્રાપ્ત દ્વારા જ્ઞાતાના ઓગણીસ અધ્યયન કહ્યા છે તો :

ભંતે ! પ્રથમ અધ્યયનનો શો અર્થ કહ્યો છે ?

ઉ. જંબૂ ! (આગળનું કથાનક ધર્મકથાનુયોગમાં જુવો.)

**(ખ) પ્રથમ અધ્યયનનો નિક્ષેપ :**

જંબૂ ! શ્રમણ ભગવાન મહાવીર **-યાવત્-** સિદ્ધગતિ નામક સ્થાન પ્રાપ્ત દ્વારા (અલ્પ ઉપાલંભ દેવા રુપ) પ્રથમ જ્ઞાત અધ્યયનનો આ અર્થ કહ્યો છે. એવું હું કહું છું.

**(ગ) બીજા અધ્યયનનો ઉપોદ્ઘાત :**

પ્ર. ભંતે ! જો શ્રમણ ભગવાન મહાવીર **-યાવત્-** સિદ્ધગતિ નામક સ્થાન પ્રાપ્ત દ્વારા પ્રથમ જ્ઞાતાધ્યયનનો આ અર્થ કહ્યો છે તો -

ભંતે ! બીજા જ્ઞાતાધ્યયનનો શું અર્થ કહ્યો છે ?

ઉ. જંબૂ ! (આગળનું કથાનક ધર્મકથાનુયોગમાં જોવું.)

**(ઘ) છઠા અધ્યયનનો ઉપોદઘાત :**

પ્ર. ભંતે ! જો ભગવાન મહાવીર **-યાવત્-** સિદ્ધગતિ નામક શાશ્વત સ્થાન પ્રાપ્ત દ્વારા પાંચમાં જ્ઞાતાધ્યયનનો આ અર્થ કહ્યો છે તો -

ભંતે ! છઠા જ્ઞાતાધ્યયનનો શું અર્થ કહ્યો છે ?

---

१. सम. सम. १९, सु. १

૨. બધા અધ્યયનો (૨-૧૯)ના ઉપસંહાર સૂત્ર આ પ્રમાણે છે.

૩. બધા અધ્યયનો (૩-૧૯)ના ઉપોદ્ઘાત સૂત્ર આ પ્રમાણે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उ. एवं खलु जंबू ! तेणं कालेणं तेणं समएणं रायगिहे णामं नयरे होत्था, तत्थ णं रायगिहे णयरे सेणिए नामं राया होत्था, तस्स णं रायगिहस्स बहिया उत्तरपुरित्थिमे दिसीभाए एत्थ णं गुणसिलए नामं चेइए होत्था।

ઉ. જંબૂ ! તે કાળ અને તે સમયમાં રાજગૃહ નામક નગર હતું, તે રાજગૃહ નગરમાં શ્રેણિક નામક રાજા રહેતો હતો. તે રાજગૃહ નગરની બાહર ઉત્તરપૂર્વ દિશામાં (ઈશાન કોણમાં) ગુણશીલનામક ચૈત્ય હતું.

तेणं कालेणं तेणं समएणं समणे भगवं महावीरे पुव्वाणुपुव्विं चरमाणे **-जाव-** जेणेव रायगिहे णयरे जेणेव गुणसिलए चेइए तेणेव समोसढे अहापडिरूवं उग्गहं गिण्हित्ता संजमेणं तवसा अप्पाणं भावेमाणे विहरइ,

તે કાળ અને તે સમયમાં શ્રમણ ભગવાન મહાવીર અનુક્રમથી વિચરણ કરતાં **-યાવત્-** જ્યાં રાજગૃહ નગર હતું અને જ્યાં ગુણશીલ નામક ચૈત્ય હતું ત્યાં પધાર્યા. યથાયોગ્ય અવગ્રહ ગ્રહણ કરીને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતાં વિચરણ કરવા લાગ્યા.

परिसा निग्गया, सेणिओ वि निग्गओ,

ભગવાનને વંદના કરવા માટે પરિષદ નીકળી. શ્રેણિક રાજા પણ નીકળ્યા.

धम्मो कहिओ, परिसा पडिगया,

ભગવાને ધર્મદેશના આપી. તેને સાંભળી પરિષદ પાછી ચાલી ગઈ.

तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स जेट्ठे अंतेवासी इंदभूई नामं अणगारे समणस्स भगवओ महावीरस्स अदूरसामंते **-जाव-** सुक्कज्झाणोवगए विहरइ।

તે કાળ અને તે સમયમાં શ્રમણ ભગવાન મહાવીરનાં જ્યેષ્ઠ શિષ્ય ઈન્દ્રભૂતિ નામક અનગાર શ્રમણ ભગવાન મહાવીરથી ન તો અધિક દૂર અને ન તો અધિક પાસે સ્થાન પર રહેતા **-યાવત્-** નિર્મળ ઉત્તમ ધ્યાનમાં લીન થઈને સ્થિત હતા.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

तए णं से इंदभूई नामं अणगारे जायसड्ढे **-जाव-** एवं वयासी।[1]

- णाया. सुय. १, अ. ६, सु. १-४

ત્યારબાદ જેને શ્રદ્ધા ઉત્પન્ન થઈ છે. એવા ઈન્દ્રભૂતિ અનગારે **-યાવત્-** (શ્રમણ ભગવાન મહાવીર સ્વામીથી) આ પ્રમાણે પ્રશ્ન કર્યો- (આગળનું વર્ણન જીવ પ્રજ્ઞપ્તિમાં જોવું.)

**(ष) पढमसुयक्खंधस्स निक्खेवो -**

एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं **-जाव-** सिद्धिगइनामधेयं ठाणं संपत्तेणं छट्ठस्स अंगस्स पढमस्सणायस्स सुयक्खंधस्स अयमट्ठे पण्णत्ते[2] त्ति बेमि। - णाया. सु. १, अ. १९, सु. ३२

**(ચ) પ્રથમ શ્રુતસ્કંધનો નિક્ષેપ :**

જંબૂ ! શ્રમણ ભગવાન મહાવીર **-યાવત્-** સિદ્ધગતિ નામક સ્થાન પ્રાપ્ત દ્વારા છઠા અંગ જ્ઞાતાનાં પ્રથમ શ્રુતસ્કંધનો આ અર્થ કહ્યો છે, એવું હું કહું છું.

**(छ) पढमसुयक्खंधस्स पठणविही-**

तस्स (पढमस्स) णंसुयक्खंधस्स एगुणवीसं अज्झयणाणि एक्कसरगाणि एगूणवीसाए दिवसेसु समप्पंति।

- णाया. सु. १, अ. १९, सु. ३३

**(છ) પ્રથમ શ્રુતસ્કંધના અધ્યયનની વિધિ :**

આ પ્રથમ શ્રુતસ્કંધનાં ઓગણીસ અધ્યયન કહ્યા છે. પ્રતિદિન એક-એક અધ્યયનને ભણવાથી ઓગણીસ દિવસમાં આ શ્રુતસ્કંધ પૂર્ણ થાય છે.

---

१. (क) णाया. सुय. १, अ. १०, सु. १-४

(ख) णाया. सुय. १, अ. ११, सु.१-३

२. દ્વિતીય શ્રુતસ્કન્ધના ઉપસંહાર સૂત્ર આ પ્રમાણે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**(ज) णायाधम्मकहाणगस्स विईय सुयक्खंधस्स उक्खेवो-**

तेणं कालेणं तेणं समएणं रायगिहे नयरे होत्था, **वण्णओ।**

तस्स णं रायगिहस्स बहिया उत्तरपुरत्थिमे दिसीभाए तत्थ णं गुणसीलए णामं चेइए होत्था, **वण्णओ।**

तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स अंतेवासी अज्जसुहम्मा णामं थेरा भगवंतो जाइसंपन्ना, कुलसंपन्ना **-जाव-** चउद्दसपुव्वी चउणाणोवगया पंचहिं अणगारसएहिं सद्धिं संपरिवुडा पुव्वाणुपुव्विं चरमाणा गामाणुगामं दुइज्जमाणा, सुहंसुहेणं विहरमाणा जेणेव रायगिहे णयरे जेणेव गुणसीलए चेइए **-जाव-** संजमेणं तवसा अप्पाणं भावेमाणा विहरंति।

परिसा णिग्गया, धम्मो कहिओ। परिसा जामेव दिसं पाउब्भूया, तामेव दिसिं पडिगया।

तेणं कालेणं तेणं समएणं अज्जसुहम्मस्स अणगारस्स अंतेवासी अज्जजंबू णामं अणगारे **-जाव-** पज्जुवासमाणे एवं वयासी-

प. जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं **-जाव-** सिद्धिगईनामधेयं ठाणं संपत्तेणं छट्ठस्स अंगस्स पढमस्स सुयक्खंधस्स नायाणं अयमट्ठे पण्णत्ते,

दोच्चस्स णं भंते ! सुयक्खंधस्स के अट्ठे पण्णत्ते ?

उ. एवं खलु जंबू ! धम्मकहाणं दस वग्गा पण्णत्ता, तं जहा-

१. चमरस्स अग्गमहिसीणं पढमे वग्गे।

२. बलिस्स वइरोयणिंदस्स वइरोयणरण्णो अग्गमहिसीणं बीए वग्गे।

३. असुरिंदवज्जियाणं दाहिणिल्लाणं भवणवासि-इंदाणं अग्गमहिसीणं तइये वग्गे।

४. उत्तरिल्लाणं असुरिंदवज्जियाणं भवणवासि-इंदाणं अग्गमहिसीणं चउत्थे वग्गे।

**(४) જ્ઞાતાધર્મકથાના બીજા શ્રુતસ્કંધનો ઉપોદ્‌ઘાત :**

તે કાળ અને તે સમયમાં રાજગૃહ નામક નગર હતું, **તેનું વર્ણન (ઔપપાતિક સૂત્રનાં અનુસાર અહીં) કહેવું જોઈએ.**

તે રાજગૃહની બહાર ઉત્તરપૂર્વ દિશાભાગ (ઈશાન કોણ) માં ગુણશીલ નામક ચૈત્ય હતું. **તેનું પણ વર્ણન કરવું જોઈએ.**

તે કાળ અને તે સમયમાં શ્રમણ ભગવાન મહાવીરનાં અંતેવાસી આર્ય સુધર્મા નામક સ્થવિર જે જાતિ સંપન્ન, કુળ સંપન્ન **-યાવત્-** ચૌદ પૂર્વી અને ચાર જ્ઞાનોથી યુક્ત હતા. તે પાંચ સો અણગારોથી પરિવૃત્ત થઈને અનુક્રમથી ચાલતા ગ્રામાનુગ્રામ વિચરતા થકાં અને સુખે - સુખે વિહાર કરતા જ્યાં રાજગૃહ નગર હતું અને જ્યાં ગુણશીલ ચૈત્ય હતું. ત્યાં પધાર્યા **-યાવત્-** સંયમ અને તપનાં દ્વારા આત્માને ભાવિત કરતાં વિરાજમાન થયા.

(સુધર્મા સ્વામીને વંદના કરવા માટે) પરિષદ નીકળી. (સુધર્મા સ્વામીએ) ધર્મનો ઉપદેશ આપ્યો. ત્યારબાદ પરિષદ જે દિશાથી આવી હતી તે જ દિશામાં પાછી ચાલી ગઈ.

તે કાળ અને તે સમયમાં આર્ય સુધર્મા અનગારનાં અંતેવાસી આર્ય જંબૂ નામક અણગારે **-યાવત્-** પર્યુપાસના કરીને આ પ્રમાણે પૂછયું -

પ્ર. ભંતે ! જો શ્રમણ ભગવાન મહાવીર **-યાવત્-** સિદ્ધગતિ નામક સ્થાન પ્રાપ્ત દ્વારા છઠા અંગના પ્રથમ શ્રુતસ્કંધ "જ્ઞાત" નો આ અર્થ કહ્યો છે તો

ભંતે ! બીજા શ્રુતસ્કંધનો શું અર્થ કહ્યો છે ?

ઉ. જંબૂ ! (જ્ઞાતા) ધર્મકથાના દસ વર્ગ કહ્યા છે, જેમકે-

૧. પ્રથમ વર્ગમાં ચમરેન્દ્રની અગ્રમહિષીઓનું વર્ણન છે.

૨. બીજા વર્ગમાં વૈરોચનેન્દ્ર વૈરોચનરાજ બલીની અગ્રમહિષીઓનું વર્ણન છે.

૩. ત્રીજા વર્ગમાં અસુરેન્દ્રને છોડીને દક્ષિણ દિશાનાં ભવનવાસી ઈન્દ્રોની અગ્રમહિષીઓનું વર્ણન છે.

૪. ચોથા વર્ગમાં અસુરેન્દ્રને છોડીને ઉત્તર દિશાનાં ભવનવાસી ઈન્દ્રોની અગ્રમહિષીઓનું વર્ણન છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

५. दाहिणिल्लाणं वाणमंतराणं इंदाणं अग्गमहिसीणं पंचमे वग्गे।

६. उत्तरिल्लाणं वाणमंतराणं इंदाणं अग्गमहिसीणं छट्ठे वग्गे।

७. चंदस्स अग्गमहिसीणं सत्तमे वग्गे।

८. सूरस्स अग्गमहिसीणं अट्ठमे वग्गे।

९. सक्कस्स अग्गमहिसीणं नवमे वग्गे।

१०. ईसाणस्स य अग्गमहिसीणं दसमे वग्गे।

- णाया. सु. २, अ. १, सु. १-४

૫. પાંચમા વર્ગમાં દક્ષિણ દિશાનાં વાણવ્યંતર ઈન્દ્રોની અગ્રમહિષીઓનું વર્ણન છે.

૬. છઠા વર્ગમાં ઉત્તર દિશાનાં વાણવ્યંતર ઈન્દ્રોની અગ્રમહિષીઓનું વર્ણન છે.

૭. સાતમા વર્ગમાં ચંદ્રની અગ્રમહિષીઓનું વર્ણન છે.

૮. આઠમા વર્ગમાં સૂર્યની અગ્રમહિષીઓનું વર્ણન છે.

૯. નવમા વર્ગમાં શક્રેન્દ્રની અગ્રમહિષીઓનું વર્ણન છે.

૧૦. દસમા વર્ગમાં ઈશાનેન્દ્રની અગ્રમહિષીઓનું વર્ણન છે.

**(झ) पढम वग्गस्स उक्खेव निक्खेवो-**

प. जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं **-जाव-** सिद्धिगईनामधेयं ठाणं संपत्तेणं धम्मकहाणं दस वग्गा पण्णत्ता,

पढमस्स णं भंते ! वग्गस्स के अट्ठे पण्णत्ते ?

उ. एवं खलु जंबू। समणेणं भगवया महावीरेणं **-जाव-** सिद्धिगईनामधेयं ठाणं संपत्तेणं पढमस्स वग्गस्स पंच अज्झयणा पण्णत्ता, तं जहा-

१. काली, २. राई, ३. रयणी, ४. विज्जू, ५. मेहा।

प. जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं **-जाव-** सिद्धिगईनामधेयं ठाणं संपत्तेणं पढमस्स वग्गस्स पंच अज्झयणा पण्णत्ता,

पढमस्स णं भंते ! अज्झयणस्स के अट्ठे पण्णत्ते ?

उ. एवं खलु जंबू !.........

- णाया. सुय. २, व. १, अ. १, सु. ५-६

एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं **-जाव-** सिद्धिगईनामधेयं ठाणं संपत्तेणं पढमस्स पढमज्झयणस्स अयमट्ठे पण्णत्ते[1], **त्ति बेमि।**

- णाया. सुय. २, व. १, अ. १, सु. ३४

प. जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं **-जाव-** सिद्धिगईनामधेयं ठाणं संपत्तेणं धम्मकहाणं पढमस्स वग्गस्स पढमज्झयणस्स अयमट्ठे पण्णत्ते,

**(ઝ) પ્રથમ વર્ગનું ઉત્ક્ષેપ-નિક્ષેપ :**

પ્ર. ભંતે ! જો શ્રમણ ભગવાન મહાવીર **-યાવત્-** સિદ્ધગતિ નામક સ્થાન પ્રાપ્ત દ્વારા ધર્મકથાનાં દસ વર્ગ કહ્યા છે તો -

ભંતે ! પ્રથમ વર્ગનો શું અર્થ કહ્યો છે ?

ઉ. જંબૂ ! શ્રમણ ભગવાન મહાવીર **-યાવત્-** સિદ્ધગતિ નામક સ્થાન પ્રાપ્ત પ્રથમ વર્ગનાં પાંચ અધ્યયન કહ્યા છે, જેમકે -

૧. કાળી, ૨. રાજી, ૩. રજની, ૪. વિદ્યુત્, ૫. મેઘા.

પ્ર. ભંતે ! જો શ્રમણ ભગવાન મહાવીર **-યાવત્-** સિદ્ધગતિ નામક સ્થાન પ્રાપ્ત દ્વારા પ્રથમ વર્ગના પાંચ અધ્યયન કહ્યા છે તો -

ભંતે ! પ્રથમ અધ્યયનનો શું અર્થ કહ્યો છે ?

ઉ. જંબૂ ! (આગળનું વર્ણન ધર્મકથાનુંયોગમાં જોવું.)

હે જંબૂ ! શ્રમણ ભગવાન મહાવીર **-યાવત્-** સિદ્ધગતિ નામક સ્થાન પ્રાપ્ત દ્વારા પ્રથમ વર્ગનાં પ્રથમ અધ્યયનનો આ અર્થ કહ્યો છે. **એવું હું કહું છું.**

પ્ર. ભંતે ! જો શ્રમણ ભગવાન મહાવીર **-યાવત્-** સિદ્ધગતિ નામક સ્થાન પ્રાપ્ત દ્વારા ધર્મ કથાનાં પ્રથમ વર્ગનાં પ્રથમ અધ્યયનનો અર્થ કહ્યો છે તો-

૧. બધા અધ્યયનોના નિક્ષેપ સૂત્ર આ પ્રમાણે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

बिइयस्स णं भंते ! अज्झयणस्स के अट्ठे पण्णत्ते ?

उ. एवं खलु जंबू ! .........

- णाया. सुय. २, व. १, अ. २, सु. ३५-३६

एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं **-जाव-** सिद्धिगईनामधेयं ठाणं संपत्तेणं धम्मकहाणं पढमस्स वग्गस्स अयमट्ठे पण्णत्ते,[१] **त्ति बेमि।**

- णाया. सुय. २, व.१, अ. ५, सु. ६३

भंते ! बीજા અધ્યયનનો શું અર્થ કહ્યો છે ?

ઉ. જંબૂ ! (આગળનું વર્ણન ધર્મકથાનુયોગમાં જોવું)

જંબૂ ! શ્રમણ ભગવાન મહાવીર **-યાવત્-** સિદ્ધગતિ નામક સ્થાન પ્રાપ્ત દ્વારા પ્રથમ વર્ગનો આ અર્થ કહ્યો છે, **એવું હું કહું છું.**

**(ट) बीयस्स वग्गस्स उक्खेवो-**

दोच्चस्स वग्गस्स पंच अज्झयणा पण्णत्ता, तं जहा- १. सुंभा, २ निसुंभा, ३. रंभा, ४. निरंभा, ५. मदणा।

- णाया. सु. २, व. २, अ. १, सु. ४४-४५

**(ટ) બીજા વર્ગનો ઉત્ક્ષેપ :**

બીજા વર્ગનાં પાંચ અધ્યયન કહ્યા છે, જેમકે - ૧. શુંભા, ૨. નિશુંભા, ૩. રંભા, ૪. નિરંભા, ૫. મદના.

**(ठ) तइयस्स वग्गस्स उक्खेवो -**

तइयस्स वग्गस्स चउप्पण्णं अज्झयणा पण्णत्ता, तं जहा- पढमे अज्झयणे **-जाव-** चउपण्णइमे अज्झयणे।

-णाया. सु. २, व. ३, अ. १, सु. ५१

**(ઠ) ત્રીજા વર્ગનો ઉત્ક્ષેપ :**

ત્રીજા વર્ગના ચોપ્પન અધ્યયન કહ્યા છે, જેમકે- ૧. પ્રથમ અધ્યયન **-યાવત્-** ચોપ્પન અધ્યયન.

**(ड) चउत्थस्स वग्गस्स उक्खेवो -**

चउत्थस्स वग्गस्स चउपण्णं अज्झयणा पण्णत्ता।

- णाया. सु. २, व. ४, अ. १, सु. ६०

**(ડ) ચોથા વર્ગનો ઉત્ક્ષેપ :**

ચોથા વર્ગમાં ચોપ્પન અધ્યયન કહ્યા છે.

**(ढ) पंचम-छट्ठ वग्गाणं उक्खेवो -**

पंचमस्स वग्गस्स बत्तीसं अज्झयणा पण्णत्ता, तं जहा- १. कमला **-जाव-** ३२. सरस्सई।

- णाया. सु. २, व. ५, अ. १, सु. ६५

***छट्ठो वि वग्गो पंचम वग्गसरिसो।***

**णवरं**-महाकालादीणं उत्तरिल्लाणं इंदाणं अग्गमहिसीओ।

- णाया. सु. २, व. ५, अ. १, सु. ६९

**(ઢ) પાંચમાં - છઠા વર્ગોનો ઉત્ક્ષેપ :**

પાંચમા વર્ગના બત્રીસ અધ્યયન કહ્યા છે, જેમકે- ૧. કમળા **-યાવત્-** ૩૨. સરસ્વતી.

***છઠ્ઠા વર્ગનાં અધ્યયન પણ પાંચમા વર્ગની સમાન છે.***

**વિશેષ :** આ બધી કુમારિઓ મહાકાળાદિ ઉત્તર દિશાના ઈન્દ્રોની બત્રીસ અગ્રમહિષીઓ છે.

**(त) सत्तमस्स वग्गस्स उक्खेवो -**

सत्तमस्स वग्गस्स चत्तारि अज्झयणा पण्णत्ता, तं जहा- १. सूरप्पभा, २. आयवा, ३. अच्चिमाली, ४. पभंकरा।

- णाया. सु. २, व. ७, अ. १, सु. ७०

**(ત) સાતમા વર્ગનો ઉત્ક્ષેપ :**

સાતમા વર્ગનાં ચાર અધ્યયન કહ્યા છે, જેમકે- ૧. સૂર્યપ્રભા, ૨. આતપા, ૩. અર્ચિમાળી, ૪. પ્રભંકરા.

---

૧. બધા વર્ગોના નિક્ષેપ સૂત્ર આ પ્રમાણે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com
जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

**(थ) अट्ठमस्स वग्गस्स उक्खेवो -**

अट्ठमस्स वग्गस्स चत्तारि अज्झयणा पण्णत्ता, तं जहा -

१. चंदप्पहा, २. दोसिणाभा, ३. अच्चिमाली, ४. पभंकरा।

- णाया. सु. २, व. ८, अ. १, सु. ७३

**(દ) નવમસ્સ વગ્ગસ્સ** 

**(द) नवमस्स वग्गस्स उक्खेवो -**

नवमस्स वग्गस अट्ठ अज्झयणा पण्णत्ता, तं जहा -

१. पउमा, २. सिवा, ३. सती, ४. अंजू, ५. रोहिणी, ६. णवमिया, ७, अचला, ८. अच्छरा।

- णाया. सु. २, व. ९, अ. १, सु. ७६

**(ध) दसमस्स वग्गस्स उक्खेवो -**

दसमस्स वग्गस्स अट्ठ अज्झयणा पण्णत्ता, तं जहा -

१. कण्हा **-जाव-** ८. वसुंधरा।

- णाया. सु. २, व. १०, अ. १, सु. ७८

**(न) णायाधम्मकहांगस्स निक्खेवो -**

एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं आइगरेणं तित्थयरेणं सयंसंबुद्धेणं पुरिसुत्तमेणं **-जाव-** संपत्तेणं धम्मकहाणं अयमट्ठे पण्णत्ते।

धम्मकहासुयक्खंधो समत्तो दसहिं वग्गेहिं।

- णाया. सु. २, व. १०, सु. ८०

२५. **(७) उवासगदसाओ -**

प. से किं तं उवासगदसाओ ?

उ. उवासगदसासु णं उवासयाणं -

णगराइं उज्जाणाइं चेइआइं

वणखंडाइं रायाणो अम्मापियरो समोसरणाइं,

धम्मायरिया धम्मकहाओ इहलोइय-परलोइया इड्ढिविसेसा, उवासयाणं सीलव्वय-वेरमण-गुण-पच्चक्खाण-पोसहोववास-पडिवज्जणयाओ,

सुयपरिग्गहा तवोवहाणाइं पडिमाओ,

उवसग्गा, संलेहणाओ,

भत्तपच्चक्खाणाइं पाओवगमणाइं देवलोगगमणाइं,

सुकुलणच्चायाई पुण बोहिलाभो,

**(થ) આઠમા વર્ગનો ઉત્ક્ષેપ :**

આઠમા વર્ગના ચાર અધ્યયન કહ્યા છે, જેમકે-

૧. ચંદ્રપ્રભા, ૨. જ્યોત્સ્નાભા, ૩. અર્ચિમાળી, ૪. પ્રભંકરા.

**(દ) નવમા વર્ગનો ઉત્ક્ષેપ :**

નવમા વર્ગના આઠ અધ્યયન કહ્યા છે, જેમકે -

૧. પદ્મા, ૨. શિવા, ૩. સતી, ૪. અંજૂ, ૫. રોહિણી, ૬. નવમિકા, ૭. અચલા, ૮. અપ્સરા.

**(ધ) દસમા વર્ગનો ઉત્ક્ષેપ :**

દસમા વર્ગના આઠ અધ્યયન કહ્યા છે, જેમકે -

૧. કૃષ્ણા **-યાવત્-** ૮. વસુંધરા.

**(ન) જ્ઞાતા ધર્મકથાંગનો નિક્ષેપ :**

હે જંબૂ ! પોતાના યુગમાં ધર્મની આદિ કરનાર તીર્થંકર સ્વયંસંબુદ્ધ પુરુષોત્તમ **-યાવત્-** સિદ્ધિ પ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીરે ધર્મકથાઓનો આ અર્થ કહ્યો છે.

ધર્મકથા નામક (બીજા) શ્રુતસ્કંધ દસ વર્ગોમાં પૂર્ણ થાય છે.

૨૫. **(૭) ઉપાસકદશા સૂત્ર :**

પ્ર. ઉપાસકદશામાં શું (વર્ણન) છે ?

ઉ. ઉપાસકદશામાં ઉપાસકોના :

નગર, ઉદ્યાન, ચૈત્ય,

વનખંડ, રાજા, માતા-પિતા, સમવસરણ,

ધર્માચાર્ય, ધર્મકથાઓ, ઈહલૌકિક-પારલૌકિક ઋદ્ધિ-વિશેષ, ઉપાસકોના શીલવ્રત, પાપ-વિરમણ, ગુણ-પ્રત્યાખ્યાન, પૌષધોપવાસ સ્વીકાર કરવો.

શ્રુત-પરિગ્રહ, તપ-ઉપધાન, અગિયાર પ્રતિમા,

ઉપસર્ગ, સંલેખના.

ભક્ત પ્રત્યાખ્યાન, પાદપોગમન, દેવલોકગમન,

સુકુળમાં જન્મ, પુનઃબોધિલાભ અને

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | |
|---|---|
| अंतकिरियाओ आघविज्जंति। | અંતક્રિયાનું વર્ણન કરેલ છે. |
| उवासगदसासु णं उवासयाणं रिद्धिविसेसा परिसा वित्थरधम्मसवणाणि | ઉપાસકદશામાં ઉપાસકોની ઋદ્ધિ-વિશેષ, પરિષદ્, વિસ્તૃત ધર્મ-શ્રવણ, |
| बोहिलाभअभिगमसम्मत्तविसुद्धया थिरत्तं, | બોધિલાભ, અભિગમ (જ્ઞાન પ્રાપ્તિ), સમ્યક્ત્વની વિશુદ્ધતા, સ્થિરતા, |
| मूलगुण-उत्तरगुणाइयारा, ठिईविसेसा य, बहुविसेसा पडिमाभिग्गहणपालणा उवसग्गाहियासणा णिरुवसग्गा य, तवा य विचित्ता, | મૂળગુણ અને ઉત્તર ગુણોનાં ધારક, તેના અતિચાર, સ્થિતિ-વિશેષ (ઉપાસક પર્યાયનો કાળમાન) અનેક પ્રકારની પ્રતિમાઓ અને અભિગ્રહોંનું ગ્રહણ અને તેનું પાલન, ઉપસર્ગ સહન કે નિરુપસર્ગ-પરિપાલન, અનેક પ્રકારના વિચિત્ર તપ, |
| सीलव्वय-गुण-वेरमण-पच्चक्खाण-पोसहोववासा, | શીલવ્રત, ગુણવ્રત, વેરમણ, પ્રત્યાખ્યાન, પૌષધોપવાસ અને |
| अपच्छिममारणंतिया य संलेहणाझोसणाहिं अप्पाणं जह य भावइत्ता, | અપશ્ચિમ મારણાંતિક સંલેખના ઝુસણાથી આત્માને યથાવિધિ ભાવિત કરી. |
| बहूणि भत्ताणि अणसणाए य छेयइत्ता, | ઘણા ભક્તોનું અનશન તપથી છેદન કરી, |
| उववण्णा कप्पवरविमाणुत्तमेसु, | ઉત્તમ દેવ-વિમાનોમાં ઉત્પન્ન થઈને, |
| जह अणुभवंति सुरवरविमाणवरपोंडरीएसु सोक्खाइं अणोवमाइं कमेण भोत्तूण उत्तमाइं तओ आउक्खएणं चुया समाणा जह जिणमयम्मि बोहिं लद्धूण य संजमुत्तमं तमरयोघविप्पमुक्का उवेंति जह अक्खयं सव्वदुक्खमोक्खं। | ત્યાંથી તે શ્રેષ્ઠ વિમાનોમાં અનુપમ ઉત્તમ સુખોનો અનુભવ કરે છે. તેને ભોગીને પછી આયુનો ક્ષય થવાથી ચ્યુત થઈને અને જિનમતમાં બોધિને પ્રાપ્ત કરી તથા ઉત્તમ સંયમ ધારણ કરી તમોરજનાં સમૂહથી વિપ્રમુક્ત થઈને અક્ષય શિવસુખને પ્રાપ્ત કરીને સર્વ દુઃખોથી રહિત થાય છે. |
| एए अन्ने य एवमाई (अत्था वित्थेरेण य) परूविज्जंति। | આ બધાનું અને આ પ્રમાણેનાં અન્ય પણ અર્થોનું આ (ઉપાસકદશા)માં વિસ્તારથી વર્ણન કરેલ છે. |
| उवासयदसासु णं परित्ता वायणा **-जाव-** संखेज्जाओ संगहणीओ। | ઉપાસકદશા અંગમાં પરિમિત વાચનાઓ છે **-યાવત્-** સંખ્યાત સંગ્રહણીઓ છે. |
| से णं अंगट्ठयाए सत्तमे अंगे, | અંગોની અપેક્ષાએ આ સાતમો અંગ છે, |
| एगे सुयक्खंधे, दस अज्झयणा, | આમાં એક શ્રુતસ્કંધ છે, દસ અધ્યયન છે. |
| दस उद्देसणकाला, दस समुद्देसणकाला, | દસ ઉદ્દેશન-કાળ છે, દસ સમુદ્દેશન-કાળ છે, |
| संखेज्जाइं पयसयसहस्साइं पयग्गेणं पण्णत्ता। | પદ ગણનાની અપેક્ષાએ સંખ્યાત લાખ પદ છે, |
| संखेज्जाइं अक्खराइं **-जाव-** उवदंसिज्जंति। | સંખ્યાત અક્ષર છે **-યાવત્-** ઉદાહરણ આપીને સમજાવેલ છે. |
| से एवं आया, एवं णाया, एवं विण्णाया | આનું સમ્યક્ અધ્યયન કરનાર તદાત્મરુપ જ્ઞાતા અને વિજ્ઞાતા થઈ જાય છે. |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

एवं चरण करण परूवणया आघविज्जंति -**जाव**- उववंसिज्जंति ***से तं उवासगदसाओ***[1] ।

- सम., सु. १४२

આ પ્રમાણે આ અંગમાં ચરણ કરણની વિશિષ્ટ પ્રરુપણા કરી છે -**યાવત્**- ઉપદર્શન કરેલ છે. ***આ ઉપાસકદશાનું વર્ણન છે.***

**(क) उवासगदसांगस्स उक्खेवो -**

**(ક) ઉપાસક દશાંગનું ઉપોદ્ઘાત :**

प. जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं -**जाव**- सिद्धिगइणामधेयं ठाणं संपत्तेणं छट्ठस्स अंगस्स नायाधम्मकहाणं अयमट्ठे पण्णत्ते,

सत्तमस्स णं भन्ते ! अंगस्स उवासगदसाणं के अट्ठे पण्णत्ते ?

પ્ર. ભંતે ! જો શ્રમણ ભગવાન મહાવીર -**યાવત્**- સિદ્ધ ગતિ નામક શાશ્વત સ્થાન પ્રાપ્ત દ્વારા છઠા અંગ જ્ઞાતા ધર્મકથાનો આ અર્થ કહ્યો છે તો -

ભંતે ! સાતમો અંગ ઉપાસક દશાનો શું અર્થ કહ્યો છે ?

उ. एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं -**जाव**- सिद्धिगइनामधेयं ठाणं संपत्तेणं सत्तमस्स अंगस्स उवासगदसाणं दस अज्झयणा पण्णत्ता, तं जहा-

१. आणंदे, २. कामदेवे य, ३. गाहावइचुलणीपिया, ४. सुरादेवे, ५. चुल्लसयए, ६. गाहावइकुंडकोलिए। ७. सद्दालपुत्ते, ८. महासयग, ९. नंदिणीपिया, १०. सालिहीपिया ॥१॥

ઉ. જંબૂ ! શ્રમણ ભગવાન મહાવીર -**યાવત્**- સિદ્ધ ગતિનામક શાશ્વત સ્થાન પ્રાપ્ત દ્વારા સાતમો અંગ ઉપાસકદશાનાં દસ અધ્યયન કહ્યા છે, જેમકે-

૧. આનંદ, ૨. કામદેવ, ૩. ગાથાપતિ ચુલની પિતા, ૪. સુરાદેવ, ૫. ચુલ્લક-શતક, ૬. ગાથાપતિ કુંડકોલિક, ૭. સકડાલપુત્ર, ૮. મહાશતક, ૯. નન્દિનીપિતા, ૧૦. શાલીહીપિતા.

प. जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं -**जाव**- सिद्धिगइणामधेयं ठाणं संपत्तेणं सत्तमस्स अंगस्स उवासगदसाणं दस अज्झयणा पण्णत्ता,

पढमस्स णं भन्ते ! अज्झयणस्स के अट्ठे पण्णत्ते ?

उ. एवं खलु जंबू ! ....... - उवा. सु. २

પ્ર. ભંતે ! જો શ્રમણ ભગવાન મહાવીર -**યાવત્**- સિદ્ધગતિ નામક શાશ્વત સ્થાન પ્રાપ્ત દ્વારા સાતમો અંગ ઉપાસક દશાનાં દસ અધ્યયન કહ્યા છે તો-

ભંતે ! પ્રથમ અધ્યયનનો શું અર્થ કહ્યો છે ?

ઉ. જંબૂ ! (આગળનું વર્ણન ધર્મકથાનુયોગમાં જોવું.)

**(ख) पढमज्झयणस्स निक्खेवो -**

एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं -**जाव**- सिद्धिगइणामधेयं ठाणं संपत्तेणं उवासगदसाणं पढमस्स अज्झयणस्स अयमट्ठे पण्णत्ते[2] **त्ति बेमि**।

- उवा. अ. १, सु. ८६

**(ખ) પ્રથમ અધ્યનનું નિક્ષેપ :**

જંબૂ ! શ્રમણ ભગવાન મહાવીર -**યાવત્**- સિદ્ધગતિ નામક શાશ્વત સ્થાન પ્રાપ્ત દ્વારા ઉપાસકદશાના પ્રથમ અધ્યયનનો આ અર્થ કહ્યો છે. **એવું હું કહું છું.**

---

१. से किं तं उवासगदसाओ ?

उवासगदसासु णं समणोवासगाणं णगराइं उज्जाणाइं चेइयाइं वणसंडाइं समोसरणाइं रायाणो अम्मापियरो धम्मकहाओ धम्मायरिया इहलोग-परलोइया रिद्धिविसेसा भोगपरिच्चाया परियागा सुयपरिग्गहा तवोवहाणाइं सीलव्वय-गुण-वेरमण-पच्चक्खाण-पोसहोववासपडिवज्जणया पडिमाओ, उवसग्गा संलेहणाओ भत्तपच्चक्खाणाइं पाओवगमणाइं देवलोगगमणाइं सुकुलपच्चायाईओ पुण बोहिलाभा अंतकिरियाओ य आघविज्जंति -**जाव**- उववंसिज्जंति ।

उवासगदसासु णं परित्ता वायणा -**जाव**- संखेज्जाओ संगहणीओ ।

से णं अंगट्ठयाए सत्तमे अंगे, एगे सुयक्खंधे, दस अज्झयणा, दस उद्देसणकाला, दस समुद्देसणकाला, संखेज्जाइं पदसहस्साइं पयग्गेणं, संखेज्जा अक्खरा -**जाव**- उववंसिज्जंति ।

से एवं आया, एवं णाया, एवं विण्णाया, एवं चरण करण परूवणा आघविज्जइ, से तं **उवासगदसाओ** । - नंदी. सु. ८९.

२. આ પ્રમાણે બધા (૨-૧૦) અધ્યયનોના ઉપસંહાર સૂત્ર છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**(ग) बिईयज्झयणस्स उक्खेवो-**

प. जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं **-जाव-** सिद्धिगइणामधेयं ठाणं संपत्तेणं सत्तमस्स अंगस्स उवासगदसाणं पढमस्स अज्झयणस्स अयमट्ठे पण्णत्ते,

दोच्चस्स णं भन्ते ! अज्झयणस्स के अट्ठे पण्णत्ते ?

उ. एवं खलु जंबू[1] ! ........

- उवा. अ. २, सु. १-२

**(घ) उवासगदसांगस्स उवसंहारो -**

उवासगदसाणं सत्तमस्स अंगस्स एगो सुयक्खंधो,

दस अज्झयणा एक्कसरगा दससु चेव दिवसेसु उद्दिसिज्जंति ।

तओ सुयक्खंधो समुद्दिसइ, अणुण्णविज्जइ, दोसु दिवसेसु अंगं तहेव ।

- उवा. अ. १०, सु. २८

२६. **(८) अंतगडदसाओ -**

प. से किं तं अंतगडदसाओ ?

उ. अंतगडदसासु णं अंतगडाणं णगराइं उज्जाणाइं चेइयाइं वणसंडाइं रायाणो अम्मापियरो समोसरणाइं,

धम्मायरिया धम्मकहाओ इहलोइय-परलोइया इड्ढि विसेसा,

भोगपरिच्चाया पव्वज्जाओ सुयपरिग्गहा तवोवहाणाइं, पडिमाओ बहुविहाओ,

खमा, अज्जवं, मद्दवं च, सोयं च सच्चसहियं,

सत्तरसविहो य संजमो, उत्तमं च बंभं, अकिंचणया, तवोचियाओ किरियाओ समिइगुत्तीओ चेव,

तह अप्पमायजोगो, सज्झायज्झाणेण य उत्तमाणं दोण्हंपि लक्खणाइं, पत्ताण य संजमुत्तमं,

जियपरीसहाणं चउव्विहकम्मक्खयम्मि जह केवलस्स लंभो,

**(ગ) બીજા અધ્યયનનો ઉપોદ્‌ઘાત :**

પ્ર. ભંતે ! જો શ્રમણ ભગવાન મહાવીર **-યાવત્-** સિદ્ધગતિ નામક શાશ્વત સ્થાન પ્રાપ્ત દ્વારા સાતમો અંગ ઉપાસક દશાનાં પ્રથમ અધ્યયનનો આ અર્થ કહ્યો છે તો -

ભંતે ! બીજા અધ્યયનનો શું અર્થ કહ્યો છે ?

ઉ. જંબૂ ! (આગળનું વર્ણન ધર્મકથાનુંયોગમાં જોવું.)

**(ઘ) ઉપાસકદશા સૂત્રનો ઉપસંહાર :**

સાતમો અંગ ઉપાસકદશામાં એક શ્રુતસ્કંધ છે.

દસ અધ્યયન છે, તેમાં એક સરખું વર્ણન છે. આનું દસ દિવસમાં વાંચન કરાય છે.

ત્યારબાદ સંપૂર્ણ શ્રુતસ્કંધનો બે દિવસમાં સમુદ્દેશ (સૂત્રને સ્થિર અને પરિચિત) કરાય છે અને તેની સાથે જ અનુમતિ અપાય છે, આ રીતે અંગનો સમુદ્દેશ અને અનુમતિ સમજવી જોઈએ.

૨૬. **(૮) અન્તકૃત્‌દશા સૂત્ર :**

પ્ર. અન્તકૃત્‌દશા સૂત્રમાં શું (વર્ણન) છે ?

ઉ. અન્તકૃત્‌દશામાં કર્મોનો અંત કરનાર (મહાપુરુષો) નાં નગર, ઉદ્યાન, ચૈત્ય, વનખંડ, રાજા, તેના માતા-પિતા, સમવસરણ,

(તેના) ધર્માચાર્ય, ધર્મકથાઓ, ઈહલૌકિક-પારલૌકિક, ૠદ્ધિ-વિશેષ,

ભોગ પરિત્યાગ, પ્રવ્રજ્યા, શ્રુત-પરિગ્રહણ, તપ-ઉપધાન, અનેક પ્રકારની પ્રતિમાઓ,

ક્ષમા, આર્જવ, માર્દવ, સત્ય, શૌચ (નિરવદ્ય આચાર)

સત્તર પ્રકારનાં સંયમ, ઉત્તમ બ્રહ્મચર્ય, આકિંચન્ય તપ, ત્યાગ, ક્રિયાઓ, સમિતિઓ અને ગુપ્તિઓનું વર્ણન છે,

અપ્રમાદ- યોગ અને સ્વાધ્યાય-ધ્યાન આ બંને ઉત્તમ ગુણો અને ઉત્તમ સંયમને પ્રાપ્ત કરીને.

પરીષહોને સહન કરનાર ચાર ઘાતીકર્મોનો ક્ષય થવાથી કેવળજ્ઞાનને પ્રાપ્ત કરનાર,

---

૧. (ક) આ પ્રમાણે બધા (૩-૧૦) અધ્યયનોના ઉપોદ્‌ઘાત છે.
(ખ) આ પ્રમાણે અંતગડદસા, અણુત્તરોવવાઈયદસા, વિપાકસૂત્રના દ્વિતીય વગેરે અધ્યયનોની ઉત્થાનિકાઓ સમજી લેવી જોઈએ.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

परियाओ जत्तिओ य जह पालिओ मुणिहिं, पायोवगओ य जो जहिं जत्तियाणि भत्ताणि छेयइत्ता अंतगडो मुणिवरो तमरयोघविप्पमुक्को, मोक्खसुहमणुत्तरं च पत्ता,

જે મુનીઓએ જેટલા કાળ સુધી શ્રમણપર્યાયનું પાલન કર્યું, પાદપોગમન દ્વારા જેટલા સમય ભોજનનો ત્યાગ કરી કર્મોને અંત કરનાર અજ્ઞાનાન્ધકાર રુપ રજ નાં પુંજથી વિપ્રમુક્ત થઈને અનુત્તર (મોક્ષ) સુખને પ્રાપ્ત કરનાર મુનિવરોનું વર્ણન છે.

एए अन्ने य एवमाई अत्था वित्थरेणं परूविज्जंति।

આ પ્રમાણેના અન્ય અનેક અર્થોનું આ અંગમાં વિસ્તારથી પ્રરુપણ કરેલ છે.

अंतगडदसासु णं परित्ता वायणा **-जाव-** संखेज्जाओ संगहणीओ।

અન્તકૃત્દશામાં પરિમિત વાચનાઓ છે **-યાવત્-** સંખ્યાત સંગ્રહણીઓ છે.

से णं अंगट्ठयाए अट्ठमे अंगे,

અંગોની અપેક્ષાએ આ આઠમો અંગ છે,

एगे सुयक्खंधे, दस अज्झयणा, सत्त वग्गा,

આમાં એક શ્રુતસ્કંધ છે, દસ અધ્યયન છે, સાત વર્ગ છે.

दस उद्देसणकाला, दस समुद्देसणकाला,

દસ ઉદ્દેશનકાળ છે, દસ સમુદ્દેશનકાળ છે,

संखेज्जाइं पयसयसहस्साइं पयग्गेणं पण्णत्ता,

પદ-ગણનાની અપેક્ષાએ સંખ્યાત લાખ પદ છે,

संखेज्जा अक्खरा **-जाव-** उवदंसिज्जंति।

સંખ્યાત અક્ષર છે **-યાવત્-** ઉદાહરણ આપીને સમજાવેલ છે.

से एवं आया, एवं णाया, एवं विण्णाया।

આનું સમ્યક્ અધ્યયન કરનાર તદાત્મરુપ જ્ઞાતા અને વિજ્ઞાતા થઈ જાય છે.

एवं चरण-करण-परूवणया आघविज्जंति **-जाव-** उवदंसिज्जंति।

આ પ્રમાણે આ અંગમાં ચરણ-કરણની વિશિષ્ટ પ્રરુપણા કરી છે **-યાવત્-** ઉપદર્શન કરેલ છે.

***से त्तं अंतगडदसाओ[1]।***

***આ અન્તકૃત્દશાનું વર્ણન છે.***

- सम., सु. १४३

**(क) अंतगडदसांगस्स उक्खेवो -**

**(ક) અન્તકૃત્દશાંગનું ઉપોદ્ઘાત :**

प. जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं **-जाव-** सिद्धिगइणामधेयं ठाणं संपत्तेणं सत्तमस्स अंगस्स उवासगदसाणं अयमट्ठे पण्णत्ते,

अट्ठमस्स णं भंते ! अंगस्स अंतगडदसाणं के अट्ठे पण्णत्ते ?

પ્ર. ભંતે ! જો શ્રમણ ભગવાન મહાવીર **-યાવત્-** સિદ્ધગતિ નામક સ્થાન પ્રાપ્ત દ્વારા સાતમો અંગ ઉપાસકદશાનો આ અર્થ કહ્યો છે તો -

ભંતે ! આઠમો અંગ અન્તકૃત્દશાનો શુ અર્થ કહ્યો છે ?

---

१. से किं तं अंतगडदसाओ ?

अंतगडदसासु णं अंतगडाणं णगराइं उज्जाणाइं चेइयाइं वणसंडाइं समोसरणाइं रायाणो अम्मा-पियरो धम्मकहाओ धम्मायरिया इहलोग-परलोइया इड्ढिविसेसा भोगपरिच्चाया, पव्वज्जाओ परियागा सुयपरिग्गहा तवोवहाणाइं संलेहणाओ भत्तपच्चक्खाणाइं पाओवगमणाइं अंतकिरियाओ य आघविज्जंति **-जाव-** उवदंसिज्जंति।

अंतगडदसासु णं परित्ता वायणा **-जाव-** संखेज्जाओ संगहणीओ।

से णं अंगट्ठयाए अट्ठमे अंगे, एगे सुयक्खंधे, अट्ठ वग्गा, अट्ठ उद्देसणकाला,

अट्ठ समुद्देसणकाला, संखेज्जाइं पयसहस्साइं पदग्गेणं, संखेज्जा अक्खरा **-जाव-** उवदंसिज्जंति।

**से त्तं अंतगडदसाओ।**

- नंदी., सु. ९०

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उ. एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं **-जाव-** सिद्धिगइणामधेयं ठाणं संपत्तेणं अट्ठमस्स अंगस्स अंतगडदसाणं अट्ठ वग्गा पण्णत्ता।

प. जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं **-जाव-** सिद्धिगइणामधेयं ठाणं संपत्तेणं अट्ठमस्स अंगस्स अंतगडदसाणं अट्ठ वग्गा पण्णत्ता, पढमस्स णं भंते ! वग्गस्स अंतगडदसाणं कइ अज्झयणा पण्णत्ता ?

उ. एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं **-जाव-** सिद्धिगइणामधेयं ठाणं संपत्तेणं अट्ठमस्स अंगस्स अंतगडदसाणं पढमस्स वग्गस्स दस अज्झयणा पण्णत्ता, तं जहा -

१. गोयम, २. समुद्द, ३. सागर, ४. गंभीरे चेव होइ, ५. थिमिये य, ६. अयले , ७. कंपिल्ले खलु, ८. अंक्खोभ, ९. पसेणइ, १०. विण्हू ॥१॥

प. जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं **-जाव-** सिद्धिगइणामधेयं ठाणं संपत्तेणं अट्ठमस्स अंगस्स अंतगडदसाणं पढमस्स वग्गस्स दस अज्झयणा पण्णत्ता,

पढमस्स णं भंते ! अज्झयणस्स अंतगडदसाणं पढमस्स वग्गस्स के अट्ठे पण्णत्ते ?

उ. एवं खलु जंबू ! .........

- अंत. अ. १, सु. ३-८

**(ख) पढमज्झयणस्स णिक्खेवो -**

एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं **-जाव-** सिद्धिगइणामधेयं ठाणं संपत्तेणं अट्ठमस्स अंगस्स अंतगडदसाणं पढमस्स वग्गस्स पढमस्स अज्झयणस्स अयमट्ठे पण्णत्ते।[1]

**त्ति बेमि।**

- अंत. व. १, सु. २५

**(ग) अंतगडदसाणं निक्खेवो -**

एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं **-जाव-** सिद्धिगइणामधेयं ठाणं संपत्तेणं अट्ठमस्स अंगस्स अंतगडदसाणं अयमट्ठे **पण्णत्ते**[2] **त्ति बेमि।**

- अंत. व. ८, सु. १५

ઉ. જંબૂ ! શ્રમણ ભગવાન મહાવીર **-યાવત્-** સિદ્ધગતિ નામક સ્થાન પ્રાપ્ત દ્વારા આઠમો અંગ અન્તકૃત્દશાનાં આઠ વર્ગ કહ્યા છે.

પ્ર. ભંતે ! જો શ્રમણ ભગવાન મહાવીર **-યાવત્-** સિદ્ધગતિ નામક સ્થાન પ્રાપ્ત દ્વારા અન્તકૃત્દશાનાં આઠ વર્ગ કહ્યા છે તો ભંતે ! અન્તકૃત્દશાનાં પ્રથમ વર્ગનાં કેટલા અધ્યયન કહ્યા છે ?

ઉ. જંબૂ ! શ્રમણ ભગવાન મહાવીર **-યાવત્-** સિદ્ધગતિ નામક સ્થાન પ્રાપ્ત દ્વારા આઠમો અંગ અન્તકૃત્દશાનાં પ્રથમ વર્ગનાં દસ અધ્યયન કહ્યા છે, જેમકે -

૧. ગૌતમ, ૨. સમુદ્ર, ૩. સાગર, ૪. ગંભીર, ૫. સ્તિમિત, ૬. અચલ, ૭. કાંપિલ્ય, ૮. અક્ષોભ, ૯. પ્રસેનજીત, ૧૦. વિષ્ણુ.

પ્ર. ભંતે ! જો શ્રમણ ભગવાન મહાવીર **-યાવત્-** સિદ્ધગતિ નામક સ્થાન પ્રાપ્ત દ્વારા આઠમો અંગ અન્તકૃત્દશાનાં પ્રથમ વર્ગના દસ અધ્યયન કહ્યા છે, તો -

ભંતે ! અન્તકૃત્દશાના પ્રથમ વર્ગના પ્રથમ અધ્યયનનો શું અર્થ કહ્યો છે ?

ઉ. જંબૂ ! (આગળનું વર્ણન ધર્મકથાનુયોગમાં જોવું.)

**(ખ) પ્રથમ અધ્યયનનો નિક્ષેપ :**

જંબૂ ! શ્રમણ ભગવાન મહાવીર **-યાવત્-** સિદ્ધગતિ નામક સ્થાન પ્રાપ્ત દ્વારા આઠમો અંગ અન્તકૃત્દશાના પ્રથમ વર્ગનાં પ્રથમ અધ્યયનનો આ અર્થ કહ્યો છે.

**એવું હું કહું છું.**

**(ગ) અન્તકૃત્દશાનો નિક્ષેપ :**

જંબૂ ! શ્રમણ ભગવાન મહાવીર **-યાવત્-** સિદ્ધગતિ નામક સ્થાન પ્રાપ્ત દ્વારા આઠમો અંગ અન્તકૃત્દશાનો આ અર્થ કહ્યો છે, **એવું હું કહું છું.**

---

૧. આ પ્રમાણે બધા વર્ગ અને અધ્યયનોના ઉપોદ્ઘાત અને ઉપસંહાર સૂત્ર સમજી લેવા જોઈએ.

૨. આ પ્રમાણે અણુત્તરોપપાતિકદશા અને વિપાકસૂત્રના બધા અધ્યયનોના ઉપસંહાર સૂત્ર છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(घ) अंतगडदसांगस्स उवसंहारो -

अंतगडदसाणं अंगस्स एगो सुयक्खंधो,
अट्ठ वग्गा अट्ठसु चेव दिवसेसु उद्दिसिज्जंति,

तत्थ पढमबिइयवग्गे दस-दस उद्देसगा,
तइयवग्गे तेरस उद्देसगा,
चउत्थ-पंचमवग्गे दस-दस उद्देसगा,
छट्ठवग्गे सोलस उद्देसगा,
सत्तमवग्गे तेरस उद्देसगा,
अट्ठमवग्गे दस उद्देसगा।

- अंत. व. ८, सु. ३८

(ઘ) અંતકૃત્‌દશા સૂત્રનો ઉપસંહાર :

અન્તકૃત્‌દશા અંગમાં એક શ્રુતસ્કંધ છે,
આઠ વર્ગ છે અને આઠ દિવસમાં આનું વાંચન થાય છે.
આમાં પ્રથમ અને દ્વિતીય વર્ગમાં દસ-દસ ઉદ્દેશક છે.
ત્રીજા વર્ગમાં તેર ઉદ્દેશક છે,
ચોથા અને પાંચમાં વર્ગમાં દસ-દસ ઉદ્દેશક છે,
છઠ્ઠા વર્ગમાં સોળ ઉદ્દેશક છે,
સાતમાં વર્ગમાં તેર ઉદ્દેશક છે,
આઠમાં વર્ગમાં દસ ઉદ્દેશક છે.

२७. (९) अणुत्तरोववाइयदसाओ-

प. से किं तं अणुत्तरोववाइयदसाओ ?

उ. अणुत्तरोववाइयदसासु णं अणुत्तरोववाइयाणं णगराइं उज्जाणाइं चेइयाइं वणखंडाइं रायाणो अम्मा-पियरो समोसरणाइं,

धम्मायरिया धम्मकहाओ इहलोग-परलोग इड्ढि-विसेसा भोगपरिच्चाया पव्वज्जाओ सुयपरिग्गहा तवोवहाणाइं,

परियागो पडिमाओ संलेहणाओ भत्तपाणपच्च-क्खाणाइं पाओवगमणाइं,

अणुत्तरोववाओ सुकुलपच्चायाया पुण बोहिलाभो अंतकिरियाओ य आघविज्जंति।

अणुत्तरोववाइयदसासु णं तित्थकरसमोसरणाइं परममंगल्लंजगहियाणि, जिणाइसेसा य बहुविसेसा,

जिणसीसाणं चेव समणगणपवरगंधहत्थीणं,

थिरजसाणं परिसह-सेण्ण-रिउबलपमद्दणाणं,

तवदित्तचरित्त-णाण-सम्मत्तसार-विविहप्पगार-वित्थरपसत्थगुणसंजुयाणं अणगारमहरिसीणं अणगारगुणाण वण्णओ,

उत्तमवरतव-विसिट्ठणाणजोगजुत्ताणं,

૨૭. (૯) અનુત્તરોપપાતિકદશા સૂત્ર :

પ્ર. અનુત્તરોપપાતિકદશામાં શું છે ?

ઉ. અનુત્તરોપપાતિકદશામાં અનુત્તર વિમાનોમાં ઉત્પન્ન થનાર (મહાઅનગારોનાં) નગર, ઉદ્યાન, ચૈત્ય, વનખંડ, રાજા, માતા-પિતા, સમવસરણ,

ધર્માચાર્ય, ધર્મકથાઓ, ઈહલૌકિક, પરલૌકિક, વિશિષ્ટ ઋદ્ધિઓ, ભોગપરિત્યાગ, પ્રવ્રજ્યા, શ્રુતનું પરિગ્રહણ, તપ ઉપધાન.

પર્યાય, પ્રતિમા, સંલેખના, ભક્તપ્રત્યાખ્યાન, પાદપોપગમન (સંથારા).

અનુત્તર વિમાનોમાં ઉત્પત્તિ, સુકુળમાં જન્મ, પુનઃબોધિલાભ અને અન્તક્રિયાઓ કહી છે.

અનુત્તરોપપાતિકદશામાં પરમ મંગળકારી, જગત્‌-હિતકારી તીર્થંકરોનાં સમવસરણ અને ઘણા પ્રકારનાં જિન-અતિશયોનું વર્ણન છે.

તથા તીર્થંકરોનાં વિશિષ્ટ શિષ્ય- જે શ્રમણજનોમાં ગંધહસ્તીનાં સમાન શ્રેષ્ઠ છે.

સ્થિર યશવાળા છે, પરીષહ-સેના રુપી શત્રુબળનાં મર્દન કરનાર છે,

તપ સે દીપ્ત છે, જે ચારિત્ર, જ્ઞાન, સમ્યક્ત્વરુપ સારવાળા અનેક પ્રકારનાં વિશાળ પ્રશસ્ત ગુણોથી યુક્ત છે, એવા મહર્ષિઓનાં અનગાર-ગુણોનો અનુત્તરોપપાતિક દશામાં વર્ણન છે.

અતીવ શ્રેષ્ઠ તપવિશેષથી અને વિશિષ્ટ જ્ઞાન-યોગથી યુક્ત છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

जह य जगहियं भगवओ, जारिसा य रिद्धिविसेसा देवासुरमाणुसाणं परिसाणं पाउब्भावा य जिणसमीवं जह य उवासंति जिणवरं,

જેમણે જગત હિતકારી ભગવાન તીર્થંકરોની જેવી પરમ આશ્ચર્યકારિણી ઋદ્ધિઓની વિશેષતાઓ અને દેવ, અસુર, મનુષ્યોની સભાઓનો જિનવરનાં સમીપે પ્રકટ થવાનું અને ઉપાસના કરવાનું,

जह य परिकहेंति धम्मं लोगगुरू-अमर-नरा सुरगणाणं,

તથા અમર, નર, સુરગણોનાં ત્રૈલોક્ય ગુરુ જીનવર જે પ્રમાણે તેને ધર્મનો ઉપદેશ આપે છે.

सोऊण य तस्स भासियं अवसेसकम्म विसयविरत्ता नरा जह अब्भुट्ठेंति धम्ममुरालं संजमं तवं चावि बहुविहप्पगारं,

તેના દ્વારા ઉપદિષ્ટ ધર્મને સાંભળીને ક્ષીણકર્મા મહાપુરુષ પોતાના સમસ્ત કામ-ભોગોથી અને ઈન્દ્રિયોના વિષયોથી વિરક્ત થઈને જે પ્રમાણે ઉદાર ધર્મને અને વિવિધ પ્રકારથી સંયમ અને તપને સ્વીકાર કરે છે.

जह बहूणि वासाणि अणुचरित्ता आराहियनाणदंसण-चरित्तजोगा जिणवयणमणुगयमहियं भासित्ता, जिणवराण हिययेण मणुण्णेत्ता, जे य जहिं जत्तियाणि भत्ताणि छेयइत्ता लद्धूण य,

તથા જે પ્રમાણે ઘણા વર્ષો સુધી તેનું આચરણ કરીને, જ્ઞાન, દર્શન, ચારિત્ર યોગની આરાધના કરી જીન-વચનનાં અનુસાર પૂજીત ધર્મનો બીજા ભવ્ય જીવોને ઉપદેશ આપીને જીનેશ્વરોની હૃદયથી આરાધના કરી ઉત્તમ મુનિવર જ્યાં જેટલા સમય ભોજનનો ત્યાગ કરી તેમજ -

समाहिमुत्तमं ज्ञाणजोगजुत्ता उववण्णा मुणिवरोत्तमा जह अणुत्तरेसु,

સમાધિને પ્રાપ્ત કરી અને ઉત્તમ ધ્યાનયોગથી યુક્ત થઈને જે પ્રમાણે અનુત્તર વિમાનોમાં ઉત્પન્ન થાય છે.

पावंति जह अणुत्तरं तत्थ विसयसोक्खं,

ત્યાં જેમ અનુપમ વિષય સુખને ભોગે છે, તે બધાનું અનુત્તરોપપાતિક દશામાં વર્ણન કરેલ છે.

तओ य चुआ कमेण काहिंति संजया जह य अंतकिरियं, एए अन्ने य एवमाई अत्था वित्थेरणं परूविज्जंति।

ત્યારબાદ ત્યાંથી ચ્યુત થઈને તે જે પ્રમાણેથી સંયમને ધારણ કરી અંતક્રિયા કરશે અને મોક્ષને પ્રાપ્ત કરશે. તે બધાનું તથા આ પ્રમાણે અન્ય અર્થોનું વિસ્તારથી આ અંગમાં વર્ણન કરેલ છે.

अणुत्तरोववाइयदसासु णं परित्ता वायणा **-जाव-** संखेज्जाओ संगहणीओ।

અનુત્તરોપપાતિકદશામાં પરિમિત વાચનાઓ છે **-યાવત્-** સંખ્યાત સંગ્રણીઓ છે.

से णं अंगट्ठयाए नवमे अंगे,

અંગોમાં આ નવમું અંગ છે.

एगे सुयक्खंधे, दस अज्झयणा, तिण्णि वग्गा,

આમાં એક શ્રુત સ્કંધ છે, દસ અધ્યયન છે, ત્રણ વર્ગ છે.

दस उद्देसणकाला, दस समुद्देसणकाला,

દસ ઉદ્દેશન-કાળ છે, દસ સમુદ્દેશન-કાળ છે.

संखेज्जाइं पयसयसहस्साइं पयग्गेणं पण्णत्ता,

તથા પદ-ગણનાની અપેક્ષાએ સંખ્યાત લાખ પદ કહ્યા છે.

संखेज्जा अक्खरा **-जाव-** उवदंसिज्जंति।

સંખ્યાત અક્ષર છે **-યાવત્-** ઉદાહરણ આપીને સમજાવેલ છે.

से एवं आया, एवं णाया, एवं विण्णाया,

આનું સમ્યક્ અધ્યયન કરનાર તદાત્મરુપ જ્ઞાતા અને વિજ્ઞાતા થઈ જાય છે.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

एवं चरण-करण परूवणया आघविज्जंति **-जाव-** उववंसिज्जंति,

***से त्तं अणुत्तरोववाइयदसाओ[1] ।***

- सम. सु. १४४

आ प्रमाणे आ अंगमां चरण-करणनी विशिष्ट प्ररुपणा करी छे **-यावत्-** उपदर्शन करेल छे.

***आ अनुत्तरोपपातिक दशानुं वर्णन छे.***

**(क) अणुत्तरोववाइयदसाणं उक्खेवो -**

प. जइ णं भन्ते ! समणेणं भगवया महावीरेणं **-जाव-** सिद्धिगइणामधेयं ठाणं संपत्तेणं अट्ठमस्स अंगस्स अंतगडगदसाणं अयमट्ठे पण्णत्ते,

नवमस्स णं भन्ते ! अंगस्स अणुत्तरोववाइयदसाणं के अट्ठे पण्णत्ते ?

तएणं से सुहम्मे अणगारे जम्बू अणगारं एवं वयासी-

उ. एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं **-जाव-** सिद्धिगइणामधेयं ठाणं संपत्तेणं नवमस्स अंगस्स अणुत्तरोववाइयदसाणं तिण्णि वग्गा पण्णत्ता ।

प. जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं **-जाव-** सिद्धिगइणामधेयं ठाणं संपत्तेणं नवमस्स अंगस्स अणुत्तरोववाइयदसाणं तओ वग्गा पण्णत्ता,

पढमस्स णं भन्ते ! वग्गस्स अणुत्तरोववाइयदसाणं कइ अज्झयणा पण्णत्ता ?

उ. एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं **-जाव-** सिद्धिगइणामधेयं ठाणं संपत्तेणं अणुत्तरोववाइयदसाणं पढमस्स वग्गस दस अज्झयणा पण्णत्ता, तं जहा -

१. जालि, २. मयालि, ३. उवयालि, ४. पुरिससेणे य, ५. वारिसेणे य । ६. दीहदंते य, ७. लट्ठदंते य, ८. वेहल्ले, ९. वेहायसे, १०, अभये इ य कुमारे ॥१॥

**(क) अनुत्तरोपपातिक दशानुं उपोद्घात :**

प्र. भंते ! जो श्रमण भगवान महावीर **-यावत्-** सिद्धगति नामक स्थान प्राप्त द्वारा आठमुं अंग अन्तकृत्‌दशानो आ अर्थ कह्यो छे तो-

भंते ! नवमा अंग अनुत्तरोपपातिक दशानो शुं अर्थ कह्यो छे ?

त्यारे आर्य सुधर्मा अनगारे जंबू अणगारथी आ प्रमाणे कह्यु -

उ. जंबू ! श्रमण भगवान महावीर **-यावत्-** सिद्धगति नामक स्थान प्राप्त द्वारा नवमुं अंग अनुत्तरोपपातिक दशानां त्रण वर्ग कह्या छे.

प्र. भंते ! जो श्रमण भगवान महावीर **-यावत्-** सिद्धगति नामक स्थान प्राप्त द्वारा अनुत्तरोपपातिक दशानां त्रण वर्ग कह्या छे तो -

भंते ! अनुत्तरोपपातिक दशाना प्रथम वर्गनां केटला अध्ययन कह्या छे ?

उ. जंबू ! श्रमण भगवान महावीर **-यावत्-** सिद्धगति नामक स्थान प्राप्त द्वारा अनुत्तरोपपातिक दशानां प्रथम वर्गनां दस अध्ययन कह्या छे, जेमके -

१. जालि, २. मयाली, ३. उवयाली, ४. पुरिससेन, ५. वारिसेण, ६. दीर्घदंत, ७. लष्टदंत, ८. वेहल्ल, ९. वेहायस, १०. अभयकुमार.

---

१. से किं तं अणुत्तरोववाइयदसाओ ?

अणुत्तरोववाइयदसासु णं अणुत्तरोववाइयाणं णगराइं उज्जाणाइं चेइयाइं वणसंडाइं समोसरणाइं । रायाणो अम्मा-पियरो धम्मकहाओ धम्मायरिया इहलोग-परलोइया रिद्धिविसेसा भोगपरिच्चागा पव्वज्जाओ, परियागा, सुयपरिग्गहा, तवोवहाणाइं, पडिमाओ, उवसग्गा, संलेहणाओ, भत्तपच्चक्खाणाइं, पाओवगमणाइं, अणुत्तरोववाइयत्ते उववत्ती सुकुलपच्चायाईओ पुण बोहिलाभो अंतकिरियाओ य आघविज्जंति **-जाव-** उवदंसिज्जंति ।

अणुत्तरोववाइयदसासु णं परित्ता वायणा **-जाव-** संखेज्जाओ संगहणीओ,

से णं अंगट्ठयाए णवमे अंगे, एगे सुयक्खंधे, तिण्णि वग्गा, तिण्णि उद्देसणकाला, तिण्णि समुद्देसणकाला, संखेज्जाइं पयसहस्साइं, पयग्गेणं संखेज्जा अक्खरा **-जाव-** उवदंसिज्जंति ।

से एवं आया, एवं णाया, एवं विण्णाया, एवं चरण करण परूवणया आघविज्जइ ।

**से तं अणुत्तरोववाइयदसाओ ।** - नंदी., सु. ९१

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं **-जाव-** सिद्धिगइणामधेयं ठाणं संपत्तेणं पढमस्स वग्गस्स दस अज्झयणा पण्णत्ता,

पढमस्स णं भन्ते ! अज्झयणस्स अणुत्तरोववाइयदसाणं के अट्ठे पण्णत्ते ?

उ. एवं खलु जंबू[1] !.........

- अणु. व. १, सु. १-२

प्र. ભંતે ! જો શ્રમણ ભગવાન મહાવીર **-યાવત્-** સિદ્ધગતિ નામક સ્થાન પ્રાપ્ત દ્વારા પ્રથમ વર્ગનાં દસ અધ્યયન કહ્યા છે તો -

ભંતે ! અનુત્તરોપપાતિક દશાનાં પ્રથમ અધ્યયનનો શું અર્થ કહ્યો છે ?

ઉ. જંબૂ ! (આની આગળનું વર્ણન ધર્મકથાનુંયોગમાં જોવું.)

**(ख) अणुत्तरोववाइयदसांगस्स उवसंहारो-**

अणुत्तरोववाइयदसाणं एगो सुयक्खंधो,

तिण्णि वग्गा, तिसु चेव दिवसेसु उद्दिसंति ।

तत्थ पढमे वग्गे दस उद्देसगा,

बिइए वग्गे तेरस उद्देसगा,

तइए वग्गे दस उद्देसगा ।

- अणु. व. ३, सु. ७५

**(૫) અનુત્તરોપપાતિકદશાંગ સૂત્રનો ઉપસંહાર :**

અનુત્તરોપપાતિક દશામાં એક શ્રુતસ્કંધ છે.

ત્રણ વર્ગ છે, ત્રણ જ દિવસમાં આનું વાંચન થાય છે.

તેના પ્રથમ વર્ગમાં દસ ઉદ્દેશક છે,

બીજા વર્ગમાં તેર ઉદ્દેશક છે,

ત્રીજા વર્ગમાં દસ ઉદ્દેશક છે.

**२८. (१०) पण्हावागरणाइं -**

प. से किं तं पण्हावागरणाणि ?

उ. पण्हावागरणेसु अट्ठुत्तरं पसिणसयं,

अट्ठुत्तरं अपसिणसयं,

अट्ठुत्तरं पसिणापसिणसयं, विज्जाइसया, नागसुवन्नेहिं सद्धिं दिव्वा संवाया आघविज्जंति ।

पण्हावागरणदसासु णं-ससमय-परसमयपण्णवय-पत्तेयबुद्धविविहत्थभासाभासियाणं,

अइसयगुण-उवसमणाणप्पगार-आयरियभासियाणं,

वित्थरेणं वीरमहेसीहिं विविहवित्थरभासियाणं च जगहियाणं

अद्दागंगुट्ठ-बाहु-असि-मणि-खोम-आइच्चमाइयाणं,

विविहमहापसिणाविज्जा -

**૨૮. (૧૦) પ્રશ્નવ્યાકરણ સૂત્ર :**

પ્ર. પ્રશ્નવ્યાકરણમાં શું (વર્ણન) છે ?

ઉ. પ્રશ્નવ્યાકરણ અંગમાં એક સો આઠ પ્રશ્ન,

એક સો આઠ અપ્રશ્ન,

અને એક સો આઠ પ્રશ્નાપ્રશ્ન, અનેક વિદ્યાઓ તથા નાગ સુપર્ણોની સાથે થયેલ દિવ્ય સંવાદ કહ્યા છે.

પ્રશ્નવ્યાકરણદશામાં સ્વસમય-પર સમયના પ્રજ્ઞાપક પ્રત્યેક બુદ્ધોની દ્વારા વિવિધ અર્થવાળી ભાષાઓ દ્વારા વર્ણિત વચનોનું -

નાના પ્રકારનાં અતિશયોનું, જ્ઞાનાદિ ગુણો અને ઉપશમભાવ આદિ આચાર્ય ભાષિતોનો,

વિસ્તારથી વીર મહર્ષિઓનાં જગત હિતકારી અનેક પ્રકારનાં વિસ્તૃત સુભાષિતોનું,

આદર્શ, અંગુષ્ઠ, બાહુ, અસિ, મણિ, ક્ષોમ અને સૂર્ય આદિ (નાં આશ્રયથી આપેલ વિદ્યા-દેવતાઓના ઉત્તરો) નું આ અંગમાં વર્ણન છે.

અનેક મહા પ્રશ્નવિદ્યાઓ વચનથી જ પ્રશ્ન કરવા પર ઉત્તર આપે છે.

---

૧. બાકી બધા અધ્યયનો અને વર્ગોના ઉપોદ્ઘાત અને ઉપસંહાર જ્ઞાતાસૂત્રના પ્રમાણે જ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | |
|---|---|
| मणपसिणविज्जा - | અનેક વિદ્યાઓ મનથી ચિંતિત પ્રશ્નોનાં ઉત્તર આપે છે. |
| देवय-पयोगपाहण्णगुणप्पगासियाणं, | અનેક વિદ્યાઓ અનેક અધિષ્ઠાતા દેવતાઓનાં પ્રયોગ-વિશેષની પ્રધાનતાથી અનેક અર્થોનાં સંવાદક ગુણોને પ્રકાશિત કરે છે, |
| सब्भूय-दुगुणप्पभाव-नरगण-मइविम्हयकारीणं | પોતાના સદ્દભૂત દ્વિગુણ પ્રભાવક ઉત્તરોનાં દ્વારા જન સમુદાયને વિસ્મિત કરે છે. |
| अईसयमतीतकालसमय-दम-सम-तित्थकरूत्तमस्स ठिइकरणकारणाणं | અતીત કાળનાં સમયમાં દમ અને શમનાં ધારક વિશિષ્ટ અતિશય સંપન્ન તીર્થંકર થયેલ છે. આ પ્રમાણે સંશયશીલ મનુષ્યોનાં સ્થિરીકરણ કરનાર |
| दुरहिगमदुरवगाहस्स, सव्वसव्वन्नुसम्मवस्स, | સમજવામાં અને અવગાહન કરવામાં કઠિન બધા સર્વજ્ઞોનાં દ્વારા સમ્મત, |
| अबुहजणविबोहणकरस्स, | અબુધજનોને પ્રબોધ કરનાર એવા |
| पच्चक्खयपच्चयकराणं पण्हाणं विविहगुणमहत्था जिणवरप्पणीया आघविज्जंति। | પ્રત્યક્ષ પ્રતીતિ-કારક પ્રશ્નોનું અને વિવિધ ગુણ અને મહાન્ અર્થવાળા જીનવર-પ્રણીત ઉત્તરોનું આ અંગમાં વર્ણન કરેલ છે. |
| पण्हावागरणेसु णं परित्ता वायणा **-जाव-** संखेज्जाओ संगहणीओ। | પ્રશ્નવ્યાકરણ અંગમાં પરિમિત વાચનાઓ છે **-યાવત્-** સંખ્યાત સંગ્રહણીઓ છે. |
| से णं अंगट्ठयाए दसमे अंगे, | પ્રશ્નવ્યાકરણ અંગરુપમાં દસમો અંગ છે. |
| एगे सुयक्खंधे | આમાં એક શ્રુતસ્કંધ છે, |
| पणयालीसं उद्देसणकाला, | પિસ્તાલીસ ઉદ્દેશન-કાળ છે, |
૯. ગતિ, ૧૦. પરિણામ, ૧૧. પ્રદેશ, ૧૨. અવગાહ, ૧૩. વર્ગણા, ૧૪. સ્થાન અને ૧૫. અલ્પબહુત્વ.

(આ પંદર દ્વારોનાં માધ્યમથી લેશ્યા પદનાં ચતુર્થ ઉદ્દેશકમાં લેશ્યા સંબંધી વર્ણન કરેલ છે.)

१ जीव २-३ गतिंदिय ४ काए ५ जोगे ६ वेदे ७ कसाय ८ लेस्सा य ।

૧. જીવ, ૨. ગતિ, ૩. ઈન્દ્રિય, ૪. કાય, ૫. યોગ, ૬. વેદ, ૭. કષાય, ૮. લેશ્યા,

९ सम्मत्त १०णाण ११ दंसण १२ संजय १३ उवओग १४ आहारे ॥

૯. સમ્યક્ત્વ, ૧૦. જ્ઞાન, ૧૧. દર્શન, ૧૨. સંયત, ૧૩. ઉપયોગ, ૧૪. આહાર,

१५ भासग १६ परित्त १७ पज्जत्त १८ सुहुम १९ सण्णी २०-२१ भवऽत्थि ।

૧૫. ભાષક, ૧૬. પરીત, ૧૭. પર્યાપ્ત, ૧૮. સૂક્ષ્મ, ૧૯. સંજ્ઞી, ૨૦. ભવસિદ્ધિક, ૨૧. અસ્તિકાય અને

२२ चरिमे य एएसिं तु पदाणं कायठिई होइ णायव्वा ॥

- पण्ण. प. १८, सु. १२५९

૨૨. ચરમ. (આ બાવીસ દ્વારોનાં માધ્યમથી કાયસ્થિતિ સંબંધી પ્રરુપણા કરેલ છે.)

१ णेरइय अंतकिरिया २ अणंतरं ३ एगसमय ४ उव्वट्टा ।
५ तित्थगर ६ चक्कि ७ बल ८ वासुदेव ९ मंडलिय १० रयणा य ॥

- पण्ण. प. २०, सु. १४०६

૧. નૈરયિકોની અંતક્રિયા, ૨. અનન્તરાગત જીવની અંતક્રિયા, ૩. એક સમયની અંતક્રિયા, ૪. ઉદ્વર્તના (જીવોની) ઉત્પત્તિ, ૫. તીર્થંકર, ૬. ચક્રવર્તી, ૭. બળદેવ, ૮. વાસુદેવ, ૯. માંડલિક, ૧૦. રત્ન. (આ દસ દ્વારોનું અંતક્રિયા પદમાં વર્ણન કરેલ છે.)

१. भेद २ विसय ३ संठाणे ४ अब्भिंतर-बाहिरे य ५ देसोही ।

૧. ભેદ, ૨. વિષય, ૩. સંસ્થાન, ૪. આભ્યંતર-બાહ્ય, ૫. દેશાવધિ,

६ ओहिस्स य खय वुड्ढी ७ पडिवाई चेवऽपडिवाइ ॥

- पण्ण. प. ३३, सु. १९८१

૬. અવધિનું ક્ષય અને વૃદ્ધિ, ૭. પ્રતિપાતી-અપ્રતિપાતી. (આ સાત દ્વારોનાં માધ્યમથી પ્રજ્ઞાપના સૂત્રનાં અવધિજ્ઞાન પદમાં અવધિજ્ઞાનનું વર્ણન છે.)

१ अणंतरागयआहारे २ आहाराभोगणाइ य ।
३ पोग्गला नेव जाणंति ४ अज्झवसाणा य आहिया ।
५ सम्मत्तस्स अभिगमे तत्तो ६ परियारणा य बोद्धव्वा ।
७ काए फासे रूवे सद्दे य मणे य अप्पबहुं ॥

- पण्ण. प. ३४, सु. २०३२

૧. અનન્તરાગત આહાર, ૨. આહારભોગતા આદિ,
૩. પુદ્ગલોને જાણતાં નથી, ૪. અધ્યવસાન,
૫. સમ્યક્ત્વનો અભિગમ, ૬. કાય, સ્પર્શ, રુપ, શબ્દ અને મનથી સંબંધિત પરિચારણા અને
૭. અંતમાં કાય, સ્પર્શ, રુપ, શબ્દ અને મનથી પરિચારણા કરનારનું અલ્પબહુત્વ, (આ સાત દ્વારોનું પ્રજ્ઞાપના સૂત્રનાં પરિચારણા પદમાં વર્ણન કરેલ છે.)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

४६. **अणुओगद्दारस्स उवसंहारो -**

सोलससयाणि चउरूत्तराणि, गाहाण जाण सव्वग्गं ।
दुसहस्समणुट्ठुभछंदवित्तपरिमाणओ भणियं ॥

नगरमहादारा इव कम्मद्दाराणुओगवरदारा ।
अक्खर-बिंदु मत्ता लिहिया, दुक्खक्खयट्ठाए ॥

- अणु. सु. ६०६

४६. **અનુયોગ દ્વારનો ઉપસંહાર :**

અનુયોગ દ્વાર સૂત્રમાં કુળ મળીને સોળસો ચાર (૧૬૦૪) ગાથાઓ છે તથા બે હજાર (૨૦૦૦) અનુષ્ટુપ છંદોનું પરિમાણ છે.

જેમ મહાનગરનાં મુખ્ય-મુખ્ય ચાર દ્વાર હોય છે, તે પ્રમાણે આ શ્રીમદ્ અનુયોગદ્વાર સૂત્રનાં ઉપક્રમ આદિ ચાર દ્વાર છે. આ સૂત્રમાં અક્ષર, બિંદુ અને માત્રાઓનો જે લખેલ છે તે બધા દુઃખોનો ક્ષય કરવા માટે છે.

४७. **सूरियपण्णत्ति सुत्तस्स उक्खेवो -**

फुड-वियड-पागडत्थं, वुच्छं पुव्व-सुय-सार-णिस्संदं ।
सुहुमं गणिणोवइट्ठं जोइसगणराय-पण्णत्ति ॥३॥

नामेण "इंदभूइ" त्ति, गोयमो वंदिऊण तिविहेणं ।
पुच्छइ जिणवरवसहं, जोइसरायस्स पण्णत्तिं ॥४॥

तेणं कालेणं तेणं समएणं "मिहिला" णामं णयरी होत्था, **वण्णओ ।**

तीसे णं मिहिलाए णयरीए बहिया उत्तरपुरत्थिमे दिसिभाए, एत्थ णं "माणिभद्दे" णामं चेइए होत्था, **वण्णओ ।**

तीसे णं मिहिलाए जियसत्तू" राया परिवसइ, **वण्णओ ।**

तस्स णं जियसत्तुस्स रण्णो "धारिणी" णामं देवी होत्था, **वण्णओ ।**

तेणं कालेणं तेणं समएणं तंमि माणिभद्दे चेइए सामी समोसढे, **वण्णओ ।**

परिसा णिग्गया, धम्मो कहिओ ।

परिसा पडिगया ।

राया जामेव दिसिं पाउब्भूए तामेव दिसिं पडिगए ।

तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स जेट्ठे अंतेवासी "इंदभूई" णामं अणगारे **-जाव-** पंजलिउडे पज्जुवासमाणे एवं वयासी-

- सूरिय. पा. १, सु. १-२

४७. **સૂર્ય પ્રજ્ઞપ્તિ સૂત્રનું ઉપોદ્‌ઘાત :**

સ્પષ્ટ અને અસ્પષ્ટ સૂક્ષ્મ અર્થ-ગણિતને પ્રગટ કરવા માટે પૂર્વશ્રુતનાં સારનો નિષ્પન્દ-પ્રવાહ રુપ ગણિ દ્વારા ઉપદિષ્ટ "જ્યોતિષ ગણરાજ (ચંદ્ર-સૂર્ય) પ્રજ્ઞપ્તિ"ને હું કહીશ.

ઈન્દ્રભૂતિ નામક ગૌતમ ગોત્રીય જીનવર તીર્થંકર ભગવાન મહાવીરને ત્રિયોગ (મન-વચન-કાયા)નાં યોગથી વંદના કરીને "જ્યોતિષ ગણરાજ (ચંદ્ર-સૂર્ય) પ્રજ્ઞપ્તિનાં સંબંધમાં પૂછ્યું.

તે કાળ અને તે સમયમાં "મિથિલા" નામક નગરી હતી, **વર્ણન કરવું જોઈએ.**

તે મિથિલા નગરીની બહાર ઉત્તર-પૂર્વ "ઈશાનકોણ" દિગ્વિભાગમાં "મણિભદ્ર" નામક ચૈત્ય હતું. **વર્ણન કરવું જોઈએ.**

તે મિથિલામાં જીતશત્રુ રાજા રહેતો હતો, **વર્ણન કરવું જોઈએ.**

તે જિતશત્રુ રાજાની "ધારિણી" નામની દેવી (રાણી) હતી, **વર્ણન કરવું જોઈએ.**

તે કાળ અને તે સમયે તે માણિભદ્ર ચૈત્યમાં ભગવાન મહાવીર સ્વામી સમવસૃત થયાં. "પધાર્યા" **વર્ણન કરવું જેઈએ.**

પરિષદ "નગરીથી" નીકળી "ભ. મહાવીરે" ધર્મનું સ્વરુપ કહ્યું.

"ધર્મ શ્રવણ કરી" પરિષદ "નગરીમાં પાછી ફરી.

રાજા જે દિશાથી આવ્યા હતા, તે જ દિશામાં પાછા ફર્યા.

તે કાળ અને તે સમયમાં શ્રમણ ભ. મહાવીરનાં મોટા શિષ્ય "ઈન્દ્રભૂતિ" નામનાં અણગારે **-યાવત્-** હાથ જોડીને પર્યુપાસના કરીને આ પ્રમાણે કહ્યુ -

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**४८. वीसं पाहुडाणं विसयपरूवणं-**

१. कइ मंडलाइ वच्चइ,

२. तिरिच्छा किं च गच्छइ।

३. ओभासइ केवइयं,

४. सेयाइ किं ते संठिइ ॥१॥

५. कहिं पडिहया लेसा,

६. कहिं ते ओयसंठिई।

७. के सूरियं वरयंति,

८. कहं ते उदयसंठिई ॥२॥

९. कइ कट्ठा पोरिसिच्छाया,

१०. जोगे किं ते व आहिए।

११. किं ते संवच्छरेणाई,

१२. कइ संवच्छराइ य ॥३॥

१३. कहं चंदमसो वुड्ढी,

१४. कया ते दोसिणा बहू।

१५. के सिग्घगई वुत्ते,

१६. कहं दोसिण लक्खणं ॥४॥

१७. चयणोववाय,

१८. उच्चत्ते,

१९. सूरिया कइ आहिया।

२०. अणुभावे के व संवुत्ते, एवमेयाइं वीसई ॥५॥

- सूरिय. पा. १, सु. ३

**૪૮. વીસ પ્રાભૃતોનું વિષય પ્રરુપણ :**

૧. વર્ષ ભરમાં સૂર્ય કેટલા મંડળોમાં "કેટલીવાર" ગતિ કરે છે ?

૨. તિર્યક્ લોકમાં સૂર્ય કેટલા ક્ષેત્રને પ્રકાશિત કરે છે ?

૩. ચંદ્ર સૂર્ય કેટલા ક્ષેત્રને પ્રકાશિત કરે છે ?

૪. ચંદ્ર સૂર્યનાં પ્રકાશની મર્યાદા કેટલી છે ?

૫. સૂર્યની તેજોલેશ્યા ક્યાં અવરુદ્ધ થાય છે ?

૬. સૂર્યનાં ઓજ "પ્રકાશ"ની સ્થિતિ કેવી છે ?

૭. સૂર્યનો પ્રકાશ ક્યા પુદ્‌ગલો પર પડે છે ?

૮. ચંદ્ર-સૂર્યનાં "ઉદય" "અસ્ત"ની સ્થિતિ કેવી છે ?

૯. પોરષી છાયાનું પ્રમાણ કેટલુ છે ?

૧૦. ચંદ્રની સાથે યોગ કરનાર ક્યા ક્યા નક્ષત્ર છે ?

૧૧. સંવત્સરોનું આદિ કાળ કયો છે ?

૧૨. સંવત્સર કેટલા છે ?

૧૩. ચંદ્રનાં પ્રકાશની હાનિ-વૃદ્ધિ ક્યા પ્રકારથી થાય છે ?

૧૪. ચંદ્રની ચાંદની ક્યારે ઘટે છે અને ક્યારે વધે છે ?

૧૫. ચંદ્રાદિ ગ્રહોમાં કોની શીઘ્ર ગતિ છે અને કોની મંદ ગતિ છે ?

૧૬. ચંદ્રની ચાંદનીનું સ્વરુપ શું છે ?

૧૭. ચંદ્રાદિનું ચ્યવન (દેહત્યાગ) અને ઉપપાત (દેહ પ્રાદુર્ભાવ) કેવો છે?

૧૮. સમભૂતળથી ચંદ્રાદિની ઉંચાઈ કેટલી છે ?

૧૯. જંબૂદ્વીપ આદિમાં સૂર્યાદિની સંખ્યા કેટલી છે ?

૨૦. ચંદ્રાદિનો પ્રભાવ કેવો છે ? વીસ પ્રાભૃતોમાં આ વિષયોનું વર્ણન કરેલ છે.

**४९. पढमपाहुडगय अट्ठपाहुडपाहुडाणं विसयं पडिवत्ति संखा य परूवणं -**

१. वड्ढो वड्ढी मुहूत्ताण,

२. मद्धमंडल संठिई ॥

३. के ते चिण्णं परियरइ,

**૪૯. પ્રથમ પ્રાભૃતગત આઠ પ્રાભૃત-પ્રાભૃતોનાં વિષય અને પ્રતિપત્તિ સંખ્યાનું પ્રરુપણ :**

૧. નક્ષત્ર માસોનાં મુહૂર્તોની હાનિવૃદ્ધિ ક્યા પ્રકારની છે ?

૨. સૂર્યોની અર્ધ્ય મંડલ સંસ્થિતિ ક્યા પ્રકારની છે ?

૩. ક્યો સૂર્ય ક્યા સૂર્યનાં સંચરિત ક્ષેત્રમાં સંચરણ કરે છે ?

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

४. अंतरं किं चरंति य ॥१॥

૪. એક સૂર્ય બીજા સૂર્યથી કેટલા અંતર પર ગતિ કરે છે ?

५. ओगाहइ केवइयं,

૫. કેટલા દ્વીપ સમુદ્રોનું અવગાહન કરીને સૂર્ય ગતિ કરે છે ?

६. केवइयं य विकंपइ,

૬. પ્રત્યેક સૂર્ય કેટલા ક્ષેત્રને છોડીને ગતિ કરે છે ?

७. मंडलाण य संठाणे,

૭. સૂર્યમંડળોનાં સંસ્થાન કેવા છે ?

८. विक्खंभो-अट्ठ पाहुडा ॥२॥

૮. સૂર્ય મંડળોનાં વિષ્કંભ કેટલા છે ?

આ પ્રથમ પ્રાભૃતનાં અન્તર્ગત આઠ-આઠ પ્રાભૃત પ્રાભૃતોનાં વિષયોનું પ્રરુપણ છે.

४. छ,

૪. પ્રથમ પ્રાભૃતનાં ચતુર્થ પ્રાભૃત-પ્રાભૃતમાં "સૂત્ર ૧૫માં" ૬ પ્રતિપત્તિઓ છે.

५. प्पंच य,

૫. પ્રથમ પ્રાભૃતનાં પંચમ પ્રાભૃત-પ્રાભૃતમાં "સૂત્ર ૧૬માં" ૫ પ્રતિપ્રત્તિઓ છે.

६. सत्तेव य,

૬. પ્રથમ પ્રાભૃતનાં છઠ્ઠા પ્રાભૃત-પ્રાભૃતમાં "સૂત્ર ૮માં" ૭ પ્રતિપત્તિઓ છે.

७. अट्ठ,

૭. પ્રથમ પ્રાભૃતનાં સાતમાં પ્રાભૃત-પ્રાભૃતમાં "સૂત્ર ૯માં" ૮ પ્રતિપતિઓ છે.

८. तिन्नि य हवंति पडिवत्ती ॥

૮. પ્રથમ પ્રાભૃતનાં આઠમાં પ્રાભૃત-પ્રાભૃતમાં "સૂત્ર ૨૦માં" ૩ પ્રતિપત્તિઓ છે.

९. पढमस्स पाहुडस्स, हवंति एयाउ पडिवत्ती ॥१॥

- सूरिय. पा. १, सु. ४-५

૯. પ્રથમ પ્રાભૃતનાં પાંચ પ્રાભૃત-પ્રાભૃતમાં "સૂત્ર ૧૫ થી ૨૦માં" આ ૨૯ પ્રતિપતિઓ છે.

**५०. बिइयपाहुडस्स विसयं पडिवत्ति संखा य परूवणं -**

**૫૦. દ્વિતીય પ્રાભૃતનાં વિષય અને પ્રતિપત્તિ સંખ્યાનું પ્રરુપણ :**

१. पडिवत्तीओ उदए, तह अत्थमणेसु य ॥

૧. દ્વિતીય પ્રાભૃતનાં પ્રથમ પ્રાભૃત-પ્રાભૃતમાં સૂર્યનાં ઉદય અસ્તથી સંબંધિત પ્રતિપત્તીઓ છે.

२. भेयग्घाए कण्णकला,

૨. દ્વિતીય પ્રાભૃતનાં દ્વિતીય પ્રાભૃત-પ્રાભૃતમાં ભેદ ઘાત અને કર્ણકળાનું વર્ણન છે.

३. मुहुत्ताणं गती ति य ॥

૩. દ્વિતીય પ્રાભૃતનાં તૃતીય પ્રાભૃત-પ્રાભૃતમાં એક મુહૂર્તમાં થનારી સૂર્યની ગતિનું વર્ણન છે.

निक्खममाणे सिग्घगई,

સર્વાભ્યન્તર મંડળથી નીકળતા સૂર્યની શીઘ્ર ગતિ હોય છે.

पविसंते मंदगई इ य ।

આભ્યંતર મંડળોમાં પ્રવેશ કરતા સૂર્યની મંદ ગતિ હોય છે.

चुलसीइ सयं पुरिसाणं, तेसिं च पडिवत्तीओ ॥२॥

સૂર્યનાં એક સો ચોર્યાસી મંડળોમાં સૂર્યનો પુરુષ ચક્ષુ દ્વારા દર્શન અને તેની પ્રતિપત્તિઓ છે.

१. उदयंमि अट्ठ भणिया,

૧. દ્વિતીય પ્રાભૃતનાં પ્રથમ પ્રાભૃત-પ્રાભૃતમાં "સૂર્યોદય સૂર્યાસ્ત" થી સંબંધિત આઠ પ્રતિપત્તિઓ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

२. भेयग्घाए दुवे य पडिवत्ती।

૨. દ્વિતીય પ્રાભૃતનાં દ્વિતીય પ્રાભૃત-પ્રાભૃતમાં ભેદ ઘાત અને કર્ણકળાથી સંબંધિત બે પ્રતિપત્તિઓ છે.

३. चत्तारि मुहुत्तगईए, हुंति तइयंमि पडिवत्ती ॥३॥

- सूरिय. पा. १, सु. ६

૩. દ્વિતીય પ્રાભૃતનાં તૃતીય પ્રાભૃત-પ્રાભૃતમાં સૂર્યની મુહૂર્ત ગતિથી સંબંધિત ચાર પ્રતિપતિઓ છે.

**५१. दसमेपाहुडे बावीसं पाहुडपाहुडाणं विसय परूवणं -**

**૫૧. દસમ પ્રાભૃતનાં બાવીસ પ્રાભૃત-પ્રાભૃતોનાં વિષયોનું પ્રરુપણ :**

१. आवलिय,

૧. પ્રથમ પ્રાભૃત-પ્રાભૃતમાં નક્ષત્રોનાં ક્રમનું વર્ણન.

२. मुहुत्तग्गो,

૨. દ્વિતીય પ્રાભૃત-પ્રાભૃતમાં નક્ષત્રોનાં મુહૂર્તોનું વર્ણન.

३. एवं भागा य,

૩. તૃતીય પ્રાભૃત-પ્રાભૃતમાં નક્ષોત્રોનાં પૂર્વાદિ દિગ્વિભાગોનું વર્ણન.

४. जोगस्स।

૪. ચતુર્થ પ્રાભૃત-પ્રાભૃતમાં નક્ષત્રોનાં યોગ પ્રારંભ આદિનું વર્ણન.

५. कुलाइं,

૫. પાંચમા પ્રાભૃત-પ્રાભૃતમાં નક્ષોત્રોનાં કુળ આદિનું વર્ણન.

६. पुण्णमासी य,

૬. છઠ્ઠા પ્રાભૃત- પ્રાભૃતમાં પૂર્ણમાસીમાં નક્ષત્રાદિનાં યોગોનું વર્ણન.

७. सन्निवाए य,

૭. સાતમાં પ્રાભૃત-પ્રાભૃતમાં પૂર્ણિમા અને અમાવસ્યામાં નક્ષત્રોનાં સમાનયોગોનું વર્ણન.

८. संठिई ॥१॥

૮. આઠમાં પ્રાભૃત-પ્રાભૃતમાં નક્ષત્રોની સંસ્થિતિનું વર્ણન.

९. तारग्गं च,

૯. નવમા પ્રાભૃત-પ્રાભૃતમાં નક્ષોત્રોનાં તારાઓની સંખ્યાનું વર્ણન.

१०. नेता य,

૧૦. દસમાં પ્રાભૃત-પ્રાભૃતમાં નક્ષત્રોનાં નેતાઓ અહોરાત્ર પૂર્ણ કરનાર નક્ષત્રોનું વર્ણન.

११. चंदमग्गत्ति-यावरे।

૧૧. અગિયારમાં પ્રાભૃત-પ્રાભૃતમાં ચંદ્રમંડળનાં નક્ષત્રોથી સંબંધનું વર્ણન.

१२. देवता य अज्झयणे,

૧૨. બારમાં પ્રાભૃત-પ્રાભૃતમાં નક્ષત્રોનાં અધિપતિ દેવતાઓનું વર્ણન.

१३. मुहुत्ताणं नामाइ य ॥२॥

૧૩. તેરમાં પ્રાભૃત-પ્રાભૃતમાં મુહૂર્તોનાં નામોનું વર્ણન.

१४. दिवसा-राइवुत्ता य,

૧૪. ચૌદમાં પ્રાભૃત-પ્રાભૃતમાં દિવસ અને રાત્રિનાં નામોનું વર્ણન.

१५. तिहि,

૧૫. પંદરમાં પ્રાભૃત-પ્રાભૃતમાં તીથિઓનાં નામોનું વર્ણન.

१६. गोत्ता,

૧૬. સોળમા પ્રાભૃત-પ્રાભૃતમાં નક્ષત્રોનાં ગોત્રોનું વર્ણન.

१७. भोयणाणि य।

૧૭. સત્તરમાં પ્રાભૃત-પ્રાભૃતમાં નક્ષત્ર દોષ નિવારણ ભોજનનું વર્ણન.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

१८. आइच्चचार,

१८. અઢારમાં પ્રાભૃત-પ્રાભૃતમાં સૂર્ય અને ચંદ્રની ગતિનું વર્ણન.

१९. मासा य,

૧૯. ઓગણીસમાં પ્રાભૃત-પ્રાભૃતમાં માસનાં નામોનું વર્ણન.

२०. पंच संवच्छराइ य ॥३॥

૨૦. વીસમાં પ્રાભૃત-પ્રાભૃતમાં પાંચ સંવત્સરોનું વર્ણન.

२१. जोइस्स य दाराइं,

૨૧. એકવીસમાં પ્રાભૃત-પ્રાભૃતમાં જ્યોતિષ્કોનાં દ્વારોનું વર્ણન.

२२. नक्खत्ता विजये वि य ।

૨૨. બાવીસમાં પ્રાભૃત-પ્રાભૃતમાં ચંદ્ર સૂર્યની સાથે નક્ષત્રોનાં યોગોનું વર્ણન.

दसमे पाहुडे एए, बावीसं पाहुड-पाहुडा ॥४॥[1]

- सूरिय. पा. १, सु. ७

દસમાં પ્રાભૃતમાં આ બાવીસ "પ્રાભૃત-પ્રાભૃત" છે.

## ५२. सूरियपण्णत्ति सुत्तस्स उवसंहारो -

इइ एस पाहुडत्था, अभव्वजणहियय दुल्लहा इणमो ।
उक्कित्तिया भगवइ, जोइसरायस्स पण्णत्ती ॥

एस गहिया वि संता, थद्धे गारविय माणि-पडिणीए ।

अबहुस्सए ण देया, तव्विवरीए भवे देया ॥

सद्धा धिइ उट्ठाणुच्छह-कम्म-बल-विरिय पुरिसकारेहिं ।
जो सिक्खिओऽवि संतो, अभायणे पक्खिवेज्जाहिं ॥
सो पवयण-कुल-गण-संघबाहिरो, णाण-विणय-परिहीणो ।
अरहंत-थेर गणहरमेरं, किर होइ वोलीणो ॥

तम्हा धिइ उट्ठाणुच्छाह, कम्म-बल विरियसिक्खिअं णाणं ।
धारेयव्वं णियमा ण य अविणएसु दायव्वं ॥
वीरवरस्स भगवओ, जर-मरण-किलेस-दोसरहियस्स ।
वंदामि विणयपणओ, सोक्खुप्पाए सया पाए ॥

- सूरिय. पा. २०, सु. १०७

## ૫૨. સૂર્ય પ્રજ્ઞપ્તિ સૂત્રનો ઉપસંહાર :

તે ભગવતી જ્યોતિષરાજ પ્રજ્ઞપ્તિ કહી છે. એમાં કહ્યા પ્રાભૃતોનાં અર્થ અયોગ્ય અવિનયી હૃદયોનાં માટે દુર્લભ છે.

જો કોઈ અવિનયી એ પ્રાભૃતોનાં અર્થ ગ્રહણ પણ કરી લે તો તે અહંકારી ઘમંડી અભિમાની વિરોધી થઈ જશે.

માટે અબહુશ્રુતોને આ પ્રાભૃતાર્થ આપવા ન જોઈએ. પરંતુ બહુશ્રુતને જ આપવા જોઈએ.

જે શ્રદ્ધા, ધૈર્ય, ઉત્થાન, ઉત્સાહ, કર્મ, બળ, વીર્ય અને પુરુષાર્થથી સીખેલ પ્રાભૃતોનાં અર્થ અપાત્રને આપશે તો તે નિર્ગ્રંથ પ્રવચન, કુળ, ગણ, સંઘથી બહિષ્કાર થઈ જાય છે. જ્ઞાન અને વિનયથી હીન થઈ જાય છે તથા અરિહંત (તીર્થંકર) ગણધર અને સ્થવિરોની મર્યાદાને ભંગ કરનાર હોય છે.

માટે ધૈર્ય, ઉત્થાન અને ઉત્સાહથી તથા કર્મ બળ વીર્યથી સીખેલ જ્ઞાન નિશ્ચય જ સ્વયંને ધારણ કરીને રાખવું જોઈએ. પરંતુ અવિનયી લોકોને ન આપવું જોઈએ. શાશ્વત સુખની પ્રાપ્તિ માટે જરા મરણ કલેશાદિ દોષથી રહિત ભગવાન મહાવીરનાં ચરણોમાં વિનય સહિત સદા વંદન કરું છું.

## ५३. कालियसुयं -

प. से किं तं कालियं ?

उ. कालियं अणेगविहं पण्णत्तं, तं जहा -

१. उत्तरज्झयणाइं, २. दसाओ,

३. कप्पो, ४. ववहारो,

## ૫૩. કાલિક શ્રુત :

પ્ર. કાલિક શ્રુત કેટલા પ્રકારનાં છે ?

ઉ. કાલિક શ્રુત અનેક પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. ઉત્તરાધ્યયન, ૨. દશાશ્રુત સ્કંધ,

૩. બૃહત્કલ્પ, ૪. વ્યવહાર,

१. चंद. पा. १, सु. १-७

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | |
|---|---|
| ५. णिसीहं, ६. महाणिसीहं, | ૫. નિશીથ, ૬. મહાનિશીથ, |
| ७. इसिभासियाइं, ८. जंबुद्दीवपण्णत्ती, | ૭. ઋષિભાષિત, ૮. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ, |
| ९. दीवसागरपण्णत्ती, १०. चंदपण्णत्ती,[१] | ૯. દ્વીપ સાગર પ્રજ્ઞપ્તિ, ૧૦. ચંદ્ર પ્રજ્ઞપ્તિ, |
| ११. खुड्डिया विमाणपविभत्ती, | ૧૧. ક્ષુદ્રિકા વિમાન પ્રવિભક્તિ, |
| १२. महल्लिया विमाणपविभत्ती, | ૧૨. મહલ્લિકા વિમાન પ્રવિભક્તિ, |
| १३. अंगचूलिया, १४. वग्गचूलिया, | ૧૩. અંગ ચૂલિકા, ૧૪. વર્ગ ચૂલિકા, |
| १५. विवाहचूलिया, १६. अरूणोववाए, | ૧૫. વિવાહ ચૂલિકા, ૧૬. અરુણોપપાત, |
| १७. वरूणोववाए, १८. गरूलोववाए, | ૧૭. વરુણોપપાત, ૧૮. ગરુડોપપાત, |
| १९. धरणोववाए, २०. वेसमणोववाए, | ૧૯. ધરણોપપાત, ૨૦. વૈશ્રમણોપપાત, |
| २१. देविंदोववाए, २२. वेलंधरोववाए, | ૨૧. દેવેન્દ્રોપપાત, ૨૨. વેલંધરોપપાત, |
| २३. उट्ठाणसुयं, २४. समुट्ठाणसुयं, | ૨૩. ઉત્થાન શ્રુત, ૨૪. સમુત્થાન શ્રુત, |
| २५. नागपरियावणियाओ, | ૨૫. નાગ પરિજ્ઞાપનિકા, |
| २६. निरयावलियाओ (कप्पियाओ) | ૨૬. નિરયાવલિકા (કલ્પિકા) |
| २७. कप्पवडिंसियाओ, २८. पुप्फियाओ, | ૨૭. કલ્પાવતંસિકા, ૨૮. પુષ્પિકા, |
| २९. पुप्फचूलियाओ, ३०. वण्हीदसाओ, | ૨૯. પુષ્પ ચૂલિકા, ૩૦. વૃષ્નિદશા, |

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्

एवमाइयाइं चउरासीइ पइण्णगसहस्साइं भगवओ अरहंतो सिरि उसहसामिस्स आइतित्थयरस्स,

ઈત્યાદિ ચોર્યાસી હજાર (૮૪,૦૦૦) પ્રકીર્ણક આદિ તીર્થંકર અર્હંત ભગવંત શ્રી ઋષભદેવ સ્વામીનાં છે.

तहा संखेज्जाणि पइण्णगसहस्साणि मज्झिमगाणं जिणवराणं,

સંખ્યાત સહસ્ત્ર પ્રકીર્ણક મધ્યમ તીર્થંકરોનાં છે.

चोद्दस पइण्णगसहस्साणि भगवओ वद्धमाण-सामिस्स ।

ચૌદ હજાર પ્રકીર્ણક ભગવાન મહાવીર સ્વામીનાં છે.

**अहवा** जस्स जत्तिया सिस्सा उप्पत्तियाए वेणइयाए, कम्मयाए पारिणामियाए चउव्विहाए बुद्धीए उववेया तस्स तत्तियाइं पइण्णगसहस्साइं,

**અથવા** જે તીર્થંકરનાં જેટલા શિષ્ય ઔત્પાતિકી, વૈનયિકી, કર્મજા અને પારિણામિકી બુદ્ધિથી યુક્ત છે તેના તેટલા જ હજાર પ્રકીર્ણક હોય છે.

पत्तेयबुद्धा वि तत्तिया चेव ।

પ્રત્યેકબુદ્ધ પણ તેટલા જ હોય છે.

***से तं कालियं ।***

***આ કાલિક શ્રુતનું વર્ણન છે.***

***से तं आवस्सयवइरित्तं ।***

***આ આવશ્યક-વ્યતિરિક્ત-શ્રુતનું વર્ણન છે.***

***से तं अणंगपविट्ठं ।***

***આ અંગ બાહ્યશ્રુતનું વર્ણન છે.***

- नंदी. सु. ८४-८५

---

१. चत्तारि पण्णत्तीओ अंगबाहिरियाओ पण्णत्ताओ, तं जहा -

१. चंदपण्णत्ती, २. सूरपण्णत्ती,

३. जंबूद्दीवपण्णत्ती, ३. दीवसागरपण्णत्ती । - ठाणं. अ. ४, उ. १, सु. २७७

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**५४. उत्तरज्झयणस्स अज्झयणा -**

छत्तीसं उत्तरज्झयणा पण्णत्ता, तं जहा -

| | |
|---|---|
| १. विणयसुयं, | २. परीसहो, |
| ३. चाउरंगिज्जं, | ४. असंखयं, |
| ५. अकाममरणिज्जं, | ६. पुरिसविज्जा, |
| ७. उरब्भिज्जं, | ८. काविलियं, |
| ९. नमिपव्वज्जा, | १०. दुमपत्तयं, |
| ११. बहुसुयपूजा, | १२. हरिएसिज्जं, |
| १३. चित्तसंभूयं, | १४. उसुकारिज्जं, |
| १५. सभिक्खुयं, | १६. समाहिठाणाइं, |
| १७. पावसमणिज्जं, | १८. संजइज्जं, |
| १९. मियचारिया, | २०. अणाहपव्वज्जा, |
| २१. समुद्दपालिज्जं, | २२. रहनेमिज्जं, |
| २३. गोयमकेसिज्जं, | २४. समितीओ, |
| २५. जन्नइज्जं, | २६. सामायारी, |
| २७. खलुंकिज्जं, | २८. मोक्खमग्गगई, |
| २९. अप्पमाओ, | ३०. तवोमग्गो, |
| ३१. चरणविही, | ३२. पमायठाणाइं, |
| ३३. कम्मपयडी, | ३४. लेस्सज्झयणं, |
| ३५. अणगारमग्गे, | ३६. जीवाजीवविभत्ती य। |

- सम., सम. ३६, सु. १

**૫૪. ઉત્તરાધ્યયનનાં અધ્યયન :**

ઉત્તરાધ્યયન સૂત્રનાં છત્રીસ અધ્યયન કહ્યા છે, જેમકે -

| | |
|---|---|
| ૧. વિનયશ્રુત, | ૨. પરીષહ, |
| ૩. ચતુરંગીય, | ૪. અસંસ્કૃત, |
| ૫. અકામ મરણીય, | ૬. પુરુષવિદ્યા, |
| ૭. ઔરભ્રીય, | ૮. કાપિલ્ય, |
| ૯. નમિપ્રવ્રજ્યા, | ૧૦. દ્રુમપત્રક, |
| ૧૧. બહુશ્રુતપૂજા, | ૧૨. હરિકેશી, |
| ૧૩. ચિત્તસંભૂતી, | ૧૪. ઈષુકારી, |
| ૧૫. સભિક્ષુ, | ૧૬. સમાધિસ્થાન, |
| ૧૭. પાપશ્રમણ, | ૧૮. સંયતી, |
| ૧૯. મૃગચારિકા, | ૨૦. અનાથ પ્રવ્રજ્યા (મૃગાપુત્ર) |
| ૨૧. સમુદ્રપાલ, | ૨૨. રથનેમી, |
| ૨૩. ગૌતમ કેશી, | ૨૪. સમિતિ, |
| ૨૫. યજ્ઞીય, | ૨૬. સમાચારી, |
| ૨૭. ખલુંકીય, | ૨૮. મોક્ષમાર્ગગતિ, |
| ૨૯. અપ્રમાદ, | ૩૦. તપોમાર્ગ, |
| ૩૧. ચરણવિધિ, | ૩૨. પ્રમાદસ્થાન, |
| ૩૩. કર્મપ્રકૃતિ, | ૩૪. લેશ્યા અધ્યયન, |
| ૩૫. અણગારમાર્ગ, | ૩૬. જીવાજીવવિભક્તિ. |

**५५. परीसहऽज्झयणस्स उक्खेवो -**

सुयं मे, आउसं ! तेणं भगवया एवमक्खायं -

इह खलु बावीसं परीसहा समणेणं भगवया महावीरेणं कासवेणं पवेइया, जे भिक्खू सोच्चा, नच्चा, जिच्चा, अभिभूय भिक्खायरियाए परिव्वयन्तो पुट्ठो नो विहन्नेज्जा।

कयरे खलु ते बावीसं परीसहा समणेणं भगवया महावीरेणं कासवेणं पवेइया, जे भिखू सोच्चा, नच्चा, जिच्चा, अभिभूय भिक्खायरियाए परिव्वयन्तो पुट्ठो नो विहन्नेज्जा ?

**૫૫. પરીષહ અધ્યયનનો ઉપોદ્ઘાત :**

હે આયુષ્યમન્ ! મેં સાંભળ્યું છે, તે ભગવાને આ પ્રમાણે કહ્યું છે :

કાશ્યપગોત્રીય શ્રમણ ભગવાન મહાવીરે બાવીસ પરીષહ કહ્યા છે. જેને સાંભળીને, જાણીને, અભ્યાસના દ્વારા પરિચિત કરી, પરાજીત કરી અને ભિક્ષાચર્યાનાં માટે પર્યટન કરતા થકા ભિક્ષુ આ પરીષહોથી સ્પૃષ્ટ થઈ જવા પર પણ વિચલિત થતા નથી.

તે બાવીસ પરીષહ કયા છે, જે કાશ્યપગોત્રીય શ્રમણ ભગવાન મહાવીરે કહ્યા છે, જેને સાંભળીને, જાણીને અભ્યાસનાં દ્વારા પરિચિત કરી, પરાજીત કરી ભિક્ષાચર્યાનાં માટે પર્યટન કરતા ભિક્ષુ તેનાથી સ્પૃષ્ટ થઈ જવા પર પણ વિચલિત થતાં નથી ?

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

इमे खलु ते बावीसं परीसहा समणेणं भगवया महावीरेणं कासवेणं पवेइया, जे भिक्खू सोच्चा, नच्चा, जिच्चा, अभिभूय, भिक्खायरियाए परिव्वयन्तो पुट्ठो नो विहन्नेज्जा।[1] - उत्त. अ. २, सु. १-२

તે બાવીસ પરીષહ આ છે, જે કાશ્યપગોત્રીય શ્રમણ ભગવાન મહાવીરે કહ્યા છે, જેને ભિક્ષુ સાંભળીને, જાણીને, અભ્યાસનાં દ્વારા પરિચિત કરી, પરાજીત કરી, ભિક્ષાચર્યાનાં માટે પર્યટન કરતા ભિક્ષુ તેનાથી સ્પૃષ્ટ થઈ જવા પર પણ વિચલિત થતા નથી.

**५६. सम्मत्तपरक्कमस्स निक्खेवो -**

एस खलु सम्मत्तपरक्कमस्स अज्झयणस्स अट्ठे समणेणं भगवया महावीरेणं आघविए, पन्नविए, परूविए, दंसिए, निदंसिए, उवदंसिए।

- उत्त. अ. २९, सु. ७४

**૫૬. સમ્યક્ત્વ પરાક્રમ અધ્યયનનો ઉપસંહાર :**

શ્રમણ ભગવાન મહાવીરે સમ્યક્ત્વ પરાક્રમ નામના અધ્યયનનો આ અર્થ કહ્યો છે, પ્રજ્ઞાપિત કરેલ છે, પ્રરુપિત કરેલ છે, દર્શિત, વિશેષ રુપથી દર્શિત અને ઉપદર્શિત કરેલ છે.

**५७. उत्तरज्झयणस्स कइपय अज्झयणाणं उक्खेव-निक्खेवो -**

संजोगा विप्पमुक्कस्स, अणगारस्स भिक्खुणो।
अयारं पाउकरिस्सामि, आणुपुव्विं सुणेह मे॥

- उत्त. अ. ११, गा. १

**૫૭. ઉત્તરાધ્યયન સૂત્રનાં કેટલાક અધ્યયનોનાં ઉત્ક્ષેપ - નિક્ષેપ :**

જે (બાહ્ય અને આભ્યન્તર) સંયોગથી સર્વથા મુક્ત અનગાર ભિક્ષુ છે, તેના આચારને અનુક્રમથી હું પ્રકટ કરીશ. (તેને) મારાથી સાંભળો.

एवं से उदाहु अणुत्तरनाणी, अणुत्तरदंसी अणुत्तरनाण-दंसणधरे। अरहा नायपुत्ते भगवं, वेसालिए वियाहिए।

- उत्त. अ. ६, गा. १८

આ પ્રમાણે અનુત્તરજ્ઞાની, અનુત્તરદર્શી, અનુત્તરજ્ઞાન-દર્શનધારક, અર્હત્ વ્યાખ્યાતા, જ્ઞાતપુત્ર, વૈશાલિક (તીર્થંકર) ભગવાન મહાવીરે અપ્રમાદનો ઉપદેશ કહ્યો છે.

इह एस धम्मे अक्खाए, कविलेणं च विसुद्धपन्नेणं।
तरिहिन्ति जे उ काहिन्ति, तेहिं आराहिया दुवे लोगा॥

- उत्त. अ. ८, गा. २०

આ પ્રમાણે વિશુદ્ધ પ્રજ્ઞાવાળા કપિલે આ ધર્મનું પ્રતિપાદન કરેલ છે. જે આ ધર્મની સમ્યક્ આરાધના કરશે, તે સંસારસાગરને પાર કરશે અને તેના દ્વારા બંને લોક આરાધિત થશે.

एसा अजीवविभत्ती, समासेण वियाहिया।
इत्तो जीवविभत्तिं वुच्छामि अणुपुव्वसो॥

- उत्त. अ. ३६, गा. ४७

આ સંક્ષેપથી અજીવ વિભાગનો નિરુપણ કરેલ છે. હવે અહીંથી આગળ જીવ વિભાગનો ક્રમશઃ વર્ણન કરીશ.

**५८. उत्तरज्झयणस्स निक्खेवो -**

इइ पाउकरे बुद्धे, नायए परिनिव्वुए।
छत्तीसं उत्तरज्झाए, भवसिद्धियसम्मए॥ **त्ति बेमि॥**

- उत्त. अ. ३६, गा. २६८

**૫૮. ઉત્તરાધ્યયન સૂત્રનો ઉપસંહાર :**

આ પ્રમાણે ભવ્ય જીવોને અભીષ્ટ છત્રીસ ઉત્તમ અધ્યાયોને પ્રકટ કરીને બોધિ પ્રાપ્ત જ્ઞાતવંશીય ભગવાન મહાવીર નિર્વાણને પ્રાપ્ત થયા, **એવું હું કહું છું.**

**५९. दसासुयक्खंधस्स पढमा दसाया उक्खेव-निक्खेवो -**

सुयं मे आउसं! तेणं भगवया एवमक्खायं -

इह खलु थेरेहिं भगवंतेहिं वीसं असमाहिट्ठाणा पण्णत्ता।

प. कयरे खलु ते थेरेहिं भगवंतेहिं वीसं असमाहिट्ठाणा पण्णत्ता?

**૫૯. દશાશ્રુતસ્કંધની પ્રથમ દશાનો ઉત્ક્ષેપ-નિક્ષેપ :**

હે આયુષ્યમાન્ ! મેં સાંભળ્યું છે- તે ભગવાન મહાવીર સ્વામીએ આવું કહ્યુ છે :

આ આર્હત્ પ્રવચનમાં નિશ્ચયથી સ્થવિર ભગવંતોએ વીસ અસમાધિસ્થાન કહ્યા છે.

પ્ર. સ્થવિર ભગવન્તોએ તે ક્યા વીસ અસમાધિસ્થાન કહ્યા છે ?

૧. પરીષહોનું વર્ણન ચરણાનુયોગ (હિન્દી)ના બીજા ભાગે પા.નં. ૯૭૨ પર જુઓ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उ. इमे खलु ते थेरेहिं भगवंतेहिं वीसं असमाहिट्ठाणा पण्णत्ता[1]।

ઉ. સ્થવિર ભગવંતોએ તે વીસ અસમાધિસ્થાન આ પ્રમાણે કહ્યા છે, (આગળનું વર્ણન ચરણાનુયોગમાં જુવો)

**निक्खेवो**-एए खलु ते थेरेहिं भगवंतेहिं वीसं असमाहिट्ठाणा पण्णत्ता,[2] **त्ति बेमि।**

- दसा. द. १, सु. १

**નિક્ષેપ :** સ્થવિર ભગવંતોએ વીસ અસમાધિસ્થાન કહ્યા છે. **એવું હું કહું છું.**

**६०. दसा-कप्प-ववहाराणं अज्झयणा -**

छव्वीसं दसा-कप्प-ववहाराणं उद्देसणकाला पण्णत्ता, तं जहा -

दस दसाणं, छ कप्पस्स, दस ववहारस्स।

- सम. सम. २६, सु. १

**૬૦. દશા-કલ્પ- વ્યવહારનાં અધ્યયન :**

દશા-કલ્પ અને વ્યવહાર સૂત્રનાં છવીસ ઉદ્દેશનકાળ (અધ્યયન) કહ્યા છે, જેમકે -

દશાશ્રુત સ્કંધનાં દસ, બૃહત્ કલ્પ સૂત્રનાં છ અને વ્યવહાર સૂત્રનાં દસ અધ્યયન છે.

**६१. इसिभासियऽज्झयणस्स संखा -**

चोयालीसं अज्झयणा इसिभासियादियलोगचुया भासिया पण्णत्ता।

- सम. सम. ४४, सु. १

**૬૧. ઋષિભાષિત અધ્યયનોની સંખ્યા :**

દેવલોકથી ચ્યુત-ઋષિભાષિતનાં ચુમાલીસ (૪૪) અધ્યયન કહ્યા છે.

**६२. जंबूदीवपण्णत्तीए उवसंहारो-**

तए णं समणं भगवं महावीरं मिहिलाए णयरीए माणिभद्दे चेइए बहूणं समणाणं, बहूणं समणीणं, बहूणं सावयाणं, बहूणं सावियाणं, बहूणं देवाणं, बहूणं देवीणं मज्झगए एवमाइक्खइ, एवं भासइ, एवं पण्णवेइ एवं परूवेइ जम्बूद्दीवपण्णत्ती णामत्ति अज्जो! अज्झयणे अट्ठं च हेउं च पसिणं च कारणं च वागरणं च भुज्जो-भुज्जो उवदंसेइ, **त्ति बेमि।**

- जंबू. वक्ख.७, सु. २१३

**૬૨. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિનો ઉપસંહાર :**

(સુધર્મા સ્વામીએ પોતાના અંતેવાસી જંબૂને સંબોધિત કરી કહ્યું -)

"હે આર્ય જંબૂ! મિથિલા નગરીનાં અન્તર્ગત માણિભદ્ર ચૈત્યમાં ઘણા બધા શ્રમણો, ઘણી બધી શ્રમણીઓ, ઘણા બધા શ્રાવકો, ઘણી બધી શ્રાવિકાઓ, ઘણા દેવો, ઘણી દેવીઓની પરિષદ્‌નાં વચ્ચે શ્રમણ ભગવાન મહાવીરે જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ નામક અધ્યયનનું આ પ્રમાણે વર્ણન, ભાષણ, નિરુપણ અને પ્રરુપણ કર્યું તથા શ્રોતાઓનાં અનુગ્રહનાં માટે અધ્યયનનાં અર્થ, હેતુ, પ્રશ્ન, કારણ અને વ્યાખ્યાનુ વારંવાર વિવેચન કર્યું," **એવું હું કહું છું.**

**६३. निरयावलिया उवंगस्स उक्खेवो-**

तेणं कालेणं तेणं समएणं रायगिहे नामं नयरे होत्था, रिद्धित्थिमियसमिद्धे गुणसीलए चेइए, **वण्णओ** असोगवरपायवे पुढविसिलापट्टए।

**૬૩. નિરયાવલિકા ઉપાંગનો ઉત્ક્ષેપ :**

તે કાળ અને તે સમયમાં રાજગૃહ નામક નગર હતું, તે ઋદ્ધિ સમૃદ્ધિ આદિથી સંપન્ન હતું, ત્યાં (ઉત્તર-પૂર્વમાં) ગુણશીલક નામક ચૈત્ય હતું. **વર્ણન કરવું જોઈએ.** ત્યાં ઉત્તમ અશોક વૃક્ષ હતું અને તેની નીચે એક પૃથ્વી-શિલાપટ્ટક સ્થિત હતું.

तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स अन्तेवासी अज्जसुहम्मे नामं अणगारे जाइसंपन्ने **-जाव-** पंचहिं अणगारसएहिं सद्धिं संपरिवुडे, पुव्वाणुपुव्विं चरमाणे, जेणेव रायगिहे नयरे **-जाव-** अहापडिरूवं उग्गहं ओगिण्हित्ता संजमेणं तवसा अप्पाणं भावेमाणे विहरइ।

તે કાળ અને તે સમયમાં શ્રમણ ભગવાન મહાવીરનાં અંતેવાસી જાતિ કુળ આદિથી સંપન્ન આર્ય સુધર્મા સ્વામી નામક અનગાર **-યાવત્-** પાંચ સો અણગારોની સાથે પૂર્વાનુપૂર્વીનાં ક્રમથી ચાલતા જ્યાં રાજગૃહ નગર હતું ત્યાં પધાર્યા **-યાવત્-** યથા પ્રતિરુપ (સાધુ મર્યાદાનુરુપ) અવગ્રહ (અનુમતિ) પ્રાપ્ત કરીને સંયમ અને તપશ્ચર્યાથી પોતાની આત્માને ભાવિત કરતાં વિચરવા લાગ્યા.

૧-૨. આ પ્રમાણે બીજી દશાથી સાતમી દશા સુધી ઉપોદ્ઘાત અને ઉપસંહાર સૂત્ર છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

परिसा निग्गया, धम्मो कहिओ, परिसा पडिगया।

तेणं कालेणं तेणं समएणं अज्जसुहम्मस्स अणगारस्स अंतेवासी जंबू णामं अणगारे समचउरंस संठाण संठिए (-जाव-) संखित्तविउल तेउलेस्से अज्जसुहम्मस्स अणगारस्स अदूरसामंते उड्ढं जाणू **-जाव-** विहरइ।

तए णं से जंबू ! जायसड्ढे **(-जाव-)** पज्जुवासमाणे एवं वयासी-

प. उवंगाणं भंते ! समणेणं भगवया महावीरेणं **-जाव-** सिद्धिगइणामधेयं ठाणं संपत्तेणं के अट्ठे पण्णत्ते ?

उ. एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं **-जाव-** सिद्धिगइणामधेयं ठाणं संपत्तेणं उवंगाणं पंच वग्गा पण्णत्ता, तं जहा -

१. निरयावलियाओ, २. कप्पवडिंसियाओ,
३. पुप्फियाओ, ४. पुप्फचूलियाओ,
५. वण्हिदसाओ।

प. जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं **-जाव-** सिद्धिगइणामधेयं ठाणं संपत्तेणं उवंगाणं पंच वग्गा पण्णत्ता, तं जहा -

१. निरयावलियाओ **-जाव-** ५. वण्हिदसाओ।

पढमस्स णं भंते ! वग्गस्स उवंगाणं निरयावलियाणं कइ अज्झयणा पण्णत्ता ?

उ. एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं **-जाव-** सिद्धिगइणामधेयं ठाणं संपत्तेणं उवंगाणं पढमस्स वग्गस्स निरयावलियाणं दस अज्झयणा पण्णत्ता, तं जहा-

१. काले, २. सुकाले, ३. महाकाले, ४. कण्हे, ५. सुकण्हे तहा ६. महाकण्हे। ७. वीरकण्हे य बोद्धव्वे, ८. रामकण्हे तहेव य ९. पिउसेणकण्हे नवमे, १०. दसमे महासेणकण्हे ॥१॥

प. जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं **-जाव-** सिद्धिगइणामधेयं ठाणं संपत्तेणं उवंगाणं पढमस्स वग्गस्स निरयावलियाणं दस अज्झयणा पण्णत्ता,

તેના દર્શનાર્થે પરિષદ્ નીકળી. આર્ય સુધર્માએ ધર્મોપદેશ આપ્યો અને (ધર્મ દેશના સાંભળી) પરિષદ્ પાછી ફરી.

તે કાળ અને તે સમયમાં આર્ય સુધર્મા અણગારનાં અંતેવાસી સમચતુરસ્ત્ર સંસ્થાનથી સંસ્થિત **(-યાવત્-)** વિપુલ તેજો લેશ્યાથી સમાહિત જંબૂ નામક અનગાર આર્ય સુધર્મા સ્વામીનાં સમીપ ઉર્ધ્વ જાનુ અધઃશિર કરીને **-યાવત્-** વિચરણ કરતા હતાં.

ત્યારે તે જંબૂ સ્વામીને શ્રદ્ધા ઉત્પન્ન થઈ **(-યાવત્-)** પર્યુપાસના કરતાં (આર્ય-સુધર્મા સ્વામીથી) આ પ્રમાણે પૂછયું -

પ્ર. ભંતે ! શ્રમણ ભગવાન મહાવીર **-યાવત્-** સિદ્ધગતિ નામક સ્થાન પ્રાપ્ત દ્વારા ઉપાંગસૂત્રનો શું અર્થ કહ્યો છે ?

ઉ. જંબૂ ! શ્રમણ ભગવાન મહાવીર **-યાવત્-** સિદ્ધગતિ નામક સ્થાન પ્રાપ્ત દ્વારા ઉપાંગ સૂત્રનાં પાંચ વર્ગ કહ્યા છે, જેમકે -

૧. નિરયાવલિકા, ૨. કલ્પાવતંસિકા,
૩. પુષ્પિકા, ૪. પુષ્પચૂલિકા,
૫. વૃષ્ણિદશા.

પ્ર. ભંતે ! જો શ્રમણ ભગવાન મહાવીર **-યાવત્-** સિદ્ધગતિ નામક સ્થાન પ્રાપ્ત દ્વારા ઉપાંગ સૂત્રનાં પાંચ વર્ગ કહ્યા છે, જેમકે -

૧. નિરયાવલિકા **-યાવત્-** ૫. વૃષ્ણિદશા.

ભંતે ! ઉપાંગ સૂત્રનાં પ્રથમ વર્ગ નિરયાવલિકાનાં કેટલા અધ્યયન કહ્યા છે ?

ઉ. જંબૂ ! શ્રમણ ભગવાન મહાવીર **-યાવત્-** સિદ્ધગતિ નામક સ્થાન પ્રાપ્ત દ્વારા ઉપાંગ સૂત્રનાં પ્રથમ વર્ગ નિરયાવલિકાનાં દસ અધ્યયન કહ્યા છે, જેમકે -

૧. કાળ, ૨. સુકાળ, ૩. મહાકાળ, ૪. કૃષ્ણ, ૫. સુકૃષ્ણ, ૬. મહાકૃષ્ણ, ૭. વીરકૃષ્ણ, ૮. રામકૃષ્ણ, ૯. પિતૃસેનકૃષ્ણ, ૧૦. મહાસેનકૃષ્ણ.

પ્ર. ભંતે ! જો શ્રમણ ભગવાન મહાવીર **-યાવત્-** સિદ્ધગતિ નામક સ્થાન પ્રાપ્ત દ્વારા ઉપાંગ સૂત્રનાં પ્રથમ વર્ગ નિરયાવલિકાનાં દસ અધ્યયન કહ્યા છે, તો -

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

पढमस्स णं भंते ! अज्झयणस्स निरयावलियाणं के अट्ठे पण्णत्ते ?

उ. एवं खलु जंबू ! - निर. व. १, अ. १, सु. १-५

६४. **विइयज्झयणस्स उक्खेवो-**

प. जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं **-जाव-** सिद्धिगइणामधेयं ठाणं संपत्तेणं निरयावलियाणं पढमस्स अज्झयणस्स अयमट्ठे पण्णत्ते,

दोच्चस्स णं भंते ! अज्झयणस्स निरयावलियाणं के अट्ठे पण्णत्ते ?

उ. एवं खलु जंबू[१] !

***एवं सेसा वि अट्ठ अज्झयणा नेयव्वा पढम सरिसा।***

**णवरं**-मायाओ सरिसणामाओ ।

-निर. व. १. सु. ३५

६५. **कप्पवडिंसिया उवंगस्स उक्खेव-निक्खेवो-**

प. जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं **-जाव-** सिद्धिगइणामधेयं ठाणं संपत्तेणं उवंगाणं पढमस्स वग्गस्स निरयावलियाणं अयमट्ठे पण्णत्ते,

दोच्चस्स णं भंते ! वग्गस्स कप्पवडिंसियाणं कइ अज्झयणा पण्णत्ता ?

उ. एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं **-जाव-** सिद्धिगइणामधेयं ठाणं संपत्तेणं कप्पवडिंसियाणं दस अज्झयणा पण्णत्ता, तं जहा-

१. पउमे **-जाव-** १०. नंदणे ।

प. जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं **-जाव-** सिद्धिगइणामधेयं ठाणं संपत्तेणं कप्पवडिंसियाणं दस अज्झयणा पण्णत्ता ।

पढमस्स णं भंते ! अज्झयणस्स कप्पवडिंसियाणं के अट्ठे पण्णत्ते ?

उ. एवं खलु जंबू[२] ! - कप्प. वग्ग. २, सु. १

**निक्खेवओ-**

एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं **-जाव-** सिद्धिगइणामधेयं ठाणं संपत्तेणं कप्पवडिंसियाणं पढमस्स अज्झयणस्स अयमट्ठे पण्णत्ते,[३] **त्ति बेमि ।**

- कप्प. वग्ग. २, सु. ३

ભંતે ! નિરયાવલિકાનાં પ્રથમ અધ્યયનનો શું અર્થ કહ્યો છે ?

ઉ. જંબૂ ! (આગળનું વર્ણન ધર્મકથાનુયોગમાં જોવું)

૬૪. **બીજા અધ્યયનનો ઉપોદ્ઘાત :**

પ્ર. ભંતે ! જો શ્રમણ ભગવાન મહાવીર **-યાવત્-** સિદ્ધગતિ નામક સ્થાન પ્રાપ્ત દ્વારા નિરયાવલિકાનાં પ્રથમ અધ્યયનનો આ અર્થ કહ્યો છે તો,

ભંતે ! નિરયાવલિકાનાં બીજા અધ્યયનનો શું અર્થ કહ્યો છે?

ઉ. જંબૂ ! (આગળનું વર્ણન ધર્મકથાનુયોગમાં જોવું.)

***આ પ્રમાણે બાકીનાં આઠ અધ્યયન પણ પ્રથમ અધ્યયનનાં સમાન જાણવું જોઈએ.***

**વિશેષ :** માતાઓનાં નામ પુત્રનાં નામના સમાન છે.

૬૫. **કલ્પાવતંસિકા ઉપાંગનો ઉત્ક્ષેપ-નિક્ષેપ :**

પ્ર. ભંતે ! જો શ્રમણ ભગવાન મહાવીર **-યાવત્-** સિદ્ધગતિ નામક સ્થાન પ્રાપ્ત દ્વારા ઉપાંગ સૂત્રનાં પ્રથમ નિરયાવલિકા વર્ગનો આ અર્થ કહ્યો છે તો -

ભંતે ! બીજા વર્ગ કલ્પાવતંસિકાનાં કેટલા અધ્યયન કહ્યા છે ?

ઉ. જંબૂ ! શ્રમણ ભગવાન મહાવીર **-યાવત્-** સિદ્ધગતિ નામક સ્થાન પ્રાપ્ત દ્વારા કલ્પાવતંસિકાનાં દસ અધ્યયન કહ્યા છે, જેમકે-

૧. પદ્મ **-યાવત્-** ૧૦. નંદન.

પ્ર. ભંતે ! જો શ્રમણ ભગવાન મહાવીર **-યાવત્-** સિદ્ધગતિ નામક સ્થાન પ્રાપ્ત દ્વારા કલ્પાવતંસિકાના દસ અધ્યયન કહ્યા છે તો-

ભંતે ! કલ્પાવતંસિકાનાં પ્રથમ અધ્યયનનો શું અર્થ કહ્યો છે ?

ઉ. જંબૂ ! (આગળનું વર્ણન ધર્મકથાનુયોગમાં જોવું.)

**નિક્ષેપ :**

આ પ્રમાણે હે જંબૂ ! શ્રમણ ભગવાન મહાવીર **-યાવત્-** સિદ્ધગતિ નામક સ્થાન પ્રાપ્ત દ્વારા કલ્પાવતંસિકાનાં પ્રથમ અધ્યયનનો આ અર્થ કહ્યો છે. **એવું હું કહું છું.**

---

૧. (ક) આ જ પ્રમાણે બધા અધ્યયનોના ઉપોદ્ઘાત છે.
(ખ) આ સૂત્રમાં ઉપસંહાર સૂત્ર નથી.

૨. આ જ પ્રમાણે બાકી અધ્યયનોના ઉપોદ્ઘાત છે.

૩. આ જ પ્રમાણે બાકી અધ્યયનોના ઉપસંહાર સૂત્ર જાણવા જોઈએ.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**६६. पुप्फिया उवंगस्स उक्खेव-निक्खेवो-**

प. जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं **-जाव-** सिद्धिगइणामधेयं ठाणं संपत्तेणं उवंगाणं दोच्चस्स वग्गस्स कप्पवडिंसियाणं अयमट्ठे पन्नत्ते,

तच्चस्स णं भंते ! वग्गस्स उवंगाणं पुप्फियाणं के अट्ठे पन्नत्ते ?

उ. एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं **-जाव-** सिद्धिगइणामधेयं ठाणं संपत्तेणं उवंगाणं तच्चस्स वग्गस्स पुप्फियाणं दस अज्झयणा पण्णत्ता, तं जहा-

१. चन्दे, २. सूरे, ३. सुक्के, ४. बहुपुत्तिय, ५. पुण्ण, ६. माणिभद्दे य । ७. दत्ते, ८. सिवे, ९. बले या, १०. अणादिए चेव बोद्धव्वे ॥

प. जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं **-जाव-** सिद्धिगइणामधेयं ठाणं संपत्तेणं पुप्फियाणं दस अज्झयणा पन्नत्ता,

पढमस्स णं भंते ! अज्झयणस्स पुप्फियाणं के अट्ठे पन्नत्ते ?

उ. एवं खलु जंबू[1] ! - पुप्फिया व. ३. सु. १

**निक्खेवओ-**

एवं खलु जंबु ! समणेणं भगवया महावीरेणं **-जाव-** सिद्धिगइणामधेयं ठाणं संपत्तेणं पुप्फियाणं पढमस्स अज्झयणस्स अयमट्ठे पण्णत्ते, **त्ति बेमि**[2] ।

- पुप्फिया व. ३. सु. ७

**६६. પુષ્પિકા ઉપાંગનો ઉત્ક્ષેપ નિક્ષેપ :**

પ્ર. ભંતે ! જો શ્રમણ ભગવાન મહાવીર **-યાવત્-** સિદ્ધગતિ નામક સ્થાન પ્રાપ્ત દ્વારા ઉપાંગ સૂત્રનાં બીજા વર્ગ કલ્પાવતંસિકાનો આ અર્થ કહ્યો છે તો-

ભંતે ! ઉપાંગ સૂત્રનાં ત્રીજા વર્ગ પુષ્પિકાનો શું અર્થ કહ્યો છે ?

ઉ. જંબૂ ! શ્રમણ ભગવાન મહાવીર **-યાવત્-** સિદ્ધગતિ નામક સ્થાન પ્રાપ્ત દ્વારા ઉપાંગ સૂત્રનાં ત્રીજા વર્ગ પુષ્પિકાનાં દસ અધ્યયન કહ્યા છે, જેમકે -

૧. ચંદ્ર, ૨. સૂર્ય, ૩. શુક્ર, ૪. બહુપુત્રીકા, ૫. પૂર્ણભદ્ર, ૬. માણિભદ્ર, ૭. દત્ત, ૮. શિવ, ૯. બળ, ૧૦. અનાધૃત.

પ્ર. ભંતે ! જો શ્રમણ ભગવાન મહાવીર **-યાવત્-** સિદ્ધગતિ નામક સ્થાન પ્રાપ્ત દ્વારા ઉપાંગ સૂત્રનાં પુષ્પિકા નામક વર્ગનાં દસ અધ્યયન કહ્યા છે તો -

ભંતે ! પુષ્પિકાનાં પ્રથમ અધ્યયનનો શું અર્થ કહ્યો છે ?

ઉ. જંબૂ ! (આગળનું વર્ણન ધર્મકથાનુયોગમાં જોવું.)

**નિક્ષેપ :**

જંબૂ ! આ પ્રમાણે શ્રમણ ભગવાન મહાવીર **-યાવત્-** સિદ્ધગતિ નામક સ્થાન પ્રાપ્ત દ્વારા પુષ્પિકા (વર્ગ)નાં પ્રથમ અધ્યયનનો આ અર્થ કહ્યો છે. **એવું હું કહું છું.**

**६७. पुप्फचूलिया उवंगस्स उक्खेव-निक्खेवो-**

प. जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं **-जाव-** सिद्धिगइणामधेयं ठाणं संपत्तेणं उवंगाणं तच्चस्स पुप्फियाणं अयमट्ठे पन्नत्ते,

चउत्थस्स णं भंते ! वग्गस्स उवंगाणं पुप्फचूलियाणं के अट्ठे पन्नत्ते ?

उ. एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं **-जाव-** सिद्धिगइणामधेयं ठाणं संपत्तेणं उवंगाणं चउत्थस्स णं पुप्फचूलियाणं दस अज्झयणा पण्णत्ता, तं जहा-

१. सिरि, २. हिरि, ३. धिइ, ४. कित्तीओ, ५. बुद्धी, ६. लच्छी य होइ बोद्धव्वा । ७. इलादेवी, ८. सुरादेवी, ९. रसदेवी, १०. गंधदेवी य ।

**૬૭. પુષ્પચૂલિકા ઉપાંગનો ઉત્ક્ષેપ-નિક્ષેપ :**

પ્ર. ભંતે ! જો શ્રમણ ભગવાન મહાવીર **-યાવત્-** સિદ્ધગતિ નામક સ્થાન પ્રાપ્ત દ્વારા ઉપાંગ સૂત્રનાં પુષ્પિકા નામક ત્રીજા વર્ગનો આ અર્થ કહ્યો છે તો -

ભંતે ! ઉપાંગ સૂત્રનાં પુષ્પચૂલિકા નામક ચતુર્થ વર્ગનો શું અર્થ કહ્યો છે ?

ઉ. જંબૂ ! શ્રમણ ભગવાન મહાવીર **-યાવત્-** સિદ્ધગતિ નામક સ્થાન પ્રાપ્ત દ્વારા ઉપાંગ સૂત્રનાં ચતુર્થ પુષ્પચૂલિકા વર્ગનાં દસ અધ્યયન કહ્યા છે, જેમકે -

૧. શ્રીદેવી, ૨. હ્રીદેવી, ૩. ધૃતિદેવી, ૪. કીર્તિદેવી, ૫. બુદ્ધિદેવી, ૬. લક્ષ્મીદેવી, ૭. ઈલાદેવી, ૮. સુરાદેવી, ૯. રસદેવી, ૧૦. ગંધદેવી.

---

૧. આ જ પ્રમાણે બાકી અધ્યયનોના ઉપોદ્ઘાત છે.

૨. આ જ પ્રમાણે બાકી અધ્યયનોના ઉપસંહાર સૂત્ર જાણવા જોઈએ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं -जाव- सिद्धिगइणामधेयं ठाणं संपत्तेणं उवंगाणं चउत्थस्स वग्गस्स पुप्फचूलियाणं दस अज्झयणा पन्नत्ता,

पढमस्स णं भंते ! पुप्फचूलियाणं के अट्ठे पन्नत्ते ? तए णं से सुहम्मे जम्बू अणगारे एवं वयासी[1] -

उ. एवं खलु जंबू !

- पुप्फचूलिया व. ४, सु. १-५

**निक्खेवओ-**

तं एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं -जाव- सिद्धिगइणामधेयं ठाणं संपत्तेणं पुप्फचूलियाणं पढमस्स अज्झयणस्स अयमट्ठे पन्नत्ते[2] । **त्ति बेमि ।**

- पुप्फचूलिया व. ४, सु. १०

પ્ર. ભંતે ! જો શ્રમણ ભગવાન મહાવીર **-યાવત્-** સિદ્ધગતિ નામક સ્થાન પ્રાપ્ત દ્વારા ઉપાંગ સૂત્રનાં પુષ્પચૂલિકા નામક ચતુર્થ વર્ગનાં દસ અધ્યયન કહ્યા છે તો -

ભંતે ! પુષ્પચૂલિકાનાં પ્રથમ અધ્યયનનો શું અર્થ કહ્યો છે ? ત્યારે આર્ય સુધર્માએ પોતાના શિષ્ય જંબૂ અણગારથી આ પ્રમાણે કહ્યું -

ઉ. જંબૂ ! (આગળનું વર્ણન ધર્મકથાનુયોગમાં જોવું.)

**નિક્ષેપ :**

હે જંબૂ ! આ પ્રમાણે શ્રમણ ભગવાન મહાવીર **-યાવત્-** સિદ્ધગતિ નામક સ્થાન પ્રાપ્ત દ્વારા પુષ્પચૂલિકાનાં પ્રથમ અધ્યયનનો આ અર્થ કહ્યો છે. **એવું હું કહું છું.**

### ६८. वण्हिदसा उवंगस्स उक्खेव-निक्खेवो-

प. जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं -जाव- सिद्धिगइणामधेयं ठाणं संपत्तेणं उवंगाणं चउत्थस्स णं वग्गस्स पुप्फचूलियाणं अयमट्ठे पन्नत्ते,

पंचमस्स णं भंते ! वग्गस्स उवंगाणं वण्हिदसाणं के अट्ठे पण्णत्ते ?

उ. एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं -जाव- सिद्धिगइणामधेयं ठाणं संपत्तेणं उवंगाणं पंचमस्स णं वग्गस्स वण्हिदसाणं दुवालस अज्झयणा पण्णत्ता, तं जहा-

१. निसढे, २. माउणि, ३. वह, ४. वहे, ५. पगया, ६. जुत्ती, ७. दसरहे, ८. दढरहे य । ९. महाधणू, १०. सत्तधणू ११. दसधणू नामे, १२. सयधणू य ॥

प. जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं -जाव- सिद्धिगइणामधेयं ठाणं संपत्तेणं उवंगाणं पंचमस्स वग्गस्स वण्हिदसाणं दुवालस अज्झयणा पण्णत्ता, पढमस्स णं भंते ! अज्झयणस्स वण्हिदसाणं के अट्ठे पण्णत्ते ?

तए णं से सुहम्मे जम्बू अणगारं एवं वयासी-

### ६८. વૃષ્ણિદશા ઉપાંગનો ઉત્ક્ષેપ-નિક્ષેપ :

પ્ર. ભંતે ! જો શ્રમણ ભગવાન મહાવીર **-યાવત્-** સિદ્ધગતિ નામક સ્થાન પ્રાપ્ત દ્વારા ઉપાંગ સૂત્રનાં ચતુર્થ પુષ્પચૂલિકા વર્ગનો આ અર્થ કહ્યો છે તો -

ભંતે ! ઉપાંગ સૂત્રનાં પાંચમા વૃષ્ણિદશા નામક વર્ગનો શું અર્થ કહ્યો છે ?

ઉ. જંબૂ ! આ પ્રમાણે શ્રમણ ભગવાન મહાવીર **-યાવત્-** સિદ્ધગતિ નામક સ્થાન પ્રાપ્ત દ્વારા ઉપાંગ સૂત્રનાં પાંચમા વૃષ્ણિદશા વર્ગનાં બાર અધ્યયન કહ્યા છે, જેમકે -

૧. નિષધ, ૨. માતુલી, ૩. વહ, ૪. વહે, ૫. પગયા, ૬. યુક્તિ, ૭. દશરથ, ૮. દૃઢરથ, ૯. મહાધનુ, ૧૦. સપ્તધનુ, ૧૧. દસધનુ, ૧૨. શતધનુ.

પ્ર. ભંતે ! જો શ્રમણ ભગવાન મહાવીર **-યાવત્-** સિદ્ધગતિ નામક સ્થાન પ્રાપ્ત દ્વારા ઉપાંગ સૂત્રનાં વૃષ્ણિદશા નામક પાંચમાં વર્ગનાં બાર અધ્યયન કહ્યા છે તો - ભંતે ! વૃષ્ણિદશાનાં પ્રથમ અધ્યયનનો શું અર્થ કહ્યો છે ?

ત્યારે આર્ય સુધર્માએ ઉત્તરમાં જંબૂ અનગારથી આ પ્રમાણે કહ્યું -

---

૧. આ જ પ્રમાણે બાકી અધ્યયનોના ઉપોદ્ઘાત છે.

૨. આ જ પ્રમાણે બાકી અધ્યયનોના ઉપસંહાર સૂત્ર જાણવું જોઈએ.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उ. एवं खलु जंबू[1] ! वण्हिदसा. वग्ग. ५, सु. १-५

**निक्खेवओ-**

एवं खलु जम्बू ! समणेणं भगवया महावीरेणं **-जाव-** सिद्धिगइणामधेयं ठाणं संपत्तेणं वण्हिदसाणं पढमस्स अज्झयणस्स अयमट्ठे पन्नत्ते[2] । **त्ति बेमि ।**

***एवं सेसा वि एक्कारस अज्झयणा नेयव्वा, संगहणी-अणुसारेण अहीणमइरित्त एक्कारससु वि ।***

- वण्हिदसा, वग्ग. ५ सु. २०

ઉ. જંબૂ ! (આગળનું વર્ણન ધર્મકથાનુયોગમાં જોવું.)

**નિક્ષેપ :**

હે જંબૂ ! આ પ્રમાણે શ્રમણ ભગવાન મહાવીર **-યાવત્-** સિદ્ધગતિ નામક સ્થાન પ્રાપ્ત દ્વારા વૃષ્ણિદશાનાં પ્રથમ અધ્યયનનો આ અર્થ કહ્યો છે, **હું એવું કહું છું.**

***આ પ્રમાણે સંગ્રહણી ગાથાનાં અનુસાર કોઈપણ પ્રકારનાં હીનાધિકતા કર્યા વગર અગિયાર અધ્યયનોનો અર્થ જાણી લેવો.***

**६९. निरयावलियाई उवंगाणं उवसंहारो-**

उवंगाणं पंच वग्गा पन्नत्ता, तं जहा-

१. निरयावलियाओ, २. कप्पवडिंसियाओ, ३. पुप्फियाओ, ४. पुप्फचूलियाओ, ५. वण्हिदसाओ ।

निरयावलिया उवंगे णं एगो सुयक्खंधो, पंच वग्गो, पंचसु दिवसेसु उद्दिस्संति, तत्थ चउसु वग्गेसु दस-दस उद्देसगा, पंचमवग्गे बारस उद्देसगा । -निरया. वग्ग. ५

**૬૯. નિરયાવલિકાદિ-ઉપાંગોનો ઉપસંહાર :**

ઉપાંગોનાં પાંચ વર્ગ કહ્યા છે, જેમકે -

૧. નિરયાવલિકા, ૨. કલ્પાવતંસિકા, ૩. પુષ્પિકા, ૪. પુષ્પચૂલિકા, ૫. વૃષ્ણિદશા.

નિરયાવલિકા ઉપાંગમાં એક શ્રુતસ્કંધ છે. પાંચ વર્ગ છે, પાંચ દિવસમાં વાંચન કરાય છે. પ્રારંભનાં ચાર વર્ગોમાં દસ-દસ ઉદ્દેશક છે અને પાંચમાં વર્ગમાં બાર ઉદ્દેશક છે.

**७०. चंदपण्णत्तीआई तओ पण्णत्तीओ कालियाओ-**

तओ पण्णत्तीओ कालेणं अहिज्जंति, तं जहा-

१. चंदपण्णत्ती, २. सूरपण्णत्ती, ३ दीवसागरपण्णत्ती ।

- ठाणं. अ. ३, उ. १, सु. १६०

**૭૦. ચંદ્રપ્રજ્ઞપ્તિ આદિ ત્રણ પ્રજ્ઞપ્તિ કાલિક :**

ત્રણ પ્રજ્ઞપ્તિઓ યથાકાળ વંચાય છે, જેમકે -

૧. ચંદ્રપ્રજ્ઞપ્તિ, ૨. સૂર્યપ્રજ્ઞપ્તિ, ૩. દ્વીપસાગરપ્રજ્ઞપ્તિ.

**७१. विमाणपविभत्तीणं वग्गाणं उद्देसणकाला-**

खुड्डियाए णं विमाणपविभत्तीए पढमे वग्गे सत्ततीसं उद्देसणकाला पण्णत्ता । - सम. सम. ३७, सु.४

खुड्डियाए णं विमाणपविभत्तीए बिइए वग्गे अट्ठतीसं उद्देसणकाला पण्णत्ता । - सम. सम. ३८, सु. ४

खुड्डियाए णं विमाणपविभत्तीए तइए वग्गे चत्तालीसं उद्देसणकाला पण्णत्ता । - सम. सम. ४०, सु. ५

महालियाए णं विमाणपविभत्तीए पढमे वग्गे एकचत्तालीसं उद्देसणकाला पण्णत्ता ।

- सम. सम. ४१, सु. ३

महालियाए णं विमाणपविभत्तीए बिइए वग्गे बायालीसं उद्देसणकाला पण्णत्ता । - सम. सम. ४२, सु. ८

महालियाए णं विमाणपविभत्तीए तइए वग्गे तेयालीसं उद्देसणकाला पण्णत्ता । - सम. सम. ४३, सु. ५

**૭૧. વિમાન પ્રવિભક્તિ વર્ગોનો ઉદ્દેશનકાળ :**

ક્ષુદ્રિકા વિમાન પ્રવિભક્તિ (નામક કાલિકશ્રુત)ના પ્રથમ વર્ગમાં સાડત્રીસ ઉદ્દેશનકાળ કહ્યા છે.

ક્ષુદ્રિકા વિમાન પ્રવિભક્તિ (નામક કાલિકશ્રુત)ના બીજા વર્ગમાં (૩૮) આડત્રીસ ઉદ્દેશનકાળ કહ્યા છે.

ક્ષુદ્રિકા વિમાન પ્રવિભક્તિના ત્રીજા વર્ગમાં ચાલીસ ઉદ્દેશનકાળ કહ્યા છે.

મહાલિકા વિમાન પ્રવિભક્તિનાં પ્રથમ વર્ગમાં (૪૧) એકતાલીસ ઉદ્દેશનકાળ કહ્યા છે.

મહાલિકા વિમાન પ્રવિભક્તિનાં બીજા વર્ગમાં (૪૨) બેંતાલીસ ઉદ્દેશનકાળ કહ્યા છે.

મહાલિકા વિમાન પ્રવિભક્તિનાં ત્રીજા વર્ગમાં (૪૩) તેતાલીસ ઉદ્દેશનકાળ કહ્યા છે.

---

૧. આ પ્રમાણે બાકીના અધ્યયનોના ઉપોદ્‌ઘાત છે.

૨. આ પ્રમાણે બાકી અધ્યયનોના ઉપસંહાર સૂત્ર જાણવા જોઈએ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

महालियाए णं विमाणपविभत्तीए चउत्थे वग्गे चोयालीसं उद्देमणकाला पण्णत्ता। - सम. सम. ४४, सु. ५

महालियाए णं विमाणपविभत्तीए पंचमे वग्गे पणयालीसं उद्देसणकाला पण्णत्ता। - सम. सम. ४५, सु. ८

મહાલિકા વિમાન પ્રવિભક્તિનાં ચોથા વર્ગમાં (૪૪) ચુમાલીસ ઉદ્દેશનકાળ કહ્યા છે.

મહાલિકા વિમાન પ્રવિભક્તિનાં પાંચમાં વર્ગમાં (૪૫) પિસ્તાલીસ ઉદ્દેશનકાળ કહ્યા છે.

**७२. पइण्णगाणं संखा-**

चोरासीइं पइण्णगसहस्सा पण्णत्ता।

- सम. सम. ८४, सु. १३

**૭૨. પ્રકીર્ણકોની સંખ્યા :**

ચોર્યાસી હજાર પ્રકીર્ણક કહ્યા છે.

**७३. दसदसाणं-अज्झयणाणि-**

दस दसाओ पण्णत्ताओ, तं जहा-

१. कम्मविवागदसाओ, २. उवासगदसाओ,
३. अंतगडदसाओ, ४. अणुत्तरोववाइयदसाओ,
५. आयारदसाओ, ६. पण्हावागरणदसाओ,
७. बंधदसाओ, ८. दोगिद्धिदसाओ,
९. दीहदसाओ, १०. संखेवियदसाओ।

१. कम्मविवागदसाणं दस अज्झयणा पण्णत्ता, तं जहा-

१. मियापुत्ते य, २. गोत्तासे, ३. अंडे, ४. संगडे य यावरे ५. माहणे, ६. णंदिसेणे य, ७. सोरिय त्ति, ८. उदुंबरे ९. सहसुद्दाहे आमलए, १०. कुमारे लेच्छइ इति ॥१॥

२. उवासगदसाणं दस अज्झयणा पण्णत्ता, तं जहा-

१. आणंदे, २. कामदेवे अ, ३. गाहावति चूलणीपिता, ४. सुरादेवे, ५. चुल्लसतये, ६. गाहावइ कुंडकोलिए ७. सद्दालपुत्ते, ८. महासतये, ९. णंदिणीपिया, १०. सालहियापिया ॥२॥

३. अंतगडदसाणं दस अज्झयणा पण्णत्ता, तं जहा-

१. णमि, २. मातंगे, ३. सोमिले, ४. रामगुत्ते, ५. सुदंसणे चेव। ६. जमाली य, ७. भगाली य, ८. किंकसे, ९. चिल्लाए इ या। १०. पाले अंबडपुत्ते य, एमेए दस आहिया ॥३॥

४. अणुत्तरोववाइयदसाणं दस अज्झयणा पण्णत्ता, तं जहा-

१. ईसिदासे य, २. धण्णे य, ३. सुणक्खत्ते य, ४. कातिए ति य। ५. संठाणे, ६. सालिभद्दे य, ७. आणंदे, ८. तेतली ई य। ९. दसन्नभद्दे, १०. अतिमुत्ते, एमेए दस आहिया ॥४॥

**૭૩. દસ દશાઓનાં અધ્યયન :**

દસ દશા અધ્યયનવાળા દસ આગમ કહ્યા છે, જેમકે -

૧. કર્મવિપાક દશા, ૨. ઉપાસકદશા,
૩. અન્તકૃત દશા, ૪. અનુત્તરોપપાતિકદશા
૫. આચાર દશા, ૬. પ્રશ્ન વ્યાકરણ દશા,
૭. બંધ દશા, ૮. દ્વિગૃદ્ધિ દશા,
૯. દીર્ઘ દશા, ૧૦. સંક્ષેપિક દશા.

૧. કર્મવિપાક દશાનાં દસ અધ્યયન કહ્યા છે, જેમકે -

૧. મૃગાપુત્ર, ૨. ગોત્રાસ, ૩. અંડ, ૪. શકટ, ૫. બ્રાહ્મણ, ૬. નંદિષેણ, ૭. શૌરિક, ૮. ઉદુંબર, ૯. સહસ્ત્રોદાહ આમરક, ૧૦. કુમારલિચ્છવી.

૨. ઉપાસક દશાનાં દસ અધ્યયન કહ્યા છે, જેમકે -

૧. આનન્દ, ૨. કામદેવ, ૩. ગૃહપતિ ચુલિનીપિતા, ૪. સુરાદેવ, ૫. ચુલ્લશતક, ૬. ગૃહપતિ કુંડકોલિક, ૭. સદ્દાલપુત્ર, ૮. મહાશતક, ૯. નંદિની પિતા, ૧૦. સાલિયિકીપિતા.

૩. અંતકૃતદશાનાં દસ અધ્યયન કહ્યા છે, જેમકે -

૧. નમિ, ૨. માતંગ, ૩. સોમિલ, ૪. રામગુપ્ત, ૫. સુદર્શન, ૬. જમાલી, ૭. ભગાલી, ૮. કિંકસ, ૯. ચિલ્વક, ૧૦. પાલ અંબડપુત્ર.

૪. અનુત્તરોપપાતિક દશાનાં દસ અધ્યયન કહ્યા છે, જેમકે -

૧. ઋષિદાસ, ૨. ધન્ય, ૩. સુનક્ષત્ર, ૪. કાર્તિક, ૫. સંસ્થાન, ૬. શાલિભદ્ર, ૭. આનંદ, ૮. તેતલી, ૯. દશાર્ણભદ્ર, ૧૦. અતિમુક્ત.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

५. आयारदसाणं दस अज्झयणा पण्णत्ता, तं जहा-

१. वीसं असमाहिट्ठाणा, २. एगवीसं सबला, ३. तेत्तीसं आसायणाओ, ४. अट्ठविहा गणिसंपया, ५. दस चित्तसमाहिट्ठाणा, ६. एगारस उवासगपडिमाओ, ७. बारस भिक्खुपडिमाओ, ८. पज्जोसवणाकप्पो, ९. तीसं मोहणिज्जट्ठाणा, १०. आजाइट्ठाणं ॥५॥

૫. આચાર દશાનાં દસ અધ્યયન કહ્યા છે, જેમકે -

૧. વીસ અસમાધિસ્થાન, ૨. એકવીસ સબલદોષ. ૩. તેત્રીસ આશાતના, ૪. અષ્ટવિધ ગણિસંપદા. ૫. દસચિત્ત-સમાધિસ્થાન, ૬. અગિયાર ઉપાસક-પ્રતિમા, ૭. બારભિક્ષુપ્રતિમા, ૮. પર્યુષણાકલ્પ, ૯. ત્રીસ મોહનીય સ્થાન, ૧૦. આયતિસ્થાન (નિદાન).

६. पण्हावागरणदसाणं दस अज्झयणा पण्णत्ता, तं जहा-

१. उवमा, २. संखा,
३. इसिभासियाइं, ४. आयरियभासियाइं,
५. महावीरभासियाइं, ६. खोमगपसिणाइं,
७. कोमलपसिणाइं, ८. अद्दागपसिणाइं,
९. अंगुट्ठपसिणाइं, १०. बाहुपसिणाइं ॥६॥

૬. પ્રશ્નવ્યાકરણ દશાનાં દસ અધ્યયન કહ્યા છે, જેમકે -

૧. ઉપમા, ૨. સંખ્યા,
૩. ઋષિભાષિત, ૪. આચાર્ય ભાષિત,
૫. મહાવીરભાષિત, ૬. ક્ષોમક પ્રશ્ન,
૭. કોમલ પ્રશ્ન, ૮. આદર્શ પ્રશ્ન,
૯. અંગુષ્ઠ પ્રશ્ન, ૧૦. બાહુ પ્રશ્ન.

७. बंधदसाणं दस अज्झयणा पण्णत्ता, तं जहा-

१. बंधे य, २. मोक्खे य,
३. देवद्धि, ४. दसारमंडले वि य,
५. आयरियविप्पडिवत्ती,
६. उवज्झायविप्पडिवत्ती,
७. भावणा, ८. विमुत्ती,
९. साओ, १०. कम्मे ॥७॥

૭. બંધ દશાનાં દસ અધ્યયન કહ્યા છે, જેમકે -

૧. બંધ, ૨. મોક્ષ,
૩. દેવર્દ્ધિ ૪. દશારમંડલ,
૫. આચાર્યવિપ્રતિપત્તિ,
૬. ઉપાધ્યાયવિપ્રતિપત્તિ,
૭. ભાવના, ૮. વિમુક્તિ,
૯. સાત, ૧૦. કર્મ.

८. दोगिद्धिदसाणं दस अज्झयणा पण्णत्ता, तं जहा-

१. वाते, २. विवाते,
३. उववाते, ४. सुक्खेत्ते,
५. कसिणे, ६. बायालीसं सुमिणा,
७. तीसं महासुमिणा, ८. बावत्तरिं सव्वसुमिणा,
९. हारे,
१०. राम-गुत्ते य एमेए दस आहिया ॥८॥

૮. દ્વિગૃદ્ધિ દશાનાં દસ અધ્યયન કહ્યા છે, જેમકે -

૧. વાદ, ૨. વિવાદ,
૩. ઉપપાત, ૪. સુક્ષેત્ર,
૫. કૃત્સ્ન ૬. બેંતાલીસ સ્વપ્ન,
૭. ત્રીસ મહાસ્વપ્ન, ૮. બોંત્તેર સર્વસ્વપ્ન,
૯. હાર,
૧૦. રામગુપ્ત.

९. दीहदसाणं दस अज्झयणा पण्णत्ता, तं जहा-

१. चंदे, २. सूरे,
३. सुक्के य, ४. सिरिदेवी,
५. पभावती, ६. दीवसमुद्दोववत्ती,
७. बहुपुत्ती मंदरे ई य, ८. थेरे संभूतविजए,
९. थेरे पम्ह, १०. ऊसासनीसासे ॥९॥

૯. દીર્ઘદશાનાં દસ અધ્યયન કહ્યા છે, જેમકે -

૧. ચંદ્ર, ૨. સૂર્ય,
૩. શુક્ર, ૪. શ્રીદેવી,
૫. પ્રભાવતી, ૬. દ્વીપ સમુદ્રોત્પત્તિ,
૭. બહુપુત્રી મંદરા, ૮. સ્થવિર સંભૂતિવિજય,
૯. સ્થવિર પક્ષ્મ, ૧૦. ઉચ્છ્વાસ-નિઃશ્વાસ.

जैन साइट JAINSITE .com जैनम् जयति शासनम्

१०. संखेवियदसाणं दस अज्झयणा पण्णत्ता, तं जहा-

१. खुड्डिया विमाणपविभत्ती,

२. महल्लिया विमाणपविभत्ती,

३. अंगचूलिया, ४. वग्गचूलिया,

५. विवाहचूलिया, ६. अरूणोववाए,

७. वरूणोववाए, ८. गरूलोववाए,

९. वेलंधरोववाए, १०. वेसमणोववाए ॥१०॥

- ठाणं. अ. १०, सु. ७५५

१०. સંક્ષેપિત દશાનાં દસ અધ્યયન કહ્યા છે, જેમકે -

૧. ક્ષુલ્લિકા વિમાનપ્રવિભક્તિ,

૨. મહતી વિમાનપ્રવિભક્તિ,

૩. અંગ ચૂલિકા, ૪. વર્ગચૂલિકા,

૫. વિવાહચૂલિકા, ૬. અરુણોપપાત,

૭. વરુણોપપાત, ૮. ગરુડોપપાત,

૯. વેલંધરોપપાત, ૧૦. વૈશ્રમણોપપાત.

## ७४. सुयस्स चउव्विहो निक्खेवो-

प. से किं तं सुयं ?

उ. सुयं चउव्विहं पण्णत्तं, तं जहा-

१. नामसुयं, २. ठवणासुयं, ३. दव्वसुयं, ४. भावसुयं।

- अणु. सु. ३०

## ७४. શ્રુતના ચાર પ્રકારથી નિક્ષેપ :

પ્ર. શ્રુત શું છે ?

ઉ. શ્રુત ચાર પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. નામ શ્રુત, ૨. સ્થાપના શ્રુત, ૩. દ્રવ્ય શ્રુત, ૪. ભાવ શ્રુત.

## ७५. सुयस्स नाम-ठवणा निक्खेवो-

प. से किं तं नामसुयं ?

उ. नामसुयं जस्स णं जीवस्स वा, अजीवस्स वा, जीवाण वा, अजीवाण वा, तदुभयस्स वा, तदुभयाण वा "सुए" इ नामं कीरइ।

***से तं नामसुयं।***

प. से किं तं ठवणासुयं ?

उ. ठवणासुयं जण्णं कट्ठकम्मे वा **-जाव-** वराडए वा, एगो वा, अणेगा वा, सब्भावठवणाए वा, असब्भावठवणाए वा "सुए" त्ति ठवणा ठविज्जइ।

***से तं ठवणासुयं।***

प. नाम-ठवणाणं को पइविसेसो ?

उ. नामं आवकहियं, ठवणा इत्तरिया वा होज्जा, आवकहिया वा होज्जा।

- अणु. सु. ३१-३३

## ૭૫. શ્રુતના નામ અને સ્થાપના નિક્ષેપ :

પ્ર. નામ શ્રુત શું છે ?

ઉ. જેમ કોઈ જીવ કે અજીવનાં, જીવો કે અજીવોનાં, ઉભયનાં અથવા ઉભયોનાં "શ્રુત" એવું નામ આપી દેવાય છે, તે નામશ્રુત કહેવાય છે.

***આ નામશ્રુતનું સ્વરૂપ છે.***

પ્ર. સ્થાપના શ્રુત શું છે ?

ઉ. કાષ્ટમાં **-યાવત્-** કોડી આદિમાં એક કે અનેક સદ્દભાવ સ્થાપનાથી કે અસદ્દભાવ સ્થાપનાથી "આ શ્રુત છે" એવી જે સ્થાપના, કલ્પના કે આરોપણ કરાય છે.

***આ સ્થાપના શ્રુતનું સ્વરુપ છે.***

પ્ર. નામ અને સ્થાપનામાં શું વિશેષતા (અંતર) છે ?

ઉ. નામ યાવત્કથિક હોય છે, જ્યારે સ્થાપના ઈત્વરિક અને યાવત્કથિક બંને પ્રકારની હોય છે.

## ७६. दव्वसुय निक्खेवो-

प. से किं तं दव्वसुयं ?

उ. दव्वसुयं दुविहं पण्णत्तं, तं जहा-

१. आगमओ य, २. नो आगमओ य।

## ૭૬. દ્રવ્યશ્રુતનો નિક્ષેપ :

પ્ર. દ્રવ્યશ્રુતનું શું સ્વરુપ છે ?

ઉ. દ્રવ્યશ્રુત બે પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. આગમ દ્રવ્યશ્રુત, ૨. નો આગમ દ્રવ્યશ્રુત.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. से किं तं आगमओ दव्वसुयं ?

उ. आगमओदव्वसुयं-

जस्स णं "सुए" त्ति, पदं सिक्खियं, ठियं, जियं, मियं, परिजियं, नामसमं, घोससमं,

अहीणक्खरं, अणच्चक्खरं, अव्वाइद्धक्खरं, अक्खलियं अमिलियं, अवच्चामेलियं,

पडिपुण्णं, पडिपुण्णघोसं, कंठोट्ठविप्पमुक्कं,

गुरूवायणोवगयं,

से णं तत्थ वायणाए पुच्छणाए परियट्टणाए धम्मकहाए, नो अणुप्पेहाए।

प. कम्हा ?

उ. अणुवओगो दव्वमिति कट्टु।

नेगमस्स एगो अणुवउत्तो आगमओ एगं दव्वसुयं,

दोण्णि अणुवउत्ता आगमओ दोण्णि दव्वसुयाइं,

तिण्णि अणुवउत्ता आगमओ तिण्णि दव्वसुयाइं,

પ્ર. ભંતે ! આગમ દ્રવ્યશ્રુત શું છે ?

ઉ. આગમ દ્રવ્ય શ્રુતનું સ્વરુપ આ પ્રમાણે છે -

જે (સાધુ) એ "શ્રુત" પદને શીખી લીધુ છે, (હૃદયમાં) **સ્થિત** કરેલ છે. જેને આવૃત્તિ કરીને ધારણા રુપ કરી લીધેલ છે. **મિત** શ્લોક, પદ, વર્ણ આદિના સંખ્યા પ્રમાણનું ભલી-ભાંતિ અભ્યાસ કરી લીધો છે. **પરિજીત** :આનુપૂર્વી - અનાનુપૂર્વી પૂર્વક સર્વાત્મના પરાવર્ત્તિત કરી લીધું છે, **નામ સમ** :સ્વકીય નામની જેમ અવિસ્મૃત કરી લીધુ છે. **ઘોષસમ** : ઉદાત્તાદિ સ્વરોની અનુરુપ ઉચ્ચારણ કરેલ છે.

**અહીનાક્ષર** : અક્ષરની હીનતાથી રહિત ઉચ્ચારણ કરેલ છે. **અનત્યાક્ષર** : અક્ષરની અધિકતાથી રહિત ઉચ્ચારણ કરેલ છે. **અવ્યાવિદ્ધાક્ષર** : અક્ષરોનું વ્યતિક્રમ રહિત ઉચ્ચારણ કરેલ છે. **અસ્ખલિત** : વચ-વચમાં કોઈક અક્ષરોને છોડીને ઉચ્ચારણ કરેલ નથી. **અમિલિત** :શાસ્ત્રાન્તર્વર્તી પદોને મિશ્રિત કરીને ઉચ્ચારણ કરેલ નથી. **અવ્યત્યામ્રેડિત** :એક શાસ્ત્રનાં અલગ-અલગ સ્થાનગત એકાર્થક સૂત્રોને એકત્રિત કરીને પાઠ કરેલ નથી.

**પ્રતિપૂર્ણ** :અક્ષરો અને અર્થની અપેક્ષાએ શાસ્ત્રના અન્યૂનાધિક અભ્યાસ કરેલ છે. **પ્રતિપૂર્ણ ઘોષ** : યથાસ્થાન સમુચિત ઘોષપૂર્વક શાસ્ત્રનું પરિવર્તન કરેલ છે. **કંઠોષ્ઠવિપ્રમુક્ત** :સ્વરોત્પાદક કંઠાદિનાં માધ્યમથી સ્પષ્ટ ઉચ્ચારણ કરેલ છે.

**ગુરુવચનોપગત** : ગુરુની પાસે શ્રુતની વાચના કરી છે.

જેનાથી તે શ્રુતની વાચના પૃચ્છના પરાવર્તના ધર્મકથાથી પણ યુક્ત છે. પરંતુ અનુપ્રેક્ષાઅર્થનું અનુચિંતન કરવા રુપથી રહિત છે.

પ્ર. એવું શા માટે ?

ઉ. ઉપયોગથી રહિત હોવાને કારણે જ આગમ દ્રવ્ય-શ્રુત કહેવાય છે.

નૈગમનયની અપેક્ષાથી એક અનુપયુક્ત આત્મા એક આગમદ્રવ્ય-શ્રુત છે.

બે અનુપયુક્ત આત્માઓ બે આગમ દ્રવ્ય-શ્રુત છે.

ત્રણ અનુપયુક્ત આત્માઓ ત્રણ આગમ દ્રવ્ય-શ્રુત છે.

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | |
|---|---|
| ***एवं जावइया अणुवउत्ता तावइयाइं ताइं नेगमस्स आगमओ दव्वसुयाइं।*** | ***આ પ્રમાણે જેટલી પણ અનુપયુક્ત આત્માઓ છે, તે બધી તેટલી જ નૈગમનયની અપેક્ષાએ આગમ દ્રવ્ય-શ્રુત છે.*** |
| ***एवमेव ववहारस्स वि।*** | ***આ પ્રમાણે (નૈગમનયની જેમ જ) વ્યવહારનય પણ આગમ દ્રવ્ય-શ્રુતનાં ભેદ સ્વીકાર કરે છે.*** |
| संगहस्स एगो वा अणेगा वा अणुवउत्तो वा अणुवउत्ता वा आगमओ दव्वसुयं वा दव्वसुयाणि वा, से एगे दव्वसुए। | સંગ્રહનયની અપેક્ષાએ એક અનુપયુક્ત આત્મા અને અનેક અનુપયુક્ત આત્માઓ એક દ્રવ્ય-શ્રુત અને અનેક દ્રવ્ય-શ્રુત છે. તે બધા એક દ્રવ્ય-શ્રુત જ છે. |
| उज्जुसुयस्स एगो अणुवउत्तो आगमओ एगं दव्वसुयं, पुहत्तं नेच्छइ। | ઋજુ સૂત્રનયનાં મતથી એક અનુપયુક્ત આત્મા એક આગમ દ્રવ્ય-શ્રુત છે. તે પૃથકૃત્વ (અલગ) ને સ્વીકાર કરતા નથી. |
| तिण्हं सद्दनयाणं जाणए अणुवउत्ते अवत्थू। | ત્રણેય શબ્દનય-શબ્દ, સમભિરુઢ, એવંભૂતનય જ્ઞાયક આદિ અનુપયુક્ત હોય તો તેને અસત્ માને છે. |
| प. कम्हा? | પ્ર. એવું શા માટે? |
| उ. जइ जाणइ अणुवउत्ते न भवइ, जइ अणुवउत्ते से जाणए न भवइ। | ઉ. જે જ્ઞાયક છે તે ઉપયોગ-શૂન્ય હોતાં નથી અને જે ઉપયોગ રહિત છે તેને જ્ઞાયક કહી શકતા નથી. |
| ***से तं आगमओ दव्वसुयं।*** | ***આ આગમથી દ્રવ્ય-શ્રુતનું સ્વરુપ છે.*** |
| प. से किं तं णोआगमओ दव्वसुयं? | પ્ર. નો આગમ દ્રવ્ય શ્રુત શું છે? |
| उ. णो आगमओ दव्वसुयं तिविहं पण्णत्तं, तं जहा- | ઉ. નો આગમ દ્રવ્ય શ્રુત ત્રણ પ્રકારનાં કહ્યા છે, જેમકે - |
| १. जाणयसरीरदव्वसुयं, | ૧. જ્ઞાયક શરીર દ્રવ્ય શ્રુત, |
| २. भवियसरीरदव्वसुयं, | ૨. ભવ્ય શરીર દ્રવ્યશ્રુત, |
| ३. जाणयसरीरभवियसरीरवइरित्तं दव्वसुयं। | ૩. જ્ઞાયક શરીર-ભવ્ય શરીર વ્યતિરિક્ત દ્રવ્યશ્રુત. |
| प. से किं तं जाणयसरीरदव्वसुयं? | પ્ર. જ્ઞાયક શરીર-દ્રવ્યશ્રુત શું છે? |
| उ. जाणयसरीरदव्वसुयं सुतत्तिपदत्थाहिकारजाणयस्स जं सरीरयं ववगयचुत-चावित-चत्तदेहं जीवविप्पजढं सेज्जागयं वा, संथारगयं वा, सिद्धसिलातलगयं वा - | ઉ. શ્રુત અર્થાધિકારનાં જ્ઞાતાનાં વ્યપગત, ચ્યુત, ચ્યાવિત, ત્યક્ત, જીવરહિત શરીરને શય્યાગત, સંસ્તારકગત, અથવા સિદ્ધ શિલાતલગત જોઈને કોઈ કહે - |
| "अहो! णं इमेणं सरीरसमुस्सएणं जिणदिट्ठेणं भावेणं "सुए" इ पयं आघवियं पण्णवियं परूवियं दंसियं निदंसियं उवदंसियं।" | "અહો! આ શરીરરુપથી પરિણત પુદ્ગલસંઘાત દ્વારા જીનોપદેશિત ભાવથી "શ્રુત" આ પદની ગુરુથી વાચના લીધી હતી, શિષ્યોને સામાન્ય રુપથી પ્રજ્ઞાપિત અને વિશેષ રુપથી પ્રરુપિત, દર્શિત, નિદર્શિત, ઉપદર્શિત કરેલ હતું તેનું તે શરીર જ્ઞાયક શરીર દ્રવ્યાવશ્યક છે." |
| प. जहा को दिट्ठंतो? | પ્ર. આનું શું દૃષ્ટાંત છે? |
| उ. अयं महुकुंभेआसी, अयं घयकुंभे आसी। | ઉ. આ મધુનો ઘડો હતો, આ ઘીનો ઘડો હતો. |
| ***से तं जाणयसरीरदव्वसुयं।*** | ***આ જ્ઞાયક શરીર દ્રવ્યશ્રુત છે.*** |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. से किं तं भवियसरीरदव्वसुयं ?

उ. भवियसरीरदव्वसुयं-

जे जीवे जोणी जम्मण निक्खंते इमेणं चेव सरीरसमुस्सएणं आदत्तएणं जिणोवइट्ठेणं भावेणं "सुए" इ पयं सेयकाले सिक्खिस्सइ, ण ताव सिक्खइ।

प. जहा को दिट्ठंतो ?

उ. अयं महुकुंभे भविस्सइ, अयं घयकुंभे भविस्सइ।

***से तं भवियसरीरदव्वसुयं।***

प. से किं तं जाणयसरीर-भवियसरीरवइरित्तं दव्वसुयं ?

उ. जाणयसरीरभवियसरीरवइरित्तं पत्तयपोत्थय-लिहियं।

**अहवा** सुत्तं पंचविहं पण्णत्तं, तं जहा-

१. अंडयं, २. बोंडयं, ३. कीडयं, ४. वालयं, ५. बक्कयं।

प. से किं तं अंडयं ?

उ. अंडयं हंसगब्भादि।

***से तं अंडयं।***

प. से किं तं बोंडयं ?

उ. बोंडयं फलिहमादि।

***से तं बोंडयं।***

प. से किं तं कीडयं ?

उ. कीडयं पंचविहं पण्णत्तं, तं जहा-

१. पट्टे, २. मलए, ३. अंसुए, ४. चीणंसुए, ५. किमिरागे।

***से तं कीडयं।***

प. से किं तं वालयं ?

उ. वालयं पंचविहं पण्णत्तं, तं जहा-

१. उण्णिए, २. उट्टिए, ३. मियलोमिए, ४. कुतवे, ५. किट्टिसे।

***से तं वालयं।***

પ્ર. ભવ્ય શરીર દ્રવ્યશ્રુત શું છે ?

પ્ર. **દં.૨૨.** ભંતે ! વાણવ્યંતર દેવોનું અવધિજ્ઞાન ક્યા આકારનું કહ્યુ છે ?

ઉ. ગૌતમ ! તે વાદ્યનાં આકારનું કહ્યુ છે.

પ્ર. **દં.૨૩.** ભંતે ! જ્યોતિષ્કદેવોનું અવધિજ્ઞાન ક્યા આકારનું કહ્યુ છે ?

---

१. जीवा. पडि. ३, सु. २०२ (અનુત્તર વિમાનવાસી દેવ ચૌદ રજ્જુ પ્રમાણ લોકનાલી ક્ષેત્રને જોવે છે આ અંતર છે.)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उ. गोयमा ! झल्लरिसंठाणसंठिए पण्णत्ते।

प. **दं. २४.** सोहम्मगदेवाणं भंते ! ओही किं संठिए पण्णत्ते ?

उ. गोयमा ! उड्ढमुइंगागारसंठिए पण्णत्ते।

***एवं -जाव- अच्चुयदेवाणं।***

प. गेवेज्जगदेवाणं भंते ! ओही किं संठिए पण्णत्ते ?

उ. गोयमा ! पुप्फचंगेरिसंठिए पण्णत्ते ।

प. अणुत्तरोववाइयाणं भंते ! ओही किं संठिए पण्णत्ते ?

उ. गोयमा ! जवणालियासंठिए ओही पण्णत्ते।

- पण्ण. प. ३३, सु. २००८-२०१६

ઉ. ગૌતમ ! તે ઝાલરનાં આકારનું કહ્યુ છે.

પ્ર. **દં.૨૪.** ભંતે ! સૌધર્મ દેવોનું અવધિજ્ઞાન ક્યા આકારનું કહ્યુ છે ?

ઉ. ગૌતમ ! તે ઉર્ધ્વ મૃદંગનાં આકારનું કહ્યુ છે.

***આ પ્રમાણે અચ્યુતદેવો સુધીનાં અવધિજ્ઞાનનાં આકાર સમજવા જોઈએ.***

પ્ર. ભંતે ! ગ્રૈવેયકદેવોનું અવધિજ્ઞાન ક્યા આકારનું કહ્યુ છે ?

ઉ. ગૌતમ ! તે ફૂલ રાખવાની છાબડીનાં આકારનું કહ્યુ છે.

પ્ર. ભંતે ! અનુત્તરોપપાતિક દેવોનું અવધિજ્ઞાન ક્યા આકારનું કહ્યુ છે.

ઉ. ગૌતમ ! તેનું અવધિજ્ઞાન યવનાલિકાનાં આકારનું કહ્યુ છે.

## ९५. चउवीसदंडएसु ओहिनाणस्स आणुगामित्ताइ परूवणं-

प. **दं.१.** णेरइयाणं भंते ! ओही किं

१. आणुगामिए, २. अणाणुगामिए, ३. वड्ढमाणए, ४. हीयमाणए, ५. पडिवाई, ६. अपडिवाई, ७. अवट्ठिए, ८. अणवट्ठिए ?

उ. गोयमा ! आणुगामिए, णो अणाणुगामिए, नो वड्ढमाणए, नो हीयमाणए, नो पडिवाई, अपडिवाई, अवट्ठिए, नो अणवट्ठिए।

दं. २-११. ***एवं -जाव- थणियकुमाराणं।***

प. **दं. २०.** पंचेंदिय-तिरिक्खजोणियाणं भंते ! ओही किं आणुगामिए **-जाव-** अणवट्ठिए ?

उ. गोयमा ! आणुगामिए वि **-जाव-** अणवट्ठिए वि।

दं. २१. ***एवं मणूसाण वि।***

दं. २२-२४. ***वाणमंतर-जोइसिय-वेमाणियाणं जहा णेरइयाणं***[1] ।

- पण्ण. प. ३३, सु. २०२७-२०३१

## ૯૫. ચોવીસ દંડકોમાં અવધિજ્ઞાનનાં આનુગામિત્વાદિનું પ્રરુપણ :

પ્ર. **દં.૧.** ભંતે ! નારકોનું અવધિજ્ઞાન શું :

૧. આનુગામિક છે, ૨. અનાનુગામિક છે, ૩. વર્દ્ધમાન છે, ૪. હીયમાન છે, ૫. પ્રતિપાતી છે, ૬. અપ્રતિપાતી છે, ૭. અવસ્થિત છે કે ૮. અનવસ્થિત છે ?

ઉ. ગૌતમ ! તે આનુગામિક છે, પરંતુ અનાનુગામિક, વર્દ્ધમાન, હીયમાન, પ્રતિપાતી અને અનવસ્થિત નથી, અપ્રતિપાતી અને અવસ્થિત છે.

દં.૨-૧૧. ***આ પ્રમાણે સ્તનિતકુમારો સુધીનાં અવધિજ્ઞાનનાં માટે જાણવું જોઈએ.***

પ્ર. **દં.૨૦.** ભંતે ! પંચેન્દ્રિય તિર્યંચયોનિકોનું અવધિજ્ઞાન આનુગામિક છે **-યાવત્-** અનવસ્થિત છે ?

ઉ. ગૌતમ ! તે આનુગામિક પણ છે **-યાવત્-** અનવસ્થિત પણ છે.

દં.૨૧. ***આ પ્રમાણે મનુષ્યોનાં અવધિજ્ઞાનનાં માટે જાણવું જોઈએ.***

દં.૨૨-૨૪. ***વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોનું વર્ણન નારકો જેવું છે.***

---

१. (क) विया. स. १६, उ. १०, सु.१

(ख) सम. सु. १५३

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**९६. मणपज्जवनाणस्स लक्खणं-**

मणपज्जवणाणं पुण, जणमणपरिचिंतियत्थपागडणं ।
माणुसखेत्तणिबद्धं, गुणपच्चइयं चरित्तवओ ॥५५॥

- नंदी. सु. ३८

**૯૬. મનઃપર્યવજ્ઞાનનું લક્ષણ :**

મનઃપર્યવજ્ઞાન બધા જીવોનાં મનમાં વિચારેલ અર્થને પ્રકટ કરનાર છે અને મનુષ્ય ક્ષેત્રમાં સીમિત તથા ચારિત્રયુક્ત સાધુનાં ક્ષયોપશમ ગુણથી ઉત્પન્ન થનાર છે.

**९७. मणपज्जवनाणस्स भेया-**

तं च दुविहं उप्पज्जइ, तं जहा-

१. उज्जुमई य, २. विउलमई य[1] ।

- नंदी. सु. ३६ (ख)

**૯૭. મનઃ પર્યવજ્ઞાનનાં ભેદ :**

તે (મનઃ પર્યવજ્ઞાન) બે પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. ઋજુમતિ, ૨. વિપુલમતિ.

**९८. मणपज्जवणाणस्स सामित्त परूवणं-**

प. से किं तं मणपज्जवनाणं ?

मणपज्जवनाणे णं भंते ! किं मणुस्साणं उप्पज्जइ, अमणुस्साणं उप्पज्जइ ?

उ. गोयमा ! मणुस्साणं, णो अमणुस्साणं ।

प. जइ मणुस्साणं-किं सम्मुच्छिममणुस्साणं, गब्भवक्कंतिय मणुस्साणं ?

उ. गोयमा ! णो सम्मुच्छिममणुस्साणं, गब्भवक्कंतिय-मणुस्साणं उप्पज्जइ ।

प. जइ गब्भवक्कंतिय-मणुस्साणं

किं कम्मभूमिअ-गब्भवक्कंतिय मणुस्साणं ?

अकम्मभूमिअ-गब्भवक्कंतिय-मणुस्साणं ?

अंतरदीवग-गब्भवक्कंतिय-मणुस्साणं ?

उ. गोयमा ! कम्मभूमिअ- गब्भवक्कंतिय-मणुस्साणं, णो अकम्मभूमिअ - गब्भवक्कंतिय - मणुस्साणं, णो अंतरदीवग- गब्भवक्कंतिय मणुस्साणं ।

प. जइ कम्मभूमिअ-गब्भवक्कंतिय-मणुस्साणं,

किं संखेज्जवासाउय-कम्मभूमिअ-गब्भवक्कंतिय-मणुस्साणं,

असंखेज्जवासाउय-कम्मभूमिअ-गब्भवक्कंतिय-मणुस्साणं ?

**૯૮. મનઃપર્યવજ્ઞાનનાં સ્વામિત્વનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! મનઃપર્યવજ્ઞાનનું શું સ્વરૂપ છે ?

ભંતે ! તે મનઃપર્યવજ્ઞાન મનુષ્યોને ઉત્પન્ન થાય છે કે અમનુષ્યોને ઉત્પન્ન થાય છે ?

ઉ. ગૌતમ ! (મનઃપર્યવજ્ઞાન) મનુષ્યોને જ ઉત્પન્ન થાય છે, અમનુષ્યોને થતું નથી.

પ્ર. જો મનુષ્યોને ઉત્પન્ન થાય છે તો શું સમ્મૂર્ચ્છિમ મનુષ્યોને ઉત્પન્ન થાય છે કે ગર્ભ વ્યુત્ક્રાન્તિક મનુષ્યોને ઉત્પન્ન થાય છે ?

ઉ. ગૌતમ ! સમ્મૂર્ચ્છિમ મનુષ્યોને ઉત્પન્ન થતું નથી. પરંતુ ગર્ભ વ્યુત્ક્રાન્તિક મનુષ્યોને ઉત્પન્ન થાય છે.

પ્ર. જો ગર્ભજ મનુષ્યોને જ મનઃ પર્યવજ્ઞાન થાય છે તો

શું કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોને થાય છે ?

અકર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોને થાય છે ?

કે અન્તરદ્વીપજ ગર્ભજ મનુષ્યોને થાય છે ?

ઉ. ગૌતમ ! કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોને જ મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થાય છે. અકર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોને ઉત્પન્ન થતું નથી. અંતર દ્વીપજ ગર્ભજ મનુષ્યોને પણ ઉત્પન્ન થતું નથી.

પ્ર. જો કર્મભૂમિજ મનુષ્યોને જ મનઃ પર્યવજ્ઞાન ઉત્પન્ન થાય છે તો -

શું સંખ્યાત વર્ષની આયુવાળા કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોને થાય છે ?

કે અસંખ્યાત વર્ષની આયુવાળા કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોને થાય છે ?

---

१. (क) ठाणं. अ. २, उ. १, सु. ६०/१६
(ख) राय. सु. २४१

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उ. गोयमा! संखेज्जवासाउय-कम्मभूमिअ-गब्भवक्कंतिय-मणुस्साणं,

णो असंखेज्जवासाउय-कम्मभूमिअ-गब्भवक्कंतिय मणुस्साणं।

प. जइ संखेज्जवासाउय-कम्मभूमिअ-गब्भवक्कंतिय-मणुस्साणं-

किं पज्जत्तग-संखेज्जवासाउय-कम्मभूमिअ-गब्भवक्कंतिय-मणुस्साणं,

अपज्जत्तग-संखेज्जवासाउय-कम्मभूमिअ-गब्भवक्कंतिय-मणुस्साणं ?

उ. गोयमा! पज्जत्तग-संखेज्जवासाउय-कम्मभूमिअ-गब्भवक्कंतिय-मणुस्साणं,

णो अपज्जत्तग-संखेज्जवासाउय-कम्मभूमिअ-गब्भवक्कंतिय-मणुस्साणं।

प. जइ पज्जत्तग-संखेज्जवासाउय-कम्मभूमिअ-गब्भवक्कंतिय-मणुस्साणं-

किं सम्मद्दिट्ठि-पज्जत्तग-संखेज्जवासाउय-कम्मभूमिअ-गब्भवक्कंतिय-मणुस्साणं ?

मिच्छद्दिट्ठि-पज्जत्तग-संखेज्जवासाउय-कम्मभूमिअ-गब्भवक्कंतिय-मणुस्साणं ?

सम्मामिच्छद्दिट्ठि-पज्जत्तग-संखेज्जवासाउय-कम्मभूमिअ-गब्भवक्कंतिय-मणुस्साणं ?

उ. गोयमा! सम्मद्दिट्ठि-पज्जत्तग-संखेज्जवासाउय-कम्मभूमिअ-गब्भवक्कंतिय-मणुस्साणं,

णो मिच्छद्दिट्ठि-पज्जत्तग-संखेज्जवासाउय-कम्मभूमिअ-गब्भवक्कंतिय-मणुस्साणं,

णो सम्मामिच्छद्दिट्ठि-पज्जत्तग-संखेज्जवासाउय-कम्मभूमिअ-गब्भवक्कंतिय-मणुस्साणं,

प. जइ सम्मद्दिट्ठि-पज्जत्तग-संखेज्जवासाउयकम्म-भूमिअ-गब्भवक्कंतिय-मणुस्साणं,

किं संजय सम्मद्दिट्ठि-पज्जत्तग-संखेज्जवासाउय-कम्मभूमिअ-गब्भवक्कंतिय-मणुस्साणं ?

असंजय सम्मद्दिट्ठि-पज्जत्तग-संखेज्जवासाउय-कम्मभूमिअ-गब्भवक्कंतिय-मणुस्साणं ?

ઉ. ગૌતમ ! સંખ્યાત વર્ષની આયુવાળા કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોને જ ઉત્પન્ન થાય છે.

અસંખ્યાત વર્ષની આયુવાળા કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોને ઉત્પન્ન થતું નથી.

પ્ર. જો સંખ્યાત વર્ષની આયુવાળા કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોને ઉત્પન્ન થાય છે તો -

શું સંખ્યાત વર્ષની આયુવાળા પર્યાપ્ત કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોને થાય છે ?

કે સંખ્યાત વર્ષની આયુવાળા અપર્યાપ્ત કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોને થાય છે ?

ઉ. ગૌતમ ! સંખ્યાત વર્ષની આયુવાળા પર્યાપ્ત કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોને થાય છે,

સંખ્યાત વર્ષની આયુવાળા અપર્યાપ્ત કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોને થતું નથી.

પ્ર. જો મનઃ પર્યવજ્ઞાન સંખ્યાત વર્ષની આયુવાળા પર્યાપ્ત કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યોને ઉત્પન્ન થાય છે તો -

શું તે સંખ્યાત વર્ષની આયુવાળા પર્યાપ્ત કર્મભૂમિજ ગર્ભજ સમ્યગ્દૃષ્ટિ મનુષ્યોને થાય છે ?

સંખ્યાત વર્ષની આયુવાળા પર્યાપ્ત કર્મભૂમિજ ગર્ભજ મિથ્યાદૃષ્ટિ મનુષ્યોને થાય છે ?

કે સંખ્યાત વર્ષની આયુવાળા પર્યાપ્ત કર્મભૂમિજ ગર્ભજ સમ્યગ્મિથ્યાદૃષ્ટિ મનુષ્યોને ઉત્પન્ન થાય છે ?

ઉ. ગૌતમ ! સંખ્યાત વર્ષની આયુવાળા પર્યાપ્ત કર્મભૂમિજ ગર્ભજ સમ્યકૃદૃષ્ટિ મનુષ્યોને થાય છે.

સંખ્યાત વર્ષની આયુવાળા પર્યાપ્ત કર્મભૂમિજ ગર્ભજ મિથ્યાદૃષ્ટિ મનુષ્યોને થતું નથી.

સંખ્યાત વર્ષની આયુવાળા પર્યાપ્ત કર્મભૂમિજ ગર્ભજ સમ્યગ્મિથ્યાદૃષ્ટિ મનુષ્યોને પણ થતું નથી.

પ્ર. જો સંખ્યાત વર્ષની આયુવાળા પર્યાપ્ત કર્મભૂમિજ ગર્ભજ સમ્યગ્દૃષ્ટિ મનુષ્યોને થાય છે તો-

શું સંખ્યાત વર્ષની આયુવાળા પર્યાપ્ત કર્મભૂમિજ ગર્ભજ સંયત (સંયમી) સમ્યગ્દૃષ્ટિ મનુષ્યોને થાય છે ?

સંખ્યાત વર્ષની આયુવાળા પર્યાપ્ત કર્મભૂમિજ ગર્ભજ અસંયત (અસંયમી) સમ્યગ્દૃષ્ટિ મનુષ્યોને થાય છે ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

संजया-संजय सम्मद्दिट्ठि-पज्जत्तग-संखेज्जवासाउय-कम्मभूमिअ-गब्भवक्कंतिय-मणुस्साणं ?

કે સંખ્યાત વર્ષની આયુવાળા પર્યાપ્ત કર્મભૂમિજ ગર્ભજ સંયતાસંયત (દેશવિરતિ) સમ્યગ્દૃષ્ટિ મનુષ્યોને થાય છે ?

उ. गोयमा ! संजय सम्मद्दिट्ठि-पज्जत्तग- संखेज्जवासाउय-कम्मभूमिअ-गब्भवक्कंतिय-मणुस्साणं,

ઉ. ગૌતમ ! સંખ્યાત વર્ષની આયુવાળા પર્યાપ્ત કર્મભૂમિજ ગર્ભજ સંયત સમ્યગ્દૃષ્ટિ મનુષ્યોને ઉત્પન્ન થાય છે.

णो असंजय सम्मद्दिट्ठि-पज्जत्तग-संखेज्जवासाउय-कम्मभूमिअ-गब्भवक्कंतिय-मणुस्साणं,

સંખ્યાત વર્ષની આયુવાળા પર્યાપ્ત કર્મભૂમિજ ગર્ભજ અસંયત સમ્યગ્દૃષ્ટિ મનુષ્યોને થતું નથી.

णो संजया-संजय सम्मद्दिट्ठि-पज्जत्तग- संखेज्जवासाउय-कम्मभूमिअ-गब्भवक्कंतिय-मणुस्साणं ।

સંખ્યાત વર્ષની આયુવાળા પર્યાપ્ત કર્મભૂમિજ ગર્ભજ સંયતાસંયત સમ્યગ્દૃષ્ટિ મનુષ્યોને પણ થતું નથી.

प. जइ संजय-सम्मद्दिट्ठि-पज्जत्तग-संखेज्जवासाउय-कम्मभूमिअ-गब्भवक्कंतिय-मणुस्साणं,

કिं पमत्तसंजय-सम्मद्दिट्ठि-पज्जत्तग- संखेज्जवासाउय-कम्मभूमिअ-गब्भवक्कंतिय-मणुस्साणं ?

अपमत्तसंजय-सम्मद्दिट्ठि-पज्जत्तग-संखेज्जवासाउय-कम्मभूमिअ-गब्भवक्कंतिय-मणुस्साणं ?

પ્ર. જો સંખ્યાત વર્ષની આયુવાળા પર્યાપ્ત કર્મભૂમિજ ગર્ભજ સંયત સમ્યગ્દૃષ્ટિ મનુષ્યોને થાય છે તો -

શું સંખ્યાત વર્ષની આયુવાળા પર્યાપ્ત કર્મભૂમિજ ગર્ભજ પ્રમત્ત સંયત સમ્યગ્દૃષ્ટિ મનુષ્યોને થાય છે ?

કે સંખ્યાત વર્ષની આયુવાળા પર્યાપ્ત કર્મભૂમિજ ગર્ભજ અપ્રમત્ત સંયત સમ્યગ્દૃષ્ટિ મનુષ્યોને થાય છે ?

उ. गोयमा ! अपमत्तसंजय-सम्मद्दिट्ठि-पज्जत्तग-संखेज्जवासाउय-कम्मभूमिअ-गब्भवक्कंतिय-मणुस्साणं,

ઉ. ગૌતમ ! સંખ્યાત વર્ષની આયુવાળા પર્યાપ્ત કર્મભૂમિજ અપ્રમત્ત સંયત સમ્યગ્દૃષ્ટિ મનુષ્યોને થાય છે.

णो पमत्तसंजय-सम्मद्दिट्ठि-पज्जत्तग-संखेज्जवासाउय- कम्मभूमिअ-गब्भवक्कंतिय-मणुस्साणं ।

સંખ્યાત વર્ષની આયુવાળા પર્યાપ્ત કર્મભૂમિજ ગર્ભજ પ્રમત્ત સંયત સમયગ્દૃષ્ટિ મનુષ્યોને થતું નથી.

प. जइ अपमत्तसंजय-सम्मद्दिट्ठि-पज्जत्तग-संखेज्जवासाउय-कम्मभूमिअ-गब्भवक्कंतिय-मणुस्साणं-

किं इड्ढिपत्त-अपमत्तसंजय-समद्दिट्ठि-पज्जत्तग-संखेज्जवासाउय-कम्मभूमिअ-गब्भवक्कंतिय - मणुस्साणं ?

अणिड्ढिपत्त-अपमत्त-संजय-सम्मद्दिट्ठि-पज्जत्तग-संखेज्जवासाउय-कम्मभूमिअ-गब्भवक्कंतिय-मणुस्साणं ?

પ્ર. જો સંખ્યાત વર્ષની આયુવાળા પર્યાપ્ત કર્મભૂમિજ ગર્ભજ અપ્રમત્ત સંયત સમ્યગ્દૃષ્ટિ મનુષ્યોને મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થાય છે તો -

શું સંખ્યાત વર્ષની આયુવાળા પર્યાપ્ત કર્મભૂમિજ ગર્ભજ ઋદ્ધિ પ્રાપ્ત લબ્ધિધારી અપ્રમત્ત સંયત સમ્યગ્દૃષ્ટિ મનુષ્યોને થાય છે ?

કે સંખ્યાત વર્ષની આયુવાળા પર્યાપ્ત કર્મભૂમિજ ગર્ભજ લબ્ધિ રહિત અપ્રમત્ત સંયત સમ્યગ્દૃષ્ટિ મનુષ્યોને થાય છે ?

उ. गोयमा ! इड्ढिपत्त-अपमत्त-संजय-सम्मद्दिट्ठि-पज्जत्तग-संखेज्जवासाउय-कम्मभूमिअ-गब्भवक्कंतिय-मणुस्साणं,

ઉ. ગૌતમ ! સંખ્યાતવર્ષની આયુવાળા પર્યાપ્ત કર્મભૂમિજ ગર્ભજ ઋદ્ધિ સહિત અપ્રમત્ત સંયત સમ્યગ્દૃષ્ટિ મનુષ્યોને મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

णो अणिड्ढिपत्त-अपमत्त-संजय-सम्मद्दिट्ठि-पज्जत्तग-संखेज्जवासाउय-कम्मभूमिअ-गब्भवक्कंतिय-मणुस्साणं मणपज्जवनाणं समुप्पज्जइ।

- नंदी. सु. २८-३६

સંખ્યાત વર્ષની આયુવાળા પર્યાપ્ત કર્મભૂમિજ ગર્ભજ ઋદ્ધિ રહિત અપ્રમત સંયત સમ્યગ્દષ્ટિ મનુષ્યોને મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થતું નથી.

**९९. केवलनाणस्स वित्थरओ परूवणं-**

प. से किं तं केवलनाणं ?

उ. केवलनाणं दुविहं पण्णत्तं, तं जहा-

१. भवत्थकेवलनाणं च, २. सिद्धकेवलनाणं च।

प. से किं तं भवत्थकेवलनाणं ?

उ. भवत्थकेवलनाणं दुविहं पण्णत्तं, तं जहा-

१. सजोगिभवत्थकेवलनाणं च,

२. अजोगिभवत्थकेवलनाणं च।

प. से किं तं सजोगिभवत्थकेवलनाणं ?

उ. सजोगिभवत्थकेवलनाणं दुविहं पण्णत्तं, तं जहा-

१. पढमसमय-सजोगिभवत्थकेवलनाणं च,

२. अपढमसमय-सजोगिभवत्थकेवलनाणं च।

**अहवा** १. चरिमसमय-सजोगिभवत्थकेवलनाणं च,

२. अचरिमसमय-सजोगिभवत्थकेवलनाणं च।

***से तं सजोगिभवत्थकेवलनाणं।***

प. से किं तं अजोगिभवत्थकेवलनाणं ?

उ. अजोगिभवत्थकेवलनाणं दुविहं पण्णत्तं, तं जहा-

१. पढमसमय-अजोगिभवत्थकेवलनाणं च,

२. अपढमसमय-अजोगिभवत्थकेवलनाणं च।

**अहवा** १. चरिमसमय-अजोगिभवत्थकेवलनाणं च,

२. अचरिमसमय-अजोगिभवत्थकेवलनाणं च।

***से तं अजोगिभवत्थकेवलनाणं।***

***से तं भवत्थकेवलनाणं।***

प. से किं तं सिद्धकेवलनाणं ?

उ. सिद्धकेवलनाणं दुविहं पण्णत्तं, तं जहा-

१. अणंतरसिद्धकेवलनाणं च,

२. परंपरसिद्धकेवलनाणं च।

प. से किं तं अणंतरसिद्धकेवलनाणं ?

**૯૯. કેવળજ્ઞાનનું વિસ્તારથી પ્રરુપણ :**

પ્ર. કેવળજ્ઞાન શું છે ?

ઉ. કેવળજ્ઞાન બે પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. ભવસ્થ-કેવળજ્ઞાન, ૨. સિદ્ધ-કેવળજ્ઞાન.

પ્ર. ભવસ્થ-કેવળજ્ઞાન કેટલા પ્રકારનાં છે ?

ઉ. ભવસ્થ-કેવળજ્ઞાન બે પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. સયોગિભવસ્થ- કેવળજ્ઞાન.

૨. અયોગિભવસ્થ- કેવળજ્ઞાન.

પ્ર. સયોગિભવસ્થ-કેવળજ્ઞાન શું છે ?

ઉ. સયોગિભવસ્થ-કેવળજ્ઞાન બે પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. પ્રથમ સમય- સયોગિભવસ્થ-કેવળજ્ઞાન,

૨. અપ્રથમ સમય- સયોગિભવસ્થ- કેવળજ્ઞાન.

**અથવા** ૧. ચરમ સમય - સયોગિભવસ્થ- કેવળજ્ઞાન.

૨. અચરમ સમય- સયોગિભવસ્થ-કેવળજ્ઞાન.

***આ સયોગિભવસ્થ કેવળજ્ઞાન છે.***

પ્ર. અયોગિભવસ્થ કેવળજ્ઞાન શું છે ?

ઉ. અયોગિભવસ્થ કેવળજ્ઞાન બે પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. પ્રથમ સમય - અયોગિભવસ્થ કેવળજ્ઞાન,

૨. અપ્રથમસમય- અયોગિભવસ્થ કેવળજ્ઞાન.

**અથવા** ૧. ચરમ સમય-અયોગિભવસ્થ-કેવળજ્ઞાન,

૨. અચરમસમય - અયોગિભવસ્થ કેવળજ્ઞાન.

***આ અયોગિભવસ્થ કેવળજ્ઞાન છે.***

***આ ભવસ્થ કેવળજ્ઞાન છે.***

પ્ર. સિદ્ધ કેવળજ્ઞાન શું છે ?

ઉ. સિદ્ધ કેવળજ્ઞાન બે પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. અનન્તર સિદ્ધ કેવળજ્ઞાન,

૨. પરંપર સિદ્ધ કેવળજ્ઞાન.

પ્ર. અનન્તરસિદ્ધ કેવળજ્ઞાન શું છે ?

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

उ. अणंतरसिद्धकेवलनाणं पण्णरसविहं पण्णत्तं, तं जहा-

१. तित्थसिद्धा, २. अतित्थसिद्धा,
३. तित्थगरसिद्धा, ४. अतित्थगरसिद्धा,
५. सयंबुद्धसिद्धा, ६. पत्तेयबुद्धसिद्धा,
७. बुद्धबोहियसिद्धा, ८. इत्थिलिंगसिद्धा,
९. पुरिसलिंगसिद्धा, १०. णपुंसगलिंगसिद्धा,
११. सलिंगसिद्धा, १२. अण्णलिंगसिद्धा,
१३. गिहिलिंगसिद्धा, १४. एगसिद्धा,
१५. अणेगसिद्धा।

***से तं अणंतरसिद्धकेवलनाणं।***

प. से किं तं परंपरसिद्धकेवलनाणं ?

उ. परम्परसिद्धकेवलनाणं अणेगविहं पण्णत्तं, तं जहा-

अपढमसमयसिद्धा, दुसमयसिद्धा **-जाव-** दससमयसिद्धा,
संखेज्जसमयसिद्धा, असंखेज्जसमयसिद्धा,
अणंतसमयसिद्धा[1]

***से तं परंपरसिद्धकेवलनाणं।***

***से तं सिद्धकेवलनाणं।***

अह सव्वदव्व-परिणाम-भाव-विण्णत्तिकारणमणंतं।
सासयमप्पडिवाई, एगविहं केवलं नाणं॥

ઉ. અનન્તરસિદ્ધ કેવળજ્ઞાન પંદર પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. તીર્થ સિદ્ધ, ૨. અતીર્થસિદ્ધ,
૩. તીર્થંકર સિદ્ધ, ૪. અતીર્થંકર સિદ્ધ,
૫. સ્વયંબુદ્ધસિદ્ધ, ૬. પ્રત્યેકબુદ્ધ સિદ્ધ,
૭. બુદ્ધબોધિત સિદ્ધ, ૮. સ્ત્રીલિંગસિદ્ધ,
૯. પુરુષલિંગસિદ્ધ, ૧૦. નપુંસકલિંગસિદ્ધ,
૧૧. સ્વલિંગ સિદ્ધ, ૧૨. અન્યલિંગસિદ્ધ,
૧૩. ગૃહસ્થલિંગ સિદ્ધ, ૧૪. એક સિદ્ધ,
૧૫. અનેક સિદ્ધ.

***આ અનન્તર સિદ્ધ કેવળજ્ઞાન છે.***

પ્ર. પરંપરસિદ્ધ કેવળજ્ઞાન શું છે ?

ઉ. પરંપરસિદ્ધ કેવળજ્ઞાન અનેક પ્રકારનાં કહ્યા છે, જેમકે -

અપ્રથમ સમય સિદ્ધ, દ્વિસમય સિદ્ધ **-યાવત્-** દસ સમય સિદ્ધ,
સંખ્યાત સમય સિદ્ધ, અસંખ્યાત સમય સિદ્ધ,
અનન્ત સમયસિદ્ધ.

***આ પરંપરસિદ્ધ કેવળજ્ઞાન છે.***

***આ સિદ્ધ કેવળજ્ઞાન છે.***

કેવળજ્ઞાન સંપૂર્ણ દ્રવ્યોને, ઉત્પાદ આદિ પરિણામોને અને ભાવ (પર્યાયો)ને જાણવાનું કારણ છે. તે અનન્ત, શાશ્વત તથા અપ્રતિપાતિ છે અને તે એક જ પ્રકારનો છે.

---

१. केवलनाणे दुविहे पण्णत्ते,
तं जहा- १. भवत्थकेवलनाणे चेव, २. सिद्धकेवलनाणे चेव।
भवत्थकेवलनाणे दुविहे पण्णत्ते, तं जहा-
१. सजोगिभवत्थकेवलनाणे चेव,
२. अजोगिभवत्थकेवलनाणे चेव।
सजोगिभवत्थकेवलनाणे दुविहे पण्णत्ते, तं जहा-
१. पढमसमय-सजोगिभवत्थकेवलनाणे चेव,
२. अपढमसमय-सजोगिभवत्थकेवलनाणे चेव,
**अहवा** १. चरिमसमय-सजोगिभवत्थकेवलनाणे चेव,
२. अचरिमसमय-सजोगिभवत्थकेवलनाणे चेव।
***एवं अजोगिभवत्थकेवलनाणे वि।***
सिद्धकेवलनाणे दुविहे पण्णत्ते, तं जहा-
१. अणंतरसिद्धकेवलनाणे चेव,
२. परंपरसिद्धकेवलनाणे चेव।
अणंतरसिद्धकेवलनाणे दुविहे पण्णत्ते, तं जहा-
१. एक्काणंतरसिद्धकेवलनाणे चेव,
२. अणेक्काणंतरसिद्धकेवलनाणे चेव।
परंपरसिद्धकेवलनाणे दुविहे पण्णत्ते, तं जहा-
१. एक्कपरंपरसिद्धकेवलनाणे चेव,
२. अणेक्कपरंपरसिद्धकेवलनाणे चेव।
- ठाणं. अ. २, उ. १, सु. ६०/३-११

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

केवलनाणेणऽत्थे, नाउं जे तत्थ पण्णवणजोग्गे।
ते भासइ तित्थयरो, वइजोगसुअं हवइ सेसं॥

કેવળજ્ઞાનનાં દ્વારા પદાર્થોને જાણીને તેમાં જે વર્ણન કરવા યોગ્ય હોય છે તેનું વર્ણન તીર્થંકર દેવ કરે છે. તે તેનું સંપૂર્ણ વચનયોગ દ્રવ્યશ્રુત છે.

***से तं केवलनाणं।***

**આ કેવળજ્ઞાનનું સ્વરુપ છે.**

***से तं नोइन्दियपच्चक्खं।*** - नंदी सु. ३९-४४

**આ નોઈન્દ્રિય પ્રત્યક્ષનું વર્ણન છે.**

**१००. केवलिणो नाणे विसिट्ठत्तं-**

प. केवली णं भंते ! आयाणेहिं जाणइ पासइ ?

उ. गोयमा ! नो इणट्ठे समट्ठे।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-
"केवली आयाणेहिं ण जाणइ, ण पासइ ?"

उ. गोयमा ! केवली णं पुरत्थिमे णं मियं पि जाणइ, अमियं पि जाणइ।

***एवं दाहिणे णं, पच्चत्थिमे णं, उत्तरे णं।***
***उड्ढं अहे मियं पि जाणइ, अमियं पि जाणइ।***

सव्वं जाणइ केवली, सव्वं पासइ केवली।

सव्वओ जाणइ केवली, सव्वओ पासइ केवली।

सव्वकालं जाणइ केवली, सव्वकालं पासइ केवली।

सव्वभावे जाणइ केवली, सव्वभावे पासइ केवली।

अणंते नाणे केवलिस्स, अणंते दंसणे केवलिस्स। निव्वुडे (णिरावरणे) नाणे केवलिस्स निव्वुडे (णिरावरणे) दंसणे केवलिस्स[1]।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-
"केवली आयाणेहिं ण जाणइ, ण पासइ[2]।
- विया. स. ५, उ. ४, सु. ३४

**१००. કેવળીનાં જ્ઞાનનું વિશિષ્ટત્વ :**

પ્ર. ભંતે ! શું કેવળી ભગવાન્ ઈન્દ્રિયો (આદાનો)થી જાણે-જુવે છે ?

ઉ. ગૌતમ ! તે શક્ય નથી.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે-
"કેવળી ભગવાન્ ઈન્દ્રિયોથી જાણતાં નથી અને જોતા નથી ?"

ઉ. ગૌતમ ! કેવળી ભગવાન્ પૂર્વ દિશામાં પરિમિત પણ જાણે-જુવે છે અને અપરિમિત પણ જાણે-જુવે છે.

**આ પ્રમાણે દક્ષિણમાં, પશ્ચિમમાં, ઉત્તરમાં, ઉપર, નીચે પરિમિત પણ જાણે-જુવે છે અને અપરિમિત પણ જાણે-જુવે છે.**

કેવળી બધુ જાણે છે, કેવળી બધુ જુવે છે.

કેવળી બધી તરફથી જાણે છે, કેવળી બધી તરફથી જુવે છે.

કેવળી બધા કાળને જાણે છે, કેવળી બધા કાળ ને જુવે છે.

કેવળી બધા ભાવોને જાણે છે, કેવળી બધા ભાવોને જુવે છે.

કેવળીનું જ્ઞાન અનન્ત છે, કેવળીનું દર્શન અનન્ત છે. કેવળીનું જ્ઞાન નિરાવરણ છે, કેવળીનું દર્શન નિરાવરણ છે.

માટે હે ગૌતમ ! એવું કહેવાય છે કે -
"કેવળી ઈન્દ્રિયોથી જાણતાં નથી અને જોતાં નથી."

**१०१. केवली छउमत्थाणं जाणण-पासण-अंतरं-**

प. केवली णं भंते ! अंतकरं वा अंतिमसरीरियं वा जाणइ पासइ ?

**१०१. છદ્મસ્થ અને કેવળીનાં જાણવાં-જોવામાં અંતર :**

પ્ર. ભંતે ! શું કેવળી અન્તકર(સિદ્ધ)ને કે ચરમશરીરીને જાણે-જુવે છે ?

---

१. "अमियं पि जाणइ **-जाव-** निव्वुडे दंसणे केवलिस्स" (विया. स. ५, उ. ४, सु. ४/२)થી આ પાઠને અહીં પૂર્ણ કરવામાં આવે છે.
२. विया. स. ६, उ. १०, सु. १४

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उ. हंता, गोयमा ! जाणइ पासइ।

प. जहा णं भंते ! केवली अंतकरं वा अंतिमसरीरियं वा जाणइ पासइ, तहा णं छउमत्थे वि अंतकरं वा अंतिमसरीरियं वा जाणइ पासइ ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे, सोच्चा जाणइ पासइ, पमाणओ वा।

प. से किं तं सोच्चा ?

उ. सोच्चा णं केवलिस्स वा, केवलिसावयस्स वा, केवलिसावियाए वा, केवलिउवासगस्स वा, केवलिउवासियाए वा, तप्पक्खियस्स वा, तप्पक्खियसावगस्स वा, तप्पक्खियसावियाए वा, तप्पक्खियउवासगस्स वा, तप्पक्खियउवासियाए वा।

***से तं सोच्चा।***

प. से किं तं पमाणे ?

उ. गोयमा ! पमाणे चउव्विहे पण्णत्ते, तं जहा-

१. पच्चक्खे, २. अणुमाणे, ३. ओवम्मे, ४. आगमे।

***जहा अणुओगद्दारे तहा णेयव्वं पमाणं -जाव- तेण परं नो अत्तागमे, नो अणंतरागमे, परंपरागमे।***

प. केवली णं भंते ! चरमकम्मं वा, चरमनिज्जरं वा जाणइ पासइ ?

उ. हंता, गोयमा ! जाणइ, पासइ।

प. जहा णं भंते ! केवली चरमकम्मं वा, चरमनिज्जरं वा जाणइ पासइ, तहा णं छउमत्थे वि चरिमकम्मं वा, चरिमनिज्जरं वा जाणइ, पासइ ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे, सोच्चा जाणइ पमाणओ वा।

***सेसं जहा अंतकरेण आलावगो तहा चरिमकम्मेण वि अपरिसेसिओ णेयव्वो।***

- विया. स. ५, उ. ४, सु. २५-२८

ઉ. હા, ગૌતમ ! તે જાણે-જુવે છે.

પ્ર. ભંતે ! જે પ્રમાણે કેવળી મનુષ્ય સિદ્ધને કે અંતિમ શરીરીને જાણે-જુવે છે, શું તે પ્રમાણે છદ્મસ્થ-મનુષ્ય પણ સિદ્ધને અથવા અંતિમશરીરીને જાણે-જુવે છે ?

ઉ. ગૌતમ ! તે શક્ય નથી, પરંતુ છદ્મસ્થ મનુષ્ય કોઈનાથી સાંભળી અથવા પ્રમાણ દ્વારા કર્મોના અંતકરને અને અંતિમ શરીરીને જાણે-જુવે છે.

પ્ર. ભંતે ! સાંભળવાનો શો અર્થ છે ?

ઉ. ગૌતમ ! કેવળીથી, કેવળીનાં શ્રાવકથી, કેવળીની શ્રાવિકાથી, કેવળીનાં ઉપાસકથી, કેવળીની ઉપાસિકાથી, કેવળી-પાક્ષિકથી, કેવળી-પાક્ષિકનાં શ્રાવકથી, કેવળી-પાક્ષિકની શ્રાવિકાથી, કેવળી પાક્ષિકનાં ઉપાસકથી અથવા કેવળી-પાક્ષિકની ઉપાસિકાથી, આમાંથી કોઈનાં દ્વારા "સાંભળીને" જાણે-જુવે છે

***આ સાંભળવાનું સ્વરુપ છે.***

પ્ર. ભંતે ! પ્રમાણનો શું અર્થ છે ?

ઉ. ગૌતમ ! પ્રમાણ ચાર પ્રકારનાં કહ્યા છે. જેમકે -

૧. પ્રત્યક્ષ, ૨. અનુમાન, ૩. ઉપમાન, ૪. આગમ (આમાંથી કોઈપણ પ્રમાણનાં દ્વારા જાણે-જુવે છે.)

***જે પ્રમાણે પ્રમાણ ભેદોનું અનુયોગદ્વારમાં વર્ણન કરેલ છે. તે પ્રમાણે અહીં પણ આપ્તાગમ નથી, અનંતરાગમ નથી પરંતુ પરંપરાગમ છે ત્યાં સુધીનું વર્ણન કરવું જોઈએ.***

પ્ર. ભંતે ! શું કેવળી ચરમકર્મને કે ચરમનિર્જરાને જાણે-જુવે છે ?

ઉ. હા, ગૌતમ ! તે જાણે-જુવે છે.

પ્ર. ભંતે ! જે પ્રમાણે કેવળી ચરમકર્મને કે ચરમ નિર્જરાને જાણે-જુએ છે, શું તે જ પ્રમાણે છદ્મસ્થ પણ ચરમકર્મ કે ચરમનિર્જરાને જાણે-જુવે છે ?

ઉ. ગૌતમ ! તે શક્ય નથી. પરંતુ કોઈનાથી સાંભળીને કે પ્રમાણ દ્વારા જાણે-જુવે છે.

***બાકીનું સંપૂર્ણ વર્ણન સિદ્ધનાં આલાપક જેવું ચરમકર્મનું પણ જાણવું જોઈએ.***

जैन साहित्य JAINSITE जैनम् जयति शासनम

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

१०२. केवलि-सिद्धाणं जाणण-पासण सामत्थ परूवणं-

प. केवली णं भंते ! छउमत्थं जाणइ, पासइ ?

उ. हंता, गोयमा ! जाणइ, पासइ ।

प. जहा णं भंते ! केवली छउमत्थं जाणइ पासइ, तहा णं सिद्धे वि छउमत्थं जाणइ पासइ ?

उ. हंता, गोयमा ! जाणइ, पासइ ।

प. केवली णं भंते ! आहोहियं जाणइ पासइ ?

उ. गोयमा ! ***एवं चेव ।***

***एवं परमाहोहियं ।***

***एवं केवलिं ।***

***एवं सिद्धं -जाव-***

प. जहा णं भंते ! केवली सिद्धं जाणइ पासइ, तहा णं सिद्धे वि सिद्धं जाणइ पासइ ?

उ. हंता, गोयमा ! जाणइ, पासइ ।

- विया. स. १४, उ. १०, सु. १-६

प. केवली णं भंते ! इमं रयणप्पभं पुढविं "रयणप्पभ पुढवी" त्ति जाणइ, पासइ ?

उ. हंता, गोयमा ! जाणइ, पासइ ।

प. जहा णं भंते ! केवली इमं रयणप्पभं पुढविं "रयणप्पभपुढवी" त्ति जाणइ पासइ ?

तहा णं सिद्धे वि इमं रयणप्पभं पुढविं "रयणप्पभ पुढवी" त्ति जाणइ पासइ ?

उ. हंता, गोयमा ! जाणइ, पासइ ।

प. केवली णं भंते ! सक्करप्पभं पुढविं सक्करप्पभपुढवी त्ति जाणइ पासइ ?

उ. हंता, गोयमा ! ***एवं चेव ।***

***एवं -जाव- अहेसत्तमा ।***

प. केवली णं भंते ! सोहम्मं कप्पं, सोहम्मकप्पे त्ति जाणइ पासइ ?

उ. गोयमा ! ***एवं चेव ।***

***एवं ईसाणं ।***

१०२. કેવળી અને સિદ્ધોમાં જાણવા-જોવાનું સામર્થ્યનું વર્ણન :

પ્ર. ભંતે ! શું કેવળજ્ઞાની છદ્મસ્થને જાણે-જુવે છે ?

ઉ. હા, ગૌતમ ! જાણે-જુવે છે.

પ્ર. ભંતે ! જે પ્રમાણે કેવળજ્ઞાની છદ્મસ્થને જાણે-જુવે છે, શું તે પ્રમાણે સિદ્ધ પણ છદ્મસ્થને જાણે-જુવે છે ?

ઉ. હા, ગૌતમ ! જાણે-જુવે છે.

પ્ર. ભંતે ! શું કેવળજ્ઞાની આધોવધિક (પ્રતિનિયત ક્ષેત્ર અવધિજ્ઞાન- વાળા)ને જાણે-જુવે છે ?

ઉ. ગૌતમ ! **પૂર્વવત્ જાણવું જોઈએ.**

**આ પ્રમાણે પરમાવધિજ્ઞાનીને પણ જાણે-જુવે છે.**

**આ પ્રમાણે કેવળજ્ઞાનીને પણ જાણે-જુવે છે.**

**આ પ્રમાણે સિદ્ધોનાં માટે પણ કહેવું જોઈએ -યાવત્-**

પ્ર. ભંતે ! જે પ્રમાણે કેવળજ્ઞાની સિદ્ધને જાણે-જુવે છે, શું તે પ્રમાણે સિદ્ધ પણ (બીજા) સિદ્ધને જાણે-જુવે છે ?

ઉ. હા, ગૌતમ ! તે જાણે-જુવે છે.

પ્ર. ભંતે ! શું કેવળજ્ઞાની આ રત્નપ્રભા પૃથ્વીને આ "રત્નપ્રભાપૃથ્વી છે." આ પ્રમાણે જાણે-જુવે છે?

ઉ. હા, ગૌતમ ! જાણે-જુવે છે.

પ્ર. ભંતે ! જે પ્રમાણે કેવળી આ રત્નપ્રભા પૃથ્વીને આ "રત્નપ્રભા પૃથ્વી છે." આ પ્રમાણે જાણે-જુવે છે ?

શું તે પ્રમાણે સિદ્ધ પણ આ રત્નપ્રભાપૃથ્વીને "આ રત્નપ્રભા પૃથ્વી છે." આ પ્રમાણે જાણે-જુવે છે ?

ઉ. હા, ગૌતમ ! જાણે-જુવે છે.

પ્ર. ભંતે ! શું કેવળજ્ઞાની શર્કરાપ્રભા પૃથ્વીને "આ શર્કરાપ્રભા પૃથ્વી છે." આ પ્રમાણે જાણે-જુવે છે ?

ઉ. હા, ગૌતમ ! ***તે પ્રમાણે (કેવળી અને સિદ્ધ બંનેના વિષયમાં પૂર્વવત્) સમજવું જોઈએ.***

**આ પ્રમાણે અધઃસપ્તમ પૃથ્વી સુધી જાણવું જોઈએ.**

પ્ર. ભંતે ! શું કેવળજ્ઞાની સૌધર્મકલ્પને "આ સૌધર્મકલ્પ છે." આ પ્રમાણે જાણે-જુવે છે ?

ઉ. ગૌતમ ! **પૂર્વવત્ જાણવું જોઈએ.**

***આ પ્રમાણે ઈશાન દેવલોકનાં વિષયમાં પણ જાણવું જોઈએ.***

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

*एवं -जाव- अच्चुयं।*

प. केवली णं भंते ! गेवेज्जविमाणे-गेवेज्जविमाणे त्ति जाणइ पासइ ?

उ. गोयमा ! **एवं चेव।**

*एवं अणुत्तरविमाणे वि।*

प. केवली णं भंते ! ईसिपब्भारं पुढविं "ईसीपब्भार-पुढवी" त्ति जाणइ पासइ ?

उ. गोयमा ! **एवं चेव।**

प. केवली णं भंते ! परमाणुपोग्गलं परमाणुपोग्गले त्ति जाणइ पासइ ?

उ. गोयमा ! **एवं चेव।**

*एवं दुपदेसियं खंधं एवं -जाव-*

प. जहा णं भंते ! केवली अणंतपदेसियं खंधे "अणंतपदेसिए खंधे" त्ति जाणइ पासइ, तहा णं सिद्धे वि अणंतपदेसियं जाणइ, पासइ।

उ. हंता, गोयमा ! जाणइ, पासइ।

- विया. स. १४, उ. १०, सु. १२-२४

**આ પ્રમાણે અચ્યુતકલ્પ સુધીનાં માટે કહેવું જોઈએ.**

પ્ર. ભંતે ! શું કેવળજ્ઞાની ગ્રૈવેયકવિમાનને "ગ્રૈવેયક વિમાન છે." આ પ્રમાણે જાણે-જુવે છે ?

ઉ. ગૌતમ ! **પૂર્વવત્ સમજવું જોઈએ.**

**આ પ્રમાણે (પાંચ) અનુત્તર વિમાનોનાં વિષયમાં કહેવું જોઈએ.**

પ્ર. ભંતે ! શું કેવળજ્ઞાની ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીને "ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વી છે." આ પ્રમાણે જાણે-જુવે છે ?

ઉ. ગૌતમ ! **પૂર્વવત્ સમજવું જોઈએ.**

પ્ર. ભંતે ! શું કેવળજ્ઞાની પરમાણુ પુદ્દગલને "આ પરમાણુપુદ્દગલ છે." આ પ્રમાણે જાણે-જુવે છે ?

ઉ. ગૌતમ ! **પૂર્વવત્ સમજવું જોઈએ.**

**આ પ્રમાણે દ્વિ પ્રદેશી સ્કંધનાં વિષયમાં પણ સમજવું જોઈએ, આ પ્રમાણે -યાવત્- -**

પ્ર. ભંતે ! જેમ કેવળી અનન્તપ્રદેશિક સ્કંધને "આ અનન્તપ્રદેશિક સ્કંધ છે." આ પ્રમાણે જાણે-જુવે છે શું તેજ પ્રમાણે સિદ્ધ પણ "અનન્તપ્રદેશિક સ્કંધ" ને અનન્તપ્રદેશિક સ્કંધ છે. આ પ્રમાણે જાણે-જુવે છે ?

ઉ. હા, ગૌતમ ! તે જાણે-જુવે છે.

## १०३. केवलि-सिद्धेसु भासणाइ परूवणं-

प. केवली णं भंते ! भासेज्ज वा, वागरेज्ज वा।

उ. हंता, गोयमा ! भासेज्ज वा, वागरेज्ज वा।

प. जहा णं भंते ! केवली भासेज्ज वा, वागरेज्ज वा, तहा णं सिद्धे वि भासेज्ज वा, वागरेज्ज वा ?

उ. गोयमा ! नो इणट्ठे समट्ठे।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"जहा णं केवली भासेज्ज वा, वागरेज्ज वा, नो तहा णं सिद्धे भासेज्ज वा, वागरेज्ज वा ?"

उ. गोयमा ! केवली णं सउट्ठाणे सकम्मे सबले सवीरिए सपुरिसक्कार परक्कमे, सिद्धे णं अणुट्ठाणे -जाव- अपुरिसक्कारपरक्कमे।

## ૧૦૩. કેવળી અને સિદ્ધોમાં ભાષા આદિનું પ્રરુપણ :

પ્ર. ભંતે ! શું કેવળજ્ઞાની બોલે છે કે પ્રશ્નનો ઉત્તર આપે છે ?

ઉ. હા, ગૌતમ ! તે બોલે પણ છે અને પ્રશ્નનો ઉત્તર પણ આપે છે.

પ્ર. ભંતે ! જે પ્રમાણે કેવળી બોલે છે કે પ્રશ્નનો ઉત્તર આપે છે, શું તે પ્રમાણે સિદ્ધ પણ બોલે છે અને પ્રશ્નનો ઉત્તર પણ આપે છે ?

ઉ. ગૌતમ ! તે શક્ય નથી.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"કેવળી બોલે છે અને પ્રશ્નનો ઉત્તર આપે છે, પરંતુ સિદ્ધ ભગવાન બોલતા નથી. અને પ્રશ્નનો ઉત્તર પણ આપતાં નથી ?"

ઉ. ગૌતમ ! કેવળજ્ઞાની ઉત્થાન, કર્મ, બળ, વીર્ય અને પુરુષકાર-પરાક્રમથી સહિત છે, જ્યારે સિદ્ધ ભગવાન ઉત્થાન **-યાવત્-** પુરુષકાર-પરાક્રમથી રહિત છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"जहा णं केवली भासेज्ज वा, वागरेज्ज वा, नो तहा णं सिद्धे भासेज्ज वा वागरेज्ज वा।

प. केवली णं भंते ! उम्मिसेज्ज वा, निम्मिसेज्ज वा।

उ. हंता, गोयमा ! उम्मिसेज्ज वा, निम्मिसेज्ज वा।

प. जहा णं भंते ! केवली उम्मिसेज्ज वा, निम्मिसेज्ज वा तहा णं सिद्धे वि उम्मिसेज्ज वा, निम्मिसेज्ज वा ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे। ***सेसं जहा वागरणं आलावगो तहा उम्मिसेण वि अपरिसेसिओ णेयव्वो।***

***एवं आउट्टेज्ज वा, पसारेज्ज वा।***

***एवं ठाणं वा, सेज्जं वा, निसीहियं वा चेएज्जा।***

- विया. स. १४, उ. १०, सु. ७-११

માટે હે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"કેવળજ્ઞાની બોલે છે અને પ્રશ્નનો ઉત્તર આપે છે, પરંતુ સિદ્ધ ભગવાન્ બોલતા નથી અને પ્રશ્નનો ઉત્તર આપતાં નથી."

પ્ર. ભંતે ! કેવળજ્ઞાની પોતાની આંખો ખોલે છે. અથવા બંધ કરે છે?

ઉ. હા, ગૌતમ ! તે આંખ ખોલે છે અને બંધ કરે છે.

પ્ર. ભંતે ! જે પ્રમાણે કેવળી આંખો ખોલે છે અને બંધ કરે છે, શું તે પ્રમાણે સિદ્ધ પણ આંખો ખોલે છે અને બંધ કરે છે ?

ઉ. ગૌતમ ! આ શક્ય નથી. **બાકી સંપૂર્ણ વર્ણન ઉપરોક્ત સિદ્ધનાં બોલવા આદિના આલાપકની સમાન જાણવુ જોઈએ.**

**આ પ્રમાણે અંગોને સંકુચિત કરવા અને ફેલાવા સંબંધી આલાપક જાણવા જોઈએ.**

**આ પ્રમાણે ઉભા રહેવું, સૂવા અને બેસવા સંબંધી આલાપક પણ જાણવા જોઈએ.**

**१०४. छउमत्थेणं केवलणाणिस्स विसेसओ-**

दस ठाणाइं छउमत्थे सव्वभावेणं न जाणइ न पासइ, तं जहा-

१. धम्मत्थिकायं, २. अधम्मत्थिकायं,
३. आगासत्थिकायं, ४. जीवं असरीरपडिबद्धं,
५. परमाणुपोग्गलं[1], ६. सद्दं[2]
७. गंधं[3], ८. वातं[4],
९. अयं जिणे भविस्सइ वा, ण वा भविस्सइ,
१०. अयं सव्वदुक्खाणं अंतं करेस्सइ वा, न वा करेस्सइ।

एयाणि चेव उप्पन्न-नाण-दंसणधरे अरहा जिणे केवली सव्वभावेणं जाणइ पासइ, तं जहा-

१. धम्मत्थिकायं **-जाव-**

१०. अयं सव्वदुक्खाणं अंतं करेस्सइ वा, न वा करेस्सइ[5]। - ठाणं, अ. १०, सु. ७५४

**૧૦૪. છદ્મસ્થથી કેવળજ્ઞાનીની વિશેષતા :**

દસ પદાર્થોને છદ્મસ્થ સંપૂર્ણ રુપથી જાણતાં નથી અને જોતા નથી, જેમકે -

૧. ધર્માસ્તિકાય, ૨. અધર્માસ્તિકાય,
૩. આકાશાસ્તિકાય, ૪. શરીરમુક્તજીવ,
૫. પરમાણુ પુદ્ગલ, ૬. શબ્દ,
૭. ગંધ, ૮. વાયુ,
૯. આ જિન થશે કે નહીં ?
૧૦. આ બધા દુઃખોનો અંત કરશે કે નહીં ?

પરંતુ ઉત્પન્ન જ્ઞાન-દર્શનને ધારણ કરનાર, અર્હત્ જિન કેવળી આને સંપૂર્ણ રુપથી જાણે જુવે છે, જેમકે -

૧. ધર્માસ્તિકાય **-યાવત્-**

૧૦. આ બધા દુઃખોનો અંત કરશે કે નહીં.

**१०५. छउमत्थ-केवलिणं परियियो-**

सत्तहिं ठाणेहिं छउमत्थं जाणेज्जा, तं जहा-

१. पाणे अइवाएत्ता भवइ,

**૧૦૫. છદ્મસ્થ અને કેવળીનો પરિચય :**

સાત હેતુઓથી છદ્મસ્થ જાણી શકાય છે, જેમકે -

૧. જે પ્રાણોનો અતિપાત કરે છે,

---

१. ठाणं. अ.५, सु. ४५०
२. ठाणं. अ. ६, सु. ४७८
३. ठाणं अ. ७, सु. ५६७
४. ठाणं. अ. ८, सु. ६१०
५. विया.स. ८, उ. २, सु. २०-२१

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

२. मुसं वइत्ता भवइ,

३. अदिन्नमादित्ता भवइ,

४. सद्द-फरिस-रस-रूव-गंधे आसादेत्ता भवइ,

५. पूयासक्कारमणुवूहेत्ता भवइ,

६. इमं सावज्ज त्ति पण्णवेत्ता पडिसेवेत्ता भवइ,

७. णो जहावादी तहाकारी यावि भवइ।

सत्तहिं ठाणेहिं केवली जाणेज्जा, तं जहा-

१. णो पाणे अइवाइत्ता भवइ **-जाव-**

२-७ जहावाई तहाकारी यावि भवइ।

- ठाणं. अ. ७. सु. ५५०

**१०६. वेमाणियदेवेहिं केवलिस्स मणोवययोग विन्नाणं-**

प. केवली णं भंते ! पणीयं मणं वा, वइं वा धारेज्जा ?

उ. हंता, गोयमा ! धारेज्जा।

प. जे णं भंते ! केवली पणीयं मणं वा, वइं वा धारेज्जा तं णं वेमाणिया देवा जाणंति पासंति ?

उ. गोयमा ! अत्थेगइया जाणंति पासंति,
अत्थेगइया न जाणंति, न पासंति।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-
"अत्थेगइया जाणंति पासंति, अत्थेगइया न जाणंति न पासंति ?"

उ. गोयमा ! वेमाणिया देवा दुविहा पण्णत्ता, तं जहा-
१. मायिमिच्छादिट्ठिउववन्नगा य,
२. अमायिसम्मदिट्ठिउववन्नगा य,
तत्थ णं जे ते माइमिच्छादिट्ठीउववन्नगा ते ण जाणंति, ण पासंति।
तत्थ णं जे ते अमाइसम्मदिट्ठीउववन्नगा ते णं अत्थेगइया जाणंति-पासंति, अत्थेगइया ण जाणंति ण पासंति।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ -
"अत्थेगइया जाणंति-पासंति, अत्थेगइया ण जाणंति, ण पासंति ?"

૨. જે મૃષા બોલે છે.

૩. જે અદત્તને ગ્રહણ કરે છે.

૪. જે શબ્દ, સ્પર્શ, રસ, રુપ અને ગંધનો આસ્વાદક હોય છે.

૫. જે પૂજા અને સત્કારનું અનુમોદન કરે છે.

૬. જે આ "સાવદ્ય સપાપ છે." એવું કહીને પણ તેનું આસેવન કરે છે.

૭. જે જેવું કહે છે તેવું કરતા નથી.

આ સાત હેતુઓથી કેવળી જાણી શકાય છે, જેમકે -

૧. જે પ્રાણોનો અતિપાત કરતા નથી **-યાવત્-**

૨-૭. જે જેવું કહે છે તેવું કરે છે.

**૧૦૬. વૈમાનિક દેવો દ્વારા કેવળીનાં મન, વચન યોગોનું જ્ઞાન :**

પ્ર. ભંતે ! શું કેવળી પ્રશસ્ત મન અને પ્રશસ્ત વચન ધારણ કરે છે ?

ઉ. હા, ગૌતમ ! ધારણ કરે છે.

પ્ર. ભંતે ! કેવળી જે પ્રકારથી પ્રશસ્ત મન અને પ્રશસ્ત વચનને ધારણ કરે છે શું તેને વૈમાનિક દેવ જાણે-જુવે છે ?

ઉ. ગૌતમ ! કેટલાક જાણે-જુવે છે અને કેટલાક જાણતાં નથી, જોતાં નથી.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -
"કેટલાક દેવ જાણે-જુવે છે, કેટલાક દેવ જાણતાં નથી, જોતાં નથી"?

ઉ. ગૌતમ ! વૈમાનિક દેવ બે પ્રકારનાં કહ્યા છે, જેમકે-
૧. માયી મિથ્યાદષ્ટિ રુપથી ઉત્પન્ન,
૨. અમાયી સમ્યગ્દષ્ટિ રુપથી ઉત્પન્ન.
આમાં જે માયી મિથ્યાદષ્ટિ છે તે જાણતાં નથી, જોતાં નથી.
પરંતુ જે અમાયી સમ્યગ્દષ્ટિ છે તે કંઈક જાણે-જુવે છે અને કંઈક જાણતાં નથી, જોતાં નથી.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -
"કેટલાક જાણે-જુવે છે અને કેટલાક જાણતાં નથી, જોતાં નથી ?

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उ. गोयमा ! अमाइसम्मदिट्ठी दुविहा पण्णत्ता, तं जहा-

१. अणंतरोववण्णगा य,

२. परंपरोववण्णगा य।

तत्थ णं जे ते अणंतरोववण्णगा ते ण जाणंति, ण पासंति।

तत्थ णं जे ते परंपरोववण्णगा ते णं अत्थेगइया जाणंति-पासंति, अत्थेगइया ण जाणंति, ण पासंति।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"अत्थेगइया जाणंति-पासंति, अत्थेगइया ण जाणंति, ण पासंति ?"

उ. गोयमा ! परंपरोववण्णगा दुविहा पण्णत्ता, तं जहा-

१. अपज्जत्तगा य, २. पज्जत्तगा य।

तत्थ णं जे ते अपज्जत्तगा ते ण जाणंति, ण पासंति।

तत्थ णं जे ते पज्जत्तगा ते णं अत्थेगइया जाणंति-पासंति, अत्थेगइया ण जाणंति, ण पासंति।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"अत्थेगइया जाणंति-पासंति, अत्थेगइया ण जाणंति, ण पासंति ?"

उ. गोयमा ! पज्जत्तगा दुविहा पण्णत्ता, तं जहा-

१. अणुवउत्ता य, २. उवउत्ता य।

तत्थ णं जे ते अणुवउत्ता ते ण जाणंति, ण पासंति।

तत्थ णं जे ते उवउत्ता ते जाणंति - पासंति।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"अत्थेगइया जाणंति-पासंति, अत्थेगइया ण जाणंति, ण पासंति।

- विया. स. ५, उ. ४, सु. २९-३०

ઉ. ગૌતમ ! અમાયી સમ્યગ્દૃષ્ટિ બે પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. અનન્તરોપપન્નક,

૨. પરંપરોપપન્નક.

આમાંથી જે અનન્તરોપપન્નક છે તે જાણતાં નથી, જોતાં નથી.

આમાંથી જે પરંપરોપપન્નક છે તે કેટલાક જાણે-જુવે છે અને કેટલાક જાણતાં નથી, જોતાં નથી.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"કેટલાક જાણે-જુવે છે અને કેટલાક જાણતાં નથી, જોતાં નથી ?

ઉ. ગૌતમ ! પરંપરોપપન્નક (સમ્યગ્દૃષ્ટિ) પણ બે પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. અપર્યાપ્તક, ૨. પર્યાપ્તક.

આમાંથી જે અપર્યાપ્તા છે તે જાણતાં નથી, જોતાં નથી.

અને જે પર્યાપ્તા છે તે કેટલાક જાણે - જુવે છે અને કેટલાક જાણતાં નથી, જોતાં નથી.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"કેટલાક જાણે-જુવે છે અને કેટલાક જાણતાં નથી, જોતાં નથી ?

ઉ. ગૌતમ ! પર્યાપ્તા (સમ્યગ્દૃષ્ટિ) પણ બે પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. અનુપયુક્ત, ૨. ઉપયુક્ત.

આમાંથી જે અનુપયુક્ત છે તે જાણતાં નથી, જોતાં નથી અને જે ઉપયુક્ત છે તે જાણે-જુવે છે.

માટે હે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"કેટલાક (વૈમાનિક દેવ કેવળીનાં મનને) જાણે-જુવે છે અને કેટલાક જાણતાં નથી, જોતાં નથી.

## १०७. केवलि सद्धिं अणुत्तर देवाणं संलावो -

प. पभू णं भंते ! अणुत्तरोववाइया देवा तत्थगया चेव समाणा इहगएणं केवलिणा सद्धिं आलावं वा, संलावं वा करेत्तए ?

## ૧૦૭. કેવળીની સાથે અનુત્તર દેવોનો સંલાપ (પરસ્પર સંભાષણ) :

પ્ર. ભંતે ! શું અનુત્તરોપપાતિક દેવ પોતાના સ્થાન પર ઉભા રહીને જ અહીં રહેલ કેવળીની સાથે આલાપ અને સંલાપ કરવામાં સમર્થ છે ?

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

उ. हंता, गोयमा ! पभू ।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ -

"पभू णं अणुत्तरोववाइया देवा तत्थगया चेव समाणा इहगएणं केवलिणा सद्धिं आलावं वा, संलावं वा करेत्तए ।"

उ. गोयमा ! जं णं अणुत्तरोववाइया देवा तत्थगया चेव समाणा अट्ठं वा, हेउं वा, पसिणं वा, कारणं वा, वागरणं वा पुच्छंति तं णं इहगए केवली अट्ठं वा -जाव- वागरणं वा वागरेइ ।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"पभू णं अणुत्तरोववाइया देवा तत्थगया चेव समाणा इहगएणं केवलिणा सद्धिं आलावं वा, संलावं वा करेत्तए ।"

प. जं णं भंते ! इहगए चेव केवली अट्ठं -जाव- वागरणं वा वागरेइ तं णं अणुत्तरोववाइया देवा तत्थगया चेव समाणा जाणंति पासंति ?"

उ. हंता, जाणंति, पासंति ।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ -

"जं णं इहगए चेव केवली अट्ठं वा -जाव- वागरणं वा वागरेइ तं णं अणुत्तरोववाइया देवा तत्थगया चेव समाणा जाणंति पासंति ?"

उ. गोयमा ! तेसिं णं देवाणं अणंताओ मणोदव्व वग्गणाओ लद्धाओ पत्ताओ अभिसमन्नागयाओ भवंति ।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"जं णं इहगए चेव केवली अट्ठं वा -जाव- वागरणं वा वागरेइ तं णं अणुत्तरोववाइया देवा तत्थगइया चेव समाणा जाणंति पासंति ।

- विया. स. ५, उ. ४, सु. ३१-३२

**१०८. केवलिणो अस्सिं सेयकालंसि ओगाहणा सामत्थं-**

प. केवली णं भंते ! अस्सिं समयंसि जेसु आगासपएसेसु हत्थं वा पायं वा बाहं वा उरूं वा ओगाहित्ताणं चिट्ठइ ।

पभू णं भंते ! केवली सेयकालंसि वि तेसु चेव आगासपएसेसु हत्थं वा -जाव- उरूं वा ओगाहित्ताणं चिट्ठित्तए ?

ઉ. હા, ગૌતમ ! સમર્થ છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

અનુત્તરોપપાતિક દેવ પોતાના સ્થાન પર ઉભા રહીને જ અહીં રહેલ કેવળીની સાથે આલાપ અને સંલાપ કરવામાં સમર્થ છે ?"

ઉ. ગૌતમ ! અનુત્તરોપપાતિક દેવ પોતાના સ્થાન પર ઉભા રહીને જ-જે અર્થો, હેતુઓ, પ્રશ્નો, કારણો કે વ્યાખ્યાઓને પૂછે છે તે અર્થો -યાવત્- વ્યાખ્યાઓનાં ઉત્તર અહીં રહેલ કેવળી આપે છે.

માટે હે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"અનુત્તરોપપાતિક દેવ પોતાના સ્થાન પર ઉભા રહીને જ અહીં રહેલ કેવળીની સાથે આલાપ અને સંલાપ કરવામાં સમર્થ છે."

પ્ર. ભંતે ! કેવળી ભગવાન્ અહીં રહેલ જે અર્થ -યાવત્- વ્યાખ્યાનોના ઉત્તર આપે છે શું તે ઉત્તરને ત્યાં રહેલ અનુત્તરોપપાતિક દેવ જાણે-જુવે છે ?

ઉ. હા, ગૌતમ ! તે જાણે- જુવે છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"અહીં રહેલ કેવળી જે અર્થ -યાવત્- વ્યાખ્યાનોના ઉત્તર આપે છે, તે ઉત્તરને ત્યાં રહેલ અનુત્તરોપપાતિક દેવ જાણે-જુવે છે ?

ઉ. ગૌતમ ! તે દેવોને અનન્ત મનોદ્રવ્ય-વર્ગણાઓ ઉપલબ્ધ છે, પ્રાપ્ત છે, સમ્મુખ કરેલ છે,

માટે હે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"અહીં રહેલ કેવળી જે અર્થ -યાવત્- વ્યાખ્યાનોના ઉત્તર આપે છે, તે ઉત્તરને ત્યાં રહેલ અનુત્તરોપપાતિક દેવ જાણે-જુવે છે."

**૧૦૮. કેવળીનું વર્તમાન ભવિષ્યકાલીન અવગાહન સામર્થ્ય :**

પ્ર. ભંતે ! કેવળી આ સમયમાં જે આકાશ પ્રદેશો પર પોતાના હાથ, પગ, ભુજા અને સાથળને અવગાહિત કરીને રહે છે,

તો ભંતે ! શું ભવિષ્યકાળમાં પણ તે એ જ આકાશ-પ્રદેશો પર પોતાના હાથ -યાવત્- સાથળ આદિને અવગાહિત કરીને રહી શકે છે ?

JAINSITE.com जैनम् जयति शासनम्

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"केवली णं अस्सिं समयंसि जेसु आगासपएसेसु हत्थं वा **-जाव-** उरूं वा चिट्ठइ, नो णं पभू केवली सेयकालंसि वि तेसु चेव आगासपएसेसु हत्थं वा **-जाव-** उरूं वा ओगाहित्ताणं चिट्ठित्तए ?

उ. गोयमा ! केवलिस्स णं वीरियसजोगसद्दव्वयाए चलाइं उवगरणाइं भवंति, चलोवगरणट्ठयाए य णं केवली अस्सिं समयंसि जेसु आगासपएसेसु हत्थं वा **-जाव-** उरूं वा चिट्ठइ णो णं पभू केवली सेयकालंसि वि तेसु चेव आगासपएसेसु हत्थं वा **-जाव-** उरूं वा ओगाहित्ताणं चिट्ठित्तए।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"केवली णं अस्सिं समयंसि जेसु आगासपएसेसु हत्थं वा **-जाव-** उरूं वा ओगाहित्ताणं चिट्ठित्तए। णो णं पभू केवली सेयकालंसि वि तेसु चेव आगासपएसेसु हत्थं वा **-जाव-** उरूं वा ओगाहित्ताणं चिट्ठित्तए।

- विया. स. ५, उ. ४, सु. ३५

ઉ. ગૌતમ ! આ શક્ય નથી.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"કેવળી આ સમયમાં જે આકાશ-પ્રદેશો પર પોતાના હાથ **-યાવત્-** સાથળને અવગાહિત કરીને રહે છે તે એ જ આકાશ પ્રદેશો પર ભવિષ્યકાળમાં પોતાના હાથ **-યાવત્-** સાથળને અવગાહિત કરીને રહેવામાં સમર્થ નથી ?

ઉ. ગૌતમ ! કેવળીનો જીવ દ્રવ્ય વીર્યપ્રધાન યોગવાળા હોય છે, એનાથી તેના હાથ આદિ ઉપકરણ ચલાયમાન હોય છે, તે ચલિત રહેવાથી વર્તમાન સમયમાં જે આકાશપ્રદેશોમાં કેવળી પોતાના હાથ **-યાવત્-** સાથળ અવગાહિત કરીને રહે છે. એજ આકાશ- પ્રદેશો પર ભવિષ્યકાળ માં તે હાથ **-યાવત્-** સાથળને અવગાહિત કરીને રહી સકતા નથી.

માટે હે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"કેવળી આ સમયમાં જે આકાશપ્રદેશો પર પોતાના હાથ **-યાવત્-** સાથળને અવગાહિત કરીને રહે છે તે એજ આકાશપ્રદેશો પર ભવિષ્યકાળમાં પોતાના હાથ **-યાવત્-** સાથળને અવગાહિત કરીને રહી સકતા નથી.

**१०९. केवलिस्स दस अणुत्तरा-**

केवलिस्स णं दस अणुत्तरा पण्णत्ता, तं जहा-

१. अणुत्तरे णाणे, २. अणुत्तरे दंसणे,
३. अणुत्तरे चरित्ते, ४. अणुत्तरे तवे,
५. अणुत्तरे वीरिए, ६. अणुत्तरा खंती
७. अणुत्तरा मुत्ती, ८. अणुत्तरे अज्जवे,
९. अणुत्तरे मद्दवे, १०. अणुत्तरे लाघवे।

- ठाणं. अ. १०, सु. ७६३

**૧૦૯. કેવળીનાં દસ અનુત્તર :**

કેવળીનાં દસ અનુત્તર કહ્યા છે, જેમકે -

૧. અનુત્તર જ્ઞાન, ૨. અનુત્તર દર્શન,
૩. અનુત્તર ચારિત્ર, ૪. અનુત્તર તપ,
૫. અનુત્તર વીર્ય (શક્તિ), ૬. અનુત્તર ક્ષાન્તિ, (ક્રોધક્ષય)
૭. અનુત્તર મુક્તિ (નિર્લોભતા) ૮. અનુત્તર આર્જવ,
૯. અનુત્તર માર્દવ, ૧૦. અનુત્તર લાઘવ.

**११०. पंच णाणाणं उप्पाय हेउ परूवणं-**

दोहिं ठाणेहिं आया केवलं आभिणिबोहियणाणं उप्पाडेज्जा, तं जहा-

१. सोच्चा चेव, २. अभिसमेच्च चेव।

दोहिं ठाणेहिं आया केवलं सुयणाणं उप्पाडेज्जा, तं जहा-

**૧૧૦. પાંચ જ્ઞાનોની ઉત્પત્તિનાં હેતુઓનું પ્રરુપણ :**

આ બે સ્થાનોથી આત્મા વિશુદ્ધ આભિનિબોધિક જ્ઞાનને ઉત્પન્ન કરે છે, જેમકે -

૧. સાંભળવાથી, ૨. જાણવાથી.

આ બે સ્થાનોથી આત્મા વિશુદ્ધ શ્રુતજ્ઞાનને ઉત્પન્ન કરે છે, જેમકે -

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

१. सोच्चा चेव, २. अभिसमेच्च चेव।

दोहिं ठाणेहिं आया केवलं ओहिणाणं उप्पाडेज्जा, तं जहा-

१. सोच्चा चेव, २. अभिसमेच्च चेव।

दोहिं ठाणेहिं आया केवलं मणपज्जवणाणं उप्पाडेज्जा, तं जहा-

१. सोच्चा चेव, २. अभिसमेच्च चेव।

दोहिं ठाणेहिं आया केवलं केवलणाणं उप्पाडेज्जा, तं जहा-

१. सोच्चा चेव, २. अभिसमेच्च चेव।

दोहिं ठाणाहिं परियाणेत्ता आया केवलमाभिणिबोहियणाणं उप्पाडेज्जा, तं जहा-

१. आरंभे चेव, २. परिग्गहे चेव।

दो ठाणाइं परियाणेत्ता आया केवलं सुयणाणं उप्पाडेज्जा, तं जहा-

१. आरंभे चेव, २. परिग्गहे चेव।

दो ठाणाइं परियाणेत्ता आया केवलं ओहिनाणं उप्पाडेज्जा, तं जहा-

१. आरंभे चेव, २. परिग्गहे चेव।

दो ठाणाइं परियाणेत्ता आया केवलं मणपज्जवणाणं उप्पाडेज्जा, तं जहा-

१. आरंभे चेव, २. परिग्गहे चेव।

दो ठाणाइं परियाणेत्ता आया केवलं केवलणाणं उप्पाडेज्जा, तं जहा-

१. आरंभे चेव, २. परिग्गहे चेव।

- ठाणं. अ. २, उ. १, सु. ५५

## १११. पंच णाणाणं अणुप्पइं हेउ परूवणं-

दो ठाणाइं अपरियाणेत्ता आया णो केवलमाभिणिबोहियणाणं उप्पाडेज्जा, तं जहा-

१. आरंभे चेव, २. परिग्गहे चेव।

दो ठाणाइं अपरियाणेत्ता आया णो केवलं सुयणाणं उप्पाडेज्जा, तं जहा-

१. आरंभे चेव, २. परिग्गहे चेव।

दो ठाणाइं अपरियाणेत्ता आया णो केवलं ओहिणाणं उप्पाडेज्जा, तं जहा-

૧. સાંભળવાથી, ૨. જાણવાથી.

આ બે સ્થાનોથી આત્મા વિશુદ્ધ અવધિજ્ઞાનને ઉત્પન્ન કરે છે, જેમકે -

૧. સાંભળવાથી, ૨. જાણવાથી.

આ બે સ્થાનોથી આત્મા વિશુદ્ધ મનઃ પર્યવજ્ઞાનને ઉત્પન્ન કરે છે, જેમકે -

૧. સાંભળવાથી, ૨. જાણવાથી.

આ બે સ્થાનોથી આત્મા વિશુદ્ધ કેવળજ્ઞાનને ઉત્પન્ન કરે છે, જેમકે -

૧. સાંભળવાથી, ૨. જાણવાથી.

આ બે સ્થાનોને જાણીને અને છોડીને આત્મા આભિનિબોધિક જ્ઞાનને પ્રાપ્ત કરે છે, જેમકે -

૧. આરંભ, ૨. પરિગ્રહ.

આ બે સ્થાનોને જાણીને અને છોડીને આત્મા વિશુદ્ધ શ્રુતજ્ઞાનને પ્રાપ્ત કરે છે, જેમકે -

૧. આરંભ, ૨. પરિગ્રહ.

આ બે સ્થાનોને જાણીને અને છોડીને આત્મા વિશુદ્ધ અવધિજ્ઞાનને પ્રાપ્ત કરે છે, જેમકે -

૧. આરંભ, ૨. પરિગ્રહ.

આ બે સ્થાનોને જાણીને અને છોડીને આત્મા વિશુદ્ધ મનઃ પર્યવજ્ઞાનને પ્રાપ્ત કરે છે, જેમકે -

૧. આરંભ, ૨. પરિગ્રહ.

આ બે સ્થાનોને જાણીને અને છોડીને આત્મા વિશુદ્ધ કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે, જેમકે -

૧. આરંભ, ૨. પરિગ્રહ.

## ૧૧૧. પાંચ જ્ઞાનોની અનુત્પત્તિનાં હેતુઓનું પ્રરુપણ :

આ બે સ્થાનોને જાણ્યા અને છોડ્યા વગર આત્મા વિશુદ્ધ આભિનિબોધિક જ્ઞાનને પ્રાપ્ત કરતા નથી, જેમકે -

૧. આરંભ, ૨. પરિગ્રહ.

આ બે સ્થાનોને જાણ્યા અને છોડ્યા વગર આત્મા વિશુદ્ધ શ્રુતજ્ઞાનને પ્રાપ્ત કરતાં નથી, જેમકે -

૧. આરંભ, ૨. પરિગ્રહ.

આ બે સ્થાનોને જાણ્યા અને છોડ્યા વગર આત્મા વિશુદ્ધ અવધિજ્ઞાનને પ્રાપ્ત કરતા નથી, જેમકે -

जैन साईट JAINSITE जैनम् जयति शासनम

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

१. आरंभे चेव, २. परिग्गहे चेव।

दो ठाणाइं अपरियाणेत्ता आया णो केवलं मणपज्जवणाणं उप्पाडेज्जा, तं जहा-

१. आरंभे चेव, २. परिग्गहे चेव।

दो ठाणाइं अपरियाणेत्ता आया णो केवलं केवलणाणं उप्पाडेज्जा, तं जहा-

१. आरंभे चेव, २. परिग्गहे चेव।

- ठाणं अ. २, उ. १, सु. ५५

૧. આરંભ, ૨. પરિગ્રહ.

આ બે સ્થાનોને જાણ્યા અને છોડ્યા વગર આત્મા વિશુદ્ધ મનઃપર્યવ જ્ઞાનને પ્રાપ્ત કરતા નથી, જેમકે -

૧. આરંભ, ૨. પરિગ્રહ.

આ બે સ્થાનોને જાણ્યા અને છોડ્યા વગર આત્મા વિશુદ્ધ કેવળજ્ઞાનને પ્રાપ્ત કરતા નથી, જેમકે -

૧. આરંભ, ૨. પરિગ્રહ.

**११२. बोहि-संजम-णाणाण य उवलद्धि हेउ परूवणं-**

दोहिं ठाणेहिं आया केवलिपण्णत्तं धम्मं लभेज्जा सवणयाए, तं जहा-

१. खएण चेव, २. उवसमेण चेव।

दोहिं ठाणेहिं आया एवमेव केवलं बोहिं बुज्झेज्जा, केवलं मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइज्जा, केवलं बंभचेरवासमावसेज्जा, केवलेणं संजमेणं संजमेज्जा, केवलेणं संवरेणं संवरेज्जा, केवलमाभिणिबोहियणाणं उप्पाडेज्जा, केवलं सुयणाणं उप्पाडेज्जा, केवलं ओहिणाणं उप्पाडेज्जा, केवलं मणपज्जवणाणं उप्पाडेज्जा।

- ठाणं. अ.२, सु. १०१

**૧૧૨. બોધિ, સંયમ અને જ્ઞાનોની ઉત્પત્તિનાં હેતુનું પ્રરુપણ :**

આ બે સ્થાનોથી આત્મા કેવળીપ્રજ્ઞપ્ત ધર્મને સાંભળી શકે છે, જેમકે -

૧. કર્મ પુદ્દગલોનાં ક્ષયથી, ૨. કર્મ પુદ્દગલોનાં ઉપશમથી.

આ જ પ્રમાણે બે સ્થાનોથી આત્મા વિશુદ્ધ બોધિનો અનુભવ કરે છે. માથું મુંડીને ઘર છોડીને સંપૂર્ણ અણગારતામાં પ્રવ્રજિત થાય છે. સંપૂર્ણ બ્રહ્મચર્યવાસને પ્રાપ્ત થાય છે. સંપૂર્ણ સંયમનાં દ્વારા સંયત થાય છે, સંપૂર્ણ સંવર દ્વારા સંવૃત થાય છે. વિશુદ્ધ આભિનિબોધિકજ્ઞાનને ઉત્પન્ન કરે છે. વિશુદ્ધ શ્રુતજ્ઞાનને ઉત્પન્ન કરે છે, વિશુદ્ધ અવધિજ્ઞાનને ઉત્પન્ન કરે છે. વિશુદ્ધ મનઃપર્યવજ્ઞાનને ઉત્પન્ન કરે છે.

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्

**११३. पंचविह णाणाणं उवसंहारो-**

एयं पंचविहं नाणं, दव्वाण य गुणाण य।

पज्जवाणं च सव्वेसिं, नाणं नाणीहि देसियं॥

- उत्त. अ. २८, गा. ५

**૧૧૩. પાંચ પ્રકારનાં જ્ઞાનોનો ઉપસંહાર :**

આ પાંચ પ્રકારનાં જ્ઞાન સર્વ દ્રવ્યો, ગુણો અને પર્યાયોનાં અવબોધક છે. એવું જ્ઞાની પુરુષોએ બતાવ્યું છે.

**११४. अण्णाणाणं भेयप्पभेय परूवणं-**

प. अण्णाणे णं भंते ! कइविहे पण्णत्ते ?

उ. गोयमा ! तिविहे पण्णत्ते, तं जहा-

१. मइअण्णाणे, २. सुयअण्णाणे, ३. विभंगणाणे।

प. से किं तं मइअण्णाणे ?

उ. मइअण्णाणे चउव्विहे पण्णत्ते, तं जहा-

१. उग्गहो, २. ईहा, ३. अवाय, ४. धारणा।

प. से किं तं उग्गहे ?

उ. उग्गहे दुविहे पण्णत्ते, तं जहा-

१. अत्थोग्गहे य, २. वंजणोग्गहे य।

**૧૧૪. અજ્ઞાનોનાં ભેદ-પ્રભેદોનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! અજ્ઞાન કેટલા પ્રકારનાં કહ્યા છે ?

ઉ. ગૌતમ ! અજ્ઞાન ત્રણ પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. મતિ અજ્ઞાન, ૨. શ્રુત-અજ્ઞાન, ૩. વિભંગજ્ઞાન.

પ્ર. મતિ-અજ્ઞાન કેટલા પ્રકારનાં છે ?

ઉ. મતિ-અજ્ઞાન ચાર પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. અવગ્રહ, ૨. ઈહા, ૩. અવાય, ૪. ધારણા.

પ્ર. અવગ્રહ કેટલા પ્રકારનાં છે ?

ઉ. અવગ્રહ બે પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. અર્થાવગ્રહ, ૨. વ્યંજનાવગ્રહ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

***एवं जहेव आभिणिबोहिनाणं तहेव णेयव्वं ।***

**જે પ્રમાણે આભિનિબોધિક જ્ઞાનનાં વિષયમાં કહ્યુ છે તેજ પ્રમાણે અહીં પણ ધારણા સુધી સંપૂર્ણ વર્ણન જાણી લેવું જોઈએ.**

**णवरं**-एगट्ठियवज्जं **-जाव-** नो इंदिय धारणा ।

**વિશેષ** : આભિનિબોધિક જ્ઞાનમાં જે એકાર્થિક શબ્દ કહ્યા છે. તેને છોડીને આ નોઈન્દ્રિય ધારણા છે ત્યાં સુધી કહેવું જોઈએ.

***से तं धारणा । से तं मइअण्णाणे ।***

**આ ધારણાનું સ્વરુપ છે. આ મતિ-અજ્ઞાનનું સ્વરુપ છે.**

प. से किं तं सुयअण्णाणे ?

उ. सुयअण्णाणे जं इमं अण्णाणिएहिं मिच्छद्दिट्ठिएहिं सच्छंदबुद्धि मइ विगप्पियं, तं जहा-

भारहं **-जाव-** चत्तारि वेदा संगोवंगा ।

***से तं सुयअण्णाणे ।***

પ્ર. શ્રુત-અજ્ઞાન શું છે ?

ઉ. જે અજ્ઞાની મિથ્યાદષ્ટિઓ દ્વારા સ્વચ્છંદ બુદ્ધિ અને સ્વમતિથી કલ્પિત છે તે શ્રુત-અજ્ઞાન છે, જેમકે -

મહાભારત **-યાવત્-** સાંગોપાંગ ચાર વેદ.

**આ શ્રુત-અજ્ઞાનનું વર્ણન છે.**

प. से किं तं विभंगणाणे ?

उ. विभंगणाणे अणेगविहे **पण्णत्ते**, तं जहा-

गामसंठिए **-जाव-** सन्निवेससंठिए, दीवसंठिए समुद्दसंठिए, वाससंठिए, वासहरसंठिए पव्वयसंठिए, रुक्खसंठिए, थूभसंठिए, हयसंठिए, गयसंठिए, नरसंठिए, किन्नरसंठिए, किंपुरिससंठिए, महोरगसंठिए, गंधव्वसंठिए, उसभसंठिए, पसु पसय-विहग-वानर-णाणासंठाणसंठिए पण्णत्ते ।

- विया. स. ८, उ. २, सु. २४-२८

પ્ર. વિભંગજ્ઞાન કેટલા પ્રકારનાં છે ?

ઉ. વિભંગજ્ઞાન અનેક પ્રકારનાં કહ્યા છે, જેમકે -

ગ્રામસંસ્થિત **-યાવત્-** સન્નિવેશસંસ્થિત, દ્વીપ-સંસ્થિત, સમુદ્રસંસ્થિત, વર્ષ-સંસ્થિત, વર્ષધર સંસ્થિત, પર્વત સંસ્થિત, વૃક્ષ-સંસ્થિત, સ્તૂપસંસ્થિત, હયસંસ્થિત, ગજસંસ્થિત, નરસંસ્થિત, કિન્નર- સંસ્થિત, કિંપુરુષ સંસ્થિત, મહોરગસંસ્થિત, ગન્ધર્વસંસ્થિત, વૃષભસંસ્થિત, પશુ, પશય. (બેખુરવાળા જંગલી જાનવર) વિહગ અને વાંદરાનાં આકારવાળા છે. આ પ્રમાણે વિભંગજ્ઞાન નાના સંસ્થાનથી સંસ્થિત કહ્યા છે.

**११५. सत्तविह विभंगणाण परूवणं-**

सत्तविहे विभंगणाणे पण्णत्ते, तं जहा-

१. एगदिसिलोगाभिगमे,

२. पंचदिसिलोगाभिगमे,

३. किरियावरणे जीवे,

४. मुदग्गे जीवे,

५. अमुदग्गे जीवे,

६. रूवी जीवे,

७. सव्वमिणं जीवा ।

**૧૧૫. સાત પ્રકારનાં વિભંગજ્ઞાનોનું પ્રરુપણ :**

વિભંગજ્ઞાન સાત પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. એક દિશામાં લોકનું જ્ઞાન,

૨. પાંચ દિશામાં લોકનું જ્ઞાન,

૩. જીવ ક્રિયાવરણ છે. (કર્માવરણ નથી.)

૪. પુદ્ગલ નિર્મિત શરીર જ જીવ છે.

૫. પુદ્ગલોથી અનિષ્પન્ન શરીર,

૬. રુપીજીવ, (રુપવાળા જીવ છે.)

૭. આ બધા ગતિશીલ પદાર્થ જીવ છે.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

१. तत्थ खलु इमे पढमे विभंगनाणे-

जया णं तहारूवस्स समणस्स वा माहणस्स वा विभंगनाणे समुप्पज्जइ, से णं तेण विभंगनाणेण समुप्पन्नेणं अण्णयरिं एगं दिसिं पासइ पाईणं वा, पडीणं वा, दाहिणं वा, उदीणं वा, उड्ढं वा -जाव- सोहम्मे कप्पे,

तस्स णमेवं भवइ "अत्थि णं मम अइसेसे नाणदंसणे समुप्पन्ने-एगदिसिं लोगाभिगमे",

संतेगइया समणा वा माहणा वा एवमाहंसु "पंचदिसिं लोगाभिगमे", जे ते एवमाहंसु मिच्छा ते एवमाहंसु।

***पढमे विभंगनाणे।***

२. अहावरे दोच्चे विभंगनाणे,

जया णं तहारूवस्स समणस्स वा, माहणस्स वा विभंगनाणे समुप्पज्जइ, से णं तेण विभंगनाणेणं समुप्पन्नेणं पासइ पाईणं वा -जाव- उदीणं वा, उड्ढं वा -जाव- सोहम्मे कप्पे,

तस्स णमेवं भवइ "अत्थि णं मम अइसेसे नाण-दंसणे समुप्पन्ने "पंचदिसिं लोगाभिगमे",

संतेगइया समणा वा माहणा वा एवमाहंसु-"एगदिसिं लोगाभिगमे", जे ते एवमाहंसु मिच्छं ते एवमाहंसु,

***दोच्चे विभंगनाणे।***

३. अहावरे तच्चे विभंगनाणे,

जया णं तहारूवस्स समणस्स वा माहणस्स वा विभंगनाणे समुप्पज्जइ, से णं तेण विभंगनाणेणं समुप्पन्नेणं पासइ पाणे अइवाएमाणे, मुसं वएमाणे, अदिन्नमादिएमाणे, मेहुणं पडिसेवमाणे, परिग्गहं परिगिण्हमाणे, राइभोयणं भुंजमाणे वा पावं च णं कम्मं कीरमाणं णो पासइ,

तस्स णमेवं भवइ-अत्थि णं मम अइसेसे नाण-दंसणे समुप्पन्ने, "किरियावरणे जीवे",

संतेगइया समणा वा माहणा वा एवमाहंसु-"नो किरियावरणे जीवे", जे ते एवमाहंसु मिच्छं ते एवमाहंसु,

***तच्चे विभंगनाणे।***

૧. પહેલું વિભંગજ્ઞાનઃ

જ્યારે તથારુપ શ્રમણ કે બ્રાહ્મણને વિભંગજ્ઞાન પ્રાપ્ત થાય છે ત્યારે તે સમુત્પન્ન વિભંગજ્ઞાનથી પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ કે ઉત્તર દિશામાં **-યાવત્-** સૌધર્મ દેવલોક સુધીની ઊર્ધ્વ દિશામાંથી કોઈ એક દિશાને જુવે છે.

ત્યારે તેના મનમાં એવો વિચાર ઉત્પન્ન થાય છે કે - "મને અતિશય યુક્ત જ્ઞાન-દર્શન પ્રાપ્ત થયું છે. જેમાં હું એક દિશામાં જ લોકને જોઈ રહ્યો છું."

કેટલાક શ્રમણ- બ્રાહ્મણ એવું કહે છે કે - "લોક પાંચ દિશાઓમાં છે." જે એવું કહે છે. તે મિથ્યા કહે છે.

***આ પહેલું વિભંગજ્ઞાન છે.***

૨. બીજું વિભંગજ્ઞાન :

જ્યારે તથારુપ શ્રમણ કે બ્રાહ્મણને વિભંગજ્ઞાન પ્રાપ્ત થાય છે ત્યારે તે સમુત્પન્ન વિભંગજ્ઞાનથી પૂર્વ **-યાવત્-** ઉત્તર દિશામાં તથા સૌધર્મ દેવલોક સુધીની ઊર્ધ્વ દિશામાં જુએ છે.

ત્યારે તેના મનમાં એવો વિચાર ઉત્પન્ન થાય છે કે- "મને અતિશય યુક્ત જ્ઞાન-દર્શન પ્રાપ્ત થયું છે. હું પાંચેય દિશાઓમાં જ લોકને જોઈ રહ્યો છું."

કેટલાક શ્રમણ કે બ્રાહ્મણ એવું કહે છે કે - "લોક એક જ દિશામાં છે." જે એવું કહે છે, તે મિથ્યા કહે છે.

***આ બીજું વિભંગજ્ઞાન છે.***

૩. ત્રીજુ વિભંગજ્ઞાન :

જ્યારે તથારુપ શ્રમણ કે બ્રાહ્મણને વિભંગજ્ઞાન પ્રાપ્ત થાય છે. ત્યારે તે સમુત્પન્ન વિભંગજ્ઞાનથી જીવોની હિંસા કરતાં, જુઠ બોલતા, અદત્ત ગ્રહણ કરતાં, મૈથુન સેવન કરતાં, પરિગ્રહ ગ્રહણ કરતાં અને રાત્રિભોજન કરતાં જુવે છે, પરંતુ તે પ્રવૃત્તિઓનાં દ્વારા થતાં કર્મબંધનને જોતાં નથી.

ત્યારે તેના મનમાં એવો વિચાર ઉત્પન્ન થાય છે કે - "મને અતિશય યુક્ત જ્ઞાન દર્શન પ્રાપ્ત થયેલ છે. જેનાથી હું જોઈ રહ્યો છું કે - "જીવ ક્રિયાથી જ આવૃત્ત છે."

કેટલાક શ્રમણ કે બ્રાહ્મણ એવું કહે છે કે - "જીવ ક્રિયાથી આવૃત્ત નથી." જે એવું કહે છે, તે મિથ્યા કહે છે.

***આ ત્રીજુ વિભંગજ્ઞાન છે.***

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

४. अहावरे चउत्थे विभंगनाणे,

जया णं तहारूवस्स समणस्स वा माहणस्स वा विभंगनाणे समुप्पज्जइ, से णं तेण विभंगनाणेणं समुप्पन्नेणं देवामेव पासइ, बाहिरब्भंतरए पोग्गले परियाइत्ता, पुढेगत्तं णाणत्तं फुसिया, फुरित्ता फुट्टित्ता विकुव्वित्ता णं चिट्ठित्तए।

तस्स णमेवं भवइ अत्थि णं मम अइसेसे नाण-दंसणे समुप्पन्ने, "मुदग्गे जीवे",

संतेगइया समणा वा माहणा वा एवमाहंसु-"अमुदग्गे जीवे", जे ते एवमाहंसु मिच्छं ते एवमाहंसु,

***चउत्थे विभंगनाणे।***

५. अहावरे पंचमे विभंगनाणे,

जया णं तहारूवस्स समणस्स वा माहणस्स वा विभंगनाणे समुप्पज्जइ, से णं तेण विभंगनाणेणं समुप्पन्नेणं देवामेव पासइ, "बाहिरब्भंतरए पोग्गलए अपरियाइत्ता वा पुढेगत्तं णाणत्तं फुसिया, फुरित्ता, फुट्टित्ता विउव्वित्ता णं चिट्ठित्तए",

तस्स णमेवं भवइ अत्थि णं मम अइसेसे णाण-दंसणे समुप्पन्ने "अमुदग्गे जीवे",

संतेगइया समणा वा माहणा वा एवमाहंसु-"मुदग्गे जीवे", जे ते एवमाहंसु मिच्छं ते एवमाहंसु,

***पंचमे विभंगनाणे।***

६. अहावरे छट्ठे विभंगनाणे,

जया णं तहारूवस्स समणस्स वा माहणस्स वा विभंगनाणे समुप्पज्जइ, से णं तेण विभंगनाणेणं समुप्पन्नेणं देवामेव पासइ, बाहिरब्भंतरे पोग्गले परियाइत्ता वा अपरियाइत्ता वा, पुढेगत्तं णाणत्तं फुसिया, फुसेत्ता, फुट्टित्ता विउव्वित्ताणं चिट्ठितए।

૪. ચોથું વિભંગજ્ઞાન :

જ્યારે તથારુપ શ્રમણ કે બ્રાહ્મણને વિભંગજ્ઞાન પ્રાપ્ત થાય છે ત્યારે તે સમુત્પન્ન વિભંગજ્ઞાનથી બાહ્ય અને આભ્યંતર પુદ્દગલોને ગ્રહણ કરી દેવોને વિકુર્વણા કરતા જુવે છે તે દેવ પુદ્દગલોનો સ્પર્શ કરી, તેમાં હલચલ પેદા કરી, તેનો સ્ફોટ કરી, પૃથક્-પૃથક્ કાળ અને દેશમાં ક્યારેક એક રુપ અને ક્યારેક વિવિધ રુપોની વિક્રિયા કરે છે.

આ જોઈને તેના મનમાં એવો વિચાર ઉત્પન્ન થાય છે કે - "મને અતિશય યુક્ત જ્ઞાન-દર્શન પ્રાપ્ત થયું છે. જેનાથી હું જોઈ રહ્યો છું કે - "જીવ પુદ્દગલોથી જ બનેલ છે."

કેટલાક શ્રમણ કે બ્રાહ્મણ એવું કહે છે કે - "જીવ પુદ્દગલોથી બનેલ નથી." જે એવું કહે છે, તે મિથ્યા કહે છે.

***આ ચોથું વિભંગજ્ઞાન છે.***

૫. પાંચમું વિભંગજ્ઞાન :

જ્યારે તથારુપ શ્રમણ કે બ્રાહ્મણને વિભંગજ્ઞાન પ્રાપ્ત થાય છે ત્યારે તે એ વિભંગજ્ઞાનથી બાહ્ય અને આભ્યંતર પુદ્દગલોને ગ્રહણ કર્યા વગર દેવોને વિક્રિયા કરતા જુવે છે, તે દેવ પુદ્દગલોનો સ્પર્શ કરી, તેનામાં હલચલ પેદા કરી, તેનો સ્ફોટ કરી, પૃથક્-પૃથક્ કાળ અને દેશમાં ક્યારેક એક રુપ અને ક્યારેક વિવિધ રુપોની વિક્રિયા કરે છે.

તે જોઈને તેના મનમાં એવો વિચાર ઉત્પન્ન થાય છે કે - "મને અતિશય યુક્ત જ્ઞાન-દર્શન પ્રાપ્ત થયું છે. હું જોઈ રહ્યો છું કે- "જીવ પુદ્દગલોથી બનેલ નથી."

કેટલાક શ્રમણ કે બ્રાહ્મણ એવું કહે છે - "જીવ પુદ્દગલોથી બનેલ છે." જે એવું કહે છે, તે મિથ્યા કહે છે.

***આ પાંચમું વિભંગજ્ઞાન છે.***

૬. છઠ્ઠુ વિભંગજ્ઞાન :

જ્યારે તથારુપ શ્રમણ કે બ્રાહ્મણને વિભંગજ્ઞાન પ્રાપ્ત થાય છે ત્યારે તે એ વિભંગજ્ઞાનથી દેવોનાં બાહ્ય અને આભ્યંતર પુદ્દગલોને ગ્રહણ કરીને કે ગ્રહણ કર્યા વગર વિક્રિય કરતાં જુએ છે. તે દેવ પુદ્દગલોનો સ્પર્શ કરી, તેમાં હલચલ પેદા કરી, તેનો સ્ફોટ કરી, પૃથક્-પૃથક્ કાળ અને દેશમાં ક્યારેક એક રુપ અને ક્યારેક વિવિધ રુપોની વિક્રિયા કરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

तस्स णमेवं भवइ अत्थि णं मम अइसेसे नाण-दंसणे समुप्पन्ने, "रूवी जीवे",

ત્યારે તેના મનમાં એવો વિચાર ઉત્પન્ન થાય છે કે - "મને અતિશય યુક્ત જ્ઞાન-દર્શન પ્રાપ્ત થયેલ છે. હું જોઈ રહ્યો છું. "જીવ રુપી જ છે."

संतेगइया समणा वा माहणा वा एवमाहंसु-"अरूवी जीवे" जे ते एवमाहंसु मिच्छं ते एवमाहंसु,

કેટલાક શ્રમણ કે બ્રાહ્મણ એવું કહે છે - "જીવ અરુપી છે." જે એવું કહે છે, તે મિથ્યા કહે છે.

***छट्ठे विभंगनाणे।***

***આ છઠ્ઠું વિભંગજ્ઞાન છે.***

७. अहावरे सत्तमे विभंगनाणे,

૭. સાતમું વિભંગજ્ઞાન :

जया णं तहारूवस्स समणस्स वा माहणस्स वा विभंगनाणे समुप्पज्जइ, से णं तेण विभंगनाणेणं समुप्पन्नेणं पासइ सुहुमेणं वायुकाएणं फुडं पोग्गलकायं एयंतं वेयंतं चलंतं खुब्भंतं फंदंतं घट्टंतं उदीरेंतं तं तं भावं परिणमंतं,

જ્યારે તથારુપ શ્રમણ કે બ્રાહ્મણને વિભંગજ્ઞાન પ્રાપ્ત થાય છે ત્યારે તે એ વિભંગજ્ઞાનથી સૂક્ષ્મ વાયુનાં સ્પર્શથી, પુદ્દગલકાયને કંપિત થતાં, વિશેષ રુપથી કંપિત થતાં, ચલિત થતાં, ક્ષુબ્ધ થતાં, સ્પંદિત થતાં, બીજા પદાર્થોનો સ્પર્શ કરતાં, બીજા પદાર્થોને પ્રેરિત કરતાં, વિવિધ પ્રકારનાં પર્યાયોમાં પરિણત થતાં જુવે છે.

तस्स णमेवं भवइ अत्थि णं मम अइसेसे नाण-दंसणे समुप्पन्ने, "सव्वमिणं जीवा",

ત્યારે તેના મનમાં એવો વિચાર ઉત્પન્ન થાય છે કે - "મને અતિશય યુક્ત જ્ઞાન-દર્શન પ્રાપ્ત થયું છે." હું જોઈ રહ્યો છું કે - "આ બધા જીવ જ છે."

संतेगइया समणा वा, माहणा वा एवमाहंसु- "जीवा चेव अजीवा चेव", जे ते एवमाहंसु मिच्छं ते एवमाहंसु,

કેટલાક શ્રમણ કે બ્રાહ્મણ એવું કહે છે કે - "જીવ પણ છે અને અજીવ પણ છે." જે એવું કહે છે- તે મિથ્યા કહે છે.

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्

तस्स णं इमे चत्तारि जीवनिकाया णो सम्ममुवगया भवंति, तं जहा-

તે વિભંગજ્ઞાનીને આ ચાર જીવનિકાયોનું સમ્યગ્ જ્ઞાન થતું નથી, જેમકે -

१. पुढविकाइया, २. आउकाइया,
३. तेउकाइया, ४. वाउकाइया।

૧. પૃથ્વીકાય, ૨. અપ્કાય,
૩. તેજસ્કાય, ૪. વાયુકાય.

इच्चेएहिं चउहिं जीवनिकाएहिं मिच्छादंडं पवत्तेइ,

માટે તે આ ચાર જીવનિકાયો પર મિથ્યા દંડનો પ્રયોગ કરે છે.

***सत्तमे विभंगनाणे।*** - ठाणं. अ. ७, सु. ५४२

***આ સાતમું વિભંગજ્ઞાન છે.***

**११६. अण्णाणणिव्वत्ती भेया चउवीसदंडएसु य परूवणं-**

प. कइविहा णं भंते ! अण्णाणणिव्वत्ती पण्णत्ता ?

उ. गोयमा ! तिविहा अण्णाणणिव्वत्ती पण्णत्ता, तं जहा-

१. मइअण्णाणणिव्वत्ती, २. सुयअण्णाणणिव्वत्ती,

३. विभंगनाणणिव्वत्ती।

दं. १-२४. ***एवं जस्स जइ अण्णाणा -जाव- वेमाणियाणं।***

- विया. स. १९, उ. ८, सु. ४०-४१

**૧૧૬. અજ્ઞાન-નિર્વૃત્તિ ભેદ અને ચોવીસ દંડકોમાં પ્રરુપણ :**

પ્ર. ભંતે ! અજ્ઞાન-નિર્વૃત્તિ કેટલા પ્રકારની કહી છે ?

ઉ. ગૌતમ ! અજ્ઞાન-નિર્વૃત્તિ ત્રણ પ્રકારની કહી છે, જેમકે -

૧. મતિ-અજ્ઞાન-નિર્વૃત્તિ, ૨. શ્રુત-અજ્ઞાન નિર્વૃત્તિ,

૩. વિભંગ-જ્ઞાન-નિર્વૃત્તિ.

દં.૧-૨૪. ***આ પ્રમાણે વૈમાનિકો- સુધી જેના જેટલા અજ્ઞાન હોય તેની તેટલી અજ્ઞાન નિર્વૃત્તિઓ કહેવી જોઈએ.***

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**११७. असोच्चा पंचनाणाणं उप्पायानुप्पाय परूवणं-**

प. असोच्चा णं भंते! केवलिस्स वा **-जाव-** तप्पक्खियाए उवासियाए वा केवलं आभिणिबोहियनाणं उप्पाडेज्जा ?

उ. गोयमा ! असोच्चा णं केवलिस्स वा **-जाव-** तप्पक्खियाए उवासियाए वा अत्थेगइए केवलं आभिणिबोहियनाणं उप्पाडेज्जा,

अत्थेगइए केवलं आभिणिबोहियनाणं नो उप्पाडेज्जा ।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"से णं असोच्चा केवलिस्स वा **-जाव-** तप्पक्खियाए उवासियाए वा अत्थेगइए केवलं आभिणिबोहियनाणं उप्पाडेज्जा,

अत्थेगइए केवलं आभिणिबोहियनाणं नो उप्पाडेज्जा ?"

उ. गोयमा ! जस्स णं आभिणिबोहियनाणावरणिज्जं कम्माणं खओवसमे कडे भवइ,

से णं असोच्चा केवलिस्स वा **-जाव-** तप्पक्खियाए उवासियाए वा केवलं आभिणिबोहियनाणं उप्पाडेज्जा, जस्स णं आभिणिबोहियनाणावरणिज्जाणं कम्माणं खओवसमे नो कडे भवइ,

से णं असोच्चा केवलिस्स वा **-जाव-** तप्पक्खियाए उवासियाए वा अत्थेगइए केवलं आभिणिबोहियनाणं नो उप्पाडेज्जा ।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

से णं असोच्चा केवलिस्स वा **-जाव-** तप्पक्खियाए उवासियाए वा अत्थेगइए केवलं आभिणिबोहियनाणं उप्पाडेज्जा,

अत्थेगइए केवलं आभिणिबोहियनाणं नो उप्पाडेज्जा ।

***एवं जहा आभिणिबोहियनाणस्स वत्तव्वया भणिया तहा सुयनाणस्स वि भाणियव्वा,***

**णवरं-**सुयनाणावरणिज्जाणं कम्माणं खओवसमे भाणियव्वे ।

**૧૧૭. અશ્રુત્વા પાંચ જ્ઞાનોનાં ઉપાર્જન-અનુપાર્જનનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! કેવળી **-યાવત્-** તેની ઉપાસિકાથી સાંભળ્યા વિના શું કોઈ જીવ શુદ્ધ આભિનિબોધિક જ્ઞાન ઉપાર્જન કરી લે છે ?

ઉ. ગૌતમ ! કેવળી **-યાવત્-** તેની ઉપાસિકાથી સાંભળ્યા વિના કોઈ જીવ શુદ્ધ આભિનિબોધિકજ્ઞાન પ્રાપ્ત કરે છે,

કોઈ જીવ શુદ્ધ આભિનિબોધિક જ્ઞાન પ્રાપ્ત કરતાં નથી.

પ્ર. ભંતે ! શાં માટે એવું કહેવાય છે કે -

"કેવળી **-યાવત્-** તેની ઉપાસિકાથી સાંભળ્યા વિના કોઈ જીવ શુદ્ધ આભિનિબોધિક જ્ઞાન પ્રાપ્ત કરે છે.

કોઈ જીવ શુદ્ધ આભિનિબોધિક જ્ઞાન પ્રાપ્ત કરતાં નથી ?"

ઉ. ગૌતમ ! જે જીવે આભિનિબોધિક- જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ કરેલ છે.

તે કેવળી **-યાવત્-** તેની ઉપાસિકાથી સાંભળ્યા વગર જ શુદ્ધ આભિનિબોધિકજ્ઞાન ઉપાર્જન કરી લે છે.

પરંતુ જેણે આભિનિબોધિક-જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ કરેલ નથી.

તે કેવળી **-યાવત્-** તેની ઉપાસિકાથી સાંભળ્યા વગર કોઈ એક શુદ્ધ આભિનિબોધિક જ્ઞાનનું ઉપાર્જન કરી શકતાં નથી.

માટે હે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"કેવળી **-યાવત્-** તેની ઉપાસિકાથી સાંભળ્યા વિના જ કોઈ જીવ શુદ્ધ આભિનિબોધિક જ્ઞાન પ્રાપ્ત કરે છે,

કોઈ જીવ શુદ્ધ આભિનિબોધિક જ્ઞાન પ્રાપ્ત કરતાં નથી."

***જે પ્રમાણે આભિનિબોધિક જ્ઞાનનું વર્ણન કરેલ છે તેજ પ્રમાણે શુદ્ધ શ્રુતજ્ઞાનનાં વિષયમાં પણ કહેવું જોઈએ.***

**વિશેષ :** અહીં શ્રુતજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ કહેવો જોઈએ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

***एवं चेव केवलं ओहिनाणं भाणियव्वं।***

**આ પ્રમાણે શુદ્ધ અવધિજ્ઞાનનાં ઉપાર્જનનાં વિષયમાં કહેવું જોઈએ.**

**णवरं**-ओहिनाणावरणिज्जाणं कम्माणं खओवसमे भाणियव्वे।

**વિશેષ :** અહીં અવધિજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ કહેવો જોઈએ.

***एवं चेव केवलं मणपज्जवनाणं भाणियव्वं,***

**આ પ્રમાણે શુદ્ધ મનઃપર્યવજ્ઞાનનાં ઉત્પન્ન થવાનાં વિષયમાં પણ વર્ણન કરવું જોઈએ.**

**णवरं**- मणपज्जवनाणावरणिज्जाणं कम्माणं खओवसमे भाणियव्वे।

**વિશેષ :** મનઃપર્યવજ્ઞાનાવરણીય કર્મનાં ક્ષયોપશમનું વર્ણન કરવું જોઈએ.

***एवं चेव केवलणाणं भाणियव्वं,***

**આ પ્રમાણે કેવળજ્ઞાનનાં ઉત્પન્ન થવાનાં વિષયમાં પણ વર્ણન કરવું જોઈએ.**

**णवरं**-केवलनाणावरणिज्जाणं कम्माणं खए भाणियव्वे।

**વિશેષ :** અહીં કેવળજ્ઞાનાવરણીય કર્મનો ક્ષય કહેવો જોઈએ.

***सेसं तं चेव।***

**બાકીનું વર્ણન પૂર્વવત્ જાણવું જોઈએ.**

प. असोच्चा णं भंते ! केवलिस्स वा **-जाव-** तप्पक्खियउवासियाए वा-

१. केवलिपण्णत्तं धम्मं लभेज्ज सवणयाए **-जाव-**

११. केवलनाणं उप्पाडेज्जा ?

પ્ર. ભંતે ! કેવળી **-યાવત્-** કેવળીપાક્ષિક ઉપાસિકાથી ધર્મ શ્રવણ કર્યા વગર જ શું -

૧. કોઈ કેવળી પ્રરુપિત ધર્મ શ્રવણ લાભ પ્રાપ્ત કરે છે **-યાવત્-** ૧૧. કેવળજ્ઞાન ઉત્પન્ન કરી શકે છે ?

उ. गोयमा ! असोच्चा णं केवलिस्स वा **-जाव-** तप्पक्खियउवासियाए वा-

१. अत्थेगइए केवलिपण्णत्तं धम्मं लभेज्ज सवणयाए, अत्थेगइए केवलिपण्णत्तं धम्मं नो लभेज्ज सवणयाए **-जाव-** ११. अत्थेगइए केवलनाणं उप्पाडेज्जा, अत्थेगइए केवलनाणं नो उप्पाडेज्जा।

ઉ. ગૌતમ ! કેવળી **-યાવત્-** કેવળીપાક્ષિક ઉપાસિકાથી સાંભળ્યા વગર જ,

૧. કોઈ જીવ કેવળી પ્રરુપિત ધર્મ શ્રવણ લાભ પ્રાપ્ત કરે છે અને કોઈ જીવ કેવળી પ્રરુપિત ધર્મ શ્રવણનો લાભ પ્રાપ્ત કરતાં નથી **-યાવત્-** ૧૧. કોઈ જીવ કેવળજ્ઞાન ઉપાર્જન કરી શકે છે અને કોઈ જીવ કેવળજ્ઞાન ઉપાર્જન કરી શકતા નથી.

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"असोच्चा णं **-जाव-** अत्थेगइए केवलनाणं उप्पाडेज्जा, अत्थेगइए केवलनाणं नो उप्पाडेज्जा, ?"

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

ધર્મ શ્રવણ કર્યા વગર **-યાવત્-** કોઈ જીવ કેવળ જ્ઞાન ઉપાર્જન કરી શકે છે અને કોઈ જીવ કેવળ જ્ઞાન ઉપાર્જન કરી શકતા નથી ?

उ. गोयमा ! १. जस्स णं नाणावरणिज्जाणं कम्माणं खओवसमे नो कडे भवइ **-जाव-** ११. जस्स णं केवलनाणावरणिज्जाणं कम्माणं खए नो कडे भवइ,

से णं असोच्चा केवलिस्स या **-जाव-** तप्पक्खियउवासियाए वा केवलिपण्णत्तं धम्मं नो लभेज्ज सवणयाए **-जाव-** केवलनाणं नो उप्पाडेज्जा।

ઉ. ગૌતમ ! ૧. જે જીવને જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ કર્યો નથી **-યાવત્-** ૧૧. કેવળ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય કર્યો નથી.

તે કેવળી **-યાવત્-** કેવળીપાક્ષિક ઉપાસિકાથી સાંભળ્યા વગર કેવળી પ્રરુપિત ધર્મ શ્રવણનો લાભ પ્રાપ્ત કરી શકતા નથી **-યાવત્-** કેવળ જ્ઞાનને ઉત્પન્ન કરી શકતા નથી.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

जस्स णं नाणावरणिज्जाणं कम्माणं खओवसमे कडे भवइ -**जाव**- जस्स णं केवलनाणावरणिज्जाणं कम्माणं खए कडे भवइ, से णं असोच्चा केवलिस्स वा -**जाव**- तप्पक्खियउवासियाए वा केवलिपण्णत्तं धम्मं लभेज्ज सवणयाए, केवलं बोहिं बुज्झेज्जा -**जाव**- केवलनाणं उप्पाडेज्जा।

જે જીવે જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ કરેલ છે -**યાવત્**- જેને કેવળ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય કરેલ છે. તે કેવળી -**યાવત્**- કેવળીપાક્ષિક ઉપાસિકાથી સાંભળ્યા વગર જ કેવલી પ્રજ્ઞપ્ત ધર્મ શ્રવણનો લાભ પ્રાપ્ત કરી શકે છે, શુદ્ધ બોધિ લાભનો અનુભવ કરી શકે છે -**યાવત્**- કેવળજ્ઞાન ઉત્પન્ન કરી શકે છે.

तस्स णं छट्ठंछट्ठेणं अनिक्खित्तेणं तवोकम्मेणं उड्ढं बाहाओ पगिज्झिय सूराभिमुहस्स आयावणभूमीए आयावेमाणस्स पगइभद्दयाए पगइउवसंतयाए पगइपयणुकोह-माण-माया-लोभयाए मिउमद्दवसंपन्नयाए अल्लीणताए भद्दताए विणीतताए अण्णयाकयाए सुभेणं अज्झवसाणेणं सुभेणं परिणामेणं लेस्साहिं विसुज्झमाणीहिं तयावरणिज्जाणं कम्माणं खओवसमेणं ईहापोह-मग्गण-गवेसणं करेमाणस्स विभंगे नामं अन्नाणे समुप्पज्जइ,

નિરંતર છઠ:છઠનું તપ કર્મ કરતાં સૂર્યનાં સમ્મુખ હાથ ઉંચો કરીને આતાપના ભૂમિમાં આતાપના લેતા તે જીવની પ્રકૃતિ ભદ્રતાથી, પ્રકૃતિની ઉપશાંતતાથી, સ્વાભાવિક રુપથી જ ક્રોધ, માન, માયા અને લોભની અત્યંત મંદતા થવાથી, અત્યંત મૃદુત્વ સંપન્નતાથી, કામભોગોમાં અનાસક્તિથી, ભદ્રતા અને વિનીતતાથી કોઈ સમય શુભ અધ્યવસાય, શુભ પરિણામ, વિશુદ્ધ લેશ્યા અને તદાવરણીય કર્મોનાં ક્ષયોપશમથી ઈહા, અપોહ, માર્ગણા અને ગવેષણા કરતાં વિભંગ નામક અજ્ઞાન ઉત્પન્ન થાય છે.

से णं तेणं विभंगनाणेणं जहण्णेणं अंगुलस्स असंखेज्जइभागं, उक्कोसेणं असंखेज्जाइं जोयणसहस्साइं जाणइ पासइ,

પછી તે એ ઉત્પન્ન થયેલ વિભંગજ્ઞાન દ્વારા જઘન્ય અંગુળનાં અસંખ્યાતમા ભાગ, ઉત્કૃષ્ટ અસંખ્યાત હજાર યોજન સુધી જાણે-જુવે છે.

से णं तेणं विभंगनाणेणं समुप्पन्नेणं जीवे वि जाणइ, अजीवे वि जाणइ,

તે એ ઉત્પન્ન થયેલ વિભંગજ્ઞાનથી જીવોને પણ જાણે છે અને અજીવોને પણ જાણે છે.

पासंडत्थे सारंभे सपरिग्गहे संकिलिस्समाणे वि जाणइ, विसुज्झमाणे वि जाणइ,

તે સારંભી, સપરિગ્રહી અને સંક્લેશ પામતા પાખંડસ્થ જીવોને પણ જાણે છે અને વિશુદ્ધ થતાં પાખંડસ્થ જીવોને પણ જાણે છે.

से णं पुव्वामेव सम्मत्तं पडिवज्जइ,

ત્યાર પછી તે સર્વપ્રથમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે.

सम्मत्तं पडिवज्जित्ता समणधम्मं रोएइ,

સમ્યક્તવ પ્રાપ્ત કરીને શ્રમણ ધર્મ પર રુચિ કરે છે.

समणधम्मं रोएत्ता चरित्तं पडिवज्जइ,

શ્રમણ ધર્મ પર રુચિ કરીને ચારિત્ર અંગીકાર કરે છે.

चरित्तं पडिवज्जित्ता लिंगं पडिवज्जइ,

ચારિત્ર અંગીકાર કરીને લિંગ શ્રમણ વેશ સ્વીકાર કરે છે.

तस्स णं तेहिं मिच्छत्तपज्जवेहिं परिहायमाणेहिं परिहायमाणेहिं सम्मद्दंसणपज्जवेहिं परिवड्ढमाणेहिं परिवड्ढमाणेहिं से विभंगे अन्नाणे सम्मत्तपरिग्गहिए खिप्पामेव ओही परावत्तइ।

જેમાં તેના મિથ્યાત્વનાં પર્યાય ક્રમશઃ ક્ષીણ થતાં-થતાં અને સમ્યગ્-દર્શનનાં પર્યાય ક્રમશઃ વધતાં-વધતાં પૂર્ણ સમ્યક્ત્વ યુક્ત થઈ જવા પર તે વિભંગ નામક અજ્ઞાન સમ્યક્ત્વનાં કારણે જ શીઘ્ર અવધિજ્ઞાનનાં રુપમાં પરિવર્તિત થઈ જાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. से णं भंते ! कइसु लेस्सासु होज्जा ?

उ. गोयमा ! तिसु विसुद्धलेस्सासु होज्जा, तं जहा-

१. तेउलेस्साए, २. पम्हलेस्साए,

३. सुक्कलेस्साए ।

प. से णं भंते ! कइसु णाणेसु होज्जा ?

उ. गोयमा ! तिसु- १. आभिणिबोहियनाणं, २. सुयणाणं ३. ओहिनाणेसु होज्जा ।

प. से णं भंते ! किं सजोगी होज्जा, अजोगी होज्जा ?

उ. गोयमा ! सजोगी होज्जा, नो अजोगी होज्जा ?

प. जइ णं भंते ! सजोगी होज्जा किं मणजोगी होज्जा, वइजोगी होज्जा, कायजोगी होज्जा ?

उ. गोयमा ! मणजोगी वा होज्जा, वइजोगी वा होज्जा, कायजोगी वा होज्जा ।

प. से णं भंते ! किं सागारोवउत्ते होज्जा, अणागारोवउत्ते होज्जा ?

उ. गोयमा ! सागारोवउत्ते वा होज्जा, अणागारोवउत्ते वा होज्जा ।

प. से णं भंते ! कयरम्मि संघयणे होज्जा ?

उ. गोयमा ! वइरोसभनारायसंघयणे होज्जा ।

प. से णं भंते ! कयरम्मि संठाणे होज्जा ?

उ. गोयमा ! छण्हं संठाणाणं अन्नयरे संठाणे होज्जा ।

प. से णं भंते ! कयरम्मि उच्चत्ते होज्जा ?

उ. गोयमा ! जहण्णेणं सत्तरयणी, उक्कोसेणं पंचधणुसइए होज्जा ।

प. से णं भंते ! कयरम्मि आउए होज्जा ?

उ. गोयमा ! जहण्णेणं साइरेगट्ठवासाउए, उक्कोसेणं पुव्वकोडिआउए होज्जा ।

प. से णं भंते ! किं सवेदए होज्जा, अवेदए होज्जा ?

उ. गोयमा ! सवेदए होज्जा, नो अवेदए होज्जा ।

પ્ર. ભંતે ! તે અવધિજ્ઞાનીને કેટલી લેશ્યાઓ હોય છે ?

ઉ. ગૌતમ ! તેને ત્રણ વિશુદ્ધ લેશ્યાઓ હોય છે, જેમકે -

૧. તેજોલેશ્યા, ૨. પદ્મલેશ્યા,

૩. શુક્લલેશ્યા.

પ્ર. ભંતે ! તેને કેટલા જ્ઞાન હોય છે ?

ઉ. ગૌતમ ! તેને ત્રણ જ્ઞાન હોય છે-૧. આભિનિબોધિક જ્ઞાન, ૨. શ્રુતજ્ઞાન, ૩. અવધિજ્ઞાન.

પ્ર. ભંતે ! તે સયોગી હોય છે કે અયોગી હોય છે ?

ઉ. ગૌતમ ! તે સયોગી હોય છે, અયોગી હોતાં નથી.

પ્ર. ભંતે ! જો તે સયોગી હોય છે તો શું મનયોગી હોય છે, વચનયોગી હોય છે કે કાયયોગી હોય છે ?

ઉ. ગૌતમ ! તે મનોયોગી હોય છે, વચનયોગી હોય છે અને કાયયોગી પણ હોય છે.

પ્ર. ભંતે ! તે સાકારોપયોગયુક્ત હોય છે કે અનાકારોપયોગયુક્ત હોય છે ?

ઉ. ગૌતમ ! તે સાકારોપયોગયુક્ત હોય છે અને અનાકારોપયોગયુક્ત પણ હોય છે.

પ્ર. ભંતે ! તે ક્યા સંહનનવાળા હોય છે ?

ઉ. ગૌતમ ! તે વજ્રઋષભનારાચ સંહનનવાળા હોય છે.

પ્ર. ભંતે ! તે ક્યા સંસ્થાનમાં હોય છે ?

ઉ. ગૌતમ ! તે છ સંસ્થાનોમાંથી કોઈપણ સંસ્થાનમાં હોય છે.

પ્ર. ભંતે ! તે કેટલી ઉંચાઈવાળા હોય છે ?

ઉ. ગૌતમ ! તે જઘન્ય સાત હાથ, ઉત્કૃષ્ટ પાંચ સો ધનુષ ઉંચાઈવાળા હોય છે.

પ્ર. ભંતે ! તે કેટલી આયુષ્યવાળા હોય છે ?

ઉ. ગૌતમ ! તે જઘન્ય સાધિક આઠ વર્ષ, ઉત્કૃષ્ટ પૂર્વકોટી આયુષ્યવાળા હોય છે.

પ્ર. ભંતે ! તે સવેદી હોય છે કે અવેદી હોય છે ?

ઉ. ગૌતમ ! તે સવેદી હોય છે. અવેદી હોતા નથી.

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्

प. जइ णं भंते ! सवेदए होज्जा किं इत्थीवेदए होज्जा, पुरिसवेदए होज्जा, नपुंसगवेदए होज्जा, पुरिसनपुंसगवेदए होज्जा ?

उ. गोयमा ! नो इत्थीवेदए होज्जा, पुरिसवेदए वा होज्जा, नो नपुंसगवेदए होज्जा, पुरिसनपुंसगवेदए वा होज्जा।

प. से णं भंते ! किं सकसाई होज्जा, नो अकसाई होज्जा ?

उ. गोयमा ! सकसाई होज्जा, नो अकसाई होज्जा।

प. जइ सकसाई होज्जा से णं भंते ! कइसु कसाएसु होज्जा ?

उ. गोयमा ! चउसु संजलणकोह-माण-माया-लोभेसु होज्जा।

प. तस्स णं भंते ! केवइया अज्झवसाणा पण्णत्ता।

उ. गोयमा ! असंखेज्जा अज्झवसाणा पण्णत्ता।

प. ते णं भंते ! पसत्था अप्पसत्था ?

उ. गोयमा ! पसत्था, नो अप्पसत्था।

से णं पसत्थेहिं अज्झवसाणेहिं वट्टमाणे-

अणंतेहिं नेरइयभवग्गहणेहिंतो अप्पाणं विसंजोएइ,

अणंतेहिं तिरिक्खजोणिय भवग्गहणेहिंतो अप्पाणं विसंजोएइ,

अणंतेहिं मणुस्सभवग्गहणेहिंतो अप्पाणं विसंजोएइ,

अणंतेहिं देवभवग्गहणेहिंतो अप्पाणं विसंजोएइ,

जाओ वि य से इमाओ नेरइय-तिरिक्खजोणिय-मणुस्स-देवगइनामाओ उत्तरपयडीओ,

तासिं च णं उवग्गहिए अणंताणुबंधी कोह-माण-माया-लोभे खवेइ,

अणंताणुबंधी कोह-माण-माया-लोभे खवित्ता,

अपच्चक्खाणकसाए कोह-माण-माया-लोभे खवइ,

પ્ર. ભંતે ! જો તે સવેદી હોય છે તો શું સ્ત્રીવેદી હોય છે, પુરુષવેદી હોય છે, નપુંસકવેદી હોય છે કે પુરુષ-નપુંસકવેદી હોય છે ?

ઉ. ગૌતમ ! તે સ્ત્રીવેદી હોતા નથી. પુરુષવેદી હોય છે, નપુંસકવેદી હોતા નથી, પરંતુ પુરુષ નપુંસકવેદી હોય છે.

પ્ર. ભંતે ! શું તે સકષાયી હોય છે કે અકષાયી હોય છે ?

ઉ. ગૌતમ ! તે સકષાયી હોય છે, અકષાયી હોતા નથી.

પ્ર. ભંતે ! જો તે સકષાયી હોય છે તો તે કેટલા કષાયોવાળા હોય છે ?

ઉ. ગૌતમ ! તે સંજ્વલન ક્રોધ, માન, માયા અને લોભ આ ચાર કષાયોથી યુક્ત હોય છે.

પ્ર. ભંતે ! તેના કેટલા અધ્યવસાય હોય છે ?

ઉ. ગૌતમ ! તેના અસંખ્યાત અધ્યવસાય હોય છે.

પ્ર. ભંતે ! તેના તે અધ્યવસાય પ્રશસ્ત હોય છે કે અપ્રશસ્ત હોય છે ?

ઉ. ગૌતમ ! તે પ્રશસ્ત હોય છે, અપ્રશસ્ત હોતા નથી.

તે અવધિજ્ઞાની વધતાં પ્રશસ્ત અધ્યવસાયોથી-

અનન્ત નૈરયિકભવ-ગ્રહણથી પોતાની આત્માને વિસંયુક્ત (અલગ) કરીલે છે,

અનન્ત તિર્યંચયોનિક ભવ ગ્રહણથી પોતાની આત્માને વિસંયુક્ત કરી લે છે,

અનન્ત મનુષ્યભવ- ગ્રહણથી પોતાની આત્માને વિસંયુક્ત કરી લે છે.

અનન્ત દેવ-ભવ ગ્રહણથી પોતાની આત્માને વિસંયુક્ત કરી લે છે.

જો આ નરકગતિ, તિર્યંચ ગતિ, મનુષ્યગતિ અને દેવગતિ નામક ચાર ઉત્તર પ્રકૃતિઓ છે.

તે પ્રકૃતિઓનાં આધારભૂત અનન્તાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભનો ક્ષય કરે છે.

અનન્તાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભનો ક્ષય કરીને,

અપ્રત્યાખ્યાનાવરણ-ક્રોધ, માન, માયા અને લોભ-કષાયનો ક્ષય કરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

अपच्चक्खाणकसाए कोह-माण-माया-लोभे खवित्ता,

અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધ -માન- માયા અને લોભ-કષાયનો ક્ષય કરીને,

पच्चक्खाणावरणे कोह-माण-माया-लोभे खवेइ,

પ્રત્યાખ્યાનાવરણ-ક્રોધ - માન - માયા અને લોભ-કષાયનો ક્ષય કરે છે.

पच्चक्खाणावरणे कोह-माण-माया-लोभे खवित्ता,

પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ - માન - માયા અને લોભ - કષાયનો ક્ષય કરીને,

संजलणे कोह-माण-माया-लोभे खवेइ,

સંજ્વલન ક્રોધ - માન - માયા અને લોભનો ક્ષય કરે છે.

संजलणे कोह-माण-माया-लोभे-खवित्ता,

સંજ્વલન ક્રોધ - માન - માયા અને લોભનો ક્ષય કરીને,

पंचविहं नाणावरणिज्जं,

પાંચ પ્રકારે જ્ઞાનાવરણીય કર્મ,

नवविहं दरिसणावरणिज्जं,

નવ પ્રકારે દર્શનાવરણીય કર્મ,

पंचविहमंतराइयं,

પાંચ પ્રકારે અન્તરાય કર્મ તથા

तालमत्थकडं च णं मोहणिज्जं कट्टु कम्मरयविकरणकरं अपुव्वकरणं अणुपविट्ठस्स अणंते अणुत्तरे निव्वाघाए निरावरणे कसिणे पडिपुण्णे केवलवरनाण-दंसणे समुप्पज्जइ।

મોહનીય કર્મને કાપેલ તાડવૃક્ષનાં સમાન બનાવીને, કર્મરજને ફેલાવનાર અપૂર્વ કરણ (આઠમું ગુણસ્થાન)માં પ્રવિષ્ટ તે જીવને અનન્ત, અનુત્તર, વ્યાઘાત રહિત, આવરણ રહિત, કૃત્સ્ન, પ્રતિપૂર્ણ અને શ્રેષ્ઠ કેવળજ્ઞાન અને કેવળદર્શન ઉત્પન્ન થાય છે.

जैन साइट JAINSITE.com जैनम् जयति शासनम्

प. से णं भंते ! केवलिपण्णत्तं धम्मं आघवेज्जा वा -**जाव**- उवदंसेज्जा वा ?

પ્ર. ભંતે ! તે અસોચ્ચા કેવળી, કેવળી પ્રરૂપિત ધર્મનું વર્ણન કરે છે -**યાવત્**- ઉદાહરણ આપીને સમજાવે છે ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे, णन्नत्थ एगणाएणं वा एगवागरणेण वा।

ઉ. ગૌતમ ! આ શક્ય નથી, તે ફક્ત એક જ્ઞાત (દૃષ્ટાન્ત) અથવા એક પ્રશ્નનાં ઉત્તરનાં સિવાય અન્ય ઉપદેશ કરતાં નથી.

प. से णं भंते ! पव्वावेज्ज वा, मुंडावेज्ज वा ?

પ્ર. ભંતે ! તે (અસોચ્ચા કેવળી) કોઈને પ્રવ્રજિત કરે છે કે મુંડિત કરે છે ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे, उवदेस पुण करेज्जा।

ઉ. ગૌતમ ! આ શક્ય નથી, પરંતુ તે ઉપદેશ (નિર્દેશ) કરે છે.

प. से णं भंते ! सिज्झइ -**जाव**- अंतं करेइ ?

પ્ર. ભંતે ! તે સિદ્ધ હોય છે -**યાવત્**- સમસ્ત દુઃખોનો અંત કરે છે ?

उ. हंता, गोयमा ! सिज्झइ -**जाव**- अंतं करेइ।

ઉ. હા ગૌતમ ! તે સિદ્ધ હોય છે -**યાવત્**- સર્વ દુઃખોનો અંત કરે છે.

प. से णं भंते ! किं उड्ढं होज्जा, अहो होज्जा, तिरियं होज्जा ?

પ્ર. ભંતે ! તે (અસોચ્ચા કેવળી) ઊર્ધ્વલોકમાં હોય છે, અધોલોકમાં હોય છે કે તિરછાલોકમાં હોય છે ?

उ. गोयमा ! उड्ढं वा होज्जा, अहो वा होज्जा, तिरियं वा होज्जा।

ઉ. ગૌતમ ! તે ઊર્ધ્વલોકમાં પણ હોય છે, અધોલોકમાં પણ હોય છે અને તિરછાલોકમાં પણ હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उड्ढं होज्जमाणे सद्दावइ-वियडावइ-गंधावइ-मालवंत-परियाएसु वट्टवेयड्ढ-पव्वएसु होज्जा।

જો ઊર્ધ્વલોકમાં હોય તો શબ્દાપાતી, વિકટાપાતી, ગંધાપાતી અને માલ્યવંત નામક વૃત્ત પર્વતોમાં હોય છે.

साहरणं पडुच्च सोमणसवणे वा पंडगवणे वा होज्जा।

તથા સંહરણની અપેક્ષાએ સૌમનસવનમાં અથવા પાંડુકવનમાં હોય છે.

अहो होज्जमाणे गड्डाए वा दरीए वा होज्जा,

જો અધોલોકમાં હોય તો ગર્ત્તમાં અથવા ગુફામાં હોય છે. .

साहरणं पडुच्चं पायाले वा भवणे वा होज्जा।

તથા સંહરણની અપેક્ષાએ પાતાળકળશોમાં અથવા ભવનવાસી દેવોનાં ભવનોમાં હોય છે.

तिरियं होज्जमाणे पण्णरससु कम्मभूमीसु होज्जा, साहरणं पडुच्च अड्ढाइज्जदीव-समुद्द तदेक्कदेस-भाए होज्जा।

જો તિરછાલોકમાં હોય તો પંદર કર્મભૂમિમાં હોય છે તથા સંહરણની અપેક્ષાએ અઢી દ્વીપ અને બે સમુદ્રોનાં એક ભાગમાં હોય છે.

प. ते णं भंते ! एगसमएणं केवइया होज्जा ?

પ્ર. ભંતે ! તે (અસોચ્ચા કેવળી) એક સમયમાં કેટલા હોય છે ?

उ. गोयमा ! जहण्णेणं एक्को वा, दो वा, तिण्णि वा, उक्कोसेणं दस।

ઉ. ગૌતમ ! તે જઘન્ય એક, બે અથવા ત્રણ અને ઉત્કૃષ્ટ દસ હોય છે.

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

માટે હે ગૌતમ ! એવું કહેવાય છે કે -

असोच्चा णं केवलिस्स वा **-जाव-** तप्पक्खियउवासियाए वा,

કેવળી **-યાવત્-** કેવળીપાક્ષિક ઉપાસિકાથી ધર્મશ્રવણ કર્યા વગર જ -

अत्थेगइए केवलिपण्णत्तं धम्मं लभेज्ज सवणयाए, अत्थेगइए नो लभेज्ज सवणयाए **-जाव-** अत्थेगइए केवलनाणं उप्पाडेज्जा, अत्थेगइए केवलनाणं नो उप्पाडेज्जा।

- विया. स. ९, उ. ३१, सु. ८-३१

કોઈ જીવને કેવળી પ્રરૂપિત ધર્મ શ્રવણ પ્રાપ્ત થાય છે અને કોઈ જીવને ધર્મ શ્રવણનો લાભ પ્રાપ્ત થતો નથી **-યાવત્-** કોઈ જીવ કેવળજ્ઞાન ઉપાર્જન કરે છે અને કોઈ જીવ કેવળજ્ઞાન ઉપાર્જન કરતા નથી.

**११८. सोच्चा पंचणाणाणं उप्पायानुप्पाय परूवणं-**

**૧૧૮. શ્રુત્વા પાંચજ્ઞાનોનાં ઉપાર્જન-અનુપાર્જનનું પ્રરુપણ :**

प. सोच्चा णं भंते ! केवलिस्स वा **-जाव-** तप्पक्खिय उवासियाए वा आभिणिबोहियणाणं **-जाव-** केवलनाणं उप्पाडेज्जा ?

પ્ર. ભંતે ! કેવળીથી **-યાવત્-** કેવળી પાક્ષિક ઉપાસિકાથી સાંભળીને શું કોઈ જીવ આભિનિબોધિક જ્ઞાન **-યાવત્-** કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે ?

उ. गोयमा ! सोचा णं केवलिस्स वा **-जाव-** तप्पक्खिय उवासियाए अत्थेगइए आभिणिबोहियणाणं **-जाव-** केवलनाणं उप्पाडेज्जा, अत्थेगइए णो उप्पाडेज्जा।

ઉ. ગૌતમ ! કેવળી **-યાવત્-** કેવળીપાક્ષિક ઉપાસિકાથી ધર્મ સાંભળીને કોઈ જીવ આભિનિબોધિક જ્ઞાન **-યાવત્-** કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે અને કોઈ જીવ પ્રાપ્ત કરતાં નથી.

***सेसं जहेव असोच्चा।***

**બાકીનું વર્ણન "અસોચ્ચા"નાં સમાન છે.**

तस्स णं अट्ठमअट्ठमेणं अनिक्खित्तेणं तवोकम्मेणं अप्पाणं भावेमाणस्स पगइभद्दयाए तहेव **-जाव-** ईहापोह-मग्गण-गवेसणं करेमाणस्स ओहिणाणे समुप्पज्जइ।

નિરંતર અઠ્ઠમ - અઠ્ઠમ તપ કર્મથી પોતાની આત્માને ભાવિત કરતાં પ્રકૃતિ ભદ્રતા આદિ ગુણોથી **-યાવત્-** ઈહા, અપોહ, માર્ગણા અને ગવેષણા કરતાં અવધિજ્ઞાન સમુત્પન્ન થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

से णं तेणं ओहिनाणेणं समुप्पन्नेणं जहण्णेणं अंगुलस्स असंखेज्जइभागं,

उक्कोसेणं असंखेज्जाइं अलोए लोयप्पमाणमेत्ताइं खंडाइं जाणइ पासइ।

प. से णं भंते ! कइसु लेस्सासु होज्जा ?

उ. गोयमा ! छसु लेस्सासु होज्जा, तं जहा-

१. कण्हलेसाए **-जाव-** ६. सुक्कलेसाए।

प. से णं भंते ! कइसु णाणेसु होज्जा।

उ. गोयमा ! तिसु वा, चउसु वा होज्जा।

तिसु होज्जमाणे-

१. आभिणिबोहियनाणं, २. सुयनाणं, ३. ओहिनाणेसु होज्जा,

चउसु होज्जमाणे -

१. आभिणिबोहियनाणं, २. सुयनाणं, ३. ओहिनाणं ४. मणपज्जवनाणेसु होज्जा।

प. से णं भंते ! किं सजोगी होज्जा, अजोगी होज्जा ?

उ. गोयमा ! ***एवं जोगो, उवओगो, संघयणं, संठाणं, उच्चत्तं, आउयं च एयाणि सव्वाणि जहा असोच्चाए तहेव भाणियव्वाणि।***

प. से णं भंते ! किं सवेदए वा होज्जा, अवेदए वा होज्जा ?

उ. गोयमा ! सवेदए वा होज्जा, अवेदए वा होज्जा।

प. जइ अवेदए होज्जा किं उवसंतवेयए होज्जा, खीणवेयए होज्जा ?

उ. गोयमा ! नो उवसंतवेयए होज्जा, खीणवेयए होज्जा।

प. जइ सवेयए होज्जा किं इत्थीवेयए होज्जा **-जाव-** पुरिसनपुंसगवेयए वा होज्जा ?

उ. गोयमा ! इत्थीवेयए वा होज्जा, पुरिसवेयए वा होज्जा, पुरिसनपुंसगवेयए वा होज्जा।

प. से णं भंते ! सकसाई होज्जा, अकसाई होज्जा ?

उ. गोयमा ! सकसाई वा होज्जा, अकसाई वा होज्जा।

તે એ ઉત્પન્ન અવધિજ્ઞાનનાં પ્રભાવથી જઘન્ય અંગુળનાં અસંખ્યાતમા ભાગ,

ઉત્કૃષ્ટ અલોકમાં પણ લોક પ્રમાણ અસંખ્ય ખંડોને જાણે અને જુવે છે.

પ્ર. ભંતે ! તે કેટલી લેશ્યાઓમાં હોય છે ?

ઉ. ગૌતમ ! તે છહ લેશ્યાઓમાં હોય છે, જેમકે -

૧. કૃષ્ણ લેશ્યા **-યાવત્-** ૬. શુક્લલેશ્યા.

પ્ર. ભંતે ! તે કેટલા જ્ઞાનોમાં હોય છે ?

ઉ. ગૌતમ ! તે ત્રણ કે ચાર જ્ઞાનોમાં હોય છે.

જો ત્રણ જ્ઞાનોમાં હોય તો -

૧. આભિનિબોધિક જ્ઞાન, ૨. શ્રુતજ્ઞાન અને ૩. અવધિજ્ઞાનમાં હોય છે.

જો ચાર જ્ઞાનોમાં હોય તો -

૧. આભિનિબોધિક જ્ઞાન, ૨. શ્રુતજ્ઞાન, ૩. અવધિજ્ઞાન અને ૪. મનઃપર્યવજ્ઞાનમાં હોય છે.

પ્ર. ભંતે ! તે સયોગી હોય છે કે અયોગી હોય છે ?

ઉ. ગૌતમ ! ***જેમ અસોચ્ચાનાં યોગ, ઉપયોગ, સંહનન, સંસ્થાન, ઉંચાઈ અને આયુષ્યનાં વિષયમાં કહ્યું, તેજ પ્રમાણે અહીં પણ યોગાદિનાં વિષયમાં કહેવું જોઈએ.***

પ્ર. ભંતે ! તે અવધિજ્ઞાની સવેદી હોય છે કે અવેદી હોય છે ?

ઉ. ગૌતમ ! તે સવેદી પણ હોય છે અને અવેદી પણ હોય છે.

પ્ર. જો તે અવેદી હોય છે તો શું ઉપશાંતવેદી હોય છે કે ક્ષીણવેદી હોય છે ?

ઉ. ગૌતમ ! તે ઉપશાંતવેદી હોતાં નથી. પરંતુ ક્ષીણ વેદી હોય છે.

પ્ર. જો તે સવેદી હોય છે તો શું સ્ત્રીવેદી હોય છે **-યાવત્-** પુરુષ નપુંસકવેદી હોય છે ?

ઉ. ગૌતમ ! તે સ્ત્રીવેદી પણ હોય છે. પુરુષવેદી પણ હોય છે અને પુરુષ-નપુંસકવેદી પણ હોય છે.

પ્ર. ભંતે ! તે અવધિજ્ઞાની સકષાયી હોય છે કે અકષાયી હોય છે ?

ઉ. ગૌતમ ! તે સકષાયી પણ હોય છે અને અકષાયી પણ હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. जइ अकसाई होज्जा किं उवसंतकसाई होज्जा, खीणकसाई होज्जा ?

उ. गोयमा ! नो उवसंतकसाई होज्जा, खीणकसाई होज्जा।

प. जइ सकसाई होज्जा से णं भंते ! कइसु कसाएसु होज्जा ?

उ. गोयमा ! चउसु वा, तिसु वा, दोसु वा, एक्कम्मि वा होज्जा।

चउसु होज्जमाणे-

चउसु संजलणकोह-माण-माया-लोभेसु होज्जा,

तिसु होज्जमाणे-

तिसु संजलणमाण-माया-लोभेसु होज्जा,

दोसु होज्जमाणे-

दोसु संजलणमाया-लोभेसु होज्जा,

एक्कम्मि होज्जमाणे-

एक्कम्मि संजलणे लोभे होज्जा।

प. तस्स णं भंते ! केवइया अज्झवसाणा पण्णत्ता ?

उ. गोयमा ! असंखेज्जा अज्झवसाणा पण्णत्ता।

***सेसं जहा असोच्चाए, तहेव -जाव- केवलवरणाण-दंसण समुप्पज्जइ।***

प. से णं भंते ! केवलिपण्णत्तं धम्मं आघविज्जा वा -जाव- उवदंसेज्ज वा परूविज्जा वा ?

उ. हंता, गोयमा ! आघविज्जा वा -जाव- उवदंसेज्जा वा परूविज्जा वा।

प. से णं भंते ! पव्वावेज्ज वा, मुंडावेज्ज वा ?

उ. हंता, गोयमा ! पव्वावेज्ज वा, मुंडावेज्ज वा।

प. तस्स णं भंते ! सिस्सा वि पव्वावेज्ज वा, मुंडावेज्ज वा ?

उ. हंता, गोयमा ! पव्वावेज्ज वा, मुंडावेज्ज वा।

प. तस्स णं भंते ! पसिस्सा वि पव्वावेज्ज वा, मुंडावेज्ज वा ?

પ્ર. જો તે અકષાયી હોય છે તો શું ઉપશાંતકષાયી હોય છે કે ક્ષીણકષાયી હોય છે ?

ઉ. ગૌતમ ! તે ઉપશાંતકષાયી હોતા નથી, પરંતુ ક્ષીણકષાયી હોય છે.

પ્ર. ભંતે ! જો તે સકષાયી હોય છે તો કેટલા કષાયોમાં હોય છે ?

ઉ. ગૌતમ ! તે ચાર કષાયોમાં, ત્રણ કષાયોમાં, બે કષાયોમાં અથવા એક કષાયમાં હોય છે.

જો તે ચાર કષાયોમાં હોય છે,

તો સંજ્વલન ક્રોધ, માન, માયા અને લોભમાં હોય છે.

જો ત્રણ કષાયોમાં હોય છે.

તો સંજ્વલન માન, માયા અને લોભમાં હોય છે.

જો બે કષાયોમાં હોય છે.

તો સંજ્વલન માયા અને લોભમાં હોય છે,

જો તે એક કષાયમાં હોય છે,

તો એક સંજ્વલન લોભમાં હોય છે.

પ્ર. ભંતે ! તે અવધિજ્ઞાનીનાં કેટલા અધ્યવસાય બતાવ્યા છે ?

ઉ. ગૌતમ ! તેના અધ્યવસાય અસંખ્યાત હોય છે.

***બાકીનું વર્ણન અસોચ્ચાનાં સમાન કેવળવરજ્ઞાન દર્શનની ઉત્પત્તિ સુધી સમજવું જોઈએ.***

પ્ર. ભંતે ! તે કેવળી-પ્રરુપિત ધર્મનું વર્ણન કરે છે -યાવત્- ઉદાહરણ આપીને સમજાવે છે ?

ઉ. હા, ગૌતમ ! તે કેવળી-પ્રરુપિત ધર્મ કહે છે, -યાવત્- ઉદાહરણ આપીને સમજાવે છે.

પ્ર. ભંતે ! શું તે કોઈને પ્રવ્રજિત અને મુંડિત પણ કરે છે ?

ઉ. હા, ગૌતમ ! તે પ્રવ્રજિત પણ કરે છે અને મુંડિત પણ કરે છે.

પ્ર. ભંતે ! શું તેના શિષ્ય પણ કોઈને પ્રવ્રજિત કરે છે અને મુંડિત પણ કરે છે ?

ઉ. હા, ગૌતમ ! તેના શિષ્ય પણ પ્રવ્રજિત કરે છે અને મુંડિત પણ કરે છે.

પ્ર. ભંતે ! શું તેના પ્રશિષ્ય પણ કોઈને પ્રવ્રજિત કરે છે અને મુંડિત કરે છે ?

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उ. हंता, गोयमा ! पव्वावेज्ज वा, मुंडावेज्ज वा।

ઉ. હા, ગૌતમ ! તેના પ્રશિષ્ય પણ પ્રવ્રજિત કરે છે અને મુંડિત પણ કરે છે.

प. से णं भंते ! सिज्झइ **-जाव-** सव्वदुक्खाणमंतं करेइ ?

પ્ર. ભંતે ! તે સિદ્ધ હોય છે **-યાવત્-** સર્વ દુઃખોનો અંત કરે છે ?

उ. हंता, गोयमा ! सिज्झइ **-जाव-** सव्वदुक्खाणमंतं करेइ।

ઉ. હા, ગૌતમ ! તે સિદ્ધ હોય છે **-યાવત્-** સર્વ દુઃખોનો અંત કરે છે.

प. तस्स णं भंते ! सिस्सा वि सिज्झंति **-जाव-** अंतं करेंति ?

પ્ર. ભંતે ! શું તેના શિષ્ય પણ સિદ્ધ હોય છે **-યાવત્-** સર્વ દુઃખોનો અંત કરે છે ?

उ. हंता, गोयमा ! सिज्झंति **-जाव-** अंतं करेंति।

ઉ. હા, ગૌતમ ! તે પણ સિદ્ધ હોય છે **-યાવત્-** સર્વ દુઃખોનો અંત કરે છે.

प. तस्स णं भंते ! पसिस्सा वि सिज्झंति **-जाव-** अंतं करेंति ?

પ્ર. ભંતે ! શું તેના પ્રશિષ્ય પણ સિદ્ધ હોય છે **-યાવત્-** સર્વ દુઃખોનો અંત કરે છે ?

उ. हंता, गोयमा ! सिज्झंति **-जाव-** अंतं करेंति।

ઉ. હા, ગૌતમ ! તે પણ સિદ્ધ હોય છે **-યાવત્-** સર્વ દુઃખોનો અંત કરે છે.

से णं भंते ! ***किं उड्ढं होज्जा, एवं पुच्छा जहेव असोच्चाए।***

ભંતે ! ***તે ઊર્ધ્વલોકમાં હોય છે. ઈત્યાદિ પ્રશ્ન અને ઉત્તર "અસોચ્ચા" નાં સમાન અહીં પણ જાણવાં જોઈએ.***

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

प. ते णं भंते ! एकसमएणं केवइया होज्जा ?

પ્ર. ભંતે ! તે એક સમયમાં કેટલા હોય છે ?

उ. गोयमा ! जहण्णेणं एक्को वा, दो वा, तिण्णि वा, उक्कोसेणं अट्ठसयं।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

सोच्चा णं केवलिस्स वा **-जाव-** केवलिउवासियाए वा **-जाव-** अत्थेगइए केवलनाणं उप्पाडेज्जा, अत्थेगइए केवलनाणं नो उप्पाडेज्जा॥

- विया. स. ९, उ. ३१, सु. ३२-४४

ઉ. ગૌતમ ! તે એક સમયમાં જઘન્ય એક, બે કે ત્રણ હોય છે અને ઉત્કૃષ્ટ એક સો આઠ હોય છે.

માટે હે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"કેવળી **-યાવત્-** કેવળીપાક્ષિક ઉપાસિકાથી ધર્મ શ્રવણ કરી **-યાવત્-** કોઈ જીવ કેવળજ્ઞાન ઉપાર્જન કરે છે અને કોઈ જીવ કેવળજ્ઞાન ઉપાર્જન કરતાં નથી.

## ११९. जीव चउवीसदंडएसु सिद्धेसु य नाणानाणित्त परूवणं-

## ૧૧૯. જીવ ચોવીસ દંડકો અને સિદ્ધોમાં જ્ઞાનીત્વ-અજ્ઞાનીત્વનું પ્રરુપણ :

प. जीवा णं भंते ! किं नाणी, अन्नाणी ?

પ્ર. ભંતે ! જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

उ. गोयमा ! जीवा नाणी वि, अन्नाणी वि।

अत्थेगइया एगनाणी।

जे नाणी ते अत्थेगइया दुन्नाणी,

अत्थेगइया तिन्नाणी,

अत्थेगइया चउनाणी,

जे एगनाणी ते नियमा केवलनाणी।

ઉ. ગૌતમ ! જીવ જ્ઞાની પણ છે અને અજ્ઞાની પણ છે.

કેટલાક જીવ એક જ્ઞાનવાળા છે.

જે જીવ જ્ઞાની છે, તેમાંથી કેટલાક જીવ બે જ્ઞાનવાળા છે.

કેટલાક જીવ ત્રણ જ્ઞાનવાળા છે,

કેટલાક જીવ ચાર જ્ઞાનવાળા છે,

જે એક જ્ઞાનવાળા છે, તે નિયમતઃ કેવળજ્ઞાની છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

जे दुन्नाणी ते १. आभिणिबोहियनाणी य, २. सुयनाणी य।

જે બે જ્ઞાનવાળા છે, તે-૧. આભિનિબોધિકજ્ઞાની, ૨. શ્રુતજ્ઞાની છે.

जे तिन्नाणी ते १. आभिणीबोहियनाणी य, २. सुयनाणी य, ३. ओहिनाणी य।

જે ત્રણ જ્ઞાનવાળા છે, તે. ૧. આભિનિબોધિકજ્ઞાની, ૨. શ્રુતજ્ઞાની, ૩. અવધિજ્ઞાની છે.

**अहवा** १. आभिणिबोहियनाणी य, २. सुयनाणी य, ३. मणपज्जवनाणी य।

**અથવા** ૧. આભિનિબોધિક જ્ઞાની, ૨. શ્રુતજ્ઞાની, ૩. મનઃપર્યવજ્ઞાની છે.

जे चउनाणी ते १. आभिणिबोहियनाणी य, २. सुयनाणी य, ३. ओहिनाणी य, ४. मणपज्जवनाणी य।

જે ચાર જ્ઞાનવાળા છે, તે-૧. આભિનિબોધિકજ્ઞાની, ૨. શ્રુતજ્ઞાની, ૩. અવધિજ્ઞાની, ૪. મનઃપર્યવજ્ઞાની છે.

जे अन्नाणी ते अत्थेगइया दुअन्नाणी,

જે અજ્ઞાની છે. તેમાંથી કેટલાક જીવ બે અજ્ઞાનવાળા છે.

अत्थेगइया तिअन्नाणी।

કેટલાક જીવ ત્રણ અજ્ઞાનવાળા છે.

जे दुअन्नाणी ते १. मइअन्नाणी य, २. सुयअन्नाणी य।

જે જીવ બે અજ્ઞાનવાળા છે, તે- ૧. મતિઅજ્ઞાની, ૨. શ્રુતઅજ્ઞાની છે.

जे तिअन्नाणी ते १. मइअन्नाणी य, २. सुयअन्नाणी य, ३. विभंगनाणी य।

- विया. स. ८, उ. २, सु. २९

જે જીવ ત્રણ અજ્ઞાનવાળા છે, તે-૧. મતિઅજ્ઞાની, ૨. શ્રુતઅજ્ઞાની, ૩. વિભંગજ્ઞાની છે.

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्

प. **दं. १.** नेरइया णं भंते ! किं नाणी, अन्नाणी ?

પ્ર. **દં.૧.** ભંતે ! નૈરયિક જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

उ. गोयमा ! नाणी वि, अन्नाणी वि।

ઉ. ગૌતમ ! નૈરયિક જીવ જ્ઞાની પણ છે અને અજ્ઞાની પણ છે.

जे नाणी ते नियमा तिन्नाणी, तं जहा-

તેમાં જે જ્ઞાની છે, તે નિયમતઃ ત્રણ જ્ઞાનવાળા છે, જેમકે -

१. आभिणिबोहियनाणी य, २. सुयनाणी य, ३. ओहिनाणी य।

૧. આભિનિબોધિકજ્ઞાની, ૨. શ્રુતજ્ઞાની, ૩. અવધિજ્ઞાની.

जे अन्नाणी ते अत्थेगइया दुअन्नाणी,

જે અજ્ઞાની છે, તેમાંથી કેટલાક બે અજ્ઞાનવાળા છે.

अत्थेगइया तिअन्नाणी।

કેટલાક ત્રણ અજ્ઞાનવાળા છે.

***एवं तिण्णि अण्णाणाणि भयणाए***[1] ।

- विया. स. ८, उ. २, सु. ३०

***આ પ્રમાણે ત્રણ અજ્ઞાન (વિકલ્પ)થી જાણવા જોઈએ.***

प. इमीसे णं भंते ! रयणप्पभाए पुढवीए णेरइया किं णाणी अण्णाणी ?

પ્ર. ભંતે ! આ રત્નપ્રભા પૃથ્વીનાં નૈરયિક જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

उ. गोयमा ! णाणी वि, अण्णाणी वि।

ઉ. ગૌતમ ! જ્ઞાની પણ છે અને અજ્ઞાની પણ છે.

जे णाणी ते णियमा तिण्णाणी, तं जहा-

જે જ્ઞાની છે તે નિશ્ચયથી ત્રણ જ્ઞાનવાળા છે, જેમકે -

१. जीवा. पडि. १, सु. ३२

१. आभिणिबोहियणाणी, २. सुयणाणी, ३. ओहिणाणी।

જે अण्णाणी ते अत्थेगइया दु अण्णाणि, अत्थेगइया ति अन्नाणी।

जे दु अन्नाणी ते णियमा १. मइअन्नाणी य, २. सुय-अण्णाणी य।

जे ति अन्नाणी ते नियमा १. मइ-अण्णाणी, २. सुय-अण्णाणी, ३. विभंगणाणी वि।

***सेसा णं णाणी वि, अण्णाणी वि तिण्णि।***

***एवं -जाव- अहेसत्तमाए।***

- जीवा. पडि. ३, सु. ८८ (२)

प. **दं. २,** असुरकुमारा णं भंते ! किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! ***जहेव नेरइया तहेव असुरकुमारा।***

दं. ३-११. ***एवं -जाव- थणियकुमारा।***

प. **दं. १२.** पुढविकाइया णं भंते ! किं नाणी, अण्णाणी ?

उ. गोयमा ! नो नाणी, अन्नाणी, ते नियमा दु अण्णाणी, तं जहा-

१. मइअन्नाणी य, २. सुय अन्नाणी य[1]।

दं. १३-१६. ***एवं -जाव- वणस्सइकाइया***[2]।

प. **दं. १७.** बेइंदिया णं भंते ! किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! नाणी वि, अन्नाणी वि।

जे नाणी ते नियमा दुन्नाणी, तं जहा-

१. आभिणिबोहियनाणी य, २. सुयनाणी य।

जे अन्नाणी ते नियमा दुअन्नाणी, तं जहा-

૧. આભિનિબોધિક જ્ઞાની, ૨. શ્રુતજ્ઞાની, ૩. અવધિજ્ઞાની.

જે અજ્ઞાની છે તેમાંથી કોઈ બે અજ્ઞાનવાળા છે અને કોઈ ત્રણ અજ્ઞાનવાળા છે.

જે બે અજ્ઞાનવાળા છે તે નિયમથી ૧. મતિ-અજ્ઞાની અને ૨. શ્રુત-અજ્ઞાની છે.

જે ત્રણ અજ્ઞાનવાળા છે તે નિયમથી ૧. મતિ અજ્ઞાની, ૨. શ્રુત-અજ્ઞાની અને ૩. વિભંગજ્ઞાની છે.

***બાકીની પૃથ્વીઓનાં નૈરયિક જ્ઞાની પણ છે અને અજ્ઞાની પણ છે. પૂર્વવત્ ત્રણેય છે,***

***આ પ્રમાણે અધઃસપ્તમ પૃથ્વી સુધી જાણવું જોઈએ.***

પ્ર. **દં.૨.** ભંતે ! અસુરકુમાર જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! ***નૈરયિકોનાં સમાન અસુરકુમારોનાં માટે પણ વર્ણન કરવું જોઈએ.***

દં.૩-૧૧. ***આ પ્રમાણે સ્તનિતકુમારો સુધી કહેવું જોઈએ.***

પ્ર. **દં.૧૨.** ભંતે ! પૃથ્વીકાયિક જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! તે જ્ઞાની નથી, અજ્ઞાની છે, તે નિયમતઃ બે અજ્ઞાનવાળા છે. જેમકે -

૧. મતિ-અજ્ઞાની, ૨. શ્રુત-અજ્ઞાની.

દં.૧૩-૧૬. ***આ પ્રમાણે વનસ્પતિકાયિકો સુધી જાણવું જોઈએ.***

પ્ર. **દં.૧૭.** ભંતે ! બેઈન્દ્રિય જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! બે ઈન્દ્રિય જીવ જ્ઞાની પણ છે અને અજ્ઞાની પણ છે.

જે જ્ઞાની છે, તે વગર વિકલ્પનાં બે જ્ઞાનવાળા હોય છે, જેમકે -

૧. આભિનિબોધિક જ્ઞાની, ૨. શ્રુત જ્ઞાની.

જે અજ્ઞાની છે, તે નિયમતઃ બે અજ્ઞાનવાળા છે, જેમકે -

१. जीवा. पडि. १, सु. १३ (१५)    २. जीवा. पडि. १, सु. १४-२६

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

१. आभिणिबोहियअन्नाणी य, २. सुयअन्नाणी य[1]।

दं. १८-१९. ***एवं तेइंदिया चउरिंदिया वि***[2]।

प. **दं. २०.** पंचेंदिय-तिरिक्खजोणिया णं भंते ! किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! नाणी वि, अन्नाणि वि।

जे नाणी ते अत्थेगइया दुन्नाणी,

अत्थेगइया तिन्नाणी।

***एवं तिण्णि नाणाणि तिण्णि अण्णाणाणि य भयणाए***[3]।

- विया. स. ८, उ. २, सु. ३१-३४

प. सम्मुच्छिम पंचेंदियतिरिक्खजोणिय जलयराणं भंते। किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! णाणी वि, अण्णाणी वि,

जे नाणी ते नियमा दुन्नाणी, तं जहा-

१. आभिणिबोहियणाणी य, २. सुयणाणी य,

जे अण्णाणी ते नियमा दुअन्नाणी, तं जहा-

१. आभिणिबोहिय अन्नाणी य, २. सुय अन्नाणि य।

***थलयराणं खहयराणं एवं चेव।***

प. गब्भवक्कंतिय पंचेंदिय तिरिक्खजोणिय जलयराणं भंते ! किं नाणी अन्नाणी ?

उ. गोयमा ! णाणी वि, अण्णाणी वि।

जे णाणी ते अत्थेगइया दुन्नाणी, अत्थेगइया तिन्नाणी।

जे दुन्नाणी ते णियमा-१. आभिणिबोहियणाणी य, २. सुयणाणी य।

जे तिण्णाणी ते नियमा-१. आभिनिबोहियणाणी, २. सुयणाणी, ३. ओहिणाणी य।

***एवं अण्णाणि वि।***

૧. આભિનિબોધિક અજ્ઞાની, ૨. શ્રુત-અજ્ઞાની.

દં.૧૮-૧૯. **આ પ્રમાણે ત્રેઈન્દ્રિય અને ૧૯. ચઉરેન્દ્રિય જીવોનાં માટે પણ જાણવું જોઈએ.**

પ્ર. **દં.૨૦.** ભંતે ! પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! તે જ્ઞાની પણ છે અને અજ્ઞાની પણ છે.

જે જ્ઞાની છે, તેમાંથી કેટલાક બે જ્ઞાનવાળા છે અને કેટલાક ત્રણ જ્ઞાનવાળા છે.

***આ પ્રમાણે ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન (વિકલ્પ) થી જાણવા જોઈએ.***

પ્ર. ભંતે ! સમ્મૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચયોનિક જલચર શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! જ્ઞાની પણ છે અને અજ્ઞાની પણ છે,

જે જ્ઞાની છે તે નિયમતઃ બે જ્ઞાનવાળા છે, જેમકે-

૧. આભિનિબોધિક જ્ઞાની, ૨. શ્રુતજ્ઞાની.

જે અજ્ઞાની છે તે નિયમતઃ બે અજ્ઞાનવાળા છે, જેમકે -

૧. આભિનિબોધિક અજ્ઞાની, ૨. શ્રુતઅજ્ઞાની.

***(સમ્મૂર્ચ્છિમ) સ્થળચરો ખેચરોનાં માટે પણ આ પ્રમાણે કહેવું જોઈએ.***

પ્ર. ભંતે ! ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચયોનિક જલચર શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! જ્ઞાની પણ છે અને અજ્ઞાની પણ છે.

જે જ્ઞાની છે તે કેટલાક બે જ્ઞાનવાળા છે અને કેટલાક ત્રણ જ્ઞાનવાળા છે.

જે બે જ્ઞાનવાળા છે તે નિયમથી : ૧. આભિનિબોધિક જ્ઞાની, ૨. શ્રુતજ્ઞાની છે.

જે ત્રણ જ્ઞાનવાળા છે તે નિયમતઃ ૧. આભિનિબોધિક જ્ઞાની, ૨. શ્રુતજ્ઞાની, ૩. અવધિજ્ઞાની છે.

***આ પ્રમાણે અજ્ઞાની પણ જાણવા જોઈએ.***

१. जीवा पडि. १, सु. २८
२. जीवा. पडि. १, सु. २९-३०
३. जीवा. पडि. ३, सु. ९७ (१)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

*थलयराणं खहयराणं एवं चेव।*

- जीवा. पडि. १, सु. ३५-४०

*(ગર્ભજ) સ્થળચરો ખેચરોનાં માટે પણ આ પ્રમાણે કહેવું જોઈએ.*

दं. २१. ***मणुस्सा जहा जीवा तहेव, पंच नाणाणि तिण्णि अण्णाणाणि य भयणाए[1]।***

- विया. स.८, उ. २, सु. ३५

દં.૨૧. ***જે પ્રમાણે ઔધિક જીવોનું વર્ણન છે તે પ્રમાણે મનુષ્યોમાં પણ પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન વિકલ્પથી કહેવા જોઈએ.***

प. सम्मुच्छिम मणुस्सा णं भंते ! किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! णो णाणी. अण्णाणी. ते नियमा दु अण्णाणी. तं जहा-

१. मइ अन्नाणी, २. सुय अन्नाणी य।

પ્ર. ભંતે ! સમ્મૂર્ચ્છિમ મનુષ્ય શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! જ્ઞાની નથી. પરંતુ અજ્ઞાની છે. તે નિયમતઃ બે અજ્ઞાનવાળા છે, જેમકે -

૧. મતિ અજ્ઞાની, ૨. શ્રુત અજ્ઞાની.

प. गब्भवक्कंतिय मणुस्साणं भंते ! किं नाणी, अण्णाणी ?

उ. गोयमा ! णाणी वि अण्णाणी वि।

जे णाणी ते अत्थेगइया दुन्नाणी, अत्थेगइया तिन्नाणी, अत्थेगइया चउणाणी, अत्थेगइया एगणाणी।

जे दुण्णाणी ते नियमा - १. आभिणिबोहियणाणी, २. सुयनाणी य।

जे तिणाणी ते १. आभिणिबोहियणाणी, २. सुयणाणी, ३. ओहिणाणी य।

**अहवा** १. आभिणिबोहियणाणी, २. सुयणाणी, ३. मणपज्जवणाणी य।

जे चउणाणी ते णियमा-१. आभिणिबोहियणाणी, २. सुयणाणी, ३. ओहिणाणी ४. मणपज्जवणाणी य।

जे एगणाणी ते नियमा-१. केवलणाणी।

પ્ર. ભંતે ! ગર્ભજ મનુષ્ય શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! જ્ઞાની પણ છે અને અજ્ઞાની પણ છે.

જે જ્ઞાની છે, તે કેટલાક બે જ્ઞાનવાળા છે, કેટલાક ત્રણ જ્ઞાનવાળા છે, કેટલાક ચાર જ્ઞાનવાળા છે અને કેટલાક એક જ્ઞાનવાળા છે.

જે બે જ્ઞાનવાળા છે તે નિયમત : ૧. આભિનિબોધિક જ્ઞાની, ૨. શ્રુતજ્ઞાની છે.

જે ત્રણ જ્ઞાનવાળા છે તે ૧. આભિનિબોધિકજ્ઞાની, ૨. શ્રુતજ્ઞાની, ૩. અવધિજ્ઞાની છે.

**અથવા** ૧. આભિનિબોધિક જ્ઞાની, ૨. શ્રુતજ્ઞાની, ૩. મનઃપર્યવજ્ઞાની છે.

જે ચાર જ્ઞાનવાળા છે તે નિયમતઃ ૧. આભિનિબોધિક જ્ઞાની, ૨. શ્રુતજ્ઞાની, ૩. અવધિજ્ઞાની, ૪. મનઃપર્યવજ્ઞાની છે.

જે એક જ્ઞાનવાળા છે તે નિયમતઃ એક કેવળજ્ઞાની છે.

***एवं अण्णाणी वि दुअण्णाणी, ति अण्णाणी।***

- जीवा. पडि. १, सु. ४१

***આ પ્રમાણે અજ્ઞાની પણ બે અજ્ઞાનવાળા અને ત્રણ અજ્ઞાનવાળા છે.***

दं. २२. ***वाणमंतरा जहा नेरइया।***

દં.૨૨. ***વાણવ્યંતર દેવોનું વર્ણન નૈરયિકોનાં સમાન છે.***

**दं. २३-२४.** जोइसिय वेमाणियाणं तिण्णि नाणा तिण्णि अन्नाणा नियमा[2]।

- विया. स. ८, उ. २, सु. ३६-३७

**દં.૨૩-૨૪.** જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોમાં ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન નિયમતઃ પ્રાપ્ત થાય છે.

प. सोहम्मीसाणेसु णं भंते ! कप्पेसु देवा किं णाणी, अण्णाणी ?

પ્ર. ભંતે ! સૌધર્મ- ઈશાન કલ્પમાં દેવ શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

१. जीवा. पडि. १ सु. ४१ 
२. जीवा. पडि. १, सु. ४२

www.jainsite.com 
For Private & Personal Use Only 
info@jainsite.com

उ. गोयमा ! णाणी वि, अण्णाणी वि ।

जे णाणी ते णियमा तिण्णाणी, तं जहा-

१. आभिणिबोहियणाणी, २. सुयणाणी, ३. ओहिणाणी ।

जे अण्णाणी ते णियमा तिअण्णाणी, तं जहा-

१. मइअण्णाणी, २. सुयअण्णाणी, ३. विभंगणाणी य ।

***एवं -जाव- गेवेज्जा ।***

अणुत्तरोववाइया णाणी, णो अण्णाणी नियमा तिण्णाणी ।

- जीवा. पडि. ३, सु. २०१ (ई)

प. सिद्धा णं भंते ! किं णाणी, अण्णाणी ?

उ. गोयमा ! नाणी, नो अण्णाणी, नियमा एगणाणी केवलणाणी ।

- विया. स. ८, उ. २, सु. ३८

उ. ગૌતમ ! જ્ઞાની પણ છે અને અજ્ઞાની પણ છે.

જે જ્ઞાની છે તે નિયમતઃ ત્રણ જ્ઞાનવાળા છે, જેમકે -

૧. આભિનિબોધિકજ્ઞાની, ૨. શ્રુતજ્ઞાની, ૩. અવધિજ્ઞાની.

જે અજ્ઞાની છે, તે નિયમતઃ ત્રણ અજ્ઞાનવાળા છે, જેમકે -

૧. મતિઅજ્ઞાની, ૨. શ્રુતઅજ્ઞાની, ૩. વિભંગજ્ઞાની.

***આ પ્રમાણે ગ્રૈવેયક સુધી જાણવું જોઈએ.***

અનુત્તરોપપાતિક દેવ જ્ઞાની છે, અજ્ઞાની નથી તે નિયમતઃ ત્રણ જ્ઞાનવાળા છે.

પ્ર. ભંતે ! સિદ્ધ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! સિદ્ધ જ્ઞાની છે, અજ્ઞાની નથી તે વગર વિકલ્પે એક કેવળજ્ઞાનવાળા છે.

**१२०. गइआई वीस दार विवक्खया नाणित्तानाणित्त परूवणं -**

**૧૨૦. ગતિ આદિ વીસ દ્વારોની વિવક્ષાથી જ્ઞાનત્વ અજ્ઞાનત્વનું પ્રરુપણ :**

**१. गति दारं -**

प. निरयगइया[1] णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! नाणी वि, अन्नाणी वि ।

तिण्णि नाणाइं नियमा तिण्णि अन्नाणाइं भयणाए ।

प. तिरियगइया णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! दो नाणा, दो अन्नाणा नियमा ।

प. मणुस्सगइया णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! तिण्णि नाणाइं भयणाए, दो अन्नाणाइं नियमा ।

***देवगइया जहा निरयगइया ।***

**૧. ગતિ દ્વાર :**

પ્ર. ભંતે ! નરક ગતિનાં જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ! તે જ્ઞાની પણ છે અને અજ્ઞાની પણ છે.

જે જ્ઞાની છે, તે નિયમતઃ ત્રણ જ્ઞાનવાળા છે અને જે અજ્ઞાની છે તે ભજના (વિકલ્પ) થી ત્રણ અજ્ઞાનવાળા છે.

પ્ર. ભંતે ! તિર્યંચગતિનાં જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! તે નિયમતઃ (વગર વિકલ્પનાં) બે જ્ઞાન અને બે અજ્ઞાનવાળા છે.

પ્ર. ભંતે ! મનુષ્ય ગતિનાં જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! તેના ભજના (વિકલ્પ)થી ત્રણ જ્ઞાન હોય છે અને નિયમતઃ બે અજ્ઞાન હોય છે.

***દેવગતિનાં જીવોમાં જ્ઞાન અને અજ્ઞાનનું વર્ણન નરક ગતિનાં જીવોનાં સમાન છે.***

૧. આ દ્વારમાં ગત્યુન્મુખી જીવોની અપેક્ષાએ પૂછેલ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. सिद्धगइया णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! *जहा सिद्धा।*

- विया. स. ८, उ.२, सु. ३९-४३

प्र. ભંતે ! સિદ્ધ ગતિનાં જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! ***તેનું વર્ણન સિદ્ધોનાં સમાન છે.***

**२. इंदियदारं-**

प. सइंदिया णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! चत्तारि नाणाइं तिण्णि अन्नाणाइं भयणाए।

प. एगिंदिया णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! *जहा पुढविक्काइया।*

बेइंदिय-तेइंदिय-चउरिंदियाणं दो नाणा, दो अन्नाणा नियमा।

***पंचेंदिया जहा सइंदिया।***

प. अणिंदिया णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! *जहा सिद्धा।*

- विया. स. ८, उ. २, सु. ४४-४८

**૨. ઈન્દ્રિય દ્વાર :**

પ્ર. ભંતે ! સેન્દ્રિય જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! તેને ચાર જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજના (વિકલ્પ)થી હોય છે.

પ્ર. ભંતે ! એક ઈન્દ્રિયવાળા જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! ***પૃથ્વીકાયિક જીવોનાં સમાન છે. (અર્થાત્ અજ્ઞાની છે.)***

બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય અને ચાર ઈન્દ્રિયવાળા જીવોમાં નિયમતઃ બે જ્ઞાન અને બે અજ્ઞાન હોય છે.

***પાંચ ઈન્દ્રિયોવાળા જીવોનું વર્ણન સેન્દ્રિય જીવોની જેમ કહેવું જોઈએ.***

પ્ર. ભંતે ! અનિન્દ્રિય જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! ***તેનું વર્ણન સિદ્ધોનાં સમાન જાણવું જોઈએ.***

**३. कायदारं -**

प. सकाइया णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! पंच नाणाणि, तिण्णि अन्नाणाइं भयणाए।

पुढविकाइया -जाव- वणस्सइकाइया नो नाणी, अन्नाणी। नियमा दुअन्नाणी, तं जहा-

१. मइअन्नाणी य, २. सुयअन्नाणी य।[1]

***तसकाइया जहा सकाइया।***

प. अकाइया णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! *जहा सिद्धा।*

- विया. स. ८, उ. २, सु. ४९-५२

**૩. કાય દ્વાર :**

પ્ર. ભંતે ! સકાયિક જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! સકાયિક જીવોમાં પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજના (વિકલ્પ)થી હોય છે.

પૃથ્વીકાયિકથી વનસ્પતિકાયિક સુધી જ્ઞાની નથી, અજ્ઞાની છે. તે નિયમતઃ બે અજ્ઞાનવાળા છે, જેમકે -

૧. મતિ-અજ્ઞાન, ૨. શ્રુત અજ્ઞાન.

***ત્રસકાયિક જીવોનું વર્ણન સકાયિક જીવોનાં સમાન છે.***

પ્ર. ભંતે ! અકાયિક જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! ***એનું વર્ણન સિદ્ધોનાં સમાન જાણવું જોઈએ.***

१. जीवा. पडि. १, सु. १३ (१५)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

४. **सुहुमदारं -**

प. सुहुमा णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! ***जहा पुढविकाइया।***

प. बायरा णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! ***जहा सकाइया।***

प. नो सुहुमा नोबायरा णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! ***जहा सिद्धा।***

- विया. स. ८, उ. २, सु. ५३-५५

५. **पज्जत्तापज्जत्त दारं-**

प. पज्जत्ता णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! ***जहा सकाइया।***

प. **दं. १.** पज्जत्ता णं भंते ! नेरइया किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! तिण्णि नाणा, तिण्णि अन्नाणा नियमा।

प. दं. २-११. ***जहा नेरइया एवं -जाव- थणियकुमारा।***

दं. १२. ***पुढविकाइया जहा एगिंदिया।***

दं. १३-१९. ***एवं -जाव- चउरिंदिया।***

प. **दं. २०.** पज्जत्ता णं भंते ! पंचेंदिय-तिरिक्खजोणिया किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! तिण्णि नाणा, तिण्णि अन्नाणा भयणाए।

दं. २१. ***मणुस्सा जहा सकाइया।***

दं. २२-२४. ***वाणमंतर-जोइसिय-वेमाणिया जहा नेरइया।***

प. अपज्जत्ता णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! तिण्णि नाणा, तिण्णि अन्नाणा भयणाए।

૪. **સૂક્ષ્મ દ્વાર :**

પ્ર. ભંતે ! સૂક્ષ્મ જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! ***એનું વર્ણન પૃથ્વીકાયિક જીવોનાં સમાન છે.***

પ્ર. ભંતે ! બાદર જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! ***આનું વર્ણન સકાયિક જીવોનાં સમાન છે.***

પ્ર. ભંતે ! નો સૂક્ષ્મ નો બાદર જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! ***તેનું વર્ણન સિદ્ધોના સમાન છે.***

૫. **પર્યાપ્ત-અપર્યાપ્ત દ્વાર :**

પ્ર. ભંતે ! પર્યાપ્તા જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! ***તે સકાયિક જીવોનાં સમાન છે.***

પ્ર. **દં.૧.** ભંતે ! પર્યાપ્ત નૈરયિક જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! આમાં નિયમતઃ ત્રણ જ્ઞાન કે ત્રણ અજ્ઞાન હોય છે.

દં.૨-૧૧. ***પર્યાપ્ત (અસુરકુમારોથી સ્તનિતકુમારો સુધી) પર્યાપ્ત નૈરયિક જીવોનાં સમાન છે.***

દં.૧૨. ***પર્યાપ્ત પૃથ્વીકાયિક જીવ એકેન્દ્રિય જીવોનાં સમાન છે.***

દં.૧૩-૧૯. ***આ પ્રમાણે પર્યાપ્ત ચઉરેન્દ્રિય સુધી જાણવું જોઈએ.***

પ્ર. **દં.૨૦.** ભંતે ! પર્યાપ્ત પંચેન્દ્રિય-તિર્યંચયોનિક જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! તેમાં ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજના (વિકલ્પ)થી થાય છે.

દં.૨૧. ***પર્યાપ્ત મનુષ્ય સકાયિક જીવોનાં સમાન છે.***

દં.૨૨-૨૪. ***પર્યાપ્ત વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક નૈરયિક જીવોનાં સમાન છે.***

પ્ર. ભંતે ! અપર્યાપ્તા જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! તેમાં ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજના(વિકલ્પ)થી હોય છે.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. **दं. १.** अपज्जत्ता णं भंते ! नेरइया किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! तिण्णि नाणा नियमा, तिण्णि अन्नाणा भयणा।

दं. २-११. ***एवं -जाव- थणियकुमारा।***

दं. १२-१६. ***पुढविक्काइया -जाव- वणस्सइकाइया जहा एगिंदिया।***

प. **दं. १७.** बेइंदिया णं भंते ! अपज्जत्तगा किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! दो नाणा, दो अन्नाणा नियमा।

दं. १८-२०. ***एवं -जाव- पंचेंदिय-तिरिक्खजोणियाणं।***

प. **दं. २१.** अपज्जत्ता णं भंते ! मणुस्सा किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! तिण्णि नाणाइं भयणाए, दो अन्नाणाइं नियमा।

दं. २२. ***वाणमंतरा जहा नेरइया।***

प. **दं. २३-२४.** अपज्जत्ता जोइसिय वेमाणिया णं भंते ! किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! तिण्णि नाणा, तिण्णि अन्नाणा नियमा।

प. नो पज्जत्तगा-नो अपज्जत्तगा णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! ***जहा सिद्धा।***

— विया. स. ८, उ. २, सु. ५६-७०

६. **भवत्थदारं-**

प. निरयभवत्था णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! ***जहा निरयगइया।***

प. तिरियभवत्था णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

પ્ર. **દં.૧.** ભંતે ! અપર્યાપ્તા નૈરયિક જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! તેમાં ત્રણ જ્ઞાન નિયમતઃ હોય છે અને ત્રણ અજ્ઞાન ભજનાથી હોય છે.

દં.૨-૧૧. ***નૈરયિક જીવોની જેમ અપર્યાપ્ત સ્તનિતકુમાર દેવો સુધી વર્ણન કરવું જોઈએ.***

દં.૧૨-૧૬. ***પૃથ્વીકાયિકથી વનસ્પતિકાયિક જીવો સુધીનું વર્ણન એકેન્દ્રિય જીવોનાં સમાન છે.***

પ્ર. **દં.૧૭.** ભંતે ! અપર્યાપ્તા બેઈન્દ્રિય જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! આમાં બે જ્ઞાન કે બે અજ્ઞાન નિયમતઃ હોય છે.

દં.૧૮-૨૦. ***આ પ્રમાણે પંચેન્દ્રિય તિર્યંચયોનિક સુધી જાણવું જોઈએ.***

પ્ર. **દં.૨૧.** ભંતે ! અપર્યાપ્તા મનુષ્ય જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! તેમાં ત્રણ જ્ઞાન ભજનાથી હોય છે અને બે અજ્ઞાન નિયમતઃ હોય છે.

દં.૨૨. ***અપર્યાપ્ત વાણવ્યંતર જીવોનું વર્ણન નૈરયિક જીવોનાં સમાન છે.***

પ્ર. **દં.૨૩-૨૪.** ભંતે ! અપર્યાપ્તા જ્યોતિષ્ક અને વૈમાનિક દેવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! તેમાં ત્રણ જ્ઞાન કે ત્રણ અજ્ઞાન નિયમતઃ હોય છે.

પ્ર. ભંતે ! નોપર્યાપ્તા-નોઅપર્યાપ્તા જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! ***એનું વર્ણન સિદ્ધ જીવોનાં સમાન છે.***

૬. **ભવસ્થ દ્વાર :**

પ્ર. ભંતે ! ભવસ્થ નૈરયિક જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! ***એના વિષયમાં નરક ગતિનાં જીવોનાં સમાન કહેવું જોઈએ.***

પ્ર. ભંતે ! ભવસ્થ તિર્યંચ જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

जैन साहित्य JAINSITE.com जैनम् जयति शासनम्

उ. गोयमा ! तिण्णि नाणा, तिण्णि अन्नाणा भयणाए।

प. मणुस्सभवत्था णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! ***जहा सकाइया।***

प. देवभवत्था णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! ***जहा निरयभवत्था।***

***अभवत्था जहा सिद्धा।***

- विया. स. ८, उ. २, सु. ७१-७५

**७. भवसिद्धियदारं-**

प. भवसिद्धिया णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! ***जहा सकाइया।***

प. अभवसिद्धिया णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! नो नाणी अन्नाणी, तिण्णि अन्नाणाइं भयणाए।

प. नो भवसिद्धिया-नोअभवसिद्धिया णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! ***जहा सिद्धा।***

- विया. स. ८, उ. २, सु. ७६-७८

**८. सन्निदारं -**

प. सण्णी णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! ***जहा सइंदिया।***

***असण्णी जहा बेइंदिया।***

***नो सण्णी, नो असण्णी जहा सिद्धा।***

- विया. स. ८, उ. २, सु. ७९-८१

**९. लद्धिदारं-**

प. कइविहा णं भंते ! लद्धी पण्णत्ता ?

उ. गोयमा ! दसविहा लद्धी पण्णत्ता, तं जहा-

१. नाणलद्धी, २. दंसणलद्धी,

३. चरित्तलद्धी, ४. चरित्ताचरित्तलद्धी,

५. दाणलद्धी, ६. लाभलद्धी,

७. भोगलद्धी, ८. उवभोगलद्धी,

९. वीरियलद्धी, १०. इंदियलद्धी।

ઉ. ગૌતમ ! તેમાં ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજનાથી હોય છે.

પ્ર. ભંતે ! ભવસ્થ મનુષ્ય જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! ***તે સકાયિક જીવોનાં સમાન છે.***

પ્ર. ભંતે ! ભવસ્થ દેવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! ***આનું વર્ણન ભવસ્થ નૈરયિક જીવોનાં સમાન છે.***

***અભવસ્થ જીવોનું વર્ણન સિદ્ધોનાં સમાન છે.***

**૭. ભવસિદ્ધિક દ્વાર :**

પ્ર. ભંતે ! ભવસિદ્ધિક જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! ***તે સકાયિક જીવોનાં સમાન છે.***

પ્ર. ભંતે ! અભવસિદ્ધિક જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! તે જ્ઞાની નથી, પરંતુ અજ્ઞાની છે. આમાં ત્રણ અજ્ઞાન ભજના (વિકલ્પ)થી હોય છે.

પ્ર. ભંતે ! નો ભવસિદ્ધિક-નો અભવસિદ્ધિક જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! ***તે સિદ્ધ જીવોનાં સમાન છે.***

**૮. સંજ્ઞી દ્વાર :**

પ્ર. ભંતે ! સંજ્ઞી જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! ***સેન્દ્રિય જીવોનાં સમાન છે.***

***અસંજ્ઞી જીવ બેઈન્દ્રિય જીવોનાં સમાન છે.***

***નોસંજ્ઞી-નોઅસંજ્ઞી જીવ સિદ્ધ જીવોનાં સમાન છે.***

**૯. લબ્ધિ દ્વાર :**

પ્ર. ભંતે ! લબ્ધિ કેટલા પ્રકારની કહી છે ?

ઉ. ગૌતમ ! લબ્ધિ દસ પ્રકારની કહી છે, જેમકે -

૧. જ્ઞાનલબ્ધિ, ૨. દર્શનલબ્ધિ,

૩. ચારિત્રલબ્ધિ, ૪. ચારિત્રાચારિત્ર લબ્ધિ,

૫. દાન લબ્ધિ, ૬. લાભ લબ્ધિ,

૭. ભોગ લબ્ધિ, ૮. ઉપભોગ લબ્ધિ,

૯. વીર્ય લબ્ધિ, ૧૦. ઈન્દ્રિય લબ્ધિ.

जैन साहित्य JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. **(१.क)** नाणलद्धी णं भंते ! कइविहा पण्णत्ता ?

પ્ર. **(૧.ક)** ભંતે ! જ્ઞાનલબ્ધિ કેટલા પ્રકારની કહી છે ?

उ. गोयमा ! पंचविहा पण्णत्ता, तं जहा-

૩. ગૌતમ ! તે પાંચ પ્રકારની કહી છે, જેમકે -

१. आभिणिबोहियनाणलद्धी **-जाव-** ५. केवलनाणलद्धी ।

૧. આભિનિબોધિકજ્ઞાનલબ્ધિ **-યાવત્-** ૫. કેવળજ્ઞાન લબ્ધિ.

प. **(१.ख)** अन्नाणलद्धी णं भंते ! कइविहा पण्णत्ता ?

પ્ર. **(૧.ખ)** ભંતે ! અજ્ઞાન લબ્ધિ કેટલા પ્રકારની કહી છે ?

उ. गोयमा ! तिविहा पण्णत्ता, तं जहा-

૩. ગૌતમ ! અજ્ઞાન લબ્ધિ ત્રણ પ્રકારની કહી છે, જેમકે -

१. मइअन्नाणलद्धी, २. सुयअन्नाणलद्धी, ३. विभंगनाणलद्धी ।

૧. મતિ-અજ્ઞાન લબ્ધિ, ૨. શ્રુત-અજ્ઞાન લબ્ધિ, ૩. વિભંગજ્ઞાન લબ્ધિ.

प. **(२)** दंसणलद्धी णं भंते ! कइविहा पण्णत्ता ?

પ્ર. **(૨)** ભંતે ! દર્શન લબ્ધિ કેટલા પ્રકારની કહી છે ?

उ. गोयमा ! तिविहा पण्णत्ता, तं जहा-

૩. ગૌતમ ! તે ત્રણ પ્રકારની કહી છે, જેમકે -

१. सम्मद्दंसणलद्धी, २. मिच्छादंसणलद्धी, ३. सम्मामिच्छादंसणलद्धी ।

૧. સમ્યગ્ દર્શનલબ્ધિ, ૨. મિથ્યા દર્શનલબ્ધિ, ૩. સમ્યગ્ મિથ્યાદર્શનલબ્ધિ.

प. **(३)** चरित्तलद्धी णं भंते ! कइविहा पण्णत्ता ?

પ્ર. **(૩)** ભંતે ! ચારિત્ર લબ્ધિ કેટલા પ્રકારની કહી છે ?

उ. गोयमा ! पंचविहा पण्णत्ता, तं जहा-

૩. ગૌતમ ! ચારિત્ર લબ્ધિ પાંચ પ્રકારની કહી છે, જેમકે -

१. सामाइयचरित्तलद्धी, २. छेदोवट्ठावणियलद्धी, ३. परिहारविसुद्धलद्धी, ४. सुहुमसंपरायलद्धी, ५. अहक्खायचरित्तलद्धी ।

૧. સામાયિક ચારિત્ર લબ્ધિ, ૨. છેદોપસ્થાપનિકલબ્ધિ, ૩. પરિહાર વિશુદ્ધલબ્ધિ, ૪. સૂક્ષ્મસંપરાય લબ્ધિ, ૫. યથાખ્યાત ચારિત્ર લબ્ધિ.

प. **(४)** चरित्ताचरित्तलद्धी णं भंते ! कइविहा पण्णत्ता ?

પ્ર. **(૪)** ભંતે ! ચારિત્રા ચારિત્ર લબ્ધિ કેટલા પ્રકારની કહી છે ?

उ. गोयमा ! एगागारा पण्णत्ता ।

૩. ગૌતમ ! તે એક જ પ્રકારની કહી છે.

(५-८) ***एवं दाणलद्धी, लाभलद्धी, भोगलद्धी, उवभोगलद्धी एगागारा पण्णत्ता ।***

(૫-૮) ***આ પ્રમાણે દાનલબ્ધિ, લાભલબ્ધિ, ભોગલબ્ધિ, ઉપભોગલબ્ધિ આ બધી એક-એક પ્રકારની કહી છે.***

प. **(९)** वीरियलद्धी णं भंते ! कइविहा पण्णत्ता ?

પ્ર. **(૯)** ભંતે ! વીર્યલબ્ધિ કેટલા પ્રકારની કહી છે ?

उ. गोयमा ! तिविहा पण्णत्ता, तं जहा-

૩. ગૌતમ ! વીર્યલબ્ધિ ત્રણ પ્રકારની કહી છે, જેમકે -

१. बालवीरियलद्धी, २. पंडियवीरियलद्धी, ३. बालपंडियवीरियलद्धी ।

૧. બાલવીર્ય લબ્ધિ, ૨. પંડિતવીર્ય લબ્ધિ, ૩. બાલ-પંડિતવીર્ય લબ્ધિ.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. (१०) इंदियलद्धी णं भंते ! कइविहा पण्णत्ता ?

उ. गोयमा ! पंचविहा पण्णत्ता, तं जहा-

१. सोइंदियलद्धी **-जाव-** ५. फासिंदियलद्धी।

प. १. नाणलद्धिया णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! नाणी, नो अन्नाणी पंच नाणाइं भयणाए।

प. तस्स अलद्धीया णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! नो नाणी, अन्नाणी, तिण्णि अण्णाणाइं भयणाए।

प. आभिणिबोहियनाणलद्धिया णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! नाणी, नो अन्नाणी, चत्तारि नाणाइं भयणाए।

प. तस्स अलद्धिया णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! नाणी वि, अन्नाणी वि।

जे नाणी ते नियमा एगनाणी, केवलनाणी।

जे अन्नाणी तेसिं तिण्णि अन्नाणाइं भयणाए।

***एवं सुयनाणलद्धीया वि।***

***तस्स अलद्धीया वि जहा आभिणिबोहियनाणस्स अलद्धीया।***

प. ओहिनाणलद्धीया णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! नाणी, नो अन्नाणी।

अत्थेगइया तिण्णाणी अत्थेगइया चउनाणी।

जे **तिण्णाणी** ते १. आभिणिबोहियनाणी, २. सुयनाणी, ३. ओहिनाणी।

પ્ર. (૧૦) ભંતે ! ઈન્દ્રિય લબ્ધિ કેટલા પ્રકારની કહી છે ?

ઉ. ગૌતમ ! તે પાંચ પ્રકારની કહી છે, જેમકે -

૧. શ્રોત્રેન્દ્રિય લબ્ધિ **-યાવત્-** ૫. સ્પર્શેન્દ્રિય લબ્ધિ.

પ્ર. ૧. ભંતે ! જ્ઞાનલબ્ધિવાળા જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! તે જ્ઞાની છે, અજ્ઞાની નથી તેમાં પાંચ જ્ઞાન ભજના (વિકલ્પ)થી પ્રાપ્ત થાય છે.

પ્ર. ભંતે ! જ્ઞાનલબ્ધિ રહિત જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! તે જ્ઞાની નથી, અજ્ઞાની છે. તેમાં ત્રણ અજ્ઞાન ભજના (વિકલ્પ)થી પ્રાપ્ત થાય છે.

પ્ર. ભંતે ! આભિનિબોધિકજ્ઞાન લબ્ધિવાળા જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! તે જ્ઞાની છે, અજ્ઞાની નથી. ચાર જ્ઞાન ભજના (વિકલ્પ)થી પ્રાપ્ત થાય છે.

પ્ર. ભંતે ! આભિનિબોધિકજ્ઞાન લબ્ધિ-રહિત જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! તે જ્ઞાની પણ છે અને અજ્ઞાની પણ છે.

જે જ્ઞાની છે, તે નિયમતઃએક માત્ર કેવળજ્ઞાની છે.

જે અજ્ઞાની છે, તેમાં ત્રણ અજ્ઞાન ભજના (વિકલ્પ)થી પ્રાપ્ત થાય છે.

***શ્રુતજ્ઞાન લબ્ધિવાળા જીવોનું વર્ણન પણ આ પ્રમાણે છે.***

***શ્રુતજ્ઞાન લબ્ધિ રહિત જીવોનું વર્ણન આભિનિબોધિક જ્ઞાનલબ્ધિ રહિત જીવોનાં સમાન છે.***

પ્ર. ભંતે ! અવધિજ્ઞાન લબ્ધિયુક્ત જીવજ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! તે જ્ઞાની છે, અજ્ઞાની નથી.

તેમાંથી કેટલાક ત્રણ જ્ઞાનવાળા છે અને કેટલાક ચાર જ્ઞાનવાળા છે.

જે **ત્રણ જ્ઞાનવાળા** છે, તે-૧. આભિનિબોધિકજ્ઞાન, ૨. શ્રુતજ્ઞાન, ૩. અવધિજ્ઞાનવાળા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

जे **चउनाणी** ते १. आभिणिबोहियनाणी, २. सुयनाणी, ३. ओहिनाणी , ४. मणपज्जवनाणी।

જે **ચાર જ્ઞાનવાળા** છે તે ૧. આભિનિબોધિકજ્ઞાન, ૨. શ્રુતજ્ઞાન, ૩. અવધિજ્ઞાન, ૪. મનઃપર્યવજ્ઞાન-વાળા છે.

प. तस्स अलद्धीया णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

પ્ર. ભંતે ! અવધિજ્ઞાનલબ્ધિથી રહિત જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

उ. गोयमा ! नाणी वि, अन्नाणी वि।

ओहिनाणवज्जाइं चत्तारि नाणाइं तिण्णि अन्नाणाइं भयणाए।

ઉ. ગૌતમ ! તે જ્ઞાની પણ છે અને અજ્ઞાની પણ છે. તેમાં અવધિજ્ઞાનનાં સિવાય ચાર જ્ઞાન અને ત્રણ અજ્ઞાનભજના (વિકલ્પ)થી પ્રાપ્ત થાય છે.

प. मणपज्जवनाणलद्धिया णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

પ્ર. ભંતે ! મનઃપર્યવજ્ઞાનલબ્ધિવાળા જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

उ. गोयमा ! नाणी, नो अन्नाणी।

अत्थेगइया तिण्णाणी,

अत्थेगइया चउनाणी।

जे **तिण्णाणी** ते-१. आभिणिबोहियनाणी, २. सुयनाणी, ३. मणपज्जवनाणी।

जे **चउनाणी** ते - १. आभिणिबोहियनाणी, २. सुयनाणी, ३. ओहिनाणी, ४. मणपज्जवनाणी।

ઉ. ગૌતમ ! તે જ્ઞાની છે, અજ્ઞાની નથી.

તેમાંથી કેટલાક ત્રણ જ્ઞાનવાળા છે,

કેટલાક ચાર જ્ઞાનવાળા છે.

જે **ત્રણ જ્ઞાનવાળા** છે તે- ૧. આભિનિબોધિકજ્ઞાન, ૨. શ્રુતજ્ઞાન, ૩. મનઃપર્યવજ્ઞાનવાળા છે.

જે **ચાર જ્ઞાનવાળા** છે. તે- ૧. આભિનિબોધિક જ્ઞાન, ૨. શ્રુતજ્ઞાન, ૩. અવધિજ્ઞાન, ૪. મનઃ-પર્યવજ્ઞાનવાળા છે.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

प. तस्स अलद्धीया णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

પ્ર. ભંતે ! મનઃપર્યવજ્ઞાન લબ્ધિથી રહિત જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

उ. गोयमा ! नाणी वि, अन्नाणी वि,

मणपज्जवनाणवज्जाइं चत्तारि नाणाइं तिण्णि अन्नाणाइं भयणाए।

ઉ. ગૌતમ ! તે જ્ઞાની પણ છે અને અજ્ઞાની પણ છે. તેમાં મનઃ પર્યવજ્ઞાનનાં સિવાય ચાર જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજના (વિકલ્પ)થી પ્રાપ્ત થાય છે.

प. केवलनाणलद्धिया णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

પ્ર. ભંતે ! કેવળજ્ઞાનલબ્ધિવાળા જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

उ. गोयमा ! नाणी, नो अन्नाणी, नियमा एगनाणी-केवलनाणी।

ઉ. ગૌતમ ! તે જ્ઞાની છે, અજ્ઞાની નથી તે નિયમતઃ એકમાત્ર કેવળજ્ઞાનવાળા છે.

प. तस्स अलद्धिया णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

પ્ર. ભંતે ! કેવળજ્ઞાન લબ્ધિ રહિત જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

उ. गोयमा ! नाणी वि, अन्नाणी वि।

केवलनाणवज्जाइं चत्तारि नाणाइं, तिण्णि अन्नाणाइं भयणाए।

ઉ. ગૌતમ ! તે જ્ઞાની પણ છે અને અજ્ઞાની પણ છે. તેમાં કેવળજ્ઞાનને છોડીને બાકી ચાર જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજના (વિકલ્પ)થી પ્રાપ્ત થાય છે.

प. अन्नाणलद्धिया णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

પ્ર. ભંતે ! અજ્ઞાનલબ્ધિવાળા જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उ. गोयमा ! नो नाणी, अन्नाणी,

तिण्णि अन्नाणाइं भयणाए।

ઉ. ગૌતમ ! તે જ્ઞાની નથી, અજ્ઞાની છે.

તેમાં ત્રણ અજ્ઞાન ભજના(વિકલ્પ)થી પ્રાપ્ત થાય છે.

प. तस्स अलद्धिया णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

પ્ર. ભંતે ! અજ્ઞાનલબ્ધિથી રહિત જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

उ. गोयमा ! नाणी, नो अन्नाणी।

पंच नाणाइं भयणाए।

ઉ. ગૌતમ ! તે જ્ઞાની છે, અજ્ઞાની નથી.

તેમાં પાંચ જ્ઞાન ભજનાથી પ્રાપ્ત થાય છે.

***जहा अन्नाणस्स लद्धिया अलद्धिया य भणिया एवं मइअन्नाणस्स सुयअन्नाणस्स य लद्धिया अलद्धिया य भाणियव्वा।***

**જે પ્રમાણે અજ્ઞાનલબ્ધિ અને અજ્ઞાનલબ્ધિથી રહિત જીવોનું વર્ણન કરેલ છે તેજ પ્રમાણે મતિ-અજ્ઞાન અને શ્રુત-અજ્ઞાન લબ્ધિવાળા તથા આ લબ્ધિઓથી રહિત જીવોનું વર્ણન પણ કરવું જોઈએ.**

***विभंगनाणलद्धियाणं तिण्णि अन्नाणाइं नियमा।***

***વિભંગજ્ઞાન-લબ્ધિથી યુક્ત જીવોમાં નિયમતઃ (વગર વિકલ્પ) ત્રણ અજ્ઞાન હોય છે અને***

***तस्स अलद्धियाणं पंच नाणाइं भयणाए, दो अन्नाणाइं नियमा।***

***વિભંગજ્ઞાન-લબ્ધિરહિત જીવોમાં પાંચ જ્ઞાન ભજના (વિકલ્પ)થી અને બે અજ્ઞાન નિયમતઃ હોય છે.***

प. २. दंसणलद्धिया णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

પ્ર. ૨. ભંતે ! દર્શનલબ્ધિવાળા જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

उ. गोयमा ! नाणी वि, अन्नाणी वि।

पंच नाणाइं, तिण्णि अन्नाणाइं भयणाए।

ઉ. ગૌતમ ! તે જ્ઞાની પણ છે અને અજ્ઞાની પણ છે.

તેમાં પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજનાથી પ્રાપ્ત થાય છે.

प. तस्स अलद्धिया णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

પ્ર. ભંતે ! દર્શન લબ્ધિરહિત જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

उ. गोयमा ! तस्स अलद्धिया नत्थि।

ઉ. ગૌતમ ! કોઈપણ જીવ દર્શનલબ્ધિ રહિત હોતા નથી.

सम्मद्दंसणलद्धियाणं पंच नाणाइं भयणाए।

સમ્યગ્દર્શનલબ્ધિ પ્રાપ્ત જીવોમાં પાંચ જ્ઞાન ભજના (વિકલ્પ)થી પ્રાપ્ત થાય છે.

तस्स अलद्धियाणं तिण्णि अन्नाणाइं भयणाए।

સમ્યગ્દર્શનલબ્ધિ રહિત જીવોમાં ત્રણ અજ્ઞાન ભજના (વિકલ્પ)થી પ્રાપ્ત થાય છે.

प. मिच्छादंसणलद्धिया णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

પ્ર. ભંતે ! મિથ્યાદર્શન લબ્ધિવાળા જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

उ. गोयमा ! तिण्णि अन्नाणाइं भयणाए।

ઉ. ગૌતમ ! તેમાં ત્રણ અજ્ઞાન ભજના (વિકલ્પ)થી પ્રાપ્ત થાય છે.

तस्स अलद्धियाणं पंच नाणाइं, तिण्णि य अन्नाणाइं भयणाए।

મિથ્યાદર્શનલબ્ધિ રહિત જીવોમાં પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજના (વિકલ્પ)થી પ્રાપ્ત થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

***सम्मामिच्छादंसणलद्धिया अलद्धिया य जहा मिच्छादंसणलद्धी अलद्धी तहेव भाणियव्वं।***

***સમ્યગ્ મિથ્યાદર્શન લબ્ધિ પ્રાપ્ત અને લબ્ધિરહિત જીવોનું વર્ણન મિથ્યાદર્શન લબ્ધિ યુક્ત અને લબ્ધિ રહિત જીવોનાં સમાન છે.***

प. **३.** चरित्तलद्धिया णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! पंच नाणाइं भयणाए।

तस्स अलद्धियाणं मणपज्जवनाणवज्जाइं, चत्तारि नाणाइं, तिण्णि य अन्नाणाइं भयणाए।

પ્ર. **૩.** ભંતે ! ચારિત્રલબ્ધિયુક્ત જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! તેમાં પાંચ જ્ઞાન ભજના (વિકલ્પ)થી પ્રાપ્ત થાય છે.

ચારિત્ર લબ્ધિ રહિત જીવોમાં મનઃ પર્યવજ્ઞાનને છોડીને ચાર જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજના (વિકલ્પ)થી પ્રાપ્ત થાય છે.

प. सामाइयचरित्तलद्धिया णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! नाणी केवलवज्जाइं चत्तारि नाणाइं भयणाए।

तस्स अलद्धियाणं पंच नाणाइं तिण्णि य अन्नाणाइं भयणाए।

પ્ર. ભંતે ! સામાયિક ચારિત્ર લબ્ધિયુક્ત જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! તે જ્ઞાની છે, તેમાં કેવળજ્ઞાનનાં સિવાય ચાર જ્ઞાન ભજના (વિકલ્પ)થી પ્રાપ્ત થાય છે.

સામાયિક ચારિત્રલબ્ધિ રહિત જીવોમાં પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજના (વિકલ્પ)થી પ્રાપ્ત થાય છે.

***एवं जहा सामाइयचरित्तलद्धिया अलद्धिया य भणिया,***

***एवं -जाव- अहक्खायचरित्तलद्धिया अलद्धिया य भाणियव्वा।***

**णवरं-** अहक्खायचरित्तलद्धिया पंच नाणाइं भयणाए।

***જે પ્રમાણે સામાયિક ચારિત્ર લબ્ધિવાળા અને લબ્ધિ રહિત જીવોનું વર્ણન કરેલ છે.***

***તેજ પ્રમાણે -યાવત્- યથાખ્યાત ચારિત્ર લબ્ધિવાળા અને લબ્ધિ રહિત જીવોનું વર્ણન કરવું જોઈએ.***

**વિશેષ :** યથાખ્યાત ચારિત્ર લબ્ધિયુક્ત જીવોમાં પાંચ જ્ઞાન ભજના (વિકલ્પ)થી પ્રાપ્ત થાય છે.

प. **४.** चरित्ताचरित्तलद्धिया णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! नाणी, नो अन्नाणी।

अत्थेगइया दुन्नाणी,

अत्थेगइया तिन्नाणी,

जे **दुन्नाणी** ते-१. आभिणिबोहियनाणी य, २. सुयनाणी य।

जे **तिन्नाणी** ते-१. आभिणिबोहियनाणी य, २. सुयनाणी य, ३. ओहिनाणी य।

तस्स अलद्धीयाणं पंच नाणाइं, तिण्णि अन्नाणाइं भयणाए।

- विया. स. ८, उ. २, सु. ११७

પ્ર. **૪.** ભંતે ! ચારિત્રાચારિત્ર લબ્ધિવાળા જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! તે જ્ઞાની છે, અજ્ઞાની નથી.

તેમાંથી કેટલાક બે જ્ઞાનવાળા છે,

કેટલાક ત્રણ જ્ઞાનવાળા છે.

જે **બે જ્ઞાનવાળા** છે તે - ૧. આભિનિબોધિકજ્ઞાની અને ૨. શ્રુતજ્ઞાની છે.

જે **ત્રણ જ્ઞાનવાળા** છે, તે -૧. આભિનિબોધિકજ્ઞાની, ૨. શ્રુતજ્ઞાની અને ૩. અવધિજ્ઞાની છે.

ચારિત્રાચારિત્ર લબ્ધિ રહિત જીવોમાં પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજના (વિકલ્પ)થી પ્રાપ્ત થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. ५-९. दाणलद्धियाणं भंते ! जीवा किं णाणी, अण्णाणी ?

उ. गोयमा ! पंच नाणाइं तिण्णि अन्नाणाइं भयणाए।

प. तस्स अलद्धिया णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! नाणी, नो अन्नाणी नियमा एगनाणी-केवलनाणी।

***एवं -जाव- वीरियस्स लद्धी अलद्धी य भाणियव्वा।***

बालवीरियलद्धियाणं तिण्णि नाणाइं, तिण्णि अन्नाणाइं भयणाए।

तस्स अलद्धियाइं पंच नाणाइं भयणाए।

पंडियवीरियलद्धियाणं पंच नाणाइं भयणाए।

तस्स अलद्धियाणं मणपज्जवनाणवज्जाइं चत्तारि नाणाइं अन्नाणाणि तिण्णि य भयणाए।

प. बालपंडियवीरियलद्धिया णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! तिण्णि नाणाइं भयणाए।

तस्स अलद्धियाणं पंच नाणाइं, तिण्णि य अन्नाणाइं भयणाए।

प. १०. इंदियलद्धिया णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! चत्तारि नाणाइं तिण्णि य अन्नाणाइं भयणाए।

प. तस्स अलद्धिया णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! नाणी, नो अन्नाणी, नियमा एगनाणी-केवलनाणी।

***सोइंदियलद्धियाणं जहा इंदियलद्धिया।***

પ્ર. ૫-૯. ભંતે ! દાનલબ્ધિ યુક્ત જીવ શું જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! દાનલબ્ધિયુક્ત જીવોમાં પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજના (વિકલ્પ)થી પ્રાપ્ત થાય છે.

પ્ર. ભંતે ! દાનલબ્ધિ રહિત જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! તે જ્ઞાની છે. અજ્ઞાની નથી તેમાં નિયમથી એકમાત્ર કેવળજ્ઞાન હોય છે.

***આ પ્રમાણે વીર્ય લબ્ધિયુક્ત અને વીર્યલબ્ધિ રહિત સુધીનું વર્ણન કરવું જોઈએ.***

બાળવીર્ય લબ્ધિ યુક્ત જીવોમાં ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજના (વિકલ્પ)થી પ્રાપ્ત થાય છે.

બાળવીર્ય લબ્ધિ રહિત જીવોમાં પાંચ જ્ઞાન ભજના (વિકલ્પ)થી પ્રાપ્ત થાય છે.

પંડિત વીર્ય લબ્ધિયુક્ત જીવોમાં પાંચ જ્ઞાન ભજના (વિકલ્પ)થી પ્રાપ્ત થાય છે.

પંડિત વીર્ય લબ્ધિ રહિત જીવોમાં મનઃ-પર્યવજ્ઞાનનાં સિવાય ચાર જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજના (વિકલ્પ)થી પ્રાપ્ત થાય છે.

પ્ર. ભંતે ! બાળ-પંડિત-વીર્યલબ્ધિવાળા જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! તેમાં ત્રણ જ્ઞાન ભજના (વિકલ્પ)થી પ્રાપ્ત થાય છે.

બાળ પંડિત વીર્યલબ્ધિ-રહિત જીવોમાં પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજના (વિકલ્પ)થી પ્રાપ્ત થાય છે.

પ્ર. ૧૦. ભંતે ! ઈન્દ્રિય લબ્ધિ યુક્ત જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! તેમાં ચાર જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજના (વિકલ્પ)થી પ્રાપ્ત થાય છે.

પ્ર. ભંતે ! ઈન્દ્રિય લબ્ધિ રહિત જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! તે જ્ઞાની છે, અજ્ઞાની નથી. તે નિયમતઃ (વગર વિકલ્પનાં) એકમાત્ર કેવળજ્ઞાની છે.

***શ્રોત્રેન્દ્રિય લબ્ધિયુક્ત જીવોનું વર્ણન ઈન્દ્રિય લબ્ધિવાળા જીવોનાં સમાન છે.***

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. तस्स अलद्धिया णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! नाणी वि, अन्नाणी वि।

जे नाणी ते अत्थेगइया दुन्नाणी, अत्थेगइया एगनाणी।

जे दुन्नाणी ते १. आभिणिबोहियनाणी य, २. सुयनाणी य।

जे एगनाणी ते केवलनाणी।

जे अन्नाणी ते नियमा दुअन्नाणी, तं जहा-

१. मइअन्नाणी य, २. सुयअन्नाणी य।

***चक्खिदिय-घाणिंदियलद्धियाणं अलद्धियाण य जहेव सोइंदियस्स लद्धिया अलद्धिया।***

जिब्भिंदियलद्धियाणं चत्तारि नाणाइं, तिण्णि य अन्नाणाणि भयणाए।

प. तस्स अलद्धिया णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! नाणी वि, अन्नाणी वि।

जे नाणी ते नियमा एगनाणी-केवलनाणी।

जे अन्नाणी ते नियमा दुअन्नाणी, तं जहा-

१. मइअन्नाणी य, २. सुयअन्नाणी य।

***फासिंदियलद्धियाणं अलद्धियाणं जहा इंदियलद्धिया य अलद्धिया य।***

- विया. स. ८, उ. २, सु. ८२-११६

**१०. उवओगदारं-**

प. सागारोवउत्ता णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! पंच नाणाइं, तिण्णि अन्नाणाइं भयणाए।

प. आभिणिबोहियनाणसागारोवउत्ता णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! चत्तारि नाणाइं भयणाए।

પ્ર. ભંતે ! શ્રોત્રેન્દ્રિય લબ્ધિ રહિત જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! તે જ્ઞાની પણ છે અને અજ્ઞાની પણ છે.

જે જ્ઞાની છે, તેમાંથી કેટલાક બે જ્ઞાનવાળા છે, કેટલાક એક જ્ઞાનવાળા છે.

જે બે જ્ઞાનવાળા છે, તે ૧. આભિનિબોધિક જ્ઞાની, ૨. શ્રુતજ્ઞાની છે.

જે એક જ્ઞાનવાળા છે, તે એકમાત્ર કેવળજ્ઞાની છે.

જે અજ્ઞાની છે તે નિયમતઃ બે અજ્ઞાન વાળા છે. જેમકે -

૧. મતિ- અજ્ઞાન, ૨. શ્રુત-અજ્ઞાન.

***ચક્ષુરેન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિય-લબ્ધિયુક્ત અને લબ્ધિ રહિત જીવોનું વર્ણન શ્રોત્રેન્દ્રિયલબ્ધિ યુક્ત અને લબ્ધિ રહિત જીવોનાં સમાન છે.***

રસેન્દ્રિયલબ્ધિવાળા જીવોમાં ચાર જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજના (વિકલ્પ)થી પ્રાપ્ત થાય છે.

પ્ર. ભંતે ! રસેન્દ્રિયલબ્ધિ રહિત જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! તે જ્ઞાની પણ છે અને અજ્ઞાની પણ છે.

જે જ્ઞાની છે તે નિયમતઃ (વગર વિકલ્પ) એક જ જ્ઞાન કેવળજ્ઞાન છે.

જે અજ્ઞાની છે તે નિયમતઃ (વગર વિકલ્પ) બે અજ્ઞાનવાળા છે, જેમકે -

૧. મતિ-અજ્ઞાન, ૨. શ્રુત-અજ્ઞાન.

***સ્પર્શેન્દ્રિય લબ્ધિ-યુક્ત અને લબ્ધિ રહિત જીવોનું વર્ણન ઈન્દ્રિય લબ્ધિ યુક્ત અને ઈન્દ્રિય લબ્ધિ રહિત જીવોનાં સમાન છે.***

**૧૦. ઉપયોગ દ્વાર :**

પ્ર. ભંતે ! સાકારોપયોગ-યુક્ત જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! તેમાં પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજના (વિકલ્પ)થી પ્રાપ્ત થાય છે.

પ્ર. ભંતે ! આભિનિબોધિકજ્ઞાન-સાકારોપયોગયુક્ત જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! તેમાં ચાર જ્ઞાન ભજના (વિકલ્પ)થી પ્રાપ્ત થાય છે.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

*एवं सुयनाणसागारोवउत्ता वि ।*

*ओहिनाणसागारोवउत्ता जहा ओहिनाणलद्धिया ।*

*मणपज्जवनाणसागारोवउत्ता जहा मणपज्जवनाणलद्धिया ।*

*केवलनाणसागारोवउत्ता जहा केवलनाणलद्धिया ।*

*मइअन्नाणसागारोवउत्ताणं तिण्णि अन्नाणाइं भयणाए ।*

*एवं सुयअन्नाणसागारोवउत्ता वि ।*

विभंगनाणसागारोवउत्ताणं तिण्णि अन्नाणाइं नियमा ।

प. अणागारोवउत्ता णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! पंच नाणाइं, तिण्णि अन्नाणाइं भयणाए ।

*एवं चक्खुदंसण-अचक्खुदंसण अणागारोवउत्ता वि,*

**णवरं**-चत्तारि नाणाइं, तिण्णि अन्नाणाइं भयणाए ।

प. ओहिदंसणअणागारोवउत्ता णं भंते ! जीवा किं नाणी अन्नाणी ?

उ. गोयमा ! नाणी वि, अन्नाणी वि ।

जे नाणी ते अत्थेगइया **तिन्नाणी**,

अत्थेगइया चउनाणी ।

जे **तिन्नाणी** ते १. आभिणिबोहियनाणी य, २. सुयनाणी य, ३. ओहिनाणी य ।

जे **चउनाणी** ते १. आभिणिबोहियनाणी **-जाव-** २-४. मणपज्जवनाणी ।

जे अन्नाणी ते नियमा तिअन्नाणी, तं जहा-

१. मइअन्नाणी य, २. सुयअन्नाणी य, ३. विभंगनाणी य ।

*આ પ્રમાણે શ્રુતજ્ઞાન-સાકારોપયોગ-યુક્ત જીવોનું વર્ણન પણ છે.*

*અવધિજ્ઞાન-સાકારોપયોગ યુક્ત જીવોનું વર્ણન અવધિજ્ઞાન-લબ્ધિયુક્ત જીવોનાં સમાન છે.*

*મનઃપર્યવજ્ઞાન- સાકારોપયોગયુક્ત જીવોનું વર્ણન મનઃ પર્યવજ્ઞાનલબ્ધિ યુક્ત જીવોનાં સમાન છે.*

*કેવળજ્ઞાન- સાકારોપયોગયુક્ત જીવોનું વર્ણન કેવળજ્ઞાન લબ્ધિયુક્ત જીવોનાં સમાન છે.*

*મતિ-અજ્ઞાન-સાકારોપયોગયુક્ત જીવોમાં ત્રણ અજ્ઞાન ભજનાથી પ્રાપ્ત થાય છે.*

*શ્રુત-અજ્ઞાન-સાકારોપયોગયુક્ત જીવોનું વર્ણન પણ આ પ્રમાણે છે.*

વિભંગજ્ઞાન-સાકારોપયોગયુક્ત જીવોમાં નિયમતઃ (વગર વિકલ્પનાં) ત્રણ અજ્ઞાન પ્રાપ્ત થાય છે.

પ્ર. ભંતે ! અનાકારોપયોગયુક્ત જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! તેમાં પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન ભજના (વિકલ્પ)થી પ્રાપ્ત થાય છે.

*આ પ્રમાણે ચક્ષુદર્શન અને અચક્ષુદર્શન-અનાકારોપયોગયુક્ત જીવોનું વર્ણન કરવું જોઈએ.*

**વિશેષ** : ચાર જ્ઞાન કે ત્રણ અજ્ઞાન ભજના (વિકલ્પ)થી પ્રાપ્ત થાય છે.

પ્ર. ભંતે ! અવધિદર્શન- અનાકારોપયોગયુક્ત જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! તે જ્ઞાની પણ છે અને અજ્ઞાની પણ છે.

જે જ્ઞાની છે, તેમાં કેટલાક ત્રણ જ્ઞાનવાળા છે,

કેટલાક ચાર જ્ઞાનવાળા છે.

જે **ત્રણ** જ્ઞાનવાળા છે, તે ૧. આભિનિબોધિક-જ્ઞાન, ૨. શ્રુતજ્ઞાન, ૩. અવધિજ્ઞાનવાળા છે.

જે **ચાર** જ્ઞાનવાળા છે, તે ૧. આભિનિબોધિકજ્ઞાન **-યાવત્-** ૨-૪. મનઃપર્યવજ્ઞાનવાળા છે.

જે અજ્ઞાની છે, તેમાં નિયમતઃ (વગર વિકલ્પનાં) ત્રણ અજ્ઞાન પ્રાપ્ત થાય છે, જેમકે -

૧. મતિ-અજ્ઞાન, ૨. શ્રુત-અજ્ઞાન, ૩. વિભંગ-જ્ઞાન.

JAINSITE.com जैनम् जयति शासनम्

***केवलदंसणअनागारोवउत्ता जहा केवलनाण-लद्धिया।*** -वियास.८,उ.२,सु.११८-१३०

**केवळ दर्शन-अनाकारोपयोगयुक्त जीवोनुं वर्णन केवळज्ञान-लब्धियुक्त जीवोनां समान छे.**

११. जोगदारं-

प. सजोगी णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! ***जहा सकाइया।***

***एवं मणजोगी, वइजोगी, कायजोगी वि।***

***अजोगी जहा सिद्धा।***

- विया. स. ८, उ.२, सु. १३१-१३३

૧૧. યોગ દ્વાર :

પ્ર. ભંતે ! સયોગી જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! ***સયોગી જીવોનું વર્ણન સકાયિક જીવોનાં સમાન છે.***

***આ પ્રમાણે મનોયોગી, વચનયોગી અને કાયયોગી જીવોનું વર્ણન પણ જાણવું જોઈએ.***

***અયોગી જીવોનું વર્ણન સિદ્ધોનાં સમાન છે.***

१२. लेस्सादारं-

प. सलेस्सा णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! ***जहा सकाइया।***

प. कण्हलेस्सा णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! ***जहा सइंदिया।***

***एवं -जाव- पम्हलेसा।***

***सुक्कलेस्सा जहा सलेस्सा।***

***अलेस्सा जहा सिद्धा।***

- विया. स. ८, उ. २, सु. १३४-१३७

૧૨. લેશ્યાદ્વાર :

પ્ર. ભંતે ! સલેશી જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! ***સલેશી જીવોનું વર્ણન સકાયિક જીવોનાં સમાન છે.***

પ્ર. ભંતે ! કૃષ્ણલેશ્યાવાળા જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! ***કૃષ્ણલેશ્યાવાળા જીવોનું વર્ણન સેન્દ્રિય જીવોનાં સમાન છે.***

***આ પ્રમાણે પદ્મલેશ્યા સુધીનું વર્ણન છે.***

***શુકલ લેશ્યાવાળા જીવોનું વર્ણન સલેશી જીવોનાં સમાન છે.***

***અલેશી જીવોનું વર્ણન સિદ્ધોનાં સમાન છે.***

१३. कसायदारं-

प. सकसाई णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! ***जहा सइंदिया।***

***कोहकसाई -जाव- लोहकसाई वि एवं चेव।***

प. अकसाई णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! पंच नाणाइं भयणाए।

- विया. स. ८, उ.२, सु. १३८-१३९

૧૩. કષાય દ્વાર :

પ્ર. ભંતે ! સકષાયી જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! ***સકષાયી જીવોનું વર્ણન સેન્દ્રિય જીવોનાં સમાન છે.***

***આ પ્રમાણે ક્રોધકષાયીથી લોભકષાયી જીવો સુધી જાણવું જોઈએ.***

પ્ર. ભંતે ! અકષાયી જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે.?

ઉ. ગૌતમ ! તેમાં પાંચ જ્ઞાન ભજના (વિકલ્પ)થી પ્રાપ્ત થાય છે.

१४. वेददारं-

प. सवेयगा णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! ***जहा सइंदिया।***

૧૪. વેદ દ્વાર :

પ્ર. ભંતે ! સવેદક જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! ***સવેદક જીવોનું વર્ણન સેન્દ્રિય જીવોનાં સમાન છે.***

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

***एवं इत्थिवेयगा, एवं पुरिसवेयगा, नपुंसकवेयगा वि।***

***अवेयगा जहा अकसाइ।***

- विया. स. ८, उ. २, सु. १४०-१४१

**१५. आहारदारं-**

प. आहारगा णं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?

उ. गोयमा ! ***जहा सकसाई।***

**णवरं**-केवलनाणं वि।

प. अणाहारगा णं भंते ! जीवा किं नाणी अण्णाणी ?

उ. गोयमा ! णाणी वि, अण्णाणी वि,

जे णाणी तेसिं मणपज्जवनाणवज्जाइं चत्तारि नाणाइं, तिण्णि अन्नाणाणि य भयणाए।

- विया. स. ८, उ. २, सु. १४२-१४३

**१६. विसयदारं-**

प. आभिणिबोहियनाणस्स णं भंते ! केवइए विसए पण्णत्ते ?

उ. गोयमा ! से समासओ चउव्विहे पण्णत्ते, तं जहा-

१. दव्वओ, २. खेत्तओ, ३. कालओ, ४. भावओ।

१. दव्वओ णं आभिणिबोहियनाणी आएसेणं सव्वदव्वाइं जाणइ पासइ।

२. खेत्तओ णं आभिणिबोहियनाणी आएसेणं सव्वं खेत्तं जाणइ पासइ।

३. कालओ णं आभिणिबोहियनाणी आएसेणं सव्वं कालं जाणइ पासइ।

४. भावओ णं आभिणिबोहियनाणी आएसेणं सव्वे भावे जाणइ पासइ[1]।

**આ પ્રમાણે સ્ત્રીવેદક, પુરુષવેદક અને નપુંસકવેદક જીવોનું વર્ણન છે.**

**અવેદક જીવોનું વર્ણન અકષાયી જીવોનાં સમાન છે.**

**૧૫. આહાર દ્વાર :**

પ્ર. ભંતે ! આહારક જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! **આહારક જીવોનું વર્ણન સકષાયી જીવોનાં સમાન છે.**

**વિશેષ** : તેમાં કેવળજ્ઞાન પણ પ્રાપ્ત થાય છે.

પ્ર. ભંતે ! અનાહારક જીવ જ્ઞાની છે કે અજ્ઞાની છે ?

ઉ. ગૌતમ ! તે જ્ઞાની પણ છે અને અજ્ઞાની પણ છે.

જે જ્ઞાની છે, તેમાં મનઃપર્યવજ્ઞાનને છોડીને ચાર જ્ઞાન અને ત્રણ અજ્ઞાન ભજના (વિકલ્પ)થી પ્રાપ્ત થાય છે.

**૧૬. વિષય દ્વાર :**

પ્ર. ભંતે ! આભિનિબોધિકજ્ઞાનનો વિષય કેટલો કહ્યો છે ?

ઉ. ગૌતમ ! તે સંક્ષેપમાં ચાર પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. દ્રવ્યથી, ૨. ક્ષેત્રથી, ૩. કાળથી, ૪. ભાવથી.

૧. દ્રવ્યથી આભિનિબોધિકજ્ઞાની અપેક્ષાથી સર્વ દ્રવ્યોને જાણે અને જુવે છે.

૨. ક્ષેત્રથી આભિનિબોધિકજ્ઞાની અપેક્ષાથી સર્વક્ષેત્રને જાણે અને જુવે છે.

૩. કાળથી આભિનિબોધિકજ્ઞાની અપેક્ષાથી સર્વકાળને જાણે અને જુવે છે.

૪. ભાવથી આભિનિબોધિકજ્ઞાની અપેક્ષાથી સર્વભાવોને જાણે અને જુવે છે.

---

१. तं समासओ चउव्विहं पण्णत्तं, तं जहा-

१. दव्वओ, २. खेत्तओ, ३. कालओ, ४. भावओ।

१. तत्थ दव्वओ णं आभिणिबोहियनाणी आएसेणं सव्वदव्वाइं जाणइ ण पासइ।

२. खेत्तओ णं आभिणिबोहियनाणी आएसेणं सव्वं खेत्तं जाणइ ण पासइ।

३. कालओ णं आभिणिबोहियनाणी आएसेणं सव्वं खेत्तं जाणइ ण पासइ।

४. भावओ णं आभिणिबोहियनाणी आएसेणं सव्वं खेत्तं जाणइ ण पासइ।

આ પાઠમાં ક્યારેક લિપિ દોષથી 'ण' વધારે લખાયેલ છે. - नंदी सु. ६५

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. सुयनाणस्स णं भंते ! केवइए विसए पण्णत्ते ?

उ. गोयमा ! से समासओ चउव्विहे पण्णत्ते, तं जहा-

१. दव्वओ, २. खेत्तओ, ३. कालओ, ४. भावओ।

दव्वओ णं सुयनाणी उवउत्ते सव्वदव्वाइं जाणइ पासइ।

***एवं खेत्तओ सव्वंखेत्तं, कालओ सव्वंकालं, भावओ उवउत्ते सव्वं भावं जाणइ पासइ[1] ।***

प. ओहिनाणस्स णं भंते ! केवइए विसए पण्णत्ते ?

उ. गोयमा ! से समासओ चउव्विहे पण्णत्ते, तं जहा-

१. दव्वओ, २. खेत्तओ, ३. कालओ, ४. भावओ।

१. तत्थ दव्वओ णं ओहिनाणी जहण्णेणं अणंताणि रूविदव्वाइं जाणइ पासइ, उक्कोसेणं सव्वाइं रूविदव्वाइं जाणइ पासइ।

२. खेत्तओ णं ओहिनाणी जहण्णेणं अंगुलस्स असंखेज्जइभागं खेत्तं जाणइ पासइ, उक्कोसेणं अलोए लोयमेत्ताइं असंखेज्जाइं खंडाइं जाणइ पासइ।

३. कालओ णं ओहिनाणी जहण्णेणं आवलियाए असंखेज्जइभागं जाणइ पासइ, उक्कोसेणं असंखेज्जाओ ओसप्पिणीओ उस्सप्पिणीओ अतीतं च अणागतं च कालं जाणइ पासइ।

४. भावओ णं ओहिनाणी जहण्णेणं अणंते भावे जाणइ पासइ, उक्कोसेण वि अणंते भावे जाणइ पासइ, सव्वभावाणमणंतभागं जाणइ पासइ[2]।

प. मणपज्जवनाणस्स णं भंते ! केवइए विसए पण्णत्ते ?

उ. गोयमा ! से समासओ चउव्विहे पण्णत्ते, तं जहा-

१. दव्वओ, २. खेत्तओ, ३. कालओ, ४. भावओ।

१. तत्थ दव्वओ णं उज्जुमई अणंते अणंतपएसिए खंधे जाणइ पासइ, ते चेव विउलमई अब्भहियतराए विउलतराए, विसुद्धतराए, वितिमिरतराए जाणइ पासइ।

પ્ર. ભંતે ! શ્રુતજ્ઞાનનો વિષય કેટલો કહ્યો છે ?

ઉ. ગૌતમ ! તે સંક્ષેપમાં ચાર પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. દ્રવ્યથી, ૨. ક્ષેત્રથી, ૩. કાળથી, ૪. ભાવથી.

દ્રવ્યથી ઉપયોગયુક્ત શ્રુતજ્ઞાની સર્વદ્રવ્યોને જાણે અને જુવે છે.

**આ પ્રમાણે ક્ષેત્રથી સર્વક્ષેત્રને, કાળથી સર્વકાળને અને ભાવથી સર્વભાવોને જાણે-જુવે છે.**

પ્ર. ભંતે ! અવધિજ્ઞાનનો વિષય કેટલો કહ્યો છે ?

ઉ. ગૌતમ ! તે સંક્ષેપમાં ચાર પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. દ્રવ્યથી, ૨. ક્ષેત્રથી, ૩. કાળથી, ૪. ભાવથી.

૧. દ્રવ્યથી : અવધિજ્ઞાની જઘન્ય (ઓછામાં ઓછું) અનન્ત રુપી દ્રવ્યોને જાણે અને જુવે છે. ઉત્કૃષ્ટ સમસ્ત રુપી દ્રવ્યોને જાણે-જુવે છે.

૨. ક્ષેત્રથી : અવધિજ્ઞાની જઘન્ય અંગુળનાં અસંખ્યાતમાં ભાગ ક્ષેત્રને જાણે-જુવે છે. ઉત્કૃષ્ટ અલોકમાં લોક જેટલા અસંખ્ય ખંડોને જાણે-જુવે છે.

૩. કાળથી - અવધિજ્ઞાની જઘન્ય એક આવલિકાનાં અસંખ્યાતમાં ભાગ કાળને જાણે-જુવે છે. ઉત્કૃષ્ટ અતીત અને અનાગત અસંખ્યાત અવસર્પિણી અને ઉત્સર્પિણી પરિમાણ કાળને જાણે-જુવે છે.

૪. ભાવથી : અવધિજ્ઞાની જઘન્ય- અનન્ત ભાવોને જાણે-જુવે છે અને ઉત્કૃષ્ટ પણ અનન્ત ભાવોને જાણે જુવે છે પરંતુ સર્વ ભાવોમાં અનન્તમા ભાગને જ જાણે-જુવે છે.

પ્ર. ભંતે ! મનઃપર્યવજ્ઞાનનો વિષય કેટલો કહ્યો છે ?

ઉ. ગૌતમ ! તે સંક્ષેપમાં ચાર પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. દ્રવ્યથી, ૨. ક્ષેત્રથી, ૩. કાળથી, ૪. ભાવથી.

૧. દ્રવ્યથી : ઋજુમતિ અનન્ત અનન્તપ્રદેશિક સ્કંધને (સામાન્ય રુપથી) જાણે અને જુવે છે. તેમજ રુપથી અને વિપુલમતિથી તે જ સ્કંધોને અધિક, વિપુલ, વિશુદ્ધ અને સ્પષ્ટ જાણે-જુવે છે.

१. नंदी. सु. ११४ २. नंदी सु. २५

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

२. खेत्तओ णं उज्जुमई जहन्नेणं अंगुलस्स असंखेज्जइभागं, उक्कोसेणं अहे **-जाव-** इमीसे रयणप्पभाए पुढवीए उवरिम हेट्ठिल्लाइं खुड्डागपयराइं, उड्ढं **-जाव-** जोइसस्स उवरिमतले, तिरियं **-जाव-** अंतोमणुस्सखित्ते अड्ढाइज्जेसु दीव-समुद्देसु, पण्णरससु कम्मभूमीसु तीसाए अकम्मभूमीसु छप्पण्णाए अंतरदीवगेसु सण्णीपंचेंदियाणं पज्जत्तगाणं मणोगए भावे जाणइ पासइ, तं चेव विउलमई अड्ढाइज्जेहिं अंगुलेहिं अब्भहियतरागं विउलतरागं विसुद्धतरागं वितिमिरतरागं खेत्तं जाणइ पासइ।

३. कालओ णं उज्जुमई जहण्णेणं पलिओवमस्स असंखेज्जइभागं, उक्कोसेण वि पलिओवमस्स असंखेज्जइभागं अतीयमणागयं वा कालं जाणइ पासइ, तं चेव विउलमई अब्भहियतरागं **-जाव-** वितिमिरतरागं जाणइ पासइ।

४. भावओ णं उज्जुमई अणंते भावे जाणइ पासइ, सव्वभावाणं अणंतभागं जाणइ पासइ, तं चेव विउलमई अब्भहियतरागं **-जाव-** वितिमिरतरागं जाणइ पासइ[1]।

प. केवलनाणस्स णं भंते ! केवइए विसए पण्णत्ते ?

उ. गोयमा ! से समासओ चउव्विहे पण्णत्ते, तं जहा-

१. दव्वओ, २. खेत्तओ, ३. कालओ, ४. भावओ।

१. तत्थ दव्वओ णं केवलनाणी सव्वदव्वाइं जाणइ पासइ।

२. खेत्तओ णं केवलनाणी सव्वं खेत्तं जाणइ पासइ।

३. कालओ णं केवलनाणी सव्वं कालं जाणइ पासइ।

४. भावओ णं केवलनाणी सव्वे भावे जाणइ पासइ[2]।

प. मइअण्णाणस्स णं भंते ! केवइए विसए पण्णत्ते ?

उ. गोयमा ! से समासओ चउव्विहे पण्णत्ते, तं जहा-

१. दव्वओ, २. खेत्तओ, ३. कालओ, ४. भावओ।

२. ક્ષેત્રથી : ઋજુમતિ જઘન્ય અંગુળનાં અસંખ્યાતમાં ભાગ અને ઉત્કૃષ્ટ નીચે આ રત્નપ્રભા પૃથ્વીનાં ઉપરિતન-અધસ્તન ક્ષુલ્લક પ્રતર સુધી, ઉપર જ્યોતિષી ચક્રનાં ઉપરિતળ સુધી અને ત્રિરછા લોકમાં મનુષ્ય ક્ષેત્રની અંદર અઢી દ્વીપ સમુદ્ર સુધી, પંદર કર્મભૂમિઓ, ત્રીસ અકર્મભૂમિઓ અને છપ્પન અંતરદ્વીપોમાં વર્તમાન સંજ્ઞીપંચેન્દ્રિય પર્યાપ્ત જીવોનાં મનોગત ભાવોને જાણે-જુવે છે અને તેજ ક્ષેત્રોને વિપુલમતિ અઢી અંગુલ અધિક વિપુલ, વિશુદ્ધ અને સ્પષ્ટ ક્ષેત્રને જાણે-જુવે છે.

૩. કાળથી ઋજુમતિ જઘન્ય પલ્યોપમનાં અસંખ્યાતમાં ભાગને, ઉત્કૃષ્ટ પણ પલ્યોપમનાં અસંખ્યાતમાં ભાગ ભૂત અને ભવિષ્યત્ કાળને જાણે અને જુવે છે. તે કાળને વિપુલમતિ તેનાથી કંઈક અધિક **-યાવત્-** સુસ્પષ્ટ પણે જાણે અને જુવે છે.

૪. ભાવથી ઋજુમતિ અનન્ત ભાવોને જાણે અને જુવે છે, પરંતુ બધા ભાવોના અનન્તમાં ભાગને જ જાણે અને જુવે છે. તેજ ભાવોને વિપુલમતિ કંઈક અધિક **-યાવત્-** સુસ્પષ્ટ પણે જાણે અને જુવે છે.

પ્ર. ભંતે ! કેવળજ્ઞાનનો વિષય કેટલો કહ્યો છે ?

ઉ. ગૌતમ ! તે સંક્ષેપમાં ચાર પ્રકારનાં કહ્યા છે, જેમકે-

૧. દ્રવ્યથી, ૨. ક્ષેત્રથી, ૩. કાળથી, ૪. ભાવથી.

૧. દ્રવ્યથી કેવળજ્ઞાની સર્વદ્રવ્યોને જાણે અને જુવે છે.

૨. ક્ષેત્રથી કેવળજ્ઞાની સર્વક્ષેત્ર (લોકાલોક)ને જાણે અને જુવે છે.

૩. કાળથી કેવળજ્ઞાની ત્રણેય ભૂત, વર્તમાન અને ભવિષ્યત્કાળને જાણે અને જુવે છે.

૪. ભાવથી કેવળજ્ઞાની સર્વ દ્રવ્યોના સર્વ ભાવો પર્યાયોને જાણે અને જુવે છે.

પ્ર. ભંતે ! મતિ અજ્ઞાનનો વિષય કેટલો કહ્યો છે ?

ઉ. ગૌતમ ! તે સંક્ષેપમાં ચાર પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. દ્રવ્યથી, ૨. ક્ષેત્રથી, ૩. કાળથી, ૪. ભાવથી.

१. नंदी. सु. ३७ २. नंदी. सु. ४३

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

दव्वओ णं मइअण्णाणी मइअण्णाणपरिगयाइं दव्वाइं जाणइ पासइ।

***एवं खेत्तओ कालओ भावओ णं मइअण्णाण परिगयाइं खेत्तं कालं भावाइं च जाणइ पासइ।***

प. सुयअण्णाणस्स णं भंते। केवइए विसए पण्णत्ते ?

उ. गोयमा ! से समासओ चउव्विहे पण्णत्ते, तं जहा-

१.दव्वओ, २. खेत्तओ, ३. कालओ, ४. भावओ।

दव्वओ णं सुयअण्णाणी सुयअण्णाणपरिगयाइं दव्वाइं आघवेइ, पण्णवेइ, परूवेइ।

***एवं खेत्तओ, कालओ, भावओ णं सुयअण्णाणी सुयअण्णाणपरिगए खेत्ते काले भावे आघवेइ, पण्णवेइ, परूवेइ।***

प. विभंगणाणस्स णं भंते ! केवइए विसए पण्णत्ते ?

उ. गोयमा ! से समासओ चउव्विहे पण्णत्ते, तं जहा-

१.दव्वओ, २. खेत्तओ, ३. कालओ, ४. भावओ।

दव्वओ णं विभंगणाणी विभंगणाणपरिगयाइं दव्वाइं जाणइ पासइ।

***एवं खेत्तओ कालओ भावओ णं विभंगणाणी विभंगणाणपरिगए खेत्ते काले भावे जाणइ पासइ।***

- विया. स. ८, उ. २, सु. १४४-१५१

**१७. संचिट्ठणा कालदारं-**

प. नाणी णं भंते ! नाणी त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! नाणी दुविहे पण्णत्ते, तं जहा-

१. साईए वा अपज्जवसिए, २. साईए वा सपज्जवसिए।

तत्थ णं जे से साईए सपज्जवसिए से जहण्णेणं अंतोमुहुत्तं,

उक्कोसेणं छावट्ठिं सागरोवमाइं साइरेगाइं[1]।

દ્રવ્યથી મતિ અજ્ઞાની મતિ અજ્ઞાન-પરિગત દ્રવ્યોને જાણે અને જુવે છે.

***આ પ્રમાણે ક્ષેત્રથી કાળથી ભાવથી મતિ અજ્ઞાની મતિ અજ્ઞાન પરિગત ક્ષેત્રકાળ અને ભાવોને જાણે અને જુવે છે.***

પ્ર. ભંતે ! શ્રુત અજ્ઞાનનો વિષય કેટલો કહ્યો છે ?

ઉ. ગૌતમ ! તે સંક્ષેપમાં ચાર પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. દ્રવ્યથી, ૨. ક્ષેત્રથી, ૩. કાળથી, ૪. ભાવથી.

દ્રવ્યથી શ્રુત અજ્ઞાની શ્રુત અજ્ઞાનનાં વિષયભૂત દ્રવ્યોનું વર્ણન કરે છે. બતાવે છે અને પ્રરુપણા કરે છે.

***આ પ્રમાણે ક્ષેત્રથી, કાળથી અને ભાવથી શ્રુત અજ્ઞાની શ્રુત અજ્ઞાનનાં વિષયભૂત ક્ષેત્રકાળ અને ભાવોનું વર્ણન કરે છે, બતાવે છે અને પ્રરુપણા કરે છે.***

પ્ર. ભંતે ! વિભંગજ્ઞાનનો વિષય કેટલો કહ્યો છે ?

ઉ. ગૌતમ ! તે સંક્ષેપમાં ચાર પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. દ્રવ્યથી, ૨. ક્ષેત્રથી, ૪. કાળથી, ૪. ભાવથી.

દ્રવ્યની અપેક્ષાએ વિભંગજ્ઞાની વિભંગજ્ઞાનનાં વિષયગત દ્રવ્યોને જાણે-જુવે છે.

***આ પ્રમાણે ક્ષેત્રકાળ અને ભાવની અપેક્ષાએ વિભંગજ્ઞાની વિભંગજ્ઞાનનાં વિષયગત ક્ષેત્ર, કાળ અને ભાવોને જાણે-જુવે છે.***

**૧૭. સંચિટ્ઠણાકાળ દ્વાર :**

પ્ર. ભંતે ! જ્ઞાની જીવ જ્ઞાનીનાં રુપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! જ્ઞાની બે પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. સાદિ, - અપર્યવસિત, ૨. સાદિ-સપર્યવસિત.

આમાંથી જે સાદિ-સપર્યવસિત છે તે જઘન્ય અન્તર્મુહૂર્ત સુધી,

ઉત્કૃષ્ટ કંઈક અધિક છયાસઠ સાગરોપમ સુધી રહે છે.

१. जीवा. पडि. ९, सु. २३३

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. आभिणिबोहियनाणी णं भंते! आभिणिबोहियनाणी त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं,

उक्कोसेणं छावट्ठिं सागरोवमाइं साइरेगाइं।

**एवं सुयनाणी वि।**

**ओहिनाणी वि एवं चेव।**

**णवरं** - जहण्णेणं एक्कं समयं।

प. मणपज्जवनाणी णं भंते ! मणपज्जवनाणी त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं एक्कं समयं,

उक्कोसेणं देसूणं पुव्वकोडिं,

प. केवलनाणी णं भंते ! केवलनाणी त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! साईए अपज्जवसिए।

प. अन्नाणी-मइअन्नाणी-सुयअन्नाणी णं भंते ! अन्नाणी-मइअन्नाणी-सुयअन्नाणी त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! अन्नाणी मइअन्नाणी सुयअन्नाणी तिविहे पण्णत्ते, तं जहा-

१. अणाईए वा अपज्जवसिए, २. अणाईए वा सपज्जवसिए, ३. साईए वा सपज्जवसिए।

तत्थ णं जे ते साईए सपज्जवसिए से जहण्णेणं अंतोमुहुत्तं,

उक्कोसेणं अणंतं कालं-अणंताओ उस्सप्पिणि-ओसप्पिणीओ कालओ, खेत्तओ अवड्ढं पोग्गलपरियट्टं देसूणं[1]।

प. विभंगनाणी णं भंते ! विभंगनाणी त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं एक्कं समयं,

उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं देसूणाए पुव्वकोडीए अब्भहियाइं[2]।

- विया. स. ८, उ. २, सु. १५२-१५३

પ્ર. ભંતે ! આભિનિબોધિકજ્ઞાની આભિનિબોધિકજ્ઞાનીનાં રુપમાં કેટલા સમય સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત,

ઉત્કૃષ્ટ કંઈક અધિક છયાસઠ સાગરોપમ સુધી રહે છે.

**આ પ્રમાણે શ્રુતજ્ઞાનીનાં માટે જાણવું જોઈએ.**

**અવધિજ્ઞાનીનો સંસ્થિતિ કાળ પણ એટલો જ છે.**

**વિશેષ** : તેની સ્થિતિ જઘન્ય એક સમયની છે.

પ્ર. ભંતે ! મન:પર્યવજ્ઞાની મન:પર્યવજ્ઞાનીનાં રુપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય એક સમય,

ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોટિ સુધી.

પ્ર. ભંતે ! કેવળજ્ઞાની કેવળજ્ઞાનીનાં રુપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! તે સાદિ- અપર્યવસિત હોય છે.

પ્ર. ભંતે ! અજ્ઞાની, મતિ-અજ્ઞાની, શ્રુત-અજ્ઞાની કેટલા કાળ સુધી અજ્ઞાની, મતિ અજ્ઞાની, શ્રુત અજ્ઞાનીનાં રુપમાં રહે છે ?

ઉ. ગૌતમ ! અજ્ઞાની, મતિ-અજ્ઞાની અને શ્રુતઅજ્ઞાની ત્રણ પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. અનાદિ-અપર્યવસિત, ૨. અનાદિ-સપર્યવસિત, ૩. સાદિ-સપર્યવસિત.

તેમાંથી જે સાદિ-સપર્યવસિત છે, તે જઘન્ય અન્તર્મુહૂર્ત,

ઉત્કૃષ્ટ અનન્તકાળ સુધી અર્થાત્ કાળની અપેક્ષાથી અનન્ત ઉત્સર્પિણી અવસર્પિણીઓ સુધી અને ક્ષેત્રની અપેક્ષાથી દેશોન અર્દ્ધપુદ્ગલ- પરાવર્તન સુધી રહે છે.

પ્ર. ભંતે ! વિભંગજ્ઞાની વિભંગજ્ઞાનીનાં રુપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય એક સમય,

ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોટિ અધિક તેત્રીસ સાગરોપમ સુધી વિભંગજ્ઞાનીનાં રુપમાં રહે છે.

---

१. जीवा. पडि. ९, सु. २५०

२. (क) जीवा. पडि. ९, सु. २५४

(ख) पण्ण. प. १८, सु. १३४६-१३५३

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**१८. अंतरदारं-**

१. णाणिस्स जहण्णेणं अंतोमुहुत्तं,
उक्कोसेणं अणंतं कालं **-जाव-**
अवड्ढं पोग्गलपरियट्टं देसूणं,
२. अन्नाणिस्स दोण्ह वि आइल्लाणं नत्थि अंतरं,
साइयस्स सपज्जवसियस्सं जहण्णेणं अंतोमुहुत्तं,
उक्कोसेणं छावट्ठिं सागरोवमाइं साइरेगाइं।

- जीवा. पडि. ९, सु. २३३

प. १. आभिणिबोहियनाणिस्स णं भंते ! केवइयं कालं अंतरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं,
उक्कोसेणं अणंतं कालं **-जाव-** अवड्ढं पोग्गल परियट्टं देसूणं।

***२. एवं सुयनाणिस्स वि, ३. ओहिनाणिस्स वि, ४. मणपज्जवनाणिस्स वि।***

प. ५. केवलनाणिस्स णं भंते ! केवइयं कालं अंतरं होइ ?

उ. गोयमा ! साइयस्स अपज्जवसियस्स नत्थि अंतरं।

प. ६. मइ अन्नाणिस्स णं भंते ! केवइयं कालं अंतरं होइ ?

उ. गोयमा ! अणाईयस्स अपज्जवसियस्स नत्थि अंतरं, अणाईयस्स सपज्जवसियस्स नत्थि अंतरं, साइयस्स सपज्जवसियस्स जहण्णेणं अंतोमुहुत्तं।
उक्कोसेणं छावट्ठिं सागरोवमाइं साइरेगाइं[1]।

***७. एवं सुय अन्नाणिस्स वि।***

प. ८. विभंगनाणिस्स णं भंते ! केवइयं कालं अंतरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं,
उक्कोसेणं वणस्सइकालो[2]।

- जीवा. पडि. ९, सु. २५४

**१९. अप्पबहुत्तदारं-**

प. एएसि णं भंते ! नाणीणं, अन्नाणीण य कयरे कायरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

**૧૮. અંતર દ્વાર :**

૧. જ્ઞાનીનું જઘન્ય અંતર અન્તર્મુહૂર્તનું,
ઉત્કૃષ્ટ અંતર અનન્તકાળનું **-યાવત્-**
દેશોન અર્દ્ધ પુદ્ગલ પરાવર્ત સુધી રહે છે.
૨. અજ્ઞાનીમાં પ્રારંભનાં બંને ભંગોનું અંતર નથી.
સાદિ-સપર્યવસિતનું જઘન્ય અંતર અન્તર્મુહૂર્તનું,
ઉત્કૃષ્ટ અંતર કંઈક અધિક છયાસઠ સાગરોપમનું છે.

પ્ર. ૧. ભંતે ! આભિનિબોધિક જ્ઞાનનું અંતર કેટલા કાળનું છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત,
ઉત્કૃષ્ટ અનન્તકાળ **-યાવત્-** કંઈક ઓછું અર્દ્ધપુદ્ગલ પરાવર્તનનું છે.

***૨. આ પ્રમાણે શ્રુતજ્ઞાનીનું, ૩. અવધિજ્ઞાનીનું અને ૪. મનઃ પર્યવજ્ઞાનીનું પણ અંતર છે.***

પ્ર. ૫. ભંતે ! કેવળજ્ઞાનીનું અંતર કેટલાકાળનું છે ?

ઉ. ગૌતમ ! સાદિ-અપર્યવસિત હોવાથી અંતર નથી.

પ્ર. ૬. ભંતે ! મતિ-અજ્ઞાનીનું અંતર કેટલા કાળનું છે ?

ઉ. ગૌતમ ! અનાદિ અપર્યવસિતનું અંતર નથી, અનાદિ સપર્યવસિતનું પણ અંતર નથી. સાદિ સપર્યવસિતનું અંતર જઘન્ય અંતર્મુહૂર્તનું,
ઉત્કૃષ્ટ કંઈક અધિક છયાસઠ સાગરોપમનું છે.

***૭. આ પ્રમાણે શ્રુત-અજ્ઞાનીનું અંતર છે.***

પ્ર. ૮. ભંતે ! વિભંગજ્ઞાનીનું અંતર કેટલા કાળનું છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્તનું,
ઉત્કૃષ્ટ વનસ્પતિ-કાળનું છે.

**૧૯. અલ્પ બહુત્વ દ્વાર :**

પ્ર. ભંતે ! આ જ્ઞાની અને અજ્ઞાનીમાં કોણ કોનાથી અલ્પ **-યાવત્-** વિશેષાધિક છે?

---

१. जीवा. पडि. ९, सु. २५०
२. विया. स. ८, उ. २, सु. १५४

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उ. गोयमा ! १. सव्वत्थोवा नाणी,
२. अन्नाणी अणंतगुणा।
- जीवा. पडि. ९, सु. २३३

ઉ. ગૌતમ ! ૧. બધાથી અલ્પ જ્ઞાની છે,
૨. (તેનાથી) અજ્ઞાની અનન્તગુણા છે.

प. एएसि णं भंते! जीवाणं १. आभिणिबोहियणाणीणं, २. सुयणाणीणं, ३. ओहिणाणीणं, ४. मणपज्जवणाणीणं, ५. केवलणाणीण य कयरे कयरेहिंतो अप्पा वा -जाव- विसेसाहिया वा ?

પ્ર. ભંતે ! આ ૧. આભિનિબોધિકજ્ઞાની, ૨. શ્રુત-જ્ઞાની, ૩. અવધિજ્ઞાની, ૪. મનઃપર્યવજ્ઞાની અને ૫. કેવળજ્ઞાની આ જીવોમાંથી કોણ કોનાથી અલ્પ **-યાવત્-** વિશેષાધિક છે ?

उ. गोयमा ! १. सव्वत्थोवा जीवा मणपज्जवणाणी,
२. ओहिणाणी असंखेज्जगुणा,
३-४. आभिणिबोहियणाणी सुयणाणी दो वि तुल्ला विसेसाहिया,
५. केवलणाणी अणंतगुणा।

ઉ. ગૌતમ ! ૧. બધાથી અલ્પ જીવ મનઃપર્યવજ્ઞાની છે.
૨. (તેનાથી) અવધિજ્ઞાની અસંખ્યાતગુણા છે,
૩-૪. (તેનાથી) આભિનિબોધિકજ્ઞાની અને શ્રુતજ્ઞાની આ બંને (તુલ્ય) સમાન છે અને વિશેષાધિક છે.
૫. (તેનાથી) કેવળજ્ઞાની અનન્તગુણા છે.

प. एएसि णं भंते ! जीवाणं मइअण्णाणीणं, सुयअण्णाणीणं विभंगणाणीण य कयरे कयरेहिंतो अप्पा वा -जाव- विसेसाहिया वा ?

પ્ર. ભંતે ! આ ૧. મતિ-અજ્ઞાની, ૨. શ્રુત-અજ્ઞાની અને ૩. વિભંગજ્ઞાની જીવોમાંથી કોણ કોનાથી અલ્પ **-યાવત્-** વિશેષાધિક છે ?

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

उ. गोयमा ! १. सव्वत्थोवा जीवा विभंगणाणी,
२-३. मइअण्णाणी, सुयअण्णाणी दो वि तुल्ला अणंतगुणा[१]।

ઉ. ગૌતમ ! ૧. બધાથી અલ્પ જીવ વિભંગજ્ઞાની છે,
૨-૩. (તેનાથી) મતિ-અજ્ઞાની અને શ્રુત અજ્ઞાની બંને સમાન છે અને અનન્ત ગુણા છે.

प. एएसि णं भंते ! जीवाणं,
१. आभिणिबोहियनाणीणं, २. सुयनाणीणं,
३. ओहिनाणीणं, ४. मणपज्जवनाणीणं,
५. केवलनाणीणं, ६. मइअण्णाणीणं,
७. सुय अण्णाणीणं, ८. विभंगणाणीण
य कयरे कयरेहिंतो अप्पा वा -जाव- विसेसाहिया वा ?

પ્ર. ભંતે ! આ -
૧. આભિનિબોધિકજ્ઞાની, ૨. શ્રુતજ્ઞાની,
૩. અવધિજ્ઞાની, ૪. મનઃપર્યવજ્ઞાની,
૫. કેવળજ્ઞાની, ૬. મતિ-અજ્ઞાની,
૭. શ્રુત અજ્ઞાની અને ૮. વિભંગજ્ઞાની
જીવોમાંથી કોણ કોનાથી અલ્પ **-યાવત્-** વિશેષાધિક છે ?

उ. गोयमा ! १. सव्वत्थोवा जीवा मणपज्जवनाणी,
२. ओहिनाणी असंखेज्जगुणा,
३-४. आभिणिबोहियनाणी सुयनाणी एए दो वि तुल्ला विसेसाहिया,
५. विभंगनाणी असंखेज्जगुणा,
६. केवलनाणी अणंतगुणा,

ઉ. ગૌતમ ! ૧. બધાથી અલ્પ જીવ મનઃપર્યવજ્ઞાની છે,
૨. (તેનાથી) અવધિજ્ઞાની અસંખ્યાતગુણા છે,
૩-૪. (તેનાથી) આભિનિબોધિકજ્ઞાની અને શ્રુતજ્ઞાની બંને પરસ્પર સમાન છે અને વિશેષાધિક છે.
૫. (તેનાથી) વિભંગજ્ઞાની અસંખ્યાતગુણા છે,
૬. (તેનાથી) કેવળજ્ઞાની અનન્તગુણા છે,

---

१. (क) जीवा. पडि. ९, सु. २५४ (ख) विया. स. ८, उ. २, सु. १५५
(ग) जीवा. पडि. ९, सु. २५०

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

७-८. मइअन्नाणी सुयअन्नाणी य दो वि तुल्ला अणंतगुणा।

- पण्ण. प. ३, सु. २५७-२५९

૭-૮. (તેનાથી) મતિ-અજ્ઞાની અને શ્રુત અજ્ઞાની અનન્તગુણા છે અને બંને પરસ્પર સમાન છે.

**१२०. पज्जवदारं पज्जवाण य अप्पबहुत्तं-**

**૧૨૦. પર્યાયદ્વાર અને પર્યાયોનું અલ્પ બહુત્વ :**

प. केवइया णं भंते ! आभिणिबोहियनाणपज्जवा पण्णत्ता ?

उ. गोयमा ! अणंता आभिणिबोहियनाणपज्जवा पण्णत्ता।

***एवं सुयणाणस्स -जाव- केवलणाणस्स अणंता पज्जवा पण्णत्ता।***

***एवं मइअण्णाणस्स सुयअण्णाणस्स वि।***

प. केवइया णं भंते ! विभंगनाणपज्जवा पण्णत्ता ?

उ. गोयमा ! अणंता विभंगनाणपज्जवा पण्णत्ता।

प. एएसि णं भंते ! १. आभिणिबोहियनाणपज्जवाणं, २. सुयनाणपज्जवाणं, ३. ओहिणाणपज्जवाणं, ४. मणपज्जवनाणपज्जवाणं, ५. केवलनाणपज्जवाण य कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

उ. गोयमा ! १. सव्वत्थोवा मणपज्जवनाणपज्जवा,

२. ओहिनाणपज्जवा अणंतगुणा,

३. सुयनाणपज्जवा अणंतगुणा,

४. आभिणिबोहियनाणपज्जवा अणंतगुणा,

५. केवलनाणपज्जवा अणंतगुणा।

प. एएसि णं भंते ! मइअन्नाणपज्जवाणं सुयअन्नाण-पज्जवाणं विभंगनाणपज्जवाण य कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

उ. गोयमा ! १. सव्वत्थोवा विभंगनाणपज्जवा,

२. सुयअन्नाणपज्जवा अणंतगुणा,

३. मइअन्नाणपज्जवा अणंतगुणा।

प. एएसि णं भंते ! आभिणिबोहियनाणपज्जवाणं **-जाव-** केवलनाणपज्जवाणं, मइअन्नाणपज्जवाणं, सुयअन्नाण पज्जवाणं, विभंगनाणपज्जवाण य कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

પ્ર. ભંતે ! આભિનિબોધિક જ્ઞાનની પર્યાય કેટલી કહી છે ?

ઉ. ગૌતમ ! આભિનિબોધિક જ્ઞાનની અનન્ત પર્યાય કહી છે.

***આ પ્રમાણે શ્રુતજ્ઞાનથી કેવળજ્ઞાન સુધીની અનન્ત પર્યાય કહી છે.***

***આ પ્રમાણે મતિ-અજ્ઞાન અને શ્રુત-અજ્ઞાનની પર્યાયોનાં માટે જાણવું જોઈએ.***

પ્ર. ભંતે ! વિભંગજ્ઞાનની પર્યાય કેટલી કહી છે ?

ઉ. ગૌતમ ! વિભંગજ્ઞાનની અનન્ત પર્યાય કહી છે.

પ્ર. ભંતે ! આ ૧. આભિનિબોધિક જ્ઞાન, ૨. શ્રુતજ્ઞાન, ૩. અવધિજ્ઞાન, ૪. મનઃપર્યવજ્ઞાન અને ૫. કેવળજ્ઞાનની પર્યાયોમાં કોણ કોનાથી અલ્પ **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! ૧. મનઃ પર્યવજ્ઞાનની પર્યાય બધાથી અલ્પ છે.

૨. (તેનાથી) અવધિજ્ઞાનની પર્યાય અનન્તગુણા છે,

૩. (તેનાથી) શ્રુતજ્ઞાનની પર્યાય અનન્તગુણા છે,

૪. (તેનાથી) આભિનિબોધિક જ્ઞાનની પર્યાય અનન્તગુણા છે.

૫. (તેનાથી) કેવળજ્ઞાનની પર્યાય અનન્તગુણા છે.

પ્ર. ભંતે ! આ ૧. મતિ-અજ્ઞાન, ૨. શ્રુત-અજ્ઞાન અને ૩. વિભંગજ્ઞાનની પર્યાયોમાં કોણ કોનાથી અલ્પ **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! ૧. બધાથી અલ્પ વિભંગજ્ઞાનની પર્યાય છે.

૨. (તેનાથી) શ્રુત-અજ્ઞાનની પર્યાય અનન્તગુણા છે.

૩. (તેનાથી) મતિ-અજ્ઞાનની પર્યાય અનન્તગુણા છે.

પ્ર. ભંતે ! આ આભિનિબોધિક જ્ઞાન પર્યાયો **-યાવત્-** કેવળજ્ઞાન પર્યાયો, મતિ-અજ્ઞાન, શ્રુત-અજ્ઞાન અને વિભંગજ્ઞાન પર્યાયોમાં કોણ કોનાથી અલ્પ **-યાવત્-** વિશેષાધિક છે ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उ. गोयमा ! १. सव्वत्थोवा मणपज्जवनाणपज्जवा,

२. विभंगनाणपज्जवा अणंतगुणा,

३. ओहिनाणपज्जवा अणंतगुणा,

४. सुयअन्नाणपज्जवा अणंतगुणा,

५. सुयनाणपज्जवा विसेसाहिया,

६. मइअन्नाणपज्जवा अणंतगुणा,

७. आभिणिबोहियनाणपज्जवा विसेसाहिया,

८. केवलनाणपज्जवा अणंतगुणा।

- विया. स. ८, उ. २, सु. १५६-१६२

ઉ. ગૌતમ ! ૧. બધાથી અલ્પ મનઃ પર્યવજ્ઞાનની પર્યાય છે,

૨. (તેનાથી) વિભંગજ્ઞાનની પર્યાય અનન્ત-ગુણા છે,

૩. (તેનાથી) અવધિજ્ઞાનની પર્યાય અનન્ત-ગુણા છે,

૪. (તેનાથી) શ્રુત-અજ્ઞાનની પર્યાય અનન્ત-ગુણા છે,

૫. (તેનાથી) શ્રુતજ્ઞાનની પર્યાય વિશેષાધિક છે,

૬. (તેનાથી) મતિ-અજ્ઞાનની પર્યાય અનન્ત-ગુણા છે,

૭. (તેનાથી) આભિનિબોધિક જ્ઞાનની પર્યાય વિશેષાધિક છે,

૮. (તેનાથી) કેવળજ્ઞાનની પર્યાય અનન્તગુણા છે.

**१२१. भावियप्पणो मिच्छद्दिट्ठिस्सऽणगारस्स जाणणं पासणं -**

प. अणगारे णं भंते ! भावियप्पा मायी मिच्छद्दिट्ठी वीरियलद्धीए, वेउव्वियलद्धीए, विभंगनाणलद्धीए वाणारसिं नगरिं समोहए, समोहण्णित्ता रायगिहे नगरे रूवाइं जाणइ पासइ ?

उ. हंता, गोयमा ! जाणइ, पासइ।

प. से भंते ! किं तहाभावं जाणइ पासइ, अण्णहाभावं जाणइ पासइ।

उ. गोयमा ! णो तहाभावं जाणइ पासइ, अण्णहाभावं जाणइ पासइ।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"णो तहाभावं जाणइ पासइ, अण्णहाभावं जाणइ पासइ ?"

उ. गोयमा ! तस्स णं एवं भवइ-

"एवं खलु अहं रायगिहे नगरे समोहए, समोहण्णित्ता, वाणारसीए नगरीए रूवाइं जाणामि पासामि," से से दंसणे विवच्चासे भवइ,

**૧૨૧. ભાવિતાત્મા મિથ્યાદૃષ્ટિ અનગારનું જાણવું-જોવું.**

પ્ર. ભંતે ! રાજગૃહ નગરમાં રહેલ માયી મિથ્યાદૃષ્ટિ ભાવિતાત્મા અણગાર વીર્યલબ્ધિથી, વૈક્રિય-લબ્ધિથી અને વિભંગજ્ઞાન લબ્ધિથી વારાણસી નગરીની વિકુર્વણા કરીને શું તદ્દગત રુપોને જાણે-જુવે છે ?

ઉ. હા, ગૌતમ ! તે (પૂર્વોક્ત રુપોને) જાણે અને જુવે છે.

પ્ર. ભંતે ! શું તે યથાભાવથી જાણે-જુવે છે કે અન્યથાભાવથી જાણે-જુવે છે ?

ઉ. ગૌતમ ! તે યથાભાવથી જાણતાં-જોતા નથી, પરંતુ અન્યથાભાવથી જાણે-જુવે છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"તે યથાભાવથી જાણતાં- જોતાં નથી, પરંતુ અન્યથાભાવથી જાણે-જુવે છે ?"

ઉ. ગૌતમ ! તેના મનમાં આ પ્રમાણે વિચાર હોય છે કે -

"વારાણસી નગરીમાં રહેલ હું રાજગૃહ નગરની વિકુર્વણા કરીને હું તદ્દગત રુપોને જાણુ-જોવું છું." આ પ્રમાણે તેનું દર્શન વિપરીત થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"णो तहाभावं जाणइ पासइ, अण्णहाभावं जाणइ पासइ।"

प. अणगारे णं भंते ! भावियप्पा मायी मिच्छद्दिट्ठी -जाव- रायगिहे नगरे समोहए, समोहणित्ता वाणारसीए नगरीए रूवाइं जाणइ पासइ ?

उ. हंता, गोयमा ! जाणइ, पासइ।

तं चेव -जाव- तस्स णं एवं होइ -

'एवं खलु अहं वाणारसीए नगरीए समोहए, रायगिहे नगरे रूवाइं जाणामि पासामि,

से से दंसणे विवच्चासे भवइ,

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"णो तहाभावं जाणइ पासइ, अण्णहाभावं जाणइ पासइ।"

प. अणगारे णं भंते ! भावियप्पा मायी मिच्छद्दिट्ठी वीरियलद्धीए वेउव्वियलद्धीए विभंगणाणलद्धीए वाणारसिं नगरिं रायगिहं च नगरं अंतरा य एगं महं जणवयवग्गं समोहए समोहणित्ता वाणारसिं नगरिं रायगिहं च नगरं तं च अंतरा एगं महं जणवयवग्गं जाणइ पासइ ?

उ. हंता, गोयमा ! जाणइ, पासइ।

प. से भंते ! किं तहाभावं जाणइ पासइ, अण्णहाभावं जाणइ पासइ ?

उ. गोयमा ! णो तहाभावं जाणइ पासइ, अण्णहाभावं जाणइ पासइ।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"णो तहाभावं जाणइ पासइ, अण्णहाभावं जाणइ पासइ ?"

उ. गोयमा ! तस्स खलु एवं भवइ-

"एस खलु वाणारसी नगरी,

एस खलु रायगिहे नगरे,

માટે હે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"તે તથાભાવથી જાણતાં- જોતાં નથી, પરંતુ અન્યથા ભાવથી જાણે-જુવે છે.

પ્ર. ભંતે ! વારાણસીમાં રહેલ માયી મિથ્યાદષ્ટિ ભાવિતાત્મા અણગાર -યાવત્- રાજગૃહ નગરની વિકુર્વણા કરીને વારાણસીનાં રુપોને જાણે અને જુવે છે ?

ઉ. હા, ગૌતમ ! તે એ રુપોને જાણે અને જુવે છે. **તે જ પ્રકારે -યાવત્-** તે સાધુના મનમાં આ પ્રકારનો વિચાર હોય છે કે -

"રાજગૃહ નગરમાં રહેલ હું વારાણસી નગરીની વિકુર્વણા કરીને તદ્દગત રુપોને જાણું અને જોવું છું."

આ પ્રમાણે તેનું દર્શન વિપરીત થાય છે.

માટે હે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"તે યથાભાવથી જાણતાં-જોતાં નથી, પરંતુ અન્યથાભાવથી જાણે-જુવે છે."

પ્ર. ભંતે ! માયી મિથ્યાદષ્ટિ ભાવિતાત્મા અણગાર પોતાની વીર્યલબ્ધિથી, વૈક્રિય લબ્ધિથી અને વિભંગજ્ઞાન લબ્ધિથી વારાણસી નગરી અને રાજગૃહ નગરનાં વચમાં એક મોટા જનપદ વર્ગની વિકુર્વણા કરીને વારાણસી નગરી અને રાજગૃહ નગરનાં વચમાં તે મોટા જનપદ-વર્ગને જાણે અને જુવે છે ?

ઉ. હા, ગૌતમ ! તે જાણે અને જુવે છે.

પ્ર. ભંતે ! શું તે એ જનપદ-વર્ગને યથાભાવથી જાણે-જુવે છે અથવા અન્યથાભાવથી જાણે-જુવે છે ?

ઉ. ગૌતમ ! તે એ જનપદ-વર્ગને યથાભાવથી જાણતાં-જોતાં નથી, પરંતુ અન્યથા ભાવથી જાણે-જુવે છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"તે યથાભાવથી જાણતાં-જોતાં નથી, પરંતુ અન્યથાભાવથી જાણે-જુવે છે ?"

ઉ. ગૌતમ ! તે અણગારના મનમાં એવો વિચાર હોય છે કે -

"તે વારાણસી નગરી છે,

આ રાજગૃહ નગર છે.

एस खलु अंतरा एगे महं जणवयवग्गे,

तथा આ બંનેનાં વચમાં આ એક મોટું જનપદ-વર્ગ છે.

णो खलु एस महं वीरियलद्धी वेउव्वियलद्धी विभंगनाणलद्धी इड्ढी जुई जसे बले वीरिए पुरिसक्कारपरक्कमे लद्धे पत्ते अभिसमन्नागए",

પરંતુ આ મારી વીર્યલબ્ધિ, વૈક્રિયલબ્ધિ કે વિભંગજ્ઞાન લબ્ધિ નથી અને ન તો મારા દ્વારા ઉપલબ્ધ, પ્રાપ્ત અને અભિસમન્વાગત આ ઋદ્ધિ, દ્યુતિ, યશ, બળ અને પુરુષાકાર પરાક્રમ છે."

से से दंसणे विवच्चासे भवइ।

આ પ્રમાણે ઉપર્યુક્ત અણગારનું દર્શન વિપરીત થાય છે.

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"णो तहाभावं जाणइ पासइ, अण्णहाभावं जाणइ पासइ।"

- विया. स. ३, उ. ६, सु. १-५

માટે હે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"તે યથાભાવથી જાણતાં- જોતાં નથી. પરંતુ અન્યથાભાવથી જાણે-જુવે છે."

**१२२. भावियप्पणो सम्मद्दिट्ठिस्सऽणगारस्स जाणणं पासणं-**

प. अणगारे णं भंते ! भावियप्पा अमायी सम्मद्दिट्ठी वीरियलद्धीए वेउव्वियलद्धीए ओहिनाणलद्धीए रायगिहे नगरे समोहए समोहण्णित्ता वाणारसीए नगरीए रूवाइं जाणइ पासइ ?

उ. हंता, गोयमा ! जाणइ पासइ।

प. से भंते ! किं तहाभावं जाणइ पासइ, अण्णहाभावं जाणइ पासइ ?

उ. गोयमा ! तहाभावं जाणइ पासइ, णो अण्णहाभावं जाणइ पासइ।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ -

"तहाभावं जाणइ पासइ, णो अण्णहाभावं जाणइ पासइ ?"

उ. गोयमा ! तस्स णं एवं भवइ-

"एवं खलु अहं रायगिहे नगरे समोहए समोहणित्ता, वाणारसीए नगरीए रूवाइं जाणामि पासामि," से से दंसणे अविवच्चासे भवइ।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ -

"तहाभावं जाणइ पासइ, णो अण्णहाभावं जाणइ पासइ।"

***बीओ वि आलावगो एवं चेव,***

**૧૨૨. ભાવિતાત્મા સમ્યગ્દૃષ્ટિ અણગારનું જાણવું-જોવું.**

પ્ર. ભંતે ! વારાણસી નગરીમાં રહેલ અમાયી સમ્યગ્દૃષ્ટિ ભાવિતાત્મા અણગાર પોતાની વીર્યલબ્ધિ, વૈક્રિયલબ્ધિ અને અવધિજ્ઞાનલબ્ધિથી રાજગૃહ નગરની વિકુર્વણા કરીને રુપોને જાણે-જુવે છે ?

ઉ. હા ગૌતમ ! તે જાણે-જુવે છે.

પ્ર. ભંતે ! તે એ રુપોને યથાભાવથી જાણે-જુવે છે કે અન્યથાભાવથી જાણે-જુવે છે ?

ઉ. ગૌતમ ! તે એ રુપોને યથાભાવથી જાણે-જુવે છે. પરંતુ અન્યથાભાવથી જાણતાં-જોતા નથી.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"તે યથાભાવથી એ રુપોને જાણે-જુવે છે, પરન્તુ અન્યથાભાવથી જાણતાં-જોતા નથી ?"

ઉ. ગૌતમ ! તે અણગારનાં મનમાં આ પ્રમાણે વિચાર હોય છે કે -

"વારાણસી નગરીમાં રહેલ હું રાજગૃહનગરની વિકુર્વણા કરીને વારાણસીનાં રુપોને જાણુ-જોવું છે." આ પ્રમાણે તેનું દર્શન અવિપરીત થાય છે.

માટે હે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"તે યથાભાવથી જાણે-જુવે છે, પરંતુ અન્યથાભાવથી જાણતાં-જોતાં નથી."

***આ પ્રમાણે બીજા આલાપક પણ કહેવા જોઈએ.***

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**णवरं** - वाणारसीए नगरीए समोहणावेयव्वो, रायगिहे नगरे रूवाइं जाणइ पासइ।

प. अणगारे णं भंते ! भावियप्पा अमायी सम्मद्दिट्ठी वीरियलद्धीए वेउव्वियलद्धीए ओहिनाणलद्धीए रायगिहं नगरं वाणारसिं च नगरिं अंतरा य एगं महं जणवयवग्गं समोहए समोहणित्ता, रायगिहं नगरं वाणारसिं च नगरिं तं च अंतरा एगं महं जणवयवग्गं जाणइ पासइ ?

उ. हंता, गोयमा ! जाणइ पासइ।

प. से भंते ! किं तहाभावं जाणइ पासइ, अण्णहाभावं जाणइ पासइ ?

उ. गोयमा ! तहाभावं जाणइ पासइ, णो अण्णहाभावं जाणइ पासइ।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"तहाभावं जाणइ पासइ, णो अण्णहाभावं जाणइ पासइ ?"

उ. गोयमा ! तस्स णं एवं भवइ-

"णो खलु एस रायगिहे नगरे, णो खलु एस वाणारसी नगरी, णो खलु एस अंतरा एगे जणवयवग्गे, एस खलु ममं वीरियलद्धी, वेउव्वियलद्धी, ओहिणाणलद्धी इड्ढी जुई जसे बले वीरिए पुरिसक्कारपरक्कमे लद्धे पत्ते अभिसमण्णागए"

से से दंसणे अविवच्चासे भवइ।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"तहाभावं जाणइ पासइ, णो अण्णहाभावं जाणइ पासइ।"

- विया. स. ३, उ. ६, सु. ६-१०

**१२३. भावियप्पअणगारेहिं वेउव्विय समुग्घाएणं समोहयस्स देवाण जाणणं-पासणं-**

प. अणगारे णं भंते ! भावियप्पा देवं वेउव्विय-समुग्घाएणं समोहए जाणरूवेणं जायमाणं जाणइ पासइ ?

**વિશેષ** : વિકુર્વણા વારાણસી નગરીની સમજવી અને રાજગૃહ નગરમાં રહીને રુપોને જાણે-જુવે છે. એવું સમજવું જોઈએ.

પ્ર. ભંતે ! અમાયી સમ્યગ્દૃષ્ટિ ભાવિતાત્મા અણગાર પોતાની વીર્યલબ્ધિ, વૈક્રિયલબ્ધિ અને અવધિ-જ્ઞાનલબ્ધિથી રાજગૃહ નગર અને વારાણસી નગરીનાં વચમાં એક મોટા જનપદ-વર્ગની વિકુર્વણા કરીને તે રાજગૃહનગર અને વારાણસીનાં વચમાં એક મોટા જનપદ-વર્ગને જાણે-જુવે છે ?

ઉ. હા ગૌતમ ! તે જાણે-જુવે છે.

પ્ર. ભંતે ! શું તે એ જનપદ-વર્ગને યથાભાવથી જાણે જુવે છે કે અન્યથાભાવથી જાણે-જુવે છે ?

ઉ. ગૌતમ ! તે એ જનપદ વર્ગને યથાભાવથી જાણે અને જુવે છે. પરંતુ અન્યથાભાવથી જાણતાં-જોતા નથી.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"યથાભાવથી જાણે-જુવે છે, પરંતુ અન્યથાભાવથી જાણતાં-જોતાં નથી ?"

ઉ. ગૌતમ ! એ અણગારનાં મનમાં એવો વિચાર હોય છે કે -

"ન તો આ રાજગૃહ નગર છે અને ન તો આ વારાણસી નગરી છે તથા ન તો આ બંનેનાં વચમાં આ એક મોટો જનપદ-વર્ગ છે, પરંતુ આ મારી વીર્યલબ્ધિ છે, વૈક્રિયલબ્ધિ છે અને અવધિજ્ઞાન લબ્ધિ છે તથા આ મારા દ્વારા ઉપલબ્ધ, પ્રાપ્ત અને અભિસમન્વાગત ૠદ્ધિ, દ્યુતિ, યશ, બળ, વીર્ય અને પુરુષાકાર પરાક્રમ છે."

તેનું તે દર્શન અવિપરીત થાય છે.

માટે હે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"તે અમાયી સમ્યગ્દૃષ્ટિ અણગાર યથાભાવથી જાણે-જુવે છે. પરંતુ અન્યથાભાવથી જાણતાં-જોતાં નથી."

**૧૨૩. ભાવિતાત્મા અણગાર દ્વારા વૈક્રિય સમુદ્‌ઘાતથી સમવહત દેવાદિનું જાણવું-જોવું.**

પ્ર. ભંતે ! શું ભાવિતાત્મા અણગાર, વૈક્રિય સમુદ્‌ઘાતથી સમવહત થયેલ અને યાન રુપથી જઈ રહેલ દેવને જાણે-જુવે છે ?

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उ. गोयमा ! अत्थेगइए देवं पासइ, णो जाणं पासइ,
अत्थेगइए जाणं पासइ, नो देवं पासइ,
अत्थेगइए देवं पि पासइ जाणं पि पासइ,
अत्थेगइए नो देवं पासइ, नो जाणं पासइ।

प. अणगारे णं भंते ! भावियप्पा देविं वेउव्विय समुग्घाएणं समोहयं जाणरूवेणं जायमाणिं जाणइ पासइ ?

उ. गोयमा ! १. अत्थेगइए देविं पासइ, णो जाणं पासइ,
२. अत्थेगइए जाणं पासइ, नो देविं पासइ,
३. अत्थेगइए देविं पि पासइ, जाणं पि पासइ,
४. अत्थेगइए नो देविं पासइ, नो जाणं पासइ।

प. अणगारे णं भंते ! भावियप्पा देवं सदेवीयं वेउव्वियसमुग्घाएणं समोहए जाणरूवेणं जायमाणं जाणइ पासइ ?

उ. गोयमा ! १. अत्थेगइए देवं सदेवीयं पासइ, णो जाणं पासइ,
२. अत्थेगइए जाणं पासइ, णो देवं सदेवीयं पासइ,
३. अत्थेगइए देवं सदेवीयं पि पासइ, जाणं पि पासइ,
४. अत्थेगइए णो देवं सदेवीयं पासइ, णो जाणं पासइ। - विया. स. ३, उ. ४, सु. १-३

**१२४. भावियप्पमणगारेणं रूक्खस्स अंतो-बाहिं पासण परूवणं-**

प. अणगारे णं भंते ! भावियप्पा रूक्खस्स किं अंतो पासइ, बाहिं पासइ ?

उ. गोयमा ! १. अत्थेगइए रूक्खस्स अंतो पासइ, णो बाहिं पासइ,
२. अत्थेगइए रूक्खस्स बाहिं पासइ, णो अंतो पासइ,
३. अत्थेगइए रूक्खस्स अंतो पि पासइ, बाहिं पि पासइ,

ઉ. ગૌતમ ! કોઈ દેવને જુવે છે, પરંતુ યાનને જોતા નથી,
કોઈ યાનને જુવે છે, પરંતુ દેવને જોતાં નથી.
કોઈ દેવને પણ જુવે છે અને યાનને પણ જુવે છે.
કોઈ દેવને જોતાં નથી અને યાનને પણ જોતાં નથી.

પ્ર. ભંતે ! શું ભાવિતાત્મા અણગાર વૈક્રિય સમુદ્દ્યાતથી સમવહત થયેલ યાન રુપથી જઈ રહેલ દેવીને જાણે-જુવે છે ?

ઉ. ગૌતમ ! ૧. કોઈ દેવીને જુવે છે. પરંતુ યાનને જોતાં નથી.
૨. કોઈ યાનને જુવે છે, પરંતુ દેવીને જોતા નથી,
૩. કોઈ દેવીને પણ જુવે છે અને યાનને પણ જુવે છે.
૪. કોઈ દેવીને જોતાં નથી અને યાનને પણ જોતાં નથી.

પ્ર. ભંતે ! શું ભાવિતાત્મા અણગાર વૈક્રિય સમુદ્દ્યાતથી સમવહત તથા યાનરુપથી જઈ રહેલ દેવી સહિત દેવને જાણે-જુવે છે ?

ઉ. ગૌતમ ! ૧. કોઈ દેવી સહિત દેવને જુવે છે, પરંતુ યાનને જોતાં નથી.
૨. કોઈ યાનને જુવે છે, પરંતુ દેવી સહિત દેવને જોતાં નથી.
૩. કોઈ દેવી સહિત દેવને પણ જુવે છે અને યાનને પણ જુવે છે.
૪. કોઈ દેવી સહિત દેવને જોતાં નથી અને યાનને પણ જોતાં નથી.

**૧૨૪. ભાવિતાત્મા અણગાર દ્વારા વૃક્ષની અંદર અને બહાર જોવાનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! ભાવિતાત્મા અણગાર શું વૃક્ષનાં આંતરિક ભાગને જુવે છે કે બાહ્ય ભાગને જુવે છે ?

ઉ. ગૌતમ ! ૧. કોઈ વૃક્ષનાં આંતરિક ભાગને તો જુવે છે. પરંતુ બાહ્ય ભાગને જોતાં નથી.
૨. કોઈ વૃક્ષનાં બાહ્ય ભાગને જુવે છે, પરંતુ આંતરિક ભાગને જોતાં નથી.
૩. કોઈ વૃક્ષનાં આંતરિક ભાગને પણ જુવે છે અને કોઈ વૃક્ષનાં બાહ્ય ભાગને પણ જુવે છે.

જૈન સાઇટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

४. अत्थेगइए रूक्खस्स णो अंतो पासइ, णो बाहिं पासइ। - विया. स. ३, उ. ४, सु. ४/१

**१२५. भावियप्पमणगारेणं मूलाइं पासण परूवणं-**

प. अणगारे णं भंते ! भावियप्पा रूक्खस्स किं मूलं पासइ, कंदं पासइ ?

उ. गोयमा ! १. अत्थेगइए रूक्खस्स मूलं पासइ, णो कंदं पासइ,

२. अत्थेगइए रूक्खस्स कंदं पासइ, णो मूलं पासइ,

३. अत्थेगइए रूक्खस्स मूलं पि पासइ, कंदं पि पासइ,

४. अत्थेगइए रूक्खस्स णो मूलं पासइ, णो कंदं पासइ।

प. अणगारे णं भंते ! भावियप्पा रूक्खस्स किं मूलं पासइ, खंधं पासइ ?

उ. गोयमा ! ***चउभंगो।***

***एवं मूलेणं -जाव- बीजं संजोएयव्वं,***

***एवं कंदेण वि समं बीयं संजोएयव्वं -जाव- बीयं।***

***एवं -जाव- पुप्फेण समं बीयं संजोएयव्वं।***

प. अणगारे णं भंते ! भावियप्पा रूक्खस्स किं फलं पासइ, बीयं पासइ ?

उ. गोयमा ! ***चउभंगो।***

- विया. स. ३, उ. ४, सु. ४-५

**१२६. छउमत्थयाइहिं परमाणुपोग्गलाईणं जाणणं पासणं-**

तए णं भगवे गोयमे समणेणं भगवया महावीरेणं एवं वुत्ते समाणे हट्ठ तुट्ठ समणं भगवं महावीरं वंदइ नमंसइ वंदित्ता नमंसित्ता एवं वयासी-

प. छउमत्थे णं भंते ! मणुस्से परमाणुपोग्गलं किं जाणइ पासइ, उदाहु न जाणइ, न पासइ ?

उ. गोयमा ! अत्थेगइए जाणइ, न पासइ,

अत्थेगइए न जाणइ, न पासइ।

૪. કોઈ વૃક્ષનાં આંતરિક ભાગને પણ જોતાં નથી અને બાહ્ય ભાગને પણ જોતાં નથી.

**૧૨૫. ભાવિતાત્મા અણગાર દ્વારા મૂળાદિ જોવાનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! ભાવિતાત્મા અણગાર શું વૃક્ષનાં મૂળને જુવે છે કે કંદને જુવે છે ?

ઉ. ગૌતમ ! ૧. કોઈ મૂળને જુવે છે, પરંતુ કંદને જોતાં નથી.

૨. કોઈ કંદને જુવે છે, પરંતુ મૂળને જોતાં નથી,

૩. કોઈ મૂળને પણ જુવે છે અને કંદને પણ જુવે છે,

૪. કોઈ મૂળને જોતાં નથી અને કંદને પણ જોતાં નથી.

પ્ર. ભંતે ! ભાવિતાત્મા અણગાર શું વૃક્ષનાં મૂળને જુવે છે કે સ્કંધને જુવે છે ?

ઉ. ગૌતમ ! ***ચાર-ચાર ભંગ પૂર્વવત્ કહેવા જોઈએ.***

***આ પ્રમાણે મૂળની સાથે બીજ સુધીનું સંયોજન કરી લેવું જોઈએ.***

***આ પ્રમાણે કંદની સાથે બીજ સુધીનું સંયોજન કરી લેવું જોઈએ.***

***આ પ્રમાણે પુષ્પની સાથે બીજ સુધીનું સંયોજન કરી લેવું જોઈએ.***

પ્ર. ભંતે ! શું ભાવિતાત્મા અણગાર વૃક્ષનાં ફળને જુવે છે કે બીજને જુવે છે ?

ઉ. ગૌતમ ! ***અહીં પણ પૂર્વોક્ત પ્રકારથી ચાર ભંગ કહેવા જોઈએ.***

**૧૨૬. છદ્મસ્થાદિ દ્વારા પરમાણુ પુદ્દગલાદિનું જાણવું-જોવું.**

(ત્યારબાદ) ભગવાન ગૌતમને શ્રમણ ભ. મહાવીરનાં આ વર્ણનને સાંભળીને હ્રષ્ટતુષ્ટ થઈને ભ. મહાવીર સ્વામીને વંદન નમસ્કાર કર્યા અને વંદન નમસ્કાર કરી આ પ્રમાણે પૂછ્યું -

પ્ર. ભંતે ! શું છદ્મસ્થ મનુષ્ય પરમાણુ પુદ્દગલને જાણે-જુવે છે અથવા જાણતાં-જોતાં નથી ?

ઉ. ગૌતમ ! કોઈ છદ્મસ્થ મનુષ્ય જાણે છે, પરંતુ જોતા નથી,

કોઈ જાણતાં પણ નથી અને જોતા પણ નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

***एवं दुपदेसिए -जाव- असंखेज्जपएसियं खंधं भाणियव्वं।***

प. छउमत्थे णं भंते ! मणूसे अणंतपएसियं खंधं किं जाणइ पासइ, उदाहु न जाणइ, न पासइ ?

उ. गोयमा ! १. अत्थेगइए जाणइ, पासइ,

२. अत्थेगइए जाणइ, न पासइ,

३. अत्थेगइए न जाणइ, पासइ,

४. अत्थेगइए न जाणइ, न पासइ,

***जहा छउमत्थे तहा आहोहिए वि -जाव- अणंतपएसिए खंधे।***

प. परमाहोहिए णं भंते ! मणूसे परमाणु पोग्गलं किं जाणइ पासइ ?

उ. हंता, गोयमा ! जाणइ पासइ **एवं -जाव-** अणंत पएसियं खंधं जाणइ पासइ।

प. परमाहोहिए णं भंते ! मणूसे परमाणुपोग्गलं जं समयं जाणइ, तं समयं पासइ, जं समयं पासइ, तं समयं जाणइ ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"परमाहोहिए णं मणूसे परमाणुपोग्गलं जं समयं जाणइ, नो तं समयं पासइ, जं समयं पासइ, नो तं समयं जाणइ ?"

उ. गोयमा ! सागारे से नाणे भवइ, अणागारे से दंसणे भवइ।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ -

"परमाहोहिए **-जाव-** जं समयं पासइ, नो तं समयं जाणइ।

***एवं -जाव- अणंतपएसियं खंधं।***

***जहा परमाहोहिए तहा केवली वि।***

- विया. स. १८, उ. ८, सु. १६-२३

***આ પ્રમાણે દ્વિ પ્રદેશી સ્કંધથી અસંખ્યાત પ્રદેશી સ્કંધ સુધી કહેવું જોઈએ.***

પ્ર. ભંતે ! શું છદ્મસ્થ મનુષ્ય અનન્ત પ્રદેશી સ્કંધને જાણે-જુવે છે. અથવા જાણતાં-જોતા નથી ?

ઉ. ગૌતમ ! ૧. કોઈ જાણે છે અને જુવે છે.

૨. કોઈ જાણે છે, પરંતુ જોતાં નથી,

૩. કોઈ જાણતાં નથી, પરંતુ જુવે છે,

૪. કોઈ જાણતાં પણ નથી અને જોતાં પણ નથી.

***જે પ્રમાણે છદ્મસ્થનું વર્ણન કરેલ છે તેજ પ્રમાણે આધોવધિનું વર્ણન અનન્ત પ્રદેશી સ્કંધ સુધી સમજી લેવું જોઈએ.***

પ્ર. ભંતે ! શું પરમાવધિજ્ઞાની મનુષ્ય પરમાણુ પુદ્ગલને જાણે-જુવે છે ?

ઉ. હા ગૌતમ ! જાણે જુવે છે. **આ પ્રમાણે -યાવત્-** અનન્ત પ્રદેશી સ્કંધને જાણે - જુવે છે.

પ્ર. ભંતે ! પરમાવધિજ્ઞાની મનુષ્ય પરમાણુ પુદ્ગલને જે સમય જાણે છે શું તે જ સમય જુવે છે અને જે સમયે જુવે છે શું તેજ સમયે જાણે છે ?

ઉ. ગૌતમ ! તે શક્ય નથી.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"પરમાવધિજ્ઞાની પરમાણું પુદ્ગલને જે સમય જાણે છે તેજ સમયે દેખતાં નથી અને જે સમયે દેખે છે તેજ સમયે જાણતાં નથી ?"

ઉ. ગૌતમ ! પરમાવધિજ્ઞાનીનું જ્ઞાન સાકાર હોય છે અને દર્શન અનાકાર હોય છે.

માટે હે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"પરમાવધિજ્ઞાની **-યાવત્-** જે સમયે જુવે છે તે જ સમયે જાણતાં નથી."

***આ પ્રમાણે -યાવત્- અનન્ત પ્રદેશી સ્કંધ સુધી કહેવું જોઈએ.***

***જે પ્રમાણે પરમાવધિજ્ઞાનીનાં વિષયમાં કહ્યુ છે તેજ પ્રમાણે કેવળજ્ઞાનીનાં માટે પણ કહેવું જોઈએ.***

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**१२७. निज्जरा पुग्गलाणं जाणण-पासण परूवणं-**

प. अणगारस्स णं भंते ! भावियप्पणो सव्वं कम्मं वेएमाणस्स, सव्वं कम्मं निज्जरेमाणस्स, सव्वं मारं मरमाणस्स, सव्वं सरीरं विप्पजहमाणस्स, चरिमं कम्मं वेएमाणस्स, चरिमं कम्मं निज्जरेमाणस्स, चरिमं मारं मरमाणस्स, चरिमं सरीरं विप्पजहमाणस्स, मारणंतियं कम्मं वेएमाणस्स, मारणंतियं कम्मं निज्जरेमाणस्स, मारणंतियं मारं मरमाणस्स, मारणंतियं सरीरं विप्पजहमाणस्स जे चरिमा निज्जरापोग्गला सुहुमा णं ते पोग्गला पण्णत्ता, समणाउसो ! सव्वं लोगं पि य ते ओगाहित्ता णं चिट्ठंति ?

उ. हंता, गोयमा ! अणगारस्स णं भावियप्पणो सव्वं कम्मं वेएमाणस्स **-जाव-** जे चरिमा निज्जरा-पोग्गला सुहुमाणं ते पोग्गला पण्णत्ता, समणाउसो ! सव्वं लोगं पि णं ते ओगाहित्ता णं चिट्ठंति।

प. छउमत्थे णं भंते ! मणुस्से तेसिं निज्जरापोग्गलाणं किंचि आणत्तं वा, नाणत्तं वा, ओमत्तं वा, तुच्छत्तं वा, गरूयत्तं वा, लहुयत्तं वा जाणइ पासइ ?

उ. गोयमा ! नो इणट्ठे समट्ठे।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"छउमत्थे णं मणुस्से तेसिं निज्जरापोग्गलाणं नो किंचि आणत्तं वा, नाणत्तं वा, ओमत्तं वा, तुच्छत्तं वा, गरूयत्तं वा, लहुयत्तं वा जाणइ पासइ ?"

उ. गोयमा ! देवे वि य णं अत्थेगइए जे णं तेसिं निज्जरापोग्गलाणं नो किंचि आणत्तं वा, नाणत्तं वा, ओमत्तं वा, तुच्छत्तं वा, गुरूयत्तं वा, लहुयत्तं वा जाणइ पासइ।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"छउमत्थे णं मणुस्से तेसिं निज्जरापोग्गलाणं नो किंचि आणत्तं वा, नाणत्तं वा, ओमत्तं वा, तुच्छत्तं वा, गरूयत्तं वा, लहुयत्तं वा, जाणइ पासइ, सुहुमाणं ते पोग्गला पण्णत्ता, समणाउसो ! सव्वलोगं पि य णं ते ओगाहित्ता चिट्ठंति।"[1]

- पण्ण. प. १५, सु. ९९३-९९४

**१२७. निर्जरा पुद्गलोनुं जाणवा-जोवानुं प्ररुपण :**

प्र. भंते ! भावितात्मा अणगारे बधा कर्मोने वेदता, सर्व कर्मोनी निर्जरा करता, समस्त मरणोथी मरता, सर्व शरीरने छोडता, चरम कर्मने वेदता, चरम कर्मनी निर्जरा करता, चरम मरणथी मरता, चरम शरीरने छोडता अने मारणान्तिक कर्मने वेदता, मारणांतिक कर्मनी निर्जरा करता, मारणांतिक मरणथी मरता, मारणांतिक शरीरने छोडता, जे चरम निर्जरानां पुद्गल छे. शुं ते पुद्गल - सूक्ष्म कह्या छे ? हे आयुष्मन् श्रमण ! शुं ते पुद्गल समग्र लोकमां अवगाहन करीने रहेल छे ?

उ. हा गौतम ! पूर्वोक्त भावितात्मा अणगार बधा कर्मोने वेदतां **-यावत्-** ते चरम निर्जरानां पुद्गल सूक्ष्म कह्या छे अने हे आयुष्मन् श्रमण ! ते पुद्गल समग्र लोकमां अवगाहन करीने रहेल छे.

प्र. भंते ! शुं छद्मस्थ मनुष्य ते निर्जरा पुद्गलोनां अन्यत्व, नानात्व, हीनत्व, तुच्छत्व, गुरुत्व के लघुत्वने जाणे-जुवे छे ?

उ. गौतम ! ते अर्थ समर्थ नथी.

प्र. भंते ! शा माटे एवुं कहेवाय छे के -

"छद्मस्थ मनुष्य ते निर्जरा पुद्गलोनां अन्यत्व, नानात्व, हीनत्व, तुच्छत्व, गुरुत्व के लघुत्वने जाणतां जोतां नथी ?"

उ. गौतम ! कोई पण देव ते निर्जरा पुद्गलोने अन्यत्व, नानात्व, हीनत्व, तुच्छत्व, गुरुत्व के लघुत्वने जरा पण जाणतां जोता नथी.

माटे हे गौतम ! एवुं कहेवाय छे के -

"छद्मस्थ मनुष्य निर्जरा पुद्गलोने अन्यत्व, नानात्व, हीनत्व, तुच्छत्व, गुरुत्व के लघुत्वने जाणतां जोतां नथी. कारणके - हे आयुष्मन् श्रमण ! ते पुद्गल सूक्ष्म छे अने संपूर्ण लोकनी अवगाहन करीने स्थित छे."

१. विया. स. १८, उ. ३, सु. ८-९ (१)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**१२८. चउवीसदंडएसु आहारपोग्गल जाणणं-पासणं-आहारण परूवणं च-**

प. **दं. १.** णेरइया णं भंते ! जे पोग्गले आहारत्ताए गेण्हंति ते किं जाणंति, पासंति, आहारेंति ?

उदाहु ण जाणंति, ण पासंति, आहारेंति ?

उ. गोयमा ! ण जाणंति, ण पासंति, आहारेंति।

**दं. २-१८.** *एवं -जाव- तेइंदिया।*

प. **दं. १९.** चउरिंदिया णं भंते ! जे पोग्गले आहारत्ताए गेण्हंति ते किं जाणंति, पासंति, आहारेंति,

उदाहु ण जाणंति, ण पासंति, आहारेंति ?

उ. गोयमा ! अत्थेगइया ण जाणंति, पासंति, आहारेंति,

अत्थेगइया ण जाणंति, ण पासंति, आहारेंति।

प. **दं. २०.** पंचेंदिय-तिरिक्खजोणिया णं भंते ! जे पोग्गले आहारत्ताए गेण्हंति ते किं जाणंति, पासंति, आहारेंति ?

उदाहु ण जाणंति, ण पासंति, आहारेंति ?

उ. गोयमा ! १. अत्थेगइया जाणंति, पासंति, आहारेंति,

२. अत्थेगइया जाणंति, ण पासंति, आहारेंति,

३. अत्थेगइया ण जाणंति, पासंति, आहारेंति,

४. अत्थेगइया ण जाणंति, ण पासंति, आहारेंति।

**दं. २१.** *एवं मणूसाण वि।*

**दं. २२-२३.** *वाणमंतर जोइसिया जहा णेरइया।*

**૧૨૮. ચોવીસ દંડકોમાં આહાર પુદ્‌ગલોને જાણવું-જોવું અને આહાર કરવાનું પ્રરુપણ :**

પ્ર. **દં.૧.** ભંતે ! નૈરયિક જે પુદ્‌ગલોને આહારનાં રુપમાં ગ્રહણ કરે છે શું તે એને જાણે છે, જુવે છે અને તેનો આહાર કરે છે ?

અથવા જાણતાં નથી, જોતા નથી અને આહાર કરે છે ?

ઉ. ગૌતમ ! તે જાણતાં નથી અને જોતાં નથી પરંતુ તેનો આહાર કરે છે.

***દં.૨-૧૮. આ પ્રમાણે ત્રેઈન્દ્રિય સુધી જાણવું જોઈએ.***

પ્ર. **દં. ૧૯.** ભંતે ! ચઉરેન્દ્રિય જે પુદ્‌ગલોને આહારનાં રુપમાં ગ્રહણ કરે છે શું તે એને જાણે છે, જુવે છે અને તેનો આહાર કરે છે ?

અથવા જાણતાં નથી. જોતા નથી અને આહાર કરે છે ?

ઉ. ગૌતમ ! કોઈ જાણતાં નથી, પરંતુ જુવે છે અને આહાર કરે છે.

કોઈ જાણતાં નથી, જોતા નથી, પરંતુ આહાર કરે છે.

પ્ર. **દં.૨૦.** ભંતે ! પંચેન્દ્રિય તિર્યંચયોનિક જે પુદ્‌ગલોને આહારનાં રુપમાં ગ્રહણ કરે છે શું તે એને જાણે છે, જુવે છે અને તેનો આહાર કરે છે ?

અથવા જાણતાં નથી, જોતા નથી અને આહાર કરે છે ?

ઉ. ગૌતમ ! ૧. કોઈ જાણે છે, જુવે છે અને આહાર કરે છે.

૨. કોઈ જાણે છે, જોતા નથી, પરંતુ આહાર કરે છે,

૩. કોઈ જાણતાં નથી પરંતુ જુવે છે, આહાર કરે છે.

૪. કોઈ જાણતાં નથી, જોતા નથી, પરંતુ આહાર કરે છે.

***દં.૨૧. આ પ્રમાણે મનુષ્યોનાં પણ આહાર જાણવા જોઈએ.***

***દં.૨૨-૨૩. વાણવ્યંતર, જ્યોતિષીઓનું વર્ણન નૈરયિકોનાં સમાન છે.***

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

प. दं. २४. वेमाणिया णं भंते ! जे पोग्गले आहारत्ताए गेण्हंति, जाणंति, पासंति, आहारेंति ?

उदाहु ण जाणंति, ण पासंति, आहारेंति।

उ. गोयमा ! १. अत्थेगइया जाणंति, पासंति, आहारेंति,

२. अत्थेगइया ण जाणंति, ण पासंति, आहारेंति।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

१. "अत्थेगइया जाणंति, पासंति, आहारेंति,

२. अत्थेगइया ण जाणंति, ण पासंति, आहारेंति ?

उ. गोयमा ! वेमाणिया दुविहा पण्णत्ता, तं जहा-

१. माइमिच्छद्दिट्ठि उववण्णगा य,

२. अमाइसम्मद्दिट्ठि उववण्णगा।

**एवं जाव-**

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

१. अत्थेगइया जाणंति, पासंति, आहारेंति,

२. अत्थेगइया ण जाणंति, ण पासंति, आहारेंति।

- पण्ण. प. ३४, सु. २०४०-२०४६

પ્ર. દં.૨૪. ભંતે ! વૈમાનિક દેવ જે પુદ્દગલોને આહારનાં રુપમાં ગ્રહણ કરે છે શું તે એને જાણે છે, જુવે છે અને તેનો આહાર કરે છે ?

અથવા જાણતાં નથી, જોતાં નથી અને આહાર કરે છે ?

ઉ. ગૌતમ ! ૧. કોઈ જાણે છે, જુવે છે, આહાર કરે છે,

૨. કોઈ જાણતાં નથી, જોતાં નથી, આહાર કરે છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

૧. કોઈ જાણે છે, જુવે છે, આહાર કરે છે.

૨. કોઈ જાણતાં નથી, જોતાં નથી, આહાર કરે છે ?

ઉ. ગૌતમ ! વૈમાનિક બે પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. માયીમિથ્યાદષ્ટિ-ઉપપન્નક,

૨. અમાયી સમ્યગ્દષ્ટિ-ઉપપન્નક.

**આ પ્રમાણે -યાવત્-**

ગૌતમ ! એવું કહેવાય છે કે -

૧. કોઈ જાણે છે, જુવે છે, આહાર કરે છે,

૨. કોઈ જાણતાં નથી, જોતા નથી, આહાર કરે છે.

## १२९. पट्ठस्स छप्पगारा -

छव्विह पट्ठे पण्णत्ते, तं जहा-

१. संसयपट्ठे,

२. वुग्गहपट्ठे,

३. अणुजोगी,

४. अणुलोमे,

५. तहणाणे,

६. अतहणाणे[1]। - ठाणं अ. ६, सु. ५३४

## ૧૨૯. પ્રશ્નનાં છ પ્રકાર :

પ્રશ્ન છ પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. **સંશયપ્રશ્ન** : સંશયને દૂર કરવા માટે પૂછાયેલ,

૨. **વ્યુદ્દગ્રહપ્રશ્ન** : કપટથી બીજાને પરાજીત કરવા માટે પૂછાયેલ,

૩. **અનુયોગી** : વ્યાખ્યા માટે પૂછાયેલ,

૪. **અનુલોમ** : કુશળ કામનાથી પૂછાયેલ,

૫. **તથાજ્ઞાન** : સ્વયં જાણતા હોવા છતાં પણ બીજાની જ્ઞાનવૃદ્ધિનાં માટે પૂછાયેલ,

૬. **અયથાજ્ઞાન** : સ્વયં ન જાણવાની સ્થિતિમાં પૂછાયેલ.

## १३०. विवक्खया हेऊ- अहेऊ भेय परूवणं-

१. पंच हेऊ पण्णत्ता, तं जहा-

१. हेऊं ण जाणइ,

२. हेऊं ण पासइ,

## ૧૩૦. વિવક્ષાથી હેતુ- અહેતુનાં ભેદોનું પ્રરુપણ :

૧. પાંચ હેતુ (અનુમાન વ્યવહારી) કહ્યા છે, જેમકે -

૧. હેતુને જાણતાં નથી,

૨. હેતુને જોતા નથી,

---

१. ठाणं अ. ३, उ. २, सु. १७१

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | |
|---|---|
| ३. हेऊं ण बुज्झइ, | ૩. હેતુ પર શ્રદ્ધા કરતા નથી, |
| ४. हेऊं णाभिगच्छइ, | ૪. હેતુને પ્રાપ્ત કરતા નથી, |
| ५. हेऊं अन्नाणमरणं मरइ। | ૫. અધ્યવસાયનાં દ્વારા અજ્ઞાનમરણથી મરે છે. |
| २. पंच हेऊ पण्णत्ता, तं जहा- हेऊणा ण जाणइ **-जाव-** हेउणा अन्नाणमरणं मरइ। | ૨. પાંચ હેતુ કહ્યા છે, જેમકે - ૧. હેતુથી જાણતાં નથી **-યાવત્-** ૫. અજ્ઞાન મરણથી મરે છે. |
| ३. पंच हेऊ पण्णत्ता, तं जहा- हेऊ जाणइ **-जाव-** हेउं छउमत्थमरणं मरइ। | ૩. પાંચ હેતુ કહ્યા છે, જેમકે - ૧. હેતુને જાણે છે **-યાવત્-** ૫. સહેતુક છદ્મસ્થ મરણ મરે છે. |
| ४. पंच हेऊ पण्णत्ता, तं जहा- हेउणा जाणइ **-जाव-** हेउणा छउमत्थमरणं मरइ। | ૪. પાંચ હેતુ (અનુમાન) કહ્યા છે, જેમકે - ૧. હેતુથી જાણે છે **-યાવત્-** ૫. સહેતુક છદ્મસ્થ મરણથી મરે છે. |
| १. पंच अहेऊ पण्णत्ता, तं जहा- अहेउं ण जाणइ **-जाव-** अहेउं छउमत्थमरणं मरइ। | ૧. પાંચ અહેતુ કહ્યા છે, જેમકે - ૧. અહેતુને જાણતાં નથી **-યાવત્-** ૫. અહેતુક છદ્મસ્થ મરણથી મરે છે. |
| २. पंच अहेऊ पण्णत्ता, तं जहा- अहेउणा ण जाणइ **-जाव-** अहेउणा छउमत्थमरणं मरइ। | ૨. પાંચ અહેતુ કહ્યા છે, જેમકે - ૧. અહેતુથી જાણતાં નથી **-યાવત્-** ૫. અહેતુક છદ્મસ્થ મરણથી મરે છે. |
| ३. पंच अहेऊ पण्णत्ता, तं जहा- अहेउ जाणइ **-जाव-** अहेउं केवलिमरणं मरइ।[1] | ૩. પાંચ અહેતુ કહ્યા છે, જેમકે - ૧. અહેતુને જાણે છે **-યાવત્-** ૫. અહેતુક કેવળી મરણ મરે છે. |
| ४. पंच अहेऊ पण्णत्ता, तं जहा- अहेउणा जाणइ **-जाव-** अहेउणा केवलिमरणं मरइ। - ठाणं. अ. ५, उ. १, सु. ४१० | ૪. પાંચ અહેતુ કહ્યા છે, જેમકે - ૧. અહેતુથી જાણે છે **-યાવત્-** ૫. અહેતુક કેવળી મરણથી મરે છે. |

| | |
|---|---|
| **१३१. पगारान्तरेण हेऊ भेय परूवणं-** | **૧૩૧. પ્રકારાન્તરથી હેતુનાં ભેદોનું પ્રરુપણ :** |
| हेऊ चउव्विहे पण्णत्ते, तं जहा- | હેતુ ચાર પ્રકારનાં કહ્યા છે, જેમકે - |
| १. जावए, | ૧. **યાપક :** વિશેષણ બહુલ હેતુ : જેને પ્રતિવાદી જલ્દી ન સમજી શકે, |
| २. थावए, | ૨. **સ્થાપક :** સાધ્યને જલ્દી સ્થાપિત કરનાર હેતુ, |
| ३. वंसए, | ૩. **વ્યંસક :** પ્રતિવાદીને ફસાવનાર હેતુ, |
| ४. लूसए। | ૪. **લૂષક :** છલનું નિરાકરણ કરનાર હેતુ. |
| **अहवा** - हेऊ चउव्विहे पण्णत्ते, तं जहा- | **અથવા** - હેતુ ચાર પ્રકારનાં કહ્યા છે, જેમકે - |
| १. पच्चक्खे, २. अणुमाणे, | ૧. પ્રત્યક્ષ, ૨. અનુમાન, |
| ३. ओवम्मे, ४. आगमे[2]। | ૩. ઉપમાન, ૪. આગમ. |

१. विया. स.५, उ. ७, सु. ३७-४४ २. अणु. सु. ४३६

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**अहवा**-हेऊ चउव्विहे पण्णत्ते, तं जहा-

१. अत्थि त्तं अत्थि सो हेऊ,

२. अत्थि त्तं णत्थि सो हेऊ,

३. णत्थि त्तं अत्थि सो हेऊ,

४. णत्थि त्तं णत्थि सो हेऊ।

– ठाणं. अ. ४, उ. ३, सु. ३३६

**અથવા** – હેતુ ચાર પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. વિધિ-સાધક : વિધિહેતુ

૨. વિધિ-સાધક : નિષેધ હેતુ,

૩. નિષેધ-સાધક : વિધિ હેતુ,

૪. નિષેધ-સાધક : નિષેધ હેતુ.

**१३२. दसविह वाददोसाणं परूवणं-**

दसविहे दोसे पण्णत्ते, तं जहा-

१. तज्जातदोसे,

२. मतिभंगदोसे,

३. पसत्थारदोसे,

४. परिहरणदोसे,

५. सलक्खण,

६. कारण,

७. हेउदोसे,

८. संकामणं,

९. निग्गह,

१०. वत्थुदोसे ॥ – ठाणं अ. १०. सु. ७४४

**૧૩૨. દસ પ્રકારનાં વાદ-દોષોનું પ્રરુપણ :**

દસ પ્રકારનાં દોષ કહ્યા છે, જેમકે -

૧. **તજ્જાત દોષ** : પ્રતિવાદીનાં વચનને સાંભળીને મૌન થઈ જવું,

૨. **મતિભંગ દોષ** : સમય પર ઉત્તર ન સુજવો,

૩. **પ્રશસ્ત દોષ** : સભ્ય કે સભાનાયકની તરફથી થનાર દોષ,

૪. **પરિહરણ દોષ** : સ્વસિદ્ધાન્તથી વિપરીત બાતનું વર્ણન કરવું,

૫. **સ્વલક્ષણ દોષ** : અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ, અસંભવ દોષોથી યુક્ત લક્ષણનું વર્ણન કરવું,

૬. **કારણદોષ** : સાધ્ય વગર પણ કારણનું રહેવું,

૭. **હેતુદોષ** : અસિદ્ધ, વિરુદ્ધ, અનૈકાંતિક દોષોથી યુક્તનું વર્ણન કરવું,

૮. **સંક્રમણ દોષ** : પ્રસ્તુત વિષયને છોડીને અપ્રસ્તુત વિષયની ચર્ચા કરવી,

૯. **નિગ્રહ દોષ** : છળ આદિનાં દ્વારા- પ્રતિવાદીને પરાજીત કરવું,

૧૦. **વસ્તુદોષ** : દોષયુક્ત પક્ષનું વર્ણન કરવું.

**१३३. वादस्स विसिट्ठ दोसाणं परूवणं-**

दसविहे विसेसे पण्णत्ते, तं जहा-

१. वत्थु,

२. तज्जायदोसे य,

३. दोसे,

४. एगट्ठिए इ य।

५. कारणे य,

**૧૩૩. વાદનાં વિશિષ્ટ દોષોનું પ્રરુપણ :**

દસ પ્રકારનાં વિશેષ (દોષ) કહ્યા છે, જેમકે -

૧. **વસ્તુદોષ વિશેષ** : પક્ષદોષનાં વિશેષ પ્રકાર.

૨. **તજ્જાત દોષ વિશેષ** : વ્યક્તિગત સ્ખલનાઓને પ્રગટ કરવા.

૩. **દોષવિશેષ** : અતિભંગ આદિ દોષોનાં વિશેષ પ્રકાર.

૪. **એકાર્થિક વિશેષ** : પર્યાયવાચી શબ્દોમાં નિરુક્ત્યર્થથી થનાર દોષ.

૫. **કારણવિશેષ** : ઉપાદાન અને નિમિત્તને છોડીને બીજાને કારણ માનવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

६. पडुप्पन्ने,

७. दोसे निच्चे,

८. अहियट्ठमे,

९. अत्तणा,

१०. उवणीए य विसेसेइ य ते दस।

- ठाणं अ. १०, सु. ७४४

૬. **પ્રત્યુત્પન્ન દોષ વિશેષ :** જે દોષનો સંબંધ વર્તમાન કાળથી હોય,

૭. **નિત્યદોષ વિશેષ :** વસ્તુને સર્વથા નિત્ય કે અનિત્ય માનવા પર પ્રાપ્ત થનાર દોષ,

૮. **અધિકદોષ વિશેષ :** વાદકાળમાં દૃષ્ટાંત નિગમ આદિનો અતિરિક્ત પ્રયોગ કરવો,

૯. **આત્મકૃત દોષ વિશેષ :** સ્વયં દ્વારા કૃતદોષ,

૧૦. **ઉપનીત દોષ વિશેષ :** જે દોષ બીજાનાં દ્વારા દૂષિત કરેલ છે.

**१३४. दसविहे सुद्धवायाणुओगे परूवणं-**

दसविहे सुद्धवायाणुओगे पण्णत्ते, तं जहा-

१. चंकारे,

२. मंकारे,

३. पिंकारे,

४. सेयंकारे,

५. सायंकारे,

६. एगत्ते,

७. पुहत्ते,

८. संजूहे,

९. संकामिए,

१०. भिन्ने। - ठाणं. अ. १०, सु. ७४४

**૧૩૪. દસ પ્રકારનાં શુદ્ધ વચનાનુયોગનું પ્રરુપણ :**

શુદ્ધ વચન (વાક્ય નિરપેક્ષપદો)ના અનુયોગ (વ્યાખ્યા) દસ પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. **ચંકાર** અનુયોગ : ચકારનાં અર્થનો વિચાર.

૨. **મંકાર** અનુયોગ : મકારનાં અર્થનો વિચાર,

૩. **પિંકાર** અનુયોગ : અપિનાં અર્થનો વિચાર,

૪. **સેયંકાર** અનુયોગ : "સે" અથવા "સેય"નાં અર્થનો વિચાર,

૫. **સાયંકાર** અનુયોગ : સાયં આદિ નિપાત શબ્દોનાં અર્થનો વિચાર,

૬. **એકત્વ** અનુયોગ : એક વચનનો વિચાર,

૭. **પૃથક્ત્વ** અનુયોગ : બહુવચનનો વિચાર,

૮. **સંયુથ** અનુયોગ : સમાસનો વિચાર,

૯. **સંક્રામિત** અનુયોગ : વિભક્તિ અને વચનનાં સંક્રમણનો વિચાર,

૧૦. **ભિન્ન** અનુયોગ : ક્રમભેદ, કાળભેદ આદિનો વિચાર,

**१३५. सोउजणाणं पगारा-**

१. सेलघण, २. कुडग, ३. चालिणी, ४. परिपुण्णग,

५. हंस, ६. महिस, ७. मेसे य।

८. मसग, ९. जलूग, १०. विराली, ११. जाहग, १२. गो,

१३. भेरि, १४. आभीरी॥ - नंदी. सु. ५१

**૧૩૫. શ્રોતાજનોનાં પ્રકાર :**

૧. શૈલઘન - ચિકણા ગોળ પત્થર, ૨. કુટક - ઘડો, ૩. ચાલની-ચારણી, ૪. પરિપૂર્ણક-સુઘરીનો માળો ૫. હંસ, ૬. મહિષ, ૭. મેષ, ૮. મશક, ૯. જલૌક-ઈતડી, ૧૦. બિલાડી, ૧૧. ઉંદરની જાતિ વિશેષ, ૧૨. ગાય, ૧૩. ભેરી, ૧૪. અહીર દંપતિ. આનાં સમાન શ્રોત્રાજન હોય છે.

**१३६. सोउजणाणं परिसदस्स पगारा-**

सा समासओ तिविहा पण्णत्ता, तं जहा-

१. जाणिया, २. अजाणिया, ३. दुव्वियड्ढा।

**૧૩૬. શ્રોતાજનોની પરિષદ્નાં પ્રકાર :**

સામાન્યથી તે પરિષદ્ (શ્રોત્રાઓનો સમૂહ) ત્રણ પ્રકારની કહી છે, જેમકે -

૧. જ્ઞાયિકા - વિજ્ઞ પરિષદ્, ૨. અજ્ઞાયિકા - અવિજ્ઞ પરિષદ્, ૩. દુર્વિગ્ધા પરિષદ્.

જૈન સાઇટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

१. **जाणिया जहा-**

खीरमिव जहा हंसा, जे घुट्टंति इह गुरु-गुणं समिद्धा।

दोसे अ विवज्जंति, तं जाणेह जाणियं परिसं॥

૧. **જ્ઞાયિકા પરિષદનું લક્ષણ આ પ્રમાણે છે -**

જેમ ઉત્તમ જાતિનાં રાજહંસ પાણીને છોડીને દૂધનું પાન કરે છે, તેવી જ રીતે ગુણ સંપન્ન શ્રોતા દોષોને છોડીને ગુણોને ગ્રહણ કરે છે. હે શિષ્ય ! આને જ જ્ઞાયિકા પરિષદ (સમજદારોનો સમૂહ) જાણવી જોઈએ.

२. **अजाणिया जहा -**

जो होइ पगइमहुरा, मियछावय-सीह-कुक्कुडय-भुआ।

रयणमिव असंठविया, अजाणिया सा भवे परिसा॥

૨. **અજ્ઞાયિકા પરિષદનું લક્ષણ આ પ્રમાણે છે -**

જે શ્રોતા હરણ (મૃગ) સિંહ અને કુક્કુટનાં અબોધ શિશુઓનાં સદૃશ સ્વભાવથી મધુર ભોળા-ભલા હોય છે, તેને જેવી શિક્ષા અપાય તે એને ગ્રહણ કરે છે. તે (ખાણથી નીકળેલ) રત્નની જેમ અસંસ્કૃત હોય છે. રત્નોને જેમ ચાહે બનાવી શકાય છે. એવી જ રીતે અનભિજ્ઞ શ્રોતાઓમાં યથેષ્ટ સંસ્કાર આપી શકાય છે. હે શિષ્ય ! આવા અબોધ જનોનાં સમૂહને અજ્ઞાયિકા પરિષદ જાણવી જોઈએ.

३. **दुव्विअड्ढा जहा-**

न य कत्थई निम्माओ, न य पुच्छइ परिभवस्स दोसेणं।

वत्थिव्व वायुपुण्णो, फुट्टइ गामिल्ल य दुव्विअड्ढो॥

- नंदी. सु. ५२-५४

૩. **દુર્વિદગ્ધા પરિષદનું લક્ષણ આ પ્રમાણે છે -**

જે પ્રમાણે અલ્પજ્ઞ પંડિત જ્ઞાનમાં અપૂર્ણ હોય છે. પરંતુ અપમાનનાં ભયથી કોઈ વિદ્વાનને કંઈ પૂછતા નથી. છતાં પણ પોતાની પ્રશંસા સાંભળીને મિથ્યા અભિમાનથી બસ્તિમશકની જેમ ફૂલેલ રહે છે. હે શિષ્ય ! આવા લોકોનાં સમૂહને દુર્વિદગ્ધા પરિષદ જાણવી જોઈએ.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

## १३७. चक्खुमंताणं पगारा-

तिविहे चक्खू पण्णत्ते, तं जहा-

१. एगचक्खू, २. बिचक्खू, ३. तिचक्खू,

१. छउमत्थे णं मणुस्से एगचक्खू,

२. देवे बिचक्खू,

३. तहारूवे समणे वा, माहणे वा, उप्पण्णणाण-दंसणधरे तिचक्खूत्ति वत्तव्वं सिया।

- ठाणं. अ. ३, सु. २१२

## ૧૩૭. ચક્ષુષ્માનોનાં પ્રકાર :

ચક્ષુષ્માન્ ત્રણ પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. એક-ચક્ષુ, ૨. દ્વિ-ચક્ષુ, ૩. ત્રિ-ચક્ષુ,

૧. છદ્મસ્થ મનુષ્ય એક-ચક્ષુ હોય છે.

૨. દેવ દ્વિ-ચક્ષુ હોય છે,

૩. અતિશય જ્ઞાન દર્શનને ધારણ કરનાર તથા રુપ શ્રમણ બ્રાહ્મણ ત્રિ-ચક્ષુ કહેવામાં આવે છે.

## १३८. णाय भेयप्पभेय परूवणं-

चउव्विहे णाए पण्णत्ते, तं जहा-

१. आहरणे,

२. आहरणतद्देसे,

३. आहरणतद्दोसे,

४. उवन्नासोवणए।

## ૧૩૮. જ્ઞાત (ઉદાહરણ)નાં ભેદ-પ્રભેદોનું પ્રરુપણ :

જ્ઞાત (ઉદાહરણ) ચાર પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. **આહરણ** - સામાન્ય ઉદાહરણ,

૨. **આહરણ તદ્દેશ** : એકદેશીય ઉદાહરણ,

૩. **આહરણ તદ્દોષ** : સાધ્યવિકળ આદિ ઉદાહરણ,

૪. **ઉપન્યાસોપનય** : પ્રતિવાદી દ્વારા કરાયેલ-વિરુદ્ધાર્થક ઉપનય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(१) आहरणे चउव्विहे पण्णत्ते, तं जहा-

१. अवाए,

२. उवाए,

३. ठवणाकम्मे,

४. पडुप्पन्नविणासी।

(२) आहरणतद्देसे चउव्विहे पण्णत्ते, तं जहा-

१. अणुसिट्ठी,

२. उवालंभे,

३. पुच्छा,

४. निस्सावयणे।

(३) आहरणतद्दोसे चउव्विहे पण्णत्ते, तं जहा-

१. अधम्मजुत्ते,

२. पडिलोमे,

३. अत्तोवणीए,

४. दुरोवणीए।

(४) उवन्नासोवणए चउव्विहे पण्णत्ते, तं जहा-

१. तव्वत्थुए,

२. तदन्नवत्थुए,

३. पडिणिभे,

४. हेऊ।

- ठाणं. अ. ४, उ. ३, सु. ३३५

(૧) આહરણ ચાર પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. **અપાય** : હેય ધર્મનું જ્ઞાપક દૃષ્ટાંત,

૨. **ઉપાય** : ગ્રાહ્ય વસ્તુનો ઉપાય બતાવનાર દૃષ્ટાંત,

૩. **સ્થાપના કર્મ** : સ્વમતની સ્થાપના માટે પ્રયુક્ત દૃષ્ટાન્ત,

૪. **પ્રત્યુત્પન્ન વિનાશી** : તત્કાળ ઉત્પન્ન- દૂષણનું નિરાકરણ કરવા માટે પ્રયુક્ત દૃષ્ટાંત.

(૨) આહરણ તદ્દેશ ચાર પ્રકારનાં કહ્યા છે, જેમકે-

૧. **અનુશિષ્ટિ** : પ્રતિવાદીનાં મંતવ્યનાં ઉચિત અંશને સ્વીકાર કરી અનુચિતનું નિરસન કરવું,

૨. **ઉપાલંભ** : બીજાનાં મતને તેની જ માન્યતાથી દૂષિત કરવું,

૩. **પૃચ્છા** : પ્રશ્ન પ્રતિપ્રશ્નોમાં જ પરમતને અસિદ્ધ કરવું,

૪. **નિઃશ્રાવચન** : અન્યનાં બહાને અન્યને શિક્ષા આપવી.

(૩) આહરણતદ્દોષ ચાર પ્રકારનાં કહ્યા છે, જેમકે-

૧. **અધર્મયુક્ત** : અધર્મબુદ્ધિ ઉત્પન્ન કરનાર દૃષ્ટાંત,

૨. **પ્રતિલોમ** : અપસિદ્ધાન્તનું પ્રતિપાદક દૃષ્ટાંત,

૩. **આત્મોપનીત** : પરમતદૂષક દૃષ્ટાંત દ્વારા સ્વમતનું પણ દૂષિત થઈ જવું,

૪. **દુરુપનીત** : દોષપૂર્ણ નિગમનવાળા દૃષ્ટાંત.

(૪) ઉપન્યાસોપનય ચાર પ્રકારનાં કહ્યા છે, જેમકે-

૧. **તદ્વસ્તુક** : વાદીનાં હેતુ દ્વારા તેનું જ નિરસન કરવું,

૨. **તદન્ય વસ્તુક** : ઉપન્યસ્ત વસ્તુથી અન્યમાં પણ પ્રતિવાદીની વાતને પકડીને તેને હરાવી દેવું,

૩. **પ્રતિનિભ** : વાદીનાં સદૃશ હેતુ બનાવીને તેના હેતુને અસિદ્ધ કરી દેવું,

૪. **હેતુ** : ઉદાહરણ બતાવીને અન્યનાં પ્રશ્નનું સમાધાન કરી દેવું.

## १३९. कव्व पगारा-

चउव्विहे कव्वे पण्णत्ते, तं जहा-

१. गज्जे, २. पज्जे,

३. कत्थे, ४. गेए।

- ठाणं. अ. ४, उ. ४, सु. ३७९

## ૧૩૯. કાવ્યનાં પ્રકાર :

કાવ્ય ચાર પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. ગદ્ય, ૨. પદ્ય,

૩. કથ્ય, ૪. ગેય.

JAINSITE જૈન સાઇટ .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**१४०. वज्ज-नट्ट गीय-आभिणयाणं चउविहत्त परूवणं-**

चउव्विहे वज्जे पण्णत्ते, तं जहा-

१. तए, २. वियए,

३. घणे, ४. झुसिरे[1]।

चउव्विहे नट्टे पण्णत्ते, तं जहा-

१. अंचिए,

२. रिभिए,

३. आरभटे,

४. भसोले[2]।

चउव्विहे गेए पण्णत्ते, तं जहा-

१. उक्खित्तए,

२. पत्तए,

३. मंदए,

४. रोविंदए।

चउव्विहे अभिणए पण्णत्ते, तं जहा-

१. दिट्ठइए, २. पाडिसुए,

३. सामण्णओविणिवाइयं, ४. लोगमज्झावसिए।

- ठाणं. अ. ४, उ. ४, सु. ३७४

**૧૪૦. વાદ્ય-નૃત્ય-ગીત-અભિનયનાં ચતુર્વિધત્વનું પરુપણ :**

વાદ્ય ચાર પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. **તત-** વીણા આદિ, ૨. **વિતત** : ઢોલ આદિ,
૩. **ઘન**-કાંસ્ય તાલ આદિ, ૪. **ઝુષિર** : વાંસળી આદિ,

નાટ્ય ચાર પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. **અંચિત,** (ધીરે ધીરે નાચવું)

૨. **રિભિત,** (ગીતનાં સ્વરથી નાચવું)

૩. **આરભટ,** (ગાતાં ગાતાં નાચવું)

૪. **ભષોલ,** (ચેષ્ટાઓ બતાવીને નાચવું)

ગીત ચાર પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. **ઉત્ક્ષિપ્તક,** (આરંભમાં ધીમે સ્વરથી ગાવું)

૨. **પત્રક,** (મધ્યમાં ઉંચા સ્વરથી ગાવું)

૩. **મંદક,** (મંદ સ્વરથી ગીતને ઉતારવું)

૪. **રોવિન્દક,** (ધીમા સ્વરમાં પૂર્ણ કરીને ગાવું)

અભિનય ચાર પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. દાર્ષ્ટાન્તિક, ૨. પ્રાતિશ્રુત,

૩. સામાન્યતોવિનિપાતિક, ૪. લોકમધ્યાવસિત.

**१४१. मल्लालंकाराणं चउव्विहत्त परूवणं-**

चउव्विहे मल्ले पण्णत्ते, तं जहा-

१. गंथिमे,

२. वेढिमे,

३. पूरिमे,

४. संघाइमे।

चउव्विहे अलंकारे पण्णत्ते, तं जहा-

१. केसालंकारे, २. वत्थालंकारे,

३. मल्लालंकारे, ४. आभरणालंकारे।

- ठाणं. अ. ४, उ. ४, सु. ३७४

**૧૪૧. માળા અને અલંકારોનાં ચતુર્વિધત્વનું પ્રરુપણ :**

માળા ચાર પ્રકારની કહી છે, જેમકે -

૧. **ગ્રંથિમ** - ગુંથેલ,

૨. **વેષ્ટિમ** : ફૂલોમાં લપેટાયેલ,

૩. **પૂરિમ** : પુરાયેલ,

૪. **સંઘાતિમ** : એકથી બીજા પુષ્પને જોડીને બનાવેલ.

અલંકાર ચાર પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. કેશાલંકાર, ૨. વસ્ત્રાલંકાર,

૩. માલ્યાલંકાર, ૪. આભરણાલંકાર.

---

१. राय. सु. १०७ २. राय. सु. १०९

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## -: णाणज्झयणस्स अणुओग-पकरणं :-

## : જ્ઞાન અધ્યયનનું અનુયોગ પ્રકરણ :

**१४२. आवस्सगाणुओगपइण्णा-**

तत्थ चत्तारि नाणाइं ठप्पाइं ठवणिज्जाइं,

णो उद्दिसस्संति,

णो समुद्दिसस्संति,

णो अणुण्णविज्जंति,

सुयणाणस्स उद्देसो समुद्देसो अणुण्णा अणुओगो य पवत्तइ।

प. जइ सुयणाणस्स उद्देसो समुद्देसो अणुण्णा अणुओगो य पवत्तइ, किं अंगपविट्ठस्स-उद्देसो **-जाव-** अणुओगो य पवत्तइ ? **अहवा** अंगबाहिरस्स ?

उ. अंगपविट्ठस्स वि उद्देसो समुद्देसो अणुण्णा अणुओगो य पवत्तइ, अंगबाहिरस्स वि,

इमं पुण पट्ठवणं पडुच्च अंगबाहिरस्स अणुओगो।

प. जइ अंगबाहिरस्स उद्देसो समुद्देसो अणुण्णा अणुओगो य पवत्तइ, किं कालियस्स उद्देसो **-जाव-** अणुओगो य पवत्तइ ? **अहवा** उक्कालियस्स ?

उ. कालियस्स वि उद्देसो समुद्देसो अणुण्णा अणुओगो य पवत्तइ, उक्कालियस्स वि,

इमं पुण पट्ठवणं पडुच्च उक्कालियस्स अणुओगो।

प. जइ उक्कालियस्स उद्देसो समुद्देसो अणुण्णा अणुओगो य पवत्तइ, किं आवस्सगस्स-उद्देसो **-जाव-** अणुओगो य पवत्तइ ? **अहवा** आवस्सग-वइरित्तस्स ?

उ. आवस्सगस्स वि उद्देसो समुद्देसो अणुण्णा अणुओगो य पवत्तइ, आवस्सगवइरित्तस्स वि,

इमं पुण पट्ठवणं पडुच्च आवस्सगस्स अणुओगो।

- अणु. सु. २-५

**૧૪૨. આવશ્યકનાં અનુયોગની પ્રતિજ્ઞા :**

પાંચ જ્ઞાનોમાંથી ચાર જ્ઞાન (૧. મતિજ્ઞાન, ૨. અવધિજ્ઞાન, ૩. મનઃપર્યવજ્ઞાન, ૪. કેવળજ્ઞાન-વ્યવહાર યોગ્ય ન હોવાથી) સ્થાપ્ય છે અને સ્થાપનીય છે. (કારણકે આ ચાર જ્ઞાનોનાં ઉદ્દેશ્યથી)

ઉદ્દેશ (મૂળ પાઠનું વાંચન) થતું નથી,

સમુદ્દેશ (સ્થિરીકરણ) નથી કરાતું,

અનુજ્ઞા (અધ્યાપનની આજ્ઞા) અપાતી નથી (અને જેનો ઉદ્દેશ, સમુદ્દેશ અનુજ્ઞા હોતી નથી તેનો અનુયોગ પણ હોતો નથી.)

પરંતુ શ્રુતજ્ઞાનનાં ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞા અને અનુયોગ પ્રવૃત્ત હોય છે.

પ્ર. જો શ્રુતજ્ઞાનનાં ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞા અને અનુયોગ હોય છે તો શું તે ઉદ્દેશ **-યાવત્-** અનુયોગ અંગપ્રવિષ્ટ શ્રુતમાં હોય છે **અથવા** અંગબાહ્ય શ્રુતમાં હોય છે ?

ઉ. અંગ પ્રવિષ્ટ શ્રુતમાં પણ ઉદ્દેશ, સમુદ્દેશ અનુજ્ઞા અને અનુયોગ હોય છે અને અંગબાહ્ય શ્રુતમાં પણ હોય છે.

પરંતુ અહીં અંગબાહ્યની અપેક્ષાએ અનુયોગ કરાય છે.

પ્ર. જો અંગબાહ્ય શ્રુતમાં ઉદ્દેશ, સમુદ્દેશ અનુજ્ઞા અને અનુયોગ હોય છે તો શું તે ઉદ્દેશ **-યાવત્-** અનુયોગ કાલિકશ્રુતમાં હોય છે **અથવા** ઉત્કાલિક શ્રુતમાં હોય છે ?

ઉ. કાલિકશ્રુતમાં પણ ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞા અને અનુયોગ હોય છે અને ઉત્કાલિક શ્રુતમાં પણ હોય છે.

પરંતુ અહીં ઉત્કાલિક શ્રુતની અપેક્ષાએ અનુયોગ કરાય છે.

પ્ર. જો ઉત્કાલિક શ્રુતનાં ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞા અને અનુયોગ હોય છે તો શું તે ઉદ્દેશ **-યાવત્-** અનુયોગ આવશ્યકનાં હોય છે **અથવા** આવશ્યક વ્યતિરિક્ત શ્રુતનાં હોય છે ?

ઉ. આવશ્યક સૂત્રનાં પણ ઉદ્દેશ, સમુદ્દેશ અનુજ્ઞા અને અનુયોગ હોય છે અને આવશ્યકથી ભિન્ન શ્રુતનાં પણ હોય છે.

પરંતુ અહીં આવશ્યકનો અનુયોગ પ્રારંભ કરાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**१४३. आवस्सयाइपयनिक्खेवपइण्णा-**

प. जइ आवस्सयस्स अणुओगो-

आवस्सयण्णं किमंगं अंगाइं ?

सुयक्खंधो, सुयक्खंधा ?

अज्झयणं, अज्झयणाइं ?

उद्देसगो, उद्देसगा ?

उ. आवस्सयण्णं णो अंगं, णो अंगाइं,

सुयक्खंधो, णो सुयक्खंधा,

णो अज्झयणं, अज्झयणाइं,

णो उद्देसगो, णो उद्देसगा।

तम्हा आवस्सयं णिक्खिविस्सामि,

सुयं णिक्खिविस्सामि,

खंधं णिक्खिविस्सामि,

अज्झयणं णिक्खिविस्सामि।

जत्थ य णं जाणेज्जा, णिक्खेवं णिक्खिवे णिरवसेसं।
जत्थ वि य न जाणेज्जा, चउक्कयं निक्खिवे तत्थ॥१॥

- अणु. सु. ६-८

**૧૪૩. આવશ્યક આદિ પદનાં નિક્ષેપની પ્રતિજ્ઞા :**

પ્ર. જો આવશ્યકનો અનુયોગ છે તો -

શું તે આવશ્યક- એક અંગ રુપ છે કે અનેક અંગ રુપ છે ?

એક શ્રુતસ્કંધવાળા છે કે અનેક શ્રુતસ્કંધવાળા છે ?

એક અધ્યયનવાળા છે કે અનેક અધ્યયન-વાળા છે ?

એક ઉદ્દેશકવાળા છે કે અનેક ઉદ્દેશકવાળા છે?

ઉ. આવશ્યક શ્રુત એક અંગ નથી અને અનેક અંગ પણ નથી,

તે એક શ્રુતસ્કંધવાળા છે, અનેક શ્રુતસ્કંધવાળા નથી,

એક અધ્યયનવાળા નથી, અનેક અધ્યયનવાળા છે,

એક ઉદ્દેશકવાળા નથી, અનેક ઉદ્દેશકવાળા પણ નથી.

આવશ્યક સૂત્ર એક શ્રુતસ્કંધ અને અનેક અધ્યયન-વાળા છે, માટે આવશ્યકનો નિક્ષેપ કરીશ,

શ્રુતનો નિક્ષેપ કરીશ,

સ્કંધનો નિક્ષેપ કરીશ,

અધ્યયનનો નિક્ષેપ કરીશ.

જો નિક્ષેપોના જ્ઞાતા વસ્તુનાં બધા નિક્ષેપોને જાણે છે તો તેને તે બધાનું નિરુપણ કરવું જોઈએ અને જો બધા નિક્ષેપોને જાણતાં નથી તો ચાર (નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ) નિક્ષેપ તો કરવા જ જોઈએ.

**१४४. सामाइय अज्झयणस्स अणुओगो-**

तत्थ पढमज्झयणं सामाइयं तस्स णं इमे चत्तारि अणुओगद्दारा भवंति, तं जहा-

१. उवक्कमे, २. णिक्खेवे, ३. अणुगमे, ४. णए।

- अणु. सु. ७५

**૧૪૪. સામાયિક અધ્યયનનો અનુયોગ :**

(આવશ્યક સૂત્રમાં) પ્રથમ સામાયિક અધ્યયન છે અને આના ચાર અનુયોગદ્વાર છે, જેમકે -

૧. **ઉપક્રમ** (સ્વરુપ જાણવું), ૨. **નિક્ષેપ** (સ્થાપના કરવી), ૩. **અનુગમ** (વ્યાખ્યા કરવી), ૪. **નય** (વસ્તુનાં અનેક ધર્મોમાંથી એક ધર્મનું વર્ણન કરવું.)

***१. उवक्कमस्स णामाइं छं भेयाणं सरूवो -***

प. से किं तं उवक्कमे ?

उ. उवक्कमे-छव्विहे पण्णत्ते, तं जहा-

१. नामोवक्कमे, २. ठवणोवक्कमे, ३. दव्वोवक्कमे,

४. खेत्तोवक्कमे, ५. कालोवक्कमे, ६. भावोवक्कमे।

***१-२ नाम-ठवणाओ गयाओ।***

***૧. ઉપક્રમનાં નામાદિ છ ભેદોનું સ્વરુપ :***

પ્ર. ઉપક્રમ શું છે ?

ઉ. ઉપક્રમનાં છ ભેદ કહ્યા છે, જેમકે -

૧. નામ-ઉપક્રમ, ૨. સ્થાપના-ઉપક્રમ, ૩. દ્રવ્ય-ઉપક્રમ, ૪. ક્ષેત્ર-ઉપક્રમ, ૫. કાળ-ઉપક્રમ, ૬. ભાવ-ઉપક્રમ.

***૧-૨. નામ અને સ્થાપના-ઉપક્રમનું સ્વરુપ નામ અને સ્થાપના આવશ્યકનાં સમાન જાણવું જોઈએ.***

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. ३. से किं तं दव्वोवक्कमे ?

उ. दव्वोवक्कमे दुविहे पण्णत्ते, तं जहा-

१. आगमओ य, २. नो आगमओ य।

***सेसं जहा आवस्सयस्स दव्वोवक्कमे।***

प. से किं तं जाणयसरीरभवियसरीर वइरित्ते दव्वोवक्कमे ?

उ. जाणयसरीर भवियसरीर वइरित्ते दव्वोवक्कमे तिविहे पण्णत्ते, तं जहा-

१. सचित्ते, २. अचित्ते, ३. मीसए।

प. से किं तं सचित्तदव्वोवक्कमे ?

उ. सचित्तदव्वोवक्कमे तिविहे पण्णत्ते, तं जहा-

१. दुपयाणं, २. चउप्पयाणं, ३. अपयाणं।

एक्केक्के दुविहे पण्णत्ते, तं जहा-

१. परिक्कमे य, २. वत्थुविण्णासे य।

प. (क) से किं तं दुपए उवक्कमे ?

उ. दुपए उवक्कमे-दुपयाणं १. नडाणं, २. नट्टाणं, ३. जल्लाणं, ४. मल्लाणं, ५. मुट्ठियाणं, ६. वेलंबगाणं, ७. कहगाणं, ८. पवगाणं, ९. लासगाणं, १०. आइक्खगाणं, ११. लंखाणं, १२. मंखाणं, १३. तूणइल्लाणं, १४. तुंबवीणियाणं, १५. कायाणं, १६. मागहाणं।

***से तं दुपए उवक्कमे।***

प. (ख) से किं तं चउप्पए उवक्कमे ?

उ. चउप्पए उवक्कमे-चउप्पयाणं आसाणं, हत्थीणं इच्चाइ।

***से तं चउप्पए उवक्कमे।***

प. (ग) से किं तं अपए उवक्कमे ?

उ. अपए उवक्कमे अपयाणं-अंबाणं, अंबाडगाणं इच्चाइं।

***से तं अपए उवक्कमे।***

***से तं सचित्तदव्वोवक्कमे।***

प. से किं तं अचित्तदव्वोवक्कमे ?

પ્ર. ૩. દ્રવ્ય ઉપક્રમ શું છે ?

ઉ. દ્રવ્ય ઉપક્રમ બે પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. આગમ દ્રવ્ય-ઉપક્રમ, ૨. નો આગમ દ્રવ્ય-ઉપક્રમ. **બાકી વર્ણન આવશ્યકનાં દ્રવ્ય ઉપક્રમનાં સમાન કહેવું જોઈએ.**

પ્ર. જ્ઞાયક શરીર-ભવ્ય શરીર વ્યતિરિક્ત દ્રવ્ય ઉપક્રમ શું છે ?

ઉ. જ્ઞાયક શરીર-ભવ્ય શરીર વ્યતિરિક્ત દ્રવ્ય- ઉપક્રમ ત્રણ પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. સચિત્ત દ્રવ્ય-ઉપક્રમ, ૨. અચિત્ત દ્રવ્ય-ઉપક્રમ, ૩. મિશ્રદ્રવ્ય-ઉપક્રમ.

પ્ર. સચિત્તદ્રવ્યોપક્રમ શું છે ?

ઉ. સચિત્ત દ્રવ્યોપક્રમ ત્રણ પ્રકારનાં કહ્યા છે, જેમકે-

૧. દ્વિપદ, ૨. ચતુષ્પદ, ૩. અપદ.

આ પ્રત્યેક ઉપક્રમ પણ બે-બે પ્રકારના કહેવાય છે, જેમકે -

૧. પરિકર્મદ્રવ્યોપક્રમ, ૨. વસ્તુવિનાશ દ્રવ્યોપક્રમ.

પ્ર. (ક) દ્વિપદ- ઉપક્રમ શું છે ?

ઉ. દ્વિપદ ઉપક્રમ - ૧. નટ, ૨. નર્તકી, ૩. દોરડા ઉપર ચઢી ખેલ કરનાર, ૪. કુસ્તિ કરનાર, ૫. મુઠ્ઠીથી લડનાર, ૬. અનેક વેષ ધારણ કરનાર, ૭. કથા કરનાર, ૮. વાનરની પેઠે કૂદનાર, ૯. રાસડા ગાનાર, ૧૦. આખ્યાન દેનાર, ૧૧. વાંસ ઉપર ચઢી ખેલ કરનાર, ૧૨. મંખલિ જાતના ભિક્ષુકો, ૧૩. તૂણ નામનું વાજીંત્ર વગાડનાર, ૧૪. તુંબડાની વીણા વગાડનાર, ૧૫. કાવડિયાઓ અને ૧૬. ચારણ આદિ (બે પગવાળાનું પરિકર્મ અને વિનાશ કરવો.)

**આ દ્વિપદ ઉપક્રમ છે :**

પ્ર. (ખ) ચતુષ્પદોપક્રમ શું છે ?

ઉ. ચાર પગવાળા અશ્વ, હાથી આદિ પશુઓનાં ઉપક્રમને ચતુષ્પદોપક્રમ કહેવામાં આવે છે.

**આ ચતુષ્પદ ઉપક્રમ છે.**

પ્ર. (ગ) અપદ- દ્રવ્યોપક્રમ શું છે ?

ઉ. આમ, આમ્રાતક આદિ (વગર પગવાળા)નો ઉપક્રમ.

**આ અપદ ઉપક્રમ છે.**

**આ સચિત્ત દ્રવ્યોપક્રમ છે.**

પ્ર. અચિત્ત દ્રવ્યોપક્રમ શું છે ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उ. अचित्त दव्वोवक्कमे खंडाईणं गुडादीणं मच्छंडीणं।

**से तं अचित्तदव्वोवक्कमे।**

प. से किं तं मीसए दव्वोवक्कमे ?

उ. मीसए दव्वोवक्कमे से चेव थासग- आयंसगा- इमंडिए आसादी।

**से तं मीसए दव्वोवक्कमे।**

**से तं जाणयसरीर भवियसरीर वइरित्ते दव्वोवक्कमे।**

**से तं नो आगमओ दव्वोवक्कमे।**

**से तं दव्वोवक्कमे।**

प. ४. से किं तं खेत्तोवक्कमे ?

उ. खेत्तोवक्कमे जण्णं हल-कुलियादीहिं खेत्ताइं उवक्कामिज्जंति।

**से तं खेत्तोवक्कमे।**

प. ५. से किं तं कालोवक्कमे ?

उ. कालोवक्कमे जं णं नालियादीहिं कालस्सोवक्कमणं कीरइ।

**से तं कालोवक्कमे।**

प. ६. से किं तं भावोवक्कमे ?

उ. भावोवक्कमे दुविहे पण्णत्ते, तं जहा-

१. आगमओ य, २. नो आगमओ य।

प. से किं तं आगमओ भावोवक्कमे ?

उ. आगमओ भावोवक्कमे जाणए उवउत्ते।

**से तं आगमओ भावोवक्कमे।**

प. से किं तं नो आगमओ भावोवक्कमे ?

उ. नो आगमो भावोवक्कमे दुविहे पण्णत्ते, तं जहा-

१. पसत्थे य, २. अपसत्थे य।

प. से किं तं अपसत्थे भावोवक्कमे ?

उ. अपसत्थे भावोवक्कमे डोडिणि-गणियाऽमच्चाईणं।

**से तं अपसत्थे भावोवक्कमे।**

प. से किं तं पसत्थे भावोवक्कमे ?

उ. पसत्थे भावोवक्कमे गुरुमादीणं।

ઉ. ખાંડ, ગોળ, ખડીસાકર આદિનો ઉપક્રમ.

**આ અચિત્ત દ્રવ્યોપક્રમ છે.**

પ્ર. મિશ્ર દ્રવ્યોપક્રમ શું છે ?

ઉ. સ્થાસક (ઘોડાનું આભૂષણ) દર્પણ આદિથી વિભૂષિત અને (કુંકુમ આદિથી) મંડિત અશ્વાદિ સંબંધી ઉપક્રમ.

**આ મિશ્ર દ્રવ્યોપક્રમ છે.**

**આ જ્ઞાયક શરીર-ભવ્ય શરીર વ્યતિરિક્ત દ્રવ્યોપક્રમ છે.**

**આ નો- આગમ- દ્રવ્યોપક્રમ છે.**

**આ દ્રવ્યોપક્રમ છે.**

પ્ર. ૪. ક્ષેત્રોપક્રમ શું છે ?

ઉ. હળ, કુદાલી આદિ દ્વારા જે ક્ષેત્રને ઉપક્રાંત કરાય છે.

**આ ક્ષેત્રોપક્રમ છે.**

પ્ર. ૫. કાળોપક્રમ શું છે ?

ઉ. નાળી આદિનાં દ્વારા કાળનું યથાર્થ જ્ઞાન કરવું.

**આ કાલોપક્રમ છે.**

પ્ર. ૬. ભાવોપક્રમ શું છે ?

ઉ. ભાવોપક્રમ બે પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. આગમભાવોપક્રમ, ૨. નો આગમ ભાવોપક્રમ.

પ્ર. આગમ ભાવોપક્રમ શું છે?

ઉ. ઉપક્રમનાં અર્થનાં જ્ઞાતા અને તેના ઉપયોગથી યુક્ત.

**આ આગમ ભાવોપક્રમ છે.**

પ્ર. નો આગમભાવોપક્રમ શું છે ?

ઉ. નો આગમભાવોપક્રમ બે પ્રકારનાં કહ્યા છે, જેમકે-

૧. પ્રશસ્ત, ૨. અપ્રશસ્ત.

પ્ર. અપ્રશસ્ત ભાવોપક્રમ શું છે ?

ઉ. ડોડણી, (બ્રાહ્મણી) ગણિકા અને અમાત્યાદિનાં દ્વારા અન્યનાં ભાવોને જાણવા.

**આ અપ્રશસ્ત (નો આગમ) ભાવોપક્રમ છે.**

પ્ર. પ્રશસ્ત ભાવોપક્રમ શું છે ?

ઉ. ગુરુ આદિનાં અભિપ્રાયને યથાવત જાણવું.

जैन साइट JAINSITE.com जैनम् जयति शासनम्

***से तं पसत्थे भावोवक्कमे।***

***से तं नो आगमओ भावोवक्कमे।***

***से तं भावोवक्कमे।*** - अणु. सु. ७६-९१

**આ પ્રશસ્ત (નો આગમ) ભાવોપક્રમ છે.**

**આ નો આગમભાવોપક્રમ છે.**

**આ ભાવોપક્રમ છે.**

१४५. **उवक्कमस्स आणुपुव्वी आई छ भेया-**

**अहवा -** उवक्कमे छव्विहे पण्णत्ते, तं जहा-

१. आणुपुव्वी, २. नामं, ३. पमाणं,

४. वत्तव्वया, ५. अत्थाहिगारे, ६. समोयारे।

- अणु. सु. ९२

૧૪૫. ઉપક્રમનાં આનુપૂર્વી આદિ છ ભેદ :

**અથવા –** ઉપક્રમ છ પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. આનુપૂર્વી, ૨. નામ, ૩. પ્રમાણ,

૪. વક્તવ્યતા, ૫. અર્થાધિકાર, ૬. સમવતાર.

१४६. **आणुपुव्वी उवक्कमस्स भेयाणं सरूवो-**

प. से किं तं आणुपुव्वी ?

उ. आणुपुव्वी दसविहा पण्णत्ता, तं जहा-

१. नामाणुपुव्वी, २. ठवणाणुपुव्वी,

३. दव्वाणुपुव्वी, ४. खेत्ताणुपुव्वी,

५. कालाणुपुव्वी, ६. उक्कित्तणाणुपुव्वी,

७. गणणाणुपुव्वी, ८. संठाणाणुपुव्वी,

९. सामायारियाणुपुव्वी, १०. भावाणुपुव्वी।

***१-२ नाम-ठवणाओ तहेव।***

૧૪૬. આનુપૂર્વી ઉપક્રમનાં ભેદોનું સ્વરુપ :

પ્ર. આનુપૂર્વી શું છે ?

ઉ. આનુપૂર્વી દસ પ્રકારની કહી છે, જેમકે -

૧. નામાનુપૂર્વી, ૨. સ્થાપનાનુપૂર્વી,

૩. દ્રવ્યાનુપૂર્વી, ૪. ક્ષેત્રાનુપૂર્વી,

૫. કાલાનુપૂર્વી, ૬. ઉત્કીર્તનાનુપૂર્વી,

૭. ગણનાનુપૂર્વી, ૮. સંસ્થાનાનુપૂર્વી,

૯. સામાચાર્યાનુપૂર્વી, ૧૦. ભાવાનુપૂર્વી.

***૧-૨. નામ અને સ્થાપના આનુપૂર્વીનું સ્વરુપ નામ અને સ્થાપના આવશ્યકનાં સમાન છે.***

प. ३. से किं तं दव्वाणुपुव्वी ?

उ. दव्वाणुपुव्वी दुविहा पण्णत्ता, तं जहा-

१. आगमओ य, २. नो आगमओ य।

**सेसं तहेव-जाव-**जाणयसरीर-भवियसरीरवइरित्ता दव्वाणुपुव्वी-दुविहा पण्णत्ता, तं जहा-

१. उवणिहिया य,

२. अणोवणिहिया य।

तत्थ णं जा सा उवणिहिया सा ठप्पा।

तत्थ णं जा सा अणोवणिहिया सा दुविहा पण्णत्ता, तं जहा-

१. णेगम-ववहाराणं, २. संगहस्स य।

प. से किं तं णेगम-ववहाराणं अणोवणिहिया दव्वाणुपुव्वी ?

उ. णेगम-ववहाराणं अणोवणिहिया दव्वाणुपुव्वी पंचविहा पण्णत्ता, तं जहा-

પ્ર. ૩. દ્રવ્યાનુપૂર્વી શું છે ?

ઉ. દ્રવ્યાનુપૂર્વી બે પ્રકારની કહી છે. જેમકે -

૧. આગમથી, ૨. નો આગમથી.

**બાકીનું વર્ણન દ્રવ્યાવશ્યકનાં સમાન -યાવત્-** જ્ઞાયક શરીર ભવ્ય શરીર વ્યતિરિક્ત દ્રવ્યાનુપૂર્વી- બે પ્રકારની કહી છે, જેમકે -

૧. ઔપનિધિકી (ક્રમ વિશેષ) દ્રવ્યાનુપૂર્વી,

૨. અનૌપનિધિકી (વગર ક્રમ વિશેષ) દ્રવ્યાનુપૂર્વી.

આમાંથી ઔપનિધિકી દ્રવ્યાનુપૂર્વી સ્થાપનીય છે.

અનૌપનિધિકી દ્રવ્યાનુપૂર્વી બે પ્રકારની કહી છે, જેમકે -

૧. નૈગમ-વ્યવહારનય સમ્મત, ૨. સંગ્રહનયસમ્મત.

પ્ર. નૈગમનય વ્યવહારનય સમ્મત અનૌપનિધિકી દ્રવ્યાનુપૂર્વી શું છે ?

ઉ. નૈગમ - વ્યવહારનય સમ્મત દ્રવ્યાનુપૂર્વી પાંચ પ્રકારની કહી છે, જેમકે -

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

१. अट्ठपयपरूवणया, २. भंगसमुक्कित्तणया, ३. भंगोवदंसणया, ४. समोयारे, ५. अणुगमे।

- अणु. सु. ९३-९८

૧. અર્થપદપ્રરુપણતા (પદાર્થનું વર્ણન), ૨. ભંગસમુત્કીર્તનતા (ભંગોનો ઉચ્ચારણ), ૩. ભંગોપદર્શનતા (ભંગોને દેખાડવા), ૪. સમવતાર (મળવું), ૫. અનુગમ (વ્યાખ્યા).

**१४७. अट्ठपय परूवणाया-**

प. **१.** से किं तं णेगम-ववहाराणं अट्ठपयपरूवणया?

उ. णेगम ववहाराणं अट्ठपय परूवणया-तिपएसिए आणुपुव्वी, चउपएसिए आणुपुव्वी **-जाव-** दसपएसिए आणुपुव्वी, संखेज्जपएसिए आणुपुव्वी, असंखेज्ज-पएसिए आणुपुव्वी, अणंतपएसिए आणुपुव्वी।

परमाणुपोग्गले अणाणुपुव्वी।

दुपएसिए अवत्तव्वए।

तिपएसिया आणुपुव्वीओ **-जाव-** अणंतपएसिया आणुपुव्वीओ।

परमाणुपोग्गला अणाणुपुव्वीओ।

दुपएसिया अवत्तव्वगाइं।

***से तं णेगम-ववहाराणं अट्ठपयपरूवणया।***

प. एयाए णं णेगम - ववहाराणं अट्ठपयपरूवणयाए किं पओयणं?

उ. एयाए णं णेगम- ववहाराणं अट्ठपयपरूवणयाए भंगसमुक्कित्तणया कीरइ।

**૧૪૭. અર્થપદ પ્રરુપણતા :**

પ્ર. ૧. નૈગમ-વ્યવહારનય સમ્મત અર્થપદપ્રરુપણતા શું છે?

ઉ. નૈગમ વ્યવહારનયસમ્મત અર્થપદ પ્રરુપણતાનું સ્વરૂપ આ પ્રમાણે છે. ત્રિપ્રદેશિક આનુપૂર્વી, ચતુષ્પ્રદેશિક આનુપૂર્વી **-યાવત્-** દસપ્રદેશિક, સંખ્યાત પ્રદેશિક, અસંખ્યાત પ્રદેશિક અને અન્નતપ્રદેશિક સ્કંધ આનુપૂર્વી છે.

પરમાણુ પુદ્ગલ અનાનુપૂર્વીરુપ છે.

દ્વિપ્રદેશિક સ્કંધ અવક્તવ્ય છે.

અનેક ત્રિપ્રદેશિક સ્કંધ **-યાવત્-** અનેક અનન્ત-પ્રદેશિક સ્કંધ અનેક આનુપૂર્વીઓ છે.

અનેક પરમાણુ પુદ્ગલ અનેક અનાનુપૂર્વીઓ છે.

અનેક દ્વિપ્રદેશિક સ્કંધ અનેક અવક્તવ્ય છે.

**આ નૈગમ-વ્યવહારનય સમ્મત અર્થપદ-પ્રરુપણતા છે.**

પ્ર. નૈગમ-વ્યવહારનયસમ્મત આ અર્થપદ પ્રરુપણતા દ્વારા આનુપૂર્વીનું શું પ્રયોજન છે?

ઉ. આ નૈગમ-વ્યવહારનય સમ્મત અર્થપદ-પ્રરુપણતા દ્વારા ભંગસમુત્કીર્તના (ભંગોનું વર્ણન) કરાય છે.

**१४८. भंग समुकित्तणा -**

प. **२.** से किं त णेगम-ववहाराणं भंग समुक्कित्तणया?

उ. णेगम ववहाराणं भंग समुक्कित्तणया-

१. अत्थि आणुपुव्वी, २. अत्थि अणाणुपुव्वी,

३. अत्थि अवत्तव्वए, ४. अत्थि आणुपुव्वीओ,

५. अत्थि अणाणुपुव्वीओ, ६. अत्थि अवत्तव्वयाइं।

१. **अहवा** अत्थि आणुपुव्वी य अणाणुपुव्वी य,

२. **अहवा** अत्थि आणुपुव्वी य अणाणुपुव्वीओ य,

३. **अहवा** अत्थि आणुपुव्वीओ य अणाणुपुव्वी य,

**૧૪૮. ભંગોનું ઉચ્ચારણ :**

પ્ર. **૨.** નૈગમ - વ્યવહારનય સમ્મત ભંગ સમુત્કાર્તન શું છે?

ઉ. નૈગમ-વ્યવહારનય સમ્મત ભંગ સમુત્કીર્તનતાનું સ્વરુપ આ પ્રમાણે છે, જેમકે -

૧. આનુપૂર્વી છે, ૨. અનાનુપૂર્વી છે,

૩. અવક્તવ્ય છે, ૪. આનુપૂર્વીઓ છે.

૫. અનાનુપૂર્વીઓ છે, ૬. (અનેક) અવક્તવ્ય છે.

૧. **અથવા** આનુપૂર્વી છે અને અનાનુપૂર્વી છે.

૨. **અથવા** આનુપૂર્વી છે અને અનાનુપૂર્વીઓ છે,

૩. **અથવા** આનુપૂર્વીઓ છે અને અનાનુપૂર્વી છે,

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

४. **अहवा** अत्थि आणुपुव्वीओ य अणाणुपुव्वीओ च,

४. **અથવા** આનુપૂર્વીઓ અને અનાનુપૂર્વીઓ છે. ૪ ભંગ

१. **अहवा** अत्थि आणुपुव्वी य अवत्तव्वए य,

૧. **અથવા** આનુપૂર્વી અને અવક્તવ્ય છે.

२. **अहवा** अत्थि आणुपुव्वी य अवत्तव्वयाइं य,

૨. **અથવા** આનુપૂર્વી છે અને અનેક અવક્તવ્ય છે.

३. **अहवा** अत्थि आणुपुव्वीओ य अवत्तव्वए य,

૩. **અથવા** આનુપૂર્વીઓ છે અને એક અવક્તવ્ય છે.

४. **अहवा** अत्थि आणुपुव्वीओ य अवत्तव्वयाइं च,

૪. **અથવા** આનુપૂર્વીઓ છે અને અનેક અવક્તવ્ય છે. ૪ ભંગ

१. **अहवा** अत्थि अणाणुपुव्वी य अवत्तव्वए य,

૧. **અથવા** અનાનુપૂર્વી અને અવક્તવ્ય છે,

२. **अहवा** अत्थि अणाणुपुव्वी य अवत्तव्वयाइं य,

૨. **અથવા** અનાનુપૂર્વી અને અનેક અવક્તવ્ય છે,

३. **अहवा** अत्थि अणाणुपुव्वीओ य अवत्तव्वए य,

૩. **અથવા** અનાનુપૂર્વીઓ અને એક અવક્તવ્ય છે,

४. **अहवा** अत्थि अणाणुपुव्वीओ य अवत्तव्वयाइं च,

૪. **અથવા** અનાનુપૂર્વીઓ અને અનેક અવક્તવ્ય છે. ૪ ભંગ

१. **अहवा** अत्थि आणुपुव्वी य अणाणुपुव्वी य अवत्तव्वए य,

૧. **અથવા** આનુપૂર્વી, અનાનુપૂર્વી અને અવક્તવ્ય છે.

२. **अहवा** अत्थि आणुपुव्वी य अणाणुपुव्वी य अवत्तव्वयाइं य,

૨. **અથવા** આનુપૂર્વી, અનાનુપૂર્વી અને અનેક અવક્તવ્ય છે.

३. **अहवा** अत्थि आणुपुव्वी य अणाणुपुव्वीओ य अवत्तव्वए य,

૩. **અથવા** એક આનુપૂર્વી છે, અનેક અનાનુપૂર્વીઓ છે અને એક અવક્તવ્ય છે.

४. **अहवा** अत्थि आणुपुव्वी य अणाणुपुव्वीओ य अवत्तव्वयाइं च।

૪. **અથવા** એક આનુપૂર્વી છે, અનેક અનાનુપૂર્વીઓ અને અનેક અવક્તવ્ય છે.

५. **अहवा** अत्थि आणुपुव्वीओ य अणाणुपुव्वी य अवत्तव्वए य,

૫. **અથવા** અનેક આનુપૂર્વીઓ છે, એક અનાનુપૂર્વી અને એક અવક્તવ્ય છે.

६. **अहवा** अत्थि आणुपुव्वीओ य अणाणुपुव्वी य अवत्तव्वयाइं च,

૬. **અથવા** અનેક આનુપૂર્વીઓ છે, એક અનાનુપૂર્વી છે અને અનેક અવક્તવ્ય છે.

७. **अहवा** अत्थि आणुपुव्वीओ य अणाणुपुव्वीओ य अवत्तव्वए य,

૭. **અથવા** અનેક આનુપૂર્વીઓ છે અને અનેક અનાનુપૂર્વીઓ છે, એક અવક્તવ્ય છે.

८. **अहवा** अत्थि आणुपुव्वीओ य अणाणुपुव्वीओ य अवत्तव्वयाइं च।

૮. **અથવા** અનેક આનુપૂર્વીઓ, અનેક અનાનુપૂર્વીઓ અને અનેક અવક્તવ્ય છે.

***एए अट्ठ भंगा।***

***આ પ્રમાણે આ આઠ ભંગ થયા.***

***एवं सव्वे वि छव्वीसं भंगा।***

***આ બધા મળીને છવીસ (૨૬) ભંગ થાય છે,***

***से तं णेगम-ववहाराणं भंगसमुक्कित्तणया।***

***આ નૈગમ-વ્યવહારનય સમ્મત ભંગ-સમુત્કીર્તનતા છે.***

प. एयाए णं णेगम-ववहाराणं भंगसमुक्कित्तणयाए किं पओयणं ?

પ્ર. આ નૈગમ-વ્યવહારનય સમ્મત ભંગ સમુત્કીર્તનતાનું શું પ્રયોજન છે ?

उ. एयाए णं णेगम-ववहाराणं भंगसमुक्कित्तणयाए भंगोवदंसणया कीरइ।

ઉ. નૈગમ- વ્યવહારનય સમ્મત ભંગ સમુત્કીર્તનતા દ્વારા ભંગોપદર્શન કરાવાય છે.

- अणु. सु. ९९-१०२

जैन साइट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## १४९. भंगोवदंसणया-

प. ३. से किं तं णेगम-ववहाराणं भंगोवदंसणया ?

उ. णेगम-ववहाराणं भंगोवदंसणया-

१. तिपएसिए आणुपुव्वी,

२. परमाणुपोग्गले अणाणुपुव्वी,

३. दुपएसिए अवत्तव्वए,

४. तिपएसिया आणुपुव्वीओ,

५. परमाणुपोग्गला अणाणुपुव्वीओ,

६. दुपएसिया अवत्तव्वयाइं।

१. **अहवा** तिपएसिए य परमाणुपोग्गले य आणुपुव्वी य अणाणुपुव्वी य,

२. **अहवा** तिपएसिए य परमाणुपोग्गला य आणुपुव्वी य अणाणुपुव्वीओ य,

३. **अहवा** तिपएसिया य परमाणुपोग्गले य आणुपुव्वीओ य अणाणुपुव्वी य,

४. **अहवा** तिपएसिया य परमाणुपोग्गला य आणुपुव्वीओ य अणाणुपुव्वीओ य।

१. **अहवा** तिपएसिए य दुपएसिए य आणुपुव्वी य अवत्तव्वए य,

२. **अहवा** तिपएसिए य दुपएसिए य आणुपुव्वी य अवत्तव्वयाइं च,

३. **अहवा** तिपएसिए य दुपएसिए य आणुपुव्वीओ य अवत्तव्वए य,

४. **अहवा** तिपएसिया य दुपएसिया य आणुपुव्वीओ य अवत्तव्वयाइं च।

१. **अहवा** परमाणुपोग्गले य दुपएसिए य अणाणुपुव्वी य अवत्तव्वए य,

२. **अहवा** परमाणुपोग्गले य दुपएसिया य अणाणुपुव्वी य अवत्तव्वयाइं च,

३. **अहवा** परमाणुपोग्गला य दुपएसिया य अणाणुपुव्वीओ य अवत्तव्वए य,

## १४९. ભંગોનું સંકેત કરવું :

પ્ર. ૩. નૈગમ-વ્યવહારનય સમ્મત ભંગ ક્યા પ્રકારથી બતાવામાં આવ્યા છે ?

ઉ. નૈગમ-વ્યવહારનય સમ્મત ભંગ આ પ્રમાણે બતાવામાં આવ્યા છે.

૧. ત્રિપ્રદેશિક સ્કંધ આનુપૂર્વી છે,

૨. પરમાણુપુદ્‌ગલ અનાનુપૂર્વી છે,

૩. દ્વિપ્રદેશિક સ્કંધ અવક્તવ્ય છે,

૪. અનેક ત્રિપ્રદેશિક સ્કંધ આનુપૂર્વીઓ છે,

૫. અનેક પરમાણુપુદ્‌ગલ અનાનુપૂર્વીઓ છે.

૬. અનેક દ્વિપ્રદેશિક સ્કંધ અવક્તવ્ય છે.

૧. **અથવા** ત્રિપ્રદેશિક સ્કંધ અને પરમાણુ પુદ્‌ગલ આનુપૂર્વી અનાનુપૂર્વી રુપ છે,

૨. **અથવા** ત્રિપ્રદેશિક સ્કંધ અને અનેક પરમાણુ પુદ્‌ગલ આનુપૂર્વી અનાનુપૂર્વી છે,

૩. **અથવા** અનેક ત્રિપ્રદેશિક સ્કંધ અને પરમાણુ પુદ્‌ગલ આનુપૂર્વીઓ અનાનુપૂર્વી છે,

૪. **અથવા** અનેક ત્રિપ્રદેશિક સ્કંધ અને અનેક પરમાણુ પુદ્‌ગલ આનુપૂર્વીઓ અનાનુપૂર્વીઓ છે.

૧. **અથવા** ત્રિપ્રદેશિક સ્કંધ અને દ્વિપ્રદેશિક સ્કંધ આનુપૂર્વી અવક્તવ્ય રુપ છે,

૨. **અથવા** ત્રિપ્રદેશિક સ્કંધ અને અનેક દ્વિપ્રદેશિક સ્કંધ આનુપૂર્વી અને અનેક અવક્તવ્ય રુપ છે.

૩. **અથવા** અનેક ત્રિપ્રદેશિક સ્કંધ અને દ્વિપ્રદેશિક સ્કંધ આનુંપૂર્વીઓ અને અવક્તવ્ય રુપ છે,

૪. **અથવા** અનેક ત્રિપ્રદેશિક સ્કંધ અને અનેક દ્વિપ્રદેશિક સ્કંધ આનુપૂર્વીઓ અને અનેક અવક્તવ્ય રુપ છે.

૧. **અથવા** પરમાણુ પુદ્‌ગલ અને દ્વિપ્રદેશિક સ્કંધ અનાનુપૂર્વી અને અવક્તવ્ય રુપ છે.

૨. **અથવા** પરમાણુ પુદ્‌ગલ અને અનેક દ્વિપ્રદેશિક સ્કંધ અનાનુપૂર્વી અને અનેક અવક્તવ્ય રુપ છે.

૩. **અથવા** અનેક પરમાણુ પુદ્‌ગલ અને દ્વિપ્રદેશિક સ્કંધ અનાનુપૂર્વીઓ અને અવક્તવ્ય રુપ છે,

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

४. **अहवा** परमाणुपोग्गला य दुपएसिया य अणाणुपुव्वीओ य अवत्तव्वयाइं च।

૪. **અથવા** અનેક પરમાણુપુદ્‌ગલ અને અનેક દ્વિપ્રદેશિક સ્કંધ અનાનુપૂર્વીઓ અને અનેક અવક્તવ્ય રુપ છે.

१. **अहवा** तिपएसिए य परमाणुपोग्गले य दुपएसिए य आणुपुव्वी य अणाणुपुव्वी य अवत्तव्वए य,

૧. **અથવા** ત્રિપ્રદેશિક સ્કંધ પરમાણુપુદ્‌ગલ અને દ્વિપ્રદેશિક સ્કંધ આનુપૂર્વી અનાનુપૂર્વી અને અવક્તવ્ય રુપ છે.

२. **अहवा** तिपएसिए य परमाणुपोग्गले य दुपएसिया य आणुपुव्वी य अणाणुपुव्वी य अवत्तव्वयाइं च,

૨. **અથવા** ત્રિપ્રદેશિક સ્કંધ પરમાણુપુદ્‌ગલ અને અનેક દ્વિપ્રદેશિક સ્કંધ આનુપૂર્વી અનાનુપૂર્વી અને અનેક અવક્તવ્ય રુપ છે.

३. **अहवा** तिपएसिए य परमाणुपोग्गला य दुपएसिए य आणुपुव्वी य अणाणुपुव्वीओ य अवत्तव्वए च,

૩. **અથવા** ત્રિપ્રદેશિક સ્કંધ અનેક પરમાણુપુદ્‌ગલ અને દ્વિપ્રદેશિક સ્કંધ આનુપૂર્વી અનાનુપૂર્વીઓ અને અવક્તવ્ય રુપ છે.

४. **अहवा** तिपएसिए य परमाणुपोग्गला य दुपएसिया य आणुपुव्वी य अणाणुपुव्वीओ य अवत्तव्वयाइं य,

૪. **અથવા** ત્રિપ્રદેશિક સ્કંધ અનેક પરમાણુપુદ્‌ગલ અને અનેક દ્વિપ્રદેશિક સ્કંધ આનુપૂર્વી અનેક અનાનુપૂર્વી અને અનેક અવક્તવ્ય રુપ છે.

५. **अहवा** तिपएसिया य परमाणुपोग्गले य दुपएसिए य आणुपुव्वीओ य अणाणुपुव्वी य अवत्तव्वए य,

૫. **અથવા** અનેક ત્રિપ્રદેશિક સ્કંધ પરમાણુ પુદ્‌ગલ અને દ્વિપ્રદેશિક સ્કંધ આનુપૂર્વીઓ અનાનુપૂર્વી અને અનેક અવક્તવ્ય રુપ છે.

६. **अहवा** तिपएसिया य परमाणुपोग्गले य दुपएसिया य आणुपुव्वीओ य अणाणुपुव्वी य अवत्तव्वयाइं च,

૬. **અથવા** અનેક ત્રિપ્રદેશિક સ્કંધ પરમાણુપુદ્‌ગલ અને અનેક દ્વિપ્રદેશિક સ્કંધ આનુપૂર્વીઓ અનાનુપૂર્વી અને અનેક અવક્તવ્ય રુપ છે.

७. **अहवा** तिपएसिया य परमाणुपोग्गला य दुपएसिए य आणुपुव्वीओ य अणाणुपुव्वीओ य अवत्तव्वए य,

૭. **અથવા** અનેક ત્રિપ્રદેશિક સ્કંધ અનેક પરમાણુ-પુદ્‌ગલ અને દ્વિપ્રદેશિક સ્કંધ આનુપૂર્વીઓ, અનાનુપૂર્વીઓ અને અવક્તવ્ય રુપ છે.

८. **अहवा** तिपएसिया य परमाणुपोग्गला य दुपएसिया य आणुपुव्वीओ य अणाणुपुव्वीओ य अवत्तव्वयाइं च।

૮. **અથવા** અનેક ત્રિપ્રદેશિક સ્કંધ અનેક પરમાણુપુદ્‌ગલ અને અનેક દ્વિપ્રદેશિક સ્કંધ અનેક આનુપૂર્વીઓ, અનાનુપૂર્વીઓ અને અનેક અવક્તવ્ય રુપ છે.

***से तं णेगम-ववहाराणं भंगोवदंसणया।***

- अणु. सु. १०३

***આ નૈગમ - વ્યવહારનય સમ્મત ભંગો - પ્રદર્શનતા છે.***

**१५०. समोयारे-**

**૧૫૦. સમવતાર :**

प. ४. से किं तं समोयारे?

णेगम-ववहाराणं आणुपुव्वीदव्वाइं कहिं समोयरंति?

किं आणुपुव्वीदव्वेहिं समोयरंति?

अणाणुपुव्वीदव्वेहिं समोयरंति?

अवत्तव्वयदव्वेहिं समोयरंति?

પ્ર. ૪. સમવતાર (સમાવિષ્ટ) શું છે?

નૈગમ- વ્યવહારનય સમ્મત આનુપૂર્વી દ્રવ્ય - શેમાં સમાવિષ્ટ થાય છે?

શું આનુપૂર્વી દ્રવ્યોમાં સમાવિષ્ટ થાય છે?

અનાનુપૂર્વી દ્રવ્યોમાં સમાવિષ્ટ થાય છે?

કે અવક્તવ્ય દ્રવ્યોમાં સમાવિષ્ટ થાય છે?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उ. णेगम-ववहाराणं आणुपुव्वीदव्वाइं आणुपुव्वीदव्वेहिं समोयरंति,

णो अणाणुपुव्वीदव्वेहिं समोयरंति,

णो अवत्तव्वयदव्वेहिं समोयरंति।

प. णेगम-ववहाराणं अणाणुपुव्वीदव्वाइं कहिं समोयरंति ?

किं आणुपुव्वीदव्वेहिं समोयरंति ?

अणाणुपुव्वीदव्वेहिं समोयरंति ?

अवत्तव्वयदव्वेहिं समोयरंति ?

उ. णेगम ववहाराणं अणाणुपुव्वीदव्वाइं-

णो आणुपुव्वीदव्वेहिं समोयरंति, अणाणुपुव्वीदव्वेहिं समोयरंति, णो अवत्तव्वयदव्वेहिं समोयरंति।

प. णेगम-ववहाराणं अवत्तव्वयदव्वाइं कहिं समोयरंति ?

किं आणुपुव्वीदव्वेहिं समोयरंति ?

अणाणुपुव्वीदव्वेहिं समोयरंति ?

अवत्तव्वयदव्वेहिं समोयरंति ?

उ. णेगम ववहाराणं अवत्तव्वयदव्वाइं-

णो आणुपुव्वीदव्वेहिं समोयरंति, णो अणाणुपुव्वीदव्वेहिं समोयरंति, अवत्तव्वयदव्वेहिं समोयरंति।

***से तं समोयारे।*** - अणु. सु. १०४

**१५१. अणुगमस्स भेया-**

प. ५. से किं तं अणुगमे ?

उ. अणुगमे णवविहे पण्णत्ते, तं जहा-

१. संतपयपरूवणया, २. दव्वपमाणं च, ३. खेत्त, ४. फुसणा य। ५. कालो य, ६. अंतरं ७. भाग, ८. भाव, ९. अप्पाबहुं चेव॥

प. **१.** णेगम-ववहाराणं आणुपुव्वीदव्वाइं किं अत्थि णत्थि ?

उ. णियमा अत्थि।

प. णेगम-ववहाराणं अणाणुपुव्वीदव्वाइं किं अत्थि णत्थि ?

उ. णियमा अत्थि।

ઉ. નૈગમ- વ્યવહારનય સમ્મત આનુપૂર્વીદ્રવ્ય આનુપૂર્વીદ્રવ્યોમાં સમાવિષ્ટ થાય છે,

અનાનુપૂર્વી દ્રવ્યોમાં સમાવિષ્ટ થતાં નથી.

અવક્તવ્ય દ્રવ્યોમાં સમાવિષ્ટ થતાં નથી.

પ્ર. નૈગમ - વ્યવહારનય સમ્મત અનાનુપૂર્વીદ્રવ્ય શેમાં સમાવિષ્ટ થાય છે ?

શું આનુપૂર્વી દ્રવ્યોમાં સમાવિષ્ટ થાય છે ?

અનાનુપૂર્વી દ્રવ્યોમાં સમાવિષ્ટ થાય છે ?

અવક્તવ્ય દ્રવ્યોમાં સમાવિષ્ટ થાય છે ?

ઉ. નૈગમ વ્યવહારનય સમ્મત- અનાનુપૂર્વી દ્રવ્ય આનુપૂર્વી દ્રવ્યોમાં અને અવક્તવ્ય દ્રવ્યોમાં સમાવિષ્ટ થતાં નથી, પરંતુ અનાનુપૂર્વી દ્રવ્યોમાં સમાવિષ્ટ થાય છે.

પ્ર. નૈગમ - વ્યવહારનય સમ્મત અવક્તવ્ય દ્રવ્ય શેમાં સમાવિષ્ટ થાય છે ?

શું આનુપૂર્વી દ્રવ્યોમાં સમાવિષ્ટ થાય છે ?

અનાનુપૂર્વી દ્રવ્યોમાં સમાવિષ્ટ થાય છે.

અવક્તવ્ય દ્રવ્યોમાં સમાવિષ્ટ થાય છે ?

ઉ. નૈગમ વ્યવહારનય સમ્મત - અવક્તવ્ય દ્રવ્ય આનુપૂર્વી દ્રવ્યોમાં અને અનાનુપૂર્વી દ્રવ્યોમાં સમાવિષ્ટ થતાં નથી, પરંતુ અવક્તવ્ય દ્રવ્યોમાં સમાવિષ્ટ થાય છે.

**આ સમવતાર છે.**

**૧૫૧. અનુગમનાં ભેદ :**

પ્ર. **૫.** અનુગમ શું છે ?

ઉ. અનુગમ નવ પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. સત્પદપરુપણતા, ૨. દ્રવ્ય પ્રમાણ, ૩. ક્ષેત્ર, ૪. સ્પર્શના, ૫. કાળ, ૬. અંતર, ૭. ભાગ, ૮. ભાવ, ૯. અલ્પબહુત્વ.

પ્ર. **૧.** નૈગમ-વ્યવહારનય સમ્મત આનુપૂર્વી દ્રવ્ય છે અથવા નથી ?

ઉ. નિયમથી છે.

પ્ર. નૈગમ-વ્યવહારનય સમ્મત અનાનુપૂર્વી દ્રવ્ય છે અથવા નથી ?

ઉ. નિયમથી છે.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

प. णेगम-ववहाराणं अवत्तव्वयदव्वाइं किं अत्थि णत्थि ?

उ. णियमा अत्थि ।

प. २. णेगम-ववहाराणं आणुपुव्वीदव्वाइं किं संखेज्जाइं असंखेज्जाइं अणंताइं ?

उ. नो संखेज्जाइं, नो असंखेज्जाइं, अणंताइं ।

*एवं दोण्णि वि ।*[1]

- अणु. सु. १०५-१०७

प. ५. णेगम-ववहाराणं आणुपुव्विदव्वाइं कालओ केवचिरं होइ ?

उ. एगं दव्वं पडुच्च जहण्णेणं एगं समयं, उक्कोसेणं असंखेज्जं कालं,

नाणादव्वाइं पडुच्च णियमा सव्वद्धा ।

*एवं दोण्णि वि ।*

प. ६. णेगम-ववहाराणं आणुपुव्विदव्वाणमंतरं कालओ केवचिरं होइ ?

उ. एगं दव्वं पडुच्च जहण्णेणं एगं समयं, उक्कोसेणं अणंतं कालं,

नाणादव्वाइं पडुच्च णत्थि अंतरं ।

प. णेगम-ववहाराणं अणाणुपुव्विदव्वाणं अंतरं कालओ केवचिरं होइ ?

उ. एगं दव्वं पडुच्च जहण्णेणं एगं समयं, उक्कोसेणं असंखेज्जं कालं,

नाणादव्वाइं पडुच्च णत्थि अंतरं ।

प. णेगम-ववहाराणं अवत्तव्वयदव्वाणं अंतरं कालओ केवचिरं होइ ?

उ. एगं दव्वं पडुच्च जहण्णेणं एगं समयं, उक्कोसेणं अणंतं कालं,

नाणादव्वाइं पडुच्च णत्थि अंतरं ।

प. ७. णेगम-ववहाराणं आणुपुव्वीदव्वाइं सेसदव्वाणं कइभागे होज्जा ?

किं संखेज्जइभागे होज्जा ? असंखेज्जइभागे होज्जा ?

પ્ર. નૈગમ-વ્યવહારનય સમ્મત અવક્તવ્ય દ્રવ્ય છે કે નથી ?

ઉ. નિયમથી છે.

પ્ર. ૨. નૈગમ-વ્યવહારનય સમ્મત આનુપૂર્વી દ્રવ્ય શું સંખ્યાત છે, અસંખ્યાત છે કે અનન્ત છે ?

ઉ. તે સંખ્યાત પણ નથી, અસંખ્યાત પણ નથી, પરંતુ અનન્ત છે.

**આ પ્રમાણે બાકીનાં બંને પણ અનન્ત છે.**

પ્ર. ૫. નૈગમ-વ્યવહારનય સમ્મત આનુપૂર્વી દ્રવ્ય કાળની અપેક્ષાએ કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. એક આનુપૂર્વી દ્રવ્ય જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અસંખ્યાત કાળ સુધી તેજ સ્વરુપમાં રહે છે

અને અનેક આનુપૂર્વી દ્રવ્યોની અપેક્ષાએ નિયમતઃ સર્વકાલિક છે.

**આ પ્રમાણે બંને (અનાનુપૂર્વી અને અવક્તવ્ય) દ્રવ્યોની સ્થિતિ પણ જાણવી જોઈએ.**

પ્ર. ૬. નૈગમ-વ્યવહારનય સમ્મત આનુપૂર્વી-દ્રવ્યોનું કાળની અપેક્ષાએ અંતર કેટલું થાય છે ?

ઉ. એક આનુપૂર્વી દ્રવ્યની અપેક્ષાએ જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અનન્તકાળ થાય છે,

અનેક દ્રવ્યોની અપેક્ષાએ અંતર નથી.

પ્ર. નૈગમ-વ્યવહારનય સમ્મત અનાનુપૂર્વી દ્રવ્યોનું કાળની અપેક્ષાએ અંતર કેટલું થાય છે ?

ઉ. એક અનાનુપૂર્વી દ્રવ્યની અપેક્ષાએ જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અસંખ્યાત કાળ પ્રમાણ છે.

અનેક અનાનુપૂર્વી દ્રવ્યોની અપેક્ષાએ અંતર નથી.

પ્ર. નૈગમ- વ્યવહારનય સમત અવક્તવ્ય દ્રવ્યોનું કાળની અપેક્ષાએ અંતર કેટલું થાય છે ?

ઉ. એક અવક્તવ્ય દ્રવ્યનીઅપેક્ષાએ અંતર જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અનન્તકાળ છે.

અનેક દ્રવ્યોની અપેક્ષાએ અંતર નથી.

પ્ર. ૭. નૈગમ-વ્યવહારનય સમ્મત આનુપૂર્વી દ્રવ્ય બાકીનાં દ્રવ્યોનાં કેટલા ભાગ છે ?

શું સંખ્યાત ભાગ છે ? અસંખ્યાત ભાગ છે ?

૧. (૩-૪) ક્ષેત્ર અને સ્પર્શના (સુ. ૧૦૮-૧૦૯)નું વર્ણન ગણિતાનુયોગ પૃ. ૩૦-૩૨ પર જોવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

संखेज्जेसु भागेसु होज्जा ? असंखेज्जेसु भागेसु होज्जा ?

उ. नो संखेज्जइभागे होज्जा, नो असंखेज्जइभागे होज्जा, नो संखेज्जेसु भागेसु होज्जा, णियमा असंखेज्जेसु भागेसु होज्जा।

प. णेगम-ववहाराणं अणाणुपुव्वीदव्वाइं सेसदव्वाणं कइभागे होज्जा ?

किं संखेज्जइभागे होज्जा ? असंखेज्जइभागे होज्जा ?

संखेज्जेसु भागेसु होज्जा ? असंखेज्जेसु भागेसु होज्जा ?

उ. नो संखेज्जइभागे होज्जा, असंखेज्जइभागे होज्जा, नो संखेज्जेसु भागेसु होज्जा, नो असंखेज्जेसु भागेसु होज्जा।

*एवं अवत्तव्वगदव्वाणि वि।*

प. ८. णेगम-ववहाराणं आणुपुव्वीदव्वाइं कयरम्मि भावे होज्जा ?

किं उदइए भावे होज्जा ? उवसमिए भावे होज्जा ? खइए भावे होज्जा ? खाओवसमिए भावे होज्जा ? पारिणामिए भावे होज्जा ? सन्निवाइए भावे होज्जा ?

उ. णियमा साइपारिणामिए भावे होज्जा।

***अणाणुपुव्विदव्वाणि अवत्तव्वयदव्वाणि य एवं चेव भाणियव्वाणि।***

प. ९. एएसि णं भंते ! णेगम-ववहाराणं आणुपुव्वीदव्वाणं अणाणुपुव्वीदव्वाणं अवत्तव्वयदव्वाण य दव्वट्ठयाए पएसट्ठयाए दव्वट्ठ-पएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

उ. गोयमा ! सव्वत्थोवाइं णेगम-ववहाराणं अवत्तव्वयदव्वाइं ***दव्वट्ठयाए,***

अणाणुपुव्वीदव्वाइं दव्वट्ठयाए विसेसाहियाइं,

आणुपुव्वीदव्वाइं दव्वट्ठयाए असंखेज्जगुणाइं।

સંખ્યાત ભાગો રુપ છે ? કે અસંખ્યાત ભાગો રુપ છે ?

ઉ. આનુપૂર્વીદ્રવ્ય બાકીનાં દ્રવ્યોનાં સંખ્યાત ભાગ નથી, અસંખ્યાત ભાગ નથી અને સંખ્યાત ભાગો રુપ પણ નથી, પરંતુ નિશ્ચિત રુપમાં અસંખ્યાત ભાગો રુપ છે.

પ્ર. નૈગમ-વ્યવહારનય સમ્મત અનાનુપૂર્વી દ્રવ્ય બાકીનાં દ્રવ્યોના કેટલા ભાગ છે ?

શું સંખ્યાત ભાગ છે ? અસંખ્યાત ભાગ છે ?

સંખ્યાત ભાગો રુપ છે ? અસંખ્યાત ભાગો રુપ છે ?

ઉ. અનાનુપૂર્વીદ્રવ્ય બાકીનાં દ્રવ્યોમાં સંખ્યાતભાગ નથી. અસંખ્યાત ભાગ છે, સંખ્યાત ભાગો રુપ નથી અને અસંખ્યાત ભાગો રુપ પણ નથી.

***આ પ્રમાણે અવક્તવ્ય દ્રવ્યોનું વર્ણન પણ સમજવું જોઈએ.***

પ્ર. ૮. નૈગમ-વ્યવહારનય સમ્મત આનુપૂર્વી દ્રવ્ય ક્યા ભાવમાં વિદ્યમાન થાય છે ?

શું ઔદયિક ભાવમાં, ઔપશમિક ભાવમાં, ક્ષાયિક ભાવમાં, ક્ષાયોપશમિક ભાવમાં, પારિણામિક ભાવમાં અથવા સાન્નિપાતિક ભાવમાં વિદ્યમાન છે ?

ઉ. સમસ્ત આનુપૂર્વી દ્રવ્ય સાદિ પારિણામિક ભાવમાં થાય છે.

***અનાનુપૂર્વી દ્રવ્યો અને અવક્તવ્ય દ્રવ્યોનાં માટે પણ આ પ્રમાણે વર્ણન કરવું જોઈએ.***

પ્ર. ૯. ભંતે ! નૈગમ-વ્યવહારનય સમ્મત આનુપૂર્વી-દ્રવ્ય, અનાનુપૂર્વીદ્રવ્ય અને અવક્તવ્ય દ્રવ્ય દ્રવ્યની અપેક્ષાએ, પ્રદેશની અપેક્ષાએ અને દ્રવ્ય પ્રદેશની અપેક્ષાએ કોણ કોનાથી અલ્પ **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! **દ્રવ્યની અપેક્ષાએ** . નૈગમ-વ્યવહારનય સમ્મત અવક્તવ્યદ્રવ્ય બધાથી અલ્પ છે,

(તેનાથી) અનાનુપૂર્વીદ્રવ્ય દ્રવ્યની અપેક્ષાએ વિશેષાધિક છે.

(તેનાથી) આનુપૂર્વીદ્રવ્ય દ્રવ્યની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

**पएसट्ठयाए** णेगम-ववहाराणं -

सव्वत्थोवाइं अणाणुपुव्वीदव्वाइं अपएसट्ठयाए,

अवत्तव्वयदव्वाइं पएसट्ठयाए विसेसाहियाइं,

आणुपुव्वीदव्वाइं पएसट्ठयाए अणंतगुणाइं ।

**दव्वट्ठ-पएसट्ठयाए** सव्वत्थोवाइं णेगम-ववहाराणं-

अवत्तव्वयदव्वाइं दव्वट्ठयाए,

अणाणुपुव्वीदव्वाइं दव्वट्ठयाए अपएसट्ठयाए विसेसाहियाइं,

अवत्तव्वयदव्वाइं पएसट्ठयाए विसेसाहियाइं,

आणुपुव्वीदव्वाइं दव्वट्ठयाए असंखेज्जगुणाइं,

ताइं चेव पएसट्ठयाए अणंतगुणाइं ।

***से तं अणुगमे ।***

***से तं णेगम-ववहाराणं अणोवणिहिया दव्वाणुपुव्वी ।***

- अणु. सु. ११०-११८

**પ્રદેશની અપેક્ષાએ :** નૈગમ-વ્યવહારનય સમ્મત અનાનુપૂર્વીદ્રવ્ય અપ્રદેશી હોવાથી બધાથી અલ્પ છે,

(તેનાથી) પ્રદેશોની અપેક્ષાએ અવક્તવ્ય દ્રવ્ય વિશેષાધિક છે,

(તેનાથી) આનુપૂર્વીદ્રવ્ય પ્રદેશોની અપેક્ષાએ અનન્તગુણા છે,

**દ્રવ્ય અને પ્રદેશની અપેક્ષાએ :** નૈગમ-વ્યવહારનય સમ્મત અવક્તવ્યદ્રવ્ય દ્રવ્યની અપેક્ષાએ બધાથી અલ્પ છે,

(તેનાથી) દ્રવ્ય અને અપ્રદેશની અપેક્ષાએ અનાનુપૂર્વીદ્રવ્ય વિશેષાધિક છે,

(તેનાથી) પ્રદેશની અપેક્ષાએ અવક્તવ્યદ્રવ્ય વિશેષાધિક છે,

(તેનાથી) આનુપૂર્વીદ્રવ્ય દ્રવ્યની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે,

અને તેજ પ્રદેશની અપેક્ષાએ અનન્તગુણા છે.

***આ અનુગમનું સ્વરુપ છે.***

***આ નૈગમ-વ્યવહારનય સમ્મત અનૌપનિધિની દ્રવ્યાનુપૂર્વીનું વર્ણન થયું.***

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्

### १५२. संगहणय सम्मय अणोवणिहिया आणुपुव्वी-

प. से किं तं संगहस्स अणोवणिहिया दव्वाणुपुव्वी ?

उ. संगहस्स अणोवणिहिया दव्वाणुपुव्वी पंचविहा पण्णत्ता, तं जहा-

१. अट्ठपयपरूवणया,
२. भंगसमुक्कित्तणया,
३. भंगोवदंसणया,
४. समोयारे,
५. अणुगमे ।

प. **१.** से किं तं संगहस्स अट्ठपयपरूवणया ?

उ. संगहस्स अट्ठपयपरूवणया - तिपएसिया आणुपुव्वी, चउप्पएसिया आणुपुव्वी **-जाव-** दसपएसिया आणुपुव्वी, संखेज्जपएसिया आणुपुव्वी, असंखेज्जपएसिया आणुपुव्वी, अणंतपएसिया आणुपुव्वी, परमाणुपोग्गला अणाणुपुव्वी, दुपएसिया अवत्तव्वए ।

### ૧૫૨. સંગ્રહનયસમ્મત અનૌપનિધિની આનુપૂર્વી :

પ્ર. સંગ્રહનય સમ્મત અનૌપનિધિની દ્રવ્યાનુપૂર્વી શું છે ?

ઉ. સંગ્રહનય સમ્મત અનૌપનિધિની દ્રવ્યાનુપૂર્વી પાંચ પ્રકારની કહી છે, જેમકે -

૧. અર્થપદ પ્રરુપણતા (પદાર્થોનું વર્ણન),
૨. ભંગ સમુત્કીર્તનતા (ભંગોનું ઉચ્ચારણ),
૩. ભંગોપદર્શનતા (ભંગોની સ્થાપના),
૪. સમવતાર (સમાવેશ),
૫. અનુગમ (વ્યાખ્યા).

પ્ર. **૧.** સંગ્રહનય સમ્મત અર્થપદ પ્રરુપણતા શું છે ?

ઉ. સંગ્રહનય સમ્મત અર્થપદ પ્રરુપણતાનું સ્વરૂપ આ પ્રમાણે છે : ત્રિપ્રદેશિક સ્કંધ આનુપૂર્વી છે, ચતુષ્પ્રદેશી સ્કંધ આનુપૂર્વી છે **-યાવત્-** દસપ્રદેશિક સ્કંધ આનુપૂર્વી છે, સંખ્યાત પ્રદેશિક સ્કંધ આનુપૂર્વી છે, અસંખ્યાત- પ્રદેશિક સ્કંધ આનુપૂર્વી છે, અનન્ત પ્રદેશિક સ્કંધ આનુપૂર્વી છે, પરમાણુ પુદગલ અનાનુપૂર્વી છે અને દ્વિપ્રદેશિક સ્કંધ અવક્તવ્ય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

***से तं संगहस्स अट्ठपयपरूवणया।***

प. एयाए णं संगहस्स अट्ठपयपरूवणयाए किं पओयणं ?

उ. एयाए णं संगहस्स अट्ठपयपरूवणयाए संगहस्स भंगसमुक्कित्तणया कीरइ ।

प. २. से किं तं संगहस्स भंगसमुक्कित्तणया ?

उ. संगहस्स भंग समुक्कित्तणया -

१. अत्थि आणुपुव्वी,

२. अत्थि अणाणुपुव्वी,

३. अत्थि अवत्तव्वए,

४. **अहवा** अत्थि आणुपुव्वी य अणाणुपुव्वी य,

५. **अहवा** अत्थि आणुपुव्वी य अवत्तव्वए य,

६. **अहवा** अत्थि अणाणुपुव्वी य अवत्तव्वए य,

७. **अहवा** अत्थि आणुपुव्वी य अणाणुपुव्वी य अवत्तव्वए य ।

***एवं एए सत्त भंगा।***

***से तं संगहस्स भंगसमुक्कित्तणया।***

प. एयाए णं संगहस्स भंगसमुक्कित्तणयाए किं पओयणं ?

उ. एयाए णं संगहस्स भंगसमुक्कित्तणयाए संगहस्स भंगोवदंसणया कज्जइ ।

प. ३. से किं तं संगहस्स भंगोवदंसणया ?

उ. संगहस्स भंगोवदंसणया-

१. तिपएसिया आणुपुव्वी,

२. परमाणुपोग्गला अणाणुपुव्वी,

३. दुपएसिया अवत्तव्वए,

४. **अहवा** तिपएसिया य परमाणुपोग्गला य आणुपुव्वी य अणाणुपुव्वी य,

५. **अहवा** तिपएसिया य दुपएसिया य आणुपुव्वी य अवत्तव्वए य,

६. **अहवा** परमाणुपोग्गला य दुपएसिया य अणाणुपुव्वी य अवत्तव्वए य,

७. **अहवा** तिपएसिया य परमाणुपोग्गला य दुपएसिया य आणुपुव्वी य, अणाणुपुव्वी य अवत्तव्वए य ।

***આ સંગ્રહનય સમ્મત અર્થપદ પ્રરુપણતા છે.***

પ્ર. સંગ્રહનયસમ્મત અર્થપદ પ્રરુપણતાનું શું પ્રયોજન છે ?

ઉ. સંગ્રહનયસમ્મત આ અર્થપદ પ્રરુપણતા દ્વારા સંગ્રહનય સમ્મત ભંગોનો નિર્દેશ કરાય છે.

પ્ર. **૨.** સંગ્રહનયસમ્મત ભંગોનો નિર્દેશ ક્યા પ્રકારનો છે ?

ઉ. સંગ્રહનય સમ્મત ભંગોનો નિર્દેશ આ પ્રમાણે છે :

૧. આનુપૂર્વી છે,

૨. અનાનુપૂર્વી છે,

૩. અવક્તવ્ય છે,

૪. **અથવા** આનુપૂર્વી અને અનાનુપૂર્વી છે,

૫. **અથવા** આનુપૂર્વી અને અવક્તવ્ય છે,

૬. **અથવા** અનાનુપૂર્વી અને અવક્તવ્ય છે,

૭. **અથવા** આનુપૂર્વી, અનાનુપૂર્વી અને અવક્તવ્ય છે.

***આ પ્રમાણે એ સાત ભંગ થાય છે.***

***આ સંગ્રહનય સમ્મત ભંગસમુત્કીર્તનતા છે.***

પ્ર. આ સંગ્રહનયસમ્મત ભંગ સમુત્કીર્તનતાનું શું પ્રયોજન છે ?

ઉ. આ સંગ્રહનય સમ્મત ભંગ સમુત્કીર્તનતાનાં દ્વારા ભંગોપદર્શન કરાય છે.

પ્ર. **૩.** સંગ્રહનયસમ્મત ભંગોપદર્શનતા શું છે ?

ઉ. સંગ્રહનય સમ્મત ભંગોપદર્શનતા આ પ્રમાણે છે -

૧. ત્રિપ્રદેશિક સ્કંધ આનુપૂર્વી છે,

૨. પરમાણુપુદ્ગલ અનાનુપૂર્વી છે,

૩. દ્વિપ્રદેશિક સ્કંધ અવક્તવ્ય છે,

૪. **અથવા** ત્રિપ્રદેશિક સ્કંધ અને પરમાણુપુદ્ગલ આનુપૂર્વી અને અનાનુપૂર્વી છે.

૫. **અથવા** ત્રિપ્રદેશિક સ્કંધ અને દ્વિપ્રદેશિક સ્કંધ આનુપૂર્વી અને અવક્તવ્ય રુપ છે,

૬. **અથવા** પરમાણુપુદ્ગલ અને દ્વિપ્રદેશિક સ્કંધ અનાનુપૂર્વી અને અવક્તવ્ય રુપ છે,

૭. **અથવા** ત્રિપ્રદેશિક સ્કંધ પરમાણુપુદ્ગલ અને દ્વિપ્રદેશિક સ્કંધ આનુપૂર્વી, અનાનુપૂર્વી અને અવક્તવ્ય રુપ છે.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

***से तं संगहस्स भंगोवदंसणया।*** — ***આ સંગ્રહનયસમ્મત ભંગોપદર્શનતા છે.***

प. ४. से किं तं समोयारे ?
समोयारे संगहस्स आणुपुव्वीदव्वाइं कहिं समोयरंति ?
किं आणुपुव्वीदव्वेहिं समोयरंति ?
अणाणुपुव्वीदव्वेहिं समोयरंति ?
अवत्तव्वयदव्वेहिं समोयरंति ?

પ્ર. ૪. સમવતાર શું છે ?
સમવતાર સંગ્રહનય સમ્મત આનુપૂર્વી દ્રવ્ય શેમાં સમાવિષ્ટ થાય છે ?
શું આનુપૂર્વી દ્રવ્યોમાં સમાવિષ્ટ થાય છે ?
અનાનુપૂર્વી દ્રવ્યોમાં સમાવિષ્ટ થાય છે ?
અવક્તવ્ય દ્રવ્યોમાં સમાવિષ્ટ થાય છે ?

उ. संगहस्स आणुपुव्वीदव्वाइं आणुपुव्वीदव्वेहिं समोयरंति,
नो अणाणुपुव्वीदव्वेहिं समोयरंति,
नो अवत्तव्वयदव्वेहिं समोयरंति।
***एवं दोण्णि वि सट्ठाणे सट्ठाणे समोयरंति।***
***से तं समोयारे।*** - अणु. सु. ११५-१२१

ઉ. સંગ્રહનય સમ્મત આનુપૂર્વી દ્રવ્ય આનુપૂર્વી દ્રવ્યોમાં સમાવિષ્ટ થાય છે,
અનાનુપૂર્વી દ્રવ્યોમાં સમાવિષ્ટ થતાં નથી.
અવક્તવ્ય દ્રવ્યોમાં પણ સમાવિષ્ટ થતાં નથી.
***આ પ્રમાણે બંને (અનાનુપૂર્વી દ્રવ્ય અને અવક્તવ્ય દ્રવ્ય) પણ સ્વસ્થાનમાં જ સમવતરિત થાય છે.***
***આ સમવતાર છે.***

**१५३. संगहणयसम्मय अणुगमस्स भेयाणं वत्तव्वया-**

**૧૫૩. સંગ્રહનય સમ્મત અનુગમનાં ભેદોની વક્તવ્યતા :**

प. ५. से किं तं अणुगमे ?
उ. अणुगमे अट्ठविहे पण्णत्ते, तं जहा-
१. संतपयपरूवणया २. दव्वपमाणं ३. च खेत्तं ४. फुसणा य। ५. कालो ६. य अंतरं ७. भाग ८. भाव।
***अप्पाबहुं नत्थि।***

પ્ર. ૫. સંગ્રહનયસમ્મત અનુગમ શું છે અર્થાત્ કેટલા પ્રકારનાં કહ્યા છે ?
ઉ. સંગ્રહનય સમ્મત અનુગમ આઠ પ્રકારનાં કહ્યા છે, જેમકે -
૧. સત્પદ પ્રરુપણતા, ૨. દ્રવ્ય પ્રમાણ, ૩. ક્ષેત્ર, ૪. સ્પર્શના, ૫. કાળ, ૬. અંતર, ૭. ભાગ, ૮. ભાવ.
***આમાં અલ્પબહુત્વ નથી.***

प. १. संगहस्स आणुपुव्वीदव्वाइं किं अत्थि णत्थि ?
उ. णियमा अत्थि।
***एवं दोण्णि वि।***

પ્ર. ૧. સંગ્રહનય સમ્મત આનુપૂર્વીદ્રવ્ય છે અથવા નથી ?
ઉ. નિશ્ચિત રુપથી છે.
***આ પ્રમાણે બંને (અનાનુપૂર્વી અને અવક્તવ્ય દ્રવ્યોનાં માટે પણ જાણવું જોઈએ.***

प. २. संगहस्स आणुपुव्वीदव्वाइं किं संखेज्जाइं, असंखेज्जाइं, अणंताइं ?
उ. नो संखेज्जाइं, नो असंखेज्जाइं, नो अणंताइं,
णियमा एगो रासी।
***एवं दोण्णि वि।***[1] - अणु. सु. १२२-१२४

પ્ર. ૨. સંગ્રહનય સમ્મત આનુપૂર્વીદ્રવ્ય સંખ્યાત છે, અસંખ્યાત છે કે અનન્ત છે ?
ઉ. સંગ્રહનય સમ્મત આનુપૂર્વીદ્રવ્ય સંખ્યાત નથી. અસંખ્યાત નથી અને અનન્ત પણ નથી.
પરંતુ નિશ્ચિત રુપથી એક રાશિ છે.
***આ પ્રમાણે બંને દ્રવ્ય પણ છે.***

૧. (૩-૪) ક્ષેત્ર અને સ્પર્શના (સુ. ૧૨૫-૧૨૬)નું વર્ણન ગણિતાનુયોગ પૃ. ૩૨-૩૩ પર જોવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. ५. संगहस्स आणुपुव्वीदव्वाइं कालओ केवचिरं होंति ?

उ. सव्वद्धा।

***एवं दोण्णि वि।***

प. ६. संगहस्स आणुपुव्वीदव्वाणं कालओ केवचिरं अंतरं होइ ?

उ. नत्थि अंतरं।

***एवं दोण्णि वि।***

प. ७. संगहस्स आणुपुव्वीदव्वाइं सेसदव्वाणं कइभागे होज्जा ?

किं संखेज्जइभागे होज्जा ? असंखेज्जइभागे होज्जा ?

संखेज्जेसु भागेसु होज्जा, असंखेज्जेसु भागेसु होज्जा ?

उ. संगहस्स आणुपुव्वीदव्वाइं सेसदव्वाणं-

नो संखेज्जइभागे होज्जा, नो असंखेज्जइभागे होज्जा,

नो संखेज्जेसु भागेसु होज्जा, नो असंखेज्जेसु भागेसु होज्जा,

णियमा तिभागे होज्जा।

***एवं दोण्णि वि।***

प. ८. संगहस्स आणुपुव्वीदव्वाइं कयरम्मि भावे होज्जा ?

उ. आणुपुव्वीदव्वाइं णियमा साइपारिणामिए भावे होज्जा।

***एवं दोण्णि वि।***

९. अप्पाबहुं नत्थि।

***से तं अणुगमे।***

***से तं संगहस्स अणोवणिहिया दव्वाणुपुव्वी।***

***से तं अणोवणिहिया दव्वाणुपुव्वी।***

- अणु. सु. १२७-१३०

**१५४. ओवणिहिया दव्वाणुपुव्वी-**

प. से किं तं ओवणिहिया दव्वाणुपुव्वी ?

उ. ओवणिहिया दव्वाणुपुव्वी तिविहा पण्णत्ता, तं जहा-

१. पुव्वाणुपुव्वी, २. पच्छाणुपुव्वी, ३. अणाणुपुव्वी य।

પ્ર. ૫. સંગ્રહનયસમ્મત આનુપૂર્વીદ્રવ્ય કાળની અપેક્ષાથી કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. (આનુપૂર્વીદ્રવ્ય આનુપૂર્વી રુપમાં) સર્વકાળ રહે છે.

**આ પ્રમાણે બંને દ્રવ્ય છે.**

પ્ર. ૬. સંગ્રહનયસમ્મત આનુપૂર્વીદ્રવ્યોનું કાળની અપેક્ષાથી કેટલું અંતર છે ?

ઉ. (આનુપૂર્વી દ્રવ્યોનું કાળની અપેક્ષાથી) અંતર નથી.

**આ પ્રમાણે બંને દ્રવ્ય છે.**

પ્ર. ૭. સંગ્રહનયસમ્મત આનુપૂર્વીદ્રવ્ય બાકીનાં દ્રવ્યોનાં કેટલા ભાગ પ્રમાણ છે ?

શું સંખ્યાત ભાગ છે ? અસંખ્યાતભાગ છે ?

સંખ્યાત ભાગો રુપ છે કે અસંખ્યાત ભાગો રુપ છે ?

ઉ. સંગ્રહનયસમ્મત આનુપૂર્વીદ્રવ્ય બાકીનાં દ્રવ્યોનાં.

સંખ્યાતમાં ભાગ નથી, અસંખ્યાતમાં ભાગ નથી,

અનેક સંખ્યાત ભાગો રુપ નથી, અનેક અસંખ્યાત ભાગો રુપ નથી,

પરંતુ નિશ્ચિત રુપથી ત્રીજા ભાગ રુપ છે.

**આ પ્રમાણે બંને દ્રવ્ય પણ છે.**

પ્ર. ૮. સંગ્રહનયસમ્મત આનુપૂર્વીદ્રવ્ય કયા ભાવમાં થાય છે ?

ઉ. આનુપૂર્વીદ્રવ્ય નિયમથી સાદિ પારિણામિક ભાવમાં થાય છે.

**આ પ્રમાણે બાકીનાં બંને દ્રવ્ય પણ છે.**

૯. (રાશિગત દ્રવ્યોમાં) અલ્પબહુત્વ નથી.

**આ અનુગમ છે.**

***આ સંગ્રહનય સમ્મત અનૌપનિધિની દ્રવ્યાનુપૂર્વી છે.***

***આ અનૌપનિધિની દ્રવ્યાનુપૂર્વી છે.***

**૧૫૪. ઔપનિધિની દ્રવ્યાનુપૂર્વી :**

પ્ર. ઔપનિધિની દ્રવ્યાનુપૂર્વી શું છે ?

ઉ. ઔપનિધિની દ્રવ્યાનુપૂર્વી ત્રણ પ્રકારની કહી છે, જેમકે -

૧. પૂર્વાનુપૂર્વી (અનુક્રમ), ૨. પશ્ચાનુપૂર્વી (વિપરીતક્રમ), ૩. અનાનુપૂર્વી (વ્યુત્ક્રમ).

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. १. से किं तं पुव्वाणुपुव्वी ?

उ. पुव्वाणुपुव्वी - १. धम्मत्थिकाए, २. अधम्मत्थिकाए, ३. आगासत्थिकाए, ४. जीवत्थिकाए, ५. पोग्गलत्थिकाए, ६. अद्धासमए।

***से तं पुव्वाणुपुव्वी।***

प. २. से किं तं पच्छाणुपुव्वी ?

उ. पच्छाणुपुव्वी- १. अद्धासमए, २. पोग्गलत्थिकाए, ३. जीवत्थिकाए, ४. आगासत्थिकाए, ५. अधम्मत्थिकाए, ६. धम्मत्थिकाए।

***से तं पच्छाणुपुव्वी।***

प. ३. से किं तं अणाणुपुव्वी ?

उ. अणाणुपुव्वी-एयाए चेव एगादियाए एगुत्तरियाए छगच्छगयाए सेढीए अण्णमण्णब्भासो दुरूवूणो।

***से तं अणाणुपुव्वी।***

**अहवा** ओवणिहिया दव्वाणुपुव्वी तिविहा पण्णत्ता, तं जहा-

१. पुव्वाणुपुव्वी, २. पच्छाणुपुव्वी, ३. अणाणुपुव्वी।

प. १. से किं तं पुव्वाणुपुव्वी ?

उ. पुव्वाणुपुव्वी- परमाणुपोग्गले, दुपएसिए, तिपएसिए **-जाव-** दसपएसिए **-जाव-** संखेज्जपएसिए, असंखेज्जपएसिए, अणंतपएसिए।

***से तं पुव्वाणुपुव्वी।***

प. २. से किं तं पच्छाणुपुव्वी ?

उ. पच्छाणुपुव्वी-अणंतपएसिए असंखेज्जपएसिए संखेज्जपएसिए **-जाव-** दसपएसिए **-जाव-** तिपएसिए दुपएसिए परमाणुपोग्गले।

***से तं पच्छाणुपुव्वी।***

प. ३. से किं तं अणाणुपुव्वी ?

પ્ર. ૧. પૂર્વાનુપૂર્વી શું છે ?

ઉ. પૂર્વાનુપૂર્વી - ૧. ધર્માસ્તિકાય, ૨. અધર્માસ્તિકાય, ૪. આકાશાસ્તિકાય, ૪. જીવાસ્તિકાય, ૫. પુદ્‌ગલાસ્તિકાય, ૬. અદ્ધાકાળ.

***આ પ્રમાણે (અનુક્રમથી નિક્ષેપ કરવો) પૂર્વાનુપૂર્વી છે.***

પ્ર. ૨. પશ્ચાનુપૂર્વી શું છે ?

ઉ. પશ્ચાનુપૂર્વી- ૧. અદ્ધા સમય, ૨. પુદ્‌ગલાસ્તિકાય, ૩. જીવાસ્તિકાય, ૪. આકાશાસ્તિકાય, ૫. અધર્માસ્તિકાય, ૬. ધર્માસ્તિકાય.

***આ પ્રમાણે (વિલોમ ક્રમથી નિક્ષેપણ કરવું) પશ્ચાનુપૂર્વી છે.***

પ્ર. ૩. અનાનુપૂર્વી શું છે ?

ઉ. અનાનુપૂર્વીનું સ્વરૂપ આ પ્રમાણે છે : એકથી પ્રારંભ કરી એક-એકની વૃદ્ધિ કરવાથી છ સુધી સ્થાપિત શ્રેણીનાં અંકોને પરસ્પર ગુણાકાર કરીને જે રાશિ આવે, તેમાંથી આદિ અને અંતનાં બે રુપોને ઓછા કરવાથી અનાનુપૂર્વી થઈ જાય છે.

***આ અનાનુપૂર્વી છે.***

**અથવા** ઔપનિધિની દ્રવ્યાનુપૂર્વી ત્રણ પ્રકારની કહી છે, જેમકે -

૧. પૂર્વાનુપૂર્વી, ૨. પશ્ચાનુપૂર્વી, ૩. અનાનુપૂર્વી.

પ્ર. ૧. પૂર્વાનુપૂર્વી શું છે ?

ઉ. પૂર્વાનુપૂર્વીનું સ્વરુપ આ પ્રમાણે છે : પરમાણુ પુદ્‌ગલ, દ્વિપ્રદેશિક સ્કંધ, ત્રિપ્રદેશિક સ્કંધ **-યાવત્-** દસપ્રદેશિક સ્કંધ **-યાવત્-** સંખ્યાતપ્રદેશિક સ્કંધ, અસંખ્યાત પ્રદેશિક સ્કંધ, અનન્તપ્રદેશિક સ્કંધ.

***આ પૂર્વાનુપૂર્વી છે.***

પ્ર. ૨. પશ્ચાનુપૂર્વી શું છે ?

ઉ. પશ્ચાનુપૂર્વીનું સ્વરૂપ આ છે : અનન્તપ્રદેશિક સ્કંધ, અસંખ્યાતપ્રદેશિક સ્કંધ, સંખ્યાત પ્રદેશિક સ્કંધ **-યાવત્-** દસપ્રદેશિક સ્કંધ **-યાવત્-** ત્રિપ્રદેશિક સ્કંધ, દ્વિપ્રદેશિક સ્કંધ, પરમાણુ પુદ્‌ગલ.

***આ પશ્ચાનુપૂર્વી છે.***

પ્ર. ૩. અનાનુપૂર્વી શું છે ?

उ. अणाणुपुव्वी- एयाए चेव एगाइयाए एगुत्तरियाए अणंतगच्छगयाए सेढीए अन्नमन्नब्भासो दुरूवूणो।

ઉ. અનાનુપૂર્વીનું સ્વરુપ આ પ્રમાણે છે : એકથી પ્રારંભ કરી એક-એકની વૃદ્ધિ કરીને અનન્ત પ્રદેશિક સ્કંધ સુધીની શ્રેણીને પરસ્પર ગુણાકાર કરીને તેમાંથી આદિ અને અંત રુપ બે ભંગોને ઓછા કરવાથી પ્રાપ્ત રાશિ અનાનુપૂર્વી કહેવાય છે.

***से तं अणाणुपुव्वी। से तं ओवणिहिया दव्वाणुपुव्वी। से तं जाणग-सरीर भविय सरीर वइरित्ता दव्वाणुपुव्वी।***

***से तं नो आगमओ दव्वाणुपुव्वी। से तं दव्वाणुपुव्वी।***

- अणु. सु. १३१-१३८

***આ અનાનુપૂર્વી છે. આ ઔપનિધિની દ્રવ્યાનુપૂર્વી છે. આ જ્ઞાયકશરીર-ભવ્યશરીર વ્યતિરિક્ત દ્રવ્યાનુપૂર્વી છે.***

***આ નો આગમ દ્રવ્યાનુપૂર્વી છે. આ દ્રવ્યાનુપૂર્વીનું વર્ણન પૂર્ણ થયું.***

**१५५. खेत्ताणुपुव्वी-**

प. ४. से किं तं खेत्ताणुपुव्वी ?

उ. खेत्ताणुपुव्वी दुविहा पण्णत्ता, तं जहा-

१. ओवणिहिया य, २. अणोवणिहिया य।

तत्थ णं जा सा ओवणिहिया सा ठप्पा।

तत्थ णं जा सा अणोवणिहिया सा दुविहा पण्णत्ता, तं जहा-

१. णेगम-ववहाराणं, २. संगहस्स य।

- अणु. सु. १३९-१४१

**૧૫૫. ક્ષેત્રાનુપૂર્વી :**

પ્ર. ૪. ક્ષેત્રાનુપૂર્વી શું છે ?

ઉ. ક્ષેત્રાનુપૂર્વી બે પ્રકારની કહી છે, જેમકે -

૧. ઔપનિધિની ક્ષેત્રાનુપૂર્વી, ૨. અનૌપનિધિની ક્ષેત્રાનુપૂર્વી.

આ બે ભેદોમાંથી ઔપનિધિની ક્ષેત્રાનુપૂર્વી સ્થાપ્ય છે.

અનૌપનિધિની ક્ષેત્રાનુપૂર્વી બે પ્રકારની કહી છે, જેમકે -

૧. નૈગમ-વ્યવહારનય સમ્મત, ૨. સંગ્રહનય સમ્મત.

**१५६. णेगम-ववहारणयसम्मय अणोवणिहिया खेत्ताणुपुव्वी-**

प. से किं तं णेगम-ववहाराणं अणोवणिहिया खेत्ताणुपुव्वी ?

उ. णेगम-ववहाराणं अणोवणिहिया खेत्ताणुपुव्वी पंचविहा पण्णत्ता, तं जहा-

१. अट्ठपयपरूवणया, २. भंगसमुक्कित्तणया, ३. भंगोवदंसणया, ४. समोयारे, ५. अणुगमे।

प. **१.** से किं तं णेगम- ववहाराणं अट्ठपयपरूवणया ?

उ. णेगम-ववहाराणं अट्ठपयपरूवणया-तिपएसोगाढे आणुपुव्वी **-जाव-** दसपएसोगाढे आणुपुव्वी, संखेज्जपएसोगाढे आणुपुव्वी, असंखेज्जपएसोगाढे आणुपुव्वी,

**૧૫૬. નૈગમ-વ્યવહારનય સમ્મત અનૌપનિધિની ક્ષેત્રાનુપૂર્વી :**

પ્ર. નૈગમ-વ્યવહારનય સમ્મત અનૌપનિધિની ક્ષેત્રાનુપૂર્વી શું છે ?

ઉ. નૈગમ- વ્યવહારનય સમ્મત અનૌપનિધિની ક્ષેત્રાનુપૂર્વી પાંચ પ્રકારની કહી છે, જેમકે -

૧. અર્થપદ પ્રરુપણતા, ૨. ભંગસમુત્કીર્તનતા, ૩. ભંગોપદર્શનતા, ૪. સમવતાર, ૫. અનુગમ.

પ્ર. **૧.** નૈગમ-વ્યવહારનયસમ્મત અર્થપદ પ્રરુપણતા શું છે ?

ઉ. નૈગમ-વ્યવહારનયસમ્મત અર્થપદ પ્રરુપણતાનું સ્વરુપ આ પ્રમાણે છે : ત્રણ પ્રદેશાવગાઢ દ્રવ્ય સ્કંધ આનુપૂર્વી છે **-યાવત્-** દસ પ્રદેશાવગાઢ દ્રવ્ય સ્કંધ આનુપૂર્વી છે, સંખ્યાત પ્રદેશાવગાઢ દ્રવ્યસ્કંધ આનુપૂર્વી છે, અસંખ્યાત પ્રદેશાવગાઢ દ્રવ્યસ્કંધ આનુપૂર્વી છે,

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

एगपएसोगाढे अणाणुपुव्वी,

આકાશનાં એક પ્રદેશમાં અવગાઢ દ્રવ્યઅનાનુપૂર્વી છે.

दुपएसोगाढे अवत्तव्वए,

બે આકાશપ્રદેશોમાં અવગાઢ દ્રવ્ય અવક્તવ્ય છે.

तिपएसोगाढा आणुपुव्वीओ **-जाव-** दसपएसोगाढा आणुपुव्वीओ, संखेज्जपएसोगाढा आणुपुव्वीओ, असंखेज्जपएसोगाढा आणुपुव्वीओ,

ત્રણ આકાશપ્રદેશોમાં અવગાઢ અનેક દ્રવ્યસ્કંધ આનુપૂર્વીઓ છે **-યાવત્-** દસ પ્રદેશાવગાઢ દ્રવ્યસ્કંધ આનુપૂર્વીઓ છે, સંખ્યાત પ્રદેશાવગાઢ દ્રવ્યસ્કંધ આનુપૂર્વીઓ છે, અસંખ્યાત પ્રદેશાવગાઢ દ્રવ્યસ્કંધ આનુપૂર્વીઓ છે,

एगपएसोगाढा अणाणुपुव्वीओ,

એક પ્રદેશાવગાઢ અનેક પરમાણુપુદ્ગલ દ્રવ્ય અનાનુપૂર્વીઓ છે.

दुपएसोगाढा अवत्तव्वगाइं।

બે પ્રદેશાવગાઢ અનેક દ્રવ્યસ્કંધ અવક્તવ્ય છે.

***से तं णेगम- ववहाराणं अट्ठपयपरूवणया।***

***આ નૈગમ-વ્યવહારનયસમ્મત અર્થપદ પ્રરુપણતાનું સ્વરૂપ છે.***

प. एयाए णं णेगम- ववहाराणं अट्ठपयपरूवणयाए किं पओयणं ?

પ્ર. નૈગમ-વ્યવહારનયસમ્મત અર્થપદ પ્રરુપણતાનું શું પ્રયોજન છે ?

उ. एयाए णं णेगम-ववहाराणं अट्ठपयपरूवणयाए णेगम-ववहाराणं भंगसमुक्कित्तणया कीरइ।

ઉ. આ નૈગમ- વ્યવહારનયસમ્મત અર્થપદ પ્રરુપણતા દ્વારા નૈગમ-વ્યવહારનય સમ્મત ભંગોનું વર્ણન કરાય છે.

प. २. से किं तं णेगम- ववहाराणं भंगसमुक्कित्तणया ?

પ્ર. ૨. નૈગમ-વ્યવહારનયસમ્મત ભંગસમુત્કીર્તનતા શું છે ?

उ. णेगम-ववहाराणं भंगसमुक्कित्तणया-

ઉ. નૈગમ- વ્યવહારનયસમ્મત ભંગસમુત્કીર્તનતાનું સ્વરુપ આ પ્રમાણે છે :

१. अत्थि आणुपुव्वी, २. अत्थि अणाणुपुव्वी, ३. अत्थि अवत्तव्वए।

૧. આનુપૂર્વી છે, ૨. અનાનુપૂર્વી છે, ૩. અવક્તવ્ય છે.

***एवं दव्वाणुपुव्विगमेणं खेत्ताणुपुव्वीए वि ते चेव छव्वीसं भंगा भाणियव्वा।***

***અહીં દ્રવ્યાનુપૂર્વીની જેમ જ ક્ષેત્રાનુપૂર્વીનાં પણ છવ્વીસ (૨૬) ભંગ જાણવાં જોઈએ.***

***से तं णेगम- ववहाराणं भंगसमुक्कित्तणया।***

***આ નૈગમ-વ્યવહારનય સમ્મત ભંગ સમુત્કીર્તનતાનું સ્વરૂપ છે.***

प. एयाए णं णेगम-ववहाराणं भंगसमुक्कित्तणाए किं पओयणं ?

પ્ર. આ નૈગમ-વ્યવહારનયસમ્મત ભંગસમુત્કીર્તનતાનું શું પ્રયોજન છે ?

उ. एयाए णं णेगम-ववहाराणं भंगसमुक्कित्तणयाए णेगम-ववहाराणं भंगोवदंसणया कज्जइ।

ઉ. આ નૈગમ-વ્યવહારનયસમ્મત ભંગસમુત્કીર્તનતા દ્વારા નૈગમ-વ્યવહારનયસમ્મત ભંગોપદર્શનતા કરાય છે.

प. ३. से किं तं णेगम-ववहाराणं भंगोवदंसणया ?

પ્ર. ૩. નૈગમ-વ્યવહારનયસમ્મત ભંગોપદર્શનતા શું છે ?

उ. णेगम-ववहाराणं भंगोवदंसणया-

ઉ. નૈગમ-વ્યવહારનયસમ્મત ભંગોપદર્શનતા આ પ્રમાણે છે -

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

तिपएसोगाढे आणुपुव्वी, एगपएसोगाढे अणाणुपुव्वी, दुपएसोगाढे अवत्तव्वए,

ત્રણ આકાશ પ્રદેશાવગાઢ સ્કંધ આનુપૂર્વી છે, એક આકાશ પ્રદેશાવગાઢ (પરમાણુ સંઘાત) અનાનુપૂર્વી છે તથા બે આકાશ પ્રદેશાવગાઢ સ્કંધ (ક્ષેત્રની અપેક્ષા) અવક્તવ્ય છે.

तिपएसोगाढाओ आणुपुव्वीओ, एगपएसोगाढाओ अणाणुपुव्वीओ, दुपएसोगाढाइं अवत्तव्वयाइं,

ત્રણ આકાશપ્રદેશાવગાઢ અનેક સ્કંધ આનુપૂર્વીઓ છે, એક આકાશ પ્રદેશાવગાઢ અનેક પરમાણુસંઘાત અનાનુપૂર્વીઓ છે તથા દ્વિ આકાશપ્રદેશાવગાઢ (દ્વિપ્રદેશ સ્કંધ આદિ અનેક દ્રવ્ય સ્કંધ) અવક્તવ્ય છે.

**अहवा** तिपएसोगाढे य एगपएसोगाढे य आणुपुव्वी य अणाणुपुव्वी य,

**અથવા** ત્રિપ્રદેશાવગાઢ સ્કંધ અને એક પ્રદેશાવગાઢ સ્કંધ એક આનુપૂર્વી અને એક અનાનુપૂર્વી છે.

***एवं तहा चेव दव्वाणुपुव्विगमेणं छव्वीसं भंगा भाणियव्वा।***

***આ પ્રમાણે દ્રવ્યાનુપૂર્વીનાં પાઠની જેમ છવ્વીસ (૨૬) ભંગ અહીં પણ જાણવાં જોઈએ.***

***से तं णेगम-ववहाराणं भंगोवदंसणया।***

***આ નૈગમ-વ્યવહારનય સમ્મત ભંગોપદર્શનતાનું સ્વરુપ છે.***

प. ४. से किं तं समोयारे ?

समोयारे-णेगम-ववहाराणं आणुपुव्वीदव्वाइं कहिं समोयरंति ?

किं आणुपुव्वीदव्वेहिं समोयरंति ?

अणाणुपुव्वीदव्वेहिं समोयरंति ?

अवत्तव्वयदव्वेहिं समोयरंति ?

પ્ર. ૪. સમવતાર શું છે ?

નૈગમ-વ્યવહારનય સમ્મત આનુપૂર્વી દ્રવ્યોનો સમાવેશ ક્યાં થાય છે ?

શું આનુપૂર્વી દ્રવ્યોમાં,

અનાનુપૂર્વી દ્રવ્યોમાં,

અવક્તવ્ય દ્રવ્યોમાં સમાવેશ થાય છે ?

उ. आणुपुव्वीदव्वाइं आणुपुव्वीदव्वेहिं समोयरंति,

नो अणाणुपुव्वीदव्वेहिं समोयरंति,

नो अवत्तव्वयदव्वेहिं समोयरंति।

ઉ. આનુપૂર્વી દ્રવ્ય આનુપૂર્વી દ્રવ્યોમાં સમાવિષ્ટ થાય છે,

પરંતુ અનાનુપૂર્વી દ્રવ્યોમાં,

અવક્તવ્ય દ્રવ્યોમાં સમાવિષ્ટ થતાં નથી.

***एवं तिण्णि वि सट्ठाणे समोयरंति त्ति भाणियव्वं।***

***આ પ્રમાણે ત્રણેય સ્વ-સ્વ સ્થાનમાં જ સમાવિષ્ટ થાય છે એમ કહેવું જોઈએ.***

***से तं समोयारे।***

***આ સમવતારનું સ્વરુપ છે.***

प. ५. से किं तं अणुगमे ?

उ. अणुगमे णवविहे पण्णत्ते, तं जहा-

१. संतपयपरूवणया, २. दव्वपमाणं, ३. च खेत्तं, ४. फुसणा य। ६. कालो य अंतरं, ७. भाग, ८. भाव, ९. अप्पाबहुं चेव।

પ્ર. ૫. અનુગમ શું છે ?

ઉ. અનુગમ નવ પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. સત્પદપ્રરુપણતા, ૨. દ્રવ્યપ્રમાણ, ૩. ક્ષેત્ર, ૪. સ્પર્શના, ૫. કાળ, ૬. અંતર, ૭. ભાગ, ૮. ભાવ, ૯. અલ્પબહુત્વ.

प. १. णेगम-ववहाराणं खेत्ताणुपुव्वीदव्वाइं किं अत्थि णत्थि ?

उ. णियमा अत्थि।

***एवं दोण्णि वि।***

પ્ર. ૧. નૈગમ-વ્યવહારનય સમ્મત ક્ષેત્રાનુપૂર્વી દ્રવ્ય છે કે નથી ?

ઉ. નિયમતઃ છે.

***આ પ્રમાણે બંને (અનાનુપૂર્વી અને અવક્તવ્ય) દ્રવ્ય છે.***

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. २. णेगम-ववहाराणं आणुपुव्वीदव्वाइं किं संखेज्जाइं असंखेज्जाइं अणंताइं ?

उ. नो संखेज्जाइं, नो अणंताइं, णियमा असंखेज्जाइं।

*एवं दोण्णि वि*[1]*।*

- अणु. सु. १४२-१५१

प. ५. णेगम-ववहाराणं आणुपुव्वीदव्वाइं कालओ केवचिरं होइ ?

उ. एगदव्वं पडुच्च जहण्णेणं एगं समयं,

उक्कोसेणं असंखेज्जं कालं,

णाणादव्वाइं पडुच्च सव्वद्धा।

*एवं दोण्णि वि।*

प. ६. णेगम-ववहाराणं आणुपुव्वीदव्वाणमंतरं कालओ केवचिरं होइ ?

उ. तिण्णि वि एगं दव्वं पडुच्च जहण्णेणं एगं समयं, उक्कोसेणं असंखेज्जं कालं,

णाणादव्वाइं पडुच्च णत्थि अंतरं।

प. ७. णेगम-ववहाराणं आणुपुव्वीदव्वाइं सेसदव्वाइं कइभागे होज्जा ?

उ. *तिण्णि वि जहा दव्वाणुपुव्वीए।*

प. ८. णेगम-ववहाराणं आणुपुव्वीदव्वाइं कयरम्मि भावे होज्जा ?

उ. तिण्णि वि णियमा सादिपारिणामिए भावे होज्जा।

प. ९. एएसि णं भंते ! णेगम-ववहाराणं आणुपुव्वी-दव्वाणं अणाणुपुव्वीदव्वाणं अवत्तव्वयदव्वाण य दव्वट्ठयाए पएसट्ठयाए दव्वट्ठ-पएसट्ठयाए य कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

उ. गोयमा ! १. सव्वत्थोवाइं णेगम-ववहाराणं अवत्तव्वयदव्वाइं ***दव्वट्ठयाए,***

२. अणाणुपुव्वीदव्वाइं दव्वट्ठयाए विसेसाहियाइं,

३. आणुपुव्वीदव्वाइं दव्वट्ठयाए असंखेज्जगुणाइं,

પ્ર. ૨. (નૈગમ-વ્યવહારનયસમ્મત) આનુપૂર્વી દ્રવ્ય શું સંખ્યાત છે, અસંખ્યાત છે કે અનન્ત છે ?

ઉ. (નૈગમ-વ્યવહારનયસમ્મત) આનુપૂર્વી દ્રવ્ય ન તો સંખ્યાત છે અને ન અનન્ત છે. પરંતુ નિયમતઃ અસંખ્યાત છે.

**આ પ્રમાણે બંને (અનાનુપૂર્વી અને અવક્તવ્ય) દ્રવ્ય છે.**

પ્ર. ૫. નૈગમ-વ્યવહારનય સમ્મત આનુપૂર્વીદ્રવ્ય કાળની અપેક્ષાએ કેટલા સમય સુધી રહે છે ?

ઉ. એક દ્રવ્યની અપેક્ષાએ જઘન્ય એક સમય,

ઉત્કૃષ્ટ અસંખ્યાત કાળ સુધી,

વિવિધ દ્રવ્યોની અપેક્ષાએ સર્વકાળ રહે છે.

**આ પ્રમાણે બંને (અનાનુપૂર્વી અને અવક્તવ્ય દ્રવ્યો) નાં માટે પણ જાણવું જોઈએ.**

પ્ર. ૬. નૈગમ-વ્યવહારનય સમ્મત આનુપૂર્વી દ્રવ્યોનું અંતર કેટલા કાળનું છે ?

ઉ. ત્રણેયનું અંતર એક દ્રવ્યની અપેક્ષાએ જઘન્ય એક સમયનું છે અને ઉત્કૃષ્ટ અસંખ્યાતકાળનું છે.

અનેક દ્રવ્યોની અપેક્ષાએ અંતર નથી.

પ્ર. ૭. નૈગમ-વ્યવહારનય સમ્મત આનુપૂર્વી દ્રવ્ય બાકીનાં દ્રવ્યોનાં કેટલા ભાગ પ્રમાણ હોય છે ?

ઉ. **દ્રવ્યાનુપૂર્વીનાં સમાન જ અહીં પણ ત્રણે દ્રવ્યોનાં માટે સમજવું જોઈએ.**

પ્ર. ૮. નૈગમ-વ્યવહારનયસમ્મત આનુપૂર્વીદ્રવ્ય ક્યા ભાવમાં રહે છે ?

ઉ. ત્રણેય દ્રવ્ય નિયમતઃ સાદિ પારિણામિક ભાવમાં જ રહે છે.

પ્ર. ૯. ભંતે ! આ નૈગમ-વ્યવહારનય સમ્મત આનુપૂર્વી દ્રવ્યો, અનાનુપૂર્વી દ્રવ્યો અને અવક્તવ્ય દ્રવ્યોમાં દ્રવ્યાર્થતા, પ્રદેશાર્થતા અને દ્રવ્યાર્થ-પ્રદેશાર્થતાની અપેક્ષાએ કોણ કોનાથી અલ્પ **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! ૧. નૈગમ-વ્યવહારનય સમ્મત અવક્તવ્ય દ્રવ્ય, દ્રવ્યોની અપેક્ષાએ બધાથી અલ્પ છે.

૨. (તેનાથી) દ્રવ્યોની અપેક્ષાએ અનાનુપૂર્વી દ્રવ્ય વિશેષાધિક છે.

૩. (તેનાથી) દ્રવ્યોની અપેક્ષાએ આનુપૂર્વી દ્રવ્ય અસંખ્યાતગુણા છે.

---

૧. ૩-૪ ક્ષેત્ર અને સ્પર્શના (સુ. ૧૫૨-૧૫૩)નું વર્ણન ગણિતાનુયોગ પૃ. ૩૦-૩૨માં જોવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

४. **पएसट्ठयाए** सव्वत्थोवाइं णेगम-ववहाराणं अणाणुपुव्वीदव्वाइं अपएसट्ठयाए,

५. अवत्तव्वयदव्वाइं पएसट्ठयाए विसेसाहियाइं,

६. आणुपुव्वीदव्वाइं पएसट्ठयाए असंखेज्जगुणाइं।

७. दव्वट्ठ-पएसट्ठयाए सव्वत्थोवाइं णेगम-ववहाराणं अवत्तव्वयदव्वाइं दव्वट्ठयाए,

८. अणाणुपुव्वीदव्वाइं दव्वट्ठयाए अपएसट्ठयाए विसेसाहियाइं,

९. अवत्तव्वयदव्वाइं पएसट्ठयाए विसेसाहियाइं,

१०. आणुपुव्वीदव्वाइं दव्वट्ठयाए असंखेज्जगुणाइं, ताइं चेव पएसट्ठयाए असंखेज्जगुणाइं।

***से तं अणुगमे।***

***से तं णेगम-ववहाराणं अणोवणिहिया खेत्ताणुपुव्वी।***

- अणु. सु. १५२-१५८

૪. **પ્રદેશોની અપેક્ષાએ** નૈગમ-વ્યવહારનયસમ્મત અનાનુપૂર્વી દ્રવ્ય અપ્રદેશી હોવાથી બધાથી અલ્પ છે.

૫. તેનાથી પ્રદેશોની અપેક્ષાએ અવક્તવ્ય દ્રવ્ય વિશેષાધિક છે.

૬. તેનાથી આનુપૂર્વી દ્રવ્ય પ્રદેશોની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે,

૭. દ્રવ્યો અને પ્રદેશોની અપેક્ષાથી નૈગમ-વ્યવહારનય સમ્મત અવક્તવ્ય દ્રવ્ય બધાથી અલ્પ છે.

૮. (તેનાથી) દ્રવ્ય અને અપ્રદેશની અપેક્ષાએ અનાનુપૂર્વી દ્રવ્ય વિશેષાધિક છે.

૯. (તેનાથી) અવક્તવ્ય દ્રવ્ય પ્રદેશની અપેક્ષાએ વિશેષાધિક છે.

૧૦. (તેનાથી) આનુપૂર્વી દ્રવ્ય દ્રવ્યની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે અને તે જ પ્રદેશની અપેક્ષાથી પણ અસંખ્યાતગુણા છે.

***આ અનુગમ છે.***

***આ નૈગમ-વ્યવહારનય સમ્મત અનૌપનિધિની ક્ષેત્રાનુપૂર્વી છે.***

**१५७. संगहणय सम्मय खेत्ताणुपुव्वी परूवणा-**

प. से किं तं संगहस्स अणोवणिहिया खेत्ताणुपुव्वी ?

उ. ***जहेव दव्वाणुपुव्वी तहेव खेत्ताणुपुव्वी णेयव्वा।***

***से तं संगहस्स अणोवणिहिया खेत्ताणुपुव्वी।***

***से तं अणोवणिहिया खेत्ताणुपुव्वी।***

प. से किं तं ओवणिहिया खेत्ताणुपुव्वी ?

उ. ओवणिहिया खेत्ताणुपुव्वी तिविहा पण्णत्ता, तं जहा-

१. पुव्वाणुपुव्वी, २. पच्छाणुपुव्वी, ३. अणाणुपुव्वी[1]। - अणु. सु. १५९-१६०

**૧૫૭. સંગ્રહનય સમ્મત ક્ષેત્રાનુપૂર્વીની પ્રરુપણા :**

પ્ર. સંગ્રહનય સમ્મત અનૌપનિધિની ક્ષેત્રાનુપૂર્વી શું છે ?

ઉ. ***પૂર્વોક્ત સંગ્રહનયસમ્મત અનૌપનિધિની દ્રવ્યાનુપૂર્વીની જેમ આ ક્ષેત્રાનુપૂર્વીનું પણ સ્વરુપ જાણવું જોઈએ.***

***આ સંગ્રહનય સમ્મત અનૌપનિધિની ક્ષેત્રાનુપૂર્વી છે.***

***આ અનૌપનિધિની ક્ષેત્રાનુપૂર્વી છે.***

પ્ર. ઔપનિધિની ક્ષેત્રાનુપૂર્વી શું છે ?

ઉ. ઔપનિધિની ક્ષેત્રાનુપૂર્વી ત્રણ પ્રકારની કહી છે, જેમકે -

૧. પૂર્વાનુપૂર્વી, ૨. પશ્ચાનુપૂર્વી, ૩. અનાનુપૂર્વી.

---

૧. (૪) ક્ષેત્રાનુપૂર્વી (સુ. ૧૬૧-૧૭૯)નું બાકી વર્ણન ગણિતાનુયોગ પરિશિષ્ટમાં જોવું.
(૫) કાલાનુપૂર્વી (સુ. ૧૮૦-૨૦૨)નું વર્ણન પણ તે જ પરિશિષ્ટમાં જોવું.
(૬) ઉત્કીર્તનાનુપૂર્વી (સુ. ૨૦૩)નું વર્ણન ધર્મકથાનુયોગ પરિશિષ્ટમાં જોવું.
(૭) ગણનાનુપૂર્વી (સુ. ૨૦૪)નું વર્ણન પણ ગણિતાનુયોગ પરિશિષ્ટમાં જોવું.
(૮) સંસ્થાનાનુપૂર્વી (સુ. ૨૦૫) શરીર અધ્યયનમાં જોવું.
(૯) સમાચારી આનુપૂર્વી (સુ. ૨૦૬)નું વર્ણન ચરણાનુયોગ પરિશિષ્ટમાં જોવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**१०. भावाणुपुव्वी-**

प. से किं तं भावाणुपुव्वी ?

उ. भावाणुपुव्वी तिविहा पण्णत्ता, तं जहा-

१. पुव्वाणुपुव्वी, २. पच्छाणुपुव्वी, ३. अणाणुपुव्वी।

प. से किं तं पुव्वाणुपुव्वी ?

उ. पुव्वाणुपुव्वी- १. उदइए, २. उवसमिए, ३. खइए, ४. खओवसमिए, ५. पारिणामिए, ६. सन्निवाइए।

**से तं पुव्वाणुपुव्वी।**

प. से किं तं पच्छाणुपुव्वी ?

उ. पच्छाणुपुव्वी-सन्निवाइए -**जाव**- उदइए,

**से तं पच्छाणुपुव्वी।**

प. से किं तं अणाणुपुव्वी ?

उ. अणाणुपुव्वी एयाए चेव एगादियाए एगुत्तरियाए छगच्छगयाए सेढीए अन्नमन्नब्भासो दुरूवूणो।

**से तं अणाणुपुव्वी।**

**से तं भावाणुपुव्वी[1]।** - अणु. सु. २०७

**१०. ભાવાનુપૂર્વી :**

પ્ર. ભાવાનુપૂર્વી શું છે ?

ઉ. ભાવાનુપૂર્વી ત્રણ પ્રકારની કહી છે, જેમકે -

૧. પૂર્વાનુપૂર્વી, ૨. પશ્ચાનુપૂર્વી, ૩. અનાનુપૂર્વી.

પ્ર. પૂર્વાનુપૂર્વી શું છે ?

ઉ. પૂર્વાનુપૂર્વી આ પ્રમાણે છે - ૧. ઔદયિકભાવ, ૨. ઔપશમિકભાવ, ૩. ક્ષાયિકભાવ, ૪. ક્ષાયોપશમિક ભાવ, ૫. પારિણામિક ભાવ, ૬. સાન્નિપાતિકભાવ.

**આ પૂર્વાનુપૂર્વી છે.**

પ્ર. પશ્ચાનુપૂર્વી શું છે ?

ઉ. પશ્ચાનુપૂર્વી આ પ્રમાણે છે - સાન્નિપાતિકભાવથી લઈને ઔદયિકભાવ સુધી ભાવોનું વિપરીત ક્રમથી વર્ણન કરવું,

**આ પશ્ચાનુપૂર્વી છે.**

પ્ર. અનાનુપૂર્વી શું છે ?

ઉ. એકથી લઈને એકોત્તર વૃદ્ધિ દ્વારા છ સુધીની શ્રેણીમાં સ્થાપિત સંખ્યાનું પરસ્પર ગુણાકાર કરીને પ્રાપ્ત રાશિમાંથી પ્રથમ અને અંતિમ ભંગને ઓછા કરવાથી બાકીનાં રહેલ ભંગ અનાનુપૂર્વી છે.

**આ અનાનુપૂર્વીનું સ્વરુપ છે.**

**આ ભાવાનુપૂર્વીનું વર્ણન છે.**

**१५८. उवक्कम अणुओगे नाम दुवारस्स भेयप्पभेया-**

प. से किं तं णामे ?

उ. णामे दसविहे पण्णत्ते, तं जहा-

१. एगणामे, २. दुणामे, ३. तिणामे, ४. चउणामे, ५. पंचणामे, ६. छणामे, ७. सत्तणामे, ८. अट्ठणामे, ९. णवणामे, १०. दसणामे।

प. से किं तं एगणामे ?

उ. एगणामे पण्णत्ते,

णामाणि जाणि काणि वि दव्वाणु गुणाण पज्जवाणं च।
तेसिं आगमनिहसे नामं ति परूविया सण्णा॥

**से तं एगणामे।**

**૧૫૮. ઉપક્રમ અનુયોગમાં "નામ" દ્વારનાં ભેદ-પ્રભેદ :**

પ્ર. નામનું સ્વરુપ શું છે ?

ઉ. નામનાં દસ પ્રકાર કહ્યા છે. જેમકે -

૧. એક નામ, ૨. બે નામ, ૩. ત્રણ નામ, ૪. ચાર નામ, ૫. પાંચ નામ, ૬. છ નામ, ૭. સાત નામ, ૮. આઠ નામ, ૯. નવ નામ, ૧૦. દસ નામ.

પ્ર. એક નામ શું છે ?

ઉ. એક નામનું સ્વરુપ આ પ્રમાણે છે -

દ્રવ્યો, ગુણો અને પર્યાયોનાં જે કોઈ નામ લોકમાં રુઢ છે, તે બધાની "નામ" એવી એ સંજ્ઞા આગમ રુપ નિકષ (કસૌટી)માં કસીને કહેવામાં આવી છે.

**આ એક નામ છે.**

---

૧. ભાવાનુપૂર્વીનું બાકી વર્ણન આગળ નામ વિવક્ષામાં જોવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. से किं तं दुणामे ?

उ. दुणामे दुविहे पण्णत्ते, तं जहा-

१. एगक्खरिए य, २. अणेगक्खरिए य।

प. से किं तं एगक्खरिए ?

उ. एगक्खरिए अणेगविहे पण्णत्ते, तं जहा-

ह्री : श्री : धी : स्त्री।

***से तं एगक्खरिए।***

प. से किं तं अणेगक्खरिए ?

उ. अणेगक्खरिए अणेगविहे पण्णत्ते, तं जहा-

कण्णा, वीणा, लता, माला।

***से तं अणेगक्खरिए।***

**अहवा** दुनामे दुविहे पण्णत्ते, तं जहा-

१. जीवनामे य, २. अजीवनामे य।

प. से किं तं जीवणामे ?

उ. जीवणामे अणेगविहे पण्णत्ते, तं जहा-

१. देवदत्तो, २. जण्णदत्तो, ३. विण्हुदत्तो, ४. सोमदत्तो।

***से तं जीवनामे।***

प. से किं तं अजीवनामे ?

उ. अजीवनामे अणेगविहे पण्णत्ते, तं जहा-

घडो, पडो, कडो, रहो।[1]

***से तं अजीवनामे।*** - अणु. सु. २०८-२१५

प. से किं तं तिनामे ?

उ. तिनामे तिविहे पण्णत्ते, तं जहा-

१. दव्वणामे, २. गुणणामे, ३. पज्जवणामे य।[2]

- अणु. सु. २१७

प्र. દ્વિનામ શું છે ?

ઉ. દ્વિનામ બે પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. એકાક્ષરિક, ૨. અનેકાક્ષરિક.

પ્ર. એકાક્ષરિક દ્વિનામ શું છે ?

ઉ. એકાક્ષરિક દ્વિનામ અનેક પ્રકારનાં કહ્યા છે. જેમકે -

હ્રી (દેવી), શ્રી (લક્ષ્મીદેવી), ધી (બુદ્ધિ), સ્ત્રી આદિ.

***આ એકાક્ષરિક નામ છે.***

પ્ર. અનેકાક્ષરિક દ્વિનામ શું છે ?

ઉ. અનેકાક્ષરિક દ્વિનામ પણ અનેક પ્રકારનાં કહ્યા છે, જેમકે -

કન્યા, વીણા, લતા, માળા આદિ.

***આ અનેકાક્ષરિક દ્વિનામ છે.***

**અથવા** દ્વિનામ બે પ્રકારનાં કહ્યા છે. જેમકે -

૧. જીવનામ, ૨. અજીવનામ.

પ્ર. જીવનામ શું છે ?

ઉ. જીવનામ અનેક પ્રકારનાં કહ્યા છે. જેમકે -

૧. દેવદત્ત, ૨. યજ્ઞદત્ત, ૩. વિષ્ણુદત્ત, ૪. સોમદત્ત આદિ.

***આ જીવનામ છે.***

પ્ર. અજીવનામ શું છે ?

ઉ. અજીવનામ પણ અનેક પ્રકારનાં કહ્યા છે, જેમકે -

ઘટ, પટ, કટ, રથ ઈત્યાદિ,

***આ અજીવનામ છે.***

પ્ર. ત્રિનામ શું છે ?

ઉ. ત્રિનામ ત્રણ પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. દ્રવ્યનામ, ૨. ગુણનામ, ૩. પર્યાયનામ.

**१५९. तिणाम विवक्खया सद्दाणं इत्थिआइ लिंग सूअयपच्चय-**

तं पुण णामं तिविहं,

१. इत्थी २. पुरिसं, ३. णपुंसगं चेव।

**૧૫૯. ત્રિનામની વિવક્ષાથી શબ્દોનાં સ્ત્રીલિંગ આદિ સૂચક પ્રત્યય :**

તે ત્રિનામનાં ફરીથી ત્રણ પ્રકાર એ છે -

૧. સ્ત્રીનામ, ૨. પુરુષનામ, ૩. નપુંસકનામ.

---

૧. દ્વિનામનું વિકલ્પ (સુ. ૨૧૬)નો વર્ણન દ્રવ્ય અધ્યયનમાં જોવું.

૨. એમના ભેદ-પ્રભેદ (સુ. ૨૧૮-૨૨૫) દ્રવ્ય, પર્યાય, પુદ્ગલ અધ્યયનમાં જોવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

एएसिं तिण्हं पि य अंतम्मि परूवणं वोच्छं ॥

आ त्रणेय प्रકारनां नामोनो બोध तेना अन्त्याक्षरो द्वारा थाय छे.

तत्थ पुरिसस्स अंता १. आ, २. ई, ३. ऊ,
४. ओ य होंति चत्तारि।
ते चेव इत्थियाए हवंति, ओकारपरिहीणा ॥

પુરુષનામોનાં અંતમાં "આ,ઈ,ઊ,ઓ" આ ચારમાંથી કોઈ એક સ્વર હોય છે તથા સ્ત્રીનામોનાં અંતમાં "ઓ"ને છોડીને બાકીનાં ત્રણ (આ,ઈ,ઊ) સ્વર હોય છે.

अं ति य इं ति य उं ति य अंता उ णपुंसगस्स बोद्धव्वा।
एएसिं तिण्हं पि य वोच्छामि निदंसणे एत्तो ॥

જે શબ્દોનાં અંતમાં અં, ઈં, ઉં સ્વર હોય, તેને નપુંસકલિંગવાળા સમજવા જોઈએ. હવે આ ત્રણેયનાં ઉદાહરણ કહે છે -

आकारंतो राया, ईकारंतो गिरी य सिहरी य।

આકારાન્ત પુરુષ નામનું ઉદાહરણ "રાયા" છે. ઈકારાન્તનું "ગિરી" તથા "શિખરી" છે.

ऊकारंतो विण्हू दुमो ओ अंताओ पुरिसाणं ॥

ઉકારાન્તનું "વિષ્ણુ" અને ઓકારાન્તનું દુમો. (દ્રુમ-વૃક્ષ) છે.

आकारंता माला ईकारंता सिरी य लच्छी य।

સ્ત્રી નામમાં "માળા" આ પદ આકારાન્તનું, "સિરી" અને "લચ્છી" પદ ઈકારાન્તનું,

ऊकारंता जंबू वहू य अंता उ इत्थीणं ॥

"જમ્બૂ" અને "વધૂ" ઊકારાન્ત નારી જાતિનાં ઉદાહરણ છે.

अंकारंतं धन्नं इंकारंतं नपुंसकं अच्छिं।

"ધન્નં" આ પ્રાકૃતપદ અંકારાન્ત નપુંસક નામનું ઉદાહરણ છે.

ऊंकारंतं पीलुं च महुं च अंता णपुंसाणं ॥

"અચ્છિં" આ ઈકારાન્ત નપુંસકનામનું તથા "પીળું" "મહું" (મધુ) એ ઉકારાન્ત નપુંસકનાં પદ છે.

***से तं तिणामे।*** - अणु. सु. २२६

***આ ત્રિનામ છે.***

**१६०. चउणाम विवक्खया आगम लोवाइणा सद्द णिप्फत्ति-**

**૧૬૦. ચતુર્નામની વિવક્ષાથી આગમ, લોપ આદિ દ્વારા શબ્દ નિષ્પત્તિ :**

प. से किं तं चउणामे ?

उ. चउणामे चउव्विहे पण्णत्ते, तं जहा-

१. आगमेणं, २. लोवेणं,
३. पयइए, ४. विगारेणं।

प. (१) से किं तं आगमेणं ?

उ. आगमेणं पउमानि पयासि कुण्डानि।

***से तं आगमेणं।***

प. (२) से किं तं लोवेणं ?

उ. लोवेणं ते अत्र-तेऽत्र, पटो अत्र-पटोऽत्र, घटो अत्र-घटोऽत्र, रथो अत्र-रथोऽत्र।

***से तं लोवेणं।***

प. (३) से किं तं पगतीए।

उ. पगतीए अग्नी एतौ, पटू इमौ, साले एते, माले इमे।

પ્ર. ચતુર્નામ શું છે ?

ઉ. ચતુર્નામ ચાર પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. આગમનિષ્પન્ન નામ, ૨. લોપનિષ્પન્નનામ,
૩. પ્રકૃતિનિષ્પન્ન નામ, ૪. વિકાર નિષ્પન્ન નામ.

પ્ર. ૧. આગમનિષ્પન્ન નામ શું છે ?

ઉ. પદ્માનિ, પયાંસિ, કુંડાનિ આદિ.

***આ બધા આગમનિષ્પન્ન નામ છે.***

પ્ર. ૨. લોપનિષ્પન્ન નામ શું છે ?

ઉ. તે + અત્ર - તેઽત્ર, પટો + અત્ર-પટોઽત્ર, ઘટો + અત્ર - ઘટોઽત્ર, રથો + અત્ર - રથોઽત્ર.

***આ લોપનિષ્પન્નનામ છે.***

પ્ર. ૩. પ્રકૃતિનિષ્પન્ન નામ શું છે ?

ઉ. અગ્ની, એતૌ, પટૂ-એમૌ, શાલે-એતે, માલા-ઈમે આદિ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

*से तं पगतीए।*

प. (४) से किं तं विकारेणं ?

उ. विकारेणं दंडस्य अग्रं-दण्डाग्रम्, सा आगता साऽऽगता, दधि इदं-दधीदम्, नदी ईहते-नदीहते, मधु उदकं मधूदकम्, बहु ऊहते बहूहते।

*से तं विकारेणं।*

*से तं चउणामे।* - अणु. सु. २२७-२३१

**१६१. पंचनाम विवक्खया ओवसग्गियाइ नामं-**

प. से किं तं पंचणामे ?

उ. पंचणामे पंचविहे पण्णत्ते, तं जहा-

१. नामिकं, २. नैपातिकं, ३. आक्खाइयं, ४. ओवसग्गियं, ५. मिस्सं य।

अश्व इति नामिकम्, खल्विति नैपातिकम्, धावतीत्याख्यातिकम्, परि-इत्यौपसर्गिकम्, संयत इति मिश्रम्।

*से तं पंचनामे* - अणु. सु. २३२

**१६२. छनाम विवक्खया उदयाइ छब्भावाणं वित्थरओ परूवणं-**

प. से किं तं छनामे ?

उ. छणामे छव्विहे पण्णत्ते, तं जहा-

१. उदइए, २. उवसमिए, ३. खइए, ४. खओवसमिए, ५. पारिणामिए, ६. सन्निवाइए।

- अणु. सु. २३३

**१. उदइए भावे -**

प. से किं तं उदइए ?

उ. उदइए दुविहे पण्णत्ते, तं जहा-

१. उदए य, २. उदयनिप्फण्णे य।

प. से किं तं उदए ?

उ. उदए अट्ठण्हं कम्मपगडीणं उदएणं, से तं उदनाए।

प. से किं तं उदयनिप्फण्णे ?

उ. उदयनिप्फण्णे दुविहे पण्णत्ते, तं जहा-

१. जीवोदयनिप्फन्ने य, २. अजीवोदयनिप्फन्ने य।

**આ પ્રકૃતિ નિષ્પન્નનામ છે.**

પ્ર. ૪. વિકારનિષ્પન્નનામ શું છે ?

ઉ. દંડસ્ય + અગ્રં = દંડાગ્રમ્, સા + આગતા = સાઽઽગતા, દધિ + ઈદં = દધીદં, નદી + ઈહતે = નદીહતે, મધુ + ઉદકં = મધૂદકં, બહુ + ઊહતે = બહૂહતે.

**આ બધા વિકારનિષ્પન્ન નામ છે.**

**આ ચતુર્નામ છે.**

**૧૬૧. પાંચ નામની વિવક્ષાથી ઔપસર્ગિકાદિ નામ :**

પ્ર. પાંચ નામ શું છે ?

ઉ. પાંચનામ પાંચ પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. નામિક, ૨. નૈપાતિક, ૩. આખ્યાતિક, ૪. ઔપસર્ગિક, ૫. મિશ્ર.

જેમ "અશ્વ" આ નામિકનામનું, "ખલુ" આ નૈપાતિ- કનામનું, "ધાવતિ"આ આખ્યાતિક નામનું, "પરિ" આ ઔપસર્ગિક નામનું અને "સંયત" આ મિશ્રનામનું ઉદાહરણ છે.

**આ પાંચનામનું સ્વરુપ છે.**

**૧૬૨. છ નામની વિવક્ષાથી ઉદયાદિ છહભાવોનું વિસ્તારથી પ્રરુપણ :**

પ્ર. છ નામ શું છે ?

ઉ. છ નામ છ પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. ઔદયિક, ૨. ઔપશમિક, ૩. ક્ષાયિક, ૪. ક્ષાયોપશમિક, ૫. પારિણામિક, ૬. સાન્નિ- પાતિક.

**૧. ઔદયિક ભાવ :**

પ્ર. ઔદયિકભાવ શું છે ?

ઉ. ઔદયિકભાવ બે પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. ઔદયિક, ૨. ઉદયનિષ્પન્ન.

પ્ર. ઔદયિક શું છે ?

ઉ. જ્ઞાનાવરણાદિક આઠ કર્મપ્રકૃતિઓનાં ઉદયથી થનાર ઉદય ઔદયિક ભાવ છે.

પ્ર. ઉદયનિષ્પન્ન શું છે ?

ઉ. ઉદયનિષ્પન્ન બે પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. જીવોદયનિષ્પન્ન, ૨. અજીવોદયનિષ્પન્ન.

JAINSITE जैन साईट
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. से किं तं जीवोदयनिप्फन्ने ?

उ. जीवोदयनिप्फन्ने अणेगविहे पण्णत्ते, तं जहा-

णेरइए, तिरिक्खजोणिए, मणुस्से, देवे,

पुढविकाइए -जाव- वणस्सइकाइए, तसकाइए,

कोहकसायी -जाव- लोहकसायी,

इत्थीवेदए, पुरिसवेदए, णपुंसगवेदए,

कण्हलेसे **-जाव-** सुक्कलेसे,

मिच्छादिट्ठी, अविरए, अण्णाणी, आहारए, छउमत्थे,

सजोगी, संसारत्थे, असिद्धे।

***से तं जीवोदयनिप्फन्ने।***

प. से किं तं अजीवोदयनिप्फन्ने ?

उ. अजीवोदयनिप्फन्ने चोद्दसविहे पण्णत्ते, तं जहा-

१-२ ओरालियं वा सरीरं, ओरालियसरीर पयोगपरिणामियं वा दव्वं,

३-४ वेउव्वियं वा सरीरं, वेउव्वियसरीरपयोग-परिणामियं वा दव्वं,

***एवं ५-६. आहारगं सरीरं ७-८. तेयगं सरीरं ९-१०. कम्मगं सरीरं च भाणियव्वं।***

पयोगपरिणामिए वण्णे, गंधे, रसे, फासे।

***से तं अजीवोदयनिप्फण्णे, से तं उदयनिप्फण्णे, से तं उदए।*** - अणु. सु. २३४-२३८

२. **उवसमिए भावे-**

प. से किं तं उवसमिए ?

उ. उवसमिए दुविहे पण्णत्ते, तं जहा-

१. उवसमे य, २. उवसमनिप्फण्णे य।

प. से किं तं उवसमे ?

उ. उवसमे मोहणिज्जस्स कम्मस्स उवसमेणं, ***से तं उवसमे।***

प. से किं तं उवसमनिप्फण्णे ?

उ. उवसमनिप्फण्णे अणेगविहे पण्णत्ते, तं जहा-

પ્ર. જીવોદયનિષ્પન્ન (ઔદયિકભાવ) શું છે ?

ઉ. જીવોદયનિષ્પન્ન અનેક પ્રકારનાં કહ્યા છે, જેમકે -

નૈરયિક, તિર્યંચયોનિક, મનુષ્ય, દેવ,

પૃથ્વીકાયિક **-યાવત્-** વનસ્પતિકાયિક, ત્રસકાયિક,

ક્રોધકષાયી **-યાવત્-** લોભકષાયી,

સ્ત્રીવેદી, પુરુષવેદી, નપુંસકવેદી,

કૃષ્ણલેશી **-યાવત્-** શુક્લલેશી,

મિથ્યાદષ્ટી, અવિરત, અજ્ઞાની, આહારક,

છદ્મસ્થ, સયોગી, સંસારસ્થ, અસિદ્ધ.

***આ જીવોદયનિષ્પન્ન છે.***

પ્ર. અજીવોદયનિષ્પન્ન (ઔદયિકભાવ) શું છે ?

ઉ. અજીવોદયનિષ્પન્ન ચૌદ પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧-૨. ઔદારિક શરીર, ઔદારિક શરીરનાં પ્રયોગથી પરિણામિત દ્રવ્ય,

૩-૪. વૈક્રિય શરીર, વૈક્રિય શરીરનાં પ્રયોગથી પરિણામિત દ્રવ્ય,

***આ પ્રમાણે ૫-૬. આહારક શરીર ૭-૮. તૈજસ્ શરીર અને ૯-૧૦. કાર્મણશરીરનાં પણ બે-બે વિકલ્પ જાણવા જોઈએ.***

પાંચો શરીરનાં વ્યાપારથી પરિણામિત વર્ણ, ગંધ, રસ, સ્પર્શ દ્રવ્ય.

***આ અજીવોદયનિષ્પન્ન ઔદયિકભાવ છે. આ ઉદયનિષ્પન્ન છે, આ ઔદયિકભાવોની પ્રરુપણા થઈ.***

**૨. ઔપશમિક ભાવ :**

પ્ર. ઔપશમિક ભાવ શું છે ?

ઉ. ઔપશમિક ભાવ બે પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. ઉપશમ, ૨. ઉપશમનિષ્પન્ન.

પ્ર. ઉપશમ શું છે ?

ઉ. મોહનીયકર્મનાં ઉપશમથી થનાર ભાવ - તે ***ઉપશમ ઔપશમિક ભાવ છે.***

પ્ર. ઉપશમનિષ્પન્ન શું છે ?

ઉ. ઉપશમનિષ્પન્ન (ઔપશમિક ભાવ) અનેક પ્રકારનાં કહ્યા છે, જેમકે -

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उवसंतकोहे -जाव- उवसंतलोभे,
उवसंतपेज्जे, उवसंतदोसे,
उवसंत दंसणमोहणिज्जे,
उवसंतचरित्तमोहणिज्जे, उवसंतमोहणिज्जे,
उवसमिया सम्मत्तलद्धी, उवसमिया चरित्तलद्धी

उवसंतकसायछउमत्थवीयरागे।
***से तं उवसमनिप्फण्णे।***
***से तं उवसमिए।*** - अणु. सु. २३९-२४१

**३. खइए भावे-**

प. से किं तं खइए ?

उ. खइए दुविहे पण्णत्ते, तं जहा-
१. खए य, २. खयनिप्फण्णे य।

प. से किं तं खए ?

उ. खए अट्ठण्हं कम्मपगडीणं खएणं से तं खए।

प. से किं तं खयनिप्फण्णे ?

उ. खयनिप्फण्णे अणेगविहे पण्णत्ते, तं जहा-
उप्पण्णणाणदंसणधरे-अरहा जिणे केवली।
खीण आभिणिबोहियणाणावरणे, खीणसुयणाणावरणे, खीणओहिणाणावरणे, खीणमणपज्जवणाणावरणे, खीणकेवलणाणावरणे, अणावरणे, णिरावरणे,

खीणावरणे, णाणावरणिज्जकम्मविप्पमुक्के,
केवलदंसी सव्वदंसी खीणनिद्दे खीणनिद्दानिद्दे
खीणपयले खीणपयलापयले खीणथीणगिद्धे
खीणचक्खुदंसणावरणे, खीणअचक्खुदंसणावरणे, खीणओहिदंसणावरणे, खीणकेवलदंसणावरणे,

अणावरणे, निरावरणे, खीणावरणे
दरिसणावरणिज्जकम्मविप्पमुक्के,
खीणसायवेयणिज्जे, खीणअसायवेयणिज्जे, अवेयणे निव्वेयणे खीणवेयणे सुभाऽसुभवेयणिज्जकम्मविप्पमुक्के,

ઉપશાંત ક્રોધ **-યાવત્-** ઉપશાંત લોભ,
ઉપશાંત રાગ, ઉપશાંત દ્વેષ,
ઉપશાંત દર્શન મોહનીય,
ઉપશાંત ચારિત્ર મોહનીય, ઉપશાંત મોહનીય,
ઔપશમિક સમ્યક્ત્વ લબ્ધિ, ઔપશમિક ચારિત્રલબ્ધિ,
ઉપશાંત કષાય છદ્મસ્થવીતરાગ આદિ.
***આ ઉપશમનિષ્પન્ન ઔપશમિક ભાવ છે.***
***આ ઔપશમિક ભાવનું સ્વરુપ છે.***

**૩. ક્ષાયિક ભાવ :**

પ્ર. ક્ષાયિક ભાવ શું છે ?

ઉ. ક્ષાયિકભાવ બે પ્રકારનાં કહ્યા છે, જેમકે -
૧. ક્ષય, ૨. ક્ષયનિષ્પન્ન.

પ્ર. ક્ષય (ક્ષાયિકભાવ) શું છે ?

ઉ. આઠ કર્મપ્રકૃતિઓનાં ક્ષયથી થનાર ભાવ - તે ક્ષાયિક ભાવ છે.

પ્ર. ક્ષયનિષ્પન્ન (ક્ષાયિકભાવ) શું છે ?

ઉ. ક્ષય નિષ્પન્ન અનેક પ્રકારનાં કહ્યા છે, જેમકે -
ઉત્પન્ન જ્ઞાન દર્શનધારક અર્હત્ જિન કેવળી,
ક્ષીણ આભિનિબોધિક જ્ઞાનાવરણવાળા, ક્ષીણશ્રુત જ્ઞાનાવરણવાળા, ક્ષીણ અવધિજ્ઞાનાવરણવાળા,
ક્ષીણમનઃપર્યવજ્ઞાનાવરણવાળા, ક્ષીણકેવળ જ્ઞાનાવરણવાળા, અવિદ્યમાન આવરણવાળા, નિરાવરણવાળા,

ક્ષીણાવરણવાળા, જ્ઞાનાવરણીય કર્મવિપ્રમુક્ત.
કેવળદર્શી, સર્વદર્શી, ક્ષીણનિદ્રા, ક્ષીણનિદ્રા-નિદ્રા,
ક્ષીણપ્રચલા, ક્ષીણપ્રચલાપ્રચલા, ક્ષીણસ્ત્યાનગૃદ્ધ,
ક્ષીણ ચક્ષુદર્શનાવરણવાળા, ક્ષીણ અચક્ષુદર્શનાવરણવાળા, ક્ષીણ અવધિદર્શનાવરણવાળા, ક્ષીણકેવળ દર્શનાવરણવાળા,

અનાવરણ, નિરાવરણ, ક્ષીણાવરણ,
દર્શનાવરણીય કર્મવિપ્રમુક્ત.
ક્ષીણસાતાવેદનીય, ક્ષીણઅસાતાવેદનીય, અવેદન, નિર્વેદન, ક્ષીણવેદન, શુભાશુભ-વેદનીય-કર્મવિપ્રમુક્ત,

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

खीणकोहे -जाव- खीणलोभे, खीणपेज्जे, खीणदोसे खीणदंसणमोहणिज्जे, खीणचरित्तमोहणिज्जे, अमोहे निम्मोहे खीणमोहे मोहणिज्जकम्मविप्पमुक्के,

क्षीणक्रोध -યાવત્- ક્ષીણલોભ, ક્ષીણરાગ, ક્ષીણદ્વેષ, ક્ષીણદર્શનમોહનીય, ક્ષીણચારિત્ર-મોહનીય, અમોહ, નિર્મોહ, ક્ષીણમોહ, મોહનીય-કર્મવિપ્રમુક્ત,

खीणणेरइयाउए, खीणतिरिक्खजोणियाउए, खीणमणुस्साउए, खीणदेवाउए अणाउए निराउए खीणाउए आउयकम्मविप्पमुक्के,

ક્ષીણનરકાયુષ્ક, ક્ષીણતિર્યંચયોનિકાયુષ્ક, ક્ષીણમનુષ્યાયુષ્ક, ક્ષીણદેવાયુષ્ક, અનાયુષ્ક, નિરાયુષ્ક, ક્ષીણાયુષ્ક, આયુકર્મવિપ્રમુક્ત,

गइ-जाइ सरीरंगोवंग बंधण संघात संघयण अणेगबोंदिविंदसंघायविप्पमुक्के,

ગતિ-જાતિ, શરીર-અંગોપાંગ- બંધન-સંઘાત-સંહનન-અનેકશરીરવૃંદ સંઘાતથી વિપ્રમુક્ત,

खीणसुभनामे खीणासुभणामे अणामे निण्णामे खीणनामे सुभाऽसुभणामकम्मविप्पमुक्के,

ક્ષીણ-શુભનામ, ક્ષીણ અશુભનામ, અનામ, નિર્નામ, ક્ષીણનામ, શુભાશુભનામકર્મવિપ્રમુક્ત,

खीणउच्चागोए खीणणीयागोए अगोए निग्गोए खीणगोए सुभाऽसुभगोत्तकम्मविप्पमुक्के,

ક્ષીણ-ઉચ્ચગોત્ર, ક્ષીણ નીચગોત્ર, અગોત્ર, નિર્ગોત્ર, ક્ષીણગોત્ર, શુભાશુભ ગોત્રકર્મ વિપ્રમુક્ત,

खीणदाणंतराए, खीणलाभंतराए, खीणभोगंतराए खीणउवभोगंतराए खीणविरियंतराए अणंतराए णिरंतराए खीणंतराए अंतराइयकम्मविप्पमुक्के,

ક્ષીણ દાનાન્તરાય, ક્ષીણ લાભાન્તરાય, ક્ષીણભોગાન્તરાય, ક્ષીણ-ઉપભોગાન્તરાય, ક્ષીણ-વીર્યાન્તરાય, અનન્તરાય, નિરંતરાય, ક્ષીણન્તરાય અંતરાયકર્મવિપ્રમુક્ત,

सिद्धे बुद्धे मुत्ते परिणिव्वुए अंतगडे सव्वदुक्खप्पहीणे।

સિદ્ધ, બુદ્ધ, મુક્ત, પરિનિર્વૃત્ત, અંતકૃત-સર્વદુઃખ પ્રહીણ.

***से तं खयनिप्फण्णे। से तं खइए।***

- अणु. सु. २४२-२४४

***આ ક્ષયનિષ્પન્ન ક્ષાયિક ભાવ છે. આ ક્ષાયિકભાવનું વર્ણન થયું.***

**४. खओवसमिए भावे-**

प. से किं तं खओवसमिए ?

उ. खओवसमिए दुविहे पन्नत्ते, तं जहा-

१. खओवसमे य, २. खओवसमनिप्फन्ने य।

प. से किं तं खओवसमे ?

उ. खओवसमे णं चउण्हं घाइकम्माणं खओवसमेणं, तं जहा-

१. नाणावरणिज्जस्स, २. दंसणावरणिज्जस्स,

३. मोहणिज्जस्स, ४. अंतराइयस्स।

***से तं खओवसमे।***

प. से किं तं खओवसमनिप्फन्ने ?

उ. खओवसमनिप्फन्ने अणेगविहे पण्णत्ते, तं जहा-

**૪. ક્ષાયોપશમિક ભાવ :**

પ્ર. ક્ષાયોપશમિક ભાવ શું છે ?

ઉ. ક્ષાયોપશમિક ભાવ બે પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. ક્ષયોપશમ, ૨. ક્ષયોપશમનિષ્પન્ન.

પ્ર. ક્ષયોપશમ શું છે ?

ઉ. ચાર ઘાતી કર્મોનાં ક્ષયોપશમ ક્ષયોપશમભાવ છે, જેમકે -

૧. જ્ઞાનાવરણીય, ૨. દર્શનાવરણીય,

૩. મોહનીય, ૪. અંતરાય.

***આ ક્ષાયોપશમિક ભાવ છે.***

પ્ર. ક્ષયોપશમનિષ્પન્ન (ક્ષાયોપશમિકભાવ) શું છે ?

ઉ. ક્ષયોપશમનિષ્પન્ન ક્ષાયોપશમિકભાવ અનેક પ્રકારનાં કહ્યા છે, જેમકે -

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

खओवसमिया आभिनिबोहियणाणलद्धी **-जाव-** खओवसमिया मणपज्जवणाणलद्धी खओवसमिया मइअण्णाणलद्धी, खओवसमिया सुयअण्णाणलद्धी, खओवसमिया विभंगणाणलद्धी, खओवसमिया चक्खुदंसणलद्धी **एवं** अचक्खुदंसणलद्धी, ओहिदंसणलद्धी, सम्मदंसणलद्धी, मिच्छादंसणलद्धी सम्मामिच्छादंसणलद्धी, खओवसमिया सामाइय चरित्तलद्धी, छेओवट्ठावणलद्धी, परिहारविसुद्धियलद्धी, सुहुमसंपराइयलद्धी, चरित्ताचरित्तलद्धी, खओवसमिया दाणलद्धी **-जाव-** खओवसमिया वीरियलद्धी, पंडियवीरियलद्धी, बालवीरियलद्धी, बालपंडियवीरियलद्धी, खओवसमिया सोइंदियलद्धी **-जाव-** खओवसमिया फासिंदियलद्धी,

ક્ષાયોપશમિક આભિનિબોધિકજ્ઞાનલબ્ધિ **-યાવત્-** ક્ષાયોપશમિક મન:પર્યવજ્ઞાન લબ્ધિ, ક્ષાયોપશમિક મતિ અજ્ઞાન લબ્ધિ, ક્ષાયોપશમિક શ્રુત અજ્ઞાન લબ્ધિ, ક્ષાયોપશમિક વિભંગજ્ઞાન-લબ્ધિ, ક્ષાયોપશમિક ચક્ષુદર્શનલબ્ધિ **આ પ્રમાણે.** અચક્ષુદર્શન લબ્ધિ, અવધિદર્શન લબ્ધિ, સમ્યગ્દર્શન લબ્ધિ, મિથ્યાદર્શન લબ્ધિ, સમ્યગ્મિથ્યાદર્શન લબ્ધિ, ક્ષાયોપશમિક સામાયિક-ચારિત્ર લબ્ધિ, છેદોપસ્થાપના લબ્ધિ, પરિહાર વિશુદ્ધિલબ્ધિ, સૂક્ષ્મસંપરાયિક લબ્ધિ, ચારિત્રાચારિત્ર લબ્ધિ, ક્ષાયોપશમિક દાન લબ્ધિ **-યાવત્-** ક્ષાયોપશમિક વીર્ય લબ્ધિ, પંડિતવીર્ય લબ્ધિ, બાળવીર્ય લબ્ધિ, બાલપંડિત વીર્યલબ્ધિ, ક્ષાયોપશમિક શ્રોત્રેન્દ્રિય લબ્ધિ **-યાવત્-** ક્ષાયોપશમિક સ્પર્શનેન્દ્રિય લબ્ધિ,

खओवसमिए आयारधरे **एवं** सूयगडधरे, ठाणधरे, समवायधरे, विवाहपण्णत्तिधरे, नायाधम्मकहाधरे, उवासगदसाधरे, अंतगडदसाधरे, अणुत्तरोववाइयदसाधरे, पण्हावागरणधरे, खओवसमिए विवागसुयधरे, खओवसमिए दिट्ठिवायधरे, खओवसमिए णवपुव्वी **-जाव-** चोद्दसपुव्वी खओवसमिए गणी, खओवसमिए वायए।

ક્ષાયોપશમિક આચારાંગધારી, **આ પ્રમાણે** સૂત્રકૃતાંગધારી, સ્થાનાંગધારી, સમવાયાંગધારી, વ્યાખ્યાપ્રજ્ઞપ્તિધારી, જ્ઞાતાધર્મકથાંગધારી, ઉપાસકદશાંગધારી, અન્તકૃદશાંગધારી, અનુત્તરોપપાતિક દશાંગધારી, પ્રશ્નવ્યાકરણધારી, ક્ષાયોપશમિક વિપાકશ્રુતધારી, ક્ષાયોપશમિક દૃષ્ટિવાદધારી, ક્ષાયોપશમિક નવપૂર્વધારી **-યાવત્-** ચૌદહ પૂર્વધારી, ક્ષાયોપશમિક ગણી, ક્ષાયોપશમિક વાચક.

***से तं खओवसमनिप्फण्णे।***

***से तं खओवसमिए।***

- अणु. सु. २४५-२४७

***આ ક્ષયોપશમનિષ્પન્ન ભાવ છે.***

***આ ક્ષાયોપશમિક ભાવ છે.***

५. **पारिणामिए भावे-**

प. से किं तं पारिणामिए ?

उ. पारिणामिए दुविहे पण्णत्ते, तं जहा-

१. साइपारिणामिए य, २. अणाइपारिणामिए य।

प. से किं तं साइपारिणामिए ?

उ. साइपारिणामिए अणेगविहे पण्णत्ते, तं जहा-

जुण्णसुरा जुण्णगुलो जुण्णघयं जुण्णतंदुला चेव।
अब्भा य अब्भरूक्खा संझा गंधव्वणगरा य।
उक्कावाया दिसादाया गज्जियं विज्जू णिग्घाया
जूवया जक्खादित्ता धूमिया,

५. **પારિણામિક ભાવ :**

પ્ર. પારિણામિક ભાવ શું છે ?

ઉ. પારિણામિક ભાવ બે પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. સાદિ પારિણામિક, ૨. અનાદિપારિણામિક.

પ્ર. સાદિ પારિણામિક ભાવ શું છે ?

ઉ. સાદિ પારિણામિક ભાવ અનેક પ્રકારનાં કહ્યા છે, જેમકે -

જીર્ણ સુરા, જીર્ણ ગોળ, જીર્ણ ઘી, જીર્ણ ચોખા, અભ્ર, અભ્રવૃક્ષ, સંઝા, ગંધર્વનગર.

તથા - ઉલ્કાપાત, દિગ્દાહ, મેઘગર્જના, વિદ્યુત્, નિર્ઘાત, યૂપક, યક્ષાદિપ્ત, ધૂમિકા,

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

महिया रयुग्घाओ चंदोवरागा सूरोवरागा चंदपरिवेसा सूरपरिवेसा पडिचंदया पडिसूरया इंदधणू उदगमच्छा कविहसिया अमोहा वासा वासधरा गामा णगरा घरा,

મહિકા, રજોદ્‌ઘાત, ચંદ્રગ્રહણ, સૂર્યગ્રહણ, ચંદ્રપરિવેષ, સૂર્યપરિવેષ, પ્રતિચંદ્ર, પ્રતિસૂર્ય, ઈન્દ્રધનુષ, ઉદકમત્સ્ય, કપિહસિત, અમોઘ, વર્ષ (ભરતાદિ ક્ષેત્ર) વર્ષધર (હિમવાન્ પર્વત આદિ) ગ્રામ, નગર, ઘર,

पव्वया पायाला भवणा निरया रयणप्पभा सक्करप्पभा वालुयप्पभा पंकप्पभा धूमप्पभा तमा तमतमा,

પર્વત, પાતાળકલશ, ભવન, નરક, રત્નપ્રભા, શર્કરાપ્રભા, બાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા, તમસ્તમઃપ્રભા,

सोहम्मे ईसाणे **-जाव-** आणए पाणए आरणे अच्चुए गेवेज्जे अणुत्तरोववाइया ईसीपब्भारा परमाणुपोग्गले दुपदेसिए **-जाव-** अणंतपदेसिए।

સૌધર્મ, ઈશાન **-યાવત્-** આનત, પ્રાણત, આરણ, અચ્યુત, ગ્રૈવયક, અનુત્તરોપપાતિક દેવવિમાન, ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી, પરમાણુપુદ્‌ગલ, દ્વિપ્રદેશિક સ્કંધ **-યાવત્-** અનન્તપ્રદેશિક સ્કંધ ઈત્યાદિ.

***से तं साइपारिणामिए।***

***આ સાદિ પારિણામિકભાવ છે.***

प. से किं तं अणाइपारिणामिए ?

પ્ર. અનાદિ પારિણામિકભાવ શું છે ?

उ. अणाइपारिणामिए-धम्मत्थिकाए अधम्मत्थिकाए आगासत्थिकाए जीवत्थिकाए पोग्गलत्थिकाए अद्धासमए लोए अलोए भवसिद्धिया अभवसिद्धिया।

ઉ. અનાદિ પારિણામિક ભાવ આ પ્રમાણે છે - ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય, અધ્ધાસમય, લોક, અલોક, ભવસિદ્ધિક, અભવસિદ્ધિક.

***से तं अणाइपारिणामिए। से तं पारिणामिए।***

- अणु. सु. २४८-२५०

***આ અનાદિ પારિણામિક ભાવ છે. આ પારિણામિક ભાવ છે.***

जैन साहित्य JAINSITE जैनम् जयति शासनम्

**६. सण्णिवाइए भावे-**

**૬. સાન્નિપાતિક ભાવ :**

प. से किं तं सण्णिवाइए ?

પ્ર. સાન્નિપાતિક ભાવ શું છે ?

उ. सण्णिवाइए एएसिं चेव-उदइय-उवसमिय-खइय-खओवसमिय-पारिणामियाणं भावाणं दुयसंजोएणं तियसंजोएणं चउक्कसंजोएणं पंचगसंजोएणं जे निप्फज्जंति सव्वे ते सन्निवाइए नामे।

ઉ. સાન્નિપાતિક ભાવ આ પ્રમાણે છે - ઔદયિક, ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક અને પારિણામિક આ પાંચેય ભાવોનાં દ્વિકસંયોગ, ત્રિકસંયોગ, ચતુઃસંયોગ અને પંચસંયોગથી જે ભાવનિષ્પન્ન થાય છે તે બધા સાન્નિપાતિકભાવ નામ છે.

तत्थ णं दस दुगसंजोगा, दस तिगसंजोगा, पंच चउक्कसंजोगा, एक्के पंचगसंजोगे।

તેમાંથી દ્વિકસંયોગજ દસ, ત્રિકસંયોગજ દસ, ચતુઃસંયોગજ પાંચ અને પંચસંયોગજ એક ભંગ થાય છે. (આ પ્રમાણે બધા મળીને એ છવ્વીસ સાન્નિપાતિક ભાવ છે.)

तत्थ णं जे रो दस दुगसंजोगा से णं इमे -

બે-બેનાં સંયોગથી નિષ્પન્ન દસ ભંગોનાં નામ આ પ્રમાણે છે -

१. अत्थि णामे उदइए उवसमनिप्फण्णे,

२. अत्थि णामे उदइए खयनिप्फण्णे,

३. अत्थि णामे उदइए खओवसमनिप्फण्णे,

૧. ઔદયિક-ઔપશમિકનાં સંયોગથી નિષ્પન્નભાવ,

૨. ઔદયિક-ક્ષાયિકનાં સંયોગથી નિષ્પન્ન ભાવ,

૩. ઔદયિક - ક્ષાયોપશમિકનાં સંયોગથી નિષ્પન્નભાવ,

४. अत्थि णामे उदइए पारिणामियनिप्फण्णे,

૪. ઔદયિક-પારિણામિકનાં સંયોગથી નિષ્પન્ન ભાવ,

५. अत्थि णामे उवसमिए खयनिप्फण्णे,

૫. ઔપશમિક-ક્ષાયિકનાં સંયોગથી નિષ્પન્ન ભાવ,

६. अत्थि णामे उवसमिए खओवसमनिप्फन्ने,

૬. ઔપશમિક-ક્ષાયોપશમિકનાં સંયોગથી નિષ્પન્ન ભાવ,

७. अत्थि णामे उवसमिए पारिणामियनिप्फन्ने,

૭. ઔપશમિક-પારિણામિકનાં સંયોગથી નિષ્પન્ન ભાવ,

८. अत्थि णामे खइए खओवसमनिप्फन्ने,

૮. ક્ષાયિક-ક્ષાયોપશમિકનાં સંયોગથી નિષ્પન્ન ભાવ,

९. अत्थि णामे खइए पारिणामियनिप्फन्ने,

૯. ક્ષાયિક-પારિણામિકનાં સંયોગથી નિષ્પન્ન ભાવ,

१०. अत्थि णामे खयोवसमिए पारिणामियनिप्फन्ने।

૧૦. ક્ષાયોપશમિક-પારિણામિકનાં સંયોગથી નિષ્પન્ન ભાવ.

प. १. कयरे से नामे उदइए उवसमनिप्फन्ने ?

उ. उदइए त्ति मणूसे उवसंता कसाया, एस णं से णामे उदइए उवसमनिप्फन्ने।

પ્ર. ૧. ઔદયિક-ઔપશમિક ભાવનાં સંયોગથી નિષ્પન્ન (સાન્નિપાતિક ભાવ) શું છે ?

ઉ. ઔદયિકભાવમાં મનુષ્યગતિ અને ઔપશમિક ભાવમાં ઉપશાંત કષાય, આ ઔદયિક-ઔપશમિક ભાવનાં સંયોગથી નિષ્પન્ન (સાન્નિપાતિક ભાવ) ભંગ છે.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

प. २. कयरे से नामे उदइए खयनिप्फन्ने ?

उ. उदइए त्ति मणूसे खइयं सम्मत्तं, एस णं से नामे उदइए खयनिप्फन्ने।

પ્ર. ૨. ઔદયિક ક્ષાયિક નિષ્પન્ન ભાવ શું છે ?

ઉ. ઔદયિક ભાવમાં મનુષ્યગતિ અને ક્ષાયિક ભાવમાં ક્ષાયિક સમ્યક્ત્વનું ગ્રહણ ઔદયિક ક્ષાયિક નિષ્પન્ન ભાવ છે.

प. ३. कयरे से णामे उदइए खयोवसमनिप्फन्ने ?

उ. उदए त्ति मणूसे खयोवसमियाइं इंदियाइं, एस णं से णामे उदइए खयोवसमनिप्फन्ने।

પ્ર. ૩. ઔદયિક-ક્ષાયોપશમિક નિષ્પન્ન ભાવ શું છે ?

ઉ. ઔદયિકભાવમાં મનુષ્યગતિ અને ક્ષાયોપશમિકભાવમાં ઈન્દ્રિયાં ગ્રહણ કરવું આ ઔદયિક-ક્ષાયોપશમિક નિષ્પન્ન ભાવ છે.

प. ४. कयरे से णामे उदइए पारिणामियनिप्फन्ने ?

उ. उदए त्ति मणूसे पारिणामिए जीवे, एस णं से णामे उदइए पारिणामियनिप्फन्ने।

પ્ર. ૪. ઔદયિક-પારિણામિક નિષ્પન્ન ભાવ શું છે ?

ઉ. ઔદયિકભાવમાં મનુષ્યગતિ અને પારિણામિકભાવમાં જીવત્વને ગ્રહણ કરવું આ ઔદયિક પારિણામિક નિષ્પન્ન ભાવ છે.

प. ५. कयरे से णामे उवसमिए खयनिप्फन्ने ?

उ. उवसंता कसाया खइयं सम्मत्तं, एस णं से णामे उवसमिए खयनिप्फन्ने।

પ્ર. ૫. ઔપશમિક ક્ષયસંયોગ નિષ્પન્ન ભાવ શું છે ?

ઉ. ઔપશમિક ભાવમાં ઉપશાંતકષાય અને ક્ષય સંયોગ ભાવમાં ક્ષાયિક સમ્યક્ત્વ ગ્રહણ કરવું આ ઔપશમિક ક્ષયસંયોગ નિષ્પન્ન ભાવ છે.

प. ६. कयरे से णामे उवसमिए खओवसमनिप्फन्ने ?

પ્ર. ૬. ઔપશમિક-ક્ષયોપશમ નિષ્પન્નભાવ શું છે ?

उ. उवसंता कसाया खओवसमियाइं इंदियाइं, एस णं से णामे उवसमिए खओवसमनिप्फन्ने।

ઉ. ઔપશમિક ભાવમાં ઉપશાંતકષાય અને ક્ષયોપશમનિષ્પન્ન ભાવમાં ઈન્દ્રિયાં આ ઔપશમિક ક્ષયોપશમ નિષ્પન્ન ભાવ છે.

प. ७. कयरे से णामे उवसमिए पारिणामियनिप्फन्ने?

પ્ર. ૭. ઔપશમિક-પારિણામિક નિષ્પન્ન ભાવ શું છે ?

उ. उवसंता कसाया पारिणामिए जीवे, एस णं से णामे उवसमिए पारिणामियनिप्फन्ने।

ઉ. ઔપશમિકભાવમાં ઉપશાંતકષાય અને પારિણામિક ભાવમાં જીવત્વ આ ઔપશમિક પારિણામિક નિષ્પન્ન ભાવ છે.

प. ८. कयरे से णामे खइए खओवसमियनिप्फन्ने?

પ્ર. ૮. ક્ષાયિક-ક્ષયોપશમિક નિષ્પન્ન ભાવ શું છે ?

उ. खइयं सम्मत्तं खयोवसमियाइं इंदियाइं, एस णं से णामे खइए खयोवसमनिप्फन्ने।

ઉ. ક્ષાયિક ભાવમા સમ્યક્ત્વ અને ક્ષાયોપશમિક ભાવમાં ઈન્દ્રિયાં ગ્રહણ કરવું આ ક્ષાયિક-ક્ષાયોપશમિક નિષ્પન્ન ભાવ છે.

प. ९. कयरे से णामे खइए पारिणामिय निप्फन्ने?

પ્ર. ૯. ક્ષાયિક-પારિણામિક નિષ્પન્ન ભાવ શું છે ?

उ. खइयं सम्मत्तं पारिणामिए जीवे, एस णं से णामे खइए पारिणामियनिप्फन्ने।

ઉ. ક્ષાયિક ભાવમાં ક્ષાયિક સમ્યક્ત્વ અને પારિણામિકભાવમાં જીવત્વ આ ક્ષાયિકપારિણામિક નિષ્પન્ન ભાવ છે.

प. १०. कयरे से णामे खयोवसमिए पारिणामियनिप्फन्ने?

પ્ર. ૧૦. ક્ષાયોપશમિક- પારિણામિક નિષ્પન્ન ભાવ શું છે ?

उ. खयोवसमियाइं इंदियाइं पारिणामिए जीवे, एस णं से णामे खयोवसमिए पारिणामियनिप्फन्ने।

ઉ. ક્ષાયોપશમિક ભાવમાં ઈન્દ્રિયાં અને પારિણામિક ભાવમાં જીવત્વ આ ક્ષાયિક પારિણામિક નિષ્પન્ન ભાવ છે. ***(આ પ્રમાણે આ દ્વિકસંયોગી સાન્નિપાતિક ભાવનાં દસ ભંગોનું સ્વરૂપ છે.)***

तत्थ णं जे ते दस तिगसंजोगा ते णं इमे -

ત્રિકસંયોગજ (સાન્નિપાતિક ભાવ) નાં દસ ભંગ આ પ્રમાણે છે -

१. अत्थि णामे उदइए उवसमिए खयनिप्फन्ने,

२. अत्थि णामे उदइए उवसमिए खओवसमनिप्फन्ने,

३. अत्थि णामे उदइए उवसमिए पारिणामियनिप्फन्ने,

४. अत्थि णामे उदइए खइए खओवसमनिप्फन्ने,

५. अत्थि णामे उदइए खइए पारिणामियनिप्फन्ने,

६. अत्थि णामे उदइए खयोवसमिए पारिणामियनिप्फन्ने,

७. अत्थि णामे उवसमिए खइए खओवसमनिप्फन्ने,

૧. ઔદયિક- ઔપશમિક-ક્ષાયિક નિષ્પન્ન ભાવ,

૨. ઔદયિક- ઔપશમિક-ક્ષાયોપશમિક નિષ્પન્ન ભાવ,

૩. ઔદયિક ઔપશમિક-પારિણામિક નિષ્પન્ન ભાવ,

૪. ઔદયિક-ક્ષાયિક-ક્ષાયોપશમિક નિષ્પન્ન ભાવ,

૫. ઔદયિક-ક્ષાયિક-પારિણામિક નિષ્પન્ન ભાવ,

૬. ઔદયિક-ક્ષાયોપશમિક-પારિણામિક નિષ્પન્ન ભાવ,

૭. ઔપશમિક ક્ષાયિક-ક્ષાયોપશમિક નિષ્પન્ન ભાવ,

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

८. अत्थि णामे उवसमिए खइए पारिणामियनिप्फन्ने,

८. ઔપશમિક-ક્ષાયિક-પારિણામિક નિષ્પન્ન ભાવ,

९. अत्थि णामे उवसमिए खओवसमिए पारिणामियनिप्फन्ने,

૯. ઔપશમિક-ક્ષાયોપશમિક-પારિણામિક નિષ્પન્ન ભાવ,

१०. अत्थि णामे खइए खओवसमिए पारिणामियनिप्फन्ने,

૧૦. ક્ષાયિક-ક્ષાયોપશમિક-પારિણામિક નિષ્પન ભાવ,

प. १. कयरे से णामे उदइए उवसमिए खयनिप्फन्ने ?

પ્ર. ૧. ઔદયિક-ઔપશમિક-ક્ષાયિક નિષ્પન્ન ભાવ શું છે ?

उ. उदए त्ति मणूसे उवसंता कसाया खइयं सम्मत्तं एस णं से णामे उदइए उवसमिए खयनिप्फन्ने ।

ઉ. ઔદયિક ભાવ મનુષ્ય ગતિ, ઉપશાંત કષાય ઔપશમિકભાવ અને ક્ષાયિક સમ્યક્ત્વ ક્ષાયિક ભાવ. આ ઔદયિક ઔપશમિક-ક્ષાયિકનિષ્પન્ન ભાવ છે.

प. २. कयरे से णामे उदइए उवसमिए खयोवसमियनिप्फन्ने ?

પ્ર. ૨. ઔદયિક- ઔપશમિક- ક્ષાયોપશમિક નિષ્પન્ન ભાવ શું છે ?

उ. उदए त्ति मणूसे उवसंता कसाया खओवसमियाइं इंदियाइं, एस णं से णामे उदइए उवसमिए खओवसमनिप्फन्ने ।

ઉ. મનુષ્યગતિ ઔદયિકભાવ, ઉપશાંત કષાય ઔપશમિક ભાવ અને ઈન્દ્રિયાં ક્ષાયોપશમિકભાવ. આ ઔદયિક ઔપશમિક-ક્ષાયોપશમિક નિષ્પન્ન ભાવ છે.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

प. ३. कयरे से णामे उदइए उवसमिए पारिणामियनिप्फन्ने ?

પ્ર. ૩. ઔદયિક - ઔપશમિક-પારિણામિક નિષ્પન્ન ભાવ શું છે ?

उ. उदए त्ति मणूसे उवसंता कसाया पारिणामिए जीवे, एस णं से णामे उदइए उवसमिए-पारिणामियनिप्फन्ने ।

ઉ. મનુષ્યગતિ ઔદયિકભાવ, ઉપશાંતકષાય ઔપશમિક ભાવ અને જીવત્વ પારિણામિક ભાવ. આ ઔદયિક-ઔપશમિક-પારિણામિક નિષ્પન્ન ભાવ છે.

प. ४. कयरे से णामे उदइए खइए पारिणामियनिप्फन्ने ?

પ્ર. ४. ઔદયિક-ક્ષાયિક-ક્ષાયોપશમિક નિષ્પન્ન ભાવ શું છે?

उ. उदए त्ति मणूसे खइयं सम्मत्तं खओवसमियाइं इंदियाइं, एस णं से णामे उदइए खइए खओवसमनिप्फन्ने ।

ઉ. મનુષ્યગતિ ઔદયિક ભાવ, ક્ષાયિક સમ્યક્ત્વ ક્ષાયિક ભાવ અને ઈન્દ્રિયા ક્ષાયોપશમિક ભાવ. આ ઔદયિક ક્ષાયિક ક્ષાયોપશમિક નિષ્પન્ન ભાવ છે.

प. ५. कयरे से णामे उदइए खइए पारिणामियनिप्फन्ने ?

પ્ર. ૫. ઔદયિક-ક્ષાયિક-પારિણામિક નિષ્પન્ન ભાવ શું છે ?

उ. उदए त्ति मणूसे खइयं सम्मत्तं पारिणामिए जीवे एस णं से नामे उदइए खइए पारिणामियनिप्फन्ने ।

ઉ. મનુષ્યગતિ ઔદયિક ભાવ, ક્ષાયિક સમ્યક્ત્વ ક્ષાયિક ભાવ અને જીવત્વ પારિણામિક ભાવ. આ ઔદયિક-ક્ષાયિક-પારિણામિક નિષ્પન્ન ભાવ છે.

प. ६. कयरे से णामे उदइए खओवसमिए पारिणामियनिप्फन्ने ?

પ્ર. ૬. ઔદયિક-ક્ષાયોપશમિક-પારિણામિક નિષ્પન્ન ભાવ શું છે ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उ. उदए त्ति मणूसे खओवसमियाइं इंदियाइं पारिणामिए जीवे एस णं से णामे उदए खओवसमिए पारिणामियनिप्फन्ने।

प. ७. कयरे से णामे उवसमिए खइए खओवसमनिप्फन्ने ?

उ. उवसंता कसाया, खइयं सम्मत्तं, खओवसमियाइं इंदियाइं, एस णं से णामे उवसमिए खइए खओवसमनिप्फन्ने।

प. ८. कयरे से णामे उवसमिए खइए पारिणामियनिप्फन्ने ?

उ. उवसंता कसाया, खइयं सम्मत्तं, पारिणामिए जीवे, एस णं से णामे उवसमिए खइए पारिणामियनिप्फन्ने।

प. ९. कयरे से णामे उवसमिए खओवसमिए पारिणामियनिप्फन्ने ?

उ. उवसंता कसाया खओवसमियाइं इंदियाइं पारिणामिए जीवे, एस णं से णामे उवसमिए खओवसमिए पारिणामियनिप्फन्ने।

प. १०. कयरे से णामे खइए खओवसमिए पारिणामियनिप्फन्ने ?

उ. खइयं सम्मत्तं, खओवसमियाइं इंदियाइं, पारिणामिए जीवे, एस णं से णामे खइए खओवसमिए पारिणामियनिप्फन्ने।

तत्थ णं जे ते पंच चउक्कसंजोगा ते णं इमे-

१. अत्थि णामे उदइए उवसमिए खइए खओवसमनिप्फन्ने,

२. अत्थि णामे उदइए उवसमिए खइए पारिणामियनिप्फन्ने,

३. अत्थि णामे उदइए उवसमिए खओवसमिए पारिणामियनिप्फन्ने,

४. अत्थि णामे उदइए खइए खओवसमिए पारिणामियनिप्फन्ने,

ઉ. મનુષ્ય ગતિ ઔદયિક ભાવ, ઈન્દ્રિયાં ક્ષાયોપશમિક ભાવ અને જીવત્વ પારિણામિક ભાવ. આ ઔદયિક-ક્ષાયોપશમિક-પારિણામિક નિષ્પન્ન ભાવ છે.

પ્ર. ૭. ઔપશમિક-ક્ષાયિક-ક્ષાયોપશમિક નિષ્પન્ન ભાવ શું છે ?

ઉ. ઉપશાંત કષાય ઔપશમિકભાવ, ક્ષાયિક સમ્યક્ત્વ ક્ષાયિકભાવ, ઈન્દ્રિયા ક્ષાયોપશમિક ભાવ. આ ઔપશમિક-ક્ષાયિક-ક્ષાયોપશમિક નિષ્પન્ન ભાવ છે.

પ્ર. ૮. ઔપશમિક-ક્ષાયિક-પારિણામિક નિષ્પન્ન ભાવ શું છે ?

ઉ. ઉપશાંત કષાય ઔપશમિકભાવ, ક્ષાયિક સમ્યક્ત્વ ક્ષાયિક ભાવ, જીવત્વ પારિણામિકભાવ. આ ઔપશમિક-ક્ષાયિક-પારિણામિક નિષ્પન્ન ભાવ છે.

પ્ર. ૯. ઔપશમિક-ક્ષાયોપશમિક-પારિણામિક નિષ્પન્ન ભાવ શું છે ?

ઉ. ઉપશાંત કષાય ઔપશમિક ભાવ, ઈન્દ્રિયાં ક્ષાયોપશમિકભાવ અને જીવત્વ પારિણામિક ભાવ. આ ઔપશમિક-ક્ષાયોપશમિક-પારિણામિક નિષ્પન્ન ભાવ છે.

પ્ર. ૧૦. ક્ષાયિક-ક્ષાયોપશમિક-પારિણામિક નિષ્પન્ન ભાવ શું છે ?

ઉ. ક્ષાયિક સમ્યક્ત્વ ક્ષાયિકભાવ, ઈન્દ્રિયાં ક્ષાયોપશમિક ભાવ અને જીવત્વ પારિણામિક ભાવ. આ ક્ષાયિક-ક્ષાયોપશમિક-પારિણામિક નિષ્પન્ન સાન્નિપાતિકભાવ છે.

ચાર ભાવોનાં સંયોગથી નિષ્પન્ન સાન્નિપાતિકભાવનાં પાંચ ભંગોનાં નામ આ પ્રમાણે છે -

૧. ઔદયિક-ઔપશમિક-ક્ષાયિક-ક્ષાયોપશમિક નિષ્પન્ન ભાવ.

૨. ઔદયિક-ઔપશમિક-ક્ષાયિક-પારિણામિક નિષ્પન્ન ભાવ,

૩. ઔદયિક-ઔપશમિક-ક્ષાયોપશમિક-પારિણામિક નિષ્પન્ન ભાવ,

૪. ઔદયિક-ક્ષાયિક-ક્ષાયોપશમિક-પારિણામિક નિષ્પન્ન ભાવ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

५. अत्थि णामे उवसमिए खइए खओवसमिए पारिणामियनिप्फन्ने,

प. १. कयरे से णामे उदइए उवसमिए खइए खओवसमनिप्फन्ने ?

उ. उदए त्ति मणूसे, उवसंता कसाया, खइयं सम्मत्तं, खओवसमियाइं इंदियाइं, एस णं से णामे उदइए उवसमिए खइए खओवसमनिप्फन्ने।

प. २. कयरे से णामे उदइए उवसमिए खइए पारिणामियनिप्फन्ने ?

उ. उदए त्ति मणूसे, उवसंता कसाया, खइयं सम्मत्तं, पारिणामिए जीवे, एस णं से णामे उदइए उवसमिए खइए पारिणामियनिप्फन्ने।

प. ३. कयरे से णामे उदइए उवसमिए खओवसमिए पारिणामियनिप्फन्ने ?

उ. उदए त्ति मणूसे, उवसंता कसाया, खओवसमियाइं इंदियाइं पारिणामिए जीवे, एस णं से णामे उदइए उवसमिए खओवसमिए पारिणामियनिप्फन्ने।

प. ४. कयरे से णामे उदइए खइए खओवसमिए पारिणामियनिप्फन्ने ?

उ. उदए त्ति मणूसे, खइयं सम्मत्तं, खओवसमियाइं इंदियाइं, पारिणामिए जीवे एस णं से नामे उदइए खइए खओवसमिए पारिणामियनिप्फन्ने।

प. ५. कयरे से नामे उवसमिए खइए खओवसमिए पारिणामियनिप्फन्ने ?

उ. उवसंता कसाया, खइयं सम्मत्तं, खओवसमियाइं इंदियाइं, पारिणामिए जीवे, एस णं से नामे उवसमिए खइए खओवसमिए पारिणामियनिप्फन्ने।

तत्थ णं जे से एक्के पंचकसंजोगे से णं इमे-

૫. ઔપશમિક-ક્ષાયિક-ક્ષાયોપશમિક-પારિણામિક નિષ્પન્ન ભાવ.

પ્ર. ૧. ઔદયિક-ઔપશમિક-ક્ષાયિક-ક્ષાયોપશમિક નિષ્પન્ન સાન્નિપાતિક ભાવ શું છે ?

ઉ. ઔદયિક ભાવમાં મનુષ્ય, ઔપશમિક ભાવમાં ઉપશાંત કષાય, ક્ષાયિકભાવમાં ક્ષાયિક સમ્યક્ત્વ અને ક્ષાયોપશમિક ભાવમાં ઈન્દ્રિયાં, આ ઔદયિક-ઔપશમિક-ક્ષાયિક-ક્ષાયોપશમિક-નિષ્પન્નભાવ છે.

પ્ર. ૨. ઔદયિક-ઔપશમિક-ક્ષાયિક-પારિણામિક-નિષ્પન્ન ભાવ શું છે ?

ઉ. ઔદયિક ભાવમાં મનુષ્યગતિ, ઔપશમિક ભાવમાં ઉપશાંતકષાય, ક્ષાયિકભાવમાં ક્ષાયિક સમ્યક્ત્વ અને પારિણામિક ભાવમાં જીવત્વ. આ ઔદયિક-ઔપશમિક-ક્ષાયિક-પારિણામિક નિષ્પન્ન ભાવ છે.

પ્ર. ૩. ઔદયિક-ઔપશમિક-ક્ષાયોપશમિક-પારિણામિક નિષ્પન્ન ભાવ શું છે ?

ઉ. ઔદયિક ભાવમાં મનુષ્યગતિ, ઔપશમિકભાવમાં ઉપશાંતકષાય, ક્ષાયોપશમિકભાવમાં ઈન્દ્રિયાં અને પારિણામિકભાવમાં જીવત્વ, આ ઔદયિક ઔપશમિક-ક્ષાયોપશમિક-પારિણામિકનિષ્પન્ન ભાવ છે.

પ્ર. ૪. ઔદયિક-ક્ષાયિક-ક્ષાયોપશમિક-પારિણામિક-નિષ્પન્ન ભાવ શું છે ?

ઉ. ઔદયિકભાવમાં મનુષ્યગતિ, ક્ષાયિકભાવમાં ક્ષાયિક સમ્યક્ત્વ, ક્ષાયોપશમિકભાવમાં ઈન્દ્રિયાં અને પારિણામિક ભાવમાં જીવત્વ, આ ઔદયિક-ક્ષાયિક-ક્ષાયોપશમિક-પારિણામિક ભાવ નિષ્પન્ન ભાવ છે.

પ્ર. ૫. ઔપશમિક-ક્ષાયિક-ક્ષાયોપશમિક-પારિણામિક નિષ્પન્ન ભાવ શું છે ?

ઉ. ઔપશમિકભાવમાં ઉપશાંતકષાય, ક્ષાયિકભાવમાં ક્ષાયિક સમ્યક્ત્વ, ક્ષાયોપશમિકભાવમાં ઈન્દ્રિયાં અને પારિણામિક ભાવમાં જીવત્વ, આ ઔપશમિક-ક્ષાયિક-ક્ષાયોપશમિક-પારિણામિક નિષ્પન્ન ભાવ છે.

પંચસંયોગજ સાન્નિપાતિકભાવનો એક ભંગ આ પ્રમાણે છે -

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

अत्थि नामे उदइए उवसमिए खइए खओवसमिए पारिणामियनिप्फन्ने।

प. कयरे से नामे उदइए उवसमिए खइए खओवसमिए पारिणामिय निप्फन्ने ?

उ. उदए त्ति मणूसे, उवसंता कसाया, खइय सम्मत्तं, खओवसमियाइं इंदियाइं, पारिणामिए जीवे, एस णं से णामे उदइए उवसमिए खइए खओवसमिए पारिणामियनिप्फन्ने।[1]

***से तं सन्निवाइए, से तं छण्णामे।***

- अणु. सु. २५१-२५९

ઔદયિક-ઔપશમિક-ક્ષાયિક-ક્ષાયોપશમિક પારિણામિક નિષ્પન્ન ભાવ.

પ્ર. ઔદયિક-ઔપશમિક-ક્ષાયિક-ક્ષાયોપશમિક-પારિણામિક નિષ્પન્ન ભાવ શું છે ?

ઉ. ઔદયિક ભાવમાં મનુષ્યગતિ, ઔપશમિક ભાવમાં ઉપશાંતકષાય, ક્ષાયિકભાવમાં ક્ષાયિક સમ્યક્ત્વ, ક્ષાયોપશમિક ભાવમાં ઈન્દ્રિયા અને પારિણામિક-ભાવમાં જીવત્વ, આ ઔદયિક-ઔપશમિક-ક્ષાયિક-ક્ષાયોપશમિક-પારિણામિક નિષ્પન્ન ભાવ છે.

**આ સાન્નિપાતિક ભાવ છે. આ છ નામ થયા.**

**१६३. सत्त णाम विवक्खया-सर मंडलस्स वित्थरओ परूवणं-**

प. से किं तं सत्तनामे ?

उ. सत्तनामे सत्त सरा पण्णत्ता, तं जहा-

१. सज्जे[2], २. रिसभे, ३. गंधारे, ४. मज्झिमे, ५. पंचमे सरे। ६. धेवए चेव, ७. णेसाए सरा सत्त वियाहिया।

एएसि णं सत्तण्हं सराणं सत्त सरट्ठाणा पण्णत्ता, तं जहा-

१. सज्जं तु अग्गजिब्भाए।

२. उरेण रिसभं सरं।

३. कंठुग्गएणं गंधारं।

४. मज्झजिब्भाए मज्झिमं।

५. णासाए पंचमं बूया।

६. दंतोट्ठेण य धेवयं।

७. मुद्धाणेण य णेसा य, सरट्ठाणा वियाहिया॥

***सत्त सरा जीवनिस्सिया पण्णत्ता, तं जहा-***

१. सज्जं रवइ मऊरो।

२. कुक्कुडो रिसभं सरं।

३. हंसो णदइ गंधारं।

४. मज्झिमं तु गवेलगा।

५. अह कुसुमसंभवे काले कोइला पंचमं सरं।

६. छट्ठं च सारसा कोंचा।

**૧૬૩. સાત નામની વિવક્ષાથી સ્વર મંડળનું વિસ્તારપૂર્વક પ્રરુપણ :**

પ્ર. સાત નામ શું છે ?

ઉ. સાત નામ સાત (પ્રકારનાં) સ્વર કહ્યા છે, જેમકે -

૧. ષડ્જ, ૨. ઋષભ, ૩. ગાંધાર, ૪. મધ્યમ, ૫. પંચમ, ૬. ધૈવત, ૭. નિષાદ (આ સાત સ્વર છે.)

આ સાત સ્વરોનાં સાત સ્વરસ્થાન કહ્યા છે, જેમકે -

૧. ષડ્જનું સ્થાન જીહ્વાનો અગ્રભાગ છે.

૨. ઋષભ સ્વરનું સ્થાન વક્ષસ્થળ છે.

૩. ગાંધાર સ્વરનું સ્થાન કંઠ છે.

૪. મધ્યમ સ્વરનું સ્થાન જીવ્હાનો મધ્યમ ભાગ છે.

૫. પંચમ સ્વરનું સ્થાન નાસિકા છે.

૬. ધૈવત સ્વરનું સ્થાન દંતોષ્ઠ સંયોગ છે.

૭. નિષાદ સ્વરનું સ્થાન મૂર્ધા (મસ્તક) છે.

***જીવનિઃશ્રિત સાત સ્વર કહ્યા છે, જેમકે -***

૧. મયૂર (મોર) ષડ્જ સ્વરમાં બોલે છે.

૨. કુકડો ઋષભ સ્વરમાં બોલે છે.

૩. હંસ ગાંધાર સ્વરમાં બોલે છે.

૪. ગાય અને બકરા મધ્ય સ્વરમાં બોલે છે,

૫. કોયલ વસંતઋતુમાં પંચમ સ્વરમાં બોલે છે.

૬. ક્રૌંચ અને સારસ પક્ષી ધૈવત સ્વરમાં બોલે છે.

---

१. (क) विया. स. २५, उ. ५, सु. ४७-४८ (ख) विया. स. १७, सु. १, सु. २८-२९

२. કંઠ, વક્ષસ્થળ, તાલુ, જિહ્વા, દાંત અને નાસિકા આ છ સ્થાનના સંયોગથી જે સ્વર ઉત્પન્ન થાય તે ષડ્જ સ્વર છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

७. णेसायं सत्तमं गयो।

७. હાથી નિષાદ સ્વરમાં બોલે છે.

***सत्त सरा अजीवनिस्सिया पण्णत्ता, तं जहा-***

***અજીવ નિઃશ્રિત સાત સ્વર કહ્યા છે, જેમકે -***

१. सज्जं रवइ मुइंगो।

૧. મૃદંગવાદ્યથી ષડ્જ સ્વર નીકળે છે.

२. गोमुही रिसभं सरं।

૨. ગોમુખી વાદ્યથી ઋષભ સ્વર નીકળે છે.

३. संखो णदइ गंधारं।

૩. શંખથી ગાંધાર સ્વર નીકળે છે.

४. मज्झिमं पुण झल्लरी।

૪. ઝાલરથી મધ્યમ સ્વર નીકળે છે.

५. चउचलणपइट्ठाणा गोहिया पंचमं सरं।

૫. ચાર ચરણો પર પ્રતિષ્ઠિત ગોધિકાથી પંચમ સ્વર નીકળે છે.

६. आडंबरो धेवइयं।

૬. નગારાંથી ધૈવત સ્વર નીકળે છે.

७. महाभेरी य सत्तमं।

૭. મહાભેરીથી નિષાદ સ્વર નીકળે છે.

***एएसि णं सत्तण्हं सराणं सत्त सर लक्खणा पण्णत्ता, तं जहा-***

***આ સાત સ્વરોના સ્વર-લક્ષણ સાત કહ્યા છે, જેમકે -***

१. सज्जेण लहइ वित्तिं, कयं च ण विणस्सइ।
गावो मित्ता य पुत्ता य, णारीणं चेव वल्लभो॥

૧. ષડ્જ સ્વરવાળા વ્યક્તિ આજીવિકા પ્રાપ્ત કરે છે. તેનો પ્રયત્ન નિષ્ફળ થતો નથી. તેને ગોધન પુત્ર મિત્ર આદિનો સંયોગ પ્રાપ્ત થાય છે અને તે સ્ત્રીઓને પ્રિય હોય છે.

२. रिसभेणं तु एसज्जं, सेणावच्चं धणाणि य।
वत्थगंधमलंकारं, इत्थिओ सयणाणि य॥

૨. ઋષભ સ્વરવાળા વ્યક્તિને ઐશ્વર્ય, સેનાપતિત્વ, ધન-ધાન્ય, વસ્ત્ર, ગંધ, આભૂષણ, સ્ત્રી અને શયન પ્રાપ્ત થાય છે.

३. गंधारे गीयजुत्तिण्णा, वज्जवित्ती कलाहिया।
भवंति कइणो पण्णा, जे अन्ने सत्थपारगा॥

૩. ગાંધાર સ્વરવાળા વ્યક્તિ ગાવામાં કુશળ શ્રેષ્ઠ વૃત્તિવાળા, વાજિંત્ર કળામાં કુશળ, કવિ, પ્રાજ્ઞ અને વિભિન્ન શાસ્ત્રોનાં પારગામી હોય છે.

४. मज्झिमसरसंपन्ना, भवंति सुहजीविणो।
खायइ पियइ देह, मज्झिमं सरमस्सियो॥

૪. મધ્યમ સ્વરવાળા વ્યક્તિ સુખથી જીવે છે, ખાય-પીવે છે. ખવડાવે-પીવડાવે છે અને દાન આપે છે.

५. पंचमसरसंपन्ना, भवंति पुढवीपई।
सूरा संगहकत्तारो, अणेगगणणायगा॥

૫. પંચમ સ્વરવાળા વ્યક્તિ રાજા, શૂર, વીર સંગ્રહકર્તા અને અનેક ગણોનાં નાયક હોય છે.

६. धेवयसरसंपन्ना, भवंति कलहप्पिया।
साउणिया वग्गुरिया, सोयारिया मच्छबंधा य॥

૬. ધૈવત સ્વરવાળા વ્યક્તિ કલહપ્રિય, પક્ષીઓને મારનાર તથા હરણો, સૂઅરો અને માછલીઓને મારનાર હોય છે.

७. चंडाला मुट्ठिया मेया, जे अन्ने पावकम्मिणो।
गोहायगा य जे चोरा, णेसायं सरमस्सिया॥

૭. નિષાદ સ્વરવાળા વ્યક્તિ ચાંડાળ, ફાંસી આપનાર, મુટ્ઠીબાજ, વિભિન્ન પાપ કર્મ કરનાર, ગાયનાં ઘાતક અને ચોર હોય છે.

***एएसि णं सत्तण्हं सराणं तओ गामा पण्णत्ता, तं जहा-***

***આ સાત સ્વરોનાં ત્રણ ગ્રામ (મૂર્છનાઓનો સમૂહ) કહ્યા છે, જેમકે -***

१. सज्जगामे, २. मज्झिमगामे, ३. गंधारगामे।

૧. ષડ્જગ્રામ, ૨. મધ્યમગ્રામ, ૩. ગાંધારગ્રામ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

*सज्जगामस्स णं सत्त मुच्छणाओ पण्णत्ताओ, तं जहा-*

१. मंगी, २. कोरव्वीया, ३. हरी य, ४. रयणी य, ५. सारकंता य। ६. छट्ठी य सारसी णाम, ७. सुद्धसज्जा य सत्तमा ॥

**ષડ્જગ્રામની સાત મૂર્ચ્છાઓ કહી છે, જેમકે -**

૧. મંગી, ૨. કૌરવ્વીયા, ૩. હરીત, ૪. રજની, ૫. સારકાંતા, ૬. સારસી, ૭. શુદ્ધષડ્જા.

*मज्झिमगामस्स णं सत्त मुच्छणाओ पण्णत्ताओ, तं जहा-*

१. उत्तरमंदा, २. रयणी, ३. उत्तरा, ४. उत्तरायया। ५. अस्सोकंता य, ६. सोवीरा, ७. अभिरू हवइ सत्तमा ॥

**મધ્યમગ્રામની સાત મૂર્ચ્છાઓ કહી છે, જેમકે -**

૧. ઉત્તરમંદા, ૨. રજની, ૩. ઉત્તરા, ૪. ઉત્તરાયતા, ૫. અશ્વકાંતા, ૬. સૌવીરા, ૭. અભિરુદ્ગતા.

*गंधारगामस्स णं सत्त मुच्छणाओ पण्णत्ताओ, तं जहा-*

१. णंदी य, २. खुद्दिमा,
३. पूरिमा य चउत्थी य, ४. सुद्धगंधारा।
५. उत्तरगंधारा वि य, पंचमिया हवइ मुच्छा उ ॥
६. सुट्ठुत्तरमायामा सा छट्ठी, णियमसो उ णायव्वा।
७. अह उत्तरायया कोडीमा य, सा सत्तमी मुच्छा ॥

**ગાંધારગ્રામની સાત મૂર્ચ્છાઓ કહી છે, જેમકે -**

૧. નંદી, ૨. ક્ષુદ્રિકા,
૩. પૂરિમા, ૪. શુદ્ધગાંધારા,
૫. ઉત્તર ગાંધારા,
૬. સુષ્ઠુત્તર આયામા,
૭. ઉત્તરાયતા કોટિમા.

**સપ્તસ્વરની ઉત્પત્તિ વગેરે :**

प. सत्त सरा कओ संभवंति ? गेयस्स का भवइ जोणी ? कइसमया उस्सासा ? कइ वा गेयस्स आगारा ?

પ્ર. સાત સ્વર કોનાથી ઉત્પન્ન થાય છે ? ગીતની યોનિ (જાતિ) શું છે ? તેનો ઉચ્છ્વાસ કાળ કેટલો છે ? અને ગીતનાં આકાર કેટલા છે ?

उ. सत्त सरा णाभीओ भवंति, गीतं च रून्नजोणी य। पादसमया उस्सासा, तिण्णि य गीयस्स आगारा ॥

આइमिउ आरभंता, समुव्वहंता य मज्झगारंमि। अवसाणे य झवेंता, तिण्णि य गेयस्स आगारा ॥

छद्दोसे अट्ठ गुणे, तिण्णि य वित्ताइं दो य भणिइओ। जाणीहिइ सो गाहिइ, सुसिक्खिओ रंगमंचम्मि ॥

ઉ. સાતેય સ્વર નાભિથી ઉત્પન્ન થાય છે, રુદન ગીતની યોનિ છે. જેટલા સમયમાં કોઈ છંદનું એક ચરણ ગવાય છે તેનો તેટલો ઉચ્છ્વાસ કાળ હોય છે અને ગીતના આકાર ત્રણ હોય છે-

૧. પ્રારંભમાં મૃદુ, ૨. મધ્યમાં તીવ્ર, ૩. અંતમાં મંદ. આ ત્રણ ગીતના આકાર છે.

**ગાયકની યોગ્યતા :**

ગીતનાં છ દોષ, આઠ ગુણ, ત્રણ વૃત્ત અને બે ભાષાઓ હોય છે. જે આને જાણે છે તેજ સુશિક્ષિત વ્યક્તિ જ આને રંગમંચ પર ગાય શકે છે.

१. भीयं,
२. दुयं,
३. रहस्सं गायंतो मा य गाहिं,
४. उत्तालं,
५. काकस्सरं,
६. अणुनासं च होंति गेयस्स छद्दोसा ॥

**ગીતનાં છ દોષ :**

૧. **ભીત**- ભયભીત થઈને ગાવું,
૨. **દ્રુત**- શીઘ્રતાથી ગાવું,
૩. **હ્રસ્વર**-દીર્ઘ શબ્દોને લઘુ બનાવીને ગાવું,
૪. **ઉત્તાલઃ**- તાલનાં અનુસાર ન ગાવું,
૫. **કાકસ્વરઃ** કાગડાની જેમ કર્ણકટુ સ્વરથી ગાવું,
૬. **અનુનાસઃ** નાકથી ગાવું. આ ગીતનાં છ દોષ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ગીતનાં આઠ ગુણ :**

१. पुण्णं,

१. **પૂર્ણ** : આરોહ અવરોહ આદિ સ્વર કળાઓથી પરિપૂર્ણ હોવું,

२. रत्तं च,

२. **રક્ત** : રાગથી પરિષ્કૃત હોવું,

३. अलंकियं च,

३. **અલંકૃત** : વિભિન્ન સ્વરોથી સુશોભિત હોવું,

४. वत्तं तहा,

४. **વ્યક્ત** : સ્પષ્ટ સ્વરનું હોવું,

५. अविघुट्ठं,

५. **અવિઘુષ્ટ** : નિયત કે નિયમિત સ્વર યુક્ત હોવું,

६. मधुरं,

६. **મધુર** : મધુર સ્વરયુક્ત હોવું,

७. समं,

७. **સમ** : તાલ, વીણા આદિનું અનુગમન કરવું,

८. सुललियं अट्ठ गुणा होंति गेयस्स ॥

८. **સુલલિત** : લલિત લયયુક્ત હોવું, ગીતનાં આ આઠ ગુણ છે.

**ગીતનાં આઠ ગુણ હજી છે :**

उर-कंठ-सिरविसुद्धं च,

१. **ઉરોવિશુદ્ધ** : જે સ્વર વક્ષસ્થળમાં વિશુદ્ધ હોય,

२. **કંઠવિશુદ્ધ** : જે સ્વર કંઠમાં વિશુદ્ધ હોય,

३. **શિરો વિશુદ્ધ** : જે સ્વર મસ્તકથી ઉત્પત્તિ થવા છતાં પણ વિશુદ્ધ હોય,

गिज्जए मउय-रिभियपदबद्धं ।

४. **મૃદુ** : જે રાગ કોમળ સ્વરથી ગવાય છે.

५. **રિભિત** : ઘણા આલાપોનાં દ્વારા ગીતમાં ચમત્કાર ઉત્પન્ન કરવા.

६. **પદબદ્ધ** : ગીતને વિશિષ્ટ પદ રચનાથી નિબદ્ધ કરવા.

समताल पडुक्खेवं, सत्तस्सरसीभरं गेयं ॥

७. **સમતાળ પદોત્ક્ષેપ** : જેમાં તાલ વાદ્ય અને નર્તકનું વાદકથી સમ હોય (એકબીજાથી મળતું હોય)

८. **સપ્તસ્વર સીભર** : જેમાં સાતેય સ્વર સમાન હોય.

**ગીતપદોનાં આઠ ગુણ આ પ્રમાણે છે :**

निद्दोसं सारवंतं च,

१. **નિર્દોષ** : અલીક વગેરે બત્તીસ દોષ રહિત થવું,

२. **સારવંત** : વિશિષ્ટ અર્થયુક્ત થવું,

हेउजुत्तमलंकियं ।

३. **હેતુયુક્ત** : અર્થસાધક હેતુયુક્ત થવું,

४. **અલંકૃત** : કાવ્યનાં અલંકારોથી યુક્ત થવું,

उवणीयं सोवयारं च, मितं महुरमेव य ॥

५. **ઉપનીત** : ઉપસંહાર યુક્ત થવું,

६. **સોપચાર** : અવિરુદ્ધ અલજ્જનીય અર્થનું પ્રતિપાદન કરવું,

७. **મિત** : અલ્પપદ અને તેના અક્ષરોથી પરિમિત થવું,

८. **મધુર** : સુશ્રાવ્ય શબ્દ અર્થ અને પ્રતિપાદનની દૃષ્ટિથી પ્રિય થવું.

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

९. सममद्धसमं चेव, सव्वत्थ विसमं च जं।
तिण्णि वित्तप्पयाराइं, चउत्थं नो पलब्भइ ॥

**વૃત્ત છંદ ત્રણ પ્રકારનાં કહ્યા છે :**

૧. **સમ:** જેમાં ચારેય ચરણ અને અક્ષર સમાન હોય,

૨. **અર્દ્ધસમ:** જેમાં પ્રથમ અને તૃતીય, દ્વિતીય અને ચતુર્થ એ ચરણ સમાન હોય,

૩. **સર્વવિષમ :** જેના ચારે ચરણ અને અક્ષર બધા વિષમ હોય, એના અતિરિક્ત ચોથું પ્રકાર મળતો નથી.

१०. सक्कया पायया चेव, दुहा भणिईओ आहिया।
सरमंडलंमि गिज्जंते, पसत्था इसिभासिया ॥

**ગીતની ભાષા બે પ્રકારની કહી છે, જેમકે-**

૧. સંસ્કૃત, ૨. પ્રાકૃત.

આ બંને પ્રશસ્ત અને ઋષિભાષિત છે. આ સ્વરમંડળમાં ગવાય છે.

**ગાયકના પ્રકાર :**

प. केसी गायइ महुरं ?
केसी गायइ खरं च रुक्खं च ?
केसी गायाइ चउरं ?
केसी विलंबं ?
दुतं केसी ?
विस्सरं पुण केरिसी ?

પ્ર. ૧. મધુર સ્વરમાં કોણ ગીત ગાય છે ?
૨. કર્કશ અને રુક્ષ સ્વરમાં કોણ ગીત ગાય છે ?
૩. ચતુરતાથી કોણ ગીત ગાય છે ?
૪. વિલંબ સ્વરમાં કોણ ગીત ગાય છે ?
૫. દ્રુત શીઘ્ર સ્વરમાં કોણ ગીત ગાય છે ?
૬. વિસ્વરતાથી કોણ ગીત ગાય છે ?

उ. सामा गायइ महुरं,
काली गायइ खरं च रुक्खं च।
गोरी गायइ चउरं,
काणी विलंबं,
दुयं अंधा ॥
विस्सरं पुण पिंगला ॥

ઉ. ૧. શ્યામા સ્ત્રી મધુર સ્વરમાં ગીત ગાય છે,
૨. કાળી સ્ત્રી કર્કશ અને રુક્ષ સ્વરમાં ગીત ગાય છે,
૩. ગૌરી સ્ત્રી ચતુરતાથી ગીત ગાય છે,
૪. કાણી સ્ત્રી વિલમ્બ (મંદ) સ્વરમાં ગીત ગાય છે,
૫. આંધળી સ્ત્રી દ્રુત શીઘ્ર સ્વરમાં ગીત ગાય છે,
૬. પિંગળા સ્ત્રી વિસ્વરતાથી ગીત ગાય છે.

**આ સાત સ્વરોનાં નામ આ પ્રમાણે છે -**

अक्खरसमं पयसमं

૧. **અક્ષર સમ:** હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત અક્ષરોનાં અનુરુપ સ્વર,

૨. **પદસમ:** રાગનાં અનુરુપ પદ વિન્યાસવાળા સ્વર,

तालसमं लयसमं गहसमं च।

૩. **તાલસમ :** તાલ વાદનનાં અનુરુપ ગવાય તેવા સ્વર,

૪. **લયસમ:** રાગ રાગનીનાં અનુરુપ સ્વર.

૫. **ગ્રહસમ :** વીણા આદિ વાદ્યોનાં અનુરુપ સ્વર.

निस्ससिय उस्ससियसमं,

૬. **શ્વાસોચ્છ્વાસ સમ :** શ્વાસ લેવા-છોડવાનાં યોગ્ય સ્થાન પર રોકાય તેવો સ્વર.

संचारसमं सरा सत्त।

૭. **સંચાર સમ :** વાદ્યો પર આંગળી આદિનાં સંચારનાં અનુરુપ સ્વર. આ સાત સ્વર છે.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

सत्त सरा तओ गामा, मुच्छणा एकविंसइ ।
ताणा एकूणापण्णासा, ***समत्तं सरमंडलं***[1] ॥

**સ્વરમંડળ ઉપસંહાર :**

આ પ્રમાણે ગીત સ્વર તંત્રી આદિથી સંબંધિત થઈને સાત પ્રકારનાં થઈ જાય છે. સાત સ્વર, ત્રણ ગ્રામ અને એકવીસ મુર્च्छनाઓ હોય છે. પ્રત્યેક સ્વર સાત તાનથી ગવાય છે, તેના સાત ગુણિયા કરવાથી (૪૯) ઓગણપચાસ ભેદ થઈ જાય છે. **આ પ્રમાણે સ્વરમંડળનું વર્ણન સમાપ્ત થયું.**

***से तं सत्तणामे।*** - अणु. सु. २६० (१-११)

**આ સાત નામનું વર્ણન થયું.**

**१६४. अट्ठ नाम विवक्खया अट्ठवयण विभत्ति-**

प. से किं तं अट्ठनामे ?

उ. अट्ठनामे अट्ठविहा वयणविभत्ती पण्णत्ता, तं जहा-

१. निद्देसे पढमा होइ,
२. बिइया उवदेसणे,
३. तइया करणम्मि कया,
४. चउत्थी संपयावणे,
५. पंचमी य अपायाणे,
६. छट्ठी सस्सामिवायणे,
७. सत्तमी सण्णिधाणत्थे,
८. अट्ठमाऽऽमंतणी भवे ।

१. तत्थ पढमा विभत्ती, निद्देसे सो इमो अहं व त्ति ।
२. बिइया पुण उवदेसे, भण कुणसु इमं व तव त्ति ।
३. तइया करणम्मि कया, भणियं व कयं व तेण व मए वा ।
४. हंदि णमो साहाए, हवइ चउत्थी संपयाणम्मि ।

**१६४. આઠ નામ વિવક્ષાથી આઠ વચન વિભક્તિ :**

પ્ર. અષ્ટનામ શું છે ?

ઉ. આઠ પ્રકારની વચન વિભક્તિઓને અષ્ટનામ કહેવામાં આવે છે, જેમકે -

૧. નિર્દેશ - પ્રતિપાદક અર્થમાં પ્રથમા વિભક્તિ હોય છે.
૨. ઉપદેશ- ક્રિયાનાં પ્રતિપાદનમાં દ્વિતીયા વિભક્તિ હોય છે.
૩. ક્રિયા - કારણનાં પ્રતિપાદનમાં તૃતીયા વિભક્તિ હોય છે.
૪. સંપ્રદાનમાં ચોથી વિભક્તિ હોય છે.
૫. અપાદાન (પૃથક્તા) બતાવવાના અર્થમાં પાંચમી વિભક્તિ હોય છે.
૬. સ્વ સ્વામિત્વ પ્રતિપાદન કરવાના અર્થમાં છઠ્ઠી વિભક્તિ હોય છે.
૭. સન્નિધાન (આધાર) નું પ્રતિપાદન કરવાના અર્થમાં સાતમી વિભક્તિ હોય છે.
૮. સંબોધિત આમંત્રિત કરવાના અર્થમાં આઠમી વિભક્તિ હોય છે.

૧. નિર્દેશમાં પ્રથમા વિભક્તિ હોય છે, જેમ- તે, આ, હું.
૨. ઉપદેશમાં દ્વિતીયા વિભક્તિ હોય છે, જેમ - આને કહો, તેમને કહો આદિ.
૩. કરણમાં ત્રીજી વિભક્તિ હોય છે, જેમ - તેના અને મારા દ્વારા કહેવાયું છે, અથવા તેના અને મારા દ્વારા કરાયું છે.
૪. સંપ્રદાન, નમઃ તથા સ્વાહાઃ અર્થમાં ચોથી વિભક્તિ હોય છે. જેમ-"विप्राय गां ददाति" બ્રાહ્મણને ગાય આપે છે. "नमोजिनाय" જીનેશ્વરનાં માટે મારા નમસ્કાર હો अग्नये स्वाहा : અગ્નિ દેવતાને હોમ અપાય છે.

१. ठाणं अ. ७, सु. ५५३

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

५. अवणय गिण्ह य एत्तो, इत्तो त्ति वा पंचमी अपायाणे ।

६. छट्ठी तस्स इमस्स व, गयस्स वा सामिसंबंधे ।

७. हवइ पुण सत्तमी तं इमम्गि आधार काल भावे य ।

८. आमंतणी भवे अट्ठमी उ जह हे जुवाण त्ति ।

***से तं अट्ठणामे ।***

- अणु. सु. २६१

૫. અપાદાનમાં પાંચમી વિભક્તિ હોય છે, જેમ- ત્યાંથી દૂર કરો અથવા આને લઈ લો.

૬. સ્વસ્વામી સંબંધ બતાવવામાં છઠ્ઠી વિભક્તિ હોય છે, જેમ - તેની અથવા આની આ વસ્તુ છે.

૭. આધાર કાળ અને ભાવમાં સાતમી વિભક્તિ હોય છે, જેમ - (તે ફલાદિ) આમાં છે.

૮. આમંત્રણ અર્થમાં આઠમી વિભક્તિ હોય છે, જેમ - હે યુવાન્ !

***આ અષ્ટનામ છે.***

**१६५. नवनाम विवक्खया नव कव्वरसाणं परूवणं-**

प. से किं तं नवनामे ?

उ. नवनामे णव कव्वरसा पण्णत्ता, तं जहा-

१. वीरो, २. सिंगारो, ३. अब्भुओ य, ४. रोद्दो य होइ बोधव्वो । ५. वेलणओ, ६. बीभच्छो, ७. हासो, ८. कलुणो, ९. पसंतो य ॥

१. तत्थ १. परिच्चायम्मि य २. तव-चरणे ३. सत्तुजण-विणासे य । अणणुसयधिइ परक्कमचिण्हो वीरो रसो होइ ।

***वीरो रसो जहा -***

सो णाम महावीरो जो रज्जं पयहिऊण पव्वइओ ।
काम-क्कोहमहासत्तुपक्खनिग्घायणं कुणइ ॥

२. सिंगारो नाम रसो रइसंजोगाभिलाससंजणणो ।
मंडण-विलास-विब्बोय-हास-लीला-रमणलिंगो ॥

***सिंगारो रसो जहा-***

महुरं विलासललियं हिययुम्मादणकरं जुवाणाणं ।
सामा सद्दुद्दामं दाएई मेहलादामं ॥

**૧૬૫. નવ નામની વિવક્ષાથી નવ કાવ્ય રસનું વર્ણન પ્રરુપણ :**

પ્ર. નવનામ શું છે ?

ઉ. નવનામમાં નવ કાવ્ય રસ કહ્યા છે, જેમકે -

૧. વીરરસ, ૨. શ્રૃંગારરસ, ૩. અદ્દભૂત રસ, ૪. રૌદ્રરસ, ૫. ભયાનકરસ, ૬. બિભત્સરસ, ૭. હાસ્યરસ, ૮. કારુણ્ય રસ, ૯. પ્રશાંતરસ.

૧. ૧. પરિત્યાગ કરવામાં ગર્વ કે પશ્ચાત્તાપ ન થવો, ૨. તપશ્ચર્યામાં ધૈર્ય, ૩. શત્રુઓનો વિનાશ કરવામાં પરાક્રમ કરવા રુપ લક્ષણવાળા વીરરસ છે.

***વીરરસનું ઉદાહરણ આ પ્રમાણે છે -***

રાજ્ય-વૈભવનો પરિત્યાગ કરીને જે દીક્ષિત થયા અને દીક્ષિત થઈને કામ-ક્રોધ આદિ રુપ મહાશત્રુપક્ષનો જેણે નાશ કર્યો, તે જ નિશ્ચયથી મહાવીર છે.

૨. શ્રૃંગાર રસ રતિનાં કારણભૂત સાધનોનાં સંયોગની અભિલાષાના જનક છે. તથા મંડન, વિલાસ, વિબ્બોક, હાસ્ય-લીલા અને રમણ. આ બધા શ્રૃંગારરસનાં લક્ષણ છે.

***શ્રૃંગાર રસનું ઉદાહરણ આ પ્રમાણે છે -***

કામચેષ્ટાઓથી મનોહર કોઈ શ્યામા (સોળ વર્ષની તરુણી) નાની ઘુઘરીઓથી મુખરિત થવાથી મધુર અને યુવકોનાં હૃદયને ઉન્મત્ત કરનાર પોતાના કટિસૂત્રનું પ્રદર્શન કરે છે.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

३. विम्हयकरो अपुव्वो व, भूयपुव्वो व जो रसो होइ।
सो हास विसादुप्पत्तिलक्खणो अब्भूओनाम ॥

૩. પૂર્વમાં ક્યારેક અનુભવમાં ન આવેલ અથવા અનુભવમાં આવેલ, કોઈ વિસ્મયકારી આશ્ચર્યકારી પદાર્થને જોઈને જે આશ્ચર્ય થાય છે તે અદ્દભૂતંરસ છે. હર્ષ અને વિષાદની ઉત્પત્તિ અદ્દભૂતરસનું લક્ષણ છે.

*अब्भुओ रसा जहा-*

अब्भुयतरमिह एत्तो अन्नं किं अत्थि जीवलोगम्मि।
जं जिणवयणेणऽत्था तिकालजुत्ता वि णज्जंति ॥

**અદ્દભૂત રસનું ઉદાહરણ આ પ્રમાણે છે -**

આ જીવલોકમાં આનાથી અધિક વિસ્મય શું હોય શકે છે કે - "જીનવચન દ્વારા ત્રિકાળ સંબંધી સમસ્ત પદાર્થને જાણી શકાય છે."

४. भयजणणरूव-सद्दंधकारचिंता कहासमुप्पन्नो।
सम्मोह-संभम-विसाय-मरणलिंगो रसो रोद्दो॥

૪. ભયોત્પાદક રુપ, શબ્દ અથવા અંધકારમાં કલ્પનાઓ ઉત્પન્ન થવી તથા દર્શન આદિથી રૌદ્રરસ ઉત્પન્ન થાય છે તથા સંમોહ, સંભ્રમ, વિષાદ અને મરણ તેના લક્ષણ છે.

*रोद्दो रसो जहा-*

भिउडीविडंबियमुहा ! संदट्ठोट्ठ इय ! रूहिरमोकिण्ण।
हणसि पसुं असुरणिभा ! भीमरसिय ! अतिरोद्द रोद्दो सि ॥

**રૌદ્ર રસનું ઉદાહરણ આ પ્રમાણે છે -**

ભૃકુટિઓથી તારુ મુખ વિકરાળ બની ગયું છે, તારા દાંત હોઠોને ચાવી રહ્યા છે, તારુ શરીર લોહીથી લથપથ થઈ રહ્યું છે, તારા મુખથી ભયાનક શબ્દ નીકળી રહ્યા છે, તું રાક્ષસ જેવો થઈને પશુઓની હત્યા કરી રહ્યો છે, એટલા માટે અતિશય રૌદ્રરુપ ધારી તું સાક્ષાત્ રૌદ્ર રસ છે.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

५. विणयोवयार-गुज्झ-गुरूदारमेरावतिक्कमुप्पण्णो।
वेजणओ नाम रसो लज्जा संका करणलिंगो ॥

૫. વિનય કરવા યોગ્ય માતા-પિતા આદિ ગુરુજનોનું વિનય ન કરવાથી, ગુપ્ત રહસ્યોને પ્રકટ કરવાથી તથા ગુરુ પત્ની આદિની સાથે મર્યાદાનું ઉલ્લંઘન કરવાથી વ્રીડનક રસ ઉત્પન્ન થાય છે. લજ્જા અને શંકા ઉત્પન્ન થાય તે આ રસનું લક્ષણ છે.

*वेलणओ रसो जहा-*

किं लोइयकरणीओ लज्जणियतरं ति लज्जिया होमो।
वारिज्जम्मि गुरूजणो परिवंदइ जं वहूपोत्तं ॥

**વ્રીડનક (ભયાનક) રસનું ઉદાહરણ આ પ્રમાણે છે -**

કોઈ વહુ કહે છે - 'આ લૌકિક વ્યવહારથી અધિક લજ્જાસ્પદ અન્ય વાત શું હોય શકે છે ? હું તો આનાથી બહુ લજ્જાવું છું, મને તો આનાથી ઘણી લજ્જા શર્મ આવે છે કે વર વહુનું પ્રથમ સમાગમ થવાથી ગુરુજન-સાસુ આદિ વહુ દ્વારા પહેરાયેલ વસ્ત્રોની પ્રશંસા કરે છે.

६. असुइ कुणव दुद्दंसणसंजोगब्भासगंधनिप्फण्णो।
निव्वेय विहिंसालक्खणो रसो होइ बीभत्सो ॥

૬. અશુચિ- મળ મૂત્રાદિ, કુણપ- શવ મૃતશરીર, દુર્દર્શન- લાળ આદિથી વ્યાપ્ત ધૃણિત શરીરને વારંવાર જોવા રુપ અભ્યાસથી કે તેની ગંધથી ભીભત્સરસ ઉત્પન્ન થાય છે. નિર્વેદ અને અવિહિંસા (ત્યાગ) ભીભત્સરસનું લક્ષણ છે.

*बीभच्छो रसो जहा-*

**ભીભત્સરસનું ઉદાહરણ આ પ્રમાણે છે -**

असुइमलभरियनिज्झर सभावदुग्गंधि सव्वकालं पि।
धण्णा उ सरीरकलिं बहुमलकलुसं विमुंचति ॥

અપવિત્ર મળથી ભરેલ (ઝરણાં), શરીરનાં છિદ્રોથી વ્યાપ્ત અને સદા સર્વકાળ સ્વભાવતઃ દુર્ગંધયુક્ત આ શરીર અપવિત્રતાનું મૂળ છે. એવું જાણીને જે વ્યક્તિ તેની મૂર્ચ્છાનો ત્યાગ કરે છે તે ધન્ય છે.

७. रूव-वय-वेस-भासाविवरीयविलंबणासमुप्पन्नो।
हासो मणप्पहासो पकासलिंगो रसो होइ ॥

૭. રૂપ, વય, વેષ અને ભાષાની વિપરીતતાથી હાસ્યરસ ઉત્પન્ન થાય છે, હાસ્યરસ મનને હર્ષિત કરનાર છે અને પ્રકાશ-મુખ નેત્ર આદિનું વિકસિત થવું, અટ્ટહાસ આદિ તેનું લક્ષણ છે.

***हासो रसो जहा-***

पासुत्तमसीमंडियपडिबुद्धं देयरं पलोयंती।
ही ! जह थणभरकंपणपणमियमज्झा हसइ सामा ॥

**હાસ્ય રસનું ઉદાહરણ આ પ્રમાણે છે -**

પ્રાતઃ સૂઈને ઉઠે, કાલિમા-કાજળની રેખાઓથી મંડિત દેવરનાં મુખને જોઈને સ્તનયુગલનાં ભારથી નમેલ મધ્યમભાગવાળી કોઈ યુવતી (ભાભી) "હી-હી" કરતી હસે છે.

८. पियविप्पयोग-बंध-वह-वाहि-विणिवाय-संभमुप्पन्नो।
सोचिय-विलविय-पव्वाय-रून्नलिंगो रसो कलुणो ॥

૮. પ્રિયનો વિયોગ, બંધ, વધ, વ્યાધિ, વિનિપાત-પુત્રાદિ મરણ અને સંભ્રમ-પરચક્રાદિનાં ભય આદિથી કરુણરસ ઉત્પન્ન થાય છે. શોક, વિલાપ, અતિશય મલિનતા રુદન આદિ કરુણરસનાં લક્ષણ છે.

***कलुणो रसो जहा-***

पज्झातकिलामिय यं बाहागयणप्पुयच्छियं बहुसो।
तस्स वियोगे पुत्तिय दुब्बलयं ते मुहं जा यं ॥

**કરુણરસનું ઉદાહરણ આ પ્રમાણે છે -**

હે પુત્રી ! પ્રિયતમનાં વિયોગમાં તેની વારંવાર અતિશય ચિંતાથી મુરઝાઈ ગયું હોય અને આસુંઓથી વ્યાપ્ત નેત્રવાળા તારું મુખ દુર્બલ થઈ ગયેલ છે.

९. निद्दोसमणसमाहाणसंभवो जो पसंतभावेणं।
अविकारलक्खणो सो रसो पसंतो त्ति णायव्वो ॥

૯. નિર્દોષ (હિંસાદિ દોષોથી રહિત) મનની સમાધિ (સ્વસ્થતા) થી અને પ્રશાંત ભાવથી જે ઉત્પન્ન થાય છે તથા અવિકાર જેનું લક્ષણ છે, તેને પ્રશાંતરસ જાણવું જોઈએ.

***पसंतो रसो जहा-***

सब्भावनिव्विकारं उवसंत पसंत-सोमदिट्ठीयं।
ही ! जह मुणिणो, सोहइ मुहकमलं पीवरसिरीयं ॥

**પ્રશાંતરસનું ઉદાહરણ આ પ્રમાણે છે -**

સદ્ભાવનાં કારણે નિર્વિકાર, રુપાદિ વિષયોનાં અવલોકનની ઉત્સુકતાનાં પરિત્યાગથી ઉપશાંત અને ક્રોધાદિ દોષોનાં પરિહારથી પ્રશાંત, સૌમ્ય દૃષ્ટિથી યુક્ત મુનિનું મુખ અતીવ શ્રી થી સંપન્ન થઈને સુશોભિત થઈ રહ્યું છે.

एए णव कव्वरसा बत्तीसादोसविहिसमुप्पण्णा।
गाहाहिं मुणेयव्वा, हवंति सुद्धा व मीसा वा ॥

ગાથાઓ દ્વારા કહેલ આ નવ કાવ્યરસ અલીકતા આદિ બત્રીસ દોષ રહિત વિધિથી ઉત્પન્ન થાય છે અને તે રસ ક્યાંક શુદ્ધ (અમિશ્રિત) પણ હોય છે અને ક્યાંક મિશ્રિત પણ હોય છે.

***से तं नवनामे।*** -अणु. सु. २६२ (१-११)

**આ નવ નામનું વર્ણન થયું.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**१६६. दस णाम विवक्खया गुण णिप्फण्णाई णामा-**

प. से किं तं दसनामे ?

उ. दसनामे दसविहे पण्णत्ते, तं जहा-

१. गोण्णे, २. नोगोण्णे,

३. आयाणपदेणं,

४. पडिपक्खपदेणं,

५. पाहण्णयाए,

६. अणादियसिद्धंतेणं,

७. नामेणं,

८. अवयवेणं,

९. संजोगेणं,

१०. पमाणेणं।

प. (१) से किं तं गोण्णे ?

उ. गोण्णे-

खमतीति खमणो,

तपतीति तपणो,

जलतीति जलणो,

पवतीति पवणो।

***से तं गोण्णे।***

प. (२) से किं तं नो गोण्णे ?

उ. नो गोण्णे-

अकुंतो सकुंतो,

अमुग्गो समुग्गो,

अमुद्दो समुद्दो,

अलालं पलालं।

अकुलिया सकुलिया,

नो पलं असतीति पलासो,

अमाइवाहए माइवाहए,

**१६६. દસ નામની વિવક્ષાથી ગુણ નિષ્પન્ન આદિ નામ :**

પ્ર. દસ નામ શું છે ?

ઉ. દસ નામ આ પ્રમાણે કહ્યા છે, જેમકે -

૧. ગૌણનામ, ૨. નોગૌણનામ,

૩. આદાનપદ નિષ્પન્ન નામ,

૪. પ્રતિપક્ષપદ નિષ્પન્ન નામ,

૫. પ્રધાનપદ નિષ્પન્ન નામ,

૬. અનાદિ સિદ્ધાન્ત નિષ્પન્ન નામ,

૭. નામ નિષ્પન્ન નામ,

૮. અવયવ નિષ્પન્ન નામ,

૯. સંયોગ નિષ્પન્ન નામ,

૧૦. પ્રમાણ નિષ્પન્ન નામ.

પ્ર. (૧) ગૌણ (ગુણનિષ્પન્ન) નામ શું છે ?

ઉ. ગૌણ નામનું સ્વરુપ આ પ્રમાણે છે -

જે ક્ષમાગુણથી યુક્ત હોય તેને "ક્ષમણ" કહેવું,

જે તપે તેને "તપન" કહેવું.

જે પ્રજ્વલિત હોય તેને "પ્રજ્વલન" કહેવું,

જે વહે તેને "પવન" કહેવું.

***આ ગૌણ નામનું સ્વરૂપ છે.***

પ્ર. (૨) નો ગૌણનામ શું છે ?

ઉ. નો ગૌણનામ આ પ્રમાણે છે -

અકુંત અર્થાત્ ભાલાથી રહિત પક્ષીને પણ "સકુંત" કહેવું, અમુદ્‌ગ અર્થાત્ મગ ધાન્યથી રહિત ડબ્બીને પણ "સમુદ્‌ગ" કહેવું,

અમુદ્રા અર્થાત્ અંગૂઠીથી રહિત સાગરને પણ "સમુદ્ર" કહેવું,

અલાલ અર્થાત્ લારથી રહિત ઘાસને પણ "પલાલ" કહેવું.

અકુલિકા અર્થાત્ ભયથી રહિત હોવા છતાં પણ પક્ષિણીને "સકુલિકા" કહેવું,

પલ અર્થાત્ માંસનો આહાર ન કરવા છતાં પણ વૃક્ષ-વિશેષને "પલાશ" કહેવું,

માતાને ખંભા પર લઈને ન ચાલવા છતાં પણ વિકલેન્દ્રિય જીવવિશેષને "માતૃવાહક" નામથી કહેવું,

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

अवीयवावए बीयवावए,

બીજને નહીં ઉગાડનાર જીવ વિશેષને "બીજવાપક" કહેવું.

नो इंदं गोवयतीति इंदगोवए।

ઈન્દ્રની ગાયનું પાલન ન કરવા છતાં પણ કીટ વિશેષને "ઈન્દ્રગોપ" કહેવું.

***से तं नो गोण्णे।***

**આ નો ગૌણનામનું સ્વરુપ છે.**

प. (३) से किं तं आयाणपदेणं ?

પ્ર. (૩) આદાનપદ નિષ્પન્ન નામ શું છે ?

उ. आयाणपदेणं आवंती, चातुरंगिज्जं, अहातत्थिज्जं अद्दइज्जं, असंखयं, जण्णइज्जं, पुरिसइज्जं, एलइज्जं, वीरियं, धम्मो, मग्गो, समोसरणं जमईयं।

ઉ. આદાન પદ નિષ્પન્ન નામનું સ્વરુપ આ પ્રમાણે છે - આવંતી, ચાતુરંગીય, યથાતથ્ય, આર્દ્રકીય, અસંસ્કૃત, યજ્ઞકીય, પુરુષકીય, એલકીય, વીર્ય ધર્મ, માર્ગ, સમવસરણ, યમતીત (અધ્યયનના શરૂઆતના પદથી અધ્યયનનું નામ હોય તેને આદાનપદ નિષ્પન્ન નામ કહેવામાં આવે છે.)

***से तं आयाणपदेणं।***

**આ આદાનપદ નિષ્પન્ન નામ છે.**

प. (४) से किं तं पडिपक्खपदेणं ?

પ્ર. (૪) પ્રતિપક્ષપદથી નિષ્પન્ન નામ શું છે ?

उ. पडिपक्खपदेणं णवेसु गाम-ऽऽगर-णगर-खेड-कब्बड-मडंब- दोणमुह - पट्टणाऽसम - संवाह - सन्निवेसेसु निविस्समाणेसु असिवा सिवा,

ઉ. પ્રતિપક્ષપદ નિષ્પન્ન નામ આ પ્રમાણે છે - નવીન ગ્રામ, આકર, નગર, ખેટ, કર્બટ, મડંબ, દ્રોણમુખ, પટ્ટન, આશ્રમ, સંબાહ અને સન્નિવેશ આદિમાં નિવાસ કરવાથી અથવા વસાવેલ અશિવા (શિયારની) ને "શિવા" શબ્દથી ઉચ્ચારિત કરવું.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

अग्गी सीयलो, विसं महुरं, कल्लालघरेसु अंबिलं साउयं,

અગ્નિને શીતળ અને વિષને મધુર, કલાલનાં ઘરમાં "આમ્લ"નાં સ્થાન પર "સ્વાદુ" શબ્દનો વ્યવહાર કરવો.

जे लत्तए से अलत्तए, जे लाउए से अलाउए, जे सुंभए से कुसुंभए, आलवंते विवरीयभासए।

આ પ્રમાણે રક્ત વર્ણનો હોય તેને અલક્તક, લાબુને અલાબુ, સુંભકને કુસુંભક અને વિપરીતભાષકને "અભાષક" કહેવું.

***से तं पडिपक्खपदेणं।***

**આ પ્રતિપક્ષપદ નિષ્પન્ન નામ છે.**

प. (५) से किं तं पाहण्णयाए ?

પ્ર. (૫) પ્રધાનપદ નિષ્પન્ન નામ શું છે ?

उ. पाहण्णयाए असोगवणे, सत्तवण्णवणे, चंपकवणे, चूयवणे, नागवणे, पुन्नागवणे, उच्छुवणे, दक्खवणे, सालवणे।

ઉ. પ્રધાનપદ નિષ્પન્ન નામ આ પ્રમાણે છે, જેમકે- અશોકવન, સપ્તપર્ણ વન, ચંપકવન, આમ્રવન, નાગવન, પુન્નાગવન, ઈક્ષુવન, દ્રાક્ષાવન, સાલવન.

***से तं पाहण्णयाए।***

**આ પ્રધાનપદ નિષ્પન્ન નામ છે.**

प. (६) से किं तं अणादियसिद्धंतेणं ?

પ્ર. (૬) અનાદિ સિદ્ધાન્ત નિષ્પન્ન નામ શું છે ?

उ. अणादियसिद्धंतेणं-

धम्मत्थिकाए, अधम्मत्थिकाए, आगासत्थिकाए, जीवत्थिकाए, पोग्गलत्थिकाए, अद्धासमए।

ઉ. અનાદિ સિદ્ધાન્ત નિષ્પન્ન નામ આ પ્રમાણે છે -

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, અદ્ધાસમય.

***से तं अणादियसिद्धंतेणं।***

**આ અનાદિ સિદ્ધાન્ત નિષ્પન્ન નામ છે.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. (७) से किं तं णामेणं ?

उ. णामेणं-

पिउपियामहस्स नामेणं उन्नामियए।

**से तं णामेणं।**

प. (८) से किं तं अवयवेणं ?

उ. अवयवेणं-

सिंगी, सिही, विसाणी, दाढी, पक्खी, खुरी, णही, वाली।

दुपय चउप्पय बहुपय णंगूली केसरी ककुही॥

परियरबंधेण भडं जाणेज्जा, महिलियं निवसणेणं।

सित्थेण दोणपागं, कविं च एगाइ गाहाए॥

**से तं अवयवेणं** - अणु. सु. २६३-२७१

प्र. (૭) નામ નિષ્પન્નનામ શું છે.

ઉ. નામનિષ્પન્નનામ આ પ્રમાણે છે -

જે પિતા કે પિતામહ અથવા પિતા કે પિતામહનાં નામથી નિષ્પન્ન હોય છે.

**આ નામનિષ્પન્ન નામ છે.**

પ્ર. (૮) અવયવ નિષ્પન્નનામ શું છે ?

ઉ. અવયવ નિષ્પન્નનામ આ પ્રમાણે છે -

શીંગડાવાળું જનાવર, મોર, ગેંડો, દાઢવાળા હિંસક પશુ, આકાશમાં ઉડનાર પક્ષી, ખરીવાળુ જાનવર, નખવાળા જાનવર, વાળવાળા જાનવર, બે પગવાળા, ચાર પગવાળા, ઘણાં પગવાળા, લાંગૂલી, કેશરી (સિંહ), કકુદી (પક્ષી) આદિ.

આના સિવાય શસ્ત્રયુક્ત કમર કસેલ યોદ્ધા ઓળખાય જાય છે. વિશિષ્ટ પ્રકારનાં વસ્ત્રોને પહેરવાથી મહિલા ઓળખાય જાય છે. એક કણનાં હાંડીમાં પાકવાથી દ્રોણ પરિમિત અન્નને પકાયેલ મનાય છે, એક જ ગાથા સાંભળવાથી કવિને ઓળખી શકાય છે.

**આ અવયવનિષ્પન્ન નામ છે.**

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

## १६७. संजोग णिप्फण्ण णामा-

प. (९) से किं तं संजोगेणं ?

उ. संजोगेणं चउव्विहे पण्णत्ते, तं जहा-

१. दव्वसंजोगे, २. खेत्तसंजोगे,

३. कालसंजोगे, ४. भावसंजोगे।

प. (क) से किं तं दव्वसंजोगे ?

उ. दव्वसंजोगे तिविहे पण्णत्ते, तं जहा-

१. सचित्ते, २. अचित्ते, ३. मीसए।

प. से किं तं सचित्ते ?

उ. सचित्ते गोहिं गोमिए,

महिसीहिं महिसिए,

ऊरणीहिं ऊरणिए,

उट्टीहिं उट्टीवाले।

**से तं सचित्ते।**

## ૧૬૭. સંયોગ નિષ્પન્ન નામ :

પ્ર. (૯) સંયોગનિષ્પન્ન નામ શું છે ?

ઉ. સંયોગ ચાર પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. દ્રવ્યસંયોગ, ૨. ક્ષેત્રસંયોગ,

૩. કાળસંયોગ, ૪. ભાવસંયોગ.

પ્ર. (ક) દ્રવ્યસંયોગ નિષ્પન્ન નામ શું છે ?

ઉ. દ્રવ્યસંયોગ ત્રણ પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. સચિત્ત દ્રવ્યસંયોગ, ૨. અચિત્ત દ્રવ્યસંયોગ, ૩. મિશ્ર દ્રવ્યસંયોગ.

પ્ર. સચિત્ત દ્રવ્યસંયોગ નિષ્પન્ન નામ શું છે ?

ઉ. સચિત દ્રવ્યસંયોગ નિષ્પન્ન નામ આ પ્રમાણે છે - ગાયનાં સંયોગથી ગોવાળીયો,

ભેંસના સંયોગથી ભેંસની પટરાણી,

ઘેટાનાં સંયોગથી ઘેટાની પટરાણી,

ઉંટણીઓનાં સંયોગથી ઉંટણીપાલ આદિ નામ થવું.

**આ સચિત્ત દ્રવ્ય સંયોગનિષ્પન્ન નામ છે.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. से किं तं अचित्ते ?

उ. अचित्ते-

छत्तेण छत्ती, दंडेण दंडी,

पडेण पडी, घडेण घडी,

कडेण कडी।

***से तं अचित्ते।***

प. से किं तं मीसए ?

उ. मीसए -

हलेणं हालिए, सकडेणं साकडिए,

रहेणं रहिए, नावाए नाविए।

***से तं मीसए।***

***से तं दव्वसंजोगे।***

प. **(ख)** से किं तं खेत्तसंजोगे ?

उ. खेत्तसंजोगे-

१. भारहे, २. एरवए, ३. हेमवए, ४. एरण्णवए, ५. हरिवस्सए, ६. रम्मयवस्सए, ७. पुव्वविदेहए, ८. अवरविदेहए, ९. देवकुरूए, १०. उत्तकुरूए।

**अहवा** - १. मागहए, २. मालवए, ३. सोरट्ठए, ४. मरहट्ठए, ५. कोंकणए, ६. कोसलए।

***से तं खेत्तसंजोगे।***

प. **(ग)** से किं तं कालसंजोगे ?

उ. कालसंजोगे-

१. सुसमसुसमए, २. सुसमए, ३. सुसमदूसमए, ४. दूसमसुसमए, ५. दूसमए, ६. दूसमदूसमए,

**अहवा**- १. पाउसए, २. वासारत्तए, ३. सरदए, ४. हेमंतए, ५. बसंतए, ६. गिम्हए।

***से तं कालसंजोगे ।***

- अणु. सु. २७२-२७८

પ્ર. અચિત્ત દ્રવ્ય સંયોગનિષ્પન્ન નામ શું છે ?

ઉ. અચિત્ત દ્રવ્ય સંયોગ નિષ્પન્ન નામ આ પ્રમાણે છે-

છત્રનાં સંયોગથી છત્રી, દંડનાં સંયોગથી દંડી,

પટનાં સંયોગથી પટી, ઘટના સંયોગથી ઘટી,

કટનાં સંયોગથી કટી આદિ નામ હોય.

***આ અચિત્ત દ્રવ્યસંયોગનિષ્પન્ન નામ છે.***

પ્ર. મિશ્ર દ્રવ્ય સંયોગનિષ્પન્ન નામ શું છે ?

ઉ. મિશ્ર દ્રવ્ય સંયોગ નિષ્પન્ન નામ આ પ્રમાણે છે -

હળનાં સંયોગથી હાળિક, શકટનાં સંયોગથી શાકટિક,

રથનાં સંયોગથી રથિક, નાવનાં સંયોગથી નાવિક આદિ નામ થાય.

***આ મિશ્ર દ્રવ્ય સંયોગનિષ્પન્ન નામ છે.***

***આ દ્રવ્ય સંયોગનિષ્પન્ન નામ છે.***

પ્ર. **(ખ)** ક્ષેત્ર સંયોગનિષ્પન્ન નામ શું છે ?

ઉ. ક્ષેત્રસંયોગ નિષ્પન્ન નામ આ પ્રમાણે છે -

૧. આ ભારતીય છે, ૨. આ ઐરવતક્ષેત્રીય છે, ૩. આ હેમવતક્ષેત્રીય છે, ૪. આ એરણ્યવતક્ષેત્રીય છે, ૫. આ હરિવર્ષ ક્ષેત્રીય છે, ૬. આ રમ્યક્વર્ષક્ષેત્રીય છે, ૭. આ પૂર્વ વિદેહક્ષેત્રીય છે, ૮. આ ઉત્તર વિદેહ ક્ષેત્રીય છે, ૯. આ દેવકુરુક્ષેત્રીય છે, ૧૦. આ ઉત્તરકુરુક્ષેત્રીય છે.

**અથવા** - ૧. આ માગધીય છે, ૨. માલવીય છે, ૩. સૌરાષ્ટ્રીય છે, ૪. મહારાષ્ટ્રીય છે, ૫. કોંકણદેશીય છે, ૬. કોશલદેશીય છે.

***આ ક્ષેત્રસંયોગનિષ્પન્ન નામ છે.***

પ્ર. **(ગ)** કાળસંયોગ નિષ્પન્ન નામ શું છે ?

ઉ. કાળ સંયોગ નિષ્પન્ન નામ આ પ્રમાણે છે -

૧. સુષમ સુષમજ, ૨. સુષમજ, ૩. સુષમ દુષમજ, ૪. દુષમ સુષમજ, ૫. દુષમજ, ૬. દુષમ દુષમજ,

**અથવા** - ૧. પ્રાવૃષિક, ૨. વર્ષારાત્રિક, ૩. શરદ્, ૪. હેમન્ત, ૫. વાસંત, ૬. ગ્રીષ્મ.

***આ કાળ સંયોગથી નિષ્પન્ન નામ છે.***

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**१६८. पसत्थापसत्थ णामा-**

प. (घ) से किं तं भावसंजोगे ?

उ. भावसंजोगे दुविहे पण्णत्ते, तं जहा-

१. पसत्थे य, २. अपसत्थे य।

प. से किं तं पसत्थे ?

उ. पसत्थे-

१. नाणेणं नाणी, २. दंसणेणं दंसणी, ३. चरित्तेणं चरित्ती।

***से तं पसत्थे।***

प. से किं तं अपसत्थे ?

उ. अपसत्थे -

कोहेणं कोही, माणेणं माणी,

मायाए मायी, लोभेणं लोभी।

***से तं अपसत्थे, से तं भावसंजोगे, से तं संजोगेणं।***

- अणु. सु. २७९-२८१

**૧૬૮. પ્રશસ્ત - અપ્રશસ્ત નામ :**

પ્ર. (ઘ) ભાવસંયોગનિષ્પન્ન નામ શું છે ?

ઉ. ભાવસંયોગ નિષ્પન્ન નામ બે પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. પ્રશસ્તભાવ સંયોગ, ૨. અપ્રશસ્તભાવ સંયોગ.

પ્ર. પ્રશસ્તભાવ સંયોગનિષ્પન્ન નામ શું છે ?

ઉ. પ્રશસ્તભાવ સંયોગનિષ્પન્ન નામ આ પ્રમાણે છે, જેમકે -

જ્ઞાનથી જ્ઞાની, દર્શનથી દર્શની, ચારિત્રથી-ચારિત્રી આદિ નામ હોય છે.

***આ પ્રશસ્ત ભાવ સંયોગનિષ્પન્ન નામ છે.***

પ્ર. અપ્રશસ્તભાવ સંયોગનિષ્પન્ન નામ શું છે ?

ઉ. અપ્રશસ્તભાવ સંયોગ નિષ્પન્ન નામ આ પ્રમાણે છે -

ક્રોધનાં સંયોગથી ક્રોધી, માનનાં સંયોગથી માની, માયાનાં સંયોગથી માયી, લોભનાં સંયોગથી લોભી આદિ નામ હોય છે.

***આ અપ્રશસ્તભાવ છે. આ ભાવસંયોગ છે. આ સંયોગનિષ્પન્ન નામ છે.***

**१६९. पमाणनामस्स भेयप्पभेया-**

प. से किं तं पमाणे ?

उ. पमाणे णं चउव्विहे पण्णत्ते,[1] तं जहा-

१. णामप्पमाणे, २. ठवणप्पमाणे,

३. दव्वप्पमाणे, ४. भावप्पमाणे।

- अणु. सु. २८२

**१. नामप्पमाणे-**

प. से किं तं नामप्पमाणे ?

उ. नामप्पमाणे जस्स णं जीवस्स वा, अजीवस्स वा, जीवाण वा, अजीवाण वा, तदुभयस्स वा, तदुभयाण वा पमाणे त्ति णामं कज्जइ।

***से तं णामप्पमाणे।*** - अणु. सु. २८३

**૧૬૯. પ્રમાણ નામનાં ભેદ-પ્રભેદ :**

પ્ર. પ્રમાણનિષ્પન્ન નામ શું છે ?

ઉ. પ્રમાણનિષ્પન્ન નામ ચાર પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. નામ પ્રમાણ, ૨. સ્થાપના પ્રમાણ,

૩. દ્રવ્ય પ્રમાણ, ૪. ભાવ પ્રમાણ.

**૧. નામ પ્રમાણ :**

પ્ર. નામ પ્રમાણનિષ્પન્ન નામ શું છે ?

ઉ. નામ પ્રમાણનિષ્પન્ન નામ આ પ્રમાણે છે :

કોઈ જીવ કે અજીવનું, જીવો કે અજીવોનાં, તદુભય કે તદુભયોનું "પ્રમાણ" એવું જે નામ રાખવામાં આવે છે.

***આ નામ પ્રમાણ છે.***

---

૧. વિયા. શ. ૫, ઉ. ૪, સુ. ૨૭માં ચાર પ્રકારના પ્રમાણ કહેવામાં આવ્યા છે - ૧. પ્રત્યક્ષ, ૨. અનુમાન, ૩. ઉપમા, ૪. આગમ. આનો વિસ્તારથી વર્ણન અણુ. સુ. ૪૩૬-૪૭૦માં છે જે ચરણાનુયોગ પૃ. ૧૮માં જુવો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

२. **ठवणप्पमाणे-**

प. से किं तं ठवणप्पमाणे ?

उ. ठवणप्पमाणे णं सत्तविहे पण्णत्ते, तं जहा-

णक्खत्त-देवयकुले पासंड-गणे य जीवियाहेउं ।
आभिप्पाउयणामे ठवणानामं तु सत्तविहं ॥८५॥
- अणु. सु. २८४

**नक्खत्त देवय णाम ठवणा-**

प. (१) से किं तं नक्खत्तणामे ?

उ. नक्खत्तणामे कत्तियाहिं जाए कत्तिए, कत्तियदिण्णे, कत्तियधम्मे, कत्तियसम्मे, कत्तियदेवे, कत्तियदासे, कत्तियसेणे, कत्तियरक्खिए ।

रोहिणीहिं जाए रोहिणिए, रोहिणिदिन्ने, रोहिणिधम्मे, रोहिणिसम्मे, रोहिणिदेवे, रोहिणिदासे, रोहिणिसेणे, रोहिणिरक्खिए ।

***एवं सव्वणक्खत्तेसु णामा भाणियव्वा[1] ।***

***से तं नक्खत्तणामे ।***

प. (२) से किं तं देवयणामे ?

उ. देवयणामे-अग्गिदेवयाहिं जाए अग्गिए, अग्गिदिण्णे, अग्गिधम्मे, अग्गिसम्मे, अग्गिदेवे, अग्गिदासे, अग्गिसेणे, अग्गिरक्खिए ।

***एवं पि सव्वनक्खत्तदेवयनामा भाणियव्वा[2] ।***

***से तं देवयणामे ।*** - अणु. सु. २८५

**कुलाइ णाम ठवणा-**

प. (३) से किं तं कुलनामे ?

उ. कुलनामे-उग्गे, भोगे, राइण्णे, खत्तिए, इक्खागे, णाते कोरव्वे ।

***से तं कुलनामे ।***

प. (४) से किं तं पासंडनामे ?

उ. पासंडनामे-समणए, पंडुरंगए, भिक्खू, कावालियए, तावसए, परिव्वायगे ।

૨. **સ્થાપના પ્રમાણ :**

પ્ર. સ્થાપના પ્રમાણનિષ્પન્ન નામ શું છે ?

ઉ. સ્થાપના પ્રમાણનિષ્પન્ન નામ સાત પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. નક્ષત્રનામ, ૨. દેવનામ, ૩. કુળનામ, ૪. પાખંડનામ, ૫. ગણનામ, ૬. જીવિતનામ, ૭. આભિપ્રાયિકનામ. આ સ્થાપના પ્રમાણના સાત પ્રકાર છે.

**નક્ષત્ર અને દેવ નામ સ્થાપના :**

પ્ર. (૧) નક્ષત્રનાં આધારથી સ્થાપિત નામ શું છે ?

ઉ. નક્ષત્રનું સ્વરુપ આ પ્રમાણે છે - કૃત્તિકા નક્ષત્રમાં જન્મેલ નું કાર્તિકેય, કાર્તિકદત્ત, કાર્તિકધર્મ, કાર્તિકશર્મ, કાર્તિક દેવ, કાર્તિકદાસ, કાર્તિકસેન, કાર્તિક રક્ષિત આદિ નામ રાખવું.

રોહિણી નક્ષત્રમાં જન્મેલ નું રોહિણેય, રોહિણીદત્ત, રોહિણીધર્મ, રોહિણીશર્મ, રોહિણીદેવ, રોહિણીદાસ, રોહિણીસેન, રોહિણીરક્ષિત આદિ નામ રાખવું.

***આ પ્રમાણે અન્ય બધા નક્ષત્રોની અપેક્ષાએ નામ જાણવા જોઈએ.***

***આ નક્ષત્ર નામ છે.***

પ્ર. (૨) દેવનામ શું છે ?

ઉ. દેવનામનું સ્વરુપ આ પ્રમાણે છે, જેમકે - અગ્નિ દેવતાથી અધિષ્ઠિત નક્ષત્રમાં ઉત્પન્ન થયેલનું આગ્નિક, અગ્નિદત્ત, અગ્નિધર્મ, અગ્નિશર્મ, અગ્નિદેવ, અગ્નિદાસ, અગ્નિસેન, અગ્નિરક્ષિત આદિ નામ રાખવું.

***આ પ્રમાણે અન્ય બધા નક્ષત્ર દેવતાઓના નામ પર સ્થાપિત નામોનાં માટે પણ જાણવું જોઈએ.***

***આ નક્ષત્ર દેવતાઓનાં નામ છે.***

**કુળ આદિનામ સ્થાપના :**

પ્ર. (૩) કુળ નામ શું છે ?

ઉ. કુળનામ - ઉગ્ર, ભોગ, રાજન્ય, ક્ષત્રિય, ઈશ્વાકુ, જ્ઞાત, કૌરવ.

***આ કુળનામ છે.***

પ્ર. (૪) પાખંડ નામ શું છે ?

ઉ. પાખંડનામ-શ્રમણ, પાંડુરાંગ, ભિક્ષુ, કાપાલિક, તાપસ, પરિવ્રાજક.

૧. ગણિ. પૃ. ૫૯૦માં નક્ષત્રોના નામ જુઓ. ૨. ગણિ. પૃ. ૫૯૪માં નક્ષત્રોના દેવતાઓના નામ જુઓ.

જૈન સાહિત્ય JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**से तं पासंडनामे।**

प. (५) से किं तं गणनामे ?

उ. गणनामे-मल्ले, मल्लदिन्ने, मल्लधम्मे, मल्लसम्मे, मल्लदेवे, मल्लदासे, मल्लसेणे, मल्लरक्खिए।

**से तं गणनामे।**

प. (६) से किं तं जीवियाहेऊं ?

उ. जीवियाहेऊं-अवकरए, उक्कुरूडए, उज्झियए, कज्जवए, सुप्पए[1]।

**से तं जीवियाहेऊं।**

प. (७) से किं तं आभिप्पाइयनामे ?

उ. आभिप्पाइयनामे-अंबए, निंबए, बबूलए, पालासए, सिणए, पिलुयए, करीरए।

**से तं आभिप्पाइयनामे।**

**से तं ठवणप्पमाणे।**

- अणु. सु. २८७-२९१

३. **दव्वप्पमाणे-**

प. से किं तं दव्वप्पमाणे ?

उ. दव्वप्पमाणे-छव्विहे पण्णत्ते, तं जहा-

१. धम्मत्थिकाए **-जाव-** ६. अद्धासमए।

**से तं दव्वप्पमाणे।** - अणु. सु. २९२

४. **भावप्पमाणस्स भेया-**

प. से किं तं भावप्पमाणे ?

उ. भावप्पमाणे-चउव्विहे पण्णत्ते, तं जहा-

१. सामासिए, २. तद्धितए, ३. धातुए, ४. निरुत्तिए। - अणु. सु. २९३

**१७०. (१) समास-भेयाण परूवणा-**

प. से किं तं सामासिए ?

उ. सामासिए-सत्त समासा भवंति, तं जहा-

१. दंदे य २. बहुव्वीही, ३. कम्मधारए, ४. दिग्गु य।
५. तप्पुरिस, ६. अव्वईभावे, ७. एक्कसेसे य सत्तमे॥९१॥

**આ પાખંડ નામ છે.**

પ્ર. (૫) ગણનામ શું છે ?

ઉ. ગણનાં આધારથી સ્થાપિત નામ ગણનામ કહેવાય છે. જેમકે - મલ્લ, મલ્લદિન્ન, મલ્લધર્મ, મલ્લશર્મ, મલ્લદેવ, મલ્લદાસ, મલ્લસેન, મલ્લરક્ષિત.

**આ ગણ (સ્થાપના નિષ્પન્ન) નામ છે.**

પ્ર. (૬) જીવિત હેતુનામ શું છે ?

ઉ. દીર્ઘકાળ સુધી સંતાનને જીવિત રાખવાનાં નિમિત્તથી જે નામ રાખેલ તે જીવિત હેતુ નામ કહેવાય છે, જેમકે - અવકરક (કચરો), ઉત્કુરુટક (ઉકરડો), ઉજ્જિતક, કવવરક, સૂર્પક (સૂપડા).

**આ જીવિત હેતુનામ છે.**

પ્ર. (૭) આભિપ્રાયિકનામ શું છે ?

ઉ. આભિપ્રાયિકનામ, જેમકે- અંબક, નિમ્બક, બકુલક, પલાશક, સ્નેહક, પીલુક, કરીરક આદિ.

**આ આભિપ્રાયિકનામ છે.**

**આ સ્થાપના પ્રમાણ નિષ્પન્ન નામનું વર્ણન છે.**

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

૩. **દ્રવ્ય પ્રમાણ :**

પ્ર. દ્રવ્ય પ્રમાણ નિષ્પન્નનામ શું છે ?

ઉ. દ્રવ્ય પ્રમાણ નિષ્પન્ન નામ છ પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. ધર્માસ્તિકાય **-યાવત્-** ૬. અદ્ધાસમય.

**આ દ્રવ્ય પ્રમાણનિષ્પન્ન નામ છે.**

**૪. ભાવ પ્રમાણનાં ભેદ :**

પ્ર. ભાવ પ્રમાણ નિષ્પન્ન નામ શું છે ?

ઉ. ભાવ પ્રમાણ ચાર પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. સામાસિક, ૨. તદ્ધિતજ, ૩. ધાતુજ, ૪. નિરુક્તિક.

**૧૭૦. (૧) સમાસનાં ભેદોની પ્રરુપણા :**

પ્ર. સામાસિક ભાવ પ્રમાણ શું છે ?

સામાસિક નામ નિષ્પન્નતાનાં હેતુ સાત સમાસ છે, જેમકે -

૧. દ્વન્દ્વ, ૨. બહુવ્રીહિ, ૩. કર્મધારય, ૪. દ્વિગુ, ૫. તત્પુરુષ, ૬. અવ્યયીભાવ, ૭. એકશેષ.

---

૧. જે સ્ત્રીનાં બાળક અલ્પાયુમાં મરનાર હોય છે, તેના પુત્રોનાં એવા અપ્રશસ્ત નામ રખાય છે, જેમકે - કચરુમલ, ઓઘડમલ, દુગ્ગડમલ, ફકીરચંદ વગેરે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. १. से किं तं दंदे समासे ?

उ. दंदे समासे-

दन्ताश्च ओष्ठौच दन्तोष्ठम्,

स्तनौ च उदरं च स्तनोदरं,

वस्त्रं च पात्रं च वस्त्रपात्रम्,

अश्वश्च महिषश्च अश्वमहिषम्,

अहिश्च नकुलश्च अहिनकुलम् ।

***से तं दंदे समासे।***

प. २. से किं तं बहुवीहिसमासे ?

उ. बहुवीहिसमासे-

फुल्ला जम्मि गिरिम्मि कुडय-कलंबा सो इमो गिरी फुल्लियकुडय-कलंबो ।

***से तं बहुवीहिसमासे।***

प. ३. से किं तं कम्मधारयसमासे ?

उ. कम्मधारयसमासे-

धवलो वसहो धवलवसहो,

किण्हो मिगो किण्हमिगो,

सेतो पटो सेतपटो,

रत्तो पटो रत्तपटो ।

***से तं कम्मधारयसमासे।***

प. ४. से किं तं दिगुसमासे ?

उ. दिगुसमासे-

तिण्णिकडुगा तिकडुगं,

तिण्णि महुराणि तिमहुरं,

तिण्णि गुणा तिगुणं,

तिण्णि पुरा तिपुरं,

तिण्णि सरा तिसरं,

तिण्णि पुक्खरा तिपुक्खरं,

तिण्णि बिंदुया तिबिंदुयं,

तिण्णि पहा तिपहं,

पंच णदीओ पंचणदं,

सत्त गया सत्तगयं,

नव तुरगा नवतुरगं,

પ્ર. (૧) દ્વન્દ્વ સમાસ શું છે ?

ઉ. દ્વન્દ્વ સમાસનું સ્વરુપ આ પ્રમાણે છે -

દંતાશ્ચ ઔષ્ઠૌ ચ ઇતિ દંતોષ્ઠમ્

સ્તનૌ ચ ઉદરં ચ ઇતિ સ્તનોદરમ્,

વસ્ત્રં ચ પાત્રં ચ ઇતિ વસ્ત્રપાત્રમ્,

અશ્વશ્ચ મહિષશ્ચ ઇતિ અશ્વમહિષમ્,

અહિશ્ચ નકુલશ્ચ ઇતિ અહિનકુલમ્

***આ દ્વન્દ્વ સમાસનું સ્વરુપ છે.***

પ્ર. (૨) બહુવ્રીહિ સમાસ શું છે ?

ઉ. બહુવ્રીહિ સમાસનું સ્વરુપ આ પ્રમાણે છે -

આ પર્વત પર પુષ્પિત કુટજ અને કદંબ વૃક્ષ હોવાથી આ પર્વત ફુલ્લકુટજકદંબ છે.

***આ બહુવ્રીહિ સમાસ છે.***

પ્ર. (૩) કર્મધારયસમાસ શું છે ?

ઉ. કર્મધારય સમાસનું સ્વરુપ આ પ્રમાણે છે -

ધવલો વૃષભઃ = ધવલવૃષભઃ,

કૃષ્ણો મૃગઃ = કૃષ્ણમૃગઃ,

શ્વેતઃ પટઃ = શ્વેતપટઃ,

રક્તઃ પટઃ = રક્તપટઃ.

***આ કર્મધારય સમાસ છે.***

પ્ર. (૪) દ્વિગુ સમાસ શું છે ?

ઉ. દ્વિગુસમાસનું સ્વરુપ આ પ્રમાણે છે -

ત્રણ કટુક વસ્તુઓનો સમૂહ - ત્રિકટુ,

ત્રણ મધુરોનો સમૂહ - ત્રિમધુર,

ત્રણ ગુણોનો સમૂહ - ત્રિગુણ,

ત્રણ પુરોનો સમૂહ - ત્રિપુર,

ત્રણ સ્વરોનો સમૂહ - ત્રિસ્વર,

ત્રણ પુષ્કરો (કમળો) નો સમૂહ - ત્રિપુષ્કર,

ત્રણ બિંદુઓનો સમૂહ - ત્રિબિન્દુ,

ત્રણ પથોનો સમૂહ - ત્રિપથ,

પાંચ નદીઓનો સમૂહ - પંચનદ,

સાત ગજોનો સમૂહ - સપ્તગજ,

નવ અશ્વોનો સમૂહ - નવતુરંગ (અશ્વ),

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

दस गामा दसगामं,
दसपुरा दसपुरं।
***से तं दिगुसमासे।***

प. ५. से किं तं तप्पुरिसे समासे ?

उ. तप्पुरिसे समासे-
तित्थे कागो तित्थकागो,
वणे हत्थी वणहत्थी,
वणे वराहो वणवराहो,
वणे महिसो वणमहिसो,
वणे मयूरो वणमयूरो।
***से तं तप्पुरिसे समासे।***

प. ६. से किं तं अव्वयीभावे समासे ?

उ. अव्वयीभावे समासे-
अणुगामं,
अणुणदीयं,
अणुफरिहं, अणुचरियं।
***से तं अव्वयीभावे समासे।***

प. ७. से किं तं एगसेसे समासे ?

उ. एगसेसे समासे-
जहा एगो पुरिसो तहा बहवे पुरिसा,
जहा बहवे पुरिसा तहा एगो पुरिसो,
जहा एगो करिसावणो तहा बहवे करिसावणा,
जहा बहवे करिसावणा तहा एगो करिसावणो,
जहा एगो साली तहा बहवे सालिणो,
जहा बहवे सालिणो तहा एगो साली।
***से तं एगसेसे समासे।***
***से तं सामासिए।***

- अणु. सु. २९४-३०१

દસ ગ્રામોનો સમૂહ - દસગ્રામ,
દસ પુરોનો સમૂહ - દસપુર.
***આ દ્વિગુસમાસ છે.***

પ્ર. (૫) તત્પુરુષ સમાસ શું છે ?

ઉ. તત્પુરુષ સમાસનું સ્વરુપ આ પ્રમાણે છે -
તીર્થમાં કાક - તીર્થકાક,
વનમાં હસ્તી - વનહસ્તી,
વનમાં વરાહ - વનવરાહ,
વનમાં મહિષ - વનમહિષ,
વનમાં મયૂર - વનમયૂર,
***આ તત્પુરુષ સમાસ છે.***

પ્ર. (૬) અવ્યયીભાવ સમાસ શું છે ?

ઉ. અવ્યયીભાવ સમાસનું સ્વરુપ આ પ્રમાણે છે -
ગ્રામનાં સમીપ = અનુગ્રામ,
નદીનાં સમીપ = અનુનદીકમ્,
(આ પ્રમાણે) અનુસ્પર્શમ્, અનુચરિતમ્ આદિ.
***આ અવ્યયીભાવ સમાસ છે.***

પ્ર. (૭) એક શેષ સમાસ શું છે ?

ઉ જેમાં એક શેષ રહે તે એક શેષ સમાસ છે, જેમકે -
એક પુરુષ તેવા અનેક પુરુષ,
જેમ અનેક પુરુષ તેવા એક પુરુષ,
જેમ એક કાર્षાપણ તેવા અનેક કાર્ષાપણ,
જેમ અનેક કાર્ષાપણ તેવા એક કાર્ષાપણ,
જેમ એક શાળી તેવા અનેક શાળી (ચોખા)
જેમ અનેક ચોખા તેવા એક શાલી.
***આ એક શેષ સમાસનાં ઉદાહરણ છે.***
***આ સામાસિકભાવ પ્રમાણનામ છે.***

**१७१. (२) तद्धित-भेयाण परूवणा-**

प. से किं तं तद्धियए ?

उ. तद्धियए -
१. कम्मे, २. सिप्प, ३. सिलोए, ४. संजोग, ५. समीवओ, ६. य संजूहे, ७. इस्सरिया, ८. वच्चेण य तद्धितणामं तु अट्ठविहं ॥९२॥

**૧૭૧. (૨) તદ્ધિતનાં ભેદોની પ્રરુપણા :**

પ્ર. તદ્ધિતથી નિષ્પન્ન નામ શું છે ?

ઉ. તદ્ધિતથી નિષ્પન્ન નામ આ પ્રમાણે છે, જેમકે -
૧. કર્મ, ૨. શિલ્પ, ૩. શ્લોક, ૪. સંયોગ, ૫. સમીપ, ૬. સંયૂથ, ૭. ઐશ્વર્ય, ૮. અપત્ય એ તદ્ધિત નિષ્પન્ન નામનાં આઠ પ્રકાર છે.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

प. १. से किं तं कम्मणामे ?

उ. कम्मणामे - दोस्सिए, सोत्तिए, कप्पासिए, सुत्तवेतालिए, भंडवेतालिए, कोलालिए।

*से तं कम्मनामे।*

प. २. से किं तं सिप्पनामे ?

उ. सिप्पनामे -

१. वत्थिए, २. तंतिए, ३. तुण्णाए, ४. तंतुवाए, ५. पट्टकारिए, ६. उव्वट्टिए, ७. वरूडे, ८. मुंजकारे, ९. कट्ठकारे, १०. छत्तकारे, ११. वज्झकारे, १२. पोत्थकारे, १३. चित्तकारे, १४. दंतकारे, १५. लेप्पकारे, १६. सेलकारिए, १७. कोट्टिमकारे।

*से तं सिप्पनामे।*

प. ३. से किं तं सिलोयनामे ?

उ. सिलोयनामे-

समणे, माहणे, सव्वतिही।

*से तं सिलोयनामे।*

प. ४. से किं तं संजोगनामे ?

उ. संजोगनामे-

रण्णो ससुरए,

रण्णो सालए,

रण्णो सड्ढुए,

रण्णो जामाउए,

रण्णो भगिणीवइ।

*से तं संजोगनामे।*

प. ५. से किं तं समीवनामे ?

उ. समीवनामे-

गिरिस्स समीवे णगरं गिरिणगरं,

પ્ર. ૧. કર્મનામ શું છે ?

ઉ. કર્મનામ-દોષ્યિક, સૌત્રિક, કાર્પાસિક, સૂત્રવૈચારિક, ભાંડવૈચારિક, કૌલાલિક.

**આ કર્મ નામ છે.**

પ્ર. ૨. શિલ્પનામ શું છે ?

ઉ. શિલ્પનામ આ પ્રમાણે છે, જેમકે -

૧. **વાસ્ત્રિક** - વસ્ત્ર બનાવનાર, ૨. **તાંત્રિક** - વીણા વગાડનાર, ૩. **તુન્નાક** - રફુ કરનાર શિલ્પી, ૪. **તંતુવાયિક**-વણકર , ૫. **પટ્ટકારિક** - પટ્ટવસ્ત્ર બનાવનાર, ૬. **ઔદ્‌વૃત્તિક** - ઉબટન કરનાર, ૭. **વારુટિક** - એકશિલ્પી વિશેષ, ૮. **મુંજકારિક** - મુંજની રસ્સી બનાવનાર, ૯. **કાષ્ટકારિક** - લાકડાંની વસ્તુ (સુતાર) બનાવનાર, ૧૦. **છત્રકારિક** - છત્રીબનાવનાર, ૧૧. **બાહ્યકારિક** - રથ આદિ બનાવનાર, ૧૨. **પોસ્તકારિક** - જીલ્દસાજ, ૧૩. **ચિત્રકારિક** - ચિત્ર બનાવનાર, ૧૪. **દાંતકારિક** - હાથી દાંત આદિનો સામાન બનાવનાર, ૧૫. **લેપ્યકારિક** - મકાન બનાવનાર, ૧૬. **સેલકારિક** - પત્થર બનાવનાર, ૧૭. **કોટિમકારિક** - ખાણ ખોદનાર અથવા ફર્શ બનાવનાર.

**આ શિલ્પ નામ છે.**

પ્ર. ૩. શ્લોકનામ શું છે ?

ઉ. શ્લોકનામનું સ્વરુપ આ પ્રમાણે છે -

બધાનાં અતિથિ શ્રમણ, બ્રાહ્મણ આદિ.

**આ શ્લોકનામ છે.**

પ્ર. ૪. સંયોગનામ શું છે ?

ઉ. સંયોગનામનું સ્વરુપ આ પ્રમાણે છે -

રાજાનો સસરો - રાજકીય સસરો,

રાજાનો શાળો - રાજકીય શાળો,

રાજાનો સાઢૂ - રાજકીય સાઢૂ,

રાજાનો જમાઈ - રાજકીય જમાઈ,

રાજાનો બનેવી - રાજકીય બનેવી.

**આ સંયોગનામ છે.**

પ્ર. ૫. સમીપનામ શું છે ?

ઉ. સમીપનામનું સ્વરુપ આ પ્રમાણે છે -

ગિરીનાં સમીપનું નગર ગિરિનગર,

जैन साहित्य JAINSITE जैनम् जयति शासनम्

विदिसाए समीवे णगरं वेदिसं,
वेन्नाए समीवे णगरं वेन्नायडं,
तगराए समीवे णगरं तगरायडं।

***से तं समीवनामे।***

प. ६. से किं तं संजूहनामे ?

उ. संजूहनामे-

तरंगवतिकारे, मलयवतिकारे, अत्ताणुसट्ठिकारे, बिंदुकारे।

***से तं संजूहनामे।***

प. ७. से किं तं ईसरियनामे ?

उ. ईसरियनामे-

राईसरे तलवरे माडंबिए कोडुंबिए इब्भे सेट्ठी सत्थवाहे सेणावइ।

***से तं ईसरियनामे।***

प. ८. से किं तं अवच्चनामे ?

उ. अवच्चनामे-

तित्थयरमाया, चक्कवट्टिमाया, बलदेवमाया, वासुदेवमाया, रायमाया, गणिमाया, वायगमाया।

***से तं अवच्चनामे।***

***से तं तद्धिते।*** - अणु. सु. ३०२-३१०

**१७२. (३) धाउय-परूवणा -**

प. से किं तं धाउए ?

उ. धाउए-

भू सत्तायां परस्मैभाषा, एध वृद्धौ, स्पर्द्ध संघर्षे, गाधृ प्रतिष्ठा-लिप्सयोर्ग्रन्थे च, बाधृलोडने।

***से तं धाउए।*** - अणु. सु. ३११

**१७३. (४) निरुत्तिए परूवणा-**

प. से किं तं निरुत्तिए ?

उ. निरुत्तिए-

मह्यां शेते महिषः,

વિદિશાનાં સમીપનું નગર વૈદિશા,
વેન્નાનાં સમીપનું નગર વેન્નાતટ,
તગરાનાં સમીપનું નગર તગરાતટ.

**આ સમીપનામ છે.**

પ્ર. ૬. સંયૂથનામ શું છે ?

ઉ. સંયૂથ (સંકલનકર્તા) નામ આ પ્રમાણે છે

તરંગવતીકાર, મલયવતીકાર, આત્માનુષષ્ઠિકાર, બિંદુકાર.

**આ સંયૂથનામ છે.**

પ્ર. ૭. ઐશ્વર્યનામ શું છે ?

ઉ. ઐશ્વર્યનામનું સ્વરુપ આ પ્રમાણે છે -

ઐશ્વર્ય(દ્યોતક)નામ - રાજેશ્વર, તલવર, માડંબિક, કૌટુંબિક, ઈભ્ય, શ્રેષ્ઠી, સાર્થવાહ, સેનાપતિ ઈત્યાદિ.

**આ ઐશ્વર્ય નામ છે.**

પ્ર. ૮. અપત્યનામ શું છે ?

ઉ. અપત્યનામનું સ્વરુપ આ પ્રમાણે છે -

તીર્થંકરમાતા, ચક્રવર્તીમાતા, બળદેવમાતા, વાસુદેવમાતા, રાજમાતા, ગણિમાતા, વાચકમાતા.

**આ બધા અપત્યનામ છે.**

**આ તદ્ધિત પ્રત્યયજન્ય નામ છે.**

**૧૭૨. (૩) ધાતુઓ (ક્રિયાઓ)ની પ્રરુપણા :**

પ્ર. ધાતુજ નામ શું છે ?

ઉ. ધાતુજનામનું સ્વરુપ આ પ્રમાણે છે -

પરસ્મૈપદી સત્તાર્થક **"ભૂ"** ધાતુ, વૃદ્ધયર્થક **'એધ્'** ધાતુ, સંઘર્ષાર્થક **"સ્પર્દ્ધ"** ધાતુ, પ્રતિષ્ઠા-લિપ્સા કે સંચય અર્થક **"ગાધૃ"** ધાતુ અને વિલોડનાર્થક **"બાધૃ"** ધાતુ આદિથી નિષ્પન્ન.

**આ ધાતુજ નામ છે.**

**૧૭૩. (૪) નિરુક્તિ (વ્યુત્પત્તિ)ની પ્રરુપણા :**

પ્ર. નિરુક્તિજ નામ શું છે ?

ઉ. નિરુક્તિજ નામનું સ્વરુપ આ પ્રમાણે છે, જેમકે -

**મહ્યાંશેતે** - મહિષ - પૃથ્વી પર જે શયન કરે તે મહિષ- ભેંસ,

JAINSITE जैनम् जयति शासनम्

भ्रमति च रौति च भ्रमरः,

**ભ્રમતિ રૌતિ ઇતિ ભ્રમર** - ભ્રમણ કરતાં જે શબ્દ કરે તે ભ્રમર,

मुहुर्मुहुर्लसति मुसलं,

**મુહુર્મુહુર્લસતિ ઇતિ મુસલં** - જે વારંવાર ઉંચા-નીચા હોય તે મૂસળ,

कपिरिव लम्बतेत्थच्च करोति कपित्थं,

**કપિરિવ લંબતે તથેતિ ચ કરોત ઇતિ કપિત્થં**- કપિ-વાંદરાની જેમ વૃક્ષની શાખા પર ચેષ્ટા કરે છે તે કપિત્થ.

चिदिति करोति खल्लं च भवति चिक्खल्लं,

**ચિદિતિ કરોતિ ખલં ચ ભવતિ- ઇતિ ચિક્ખલં**- પગની સાથે જે ચોટી જાય તે કીચડ,

ऊर्ध्वकर्णःउलूकः

**ઊર્ધ્વકર્ણ : ઇતિ ઉલૂક** - જેના કાન ઉપર ઉઠેલા હોય તે ઉલૂક.

मेखस्य माला मेखला।

**મેખસ્ય માળા મેખલા** - મેઘોની માળા મેખલા.

***से तं निरुत्तिए। से तं भावप्पमाणे। से तं पमाणनामे।***

***આ નિરુક્તિજ નામ છે. આ ભાવપ્રમાણ નામનું વર્ણન છે. આ પ્રમાણનામ છે.***

***से तं दसनामे। से तं नामे।***

- अणु. सु. ३१२

***આ દસ નામનું વર્ણન છે. આ નામનું વર્ણન પૂર્ણ થયું.***

## १७४. पमाणस्स भेयप्पभेया-

प. से किं तं पमाणे ?

उ. पमाणे-चउव्विहे पण्णत्ते, तं जहा-

१. दव्वप्पमाणे, २. खेत्तप्पमाणे, ३. कालप्पमाणे, ४. भावप्पमाणे।[1] - अणु. सु. ३१३

### १. दव्वपमाणं-

प. से किं तं दव्वप्पमाणे ?

उ. दव्वप्पमाणे-दुविहे पण्णत्ते, तं जहा-

१. पएसनिप्फण्णे य, २. विभागनिप्फण्णे य।

प. से किं तं पएसनिप्फण्णे ?

उ. पएसनिप्फण्णे-परमाणुपोग्गले दुपएसिए **-जाव-** अणंतपएसिए।

***से तं पएसनिप्फण्णे।***

प. से किं तं विभागनिप्फण्णे ?

उ. विभागनिप्फण्णे-पंचविहे पण्णत्ते, तं जहा-

१. माणे, २. उम्माणे, ३. ओमाणे, ४. गणिमे, ५. पडिमाणे।

## ૧૭૪. પ્રમાણનાં ભેદ-પ્રભેદ :

પ્ર. પ્રમાણ શું છે ?

ઉ. પ્રમાણ ચાર પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. દ્રવ્યપ્રમાણ, ૨. ક્ષેત્રપ્રપાણ, ૩. કાળપ્રમાણ, ૪. ભાવપ્રમાણ.

### ૧. દ્રવ્યપ્રમાણ :

પ્ર. દ્રવ્યપ્રમાણ શું છે ?

ઉ. દ્રવ્યપ્રમાણ બે પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. પ્રદેશનિષ્પન્ન, ૨. વિભાગનિષ્પન્ન.

પ્ર. પ્રદેશનિષ્પન્ન દ્રવ્યપ્રમાણ શું છે ?

ઉ. પરમાણુ પુદ્ગલ, દ્વિપ્રદેશી **-યાવત્-** અનંત પ્રદેશોથી જે નિષ્પન્ન હોય તે પ્રદેશનિષ્પન્ન છે.

***આ પ્રદેશ નિષ્પન્ન દ્રવ્યપ્રમાણ છે.***

પ્ર. વિભાગનિષ્પન્ન દ્રવ્યપ્રમાણ શું છે ?

ઉ. વિભાગનિષ્પન્ન દ્રવ્યપ્રમાણ પાંચ પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. માન (ધાન્ય માપવાનું પાત્ર), ૨. ઉન્માન (ત્રાજવું), ૩. અવમાન (ગજ), ૪. ગણિમ (ગણના), ૫. પ્રતિમાન (સુવર્ણ આદિનું માપ)

1. ठाणं अ. ४, उ. १, सु. २५८

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. (१) से किं तं माणे ?

उ. माणे दुविहे पण्णत्ते, तं जहा-

१. धन्नमाणप्पमाणे य, २. रसमाणप्पमाणे य।

- अणु. सु. ३१४-३१७

**धन्नमाणप्पमाणे-**

प. **(क)** से किं तं धन्नमाणप्पमाणे ?

उ. धन्नमाणप्पमाणे-

दो असतीओ पसती,

दो पसतीओ सेतिया,

चत्तारि सेतियाओ कुलओ,

चत्तारि कुलया पत्थो,

चत्तारि पत्थया आढयं,

चत्तारि आढयाइं दोणो,

सट्ठिं आढयाइं जहण्णए कुंभे,

असीतिआढयाइं मज्झिमए कुंभे,

आढयसतं उक्कोसए कुंभे,

अट्ठआढयसतिए वाहे।

प. एएणं धन्नमाणप्पमाणेणं किं पओयणं ?

उ. एएणं धन्नमाणप्पमाणेणं-मुत्तोली-मुरव-इड्डर-आलिंद-अपवारिसंसियाणं धण्णाणं धण्णमाणप्पमाणनिव्वित्ति लक्खणं भवइ।

***से तं धन्नमाणप्पमाणे।***

- अणु. सु. ३१८-३१९

**रसमाणप्पमाणे -**

प. **(ख)** से किं तं रसमाणप्पमाणे ?

उ. रसमाणप्पमाणे-धन्नमाणप्पमाणाओ चउभाग-विवड्ढिए अब्भिंतरसिहाजुए रसमाणप्पमाणे विहिज्जइ, तं जहा-

४. चउसट्ठिया,

८. बत्तीसिया,

१६. सोलसिया,

३२. अट्ठभाइया,

પ્ર. (૧) માન પ્રમાણ શું છે ?

ઉ. માન પ્રમાણ બે પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. ધાન્યમાન પ્રમાણ, ૨. રસમાન પ્રમાણ.

**ધાન્ય માપવાનું પ્રમાણ :**

પ્ર. **(ક)** ધાન્યમાન પ્રમાણ શું છે ?

ઉ. ધાન્યમાનપ્રમાણ આ પ્રમાણે છે -

બે અસતિની એક પ્રસૃતિ,

બે પ્રસૃતિની એક સેતિકા,

ચાર સેતિકાઓનો એક કુડવ,

ચાર કુડવનું એક પ્રસ્થ,

ચાર પ્રસ્થોનું એક આઢક,

ચાર આઢકોનું એક દ્રોણ,

સાઠ આઢકોનું એક જઘન્ય કુંભ,

એંસી આઢકોનું એક મધ્યમ કુંભ,

સો આઢકોનું એક ઉત્કૃષ્ટ કુંભ અને

આઠસો આઢકોનું એક બાહ હોય છે.

પ્ર. આ ધાન્યમાન પ્રમાણનું શું પ્રયોજન છે ?

ઉ. આ ધાન્યમાન પ્રમાણનાં દ્વારા **મુક્તોલી** (કોઠી) **મુરવ** (બોરી) **ઈડ્ડર** (નાની બોરી), **અલિંદ** (અનાજ ભરવાનું સાધન) અને **અપચારિ** (જમીનનાં અંદરની કોઠી) માં રાખેલ ધાન્યનાં પ્રમાણનું પરિજ્ઞાન હોય છે.

***આ ધાન્યમાન પ્રમાણ છે.***

**પ્રવાહી પદાર્થ માપવાનું પ્રમાણ :**

પ્ર. **(ખ)** રસમાન પ્રમાણ શું છે ?

ઉ. રસમાનપ્રમાણ ધાન્યમાન પ્રમાણથી ચારભાગ અધિક અને આભ્યંતર શિખાયુક્ત હોય છે, જેમકે -

(૪) ચાર પલની એક **ચતુઃષષ્ઠિકા** હોય છે.

(૮) આઠ પલપ્રમાણ **દ્વાત્રિંશિકા,**

(૧૬) સોળ પલપ્રમાણ **ષોડશિકા,**

(૩૨) બત્રીસ પલપ્રમાણ **અષ્ટભાગિકા,**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

६४. चउभाइया,

१२८. अद्धमाणी,

२५६. माणी।

दो चउसट्ठियाओ बत्तीसिया,

दो बत्तीसियाओ सोलसिया,

दो सोलसियाओ अट्ठभाइया,

दो अट्ठभाइयाओ चउभाइया,

दो चउभाइयाओ अद्धमाणी,

दो अद्धमाणीओ माणी।

प. एएणं रसमाणप्पमाणेणं किं पओयणं ?

उ. एएणं रसमाणप्पमाणेणं वारग-घडग-करग-किक्किरि-दइय-करोडि-कुंडिय-संसियाणं रसाणं रसमाणप्पमाण-निव्वित्तिलक्खणं भवइ।

***से तं रसमाणप्पमाणे।***

***से तं माणे।*** - अणु. सु. ३२०-३२१

**खंडाइणं माणप्पमाणे-**

प. (२) से किं तं उम्माणे ?

उ. उम्माणे-जण्णं उम्मिणिज्जइ, तं जहा-

१. अद्धकरिसो, २. करिसो, ३. अद्धपलं, ४. पलं, ५. अद्धतुला, ६. तुला, ७. अद्धभारो, ८. भारो।

दो अद्धकरिसा करिसो,

दो करिसा अद्धपलं,

दो अद्धपलाइं पलं,

पंचुत्तरपलसइया पंचपलसइया तुला,

दस तुलाओ अद्धभारो,

वीसं तुलाओ भारो।

प. एएणं उम्माणपमाणेणं किं पयोयणं ?

उ. एएणं उम्माणपमाणेणं-पत्त-अगर-तगर-चोयय-कुंकुम-खंड-गुल-मच्छंडियादीणं दव्वाणं उम्माण-पमाणणिव्वत्तिलक्खणं भवइ।

(૬૪) ચૌંસઠ પલપ્રમાણ **ચતુર્ભાગિકા,**

(૧૨૮) એકસો અઠ્યાવીસ પલપ્રમાણ **"અર્ધમાની",**

(૨૫૬) બસો છપ્પન પલપ્રમાણ **"માની"** કહેવાય છે.

બે ચતુઃષષ્ઠિકાની એક **દ્વાત્રિંશિકા,**

બે દ્વાત્રિંશિકાની એક **ષોડશિકા,**

બે ષોડશિકાઓની એક **અષ્ટભાગિકા,**

બે અષ્ટભાગિકાઓની એક **ચતુર્ભાગિકા,**

બે ચતુર્ભાગિકાઓની એક **અર્ધમાની,**

બે અર્ધમાનીઓની એક **માની** હોય છે,

પ્ર. આ રસમાન પ્રમાણનું શું પ્રયોજન છે ?

ઉ. આ રસમાન પ્રમાણથી **વારક** (નાનો ઘડો) **ઘટ**-કળશ, **કરક** (ઘડો), **કિક્કિરિ** (નાનો કલશ), **દૃતિ**-મશક **કરોડિકા** (પહોળું મુખવાળો વાસણ), **કુંડિકા** (કુંડી) આદિમાં ભરેલ રસોનાં પરિમાણનું જ્ઞાન થાય છે.

***આ રસમાન પ્રમાણ છે.***

***આ માન પ્રમાણ છે.***

**સાકર આદિ માપવાનું પ્રમાણ :**

પ્ર. (૨) ઉન્માન પ્રમાણ શું છે ?

ઉ. જેનો ઉન્માન કરાયો અથવા જેના દ્વારા ઉન્માન કરાય તે ઉન્માન પ્રમાણ કહેવાય છે, જેમકે -

૧. અર્ધકર્ષ, ૨. કર્ષ, ૩. અર્ધપલ, ૪. પલ, ૫. અર્ધતુલા, ૬. તુલા, ૭. અર્ધભાર, ૮. ભાર. (આ પ્રમાણોની નિષ્પત્તિ આ પ્રમાણે થાય છે.)

બે અર્ધકર્ષોનું એક **કર્ષ,**

બે કર્ષોનું એક **અર્ધપલ,**

બે અર્ધોપલનું એક **પલ,**

એકસો પાંચ પલ અથવા પાંચ સો પલોનું એક **તુલા,**

દસ તુલાનું એક **અર્ધભાર** અને

વીસ તુલાનો એક **ભાર** હોય છે.

પ્ર. ઉન્માન પ્રમાણનું શું પ્રયોજન છે ?

ઉ. આ ઉન્માન પ્રમાણથી - ૧. પત્ર, ૨. અગર, ૩. તગર, ૪. ચોયક, ૫. કુંકુમ, ૬. ખાંડ, ૭. ગોળ, ૮. મિશ્રી આદિ દ્રવ્યોનાં પરિમાણનું પરિજ્ઞાન થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

***से तं उम्माणपमाणे।***

***આ ઉન્માનપ્રમાણ છે.***

- अणु. सु. ३२२-३२३

**गत्ताइ माणप्पमाणे-**

**ખાડા આદિને માપવાનું પ્રમાણ :**

प. (३) से किं तं ओमाणे ?

પ્ર. (૩) અવમાન પ્રમાણ શું છે?

उ. ओमाणे-जण्णं ओमिणिज्जइ, तं जहा-

ઉ. જેના દ્વારા અવમાન કરાય અથવા જેનું અવમાન કરાય તે અવમાન પ્રમાણ કહેવાય છે, જેમકે -

हत्थेण वा, दंडेण वा, धणुएण वा, जुगेण वा, णालियाए वा, अक्खेण वा, मुसलेण वा।

હાથથી, દંડથી, ધનુષથી, યુગથી, નાલિકાથી, અક્ષથી અથવા મૂસળથી માપી શકાય છે.

दंडं धणुं जुगं णालिया य, अक्ख मुसलं च चउहत्थं।

દંડ, ધનુષ, યુગ, નાલિકા, અક્ષ અને મૂસળ **ચાર હાથ** પ્રમાણ હોય છે.

दसनालियं च रज्जुं वियाण, ओमाणमण्णाए॥१३॥

દસ નાલિકાની એક **રજ્જૂ** હોય છે તે બધી અવમાન કહેવાય છે.

वत्थुम्मि हत्थमिज्जं, खित्ते दंडं धणुं च पंथम्मि।
खायं च नालियाए वियाणं ओमाणसण्णाए॥१४॥

વાસ્તુ-ગૃહભૂમિને **હાથ** દ્વારા, માર્ગ-રસ્તાને **ધનુષ** દ્વારા અને ખાઈ-કૂવા આદિને **નાલિકા** દ્વારા માપી શકાય છે. આ બધાને અવમાન આ નામથી જાણી શકાય છે.

प. एएणं ओमाणपमाणेणं किं पओयणं ?

પ્ર. આ અવમાન પ્રમાણનું શું પ્રયોજન છે ?

उ. एएणं ओमाणपमाणेणं-खाय-चिय-करगचित-कड-पड-भित्ति-परिक्खेव-संसियाणं दव्वाणं ओमाणप्पमाणव्वित्तित्तिलक्खणं भवइ।

ઉ. આ અવમાન પ્રમાણથી ખાઈ (કુવા) ઈંટ, પત્થર આદિથી નિર્મિત ભવન, ચબુતરો આદિ, કકચિત (આરોથી ખંડિત કાષ્ઠ) આદિ, કટ, પટ, વસ્ત્ર, ભીંત, પરિક્ષેપ અથવા નગરની પરિધિ આદિમાં સંશ્રિત દ્રવ્યોની લંબાઈ, પહોળાઈ, ગહરાઈ અને ઉંચાઈનાં પ્રમાણનું પરિજ્ઞાન થાય છે.

***से तं ओमाणे।*** - अणु. सु. ३२४-३२५

***આ અવમાનપ્રમાણનું સ્વરુપ છે.***

**गणणाप्पमाणे-**

**ગણતરી કરવાનું પ્રમાણ :**

प. (४) से किं तं गणिमे ?

પ્ર. (૪) ગણિમ પ્રમાણ શું છે ?

उ. गणिमे-जण्णं गणिज्जइ, तं जहा-

ઉ. જેની ગણતરી થઈ શકે અથવા જેના દ્વારા ગણતરી કરી શકાય તેને ગણિમપ્રમાણ કહેવાય છે, જેમકે -

एक्को दसगं सतं सहस्सं दससहस्साइं सयसहस्सं दससयसहस्साइं कोडी।

એક, દસ, સો, હજાર, દસ હજાર, લાખ, દસ લાખ, કરોડ ઈત્યાદિ.

प. एएणं गणिमप्पमाणेणं किं पयोअणं ?

પ્ર. આ ગણિમપ્રમાણનું શું પ્રયોજન છે?

उ. एएणं गणिमपमाणेणं-भितग-भित्ति-भत्त-वेयण-आय-व्वय-निव्विसंसियाणं दव्वाणं गणिमप्पमाणनिव्वित्तिलक्खणं भवइ।

ઉ. આ ગણિમપ્રમાણથી ભૃત્ય-નૌકર, કર્મચારી આદિની વૃત્તિ, ભોજન, વેતનનાં આય-વ્યયથી સંબંધિત દ્રવ્યોનાં પ્રમાણની નિષ્પત્તિ થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | |
|---|---|
| ***से तं गणिमे।*** | ***આ ગણિમપ્રમાણનું સ્વરુપ છે.*** |
| - अणु. सु. ३२६-३२७ | |
| **सुवण्णाइ माणप्पमाणे-** | **સોનું આદિ માપવાનું પ્રમાણ :** |
| प. (५) से किं तं पडिमाणे ? | પ્ર. (૫) પ્રતિમાન પ્રમાણ શું છે ? |
| उ. पडिमाणे-जण्णं पडिमिणिज्जइ, तं जहा- | ઉ. જેનું અને જેના દ્વારા પ્રતિમાન કરાય છે, તે પ્રતિમાન કહેવાય છે, જેમકે - |
| १. गुंजा, २. कागणी, ३. निप्फावो, ४. कम्ममासओ, ५. मंडलओ, ६. सुवण्णो। | ૧. ગુંજા-રત્તી, ૨. કાકણી, ૩. નિષ્પાવ, ૪. કર્મમાષક, ૫. મંડળક, ૬. સુવર્ણ. |
| पंच गुंजाओ कम्ममासओ, | પાંચ રત્તીઓનું એક કર્મમાષ થાય છે. |
| कागण्यवेक्खया चत्तारि कागणीओ कम्ममासओ। | કાકણીની અપેક્ષાએ ચાર કાકણીઓનું એક કર્મમાષ થાય છે. |
| तिण्णि निप्फावा कम्ममासओ, | ત્રણ નિષ્પાવનું એક કર્મમાષ થાય છે. |
| ***एवं चउक्को कम्ममासओ।*** | ***આ પ્રમાણે કર્મમાષક ચાર પ્રકારથી નિષ્પન્ન થાય છે.*** |
| बारस कम्ममासया मंडलओ, | બાર કર્મમાષકોનું એક મંડળક હોય છે. |
| एवं अडयालीसाए कागणीए मंडलओ। | **આ પ્રમાણે** અડતાલીસ કાકણીઓનાં બરાબર એક મંડળક થાય છે. |
| सोलस कम्ममासया सुवण्णो एवं चउसट्ठीए कागणीए सुवण्णो। | સોળ કર્મમાષક અથવા ચૌસઠ કાકણીઓનું એક સ્વર્ણ (સોનૈયા) થાય છે. |
| प. एएणं पडिमाणप्पमाणे णं किं पयोअणं ? | પ્ર. આ પ્રતિમાન પ્રમાણનું શું પ્રયોજન છે ? |
| उ. एएणं पडिमाणप्पमाणेणं सुवण्ण-रजत-मणि-मोत्तिय-संख-सिलप्पवालादीणं दव्वाणं पडिमाणप्पमाण-निव्वत्तिलक्खणं भवइ। | ઉ. આ પ્રતિમાન પ્રમાણનાં દ્વારા સુવર્ણ, રજત, મણિ, મોતી, સંખ, શિલા પ્રવાળ આદિ દ્રવ્યોનું પરિમાણ જાણી શકાય છે. |
| ***से तं पडिमाणे।*** | ***આ પ્રતિમાન પ્રમાણ છે.*** |
| ***से तं विभागनिप्फण्णे।*** | ***આ વિભાગ નિષ્પન્ન પ્રમાણ છે.*** |
| ***से तं दव्वपमाणे।***[1] | ***આ દ્રવ્યપ્રમાણ છે.*** |
| - अणु. सु. ३२८-३२९ | |
| **१७५. भावप्पमाणे संखप्पमाणभेया-** | **૧૭૫. ભાવ પ્રમાણમાં સંખ્યા પ્રમાણનાં ભેદ :** |
| प. से किं तं संखप्पमाणे ? | પ્ર. શંખ પ્રમાણ કેટલા પ્રકારનાં છે ? |
| उ. संखप्पमाणे-अट्ठविहे पण्णत्ते, तं जहा- | ઉ. શંખ પ્રમાણ આઠ પ્રકારનાં કહ્યા છે, જેમકે - |
| १. नामसंखा, २. ठवणासंखा, ३. दव्वसंखा, ४. ओवमसंखा, ५. परिमाणसंखा, ६. जाणणासंखा, ७. गणणासंखा, ८. भावसंखा। | ૧. નામ સંખ્યા, ૨. સ્થાપના સંખ્યા, ૩. દ્રવ્ય-સંખ્યા, ૪. ઔપમ્ય સંખ્યા, ૫. પરિમાણ-સંખ્યા, ૬. જ્ઞાન સંખ્યા, ૭. ગણના સંખ્યા, ૮. ભાવ સંખ્યા. |
| प. (१) से किं तं नामसंखा ? | પ્ર. (૧) નામ સંખ્યા શું છે ? |

૧. ક્ષેત્ર પ્રમાણ અને કાળ પ્રમાણ ગણિતાનુયોગમાં જુઓ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उ. नामसंखा-जस्स णं जीवस्स वा, अजीवस्स वा, जीवाण वा, अजीवाण वा, तदुभयस्स वा, तदुभयाण वा 'संखा' ति णामं कज्जइ।

*से तं नामसंखा।*

प. (२) से किं तं ठवणासंखा ?

उ. ठवणासंखा-जण्णं कट्ठकम्मे वा, पोत्थकम्मे वा, चित्तकम्मे वा, लेप्पकम्मे वा, गंथिकम्मे वा, वेढिमे वा, पूरिमे वा, संघाइमे वा, अक्खे वा, वराडए वा, एक्को वा, अणेगा वा, सब्भावठवणाए वा, असब्भावठवणाए वा संखा ति ठवणा ठविज्जइ।

*से तं ठवणासंखा।*

प. नाम-ठवणाणं को पइविसेसो ?

उ. नामं आवकहियं, ठवणा इत्तरिया वा होज्जा, आवकहिया वा होज्जा।

प. (३) से किं तं दव्वसंखा ?

उ. दव्वसंखा-दुविहा पण्णत्ता, तं जहा-

१. आगमओ य, २. नो आगमओ य।

प. (क) से किं तं आगमओ दव्वसंखा ?

उ. दव्वसंखा-जस्स णं "संखा" ति पदं सिक्खितं, ठियं, जियं, मियं, परिजियं **-जाव-** कंठोट्ठ विप्पमुक्कं गुरूवायणोवगयं,

से णं तत्थ वायणाए, पुच्छणाए, परियट्टणाए, धम्मकहाए, नो अणुप्पेहाए,

प. कम्हा ?

उ. अणुवओगो दव्वमित्ति कट्टु।

१. **णेगमस्स** एक्को अणुवउत्तो आगमओ एका दव्वसंखा,

दो अणुवउत्ता आगमओ दो दव्वसंखाओ,

ઉ. નામ સંખ્યા-જે જીવનું કે અજીવનું, જીવોનું અથવા અજીવોનું તદુભય (જીવાજીવ)નું અથવા તદુભયો (જીવાજીવો) નું "શંખ" એવું નામકરણ કરી લેવાય છે.

**આ નામ સંખ્યા છે.**

પ્ર. (૨) સ્થાપનાસંખ્યા શું છે ?

ઉ. સ્થાપના સંખ્યા-જે કાષ્ઠકર્મમાં, પુસ્તકકર્મમાં, ચિત્રકર્મમાં, લેપ્યકર્મમાં, ગ્રંથિકર્મમાં, વેષ્ટિતમાં, પૂરિતમાં, સંઘાતિમમાં, અક્ષમાં અથવા કૌડીમાં એક કે અનેક રુપમાં સદ્‌ભૂત સ્થાપના કે અસદ્‌ભૂત સ્થાપના દ્વારા "શંખ" આ પ્રકારથી સ્થાપન કરી લેવાય છે.

**આ સ્થાપનાસંખ્યા છે.**

પ્ર. નામ અને સ્થાપનામાં શું અંતર છે ?

ઉ. નામ યાવત્કથિક હોય છે પણ સ્થાપના ઈત્વરિક પણ હોય છે અને યાવત્કથિક પણ હોય છે.

પ્ર. (૩) દ્રવ્ય સંખ્યા શું છે ?

ઉ. દ્રવ્ય સંખ્યા બે પ્રકારની કહી છે, જેમકે -

૧. આગમ દ્રવ્ય સંખ્યા, ૨. નો આગમ દ્રવ્ય સંખ્યા.

પ્ર. (ક) આગમદ્રવ્ય સંખ્યા શું છે ?

ઉ. આગમદ્રવ્ય સંખ્યા - જેણે શંખ આ પદ સીખી લીધું, હૃદયમાં સ્થિર કર્યું, જીત કર્યું-તત્કાળ સ્મરણ થઈ જાય એવું યાદ કર્યું, મિત કર્યું - મનન કર્યું, અધિકૃત કર્યું **-યાવત્-** નિર્દોષ સ્પષ્ટ સ્વરથી શુદ્ધ ઉચ્ચારણ કર્યું તથા ગુરુથી વાચના કરી.

જેણે વાચના, પૃચ્છના, પર્યટના અને ધર્મકથા પણ કરી છે પરંતુ અર્થનું અનુચિંતન કરવા રુપ અનુપ્રેક્ષાથી રહિત હોય તે આગમથી દ્રવ્યસંખ્યા કહેવાય છે.

પ્ર. કેવી રીતે ? (આનુ શું કારણ છે ?)

ઉ. સિદ્ધાન્તમાં **"અનુપયોગો દ્રવ્યમ્"** એવું કહેવાય છે. અર્થાત્ ઉપયોગથી શૂન્ય હોય તે દ્રવ્ય કહેવાય છે. (તે ભાવ કહેવાય નહીં)

૧. **નૈગમનય**ની અપેક્ષા એ એક ઉપયોગ રહિત આત્મા એક આગમદ્રવ્ય સંખ્યા છે,

બે ઉપયોગ રહિત આત્મા બે આગમદ્રવ્ય સંખ્યા છે,

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

तिण्णि अणुवउत्ता आगमओ तिण्णि दव्वसंखाओ,

**एवं** जावइया अणुवउत्ता तावइयाओ णेगमस्स आगमओ दव्वसंखाओ।

२. ***एवामेव ववहारस्स वि।***

३. **संगहस्स** एको वा अणेगा वा अणुवउत्तो वा अणुवउत्ता वा आगमओ दव्वसंखा वा दव्वसंखाओ वा सा एगा दव्वसंखा।

४. **उज्जुसुयस्स** एगो अणुवउत्तो आगमओ एका दव्वसंखा, पुहत्तं णेच्छइ।

५. **तिण्हं सद्दणयाणं** जाणए अणुवउत्ते अवत्थू,

प. कम्हा ?

उ. जति जाणए अणुवउत्ते ण भवइ।

***से तं आगमओ दव्वसंखा।***

प. (ख) से किं तं नो आगमओ दव्वसंखा ?

उ. नो आगमओ दव्वसंखा-तिविहा पण्णत्ता, तं जहा-

१. जाणयसरीरदव्वसंखा, २. भवियसरीरदव्वसंखा, ३. जाणयसरीरभवियसरीरवइरित्ता दव्वसंखा।

प. (१) से किं तं जाणयसरीरदव्वसंखा ?

उ. जाणयसरीरदव्वसंखा - "संखा" ति पयत्थाहिकार जाणयस्स जं सरीरयं ववगय-चुय-चइत-चत्तदेहं जीवविप्पजढं **-जाव-** कोई वएज्जा अहो ! णं इमेणं सरीरसमुसएणं "संखा" ति पयं आघवियं **-जाव-** उवदंसियं,

ત્રણ ઉપયોગ રહિત આત્મા ત્રણ આગમ દ્રવ્ય સંખ્યા છે,

**આ પ્રમાણે** જેટલી ઉપયોગ રહિત આત્માઓ છે તેટલા જ (નૈગમનયની અપેક્ષાએ આગમ) દ્રવ્ય સંખ્યા છે.

૨. ***નૈગમનયનાં સમાન જ વ્યવહારનય આગમ દ્રવ્ય સંખ્યા છે.***

૩. **સંગ્રહનય** એક ઉપયોગ રહિત આત્મા (આગમથી) એક દ્રવ્ય સંખ્યા છે અને અનેક ઉપયોગ રહિત આત્માઓ અનેક આગમ દ્રવ્ય સંખ્યા છે, એવું સ્વીકાર કરતા નથી. પરંતુ બધાને એક જ આગમ દ્રવ્ય સંખ્યા માને છે.

૪. **ઋજુ સૂત્રનયની** અપેક્ષાએ એક અનુપયુક્ત આત્મા એક આગમદ્રવ્ય સંખ્યા છે. તે ભેદનો સ્વીકાર કરતા નથી.

૫. **ત્રણેય શબ્દ નય આદિ** અનુપયુક્ત જ્ઞાયકને અસત્ માને છે.

પ્ર. આનું શું કારણ છે ?

ઉ. જે જ્ઞાયક છે તે ઉપયોગ રહિત હોતા નથી અને જો ઉપયોગ રહિત હોય છે તે જ્ઞાયક હોતાં નથી.

***આ આગમ દ્રવ્ય સંખ્યા છે.***

પ્ર. (ખ) નો આગમ દ્રવ્ય સંખ્યા શું છે ?

ઉ. નો આગમ દ્રવ્ય સંખ્યાનાં ત્રણ ભેદ કહ્યા છે, જેમકે -

૧. જ્ઞાયક શરીર દ્રવ્ય સંખ્યા, ૨. ભવ્ય શરીરદ્રવ્ય સંખ્યા, ૩. જ્ઞાયક શરીર-ભવ્યશરીર-વ્યતિરિક્ત દ્રવ્ય સંખ્યા.

પ્ર. (૧) જ્ઞાયક શરીર દ્રવ્ય સંખ્યા શું છે ?

ઉ. "સંખ્યા" આ પદનાં અર્થાધિકારથી જ્ઞાતાનું તે શરીર જે વ્યપગત અર્થાત્ ચૈતન્યથી રહિત ચ્યુત-ચ્યવિત-ત્યક્ત જીવ રહિત છે તેને જોઈને **-યાવત્-** કોઈ કહે કે - "અહો ! આ શરીર રુપ પુદ્દગલ સંઘાતએ 'સંખ્યા' પદને ગ્રહણ કરેલ હતું, વાંચેલ હતું **-યાવત્-** ઉપદર્શિત કરેલ હતું, (નય અને યુક્તિઓ દ્વારા શિષ્યોને) સમજાવેલ હતું; તેનું તે શરીર જ્ઞાયક શરીર દ્રવ્ય સંખ્યા છે."

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

प. जहा को दिट्ठंतो ?

उ. अयं घयकुंभे आसि।

***से तं जाणयसरीरदव्वसंखा।***

प. (२) से किं तं भवियसरीरदव्वसंखा ?

उ. भवियसरीरदव्वसंखा-जे जीवे जोणी जम्मणनिक्खंते इमेणं चेव आत्तएणं सरीरसमुस्सएणं जिणदिट्ठेणं भावेणं 'संखा' ति पयं सेयकाले सिक्खिस्सइ,

प. जहा को दिट्ठंतो ?

उ. अयं घयकुंभे भविस्सइ।

***से तं भवियसरीरदव्वसंखा।***

प. (३) से किं तं जाणयसरीरभवियसरीर वइरित्ता दव्वसंखा ?

उ. जाणयसरीरभवियसरीर वइरित्ता दव्वासंखा तिविहा पण्णत्ता, तं जहा-

१. एगभविए, २. बद्धाउए, ३. अभिमुहणामगोत्ते य।

प. एगभविए णं भंते ! एगभविए त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं,

उक्कोसेणं पुव्वकोडी।

प. बद्धाउए णं भंते ! बद्धाउए त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं,

उक्कोसेणं पुव्वकोडीतिभागं।

प. अभिमुहणामगोत्ते णं भंते ! अभिमुहणामगोत्ते त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं एक्कं समयं,

उक्कोसेणं अंतोमुहुत्तं।

प. इयाणिं को णओ कं संखं इच्छइ ?

उ. तत्थ **णेगम-संगह-ववहारा** तिविहं संखं इच्छइ, तं जहा-

પ્ર. આનું કોઈ દૃષ્ટાંત છે ?

ઉ. આ ઘૃતકુંભ- ઘીનો ઘડો હતો.

***આ જ્ઞાયક શરીર દ્રવ્ય સંખ્યા છે.***

પ્ર. (૨) ભવ્યશરીર દ્રવ્ય સંખ્યા શું છે ?

ઉ. જન્મ સમય પ્રાપ્ત થવા પર જે જીવ યોનિથી બહાર નીકળેલ છે અને તે ભવિષ્યમાં તેજ શરીર દ્વારા જીનોપદિષ્ટ ભાવાનુસાર "સંખ્યા" પદને શીખશે એવા તે જીવનું તે શરીર ભવ્ય શરીર દ્રવ્ય સંખ્યા છે.

પ્ર. આનું કોઈ દૃષ્ટાંત છે ?

ઉ. આ ઘૃતકુંભ- ઘીનો ઘડો હશે.

***આ ભવ્ય શરીર દ્રવ્ય સંખ્યા છે.***

પ્ર. (૩) જ્ઞાયક શરીર ભવ્ય શરીર વ્યતિરિક્ત દ્રવ્ય સંખ્યા શું છે ?

ઉ. જ્ઞાયક શરીર ભવ્ય શરીર વ્યતિરિક્ત દ્રવ્યસંખ્યા ત્રણ પ્રકારની કહી છે, જેમકે -

૧. એક ભવિક, ૨. બદ્ધાયુષ્ક, ૩. અભિમુખનામ ગોત્ર.

પ્ર. ભંતે ! એક ભવિક સંખ્યા "એક ભવિક" રુપમાં કેટલા સમય સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! એક ભવિક સંખ્યા જઘન્ય અન્તર્મુહૂર્ત,

ઉત્કૃષ્ટ એક પૂર્વ કોટિ સુધી રહે છે.

પ્ર. ભંતે ! બધ્ધાયુષ્ક જીવ બધ્ધાયુષ્ક રુપમાં કેટલા સમય સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત,

ઉત્કૃષ્ટ એક પૂર્વ કોટિ વર્ષનાં ત્રીજા ભાગ સુધી રહે છે.

પ્ર. ભંતે ! અભિમુખનામ ગોત્રવાળા સંખ્યા અભિમુખ નામ ગોત્ર રુપમાં કેટલા સમય સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય એક સમય,

ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત સુધી રહે છે.

પ્ર. કયો નય (આ ત્રણ સંખ્યાઓમાંથી) ક્યા સંખ્યાને માને છે ?

ઉ. **નૈગમનય, સંગ્રહનય અને વ્યવહારનય** આ ત્રણે પ્રકારની સંખ્યાને સંખ્યારૂપ માને છે, જેમકે -

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

१. एक्कभवियं, २. बद्धाउयं, ३. अभिमुहणामगोत्तं च।

૧. એક ભવિક, ૨. બદ્ધાયુષ્ક, ૩. અભિમુખનામ ગોત્ર.

**उज्जुसुओ** दुविहं संखं इच्छइ, तं जहा-

ઋજુ સૂત્રનય એ બે પ્રકારની સંખ્યા સ્વીકાર કરે છે, જેમકે -

१. बद्धाउयं च, २. अभिमुहणामगोत्तं च।

૧. બદ્ધાયુષ્ક, ૨. અભિમુખનામ ગોત્ર.

**तिण्णि सद्दणया** अभिमुहणामगोत्तं संखं इच्छंति।

**ત્રણેય શબ્દનય** માત્ર અભિમુખનામ ગોત્ર સંખ્યાને જ સંખ્યા માને છે.

***से तं जाणयसरीरभवियसरीर वइरित्ता दव्वसंखा।***

***આ જ્ઞાયક શરીર-ભવ્ય શરીર વ્યતિરિક્ત દ્રવ્ય સંખ્યા છે.***

***से तं नो आगमओ दव्वसंखा, से तं दव्वसंखा।***

***આ નો આગમ દ્રવ્યસંખ્યા છે. આ દ્રવ્ય સંખ્યા છે.***

प. (४) से किं तं ओवमसंखा?

પ્ર. (૪) ઔપમ્ય સંખ્યા શું છે?

उ. ओवमसंखा - चउव्विहा पण्णत्ता, तं जहा-

१. अत्थि संतयं संतएणं उवमिज्जइ,

२. अत्थि संतयं असंतएणं उवमिज्जइ,

३. अत्थि असंतयं संतएणं उवमिज्जइ,

४. अत्थि असंतयं असंतएणं उवमिज्जइ।

ઉ. ઔપમ્ય સંખ્યા ચાર પ્રકારની કહી છે, જેમકે -

૧. સદ્વસ્તુને સદ્વસ્તુની ઉપમા આપવી,

૨. સદ્વસ્તુને અસદ્વસ્તુની ઉપમા આપવી,

૩. અસદ્વસ્તુને સદ્વસ્તુની ઉપમા આપવી,

૪. અસદ્વસ્તુને અસદ્વસ્તુની ઉપમા આપવી.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

१. तत्थ संतयं संतएणं उवमिज्जइ जहा-संता अरहंता संतएहिं पुरवरेहिं संतएहिं कवाडएहिं संतएहिं वच्छएहिं उवमिज्जंति, तं जहा-

पुरवरकवाडवच्छा फलिहभुया दुंदभित्थणियघोसा।
सिरिवच्छंकियवच्छा सव्वे वि जिणा चउव्वीसं॥११९॥

૧. આમાંથી જે સદ્વસ્તુને સદ્વસ્તુથી ઉપમિત કરાય છે, તે આ પ્રમાણે છે-સદ્રુપ અરિહંત ભગવંતના પ્રશસ્ત વક્ષસ્થળને સદ્રુપ શ્રેષ્ઠ નગરોના સત્ કપાટોની ઉપમા આપવી, જેમકે -

બધા ચૌવીસ તીર્થંકર (ઉત્તમ) નગરનાં કબાટો (દરવાજા)નાં સમાન વક્ષસ્થળ, આંકડિયા (આકળો)નાં સમાન ભુજાઓ, દેવદુંદુંભિ કે મેઘ ગર્જનાનાં સમાન સ્વર અને શ્રીવત્સથી અંકિત વક્ષસ્થળવાળા હોય છે.

२. संतयं असंतएणं उवमिज्जइ जहा-संताइं नेरइय-तिरिक्खजोणिय-मणूस-देवाणं आउयाइं असंतएहिं पलिओवम-सागरोवमेहिं उवमिज्जंति।

૨. વિદ્યમાન પદાર્થને અવિદ્યમાન પદાર્થથી ઉપમિત કરવું, જેમ - નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવોની વિદ્યમાન આયુનાં પ્રમાણને અવિદ્યમાન પલ્યોપમ અને સાગરોપમ દ્વારા બતાવવું.

३. असंतयं संतएणं उवमिज्जइ जहा-

परिजूरियपेरंतं चलंतवेंटं पडंत निच्छीरं।
पत्तं वसणप्पत्तं कालप्पत्तं भणइ गाहं॥१२०॥

जह तुब्भे तह अम्हे, तुम्हे वि य होहिया जहा अम्हे।
अप्पाहेइ पडंतं पंडुयपत्तं किसलयाणं॥१२१॥

૩. અસદ્વસ્તુને સદ્વસ્તુથી ઉપમિત કરવું, જેમકે - સર્વ પ્રકારથી જીર્ણ, ઠંઠલથી ટૂટેલ, વૃક્ષથી નીચે પડેલ, નિસ્સાર અને દુઃખી એવા કોઈ પડતા જુના-જીર્ણ પીળા પાંદડાંને વસંત સમય પ્રાપ્ત નવોદ્ગત કોપળોથી આ પ્રમાણે કહ્યું -

"આ સમયે જેવા તમે છો એવા અમે પણ પહેલા આવાજ હતા તથા આ સમયે જેમ અમે થઈ રહ્યા છીએ તેમજ આગળ ચાલીને તમે પણ થઈ જશો."

णवि अत्थि णवि य होही, उल्लावो किसल-पंडुपत्ताणं ।

उवमा खलु एस कया भवियजण विबोहणट्ठाए॥१२२॥

અહીં જે જીર્ણ પાંદડાઓ અને કોંપળોનાં વાર્તાલાપનો ઉલ્લેખ કરેલ છે, તે ન તો ક્યારેય થયો, નથી થતાં અને થશે પણ નહિ, પરંતુ ભવ્ય જનોનાં પ્રતિબોધનાં માટે ઉપમા આપી છે.

४. असंतयं असंतएण उवमिज्जइ-जहा खरविसाणं तहा ससविसाणं ।

૪. અવિદ્યમાન પદાર્થને અવિદ્યમાન પદાર્થથી ઉપમિત કરવું. જેમ - ખર વિષાણ છે તેવી જ રીતે શશવિષાણ છે અને જેમ શશવિષાણ છે તેવી જ રીતે ખરવિષાણ છે.

***से तं ओवम्मसंखा ।***[१]

- अणु. सु. ४७७-४९२

***આ ઔપમ્ય સંખ્યા છે.***

प. (६) से किं तं जाणणासंखा ?

उ. जाणणासंखा-जो जं जाणइ, तं जहा-

सद्दं सद्दिओ, गणियं गणिओ, निमित्तं नेमित्तिओ, कालं कालनाणी, वेज्जो वेज्जियं ।

***से तं जाणणासंखा ।***[२] - अणु. सु. ४९६

પ્ર. (૬) જ્ઞાન સંખ્યા શું છે ?

ઉ. સંખ્યા જ્ઞાતા - જે સંખ્યાને જાણે છે તેને સંખ્યા જ્ઞાતા કહે છે, જેમકે -

શબ્દને જાણનાર **શાબ્દિક,** ગણિતને જાણનાર **ગણિતજ્ઞ,** નિમિત્તને જાણનાર **નૈમિત્તિક,** કાળને જાણનાર **કાળજ્ઞાની** અને વૈદ્યકને જાણનાર **વૈદ્ય.**

***આ જ્ઞાનસંખ્યાનું સ્વરુપ છે.***

प. (८) से किं तं भावसंखा ?

उ. भावसंखा- जे इमे जीवा संखगइनाम गोत्ताइं कम्माइं वेदेंति ।

***से तं भावसंखा, से तं संखप्पमाणे, से तं भावप्पमाणे, से तं पमाणे ।*** - अणु. सु. ५२०

પ્ર. (૮) ભંતે ! ભાવ સંખ્યા શું છે ?

ઉ. આ લોકમાં જે જીવ સંખ્યા ગતિ નામ ગોત્ર કર્મોનું વેદન કરી રહ્યા છે તે ભાવ સંખ્યા છે.

***આ ભાવ સંખ્યા છે, આ સંખ્યા પ્રમાણ છે, આ ભાવ પ્રમાણનું વર્ણન છે, આ પ્રમાણનું વર્ણન થયું.***

**१७६. वत्तव्वयासरूवं-**

प. से किं तं वत्तव्वया ?

उ. वत्तव्वया-तिविहा पण्णत्ता, तं जहा-

१. ससमयवत्तव्वया, २. परसमयवत्तव्वया, ३. ससमयपरसमयवत्तव्वया ।

प. (१) से किं तं ससमयवत्तव्वया ?

उ. जत्थ णं ससमए आघविज्जइ पण्णविज्जइ परूविज्जइ दंसिज्जइ निदंसिज्जइ उवदंसिज्जइ ।

***से तं ससमयवत्तव्वया ।***

प. (२) से किं तं परसमयवत्तव्वया ?

**૧૭૬. વક્તવ્યતાનું સ્વરુપ :**

પ્ર. વક્તવ્યતા શું છે ?

ઉ. વક્તવ્યતા (વર્ણન)નાં ત્રણ પ્રકાર કહ્યા છે, જેમકે -

૧. સ્વસમય વક્તવ્યતા, ૨. પરસમયવક્તવ્યતા, ૩. સ્વસમય-પરસમય વક્તવ્યતા.

પ્ર. (૧) સ્વસમયવક્તવ્યતા શું છે ?

ઉ. અવિરોધ રુપથી સ્વસિદ્ધાન્તનું વર્ણન, પ્રજ્ઞાપન, પ્રરુપણ, દર્શન, નિદર્શન અને ઉપદર્શન કરવામાં આવે તે સ્વસમય વક્તવ્યતા કહેવામાં આવે છે.

***આ સ્વસમયવક્તવ્યતા છે.***

પ્ર. (૨) પરસમય વક્તવ્યતા શું છે ?

---

૧. ૧-૫. પરિમાણ સંખ્યા (સુ. ૪૯૩-૪૯૫) શ્રુત પ્રકરણમાં જુઓ.

૨. ૨-૭ ગણણા સંખ્યા (સુ. ૪૯૭-૫૧૯) ગણિતાનુયોગ પરિશિષ્ટમાં જુઓ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उ. जत्थ णं परसमए आघविज्जइ **-जाव-** उवदंसिज्जइ।

ઉ. જે વક્તવ્યતામાં અન્ય મતનાં સિદ્ધાંતનું વર્ણન **-યાવત્-** ઉપદર્શન કરાય છે, તેને પરસમય વક્તવ્યતા કહેવામાં આવે છે.

***से तं परसमयवत्तव्वया।***

**આ પરસમય વક્તવ્યતાનું સ્વરુપ છે.**

प. (३) से किं तं ससमयपरसमयवत्तव्वया ?

પ્ર. (૩) સ્વસમય - પરસમય વક્તવ્યતા શું છે ?

उ. जत्थ णं ससमए परसमए आघविज्जइ **-जाव-** उवदंसिज्जइ।

ઉ. જે વક્તવ્યતામાં સ્વસિદ્ધાન્ત અને પરસિદ્ધાન્ત બંનેનું વર્ણન **-યાવત્-** ઉપદર્શન કરાય છે, તેને સ્વસમય-પરસમય વક્તવ્યતા કહેવામાં આવે છે.

***से तं ससमयपरसमयवत्तव्वया।***

- अणु. सु. ५२१-५२४

**આ સ્વસમય-પરસમય વક્તવ્યતા છે.**

**१७७. वत्तव्वयाए नय परूवणा-**

**૧૭૭. વક્તવ્યતામાં નયનું પ્રરુપણ :**

प. इयाणिं को णओ कं वत्तव्वयमिच्छइ ?

પ્ર. ક્યો નય કંઈ વક્તવ્યતાનો સ્વીકાર કરે છે ?

उ. तत्थ **णेगम संगह ववहारा** तिविहं वत्तव्वयं इच्छंति, तं जहा-

१. ससमयवत्तव्वयं, २. परसमयवत्तव्वयं, ३. ससमयपरसमयवत्तव्वयं।

ઉ. **નૈગમ, સંગ્રહ અને વ્યવહાર નય** ત્રણેય પ્રકારની વક્તવ્યતાને સ્વીકાર કરે છે, જેમકે -

૧. સ્વસમય વક્તવ્યતા, ૨. પરસમયવક્તવ્યતા, ૩. સ્વસમય- પરસમય વક્તવ્યતા.

२. **उज्जुसुओ** दुविहं वत्तव्वयं इच्छइ, तं जहा-

१. ससमयवत्तव्वयं, २. परसमयवत्तव्वयं।

तत्थ णं जा सा ससमयवत्तव्वया सा ससमयं पविट्ठा,

जा सा परसमयवत्तव्वया सा परसमयं पविट्ठा,

तम्हा दुविहा वत्तव्वया, णत्थि तिविहा वत्तव्वया।

૨. **ઋજુ સૂત્રનય** સ્વસમય અને પરસમય- આ બે પ્રકારની વક્તવ્યતાઓને જ માન્ય કરે છે, જેમકે-

૧. સ્વસમય વક્તવ્યતા, ૨. પરસમય વક્તવ્યતા.

કારણકે-આ નયની અપેક્ષાથી ત્રીજી મિશ્ર વક્તવ્યતા સ્વસમય-વક્તવ્યતા પ્રથમ ભેદ (સ્વસમય વક્તવ્યતા)માં,

અને પરસમયની વક્તવ્યતા બીજી ભેદ (પરસમયવક્તવ્યતા)માં અન્તર્ભૂત થઈ જાય છે.

એટલા માટે વક્તવ્યતાનાં બે જ પ્રકાર છે, પરંતુ ત્રિવિધ (ત્રીજી) વક્તવ્યતા નથી.

३. **तिण्णि सद्दणया** एगं ससमयवत्तव्वयं इच्छंति, णत्थि परसमयवत्तव्वया।

૩. **ત્રણેય શબ્દનય** એક સ્વસમય વક્તવ્યતાને જ માન્ય કરે છે. તેના મતાનુસાર પરસમયવક્તવ્યતા નથી.

प. कम्हा ?

પ્ર. કેવી રીતે ?

उ. जम्हा परसमए अणट्ठे अहेऊ असब्भावे अकिरिया उम्मग्गे अणुवएसे मिच्छादंसणमिति कट्टु,

तम्हा सव्वा ससमयवत्तव्वया,

णत्थि परसमयवत्तव्वया,

णत्थि ससमय-परसमयवत्तव्वया।

***से तं वत्तव्वया।*** - अणु. सु. ५२५

ઉ. કારણ કે - પરસમય અનર્થ, અહેતુ, અસદ્ભાવ, અક્રિય, ઉન્માર્ગ, અનુપદેશ અને મિથ્યાદર્શન રુપ છે.

એટલા માટે બધી વક્તવ્યતા સ્વસમયની જ છે.

પરંતુ પરસમય વક્તવ્યતા નથી અને

ન તો સ્વસમય-પરસમય વક્તવ્યતા છે.

**આ વક્તવ્યતાનું વર્ણન છે.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**१७८. अत्थाहिगार सरूवं -**

प. से किं तं अत्थाहिगारे ?

उ. अत्थाहिगारे जो जस्स अज्झयणस्स अत्थाहिगारे, तं जहा-

१. सावज्जजोगविरती,

२. उक्कित्तण,

३. गुणवओ य पडिवत्ती।

४. खलियस्स निंदणा,

५. वणतिगिच्छ,

६. गुणधारणा चेव ॥१२३॥

*से तं अत्थाहिगारे।* - अणु. सु. ५२६

**१७८. અર્થાધિકારનું સ્વરુપ :**

પ્ર. અર્થાધિકાર શું છે. અર્થાત્ સામાયિક આદિ છઃ અધ્યયનોનો શું અર્થ છે ?

ઉ. જે અધ્યયનનો જે અર્થ છે તેનું વર્ણન અર્થાધિકાર કહેવાય છે, જેમકે -

૧. પ્રથમ અધ્યયનનો અર્થ સાવદ્ય યોગવિરતિ અર્થાત્ સાવદ્ય વ્યાપારનો ત્યાગ,

૨. બીજા અધ્યયનનો અર્થ ઉત્કીર્તન-સ્તુતિ કરવી.

૩. ત્રીજા અધ્યયનનો અર્થ ગુણવાન્ પુરુષોને સમ્માન, વંદના, નમસ્કાર કરવા.

૪. ચોથા અધ્યયનનો અર્થ છે આચારમાં લાગેલ સ્ખલનાઓ દોષો આદિની નિન્દા કરવી.

૫. પાંચમા અધ્યયનનો અર્થ વ્રણ ચિકિત્સા કરવી.

૬. છઠા અધ્યયન (પ્રત્યાખ્યાન)નો અર્થ છે ગુણ ધારણ કરવું.

***આ અર્થાધિકાર છે.***

**१७९. समोयारस्स भेयप्पभेया-**

प. से किं तं समोयारे ?

उ. समोयारे छव्विहे पण्णत्ते, तं जहा-

१.णामसमोयारे, २.ठवणासमोयारे, ३.दव्वसमोयारे, ४.खेत्तसमोयारे, ५.कालसमोयारे, ६. भावसमोयारे।

प. (१-२). से किं तं णामसमोयारे ?

उ. *नाम-ठवणाओ पुव्ववण्णियाओ।*

प. (३) से किं तं दव्वसमोयारे ?

उ. दव्वसमोयारे-दुविहे पण्णत्ते, तं जहा-

१. आगमओ य, २. णो आगमओ य।

*एवं -जाव- से तं भवियसरीरदव्व-समोयारे।*

प. से किं तं जाणयसरीरभवियसरीर वइरित्ते दव्वसमोयारे ?

उ. जाणय सरीर भवियसरीर वइरित्ते दव्वसमोयारे- तिविहे पण्णत्ते, तं जहा-

**१७९. સમવતારનાં ભેદ-પ્રભેદ :**

પ્ર. સમવતાર શું છે ?

ઉ. સમવતાર છ પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. નામ સમવતાર, ૨. સ્થાપના સમવતાર, ૩. દ્રવ્ય સમવતાર, ૪. ક્ષેત્રસમવતાર, ૫. કાળ સમવતાર, ૬. ભાવસમવતાર.

પ્ર. (૧-૨) નામસમવતાર શું છે ?

ઉ. ***નામ અને સ્થાપનાનું વર્ણન પૂર્વવત્ અહીં પણ જાણવું જોઈએ.***

પ્ર. (૩) દ્રવ્યસમવતાર શું છે ?

ઉ. દ્રવ્યસમવતાર બે પ્રકારના કહ્યા છે, જેમકે -

૧. આગમદ્રવ્યસમવતાર, ૨. નો આગમદ્રવ્ય-સમવતાર.

***આ પ્રમાણે -યાવત્- ભવ્ય શરીર નોઆગમ દ્રવ્યસમવતારનું સ્વરુપ (દ્રવ્યાવશ્યકના પ્રકરણના ભેદોની જેમ) જાણવું જોઈએ.***

પ્ર. જ્ઞાયક શરીર-ભવ્યશરીર વ્યતિરિક્ત દ્રવ્યસમવતાર શું છે ?

ઉ. જ્ઞાયક શરીર-ભવ્યશરીર વ્યતિરિક્ત દ્રવ્યસમવતાર ત્રણ પ્રકારનાં કહ્યા છે, જેમકે -

JAINSITE जैनम् जयति शासनम्

१. आयसमोयारे, २. परसमोयारे, ३. तदुभयसमोयारे।

૧. આત્મસમવતાર, ૨. પરસમવતાર, ૩. તદુભયસમવતાર.

सव्वदव्वा वि य णं आयसमोयारेणं आयभावे समोयरंति।

આત્મસમવતારની અપેક્ષાએ બધા દ્રવ્ય આત્મભાવ-(પોતાના સ્વરુપ)માં જ રહે છે,

परसमोयारेणं **जहा** कुंडे बदराणि,

પરસમવતારની **અપેક્ષાએ** કચરામાં બોરની જેમ પરભાવમાં રહે છે,

तदुभयसमोयारेणं **जहा** घरे थंभो आयभावे य, जहा घडे गीवा आयभावे य।

તદુભય સમવતારની **અપેક્ષાએ** ઘરમાં સ્તંભ અથવા ઘટમાં ગ્રીવાનાં સમાન પરભાવ તથા આત્મભાવ-બંનેમાં રહે છે.

२. **अहवा** जाणयसरीरभवियसरीर वइरित्ते दव्वसमोयारे दुविहे पण्णत्ते, तं जहा-

૨. **અથવા** જ્ઞાયકશરીર-ભવ્યશરીર વ્યતિરિક્ત દ્રવ્ય સમવતાર બે પ્રકારનાં કહ્યા છે, જેમકે -

१. आयसमोयारे य, २. तदुभयसमोयारे य।

૧. આત્મસમવતાર, ૨. તદુભયસમવતાર.

चउसट्ठिया आयसमोयारेणं आयभावे समोयरइ,

જેમ આત્મસમવતારથી ચતુષ્ષષ્ટિકા આત્મભાવમાં રહે છે.

तदुभयसमोयारेणं बत्तीसियाए समोयरइ आयभावे य।

તદુભય સમવતારની અપેક્ષાએ દ્વાત્રિંશિકામાં પણ રહે છે અને પોતાના નિજ રુપમાં પણ રહે છે.

बत्तीसिया आयसमोयारेणं आयभावे समोयरइ,

દ્વાત્રિંશિકા આત્મસમવતારની અપેક્ષાએ આત્મભાવમાં રહે છે.

तदुभयसमोयारेणं सोलसियाए समोयरइ आयभावे य।

તદુભય સમવતારની અપેક્ષાએ ષોડશિકામાં પણ રહે છે અને આત્મભાવમાં પણ રહે છે.

सोलसिया आयसमोयारेणं आयभावे समोयरइ,

ષોડશિકા આત્મસમવતારથી આત્મભાવમાં સમવતીર્ણ છે.

तदुभयसमोयारेणं अट्ठभाइयाए समोयरइ आयभावे य।

તદુભય સમવતારની અપેક્ષાએ અષ્ટભાગમાં પણ રહે છે તથા પોતાના નિજરુપમાં પણ રહે છે.

अट्ठभाइया आयसमोयारेणं आयभावे समोयरइ,

અષ્ટભાગિકા આત્મસમવતારની અપેક્ષાએ આત્મભાવમાં રહે છે,

तदुभयसमोयारेणं चउभाइयाए समोयरइ आयभावे य।

તદુભય સમવતારની અપેક્ષાએ ચતુર્ભાગિકામાં પણ સમવતરિત હોય છે અને પોતાના નિજરુપમાં પણ સમવતરિત હોય છે.

चाउभाइया आयसमोयारेणं आयभावे समोयरइ, तदुभयसमोयारेणं अद्धमाणीए समोयरइ आयभावे य।

આત્મ સમવતારની અપેક્ષાએ ચતુર્ભાગિકા આત્મભાવમાં અને તદુભય સમવતારથી અર્ધમાનિકામાં સમવતીર્ણ હોય છે અને આત્મભાવમાં પણ હોય છે.

अद्धमाणी आयसमोयारेणं आयभावे समोयरइ, तदुभयसमोयारेणं माणीए समोयरइ आयभावे य।

આત્મ સમવતારથી અર્ધમાનિકા આત્મભાવમાં અને તદુભય સમવતારની અપેક્ષાએ માનિકામાં તથા આત્મભાવમાં પણ સમવતીર્ણ હોય છે.

***से तं जाणयसरीरभवियसरीर वइरित्ते दव्वसमोयारे।***

***આ જ્ઞાયક શરીર-ભવ્યશરીર વ્યતિરિક્ત દ્રવ્ય સમવતાર છે.***

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**से तं नो आगमओ दव्वसमोयारे। से तं दव्वसमोयारे।**

**આ નો આગમ દ્રવ્ય સમવતાર છે. આ દ્રવ્ય સમવતાર છે.**

प. (४) से किं तं खेत्तसमोयारे ?

उ. खेत्तसमोयारे - दुविहे पण्णत्ते, तं जहा-

१. आयसमोयारे य, २. तदुभयसमोयारे य।

भरहेवासे आयसमोयारेणं आयभावे समोयरइ,

तदुभयसमोयारेणं जंबुद्दीवे समोयरइ आयभावे य।

जंबुद्दीवे दीवे आयसमोयारेणं आयभावे समोयरइ,

तदुभयसमोयारेणं तिरियलोए समोयरइ आयभावे य।

तिरियलोए आयसमोयारेणं आयभावे समोयरइ,

तदुभयसमोयारेणं लोए समोयरइ आयभावे य।

लोए आयसमोयारेणं आयभावे समोयरइ,

तदुभयसमोयारेणं अलोए समोयरइ आयभावे य।

**से तं खेत्तसमोयारे।**[1]

- अणु. सु. ५२७-५३१

પ્ર. (૪) ક્ષેત્ર સમવતાર શું છે ?

ઉ. ક્ષેત્ર સમવતાર બે પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. આત્મસમવતાર, ૨. તદુભયસમવતાર.

આત્મ સમવતારની અપેક્ષાએ ભરતક્ષેત્ર આત્મભાવમાં રહે છે.

તદુભય સમવતારની અપેક્ષાએ જંબૂદ્વીપમાં પણ રહે છે અને આત્મભાવમાં પણ રહે છે.

આત્મસમવતારની અપેક્ષાએ જંબૂદ્વીપ આત્મભાવમાં રહે છે.

તદુભય સમવતારની અપેક્ષાએ તિર્યક્લોકમાં પણ સમવતરિત હોય છે અને આત્મભાવમાં પણ સમવતરિત હોય છે.

આત્મસમવતારથી તિર્યક્લોક આત્મભાવમાં સમવતીર્ણ હોય છે.

તદુભયસમવતારની અપેક્ષાએ લોકમાં પણ સમવતરિત હોય છે અને આત્મભાવમાં પણ સમવતરિત હોય છે,

આત્મસમવતારથી લોક આત્મભાવમાં સમવતીર્ણ હોય છે,

તદુભય સમવતારની અપેક્ષાએ અલોકમાં પણ સમવતરિત હોય છે અને આત્મભાવમાં પણ સમવતરિત હોય છે.

**આ ક્ષેત્ર સમવતાર છે.**

प. (६) से किं तं भावसमोयारे ?

उ. भावसमोयारे दुविहे पण्णत्ते, तं जहा-

१. आयसमोयारे य, २. तदुभयसमोयारे य।

**कोहे** आयसमोयारेणं आयभावे समोयरइ,

तदुभयसमोयारेणं **माणे** समोयरइ आयभावे य।

**एवं** माणे माया लोभे रागे मोहणिज्जे अट्ठकम्म पगडीओ आयसमोयारेणं आयभावे समोयरंति।

પ્ર. (૬) ભાવ સમવતાર શું છે ?

ઉ. ભાવસમવતાર બે પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. આત્મસમવતાર, ૨. તદુભયસમવતાર.

આત્મસમવતારની અપેક્ષાએ **ક્રોધ** આત્મભાવમાં રહે છે અને તદુભયસમવતારની અપેક્ષાએ **માનમાં** અને આત્મભાવમાં સમવતીર્ણ હોય છે.

**આ પ્રમાણે** માન, માયા, લોભ, રાગ, મોહનીય અને અષ્ટકર્મ પ્રકૃતિઓ આત્મ સમવતારથી આત્મભાવમાં સમવતરિત હોય છે.

---

१. (५) कालसमवतार (सु. ५३२) ગણિતાનુયોગ પૃ. ૬૯૧ પર જુઓ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

तदुभयसमोयारेणं छव्विहे भावे समोयरंति आयभावे य।

एवं जीवे जीवत्थिकाए आयसमोयारेणं आयभावे समोयरइ,

तदुभयसमोयारेणं सव्वदव्वेसु समोयरइ आयभावे य।

एत्थ संगहणि गाहा-

कोहे माणे माया लोभे, रागे य मोहणिज्जे य।

पगडी भावे जीवे, जीवत्थि य सव्वदव्वा य॥१२४॥

***से तं भावसमोयारे। से तं समोयारे। से तं उवक्कमे।***

- अणु. सु. ५३३

તદુભયસમવતારથી છ પ્રકારનાં ભાવોમાં અને આત્મભાવમાં રહે છે.

**આ પ્રમાણે** જીવ અને જીવાસ્તિકાય આત્મસમવતારની અપેક્ષાએ નિજરુપમાં રહે છે,

તદુભય સમવતારની અપેક્ષાએ. બધા દ્રવ્યોમાં અને આત્મભાવમાં રહે છે.

એની સંગ્રહણી ગાથા આ પ્રમાણે છે -

ક્રોધ, માન, માયા, લોભ, રાગ, મોહનીય કર્મ, પ્રકૃતિભાવ, જીવ, જીવાસ્તિકાય અને સર્વદ્રવ્ય રૂપમાં રહે છે.

***આ ભાવ સમવતાર છે. આ સમવતાર છે. આ ઉપક્રમ પ્રથમ દ્વાર છે.***

**१८०. निक्खेव अणुओगदारस्स भेयप्पभेया-**

प. से किं तं निक्खेवे?

उ. निक्खेवे तिविहे पण्णत्ते, तं जहा-

१. ओहनिप्फण्णे य,

२. नामनिप्फण्णे य,

३. सुत्तालावगनिप्फण्णे य।

- अणु. सु. ५३४

**૧૮૦. નિક્ષેપ અનુયોગ દ્વારનાં ભેદ-પ્રભેદ :**

પ્ર. નિક્ષેપ શું છે ?

ઉ. નિક્ષેપ ત્રણ પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. ઓઘનિષ્પન્ન,

૨. નામનિષ્પન્ન,

૩. સૂત્રાલાપક નિષ્પન્ન.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

**१८१. (१) ओहनिप्फण्णनिक्खेवो-**

प. से किं तं ओहणिप्फण्णे?

उ. ओहणिप्फण्णे-चउव्विहे पण्णत्ते, तं जहा-

१. अज्झयणे, २. अज्झीणे, ३. आए, ४. झवणा।

- अणु. सु. ५३५

**૧૮૧. (૧) ઓઘનિષ્પન્ન નિક્ષેપ :**

પ્ર. ઓઘનિષ્પન્ન નિક્ષેપ શું છે ?

ઉ. ઓઘનિષ્પન્ન નિક્ષેપ ચાર પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. અધ્યયન, ૨. અક્ષીણ, ૩. આય, ૪. ક્ષપણા.

**१८२. अज्झयण-निक्खेवो-**

प. (१) से किं तं अज्झयणे?

उ. अज्झयणे-चउव्विहे पण्णत्ते, तं जहा-

१. णामज्झयणे, २. ठवणज्झयणे, ३. दव्वज्झयणे, ४. भावज्झयणे।

***णाम-ठवणाओ पुव्ववण्णियाओ।***

प. से किं तं दव्वज्झयणे?

उ. दव्वज्झयणे-दुविहे पण्णत्ते, तं जहा-

**૧૮૨. "અધ્યયન"નું નિક્ષેપ :**

પ્ર. (૧) અધ્યયન શું છે ?

ઉ. અધ્યયન ચાર પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. નામ-અધ્યયન, ૨. સ્થાપના-અધ્યયન,

૩. દ્રવ્ય-અધ્યયન, ૪. ભાવ-અધ્યયન.

***નામ અને સ્થાપના અધ્યયનનું સ્વરુપ પૂર્વવર્ણિત જેવું જ જાણવું જોઈએ.***

પ્ર. દ્રવ્ય-અધ્યયન શું છે ?

ઉ. દ્રવ્ય-અધ્યયન બે પ્રકારનાં કહ્યા છે, જેમકે -

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

१. आगमओ य, २. णो आगमओ य। १. આગમથી, ૨. નો આગમથી.

प. से किं तं आगमओ दव्वज्झयणे ?

उ. आगमओ- दव्वज्झयणे जस्स णं 'अज्झयणे' त्ति पदं सिक्खितं ठितं जितं मितं परिजितं **-जाव-** जावइया अणुवउत्ता आगमओ तावइयाइं दव्वज्झयणाइं।

***एवमेव ववहारस्स वि।***

**संगहस्स** णं एगो वा, अणेगो वा, **तं चेव भाणियव्वं।**

***से तं आगमओ दव्वज्झयणे।***

प. से किं तं णो आगमओ दव्वज्झयणे ?

उ. णो आगमओ दव्वज्झयणे-तिविहे पण्णत्ते, तं जहा-

१. जाणयसरीरदव्वज्झयणे,

२. भवियसरीरदव्वज्झयणे,

३. जाणयसरीरभवियसरीरवइरित्ते दव्वज्झयणे।

प. से किं तं जाणयसरीरदव्वज्झयणे ?

उ. जाणयसरीरदव्वज्झयणे- अज्झयणपयत्थाहिगार जाणयस्स - जं सरीरयं ववगय-चुत-चइय-चत्तदेहं **-जाव-** अहो! णं इमेणं सरीर-समुस्सएणं 'अज्झयणे' त्ति पदं आघवियं **-जाव-** उवदंसियं ति।

प. जहा को दिट्ठंतो ?

उ. अयं घयकुंभे आसी, अयं महुकुंभे आसी।

***से तं जाणयसरीरदव्वज्झयणे।***

प. से किं तं भवियसरीरदव्वज्झयणे ?

उ. भवियसरीरदव्वज्झयणे-जे जीवे जोणीयजम्मण-निक्खंते इमेणं चेव आदत्तएणं सरीरसमुस्सएणं जिणदिट्ठेणं भावेणं अज्झयणे त्ति पयं सेयकाले सिक्खिस्सइ ण ताव सिक्खइ।

પ્ર. આગમથી દ્રવ્ય-અધ્યયન શું છે ?

ઉ. જેણે "અધ્યયન" આ પદને સીખી લીધું છે, પોતાના હૃદયમાં સ્થિર કરી લીધું છે, જીત, મિત અને પરિજીત કરી લીધું છે **-યાવત્-** જેટલા પણ ઉપયોગથી શૂન્ય છે, તેટલા આગમથી દ્રવ્ય-અધ્યયન છે.

**આ પ્રમાણે વ્યવહારનો પણ મત છે,**

**સંગ્રહનય**નાં મતથી એક કે અનેક આત્માઓ એક આગમ દ્રવ્ય-અધ્યયન છે. **ઈત્યાદિ સમગ્ર વર્ણન આગમ દ્રવ્ય-આવશ્યક જેવું જાણવું જોઈએ.**

**આ આગમ દ્રવ્ય-અધ્યયન છે.**

પ્ર. નો આગમ દ્રવ્ય-અધ્યયન શું છે ?

ઉ. નો આગમ દ્રવ્ય-અધ્યયન ત્રણ પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. જ્ઞાયક શરીર દ્રવ્ય-અધ્યયન,

૨. ભવ્ય શરીર દ્રવ્ય- અધ્યયન,

૩. જ્ઞાયક શરીર ભવ્ય શરીર વ્યતિરિક્ત દ્રવ્ય-અધ્યયન.

પ્ર. જ્ઞાયક શરીર દ્રવ્ય-અધ્યયન શું છે ?

ઉ. અધ્યયન પદનાં અર્થાધિકારનાં જ્ઞાતાનું વ્યપગત ચૈતન્ય, ચ્યુત, ચ્યવિત કે ત્યક્તદેહને **-યાવત્-** જોઈને કોઈ કહે કે અહો ! આ શરીર રુપ પુદ્દગલ સંઘાતથી "અધ્યયન" આ પદનું વર્ણન કરેલ હતું **-યાવત્-** ઉપદર્શિત કરેલ હતું. તે શરીર જ્ઞાયક શરીર દ્રવ્ય અધ્યયન છે.

પ્ર. આ વિષયનું કોઈ દૃષ્ટાંત છે ?

ઉ. (જેમ ઘડામાંથી ઘી કે મધુ કાઢી લીધા પછી પણ) આ ઘીનો ઘડો હતો, આ મધુકુંભ હતું. એવું કહેવાય છે.

**આ જ્ઞાયક શરીર દ્રવ્ય-અધ્યયન છે.**

પ્ર. ભવ્ય શરીર દ્રવ્ય-અધ્યયન શું છે ?

ઉ. જન્મકાળ પ્રાપ્ત થવા પર જે જીવ યોનિસ્થાનથી બહાર નિકળે છે અને આ પ્રાપ્ત શરીરનાં દ્વારા જીનોપદિષ્ટ ભાવાનુસાર "અધ્યયન" આ પદને શીખશે, પરંતુ હમણાં વર્તમાનમાં સીખતા નથી. તેવા બાળકનું આ શરીર ભવ્ય શરીર દ્રવ્ય અધ્યયન કહેવાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. जहा को दिट्ठंतो ?

उ. अयं घयकुंभे भविस्सइ, अयं महुकुंभे भविस्सइ।

***से तं भवियसरीरदव्वज्झयणे।***

प. से किं तं जाणयसरीरभवियसरीरवइरित्ते दव्वज्झयणे ?

उ. जाणयसरीरभवियसरीरवइरित्ते दव्वज्झयणे पत्तयपोत्थयलिहियं।

***से तं जाणयसरीरभवियसरीरवइरित्ते दव्वज्झयणे।***

***से तं णो आगमओ दव्वज्झयणे। से तं दव्वज्झयणे।***

प. से किं तं भावज्झयणे ?

उ. भावज्झयणे-दुविहे पण्णत्ते, तं जहा-

१. आगमओ य, २. णो आगमओ य।

प. से किं तं आगमओ भावज्झयणे ?

उ. जाणए उवउत्ते।

***से तं आगमओ भावज्झयणे।***

प. से किं तं नो आगमओ भावज्झयणे ?

उ. नो आगमओ भावज्झयणे -

अज्झप्पस्सा णयणं, कम्माणं अवचओ उवचियाणं।
अणुवचओ य नवाणं, तम्हा अज्झयणमिच्छंति॥१२५॥

***से तं णो आगमओ भावज्झयणे। से तं भावज्झयणे।***

***से तं अज्झयणे।*** - अणु. सु. ५३६-५४६

**१८३. अज्झीण-निक्खेवो-**

प. (२) से किं तं अज्झीणे ?

उ. अज्झीणे-चउव्विहे पण्णत्ते, तं जहा-

१. णामज्झीणे, २. ठवणज्झीणे, ३. दव्वज्झीणे, ४. भावज्झीणे।

***णाम-ठवणाओ पुव्ववण्णियाओ।***

प. से किं तं दव्वज्झीणे ?

પ્ર. આનું કોઈ દૃષ્ટાંત છે ?

ઉ. (જેમ કોઈ ઘડામાં હમણાં ઘી અથવા મધુ ભરેલ નથી તો પણ તેને) આ ઘૃતકુંભ હશે, આ મધુકુંભ હશે એવું કહેવું.

**આ ભવ્ય શરીર દ્રવ્યાધ્યયન છે.**

પ્ર. જ્ઞાયક શરીર ભવ્ય શરીર વ્યતિરિક્ત દ્રવ્યાધ્યયન શું છે ?

ઉ. પત્ર અથવા પુસ્તકમાં લખેલ અધ્યયન જ્ઞાયક શરીર-ભવ્યશરીર-વ્યતિરિક્ત દ્રવ્યાધ્યયન કહેવાય છે.

**આ જ્ઞાયકશરીર - ભવ્યશરીર - વ્યતિરિક્ત દ્રવ્યાધ્યયન છે.**

**આ નો આગમ દ્રવ્ય - અધ્યયન છે. આ દ્રવ્યાધ્યયન છે.**

પ્ર. ભાવ-અધ્યયન શું છે ?

ઉ. ભાવ-અધ્યયન બે પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. આગમભાવ-અધ્યયન, ૨. નો આગમભાવ-અધ્યયન.

પ્ર. આગમભાવ-અધ્યયન શું છે ?

ઉ. જે અધ્યયનનાં અર્થનો જ્ઞાતા હોવાની સાથે તેમાં ઉપયોગયુક્ત પણ હોય.

**આ આગમભાવ-અધ્યયન છે.**

પ્ર. નો આગમભાવ અધ્યયન શું છે ?

ઉ. નો આગમભાવ- અધ્યયન આ પ્રમાણે છે -

સામાયિક આદિ અધ્યયનમાં ચિત્તને લગાવવા, ઉપાર્જીત કર્મોનો ક્ષય કરવા અને નવીન કર્મોનો બંધ ન કરવા દેવાનાં કારણે સાધક અધ્યયનની અભિલાષા કરે છે.

**આ નોઆગમભાવ-અધ્યયન છે. આ ભાવ-અધ્યયન છે. આ અધ્યયન છે.**

**૧૮૩. "અક્ષીણ" (અક્ષય) નો નિક્ષેપ :**

પ્ર. (૨) અક્ષીણ શું છે ?

ઉ. અક્ષીણ ચાર પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. નામ-અક્ષીણ, ૨. સ્થાપના-અક્ષીણ, ૩. દ્રવ્ય-અક્ષીણ, ૪. ભાવ-અક્ષીણ.

**નામ અને સ્થાપના અક્ષીણ પૂર્વવત્ છે.**

પ્ર. દ્રવ્ય-અક્ષીણ શું છે ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उ. दव्वज्झीणे दुविहे पण्णत्ते, तं जहा-
१. आगमओ य, २. नो आगमओ य।

ઉ. દ્રવ્ય-અક્ષીણ બે પ્રકારનાં કહ્યા છે, જેમકે -
૧. આગમથી, ૨. નો આગમથી.

प. से किं तं आगमओ दव्वज्झीणे ?

પ્ર. આગમ દ્રવ્ય- અક્ષીણ શું છે ?

उ. आगमओ दव्वज्झीणे-जस्स णं अज्झीणे त्ति पदं सिक्खितं ठितं जितं मितं परिजितं ***तं चेव जहा दव्वज्झयणे तहा भाणियव्वं।***

***से तं आगमओ दव्वज्झीणे।***

ઉ. આગમ દ્રવ્ય- અક્ષીણ જેણે "અક્ષીણ" આ પદને સીખી લીધું છે. સ્થિર, જીત, મિત, પરિજીત કર્યું છે ***ઈત્યાદિ જેવું દ્રવ્ય-અધ્યયનમાં કહ્યું છે તેવું જ અહીં કહેવું જોઈએ.***

***આ આગમથી દ્રવ્ય-અક્ષીણ છે.***

प. से किं तं नो आगमओ दव्वज्झीणे ?

પ્ર. નો આગમથી દ્રવ્ય-અક્ષીણ શું છે. અર્થાત્ કેટલા પ્રકારનાં કહ્યા છે ?

उ. नो आगमओ दव्वज्झीणे तिविहे पण्णत्ते, तं जहा-
१. जाणयसरीरदव्वज्झीणे,
२. भवियसरीरदव्वज्झीणे,
३. जाणयसरीरभवियसरीरवइरित्ते दव्वज्झीणे।

ઉ. નો આગમદ્રવ્ય- અક્ષીણ ત્રણ પ્રકારનાં કહ્યા છે, જેમકે -
૧. જ્ઞાયક શરીર દ્રવ્ય- અક્ષીણ,
૨. ભવ્ય શરીર દ્રવ્ય- અક્ષીણ,
૩. જ્ઞાયક શરીર- ભવ્યશરીર- વ્યતિરિક્ત-દ્રવ્ય-અક્ષીણ.

प. से किं तं जाणयसरीरदव्वज्झीणे ?

પ્ર. જ્ઞાયક શરીર દ્રવ્ય- અક્ષીણ શું છે ?

उ. अज्झीणपयत्थाहिकारजाणयस्स जं सरीरयं ववगय-चुत-चइत-चत्तदेहं ***जहा दव्वज्झयणे तहा भाणियव्वं।***

***से तं जाणयसरीरदव्वज्झीणे।***

ઉ. અક્ષીણ પદનાં અર્થાધિકારનાં જ્ઞાતાનું વ્યપગત, ચ્યુત, ચ્યવિત, ત્યક્તદેહ આદિનું વર્ણન ***જેવું દ્રવ્ય-અધ્યયનમાં કહ્યું છે તેવી જ રીતે અહીં પણ કહેવું જોઈએ.***

***આ જ્ઞાયક શરીર-દ્રવ્ય-અક્ષીણ છે.***

प. से किं तं भवियसरीरदव्वज्झीणे ?

પ્ર. ભવ્ય શરીર દ્રવ્ય-અક્ષીણ શું છે ?

उ. भवियसरीरदव्वज्झीणे-जे जीवे जोणीजम्मणनिक्खंते ***एवं जहा दव्वज्झयणे तहा भाणियव्वं।***

***से तं भवियसरीरदव्वज्झीणे।***

ઉ. સમય પૂર્ણ થતાં જે જીવ યોનિથી નીકળીને ઉત્પન્ન થયો આદિનું વર્ણન ***જેવું ભવ્ય શરીર દ્રવ્ય-અધ્યયનમાં કહ્યું તેવી જ રીતે અહીં પણ કહેવું જોઈએ.***

***આ ભવ્ય શરીર દ્રવ્ય-અક્ષીણ છે.***

प. से किं तं जाणयसरीरभवियसरीरवइरित्ते दव्वज्झीणे ?

પ્ર. જ્ઞાયક શરીર- ભવ્ય શરીર- વ્યતિરિક્ત દ્રવ્ય-અક્ષીણ શું છે ?

उ. सव्वागासमेढी।

***से तं जाणयसरीरभवियसरीरवइरित्ते दव्वज्झीणे।***

***से तं नो आगमओ दव्वज्झीणे। से तं दव्वज्झीणे।***

ઉ. સર્વાકાશ-શ્રેણિ.

***આ જ્ઞાયક શરીર-ભવ્યશરીર-વ્યતિરિક્ત- દ્રવ્ય અક્ષીણ છે.***

***આ નો આગમથી દ્રવ્ય - અક્ષીણ છે. આ દ્રવ્ય-અક્ષીણ છે.***

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

प. से किं तं भावज्झीणे ?

प्र. ભાવ- અક્ષીણ શું છે ?

उ. भावज्झीणे-दुविहे पण्णत्ते, तं जहा-
१. आगमओ य, २. नो आगमओ य।

ઉ. ભાવ-અક્ષીણ બે પ્રકારનાં કહ્યા છે, જેમકે -
૧. આગમથી, ૨. નો આગમથી.

प. से किं तं आगमओ भावज्झीणे ?

પ્ર. આગમથી ભાવ-અક્ષીણ શું છે ?

उ. आगमओ भावज्झीणे जाणए उवउत्ते।

ઉ. જે જાણતા હોય અને ઉપયોગથી યુક્ત હોય તેજ આગમની અપેક્ષાએ ભાવ અક્ષીણ છે.

***से तं आगमओ भावज्झीणे।***

***આ આગમથી ભાવ-અક્ષીણ છે.***

प. से किं तं नो आगमओ भावज्झीणे ?

પ્ર. નો આગમભાવ- અક્ષીણ શું છે ?

उ. नो आगमओ भावज्झीणे-
जहा दीवा दीवसयं पइप्पए, दिप्पए य सो दीवो।
दीवसमा आयरिया दिप्पंति, परं च दीवेंति॥१२६॥

ઉ. નો આગમભાવ- અક્ષીણ-
જેમ દીપક બીજા સૈકડોં દીપકોને પ્રજ્વલિત કરીને પણ સ્વયં પ્રદીપ્ત રહે છે, તેવી જ રીતે આચાર્ય પણ દીપકની જેમ સ્વયં દેદીપ્યમાન હોય છે અને બીજા શિષ્યવર્ગને પણ દેદીપ્યમાન કરે છે.

***से तं नो आगमओ भावज्झीणे। से तं भावज्झीणे। से तं अज्झीणे।*** - अणु. सु. ५४७-५५७

***આ નો આગમભાવ-અક્ષીણ છે. આ ભાવ-અક્ષીણ છે. આ અક્ષીણ છે.***

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**१८४. आय-णिक्खेवो-**

**૧૮૪. "આય" (પ્રાપ્તિ) નો નિક્ષેપ :**

प्र. (३) से किं तं आए ?

પ્ર. (૩) પ્રાપ્તિ શું છે ?

उ. आए-चउव्विहे पण्णत्ते, तं जहा-
१. नामाए, २. ठवणाए, ३. दव्वाए, ४. भावाए।

ઉ. પ્રાપ્તિ ચાર પ્રકારની કહી છે, જેમકે -
૧. નામ-પ્રાપ્તિ, ૨. સ્થાપના-પ્રાપ્તિ, ૩. દ્રવ્ય-પ્રાપ્તિ, ૪. ભાવ-પ્રાપ્તિ.

***नाम ठवणाओ पुव्वभणियाओ।***

***નામ પ્રાપ્તિ અને સ્થાપના-પ્રાપ્તિનું વર્ણન પૂર્વોક્ત નામ અને સ્થાપના આવશ્યકનાં અનુરુપ છે.***

प. से किं तं दव्वाए ?

પ્ર. દ્રવ્ય- પ્રાપ્તિ શું છે ?

उ. दव्वाए-दुविहे पण्णत्ते, तं जहा-
१. आगमओ य, २. नो आगमओ य।

ઉ. દ્રવ્ય- પ્રાપ્તિ બે પ્રકારની કહી છે, જેમકે -
૧. આગમથી, ૨. નો આગમથી.

प. से किं तं आगमओ दव्वाए ?

પ્ર. આગમથી દ્રવ્ય પ્રાપ્તિ શું છે ?

उ. जस्स णं आए त्ति पयं सिक्खितं ठितं **-जाव-** अणुवओगो दव्वमिति कट्टु **-जाव-** जावइया अणुवउत्ता आगमओ तावइया ते दव्वाया।

ઉ. જેણે "પ્રાપ્તિ" આ પદ સીખી લીધું છે, સ્થિર કરી લીધું છે **-યાવત્-** ઉપયોગ રહિત હોવાથી દ્રવ્યરૂપ છે **-યાવત્-** જેટલા ઉપયોગ રહિત છે તેટલા જ આગમથી દ્રવ્ય પ્રાપ્તિ છે.

***से तं आगमओ दव्वाए।***

***આ આગમથી દ્રવ્ય-પ્રાપ્તિ છે.***

प. से किं तं नो आगमओ दव्वाए ?

પ્ર. નો આગમ દ્રવ્ય-પ્રાપ્તિ શું છે ?

उ. नो आगमओ दव्वाए तिविहे पण्णत्ते, तं जहा-

ઉ. નો આગમ દ્રવ્ય-પ્રાપ્તિ ત્રણ પ્રકારની કહી છે, જેમકે -

१. जाणयसरीरदव्वाए,
२. भवियसरीरदव्वाए,
३. जाणयसरीरभवियसरीरवइरित्ते दव्वाए।

प. से किं तं जाणयसरीरदव्वाए ?
उ. आयपयत्थाहिकार जाणगस्स जं सरीरगं ववगय-चुत-चइय-चत्तदेहं ***सेसं जहा दव्वज्झयणे।***

***से तं जाणयसरीरदव्वाए।***

प. से किं तं भवियसरीरदव्वाए ?
उ. जे जीवे जोणीयजम्मणणिक्खंते-***सेसं जहा दव्वज्झयणे।***

***से तं भवियसरीरदव्वाए।***

प. से किं तं जाणयसरीरभवियसरीरवइरित्ते दव्वाए ?
उ. जाणयसरीरभवियसरीरवइरित्ते दव्वाए तिविहे पण्णत्ते, तं जहा-
१. लोइए, २. कुप्पावयणिए, ३. लोगुत्तरिए।
- अणु. सु. ५५८-५६५

**१८५. लोइय दव्वाय-**

प. से किं तं लोइए ?
उ. लोइए तिविहे पण्णत्ते, तं जहा-
१. सचित्ते, २. अचित्ते, ३. मीसए य।
प. से किं तं सचित्ते ?
उ. सचित्ते तिविहे पण्णत्ते, तं जहा-
१. दुपयाणं, २. चउप्पयाणं, ३. अपयाणं।
**दुपयाणं** दासाणं दासीणं,
**चउप्पयाणं** आसाणं हत्थीणं,
**अपयाणं** अंबाणं अंबाडगाणं आए।

૧. જ્ઞાયક શરીર દ્રવ્ય-પ્રાપ્તિ,
૨. ભવ્ય શરીર દ્રવ્ય-પ્રાપ્તિ,
૩. જ્ઞાયક શરીર-ભવ્ય શરીર-વ્યતિરિક્ત-દ્રવ્ય-પ્રાપ્તિ.

પ્ર. જ્ઞાયક શરીર દ્રવ્ય-પ્રાપ્તિ શું છે ?
ઉ. "પ્રાપ્તિ" પદનાં અર્થાધિકારનાં જ્ઞાતાનું વ્યપગત, ચ્યુત, ચ્યવિત ત્યક્ત શરીર જ્ઞાયક શરીર-દ્રવ્ય પ્રાપ્તિ છે. ***બાકીનું વર્ણન દ્રવ્યાધ્યયન જેવું જ છે.***

***આ જ્ઞાયક શરીર નોઆગમ દ્રવ્ય પ્રાપ્તિ છે.***

પ્ર. ભવ્ય શરીર દ્રવ્ય-પ્રાપ્તિ શું છે ?
ઉ. સમય પૂર્ણ થતાં યોનિથી નીકળીને જે જન્મને પ્રાપ્ત થયું. ***ઈત્યાદિ ભવ્ય-શરીર દ્રવ્ય- અધ્યયનનાં વર્ણનની સમાન ભવ્ય શરીર દ્રવ્ય-પ્રાપ્તિ છે.***

***આ ભવ્ય શરીર દ્રવ્ય-પ્રાપ્તિ છે.***

પ્ર. જ્ઞાયક શરીર-ભવ્યશરીર-વ્યતિરિક્ત-દ્રવ્ય પ્રાપ્તિ શું છે ?
ઉ. જ્ઞાયક શરીર-ભવ્ય શરીર-વ્યતિરિક્ત-દ્રવ્ય પ્રાપ્તિ ત્રણ પ્રકારની કહી છે, જેમકે -
૧. લૌકિક, ૨. કુપ્રાવચનિક, ૩. લોકોત્તર.

**૧૮૫. લૌકિક દ્રવ્ય પ્રાપ્તિ (દ્વિપદ ચતુષ્પદ આદિની પ્રાપ્તિ)**

પ્ર. લૌકિક દ્રવ્ય-પ્રાપ્તિ શું છે ?
ઉ. લૌકિક દ્રવ્ય-પ્રાપ્તિ ત્રણ પ્રકારની કહી છે, જેમકે -
૧. સચિત્ત, ૨. અચિત્ત, ૩. મિશ્ર.
પ્ર. સચિત્ત-લૌકિક-પ્રાપ્તિ શું છે ?
ઉ. સચિત્ત-લૌકિક-પ્રાપ્તિ ત્રણ પ્રકારની કહી છે, જેમકે -
૧. દ્વિપદ-પ્રાપ્તિ, ૨. ચતુષ્પદ-પ્રાપ્તિ, ૩. અપદ-પ્રાપ્તિ.
આમાંથી દાસ-દાસીઓની પ્રાપ્તિ **દ્વિપદ**-પ્રાપ્તિ છે,
અશ્વો, હાથીઓની પ્રાપ્તિ **ચતુષ્પદ**-પ્રાપ્તિ છે.
કેરી, આમળાનાં વૃક્ષો આદિની પ્રાપ્તિ **અપદ**-પ્રાપ્તિ છે.

जैन साहित्य JAINSITE .com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

***से तं सचित्ते।***

प. से किं तं अचित्ते ?

उ. अचित्ते-सुवण्ण-रयय-मणि-मोत्तिय-संख-सिल-प्पवाल-रत्तरयणाणं (संतसावएज्जस्स) आए।

***से तं अचित्ते।***

प. से किं तं मीसए ?

उ. मीसए-दासाणं दासीणं आसाणं हत्थीणं समाभरियाउज्जालंकियाणं आये।

***से तं मीसए। से तं लोइए।***

प. से किं तं कुप्पावयणिए ?

उ. कुप्पावयणिए तिविहे पण्णत्ते, तं जहा-

१. सचित्ते, २. अचित्ते, ३. मीसए य।

***तिण्णि वि जहा लोइए।***

***से तं कुप्पावयणिए।***

- अणु. सु. ५६६-५७०

**આ સચિત્ત પ્રાપ્તિ છે.**

પ્ર. અચિત્ત પ્રાપ્તિ શું છે ?

ઉ. સોના, ચાંદી, મણિ, મોતી, શંખ, શિલા, પ્રવાળ, રક્તરત્ન આદિ સારવાન્ દ્રવ્યની પ્રાપ્તિ અચિત્ત-પ્રાપ્તિ છે.

**આ અચિત્ત પ્રાપ્તિ છે.**

પ્ર. મિશ્ર પ્રાપ્તિ શું છે ?

ઉ. અલંકારાદિથી તથા વાદ્યોથી વિભૂષિત દાસ-દાસીઓ, ઘોડા, હાથીઓ આદિની પ્રાપ્તિ મિશ્ર પ્રાપ્તિ કહેવાય છે.

**આ મિશ્ર પ્રાપ્તિ છે, આ લૌકિક-પ્રાપ્તિ છે.**

પ્ર. કુપ્રાવચનિક- પ્રાપ્તિ શું છે ?

ઉ. કુપ્રાવચનિક-પ્રાપ્તિ પણ ત્રણ પ્રકારની કહી છે, જેમકે -

૧. સચિત્ત, ૨. અચિત્ત, ૩. મિશ્ર.

**આ ત્રણે લૌકિક - પ્રાપ્તિની જેમ છે.**

**આ કુપ્રાવચનિક - પ્રાપ્તિ છે.**

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

१८६. लोगुत्तरिय दव्वाय-

प. से किं तं लोगुत्तरिए ?

उ. लोगुत्तरिए तिविहे पण्णत्ते, तं जहा-

१. सचित्ते, २. अचित्ते, ३. मीसए य।

प. से किं तं सचित्ते ?

उ. सचित्ते-सीसाणं सिस्सिणियाणं आए।

***से तं सचित्ते।***

प. से किं तं अचित्ते ?

उ. अचित्ते-पडिग्गहाणं वत्थाणं कंबलाणं पायपुंछणाणं आए।

***से तं अचित्ते।***

प. से किं तं मीसए ?

उ. मीसए-सीसाणं सिस्सिणियाणं सभंडोवकरणाणं आए।

***से तं मीसए। से तं लोगुत्तरिए।***

૧૮૬. લોકોત્તરિક દ્રવ્ય પ્રાપ્તિ (શિષ્યાદિની પ્રાપ્તિ)

પ્ર. લોકોત્તરિક-પ્રાપ્તિ શું છે ?

ઉ. લોકોત્તરિક - પ્રાપ્તિ ત્રણ પ્રકારની કહી છે, જેમકે -

૧. સચિત્ત, ૨. અચિત્ત, ૩. મિશ્ર.

પ્ર. સચિત્ત- લોકોત્તરિક- પ્રાપ્તિ શું છે ?

ઉ. શિષ્ય-શિષ્યાઓની પ્રાપ્તિ સચિત્ત (લોકોત્તરિક) પ્રાપ્તિ છે.

**આ સચિત્ત પ્રાપ્તિ છે.**

પ્ર. અચિત્ત- લોકોત્તરિક-પ્રાપ્તિ શું છે ?

ઉ. પાત્ર, વસ્ત્ર, કંબલ, પાદપ્રોચ્છન આદિની પ્રાપ્તિ અચિત્ત (લોકોત્તરિક) પ્રાપ્તિ કહેવાય છે.

**આ અચિત્ત પ્રાપ્તિ છે.**

પ્ર. મિશ્ર (લોકોત્તરિક) પ્રાપ્તિ શું છે ?

ઉ. ભંડોપકરણાદિ સહિત શિષ્ય-શિષ્યાઓની પ્રાપ્તિ મિશ્ર પ્રાપ્તિ કહેવાય છે.

**આ મિશ્ર પ્રાપ્તિ છે. આ લોકોત્તરિક પ્રાપ્તિ છે.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

***से तं जाणयसरीरभवियसरीरवइरित्ते दव्वाए।***

***से तं नो आगमओ दव्वाए। से तं दव्वाए।***

- अणु. सु. ५७१-५७४

**१८७. पसत्थापसत्थ भावाए-**

प. से किं तं भावाए?

उ. भावाए-दुविहे पण्णत्ते, तं जहा-

१. आगमओ य, २. नो आगमओ य।

प. से किं तं आगमओ भावाए?

उ. भावाए-जाणए उवउत्ते।

***से तं आगमओ भावाए।***

प. से किं तं नो आगमओ भावाए?

उ. नो आगमओ भावाए-दुविहे पण्णत्ते, तं जहा-

१. पसत्थे य, २. अपसत्थे य।

प. से किं तं पसत्थे?

उ. पसत्थे-तिविहे पण्णत्ते, तं जहा-

१. णाणाए, २. दंसणाए, ३. चरित्ताए।

***से तं पसत्थे।***

प. से किं तं अपसत्थे?

उ. अपसत्थे-चउव्विहे पण्णत्ते, तं जहा-

१. कोहाए, २. माणाए, ३. मायाए, ४. लोभाए।

***से तं अपसत्थे। से तं णो आगमओ भावाए।***

***से तं भावाए। से तं आए।***

- अणु. सु. ५७५-५७९

**१८८. झवणा-णिक्खेवो-**

प. (४) से किं तं झवणा?

उ. झवणा चउव्विहा पण्णत्ता, तं जहा-

१. नामज्झवणा, २. ठवणज्झवणा, ३. दव्वज्झवणा, ४. भावज्झवणा।

***આ જ્ઞાયક શરીર-ભવ્યશરીર-વ્યતિરિક્ત દ્રવ્ય પ્રાપ્તિ છે.***

***આ નો આગમ દ્રવ્ય-પ્રાપ્તિ છે. આ દ્રવ્ય-પ્રાપ્તિ છે.***

**૧૮૭. પ્રશસ્ત-અપ્રશસ્ત ભાવોની પ્રાપ્તિ :**

પ્ર. ભાવ-પ્રાપ્તિ શું છે ?

ઉ. ભાવ-પ્રાપ્તિ બે પ્રકારની કહી છે, જેમકે -

૧. આગમથી, ૨. નો આગમથી.

પ્ર. આગમ ભાવ-પ્રાપ્તિ શું છે ?

ઉ. પ્રાપ્તિપદનાં જ્ઞાતા અને સાથે જ ઉપયોગથી યુક્ત જીવ આગમ ભાવ પ્રાપ્તિ છે.

***આ આગમભાવ- પ્રાપ્તિ છે.***

પ્ર. નો આગમભાવ-પ્રાપ્તિ શું છે ?

ઉ. નો આગમભાવ-પ્રાપ્તિ બે પ્રકારની કહી છે, જેમકે -

૧. પ્રશસ્ત, ૨. અપ્રશસ્ત.

પ્ર. પ્રશસ્ત નોઆગમભાવ પ્રાપ્તિ શું છે ?

ઉ. પ્રશસ્ત નોઆગમભાવ-પ્રાપ્તિ ત્રણ પ્રકારની કહી છે, જેમકે -

૧. જ્ઞાન-પ્રાપ્તિ, ૨. દર્શન-પ્રાપ્તિ, ૩. ચારિત્ર-પ્રાપ્તિ.

***આ પ્રશસ્ત-ભાવ-પ્રાપ્તિ છે.***

પ્ર. અપ્રશસ્ત નોઆગમભાવ-પ્રાપ્તિ શું છે ?

ઉ. અપ્રશસ્તનો આગમભાવ-પ્રાપ્તિ ચાર પ્રકારની કહી છે, જેમકે -

૧. ક્રોધ-પ્રાપ્તિ, ૨. માન-પ્રાપ્તિ, ૩. માયા-પ્રાપ્તિ, ૩. લોભ-પ્રાપ્તિ.

***આ અપ્રશસ્ત ભાવ-પ્રાપ્તિ છે. આ નો આગમભાવ-પ્રાપ્તિ છે.***

***આ ભાવ-પ્રાપ્તિ છે. આ પ્રાપ્તિ છે.***

**૧૮૮. "ક્ષપણા"નો નિક્ષેપ :**

પ્ર. (૪) ક્ષપણા શું છે ?

ઉ. ક્ષપણા ચાર પ્રકારની કહી છે, જેમકે -

૧. નામ ક્ષપણા, ૨. સ્થાપના ક્ષપણા, ૩. દ્રવ્ય-ક્ષપણા, ૪. ભાવ ક્ષપણા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

***णाम ठवणाओ पुव्वभणियाओ।***

प. से किं तं दव्वज्झवणा ?

उ. दव्वज्झवणा-दुविहा पण्णत्ता, तं जहा-

१. आगमओ य, २. नो आगमओ य।

प. से किं तं आगमओ दव्वज्झवणा ?

उ. जस्स णं झवणेति पदं सिक्खियं ठितं जितं मितं परिजियं, ***सेसं जहा दव्वज्झयणे तहा भाणियव्वं -जाव-***

***से तं आगमओ दव्वज्झवणा।***

प. से किं तं नो आगमओ दव्वज्झवणा ?

उ. नो आगमओ दव्वज्झवणा-तिविहा पण्णत्ता, तं जहा-

१. जाणयसरीरदव्वज्झवणा,

२. भवियसरीरदव्वज्झवणा,

३. जाणयसरीरभवियसरीरवइरित्ता दव्वज्झवणा।

प. से किं तं जाणयसरीरदव्वज्झवणा ?

उ. जाणयसरीरदव्वज्झवणा-झवणापयत्थाहिकार जाणयस्स जं सरीरयं ववगय-चुय-चइय-चत्तदेहं, ***सेसं जहा दव्वज्झयणे।***

***से तं जाणयसरीर दव्वज्झवणा।***

प. से किं तं भवियसरीरदव्वज्झवणा ?

उ. भविय सरीरदव्वज्झवणा-जे जीवे जोणीजम्मणणिक्खंते इमेणं चेव आयत्तएणं सरीर समुस्सएणं जिणदिट्ठेणं भावेणं झवणे त्ति पयं सेयकाले सिक्खिस्सइ, ण ताव सिक्खइ।

प. को दिट्ठंतो ?

उ. जहा अयं घयकुंभे भविस्सइ, अयं महुकुंभे भविस्सइ।

***से तं भवियसरीरदव्वज्झवणा।***

प. से किं तं जाणयसरीर भवियसरीर वइरित्ता दव्वज्झवणा ?

उ. ***जहा जाणयसरीरभवियसरीरवइरित्ते दव्वाए तहा भाणियव्वा।***

***નામ અને સ્થાપનાક્ષપણા પૂર્વવત્ છે.***

પ્ર. દ્રવ્ય ક્ષપણા શું છે ?

ઉ. દ્રવ્ય ક્ષપણા બે પ્રકારની કહી છે, જેમકે -

૧. આગમથી, ૨. નો આગમથી.

પ્ર. આગમ દ્રવ્ય ક્ષપણા શું છે ?

ઉ. જેણે 'ક્ષપણા' આ પદ સીખી લીધું છે, સ્થિર, જીત, મિત અને પરિજીત કરી લીધું છે. ***ઈત્યાદિ દ્રવ્યાધ્યયનનાં સમાન કહેવું જોઈએ -યાવત્-***

***આ આગમથી દ્રવ્ય ક્ષપણા છે.***

પ્ર. નો આગમદ્રવ્ય- ક્ષપણા શું છે ?

ઉ. નો આગમ દ્રવ્ય ક્ષપણા ત્રણ પ્રકારની કહી છે, જેમકે -

૧. જ્ઞાયક શરીર દ્રવ્ય ક્ષપણા,

૨. ભવ્ય શરીર દ્રવ્ય ક્ષપણા,

૩. જ્ઞાયક શરીર - ભવ્યશરીર - વ્યતિરિક્ત - દ્રવ્યક્ષપણા.

પ્ર. જ્ઞાયક શરીર-દ્રવ્યક્ષપણા શું છે ?

ઉ. જ્ઞાયક શરીર-દ્રવ્યક્ષપણા 'ક્ષપણા' પદનાં અર્થાધિકારનાં જ્ઞાતાનું વ્યપગત, ચ્યુત, ચ્યવિત, ત્યક્ત શરીર ***ઈત્યાદિ વર્ણન દ્રવ્ય-અધ્યયનનાં સમાન છે.***

***આ જ્ઞાયક શરીર દ્રવ્યક્ષપણા છે.***

પ્ર. ભવ્ય શરીર દ્રવ્યક્ષપણા શું છે ?

ઉ. સમય પૂર્ણ થતાં જે જીવ ઉત્પન્ન થયું અને પ્રાપ્ત શરીરથી જીનોપદિષ્ટ ભાવનાં અનુસાર ભવિષ્યમાં 'ક્ષપણા' પદને શીખશે, પરંતુ હમણાં શીખેલ નથી, એવા તે શરીર ભવ્ય શરીર દ્રવ્યક્ષપણા છે.

પ્ર. આનાં માટે શું દૃષ્ટાંત છે ?

ઉ. (જેમ કોઈ ઘડામાં હમણા ઘી અથવા મધુ ભરેલ નથી, પરંતુ ભવિષ્યમાં ભરવાની અપેક્ષાએ) હમણાથી આ ઘી નો ઘડો થશે, આ મધુનો ઘડો થશે એવું કહેવું. ***આ ભવ્ય શરીર દ્રવ્ય ક્ષપણા છે.***

પ્ર. જ્ઞાયક શરીર-ભવ્યશરીર- વ્યતિરિક્ત-દ્રવ્યક્ષપણા શું છે ?

ઉ. ***જ્ઞાયક શરીર-ભવ્યશરીર-વ્યતિરિક્ત-દ્રવ્યક્ષપણા જ્ઞાયક શરીર-ભવ્ય શરીર વ્યતિરિક્ત દ્રવ્યપ્રાપ્તિના સમાન જાણવો જોઈએ.***

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

***से तं जाणयसरीरभवियसरीरवइरित्ता दव्वज्झवणा।***

***આ જ્ઞાયક શરીર-ભવ્યશરીર-વ્યતિરિક્ત-દ્રવ્યક્ષપણા છે.***

***से तं नो आगमओ दव्वज्झवणा। से तं दव्वज्झवणा।***

***આ નો આગમ દ્રવ્ય ક્ષપણા છે. આ દ્રવ્ય-ક્ષપણા છે.***

प. से किं तं भावज्झवणा ?

उ. भावज्झवणा-दुविहा पण्णत्ता, तं जहा-

१. आगमओ य, २. नो आगमओ य।

प. से किं तं आगमओ भावज्झवणा ?

उ. आगमओ भावज्झवणा-झवणापयत्थाहिकार जाणए उवउत्ते।

***से तं आगमओ भावज्झवणा।***

प. से किं तं णो आगमओ भावज्झवणा ?

उ. णो आगमओ भावज्झवणा-दुविहा पण्णत्ता, तं जहा-

१. पसत्था य, २. अप्पसत्था य।

प. से किं तं पसत्था ?

उ. पसत्था-चउव्विहा पण्णत्ता, तं जहा-

१. कोहज्झवणा, २. माणज्झवणा, ३. मायज्झवणा, ४. लोभज्झवणा।

***से तं पसत्था।***

प. से किं तं अप्पसत्था ?

उ. अप्पसत्था-तिविहा पण्णत्ता, तं जहा-

१. नाणज्झवणा, २. दंसणज्झवणा,

३. चरित्तज्झवणा।

***से तं अप्पसत्था। से तं नो आगमओ भावज्झवणा।***

***से तं भावज्झवणा। से तं झवणा।***

***से तं ओहनिप्फण्णे।***

- अणु. सु. ५८०-५९२

प्र. ભાવક્ષપણા શું છે ?

ઉ. ભાવક્ષપણા બે પ્રકારની કહી છે, જેમકે-

૧. આગમથી, ૨. નો આગમથી.

પ્ર. આગમ ભાવક્ષપણા શું છે ?

ઉ. ક્ષપણા આ પદનાં અર્થાધિકારનો ઉપયોગ યુક્ત જ્ઞાતા આગમ ભાવ ક્ષપણા છે.

***આ આગમ ભાવક્ષપણા છે.***

પ્ર. નો આગમભાવ ક્ષપણા શું છે ?

ઉ. નો આગમ ભાવક્ષપણા બે પ્રકારની કહી છે, જેમકે -

૧. પ્રશસ્તભાવ ક્ષપણા, ૨. અપ્રશસ્તભાવ ક્ષપણા.

પ્ર. (નો આગમ) પ્રશસ્તભાવ ક્ષપણા શું છે ?

ઉ. (નો આગમ) પ્રશસ્તભાવ ક્ષપણા ચાર પ્રકારની કહી છે, જેમકે-

૧. ક્રોધ ક્ષપણા, ૨. માન ક્ષપણા, ૩. માયા ક્ષપણા, ૪. લોભ ક્ષપણા.

***આ પ્રશસ્તભાવ ક્ષપણા છે.***

પ્ર. અપ્રશસ્તભાવ ક્ષપણા શું છે ?

ઉ. અપ્રશસ્તભાવ ક્ષપણા ત્રણ પ્રકારની કહી છે, જેમકે -

૧. જ્ઞાન ક્ષપણા, ૨. દર્શન ક્ષપણા,

૩. ચારિત્ર ક્ષપણા.

***આ અપ્રશસ્તભાવ ક્ષપણા છે. આ નો આગમભાવ ક્ષપણા છે.***

***આ ભાવક્ષપણા છે, આ ક્ષપણા છે,***

***આ ક્ષપણા ઓઘનિષ્પન્નનિક્ષેપનું વર્ણન પૂર્ણ થયું.***

**१८९. (२) नामनिप्फण्णे सामाइयस्स निक्खेवो-**

प. से किं तं नामनिप्फण्णे ?

उ. नामनिप्फण्णे-सामाइए से समासओ चउव्विहे पण्णत्ते, तं जहा-

**૧૮૯. (૨) નામનિષ્પન્નમાં સામાયિકનો નિક્ષેપ :**

પ્ર. નામનિષ્પન્ન નિક્ષેપ શું છે ?

ઉ. નામનિષ્પન્ન "સામાયિક" છે. તે ચાર પ્રકારની કહી છે, જેમકે-

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्

१.णामसामाइए, २.ठवणासामाइए, ३.दव्वसामाइए, ४. भावसामाइए।

***णाम-ठवणाओ पुव्वभणियाओ।***

***दव्वसामाइए वि तहेव।***

***से तं भवियसरीरदव्वसामाइए।***

प. से किं तं जाणयसरीरभवियसरीरवइरित्ते दव्वसामाइए?

उ. जाणयसरीरभवियसरीरवइरित्ते दव्वसामाइए-पत्तयपोत्थयलिहियं।

***से तं जाणयसरीरभवियसरीरवइरित्ते दव्वसामाइए।***

***से तं नो आगमओ दव्वसामाइए। से तं दव्वसामाइए।***

प. से किं तं भावसामाइए?

उ. भावसामाइए-दुविहे पण्णत्ते, तं जहा-

१. आगमओ य,

२. नो आगमओ य।

प. से किं तं आगमओ भावसामाइए?

उ. आगमओ भावसामाइए - सामाइयपयत्थाहिकारजाणए उवउत्ते।

***से तं आगमओ भावसामाइए।***

- अणु. सु. ५९३-५९८

૧. નામ સામાયિક, ૨. સ્થાપના સામાયિક, ૩. દ્રવ્ય સામાયિક, ૪. ભાવસામાયિક.

***નામસામાયિક અને સ્થાપના સામાયિક પૂર્વવત્ છે.***

***દ્રવ્ય સામાયિક પણ તેવી જ રીતે જાણવું જોઈએ.***

***આ ભવ્યશરીર દ્રવ્ય સામાયિક છે.***

પ્ર. જ્ઞાયક શરીર - ભવ્ય શરીર - વ્યતિરિક્ત દ્રવ્ય સામાયિક શું છે ?

ઉ. પત્રમાં અથવા પુસ્તકમાં લખેલ સામાયિક પદ જ્ઞાયક શરીર - ભવ્યશરીર - વ્યતિરિક્ત દ્રવ્ય સામાયિક છે.

***આ જ્ઞાયક શરીર - ભવ્યશરીર - વ્યતિરિક્ત દ્રવ્ય સામાયિક છે.***

***આ નો આગમ દ્રવ્ય સામાયિક છે, આ દ્રવ્ય સામાયિક છે.***

પ્ર. ભાવ સામાયિક શું છે ?

ઉ. ભાવ સામાયિક બે પ્રકારની કહેવામાં આવી છે, જેમકે -

૧. આગમ ભાવ સામાયિક,

૨. નો આગમભાવ સામાયિક.

પ્ર. આગમભાવ સામાયિક શું છે ?

ઉ. સામાયિક પદનાં અર્થાધિકારનો ઉપયોગ યુક્ત જ્ઞાયક આગમથી ભાવ-સામાયિક છે.

***આ આગમ ભાવ સામાયિક છે.***

**१९०. भाव सामाइए समण सरूवं-**

प. से किं तं नो आगमओ भावसामाइए?

उ. नोआगमओ भावसामाइए-

जस्स सामाणिओ अप्पा, संजमे णियमे तवे।
तस्स सामाइयं होइ, इइ केवलिभासियं ॥१२७॥

जो समो सव्वभूएसु, तसेसु, थावरेसु य।
तस्स सामाइयं होइ, इइ केवलिभासियं ॥१२८॥

जह मम ण पियं दुक्खं, जाणिय एमेव सव्वजीवाणं।
न हणइ न हणावेइ य समं, मणती तेण सो **समणो** ॥१२९॥

**૧૯૦. ભાવ સામાયિકમાં શ્રમણનું સ્વરૂપ :**

પ્ર. નો આગમભાવ સામાયિક શું છે ?

ઉ. નો આગમભાવ સામાયિકનું સ્વરૂપ આ પ્રમાણે છે-

જેની આત્મા સંયમ, નિયમ અને તપમાં લીન છે તે ભાવ સામાયિક છે, એવું કેવળી ભગવાને કહેળું છે.

જે સર્વભૂતો, ત્રસ, સ્થાવર આદિ પ્રાણીઓનાં પ્રતિ સમભાવ ધારણ કરે છે તે ભાવસામાયિક છે, એવું કેવળી ભગવાને કહેળું છે.

જે પ્રમાણે મને દુઃખ પ્રિય નથી, તેવી રીતે બધા જીવોને પણ દુઃખ પ્રિય નથી, એવું જાણીને જે સ્વયં કોઈ પ્રાણીનું હનન કરતાં નથી, બીજાથી કરાવતા નથી અને હનન કરવાની અનુમોદના કરતા નથી. પરંતુ બધા જીવોને પોતાના સમાન માને છે, તેજ **શ્રમણ** કહેવાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

णत्थि य मे कोइ वेसो, पिओ व सव्वेसु चेव जीवेसु।
एएण होइ **समणो**, एसो अन्नो वि पज्जाओ॥१३०॥

१. उरग २. गिरि ३. जलण ४. सागर ५. नहतल,
६. तरूगण समो य जो होइ। ७. भमर ८. मिग,
९. धरणि, १०. जलरूह ११. रवि १२. पवण
समो य सो **समणो**॥१३१॥

तो **समणो** जइ सुमणो, भावेण य जइ ण होइ पावमणो।
सयणे य जणे य समो, समो य माणावमाणेसु॥१३२॥

***से तं नो आगमओ भावसामाइए।***

***से तं भावसामाइए। से तं सामाइए।***

***से तं नामनिप्फण्णे।*** - अणु. सु. ५९९

**१९१. (३) सुत्तालावगनिप्फण्णनिक्खेवो-**

प. से किं तं सुत्तालावगनिप्फण्णे?

उ. सुत्तालावगनिप्फण्णे - 'इदाणिं सुत्तालावगनिप्फण्णे निक्खेवे' इच्छावेइ, पत्तलक्खणे वि ण णिक्खिप्पइ।

प. कम्हा?

उ. लाघवत्थं।

इओ अत्थि तइये अणुओगद्दारे अणुगमे त्ति,
तहिं णं णिक्खित्ते इहं णिक्खित्ते भवइ,
इहं वा णिक्खित्ते तहिं णिक्खित्ते भवइ,
तम्हा इहं ण णिक्खिप्पइ तहिं चेव णिक्खिप्पिस्सइ।

***से तं निक्खेवे।*** - अणु. सु. ६००

**१९२. अणुगम अणुओग परूवणा-**

प. से किं तं अणुगमे?

उ. अणुगमे-दुविहे पण्णत्ते, तं जहा-

१. सुत्ताणुगमे य, २. निज्जुत्तिअणुगमे य।

- अणु. सु. ६०१

**१९३. निज्जुत्तिअणुगमस्स परूवणा-**

प. से किं तं निज्जुत्तिअणुगमे?

જેને સમસ્ત જીવોમાંથી કોઈ પણ જીવનાં પ્રતિ દ્વેષ નથી અને રાગ પણ નથી આ કારણથી તે **શ્રમણ** હોય છે. આ પણ પ્રકારાન્તરથી શ્રમણનો અર્થ છે.

જે ૧. સર્પ, ૨. ગિરિ (પર્વત), ૩. અગ્નિ, ૪. સાગર, ૫. આકાશતળ, ૬. વૃક્ષસમૂહ, ૭. ભ્રમર, ૮. મૃગ, ૯. પૃથ્વી, ૧૦. કમળ, ૧૧. સૂર્ય અને ૧૨. પવનનાં સમાન હોય છે તે શ્રમણ છે.

શ્રમણ ત્યારે જ સંભવિત છે જ્યારે તે પ્રશસ્ત મનવાળા હોય અને ભાવોથી પણ પાપી મનવાળા ન હોય, જે માતા-પિતા આદિ સ્વજનોમાં અને પરજનોમાં સમભાવી હોય અને માન-અપમાનમાં સમભાવનો ધારક હોય.

***આ નોઆગમભાવ સામાયિક છે.***

***આ ભાવ સામાયિક છે, આ સામાયિક છે.***

***આ નામનિષ્પન્ન નિક્ષેપ છે.***

**૧૯૧. (૩) સૂત્રાલાપક નિષ્પન્ન નિક્ષેપ :**

પ્ર. સૂત્રાલાપકનિષ્પન્ન નિક્ષેપ શું છે?

ઉ. આ સમયે સૂત્રાલાપક નિષ્પન્ન નિક્ષેપની પ્રરુપણા કરવાનો પ્રસંગ હોવા છતાં પણ નિક્ષેપ કરતાં નથી.

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्

પ્ર. શા માટે?

ઉ. સંક્ષિપ્ત કરવા માટે અર્થાત્ લઘુતાની અપેક્ષાએ

કારણ કે- આગળ અનુગમ નામક ત્રીજા અનુયોગ દ્વારમાં સૂત્રસ્પર્શી અનુયોગનું વર્ણન છે. માટે ત્યાં પર નિક્ષેપ કરવાથી અહીં નિક્ષેપ થઈ ગયો. અહીં નિક્ષેપ કરવાથી ત્યાં પણ નિક્ષેપ થઈ જાય છે.

એટલા માટે અહીં નિક્ષેપ ન કરતાં ત્યાં જ આનો નિક્ષેપ કરાય છે.

***આ નિક્ષેપ પ્રરુપણા છે.***

**૧૯૨. અનુગમ અનુયોગની પ્રરુપણા :**

પ્ર. અનુગમ શું છે?

ઉ. અનુગમ બે પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. સૂત્રાનુગમ, ૨. નિર્યુક્ત્યનુગમ.

**૧૯૩. નિર્યુક્ત્યનુગમની પ્રરૂપણા :**

પ્ર. નિર્યુક્ત્યનુગમ શું છે?

उ. निज्जुत्तिअणुगमे-तिविहे पण्णत्ते, तं जहा-
१. निक्खेवनिज्जुत्तिअणुगमे,
२. उवग्घायनिज्जुत्तिअणुगमे,
३. सुत्तप्फासियनिज्जुत्तिअणुगमे।

प. से किं तं निक्खेवनिज्जुत्तिअणुगमे ?
उ. *निक्खेवनिज्जुत्तिअणुगमे-अणुगए।*

प. से किं तं उवग्घायनिज्जुत्तिअणुगमे ?
उ. उवग्घायनिज्जुत्तिअणुगमे-इमाहिं दोहिं गाहाहिं अणुगंतव्वे, तं जहा-

१. उद्देसे, २. निद्देसे य, ३. निग्गमे, ४. खेत्त, ५. काल, ६. पुरिसे य।
७. कारण, ८. पच्चय, ९. लक्खण, १०. णये,
११-१२. समोयारणाणुमए॥
१३. किं १४. कइविहं १५. कस्स १६. कहिं,
१७. केसु १८. कहं १९. किच्चिरं हवइ कालं।
२०. कइ २१. संतर २२. मविरहितं,
२३. भवा २४. ऽऽगरिस २५. फासण २६. निरूत्ती॥

*से तं उवग्घायनिज्जुत्तिअणुगमे।*
- अणु. सु. ६०२-६०४

ઉ. નિર્યુક્ત્યનુગમ ત્રણ પ્રકારની કહી છે, જેમકે -
૧. નિક્ષેપ નિર્યુક્ત્યનુગમ,
૨. ઉપોદ્ઘાતનિર્યુક્ત્યનુગમ,
૩. સૂત્રસ્પર્શિક નિર્યુક્ત્યનુગમ.

પ્ર. નિક્ષેપ નિર્યુક્ત્યનુગમ શું છે ?
ઉ. ***નિક્ષેપની નિર્યુક્તિનું અનુગમ પૂર્વવત્ જાણવું જોઈએ.***

પ્ર. ઉપોદ્ઘાતનિર્યુક્ત્યનુગમ શું છે ?
ઉ. ઉપોદ્ઘાતનિર્યુક્ત્યનુગમનું સ્વરૂપ આ બે ગાથાઓથી જાણવું જોઈએ, જેમકે -

૧. ઉદ્દેશ, ૨. નિર્દેશ, ૩. નિર્ગમ, ૪. ક્ષેત્ર, ૫. કાળ, ૬. પુરૂષ,
૭. કારણ, ૮. પ્રત્યય, ૯. લક્ષણ, ૧૦. નય,
૧૧. સમવતાર, ૧૨. અનુમત.
૧૩. શું, ૧૪. કેટલા પ્રકારનાં, ૧૫. કોને, ૧૬. કયાં આગળ,
૧૭. શે માં, ૧૮. કયાં પ્રકારે, ૧૯. કેટલા સમય સુધી,
૨૦. કેટલા, ૨૧. .ાર, ૨૨. અવિરહિત,
૨૩, ભવ, ૨૪. આકર્ષ, ૨૫. સ્પર્શના, ૨૬. નિર્યુક્તિ.

***આ ઉપોદ્ઘાતનિર્યુક્ત્યનુગમ છે.***

## १९४. सुत्त फासिय णिज्जुत्ति अणुगम-

प. से किं तं सुत्तप्फासियनिज्जुत्तिअणुगमे ?
उ. सुत्तप्फासियनिज्जुत्तिअणुगमे सुत्तं उच्चारेयव्वं अखलियं अमिलियं अविच्चमेलियं पडिपुण्णं पडिपुण्णघोसं कंठोट्ठविप्पमुक्कं गुरूवायणोवगयं।

तो तत्थ णज्जिहिति ससमयपयं वा, परसमयपयं वा, बंधपयं वा, मोक्खपयं वा, सामाइयपयं वा, णो सामाइयपयं वा।

तो तम्मि उच्चारिए समाणे-
केसिंचि भगवंताणं केइ अत्थाहिगारा अहिगया भवंति,

## ૧૯૪. સૂત્ર સ્પર્શિક નિર્યુક્તિનું અનુગમ :

પ્ર. સૂત્ર સ્પર્શિક નિર્યુક્ત્યનુગમ શું છે ?
ઉ. જે સૂત્રની વ્યાખ્યા કરી રહ્યા છે તે સૂત્રને સ્પર્શ કરનારી નિર્યુક્તિનાં અનુગમ સૂત્ર-સ્પર્શિક-નિર્યુક્ત્યનુગમ કહેવાય છે. આ અનુગમમાં **અસ્ખલિત** અક્ષર છોડ્યા વગર ઉચ્ચારણ કરવું, **અમિલિત** પદમાં લેવ્યા વિના, **અવ્યત્યામ્રેડિત,** (સમાન શાસ્ત્ર પાઠોને મિશ્રિત કર્યા વિના,) **પ્રતિપૂર્ણ, પ્રતિપૂર્ણઘોષ, કંઠોષ્ઠવિપ્રમુક્ત** તથા **ગુરુવાચનોપગત** રૂપ સૂત્રનું ઉચ્ચારણ કરવું જોઈએ.

આ પ્રમાણે સૂત્રનો ઉચ્ચારણ કરવાથી જ્ઞાત થાય છે કે આ સ્વસમય પદ છે. આ પરસમયપદ છે. આ બંધપદ છે. આ મોક્ષપદ છે અથવા આ સામાયિક-પદ છે, આ નોસામાયિક પદ છે.

સૂત્રનો નિર્દોષ વિધિથી ઉચ્ચારણ કરવાથી કેટલાએ સાધુ ભગવંતોને કેટલાય અર્થાધિકાર અધિગત (જ્ઞાત) થઈ જાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

केसिंचि य केइ अणहिगया भवंति, तओ तेसिं अणहिगयाणं अत्थाणं अभिगमणत्थाए पदेणं पदं वत्तइस्सामि-

१. संहिता य, २. पदं चेव, ३. पदत्थो, ४. पदविग्गहो।
५. चालणा य, ६. पसिद्धी य, छव्विहं विद्धि लक्खणं ॥

***से तं सुत्तप्फासियनिज्जुत्ति अणुगमे।***

***से तं निज्जुत्तिअणुगमे। से तं अणुगमे।***

- अणु. सु. ६०५

કોઈ-કોઈને કેટલાક અર્થાધિકાર અનધિગત (અજ્ઞાત) રહે છે. એટલા માટે તે અનધિગત અર્થોને પ્રાપ્ત કરવા માટે એક-એક પદની પ્રરૂપણા કરીશ. જેની વિધિ આ પ્રમાણે છે -
૧. સંહિતા, ૨. પદચ્છેદ, ૩. પદોનો અર્થ, ૪. પદવિગ્રહ, ૫. ચાલવું, ૬. પ્રસિદ્ધિ. આ વ્યાખ્યા કરવાની વિધિનાં છ પ્રકાર છે.

***આ સૂત્ર સ્પર્શિક નિર્યુક્ત્યનુગમ છે.***

***આ નિર્યુક્ત્યનુગમ છે, આ અનુગમ છે.***

**१९५. नय अणुओगदारं-**

प. से किं तं णए?

उ. सत्त मूलणया पण्णत्ता, तं जहा-

१. णेगमे, २. संगहे, ३. ववहारे, ४. उज्जुसुए, ५. सद्दे, ६. समभिरूढे, ७. एवंभूए[1]। तत्थ-

णेगेहिं माणेहिं मिणइ तत्ती **णेगमस्स १** य निरुत्ती।

सेसाणं पि नयाणं लक्खणमिणमो सुणह वोच्छं॥

संगहियपिंडियत्थं **संगह २** वयणं समासओ बेंति।

वच्चइ विणिच्छियत्थं **ववहारो ३** सव्वदव्वेसु॥

पच्चुप्पन्नग्गाही **उज्जुसुओ ४** णयविही मुणेयव्वो।

इच्छइ विसेसियतरं पच्चुप्पण्णं णओ **सद्दो ५**॥

वत्थुओ संकमणं होइ अवत्थु णये **समभिरूढे ६**।

वंजण-अत्थ-तदुभयं **एवंभूओ ७** विसेसेइ॥

णायम्मि गिण्हियव्वे अगिण्हियव्वम्मि चेव अत्थम्मि।
जइयव्वमेव इइ जो उवएसो सो नओ नाम॥

सव्वेसिं पि नयाणं बहुविहवत्तव्वयं निसामेत्ता।
तं सव्वनयविसुद्धं जं चरणगुणट्ठिओ साहू॥

***से तं नए।*** - अणु. सु. ६०६

**૧૯૫. નય અનુયોગ દ્વાર :**

પ્ર. નય શું છે?

ઉ. મૂળ નય સાત પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. નૈગમનય, ૨. સંગ્રહનય, ૩. વ્યવહારનય, ૪. ઋજુસૂત્રનય, ૫. શબ્દનય, ૬. સમભિરુઢ નય, ૭. એવંભૂતનય.

૧. જે અનેક પ્રમાણોથી વસ્તુને જાણે છે, જે અનેક ભાવોથી વસ્તુનો નિર્ણય કરે છે આ **નૈગમ નય**ની નિરુક્તિ અર્થાત્ વ્યુત્પતિ છે.

બાકીનાં નયોનાં લક્ષણ કરીશ. જેને તમે સાંભળો.

૨. સમ્યક્ પ્રકારથી ગૃહીત એક જાતિનાં પદાર્થ જ જેનો વિષય છે આ **સંગ્રહનયનાં** વચન કહેવાય છે.

૩. **વ્યવહારનય** સર્વદ્રવ્યોના વિષયમાં વિનિશ્ચય કરવામાં નિમિત્તમાં પ્રવૃત્ત થાય છે.

૪. **ઋજુસૂત્રનય** કેવળ વર્તમાનકાળને ગ્રહણ કરે છે.

૫. **શબ્દનય** પદાર્થની વિશેષતાને જ ગ્રહણ કરે છે.

૬. **સમભિરુઢનય** વસ્તુથી ભિન્નને અવસ્તુ માને છે.

૭. **એવંભૂતનય** વ્યંજન અર્થ અને તદુભયને વિશેષ રુપથી સ્થાપિત કરે છે.

આ નયોનાં દ્વારા હેય અને ઉપાદેયનું જ્ઞાન પ્રાપ્ત કરીને તદનુકૂળ પ્રવૃત્તિ કરવી જોઈએ. આ પ્રમાણેનો જે ઉપદેશ છે તેજ નય કહેવાય છે.

આ બધા નયોનાં પરસ્પર વિરુદ્ધ વર્ણનને સાંભળીને જે સમસ્ત નયોથી વિશુદ્ધ સમ્યક્ત્વ, ચારિત્ર ગુણમાં સ્થિત થાય છે. તે સાધુ છે.

***આ નયોનું સ્વરૂપ છે.***

---

१. ठाणं अ. ७, सु. ५५२

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ૨૫. સંયત અધ્યયન

પ્રસ્તુત અધ્યયનમાં અનેક સંયત અને નિર્ગ્રંથોનું વિસ્તૃત વર્ણન છે. સંસારમાં કેટલાક જીવો સંયત હોય છે, કેટલાક જીવો અસંયત હોય છે અને કેટલાક જીવો સંયતાસંયત હોય છે. મહાવ્રતધારી સાધુઓ અથવા શ્રમણોને સંયત કહેવામાં આવે છે. પાંચમાં ગુણસ્થાનવર્તી શ્રાવકોને સંયતાસંયત કહેવામાં આવે છે. તથા શેષ સર્વ [પહેલા થી ચોથા ગુણસ્થાન સુધીના] જીવ અસંયત કહેવામાં આવે છે. આ દષ્ટિથી દેવ, નારકી અને એકેન્દ્રિયથી ચૌરેન્દ્રિય સુધીના બધા જીવ અસંયતની શ્રેણીમાં આવે છે. તિર્યંચપંચેન્દ્રિય જીવ અસંયત અને સંયતાસંયત આ બે પ્રકારના હોય છે. મનુષ્ય સંયત પણ હોય છે, અસંયત પણ હોય છે અને સંયતતાસંયત પણ હોય છે. સિધ્ધ આ ત્રણે અવસ્થાઓથી રહિત નોસંયત, નો અસંયત અને નોસંયતાસંયત હોય છે.

સંયત સર્વવિરતિ ચારિત્રથી યુક્ત હોય છે. ચારિત્રના પાંચ ભેદોના આધાર પર સંયત જીવ પાંચ પ્રકારના કહેવામાં આવે છે. જેમકે - (૧) સામાયિક સંયત (૨) છેદોપસ્થાપનીય સંયત (૩) પરિહારવિશુધ્ધ સંયત (૪) સૂક્ષ્મ સંપરાય સંયત (૫) યથાખ્યાત સંયત.

(૧) સામાયિક ચારિત્રના આરાધક સંયત સામાયિક સંયત કહેવાય છે. એ બે પ્રકારના હોય છે - (૧) ઇત્વરિક અને (૨) યાવત્કથિત. પ્રથમ અને અંતિમ તીર્થંકરના શાસનકાળમાં છેદોપસ્થાપનીય ચારિત્ર **(વડીદીક્ષા)** ના પૂર્વ જઘન્ય સાત દિવસ, મધ્યમ ચાર મહિના અને ઉત્કૃષ્ટ છહ મહિના સુધી જે સામાયિક ચારિત્રનું પાલન કરવામાં આવે છે તે **ઇત્વરિક સામાયિક ચારિત્ર** કહેવાય છે. વચ્ચેના બાવીશ તીર્થંકરોના શાસનકાળમાં જીવનપર્યંત સુધી સામાયિક ચારિત્ર ગ્રહણ કરવામાં આવે છે તે **યાવત્કથિત સામાયિક ચારિત્ર** કહેવાય છે. બાવીશ તીર્થંકરોના શાસનમાં અને મહાવિદેહ ક્ષેત્રમાં **છેદોપસ્થાપનીય ચારિત્ર** આપવામાં આવતું નથી.

(૨) જે સંયત છેદોપસ્થાપનીય ચારિત્રવાળો હોય છે તે છેદોપસ્થાપનીય સંયત કહેવાય છે. આ ચારિત્રને આજકાળે વડીદીક્ષા પણ કહેવામાં આવે છે. પરંતુ મૂલગુણોનો ઘાત (નાશ) કરવાવાળા સાધુઓને ફરીથી મહાવ્રતોમાં સ્થિર (અધિષ્ઠિત) કરવા માટે પણ છેદોપસ્થાપનીય ચારિત્રનું મહત્ત્વ છે. આ ચારિત્રમાં પૂર્વપર્યાયનો છેદ તથા મહાવ્રતોનું ઉપસ્થાપન કે આરોપણ થાય છે માટે તે છેદોપસ્થાપનીય ચારિત્ર કહેવાય છે. આ ચારિત્ર બે પ્રકારના છે - (૧) સાતિચાર અને (૨) નિરતિચાર. ઇત્વરિક સામાયિક ચારિત્રવાળા સાધુને તથા એક તીર્થથી બીજા તીર્થમાં જવાવાળા સાધુને મહાવ્રતોનું આરોપણ **નિરતિચાર છેદોપસ્થાપનીય ચારિત્ર** કહેવામાં આવે છે. તથા મૂલગુણોનો ઘાત કરવાવાળા સાધુને ફરીથી મહાવ્રતોમાં આરોપણ **સાતિચાર છેદોપસ્થાપનીય ચારિત્ર** કહેવામાં આવે છે.

(૩) **પરિહારવિશુધ્ધ ચારિત્ર**થી યુક્ત સંયતપરિહાર વિશુધ્ધસંયત કહેવાય છે. આ ચારિત્રમાં પરિહાર અર્થાત્ તપ વિશેષથી કર્મનિર્જરા રૂપ શુધ્ધિ થાય છે. આ ચારિત્રના ધારક સંયત મન, વચન અને કાયાથી ઉત્કૃષ્ટ ધર્મનું પાલન કરતા આત્મવિશુધ્ધિ ને અપનાવે છે. પરિહારવિશુધ્ધ ચારિત્ર બાબત વિશેષાવશ્યક ભાષ્યમાં એક વિશેષ પ્રક્રિયા બતાવી છે. જેમાં નવ સાધુઓનો એક ગચ્છ મળીને આ સાધના કરે છે. નવ સાધુઓમાંથી ચાર સાધુ તપ કરે છે. એક સાધુ પ્રમુખ હોય છે તથા શેષ ચાર સાધુ વૈયાવૃત્ય કરે છે. એ પ્રક્રિયા છ મહિના સુધી ચાલે છે. બીજા છ મહિના સુધી વૈયાવૃત્ય કરવાવાળા સાધુ તપ કરે છે. તથા તપ કરવાવાળા વૈયાવૃત્ય કરે છે. ત્રીજા છ મહિના સુધી પ્રમુખ વ્યાખ્યાતા સાધુ તપ કરે છે. એક અન્ય સાધુ પ્રમુખ રહે છે તથા સાત સાધુ તેની સેવા કરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ પ્રમાણે પરિહાર વિશુધ્ધ ચારિત્રની પ્રક્રિયા અઢાર મહિના સુધી ચાલે છે. આ ચારિત્રના બે પ્રકાર છે - (૧) નિર્વિશ્યમાનક અને (૨) નિર્વિષ્ટકાયિક. આ ચારિત્રને સ્વીકાર કરવાવાળો સાધુ નિર્વિશ્યમાનક અને તેનાથી અભિન્ન ચારિત્ર નિર્વિશ્યમાનક કહેવામાં આવે છે. જેમણે આ ચારિત્રનું આરાધન કરી લીધું છે તે નિર્વિષ્ટકાયિક કહેવાય છે તથા તેનાથી અભિન્ન ચારિત્ર નિર્વિષ્ટકાયિક કહેવાય છે.

(૪) ચોથુ **ચારિત્ર સૂક્ષ્મસંપરાય** છે. આ ચારિત્રવાન્ સાધુ સૂક્ષ્મસંપરાય સંયત કહેવાય છે. આ ચારિત્ર દસમાં ગુણસ્થાનમાં હોય છે કારણ કે - એમાં સંજ્વલન લોભ નામક સૂક્ષ્મસંપરાય શેષ રહે છે. આ ચારિત્ર બે પ્રકારના છે- (૧) સંકિલશ્યમાનક અને (૨) વિશુદ્ધયમાનક. સંકિલશ્યમાનક સૂક્ષ્મ સંપરાય ચારિત્ર ઉપશમશ્રેણીમાં પડેલા સાધુને હોય છે તથા વિશુદ્ધયમાનક ચારિત્ર ક્ષપકશ્રેણી અને ઉપશમશ્રેણીથી આરોહણ કરવાવાળા સાધુને હોય છે.

(૫) મોહનીયકર્મના ઉપશાંત કે ક્ષીણ થવાથી જે છદ્મસ્થ કે જિન થાય છે- તે **યથાખ્યાત સંયત** છે. તે યથાખ્યાત ચારિત્રથી યુક્ત હોય છે. યથાખ્યાત ચારિત્ર અગ્યારથી ચૌદમા ગુણસ્થાન સુધી જોવા મળે છે. આ ચારિત્રના બે ભેદ છે- (૧) છદ્મસ્થ અને (૨) કેવળી. જ્યારે જીવ અગ્યારમા અને બારમા ગુણસ્થાનવર્તી છદ્મસ્થમાં હોય છે ત્યારે છદ્મસ્થ યથાખ્યાત ચારિત્ર કહેવાય છે અને જ્યારે કેવળીમાં હોય છે ત્યારે કેવળી યથાખ્યાત ચારિત્રના નામથી જાણી શકાય છે.

સંયતો અને સાધુઓને આગમોમાં નિર્ગ્રંથ પણ કહેવાય છે. પરંતુ નિર્ગ્રંથોનું વિવેચન અહિં જુદા પ્રકારે મળે છે. નિર્ગ્રંથોના પાંચ પ્રકાર છે - (૧) પુલાક (૨) બકુશ (૩) કુશીલ (૪) નિર્ગ્રંથ અને (૫) સ્નાતક.

પાંચ પ્રકારના ચારિત્રોની સાથે જે આ પાંચ પ્રકારનાં નિર્ગ્રંથોનું વિવેચન કરીએ તો જાણ થાય છે કે પુલાક, બકુશ અને પ્રતિસેવના કુશીલોમાં સામાયિક અથવા છેદોપસ્થાપનીય ચારિત્ર જોવા મળે છે. કષાયકુશીલોમાં પરિહારવિશુધ્ધ અને સૂક્ષ્મ સંપરાય ચારિત્ર જોવા મળે છે. નિર્ગ્રંથો અને સ્નાતકોમાં એક માત્ર યથાખ્યાત ચારિત્ર જોવા મળે છે.

પુલાક એ પ્રકારના નિર્ગ્રંથ છે જે મૂળગુણ તથા ઉત્તરગુણમાં પરિપૂર્ણતા પ્રાપ્ત ન કરતા છતા પણ વીતરાગ પ્રણીત આગમથી ક્યારેય વિચલિત થતા નથી. પુલાકનો અર્થ છે- નિઃસાર ધાન્યકણ. સંયમવાન્ હોવા છતાં પણ જે સાધુ કોઈ નાના દોષના કારણે સંયમને કિંચિત્ અસાર કરી દે છે તે પુલાક કહેવાય છે. પુલાક લબ્ધિના પ્રયોક્તા નિર્ગ્રંથ પુલાક કહેવાય છે. આ લબ્ધિ પુલાક પણ કહેવાય છે. બીજા પ્રકારના પુલાક આસેવના પુલાક કહેવાય છે. લબ્ધિ પુલાક પાંચ કારણોથી પુલાક લબ્ધિનો પ્રયોગ કરવાના કારણે પાંચ પ્રકારના કહ્યા છે - (૧) જ્ઞાન પુલાક (૨) દર્શન પુલાક (૩) ચારિત્ર પુલાક (૪) લિંગ પુલાક અને (૫) યથાસૂક્ષ્મ પુલાક. જ્ઞાન પુલાક સ્ખલના, વિસ્મરણ, વિરાધના આદિ દૂષણોથી જ્ઞાનની કિંચિત્ વિરાધના કરે છે. દર્શન પુલાક સમ્યક્ત્વની વિરાધના કરે છે. આ રીતે ચારિત્રને દૂષિત કરવાવાળા ચારિત્ર પુલાક કહેવાય છે. અકારણ જ અન્ય લિંગ કે વેષને ધારણ કરવાવાળા લિંગ પુલાક કહેવાય છે. સેવન કરવાના અયોગ્ય દોષો ને સાધુ - સાધ્વીઓની રક્ષા કરતા કોઈ સેવન કરે તો તેને યથાસૂક્ષ્મ પુલાક કહેવામાં આવે છે.

બકુશ એવા પ્રકારના શ્રમણ છે જે આત્મશુધ્ધિની અપેક્ષા શરીરની વિભૂષા અને ઉપકરણોની સજાવટ તરફ વધારે રુચિ રાખે છે. તેમજ સ્વાધ્યાય, ધ્યાન, તપ આદિમાં શ્રમ ન કરતા ખાવું-પીવું, શયન, આરામ આદિની પ્રવૃત્તિ કરવા લાગે છે. બકુશ નિર્ગ્રંથ પાંચ પ્રકારના કહેવાય છે - (૧) આભોગ બકુશ (૨) અનાભોગ બકુશ (૩) સંવૃત્ત બકુશ (૪) અસંવૃત્ત બકુશ અને (૫) યથાસૂક્ષ્મ બકુશ. સાધુઓના માટે શરીર, ઉપકરણ આદિને સુશોભિત કરી અયોગ્ય સમજીને પણ જે દોષ લાગે છે તે આભોગ બકુશ છે. જે ન જાનતા દોષ લગાવે છે તે અનાભોગ બકુશ છે. જે પ્રગટરૂપમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દોષયુક્ત પ્રવૃત્તિ કરે છે તે અસંવૃત બકુશ છે. જે લોક લજ્જાના કારણે છુપાઈથી શરીરની વિભૂષાદિ પ્રવૃત્તિઓ કરે છે એ સંવૃત્ત બકુશ છે. જે આંખોમાં અંજન લગાવે આદિ અકરણીય સૂક્ષ્મ કાર્યોમાં સમય વેડફે તે યથાસૂક્ષ્મ બકુશ છે.

કુશીલનો અર્થ છે - કુત્સિત શીલવાળા. કુશીલ નિર્ગ્રંથના બે પ્રકાર છે - (૧) પ્રતિસેવના કુશીલ અને (૨) કષાય કુશીલ જે સાધક જ્ઞાન, દર્શન, ચારિત્ર, લિંગ અને શરીર આદિ હેતુઓથી સંયમના મૂળગુણો કે ઉત્તરગુણોમાં દોષ લગાડે છે તે પ્રતિસેવના કુશીલ કહેવાય છે. આ હેતુઓના આધાર પર પ્રતિસેવનાના પાંચ ભેદ છે - (૧) જ્ઞાન પ્રતિસેવના કુશીલ (૨) દર્શન પ્રતિસેવના કુશીલ (૩) ચારિત્ર પ્રતિસેવના કુશીલ (૪) લિંગ પ્રતિસેવના કુશીલ અને (૫) યથાસૂક્ષ્મ પ્રતિસેવના કુશીલ.

કષાયકુશીલમાં માત્ર સંજ્વલન કષાયની કોઈ પ્રકૃતિ જોવા મળે છે. આ જ્ઞાનાદિ હેતુઓથી કષાયની પ્રકૃતિમાં પ્રવૃત્ત થાય છે પણ સંયમના મૂળગુણો અને ઉત્તરગુણોમાં કોઈપણ પ્રકારના દોષ લાગતા નથી. જ્ઞાનાદિ હેતુઓના કારણે આના પણ પાંચ ભેદ છે - (૧) જ્ઞાન કષાય કુશીલ (૨) દર્શન કષાય કુશીલ (૩) ચારિત્ર કષાય કુશીલ (૪) લિંગ કષાય કુશીલ (૫) યથાસૂક્ષ્મ કષાયકુશીલ.

પાંચ નિર્ગ્રંથોના નિર્ગ્રંથભેદમાં કષાય પ્રવૃત્તિ અને દોષોના સેવનનો સર્વથા અભાવ હોય છે. આમાં સર્વજ્ઞતા પ્રગટ થવાની હોય છે. તથા રાગ-દ્વેષનો સર્વથા અભાવ થઈ જાય છે. નિર્ગ્રંથ શબ્દનો વાસ્તવિક અર્થ રાગ-દ્વેષની ગ્રંથિથી રહિતપણાંનો આમાં પૂર્ણતઃ અર્થઘટન થાય છે. આવા નિર્ગ્રંથો જ વીતરાગ થાય છે. સમયની અપેક્ષાએ તેમના પાંચ ભેદ છે- (૧) પ્રથમ સમય નિર્ગ્રંથ અગ્યારમાં કે બારમા ગુણસ્થાનના કાળના પ્રથમ સમયમાં વિદ્યમાન (૨) અપ્રથમ સમય નિર્ગ્રંથ - અગ્યારમાં કે બારમા ગુણસ્થાનમાં બે સમયથી કે તેનાથી વધારે સમયથી વિદ્યમાન. (૩) ચરમ સમય નિર્ગ્રંથ - જેની છદ્મસ્થતા એક સમય શેષ હોય. (૪) અચરમ સમય નિર્ગ્રંથ - જેની છદ્મસ્થતા બે કે બે સમયથી વધારે શેષ હોય. (૫) યથાસૂક્ષ્મ નિર્ગ્રંથ - જે સામાન્ય નિર્ગ્રંથ હોય પ્રથમ આદિ સમયની અપેક્ષાએ ભિન્ન હોય.

સર્વજ્ઞતાયુક્ત નિર્ગ્રંથ સ્નાતક કહેવાય છે. આ નિર્ગ્રંથોની સર્વોત્કૃષ્ટ સ્થિતિ છે. સ્નાતકના પણ પાંચ ભેદ કર્યા છે- (૧) અચ્છવિ (૨) અશબલ (૩) અકર્માંશ (૪) સંશુધ્ધ અને (૫) અપરિસ્ત્રાવી. જે છવિ અર્થાત્ શરીરભાવથી રહિત થઈ ગયુ હોય તે અચ્છવિ કહેવાય છે. પ્રાકૃતના અચ્છવીનો ગુજરાતીમાં અક્ષપી શબ્દ પણ થઈ શકે છે. તાત્પર્ય એ છે કે ચાર ઘાતી કર્મોનું ક્ષપણ કર્યા પછી જેને કંઈ પણ ક્ષપણ કરવું શેષ ન રહ્યું હોય. અશબલનું તાત્પર્ય એ છે કે જેમાં અતિચારરૂપી પંક બિલકુલ પણ ન હોય. ઘાતીકર્મોથી રહિત હોવાના કારણે અકર્માંશ વિશુધ્ધ જ્ઞાન, દર્શન ને ધારણ કરવાના કારણે સંશુધ્ધ તથા કર્મબંધના પ્રવાહથી રહિત થવાના કારણે અપરિસ્ત્રાવી નામ આપવામાં આવ્યું છે.

આ પાંચ પ્રકારના નિર્ગ્રંથોમાંથી પ્રથમ ત્રણ સાધક અવસ્થામાં રહે છે તથા અંતિમ બે વીતરાગ અવસ્થામાં જોવા મળે છે. પુલાક અને બકુશ આ ભેદ દોષયુક્ત સાધુઓના માટે છે. પ્રતિસેવના કુશીલ પણ દોષયુક્ત છે. કષાય કુશીલ તો સૂક્ષ્મ કષાય યુક્ત હોય છે. પાંચ પ્રકારના ચારિત્રોની સાથે એની તુલના કે સંબંધ પર પહેલા વિચાર કરી લીધો છે.

આ અધ્યયનમાં નિર્ગ્રંથો અને સંયતોનો ૩૬ દ્વારો થી પૃથક્ - પૃથક્ નિરુપણ થયું છે. આ ૩૬ દ્વારો થી જ્યારે નિર્ગ્રંથો અને સંયતોનો વિચાર કરવામાં આવે છે તો એના સંબંધમાં પ્રત્યેક પ્રકારની જાણકારીનો સમાવેશ થઈ જાય છે. ૩૬ દ્વારોમાં વેદ, રાગ, ચારિત્ર, કષાય, લેશ્યા, ભાવ આદિ દ્વાર મહત્ત્વપૂર્ણ છે.

વેદદ્વારના પ્રમાણે પુલાક, બકુશ અને પ્રતિસેવના કુશીલ નિર્ગ્રંથ સંવેદક હોય છે. એમાં કામ-વાસના વિદ્યમાન રહે છે. કષાય-કુશીલ અવેદક અને સવેદક બંને પ્રકારના હોય છે. નિર્ગ્રંથ અને સ્નાતકોમાં કામવાસના ન રહે માટે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ બંને અવેદક હોય છે. સંયતોની દૃષ્ટિએ સામાયિકસંયત અને છેદોપસ્થાપનીયસંયતના આ બે પ્રકાર કહ્યા છે. કેટલાક સવેદક હોય છે તથા કેટલાક અવેદક હોય છે. પરિહારવિશુધ્ધિક સંયત સવેદક હોય છે અવેદક નથી હોતા. સૂક્ષ્મ સંપરાય અને યથાખ્યાત સંયત અવેદક હોય છે. એમાં કામવાસના જરા પણ રહેતી નથી.

રાગ-દ્વારના અનુસાર પુલાકથી લઈ કષાયકુશીલ સુધીના નિર્ગ્રંથ સરાગ હોય છે. તેમાં નિર્ગ્રંથ અને સ્નાતક વીતરાગ હોય છે. સામાયિક સંયતથી લઈ સૂક્ષ્મ સંપરાય સુધીના સંયત સરાગ હોય છે તથા યથાખ્યાત સંયત વીતરાગ હોય છે.

કલ્પ દ્વારના અંતર્ગત સ્થિતકલ્પી, અસ્થિતકલ્પી, જિનકલ્પી, સ્થવિર કલ્પી અને કલ્પાતીતના આધારે નિર્ગ્રંથો અને સંયતોનું વિવેચન કરવામાં આવ્યું છે.

ચારિત્ર દ્વારના અંતર્ગત નિર્ગ્રંથના ભેદોમાં સંયતોની સામાયિક આદિ ભેદોનો સમાવેશ કરવામાં આવે છે. તથા સંયતોના ભેદોમાં નિર્ગ્રંથોના પુલાક આદિ ભેદોનો સમાવેશ કરવામાં આવે છે. આ પ્રમાણે સામાયિક સંયત પુલાકથી લઈને કષાય કુશીલ સુધી કંઈ પણ થઈ શકે છે. પરંતુ તે નિર્ગ્રંથ અને સ્નાતક ન થઈ શકે. છેદોપસ્થાપનીય પણ આ પ્રકારના હોય છે. પરિહારવિશુધ્ધિક અને સૂક્ષ્મસંપરાય સંયતોમાં નિર્ગ્રંથોનો માત્ર કષાયકુશીલ ભેદ જોવા મળે છે. યથાખ્યાત સંયતમાં નિર્ગ્રંથ અને સ્નાતક એ બે ભેદ જ જોવા મળે છે. અન્ય ત્રણ નહીં.

પ્રતિસેવના દ્વારમાં મૂળગુણો અને ઉત્તરગુણોના પ્રતિસેવક અને અપ્રતિસેવકની દૃષ્ટિથી વિચાર કર્યો છે. દોષોનું સેવન કરવાને પ્રતિસેવના તથા તેનાથી રહિત થવાને અપ્રતિસેવના કહેવામાં આવે છે.

જ્ઞાન દ્વારમાં કયા નિર્ગ્રંથ અને કયા સંયતમાં કેટલા અને કયા કયા જ્ઞાન જોવા મળે છે તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ જ દ્વારમાં શ્રુત અધ્યયનનું વર્ણન પણ છે. જેના અનુસાર પુલાક જઘન્ય નવ પૂર્વની ત્રીજી આચાર વસ્તુ પર્યંતનું અધ્યયન કરે છે. બકુશ, કુશીલ અને નિર્ગ્રંથ જઘન્ય આઠ પ્રવચન માતાનું અધ્યયન કરે છે. તથા ઉત્કૃષ્ટ દૃષ્ટિએ બકુશ અને પ્રતિસેવના કુશીલ તો દશપૂર્વનું અધ્યયન કરે છે. તેમજ કષાયકુશીલ અને નિર્ગ્રંથ ચૌદ પૂર્વોનું અધ્યયન કરે છે. સ્નાતક શ્રુત વ્યતિરિક્ત હોય છે. એમાં શ્રુતજ્ઞાન હોતું નથી. સામાયિક સંયત, છેદોપસ્થાપનીય સંયત અને સૂક્ષ્મ સંપરાય સંયત જઘન્ય આઠ પ્રવચન માતાનું તથા ઉત્કૃષ્ટ ચૌદ પૂર્વનું અધ્યયન કરે છે. પરિહારવિશુધ્ધિક સંયત જઘન્ય નવપૂર્વની ત્રીજી આચાર વસ્તુ સુધી તથા ઉત્કૃષ્ટ થોડું અપૂર્ણ દશપૂર્વનું અધ્યયન કરે છે. યથાખ્યાત સંયત જઘન્ય આઠ પ્રવચન માતાનું અને ઉત્કૃષ્ટ ચૌદ પૂર્વોનું અધ્યયન કરે છે. તે શ્રુત રહિત અર્થાત્ કેવળજ્ઞાની પણ હોય છે.

તીર્થ, લિંગ, શરીર, ક્ષેત્ર અને કાળ દ્વારોમાં તેના જ સંબંધી વિષયો પર નિરુપણ થયું છે. કાળનું વિવેચન વધારે વિસ્તૃત છે.

ગતિ દ્વારમાં એ નિરૂપણ થયું છે કે કયો સંયત કે નિર્ગ્રંથ કાળધર્મને પ્રાપ્ત કરી કઈ ગતિમાં અને કયાં ઉત્પન્ન થાય છે. પ્રાયઃ બધા સાધુ દેવલોકમાં ઉત્પન્ન થાય છે અને એમાં પણ પ્રાયઃ વૈમાનિક દેવલોકમાં ઉત્પન્ન થાય છે.

સંયમ દ્વારના અનુસાર પુલાકથી લઈ કષાયકુશીલ સુધી અસંખ્યાત સંયમ સ્થાન કહ્યા છે. નિર્ગ્રંથો અને સ્નાતકોનું એક સંયમ સ્થાન માન્યું છે. સામાયિકથી લઈ પરિહારવિશુધ્ધિક સંયતો સુધી અસંખ્ય સંયમ સ્થાન હોય છે. સૂક્ષ્મ સંપરાય સંયતના અંતર્મુહૂર્તના સમય જેટલા અસંખ્ય સંયમ સ્થાન માન્યા છે. યથાખ્યાત સંયતનો એક સંયમ સ્થાન માન્ય છે. આ દ્વારમાં એના સંયમ સ્થાનોના અલ્પબહુત્ત્વનો પણ વિચાર થયો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સન્નિકર્ષ - દ્વારમાં ચારિત્ર પર્યવોનું અને એના અલ્પબહુત્વનું વર્ણન છે. યોગદ્વારના અનુસાર પુલાકથી લઈ નિર્ગ્રંથ સુધીના નિર્ગ્રંથ સયોગી છે. જ્યારે સ્નાતક સયોગી પણ છે અને અયોગી પણ છે. સામાયિક સંયતથી લઈ સૂક્ષ્મ સંપરાય સુધીના સંયત સયોગી હોય છે તથા યથાખ્યાત સંયત સયોગી પણ હોય છે અને અયોગી પણ હોય છે. ઉપયોગ દ્વારના અંતર્ગત પુલાક આદિ પાંચ નિર્ગ્રંથ તથા સૂક્ષ્મ સંપરાય સંયતને છોડી ચાર સંયત સાકારોપયુક્ત પણ હોય છે અને અનાકારોપયુક્ત પણ હોય છે. સૂક્ષ્મ સંપરાય સંયત સાકારોપયુક્ત જ હોય છે અનાકારોપયુક્ત હોતા નથી.

કષાય દ્વારના અનુસાર નિર્ગ્રંથ અને સ્નાતક અકષાયી હોય છે. જ્યારે શેષ ત્રણ સકષાયી હોય છે. આ રીતે યથાખ્યાત સંયત અકષાયી હોય છે અને શેષ ચારે સંયત સકષાયી હોય છે.

લેશ્યા દ્વારના અનુસાર પુલાક, બકુશ અને પ્રતિસેવના કુશીલોમાં તેજો, પદ્મ અને શુક્લ આ ત્રણ લેશ્યાઓ જોવા મળે છે. જ્યારે કષાય કુશીલમાં છએ લેશ્યાઓ જોવા મળે છે. નિર્ગ્રંથમાં એક શુક્લ લેશ્યા રહે છે. સ્નાતક સલેશ્ય અને અલેશ્ય બંને પ્રકારના હોય છે. સલેશ્ય હોવાથી પરમ શુક્લ લેશ્યાવાળા હોય છે.

સામાયિક અને છેદોપસ્થાપનીય સંયતોમાં છહો લેશ્યાઓ હોય છે, પરિહાર વિશુદ્ધિમાં તેજો, પદ્મ અને શુક્લ લેશ્યા હોય છે, સુક્ષ્મ સંપરાયમાં એક માત્ર શુક્લ લેશ્યા હોય છે, યથાખ્યાત સલેશ્ય અને અલેશ્ય બન્ને પ્રકારના હોય છે સલેશ્ય થવા પર શુક્લલેશ્યાવાળા થાય છે.

પરિણામ દ્વારમાં વર્ધમાન, હાયમાન અને અવસ્થિત પરિણામોના આધાર પર નિરૂપણ કરેલ છે. બંધ દ્વારમાં કર્મોની મૂળ પ્રકૃતિઓનાં બંધનું વિવેચન છે. કર્મ વેદન દ્વારમાં ઉદયમાં આવેલી કર્મ પ્રકૃતિઓના વેદનનું નિરૂપણ છે. કર્મ ઉદીરણા દ્વારમાં આઠ કર્મ પ્રકૃતિઓમાં કોને કેટલી પ્રકૃતિઓની ઉદીરણા થાય છે એનો ઉલ્લેખ છે.

ઉપસંપત્જહન દ્વારમાં એ બતાવેલું છે કે પુલાક આદિ નિર્ગ્રંથ અને સામાયિક આદિ સંયત પોતાના પુલાકત્ત્વ કે સામાયિક સંયત્વ આદિને છોડીને શું પ્રાપ્ત કરે છે તે નીચે પડે છે કે ઉપર ચઢે છે એમાં એનો બોધ થાય છે.

સંજ્ઞા દ્વાર, આહાર દ્વાર અને ભવદ્વારમાં સંજ્ઞા, આહાર અને ભવની ચર્ચા છે. એના અનુસાર પુલાક, નિર્ગ્રંથ અને સ્નાતક નોસંજ્ઞોપયુક્ત હોય છે. બકુશ અને કુશીલ સંજ્ઞોપયુક્ત પણ માન્યા છે. સામાયિકથી લઈ પરિહારવિશુધ્ધિક સંયત સંજ્ઞોપયુક્ત પણ હોય છે અને નોસંજ્ઞોપયુક્ત પણ હોય છે. સામાયિકથી લઈ સૂક્ષ્મ સંપરાય સુધીના સંયત આહારક હોય છે. જ્યારે યથાખ્યાત સંયત આહારક અને અનાહારક બંને પ્રકારના હોય છે. પુલાકથી લઈ નિર્ગ્રંથ સુધી આહારક અને સ્નાતક અનાહારક હોય છે. આકર્ષ દ્વારમાં ભવ દ્વારને જ આગળ વધાર્યુ છે. તથા એમાં એ વિચાર કર્યો છે કે પુલાક આદિ પોતાના એક કે અનેક ભવોમાં કેટલી વાર સંયમ ગ્રહણ કરે છે. કાળદ્વારનો બે વાર પ્રયોગ થયો છે પણ પ્રયોજન ભિન્ન છે. પહેલા અવસર્પિણી આદિ કાળોમાં પુલાકાદિનું વિવેચન હતું અને આ કાળદ્વારમાં પુલાક આદિના અવસ્થિતિનું વર્ણન છે. અંતરદ્વારમાં એ વિચાર કર્યો છે કે એક પ્રકારના સંયત કે નિર્ગ્રંથ ફરીથી તે જ પ્રકારનો સંયત કે નિર્ગ્રંથ બને તો કેટલા કાળનું અંતર કે વ્યવધાન રહે છે.

સમુદ્ઘાત દ્વારમાં પ્રત્યેક નિર્ગ્રંથ અને સંયતમાં થવાવાળા સમુદ્ઘાતોનું કથન [વર્ણન] છે. ક્ષેત્રદ્વાર પણ બીજીવાર આવ્યું છે. એના લોકના સંખ્યાતવે, અસંખ્યાતવે ભાગ આદિમાં પુલાક આદિના હોવા કે ન હોવાનો વિચાર કર્યો છે. સ્પર્શના દ્વારમાં લોકના સંખ્યાતમાં, અસંખ્યાતમાં આદિ ભાગો ના સ્પર્શ કરવા કે ન કરવાનું વિવેચન છે.

ભાવદ્વારના અનુસાર પુલાક, બકુશ અને કુશીલ ક્ષાયોપશમિક ભાવમાં હોય છે. નિર્ગ્રંથ ઔપશમિક કે ક્ષાયોપશમિક ભાવમાં હોય છે. સ્નાતક ક્ષાયિકભાવમાં હોય છે. સામાયિક આદિ ચાર પ્રકારના સંયત ક્ષાયોપશમિક ભાવમાં હોય છે. જ્યારે યથાખ્યાત સંયત ઔપશમિક કે ક્ષાયિકભાવમાં હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરિણામ દ્વારમાં એ નિરૂપણ કર્યું છે કે એક સમયમાં અમુક નિર્ગ્રંથ કે અમુક સંયત કેટલા થાય છે ?

છત્રીસમાં દ્વાર નો અલ્પબહુત્વથી સંબંધ છે. એના પ્રમાણે પાંચ નિર્ગ્રંથોમાં સૌથી અલ્પ નિર્ગ્રંથ છે. એનાથી પુલાક, સ્નાતક, બકુશ, પ્રતિસેવના કુશીલ અને કષાય કુશીલ ક્રમશઃ સંખ્યાતગુણા, અસંખ્યાતગુણા છે. પાંચ પ્રકારના સંયતોમાં સૌથી અલ્પ સૂક્ષ્મ સંપરાય સંયત છે. એનાથી પરિહાર વિશુધ્ધિ, યથાખ્યાત, છેદોપસ્થાપનીય અને સામાયિક સંયત ક્રમશઃ સંખ્યાતગુણા છે.

સંયતોને પ્રમત્ત અને અપ્રમત્ત ભેદોમાં પણ વિભક્ત કર્યા છે. એક પ્રમત્તસંયમી જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોટિ સુધી રહે છે. અપ્રમત્તસંયમી જઘન્ય અંતર્મુહૂર્ત તથા ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોટિ સુધી રહે છે. અનેક જીવોની અપેક્ષા એ બંને સર્વકાળમાં રહે છે.

દેવગતિમાં સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને પણ કોઈ દેવ સંયત ન થઈ શકે એને અસંયત અને સંયતાસંયત પણ ન કહી શકાય માટે વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ સૂત્રમાં એને નોસંયત કહ્યું છે.

અલ્પબહુત્વની દૃષ્ટિથી સંયત જીવ સૌથી ઓછા હોય છે. એનાથી સંયતાસંયત અસંખ્યાતગુણા છે. તથા એનાથી અસંયતજીવ અનંતગુણા છે.

જૈન સાઈટ
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## २५. संजयज्झयणं

सूत्र -

१. **जीव-चउवीसदंडएसु सिद्धेसु य संजयाई परूवणं-**

प. जीवा णं भंते ! किं संजया, असंजया, संजयासंजया, नोसंजय-नोअसंजय-नोसंजयासंजया ?

उ. गोयमा ! जीवा णं संजया वि, असंजया वि, संजयासंजया वि, नो संजय-नोअसंजय- नोसंजयासंजया वि ।

प. **दं. १.** नेरइया णं भंते ! किं संजया **-जाव-** नोसंजय-नो असंजय-नोसंजयासंजया ?

उ. गोयमा ! नेरइया नो संजया, असंजया, नो संजयासंजया, नो नोसंजय, नो असंजय, नोसंजयासंजया ।

दं. २-१९. ***एवं चउरिंदिया,***

प. **दं. २०.** पंचेंदियतिरिक्खजोणिया णं भंते ! किं संजया **-जाव-** नोसंजय-नोअसंजय, नोसंजयासंजया ?

उ. गोयमा ! पंचेंदियतिरिक्खजोणिया नो संजया, असंजया वि, संजयासंजया वि, नो नोसंजय, नोअसंजय, नोसंजयासंजया ।

प. **दं. २१.** मणुस्सा णं भंते ! किं संजया **-जाव-** नोसंजय, नोअसंजय, नोसंजयासंजया ?

उ. गोयमा ! मणुस्सा संजया वि, असंजया वि, संजयासंजया वि, नो नोसंजय-नोअसंजय, नोसंजयासंजया ।

दं. २२-२४. ***वाणमंतरजोइसियवेमाणिया जहा नेरइया ।***

प. सिद्धा णं भंते ! किं संजया **-जाव-** नोसंजय-नो असंजय-नोसंजयासंजया ?

उ. गोयमा ! सिद्धा नो संजया, नो असंजया, नो संजयासंजया, नोसंजय-नोअसंजय-नोसंजयासंजया,

## ૨૫. સંયત અધ્યયન

સૂત્ર :

૧. **જીવ-ચોવીસ દંડકો અને સિદ્ધોમાં સંયતાદિનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! જીવ શું સંયત હોય છે, અસંયત હોય છે, સંયતાસંયત હોય છે અથવા નો સંયત, નો અસંયત, નો સંયતાસંયત હોય છે ?

ઉ. ગૌતમ ! જીવ સંયત પણ હોય છે, અસંયત પણ હોય છે, સંયતાસંયત પણ હોય છે અને નોસંયત, નો અસંયત, નોસંયતાસંયત પણ હોય છે.

પ્ર **દં.૧.** ભંતે ! નૈરયિક શું સંયત હોય છે **-યાવત્-** નો સંયત, નો અસંયત, નો સંયતાસંયત હોય છે ?

ઉ. ગૌતમ ! નૈરયિક ન સંયત હોય છે. ન સંયતાસંયત હોય છે અને ન નોસંયત, નોઅસંયત, નોસંયતા-સંયત હોય છે, પરંતુ અસંયત હોય છે.

દં.૨-૧૯. ***આ પ્રમાણે અસુરકુમારાદિથી ચઉરિન્દ્રિયો સુધી જાણવું જોઈએ.***

પ્ર. **દં.૨૦.** ભંતે ! પંચેન્દ્રિયતિર્યંચયોનિક શું સંયત હોય છે **-યાવત્-** નોસંયત, નોઅસંયત, નો-સંયતાસંયત હોય છે ?

ઉ. ગૌતમ ! પંચેન્દ્રિયતિર્યંચયોનિક ન તો સંયત હોય છે અને ન નોસંયત, નોઅસંયત, નોસંયતાસંયત હોય છે, પરંતુ તે અસંયત હોય છે અને સંયતાસંયત પણ હોય છે.

પ્ર. **દં.૨૧.** ભંતે ! મનુષ્ય સંયત હોય છે **-યાવત્-** નો સંયત, નો અસંયત, નો સંયતાસંયત હોય છે ?

ઉ. ગૌતમ ! મનુષ્ય સંયત હોય છે, અસંયત પણ હોય છે. સંયતાસંયત પણ હોય છે, પરંતુ નોસંયત, નો અસંયત, નોસંયતાસંયત હોતા નથી.

દં.૨૨-૨૪. ***વાણવ્યન્તર, જ્યોતિષ્ક અને વૈમાનિકોનું વર્ણન નૈરયિકોના સમાન જાણવું જોઈએ.***

પ્ર. ભંતે ! સિદ્ધ શું સંયત હોય છે **-યાવત્-** નોસંયત, નોઅસંયત, નોસંયતાસંયત હોય છે ?

ઉ. ગૌતમ ! સિદ્ધ ન તો સંયત હોય છે, ન અસંયત હોય છે અને ન સંયતાસંયત હોય છે, પરંતુ નોસંયત, નોઅસંયત, નોસંયતાસંયત હોય છે.

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

संजय असंजयमीसगा य, जीवा तहेव मणुया य।
संजयरहिता तिरिया, सेसा असंजया होंति ॥
- पण्ण. प. ३२. सु. १९७४-८०

જીવ અને મનુષ્ય સંયત, અસંયત અને સંયતાસંયત ત્રણેય પ્રકારનાં હોય છે. તિર્યંચ સંયત હોતા નથી તથા બાકી બધા અસંયત હોય છે.

## २. संजयाईणं कायट्ठिई परूवणं-

प. संजए णं भंते ! संजए त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं एक्कं समयं,
उक्कोसेणं देसूणं पुव्वकोडि।

प. असंजए णं भंते ! असंजए त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! असंजए तिविहे पण्णत्ते, तं जहा-
१. अणाईए वा अपज्जवसिए,
२. अणाईए वा सपज्जवसिए,[1]
३. साईए वा सपज्जवसिए।

तत्थ णं जे से असंजए साईए सपज्जवसिए से जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं अणंतं कालं- अणंताओ उस्सप्पिणिओसप्पिणीओ कालओ।
खेत्तओ अवड्ढपोग्गलपरियट्टं देसूणं।

संजयासंजए जहण्णेणं अंतोमुहुत्तं,
उक्कोसेणं देसूणं पुव्वकोडिं।

प. णोसंजए-णोअसंजए, णोसंजयासंजए णं भंते ! णोसंजए-णोअसंजए, णोसंजयासंजए त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! साईए अपज्जवसिए।[2]
- पण्ण. प. १८, सु. १३५८-६१

## ૨. સંયત આદિની કાયસ્થિતિનું પ્રરુપણ :

પ્ર. ભંતે ! સંયત સંયતરુપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! (તે) જઘન્ય એક સમય,
ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોટિ સુધી સંયતરુપમાં રહે છે.

પ્ર. ભંતે ! અસંયત અસંયતરુપમાં કેટલા કાળ સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! અસંયત ત્રણ પ્રકારનાં કહ્યા છે, જેમકે-
૧. અનાદિ અપર્યવસિત,
૨. અનાદિ સપર્યવસિત,
૩. સાદિ - સપર્યવસિત.

તેમાંથી જે સાદિ - સપર્યવસિત છે, તે જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અનન્તકાળ સુધી (અર્થાત્) કાળની અપેક્ષાથી - અનન્ત ઉત્સર્પિણી - અવસર્પિણીઓ સુધી,
ક્ષેત્રની અપેક્ષાથી - દેશોન અપાર્દ્ધ પુદ્ગલ-પરાવર્તન સુધી તે અસંયત રુપમાં રહે છે.
સંયતા સંયત-જઘન્ય અન્તર્મુહૂર્ત સુધી અને
ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોટિ સુધી સંયતાસંયતરુપમાં રહે છે.

પ્ર. ભંતે ! નોસંયત - નોઅસંયત, નોસંયતા-સંયત કેટલા સમય સુધી નોસંયત - નોઅસંયત, નોસંયતાસંયતરુપમાં બની રહે છે ?

ઉ. ગૌતમ ! તે સાદિ - અપર્યવસિત છે.

## ३. संजयाईणं अंतरकाल परूवणं-

१. मंजयस्स संजयासंजयस्स दोण्हवि अंतरं जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं अवड्ढ पोग्गलपरियट्टं देसूणं,

२. असंजयस्स आइदुवे नत्थि अंतरं,
साइयस्स सपज्जवसियस्स जहण्णेणं एक्कं समयं,
उक्कोसेणं देसूणं पुव्वकोडीओ,

## ૩. સંયત આદિનાં અંતરકાળનું પ્રરુપણ :

૧. સંયત અને સંયતાસંયત બંનેનું અંતર - જઘન્ય અન્તમુહૂર્ત અને ઉત્કૃષ્ટ દેશોન અપાર્દ્ધપુદ્ગલ પરાવર્તન છે.

૨. અસંયત આદિનાં બે ભંગોનું અંતર નથી.
સાદિ સપર્યવસિતનું અંતર - જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ દેશોન પૂર્વ કોટિ છે.

---

૧. પ્રથમ ભંગનું વર્ણન અભવ્ય અસંયતની અપેક્ષાથી છે. દ્વિતીય ભંગનું વર્ણન ભવ્ય અસંયતની અપેક્ષાથી છે.
२. जीवा. पडि. ९, सु. २४७

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

३. नोसंजय-नोअसंजय-नोसंजयासंजयस्स नत्थि अंतरं।

- जीवा. पडि. ९, सु. २४७

૩. નોસંયત- નોઅસંયત, નોસંયતાસંયતનું અંતર નથી.

४. **संजयाईणं अप्पबहुत्तं-**

प. एएसि णं भंते ! जीवाणं संजयाणं, असंजयाणं, संजयासंजयाणं, नोसंजय-नोअसंजय, नोसंजयासंजयाण य कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

उ. गोयमा ! १. सव्वत्थोवा जीवा संजया,

२. संजयासंजया असंखेज्जगुणा,

३. नोसंजय-नोअसंजय, नोसंजयासंजया अणंतगुणा,

४. असंजया अणंतगुणा।[1]

- पण्ण. प. ३, सु. २६१

૪. **સંયત આદિનો અલ્પબહુત્વ :**

પ્ર. ભંતે ! આ સંયતો, અસંયતો, સંયતાસંયતો અને નોસંયત-નોઅસંયત, નોસંયતાસંયત જીવોમાંથી કોણ કોનાથી અલ્પ **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! ૧. બધાથી અલ્પ સંયત જીવ છે.

૨. (તેનાથી) સંયતાસંયત અસંખ્યાતગુણા છે,

૩. (તેનાથી) નોસંયત, નોઅસંયત, નો સંયતા-સંયત જીવ અનંતગુણા છે.

૪. (તેનાથી) પણ અસંયત જીવ અનન્તગુણા છે.

५. **नियंठाणं संजयाण य परूवग दार णामाणि-**

१. पण्णवण २. वेद ३. रागे, ४. कप्प ५. चरित्त ६. पडिसेवणा ७. णाणे।

८. तित्थे ९. लिंग १०. सरीरे ११. खेत्ते १२. काले १३. गइ १४. संजम १५. निकासे ॥ १ ॥

१६-१७. जोगुवओग १८. कसाए १९. लेस्सा २०. परिणाम २१. बंध २२. वेए य।

२३. कम्मोदीरण २४. उवसंपजहण २५. सन्ना य, २६. आहारे ॥ २ ॥

२७. भव २८. आगरिसे २९-३०. कालंतरे य ३१. समुग्घाय ३२. खेत्त ३३. फुसणा य।

३४. भावे ३५. परिणामो खलु ३६. अप्पाबहुयं नियंठाणं ॥ ३ ॥

૫. **નિર્ગ્રંથો અને સંયતોના પ્રરુપક- દ્વાર નામ :**

૧. પ્રજ્ઞાપન, ૨. વેદ, ૩. રાગ, ૪. કલ્પ, ૫. ચારિત્ર, ૬. પ્રતિસેવના, ૭. જ્ઞાન,

૮. તીર્થ, ૯. લિંગ, ૧૦. શરીર, ૧૧. ક્ષેત્ર, ૧૨. કાળ, ૧૩. ગતિ, ૧૪. સંયમ, ૧૫. નિકર્ષ, ॥૧॥

૧૬. યોગ, ૧૭. ઉપયોગ, ૧૮. કષાય, ૧૯. લેશ્યા, ૨૦. પરિણામ, ૨૧. બંધ, ૨૨. વેદન,

૨૩. કર્મોની ઉદીરણા, ૨૪. પ્રાપ્ત કરવું- છોડવું, ૨૫. સંજ્ઞા, ૨૬. આહાર. ॥૨॥

૨૭. ભવ, ૨૮. આકર્ષ, ૨૯. કાળ, ૩૦. અંતર, ૩૧. સમુદ્ઘાત, ૩૨. ક્ષેત્ર, ૩૩. સ્પર્શના,

૩૪. ભાવ, ૩૫. પરિમાણ, ૩૬. અલ્પબહુત્વ.

નિર્ગ્રંથ અને સંયતનું વર્ણન આ દ્વારોથી કરેલ છે.

६. **छत्तीसएहिं दारेहिं णियंठस्स परूवणं-**

१. **पण्णवण-दारं-**

प. कइ णं भंते ! नियंठा पण्णत्ता ?

उ. गोयमा ! पंचविहा नियंठा पण्णत्ता, तं जहा-

१. पुलाए, २. बउसे,

३. कुसीले, ४. नियंठे,

५. सिणाए।[2]

૬. **છત્રીસ દ્વારોથી નિર્ગ્રંથનું પરુપણ :**

૧. **પ્રજ્ઞાપના દ્વાર :**

પ્ર. ભંતે ! નિર્ગ્રંથ કેટલા પ્રકારનાં કહ્યા છે ?

ઉ. ગૌતમ ! નિર્ગ્રંથ પાંચ પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. પુલાક, ૨. બકુશ,

૩. કુશીલ, ૪. નિર્ગ્રંથ,

૫. સ્નાતક.

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्

---

१. जीवा. पडि. ९, सु. २४७

२. ठाणं अ. ५, उ. ३, सु. ४४५

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. १. पुलाए[1] णं भंते ! कइविहे पण्णत्ते ?
उ. गोयमा ! पंचविहे पण्णत्ते, तं जहा-
१. नाणपुलाए, २. दंसणपुलाए,
३. चरित्तपुलाए, ४. लिंगपुलाए,
५. अहासुहुमपुलाए नामं पंचमे।[2]

प. २. बउसे णं भंते ! कइविहे पण्णत्ते ?
उ. गोयमा ! पंचविहे पण्णत्ते, तं जहा-
१. आभोगबउसे, २. अणाभोगबउसे,
३. संवुडबउसे, ४. असंवुडबउसे,
५. अहासुहुमबउसे[3] नामं पंचमे।

प. ३. कुसीले णं भंते ! कइविहे पण्णत्ते ?
उ. गोयमा ! दुविहे पण्णत्ते, तं जहा-
१. पडिसेवणाकुसीले य, २. कसायकुसीले य।

प. ३. (क) पडिसेवणाकुसीले[4] णं भंते ! कइविहे पण्णत्ते ?
उ. गोयमा ! पंचविहे पण्णत्ते, तं जहा-
१. नाण-पडिसेवणाकुसीले,
२. दंसणपडिसेवणाकुसीले,
३. चरित्तपडिसेवणाकुसीले,

પ્ર. ૧. ભંતે ! પુલાક કેટલા પ્રકારનાં કહ્યા છે ?
ઉ. ગૌતમ ! પાંચ પ્રકારનાં કહ્યા છે. જેમકે -
૧. જ્ઞાન પુલાક, ૨. દર્શન પુલાક,
૩. ચારિત્ર પુલાક, ૪. લિંગપુલાક,
૫. યથાસૂક્ષ્મ પુલાક.

પ્ર. ૨. ભંતે ! બકુશ કેટલા પ્રકારનાં કહ્યા છે ?
ઉ. ગૌતમ ! પાંચ પ્રકારનાં કહ્યા છે, જેમકે-
૧. આભોગ-બકુશ, ૨. અનાભોગ-બકુશ,
૩. સંવૃત્ત-બકુશ, ૪. અસંવૃત્ત-બકુશ,
૫. યથાસૂક્ષ્મ-બકુશ.

પ્ર. ૩. ભંતે ! કુશીલ કેટલા પ્રકારનાં કહ્યા છે ?
ઉ. ગૌતમ ! બે પ્રકારનાં કહ્યા છે, જેમકે-
૧. પ્રતિસેવના - કુશીલ, ૨. કષાય - કુશીલ.

પ્ર. ૩. (ક) ભંતે ! પ્રતિસેવના કુશીલ કેટલા પ્રકારનાં કહ્યા છે ?
ઉ. ગૌતમ ! પાંચ પ્રકારનાં કહ્યા છે. જેમકે-
૧. જ્ઞાન - પ્રતિસેવનાકુશીલ,
૨. દર્શન - પ્રતિસેવના કુશીલ,
૩. ચારિત્ર- પ્રતિસેવના કુશીલ,

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

---

૧. કષાય કુશીલ નિર્ગ્રંથ જ્યારે પુલાક લબ્ધિનો પ્રયોગ કરે છે ત્યારે પુલાક નિર્ગ્રંથ કહેવાય છે. તે સમયે તેને સંજ્વલન કષાયનો તીવ્ર ઉદય હોય છે. માટે તેનો સંયમ પર્યાય અધિક નષ્ટ થવાથી તેનો સંયમ અસાર થઈ જાય છે. આ લબ્ધિને પુલાક લબ્ધિ અને આ લબ્ધિનાં પ્રયોક્તાને પુલાક નિર્ગ્રંથ કહેવામાં આવે છે. આ લબ્ધિનો પ્રયોગ કરતા સમયે ત્રણ શુભ લેશ્યાઓનાં પરિણામ જ રહે છે. એટલા માટે કષાયની તીવ્રતા થવા પર પણ તે નિર્ગ્રંથ તો રહે જ છે. લબ્ધિ પ્રયોગનો કાળ અન્તર્મુહૂર્તથી અધિક નથી.
આ લબ્ધિ પ્રયોગનાં મૂળ કારણ પાંચ છે - (૧) જ્ઞાન, (૨) દર્શન, (૩) ચારિત્ર, (૪) લિંગ અને (૫) સાધુ-સાધ્વી આદિની રક્ષા.
ટીકાકારે લબ્ધિ પુલાક અને આસેવના-પુલાક આ બે ભેદ પણ કરેલ છે.
પરંતુ સૂત્ર વર્ણિત છત્રીસ દ્વારોનાં વિષયોથી આસેવના પુલાક ભેદની સંગતિ કોઈપણ પ્રકારથી સંભવ નથી. માટે લબ્ધિ પ્રયોગની અપેક્ષાથી જ સૂત્રોક્ત પાંચે ભેદ સમજવા સુસંગત છે.

૨. ठाणांग. अ. ५, उ.३, सु.४४५।

૩. જે શ્રમણની રુચિ આત્મ-શુદ્ધિની અપેક્ષાએ શરીરની વિભૂષા અને ઉપકરણોની સજાવટની તરફ વધારે થઈ જાય છે તો તેની પ્રવૃત્તિ. આહાર, પાણી, આરામ, શયન અને પ્રક્ષાલનની વધી જાય છે અને સ્વાધ્યાય, ધ્યાન, તપ આદિમાં પરિશ્રમ કરવાની પ્રવૃત્તિઓ ઓછી થઈ જાય છે તે બકુશ નિર્ગ્રંથ કહેવાય છે.
બકુશ નિર્ગ્રંથની પાંચ અવસ્થાઓ હોય છે - (૧) લોક લજ્જાનાં કારણે શરીર વિભૂષાદિની પ્રવૃત્તિઓ ગુપ્ત રૂપમાં કરનાર, (૨) લજ્જા નષ્ટ થઈ જવા પર પ્રકટ રુપમાં પ્રવૃત્તિ કરનાર, (૩) તે પ્રવૃત્તિને અયોગ્ય સમજતા થકા કરનાર, (૪) કંઈ સમજ્યા વગર દેખા-દેખી પરંપરાથી કરનાર, (૫) પ્રમાદમાં અનાવશ્યક સમય લગાડનાર અને ગુણોનો વિકાસ ન કરનાર, આ પાંચેય અવસ્થાઓની અપેક્ષાથી આ નિર્ગ્રંથનાં પાંચ પ્રકાર કહ્યા છે.

૪. પ્રતિસેવના કુશીલ નિર્ગ્રંથ ૧. જ્ઞાન, ૨. દર્શન, ૩. ચારિત્ર, ૪. લિંગ (ઉપકરણ) અને ૫. શરીર આદિ અન્ય હેતુઓથી સંયમનાં મૂળ ગુણોમાં કે ઉત્તર-ગુણોમાં પરિસ્થિતિવશ દોષ લગાડે છે. આ અપેક્ષાથી જ એના ઉપર પ્રમાણે પાંચ પ્રકાર કહ્યા છે.

४. लिंग-पडिसेवणाकुसीले,

५. अहासुहुमपडिसेवणाकुसीले नामं पंचमे।[1]

प. ३. (ख) कसायकुसीले[2] णं भंते ! कइविहे पण्णत्ते ?

उ. गोयमा ! पंचविहे पण्णत्ते, तं जहा-

१. नाण-कसायकुसीले, २. दंसण-कसायकुसीले,

३. चरित्त-कसायकुसीले, ४. लिंग-कसायकुसीले,

५. अहासुहुम-कसायकुसीले नामं पंचमे।

प. ४. णियंठे[3] णं भंते ! कइविहे पण्णत्ते ?

उ. गोयमा ! पंचविहे पण्णत्ते, तं जहा-

१. पढमसमय-नियंठे,

२. अपढमसमय-नियंठे,

३. चरिमसमय-नियंठे,

४. अचरिमसमय-नियंठे,

५. अहासुहुम-नियंठे नामं पंचमे।[4]

प. ५. सिणाए णं भंते ! कइविहे पण्णत्ते ?

उ. गोयमा ! पंचविहे पण्णत्ते, तं जहा-

१. अच्छवी, २. असवले, ३. अकम्मंसे,

४. संसुद्ध-नाण- दंसणधरे, अरहा, जिणेकेवली,

५. अपरिस्सावी।[5]

२. वेद-दारं-

प. १. पुलाए णं भंते ! किं सवेयए होज्जा, अवेयए होज्जा ?

૪. લિંગ - પ્રતિસેવના કુશીલ,

૫. યથાસૂક્ષ્મ - પ્રતિસેવના કુશીલ.

પ્ર. ૩. (ખ) ભંતે ! કષાયકુશીલ કેટલા પ્રકારનાં કહ્યા છે ?

ઉ. ગૌતમ ! પાંચ પ્રકારનાં કહ્યા છે, જેમકે-

૧. જ્ઞાન-કષાય કુશીલ, ૨. દર્શન- કષાયકુશીલ,

૩. ચારિત્ર - કષાય કુશીલ, ૪. લિંગ - કષાય કુશીલ.

૫. યથાસૂક્ષ્મ - કષાયકુશીલ.

પ્ર. ૪. ભંતે ! નિર્ગ્રંથ કેટલા પ્રકારનાં કહ્યા છે ?

ઉ. ગૌતમ ! પાંચ પ્રકારનાં કહ્યા છે, જેમકે-

૧. પ્રથમ સમય નિર્ગ્રંથ,

૨. અપ્રથમ સમય નિર્ગ્રંથ,

૩. ચરમ સમય નિર્ગ્રંથ,

૪. અચરમ સમય નિર્ગ્રંથ,

૫. યથાસૂક્ષ્મ નિર્ગ્રંથ.

પ્ર. ૫. ભંતે ! સ્નાતક કેટલા પ્રકારનાં કહ્યા છે ?

ઉ. ગૌતમ ! પાંચ પ્રકારનાં કહ્યા છે, જેમકે-

૧. **અચ્છવી** - શરીરની આશક્તિથી પૂર્ણ મુક્ત, ૨. **અસબલ** : સર્વથા દોષ રહિત ચારિત્રવાળા, ૩. **અકર્માંશ ઘાતી કર્મ** - રહિત, ૪. **વિશુદ્ધ જ્ઞાન દર્શન ધર - અરહંતજિન કેવળી,** ૫. **અપરિશ્રાવી** : સૂક્ષ્મ સાતાવેદનીયનાં સિવાય સંપૂર્ણ કર્મબંધોથી મુક્ત.

૨. વેદ-દ્વાર :

પ્ર. ૧. ભંતે ! પુલાક શું સવેદક હોય છે કે અવેદક હોય છે ?

---

१. ठाणं अ. ५, उ. ३, सु. ४४५

२ (क) કષાય કુશીલ નિર્ગ્રંથ જ્ઞાનાદિ ઉક્ત પાંચ હેતુઓથી સંજ્વલન કષાયની કોઈ પણ એક પ્રકૃતિમાં પ્રવૃત્ત થાય છે. એ અપેક્ષાથી એનાં પાંચ પ્રકાર છે. કષાયમાં પ્રવૃત્ત થતા છતાં પણ એ નિર્ગ્રંથ સંયમનાં મૂળગુણોમાં કે ઉત્તર ગુણોમાં કોઈપણ પ્રકારનાં દોષ લગાડતા નથી. અર્થાત્ સંયમ સમાચારીની નાની મોટી બધી વિધિઓનું યથાર્થ પાલન કરે છે. તેના ભાવ અને ભાષામાં કેવળ સંજ્વલન કષાય પ્રકટ થાય છે.

(ख) ठाणांग. अ. ५, उ.३, सु.४४५।

૩. આ નિર્ગ્રંથમાં કષાય પ્રવૃત્તિનો અને દોષોનાં સેવનનો સર્વથા અભાવ છે. માટે કેવળ કાળની અપેક્ષાથી એની પાંચ અવસ્થાઓ કહી છે. તે નિર્ગ્રંથ લોકમાં અશાશ્વત છે. અર્થાત્ ક્યારેક હોય છે અને ક્યારેક હોતા નથી. માટે પૃચ્છા સમયમાં કેવળ પ્રથમ સમયમાં જ એક કે અનેક નિર્ગ્રંથ મળે છે. આ પ્રમાણે ક્યારેક કદાચ અપ્રથમ સમયવર્તી, ક્યારેક કેવળ ચરમ સમયવર્તી, ક્યારેક કેવળ અચરમ સમયવર્તી નિર્ગ્રંથ મળે છે. આ અપેક્ષાઓથી ચાર ભેદ કહ્યા છે અને ક્યારેક ચારેયભંગોમાંથી અનેક ભંગવર્તી નિર્ગ્રંથ મળે છે. આ અપેક્ષાથી પાંચમો ભેદ કહ્યો છે.

४. ठाणं अ. ५, उ. ३, सु. ४४५

૫. આ નિર્ગ્રંથમાં કષાય ઉદય, કષાયની પ્રવૃત્તિ, દોષ સેવન કે અશાશ્વતતા વગેરે ન હોવાથી ભેદ નથી. છતાં પણ પૂર્વોક્ત નિર્ગ્રંથોનાં ૫-૫ ભેદ કહ્યા છે. એટલા માટે એના પાંચ ગુણોનો સમાવેશ કરીને પાંચ પ્રકાર કહ્યા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उ. गोयमा ! सवेयए होज्जा, नो अवेयए होज्जा।

प. जइ सवेयए होज्जा, किं इत्थिवेयए होज्जा, पुरिसवेयए होज्जा, पुरिस-नपुंसगवेयए होज्जा ?

उ. गोयमा ! नो इत्थिवेयए होज्जा, पुरिसवेयए होज्जा, पुरिस-नपुंसगवेयए वा होज्जा।

प. २. बउसे णं भंते ! किं सवेयए होज्जा, अवेयए होज्जा ?

उ. गोयमा ! सवेयए होज्जा, नो अवेयए होज्जा।

प. जइ सवेयए होज्जा, किं इत्थिवेयए होज्जा, पुरिसवेयए होज्जा, पुरिसनपुंसगवेयए होज्जा ?

उ. गोयमा ! इत्थिवेयए वा होज्जा, पुरिसवेयए वा होज्जा, पुरिसनपुंसगवेयए वा होज्जा।

३. (क) ***एवं पडिसेवणाकुसीले वि।***

प. ३. (ख) कसायकुसीले णं भंते ! किं सवेयए होज्जा, अवेयए होज्जा ?

उ. गोयमा ! सवेयए वा होज्जा, अवेयए वा होज्जा।

प. जइ अवेयए होज्जा, किं उवसंतवेयए होज्जा, खीणवेयए होज्जा ?

उ. गोयमा ! उवसंतवेयए वा होज्जा, खीणवेयए वा होज्जा।

प. जइ सवेयए होज्जा, किं इत्थिवेयए होज्जा, पुरिसवेयए होज्जा, पुरिसनपुंसगवेयए होज्जा ?

उ. गोयमा ! ***तिसु वि होज्जा, जहा बउसो।***

प. ४. नियंठे णं भंते ! किं सवेयए होज्जा, अवेयए होज्जा ?

उ. गोयमा ! नो सवेयए होज्जा, अवेयए होज्जा।

प. जइ अवेयए होज्जा, किं उवसंतवेयए होज्जा, खीणवेयए होज्जा ?

उ. गोयमा ! उवसंतवेयए वा होज्जा, खीणवेयए वा होज्जा।

प. ५. सिणाए णं भंते ! किं सवेयए होज्जा, अवेयए होज्जा ?

उ. गोयमा ! ***जहा णियंठे तहा सिणाए वि।***

ઉ. ગૌતમ ! સવેદક હોય છે, અવેદક હોતા નથી.

પ્ર. જો સવેદક હોય છે તો શું સ્ત્રી-વેદક હોય છે, પુરુષ-વેદક હોય છે કે પુરુષ નપુંસક-વેદક હોય છે?

ઉ. ગૌતમ ! સ્ત્રી-વેદક હોતા નથી, પુરુષ-વેદક હોય છે અને પુરુષ નપુંસક-વેદક પણ હોય છે.

પ્ર. ૨. ભંતે ! બકુશ શું સવેદક હોય છે કે અવેદક હોય છે ?

ઉ. ગૌતમ ! સવેદક હોય છે, અવેદક હોતા નથી.

પ્ર. જો સવેદક હોય છે તો શું સ્ત્રી-વેદક હોય છે, પુરુષ-વેદક હોય છે કે પુરુષ નપુંસક-વેદક હોય છે ?

ઉ. ગૌતમ ! સ્ત્રી-વેદક પણ હોય છે, પુરુષ વેદક પણ હોય છે અને પુરુષ નપુંસક-વેદક પણ હોય છે.

૩. (ક) ***પ્રતિસેવના કુશીલનાં માટે પણ આ પ્રમાણે જાણવું જોઈએ.***

પ્ર. ૩. (ખ) ભંતે ! કષાયકુશીલ શું સવેદક હોય છે કે અવેદક હોય છે ?

ઉ. ગૌતમ ! સવેદક પણ હોય છે અને અવેદક પણ હોય છે.

પ્ર. જો અવેદક હોય છે તો શું ઉપશાંત- વેદક હોય છે કે ક્ષીણવેદક હોય છે ?

ઉ. ગૌતમ ! ઉપશાંતવેદક પણ હોય છે અને ક્ષીણવેદક પણ હોય છે.

પ્ર. જો સવેદક હોય છે તો શું સ્ત્રી-વેદક હોય છે, પુરુષ-વેદક હોય છે કે પુરુષનપુંસક-વેદક હોય છે?

ઉ. ગૌતમ ! ***બકુશનાં સમાન ત્રણેય વેદવાળા હોય છે.***

પ્ર. ૪. ભંતે ! નિર્ગ્રંથ શું સવેદક હોય છે કે અવેદક હોય છે ?

ઉ. ગૌતમ ! સવેદક હોતા નથી, અવેદક હોય છે.

પ્ર. જો અવેદક હોય છે તો શું ઉપશાંત-વેદક હોય છે કે ક્ષીણ-વેદક હોય છે ?

ઉ. ગૌતમ ! ઉપશાંત-વેદક પણ હોય છે અને ક્ષીણ-વેદક પણ હોય છે.

પ્ર. ૫. ભંતે ! સ્નાતક શું સવેદક હોય છે કે અવેદક હોય છે ?

ઉ. ગૌતમ ! ***નિર્ગ્રંથનાં સમાન જ સ્નાતકનું વર્ણન કરવું જોઈએ.***

JAINSITE जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**णवरं** - नो उवसंतवेयए होज्जा, खीणवेयए होज्जा।

३. **राग-दारं-**

प. १. पुलाए णं भंते ! किं सरागे होज्जा, वीयरागे होज्जा ?

उ. गोयमा ! सरागे होज्जा, नो वीयरागे होज्जा,

२-३. ***एवं -जाव- कसायकुसीले।***

प. ४. नियंठे णं भंते ! किं सरागे होज्जा, वीयरागे होज्जा ?

उ. गोयमा ! नो सरागे होज्जा, वीयरागे होज्जा।

प. जइ वीयरागे होज्जा, किं उवसंतकसाय-वीयरागे होज्जा, खीणकसाय-वीयरागे होज्जा ?

उ. गोयमा ! उवसंतकसाय-वीयरागे वा होज्जा, खीणकसाय-वीयरागे वा होज्जा।

प. ५. सिणाए णं भंते ! किं सरागे होज्जा, वीयरागे होज्जा ?

उ. गोयमा ! ***जहा णियंठे तहा सिणाए वि।***

**णवरं-**नो उवसंतकसाय-वीयरागे होज्जा, खीणकसायवीयरागे होज्जा।

४. **कप्प-दारं-**

प. १. पुलाए णं भंते ! किं ठियकप्पे होज्जा, अठियकप्पे होज्जा ?

उ. गोयमा ! ठियकप्पे वा होज्जा, अठियकप्पे वा होज्जा,

(२-५) ***एवं -जाव- सिणाए।***

प. १. पुलाए णं भंते ! किं जिणकप्पे होज्जा, थेरकप्पे होज्जा, कप्पातीते होज्जा ?

उ. गोयमा ! नो जिणकप्पे होज्जा, नो कप्पातीते होज्जा, थेरकप्पे होज्जा।

प. २. बउसे णं भंते ! किं जिणकप्पे होज्जा, थेरकप्पे होज्जा, कप्पातीते होज्जा ?

उ. गोयमा ! जिणकप्पे वा होज्जा, थेरकप्पे वा होज्जा, नो कप्पातीते होज्जा।

३. (क) ***एवं पडिसेवणाकुसीले वि।***

***વિશેષ*** : સ્નાતક ઉપશાંત વેદક હોતા નથી, પરંતુ ક્ષીણવેદક હોય છે.

૩. **રાગ-દ્વાર :**

પ્ર. ૧. ભંતે ! પુલાક શું સરાગ હોય છે કે વીતરાગ હોય છે ?

ઉ. ગૌતમ ! તે સરાગ હોય છે, વીતરાગ હોતા નથી.

૨-૩. ***આ પ્રમાણે કષાયકુશીલ સુધી જાણવું જોઈએ.***

પ્ર. ૪. ભંતે ! નિર્ગ્રંથ શું સરાગ હોય છે કે વીતરાગ હોય છે ?

ઉ. ગૌતમ ! તે સરાગ હોતા નથી, વીતરાગ હોય છે.

પ્ર. જો વીતરાગ હોય છે તો શું ઉપશાંત કષાય વીતરાગ હોય છે કે ક્ષીણ કષાય વીતરાગ હોય છે ?

ઉ. ગૌતમ ! ઉપશાંત કષાય વીતરાગ પણ હોય છે, ક્ષીણ કષાય વીતરાગ પણ હોય છે.

પ્ર. ૫. ભંતે ! સ્નાતક શું સરાગ હોય છે કે વીતરાગ હોય છે ?

ઉ. ગૌતમ ! ***નિર્ગ્રંથનાં સમાન જ સ્નાતકનું વર્ણન કરવું જોઈએ.***

**વિશેષ** : સ્નાતક ઉપશાંતકષાય વીતરાગ હોતા નથી, પરંતુ ક્ષીણ કષાય-વીતરાગ હોય છે.

૪. **કલ્પ-દ્વાર :**

પ્ર. ૧. ભંતે ! પુલાક શું સ્થિતકલ્પી હોય છે કે અસ્થિતકલ્પી હોય છે?

ઉ. ગૌતમ ! સ્થિત કલ્પી પણ હોય છે અને અસ્થિતકલ્પી પણ હોય છે.

(૨-૫) ***આ પ્રમાણે સ્નાતક સુધી જાણવું જોઈએ.***

પ્ર. ૧. ભંતે ! પુલાક શું જિનકલ્પી હોય છે, સ્થવિરકલ્પી હોય છે કે કલ્પાતીત હોય છે ?

ઉ. ગૌતમ ! જિનકલ્પી હોતા નથી. કલ્પાતીત પણ હોતા નથી. પરંતુ સ્થવિરકલ્પી હોય છે.

પ્ર. ૨. ભંતે ! બકુશ શું જિનકલ્પી હોય છે, સ્થવિરકલ્પી હોય છે કે કલ્પાતીત હોય છે ?

ઉ. ગૌતમ ! જિનકલ્પી પણ હોય છે, સ્થવિર કલ્પી પણ હોય છે પરંતુ કલ્પાતીત હોતા નથી.

૩. (ક) ***પ્રતિ સેવનાકુશીલનું વર્ણન પણ આ પ્રમાણે જાણવું જોઈએ.***

जैन साहित्य JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. ३. (ख) कसायकुसीले णं भंते ! किं जिणकप्पे होज्जा, थेरकप्पे होज्जा, कप्पातीते होज्जा ?

उ. गोयमा ! जिणकप्पे वा होज्जा, थेरकप्पे वा होज्जा कप्पातीते वा होज्जा,

प. ४. नियंठे णं भंते ! किं जिणकप्पे होज्जा, थेरकप्पे होज्जा, कप्पातीते होज्जा ?

उ. गोयमा ! नो जिणकप्पे होज्जा, नो थेरकप्पे होज्जा, कप्पातीते होज्जा,

५. *एवं सिणाए वि ।*

५. **चरित्त-दारं-**

प. पुलाए णं भंते ! किं-१. सामाइयसंजमे होज्जा,
२. छेदोवट्ठावणियसंजमे होज्जा,
३. परिहारविसुद्धियसंजमे होज्जा,
४. सुहुमसंपरायसंजमे होज्जा,
५. अहक्खायसंजमे होज्जा ?

उ. गोयमा ! १. सामाइयसंजमे वा होज्जा,
२. छेदोवट्ठावणियसंजमे वा होज्जा,
३. नो परिहारविसुद्धियसंजमे होज्जा,
४. नो सुहुमसंपरायसंजमे होज्जा,
५. नो अहक्खायसंजमे होज्जा ।

***बउसे, पडिसेवणा-कुसीले वि एवं चेव ।***

प. कसाय-कुसीले णं भंते ! किं सामाइयसंजमे होज्जा **-जाव-** अहक्खायसंजमे होज्जा ?

उ. गोयमा ! सामाइयसंजमे वा होज्जा **-जाव-** सुहुम-संपराय संजमे वा होज्जा, नो अहक्खायसंजमे होज्जा ।

प. सुहुमसंपरायसंजए णं भंते ! सामाइयसंजयस्स परट्ठाणंसन्निगासेणं चरित्तपज्जवेहिं किं हीणे, तुल्ले, अब्भहिए ?

પ્ર. ભંતે ! સૂક્ષ્મ સંપરાય સંયતનાં ચારિત્ર પર્યવ સામાયિક સંયતનાં વિજાતીય ચારિત્ર પર્યવોથી શું હીન છે, તુલ્ય છે કે અધિક છે ?

उ. गोयमा ! नो हीणे, नो तुल्ले, अब्भहिए अणंतगुणमब्भहिए ।

ઉ. ગૌતમ ! હીન નથી, તુલ્ય નથી પરંતુ અધિક છે તે પણ અનન્તગુણ અધિક છે.

***एवं छेदोवट्ठावणिय-परिहारविसुद्धिएण वि समं ।***

***છેદોપસ્થાપનીય સંયત અને પરિહારવિશુદ્ધ સંયતનાં સાથે તુલના પણ આ પ્રમાણે કરવી જોઈએ.***

सट्ठाणे-सिय हीणे, सिय तुल्ले, सिय अब्भहिए ।

સ્વસ્થાનની અપેક્ષાએ અર્થાત્ એક સૂક્ષ્મ સંપરાય સંયતનાં ચારિત્ર પર્યવ અન્ય સૂક્ષ્મ સંપરાય સંયતનાં ચારિત્ર પર્યવોથી ક્યારેક હીન છે, ક્યારેક તુલ્ય છે અને ક્યારેક અધિક છે.

जइ हीणे-अणंतगुण हीणे ।

જો હીન છે તો - અનન્ત ગુણ હીન છે.

अह अब्भहिए-अणंतगुणमब्भहिए ।

જો અધિક છે તો - અનન્ત ગુણ અધિક છે.

प. सुहुमसंपरायसंजए णं भंते ! अहक्खायसंजयस्स य परट्ठाणंसन्निगासेणं चरित्तपज्जवेहिं किं हीणे, तुल्ले, अब्भहिए ?

પ્ર. ભંતે ! સૂક્ષ્મ સંપરાય સંયતનાં ચારિત્ર પર્યવ યથાખ્યાત સંયત વિજાતીય ચારિત્ર પર્યવોથી શું હીન છે, તુલ્ય છે કે અધિક છે ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उ. गोयमा ! हीणे, नो तुल्ले, नो अब्भहिए, अणंतगुणहीणे ।

अहक्खाय चरित्ते वि-हेट्ठिल्लाणं चउण्ह समं नो हीणे, नो तुल्ले, अब्भहिए-अणंतगुणमब्भहिए ।

सट्ठाणे-नो हीणे, तुल्ले, नो अब्भहिए ।

ઉ. ગૌતમ ! હીન છે, તુલ્ય નથી અને અધિક પણ નથી. પરંતુ અનન્ત ગુણ હીન છે.

યથાખ્યાત સંયતના ચારિત્ર પર્યવ નીચેનાં ચાર સંયતોનાં ચારિત્ર પર્યવોથી હીન નથી, તુલ્ય નથી, પરંતુ અધિક છે, તે પણ અનન્તગુણ અધિક છે.

(યથાખ્યાત સંયતનાં ચારિત્ર પર્યવ) સ્વસ્થાનની અપેક્ષાએ ન તો હીન છે, ન અધિક છે, પરંતુ તુલ્ય હોય છે.

**अप्पा-बहुयं -**

प. एएसि णं भंते ! १. सामाइय, २. छेदोवट्ठावणिय, ३. परिहारविसुद्धिय, ४. सुहुमसंपराय, ५. अहक्खायसंजयाणं जहन्नुक्कोसगाणं चरित्तपज्जवाणं कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

उ. गोयमा ! १. सामाइयसंजयस्स छेदोवट्ठावणियसंजयस्स य एएसि णं जहन्नगा चारित्तपज्जवा दोण्ह वि तुल्ला सव्वत्थोवा ।

२. परिहारविसुद्धियसंजयस्स जहन्नगा चरित्तपज्जवा अणंतगुणा ।

३. तस्स चेव उक्कोसगा चरित्तपज्जवा अणंतगुणा ।

४. सामाइयसंजयस्स छेदोवट्ठावणियसंजयस्स य, एएसि णं उक्कोसगा चरित्तपज्जवा दोण्ह वि तुल्ला अणंतगुणा ।

५. सुहुमसंपरायसंजयस्स जहन्नगा चरित्तपज्जवा अणंतगुणा ।

६. तस्स चेव उक्कोसगा चरित्तपज्जवा अणंतगुणा ।

७. अहक्खायसंजयस्स अजहन्नमणुक्कोसगा चरित्तपज्जवा अणंतगुणा ।

**અલ્પ-બહુત્વ :**

પ્ર. ભંતે ! ૧. સામાયિક સંયત, ૨. છેદોપસ્થાપનીય સંયત, ૩. પરિહારવિશુદ્ધ સંયત, ૪. સૂક્ષ્મ સંપરાય સંયત અને ૫. યથાખ્યાત સંયતનાં જઘન્ય અને ઉત્કૃષ્ટ ચારિત્ર પર્યવોમાં કોણ કોનાથી અલ્પ **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! ૧. સામાયિક સંયત અને છેદોપસ્થાપનીય સંયત આ બંનેનાં જઘન્ય ચારિત્ર પર્યવ બધાથી અલ્પ છે અને પરસ્પર તુલ્ય છે.

૨. (તેનાથી) પરિહાર વિશુદ્ધ સંયતનાં જઘન્ય ચારિત્ર પર્યવ અનન્તગુણા છે.

૩. (તેનાથી) તેના ઉત્કૃષ્ટ ચારિત્ર પર્યવ અનન્ત ગુણા છે.

૪. (તેનાથી) સામાયિક સંયત અને છેદોપસ્થાપનીય સંયત આ બંનેનાં ઉત્કૃષ્ટ ચારિત્ર પર્યવ પરસ્પર તુલ્ય અને અનન્ત ગુણા છે.

૫. (તેનાથી) સૂક્ષ્મ સંપરાય સંયતનાં જઘન્ય ચારિત્ર પર્યવ અનન્ત ગુણા છે.

૬. (તેનાથી) તેના ઉત્કૃષ્ટ ચારિત્ર પર્યવ અનન્ત ગુણા છે.

૭. (તેનાથી) યથાખ્યાત સંયતનાં અજઘન્ય - અનુત્કૃષ્ટ ચારિત્ર પર્યવ અનન્ત ગુણા છે.

**१६. जोग-दारं-**

प. सामाइयसंजए णं भंते ! किं सजोगी होज्जा, अजोगी होज्जा ?

उ. गोयमा ! सजोगी होज्जा, नो अजोगी होज्जा ।

प. जइ सजोगी होज्जा, किं मणजोगी होज्जा, वइजोगी होज्जा, कायजोगी होज्जा ?

**૧૬. યોગ-દ્વાર :**

પ્ર. ભંતે ! સામાયિક સંયત શું સયોગી હોય છે કે અયોગી હોય છે ?

ઉ. ગૌતમ ! સયોગી હોય છે, અયોગી હોતા નથી.

પ્ર. જો સયોગી હોય છે તો - શું મનયોગી હોય છે, વચનયોગી હોય છે કે કાયયોગી હોય છે ?

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उ. गोयमा ! मणजोगी वा होज्जा, वइजोगी वा होज्जा, कायजोगी वा होज्जा।

*एवं -जाव- सुहुमसंपरायसंजए।*

प. अहक्खायसंजए णं भंते ! किं सजोगी होज्जा, अजोगी होज्जा ?

उ. गोयमा ! सजोगी वा होज्जा, अजोगी वा होज्जा।

प. जइ सजोगी होज्जा, किं मणजोगी होज्जा, वइजोगी होज्जा, कायजोगी होज्जा ?

उ. गोयमा ! मणजोगी वा होज्जा, वइजोगी वा होज्जा, कायजोगी होज्जा।

**१७. उवओग-दारं-**

प. सामाइयसंजए णं भंते ! किं सागारोवउत्ते होज्जा, अणागारोवउत्ते होज्जा ?

उ. गोयमा ! सागारोवउत्ते वा होज्जा, अणागारोवउत्ते वा होज्जा।

*एवं -जाव- अहक्खाए।*

**णवरं**-सुहुमसंपराए सागारोवउत्ते होज्जा, नो अणागारोवउत्ते होज्जा।

**१८. कसाय-दारं -**

प. सामाइयसंजए णं भंते ! किं सकसायी होज्जा, अकसायी होज्जा ?

उ. गोयमा ! सकसायी होज्जा, नो अकसायी होज्जा।

प. जइ सकसायी होज्जा, से णं भंते ! कइसु कसाएसु होज्जा ?

उ. गोयमा !चउसु वा, तिसु वा, दोसु वा होज्जा।

**चउसु** होमाणे-चउसु १. संजलण कोह, २. माण, ३. माया, ४. लोभेसु होज्जा।

**तिसु** होमाणे-तिसु १. संजलण माण, २. माया, ३. लोभेसु होज्जा।

**दोसु** होमाणे-दोसु १. संजलण माया, २. लोभेसु होज्जा।

*एवं छेदोवट्ठावणिए वि।*

ઉ. ગૌતમ ! મનયોગી પણ હોય છે, વચનયોગી પણ હોય છે અને કાયયોગી પણ હોય છે.

***આ પ્રમાણે સૂક્ષ્મ સંપરાય સંયત સુધી જાણવું જોઈએ.***

પ્ર. ભંતે ! યથાખ્યાત સંયત શું સયોગી હોય છે કે અયોગી હોય છે ?

ઉ. ગૌતમ ! સયોગી પણ હોય છે અને અયોગી પણ હોય છે.

પ્ર. જો સયોગી હોય છે તો - શું મનયોગી હોય છે, વચનયોગી હોય છે કે કાયયોગી હોય છે ?

ઉ. ગૌતમ ! મનયોગી પણ હોય છે, વચનયોગી પણ હોય છે અને કાયયોગી પણ હોય છે.

**૧૭. ઉપયોગ - દ્વાર :**

પ્ર. ભંતે ! સામાયિક સંયત શું સાકારોપયુક્ત હોય છે કે અનાકારોપયુક્ત હોય છે ?

ઉ. ગૌતમ ! સાકારોપયુક્ત પણ હોય છે અને અનાકારોપયુક્ત પણ હોય છે.

***આ પ્રમાણે યથાખ્યાત સંયત સુધી જાણવું જોઈએ.***

**વિશેષ** : સૂક્ષ્મ સંપરાય સંયત સાકારોપયુક્ત જ હોય છે. અનાકારોપયુક્ત હોતા નથી.

**૧૮. કષાય-દ્વાર :**

પ્ર. ભંતે ! સામાયિક સંયત શું સકષાયી હોય છે કે અકષાયી હોય છે ?

ઉ. ગૌતમ ! સકષાયી હોય છે અકષાયી હોતા નથી.

પ્ર. ભંતે ! જો સકષાયી હોય છે તો કેટલા કષાય હોય છે ?

ઉ. ગૌતમ ! ચાર, ત્રણ કે બે કષાય હોય છે.

**ચાર** હોય તો - ૧. સંજ્વલન ક્રોધ, ૨. માન, ૩. માયા અને ૪. લોભ હોય છે.

**ત્રણ** હોય તો - ૧. સંજ્વલન માન, ૨. માયા અને ૩. લોભ હોય છે.

**બે** હોય તો - ૧. સંજ્વલન માયા અને ૨. લોભ હોય છે.

***આ પ્રમાણે છેદોપસ્થાપનીય સંયત પણ જાણવું જોઈએ.***

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. परिहारविसुद्धिए णं भंते ! किं सकसायी होज्जा, अकसायी होज्जा ?

उ. गोयमा ! सकसायी होज्जा, नो अकसायी होज्जा।

प. जइ सकसायी होज्जा, से णं भंते ! कइसु कसाएसु होज्जा ?

उ. गोयमा ! चउसु संजलण कोह-माण-माया-लोभेसु होज्जा ।

प. सुहुमसंपराए णं भंते ! किं सकसायी होज्जा, अकसायी होज्जा ?

उ. गोयमा ! सकसायी होज्जा, नो अकसायी होज्जा।

प. जइ सकसायी होज्जा, से णं भंते ! कइसु कसाएसु होज्जा ?

उ. गोयमा ! एगम्मि संजलणे लोभे होज्जा।

प. अहक्खायसंजए णं भंते ! किं सकसायी होज्जा, अकसायी होज्जा ?

उ. गोयमा ! नो सकसायी होज्जा, अकसायी होज्जा।

प. जइ अकसायी होज्जा, किं उवसंतकसायी होज्जा, खीणकसायी होज्जा ?

उ. गोयमा ! उवसंतकसायी वा होज्जा, खीणकसायी वा होज्जा।

**१९. लेस्सा-दारं-**

प. सामाइयसंजए णं भंते ! किं सलेस्से होज्जा, अलेस्से होज्जा ?

उ. गोयमा ! सलेस्से होज्जा, नो अलेस्से होज्जा।

प. जइ सलेस्से होज्जा, से णं भंते ! कइसु लेसासु होज्जा ?

उ. गोयमा ! छसु लेसासु होज्जा, तं जहा -

१. कण्हलेसाए **-जाव-** ६. सुक्कलेसाए।

***एवं छेदोवट्ठावणिए वि।***

प. परिहारविसुद्धियसंजए णं भंते ! किं सलेस्से होज्जा, अलेस्से होज्जा ?

उ. गोयमा ! सलेस्से होज्जा, नो अलेस्से होज्जा।

प. जइ सलेस्से होज्जा, से णं भंते ! कइसु लेसासु होज्जा ?

પ્ર. ભંતે ! પરિહાર વિશુદ્ધ સંયત શું સકષાયી હોય છે કે અકષાયી હોય છે ?

ઉ. ગૌતમ ! સકષાયી હોય છે, અકષાયી હોતા નથી.

પ્ર. ભંતે ! જો તે સકષાયી હોય છે તો કેટલી કષાય હોય છે ?

ઉ. ગૌતમ ! સંજ્વલન ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કષાય હોય છે.

પ્ર. ભંતે ! સૂક્ષ્મ સંપરાય સંયત શું સકષાયી હોય છે કે અકષાયી હોય છે ?

ઉ. ગૌતમ ! સકષાયી હોય છે, અકષાયી હોતા નથી.

પ્ર. ભંતે ! જો તે સકષાયી હોય છે તો કેટલી કષાય હોય છે ?

ઉ. ગૌતમ ! એક સંજ્વલન લોભ હોય છે.

પ્ર. ભંતે ! યથાખ્યાત સંયત શું સકષાયી હોય છે કે અકષાયી હોય છે ?

ઉ. ગૌતમ ! સકષાયી હોતા નથી, અકષાયી હોય છે.

પ્ર. જો તે અકષાયી હોય છે તો - શું ઉપશાંત કષાયી હોય છે કે ક્ષીણકષાયી હોય છે ?

ઉ. ગૌતમ ! ઉપશાંત કષાયી પણ હોય છે અને ક્ષીણ કષાયી પણ હોય છે.

**૧૯. લેશ્યા-દ્વાર :**

પ્ર. ભંતે ! સામાયિક સંયત શું સલેશી હોય છે કે અલેશી હોય છે ?

ઉ. ગૌતમ ! સલેશી હોય છે, અલેશી હોતા નથી.

પ્ર. ભંતે ! જો તે સલેશી હોય છે તો કેટલી લેશ્યાઓ હોય છે ?

ઉ. ગૌતમ ! છ લેશ્યાઓ હોય છે, જેમકે -

૧. કૃષ્ણ લેશ્યા **-યાવત્-** ૬. શુક્લ લેશ્યા.

***આ પ્રમાણે છેદોપસ્થાપનીય સંયત પણ જાણવું જોઈએ.***

પ્ર. ભંતે ! પરિહાર વિશુદ્ધ સંયત શું સલેશી હોય છે કે અલેશી હોય છે ?

ઉ. ગૌતમ ! સલેશી હોય છે, અલેશી હોતા નથી.

પ્ર. ભંતે ! જો તે સલેશી હોય છે તો કેટલી લેશ્યાઓ હોય છે ?

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

उ. गोयमा ! तिसु विसुद्धलेसासु होज्जा, तं जहा -
१. तेउलेसाए २. पम्हलेसाए, ३. सुक्कलेसाए।

प. सुहुमसंपरायसंजए णं भंते ! किं सलेस्से होज्जा, अलेस्से होज्जा ?

उ. गोयमा ! सलेस्से होज्जा, नो अलेस्से होज्जा।

प. जइ सलेस्से होज्जा-से णं भंते ! कइसु लेसासु होज्जा ?

उ. गोयमा ! एक्काए सुक्कलेसाए होज्जा।

प. अहक्खायसंजए णं भंते ! किं सलेस्से होज्जा, अलेस्से होज्जा ?

उ. गोयमा ! सलेस्से वा होज्जा, अलेस्से वा होज्जा।

प. जइ सलेस्से होज्जा, से णं भंते ! कइसु लेसासु होज्जा ?

उ. गोयमा ! एगाए सुक्कलेसाए होज्जा।

**२०. परिणाम-दारं-**

प. सामाइयसंजए णं भंते ! किं १. वड्ढमाणपरिणामे होज्जा,
२. हायमाण परिणामे होज्जा,
३. अवट्ठियपरिणामे होज्जा ?

उ. गोयमा ! १. वड्ढमाणपरिणामे वा होज्जा,
२. हायमाणपरिणामे वा होज्जा,
३. अवट्ठियपरिणामे वा होज्जा।

***एवं -जाव- परिहारविसुद्धियसंजए।***

प. सुहुमसंपरायसंजए णं भंते ! किं वड्ढमाणपरिणामे होज्जा, हायमाणपरिणामे होज्जा, अवट्ठियपरिणामे होज्जा ?

उ. गोयमा ! वड्ढमाणपरिणामे वा होज्जा, हायमाण-परिणामे वा होज्जा, नो अवट्ठियपरिणामे होज्जा।

प. अहक्खायसंजए णं भंते ! किं वड्ढमाणपरिणामे होज्जा, हायमाणपरिणामे होज्जा, अवट्ठिय परिणामे होज्जा ?

उ. गोयमा ! वड्ढमाणपरिणामे होज्जा, नो हायमाण परिणामे होज्जा, अवट्ठियपरिणामे वा होज्जा।

ઉ. ગૌતમ ! ત્રણ વિશુદ્ધ લેશ્યાઓ હોય છે. જેમકે-
૧. તેજો લેશ્યા, ૨. પદ્મલેશ્યા, ૩. શુક્લ લેશ્યા.

પ્ર. ભંતે ! સૂક્ષ્મ સંપરાય સંયત શું સલેશી હોય છે કે અલેશી હોય છે ?

ઉ. ગૌતમ ! સલેશી હોય છે, અલેશી હોતા નથી.

પ્ર. ભંતે ! જો તે સલેશી હોય છે તો કેટલી લેશ્યાઓ હોય છે ?

ઉ. ગૌતમ ! એક શુક્લ લેશ્યા હોય છે.

પ્ર. ભંતે ! યથાખ્યાત સંયત શું સલેશી હોય છે કે અલેશી હોય છે ?

ઉ. ગૌતમ ! સલેશી પણ હોય છે અને અલેશી પણ હોય છે.

પ્ર. ભંતે ! જો તે સલેશી હોય છે તો કેટલી લેશ્યાઓ હોય છે ?

ઉ. ગૌતમ ! એક શુક્લ લેશ્યા હોય છે.

**૨૦. પરિણામ - દ્વાર :**

પ્ર. ભંતે ! સામાયિક સંયત શું વર્ધમાન પરિણામવાળા હોય છે,
૨. હીયમાન પરિણામવાળા હોય છે કે
૩. અવસ્થિત પરિણામવાળા હોય છે ?

ઉ. ગૌતમ ! ૧. વર્ધમાન પરિણામવાળા પણ હોય છે.
૨. હીયમાન પરિણામવાળા પણ હોય છે,
૩. અવસ્થિત પરિણામવાળા પણ હોય છે.

***આ પ્રમાણે પરિહારવિશુદ્ધ સંયત સુધી જાણવું જોઈએ.***

પ્ર. ભંતે ! સૂક્ષ્મ સંપરાય સંયત શું વર્ધમાન પરિણામ-વાળા હોય છે, હીયમાન પરિણામવાળા હોય છે કે અવસ્થિત પરિણામવાળા હોય છે ?

ઉ. ગૌતમ ! વર્ધમાન પરિણામવાળા પણ હોય છે, હીયમાન પરિણામવાળા પણ હોય છે પરંતુ અવસ્થિત પરિણામવાળા હોતા નથી.

પ્ર. ભંતે ! યથાખ્યાત સંયત શું વર્ધમાન પરિણામવાળા હોય છે, હીયમાન પરિણામવાળા હોય છે કે અવસ્થિત પરિણામવાળા હોય છે ?

ઉ. ગૌતમ ! વર્ધમાન પરિણામવાળા હોય છે, હીયમાન પરિણામવાળા હોતા નથી, અવસ્થિત પરિણામવાળા હોય છે.

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

प. सामाइयसंजए णं भंते ! केवइयं कालं वड्ढमाणपरिणामे होज्जा ?

उ. गोयमा ! जहन्नेणं-एक्कं समयं,
उक्कोसेणं- अंतोमुहुत्तं।

प. केवइयं कालं हायमाणपरिणामे होज्जा ?

उ. गोयमा ! जहन्नेणं-एक्कं समयं,
उक्कोसेणं- अंतोमुहुत्तं।

प. केवइयं कालं अवट्ठिय-परिणामे होज्जा ?

उ. गोयमा ! जहन्नेणं-एक्कं समयं,
उक्कोसेणं -सत्त समया।

***एवं -जाव- परिहारविसुद्धिए।***

प. सुहुमसंपरायसंजए णं भंते ! केवइयं कालं वड्ढमाणपरिणामे होज्जा ?

उ. गोयमा ! जहन्नेणं-एक्कं समयं,
उक्कोसेणं- अंतोमुहुत्तं,

***हायमाणपरिणामे वि एवं चेव।***

प. अहक्खायसंजए णं भंते ! केवइयं कालं वड्ढमाणपरिणामे होज्जा ?

उ. गोयमा ! जहन्नेणं-अंतोमुहुत्तं,
उक्कोसेणं-अंतोमुहुत्तं।

प. केवइयं कालं अवट्ठियपरिणामे होज्जा ?

उ. गोयमा ! जहन्नेणं-एक्कं समयं,
उक्कोसेणं-देसूणा पुव्वकोडी।

**२१. कम्मवन्ध-दारं-**

प. सामाइयसंजए णं भंते ! कइ कम्मपगडीओ बंधइ ?

उ. गोयमा ! सत्तविह बंधए वा, अट्ठविह बंधए वा।

**सत्त** बंधमाणे आउयवज्जाओ सत्त कम्मपगडीओ बंधइ।

**अट्ठ** बंधमाणे पडिपुण्णाओ अट्ठ कम्मपगडीओ बंधइ।

***एवं -जाव- परिहारविसुद्धियसंजए।***

પ્ર. ભંતે ! સામાયિક સંયતનું વર્ધમાન પરિણામ કેટલા સમય સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય એક સમય,
ઉત્કૃષ્ટ - અન્તર્મુહૂર્ત.

પ્ર. હીયમાન પરિણામ કેટલા સમય સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય - એક સમય,
ઉત્કૃષ્ટ - અન્તર્મુહૂર્ત.

પ્ર. અવસ્થિત પરિણામ કેટલા સમય સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય - એક સમય,
ઉત્કૃષ્ટ - સાત સમય.

***આ પ્રમાણે પરિહાર વિશુદ્ધ સંયત સુધી જાણવું જોઈએ.***

પ્ર. ભંતે ! સૂક્ષ્મ સંપરાય સંયતનું વર્ધમાન પરિણામ કેટલા સમય સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય - એક સમય,
ઉત્કૃષ્ટ - અન્તર્મુહૂર્ત.

***હીયમાન પરિણામનું જઘન્ય - ઉત્કૃષ્ટ સમય પણ આ પ્રમાણે જાણવું જોઈએ.***

પ્ર. ભંતે ! યથાખ્યાત સંયતનું વર્ધમાન પરિણામ કેટલા સમય સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય - અન્તર્મુહૂર્ત,
ઉત્કૃષ્ટ - અન્તર્મુહૂર્ત.

પ્ર. અવસ્થિત પરિણામ કેટલા સમય સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય - એક સમય,
ઉત્કૃષ્ટ - દેશોન ક્રોડ પૂર્વ.

**૨૧. કર્મબંધ - દ્વાર :**

પ્ર. ભંતે ! સામાયિક સંયત કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે છે ?

ઉ. ગૌતમ ! સાત કર્મપ્રકૃતિઓ પણ બાંધે છે અને આઠ કર્મપ્રકૃતિઓ પણ બાંધે છે.

**સાત** બાંધે તો - આયુ કર્મને છોડીને બાકીની સાત કર્મપ્રકૃતિઓને બાંધે છે.

**આઠ** બાંધે તો - પ્રતિપૂર્ણ આઠેય કર્મપ્રકૃતિઓને બાંધે છે.

***આ પ્રમાણે પરિહારવિશુદ્ધ સંયત સુધી જાણવું જોઈએ.***

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. सुहुमसंपरायसंजए णं भंते ! कइ कम्मपगडीओ बंधइ ?

उ. गोयमा ! आउय-मोहणिज्जवज्जाओ छ कम्मपगडीओ बंधइ।

प. अहक्खायसंजए णं भंते ! कइ कम्मपगडीओ बंधइ ?

उ. गोयमा ! एगविह बंधए वा, अबंधए वा।

एगं बंधमाणे एगं वेयणिज्जं कम्मं बंधइ।

## २२. कम्मवेय-दारं-

प. सामाइयसंजए णं भंते ! कइ कम्मपगडीओ वेएइ ?

उ. गोयमा ! नियमं अट्ठ कम्मपगडीओ वेएइ।

***एवं -जाव- सुहुमसंपरायसंजए।***

प. अहक्खायसंजए णं भंते ! कइ कम्मपगडीओ वेएइ ?

उ. गोयमा ! सत्तविह वेयए वा, चउव्विह वेयए वा।

**सत्त** वेएमाणे-मोहणिज्जवज्जाओ सत्त कम्मपगडीओ वेएइ।

**चत्तारि** वेएमाणे-१. वेयणिज्ज, २. आउय, ३. नाम, ४. गोयाओ चत्तारि कम्मपगडीओ वेएइ।

## २३. कम्मोदीरण-दारं-

प. सामाइयसंजए णं भंते ! कइ कम्मपगडीओ उदीरेइ ?

उ. गोयमा ! छव्विह उदीरए वा, सत्तविह उदीरए वा, अट्ठविह उदीरए वा।

**छ** उदीरेमाणे-आउय-वेयणिज्जवज्जाओ छ कम्मपगडीओ उदीरेइ।

**सत्त** उदीरेमाणे-आउयवज्जाओ सत्तकम्मपगडीओ उदीरेइ।

**अट्ठ** उदीरेमाणे-पडिपुण्णाओ अट्ठ कम्मपगडीओ उदीरेइ।

***एवं -जाव- परिहारविसुद्धियसंजए।***

પ્ર. ભંતે ! સૂક્ષ્મ સંપરાય સંયત કેટલી કર્મપ્રકૃતિઓને બાંધે છે ?

ઉ. ગૌતમ ! આયુ કર્મ અને મોહનીય કર્મને છોડીને બાકી છયે કર્મપ્રકૃતિઓને બાંધે છે.

પ્ર. ભંતે ! યથાખ્યાત સંયત કેટલી કર્મપ્રકૃતિઓને બાંધે છે ?

ઉ. ગૌતમ ! એકવિધ બંધક અને અબંધક છે.

એક બાંધે તો એક વેદનીય કર્મ બાંધે છે.

## ૨૨. કર્મવેદન-દ્વાર :

પ્ર. ભંતે ! સામાયિક સંયત કેટલી કર્મપ્રકૃતિઓનું વેદન કરે છે ?

ઉ. ગૌતમ ! આઠેય કર્મ પ્રકૃતિઓનું નિરંતર વેદન કરે છે.

***આ પ્રમાણે સૂક્ષ્મ સંપરાય સંયત સુધી જાણવું જોઈએ.***

પ્ર. ભંતે ! યથાખ્યાત સંયત કેટલી કર્મપ્રકૃતિઓનું વેદન કરે છે ?

ઉ. ગૌતમ ! સાત કર્મપ્રકૃતિઓનું વેદન કરે છે કે ચાર કર્મપ્રકૃતિઓનું વેદન કરે છે.

**સાત**નું વેદન કરતો - મોહનીય કર્મને છોડીને સાત કર્મપ્રકૃતિઓનું વેદન કરે છે.

**ચાર**નું વેદન કરતો - ૧. વેદનીય, ૨. આયુ, ૩. નામ અને ૪. ગોત્ર - આ ચાર કર્મપ્રકૃતિઓનું વેદન કરે છે.

## ૨૩. કર્મ ઉદીરણા-દ્વાર :

પ્ર. ભંતે ! સામાયિક સંયત કેટલી કર્મપ્રકૃતિઓની ઉદીરણા કરે છે ?

ઉ. ગૌતમ ! છ કર્મપ્રકૃતિઓની ઉદીરણા કરે છે. સાત કર્મપ્રકૃતિઓની ઉદીરણા કરે છે, આઠ કર્મ-પ્રકૃતિઓની ઉદીરણા કરે છે.

**છ**ની ઉદીરણા કરે તો - આયુ કર્મ અને મોહનીય કર્મને છોડીને બાકી છ કર્મપ્રકૃતિઓની ઉદીરણા કરે છે.

**સાત**ની ઉદીરણા કરે તો - આયુ કર્મને છોડીને સાત કર્મપ્રકૃતિઓની ઉદીરણા કરે છે.

**આઠ**ની ઉદીરણા કરે તો - પ્રતિપૂર્ણ - આઠેય કર્મ-પ્રકૃતિઓની ઉદીરણા કરે છે.

***આ પ્રમાણે પરિહાર વિશુદ્ધ સંયત સુધી જાણવું જોઈએ.***

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

प. सुहुमसंपरायसंजए णं भंते ! कइ कम्मपगडीओ उदीरेइ-?

उ. गोयमा ! छव्विह उदीरए वा, पंचविह उदीरए वा।

**छ** उदीरेमाणे-आउय-वेयणिज्जवज्जाओ छ कम्मपगडीओ उदीरेइ।

**पंच** उदीरेमाणे-आउय-वेयणिय-मोहणिज्जवज्जाओ पंच कम्मपगडीओ उदीरेइ।

प. अहक्खायसंजए णं भंते ! कइ कम्मपगडीओ उदीरेइ ?

उ. गोयमा ! पंचविह उदीरए वा, दुविह उदीरए वा, अणुदीरए वा।

**पंच** उदीरेमाणे-आउय-वेयणिय-मोहणिज्जवज्जाओ पंच कम्मपगडीओ उदीरेइ।

**दो** उदीरेमाणे-नामं च, गोयं च उदीरेइ।

**२४. उवसंपजहण-दारं-**

प. सामाइयसंजए णं भंते ! सामाइयसंजयत्तं जहमाणे किं जहइ, किं उवसंपज्जइ ?

उ. गोयमा ! सामाइयसंजयत्तं जहइ,

छेदोवट्ठावणियसंजयं वा, सुहुमसंपरायसंजयं वा, संजमासंजमं वा, असंजमं वा उवसंपज्जइ।

प. छेदोवट्ठावणियसंजए णं भंते ! छेदोवट्ठावणियसंजयत्तं जहमाणे किं जहइ, किं उवसंपज्जइ ?

उ. गोयमा ! छेदोवट्ठावणियसंजयत्तं जहइ,

सामाइयसंजयं वा, परिहारविसुद्धियसंजयं वा, सुहुमसंपरायसंजयं वा, संजमासंजमं वा, असंजमं वा उवसंपज्जइ।

प. परिहारविसुद्धियसंजए णं भंते ! परिहारविसुद्धियसंजयत्तं जहमाणे किं जहइ, किं उवसंपज्जइ ?

उ. गोयमा ! परिहारविसुद्धियसंजयत्तं जहइ,

પ્ર. ભંતે ! સૂક્ષ્મ સંપરાય સંયત કેટલી કર્મ પ્રકૃતિઓની ઉદીરણા કરે છે ?

ઉ. ગૌતમ ! છ કર્મ પ્રકૃતિઓની કે પાંચ કર્મ પ્રકૃતિઓની ઉદીરણા કરે છે.

**છ**ની ઉદીરણા કરે તો - આયુ કર્મ અને વેદનીય કર્મને છોડીને બાકી છ કર્મ પ્રકૃતિઓની ઉદીરણા કરે છે.

**પાંચ**ની ઉદીરણા કરે તો - આયુ કર્મ, વેદનીય કર્મ અને મોહનીય કર્મને છોડીને બાકી પાંચ કર્મ-પ્રકૃતિઓની ઉદીરણા કરે છે.

પ્ર. ભંતે ! યથાખ્યાત સંયત કેટલી કર્મ-પ્રકૃતિઓની ઉદીરણા કરે છે ?

ઉ. ગૌતમ ! પાંચ કર્મ પ્રકૃતિઓની કે બે કર્મ પ્રકૃતિઓની ઉદીરણા કરે છે. અથવા ઉદીરણા કરતા પણ નથી.

**પાંચ**ની ઉદીરણા કરે તો - આયુકર્મ, વેદનીય કર્મ-અને મોહનીય કર્મને છોડીને બાકી પાંચ કર્મ પ્રકૃતિઓની ઉદીરણા કરે છે.

**બે**ની ઉદીરણા કરે તો- નામ કર્મ અને ગોત્ર કર્મની ઉદીરણા કરે છે.

**૨૪. ઉપસંપત જહન-દ્વાર :**

પ્ર. ભંતે ! સામાયિક સંયત, સામાયિક સંયતપણાને છોડતા શું છોડે છે અને શું પ્રાપ્ત કરે છે ?

ઉ. ગૌતમ ! સામાયિક સંયતપણાને છોડે છે,

છેદોપસ્થાપનીય સંયત, સૂક્ષ્મ-સંપરાય સંયત, સંયમાસંયમ કે અસંયમને પ્રાપ્ત કરે છે.

પ્ર. ભંતે ! છેદોપસ્થાપનીય સંયત, છેદોપસ્થાપનીય સંયતપણાને છોડતા શું છોડે છે અને શું પ્રાપ્ત કરે છે ?

ઉ. ગૌતમ ! છેદોપસ્થાપનીય સંયતપણાને છોડે છે.

સામાયિક સંયત, પરિહાર વિશુદ્ધ સંયત, સૂક્ષ્મ સંપરાય સંયત, સંયમા-સંયમ કે અસંયમને પ્રાપ્ત કરે છે.

પ્ર. ભંતે ! પરિહાર વિશુદ્ધ સંયત, પરિહાર વિશુદ્ધ સંયતપણાને છોડતા શું છોડે છે અને શું પ્રાપ્ત કરે છે ?

ઉ. ગૌતમ ! પરિહાર વિશુદ્ધ સંયતપણાને છોડે છે.

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

छेदोवट्ठावणियसंजयं वा, असंजमं वा उवसंपज्जइ।

છેદોપસ્થાપનીય સંયતને કે અસંયમને પ્રાપ્ત કરે છે.

प. सुहुमसंपरायसंजए णं भंते ! सुहुमसंपरायसंजयत्तं जहमाणे किं जहइ, किं उवसंपज्जइ ?

પ્ર. ભંતે ! સૂક્ષ્મ સંપરાય સંયત, સૂક્ષ્મ સંપરાય સંયતપણાને છોડતા શું છોડે છે અને શું પ્રાપ્ત કરે છે ?

उ. गोयमा ! सुहुमसंपरायसंजयत्तं जहइ,

सामाइयसंजयं वा, छेदोवट्ठावणियसंजयं वा, अहक्खायसंजयं वा, असंजमं वा उवसंपज्जइ।

ઉ. ગૌતમ ! સૂક્ષ્મ સંપરાય સંયતપણાને છોડે છે.

સામાયિક સંયત, છેદોપસ્થાપનીય સંયત, યથાખ્યાત સંયત કે અસંયમને પ્રાપ્ત કરે છે.

प. अहक्खायसंजए णं भंते ! अहक्खायसंजयत्तं जहमाणे किं जहइ, किं उवसंपज्जइ ?

પ્ર. ભંતે ! યથાખ્યાત સંયત, યથાખ્યાત સંયતપણાને છોડતા શું છોડે છે અને શું પ્રાપ્ત કરે છે ?

उ. गोयमा ! अहक्खायसंजयत्तं जहइ,

सुहुमसंपरायसंजयं वा, असंजमं वा, सिद्धिगइं वा उवसंपज्जइ।

ઉ. ગૌતમ ! યથાખ્યાત સંયતપણાને છોડે છે,

સૂક્ષ્મ સંપરાય સંયતને કે અસંયમને પ્રાપ્ત કરે છે અથવા સિદ્ધ ગતિને પ્રાપ્ત કરે છે.

**२५. सण्णा-दारं-**

**૨૫. સંજ્ઞા - દ્વાર :**

प. सामाइयसंजए णं भंते ! किं सण्णोवउत्ते होज्जा, नो सण्णोवउत्ते होज्जा ?

પ્ર. ભંતે ! સામાયિક સંયત શું સંજ્ઞોપયુક્ત હોય છે કે અસંજ્ઞોપયુક્ત હોય છે ?

उ. गोयमा ! सण्णोवउत्ते वा होज्जा, नो सण्णोवउत्ते वा होज्जा।

***एवं -जाव- परिहारविसुद्धियसंजए।***

ઉ. ગૌતમ ! સંજ્ઞોપયુક્ત પણ હોય છે અને સંજ્ઞોપયુક્ત પણ હોતા નથી.

***આ પ્રમાણે પરિહારવિશુદ્ધ સંયત સુધી જાણવું જોઈએ.***

प. सुहुमसंपरायसंजए णं भंते ! किं सण्णोवउत्ते होज्जा, नो सण्णोवउत्ते होज्जा ?

પ્ર. ભંતે ! સૂક્ષ્મ સંપરાય સંયત શું સંજ્ઞોપયુક્ત હોય છે કે અસંજ્ઞોપયુક્ત હોય છે ?

उ. गोयमा ! नो सण्णोवउत्ते होज्जा।

***एवं अहक्खायसंजए वि।***

ઉ. ગૌતમ ! સંજ્ઞોપયુક્ત હોતા નથી.

***આ પ્રમાણે યથાખ્યાત સંયત પણ જાણવું જોઈએ.***

**२६. आहार-दारं-**

**૨૬. આહાર-દ્વાર :**

प. सामाइयसंजए णं भंते ! किं आहारए होज्जा, अणाहारए होज्जा ?

પ્ર. ભંતે ! સામાયિક સંયત શું આહારક હોય છે કે અનાહારક હોય છે ?

उ. गोयमा ! आहारए होज्जा, नो अणाहारए होज्जा।

***एवं -जाव- सुहुमसंपरायसंजए।***

ઉ. ગૌતમ ! આહારક હોય છે, અનાહારક હોતા નથી.

***આ પ્રમાણે સૂક્ષ્મ સંપરાય સંયત સુધી જાણવું જોઈએ.***

प. अहक्खायसंजए णं भंते ! किं आहारए होज्जा, अणाहारए होज्जा ?

પ્ર. ભંતે ! યથાખ્યાત સંયત શું આહારક હોય છે કે અનાહારક હોય છે ?

उ. गोयमा ! आहारए वा होज्जा, अणाहारए वा होज्जा।

ઉ. ગૌતમ ! આહારક પણ હોય છે, અનાહારક પણ હોય છે.

**२७. भव-दारं-**

**૨૭. ભવ-દ્વાર :**

प. सामाइयसंजए णं भंते ! कइ भवग्गहणाइं होज्जा ?

પ્ર. ભંતે ! સામાયિક સંયત કેટલા ભવ ગ્રહણ કરે છે ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उ. गोयमा ! जहन्नेणं-एक्कं, उक्कोसेणं-अट्ठ ।

***एवं छेदोवट्ठावणियसंजए वि ।***

प. परिहारविसुद्धियसंजए णं भंते ! कइ भवग्गहणाइं होज्जा ?

उ. गोयमा ! जहन्नेणं-एक्कं, उक्कोसेणं-तिन्नि ।

***एवं -जाव- अहक्खायसंजए ।***

**२८. आगरिस-दारं-**

प. सामाइयसंजयस्स णं भंते ! एगभवग्गहणिया केवइया आगरिसा पण्णत्ता ?

उ. गोयमा ! जहन्नेणं-एक्को, उक्कोसेणं-सयग्गसो ।

प. छेदोवट्ठावणियस्स णं भंते ! एगभवग्गहणिया केवइया आगरिसा पण्णत्ता ?

उ. गोयमा ! जहन्नेणं-एक्को, उक्कोसेणं-बीसपुहुत्तं ।

प. परिहारविसुद्धियस्स णं भंते ! एग भवग्गहणिया केवइया आगरिसा पण्णत्ता ?

उ. गोयमा ! जहन्नेणं-एक्को, उक्कोसेणं-तिन्नि ।

प. सुहुमसंपरायस्स णं भंते ! एगभवग्गहणिया केवइया आगरिसा पण्णत्ता ?

उ. गोयमा ! जहन्नेणं-एक्को, उक्कोसेणं-चत्तारि ।

प. अहक्खायस्स णं भंते ! एगभवग्गहणिया केवइया आगरिसा पण्णत्ता ?

उ. गोयमा ! जहन्नेणं-एक्को, उक्कोसेणं-दोन्नि ।

प. सामाइयसंजयस्स णं भंते ! नाणाभवग्गहणिया केवइया आगरिसा पण्णत्ता ?

उ. गोयमा ! जहन्नेणं-दोन्नि, उक्कोसेणं-सहस्ससो ।

प. छेदोवट्ठावणियस्स णं भंते ! नाणाभवग्गहणिया केवइया आगरिसा पण्णत्ता ?

उ. गोयमा ! जहन्नेणं-दोन्नि,

उक्कोसेणं-उवरिं नवण्हं सयाणं अंतोसहस्सस्स ।

ઉ. ગૌતમ ! જઘન્ય - એક ભવ, ઉત્કૃષ્ટ - આઠ ભવ.

***આ પ્રમાણે છેદોપસ્થાપનીય સંયત પણ જાણવું જોઈએ.***

પ્ર. ભંતે ! પરિહાર વિશુદ્ધ સંયત કેટલા ભવ ગ્રહણ કરે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય - એક ભવ, ઉત્કૃષ્ટ - ત્રણ ભવ.

***આ પ્રમાણે યથાખ્યાત સંયત સુધી જાણવું જોઈએ.***

**૨૮. આકર્ષ-દ્વાર :**

પ્ર. ભંતે ! સામાયિક સંયતનાં એક ભવમાં ગ્રહણ કરવા યોગ્ય કેટલા આકર્ષ કહ્યા છે અર્થાત્ એક ભવમાં કેટલી વાર પ્રાપ્ત થાય છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય - એક, ઉત્કૃષ્ટ - સૈકડો વાર પ્રાપ્ત થાય છે.

પ્ર. ભંતે ! છેદોપસ્થાપનીય સંયતનાં એક ભવમાં ગ્રહણ કરવા યોગ્ય કેટલા આકર્ષ કહ્યા છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય - એક, ઉત્કૃષ્ટ - વીસ પૃથક્ત્વ.

પ્ર. ભંતે ! પરિહારવિશુદ્ધ સંયતનાં એક ભવમાં ગ્રહણ કરવા યોગ્ય કેટલા આકર્ષ કહ્યા છે?

ઉ. ગૌતમ ! જઘન્ય - એક, ઉત્કૃષ્ટ - ત્રણ.

પ્ર. ભંતે ! સૂક્ષ્મ સંપરાય સંયતનાં એક ભવમાં ગ્રહણ કરવા યોગ્ય કેટલા આકર્ષ કહ્યા છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય- એક, ઉત્કૃષ્ટ- ચાર.

પ્ર. ભંતે ! યથાખ્યાત સંયતનાં એક ભવમાં ગ્રહણ કરવા યોગ્ય કેટલા આકર્ષ કહ્યા છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય - એક, ઉત્કૃષ્ટ- બે.

પ્ર. ભંતે ! સામાયિક સંયતનાં નાના ભવ ગ્રહણ કરવા યોગ્ય કેટલા આકર્ષ કહ્યા છે? અર્થાત્ અનેક ભવોમાં કેટલી વાર પ્રાપ્ત થાય છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય - બે, ઉત્કૃષ્ટ - હજારો વાર પ્રાપ્ત થાય છે.

પ્ર. ભંતે ! છેદોપસ્થાપનીય સંયતનાં નાના ભવમાં ગ્રહણ કરવા યોગ્ય કેટલા આકર્ષ કહ્યા છે?

ઉ. ગૌતમ ! જઘન્ય - બે,

ઉત્કૃષ્ટ - નવસોથી ઉપર અને એક સહસ્ત્રનાં અન્તર્ગત અર્થાત્ ૯૮૦ વાર પ્રાપ્ત થાય છે.

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्

परिहारविसुद्धियस्स जहन्नेणं-दोन्नि,
उक्कोसेणं-सत्त।
सुहुमसंपरायस्स, जहन्नेणं-दोन्नि,
उक्कोसेणं- नव।
अहक्खायस्स जहन्नेणं-दोन्नि,
उक्कोसेणं-पंच।

પરિહારવિશુદ્ધ સંયતનાં જઘન્ય-બે આકર્ષ,
ઉત્કૃષ્ટ- સાત આકર્ષ.
સૂક્ષ્મ સંપરાય સંયતનાં જઘન્ય- બે આકર્ષ,
ઉત્કૃષ્ટ - નવ આકર્ષ.
યથાખ્યાત સંયતનાં જઘન્ય - બે આકર્ષ,
ઉત્કૃષ્ટ- પાંચ આકર્ષ કહ્યા છે.

**२९. काल-दारं-**

प. सामाइयसंजए णं भंते ! कालओ केवचिरं होइ ?
उ. गोयमा ! जहन्नेणं-एक्कं समयं,
उक्कोसेणं-नवहिं वासेहिं ऊणिया पुव्वकोडी।
***एवं छेदोवट्ठावणिए वि।***
प. परिहारविसुद्धियसंजए णं भंते ! कालओ केवचिरं होइ ?
उ. गोयमा ! जहन्नेणं-एक्कं समयं,
उक्कोसेणं-एक्कूणतीसाए वासेहिं ऊणिया पुव्वकोडी।
प. सुहुमसंपरायसंजए णं भंते ! कालओ केवचिरं होइ ?
उ. गोयमा ! जहन्नेणं-एक्कं समयं,
उक्कोसेणं-अंतोमुहुत्तं।
***अहक्खायसंजए जहा सामाइयसंजए।***
प. सामाइयसंजया णं भंते ! कालओ केवचिरं होइ ?
उ. गोयमा ! सव्वद्धं।
प. छेदोवट्ठावणिया णं भंते ! कालओ केवचिरं होइ ?
उ. गोयमा ! जहन्नेणं-अड्ढाइज्जाइं वाससयाइं,
उक्कोसेणं-पन्नासं सागरोवमकोडिसयसहस्साइं।
प. परिहारविसुद्धियसंजया णं भंते ! कालओ केवचिरं होइ ?
उ. गोयमा ! जहन्नेणं-देसूणाइं दो वाससयाइं,
उक्कोसेणं-देसूणाओ दो पुव्वकोडीओ।

**૨૯. કાળ- દ્વાર :**

પ્ર. ભંતે ! સામાયિક સંયત કાળથી કેટલા સમય સુધી રહે છે ?
ઉ. ગૌતમ ! જઘન્ય - એક સમય,
ઉત્કૃષ્ટ - નવ વર્ષ ઓછું ક્રોડ પૂર્વ.
***આ પ્રમાણે છેદોપસ્થાપનીય સંયત પણ જાણવું જોઈએ.***
પ્ર. ભંતે ! પરિહાર વિશુદ્ધ સંયત કાળથી કેટલા સમય સુધી રહે છે ?
ઉ. ગૌતમ ! જઘન્ય - એક સમય,
ઉત્કૃષ્ટ - ઓગણત્રીસ વર્ષ ઓછું ક્રોડ પૂર્વ.
પ્ર. ભંતે ! સૂક્ષ્મ સંપરાય સંયત કાળથી કેટલા સમય સુધી રહે છે ?
ઉ. ગૌતમ ! જઘન્ય - એક સમય,
ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત.
***યથાખ્યાત સંયત સામાયિક સંયતનાં સમાન જાણવું જોઈએ.***
પ્ર. ભંતે ! સામાયિક સંયત કાળથી કેટલા સમય સુધી રહે છે ?
ઉ. ગૌતમ ! સર્વકાળ રહે છે.
પ્ર. ભંતે ! છેદોપસ્થાપનીય સંયતકાળથી કેટલા સમય સુધી રહે છે ?
ઉ. ગૌતમ ! જઘન્ય - અઢીસો વર્ષ,
ઉત્કૃષ્ટ - પચાસ લાખ ક્રોડ સાગરોપમ.
પ્ર. ભંતે ! પરિહાર વિશુદ્ધ સંયત કાળથી કેટલા સમય સુધી રહે છે ?
ઉ. ગૌતમ ! જઘન્ય - કંઈક ઓછું અર્થાત્ ૫૮ વર્ષ ઓછું બસો વર્ષ.
ઉત્કૃષ્ટ - કંઈક ઓછું અર્થાત્ ૫૮ વર્ષ ઓછું બે ક્રોડ પૂર્વ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. सुहुमसंपरायसंजया णं भंते ! कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहन्नेणं-एक्कं समयं,

उक्कोसेणं-अंतोमुहुत्तं।

***अहक्खायसंजया जहा सामाइयसंजया।***

प्र. ભંતે ! સૂક્ષ્મ સંપરાય સંયત કાળથી કેટલા સમય સુધી રહે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય - એક સમય,

ઉત્કૃષ્ટ - અન્તર્મુહૂર્ત.

***યથાખ્યાત સંયત સામાયિક સંયતનાં સમાન જાણવું જોઈએ.***

**३०. अंतर-दारं-**

प. सामाइयसंजयस्स णं भंते ! केवइयं कालं अंतरं होइ ?

उ. गोयमा ! जहन्नेणं-अंतोमुहुत्तं,

उक्कोसेणं-अणंतंकालं, अणंताओ ओसप्पिणि-उस्सप्पिणीओ कालओ,

खेत्तओ अवड्ढं पोग्गल-परियट्टं देसूणं।

***एवं -जाव- अहक्खायसंजयस्स।***

प. सामाइयसंजया णं भंते ! केवइयं कालं अंतरं होइ ?

उ. गोयमा ! नत्थि अंतरं।

प. छेदोवट्ठावणियसंजया णं भंते ! केवइयं कालं अंतरं होइ ?

उ. गोयमा ! जहन्नेणं-तेवट्ठिवाससहस्साइं,

उक्कसेणं-अट्ठारस सागरोवमकोडाकोडीओ।

प. परिहारविसुद्धियसंजयाणं भंते ! केवइयं कालं अंतरं होइ ?

उ. गोयमा ! जहन्नेणं-चउरासीइं वाससहस्साइं,

उक्कोसेणं-अट्ठारस सागरोवम-कोडाकोडीओ।

प. सुहुमसंपरायसंजया णं भंते ! केवइयं कालं अंतरं होइ ?

उ. गोयमा ! जहन्नेणं-एक्कं समयं,

उक्कोसेणं-छम्मासा।

***अहक्खायाणं जहा सामाइयसंजयाणं।***

**૩૦. અંતર-દ્વાર :**

પ્ર. ભંતે ! (એક) સામાયિક સંયતનું કેટલા કાળનું અંતર હોય છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય - અન્તર્મુહૂર્ત,

ઉત્કૃષ્ટ- અનન્તકાળ અર્થાત્ અનન્ત અવસર્પિણી ઉત્સર્પિણી કાળ,

ક્ષેત્રથી કંઈક ઓછું - અર્દ્ધ પુદ્ગલ પરાવર્તન.

***આ પ્રમાણે યથાખ્યાત સંયત સુધી જાણવું જોઈએ.***

પ્ર. ભંતે ! અનેક સામાયિક સંયતોનું કેટલા સમયનું અંતર હોય છે ?

ઉ. ગૌતમ ! અંતર નથી, અર્થાત્ શાશ્વત છે.

પ્ર. ભંતે ! અનેક છેદોપસ્થાપનીય સંયતોનું કેટલા સમયનું અંતર હોય છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય - (૬૩) ત્રેસઠ હજાર વર્ષ,

ઉત્કૃષ્ટ - અઢાર ક્રોડા-ક્રોડ સાગરોપમ.

પ્ર. ભંતે ! અનેક પરિહારવિશુદ્ધ સંયતોનું કેટલા સમયનું અંતર હોય છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય - (૮૪) ચોર્યાસી હજાર વર્ષ,

ઉત્કૃષ્ટ - અઢાર ક્રોડા - ક્રોડ સાગરોપમ.

પ્ર. ભંતે ! અનેક સૂક્ષ્મ સંપરાય સંયતોનું કેટલા સમયનું અંતર હોય છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય - એક સમય,

ઉત્કૃષ્ટ - છ માસ.

***અનેક યથાખ્યાત સંયત અનેક સામાયિક સંયતનાં સમાન જાણવા જોઈએ.***

**३१. समुग्घाय-दारं-**

प. सामाइयसंजयस्स णं भंते ! कइ समुग्घाया पण्णत्ता ?

उ. गोयमा ! छ समुग्घाया पण्णत्ता, तं जहा -

**૩૧. સમુદ્ઘાત-દ્વાર :**

પ્ર. ભંતે ! સામાયિક સંયતનાં કેટલા સમુદ્ઘાત કહ્યા છે ?

ઉ. ગૌતમ ! છ સમુદ્ઘાત કહ્યા છે, જેમકે -

જૈન સાહિત્ય JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

१. वेयणासमुग्घाए -**जाव**- ६. आहारसमुग्घाए।

***एवं छेदोवट्ठावणियस्स वि।***

प. परिहारविसुद्धियसंजयस्स णं भंते ! कइ समुग्घाया पण्णत्ता ?

उ. गोयमा ! तिन्नि समुग्घाया पण्णत्ता, तं जहा -

१. वेयणासमुग्घाए, २. कसायसमुग्घाए,
३. मारणंतियसमुग्घाए।

प. सुहुमसंपरायस्स णं भंते ! कइ समुग्घाया पण्णत्ता ?

उ. गोयमा ! नत्थि एक्को वि।

प. अहक्खायसंजयस्स णं भंते ! कइ समुग्घाया पण्णत्ता ?

उ. गोयमा ! एगे केवलिसमुग्घाए पण्णत्ते।

**३२. खेत्त-दारं-**

प. सामाइयसंजए णं भंते ! लोगस्स किं -
संखेज्जइ भागे होज्जा,
असंखेज्जइ भागे होज्जा,
संखेज्जेसु भागेसु होज्जा,
असंखेज्जेसु भागेसु होज्जा,
सव्वलोए होज्जा ?

उ. गोयमा ! नो संखेज्जइ भागे होज्जा,
असंखेज्जइ भागे होज्जा,
नो संखेज्जेसु भागेसु होज्जा,
नो असंखेज्जेसु भागेसु होज्जा,
नो सव्वलोए होज्जा,

***एवं -जाव- सुहुमसंपराए।***

प. अहक्खायसंजए णं भंते ! लोगस्स किं संखेज्जइ भागे होज्जा -**जाव**- सव्वलोए होज्जा ?

उ. गोयमा ! नो संखेज्जइ भागे होज्जा,
असंखेज्जइ भागे होज्जा,
नो संखेज्जेसु भागेसु होज्जा,
असंखेज्जेसु भागेसु होज्जा,
सव्वलोए वा होज्जा।

૧. વેદના સમુદ્ઘાત -**યાવત્**- ૬. આહારક સમુદ્ઘાત.

***આ પ્રમાણે છેદોપસ્થાપનીય સંયત પણ જાણવું જોઈએ.***

પ્ર. ભંતે ! પરિહારવિશુદ્ધ સંયતનાં કેટલા સમુદ્ઘાત કહ્યા છે ?

ઉ. ગૌતમ ! ત્રણ સમુદ્ઘાત કહ્યા છે, જેમકે-

૧. વેદના સમુદ્ઘાત, ૨. કષાય સમુદ્ઘાત,
૩. મારણાન્તિક સમુદ્ઘાત.

પ્ર. ભંતે ! સૂક્ષ્મ સંપરાય સંયતનાં કેટલા સમુદ્ઘાત કહ્યા છે ?

ઉ. ગૌતમ ! એક પણ સમુદ્ઘાત નથી.

પ્ર. ભંતે ! યથાખ્યાત સંયતનાં કેટલા સમુદ્ઘાત કહ્યા છે ?

ઉ. ગૌતમ ! એક કેવળી સમુદ્ઘાત કહ્યો છે.

**૩૨. ક્ષેત્ર-દ્વાર :**

પ્ર. ભંતે ! સામાયિક સંયત શું -
લોકનાં સંખ્યાતમાં ભાગમાં હોય છે,
અસંખ્યાતમાં ભાગમાં હોય છે,
સંખ્યાત ભાગોમાં હોય છે,
અસંખ્યાત ભાગોમાં હોય છે કે
સર્વલોકમાં હોય છે ?

ઉ. ગૌતમ ! સંખ્યાત ભાગમાં હોતા નથી,
અસંખ્યાત ભાગમાં હોય છે,
સંખ્યાત ભાગોમાં હોતા નથી.
અસંખ્યાત ભાગોમાં હોતા નથી,
સંપૂર્ણ લોકમાં હોતા નથી.

***આ પ્રમાણે સૂક્ષ્મ સંપરાય સંયત સુધી જાણવું જોઈએ.***

પ્ર. ભંતે ! યથાખ્યાત સંયત શું લોકનાં સંખ્યાત ભાગમાં હોય છે -**યાવત્**- સંપૂર્ણ લોકમાં હોય છે ?

ઉ. ગૌતમ ! સંખ્યાત ભાગમાં હોતા નથી.
અસંખ્યાત ભાગમાં હોય છે,
સંખ્યાત ભાગોમાં હોતા નથી,
અસંખ્યાત ભાગોમાં હોય છે,
સંપૂર્ણ લોકમાં હોય છે.

JAINSITE जैन साईट जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

३३. फुसणा-दारं-

प. सामाइयसंजए णं भंते ! लोगस्स किं संखेज्जइ भागं फुसइ -जाव- सव्वलोयं फुसइ ?

उ. गोयमा ! ***जहेव खेत्त-दारे भणियं तहेव फुसणा वि -जाव- अहक्खायसंजए।***

३४. भाव-दारं-

प. सामाइयसंजए णं भंते ! कयरम्मि भावे होज्जा ?

उ. गोयमा ! खओवसमिए भावे होज्जा।

***एवं -जाव- सुहुमसंपरायसंजए।***

प. अहक्खायसंजए णं भंते ! कयरम्मि भावे होज्जा ?

उ. गोयमा ! ओवसमिए वा भावे होज्जा, खइए वा भावे होज्जा।

३५. परिमाण-दारं-

प. सामाइयसंजया णं भंते ! एगसमएणं केवइया होज्जा ?

उ. गोयमा ! **पडिवज्जमाणए पडुच्च**-सिय अत्थि, सिय नत्थि,

जइ अत्थि, जहन्नेणं-एक्को वा, दो वा, तिन्नि वा, उक्कोसेणं-सहस्सपुहुत्तं।

**पुव्वपडिवन्नए पडुच्च**-जहन्नेणं कोडिसहस्सपुहत्तं, उक्कोसेण वि कोडिसहस्सपुहुत्तं।

प. छेदोवट्ठावणिया णं भंते ! एगसमएणं केवइया होज्जा ?

उ. गोयमा ! **पडिवज्जमाणए पडुच्च**-सिय अत्थि, सिय नत्थि।

जइ अत्थि जहन्नेणं-एक्को वा, दो वा, तिन्नि वा, उक्कोसेणं-सयपुहुत्तं।

**पुव्वपडिवन्नए पडुच्च**-सिय अत्थि, सिय नत्थि।

जइ अत्थि जहन्नेणं-एक्को वा, दो वा, तिन्नि वा, उक्कोसेणं-कोडिसयपुहुत्तं।

प. परिहारविसुद्धिय संजया णं भंते ! एगसमएणं केवइया होज्जा ?

उ. गोयमा ! **पडिवज्जमाणए पडुच्च**-सिय अत्थि, सिय नत्थि।

૩૩. સ્પર્શના - દ્વાર :

પ્ર. ભંતે ! સામાયિક સંયત શું લોકનાં સંખ્યાતમાં ભાગનો સ્પર્શ કરે છે **-યાવત્-** સર્વ લોકનો સ્પર્શ કરે છે ?

ઉ. ગૌતમ ! ***જે પ્રમાણે ક્ષેત્ર દ્વારમાં કહ્યું. તે પ્રમાણે સ્પર્શના માટે પણ યથાખ્યાત સંયત સુધી જાણવું જોઈએ.***

૩૪. ભાવ-દ્વાર :

પ્ર. ભંતે ! સામાયિક સંયત ક્યા ભાવમાં હોય છે ?

ઉ. ગૌતમ ! ક્ષાયોપશમિક ભાવમાં હોય છે.

***આ પ્રમાણે સૂક્ષ્મસંપરાય સંયત સુધી જાણવું જોઈએ.***

પ્ર. ભંતે ! યથાખ્યાત સંયત ક્યા ભાવમાં હોય છે ?

ઉ. ગૌતમ ! ઔપશમિક ભાવમાં પણ હોય છે અને ક્ષાયિક ભાવમાં પણ હોય છે.

૩૫. પરિમાણ- દ્વાર :

પ્ર. ભંતે ! સામાયિક સંયત એક સમયમાં કેટલા હોય છે ?

ઉ. ગૌતમ ! **પ્રતિપદ્યમાનની અપેક્ષાએ-** ક્યારેક હોય છે અને ક્યારેક હોતા નથી,

જો હોય છે તો જઘન્ય- એક, બે, ત્રણ. ઉત્કૃષ્ટ - અનેક હજાર.

**પૂર્વપ્રતિપન્નની અપેક્ષાએ** - જઘન્ય અનેક હજાર ક્રોડ અને ઉત્કૃષ્ટ પણ અનેક હજાર ક્રોડ.

પ્ર. ભંતે ! છેદોપસ્થાપનીય સંયત એક સમયમાં કેટલા હોય છે ?

ઉ. ગૌતમ ! **પ્રતિપદ્યમાનની અપેક્ષાએ** - ક્યારેક હોય છે અને ક્યારેક હોતા નથી.

જો હોય છે તો જઘન્ય- એક, બે, ત્રણ.

ઉત્કૃષ્ટ - અનેક સો.

**પૂર્વપ્રતિપન્નની અપેક્ષાએ** - ક્યારેક હોય છે અને ક્યારેક હોતા નથી.

જો હોય છે તો જઘન્ય- એક, બે, ત્રણ,

ઉત્કૃષ્ટ - અનેક સો ક્રોડ.

પ્ર. ભંતે ! પરિહાર વિશુદ્ધ સંયત એક સમયમાં કેટલા હોય છે ?

ઉ. ગૌતમ ! **પ્રતિપદ્યમાનની અપેક્ષાએ** - ક્યારેક હોય છે અને ક્યારેક હોતા નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

जइ अत्थि जहन्नेणं-एक्को वा, दो वा, तिण्णि वा, उक्कोसेणं-सयपुहुत्तं,

पुव्वपडिवन्नए पडुच्च-सिय अत्थि, सिय णत्थि।

जइ अत्थि जहन्नेणं-एक्को वा, दो वा, तिण्णि वा, उक्कोसेणं-सहस्सपुहुत्तं।

प. सुहुमसंपराया णं भंते ! एगसमएणं केवइया होज्जा ?

उ. गोयमा ! **पडिवज्जमाणए पडुच्च**-सिय अत्थि, सिय णत्थि।

जइ अत्थि जहन्नेणं-एक्को वा, दो वा, तिण्णि वा, उक्कोसेणं-बावट्ठं सयं, अट्ठसयं खवगाणं, चउप्पण्णं उवसामगाणं।

**पुव्वपडिवन्नए पडुच्च**-सिय अत्थि, सिय णत्थि।

जइ अत्थि जहन्नेणं-एक्को वा, दो वा, तिण्णि वा, उक्कोसेणं-सयपुहुत्तं।

प. अहक्खायसंजया णं भंते ! एगसमएणं केवइया होज्जा ?

उ. गोयमा ! **पडिवज्जमाणए पडुच्च**-सिय अत्थि, सिय नत्थि।

जइ अत्थि, जहन्नेणं-एक्को वा, दो वा, तिण्णि वा, उक्कोसेणं-बावट्ठं सयं, अट्ठसयं खवगाणं, चउपन्नं उवसामगाणं।

**पुव्वपडिवन्नए पडुच्च**-जहन्नेण वि कोडिपुहुत्त, उक्कोसेण वि कोडिपुहुत्तं।

**३६. अप्प-बहुय-दारं-**

प. एएसि णं भंते ! १. सामाइय, २. छेदोवट्ठावणिय, ३. परिहारविसुद्धिय, ४. सुहुमसंपराय, ५. अहक्खाय-संजयाणं कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

उ. गोयमा - १. सव्वत्थोवा सुहुमसंपरायसंजया,

२. परिहारविसुद्धियसंजया संखेज्जगुणा,

३. अहक्खायसंजया संखेज्जगुणा,

જો હોય છે તો જઘન્ય - એક, બે, ત્રણ.

ઉત્કૃષ્ટ - અનેક સો.

**પૂર્વપ્રતિપન્નની અપેક્ષાએ** - ક્યારેક હોય છે અને ક્યારેક હોતા નથી.

જો હોય છે તો જઘન્ય - એક, બે, ત્રણ,

ઉત્કૃષ્ટ - અનેક હજાર.

પ્ર. ભંતે ! સૂક્ષ્મ સંપરાય સંયત એક સમયમાં કેટલા હોય છે ?

ઉ. ગૌતમ ! **પ્રતિપદ્યમાનની અપેક્ષાએ** - ક્યારેક હોય છે અને ક્યારેક હોતા નથી.

જો હોય છે તો જઘન્ય- એક, બે, ત્રણ,

ઉત્કૃષ્ટ - એક સો બાસઠ હોય છે. અર્થાત્ એક સો આઠ ક્ષપકનાં અને ચોપ્પન ઉપશામકનાં હોય છે.

**પૂર્વ પ્રતિપન્નની અપેક્ષાએ** - ક્યારેક હોય છે અને ક્યારેક હોતા નથી.

જો હોય છે તો જઘન્ય- એક, બે, ત્રણ,

ઉત્કૃષ્ટ- અનેક સો.

પ્ર. ભંતે ! યથાખ્યાત સંયત એક સમયમાં કેટલા હોય છે ?

ઉ. ગૌતમ ! **પ્રતિપદ્યમાનની અપેક્ષાએ** - ક્યારેક હોય છે અને ક્યારેક હોતા નથી.

જો હોય છે તો જઘન્ય - એક, બે, ત્રણ,

ઉત્કૃષ્ટ- એક સો બાસઠ હોય છે. અર્થાત્ એક સો આઠ ક્ષપકનાં અને ચોપ્પન ઉપશામકનાં હોય છે.

**પૂર્વ પ્રતિપન્નની અપેક્ષાએ** - જઘન્ય પણ અનેક ક્રોડ અને ઉત્કૃષ્ટ પણ અનેક ક્રોડ હોય છે.

**૩૬. અલ્પ-બહુત્વ-દ્વાર :**

પ્ર. ભંતે ! ૧. સામાયિક, ૨. છેદોપસ્થાપનીય, ૩. પરિહારવિશુદ્ધ, ૪. સૂક્ષ્મ સંપરાય, ૫. યથાખ્યાત સંયત આમાંથી કોણ કોનાથી અલ્પ **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! ૧. બધાથી અલ્પ સૂક્ષ્મ સંપરાય સંયત છે.

૨. (તેનાથી) પરિહાર વિશુદ્ધ સંયત-સંખ્યાતગુણા છે.

૩. (તેનાથી) યથાખ્યાત સંયત-સંખ્યાતગુણા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

४. छेदोवट्ठावणियसंजया संखेज्जगुणा,

५. सामाइयसंजया संखेज्जगुणा।

- विया. स. २५, उ. ७, सु. १-१८८

४. (તેનાથી) છેદોપસ્થાપનીય સંયત સંખ્યાતગુણા છે.

૫. (તેનાથી) સામાયિક સંયત સંખ્યાતગુણા છે.

**८. पमत्तापमत्त संजयस्स पमत्तापमत्त संजयभावस्स काल परूवणं -**

प. पमत्तसंजयस्स णं भंते ! पमत्तसंयमे वट्टमाणस्स सव्वा वि य णं पमत्तद्धा कालओ केवच्चिरं होइ ?

उ. मंडियपुत्ता ! एगजीवं पडुच्च-जहन्नेणं एक्कं समयं, उक्कोसेणं देसूणा पुव्वकोडी, णाणा जीवे पडुच्च-सव्वद्धा।

प. अपमत्तसंजयस्स णं भंते ! अपमत्तसंयमे वट्टमाणस्स सव्वा वि य णं अपमत्तद्धा कालओ केवच्चिरं होइ ?

उ. मंडियपुत्ता ! एगजीवं पडुच्च-जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं पुव्वकोडी देसूणा, णाणा जीवे पडुच्च सव्वद्धं।

- विया. स. ३, उ. ३, सु. १५-१६

**૮. પ્રમત્ત અને અપ્રમત્ત સંયતનું પ્રમત્ત તથા અપ્રમત્ત સંયત ભાવનું કાળ પ્રરુપણ :**

પ્ર. ભંતે ! પ્રમત્ત સંયતમાં પ્રવર્તમાન પ્રમત્ત સંયમીનું બધું મળીને પ્રમત્ત સંયમ કાળ કેટલો હોય છે ?

ઉ. મંડિત પુત્ર ! એક જીવની અપેક્ષાએ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોટિ અને અનેક જીવોની અપેક્ષાએ સર્વકાળ હોય છે.

પ્ર. ભંતે ! અપ્રમત્ત સંયતમાં પ્રવર્તમાન અપ્રમત્ત સંયમીનું બધુ મળીને અપ્રમત્ત સંયમ કાળ કેટલો હોય છે ?

ઉ. મંડિતપુત્ર ! એક જીવની અપેક્ષાએ જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોટિ અને અનેક જીવોની અપેક્ષાએ સર્વકાળ હોય છે.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

**९. देवाणं संजयत्ताइ पुच्छाए गोयमस्स भगवओ समाहाणं -**

प. 'भंते ! त्ति' भगवं गोयमे समणं भगवं महावीरं वंदइ नमंसइ वंदित्ता नमंसित्ता एवं वयासी -

प. देवा णं भंते ! संजयाइति वत्तव्वं सिया ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे, अब्भक्खाणमेयं देवाणं।

प. भंते ! असंजया इति वत्तव्वं सिया ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे, णिट्ठुर वयणमेयं देवाणं।

प. भंते ! संजयासंजया इति वत्तव्वं सिया ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे, असब्भूयमेयं देवाणं।

प. से किं खाइ णं भंते ! देवाणं वत्तव्वं सिया ?

उ. गोयमा ! देवा णं 'नो संजया' इति वत्तव्वं सिया।

- विया. स. ५, उ. ४, सु. २०-२३

**૯. દેવોનાં સંયતત્વાદિનાં પૂછવા પર ભગવાન દ્વારા ગૌતમનું સમાધાન :**

પ્ર. 'ભંતે !' આ પ્રમાણે સંબોધિત કરીને ભગવાન ગૌતમએ શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે પૂછ્યું -

પ્ર. ભંતે ! શું દેવોને સંયત કહી શકાય છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. (એવું ન કહી શકાય) આ દેવોનાં માટે અભ્યાખ્યાન (મિથ્યા આરોપિત) વર્ણન છે.

પ્ર. ભંતે ! શું દેવોને અસંયત કહી શકાય છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. (એવું ન કહી શકાય) દેવોના માટે આ (વર્ણન) નિષ્ઠુર વચન છે.

પ્ર. ભંતે ! શું દેવોને સંયતાસંયત કહી શકાય છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ પણ સમર્થ નથી (એવું ન કહી શકાય) દેવોને "સંયતા સંયત" કહેવું અસદ્ભૂત (અસત્ય) વચન છે.

પ્ર. ભંતે ! તો પછી દેવોને શું કહીએ ?

ઉ. ગૌતમ ! દેવોને "નો સંયત" કહી શકાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**१०. जीव-चउवीसदंडएसु संजयाइ अप्पबहुत्त य परूवणं-**

प. जीवा णं भंते ! किं संजया, असंजया, संजयासंजया ?

उ. गोयमा ! जीवा संजया वि, असंजया वि, संजयासंजया वि।

***एवं जहेव पण्णवणाए तहेव भाणियव्वं -जाव- वेमाणिया।***

प. एएसि णं भंते ! संजया णं असंजयाणं संजयासंजयाण य कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

उ. गोयमा ! १. सव्वत्थोवा जीवा संजया,

२. संजयासंजया असंखेज्जगुणा,

३. असंजया अणंतगुणा।

प. एएसि णं भंते ! पंचेंदियतिरिक्खजोणियाणं असंजयाणं संजयासंजयाण य कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

उ. गोयमा ! सव्वत्थोवा पंचेंदियतिरिक्खजोणिया संजयासंजया,

असंजया असंखेज्जगुणा।

***मणुस्सा जहा जीवा।***

- विया. स. ७, उ. २, सु. २८

**१०. જીવ- ચોવીસ દંડકોમાં સંયતાદિનું અને અલ્પ બહુત્વનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! શું જીવ સંયત છે, અસંયત છે કે સંયતાસંયત છે ?

ઉ. ગૌતમ ! જીવ સંયત પણ છે, અસંયત પણ છે અને સંયતાસંયત પણ છે.

***જે પ્રમાણે પ્રજ્ઞાપના સૂત્રમાં કહ્યુ છે તે પ્રમાણે વૈમાનિક સુધી કહેવું જોઈએ.***

પ્ર. ભંતે ! આ સંયત, અસંયત અને સંયતાસંયતમાં કોણ કોનાથી અલ્પ **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! ૧. બધાથી અલ્પ સંયત જીવ છે.

૨. (તેનાથી) સંયતાસંયત જીવ અસંખ્યાતગુણા છે.

૩. (તેનાથી) અસંયત જીવ અનન્તગુણા છે.

પ્ર. ભંતે ! આ અસંયત અને સંયતાસંયત પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવોમાં કોણ કોનાથી અલ્પ **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! સંયતાસંયત પંચેન્દ્રિય- તિર્યંચયોનિક જીવ બધાથી અલ્પ છે,

(તેનાથી) અસંયત અસંખ્યાતગુણા છે.

**મનુષ્યોનો અલ્પબહુત્વ ઔધિક જીવનાં સમાન છે.**

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ૨૯. લેશ્યા અધ્યયન

આવશ્યકસૂત્રની હરીભદ્રીય ટીકામાં લેશ્યાની પરિભાષા કરતા કહ્યું છે, **"श्लेषयत्यात्मानमष्टविधेन कर्मणा ईति लेश्या"** અર્થાત્ જે આત્માને અષ્ટવિધ કર્મોથી શ્લિષ્ટ કરે છે તે લેશ્યા છે. એક અન્ય પરિભાષા **"लिम्पतीति लेश्या"** [ધવલા ટીકા] ના અનુસાર જે કર્મોથી આત્માને લિપ્ત કરે છે તે લેશ્યા છે. કર્મ બંધનમાં પ્રમુખ હેતુ કષાય અને યોગ છે. યોગથી કર્મપુદ્ગલ રુપી રજકણ આવે છે. કષાયરુપી ગોળાથી તે આત્મા પર ચોટે છે. પરંતુ કષાયના ગોળાને ભીનુ કરવાવાળુ પાણી લેશ્યા છે. સૂંકો ગોળો રજકણને ચોટી નહીં શકાય, આ રીતે કષાય અને યોગથી લેશ્યા જુદી છે. સર્વાર્થસિધ્ધ ધવલા ટીકા આદિ ગ્રંથોમાં કષાયના ઉદયથી અનુરંજિત યોગની પ્રવૃત્તિને લેશ્યા કહેવામાં આવી છે. આ ભાવ લેશ્યાનું સ્વરૂપ છે.

લેશ્યાના બે પ્રકાર છે - દ્રવ્ય લેશ્યા અને ભાવ લેશ્યા. દ્રવ્ય લેશ્યા પૌદ્ગલિક હોય છે અને ભાવ લેશ્યા અપૌદ્ગલિક. દ્રવ્ય લેશ્યામાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ હોય છે. ભાવલેશ્યા અગુરુલઘુ હોય છે.

દ્રવ્ય અને ભાવ આ બંને પ્રકારની લેશ્યાઓના છ ભેદ છે - (૧) કૃષ્ણલેશ્યા (૨) નીલ લેશ્યા (૩) કાપોત લેશ્યા (૪) તેજો લેશ્યા (૫) પદ્મ લેશ્યા અને (૬) શુક્લ લેશ્યા. આમાં પ્રથમ ત્રણ લેશ્યાઓ દુર્ગતિગામિની, સંક્લિષ્ટ અમનોજ્ઞ, અવિશુધ્ધ, અપ્રશસ્ત અને શીત - રુક્ષ સ્પર્શવાળી છે. અંતિમ ત્રણ લેશ્યાઓ સુગતિગામિની, અસંક્લિષ્ટ, મનોજ્ઞ, વિશુધ્ધ, પ્રશસ્ત અને સ્નિગ્ધ - ઉષ્ણ સ્પર્શવાળી છે. વર્ણની અપેક્ષાએ કૃષ્ણલેશ્યામાં કાળો વર્ણ, નીલ લેશ્યામાં નીલો વર્ણ, કાપોત લેશ્યામાં કબૂતરી (કાળો અને લાલ મિશ્રિત) વર્ણ, તેજો લેશ્યામાં લાલ વર્ણ અને પદ્મ લેશ્યામાં પીળો વર્ણ, શુક્લ લેશ્યામાં શ્વેતવર્ણ હોય છે. રસની અપેક્ષાએ કૃષ્ણ લેશ્યામાં કડવો, નીલ લેશ્યામાં તીખો, કાપોત લેશ્યામાં કસાયેલો, તેજોલેશ્યામાં ખાટો-મીઠો, પદ્મલેશ્યામાં આશ્રવની જેમ થોડો ખાટો અને થોડો કષાયેલો તથા શુક્લલેશ્યામાં મધુર રસ હોય છે. ગંધની અપેક્ષાએ કૃષ્ણ, નીલ અને કાપોત લેશ્યાઓ દુર્ગંધયુક્ત હોય છે. તથા તેજો, પદ્મ અને શુક્લલેશ્યાઓ સુગંધયુક્ત હોય છે. સ્પર્શની અપેક્ષાએ કૃષ્ણ, નીલ અને કાપોત લેશ્યાઓ કર્કશ સ્પર્શયુક્ત છે. તથા તેજો, પદ્મ અને શુક્લલેશ્યાઓ કોમળ સ્પર્શયુક્ત છે. પ્રદેશની અપેક્ષાએ કૃષ્ણ લેશ્યાથી શુક્લલેશ્યા સુધી બધી લેશ્યાઓમાં અનંત પ્રદેશ છે. વર્ગણાની અપેક્ષાએ પ્રત્યેક લેશ્યામાં અનંત વર્ગણાઓ છે. પ્રત્યેક લેશ્યા અસંખ્યાત આકાશ પ્રદેશોમાં સ્થિત છે. આ વર્ણન દ્રવ્ય લેશ્યાના અનુસાર જાણવું.

પ્રસ્તુત અધ્યયનમાં ભાવલેશ્યાના અનુરૂપ પ્રત્યેક લેશ્યાનું લક્ષણ આપ્યું છે. કૃષ્ણલેશ્યાથી યુક્ત જીવ પંચાશ્રવમાં પ્રવૃત્ત, ત્રણ ગુપ્તિઓથી અગુપ્ત, ષટ્કાયિક જીવોના પ્રતિ અવિરત આદિ વિશેષતાઓથી યુક્ત હોય છે. જ્યારે શુક્લલેશ્યાવાળા જીવ ધર્મધ્યાન અને શુક્લધ્યાનમાં લીન પ્રશાન્તચિત્ત અને દાન્ત હોય છે. તે પાંચ સમિતિઓથી સમિત અને ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત હોય છે. છએ લેશ્યાઓ ઉત્તરોત્તર શુભ છે.

સલેશ્ય જીવ બે પ્રકારના છે - સંસાર સમાપન્નક અને અસંસાર સમાપન્નક. એમાંથી જે અસંસાર સમાપન્નક છે તેઓ સિધ્ધ કહેવાય છે તે યોગ્ય નથી જણાતું. સિધ્ધ તો અલેશ્ય હોય છે. અહિયાં સિધ્ધ શબ્દ મોહક્ષયના લક્ષ્યને સાધવાવાળા જિનના માટે ઉપયોગ થયો હોય એમ જણાય છે. સંસાર સમાપન્નક જીવ બે પ્રકારના છે - સંયત અને અસંયત. સંયત પણ પ્રમત્ત અને અપ્રમત્તના ભેદથી બે પ્રકારના છે. એમાં સિધ્ધ અને અપ્રમત સંયમને છોડી બધા જીવ આત્મારંભી પરારંભી અને તદુભયારંભી છે. અનારંભી નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લેશ્યાની જેમ લેશ્યાકરણ અને લેશ્યાનિવૃત્તિ પણ કૃષ્ણ આદિના ભેદથી છ પ્રકારની છે. જે જીવને જે લેશ્ય હોય છે તેને તે જ લેશ્યાકરણ અને લેશ્યાનિવૃત્તિ હોય છે. નૈરયિક જીવોમાં કૃષ્ણ, નીલ અને કાપોત એ ત્રણ લેશ્યાઓ હોય છે. ભવનપતિ, વાણવ્યંતર, પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાયમાં તેજોલેશ્યા મળીને ચાર લેશ્યાઓ હોય છે. તેજસ્કાય. વાયુકાય અને વિકલેન્દ્રિય જીવોમાં કૃષ્ણથી કાપોત સુધી ત્રણ લેશ્યાઓ છે. વૈમાનિક દેવોમાં તેજો, પદ્મ અને શુક્લ એ ત્રણ લેશ્યાઓ છે. તિર્યંચપંચેન્દ્રિય અને મનુષ્યમાં છ લેશ્યાઓ છે. જ્યોતિષી દેવોમાં એક માત્ર તેજો લેશ્યા છે. ચાર ગતિઓની અપેક્ષાએ લેશ્યાનું વિસ્તૃત વર્ણન આ અધ્યયનમાં થયું છે.

સમસ્ત સલેશ્ય જીવોના દંડક ક્રમથી સાત દ્વારોનું વર્ણન ઘણું જ મહત્ત્વપૂર્ણ છે તે સાત દ્વાર એ છે- (૧) સમ-આહાર, શરીર અને ઉચ્છ્‌વાસ, (૨) કર્મ, (૩) વર્ણ, (૪) લેશ્યા, (૫) વેદના, (૬) ક્રિયા અને (૭) આયુ. અહિંયા કર્મ અને ક્રિયામાં ભેદ છે. કર્મ તો અલ્પકર્મ અને મહાકર્મના ભેદથી બે પ્રકારના થાય છે. તથા ક્રિયાઓ પાંચ છે - (૧) આરંભિકી (૨) પારિગ્રહિકી (૩) માયા પ્રત્યયા (૪) અપ્રત્યાખ્યાન ક્રિયા અને (૫) મિથ્યાદર્શન પ્રત્યયા.

લેશ્યાઓનું પરસ્પર પરિણમન થાય છે કે નહીં એના પ્રશ્નોનું વિવેચન કરતા કીધું છે કે કૃષ્ણલેશ્યા, નીલલેશ્યામાં પરિણમે તો એના જ રૂપમાં, એના જ વર્ણમાં, એના જ ગંધમાં, એના જ રસમાં, એના જ સ્પર્શમાં ફરી-ફરી પરિણત થાય છે. આ પ્રકારે નીલલેશ્યા કાપોતલેશ્યા ને પ્રાપ્ત થઈ, કાપોતલેશ્યા તેજોલેશ્યાને પ્રાપ્ત થઈ, તેજોલેશ્યા પદ્મલેશ્યાને પ્રાપ્ત થઈ અને પદ્મલેશ્યા શુક્લ લેશ્યાને પ્રાપ્ત થઈ તે જ રૂપમાં **-યાવત્-** તેના જ સ્પર્શરૂપમાં (ફરી - ફરી) વારંવાર પરિણત થાય છે આને લેશ્યા ગતિ કહેવામાં આવે છે. આ લેશ્યાગતિ થવાથી કૃષ્ણલેશ્યા, નીલ લેશ્યા ને પ્રાપ્ત થઈને પણ કદાચિત્ આકાર ભાવમાત્રાથી અથવા પ્રતિભાગ ભાવમાત્રાથી કૃષ્ણલેશ્યા જ છે. તે નીલલેશ્યા થઈ શકતી નથી. તે જ રીતે બધી લેશ્યાના સંબંધમાં કથન કરેલ છે. લેશ્યાગતિ અશુભ લેશ્યાઓથી શુભ લેશ્યાઓમાં તો હોય જ છે. પરંતુ શુભ લેશ્યાઓમાંથી અશુભ લેશ્યાઓમાં પણ હોય છે. શુક્લલેશ્યાદિનું પરિણમન પદ્મલેશ્યા, તેજોલેશ્યા આદિમાં સંભવ છે. પરંતુ આકાર ભાવમાત્રા અને પ્રતિભાગ ભાવમાત્રાની અપેક્ષાએ પરિણમન થતું નથી.

બંધના સામાન્ય ભેદોની જેમ લેશ્યાનો બંધ ત્રણ પ્રકારનો હોય છે - (૧) જીવ પ્રયોગ બંધ (૨) અનંતર બંધ અને (૩) પરંપર બંધ.

જીવ જે લેશ્યાના દ્રવ્યોને ગ્રહણ કરી મૃત્યુ પામે છે તે એ જ લેશ્યાવાળા જીવોમાં ઉત્પન્ન થાય છે. શુક્લલેશ્યાવાળા સંક્લેશ ને પ્રાપ્ત થઈ કૃષ્ણલેશ્યાવાળો બની જાય છે. તથા કૃષ્ણલેશ્યાવાળા જીવોમાં ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે જે જીવ જે લેશ્યામાં કાળ કરે તે તેજ લેશ્યાવાળા જીવોમાં જન્મ લે છે. જીવ જે લેશ્યામાં ઉત્પન્ન થાય છે કદાચિત્ તે જ લેશ્યામાં ઉદ્‌વર્તન કરે છે. પરંતુ તેજોલેશ્યી પૃથ્વીકાયિક આદિ થોડા જીવ કદાચિત્ કૃષ્ણલેશ્યી થઈ ઉદ્‌વર્તન (મરણ) કરે છે. કદાચિત્ નીલલેશ્યી થઈ ઉદ્‌વર્તન કરે છે. કદાચિત્ કાપોત લેશ્યી થઈ ઉદ્‌વર્તન કરે છે. લેશ્યા પરિણત થવાના પ્રથમ સમયે જીવ બીજા ભવમાં ઉત્પન્ન થતો નથી. પરંતુ લેશ્યાના પરિણત થવાથી જ્યારે અંતર્મુહૂર્ત વ્યતીત થઈ જાય છે અને અંતર્મુહૂર્ત શેષ રહે છે ત્યારે જીવ પરલોકમાં જાય છે.

લેશ્યાઓની અપેક્ષાએ ગર્ભ પ્રજનનનું વર્ણન મહત્ત્વપૂર્ણ છે. જે મનુષ્ય અને સ્ત્રી તથા એના ગર્ભથી સંબંધિત છે. એના અનુસાર મનુષ્ય અને સ્ત્રી પોતાના સદશ તથા પોતાનાથી ભિન્ન લેશ્યાવાળા ગર્ભને ઉત્પન્ન કરે છે. સ્થિતિની અપેક્ષાએ કૃષ્ણલેશ્યાવાળા જીવથી નીલલેશ્યાવાળા જીવ કદાચિત્ મહાકર્મવાળા હોય છે. આ પ્રમાણે નીલ લેશ્યાથી કાપોતલેશ્યાવાળા જીવ, કાપોતથી તેજોલેશ્યાવાળા, તેજોલેશ્યાથી પદ્મલેશ્યાવાળા જીવ સ્થિતિની અપેક્ષાએ કદાચિત્ મહાકર્મવાળા થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કૃષ્ણલેશ્યી, નીલલેશ્યી, કાપોતલેશ્યી, તેજોલેશ્યી અને પદ્મલેશ્યી જીવમાં બે, ત્રણ કે ચાર જ્ઞાન હોય છે. બે હોવાથી આભિનિબોધિક અને શ્રુતજ્ઞાન હોય છે. ત્રણ હોવાથી અવધિજ્ઞાન કે મનઃપર્યવ જ્ઞાન વિશેષ હોય છે. ચાર હોવા પર આ બધા જોવા મળે છે. શુક્લલેશ્યાવાળા જીવમાં બે, ત્રણ, ચાર કે એક જ્ઞાન હોય છે. ચાર સુધી તો પૂર્વવત્ છે. પરંતુ એક જ્ઞાન માનવાથી માત્ર કેવળજ્ઞાન હોય છે. કૃષ્ણલેશ્યીની અપેક્ષાએ નીલલેશ્યી નારક ને અવધિજ્ઞાન સ્પષ્ટ હોય છે અને અધિક ક્ષેત્રનો વિષય કરે છે. આ જ પ્રમાણે નીલ લેશ્યીથી કાપોતલેશ્યી નારકીનું અવધિજ્ઞાન સ્પષ્ટ અને અધિક ક્ષેત્રનો વિષય કરે છે.

પ્રસ્તુત અધ્યયનમાં લેશ્યાઓની જઘન્ય ઉત્કૃષ્ટ સ્થિતિ, સલેશ્ય - અલેશ્ય જીવોની કાયસ્થિતિ, સલેશ્ય - અલેશ્ય જીવોના અંતરકાળ, સલેશ્ય - અલેશ્ય જીવોનો ચાર ગતિઓમાં અલ્પબહુત્વ, સલેશ્ય જીવોની ઋધ્ધિનો અલ્પબહુત્વ, લેશ્યાના સ્થાનોમાં અલ્પબહુત્વ આદિના વિષયમાં વિસ્તૃત વર્ણન જોવા મળે છે. ગુણસ્થાનની દૃષ્ટિએ લેશ્યાનો વિચાર આ અધ્યયનમાં નથી થયો. અન્યત્ર મળેલ ઉલ્લેખના અનુસાર પહેલાથી છઠ્ઠા ગુણસ્થાન સુધી છએ લેશ્યાઓ હોય છે. સાતમાં ગુણસ્થાનમાં તેજો, પદ્મ અને શુક્લ લેશ્યાઓ હોય છે. જ્યારે આઠમાંથી તેરમાં ગુણસ્થાન સુધી માત્ર શુક્લ લેશ્યા હોય છે.

આ અધ્યયનનું પ્રયોજન અપ્રશસ્તથી પ્રશસ્ત લેશ્યાઓ તરફ ગતિ કરાવવાનું છે.

जैन साईट JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# २६. लेस्सज्झयणं

# ૨૬. લેશ્યા અધ્યયન

सूत्र -

१. **लेस्सज्झयणस्स उक्खेवो -**

लेसज्झयणं पवक्खामि, आणुपुव्विं जहक्कमं ।
छण्हं पि कम्मलेसाणं, अणुभावे सुणेह मे ॥

नामाइं वण्ण-रस-गंध-फास-परिणाम-लक्खणं ।
ठाणं ठिइं गई चाउं लेसाणं तु सुणेह मे ॥[१]

- उत्त. अ. ३४, गा. १-२

२. **छव्विहाओ लेस्साओ -**

प. कइ णं भंते ! लेस्साओ पण्णत्ताओ ?

उ. गोयमा ! छ लेस्साओ पण्णत्ताओ, तं जहा -

१. कण्हलेस्सा, २. णीललेस्सा, ३. काउलेस्सा, ४. तेउलेस्सा, ५. पम्हलेस्सा, ६. सुक्कलेस्सा ।[२]

- पण्ण. प. १७, उ. २, सु. ११५६

३. **दव्व-भावलेस्साणं सरूवं -**

प. कण्हलेस्सा णं भंते ! कइवण्णा **-जाव-** कइफासा पण्णत्ता ?

उ. गोयमा ! १. **दव्वलेसं पडुच्च**-पंचवण्णा, पंच रसा, दुगंधा, अट्ठ फासा पण्णत्ता,

२. **भावलेसं पडुच्च**-अवण्णा, अगंधा, अरसा, अफासा पण्णत्ता ।

***एवं -जाव- सुक्कलेस्सा ।***

- विया. स. १२, उ. ५, सु. २८-२९

४. **लेसाणं लक्खणाइं -**

१. पंचासवप्पवत्तो, तीहिं अगुत्तो छसुं अविरओ य ।
तिव्वारम्भपरिणओ, खुद्दो साहसिओ नरो ॥

સૂત્ર :

૧. **લેશ્યા-અધ્યયનની ઉત્થાનિકા :**

હું યથાક્રમ-આનુપૂર્વીથી લેશ્યા-અધ્યયનનું નિરુપણ કરીશ. (સર્વપ્રથમ) કર્મોની વિધાયક છયે લેશ્યાઓના અનુભાવ (રસવિશેષનાં) વિષયમાં મારાથી સાંભળો.

આ લેશ્યાઓનું વર્ણન નામ, વર્ણ, રસ, ગંધ, સ્પર્શ, પરિણામ, લક્ષણ, સ્થાન, સ્થિતિ, ગતિ અને આયુષ્યનો બંધ આ દ્વારોનાં માધ્યમથી મારાથી સાંભળો.

૨. **છ પ્રકારની લેશ્યાઓ :**

પ્ર. ભંતે ! લેશ્યાઓ કેટલી કહી છે ?

ઉ. ગૌતમ ! છ લેશ્યાઓ કહી છે. જેમકે -

૧. કૃષ્ણ લેશ્યા, ૨. નીલ લેશ્યા, ૩. કાપોત લેશ્યા, ૪. તેજો લેશ્યા, ૫. પદ્મ લેશ્યા, ૬. શુક્લ લેશ્યા.

૩. **દ્રવ્ય-ભાવ લેશ્યાઓનું સ્વરુપ :**

પ્ર. ભંતે ! કૃષ્ણ લેશ્યામાં કેટલા વર્ણ **-યાવત્-** કેટલા સ્પર્શ કહ્યા છે ?

ઉ. ગૌતમ ! ૧. **દ્રવ્ય લેશ્યાની અપેક્ષાથી** - તેમાં પાંચ વર્ણ, પાંચ રસ, બે ગંધ અને આઠ સ્પર્શ કહ્યા છે,

૨. **ભાવલેશ્યાની અપેક્ષાથી -** તે વર્ણ, ગંધ, રસ, સ્પર્શથી રહિત છે.

***આ પ્રમાણે શુક્લલેશ્યા સુધી કહેવું જોઈએ.***

૪. **લેશ્યાઓના લક્ષણ :**

૧. જે મનુષ્ય પાંચ આશ્રવોમાં પ્રવૃત્ત છે, ત્રણ ગુપ્તિઓથી અગુપ્ત છે, ષટ્કાયિક જીવોનાં પ્રતિ અવિરત છે, તીવ્ર આરંભમાં પરિણત છે, ક્ષુદ્ર અને સાહસી છે.

---

૧. ઉત્તરાધ્યયનનાં લેશ્યા અધ્યયનમાં આ ગાથાનુસાર વર્ણાદિનું ક્રમથી વર્ણન છે. પરંતુ વિભિન્ન આગમોનાં લેશ્યા સંબંધી પાઠોનું સંકલન કરવા માટે અહીં ભિન્ન ક્રમથી પાઠોને રાખેલ છે.

२. (क) किण्हा नीला य काऊ य, तेऊ पम्हा तहेव य ।
सुक्कलेसा य छट्ठा उ, नामाइं तु जहक्कमं ॥ - उत्त. अ. ३४, गा. ३

(ख) ठाणं. अ. ६, सु. ५०४ (ग) पण्ण. प. १७, उ. ४, सु. १२१९ (घ) पण्ण. प. १७, उ. ५, सु. १२५०
(ङ) पण्ण. प. १७, उ. ६, सु. १२५६ (च) विया. स. १, उ. २, सु. १३ (छ) विया. स. २५, उ. १, सु. ३
(ज) सम. सम. ६, सु. १ (झ) आव. अ. ४, सु. ६ (ञ) सम. सु. १५३ (३)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

निद्धंसपरिणामो निस्संसो अजिइन्दिओ।
एयजोगसमाउत्तो **किण्हलेसं** तु परिणमे॥

નિ:શંક પરિણામવાળા છે, નૃશંસ છે, અજીતેન્દ્રિય છે, આ યોગોથી યુક્ત તે જીવ **કૃષ્ણ લેશ્યામાં** પરિણત હોય છે.

२. इस्सा-अमरिस-अतवो, अविज्ज-माया अहीरिया य।
गेही पओसे य सढे पमत्ते, रसलोलुए सायगवेसए य॥

૨. જે ઈર્ષાળુ છે, કદાગ્રહી છે, અતપસ્વી છે, અજ્ઞાની છે, માયી છે, નિર્લજ્જ છે, વિષયાસક્ત છે, પ્રદ્વેષી છે, ધૂર્ત છે, પ્રમાદી છે. રસલોલુપ છે, સુખનો ગવેષક છે.

आरम्भाओ अविरओ, खुद्दो साहस्सिओ नरो।
एयजोगसमाउत्तो, **नीललेसं** तु परिणमे॥

જે આરંભથી અવિરત છે, ક્ષુદ્ર છે, દુઃસાહસી છે, આ યોગોથી યુક્ત તે જીવ **નીલલેશ્યામાં** પરિણત હોય છે.

३. वंके वंकसमायारे, नियडिल्ले अणुज्जुए।
पलिउंचग ओवहिए, मिच्छदिट्ठी अणारिए॥

૩. જે મનુષ્ય વાણીથી વક્ર છે, આચારથી વક્ર છે, કપટી છે, સરલતાથી રહિત છે, સ્વદોષોને છુપાડનાર છે, છલ-કપટનો પ્રયોગ કરનાર છે, મિથ્યાદૃષ્ટિ છે, અનાર્ય છે.

उप्फालग-दुट्ठवाई य, तेणे यावि य मच्छरी।
एयजोगसमाउत्तो, **काउलेसं** तु परिणमे॥

જે મુખમાં આવે તેવા દુર્વચન બોલનાર છે, દુષ્ટવાદી છે, ચોર છે, ઈર્ષ્યા કરનાર છે, આ યોગોથી યુક્ત તે જીવ **કાપોત લેશ્યામાં** પરિણત હોય છે.

४. नीयावित्ती अचवले, अमाई अकुऊहले।
विणीयविणए दन्ते, जोगवं उवहाणवं॥

૪. જે નમ્ર વૃત્તિનાં છે, ચપળતા રહિત છે, માયાથી રહિત છે, અકુતૂહલી છે, વિનય કરવામાં નિપુણ છે, દાંત છે, સ્વાધ્યાયાદિથી સમાધિ સંપન્ન છે, શાસ્ત્રાધ્યયનનાં સમયે તપસ્યાનો કર્તા છે.

पियधम्मे दढधम्मे, वज्जभीरू हिएसए।
एयजोगसमाउत्तो, **तेउलेसं** तु परिणमे॥

જે પ્રિયધર્મી છે, દઢધર્મી છે, પાપભીરુ છે, હિતૈષી છે, આ યોગોથી યુક્ત તે જીવ **તેજોલેશ્યામાં** પરિણત છે.

५. पयणुकोह-माणे य, माया लोभे य पयणुए।
पसंतचित्ते दन्तप्पा, जोगवं उवहाणवं॥

૫. જેના ક્રોધ, માન, માયા અને લોભ અત્યંત અલ્પ છે, જે પ્રશાંતચિત્ત છે, આત્માનું દમન કરે છે, યોગવાન્ તથા ઉપધાનવાન્ છે.

तहा पयणुवाइं य, उवसन्ते जिइन्दिए।
एयजोगसमाउत्तो, **पम्हलेसं** तु परिणमे॥

જે અલ્પભાષી છે, ઉપશાંત છે અને જીતેન્દ્રિય છે, આ યોગોથી યુક્ત તે જીવ **પદ્મ લેશ્યામાં** પરિણત હોય છે.

६. अट्टरूद्दाणि वज्जित्ता, धम्मसुक्काणि झायए।
पसंतचित्ते दन्तप्पा, समिए गुत्ते य गुत्तिहिं॥

૬. જે આર્ત્ત અને રૌદ્ર ધ્યાનોનો ત્યાગ કરીને ધર્મ અને શુક્લ ધ્યાનમાં લીન છે, પ્રશાંત ચિત્ત અને દાંત છે, પાંચ સમિતિઓથી સમિત અને ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત છે.

सरागे बीयरागे वा, उवसन्ते जिइन्दिए।
एयजोगसमाउत्तो, **सुक्कलेसं** तु परिणमे॥

-उत्त. अ. ३४, गा. २१-३२

સરાગી (ગૃહસ્થ) કે વીતરાગી (શ્રમણ) છે, પરંતુ ઉપશાંત અને જીતેન્દ્રિય છે, આ યોગોથી યુક્ત તે જીવ **શુક્લ લેશ્યામાં** પરિણત હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

५. **दुग्गइसुगइगामिणी लेस्साओ -**

तओ लेसाओ-दोग्गइगामिणीओ, संकिलिट्ठाओ, अमणुण्णाओ, अविसुद्धाओ, अप्पसत्थाओ सीतलुक्खाओ पण्णत्ताओ, तं जहा-

१. कण्हलेसा, २. णीललेसा, ३. काउलेसा।

तओ लेसाओ-सोगइगामिणीओ, असंकिलिट्ठाओ, मणुण्णाओ, विसुद्धाओ, पसत्थाओ, णिद्धुण्हाओ, पण्णत्ताओ, तं जहा-

१. तेउलेसा, २. पम्हलेसा, ३. सुक्कलेसा[1]।

- ठाणं. अ. ३, उ. ४, सु. २२१

६. **लेस्साणं गरूयत्तं लहुयत्तं -**

प. कण्हलेस्सा णं भंते ! किं गरूया, लहुया, गरूयलहुया अगरूयलहुया ?

उ. गोयमा ! णो गरूया, णो लहुया, गरूयलहुया वि, अगरूयलहुया वि।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ -

"कण्हलेस्सा णो गरूया, णो लहुया, गरूयलहुया वि, अगरूयलहुया वि ?"

उ. गोयमा ! **दव्वलेस्सं पडुच्च-**ततियपदेणं (गरूयलहुया),

**भावलेस्सं पडुच्च-**चउत्थ पदेणं (अगरूयलहुया)।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"णो लहुया, णो गरूया, गरूयलहुया वि, अगरूयलहुया वि।

***एवं -जाव- सुक्कलेस्सा।***

- विया. स. १, उ. ९, सु. १० (१)

७. **सरूवी सकम्मलेस्स पुग्गलाणं ओभासणाइ-**

प. अत्थि णं भंते ! सरूवी सकम्मलेस्सा पोग्गला ओभासेंति, उज्जोएंति, तवेंति **-जाव-** पभासेंति ?

उ. हंता, गोयमा ! अत्थि।

प. कयरे णं भंते ! सरूवी सकम्मलेस्सा पोग्गला ओभासेंति **-जाव-** पभासेंति ?

૫. **દુર્ગતિ-સુગતિ-ગામિની લેશ્યાઓ :**

ત્રણ લેશ્યાઓ - દુર્ગતિ ગામિની, સંક્લિષ્ટ, અમનોજ્ઞ, અવિશુદ્ધ, અપ્રશસ્ત અને શીત-રુક્ષ સ્પર્શવાળી કહી છે, જેમકે -

૧. કૃષ્ણલેશ્યા, ૨. નીલ લેશ્યા, ૩. કાપોત લેશ્યા.

ત્રણ લેશ્યાઓ : સુગતિગામિની, અસંક્લિષ્ટ, મનોજ્ઞ, વિશુદ્ધ, પ્રશસ્ત અને સ્નિગ્ધ-ઉષ્ણ સ્પર્શવાળી કહી છે, જેમકે -

૧. તેજો લેશ્યા, ૨. પદ્મ લેશ્યા, ૩. શુક્લ લેશ્યા.

૬. **લેશ્યાઓનું ગુરુત્વ લઘુત્વ :**

પ્ર. ભંતે ! કૃષ્ણ લેશ્યા શું ગુરુ છે, લઘુ છે, ગુરુ લઘુ છે કે અગુરુ લઘુ છે ?

ઉ. ગૌતમ ! કૃષ્ણ લેશ્યા ગુરુ નથી, લઘુ નથી, પરંતુ ગુરુ લઘુ છે અને અગુરુ લઘુ પણ છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"કૃષ્ણલેશ્યા ગુરુ નથી, લઘુ નથી, પરંતુ ગુરુલઘુ પણ છે અને અગુરુ લઘુ પણ છે."

ઉ. ગૌતમ ! **દ્રવ્ય લેશ્યાની અપેક્ષાએ -** તૃતીય પદ (ગુરુલઘુ) છે.

**ભાવ લેશ્યાની અપેક્ષાએ -** ચોથાપદ (અગુરુલઘુ) છે.

માટે હે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"કૃષ્ણ લેશ્યા ગુરુ નથી, લઘુ નથી, પરંતુ ગુરુલઘુ પણ છે અને અગુરુલઘુ પણ છે."

***આ પ્રમાણે શુક્લલેશ્યા સુધી જાણવું જોઈએ.***

૭. **સરુપી સકર્મ લેશ્યાઓનાં પુદ્દગલોનું અવભાસન (પ્રકાશિત થવું) આદિ :**

પ્ર. ભંતે ! શું સરુપી (વર્ણાદિયુક્ત) સકર્મ લેશ્યાઓનાં પુદ્દગલ સ્કંધ હોય છે. તે અવભાષિત હોય છે, ઉદ્યોતિત હોય છે, તપે છે કે પ્રભાસિત હોય છે ?

ઉ. હા, ગૌતમ ! તે (અવભાસિત **-યાવત્-** પ્રભાસિત) હોય છે.

પ્ર. ભંતે ! તે સરુપી કર્મલેશ્યાનાં પુદ્દગલ ક્યાં છે જે અવભાસિત **-યાવત્-** પ્રભાસિત હોય છે ?

१. (क) पण्ण. प. १७, उ. ४, सु. १२४१ (ख) उत्त. अ. ३४, गा. ५६-५७

जैन साहित्य JAINSITE .com जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उ. गोयमा ! जाओ इमाओ चंदिम सूरियाणं देवाणं विमाणेहिंतो लेस्साओ बहिया अभिनिस्सडाओ ओभासेंति -जाव- पभासेंति ।

एएणं गोयमा ! ते सरूवी सकम्मलेस्सा पोग्गला ओभासेंति -जाव- पभासेंति ।

- विया. स. १४, उ. ९, सु. २-३

८. **लेस्साणं वण्णा-**

प. एयाओ णं भंते ! छल्लेसाओ कइसु वण्णेसु साहिज्जंति ?

उ. गोयमा ! पंचसु वण्णेसु साहिज्जंति, तं जहा -

१. कण्हलेस्सा कालएणं वण्णेणं साहिज्जइ ।

२. णीललेस्सा णीलएणं वण्णेणं साहिज्जइ ।

३. काउलेस्सा काल-लोहिएणं वण्णेणं साहिज्जइ ।

४. तेउलेस्सा लोहिएणं वण्णेणं साहिज्जइ ।

५. पम्हलेस्सा हालिद्दएणं वण्णेणं साहिज्जइ ।

६. सुक्कलेस्सा सुक्किलएणं वण्णेणं साहिज्जइ ।

- पण्ण. प. १७, उ. ४, सु. १२३२

प. **१.** कण्हलेस्सा णं भंते ! वण्णेणं केरिसिया पण्णत्ता ?

उ. गोयमा ! से जहाणामए जीमूए इ वा, अंजणे इ वा, खंजणे इ वा, कज्जले इ वा, गवले इ वा, गवलवलए इ वा, जंबूफलए इ वा, अद्दारिट्ठाए इ वा, परपुट्ठे इ वा, भमरे इ वा, भमरावली इ वा, गयकलभे इ वा, किण्हकेसे इ वा, आगासथिग्गले इ वा, किण्हासोए इ वा, किण्हकणवीरए इ वा, किण्हबंधुजीवए इ वा ।

प. भवेयारूवा ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे ।

कण्हलेस्सा णं एत्तो अणिट्ठतरिया चेव, अकंततरिया चेव, अप्पियतरिया चेव, अमणुण्णतरिया चेव, अमणामतरिया चेव वण्णेणं पण्णत्ता ।

प. **२.** णीललेस्सा णं भंते ! केरिसिया वण्णेणं पण्णत्ता ?

उ. गोयमा ! से जहाणामए भिंगे इ वा, भिंगपत्ते इ वा, चासे इ वा, चासपिंच्छे इ वा, सुए इ वा, सुयपिच्छे इ वा, सामा इ वा, वणराइ इ वा, उच्चंतए इ वा, पारेवयगीवा इ वा, मोरगीवा इ वा, हलधरवंसणे

ઉ. ગૌતમ ! ચંદ્ર અને સૂર્ય દેવોનાં વિમાનોથી બહાર નીકળેલ જે લેશ્યાઓ છે તે અવભાસિત **-યાવત્-** પ્રભાસિત હોય છે.

હે ગૌતમ ! (એ જ તે ચંદ્ર, સૂર્ય નિર્ગત તેજો લેશ્યાઓ છે) જેનાથી સરુપી કર્મ લેશ્યાનાં પુદ્‌ગલ સ્કંધ અવભાસિત **-યાવત્-** પ્રભાસિત હોય છે.

૮. **લેશ્યાઓનાં વર્ણ :**

પ્ર. ભંતે ! છ લશ્યાઓ કેટલા વર્ણોથી વર્ણિત છે ?

ઉ. ગૌતમ ! પાંચ વર્ણોથી વર્ણિત છે, જેમકે -

૧. કૃષ્ણ લેશ્યા કૃષ્ણ વર્ણથી વર્ણિત છે,

૨. નીલ લેશ્યા નીલ વર્ણથી વર્ણિત છે,

૩. કાપોત લેશ્યા કૃષ્ણ-રક્ત મિશ્રિત વર્ણથી વર્ણિત છે.

૪. તેજો લેશ્યા રક્ત (લાલ) વર્ણથી વર્ણિત છે.

૫. પદ્મલેશ્યા પીળા વર્ણથી વર્ણિત છે.

૬. શુક્લ લેશ્યા સફેદ વર્ણથી વર્ણિત છે.

પ્ર. **૧.** ભંતે ! કૃષ્ણલેશ્યા કેવા વર્ણવાળી કહી છે ?

ઉ. ગૌતમ ! કાળા મેઘવાળી, સુરમા, ખંજન, કાજળ, ભૈંસનાં શીંગડા, ગવલ વલય, જાંબુનાં ફળ, ભીના અરીઠાં, કોયલ, ભ્રમર, ભ્રમરોની પંક્તિ, હાથીનાં બચ્ચા, કાળા કેશ, આકાશ ખંડ, કાળા અશોક, કાળા કનેર, કાળા બંધુજીવક જેવા વર્ણવાળી કૃષ્ણ લેશ્યા છે.

પ્ર. શું કૃષ્ણ લેશ્યા આવા વર્ણવાળી છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ શક્ય નથી.

કૃષ્ણ લેશ્યા આનાથી પણ અધિક અનિષ્ટ, અકાંત, અપ્રિય, અમનોજ્ઞ અને અમનોહર વર્ણવાળી કહી છે.

પ્ર. **૨.** ભંતે ! નીલ લેશ્યા કેવા વર્ણવાળી કહી છે ?

ઉ. ગૌતમ ! ભૃંગ, ભૃંગની પત્ર, નીલકંઠ, નીલકંઠનાં પત્ર, પોપટ, પોપટની પાંખ, શ્યામા, વનરાજિ, દંતરાગ, કપોતગ્રીવા, મયૂરગ્રીવા, બળદેવ વસ્ત્ર,

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

इ वा, अयसिकुसुमए इ वा, बाणकुसुमए इ वा, अंजणकेसियाकुसुमए इ वा, णीलुप्पले इ वा, नीलासोए इ वा, णीलकणवीरए इ वा, णीलबंधुजीवए इ वा।

અળસી પુષ્પ, બાણ પુષ્પ, અંજનકેસરિ પુષ્પ, નીલકમળ, નીલ અશોક, નીલકનેર, નીલબંધુ જીવક વૃક્ષ જેવા વર્ણવાળી નીલ લેશ્યા છે.

प. भवेयारूवा ?

પ્ર. શું નીલ લેશ્યા આવા વર્ણવાળી છે ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

नीललेस्सा णं एत्तो अणिट्ठतरिया -जाव- अमणामतरिया चेव वण्णेणं पण्णत्ता।

ઉ. ગૌતમ ! આ અર્થ શક્ય નથી.

નીલ લેશ્યા આનાથી પણ અધિક અનિષ્ટ **-યાવત્-** અધિક અમનોહર વર્ણવાળી કહી છે.

प. ३. काउलेस्सा णं भंते ! केरिसिया वण्णेणं पण्णत्ता ?

પ્ર. ૩. ભંતે ! કાપોત લેશ્યા કેવા વર્ણવાળી કહી છે ?

उ. गोयमा ! से जहाणामए खयरसारे इ वा, कयरसारे इ वा, धमाससारे इ वा, तंबे इ वा, तंबकरोडए इ वा, तंबच्छिवाडिया इ वा, बाइंगणि कुसुमए इ वा, कोइलच्छदकुसुमए इ वा, जवासा कुसुमे इ वा, कलकुसुमे इ वा।

ઉ. ગૌતમ ! કાથો, કેર, ધમાસા, તાંબુ, તાંબાનાં વાટકા, તાંબાનાં ચમચા, રીંગણનાં પુષ્પ, કોકિલચ્છદ પુષ્પ, જવાસા પુષ્પ, કળ કુસુમ જેવા વર્ણવાળી કાપોત લેશ્યા છે.

प. भवेयारूवा ?

પ્ર. શું કાપોત લેશ્યા આવા વર્ણવાળી છે ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

काउलेस्सा णं एत्तो अणिट्ठतरिया -जाव- अमणामतरिया चेव वण्णेणं पण्णत्ता।

ઉ. ગૌતમ ! આ અર્થ શક્ય નથી.

કાપોત લેશ્યા આનાથી પણ વધારે અનિષ્ટ **-યાવત્-** વધારે અમનોહર વર્ણવાળી કહી છે.

प. ४. तेउलेस्सा णं भंते ! केरिसिया वण्णेणं पण्णत्ता ?

પ્ર. ૪. ભંતે ! તેજો લેશ્યા કેવા વર્ણવાળી કહી છે ?

उ. गोयमा ! से जहाणामए ससरूहिरे इ वा, उरब्भरूहिरे इ वा, वराहरूहिरे इ वा, संबररूहिरे इ वा, मणुस्सरूहिरे इ वा, बालिंदगोवे इ वा, बालदिवागरे इ वा, संझब्भरागे इ वा, गुंजद्धरागे इ वा, जाइहिंगुलुए इ वा, पवालंकुरे इ वा, लक्खारसे इ वा, लोहियक्खमणी इ वा, किमिरागकंबले इ वा, गयतालुए इ वा, चीणपिट्ठरासी इ वा, पालियायकुसुमे इ वा, जासुमणाकुसुमे इ वा, किंसुयपुप्फरासी इ वा, रत्तुप्पले इ वा, रत्तासोगे इ वा, रत्तकणवीरए इ वा, रत्तबंधुजीवए इ वा।

ઉ. ગૌતમ ! શશક રુધિર, મેષ રુધિર, સૂકર રુધિર, સાંભર રુધિર, મનુષ્ય રુધિર, બાળ-ઈન્દ્રગોપ, બાળદિવાકર, સંધ્યા-લાલિમા, ગુંજાર્ધ લાલિમા, ઉત્તમ હીંગળુ, પ્રવાલાંકુર, લાક્ષારસ, લોહિતાક્ષમણિ, કિરમિચીરંગયુક્તકંબલ, ગજતાળુ, ચીન પિષ્ટ રાશિ, પારિજાત પુષ્પ, જયા પુષ્પ, કિંશુક પુષ્પ, લાલ કમળ, લાલ અશોક, લાલ કનેર, લાલબંધુ જીવક જેવા વર્ણવાળી તેજો લેશ્યા છે.

प. भवेयारूवा ?

પ્ર. શું તેજોલેશ્યા આવા વર્ણવાળી છે ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

तेउलेस्सा णं एत्तो इट्ठतरिया चेव, कंततरिया चेव, पियतरिया चेव, मणुण्णतरिया चेव, मणामतरिया चेव वण्णेणं पण्णत्ता।

ઉ. ગૌતમ ! આ અર્થ શક્ય નથી.

તેજો લેશ્યા આનાથી પણ અધિક ઈષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ અને મનોહર વર્ણવાળી કહી છે.

प. ५. पम्हलेस्सा णं भंते ! केरिसिया वण्णेणं पण्णत्ता ?

પ્ર. ૫. ભંતે ! પદ્મલેશ્યા કેવા વર્ણવાળી કહી છે ?

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

उ. गोयमा ! से जहाणामए चंपे इ वा, चंपयछल्ली इ वा, चंपयभेदे इ वा, हलिद्दा इ वा, हलिद्दगुलिया इ वा, हालिद्दाभेए इ वा, हरियाले इ वा, हरियालगुलिया इ वा, हरियालभेए इ वा, चिउरे इ वा, चिउररागे इ वा, सुवण्णसिप्पी इ वा, वरकणगणिहसे इ वा, वरपुरिसवसणे इ वा, अल्लइकुसुमे इ वा, चंपयकुसुमे इ वा, कणियारकुसुमे इ वा, कुहंडियाकुसुमे इ वा, सुवण्णजूहिया इ वा, सुहिरण्णियाकुसुमे इ वा, कोरेंटमल्लदामे इ वा, पीयासोगे इ वा, पीयकणवीरए इ वा, पीयबन्धुजीवए इ वा।

ઉ. ગૌતમ ! ચંપક, ચંપકની છાલ, ચંપકનાં ટુકડા, હળદર, હળદરની ગુટિકા, હળદરનાં ટુકડા (ખંડ), હરતાળ, હરતાળની ગુટિકા, હરતાળનાં ટુકડા, ચિંકુર, ચિકુરનાં રંગ, સ્વર્ણસીપ, સ્વર્ણ-નિકર્ષ, શ્રેષ્ઠ પીતામ્બર, અલ્લકી પુષ્પ, ચંપા પુષ્પ, કનેર પુષ્પ, કુષ્માંડ લતાપુષ્પ, સ્વર્ણ જુહી પુષ્પ, સુહિરણ્યિકાનું પુષ્પ, કોરંટ પુષ્પમાળા, પીળા અશોક, પીળા કનેર, પીળા બંધુજીવક જેવા વર્ણવાળી પદ્મલેશ્યા છે.

प. भवेयारूवा ?

પ્ર. શું પદ્મલેશ્યા આવા વર્ણવાળી છે ?

उ. गोयमा ! नो इणट्ठे समट्ठे।

पम्हलेस्सा णं एत्तो इट्ठतरिया चेव **-जाव-** मणामतरिया चेव वण्णेणं पण्णत्ता।

ઉ. ગૌતમ ! આ અર્થ શક્ય નથી.

પદ્મલેશ્યા આનાથી પણ અધિક ઈષ્ટ **-યાવત્-** અધિક મનોહર વર્ણવાળી કહી છે.

प. ६. सुक्कलेस्सा णं भंते ! केरिसिया वण्णेणं पण्णत्ता ?

પ્ર. ૬. ભંતે ! શુક્લલેશ્યા કેવા વર્ણવાળી કહી છે ?

उ. गोयमा ! से जहाणामए अंके इ वा, संखे इ वा, चंदे इ वा, कुंदे इ वा, दगे इ वा, दगरए इ वा, दही इ वा, दहिघणे इ वा, खीरे इ वा, खीरपूरे इ वा, सुक्कछिवाडिया इ वा, पेहुणमिंजिया इ वा, धंतधोयरूप्पपट्टे इ वा, सारइयबलाहए इ वा, कुमुददले इ वा, पोंडरियदले इ वा, सालिपिट्ठरासी इ वा, कुडगपुप्फरासी इ वा, सिंदुवारवरमल्लदामे इ वा, सेयासोए इ वा, सेयकणवीरे इ वा, सेयबंधुजीवए इ वा।

ઉ. ગૌતમ ! અંકરત્ન, શંખ, ચંદ્ર, કુંદ પુષ્પ, ઉદક, જલકણ, દધિ, દધિપિંડ, દુગ્ધ, દુગ્ધજાગ, શુષ્કફળી, મયુરપિંછ, મિંજીકા, ધાત રજત પટ્ટ, શારદીય મેઘ, કુમુદ પત્ર, પુંડરિક પત્ર, શાલિપિષ્ટ રાશિ, કુટજપુષ્પરાશિ, સિંદુવાર પુષ્પમાળા, શ્વેતઅશોક, શ્વેતકનેર, શ્વેત બંધુજીવક જેવા વર્ણવાળી શુક્લ લેશ્યા છે.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

प. भवेयारूवा ?

પ્ર. શું શુક્લલેશ્યા આવા વર્ણવાળી છે ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

सुक्कलेस्सा णं एत्तो इट्ठतरिया चेव **-जाव-** मणामतरिया चेव वण्णेणं पण्णत्ता।

- पण्ण. प. १७, उ. ४, सु. १२२६-१२३१

ઉ. ગૌતમ ! આ અર્થ શક્ય નથી.

શુક્લ લેશ્યા આનાથી પણ અધિક ઈષ્ટ **-યાવત્-** અધિક મનોહર વર્ણવાળી કહી છે.

१. जीमूयनिद्धसंकासा, गवलरिट्ठगसन्निभा।
खंजणंजण-नयणनिभा, किण्हलेसा उ वण्णओ॥

૧. કૃષ્ણલેશ્યા વર્ણની અપેક્ષાથી સ્નિગ્ધ કાળા મેઘનાં સમાન, ભેંસનાં શીંગડા અને અરીઠાનાં સદશ અથવા (ગાડીના) ખંજન, કાજળ કે સુરમો અને કીકીનાં સમાન કાળી છે.

२. नीलाऽसोगसंकासा, चासपिच्छसमप्पभा।
वेरूलिय निद्धसंकासा, नीललेसा उ वण्णओ॥

૨. નીલ લેશ્યા વર્ણની અપેક્ષાથી નીલા અશોક વૃક્ષનાં સમાન, પક્ષીની પાંખનાં સમાન કે સ્નિગ્ધ વૈડૂર્યરત્નની સમાન અતિનીલી છે.

३. अयसीपुप्फसंकासा, कोइलच्छदसन्निभा।
पारेवयगीवनिभा, काउलेसा उ वण्णओ॥

४. हिंगुलुयघायउसंकासा, तरूणाइच्चसन्निभा।
सुयतुण्ड-पईवनिभा, तेउलेसा उ वण्णओ॥

५. हरियालभेयसंकासा, हलिद्दाभेयसन्निभा।
सणासणकुसुमनिभा, पम्हलेसा उ वण्णओ॥

६. संखंककुन्दसंकासा, खीरपूरसमप्पभा।
रययहारसंकासा, सुक्कलेसा उ वण्णओ॥

- उत्त. अ. ३४, गा. ४-९

૩. કાપોતલેશ્યા વર્ણની અપેક્ષાથી અળસીનાં ફૂલ જેવી, કોયલની પાંખ જેવી તથા કબૂતરનાં ગર્દન જેવી કંઈક કાળી અને કંઈક લાલ છે.

૪. તેજોલેશ્યા વર્ણની અપેક્ષાથી હીંગળુ તથા ધાતુ-ગેરુ નાં સમાન, તરુણ સૂર્યનાં સમાન તથા પોપટની ચોંચ કે બળતા દીપકની સમાન લાલ રંગની છે.

૫. પદ્મલેશ્યા વર્ણની અપેક્ષાથી હરતાળનાં ટુકડા જેવી, હળદરનાં રંગ જેવી તથા સણ અને અસનનાં ફૂલ જેવી પીળી છે.

૬. શુક્લ લેશ્યા વર્ણની અપેક્ષાથી શંખ, અંકરત્ન અને કુંદનાં ફૂલની સમાન છે, દૂધની ધારાનાં સમાન તથા રજત અને હાર (મોતીની માળા)ની સમાન સફેદ છે.

## ९. लेस्साणं गंधा -

प. कइ णं भंते ! लेस्साओ दुब्भिगंधाओ पण्णत्ताओ ?

उ. गोयमा ! तओ लेस्साओ दुब्भिगंधाओ पण्णत्ताओ, तं जहा -

१. किण्हलेस्सा, २. णीललेस्सा, ३. काउलेस्सा।

प. कइ णं भंते ! लेस्साओ सुब्भिगंधाओ पण्णत्ताओ ?

उ. गोयमा ! तओ लेस्साओ सुब्भिगंधाओ पण्णत्ताओ, तं जहा -

१. तेउलेस्सा, २. पम्हलेस्सा, ३. सुक्कलेस्सा।[1]

- पण्ण. प. १७, उ. ४, सु. १२३९-१२४०

जह गोमडस्स गन्धो, सुणगमडगस्स व जहा अहिमडस्स।
एत्तो वि अणन्तगुणो, लेसाणं अप्पसत्थाणं॥

जह सुरहिकुसुमगन्धे, गन्धवासाण पिस्समाणाणं।
एत्तो वि अणन्तगुणो, पसत्थलेसाण तिण्हं पि॥

-उत्त. अ. ३४, गा. १६-१७

## ૯. લેશ્યાઓની ગંધ :

પ્ર. ભંતે ! દુર્ગંધવાળી કેટલી લેશ્યાઓ કહી છે ?

ઉ. ગૌતમ ! ત્રણ લેશ્યાઓ દુર્ગંધવાળી કહી છે, જેમકે -

૧. કૃષ્ણલેશ્યા, ૨. નીલલેશ્યા, ૩. કાપોત લેશ્યા.

પ્ર. ભંતે ! કેટલી લેશ્યાઓ સુગંધવાળી કહી છે ?

ઉ. ગૌતમ ! ત્રણ લેશ્યાઓ સુગંધવાળી કહી છે, જેમકે -

૧. તેજો લેશ્યા, ૨. પદ્મ લેશ્યા, ૩. શુક્લ લેશ્યા.

મરેલ ગાય, મરેલ કૂતરા અને મરેલ સાપનાં જેવી દુર્ગંધ હોય છે. તેનાથી પણ અનન્ત ગુણી અધિક દુર્ગંધ ત્રણેય અપ્રશસ્ત (કૃષ્ણ, નીલ, કાપોત) લેશ્યાઓની હોય છે.

સુગંધિત પુષ્પ અને પીસેલ સુવાસિત ગંધ દ્રવ્યોનાં જેવી ગંધ હોય છે, તેનાથી પણ અનન્તગુણી અધિક સુગંધ ત્રણેય પ્રશસ્ત (તેજો- પદ્મ- શુક્લ) લેશ્યાઓની હોય છે.

## १०. लेस्साणं रसा -

प. **१.** कण्हलेस्सा णं भंते ! केरिसिया आसाएणं पण्णत्ता ?

उ. गोयमा ! से जहाणामए, णिंबे इ वा, णिंबसारे इ वा, णिंबछल्ली इ वा, णिंबफाणिए इ वा, कुडगफलए इ वा, कुडग छल्ली इ वा, कुडगफाणिए इ वा, कडुए इ वा, कडुगपत्ते इ वा, कडुगतुंबी इ वा,

## ૧૦. લેશ્યાઓનાં રસ :

પ્ર. **૧.** ભંતે ! કૃષ્ણ લેશ્યાનો આસ્વાદ (રસ) કેવો કહ્યો છે ?

ઉ. ગૌતમ ! લીંબડો, લીંબડા-સાર, લીંબડા-છાલ, લીંબડા-કવાથ, કુટજફળ, કુટજ-છાલ, કુટજ-કવાથ, કટુજ, કટુજપત્ર, કટુક-તુંબી,

१. ठाणं अ. ३, सु. ४, सु. २२१

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

कडुगतुंबीफले इ वा, खारतउसी इ वा, खारतउसीफले इ वा, देवदाली इ वा, देवदालिपुप्फे इ वा, मियवालुंकी इ वा, मियवालुंकीफले इ वा, घोसाडिए इ वा, घोसाडइफले इ वा, कण्हकंदए इ वा, वज्जकंदए इ वा।

કટુકતુંબીફળ, કડવી કાકડી, કડવી કાકડી ફળ, દેવદાળી, દેવદાળી પુષ્પ, મૃગવાલુંકી, મૃગવાલુંકીફળ, ઘોષાતિની, ઘોષાતિની ફળ, કૃષ્ણકંદ, વજ્રકંદ જેવો કૃષ્ણલેશ્યાનો આસ્વાદ છે.

प. भवेयारूवा ?

પ્ર. શું કૃષ્ણ લેશ્યા આવા આસ્વાદ વાળી છે ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

कण्हलेस्सा णं एत्तो अणिट्ठतरिया चेव **-जाव-** अमणामतरिया चेव आसाएणं पण्णत्ता।

ઉ. ગૌતમ ! આ અર્થ શક્ય નથી.

કૃષ્ણ લેશ્યા આસ્વાદમાં આનાથી પણ અનિષ્ટ **-યાવત્-** અધિક અમનોહર રસવાળી કહી છે.

प. २. णीललेस्साए णं भंते ! केरिसिया आसाएणं पण्णत्ता ?

પ્ર. **૨.** ભંતે ! નીલલેશ્યાનો આસ્વાદ કેવો કહ્યો છે ?

उ. गोयमा ! से जहाणामए भंगी इ वा, भंगीरए इ वा, पाढा इ वा, चविता इ वा, चित्तामूलए इ वा, पिप्पलीमूलए इ वा, पिप्पली इ वा, पिप्पलीचुण्णे इ वा, मिरिए इ वा, मिरियचुण्णे इ वा, सिंगबेरे इ वा, सिंगबेरचुण्णे इ वा।

ઉ. ગૌતમ ! ભૃંગી, ભૃંગી-કણ, પાઠા, ચવિતા, ચિત્રમૂલક, પીપળામૂળ, પીપર, પીપરચૂર્ણ, મરી, મરીનું ચૂર્ણ, શ્રૃંગબેર, શ્રૃંગબેરનુંચૂર્ણ જેવો નીલલેશ્યાનો આસ્વાદ છે.

प. भवेयारूवा ?

પ્ર. શું નીલ લેશ્યા આવા આસ્વાદવાળી છે ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

णीललेस्सा णं एत्तो अणिट्ठतरिया चेव **-जाव-** अमणामतरिया चेव आसाएणं पण्णत्ता।

ઉ. ગૌતમ ! આ અર્થ શક્ય નથી.

નીલલેશ્યા આસ્વાદમાં આનાથી પણ અધિક અનિષ્ટ **-યાવત્-** અધિક અમનોહર રસવાળી કહી છે.

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

प. ३. काउलेस्साए णं भंते ! केरिसिया आसाएणं पण्णत्ता ?

પ્ર. **૩.** ભંતે ! કાપોત લેશ્યાનો આસ્વાદ કેવો કહ્યો છે ?

उ. गोयमा ! से जहाणामए अंबाण वा, अंबाडगाण वा, माउलुंगाण वा, बिल्लाण वा, कविट्ठाण वा, भट्ठाण वा, फणसाण वा, दालिमाण वा, पारेवयाण वा, अक्खोडाण वा, पोराण वा, बोराण वा, तेंदुयाण वा, अपक्काणं, अपरियागाणं, वण्णेणं अणुववेयाणं, गंधेणं अणुववेयाणं, फासेणं अणुववेयाणं।

ઉ. ગૌતમ ! આમ્ર, આમ્રાટક, બીજોરા, બિલ્વફળ, કપિત્થ, દ્રાક્ષાફળ, કટહળ, દાડમ, પારાવત, અખરોટ, ઈક્ષુ, બેર, તંદુફળ જે અપક્વ હોય, પૂરા પાકેલ ન હોય, વર્ણથી રહિત હોય, ગંધથી રહિત હોય અને સ્પર્શથી રહિત હોય એવો કાપોત લેશ્યાનો આસ્વાદ છે.

प. भवेयारूवा ?

પ્ર. શું કાપોત લેશ્યા આવા આસ્વાદવાળી છે ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

काउलेस्सा णं एत्तो अणिट्ठतरिया चेव **-जाव-** अमणामतरिया चेव आसाएणं पण्णत्ता।

ઉ. ગૌતમ ! આ અર્થ શક્ય નથી.

કાપોત લેશ્યા આસ્વાદમાં આનાથી અધિક અનિષ્ટ **-યાવત્-** અધિક અમનોહર રસ વાળી કહી છે.

प. ४. तेउलेस्सा णं भंते ! केरिसिया आसाएणं पण्णत्ता ?

પ્ર. **૪.** ભંતે ! તેજો લેશ્યાનો આસ્વાદ કેવો કહ્યો છે ?

उ. गोयमा ! से जहाणामए अंबाण वा **-जाव-** तेंदुयाण वा, पिक्काणं परियावण्णाणं वण्णेणं उववेयाणं गंधेणं उववेयाणं, फासेणं उववेयाणं।

ઉ. ગૌતમ ! પક્વ, પરિપક્વ, પ્રશસ્ત વર્ણ, ગંધ અને સ્પર્શથી યુક્ત આમ્ર **-યાવત્-** તિંદુક ફળ જેવો તેજો લેશ્યાનો આસ્વાદ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. भवेयारूवा ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

तेउलेस्सा णं एत्तो इट्ठतरिया चेव **-जाव-** मणामतरिया चेव आसाएणं पण्णत्ता।

प. ५. पम्हलेस्साए णं भंते ! केरिसिया आसाएणं पण्णत्ता ?

उ. गोयमा ! से जहाणामए चंदप्पभा इ वा, मणिसिलागा इ वा, वरसीधू इ वा, वरवारूणी इ वा, पत्तासवे इ वा, पुप्फासवे इ वा, फलासवे इ वा, चोयासवे इ वा, आसवे इ वा, मधू इ वा, मेरए इ वा, कविसाणए इ वा, खज्जुरसारए इ वा, मुद्दियासारए इ वा, सुपक्कखोयरसे इ वा, अट्ठपिट्ठणिट्ठिया इ वा, जंबूफलकालिया इ वा, वरपसण्णा इ वा, आसला मासला पेसला ईसी ओट्ठावलंबिणी ईसी वोच्छेयकडुई ईसी तंबच्छिकरणी उक्कोसमयपत्ता वण्णेणं उववेया **-जाव-** फासेणं उववेया आसायणिज्जा, वीसायणिज्जा, पीणणिज्जा, विहंणिज्जा, दीवणिज्जा, दप्पणिज्जा, मयणिज्जा, सव्विंदिय गायपल्हायणिज्जा।

प. भवेयारूवा ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

पम्हलेस्सा णं एत्तो इट्ठतरिया चेव **-जाव-** मणामतरिया चेव आसाएणं पण्णत्ता।

प. ६. सुक्कलेस्सा णं भंते ! केरिसिया आसाएणं पण्णत्ता ?

उ. गोयमा ! से जहाणामए गुले इ वा, खंडे इ वा, सक्करा इ वा, मच्छंडिया इ वा, पप्पडमोदए इ वा, भिसकंदे इ वा, पुप्फुत्तरा इ वा, पउमुत्तरा इ वा, आयंसिया इ वा, सिद्धत्थिया इ वा, आगासफालिओवमा इ वा, अणोवमा इ वा।

प. भवेयारूवा ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

सुक्कलेस्सा णं एत्तो इट्ठतरिया चेव **-जाव-** मणामतरिया चेव आसाएणं पण्णत्ता।

- पण्ण. प. १७, उ. ४, सु. १२३३-१२३८

પ્ર. શું તેજો લેશ્યા આવા આસ્વાદવાળી છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ શક્ય નથી.

તેજો લેશ્યા આસ્વાદમાં આનાથી પણ અધિક ઈષ્ટ **-યાવત્-** અધિક મનોહર રસ વાળી કહી છે.

પ્ર. ૫. ભંતે ! પદ્મ લેશ્યાનો આસ્વાદ કેવો કહ્યો છે?

ઉ. ગૌતમ ! ચંદ્રપ્રભા મદ્ય, મણિશલાકા મદ્ય, શ્રેષ્ઠ સિંધૂ મદ્ય, શ્રેષ્ઠ વારુણી મદ્ય, પત્રાસવ, પુષ્પાસવ, ફળાસવ, ચોયાસવ, સામાન્ય આસવ, મધુ, મેરક, કાપિશાયન, ખર્જૂરસાર, દ્રાક્ષાસાર, સુપક્વ ઈક્ષુરસ, આઠ પુટોથી નિર્મિત મદ્ય, જાંબુનનો સિરકો, પ્રસન્ના મદિરા જે આસ્વાદનીય, જે મુખ માધુર્યકારિણી હોય, જે પીધા પછી કંઈક કડવો તીક્ષ્ણ હોય, નેત્રોને લાલ કરનારી ઉત્કૃષ્ટ માદક પ્રશસ્ત વર્ણ **-યાવત્-** સ્પર્શથી યુક્ત, આસ્વાદ કરવા યોગ્ય વિશેષ રુપથી આસ્વાદન કરવા યોગ્ય, પ્રીણિનીય, વૃદ્ધિકારક, ઉદ્દીપક, દર્પજનક, મદજનક તથા બધી ઈન્દ્રિયો અને શરીરને આહ્લાદકજનક હોય એવો પદ્મલેશ્યાનો આસ્વાદ છે.

પ્ર. શું પદ્મ લેશ્યા આવા આસ્વાદવાળી છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ શક્ય નથી.

પદ્મલેશ્યા આસ્વાદમાં આનાથી પણ અધિક ઈષ્ટ **-યાવત્-** અધિક મનોહર રસ વાળી કહી છે.

પ્ર. ૬. ભંતે ! શુક્લલેશ્યાનો આસ્વાદ કેવો કહ્યો છે ?

ઉ. ગૌતમ ! ગોળ, ખાંડ, સાકર, મિશ્રી, મત્સ્યણ્ડી, પર્પટમોદક, ભીસકંદ, પુષ્પોત્તરા, પદ્મોતરા, આદર્શિકા, સિદ્ધાર્થિકા, આકાશસ્ફટિકોપમા અને અનુપમા નામક શર્કરા જેવો શુક્લ લેશ્યાનો આસ્વાદ છે.

પ્ર. શું શુક્લ લેશ્યા આવા આસ્વાદવાળી છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ શક્ય નથી.

શુક્લ લેશ્યા આસ્વાદમાં આનાથી પણ અધિક ઈષ્ટ **-યાવત્-** અધિક મનોહર રસ વાળી કહી છે.

જૈન સાહિત્ય JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

१. जह कडुयतुम्बगरसो, निम्बरसो कडुयरोहिणिरसो वा।
एत्तो वि अणन्तगुणो, रसो उ किण्हाए नायव्वो।

२. जह तिगडुयस्स य रसो, तिक्खो जह हत्थिपिप्प-
लीए वा।
एत्तो वि अणन्तगुणो, रसो उ नीलाए नायव्वो॥

३. जह तरूणअम्बगरसो, तुवरकविट्ठस्स वावि जारिसओ।
एत्तो वि अणन्तगुणो, रसो उ काऊए नायव्वो॥

४. जह परियणम्बगरसो, पक्ककविट्ठस्स वावि जारिसओ।
एत्तो वि अनन्तगुणो, रसो उ तेऊए नायव्वो॥

५. वरवारूणीए व रसो, विविहाण व आसवाण जारिसओ।
महु-मेरगस्स व रसो, एत्तो पम्हाए परएणं॥

६. खज्जूर-मुद्दियरसो, खीररसो खण्ड-सक्कररसो वा।
एत्तो वि अणन्तगुणो, रसो उ सुक्काए नायव्वो॥
- उत्त. अ. ३४, गा. १०-१५

૧. જેવી રીતે કડવા તુંબાનો રસ, લીંબડાનો રસ કે કડવી રોહિણીનો રસ કડવો હોય છે, તેનાથી પણ અનન્તગુણા અધિક કડવો કૃષ્ણલેશ્યાનો રસ જાણવો જોઈએ.

૨. ત્રિકટુક (સૂંઠ, પીપળા અને મરી)નો રસ કે ગજપીપળાનો રસ જેટલો તીખો હોય છે, તેનાથી પણ અનન્તગુણા અધિક તીખો નીલલેશ્યાનો રસ જાણવો જોઈએ.

૩. કાચા આંબળા અને કાચા કપિત્થ ફળનો રસ જેવો કસાયેલ હોય છે, તેનાથી પણ અનન્તગુણા અધિક (કસાયેલ) કાપોતલેશ્યાનો રસ જાણવો જોઈએ.

૪. પાકેલી કેરી અથવા પાકેલી કવિત્થનો રસ જેવો ખાટો મીઠો હોય છે, તેનાથી પણ અનન્તગુણા ખાટો મીઠો રસ તેજોલેશ્યાનો જાણવો જોઈએ.

૫. ઉત્તમ મદિરાનો રસ, વિવિધ આસવોનો રસ, મધુ તથા કંઈક ખાટો તથા કંઈક કસાયેલો રસ હોય છે. તેનાથી પણ અનન્તગુણા અધિક (ખાટો-કસાયેલો) રસ પદ્મલેશ્યાનો જાણવો જોઈએ.

૬. ખજૂર અને દ્રાક્ષનો રસ, ખીરનો રસ અથવા ખાંડ કે સાકરનો રસ જેટલો મધુર હોય છે, તેનાથી પણ અનન્તગુણા અધિક મધુર શુક્લ લેશ્યાનો રસ જાણવો જોઈએ.

**११. लेस्साणं फासा-**

जह करगयस्स फासो, गोजिब्भाए व सागपत्ताणं।
एत्तो वि अणन्तगुणो, लेसाणं अप्पसत्थाणं॥

जह बूरस्स व फासो, नवणीयस्स व सिरीसकुसुमाणं।
एत्तो वि अणन्तगुणो, पसत्थलेसाण तिण्हं पि॥
- उत्त. अ. ३४, गा. १८-१९

**૧૧. લેશ્યાઓનો સ્પર્શ :**

કરવત, ગાયની જીભ અને શાક નામની વનસ્પતિનાં પાંદડાનાં જેવા કર્કશ સ્પર્શ હોય છે તેનાથી પણ અનન્તગુણા અધિક કર્કશ સ્પર્શ ત્રણેય અપ્રશસ્ત (કૃષ્ણ, નીલ, કાપોત) લેશ્યાઓને હોય છે.

જેમ બૂર નવનીત કે શિરીષનાં પુષ્પોનો કોમળ સ્પર્શ હોય છે, તેનાથી પણ અનન્તગુણા અધિક કોમળ સ્પર્શ ત્રણેય પ્રશસ્ત (તેજો, પદ્મ, શુક્લ) લેશ્યાઓને હોય છે.

**१२. लेस्साणं पएसा -**

प. कण्हलेस्सा णं भंते ! कइपएसिया पण्णत्ता ?

उ. गोयमा ! अणंतपएसिया पण्णत्ता।

*एवं -जाव- सुक्कलेस्सा।*
- पण्ण. प. १७, उ. ४, सु. १२४३

**૧૨. લેશ્યાઓનાં પ્રદેશ :**

પ્ર. ભંતે ! કૃષ્ણ લેશ્યા કેટલા પ્રદેશવાળી કહી છે ?

ઉ. ગૌતમ ! અનન્ત પ્રદેશોવાળી કહી છે.

**આ પ્રમાણે શુક્લ લેશ્યા સુધી કહેવું જોઈએ.**

**१३. लेस्साणं पएसोगाढत्तं -**

प. कण्हलेस्सा णं भंते ! कइपएसोगाढा पण्णत्ता ?

**૧૩. લેશ્યાઓનો પ્રદેશાવગાઢત્વ :**

પ્ર. ભંતે ! કૃષ્ણ લેશ્યા આકાશનાં કેટલા પ્રદેશોમાં સ્થિત કહેવાય છે ?

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

उ. गोयमा ! असंखेज्जपएसोगाढा पण्णत्ता।

***एवं -जाव- सुक्कलेस्सा।***

- पण्ण. प. १७, उ. ४, सु. १२४४

ઉ. ગૌતમ ! અસંખ્યાત આકાશ પ્રદેશોમાં સ્થિત છે.

**આ પ્રમાણે શુક્લ લેશ્યા સુધી કહેવું જોઈએ.**

**१४. लेस्साणं वग्गणा -**

प. कण्हलेस्साए णं भंते ! केवइयाओ वग्गणाओ पण्णत्ताओ ?

उ. गोयमा ! अणंताओ वग्गणाओ पण्णत्ताओ।

***एवं -जाव- सुक्कलेस्साए।***

- पण्ण. प. १७, उ. ४, सु. १२४५

**૧૪. લેશ્યાઓની વર્ગણા :**

પ્ર. ભંતે ! કૃષ્ણ લેશ્યાની કેટલી વર્ગણાઓ કહી છે ?

ઉ. ગૌતમ ! અનન્ત વર્ગણાઓ કહી છે.

**આ પ્રમાણે શુક્લ લેશ્યા સુધી કહેવું જોઈએ.**

**१५. सलेस्स-अलेस्स जीवाणं आरंभाइ परूवणं -**

प. सलेस्साणं भंते ! जीवा किं आयारंभा, परारंभा, तदुभयारंभा, अणारंभा ?

उ. गोयमा ! अत्थेगइया सलेसा जीवा आयारंभा वि, परारंभा वि, तदुभयारंभा वि, नो अणारंभा।

अत्थेगइया सलेसा जीवा नो आयारंभा, नो परारंभा, नो तदुभयारंभा, अणारंभा।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ -

"अत्थेगइया सलेसा जीवा आयारंभा वि **-जाव-** अणारंभा वि" ?

उ. गोयमा ! सलेसा जीवा दुविहा पण्णत्ता, तं जहा -

१. संसारसमावन्नगा य, २. असंसारसमावन्नगा य।

१. तत्थ णं जे ते असंसार समावन्नगा ते णं सिद्धा, सिद्धा णं नो आयारंभा **-जाव-** अणारंभा।

२. तत्थ णं जे ते संसार समवन्नगा ते दुविहा पण्णत्ता, तं जहा -

१. संजया य, २. असंजया य।

तत्थ णं जे ते संजया ते दुविहा पण्णत्ता, तं जहा -

१. पमत्त संजया य, २. अपमत्त संजया य।

१. तत्थ णं जे ते अपमत्त संजया ते णं नो आयारंभा **-जाव-** अणारंभा।

२. तत्थ णं जे ते पमत्तसंजया ते सुभं जोगं पडुच्च नो आयारंभा **-जाव-** अणारंभा।

**૧૫. સલેશી - અલેશી જીવોનાં આરંભાદિનું પરુપણ :**

પ્ર. ભંતે ! લેશ્યાવાળા જીવ આત્મારંભી છે, પરારંભી છે, તદુભયારંભી છે કે અનારંભી છે ?

ઉ. ગૌતમ ! કેટલાક સલેશી જીવ આત્મારંભી પણ છે, પરારંભી પણ છે અને તદુભયારંભી પણ છે પરંતુ અનારંભી નથી.

કેટલાક સલેશી જીવ આત્મારંભી નથી, પરારંભી નથી અને તદુભયારંભી પણ નથી પરંતુ અનારંભી છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કેહવાય છે કે -

"સલેશી જીવ આત્મારંભી પણ છે **-યાવત્-** અનારંભી પણ છે"?

ઉ. ગૌતમ ! સલેશી જીવ બે પ્રકારનાં કહ્યા છે, જેમકે-

૧. સંસાર સમાપન્નક, ૨. અસંસાર સમાપન્નક.

૧. તેમાંથી જે અસંસાર સમાપન્નક છે તે સિદ્ધ (મુક્ત) છે અને સિદ્ધ ભગવાન આત્મારંભી નથી **-યાવત્-** અનારંભી છે.

૨. તેમાંથી જે સંસાર સમાપન્નક છે તે બે પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. સંયત, ૨. અસંયત.

તેમાંથી જે સંયત છે તે પણ બે પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. પ્રમત્ત સંયત, ૨. અપ્રમત્ત સંયત.

૧. તેમાંથી જે અપ્રમત્ત સંયત છે તે આત્મારંભી નથી **-યાવત્-** અનારંભી છે.

૨. તેમાંથી જે પ્રમત્ત સંયત છે તે શુભ યોગની અપેક્ષાએ આત્મારંભી નથી **-યાવત્-** અનારંભી છે.

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

असुभं जोगं पडुच्च आयारंभा वि **-जाव-** नो अणारंभा।

तत्थ णं जे ते असंजया ते अविरइं पडुच्च आयारंभा वि **-जाव-** नो अणारंभा।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"अत्थेगइया सलेसा जीवा आयारंभा वि **-जाव-** अणारंभा वि।"

***किण्हलेस्सा, नीललेस्सा, काउलेस्सा जहा ओहिया जीवा।***

**णवरं**-पमत्तअप्पमत्ता न भाणियव्वा।

***तेउलेस्सा, पम्हलेस्सा, सुक्कलेस्सा जहा ओहिया जीवा।***

**णवरं**-सिद्धा न भाणियव्वा।

- विया. स. १, उ. १, सु. ९

અશુભ યોગની અપેક્ષાએ તે આત્મારંભી છે **-યાવત્-** અનારંભી નથી.

તેમાંથી જે અસંયત છે તે અવિરતિની અપેક્ષાએ આત્મારંભી છે **-યાવત્-** અનારંભી નથી.

માટે હે ગૌતમ ! એવું કેહવાય છે કે -

"કેટલાક સલેશી જીવ આત્મારંભી પણ છે **-યાવત્-** અનારંભી પણ છે."

***કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા અને કાપોતલેશ્યાવાળા જીવોનાં સંબંધમાં (પૂર્વોક્ત) સામાન્ય જીવોનાં સમાન કહેવું જોઈએ.***

**વિશેષ :** પ્રમત્ત અને અપ્રમત્ત અહીં કહેવા ન જોઈએ.

***તેજો લેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લ લેશ્યાવાળા જીવોના વિષયમાં પણ સામાન્ય જીવોની જેમ કહેવું જોઈએ.***

**વિશેષ :** સિદ્ધોનું વર્ણન અહીં ન કરવું જોઈએ.

**१६. लेस्साकरणभेया चउवीसदंडएसु य परूवणं -**

प. कइविहा णं भंते ! लेस्साकरणे पण्णत्ते ?

उ. गोयमा ! लेस्साकरणे छव्विहे पण्णत्ते, तं जहा -

१. कण्हलेस्साकरणे **-जाव-** ६. सुक्कलेस्साकरणे।

दं. १-२४. ***एए सव्वे नेरइयाइं दंडगा -जाव- वेमाणियाणं जस्स जं अत्थि तं तस्स सव्वं भाणियव्वं।***

- विया. स. १९, उ. ९, सु. ८

**૧૬. લેશ્યાકરણનાં ભેદ અને ચોવીસ દંડકોમાં પ્રરુપણ :**

પ્ર. ભંતે ! લેશ્યાકરણ કેટલા પ્રકારનાં કહ્યા છે ?

ઉ. ગૌતમ ! લેશ્યાકરણ છ પ્રકારનાં કહ્યા છે, જેમકે-

૧. કૃષ્ણ લેશ્યાકરણ **-યાવત્-** ૬. શુક્લ લેશ્યાકરણ.

દં.૧-૨૪. ***નારકીથી વૈમાનિકો સુધી પણ દંડકોમાં જેની જેટલી લેશ્યાઓ છે તેની તેટલી લેશ્યાકરણ સમ્પૂર્ણ રૂપથી કહેવી જોઈએ.***

**१७. लेस्सानिव्वत्ती भेया चउवीसदंडएसु य परूवणं -**

प. कइविहा णं भंते ! लेस्सानिव्वत्ती पण्णत्ता, तं जहा -

उ. गोयमा ! छव्विहा लेस्सानिव्वत्ती पण्णत्ता, तं जहा -

१. कण्हलेस्सानिव्वत्ती **-जाव-** ६. सुक्कलेस्सानिव्वत्ती।

दं. १-२४. ***एवं नेरइयाणं -जाव- वेमाणियाणं जस्स जइ लेस्साओ तस्स तइ लेस्सानिव्वत्ती भाणियव्वाओ।***

- विया. स. १९, उ. ८, सु. ३४-३५

**૧૭. લેશ્યાનિર્વૃત્તિનાં ભેદ અને ચોવીસ દંડકોમાં પ્રરુપણ :**

પ્ર. ભંતે ! લેશ્યાનિર્વૃત્તિ કેટલા પ્રકારની કહી છે ?

ઉ. ગૌતમ ! લેશ્યાનિર્વૃત્તિ છ પ્રકારની કહી છે, જેમકે-

૧. કૃષ્ણ લેશ્યા નિર્વૃત્તિ **-યાવત્-** ૬. શુક્લલેશ્યા નિર્વૃત્તિ.

દં. ૧-૨૪. ***નારકીથી વૈમાનિકો સુધી જેની જેટલી લેશ્યાઓ છે તેની તેટલી લેશ્યાનિર્વૃત્તિ કહેવી જોઈએ.***

**१८. चउवीसदंडएसु लेस्सा-परूवणं -**

प. **दं. १.** णेरइयाणं भंते ! कइ लेस्साओ पण्णत्ताओ ?

**૧૮. ચોવીસ દંડકોમાં લેશ્યાઓનું પ્રરુપણ :**

પ્ર. **દં.૧.** ભંતે ! નારકીઓમાં કેટલી લેશ્યાઓ કહી છે ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उ. गोयमा ! तिण्णि लेस्साओ पण्णत्ताओ, तं जहा -

१. किण्हलेस्सा, २. नीललेस्सा, ३. काउलेस्सा[1]।

- पण्ण. प. १७, उ. २, सु. ११५७

ઉ. ગૌતમ ! ત્રણ લેશ્યાઓ કહી છે, જેમકે -

૧. કૃષ્ણ લેશ્યા, ૨. નીલ લેશ્યા, ૩. કાપોત લેશ્યા.

प. **दं. २-११.** भवणवासीणं भंते ! कइ लेस्साओ पण्णत्ताओ ?

उ. गोयमा ! (असुरकुमारा **-जाव-** थणियकुमाराणं) चत्तारि लेस्साओ पण्णत्ताओ, तं जहा -

१. कण्हलेस्सा **-जाव-** ४. तेउलेस्सा[2]।

- पण्ण. प. १७, उ. २, सु. ११६६ (१)

પ્ર. **દં. ૨-૧૧.** ભંતે ! ભવનવાસી દેવોમાં કેટલી લેશ્યાઓ કહી છે ?

ઉ. ગૌતમ ! (અસુરકુમાર **-યાવત્-** સ્તનિતકુમારોમાં) ચાર લેશ્યાઓ કહી છે, જેમકે -

૧. કૃષ્ણ લેશ્યા **-યાવત્-** ૪. તેજો લેશ્યા.

प. **दं. १२.** पुढविक्काइयाणं भंते ! कइ लेस्साओ पण्णत्ताओ ?

उ. गोयमा ! चत्तारि लेस्साओ पण्णत्ताओ, तं जहा -

१. कण्हलेस्सा **-जाव-** ४. तेउलेस्सा[3]।

**दं. १३, १६.** ***आउ-वणस्सइकाइयाण वि एवं चेव***[4]।

પ્ર. **દં.૧૨.** ભંતે ! પૃથ્વીકાયિક જીવોમાં કેટલી લેશ્યાઓ કહી છે ?

ઉ. ગૌતમ ! ચાર લેશ્યાઓ કહી છે, જેમકે -

૧. કૃષ્ણ લેશ્યા **-યાવત્-** ૪. તેજો લેશ્યા.

**દં. ૧૩, ૧૬. *અપ્કાય અને વનસ્પતિકાયમાં પણ આ પ્રમાણે ચાર લેશ્યાઓ છે.***

प. **दं. १४, १५, १७, १९.** तेउ[5] वाउ[6] बेइंदिय[7] तेइंदिय, चउरिंदियाणं भंते ! कइ लेस्साओ पण्णत्ताओ ?

उ. गोयमा ! तिण्णि लेस्साओ पण्णत्ताओ, तं जहा -

१. कण्हलेस्सा **-जाव-** ३. काउलेस्सा[8]।

પ્ર. **દં.૧૪,૧૫,૧૭,૧૯.** ભંતે ! તેજસ્કાયિક, વાયુકાયિક, બેઈન્દ્રિય, ત્રેઈન્દ્રિય, ચઉરેન્દ્રિય જીવોમાં કેટલી લેશ્યાઓ કહી છે ?

ઉ. ગૌતમ ! ત્રણ લેશ્યાઓ કહી છે, જેમકે -

૧. કૃષ્ણ લેશ્યા **-યાવત્-** ૩. કાપોત લેશ્યા.

प. **दं. २०.** पंचेंदियतिरिक्खजोणियाणं भंते ! कइ लेस्साओ पण्णत्ताओ ?

उ. गोयमा ! छ लेस्साओ पण्णत्ताओ, तं जहा -

१. कण्हलेस्सा **-जाव-** ६. सुक्कलेस्सा[9]।

પ્ર. **દં. ૨૦.** ભંતે ! પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવોમાં કેટલી લેશ્યાઓ કહી છે ?

ઉ. ગૌતમ ! છ લેશ્યાઓ કહી છે, જેમકે -

૧. કૃષ્ણ લેશ્યા **-યાવત્-** ૬. શુક્લ લેશ્યા.

प. **दं. २१.** मणुस्साणं भंते ! कइ लेस्साओ पण्णत्ताओ ?

उ. गोयमा ! छ लेस्साओ पण्णत्ताओ, तं जहा -

१. कण्हलेस्सा **-जाव-** ६. सुक्कलेस्सा।

- पण्ण. प. १७, उ. २, सु. ११६०-११६४ (१)

પ્ર. **દં.૨૧.** ભંતે ! મનુષ્યોમાં કેટલી લેશ્યાઓ કહી છે ?

ઉ. ગૌતમ ! છ લેશ્યાઓ કહી છે, જેમકે -

૧. કૃષ્ણ લેશ્યા **-યાવત્-** ૬. શુક્લ લેશ્યા.

---

१. (क) जीवा. पडि. १, सु. ३२
(ख) ठाणं. अ. ३, उ. १, सु. १४०

२. ठाणं. अ. ४, उ. ३, सु. ३१९

३. (क) विया. स. १९, उ. ३, सु. ३
(ख) ठाणं. अ. ४, उ. ३, सु. ३१९

४. (क) विया. स. १९, उ. ३, सु. १८, २१
(ख) ठाणं. अ. ४, उ. ३, सु. ३१९

५. विया. स. १९, उ. ३, सु. १९

६. विया. स. १९, उ. ३, सु. २०

७. विया. स. २०, उ. १, सु. ४

८. (क) विया. स. २०, उ. १, सु. ६
(ख) ठाणं. अ. ३, उ. १, सु. १४०

९. (क) ठाणं. अ. ६, सु. ५०४
(ख) विया. स. २०, उ. १, मु. ७

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. दं. २२. वाणमंतरदेवाणं भंते ! कइ लेस्साओ पण्णत्ताओ ?

उ. गोयमा ! चत्तारि लेस्साओ पण्णत्ताओ, तं जहा -

१. कण्हलेस्सा -जाव- ४. तेउलेस्सा[1]।

प. दं. २३. जोइसियाणं भंते ! कइ लेस्साओ पण्णत्ताओ।

उ. गोयमा ! एगा तेउलेस्सा पण्णत्ता[2]।

प. दं. २४. वेमाणियाणं भंते ! कइ लेस्साओ पण्णत्ताओ ?

उ. गोयमा ! तिण्णि लेस्साओ पण्णत्ताओ, तं जहा -

१. तेउलेस्सा, २. पम्हलेस्सा, ३. सुक्कलेस्सा।

- पण्ण. प. १७, उ. २, सु. ११६७-११६९ (१)

प्र. દં. ૨૨. ભંતે ! વાણવ્યંતર દેવોમાં કેટલી લેશ્યાઓ કહી છે ?

ઉ. ગૌતમ ! ચાર લેશ્યાઓ કહી છે, જેમકે -

૧. કૃષ્ણ લેશ્યા **-યાવત્-** ૪. તેજો લેશ્યા.

પ્ર. દં. ૨૩. ભંતે ! જ્યોતિષ્ક દેવોમાં કેટલી લેશ્યાઓ કહી છે ?

ઉ. ગૌતમ ! એક તેજોલેશ્યા કહી છે.

પ્ર. દં.૨૪. ભંતે ! વૈમાનિક દેવોમાં કેટલી લેશ્યાઓ કહી છે ?

ગૌતમ ! ત્રણ લેશ્યાઓ કહી છે, જેમકે -

૧. તેજો લેશ્યા, ૨. પદ્મ લેશ્યા, ૩. શુક્લ લેશ્યા.

**१९. चउगइसु लेस्सा परूवणं -**

**१. नेरइएसु लेस्साओ -**

प. १. इमीसे णं भंते ! रयणप्पभाएपुढवीए नेरइयाणं कइ लेस्साओ पण्णत्ताओ ?

उ. गोयमा ! एगा काउलेस्सा पण्णत्ता[3]।

२. *एवं सक्करप्पभाए वि।*

प. ३. वालुयप्पभाए णं भंते ! कइ लेस्साओ पण्णत्ताओ ?

उ. गोयमा ! दो लेस्साओ पण्णत्ताओ, तं जहा -

१. नीललेस्सा य, २. काउलेस्सा य।

तत्थ णं जे काउलेस्सा ते बहुतरा, जे नीललेस्सा ते थोवा।

प. ४. पंकप्पभाए णं भंते ! कइ लेस्साओ पण्णत्ताओ ?

उ. गोयमा ! एगा नीललेस्सा पण्णत्ता।

प. ५. धूमप्पभाए णं भंते ! कइ लेस्साओ पण्णत्ताओ ?

उ. गोयमा ! दो लेस्साओ पण्णत्ताओ, तं जहा -

१. कण्हलेस्सा य, २. नीललेस्सा य।

जे बहुतरगा ते नीललेस्सा, जे थोवतरगा ते कण्हलेस्सा।

**૧૯. ચાર ગતિઓમાં લેશ્યાનું પ્રરુપણ :**

**૧. નારકીઓમાં લેશ્યાઓ :**

પ્ર. ૧. ભંતે ! રત્નપ્રભા પૃથ્વીની નારકીઓમાં કેટલી લેશ્યાઓ કહી છે ?

ઉ. ગૌતમ ! એક કાપોત લેશ્યા કહી છે.

૨. *આ પ્રમાણે શર્કરાપ્રભામાં પણ કાપોત લેશ્યા છે.*

પ્ર. ૩. ભંતે ! વાલુકાપ્રભામાં કેટલી લેશ્યાઓ કહી છે ?

ઉ. ગૌતમ ! બે લેશ્યાઓ કહી છે, જેમકે -

૧. નીલ લેશ્યા, ૨. કાપોત લેશ્યા.

તેમાંથી જે કાપોત લેશ્યાવાળા છે તે અધિક છે અને નીલ લેશ્યાવાળા અલ્પ છે.

પ્ર. ૪. ભંતે ! પંકપ્રભામાં કેટલી લેશ્યાઓ કહી છે ?

ઉ. ગૌતમ ! એક નીલ લેશ્યા કહી છે.

પ્ર. ૫. ભંતે ! ધૂમપ્રભામાં કેટલી લેશ્યાઓ કહી છે ?

ઉ. ગૌતમ ! બે લેશ્યાઓ કહી છે, જેમકે -

૧. કૃષ્ણ લેશ્યા, ૨. નીલ લેશ્યા.

તેમાંથી નીલ લેશ્યાવાળા અધિક છે અને કૃષ્ણ-લેશ્યાવાળા અલ્પ છે.

---

१. ठाणं. अ. ६, सु. ५०४

२. ठाणं. अ. ४, उ. ३, सु. ३१९

३. विया. स. १, उ. ५, सु. १८

जैन साहित्य JAINSITE .com जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. ६. तमाए णं भंते ! कइ लेस्साओ पण्णत्ताओ ?
उ. गोयमा ! एगा कण्हलेस्सा पण्णत्ता।
७. अहेसत्तमाए एगा परमकण्हलेस्सा।
- जीवा. पडि. ३, उ. २, सु. ८८(२)

प्र. ૬. ભંતે ! તમઃ પ્રભામાં કેટલી લેશ્યાઓ કહી છે ?
ઉ. ગૌતમ ! એક કૃષ્ણ લેશ્યા કહી છે.
૭. અધઃસપ્તમ પૃથ્વીમાં એક પરમકૃષ્ણ લેશ્યા છે.

**२. तिरिक्खजोणिएसु लेस्साओ -**

प. तिरिक्खजोणिया णं भंते ! कइ लेस्साओ पण्णत्ताओ ?
उ. गोयमा ! छ लेस्साओ पण्णत्ताओ, तं जहा -
१. कण्हलेस्सा **-जाव-** ६. सुक्कलेस्सा।
प. एगिंदियाणं णं भंते ! कइ लेस्साओ पण्णत्ताओ ?
उ. गोयमा ! चत्तारि लेस्साओ पण्णत्ताओ, तं जहा -
१. कण्हलेस्सा **-जाव-** ४. तेउलेस्सा[1]।
- पण्ण. प. १७, उ. २, सु. ११५८-११५९
प. **१.** (क) सुहुम-पुढविकाइया णं भंते ! जीवाणं कइ लेस्साओ पण्णत्ताओ ?
उ. गोयमा ! तिण्णि लेस्साओ पण्णत्ताओ, तं जहा -
१. कण्हलेस्सा, २. नीललेस्सा, ३. काउलेस्सा।
- जीवा. पडि. १, सु. १३ (७)
प. (ख) बायर-पुढविकाइयाणं भंते ! जीवाणं कइ लेस्साओ पण्णत्ताओ ?
उ. गोयमा ! चत्तारि लेस्साओ पण्णत्ताओ, तं जहा -
१. कण्हलेस्सा, २. नीललेस्सा, ३. काऊलेस्सा, ४. तेऊलेस्सा। - जीवा. पडि. १, सु. १५
२. (क) ***सुहुम आउकाइया जहेव सुहुम पुढविकाइयाणं।***
- जीवा. पडि. १, सु. १६
(ख) ***बायर आउकाइया जहेव बायर पुढविकाइयाणं।***
- जीवा. पडि. १, सु. १७
३. (क) ***सुहुम-बायर तेउकाइया जहेव सुहुम पुढविकाइयाणं।***
- जीवा. पडि. १, सु. २४-२५
४. ***सुहुम-बायर वाउकाइया जहा तेउकाइयाणं।***
- जीवा. पडि. १, सु. २६
५. (क) ***सुहुम वण्णस्सइकाइयाणं जहेव सुहुम पुढविकाइयाणं।***
- जीवा. पडि. १, सु. १८

**૨. તિર્યંચયોનિઓમાં લેશ્યાઓ :**

પ્ર. ભંતે ! તિર્યંચયોનિક જીવોમાં કેટલી લેશ્યાઓ કહી છે ?
ઉ. ગૌતમ ! છ લેશ્યાઓ કહી છે, જેમકે -
૧. કૃષ્ણ લેશ્યા **-યાવત્-** ૬. શુક્લ લેશ્યા.
પ્ર. ભંતે ! એકેન્દ્રિય જીવોમાં કેટલી લેશ્યાઓ કહી છે ?
ઉ. ગૌતમ ! ચાર લેશ્યાઓ કહી છે, જેમકે -
૧. કૃષ્ણ લેશ્યા **-યાવત્-** ૪. તેજો લેશ્યા.
પ્ર. **૧.** (ક) ભંતે ! સૂક્ષ્મ - પૃથ્વીકાયિક જીવોમાં કેટલી લેશ્યાઓ કહી છે ?
ઉ. ગૌતમ ! ત્રણ લેશ્યાઓ કહી છે, જેમકે -
૧. કૃષ્ણ લેશ્યા, ૨. નીલ લેશ્યા, ૩. કાપોત લેશ્યા.
પ્ર. (ખ) ભંતે ! બાદર પૃથ્વીકાયિક જીવોમાં કેટલી લેશ્યાઓ કહી છે ?
ઉ. ગૌતમ ! ચાર લેશ્યાઓ કહી છે, જેમકે -
૧. કૃષ્ણ લેશ્યા, ૨. નીલ લેશ્યા, ૩. કાપોત લેશ્યા, ૪. તેજો લેશ્યા.
૨. (ક) ***સૂક્ષ્મ- અપ્કાયમાં સૂક્ષ્મ પૃથ્વીકાયનાં સમાન ત્રણ લેશ્યાઓ છે.***
(ખ) ***બાદર- અપ્કાયમાં બાદર પૃથ્વીકાયનાં સમાન ચાર લેશ્યાઓ છે.***
૩. (ક) ***સૂક્ષ્મ-બાદર તેઉકાયમાં સૂક્ષ્મ પૃથ્વી કાયનાં સમાન ત્રણ લેશ્યાઓ છે.***
૪. ***સૂક્ષ્મ-બાદર વાયુકાયમાં તેઉકાયનાં સમાન ત્રણ લેશ્યાઓ છે.***
૫. (ક) ***સૂક્ષ્મ વનસ્પતિકાયમાં સૂક્ષ્મ પૃથ્વીકાયનાં સમાન ત્રણ લેશ્યાઓ છે.***

१. विया. स. १७, उ. १२, सु. २

जैन साइट JAINSITE.com जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. ५. (ख) पत्तेयसरीरबायरवणस्सइकाइयाणं भंते ! कइ लेस्साओ पण्णत्ताओ ?

उ. गोयमा ! चत्तारि लेस्साओ पण्णत्ताओ, तं जहा -

१. कण्हलेस्सा **-जाव-** ४. तेउलेस्सा ।

प. ५. (ग) साहारणसरीरबायरवणस्सइकाइया णं भंते ! कइ लेस्साओ पण्णत्ताओ ?

उ. गोयमा ! तिण्णि लेस्साओ पण्णत्ताओ, तं जहा -

१. कण्हलेस्सा, २. नीललेस्सा, ३. काउलेस्सा ।

- जीवा. पडि. १, सु. २०-२१

प. बेइंदिया णं भंते ! कइ लेस्साओ पण्णत्ताओ ?

उ. गोयमा ! तिण्णि लेस्साओ पण्णत्ताओ, तं जहा -

१. कण्हलेस्सा, २. नीललेस्सा ३. काउलेस्सा,

***एवं तेइंदियाण वि ।***

***एवं चउरिंदियाण वि ।***

- जीवा. पडि. १, सु. २८-३०

प. सम्मुच्छिम पंचेंदियतिरिक्खजोणियाणं भंते ! कइ लेस्साओ पण्णत्ताओ ?

उ. गोयमा ! तिण्णि लेस्साओ पण्णत्ताओ ।

१. कण्हलेस्सा, २. नीललेस्सा, ३. काउलेस्सा ।

- पण्ण. प. १७,उ. २, सु. ११६३ (२)

प. क. सम्मुच्छिम पंचेंदियतिरिक्खजोणिय जलयरा णं भंते ! कइ लेस्साओ पण्णत्ताओ ?

उ. गोयमा ! तिण्णि लेस्साओ पण्णत्ताओ, तं जहा -

१. कण्हलेस्सा, २. नीललेस्सा, ३. काउलेस्सा,

- जीवा. पडि. १, सु. ३५

***ख. सम्मुच्छिम पंचेंदियतिरिक्खजोणिया चउप्पयथलयरा जहा जलयराणं ।***

***ग. सम्मुच्छिम पंचेंदियतिरिक्खजोणिया परिसप्पथलयरा जहा जलयराणं ।***

***घ. सम्मुच्छिम-पंचेंदियतिरिक्खजोणिया खहयरा जहा जलयराणं ।***

- जीवा. पडि. १, सु. ३६

प. गब्भवक्कंतियपंचेंदियतिरिक्खजोणियाणं भंते ! कइ लेस्साओ पण्णत्ताओ ?

પ્ર. **૫.** (ખ) ભંતે ! પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયમાં કેટલી લેશ્યાઓ કહી છે ?

ઉ. ગૌતમ ! ચાર લેશ્યાઓ કહી છે, જેમકે -

૧. કૃષ્ણ લેશ્યા **-યાવત્-** ૪. તેજો લેશ્યા.

પ્ર. **૫.** (ગ) ભંતે ! સાધારણ શરીર બાદર વનસ્પતિકાયમાં કેટલી લેશ્યાઓ કહી છે ?

ઉ. ગૌતમ ! ત્રણ લેશ્યાઓ કહી છે, જેમકે -

૧. કૃષ્ણ લેશ્યા, ૨. નીલ લેશ્યા, ૩. કાપોત લેશ્યા.

પ્ર. ભંતે ! દ્વીન્દ્રિયમાં કેટલી લેશ્યાઓ કહી છે ?

ઉ. ગૌતમ ! ત્રણ લેશ્યાઓ કહી છે. જેમકે -

૧. કૃષ્ણ લેશ્યા, ૨. નીલ લેશ્યા, ૩. કાપોત લેશ્યા.

***આ પ્રમાણે ત્રેઈન્દ્રિયમાં ત્રણ લેશ્યાઓ હોય છે.***

***આ પ્રમાણે ચઉરેન્દ્રિયમાં પણ ત્રણ લેશ્યાઓ હોય છે.***

પ્ર. ભંતે ! સમ્મૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવોમાં કેટલી લેશ્યાઓ કહી છે ?

ઉ. ગૌતમ ! ત્રણ લેશ્યાઓ કહી છે, જેમકે -

૧. કૃષ્ણ લેશ્યા, ૨. નીલ લેશ્યા, ૩. કાપોત લેશ્યા.

પ્ર. ક. ભંતે ! સમ્મૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચયોનિક જલચરોમાં કેટલી લેશ્યાઓ કહી છે ?

ઉ. ગૌતમ ! ત્રણ લેશ્યાઓ કહી છે, જેમકે -

૧. કૃષ્ણ લેશ્યા, ૨. નીલ લેશ્યા, ૩. કાપોત લેશ્યા.

***ખ. સમ્મૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચયોનિક ચતુષ્પદ સ્થળચરોમાં જલચર જીવોનાં સમાન ત્રણ લેશ્યાઓ છે.***

***ગ. સમ્મૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચયોનિક સ્થળચર પરિસર્પોમાં જલચરોનાં સમાન ત્રણ લેશ્યાઓ છે.***

***ઘ. સમ્મૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચયોનિક ખેચર જીવોમાં જલચરોનાં સમાન ત્રણ લેશ્યાઓ છે.***

પ્ર. ભંતે ! ગર્ભવ્યુત્ક્રાન્તિક પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવોમાં કેટલી લેશ્યાઓ કહી છે ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उ. गोयमा ! छ लेस्साओ पण्णत्ताओ, तं जहा -

१. कण्हलेस्सा **-जाव-** ६. सुक्कलेस्सा।

- पण्ण. प. १७, उ. २, सु. ११६३ (३)

क. ***गब्भवक्कंतिय-पंचेंदियतिरिक्खजोणिया जलयरा छ लेस्साओ।***

- जीवा. पडि. १, सु. ३८

ख. ***गब्भवक्कंतिय-पंचेंदियतिरिक्खजोणिया चउप्पयथलयरा जहा जलयराणं***[1] ।

ग. ***गब्भवक्कंतिय पंचेंदियतिरिक्खजोणिया परिसप्प थलयरा जहा जलयराणं।***

- जीवा. पडि. १, सु. ३९

घ. ***गब्भवक्कंतिय-पंचेंदियतिरिक्खजोणिया खहयरा जहा जलयराणं***[2] ।

- जीवा. पडि. १, सु. ४०

***एवं तिरिक्खजोणिणीण वि।***

- पण्ण. प. १७, उ. २, सु. ११६३ (४)

**३. मणुस्सेसु लेस्साओ -**

प. सम्मुच्छिममणुस्साणं भंते ! कइ लेस्साओ पण्णत्ताओ ?

उ. गोयमा ! तिण्णि लेस्साओ पण्णत्ताओ, तं जहा -

१. कण्हलेस्सा, २. नीललेस्सा, ३. काउलेस्सा।

प. गब्भवक्कंतियमणुस्साणं भंते ! कइ लेस्साओ पण्णत्ताओ ?

उ. गोयमा ! छ लेस्साओ पण्णत्ताओ, तं जहा -

१. कण्हलेस्सा **-जाव-** ६. सुक्कलेस्सा।

***मणुस्सीणं एवं चेव***[3] ।

- पण्ण. प. १७, उ. २, सु. ११६४ (२-४)

प. कम्मभूमयमणूसाणं भंते ! कइ लेस्साओ पण्णत्ताओ ?

उ. गोयमा ! छ लेस्साओ पण्णत्ताओ, तं जहा -

१.कण्हलेस्सा **-जाव-** ६. सुक्कलेस्सा,

ઉ. ગૌતમ ! છ લેશ્યાઓ કહી છે, જેમકે -

૧. કૃષ્ણ લેશ્યા **-યાવત્-** ૬. શુક્લ લેશ્યા.

ક. ***ગર્ભ વ્યુત્ક્રાન્તિક પંચેન્દ્રિય તિર્યંચયોનિક જલચર જીવોમાં છ લેશ્યાઓ છે.***

ખ. ***ગર્ભ વ્યુત્ક્રાન્તિક પંચેન્દ્રિય તિર્યંચયોનિક ચતુષ્પદ જીવોમાં જલચરોનાં સમાન છ લેશ્યાઓ છે.***

ગ. ***ગર્ભવ્યુત્ક્રાન્તિક પંચેન્દ્રિય તિર્યંચયોનિક પરિસર્પ સ્થળચર જીવોમાં જલચરોનાં સમાન છ લેશ્યાઓ છે.***

ઘ. ***ગર્ભ વ્યુત્ક્રાન્તિક પંચેન્દ્રિય તિર્યંચયોનિક ખેચર જીવોમાં જલચરોનાં સમાન છ લેશ્યાઓ છે.***

***આ પ્રમાણે તિર્યંચયોનિક સ્ત્રીઓમાં પણ છ લેશ્યાઓ છે.***

**૩. મનુષ્યોમાં લેશ્યાઓ :**

પ્ર. ભંતે ! સમ્મૂર્ચ્છિમ મનુષ્યોમાં કેટલી લેશ્યાઓ કહી છે ?

ઉ. ગૌતમ ! ત્રણ લેશ્યાઓ કહી છે, જેમકે -

૧. કૃષ્ણ લેશ્યા, ૨. નીલ લેશ્યા, ૩. કાપોત લેશ્યા.

પ્ર. ભંતે ! ગર્ભજ મનુષ્યોમાં કેટલી લેશ્યાઓ કહી છે ?

ઉ. ગૌતમ ! છ લેશ્યાઓ કહી છે, જેમકે -

૧. કૃષ્ણ લેશ્યા **-યાવત્-** ૬. શુક્લ લેશ્યા.

***આ પ્રમાણે (ગર્ભજ) મનુષ્ય સ્ત્રીઓમાં પણ છ લેશ્યાઓ હોય છે.***

પ્ર. ભંતે ! કર્મભૂમિજ મનુષ્યોમાં કેટલી લેશ્યાઓ કહી છે ?

ઉ. ગૌતમ ! છ લેશ્યાઓ કહી છે, જેમકે -

૧. કૃષ્ણ લેશ્યા **-યાવત્-** ૬. શુક્લ લેશ્યા.

---

१. जीवा. पडि. ३, उ. १, सु. ९७

२. **अलेस्सा वि -** जीवा. पडि. १, सु. ४१

३. जीवा. पडि. ३, उ. १, सु. ९७

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्

*एवं कम्मभूमयमणूसीण वि।*

**આ પ્રમાણે કર્મભૂમિજ મનુષ્ય સ્ત્રીઓમાં પણ છ લેશ્યાઓ કહેવી જોઈએ.**

प. भरहेरवयमणूसाणं भंते ! कइ लेस्साओ पण्णत्ताओ ?

પ્ર. ભંતે ! ભરતક્ષેત્ર અને એરવતક્ષેત્રનાં મનુષ્યોમાં કેટલી લેશ્યાઓ કહી છે ?

उ. गोयमा ! छ लेस्साओ पण्णत्ताओ, तं जहा -

१. कण्हलेस्सा **-जाव-** ६. सुक्कलेस्सा।

ઉ. ગૌતમ ! છ લેશ્યાઓ કહી છે, જેમકે -

૧. કૃષ્ણ લેશ્યા **-યાવત્-** ૬. શુક્લ લેશ્યા.

*एवं मणुस्सीण वि।*

**આ પ્રમાણે એની મનુષ્ય સ્ત્રીઓમાં પણ છ લેશ્યાઓ કહેવી જોઈએ.**

प. पुव्वविदेह-अवरविदेहकम्मभूमयमणूसाणं भंते ! कइ लेस्साओ पण्णत्ताओ ?

પ્ર. ભંતે ! પૂર્વવિદેહ અને અપરવિદેહનાં કર્મભૂમિજ મનુષ્યોમાં કેટલી લેશ્યાઓ કહી છે ?

उ. गोयमा ! छ लेस्साओ पण्णत्ताओ, तं जहा -

१. कण्हलेस्सा **-जाव-** ६. सुक्कलेस्सा।

ઉ. ગૌતમ ! છ લેશ્યાઓ કહી છે, જેમકે -

૧. કૃષ્ણ લેશ્યા **-યાવત્-** ૬. શુક્લ લેશ્યા.

*एवं मणुस्सीण वि।*

**આ પ્રમાણે એની મનુષ્ય સ્ત્રીઓમાં પણ છ લેશ્યાઓ કહેવી જોઈએ.**

प. अकम्मभूमयमणूसाणं भंते ! कइ लेस्साओ पण्णत्ताओ ?

પ્ર. ભંતે ! અકર્મભૂમિજ મનુષ્યોમાં કેટલી લેશ્યાઓ કહી છે ?

उ. गोयमा ! चत्तारि लेस्साओ पण्णत्ताओ, तं जहा -

१. कण्हलेस्सा **-जाव-** ४. तेउलेस्सा।

ઉ. ગૌતમ ! ચાર લેશ્યાઓ કહી છે, જેમકે -

૧. કૃષ્ણ લેશ્યા **-યાવત્-** ૪. તેજો લેશ્યા.

*एवं अकम्मभूमय मणूसीण वि।*

**આ પ્રમાણે અકર્મભૂમિજ મનુષ્ય સ્ત્રીઓમાં પણ ચાર લેશ્યાઓ કહેવી જોઈએ.**

*एवं अंतरदीवय मणुसाणं मणुसीण वि।*

**આ પ્રમાણે અન્તર્દ્વીપજ મનુષ્યો અને મનુષ્ય સ્ત્રીઓમાં પણ ચાર લેશ્યાઓ કહેવી જોઈએ.**

प. हेमवय-एरण्णवय-अकम्मभूमयमणूसाणं मणुसीण य कइ लेस्साओ पण्णत्ताओ ?

પ્ર. ભંતે ! હેમવત અને એરણ્યવત અકર્મભૂમિજ મનુષ્યો અને મનુષ્ય સ્ત્રીઓમાં કેટલી લેશ્યાઓ કહી છે ?

उ. गोयमा ! चत्तारि लेस्साओ पण्णत्ताओ, तं जहा -

१. कण्हलेस्सा **-जाव-** ४. तेउलेस्सा।

ઉ. ગૌતમ ! ચાર લેશ્યાઓ કહી છે, જેમકે -

૧. કૃષ્ણ લેશ્યા **-યાવત્-** ૪. તેજો લેશ્યા.

प. हरिवास-रम्मयवास-अकम्मभूमयमणुस्साणं मणूसीण य कइ लेस्साओ पण्णत्ताओ ?

પ્ર. ભંતે ! હરિવર્ષ અને રમ્યકવર્ષનાં અકર્મભૂમિજ મનુષ્યો અને મનુષ્ય સ્ત્રીઓમાં કેટલી લેશ્યાઓ કહી છે ?

उ. गोयमा ! चत्तारि लेस्साओ पण्णत्ताओ, तं जहा -

१. कण्हलेस्सा **-जाव-** ४. तेउलेस्सा।

ઉ. ગૌતમ ! ચાર લેશ્યાઓ કહી છે, જેમકે -

૧. કૃષ્ણ લેશ્યા **-યાવત્-** ૪. તેજો લેશ્યા.

*देवकुरूउत्तरकुरू-अकम्मभूमयमणुस्साणं एवं चेव।*

**દેવકુરુ અને ઉત્તરકુરુ ક્ષેત્રનાં અકર્મભૂમિજ મનુષ્યોમાં પણ આ પ્રમાણે ચાર લેશ્યાઓ કહેવી જોઈએ.**

*एएसिं मणुस्सीणं एवं चेव।*

**આની મનુષ્ય સ્ત્રીઓમાં પણ આ પ્રમાણે ચાર લેશ્યાઓ કહેવી જોઈએ.**

*धायइसंडपुरिमद्धे एवं चेव, पच्छिमद्धे वि।*

**ધાતકી ખંડનાં પૂર્વાર્દ્ધ અને પશ્ચિમાર્દ્ધમાં પણ આ પ્રમાણે ચાર લેશ્યાઓ કહેવી જોઈએ.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

*एवं पुक्खरद्धे वि भाणियव्वं ।*

- पण्ण. प. १७,उ. ६, सु. १२५७ (१-१६)

**આ પ્રમાણે પુષ્કરાર્ધ્ધ દ્વીપમાં પણ ચાર લેશ્યાઓ કહેવી જોઈએ.**

**४. देवेसु लेस्साओ -**

प. देवाणं भंते ! कइ लेस्साओ पण्णत्ताओ ?

उ. गोयमा ! छ लेस्साओ पण्णत्ताओ, तं जहा -

१. कण्हलेस्सा **-जाव-** ६. सुक्कलेस्सा ।[1]

प. देवीणं भंते ! कइ लेस्साओ पण्णत्ताओ ?

उ. गोयमा ! चत्तारि लेस्साओ पण्णत्ताओ, तं जहा -

१. कण्हलेस्सा **-जाव-** ४. तेउलेस्सा ।

- पण्ण. प. १७, उ. २, सु. ११६५

असुरकुमाराणं चत्तारि लेस्साओ पण्णत्ताओ, तं जहा-

१. कण्हलेस्सा, २. नीललेस्सा,

३. काउलेस्सा, ४. तेउलेस्सा ।

*एवं जाव थणियकुमाराणं*[2] ।

- ठाणं. अ. ४, उ. ३, सु. ३१९

*एवं भवणवासिणीण वि ।*

- पण्ण. प. १७, उ. २, सु. ११६६ (२)

२. *वाणमंतरदेवाणं देवीण वि एवं चेव ।*

३. *जोइसियाणं जोइसिणीण वि एगा तेउलेस्सा ।*

- पण्ण. १७, उ. २, सु. ११६७-११६८

प. ४. सोहम्मीसाणेसु णं भंते ! कप्पेसु देवाणं कइ लेस्साओ पण्णत्ताओ ?

उ. गोयमा ! एगा तेउलेस्सा पण्णत्ता[3] ।

- जीवा. पडि. ३, उ. २, सु. २०१

प. (सोहम्मीसाणं) वेमाणिणी णं भंते ! कइ लेस्साओ पण्णत्ताओ ?

उ. गोयमा ! एगा तेउलेस्सा पण्णत्ता ।

- पण्ण. प. १७, उ. २, सु. ११६९ (२)

*सणंकुमारमाहिंदेसु एगा पम्हलेस्सा,*

*एवं बम्हलोगे वि पम्हा ।*

*लंतए एगा सुक्कलेस्सा -जाव- गेवेज्जा,*

*अणुत्तरोववाइयाणं एगा परम सुक्कलेस्सा ।*

- जीवा. पडि. ३, उ. २, सु. २०१

**૪. દેવોમાં લેશ્યાઓ :**

પ્ર. ભંતે ! દેવોમાં કેટલી લેશ્યાઓ કહી છે ?

ઉ. ગૌતમ ! છ લેશ્યાઓ કહી છે, જેમકે -

૧. કૃષ્ણ લેશ્યા **-યાવત્-** ૬. શુક્લ લેશ્યા.

પ્ર. ભંતે ! દેવીઓમાં કેટલી લેશ્યાઓ કહી છે ?

ઉ. ગૌતમ ! ચાર લેશ્યાઓ કહી છે, જેમકે -

૧. કૃષ્ણ લેશ્યા **-યાવત્-** ૪. તેજો લેશ્યા.

અસુરકુમારોમાં ચાર લેશ્યાઓ કહી છે, જેમકે-

૧. કૃષ્ણ લેશ્યા, ૨. નીલ લેશ્યા,

૩. કાપોત લેશ્યા, ૪. તેજો લેશ્યા.

**આ પ્રમાણે સ્તનિતકુમારો સુધી ચાર લેશ્યાઓ કહેવી જોઈએ.**

**આ પ્રમાણે ભવનવાસી દેવીઓમાં પણ ચાર લેશ્યાઓ કહેવી જોઈએ.**

૨. **આ પ્રમાણે વાણવ્યંતર દેવ અને દેવીઓમાં પણ ચાર લેશ્યાઓ કહેવી જોઈએ.**

૩. **જ્યોતિષ્ક દેવ અને દેવીઓને એક તેજો-લેશ્યા છે.**

પ્ર. ૪. ભંતે ! સૌધર્મ અને ઈશાન કલ્પમાં દેવોની કેટલી લેશ્યાઓ કહી છે ?

ઉ. ગૌતમ ! એક તેજોલેશ્યા કહી છે.

પ્ર. (સૌધર્મ- ઈશાન) વૈમાનિક દેવ સ્ત્રીઓમાં કેટલી લેશ્યાઓ કહી છે ?

ઉ. ગૌતમ ! એક તેજોલેશ્યા કહી છે.

**સનત્કુમાર અને માહેન્દ્રમાં એક પદ્મ લેશ્યા છે.**
**આ પ્રમાણે બ્રહ્મલોકમાં પણ એક પદ્મ લેશ્યા છે.**
**લાંતક કલ્પથી ગ્રૈવેયકો સુધી એક શુક્લ લેશ્યા છે.**
**અનુત્તરોપપાતિક દેવોમાં એક પરમશુક્લ લેશ્યા છે.**

१. जीवा. पडि. १, सु. ४२ (४ लेश्या)
२. (क) विया. स. १७, उ. १३-१७ (ख) विया. स. १६, उ. ११, सु. २ (ग) विया. स. १६, उ. १२-१४
३. ठाणं. अ. २, उ. ४, सु. १२४

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૨૦. संकिलिट्ठाऽसंकिलिट्ठ विभागगय लेस्साणं सामित्त परूवणं -**

असुरकुमाराणं तओ लेस्साओ संकिलिट्ठाओ पण्णत्ताओ, तं जहा -

१. कण्हलेस्सा, २. नीललेस्सा, ३. काउलेस्सा,

***एवं -जाव- थणियकुमाराणं।***

पंचेंदियतिरिक्खजोणियाणं तओ लेस्साओ संकिलिट्ठाओ पण्णत्ताओ, तं जहा -

१. कण्हलेस्सा, २. नीललेस्सा, ३. काउलेस्सा।

पंचेंदियतिरिक्खजोणियाणं तओ लेस्साओ असंकिलिट्ठाओ पण्णत्ताओ, तं जहा -

१. तेउलेस्सा, २. पम्हलेस्सा, ३. सुक्कलेस्सा।

***मणुस्साणं तओ संकिलिट्ठाओ तओ असंकिलिट्ठाओ लेस्साओ एवं चेव।***

***वाणमंतराणं जहा असुरकुमाराणं।***

- ठाणं. अ. ३, उ. १, सु. १४०

**२०. સંક્લિષ્ટ-અસંક્લિષ્ટ વિભાગગત લેશ્યાઓનાં સ્વામીત્વનું પ્રરુપણ :**

અસુરકુમારોમાં ત્રણ સંક્લિષ્ટ લેશ્યાઓ કહી છે, જેમકે -

૧. કૃષ્ણ લેશ્યા, ૨. નીલ લેશ્યા, ૩. કાપોત લેશ્યા.

***આ પ્રમાણે સ્તનિતકુમારો સુધી જાણવું જોઈએ.***

પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની ત્રણ સંક્લિષ્ટ લેશ્યાઓ કહી છે, જેમકે -

૧. કૃષ્ણ લેશ્યા, ૨. નીલ લેશ્યા, ૩. કાપોત લેશ્યા.

પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની ત્રણ અસંક્લિષ્ટ લેશ્યાઓ કહી છે, જેમકે -

૧. તેજો લેશ્યા, ૨. પદ્મ લેશ્યા, ૩. શુક્લ લેશ્યા.

***મનુષ્યોની સંક્લિષ્ટ અને અસંક્લિષ્ટ ત્રણ - ત્રણ લેશ્યાઓ આ પ્રમાણે છે.***

***વાણવ્યંતરોની અસુરકુમારોનાં સમાન ત્રણ સંક્લિષ્ટ લેશ્યાઓ જાણવી જોઈએ.***

**२१. सलेस्स चउवीसदण्डएसु समाहाराइ सत्तदारा -**

प. **दं. १.** सलेस्साणं भंते ! नेरइया सव्वे समाहारा, सव्वे समसरीरा, सव्वे समुस्सासणिस्सासा ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ -

'सलेस्सा नेरइया नो सव्वे समाहारा, नो सव्वे समसरीरा **-जाव-** नो सव्वे समुस्सासणिस्सासा ?

उ. गोयमा ! णेरइया दुविहा पण्णत्ता, तं जहा -

१. महासरीरा य, २. अप्पसरीरा य।

**१.** तत्थ णं जे ते महासरीरा ते णं बहुतराए पोग्गले आहारेंति, बहुतराए पोग्गले परिणामेंति, बहुतराए पोग्गले उस्ससंति, बहुतराए पोग्गले णीससंति, अभिक्खणं आहारेंति, अभिक्खणं परिणामेंति, अभिक्खणं उस्ससंति, अभिक्खणं णीससंति,

**૨૧. સલેશી ચોવીસ દંડકોમાં સમાહારાદિ સાત દ્વાર :**

પ્ર. **દં.૧.** ભંતે ! શું બધા સલેશી નારક સમાન આહારવાળા છે. બધા સમાન શરીરવાળા છે તથા બધા સમાન ઉચ્છ્‌વાસ- નિઃશ્વાસવાળા છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"બધા સલેશી નારક સમાન આહારવાળા નથી. બધા સમાન શરીરવાળા નથી અને બધા સમાન ઉચ્છ્‌વાસ- નિઃશ્વાસવાળા નથી ?"

ઉ. ગૌતમ ! નારક બે પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. મહાશરીરવાળા, ૨. અલ્પ શરીરવાળા.

**૧.** તેમાંથી જે મહાશરીરવાળા નારક છે, તે ઘણા વધારે પુદ્દગલોનો આહાર કરે છે, ઘણા વધારે પુદ્દગલોનું પરિણમન કરે છે. ઘણા વધારે પુદ્દગલોને ઉચ્છ્‌વાસમાં લે છે અને ઘણા વધારે પુદ્દગલોને નિશ્વાસમાં છોડે છે. તે વાર-વાર આહાર કરે છે. વાર-વાર પુદ્દગલોનું પરિણમન કરે છે. વાર-વાર ઉચ્છ્‌વાસ લે છે અને વાર-વાર નિઃશ્વાસ છોડે છે.

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्

२. तत्थ णं जे ते अप्पसरीरा ते णं अप्पतराए पोग्गले आहारेंति, अप्पतराए पोग्गले परिणामेंति, अप्पतराए पोग्गले उस्ससंति, अप्पतराए पोग्गले णीससंति, आहच्च आहारेंति, आहच्च परिणामेंति, आहच्च उस्ससंति, आहच्च णीससंति,

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ -

"सलेस्सा नेरइया नो सव्वे समाहारा, नो सव्वे समसरीरा, नो सव्वे समुस्सासणिस्सासा।"

प. २. सलेस्सा णं भंते ! णेरइया सव्वे समकम्मा ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"सलेस्सा णेरइया णो सव्वे समकम्मा ?"

उ. गोयमा ! सलेस्सा णेरइया दुविहा पण्णत्ता, तं जहा-

१. पुव्वोववन्नगा य, २. पच्छोववन्नगा य।

१. तत्थ णं जे ते पुव्वोववन्नगा ते णं अप्पकम्मतरागा।

२. तत्थ णं जे ते पच्छोववन्नगा ते णं महाकम्मतरागा।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

" सलेस्सा णेरइया णो सव्वे समकम्मा।"

प. ३. सलेस्सा णं भंते ! णेरइया सव्वे समवण्णा ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ -

"सलेस्सा णेरइया णो सव्वे समवण्णा ?

उ. गोयमा ! सलेस्सा णेरइया दुविहा पण्णत्ता, तं जहा-

१. पुव्वोववन्नगा य, २. पच्छोववन्नगा य।

१. तत्थ णं जे ते पुव्वोववन्नगा ते णं विसुद्धवण्णतरागा,

२. तत्थ णं जे ते पच्छोववन्नगा ते णं अविसुद्धवण्णतरागा।

२. તેમાંથી જે અલ્પશરીરવાળા નારક છે, તે અલ્પપુદ્‌ગલોનો આહાર કરે છે, અલ્પ પુદ્‌ગલોનું પરિણમન કરે છે, અલ્પ પુદ્‌ગલોનો ઉચ્છ્‌વાસ લે છે અને અલ્પ પુદ્‌ગલોનો નિઃશ્વાસ છોડે છે તે કદાચિત્ (ક્યારેક) આહાર કરે છે, ક્યારેક પુદ્‌ગલોનું પરિણમન કરે છે, ક્યારેક ઉચ્છ્‌વાસ લે છે અને ક્યારેક નિઃશ્વાસ છોડે છે.

માટે હે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"બધા સલેશી નારક સમાન આહારવાળા નથી. બધા સમાન શરીરવાળા નથી અને બધા સમાન ઉચ્છ્‌વાસ-નિઃશ્વાસવાળા નથી."

પ્ર. ૨. ભંતે ! બધા સલેશી નારક સમાન કર્મવાળા છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ શક્ય નથી.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"બધા સલેશી નારક સમાન કર્મવાળા નથી."

ઉ. ગૌતમ ! સલેશી નારક બે પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. પૂર્વોપપન્નક, ૨. પશ્ચાદુપપન્નક.

૧. તેમાંથી જે પૂર્વોપપન્નક છે, તે અલ્પકર્મવાળા છે.

૨. તેમાંથી જે પશ્ચાદુપપન્નક છે, તે મહાકર્મવાળા છે.

માટે હે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"બધા સલેશી નારક સમાન કર્મવાળા નથી."

પ્ર. ૩. ભંતે ! શું બધા સલેશી નારક સમાન વર્ણવાળા છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ શક્ય નથી.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"બધા સલેશી નારક સમાન વર્ણવાળા નથી"?

ઉ. ગૌતમ ! સલેશી નારક બે પ્રકારનાં કહ્યા છે, જેમકે-

૧. પૂર્વોપપન્નક, ૨. પશ્ચાદુપપન્નક.

प. **दं. १४.** से नूणं भंते ! कण्हलेस्से णीललेस्से काउलेस्से तेउक्काइए, कण्हलेस्सेसु णीललेस्सेसु काउलेस्सेसु तेउक्काइएसु उववज्जइ ? कण्हलेसे णीललेसे काउलेसे उव्वट्टइ ? जल्लेसे उववज्जइ तल्लेसे उव्वट्टइ ?

પ્ર. **દં.૧૪.** ભંતે ! વાસ્તવમાં શું કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા અને કાપોતલેશ્યાવાળા તેજસ્કાયિક, કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા અને કાપોસલેશ્યાવાળા તેજસ્કાયિકોમાં ઉત્પન્ન થાય છે ? શું કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા અને કાપોતલેશ્યાવાળા થઈને ઉદ્વર્તન કરે છે ? જે લેશ્યામાં ઉત્પન્ન થાય છે, શું તેજ લેશ્યામાં ઉદ્વર્તન કરે છે ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उ. हंता, गोयमा ! कण्हलेस्से णीललेस्से काउलेस्से तेउक्काइए कण्हलेसेसु णीललेसेसु काउलेसेसु तेउक्काइएसु उववज्जइ,

सिय कण्हलेसे उव्वट्टइ,

सिय णीललेसे उव्वट्टइ,

सिय काउलेसे उव्वट्टइ,

सिय जल्लेसे उववज्जइ तल्लेसे उव्वट्टइ।

दं. १५, १७-१९. ***एवं वाउकाइया, बेइंदिय, तेइंदिय, चउरिंदिया वि भाणियव्वा।***

प. **दं. २०.** से नूणं भंते ! कण्हलेसे **-जाव-** सुक्कलेसे पंचेंदियतिरिक्खजोणिए, कण्हलेसेसु **-जाव-** सुक्कलेसेसु पंचेंदियतिरिक्खजोणिएसु उववज्जइ ? कण्हलेसेसु उव्वट्टइ **-जाव-** सुक्कलेसेसु उव्वट्टइ ? जल्लेसे उववज्जइ तल्लेसे उव्वट्टइ ?

उ. हंता, गोयमा ! कण्हलेस्से **-जाव-** सुक्कलेस्से पंचेंदियतिरिक्खजोणिए, कण्हलेस्सेसु **-जाव-** सुक्कलेस्सेसु पंचेंदियतिरिक्खजोणिएसु उववज्जइ,

सिय कण्हलेस्से उव्वट्टइ **-जाव-** सिय सुक्कलेस्से उव्वट्टइ,

सिय जल्लेसे उववज्जइ तल्लेसे उव्वट्टइ।

दं. २१. ***एवं मणूसे वि।***

दं. २२. ***वाणमंतरे जहा असुरकुमारे।***

दं. २३-२४. ***जोइसिय-वेमाणिया वि एवं चेव।***

**णवरं**-जस्स जल्लेसा, तस्स तल्लेसा,

***दोण्ह वि चयणं ति भाणियव्वं।***[1]

- पण्ण. प. १७, उ. ३, सु. १२०८-१२१४

ઉ. હા, ગૌતમ ! કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા અને કાપોતલેશ્યાવાળા તેજસ્કાયિક, કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા અને કાપોતલેશ્યાવાળા તેજસ્કાયિકોમાં ઉત્પન્ન થાય છે.

ક્યારેક કૃષ્ણલેશી થઈને ઉદ્દવર્તન કરે છે,

ક્યારેક નીલલેશી થઈને ઉદ્દવર્તન કરે છે,

ક્યારેક કાપોતલેશી થઈને ઉદ્દવર્તન કરે છે,

ક્યારેક જે લેશ્યામાં ઉત્પન્ન થાય છે, તેજ લેશ્યામાં ઉદ્દવર્તન કરે છે.

દં.૧૫, ૧૭-૧૯. ***આ પ્રમાણે વાયુકાયિક તથા બેઈન્દ્રિય, ત્રેઈન્દ્રિય અને ચઉરેન્દ્રિય જીવોનાં વિષયમાં પણ કહેવું જોઈએ.***

પ્ર. **દં. ૨૦.** ભંતે ! વાસ્તવમાં શું કૃષ્ણલેશી **-યાવત્-** શુક્લલેશી પંચેન્દ્રિય તિર્યંચયોનિક કૃષ્ણલેશ્યા **-યાવત્-** શુક્લલેશ્યાવાળા પંચેન્દ્રિય તિર્યંચયોનિકોમાં ઉત્પન્ન થાય છે ? શું કૃષ્ણલેશ્યા **-યાવત્-** શુક્લલેશ્યામાં ઉદ્દવર્તન કરે છે ? (અર્થાત્) જે લેશ્યામાં ઉત્પન્ન થાય છે. શું તેજ લેશ્યામાં ઉદ્દવર્તન કરે છે ?

ઉ. હા, ગૌતમ ! કૃષ્ણલેશી **-યાવત્-** શુક્લલેશી પંચેન્દ્રિય તિર્યંચયોનિક કૃષ્ણલેશ્યા **-યાવત્-** શુક્લલેશ્યાવાળા પંચેન્દ્રિયતિર્યંચયોનિકોમાં ઉત્પન્ન થાય છે.

ક્યારેક કૃષ્ણલેશી થઈને ઉદ્દવર્તન કરે છે **-યાવત્-** ક્યારેક શુક્લલેશી થઈને ઉદ્દવર્તન કરે છે.

ક્યારેક જે લેશ્યામાં ઉત્પન્ન થાય છે. તેજ લેશ્યામાં ઉદ્દવર્તન કરે છે.

દં.૨૧. ***આ પ્રમાણે મનુષ્યનું પણ ઉત્પાદ-ઉદ્દવર્તન કહેવું જોઈએ.***

દં.૨૨. ***વાણવ્યંતરનું ઉત્પાદ-ઉદ્દવર્તન અસુરકુમારનાં સમાન કહેવું જોઈએ.***

દં.૨૩-૨૪. ***જ્યોતિષ્ક અને વૈમાનિકનું ઉત્પાદ-ઉદ્દવર્તન આ પ્રમાણે જાણવું જોઈએ.***

**વિશેષ** : જેનામાં જેટલી લેશ્યાઓ હોય તેટલી લેશ્યાઓનું વર્ણન કરવું જોઈએ.

***બંનેનાં માટે ઉદ્દવર્તનનાં સ્થાનમાં ચ્યવન શબ્દ કહેવો જોઈએ.***

१. विया. स. ४, उ. ९, सु. १

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**३३. सलेस्स जीवाणं कया परभवगमण परूवणं-**

लेसाहिं सव्वाहिं पढमे, समयम्मि परिणयाहिं तु ।
न वि कस्सवि उव्वाओ, परे भवे अत्थि जीवस्स ॥
लेसाहिं सव्वाहिं चरमे, समयम्मि परिणयाहिं तु ।
न वि कस्सवि उववाओ, परे भवे अत्थि जीवस्स ॥
अन्तमुहुत्तम्मि गए, अन्तमुहुत्तम्मि सेसए चेव ।
लेसाहिं परिणयाहिं जीवा, गच्छन्ति परलोयं ॥

- उत्त. अ. ३४, गा. ५८-६०

**३३. સલેશી જીવોનાં પરભવ ગમનનું પ્રરુપણ :**

પ્રથમ સમયમાં પરિણત બધી લેશ્યાઓથી કોઈપણ જીવ બીજા ભવમાં ઉત્પન્ન થતા નથી.

અંતિમ સમયમાં પરિણત બધી લેશ્યાઓથી પણ કોઈ જીવ બીજા ભવમાં ઉત્પન્ન થતા નથી.

લેશ્યાઓની પરિણતિ થવા પર જ્યારે અન્તર્મુહૂર્ત વ્યતીત થઈ જાય છે અને અન્તર્મુહૂર્ત બાકી રહે છે તે સમયે જીવ પરલોકમાં જાય છે.

**३४. लेस्साणं पडुच्च गब्भ पजणण परूवणं-**

प. कण्हलेस्से णं भंते ! मणूसे कण्हलेस्सं गब्भं जणेज्जा ?

उ. हंता, गोयमा ! जणेज्जा ।

प. कण्हलेस्से णं भंते ! मणूसे णीललेस्सं गब्भं जणेज्जा ?

उ. हंता, गोयमा ! जणेज्जा ।

***एवं काउलेस्सं तेउलेस्सं पम्हलेस्सं सुक्कलेस्सं छप्पि आलावगा भाणियव्वा ।***

***एवं णीललेसेण वि काउलेसेण वि तेउलेसेण वि पम्हलेसेण वि सुक्कलेसेण वि एवं एए छत्तीसं आलावगा ।***

प. कण्हलेस्सा णं भंते ! इत्थिया कण्हलेस्सं गब्भं जणेज्जा ?

उ. हंता, गोयमा ! जणेज्जा ।

***एवं एए वि छत्तीसं आलावगा ।***

प. कण्हलेस्से णं भंते ! मणूसे कण्हलेसाए इत्थियाए कण्हलेस्सं गब्भं जणेज्जा ?

उ. हंता, गोयमा ! जणेज्जा,

***एवं एए वि छत्तीसं आलावगा ।***

प. कम्मभूमयकण्हलेस्से णं भंते ! मणुस्से कण्हलेस्साए इत्थियाए कण्हलेस्सं गब्भं जणेज्जा ?

**૩૪. લેશ્યાઓની અપેક્ષાએ ગર્ભપ્રજનનનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! શું કૃષ્ણલેશ્યાવાળા મનુષ્ય કૃષ્ણલેશ્યાવાળા ગર્ભને ઉત્પન્ન કરે છે ?

ઉ. હા,ગૌતમ ! તે ઉત્પન્ન કરે છે.

પ્ર. ભંતે ! શું કૃષ્ણલેશ્યાવાળા મનુષ્ય નીલલેશ્યાવાળા ગર્ભને ઉત્પન્ન કરે છે ?

ઉ. હા, ગૌતમ ! તે ઉત્પન્ન કરે છે.

***આ પ્રમાણે કાપોતલેશ્યા, તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યાવાળા ગર્ભની ઉત્પત્તિનાં વિષયમાં છ આલાપક કહેવા જોઈએ.***

***આ પ્રમાણે નીલલેશ્યાવાળા, કાપોતલેશ્યાવાળા, તેજોલેશ્યાવાળા, પદ્મલેશ્યાવાળા અને શુક્લલેશ્યા-વાળા પ્રત્યેક મનુષ્યનાં છ-છ આલાપક કહેવા જોઈએ અને આ પ્રમાણે આ બધા છત્રીસ આલાપક થયા.***

પ્ર. ભંતે ! શું કૃષ્ણલેશ્યાવાળી સ્ત્રી કૃષ્ણલેશ્યાવાળા ગર્ભને ઉત્પન્ન કરે છે ?

ઉ. હા, ગૌતમ ! ઉત્પન્ન કરે છે.

***આ પ્રમાણે એ પણ છત્રીસ આલાપક કહેવા જોઈએ.***

પ્ર. ભંતે ! કૃષ્ણલેશ્યાવાળા મનુષ્ય શું કૃષ્ણલેશ્યાવાળી સ્ત્રીથી કૃષ્ણલેશ્યાવાળા ગર્ભને ઉત્પન્ન કરે છે ?

ઉ. હા, ગૌતમ ! તે ઉત્પન્ન કરે છે.

***આ પ્રમાણે એ પણ છત્રીસ આલાપક થયા.***

પ્ર. ભંતે ! કર્મભૂમિક કૃષ્ણલેશ્યાવાળા મનુષ્ય કર્મભૂમિક કૃષ્ણલેશ્યાવાળી સ્ત્રીથી કૃષ્ણલેશ્યાવાળા ગર્ભને ઉત્પન્ન કરે છે ?

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उ. हंता, गोयमा ! जणेज्जा,

***एवं एए वि छत्तीसं आलावगा।***

प. अकम्मभूमयकण्हलेस्से णं भंते ! मणूसे अकम्मभूमयकण्हलेस्साए इत्थियाए अकम्मभूमय-कण्हलेस्सं गब्भं जणेज्जा ?

उ. हंता, गोयमा ! जणेज्जा,

**णवरं**-चउसु लेसासु सोलस आलावगा।

***एवं अंतरदीवगा वि भाणियव्वा।***[1]

- पण्ण. प. १७, उ. ६, सु. १२५८

**३५. लेस्सं पडुच्च चउवीस दंडएसु अप्प-महाकम्मत्त परूवणं-**

प. **दं. १.** सिय भंते ! कण्हलेस्से नेरइए अप्पकम्मतराए, नीललेस्से नेरइए महाकम्मतराए ?

उ. हंता, गोयमा ! सिया।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ -

"सिय कण्हलेस्से नेरइए अप्पकम्मतराए, नीललेस्से नेरइए महाकम्मतराए ?"

उ. गोयमा ! ठिइं पडुच्च,

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ -

"सिय कण्हलेस्से नेरइए अप्पकम्मतराए, नीललेस्से नेरइए महाकम्मतराए।"

प. सिय भंते ! नीललेस्से नेरइए अप्पकम्मतराए, काउलेस्से नेरइए महाकम्मतराए ?

उ. हंता, गोयमा ! सिया।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"सिय नीललेस्से नेरइए अप्पकम्मतराए, काउलेस्से नेरइए महाकम्मतराए ?

उ. गोयमा ! ठिइं पडुच्च,

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

ઉ. હા, ગૌતમ ! તે ઉત્પન્ન કરે છે.

***આ પ્રમાણે એ પણ છત્રીસ આલાપક થયા.***

પ્ર. ભંતે ! અકર્મભૂમિક કૃષ્ણલેશ્યાવાળા મનુષ્ય અકર્મભૂમિક કૃષ્ણલેશ્યાવાળી સ્ત્રીથી અકર્મભૂમિક કૃષ્ણલેશ્યાવાળા ગર્ભને ઉત્પન્ન કરે છે ?

ઉ. હા, ગૌતમ ! તે ઉત્પન્ન કરે છે.

**વિશેષ :** ચાર લેશ્યાઓનાં કુલ સોળ આલાપક થાય છે.

***આ પ્રમાણે અંતરદ્વીપજનાં પણ સોળ આલાપક કહેવા જોઈએ.***

**૩૫. લેશ્યાઓની અપેક્ષાએ ચોવીસ દંડકોમાં અલ્પ-મહાકર્મત્વની પ્રરુપણા :**

પ્ર. **દં. ૧.** ભંતે ! શું કૃષ્ણલેશ્યાવાળા નારકી ક્યારેક અલ્પકર્મવાળા અને નીલલેશ્યાવાળા નારકી ક્યારેક મહાકર્મવાળા હોય છે ?

ઉ. હા, ગૌતમ ! ક્યારેક એવા હોય છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"કૃષ્ણ લેશ્યાવાળા નારકી ક્યારેક અલ્પકર્મવાળા હોય છે અને નીલલેશ્યાવાળા નારકી ક્યારેક મહાકર્મવાળા હોય છે ?

ઉ. ગૌતમ ! સ્થિતિની અપેક્ષાથી એવું થાય છે.

માટે હે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"કૃષ્ણલેશ્યાવાળા નારકી ક્યારેક અલ્પકર્મવાળા હોય છે અને નીલલેશ્યાવાળા નારકી ક્યારેક મહાકર્મવાળા હોય છે."

પ્ર. ભંતે ! શું નીલલેશ્યાવાળા નારકી ક્યારેક અલ્પકર્મ-વાળા હોય છે અને કાપોતલેશ્યાવાળા નારકી ક્યારેક મહાકર્મવાળા હોય છે ?

ઉ. હા, ગૌતમ ! ક્યારેક એવું થાય છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"નીલલેશ્યાવાળા નૈરયિક ક્યારેક અલ્પકર્મવાળા હોય છે અને કાપોતલેશ્યાવાળા નૈરયિક ક્યારેક મહાકર્મવાળા હોય છે ?"

ઉ. ગૌતમ ! સ્થિતિની અપેક્ષાએ એવું થાય છે.

માટે હે ગૌતમ ! એવું કહેવાય છે કે -

१. (क) विया. स. १९, उ. २, सु. १ (ख) सम. सु. १५३ (३)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"सिय नीललेस्से नेरइए अप्पकम्मतराए काउलेस्से नेरइए महाकम्मतराए।"

"નીલલેશ્યાવાળા નૈરયિક ક્યારેક અલ્પકર્મવાળા હોય છે અને કાપોતલેશ્યાવાળા નૈરયિક ક્યારેક મહાકર્મવાળા હોય છે.

दं.२. ***एवं असुरकुमारे वि.***

દં.૨. ***આ પ્રમાણે અસુરકુમારનાં વિષયમાં પણ કહેવું જોઈએ.***

**णवरं**-तेउलेस्सा अब्भहिया,

**વિશેષ** : તેમાં એક તેજોલેશ્યા વધારે હોય છે.

दं. ३-२४. ***एवं -जाव- वेमाणिया,***

દં. ૩-૨૪. ***આ પ્રમાણે વૈમાનિક દેવો સુધી કહેવું જોઈએ.***

***जस्स जइ लेसाओ तस्स तइ भाणियव्वाओ,***

***જેમાં જેટલી લેશ્યાઓ હોય, તેની તેટલી લેશ્યાઓ કહેવી જોઈએ.***

जोइसियस्स न भण्णइ, जोइसिएसु एगा तेउलेस्सा तत्थ नत्थि अप्पकम्म-महाकम्म परूवणं,

જ્યોતિષ્ક દેવોનાં દંડકનું વર્ણન કરવું ન જોઈએ. કારણકે જ્યોતિષ્કોમાં એક તેજોલેશ્યા જ છે. માટે તેમાં અલ્પકર્મ મહાકર્મની પ્રરુપણા નથી.

प. सिय भंते ! पम्हलेस्से वेमाणिए अप्पकम्मतराए, सुक्कलेस्से वेमाणिए महाकम्मतराए ?

પ્ર. ભંતે ! શું પદ્મલેશ્યાવાળા વૈમાનિક ક્યારેક અલ્પકર્મવાળા અને શુક્લલેશ્યાવાળા વૈમાનિક ક્યારેક મહાકર્મવાળા હોય છે ?

उ. हंता, गोयमा ! सिया।

ઉ. હા, ગૌતમ ! ક્યારેક એવું હોય છે.

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"पम्हलेस्से वेमाणिए अप्पकम्मतराए सुक्कलेस्से वेमाणिए महाकम्मतराए ?"

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે-

"પદ્મલેશ્યાવાળા વૈમાનિક ક્યારેક અલ્પકર્મવાળા હોય છે અને શુક્લલેશ્યાવાળા વૈમાનિક ક્યારેક મહાકર્મવાળા હોય છે ?

उ. गोयमा ! ठिइं पडुच्च,

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"पम्हलेस्से वेमाणिए अप्पकम्मतराए, सुक्कलेस्से वेमाणिए महाकम्मतराए,"

ઉ. ગૌતમ ! સ્થિતિની અપેક્ષાએ એવું કહેવાય છે.

માટે હે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"પદ્મલેશ્યાવાળા વૈમાનિક ક્યારેક અલ્પકર્મવાળા હોય છે અને શુક્લલેશ્યાવાળા વૈમાનિક ક્યારેક મહાકર્મવાળા હોય છે."

***सेसं जहा नेरइयस्स अप्पकम्मतराए -जाव- महाकम्मतराए।***

- विया. स. ७, उ. ३, सु. ६-९

***બાકીનાં નૈરયિકનાં સમાન અલ્પકર્મવાળા -યાવત્- મહાકર્મવાળા હોય છે એવું કહેવું જોઈએ.***

## ३६. लेसाणुसारेणं जीवाणं नाणभेया-

## ૩૬. લેશ્યાનાં અનુસાર જીવોમાં જ્ઞાનનાં ભેદ :

प. कण्हलेस्से णं भंते ! जीवे कइसु णाणेसु होज्जा ?

પ્ર. ભંતે ! કૃષ્ણલેશ્યાવાળા જીવમાં કેટલા જ્ઞાન હોય છે ?

उ. गोयमा ! दोसु वा, तिसु वा, चउसु वा णाणेसु होज्जा।

ઉ. ગૌતમ ! બે, ત્રણ કે ચાર જ્ઞાન હોય છે.

**दोसु** होमाणे-आभिणिबोहिय, सुयणाणेसु होज्जा,

જો **બે** જ્ઞાન હોય તો - આભિનિબોધિકજ્ઞાન અને શ્રુતજ્ઞાન હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**तिसु** होमाणे-आभिणिबोहिय-सुयणाण-ओहिणाणेसु होज्जा,

જો **ત્રણ** જ્ઞાન હોય તો - આભિનિબોધિકજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન હોય છે.

**अहवा तिसु** होमाणे-आभिणिबोहिय-सुयणाण-मणपज्जवणाणेसु होज्जा,

**અથવા ત્રણ** જ્ઞાન હોય તો - આભિનિબોધિકજ્ઞાન, શ્રુતજ્ઞાન અને મનઃ પર્યવજ્ઞાન હોય છે.

**चउसु** होमाणे-आभिणिबोहियणाण-सुयणाण-ओहिणाण-मणपज्जवणाणेसु होज्जा,

જો **ચાર** જ્ઞાન હોય તો - આભિનિબોધિકજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન હોય છે.

***एवं -जाव- पम्हलेस्से।***

***આ પ્રમાણે પદ્મલેશ્યા સુધી વર્ણન કરવું જોઈએ.***

प. सुक्कलेस्सेणं भंते ! जीवे कइसु णाणेसु होज्जा ?

પ્ર. ભંતે ! શુક્લલેશ્યાવાળા જીવમાં કેટલા જ્ઞાન હોય છે ?

उ. गोयमा ! दोसु वा, तिसु वा, चउसु वा, एगम्मि वा होज्जा,

ઉ. ગૌતમ ! બે, ત્રણ ચાર કે એક જ્ઞાન હોય છે.

**दोसु** होमाणे-आभिणिबोहिय-सुयणाणेसु होज्जा,

જો **બે** જ્ઞાન હોય તો - આભિનિબોધિક જ્ઞાન અને શ્રુતજ્ઞાન હોય છે.

***एवं जहेव कण्हलेस्साणं तहेव भाणियव्वं -जाव- चउहिं।***

***આ પ્રમાણે જેમ કૃષ્ણલેશ્યાવાળોનું વર્ણન કર્યું તે પ્રમાણે ચાર જ્ઞાન સુધી કહેવું જોઈએ.***

एगम्मि होमाणे एगम्मि केवलणाणे होज्जा।

- पण्ण. प. १७, उ. ३, सु. १२१६-१२१७

જો એક જ્ઞાન હોય તો એક કેવળજ્ઞાન જ હોય છે.

## ३७. लेसाणुसारेणं नेरइयाणं ओहिनाण खेत्तं-

## ૩૭. લેશ્યાનાં અનુસાર નૈરયિકોમાં અવધિજ્ઞાન ક્ષેત્ર :

प. कण्हलेस्से णं भंते ! णेरइए कण्हलेस्से णेरइयं पणिहाए ओहिणा सव्वओ समंता समभिलोएमाणे-समभिलोएमाणे केवइयं खेत्तं जाणइ, केवइयं खेत्तं पासइ ?

પ્ર. ભંતે ! કૃષ્ણલેશી નૈરયિક કૃષ્ણલેશી અન્ય નૈરયિકની અપેક્ષાએ અવધિજ્ઞાનનાં દ્વારા ચારે તરફ અવલોકન કરતો કેટલા ક્ષેત્રને જાણે અને કેટલા ક્ષેત્રને દેખે છે ?

उ. गोयमा ! णो बहुयं खेत्तं जाणइ, णो बहुयं खेत्तं पासइ, णो दूरं खेत्तं जाणइ, णो दूरं खेत्तं पासइ, इत्तिरियमेव खेत्तं जाणइ, इत्तिरियमेव खेत्तं पासइ।

ઉ. ગૌતમ ! ન તો વધારે ક્ષેત્રને જાણે છે અને ન તો વધારે ક્ષેત્રને જુવે છે. ન તો દૂરવર્તી ક્ષેત્રને જાણે છે અને ન તો દૂરવર્તી ક્ષેત્રને જુવે છે તે થોડા ક્ષેત્રને જાણે છે અને થોડા ક્ષેત્રને જુએ છે.

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"कण्हलेस्से णं णेरइए णो बहुयं खेत्तं जाणइ **-जाव-** इत्तिरियमेव खेत्तं पासइ ?"

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"કૃષ્ણલેશી નૈરયિક અધિક ક્ષેત્રને જાણતા નથી **-યાવત્-** થોડા જ ક્ષેત્રને જોઈ શકે છે ?

उ. गोयमा ! से जहाणामए केइ पुरिसे बहुसमरमणिज्जंसि भूमिभागंसि ठिच्चा सव्वओ समंता समभिलोएज्जा,

ઉ. ગૌતમ ! જેમ કોઈ પુરુષ અત્યંત સમ અને રમણીય ભૂ-ભાગ પર સ્થિત થઈને ચારે તરફ જુવે,

तए णं से पुरिसे धरणितलगयं पुरिसं पणिहाए सव्वओ समंता समभिलोएमाणे-समभिलोएमाणे णो बहुयं खेत्तं जाणइ, णो बहुयं खेत्तं पासइ **-जाव-** इत्तरियमेव खेत्तं जाणइ, इत्तिरियमेव खेत्तं पासइ,

તો તે પુરુષ ભૂતળ પર સ્થિત પુરુષની અપેક્ષાથી બધી દિશાઓ - વિદિશાઓમાં વારંવાર જુવે તો ન અધિક ક્ષેત્રને જાણે છે અને ન અધિક ક્ષેત્રને જોઈ શકે છે **-યાવત્-** થોડા જ ક્ષેત્રને જાણે છે અને થોડા જ ક્ષેત્રને જોઈ શકે છે.

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

માટે હે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"कण्हलेस्से णं णेरइए णो बहुयं खेत्तं जाणइ -**जाव**- इत्तिरियमेव खेत्तं पासइ।"

"કૃષ્ણલેશી નૈરયિક અધિક ક્ષેત્રને જાણતા નથી -**યાવત્**- થોડા જ ક્ષેત્રને જોઈ શકે છે."

प. णीललेसे णं भंते ! णेरइए कण्हलेस्सं णेरइयं पणिहाय ओहिणा सव्वओ समंता समभिलोएमाणे-समभिलोएमाणे केवइयं खेत्तं जाणइ, केवइयं खेत्तं पासइ ?

उ. गोयमा ! बहुतरागं खेत्तं जाणइ, बहुतरागं खेत्तं पासइ, दूरतरागं खेत्तं जाणइ, दूरतरागं खेत्तं पासइ, वितिमिरतरागं खेत्तं जाणइ, वितिमिरतरागं खेत्तं पासइ, विसुद्धतरागं खेत्तं जाणइ, विसुद्धतरागं खेत्तं पासइ।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"णीललेस्से णं णेरइए कण्हलेस्सं णेरइयं पणिहाय -**जाव**- विसुद्धतरागं खेत्तं पासइ ?"

उ. गोयमा ! से जहाणामए केइ पुरिसे बहुसमरमणिज्जाओ भूमिभागाओ पव्वयं दुरूहइ, दुरूहिता सव्वओ समंता समभिलोएज्जा, तए णं से पुरिसे धरणितल-गयं पुरिसं पणिहाय सव्वओ समंता समभिलोएमाणे-समभिलोएमाणे बहुतरागं खेत्तं जाणइ -**जाव**- विसुद्धतरागं खेत्तं पासइ,

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"णीललेस्से णेरइए कण्हलेस्सं णेरइयं पणिहाय -**जाव**- विसुद्धतरागं खेत्तं पासइ।"

प. काउलेसे णं भंते ! णेरइए णीललेस्सं णेरइयं ओहिणा सव्वओ समंता समभिलोएमाणे-समभिलोएमाणे केवइयं खेत्तं जाणइ, केवइयं खेत्तं पासइ ?

उ. गोयमा ! बहुतरागं खेत्तं जाणइ -**जाव**- विसुद्धतरागं खेत्तं पासइ।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"काउलेस्से णं णेरइए णीललेस्सं णेरइयं पणिहाय -**जाव**- विसुद्धतरागं खेत्तं पासइ ?

उ. गोयमा ! से जहाणामए केइ पुरिसे बहुसमरमणिज्जाओ भूमिभागाओ पव्वयं दुरूहइ, दुरूहित्ता रुक्खं दुरूहइ, दुरूहित्ता दोण्णि पादे उच्चावियं सव्वओ समंता समभिलोएज्जा, तए णं से पुरिसो पव्वयगयं धरणितलगयं च पुरिसं पणिहाय सव्वओ समंता समभिलोएमाणे-समभिलोएमाणे बहुतरागं खेत्तं जाणइ -**जाव**- विसुद्धतरागं खेत्तं पासइ।

પ્ર. ભંતે ! નીલલેશ્યાવાળા નારક કૃષ્ણલેશ્યાવાળા નારકની અપેક્ષાએ ચારે તરફ અવધિજ્ઞાનનાં દ્વારા જુવે તો કેટલા ક્ષેત્રને જાણે છે અને કેટલા ક્ષેત્રને જુવે છે ?

ઉ. ગૌતમ ! અત્યધિક ક્ષેત્રને જાણે છે અને અત્યધિક ક્ષેત્રને જુવે છે, ઘણા દૂરવાળા ક્ષેત્રને જાણે છે અને ઘણા દૂરવાળા ક્ષેત્રને જુવે છે, સ્પષ્ટ રુપથી ક્ષેત્રને જાણે છે અને સ્પષ્ટ રુપથી ક્ષેત્રને જુવે છે, વિશુદ્ધ રુપથી ક્ષેત્રને જાણે છે અને વિશુદ્ધ રુપથી ક્ષેત્રને જુવે છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"નીલલેશ્યાવાળા નારક કૃષ્ણલેશ્યાવાળા નારકની અપેક્ષાએ -**યાવત્**- વિશુદ્ધ રુપથી ક્ષેત્રને જુવે છે?"

ઉ. ગૌતમ ! જેમ કોઈ પુરુષ અત્યંત સમ, રમણીય ભૂમિભાગથી પર્વત પર ચઢે છે અને પર્વત પર ચઢીને ચારો તરફ જુવે તો તે પુરુષ ભૂતલ પર સ્થિત પુરુષની અપેક્ષાએ ચારે તરફ અવલોકન કરતો અત્યધિક ક્ષેત્રને જાણે છે -**યાવત્**- વિશુદ્ધ રુપથી ક્ષેત્રને જુવે છે.

માટે હે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"નીલલેશ્યાવાળા નારક, કૃષ્ણલેશ્યાવાળા નારકની અપેક્ષાએ -**યાવત્**- વિશુદ્ધ રુપથી તે ક્ષેત્રને જુવે છે."

પ્ર. ભંતે ! કાપોતલેશ્યાવાળા નારક નીલલેશ્યાવાળા નારકની અપેક્ષાએ ચારે તરફથી અવલોકન કરતો અવધિજ્ઞાન દ્વારા કેટલા ક્ષેત્રને જાણે છે અને કેટલા ક્ષેત્રને જુવે છે ?

ઉ. ગૌતમ ! અત્યધિક ક્ષેત્રને જાણે છે -**યાવત્**- વિશુદ્ધ રુપથી ક્ષેત્રને જુવે છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"કાપોતલેશ્યાવાળા નારક નીલલેશ્યાવાળા નારકની અપેક્ષાએ -**યાવત્**- વિશુદ્ધ રુપથી ક્ષેત્રને જુવે છે ?

ઉ. ગૌતમ ! જેમ કોઈ પુરુષ અત્યંત સમ રમણીય ભૂ ભાગથી પર્વત પર ચઢે છે અને પર્વત પર ચઢીને વૃક્ષ પર ચઢે છે, તદનન્તર વૃક્ષ પર બંને પગોને ઉંચા કરીને ચારે તરફ જુવે તો તે પુરુષ પર્વત પર અને ભૂતલ પર સ્થિત પુરુષની અપેક્ષાએ ચારે તરફ અવલોકન કરતો અત્યધિક ક્ષેત્રને જાણે છે -**યાવત્**- વિશુદ્ધ રુપથી ક્ષેત્રને જુવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"काउलेस्से णं णेरइए णीललेस्सं णेरइयं पणिहाय **-जाव-** विसुद्धतरागं खेत्तं पासइ।"

- पण्ण. प. १७, उ. ३, सु. १२१५

माटे हे गौतम ! એવું કેહવાય છે કે -

"કાપોતલેશ્યાવાળા નારક નીલલેશ્યાવાળા નારકની અપેક્ષાએ **-યાવત્-** વિશુદ્ધ રુપથી ક્ષેત્રને જુવે છે."

## ३८. अविसुद्ध-विसुद्धलेस्से अणगारस्स जाणण-पासणं-

प. (१) अविसुद्धलेस्से णं भंते ! अणगारे असमोहएणं अप्पाणेणं अविसुद्धलेस्सं देवं देविं अणगारं जाणइ पासइ ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

प. (२) अविसुद्धलेस्से णं भंते ! अणगारे असमोहएणं अप्पाणेणं विसुद्धलेस्सं देवं देविं अणगारं जाणइ पासइ ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

प. ३. अविसुद्धलेस्से णं भंते ! अणगारे समोहएणं अप्पाणेणं अविसुद्धलेस्सं देवं देविं अणगारं जाणइ पासइ ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

प. ४. अविसुद्धलेस्से णं भंते ! अणगारे समोहएणं अप्पाणेणं विसुद्धलेस्सं देवं देविं अणगारं जाणइ पासइ ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

प. ५. अविसुद्धलेस्से णं भंते ! अणगारे समोहयासमोहएणं अप्पाणेणं अविसुद्धलेस्सं देवं देविं अणगारं जाणइ पासइ ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

प. ६. अविसुद्धलेस्से णं भंते ! अणगारे समोहयासमोहएणं अप्पाणेणं विसुद्धलेस्सं देवं देविं अणगारं जाणइ पासइ ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

प. ७. विसुद्धलेस्से णं भंते ! अणगारे असमोहएणं अप्पाणेणं अविसुद्धलेस्सं देवं देविं अणगारं जाणइ पासइ ?

उ. हंता, गोयमा ! जाणइ पासइ।

प. ८. विसुद्धलेस्से णं भंते ! अणगारे असमोहएणं अप्पाणेणं विसुद्धलेस्सं देवं देविं अणगारं जाणइ पासइ ?

## ૩૮. અવિશુદ્ધ-વિશુદ્ધ લેશ્યાવાળા અણગારનું જાણવું-દેખવું :

પ્ર. ૧. ભંતે ! અવિશુદ્ધ લેશ્યાવાળા અણગાર ઉપયોગ રહિત આત્માથી અવિશુદ્ધ લેશ્યાવાળા દેવ-દેવી અને અણગારને જાણે-દેખે છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

પ્ર. ૨. ભંતે ! અવિશુદ્ધ લેશ્યાવાળા અણગાર ઉપયોગ રહિત આત્માથી વિશુદ્ધલેશ્યાવાળા દેવ-દેવી અને અણગારને જાણે-દેખે છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

પ્ર. ૩. ભંતે ! અવિશુદ્ધ લેશ્યાવાળા અણગાર ઉપયોગ સહિત આત્માથી અવિશુદ્ધ લેશ્યાવાળા દેવ-દેવી અને અનગારને જાણે-દેખે છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

પ્ર. ૪. ભંતે ! અવિશુદ્ધ લેશ્યાવાળા અણગાર ઉપયોગ સહિત આત્માથી વિશુદ્ધ લેશ્યાવાળા દેવ-દેવી અને અણગારને જાણે-દેખે છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

પ્ર. ૫. ભંતે ! અવિશુદ્ધ લેશ્યાવાળા અણગાર ઉપયોગ સહિત કે રહિત આત્માથી અવિશુદ્ધ લેશ્યાવાળા દેવ-દેવી અને અણગારને જાણે-દેખે છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

પ્ર. ૬. ભંતે ! અવિશુદ્ધલેશ્યાવાળા અણગાર ઉપયોગ સહિત કે રહિત આત્માથી વિશુદ્ધલેશ્યાવાળા દેવ-દેવી અને અણગારને જાણે-દેખે છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

પ્ર. ૭. ભંતે ! વિશુદ્ધલેશ્યાવાળા અણગાર ઉપયોગ રહિત આત્માથી અવિશુદ્ધલેશ્યાવાળા દેવ-દેવી અને અણગારને જાણે-દેખે છે ?

ઉ. હા, ગૌતમ ! તે જાણે-દેખે છે.

પ્ર. ૮. ભંતે ! વિશુદ્ધલેશ્યાવાળા અણગાર ઉપયોગ રહિત આત્માથી વિશુદ્ધલેશ્યાવાળા દેવ-દેવી અને અણગારને જાણે-દેખે છે ?

JAINSITE जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उ. हंता, गोयमा ! जाणइ पासइ।

प. ९. विसुद्धलेस्से णं भंते ! अणगारे समोहएणं अप्पाणेणं अविसुद्धलेस्सं देवं देविं अणगारं जाणइ पासइ ?

उ. हंता, गोयमा ! जाणइ पासइ।

प. १०. विसुद्धलेस्से णं भंते ! अणगारे समोहएणं अप्पाणेणं विसुद्धलेस्सं देवं देविं अणगारं जाणइ पासइ ?

उ. हंता, गोयमा ! जाणइ पासइ।

प. ११. विसुद्धलेस्से णं भंते ! अणगारे समोहयासमोहएणं अप्पाणेणं अविसुद्धलेस्सं देवं देविं अणगारं जाणइ पासइ ?

उ. हंता, गोयमा ! जाणइ पासइ।

प. १२. विसुद्धलेस्से णं भंते ! अणगारे समोहया-समोहएणं अप्पाणेणं विसुद्धलेस्सं देवं देविं अणगारं जाणइ पासइ ?

उ. हंता, गोयमा ! जाणइ पासइ।

- जीवा. पडि. ३, सु. १०३

३९. **अणगारेण स-पर कम्मलेसस्स जाणण-पासणं-**

प. अणगारे णं भंते ! भावियप्पा अप्पणो कम्मलेस्सं न जाणइ न पासइ, तं पुण जीवं सरूविं सकम्मलेस्सं जाणइ पासइ ?

उ. हंता, गोयमा ! अणगारे णं भावियप्पा अप्पणो कम्मलेस्सं न जाणइ न पासइ, तं पुण जीवं सरूविं सकम्मलेस्सं जाणइ पासइ।

- विया. स. १४, उ. ९, सु. १

४०. **अविसुद्ध-विसुद्धलेसस्स देवस्स जाणण-पासणं-**

प. १. अविसुद्धलेसे णं भंते ! देवे असमोहएणं अप्पाणेणं अविसुद्धलेसं देवं देविं अन्नयरं जाणइ पासइ ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

प. २. अविसुद्धलेसे णं भंते ! देवे असमोहएणं अप्पाणेणं विसुद्धलेसं देवं देविं अन्नयरं जाणइ पासइ ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

ઉ. હા, ગૌતમ ! તે જાણે - દેખે છે.

પ્ર. ૯. ભંતે ! વિશુદ્ધલેશ્યાવાળા અણગાર ઉપયોગ સહિત આત્માથી અવિશુદ્ધલેશ્યાવાળા દેવ-દેવી અને અણગારને જાણે દેખે છે ?

ઉ. હા, ગૌતમ ! તે જાણે - દેખે છે.

પ્ર. ૧૦. ભંતે ! વિશુદ્ધલેશ્યાવાળા અણગાર ઉપયોગ સહિત આત્માથી વિશુદ્ધલેશ્યાવાળા દેવ-દેવી અને અણગારને જાણે-દેખે છે ?

ઉ. હા, ગૌતમ ! તે જાણે-દેખે છે.

પ્ર. ૧૧. ભંતે ! વિશુદ્ધલેશ્યાવાળા અણગાર ઉપયોગ સહિત કે રહિત આત્માથી અવિશુદ્ધલેશ્યાવાળા દેવ-દેવી અને અણગારને જાણે-દેખે છે ?

ઉ. હા, ગૌતમ ! તે જાણે-દેખે છે.

પ્ર. ૧૨. ભંતે ! વિશુદ્ધલેશ્યાવાળા અણગાર ઉપયોગ સહિત કે રહિત આત્માથી વિશુદ્ધ લેશ્યાવાળા દેવ-દેવી અને અણગારને જાણે-દેખે છે.

ઉ. હા, ગૌતમ ! તે જાણે-દેખે છે.

૩૯. **અણગાર દ્વારા સ્વ-પર કર્મલેશ્યાનું જાણવું - દેખવું :**

પ્ર. ભંતે ! પોતાની કર્મલેશ્યાને નહીં જાણનાર નહીં દેખનાર ભાવિતાત્મા-અણગાર શું સરુપી (સશરીર) અને કર્મલેશ્યા સહિત જીવને જાણે-દેખે છે ?

ઉ. હા, ગૌતમ ! ભાવિતાત્મા અણગાર, જે પોતાની કર્મલેશ્યાને જાણતા-દેખતા નથી, તે સશરીર અને કર્મલેશ્યાને જાણે-દેખે છે.

૪૦. **અવિશુદ્ધ - વિશુદ્ધ લેશ્યાયુક્ત દેવોનું જાણવું- દેખવું.**

પ્ર. ૧. ભંતે ! શું અવિશુદ્ધ લેશ્યાવાળા દેવ ઉપયોગ રહિત આત્માથી અવિશુદ્ધ લેશ્યાવાળા દેવ-દેવી કે અન્યતર (બંનેમાંથી કોઈ એક)ને જાણે-દેખે છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ શક્ય નથી.

પ્ર. ૨. ભંતે ! શું અવિશુદ્ધ લેશ્યાવાળા દેવ ઉપયોગ રહિત આત્માથી વિશુદ્ધ લેશ્યાવાળા દેવ-દેવી કે અન્યતરને જાણે દેખે છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ શક્ય નથી.

JAINSITE.com जैनम् जयति शासनम्

प. ३. अविसुद्धलेसे णं भंते ! देवे समोहएणं अप्पाणेणं अविसुद्धलेसं देवं देविं अन्नयरं जाणइ पासइ ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

प. ४. अविसुद्धलेसे णं भंते ! देवे समोहएणं अप्पाणेणं विसुद्धलेसं देवं देविं अन्नयरं जाणइ पासइ ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

प. ५. अविसुद्धलेसे णं भंते ! देवे समोहयासमोहएणं अप्पाणेणं अविसुद्धलेसं देवं देविं अन्नयरं जाणइ पासइ ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

प. ६. अविसुद्धलेसे णं भंते ! देवे समोहयासमोहएणं अप्पाणेणं विसुद्धलेसं देवं देविं अण्णयरं जाणइ पासइ ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

प. ७. विसुद्धलेसे णं भंते ! देवे असमोहएणं अप्पाणेणं अविसुद्धलेसं देवं देविं अण्णयरं जाणइ पासइ ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

प. ८. विसुद्धलेसे णं भंते ! देवे असमोहएणं विसुद्धलेसं देवं देविं अण्णयरं जाणइ पासइ ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

प. ९. विसुद्धलेसे णं भंते ! देवे समोहएणं अप्पाणेणं अविसुद्धलेसं देवं देविं अण्णयरं जाणइ पासइ ?

उ. हंता, गोयमा ! जाणइ पासइ।

प. १०. विसुद्धलेसे णं भंते ! देवे समोहएणं अप्पाणेणं विसुद्धलेसं देवं देविं अण्णयरं जाणइ पासइ ?

उ. हंता, गोयमा ! जाणइ पासइ।

प. ११. विसुद्धलेसे णं भंते ! देवे समोहयासमोहएणं अप्पाणेणं अविसुद्धलेसं देवं देविं अण्णयरं जाणइ पासइ ?

उ. हंता, गोयमा ! जाणइ पासइ।

પ્ર. ૩. ભંતે ! શું અવિશુદ્ધ લેશ્યાવાળા દેવ ઉપયોગ સહિત આત્માથી અવિશુદ્ધ લેશ્યાવાળા દેવ-દેવી કે અન્યતરને જાણે-દેખે છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ શક્ય નથી.

પ્ર. ૪. ભંતે ! શું અવિશુદ્ધ લેશ્યાવાળા દેવ ઉપયોગ સહિત આત્માથી વિશુદ્ધલેશ્યાવાળા દેવ-દેવી કે અન્યતરને જાણે-દેખે છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ શક્ય નથી.

પ્ર. ૫. ભંતે ! શું અવિશુદ્ધલેશ્યાવાળા દેવ ઉપયોગ સહિત કે રહિત આત્માથી અવિશુદ્ધ લેશ્યાવાળા દેવ-દેવી કે અન્યતરને જાણે-દેખે છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ શક્ય નથી.

પ્ર. ૬. ભંતે ! શું અવિશુદ્ધ લેશ્યાવાળા દેવ ઉપયોગ સહિત કે રહિત આત્માથી વિશુદ્ધ લેશ્યાવાળા દેવ-દેવી કે અન્યતરને જાણે-દેખે છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ શક્ય નથી.

પ્ર. ૭. ભંતે ! વિશુદ્ધ લેશ્યાવાળા દેવ ઉપયોગ રહિત આત્માથી અવિશુદ્ધ લેશ્યાવાળા દેવ-દેવી કે અન્યતરને જાણે-દેખે છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ શક્ય નથી.

પ્ર. ૮. ભંતે ! વિશુદ્ધ લેશ્યાવાળા દેવ ઉપયોગ રહિત આત્માથી વિશુદ્ધ લેશ્યાવાળા દેવ-દેવી કે અન્યતરને જાણે-દેખે છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ શક્ય નથી.

પ્ર. ૯. ભંતે ! વિશુદ્ધ લેશ્યાવાળા દેવ ઉપયોગ સહિત આત્માથી અવિશુદ્ધ લેશ્યાવાળા દેવ-દેવી કે અન્યતરને જાણે-દેખે છે ?

ઉ. હા, ગૌતમ ! તે જાણે-દેખે છે.

પ્ર. ૧૦. ભંતે ! વિશુદ્ધ લેશ્યાવાળા દેવ ઉપયોગ સહિત આત્માથી વિશુદ્ધ લેશ્યાવાળા દેવ-દેવી કે અન્યતરને જાણે-દેખે છે ?

ઉ. હા, ગૌતમ ! તે જાણે- દેખે છે.

પ્ર. ૧૧. ભંતે ! વિશુદ્ધ લેશ્યાવાળા દેવ ઉપયોગ સહિત કે રહિત આત્માથી અવિશુદ્ધ લેશ્યાવાળા દેવ-દેવી કે અન્યતરને જાણે-દેખે છે ?

ઉ. હા, ગૌતમ ! તે જાણે-દેખે છે.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. १२. विसुद्धलेसे णं भंते ! देवे समोहयासमोहएणं अप्पाणेणं विसुद्धलेसं देवं-देविं अण्णयरं जाणइ पासइ ?

उ. हंता, गोयमा ! जाणइ पासइ ।

***एवं हेट्ठिल्लएहिं अट्ठहिं न जाणइ न पासइ उवरिल्लएहिं चउहिं जाणइ पासइ ।***

- विया. स. ६, उ. ९, सु. १३

प्र. १२. ભંતે ! વિશુદ્ધ લેશ્યાવાળા દેવ ઉપયોગ સહિત કે રહિત આત્માથી વિશુદ્ધ લેશ્યાવાળા દેવ-દેવી કે અન્યતરને જાણે-દેખે છે ?

ઉ. હા, ગૌતમ ! તે જાણે-દેખે છે.

**આ પ્રમાણે દેવ પ્રારંભનાં આઠ ભંગોમાં જાણતા-દેખતા નથી અને અંતિમ ચાર ભંગોમાં જાણે-દેખે છે.**

## ४१. समणं निग्गंथस्स तेउलेस्सोप्पइकारणाणि-

तिहिं ठाणेहिं समणे णिग्गंथे संखित्तविउलतेउलेस्से भवंति, तं जहा -

१. आयावणताए,
२. खंतिखमाए,
३. अपाणगेणं तवोकम्मेणं ।

- ठाणं. अ. ३, उ.३, सु. १८८

## ૪૧. શ્રમણ નિર્ગ્રંથની તેજોલેશ્યાની ઉત્પત્તિનાં કારણ :

ત્રણ સ્થાનોથી શ્રમણ નિર્ગ્રંથ સંક્ષિપ્ત કરેલ વિપુલ તેજોલેશ્યાવાળા હોય છે, જેમકે -

૧. આતાપના લેવાથી,
૨. ક્રોધશાન્તિ અને ક્ષમા કરવાથી,
૩. જલ રહિત તપસ્યા કરવાથી.

## ४२. तेउलेस्साए भासकरण कारणाणि-

दसहिं ठाणेहिं सह तेयसा भासं कुज्जा, तं जहा -

१. केइ तहारूवं समणं वा, माहणं वा अच्चासातेज्जा, से य अच्चासातिए समाणे परिकुविए तस्स तेयं णिसिरेज्जा । से तं परितावेइ, से तं परितावेत्ता तामेव सह तेयसा भासं कुज्जा ।

२. केइ तहारूवं समणं वा, माहणं वा अच्चासातेज्जा, से य अच्चासातिए समाणे देवे परिकुविए तस्स तेयं णिसिरेज्जा । से तं परितावेइ, से तं परितावेत्ता तामेव सह तेयसा भासं कुज्जा ।

३. केइ तहारूवं समणं वा, माहणं वा अच्चासातेज्जा से य अच्चासातिए समाणे परिकुविए देवे वि य परिकुविए ते दुहओ पडिण्णा तस्स तेयं णिसिरेज्जा । से तं परितावेंति, से तं परितावेत्ता तामेव सह तेयसा भासं कुज्जा ।

४. केइ तहारूवं समणं वा, माहणं वा अच्चासातेज्जा, से य अच्चासातिए परिकुविए, तस्स तेयं णिसिरेज्जा, तत्थ फोडा संमुच्छंति, ते फोडा भिज्जंति, ते फोडा भिण्णा समाणा तामेव सह तेयसा भासं कुज्जा ।

## ૪૨. તેજોલેશ્યાથી ભસ્મ કરવાનાં કારણ :

દસ કારણોથી શ્રમણ માહન અપમાનિત કરનારને તેજથી ભસ્મ કરી નાંખે છે, જેમકે -

૧. કોઈ વ્યક્તિ તથારુપ- તેજોલબ્ધિ સંપન્ન શ્રમણ માહનનું અપમાન કરે છે. તે અપમાનથી ક્રોધિત થઈને તેના પર તેજ ફેંકે છે, તે તેજ તે વ્યક્તિને પરિતાપિત કરી દે છે, પરિતાપિત કરી તેને તેજથી ભસ્મ કરી દે છે.

૨. કોઈ વ્યક્તિ-તથારુપ- તેજોલબ્ધિ સંપન્ન શ્રમણ માહનનું અપમાન કરે છે. તેના અપમાન કરવાથી કોઈ દેવ ક્રોધિત થઈને અપમાન કરનાર પર તેજ ફેંકે છે, તે તેજ તે વ્યક્તિને પરિતાપિત કરે છે, પરિતાપિત કરી તેને તેજથી ભસ્મ કરી દે છે.

૩. કોઈ વ્યક્તિ તથારુપ- તેજો લબ્ધિ સંપન્ન શ્રમણ માહનનું અપમાન કરે છે તેના અપમાન કરવાથી મુનિ અને દેવ બંને ક્રોધિત થઈને તેને મારવાની પ્રતિજ્ઞા કરી તેના પર તેજ ફેંકે છે. તે તેજ તે વ્યક્તિને પરિતાપિત કરે છે અને પરિતાપિત કરીને તેને તેજથી ભસ્મ કરી દે છે.

૪. કોઈ વ્યક્તિ તથારુપ - તેજોલબ્ધિ સંપન્ન શ્રમણ માહનનું અપમાન કરે છે. ત્યારે તે અપમાનથી ક્રોધિત થઈને તેના પર તેજ ફેંકે છે. ત્યારે તેના શરીરમાં સ્ફોટ (ફોડા) ઉત્પન્ન થાય છે. તે ફોડા ફૂટે છે અને ફૂટીને તેને તેજથી ભસ્મ કરી દે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

५. केइ तहारूवं समणं वा, माहणं वा अच्चासातेज्जा, से य अच्चासातिए समाणे देवे परिकुविए तस्स तेयं णिसिरेज्जा । तत्थ फोडा संमुच्छंति, ते फोडा भिज्जंति, ते फोडा भिण्णा समाणा तामेव सह तेयसा भासं कुज्जा ।

૫. કોઈ વ્યક્તિ તથારુપ - તેજો લબ્ધિ સંપન્ન શ્રમણ માહનનું અપમાન કરે છે. તેના અપમાન કરવાથી કોઈ દેવ ક્રોધિત થઈને તેના પર તેજ ફેંકે છે. ત્યારે તેના શરીરમાં ગુંમડું ઉત્પન્ન થાય છે. તે ફૂટે છે અને ફૂટીને તેને તેજથી ભસ્મ કરી દે છે.

६. केइ तहारूवं समणं वा, माहणं वा अच्चासातेज्जा, से य अच्चासातिए समाणे परिकुविए देवे वि य परिकुविए ते दुहओ पडिण्णा तस्स तेयं णिसिरेज्जा, तत्थ फोडा संमुच्छंति, ते फोडा भिज्जंति, ते फोडा भिण्णा समाणा तामेव सह तेयसा भासं कुज्जा ।

૬. કોઈ વ્યક્તિ તથારુપ - તેજોલબ્ધિ સંપન્ન શ્રમણ માહનનું અપમાન કરે છે. તેનું અપમાન કરવાથી મુનિ અને દેવ બંને ક્રોધિત થઈને મારવાની પ્રતિજ્ઞા કરી તેના પર તેજ ફેંકે છે. ત્યારે તેના શરીરમાં ગુંમડા ઉત્પન્ન થાય છે, તે ફૂટે છે અને ફૂટીને તેને તેજથી ભસ્મ કરી દે છે.

७. केइ तहारूवं समणं वा, माहणं वा अच्चासातेज्जा से य अच्चासातिए समाणे परिकुविए तस्स तेयं णिसिरेज्जा तत्थ फोडा संमुच्छंति, ते फोडा भिज्जंति, तत्थ पुला संमुच्छंति, ते पुला भिज्जंति, ते पुला भिण्णा समाणा तामेव सह तेयसा भासं कुज्जा ।

૭. કોઈ વ્યક્તિ તથારુપ - તેજોલબ્ધિ સંપન્ન શ્રમણ માહનનું અપમાન કરે છે. ત્યારે તે અપમાન કરવાથી ક્રોધિત થઈને તેના પર તેજ ફેંકે છે, ત્યારે તેના શરીરમાં ગુંમડું ઉત્પન્ન થાય છે. તે ફૂટે છે અને તેનાથી નાની-નાની ફોટકી નીકળે છે. તે પણ ફૂટે છે અને ફૂટીને તેને તેજથી ભસ્મ કરી દે છે.

८. केइ तहारूवं समाणं वा, माहणं वा अच्चासातेज्जा, से य अच्चासातिए समाणे देवे परिकुविए तस्स तेयं णिसिरेज्जा । तत्थ फोडा संमुच्छंति, ते फोडा भिज्जंति, तत्थ पुला संमुच्छंति, ते पुला भिज्जंति, ते पुला भिण्णा समाणा तामेव सह तेयसा भासं कुज्जा ।

૮. કોઈ વ્યક્તિ તથારુપ-તેજોલબ્ધિ સંપન્ન શ્રમણ માહનનું અપમાન કરે છે. તેના અપમાન કરવાથી કોઈ દેવ ક્રોધિત થઈને અપમાન કરનાર પર તેજ ફેંકે છે. ત્યારે તેના શરીરમાં ગુમડું ઉત્પન્ન થાય છે. તે ફૂટે છે ત્યારે તેનાથી નાની-નાની ફોટકી નીકળે છે, તે પણ ફૂટે છે અને ફૂટીને તેને તેજથી ભસ્મ કરી દે છે.

९. केइ तहारूवं समणं वा, माहणं वा अच्चासातेज्जा, से य अच्चासातिए समाणे परिकुविए देवे वि य परिकुविए ते दुहओ पडिण्णा तस्स तेयं णिसिरेज्जा । तत्थ फोडा संमुच्छंति,, ते फोडा भिज्जंति, तत्थ पुला संमुच्छंति, ते पुला भिज्जंति, ते पुला भिण्णा समाणा तामेव सह तेयसा भासं कुज्जा ।

૯. કોઈ વ્યક્તિ તથારુપ - તેજોલબ્ધિ સંપન્ન શ્રમણ માહનનું અપમાન કરે છે. તેના અપમાન કરવાથી મુનિ અને દેવ બંને ક્રોધિત થઈને તેને મારવાની પ્રતિજ્ઞા કરી તેના પર તેજ ફેંકે છે. ત્યારે તેના શરીરમાં ગુંમડા ઉત્પન્ન થાય છે. તે ફૂટે છે. તેમાં ફોટકી નીકળે છે. તે પણ ફૂટે છે અને ફૂટીને તેને તેજથી ભસ્મ કરી દે છે.

१०. केइ तहारूवं समणं वा, माहणं वा अच्चासातेमाणं तेयं णिसिरेज्जा, से य तत्थ णो कम्मइ, णो पकम्मइ, अंचिअंचियं करेइ, करेत्ता आयाहिणं पयाहिणं करेइ करेत्ता उड्ढं वेहासं उप्पयइ, उप्पतेत्ता से णं तओ पडिहए पडिणियत्तइ, पडिणियत्तित्ता तमेव सरीरगं अणुदहमाणे-अणुदहमाणे सह तेयसा भासं कुज्जा ।

૧૦. કોઈ વ્યક્તિ તથારુપ - તેજોલબ્ધિ સંપન્ન શ્રમણ માહનનું અપમાન કરતો તેના પર તેજ ફેંકે છે. તે તેજ તેમાં ઘુસી શકતું નથી. તેની ઉપર-નીચે, નીચે-ઉપર આવતો-જતો, ડાબી-જમણી પ્રદક્ષિણા કરે છે. એવું કરી આકાશમાં ચાલ્યું જાય છે. ત્યાંથી પાછુ ફરી તે શ્રમણ માહનનાં પ્રબળ તેજથી પ્રતિહત થઈને પાછું તેની પાસે આવી જાય છે અને પાછું આવીને તેના શરીરમાં પ્રવેશ કરી તેને તેની લબ્ધિની સાથે ભસ્મ કરી દે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

जहा वा गोसालस्स मंखलिपुत्तस्स तवे तेए।

- ठाणं. अ. १०, सु. ७७६

જે પ્રમાણે ભગવાન મહાવીર પર છોડેલ મંખલીપુત્ર ગૌશાલકની તેજોલેશ્યાનું પરિણામ થયું.

(વીતરાગતાનાં પ્રભાવથી ભગવાન ભસ્મીભૂત ન થયા તે તેજ પાછું ફર્યું અને તે ગૌશાલકને જ બાળી નાંખ્યું.)

**४३. लेस्साणं जहण्णुक्कोसा ठिई-**

१. मुहुत्तद्धं तु जहन्ना तेत्तीसं सागरा मुहुत्तऽहिया।
उक्कोसा होइ ठिई, नायव्वा किण्हलेसाए॥

मुहुत्तद्धं तु जहन्ना दस उदही पलियमसंख-भागमब्भहिया।
उक्कोसा होइ ठिई, नायव्वा नीललेस्साए॥

३. मुहुत्तद्धं तु जहन्ना तिण्णुदही पलियमसंख-भागमब्भहिया।
उक्कोसा होइ ठिई, नायव्वा काउलेस्साए॥

४. मुहुत्तद्धं तु जहन्ना दो उदही पलियमसंख-भागमब्भहिया।
उक्कोसा होइ ठिई, नायव्वा तेउलेसाए॥

५. मुहुत्तद्धं तु जहन्ना दस होन्ति सागरा मुहुत्तऽहिया।
उक्कोसा होइ ठिई, नायव्वा पम्हलेसाए॥

६. मुहुत्तद्धं तु जहन्ना तेत्तीसं सागरा मुहुत्तऽहिया।
उक्कोसा होइ ठिई, नायव्वा सुक्कलेसाए॥

एसा खलु लेसाणं ओहेणं ठिई उवण्णिया होइ।

- उत्त. अ. ३४, गा. ३४-४० (१)

**૪૩. લેશ્યાઓની જઘન્ય- ઉત્કૃષ્ટ સ્થિતિ :**

૧. કૃષ્ણલેશ્યાની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્તની છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ એક મુહૂર્ત વધારે તેત્રીસ સાગરોપમની જાણવી જોઈએ.

૨. નીલલેશ્યાની જઘન્ય સ્થિતિ અન્તર્મુહૂર્તની છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમનાં અસંખ્યાતમાં ભાગ વધારે દસ સાગરોપમની જાણવી જોઈએ.

૩. કાપોતલેશ્યાની જઘન્ય સ્થિતિ અન્તર્મુહૂર્તની છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમનાં અસંખ્યાતમાં ભાગ અધિક ત્રણ સાગરોપમની જાણવી જોઈએ.

૪. તેજોલેશ્યાની જઘન્ય સ્થિતિ અન્તર્મુહૂર્તની છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમનાં અસંખ્યાતમાં ભાગ વધારે બે સાગરોપમની જાણવી જોઈએ.

૫. પદ્મલેશ્યાની જઘન્ય સ્થિતિ અન્તર્મુહૂર્તની છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ એક મુહૂર્ત વધારે દસ સાગરોપમની જાણવી જોઈએ.

૬. શુક્લલેશ્યાની જઘન્ય સ્થિતિ અન્તર્મુહૂર્તની છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ એક મુહૂર્ત વધારે તેત્રીસ સાગરોપમની જાણવી જોઈએ.

લેશ્યાઓની આ સ્થિતિ સંક્ષેપમાં વર્ણિત કરેલ છે.

**४४. चउगईसु लेस्साणं ठिई-**

चउसु वि गईसु एत्तो लेसाण ठिइं तु वोच्छामि॥

दस वाससहस्साइं काउए ठिई जहन्निया होइ।
तिण्णुदही पलिओवम असंखभागं च उक्कोसा॥

तिण्णुदही पलियं-मसंखभागा जहन्नेण नीलठिई।
दस उदही पलिओवम असंखभागं च उक्कोसा॥

दस उदही पलिय असंखभागं जहन्निया होइ।
तेत्तीससागराइं उक्कोसा होइ किण्हाए॥

**૪૪. ચાર ગતિઓની અપેક્ષાએ લેશ્યાઓની સ્થિતિ :**

હવે ચારેય ગતિઓમાં લેશ્યાઓની સ્થિતિનું વર્ણન કરીશ.

કાપોત લેશ્યાની જઘન્ય સ્થિતિ દસ હજાર વર્ષ છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમનાં અસંખ્યાતમો ભાગ અધિક ત્રણ સાગરોપમ છે.

નીલલેશ્યાની જઘન્ય સ્થિતિ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક ત્રણ સાગરોપમ છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક દસ સાગરોપમ છે.

કૃષ્ણલેશ્યાની જઘન્ય સ્થિતિ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક દસ સાગરોપમ છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીસ સાગરોપમ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

एसा नेरइयाणं लेसाणं ठिई उवण्णिया होइ ।
तेण परं वोच्छामि तिरिय-मणुस्साण देवाणं ॥

આ નૈરયિક જીવોની લેશ્યાઓની સ્થિતિનું વર્ણન કરેલ છે. તેની આગળ તિર્યંચ, મનુષ્ય અને દેવોની લેશ્યાઓની સ્થિતિનું વર્ણન કરીશ.

अन्तोमुहुत्तमद्धं लेसाण ठिई जहिं-जहिं जाउ ।
तिरियाण नराणं वा वज्जित्ता केवलं लेसं ॥

ફક્ત શુક્લલેશ્યાને છોડીને મનુષ્યો અને તિર્યંચોની જેટલી લેશ્યાઓ છે તે બધાની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્ત છે.

मुहुत्तद्धं तु जहन्ना उक्कोसा होइ पुव्वकोडी उ ।
नवहि वरिसेहिं ऊणा नायव्वा सुक्कलेसाए ॥

શુક્લલેશ્યાની જઘન્ય સ્થિતિ અન્તર્મુહૂર્ત છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ નવ વર્ષ ઓછી એક કરોડ પૂર્વ છે.

एसा तिरिय-नराणं लेसाण ठिई उ वण्णिया होइ ।
तेण परं वोच्छामि लेसाण ठिई उ देवाणं ॥

મનુષ્યો અને તિર્યંચોની લેશ્યાઓની સ્થિતિનું આ વર્ણન કર્યું છે. આની આગળ દેવોની લેશ્યાઓની સ્થિતિનું વર્ણન કરીશ.

दस वाससहस्साइं किण्हाए ठिई जहन्निया होइ ।
पलियमसंखिज्जइमो उक्कोसा होइ किण्हाए ॥

(દેવોની) કૃષ્ણલેશ્યાની જઘન્ય સ્થિતિ દસ હજાર વર્ષ છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ છે.

जा किण्हाए ठिई खलु उक्कोसा सा उ समयमब्भहिया ।
जहन्नेणं नीलाए पलियमसंखं तु उक्कोसा ॥

કૃષ્ણલેશ્યાની જે ઉત્કૃષ્ટ સ્થિતિ છે, તેનાથી એક સમય અધિક નીલલેશ્યાની જઘન્ય સ્થિતિ છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ છે.

जा नीलाए ठिई खलु उक्कोसा सा उ समयमब्भहिया ।
जहन्नेणं काउए पलियमसंखं च उक्कोसा ॥

નીલ નીલલેશ્યાની જે ઉત્કૃષ્ટ સ્થિતિ છે. તેનાથી એક સમય અધિક કાપોતલેશ્યાની જઘન્ય સ્થિતિ છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ છે.

जैन एज्युकेशन JAINSITE जैनम् जयति शासनम्

तेण परं वोच्छामि तेउलेसा जहा सुरगणाणं ।
भवणवइ-वाणमन्तर-जोइस-वेमाणियाणं च ॥

આનાથી આગળ ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોની તેજોલેશ્યાની સ્થિતિનું નિરુપણ કરીશ.

पलिओवमं जहन्ना उक्कोसा सागरा उ दुण्हऽहिया ।
पलियमसंखेज्जेणं होई भागेण तेऊए ॥

તેજોલેશ્યાની જઘન્ય સ્થિતિ એક પલ્યોપમ છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક બે સાગરોપમ છે.

दस वाससहस्साइं तेऊए ठिई जहन्निया होइ ।
दुण्णुदही पलिओवम असंखभागं च उक्कोसा ॥

તેજોલેશ્યાની જઘન્ય સ્થિતિ દસ હજાર વર્ષ છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક બે સાગરોપમ છે.

जा तेऊए ठिई खलु उक्कोसा सा उ समयमब्भहिया ।
जहन्नेणं पम्हाए दस उ मुहुत्तऽहियाइं च उक्कोसा ॥

તેજોલેશ્યાની જે ઉત્કૃષ્ટ સ્થિતિ છે તેનાથી એક સમય અધિક પદ્મલેશ્યાની જઘન્ય સ્થિતિ છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ એક અન્તર્મુહૂર્ત અધિક દસ સાગરોપમ છે.

जा पम्हाए ठिई खलु उक्कोसा सा उ समयमब्भहिया ।
जहन्नेणं सुक्काए तेत्तीस-मुहुत्तमब्भहिया ॥
- उत्त. अ. ३४, गा. ४० (२)-५५

જે પદ્મલેશ્યાની ઉત્કૃષ્ટ સ્થિતિ છે તેનાથી એક સમય અધિક શુક્લલેશ્યાની જઘન્ય સ્થિતિ છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ એક અન્તર્મુહૂર્ત અધિક તેત્રીસ સાગરોપમ છે.

**४५. सलेस्स-अलेस्स जीवाणं कायट्ठिई-**

प. सलेस्से णं भंते ! सलेसे त्ति कालओ केवचिरं होइ ?

**૪૫. સલેશી- અલેશી જીવોની કાયસ્થિતિ :**

પ્ર. ભંતે ! સલેશી જીવ સલેશી - અવસ્થામાં કેટલા સમય સુધી રહે છે ?

उ. गोयमा ! सलेसे दुविहे पण्णत्ते, तं जहा -
१. अणाईए वा अपज्जवसिए,
२. अणाईए वा सपज्जवसिए।

प. कण्हलेस्से णं भंते ! कण्हलेस्से त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं अंतोमुहुत्तमब्भहियाइं।

प. णीललेस्से णं भंते ! णीललेस्से त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं दस सागरोवमाइं पलिओवमस्स असंखेज्जइ भागमब्भहियाइं।

प. काउलेस्से णं भंते ! काउलेस्से त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं तिण्णि सागरोवमाइं पलिओवमस्स असंखेज्जइभाग-मब्भहियाइं।

प. तेउलेस्से णं भंते ! तेउलेस्से त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं दो सागरोवमाइं पलिओवमस्स असंखेज्जइभा-गमब्भहियाइं।

प. पम्हलेस्से णं भंते ! पम्हलेस्से त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं दस सागरोवमाइं अंतोमुहुत्तमब्भहियाइं।

प. सुक्कलेस्से णं भंते ! सुक्कलेस्से त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं अंतोमुहुत्तमब्भहियाइं।

प. अलेस्से णं भंते ! अलेस्से त्ति कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! साइए अपज्जवसिए[1]।

- पण्ण. प. १८, सु. १३३५-१३४२

ઉ. ગૌતમ ! સલેશી બે પ્રકારનાં કહ્યા છે, જેમકે -
૧. અનાદિ - અપર્યવસિત,
૨. અનાદિ - સપર્યવસિત.

પ્ર. ભંતે ! કૃષ્ણલેશ્યાવાળા જીવ કેટલા સમય સુધી કૃષ્ણલેશ્યાવાળા રહે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત છે અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત અધિક તેત્રીસ સાગરોપમ છે.

પ્ર. ભંતે ! નીલલેશ્યાવાળા જીવ કેટલા સમય સુધી નીલલેશ્યાવાળા રહે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત છે અને ઉત્કૃષ્ટ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક દસ સાગરોપમ છે.

પ્ર. ભંતે ! કાપોતલેશ્યાવાળા જીવ કેટલા સમય સુધી કાપોતલેશ્યાવાળા રહે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અધિક ત્રણ સાગરોપમ છે.

પ્ર. ભંતે ! તેજોલેશ્યાવાળા જીવ કેટલા સમય સુધી તેજોલેશ્યાવાળા રહે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પલ્યોપમનાં અસંખ્યાતમો ભાગ અધિક બે સાગરોપમ છે.

પ્ર. ભંતે ! પદ્મલેશ્યાવાળા જીવ કેટલા સમય સુધી પદ્મલેશ્યાવાળા રહે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત અધિક દસ સાગરોપમ છે.

પ્ર. ભંતે ! શુક્લલેશ્યાવાળા જીવ કેટલા સમય સુધી શુક્લલેશ્યાવાળા રહે છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્ત અધિક તેત્રીસ સાગરોપમ છે.

પ્ર. ભંતે ! અલેશી જીવ કેટલા સમય સુધી અલેશી રુપમાં રહે છે?

ઉ. ગૌતમ ! સાદિ-અપર્યવસિત સમય સુધી રહે છે.

---

१. जीवा. पडि. ९, सु. २५३

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**८६. सलेस्स-अलेस्स जीवाणं अंतर काल परूवणं-**

प. कण्हलेसस्स णं भंते ! अंतरं कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं अंतोमुहुत्तमब्भहियाइं।

***एवं नीललेसस्स वि, काउलेसस्स वि।***

प. तेउलेसस्स णं भंते ! अंतरं कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं वणस्सइकालो।

***एवं पम्हलेसस्स वि, सुक्कलेसस्स वि।***

प. अलेसस्स णं भंते ! अंतरं कालओ केवचिरं होइ ?

उ. गोयमा ! साईयस्स अपज्जवसियस्स णत्थि अंतरं।

- जीवा. पडि. ९, सु. २५३

**૪૬. સલેશી- અલેશી જીવોનાં અંતરકાળનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! કૃષ્ણલેશ્યાવાળા જીવનું અન્તરકાળ કેટલું છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અન્તર્મુહૂર્તથી કંઈક અધિક તેત્રીસ સાગરોપમનું છે.

**આ પ્રમાણે નીલલેશ્યા અને કાપોત લેશ્યાવાળા જીવોનું અંતરકાળ કહેવું જોઈએ.**

પ્ર. ભંતે ! તેજોલેશ્યાવાળા જીવનું અંતરકાળ કેટલું છે ?

ઉ. ગૌતમ ! જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ વનસ્પતિ-કાળ છે.

**આ પ્રમાણે પદ્મલેશ્યા અને શુક્લલેશ્યાવાળા જીવોનું અંતરકાળ કહેવું જોઈએ.**

પ્ર. ભંતે ! અલેશી જીવનું અંતરકાળ કેટલું છે ?

ઉ. ગૌતમ ! સાદિ અપર્યવસિતનું અંતર નથી.

**८७. सलेस्स-अलेस्स जीवाणं अप्प-बहुत्तं-**

प. एएसि णं भंते ! सलेस्साणं जीवाणं, कण्हलेस्साणं -**जाव**- सुक्कलेस्साणं अलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा -**जाव**- विसेसाहिया वा ?

उ. गोयमा ! १. सव्वत्थोवा जीवा सुक्कलेस्सा,

२. पम्हलेस्सा संखेज्जगुणा,

३. तेउलेस्सा संखेज्जगुणा,

४. अलेस्सा अणंतगुणा,

५. काउलेस्सा अणंतगुणा,

६. णीललेस्सा विसेसाहिया,

७. कण्हलेस्सा विसेसाहिया[1],

८. सलेस्सा विसेसाहिया[2]।

- पण्ण. प. १७, उ. २, सु. ११७०

**૪૭. સલેશી - અલેશી જીવોનું અલ્પબહુત્વ :**

પ્ર. ભંતે ! આ સલેશી કૃષ્ણલેશી -**યાવત્**- શુક્લલેશી અને અલેશી જીવોમાં કોણ, કોનાથી અલ્પ -**યાવત્**- વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! ૧. બધાથી થોડા જીવ શુક્લલેશ્યાવાળા છે,

૨. (તેનાથી) પદ્મલેશ્યાવાળા સંખ્યાતગુણા છે,

૩. (તેનાથી) તેજોલેશ્યાવાળા સંખ્યાતગુણા છે,

૪. (તેનાથી) અલેશી અનન્તગુણા છે,

૫. (તેનાથી) કાપોતલેશ્યાવાળા અનન્તગુણા છે,

૬. (તેનાથી) નીલલેશ્યાવાળા વિશેષાધિક છે,

૭. (તેનાથી) કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક છે,

૮. (તેનાથી) સલેશી વિશેષાધિક છે.

**८८. सलेस्स चउगइयाणं अप्पबहुत्तं-**

प. एएसि णं भंते ! १. णेरइयाणं कण्हलेस्साणं, नीललेस्साणं, काउलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा -**जाव**- विसेसाहिया वा ?

उ. गोयमा ! १. सव्वत्थोवा णेरइया कण्हलेस्सा,

**૪૮. સલેશી- ચાર ગતિઓનું અલ્પબહુત્વ :**

પ્ર. ભંતે ! કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા અને કાપોતલેશ્યા-વાળા નૈરયિકોમાં કોણ, કોનાથી અલ્પ -**યાવત્**- વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! ૧. બધાથી થોડા કૃષ્ણલેશ્યાવાળા નારક છે.

१ जीवा. पडि. ९, सु. २५३

२. (क) पण्ण. प. ३, सु. २५५ (ख) सव्वत्थोवा अलेस्सा सलेस्सा अणंतगुणा - जीवा. पडि. ९, सु. २३२

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

२. णीललेस्सा असंखेज्जगुणा,

३. काउलेस्सा असंखेज्जगुणा।

प. एएसि णं भंते ! तिरिक्खजोणियाणं कण्हलेस्साणं -जाव- सुक्कलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा -जाव- विसेसाहिया वा ?

उ. गोयमा ! सव्वत्थोवा तिरिक्खजोणिया सुक्कलेस्सा,

*एवं जहा ओहिया।*

**णवरं**-अलेस्सवज्जा।

प. एएसि णं भंते ! एगिंदियाणं कण्हलेस्साणं -**जाव**- तेउलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा -**जाव**- विसेसाहिया वा ?

उ. गोयमा ! १. सव्वत्थोवा एगिंदिया तेउलेस्सा,

२. काउलेस्सा अणंतगुणा,

३. णीललेस्सा विसेसाहिया,

४. कण्हलेस्सा विसेसाहिया[1]।

प. एएसि णं भंते ! पुढविक्काइयाणं कण्हलेस्साणं -**जाव**- तेउलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा -**जाव**- विसेसाहिया वा ?

उ. गोयमा ! *जहा ओहिया एगिंदिया।*

**णवरं**-काउलेस्सा असंखेज्जगुणा।

*एवं आउक्काइयाण वि।*

प. एएसि णं भंते ! १. तेउक्काइयाणं कण्हलेस्साणं, २. णीललेस्साणं, ३. काउलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा -**जाव**- विसेसाहिया वा ?

उ. गोयमा ! १. सव्वत्थोवा तेउक्काइया काउलेस्सा,

२. णीललेस्सा विसेसाहिया,

३. कण्हलेस्सा विसेसाहिया,

२. (તેનાથી) અસંખ્યાતગુણા નીલલેશ્યાવાળા છે,

૩. (તેનાથી) અસંખ્યાતગુણા કાપોતલેશ્યાવાળા છે,

પ્ર. ભંતે ! આ કૃષ્ણલેશ્યા **-યાવત્-** શુક્લલેશ્યાવાળા તિર્યંચયોનિકોમાં કોણ, કોનાથી અલ્પ **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! બધાથી ઓછા તિર્યંચયોનિક શુક્લ-લેશ્યાવાળા છે.

***આ પ્રમાણે બાકીનું વર્ણન પૂર્વવત્ ઔધિકનાં સમાન કહેવું જોઈએ.***

**વિશેષ :** તિર્યંચોમાં અલેશી નથી.

પ્ર. ભંતે ! કૃષ્ણલેશ્યાવાળા **-યાવત્-** તેજોલેશ્યાવાળા એકેન્દ્રિયોમાંથી કોણ, કોનાથી અલ્પ **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! ૧. બધાથી અલ્પ તેજોલેશ્યાવાળા એકેન્દ્રિય છે.

૨. (તેનાથી) કાપોતલેશ્યાવાળા અનન્તગુણા છે,

૩. (તેનાથી) નીલલેશ્યાવાળા વિશેષાધિક છે,

૪. (તેનાથી) કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક છે.

પ્ર. ભંતે ! કૃષ્ણલેશ્યા **-યાવત્-** તેજોલેશ્યાવાળા પૃથ્વીકાયિકોમાંથી કોણ કોનાથી અલ્પ **-યાવત્-** વિશેષાધિક છે?

ઉ. ગૌતમ ! ***જે પ્રમાણે સમુચ્ચય એકેન્દ્રિયોનું વર્ણન કરેલ છે તે પ્રમાણે પૃથ્વીકાયિકોનું વર્ણન કરવું જોઈએ.***

**વિશેષ :** કાપોતલેશ્યાવાળા પૃથ્વીકાયિક અસંખ્યાત-ગુણા છે.

***આ પ્રમાણે અપ્કાયિકોમાં અલ્પબહુત્વ સમજવું જોઈએ.***

પ્ર. ભંતે ! આ ૧. કૃષ્ણલેશ્યાવાળા, ૨. નીલલેશ્યા-વાળા અને ૩. કાપોતલેશ્યાવાળા તેજસ્કાયિકોમાંથી કોણ, કોનાથી અલ્પ **-યાવત્-** વિશેષાધિક છે.

ઉ. ગૌતમ ! ૧. બધાથી અલ્પ કાપોતલેશ્યાવાળા તેજસ્કાયિક છે,

૨. (તેનાથી) નીલલેશ્યાવાળા વિશેષાધિક છે,

૩. (તેનાથી) કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક છે,

१. विया. स. १७, उ. १२, सु. ३

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

*एवं वाउकाइयाण वि ।*

प. एएसि णं भंते ! वणस्सइकाइयाणं कण्हलेस्साणं **-जाव-** तेउलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

उ. गोयमा ! ***जहा एगिंदियओहियाणं ।***

***बेइंदिय, तेइंदिय, चउरिंदियाणं जहा तेउकाइयाणं ।***

प. **१.** एएसि णं भंते ! पंचेंदियतिरिक्खजोणियाणं कण्हलेस्साणं **-जाव-** सुक्कलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

उ. गोयमा ! ***जहा ओहियाणं तिरिक्खजोणियाणं ।***

**णवरं**-१. काउलेस्सा असंखेज्जगुणा ।

२. ***सम्मुच्छिमपंचेंदियतिरिक्खजोणियाणं जहा तेउकाइयाणं ।***

३. ***गब्भवक्कंतियपंचेंदियतिरिक्खजोणियाणं जहा ओहियाणं तिरिक्खजोणियाणं ।***

**णवरं**-काउलेस्सा संखेज्जगुणा ।

४. ***एवं तिरिक्खजोणियाणीण वि ।***

प. **५.** एएसि णं भंते ! सम्मुच्छिमपंचेंदियतिरिक्खजोणियाणं (कण्हलेस्साणं **-जाव-** काउलेस्साण य) गब्भवक्कंतिय-पंचेंदियतिरिक्खजोणियाण य कण्हलेस्साणं **-जाव-** सुक्कलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

उ. गोयमा ! १. सव्वत्थोवा गब्भवक्कंतियपंचेंदिय-तिरिक्खजोणिया सुक्कलेस्सा,

२. पम्हलेस्सा संखेज्जगुणा,

३. तेउलेस्सा संखेज्जगुणा,

४. काउलेस्सा संखेज्जगुणा,

५. णीललेस्सा विसेसाहिया,

६. कण्हलेस्सा विसेसाहिया,

***આ પ્રમાણે વાયુકાયિકોનું પણ અલ્પબહુત્વ સમજવું જોઈએ.***

પ્ર. ભંતે ! આ કૃષ્ણલેશ્યાવાળા **-યાવત્-** તેજોલેશ્યાવાળા વનસ્પતિકાયિકોમાંથી કોણ, કોનાથી અલ્પ **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! ***જેમ એકેન્દ્રિય જીવોનું અલ્પબહુત્વ કહ્યું તે પ્રમાણે વનસ્પતિકાયિકોનું પણ કહેવું જોઈએ.***

***બેઈન્દ્રિય, ત્રેઈન્દ્રિય અને ચઉરેન્દ્રિય જીવોનું અલ્પબહુત્વ તેજસ્કાયિકોનાં સમાન છે.***

પ્ર. **૧.** ભંતે ! આ કૃષ્ણલેશ્યાવાળા **-યાવત્-** શુક્લલેશ્યાવાળા પંચેન્દ્રિય-તિર્યંચયોનિકોમાંથી કોણ, કોનાથી અલ્પ **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! ***જેમ ઔધિક તિર્યંચોનું અલ્પબહુત્વ કહ્યુ તે પ્રમાણે પંચેન્દ્રિય- તિર્યંચયોનિકોનું અલ્પ બહુત્વ કહેવું જોઈએ.***

**વિશેષ :** ૧. કાપોત લેશ્યાવાળા પંચેન્દ્રિય-તિર્યંચયોનિક અસંખ્યાતગુણા છે.

૨. ***સમ્મૂર્ચ્છિમ પંચેન્દ્રિય-તિર્યંચયોનિકોનું અલ્પબહુત્વ તેજસ્કાયિકોનાં સમાન છે.***

૩. ***ગર્ભજ પંચેન્દ્રિય-તિર્યંચયોનિકોનું અલ્પબહુત્વ સમુચ્ચય પંચેન્દ્રિય-તિર્યંચયોનિકોનાં સમાન છે.***

**વિશેષ :** કાપોતલેશ્યાવાળા સંખ્યાતગુણા છે.

૪. ***આ પ્રમાણે ગર્ભજ પંચેન્દ્રિયતિર્યંચયોનિક સ્ત્રીઓનું પણ અલ્પહુત્વ કહેવું જોઈએ.***

પ્ર. **૫.** ભંતે ! (કૃષ્ણલેશ્યાવાળા **-યાવત્-** કાપોતલેશ્યાવાળા) સમ્મૂર્ચ્છિમ પંચેન્દ્રિય- તિર્યંચયોનિકો અને કૃષ્ણલેશ્યાવાળા **-યાવત્-** શુક્લલેશ્યાવાળા ગર્ભજ પંચેન્દ્રિય- તિર્યંચયોનિકોમાંથી કોણ, કોનાથી અલ્પ **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! ૧. બધાથી અલ્પ શુક્લલેશ્યાવાળા ગર્ભજ પંચેન્દ્રિય- તિર્યંચયોનિક છે,

૨. (તેનાથી) પદ્મલેશ્યાવાળા સંખ્યાતગુણા છે,

૩. (તેનાથી) તેજોલેશ્યાવાળા સંખ્યાતગુણા છે,

૪. (તેનાથી) કાપોતલેશ્યાવાળા સંખ્યાતગુણા છે,

૫. (તેનાથી) નીલલેશ્યાવાળા વિશેષાધિક છે,

૬. (તેનાથી) કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક છે,

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

७. काउलेस्सा सम्मुच्छिमपंचेंदियतिरिक्खजोणिया असंखेज्जगुणा,

८. णीललेस्सा विसेसाहिया,

९. कण्हलेस्सा विसेसाहिया।

प. ६. एएसि णं भंते ! सम्मुच्छिमपंचेंदियतिरिक्खजोणियाणं तिरिक्खजोणिणीण य कण्हलेस्साणं **-जाव-** सुक्कलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

उ. गोयमा ! ***जहेव पंचमं तहा इमं पि छट्ठं भाणियव्वं।***

प. ७. एएसि णं भंते ! गब्भवक्कंतियपंचेंदियतिरिक्खजोणियाणं तिरिक्खजोणिणीण य कण्हलेस्साणं **-जाव-** सुक्कलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

उ. गोयमा ! १. सव्वत्थोवा गब्भवक्कंतियपंचेंदियतिरिक्खजोणिया सुक्कलेस्सा,

२. सुक्कलेस्साओ तिरिक्खजोणिणीओ संखेज्जगुणाओ,

३. पम्हलेस्सा गब्भवक्कंतियपंचेंदियतिरिक्खजोणिया संखेज्जगुणा,

४. पम्हलेस्साओ तिरिक्खजोणिणीओ संखेज्जगुणाओ,

५. तेउलेस्सा गब्भवक्कंतियपंचेंदियतिरिक्खजोणिया संखेज्जगुणा,

६. तेउलेस्साओ तिरिक्खजोणिणीओ संखेज्जगुणाओ,

७. काउलेस्सा गब्भवक्कंतियपंचेंदियतिरिक्खजोणिया संखेज्जगुणा,

८. णीललेस्सा गब्भवक्कंतियपंचेंदियतिरिक्खजोणिया विसेसाहिया,

९. कण्हलेस्सा गब्भवक्कंतियपंचेंदियतिरिक्खजोणिया विसेसाहिया,

१०. काउलेस्साओ तिरिक्खजोणिणीओ संखेज्जगुणाओ,

११. णीललेस्साओ तिरिक्खजोणिणीओ विसेसाहियाओ,

૭. (તેનાથી) કાપોતલેશ્યાવાળા સમ્મૂર્ચ્છિમ પંચેન્દ્રિય- તિર્યંચયોનિક અસંખ્યાતગુણા છે,

૮. (તેનાથી) નીલલેશ્યાવાળા વિશેષાધિક છે,

૯. (તેનાથી) કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક છે.

પ્ર. ૬. ભંતે ! કૃષ્ણલેશ્યાવાળા **-યાવત્-** શુક્લલેશ્યાવાળા સમ્મૂર્ચ્છિમ પંચેન્દ્રિય- તિર્યંચયોનિકો અને તિર્યંચયોનિક સ્ત્રીઓમાંથી કોણ, કોનાથી અલ્પ **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! ***જેમ પાંચમું અલ્પબહુત્વ કહ્યું તેવી જ રીતે આ છઠ્ઠું કહેવું જોઈએ.***

પ્ર. ૭. ભંતે ! આ કૃષ્ણલેશ્યાવાળા **-યાવત્-** શુક્લલેશ્યાવાળા ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચયોનિકો અને તિર્યંચયોનિક સ્ત્રીઓમાંથી કોણ, કોનાથી અલ્પ **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! ૧. બધાથી અલ્પ શુક્લલેશ્યાવાળા ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચયોનિક છે,

૨. (તેનાથી), શુક્લલેશ્યાવાળી ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચયોનિક સ્ત્રીઓ સંખ્યાતગુણી છે,

૩. (તેનાથી) પદ્મલેશ્યાવાળા ગર્ભજ પંચેન્દ્રિય-તિર્યંચયોનિક સંખ્યાતગુણા છે,

૪. (તેનાથી) પદ્મલેશ્યાવાળી ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચયોનિક સ્ત્રીઓ સંખ્યાતગુણી છે,

૫. (તેનાથી) તેજોલેશ્યાવાળા ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચયોનિક સંખ્યાતગુણા છે,

૬. (તેનાથી) તેજોલેશ્યાવાળી ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચયોનિક સ્ત્રીઓ સંખ્યાતગુણી છે,

૭. (તેનાથી) કાપોતલેશ્યાવાળા ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચયોનિક સંખ્યાતગુણા છે,

૮. (તેનાથી) નીલ લેશ્યાવાળા ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચયોનિક વિશેષાધિક છે,

૯. (તેનાથી) કૃષ્ણલેશ્યાવાળા ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચયોનિક વિશેષાધિક છે,

૧૦. (તેનાથી) કાપોત લેશ્યાવાળી તિર્યંચયોનિક સ્ત્રીઓ સંખ્યાતગુણી છે,

૧૧. (તેનાથી) નીલલેશ્યાવાળી તિર્યંચયોનિક સ્ત્રીઓ વિશેષાધિક છે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

१२. कण्हलेस्साओ तिरिक्खजोणिणीओ विसेसाहियाओ।

प. ८. एएसि णं भंते ! सम्मुच्छिम-पंचेंदियतिरिक्खजोणियाणं, गब्भवक्कंतिय-पंचेंदियतिरिक्खजोणियाणं, तिरिक्खजोणिणीण य कण्हलेस्साणं -जाव- सुक्कलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा -जाव- विसेसाहिया वा ?

उ. गोयमा ! १. सव्वत्थोवा गब्भवक्कंतिय-तिरिक्खजोणिया सुक्कलेस्सा,

२. सुक्कलेस्साओ तिरिक्खजोणिणीओ संखेज्जगुणाओ,

३. पम्हलेस्सा गब्भवक्कंतिय-तिरिक्खजोणिया संखेज्जगुणा,

४. पम्हलेस्साओ तिरिक्खजोणिणीओ संखेज्जगुणाओ,

५. तेउलेस्सा गब्भवक्कंतिय-तिरिक्खजोणिया संखेज्जगुणा,

६. तेउलेस्साओ तिरिक्खजोणिणीओ संखेज्जगुणाओ,

७. काउलेस्सा गब्भवक्कंतिय-तिरिक्खजोणिया संखेज्जगुणा,

८. णीललेस्सा गब्भवक्कंतिय-तिरिक्खजोणिया विसेसाहिया,

९. कण्हलेस्सा गब्भवक्कंतिय-तिरिक्खजोणिया विसेसाहिया,

१०. काउलेस्साओ तिरिक्खजोणिणीओ संखेज्जगुणाओ,

११. नीललेस्साओ तिरिक्खजोणिणीओ विसेसाहियाओ,

१२. कण्हलेस्साओ तिरिक्खजोणिणीओ विसेसाहियाओ,

१३. काउलेस्सा सम्मुच्छिम-पंचेंदियतिरिक्खजोणिया असंखेज्जगुणा,

१४. नीललेस्सा सम्मुच्छिम-पंचेंदियतिरिक्खजोणिया विसेसाहिया,

१५. कण्हलेस्सा सम्मुच्छिम-पंचेंदियतिरिक्खजोणिया विसेसाहिया।

१२. (તેનાથી) કૃષ્ણલેશ્યાવાળી તિર્યંચયોનિક સ્ત્રીઓ વિશેષાધિક છે.

પ્ર. ૮. કૃષ્ણલેશ્યાવાળા **-યાવત્-** શુક્લલેશ્યાવાળા આ સમ્મૂર્ચ્છિમ પંચેન્દ્રિય- તિર્યંચયોનિકો, ગર્ભજ પંચેન્દ્રિય- તિર્યંચયોનિકો તથા તિર્યંચયોનિક સ્ત્રીઓમાંથી કોણ, કોનાથી અલ્પ **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! ૧. બધાથી અલ્પ શુક્લલેશ્યાવાળા ગર્ભજ તિર્યંચયોનિક છે,

૨. (તેનાથી) શુક્લલેશ્યાવાળી તિર્યંચયોનિક સ્ત્રીઓ સંખ્યાતગુણી છે,

૩. (તેનાથી) પદ્મલેશ્યાવાળા ગર્ભજ પંચેન્દ્રિય- તિર્યંચયોનિક સંખ્યાતગુણા છે,

૪. (તેનાથી) પદ્મલેશ્યાવાળી તિર્યંચયોનિક સ્ત્રીઓ સંખ્યાતગુણી છે,

૫. (તેનાથી) તેજોલેશ્યાવાળા ગર્ભજ તિર્યંચયોનિક સંખ્યાતગુણા છે,

૬. (તેનાથી) તેજોલેશ્યાવાળી તિર્યંચયોનિક સ્ત્રીઓ સંખ્યાતગુણી છે,

૭. (તેનાથી) કાપોતલેશ્યાવાળા ગર્ભજ તિર્યંચયોનિક સંખ્યાતગુણા છે,

૮. (તેનાથી) નીલલેશ્યાવાળા ગર્ભજ તિર્યંચયોનિક વિશેષાધિક છે,

૯. (તેનાથી) કૃષ્ણલેશ્યાવાળા ગર્ભજ તિર્યંચયોનિક વિશેષાધિક છે,

૧૦. (તેનાથી) કાપોતલેશ્યાવાળી તિર્યંચયોનિક સ્ત્રીઓ સંખ્યાતગુણી છે,

૧૧. (તેનાથી) નીલલેશ્યાવાળી તિર્યંચયોનિક સ્ત્રીઓ વિશેષાધિક છે,

૧૨. (તેનાથી) કૃષ્ણલેશ્યાવાળી તિર્યંચયોનિક સ્ત્રીઓ વિશેષાધિક છે,

૧૩. (તેનાથી) કાપોતલેશ્યાવાળા સમ્મૂર્ચ્છિમ પંચેન્દ્રિય-તિર્યંચયોનિક અસંખ્યાતગુણા છે,

૧૪. (તેનાથી) નીલલેશ્યાવાળા સમ્મૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચયોનિક વિશેષાધિક છે,

૧૫. (તેનાથી) કૃષ્ણલેશ્યાવાળા સમ્મૂર્ચ્છિમ પંચેન્દ્રિય-તિર્યંચયોનિક વિશેષાધિક છે.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. ९. एएसि णं भंते ! पंचेंदियतिरिक्खजोणियाणं तिरिक्खजोणिणीण य कण्हलेस्साणं -**जाव**- सुक्कलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा -**जाव**- विसेसाहिया वा ?

उ. गोयमा ! १. सव्वत्थोवा पंचेंदियतिरिक्खजोणिया सुक्कलेस्सा,

२. सुक्कलेस्साओ तिरिक्खजोणिणीओ संखेज्जगुणाओ,

३. पम्हलेस्सा गब्भवक्कंतिय-पंचेंदियतिरिक्खजोणिया संखेज्जगुणा,

४. पम्हलेस्साओ तिरिक्खजोणिणीओ संखेज्जगुणाओ,

५. तेउलेस्सा गब्भवक्कंतिय-पंचेंदियतिरिक्खजोणिया संखेज्जगुणा,

६. तेउलेस्साओ तिरिक्खजोणिणीओ संखेज्जगुणाओ,

७. काउलेस्साओ तिरिक्खजोणिणीओ संखेज्जगुणाओ,

८. णीललेस्साओ तिरिक्खजोणिणीओ विसेसाहियाओ,

९. कण्हलेस्साओ तिरिक्खजोणिणीओ विसेसाहियाओ,

१०. काउलेस्सा गब्भवक्कंतिय-तिरिक्खजोणिया असंखेज्जगुणा,

११. णीललेस्सा गब्भवक्कंतिय-तिरिक्खजोणिया विसेसाहिया,

१२. कण्हलेस्सा गब्भवक्कंतिय-तिरिक्खजोणिया विसेसाहिया,

प. **१०.** एएसि णं भंते ! पंचेंदियतिरिक्खजोणियाणं, तिरिक्खजोणिणी य कण्हलेस्साणं -**जाव**- सुक्कलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा -**जाव**- विसेसाहिया वा ?

उ. गोयमा ! ***जहेव णवमं अप्पाबहुगं तहा इमं पि।***

**णवरं**-काउलेस्सा तिरिक्खजोणिया अणंतगुणा।

પ્ર. ૯. ભંતે ! આ કૃષ્ણલેશ્યાવાળા -**યાવત્**- શુક્લલેશ્યાવાળા પંચેન્દ્રિય તિર્યંચયોનિકો અને તિર્યંચયોનિક સ્ત્રીઓમાંથી કોણ, કોનાથી અલ્પ -**યાવત્**- વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! ૧. બધાથી અલ્પ શુક્લલેશ્યાવાળા પંચેન્દ્રિય-તિર્યંચયોનિક છે,

૨. (તેનાથી) શુક્લલેશ્યાવાળી તિર્યંચયોનિક સ્ત્રીઓ સંખ્યાતગુણી છે,

૩. (તેનાથી) પદ્મલેશ્યાવાળા ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચયોનિક સંખ્યાતગુણા છે,

૪. (તેનાથી) પદ્મલેશ્યાવાળી તિર્યંચયોનિક સ્ત્રીઓ સંખ્યાતગુણી છે,

૫. (તેનાથી) તેજોલેશ્યાવાળા ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચયોનિક સંખ્યાતગુણા છે,

૬. (તેનાથી) તેજોલેશ્યાવાળી તિર્યંચયોનિક સ્ત્રીઓ સંખ્યાતગુણી છે,

૭. (તેનાથી) કાપોતલેશ્યાવાળી તિર્યંચયોનિક સ્ત્રીઓ સંખ્યાતગુણી છે,

૮. (તેનાથી) નીલલેશ્યાવાળી તિર્યંચયોનિક સ્ત્રીઓ વિશેષાધિક છે,

૯. (તેનાથી) કૃષ્ણલેશ્યાવાળી તિર્યંચયોનિક સ્ત્રીઓ વિશેષાધિક છે,

૧૦. (તેનાથી) કાપોતલેશ્યાવાળા ગર્ભજ તિર્યંચયોનિક અસંખ્યાતગુણા છે,

૧૧. (તેનાથી) નીલલેશ્યાવાળા ગર્ભજ તિર્યંચયોનિક વિશેષાધિક છે.

૧૨. (તેનાથી) કૃષ્ણલેશ્યાવાળા ગર્ભજ તિર્યંચયોનિક વિશેષાધિક છે.

પ્ર. **૧૦.** ભંતે ! કૃષ્ણલેશ્યાવાળા -**યાવત્**- શુક્લલેશ્યાવાળા આ પંચેન્દ્રિય તિર્યંચયોનિકો અને તિર્યંચયોનિક સ્ત્રીઓમાંથી કોણ, કોનાથી અલ્પ -**યાવત્**- વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! ***જેમ નવમું તિર્યંચયોનિક સંબંધી અલ્પ બહુત્વ કહ્યું તેવી જ રીતે આ દસમું પણ સમજી લેવું જોઈએ.***

**વિશેષ :** કાપોત લેશ્યાવાળા તિર્યંચયોનિક અનન્તગુણા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

***एवं एए दस अप्पाबहुगा तिरिक्खजोणियाणं।***

दं. २१. ***एवं मणूस्साणं पि अप्पाबहुगा भाणियव्वा।***

***णवरं-पच्छिमगं १०. अप्पाबहुगं णत्थि।***

प. **१**. एएसि णं भंते ! देवाणं कण्हलेस्साणं **-जाव-** सुक्कलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

उ. गोयमा ! १. सव्वत्थोवा देवा सुक्कलेस्सा,

२. पम्हलेस्सा असंखेज्जगुणा,

३. काउलेस्सा असंखेज्जगुणा,

४. णीललेस्सा विसेसाहिया,

५. कण्हलेस्सा विसेसाहिया,

६. तेउलेस्सा संखेज्जगुणा।

प. २. एएसि णं भंते ! देवीणं कण्हलेस्साणं **-जाव-** तेउलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

उ. गोयमा ! १. सव्वत्थोवाओ देवीओ काउलेस्साओ,

२. णीललेस्साओ विसेसाहियाओ,

३. कण्हलेस्साओ विसेसाहियाओ,

४. तेउलेस्साओ संखेज्जगुणाओ।

प. **३**. एएसि णं भंते ! देवाणं देवीण य कण्हलेस्साणं **-जाव-** सुक्कलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

उ. गोयमा ! १. सव्वत्थोवा देवा सुक्कलेस्सा,

२. पम्हलेस्सा असंखेज्जगुणा,

३. काउलेस्सा असंखेज्जगुणा,

४. नीललेस्सा विसेसाहिया,

५. कण्हलेस्सा विसेसाहिया,

६. काउलेस्साओ देवीओ संखेज्जगुणाओ,

७. णीललेस्साओ देवीओ विसेसाहियाओ,

***આ પ્રમાણે આ દસ અલ્પબહુત્વ તિર્યંચયોનિકોનાં કહ્યા છે.***

દં.૨૧. ***આ પ્રમાણે મનુષ્યોનું પણ અલ્પબહુત્વ કહેવું જોઈએ.***

***વિશેષ : તેનું અંતિમ*** (દસમું) ***અલ્પબહુત્વ નથી.***

પ્ર. ૧. ભંતે ! આ કૃષ્ણલેશ્યાવાળા **-યાવત્-** શુક્લ લેશ્યાવાળા દેવોમાંથી કોણ, કોનાથી અલ્પ **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! ૧. બધાથી થોડા શુક્લલેશ્યાવાળા દેવ છે,

૨. (તેનાથી) પદ્મલેશ્યાવાળા દેવ અસંખ્યાતગુણા છે,

૩. (તેનાથી) કાપોતલેશ્યાવાળા દેવ અસંખ્યાતગુણા છે,

૪. (તેનાથી) નીલલેશ્યાવાળા દેવ વિશેષાધિક છે,

૫. (તેનાથી) કૃષ્ણલેશ્યાવાળા દેવ વિશેષાધિક છે,

૬. (તેનાથી) તેજોલેશ્યાવાળા દેવ સંખ્યાતગુણા છે.

પ્ર. ૨. ભંતે ! આ કૃષ્ણલેશ્યાવાળી **-યાવત્-** તેજોલેશ્યાવાળી દેવીઓમાંથી કોણ, કોનાથી અલ્પ **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! ૧. બધાથી થોડી કાપોતલેશ્યાવાળી દેવીઓ છે.

૨. (તેનાથી) નીલલેશ્યાવાળી વિશેષાધિક છે,

૩. (તેનાથી) કૃષ્ણલેશ્યાવાળી વિશેષાધિક છે,

૪. (તેનાથી) તેજોલેશ્યાવાળી સંખ્યાતગુણી છે.

પ્ર. **૩**. ભંતે ! આ કૃષ્ણલેશ્યાવાળા **-યાવત્-** શુક્લ લેશ્યાવાળા દેવો અને દેવીઓમાંથી કોણ, કોનાથી અલ્પ **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! ૧. બધાથી થોડા શુક્લલેશ્યાવાળા દેવ છે,

૨. (તેનાથી) પદ્મલેશ્યાવાળા અસંખ્યાતગુણા છે,

૩. (તેનાથી) કાપોતલેશ્યાવાળા અસંખ્યાતગુણા છે,

૪. (તેનાથી) નીલલેશ્યાવાળા વિશેષાધિક છે,

૫. (તેનાથી) કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક છે,

૬. (તેનાથી) કાપોતલેશ્યાવાળી દેવીઓ સંખ્યાતગુણી છે,

૭. (તેનાથી) નીલલેશ્યાવાળી દેવીઓ વિશેષાધિક છે,

જૈન સાહિત્ય JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

८. कण्हलेस्साओ देवीओ विसेसाहियाओ,

८. (તેનાથી) કૃષ્ણલેશ્યાવાળી દેવીઓ વિશેષાધિક છે,

९. तेउलेस्सा देवा संखेज्जगुणा,

૯. (તેનાથી) તેજોલેશ્યાવાળા દેવ સંખ્યાતગુણા છે,

१०. तेउलेस्साओ देवीओ संखेज्जगुणाओ।

૧૦. (તેનાથી) તેજોલેશ્યાવાળી દેવીઓ સંખ્યાતગુણી છે.

प. **१**. एएसि णं भंते ! भवणवासीणं देवाणं कण्हलेस्साणं **-जाव-** तेउलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

પ્ર. **૧**. ભંતે ! આ કૃષ્ણલેશ્યાવાળા **-યાવત્-** તેજોલેશ્યાવાળા ભવનવાસી દેવોમાંથી કોણ, કોનાથી અલ્પ **-યાવત્-** વિશેષાધિક છે ?

उ. गोयमा ! १. सव्वत्थोवा भवणवासी देवा तेउलेस्सा,

ઉ. ગૌતમ ! ૧. બધાથી અલ્પ તેજોલેશ્યાવાળા ભવનવાસી દેવ છે,

२. काउलेस्सा असंखेज्जगुणा,

૨. (તેનાથી) કાપોતલેશ્યાવાળા દેવ અસંખ્યાતગુણા છે,

३. णीललेस्सा विसेसाहिया,

૩. (તેનાથી) નીલલેશ્યાવાળા દેવ વિશેષાધિક છે,

४. कण्हलेस्सा विसेसाहिया।

૪. (તેનાથી) કૃષ્ણલેશ્યાવાળા દેવ વિશેષાધિક છે,

प. **२**. एएसि णं भंते ! भवणवासिणीणं देवीणं कण्हलेस्साणं **-जाव-** तेउलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

પ્ર. **૨**. ભંતે ! આ કૃષ્ણલેશ્યાવાળી **-યાવત્-** તેજોલેશ્યાવાળી ભવનવાસી દેવીઓમાંથી કોણ, કોનાથી અલ્પ **-યાવત્-** વિશેષાધિક છે ?

उ. गोयमा ! ***एवं चेव।***

ઉ. ગૌતમ ! ***આ પ્રમાણે (દેવોનાં સમાન દેવીઓનું પણ અલ્પબહુત્વ) કહેવું જોઈએ.***

प्र. **३**. एएसि णं भंते ! भवणवासीणं देवाण य देवीण य कण्हलेस्साणं **-जाव-** तेउलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

પ્ર. **૩**. ભંતે ! કૃષ્ણલેશ્યાવાળા **-યાવત્-** તેજોલેશ્યાવાળા ભવનવાસી દેવો અને દેવીઓમાંથી કોણ, કોનાથી અલ્પ **-યાવત્-** વિશેષાધિક છે ?

उ. गोयमा ! १. सव्वत्थोवा भवणवासी देवा तेउलेस्सा,

ઉ. ગૌતમ ! ૧. બધાથી થોડા તેજોલેશ્યાવાળા ભવનવાસી દેવ છે.

२. भवणवासिणीओ तेउलेस्साओ संखेज्जगुणाओ,

૨. (તેનાથી) તેજોલેશ્યાવાળી ભવનવાસી દેવીઓ સંખ્યાતગુણી છે,

३. काउलेस्सा भवणवासी देवा असंखेज्जगुणा,

૩. (તેનાથી) કાપોતલેશ્યાવાળા ભવનવાસી દેવ અસંખ્યાતગુણા છે,

४. नीललेस्सा विसेसाहिया,

૪. (તેનાથી) નીલલેશ્યાવાળા ભવનવાસી દેવ વિશેષાધિક છે,

५. कण्हलेस्सा विसेसाहिया,

૫. (તેનાથી) કૃષ્ણલેશ્યાવાળા ભવનવાસી દેવ વિશેષાધિક છે,

६. काउलेस्साओ भवणवासिणीओ संखेज्जगुणाओ,

૬. (તેનાથી) કાપોતલેશ્યાવાળી ભવનવાસી દેવીઓ સંખ્યાતગુણી છે,

७. णीललेस्साओ विसेसाहियाओ,

૭. (તેનાથી) નીલલેશ્યાવાળી ભવનવાસી દેવીઓ વિશેષાધિક છે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

८. कण्हलेस्साओ विसेसाहियाओ।

८. (તેનાથી) કૃષ્ણલેશ્યાવાળી ભવનવાસી દેવીઓ વિશેષાધિક છે.

***एवं वाणमंतराण वि तिण्णेव अप्पाबहुया जहेव भवणवासीणं तहेव भाणियव्वा।***

***જે પ્રમાણે ભવનવાસી દેવ-દેવીઓનું અલ્પબહુત્વ કહ્યું છે, આ પ્રમાણે વાણવ્યંતરોનાં ત્રણેય અલ્પબહુત્વ કહેવા જોઈએ.***

प. एएसि णं भंते ! जोइसियाणं देवाण य देवीण य तेउलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

પ્ર. ભંતે ! આ તેજોલેશ્યાવાળા જ્યોતિષ્ક દેવ-દેવીઓ-માંથી કોણ, કોનાથી અલ્પ **-યાવત્-** વિશેષાધિક છે ?

उ. गोयमा ! १. सव्वत्थोवा जोइसियदेवा तेउलेस्सा,

२. जोइसिणिदेवीओ तेउलेस्साओ संखेज्जगुणाओ।

ઉ. ગૌતમ ! ૧. બધાથી અલ્પ તેજોલેશ્યાવાળા જ્યોતિષ્ક દેવ છે,

૨. (તેનાથી) તેજોલેશ્યાવાળી જ્યોતિષ્ક દેવીઓ સંખ્યાતગુણી છે.

प. एएसि णं भंते ! १. वेमाणियाणं देवाणं तेउलेस्साणं, २. पम्हलेस्साणं, ३. सुक्कलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

પ્ર. ભંતે ! આ ૧. તેજોલેશ્યાવાળા, ૨. પદ્મલેશ્યા-વાળા, ૩. શુક્લલેશ્યાવાળા વૈમાનિક દેવોમાંથી કોણ, કોનાથી અલ્પ **-યાવત્-** વિશેષાધિક છે ?

उ. गोयमा ! १. सव्वत्थोवा वेमाणिया देवा सुक्कलेस्सा,

२. पम्हलेस्सा असंखेज्जगुणा,

३. तेउलेस्सा असंखेज्जगुणा।

ઉ. ગૌતમ ! ૧. બધાથી અલ્પ શુક્લલેશ્યાવાળા વૈમાનિક દેવ છે,

૨. (તેનાથી) પદ્મલેશ્યાવાળા અસંખ્યાતગુણા છે,

૩. (તેનાથી) તેજોલેશ્યાવાળા અસંખ્યાતગુણા છે.

प. एएसि णं भंते ! वेमाणियाणं देवाणं, देवीण य तेउलेस्साणं, पम्हलेस्साणं, सुक्कलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

પ્ર. ભંતે ! આ તેજોલેશ્યાવાળા, પદ્મલેશ્યાવાળા, શુક્લલેશ્યાવાળા વૈમાનિક દેવો અને દેવીઓમાંથી કોણ કોનાથી અલ્પ **-યાવત્-** વિશેષાધિક છે ?

उ. गोयमा ! १. सव्वत्थोवा वेमाणिया देवा सुक्कलेस्सा,

२. पम्हलेस्सा असंखेज्जगुणा,

३. तेउलेस्सा असंखेज्जगुणा,

४. तेउलेस्साओ वेमाणिणीओ देवीओ संखेज्ज-गुणाओ।

ઉ. ગૌતમ ! ૧. બધાથી થોડા શુક્લલેશ્યાવાળા વૈમાનિક દેવ છે,

૨. (તેનાથી) પદ્મલેશ્યાવાળા અસંખ્યાતગુણા છે,

૩. (તેનાથી) તેજોલેશ્યાવાળા અસંખ્યાતગુણા છે,

૪. (તેનાથી) તેજોલેશ્યાવાળી વૈમાનિક દેવીઓ સંખ્યાતગુણી છે.

प. एएसि णं भंते ! भवणवासीणं, वाणमंतराणं, जोइसियाणं, वेमाणियाण य देवाणं कण्हलेस्साणं **-जाव-** सुक्कलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

પ્ર. ભંતે ! કૃષ્ણલેશ્યાવાળા **-યાવત્-** શુક્લલેશ્યાવાળા, ભવનવાસી, વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોમાંથી કોણ, કોનાથી અલ્પ **-યાવત્-** વિશેષાધિક છે ?

उ. गोयमा ! १. सव्वत्थोवा वेमाणिया देवा सुक्कलेस्सा,

२. पम्हलेस्सा असंखेज्जगुणा,

३. तेउलेस्सा असंखेज्जगुणा,

ઉ. ગૌતમ ! ૧. બધાથી અલ્પ શુક્લલેશ્યાવાળા વૈમાનિક દેવ છે,

૨. (તેનાથી) પદ્મલેશ્યાવાળા અસંખ્યાતગુણા છે,

૩. (તેનાથી) તેજોલેશ્યાવાળા અસંખ્યાતગુણા છે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

४. तेउलेस्सा भवणवासी देवा असंखेज्जगुणा,

૪. (તેનાથી) તેજોલેશ્યાવાળા ભવનવાસી દેવ અસંખ્યાતગુણા છે,

५. काउलेस्सा असंखेज्जगुणा,

૫. (તેનાથી) કાપોતલેશ્યાવાળા અસંખ્યાતગુણા છે,

६. णीललेस्सा विसेसाहिया,

૬. (તેનાથી) નીલલેશ્યાવાળા વિશેષાધિક છે,

७. कण्हलेस्सा विसेसाहिया,

૭. (તેનાથી) કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક છે,

८. तेउलेस्सा वाणमंतरा देवा असंखेज्जगुणा,

૮. (તેનાથી) તેજોલેશ્યાવાળા વાણવ્યંતર દેવ અસંખ્યાતગુણા છે,

९. काउलेस्सा असंखेज्जगुणा,

૯. (તેનાથી) કાપોતલેશ્યાવાળા અસંખ્યાતગુણા છે,

१०. णीललेस्सा विसेसाहिया,

૧૦. (તેનાથી) નીલલેશ્યાવાળા વિશેષાધિક છે,

११. कण्हलेस्सा विसेसाहिया,

૧૧. (તેનાથી) કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક છે,

१२. तेउलेस्सा जोइसिय देवा संखेज्जगुणा।

૧૨. (તેનાથી) તેજોલેશ્યાવાળા જ્યોતિષ્ક દેવ સંખ્યાતગુણા છે.

प. एएसि णं भंते ! भवणवासिणीणं, वाणमंतरीणं, जोइसिणीणं वेमाणिणीण य कण्हलेस्साणं **-जाव-** तेउलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

પ્ર. ભંતે ! કૃષ્ણલેશ્યાવાળી **-યાવત્-** તેજોલેશ્યાવાળી ભવનવાસી, વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવીઓમાંથી કોણ, કોનાથી અલ્પ **-યાવત્-** વિશેષાધિક છે ?

उ. गोयमा ! १. सव्वत्थोवाओ देवीओ वेमाणिणीओ तेउलेस्साओ,

ઉ. ગૌતમ ! ૧. બધાથી થોડી તેજોલેશ્યાવાળી વૈમાનિક દેવીઓ છે,

२. तेउलेस्साओ भवणवासिणीओ असंखेज्जगुणाओ,

૨. (તેનાથી) તેજોલેશ્યાવાળી ભવનવાસી દેવીઓ અસંખ્યાતગુણી છે,

३. काउलेस्साओ असंखेज्जगुणाओ,

૩. (તેનાથી) કાપોતલેશ્યાવાળી અસંખ્યાતગુણી છે,

४. णीललेस्साओ विसेसाहियाओ,

૪. (તેનાથી) નીલલેશ્યાવાળી વિશેષાધિક છે,

५. कण्हलेस्साओ विसेसाहियाओ,

૫. (તેનાથી) કૃષ્ણલેશ્યાવાળી વિશેષાધિક છે,

६. तेउलेस्साओ वाणमंतरीओ देवीओ असंखेज्जगुणाओ,

૬. (તેનાથી) તેજોલેશ્યાવાળી વાણવ્યંતર દેવીઓ અસંખ્યાતગુણી છે,

७. काउलेस्साओ असंखेज्जगुणाओ,

૭. (તેનાથી) કાપોતલેશ્યાવાળી અસંખ્યાતગુણી છે,

८. णीललेस्साओ विसेसाहियाओ,

૮. (તેનાથી) નીલલેશ્યાવાળી વિશેષાધિક છે,

९. कण्हलेस्साओ विसेसाहियाओ,

૯. (તેનાથી) કૃષ્ણલેશ્યાવાળી વિશેષાધિક છે,

१०. तेउलेस्साओ जोइसिणीओ देवीओ संखेज्जगुणाओ।

૧૦. (તેનાથી) તેજોલેશ્યાવાળી જ્યોતિષ્ક દેવીઓ સંખ્યાતગુણી છે.

प. एएसि णं भंते! भवणवासीणं **-जाव-** वेमाणियाणं देवाण य देवीण य कण्हलेस्साणं **-जाव-** सुक्कलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

પ્ર. ભંતે ! કૃષ્ણલેશ્યાવાળા **-યાવત્-** શુક્લલેશ્યાવાળા ભવનવાસી **-યાવત્-** વૈમાનિક દેવો અને દેવીઓમાંથી કોણ, કોનાથી અલ્પ **-યાવત્-** વિશેષાધિક છે ?

उ. गोयमा ! १. सव्वत्थोवा वेमाणिया देवा सुक्कलेस्सा,

ઉ. ગૌતમ ! ૧. બધાથી થોડા શુક્લલેશ્યાવાળા વૈમાનિક દેવ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

२. पम्हलेस्सा असंखेज्जगुणा,
३. तेउलेस्सा असंखेज्जगुणा,
४. तेउलेस्साओ वेमाणिणीओ देवीओ संखेज्जगुणाओ,
५. तेउलेस्सा भवणवासी देवा असंखेज्जगुणा,
६. तेउलेस्साओ भवणवासिणीओ देवीओ संखेज्जगुणाओ,
७. काउलेस्सा भवणवासी देवा असंखेज्जगुणा,
८. णीललेस्सा विसेसाहिया,
९. कण्हलेस्सा विसेसाहिया,
१०. काउलेस्साओ भवणवासिणीओ देवीओ संखेज्जगुणाओ,
११. णीललेस्साओ विसेसाहियाओ,
१२. कण्हलेस्साओ विसेसाहियाओ,
१३. तेउलेस्सा वाणमंतरा देवा असंखेज्जगुणा,
१४. तेउलेस्साओ वाणमंतरीओ देवीओ संखेज्जगुणाओ,
१५. काउलेस्सा वाणमंतरा देवा असंखेज्जगुणा,
१६. णीललेस्सा विसेसाहिया,
१७. कण्हलेस्सा विसेसाहिया,
१८. काउलेस्साओ वाणमंतरीओ देवीओ संखेज्जगुणाओ,
१९. णीललेस्साओ देवीओ विसेसाहियाओ,
२०. कण्हलेस्साओ देवीओ विसेसाहियाओ,
२१. तेउलेस्साओ जोइसिया देवा संखेज्जगुणा,
२२. तेउलेस्साओ जोइसिणीओ देवीओ संखेज्जगुणाओ।[1]

– पण्ण. प. १७, उ. २, सु. ११७१-११९०

૨. (તેનાથી) પદ્મલેશ્યાવાળા અસંખ્યાતગુણા છે,
૩. (તેનાથી) તેજોલેશ્યાવાળા અસંખ્યાતગુણા છે,
૪. (તેનાથી) તેજોલેશ્યાવાળી વૈમાનિક દેવીઓ સંખ્યાતગુણી છે,
૫. (તેનાથી) તેજોલેશ્યાવાળા ભવનવાસી દેવ અસંખ્યાતગુણા છે,
૬. (તેનાથી) તેજોલેશ્યાવાળી ભવનવાસી દેવીઓ સંખ્યાતગુણી છે,
૭. (તેનાથી) કાપોતલેશ્યાવાળા ભવનવાસી દેવ અસંખ્યાતગુણા છે,
૮. (તેનાથી) નીલલેશ્યાવાળા વિશેષાધિક છે,
૯. (તેનાથી) કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક છે,
૧૦. (તેનાથી) કાપોતલેશ્યાવાળી ભવનવાસી દેવીઓ સંખ્યાતગુણી છે,
૧૧. (તેનાથી) નીલલેશ્યાવાળી વિશેષાધિક છે,
૧૨. (તેનાથી) કૃષ્ણલેશ્યાવાળી વિશેષાધિક છે,
૧૩. (તેનાથી) તેજોલેશ્યાવાળા વાણવ્યંતર દેવ અસંખ્યાતગુણા છે,
૧૪. (તેનાથી) તેજોલેશ્યાવાળી વાણવ્યંતર દેવીઓ સંખ્યાતગુણી છે,
૧૫. (તેનાથી) કાપોતલેશ્યાવાળા વાણવ્યંતર દેવ અસંખ્યાતગુણા છે,
૧૬. (તેનાથી) નીલલેશ્યાવાળા વિશેષાધિક છે,
૧૭. (તેનાથી) કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક છે,
૧૮. (તેનાથી) કાપોતલેશ્યાવાળી વાણવ્યંતર દેવીઓ સંખ્યાતગુણી છે,
૧૯. (તેનાથી) નીલલેશ્યાવાળી દેવીઓ વિશેષાધિક છે,
૨૦. (તેનાથી) કૃષ્ણલેશ્યાવાળી દેવીઓ વિશેષાધિક છે,
૨૧. (તેનાથી) તેજોલેશ્યાવાળા જ્યોતિષ્કદેવ સંખ્યાતગુણા છે,
૨૨. (તેનાથી) તેજોલેશ્યાવાળી જ્યોતિષ્ક દેવીઓ સંખ્યાતગુણી છે.

1. विया. स. २५, उ. १, सु. ३

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**४९. सलेस्सदीवकुमाराइणं अप्पबहुत्तं-**

प. एएसि णं भंते ! दीवकुमाराणं कण्हलेस्साणं -**जाव**- तेउलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा -**जाव**- विसेसाहिया वा ?

उ. गोयमा ! १. सव्वत्थोवा दीवकुमारा तेउलेस्सा,

२. काउलेस्सा असंखेज्जगुणा,

३. नीललेस्सा विसेसाहिया,

४. कण्हलेस्सा विसेसाहिया।

- विया. स. १६, उ. ११, सु. ३

***उदहिकुमारा वि एवं चेव।***

- विया. स. १६, उ. १२, सु. १

***एवं दिसाकुमारा वि।***

- विया. स.१६,उ.१३, सु.१

***एवं थणियकुमारा वि।***

- विया. स. १६, उ.१४, सु.१

***एवं नागकुमारा वि।***

- विया. स. १७, उ. १३, सु.१

***सुवण्णकुमारा वि एवं चेव।***

- विया. स. १७, उ. १४, सु.१

***विज्जुकुमारा वि एवं चेव।***

- विया. स.१७, उ. १५, सु.१

***वाउकुमारा वि एवं चेव।***

- विया. स. १७, उ. १६,सु. १

***अग्गिकुमारा वि एवं चेव।***

- विया.स. १७, उ. १७, सु.१

**૪૯. સલેશી દ્વીપકુમારાદિનું અલ્પબહુત્વ :**

પ્ર. ભંતે ! કૃષ્ણલેશ્યાવાળા -**યાવત્**- તેજોલેશ્યાવાળા દ્વીપકુમારોમાંથી કોણ કોનાથી અલ્પ -**યાવત્**- વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! ૧. બધાથી અલ્પ દ્વીપકુમાર તેજોલેશ્યાવાળા છે,

૨. (તેનાથી) કાપોતલેશ્યાવાળા અસંખ્યાતગુણા છે,

૩. (તેનાથી) નીલલેશ્યાવાળા વિશેષાધિક છે,

૪. (તેનાથી) કૃષ્ણલેશ્યાવાળા વિશેષાધિક છે.

**ઉદધિકુમારોનું અલ્પ બહુત્વ પણ આ પ્રમાણે છે.**

**દિશાકુમારોનું અલ્પ બહુત્વ પણ આ પ્રમાણે છે.**

**સ્તનિતકુમારોનું અલ્પ બહુત્વ પણ આ પ્રમાણે છે.**

**નાગકુમારોનું અલ્પ બહુત્વ પણ આ પ્રમાણે છે.**

**સુવર્ણકુમારોનું અલ્પ બહુત્વ પણ આ પ્રમાણે છે.**

**વિદ્યુતકુમારોનું અલ્પ બહુત્વ પણ આ પ્રમાણે છે.**

**વાયુકુમારોનું અલ્પ બહુત્વ પણ આ પ્રમાણે છે.**

**અગ્નિકુમારોનું અલ્પ બહુત્વ પણ આ પ્રમાણે છે.**

**५०. सलेस्स जीव-चउवीसदंडएसु इड्ढि-अप्पबहुत्तं-**

प. एएसि णं भंते ! जीवाणं कण्हलेस्साणं -**जाव**- सुक्कलेस्साण य कयरे कयरेहिंतो अप्पिड्ढिया वा महिड्ढिया वा ?

उ. गोयमा ! १. कण्हलेस्सेहिंतो णीललेस्सा महिड्ढिया,

२. णीललेस्सेहिंतो काउलेस्सा महिड्ढिया,

३. काउलेस्सेहिंतो तेउलेस्सा महिड्ढिया,

**૫૦. સલેશી જીવ ચોવીસ દંડકોમાં ઋદ્ધિનું અલ્પ બહુત્વ :**

પ્ર. આ કૃષ્ણલેશ્યાવાળા -**યાવત્**- શુક્લલેશ્યાવાળા જીવોમાં કોણ, કોનાથી અલ્પ ઋદ્ધિવાળા કે મહાૠદ્ધિવાળા છે ?

ઉ. ગૌતમ ! ૧. કૃષ્ણલેશ્યાવાળોથી નીલલેશ્યાવાળા મહર્દ્ધિક છે,

૨. નીલલેશ્યાવાળોથી કાપોતલેશ્યાવાળા મહર્દ્ધિક છે,

૩. કાપોતલેશ્યાવાળોથી તેજોલેશ્યાવાળા મહર્દ્ધિક છે,

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

४. तेउलेस्सेहिंतो पम्हलेस्सा महिड्ढिया,
५. पम्हलेस्सेहिंतो सुक्कलेस्सा महिड्ढिया,
६. सव्वप्पिड्ढिया जीवा कण्हलेस्सा,
७. सव्वमहिड्ढिया जीवा सुक्कलेस्सा।

प. एएसि णं भंते! णेरइयाणं कण्हलेस्साणं, णीललेस्साणं, काउलेस्साण य कयरे कयरेहिंतो अप्पिड्ढिया वा, महिड्ढिया वा?

उ. गोयमा! १. कण्हलेस्सेहिंतो णीललेस्सा महिड्ढिया,
२. णीललेस्सेहिंतो काउलेस्सा महिड्ढिया,
३. सव्वप्पिड्ढिया णेरइया कण्हलेस्सा,
४. सव्वमहिड्ढिया णेरइया काउलेस्सा।

प. एएसि णं भंते! तिरिक्खजोणियाणं कण्हलेस्साणं -जाव- सुक्कलेस्साण य कयरे कयरेहिंतो अप्पिड्ढिया वा, महिड्ढिया वा?

उ. गोयमा! ***जहा जीवा।***

प. एएसि णं भंते! एगिंदियतिरिक्खजोणियाणं कण्हलेस्साणं -जाव- तेउलेस्साण य कयरे कयरेहिंतो अप्पिड्ढिया वा, महिड्ढिया वा?

उ. गोयमा! १. कण्हलेस्सेहिंतो एगिंदियतिरिक्खजोणिएहिंतो णीललेस्सा महिड्ढिया,
२. णीललेस्सेहिंतो काउलेस्सा महिड्ढिया,
३. काउलेस्सेहिंतो तेउलेस्सा महिड्ढिया,
४. सव्वप्पिड्ढिया एगिंदियतिरिक्खजोणिया कण्हलेस्सा,
५. सव्वमहिड्ढिया तेउलेस्सा।

***एवं पुढविकाइयाण वि।***

***एवं एएणं अभिलावेणं जहेव लेसाओ भाणियाओ तहेव णेयव्वं -जाव- चउरिंदिया।***

૪. તેજોલેશ્યાવાળોથી પદ્મલેશ્યાવાળા મહર્દ્ધિક છે,
૫. પદ્મલેશ્યાવાળોથી શુક્લલેશ્યાવાળા મહર્દ્ધિક છે,
૬. કૃષ્ણલેશ્યાવાળા જીવ બધાથી અલ્પઋદ્ધિવાળા છે,
૭. શુક્લલેશ્યાવાળા જીવ બધાથી મહાઋદ્ધિવાળા છે.

પ્ર. ભંતે ! આ કૃષ્ણલેશી, નીલલેશી, કાપોતલેશી નારકોમાં કોણ, કોનાથી અલ્પઋદ્ધિવાળા કે મહાઋદ્ધિવાળા છે ?

ઉ. ગૌતમ ! ૧. કૃષ્ણલેશી નારકોથી નીલલેશી નારક મહર્દ્ધિક છે,
૨. નીલલેશી નારકોથી કાપોતલેશી નારક મહર્દ્ધિક છે,
૩. કૃષ્ણલેશ્યાવાળા નારક બધાથી અલ્પઋદ્ધિવાળા છે,
૪. કાપોતલેશ્યાવાળા નારક બધાથી મહાઋદ્ધિવાળા છે.

પ્ર. ભંતે ! આ કૃષ્ણલેશ્યાવાળા **-યાવત્-** શુક્લલેશ્યાવાળા તિર્યંચયોનિકોમાંથી કોણ, કોનાથી અલ્પઋદ્ધિવાળા કે મહાઋદ્ધિવાળા છે ?

ઉ. ગૌતમ ! ***જેમ સમુચ્ચય જીવોની અલ્પઋદ્ધિ મહાઋદ્ધિ કહી છે, તે પ્રમાણે તિર્યંચયોનિકોની કહેવી જોઈએ.***

પ્ર. ભંતે ! કૃષ્ણલેશ્યાવાળા **-યાવત્-** તેજોલેશ્યાવાળા એકેન્દ્રિય તિર્યંચયોનિકોમાંથી કોણ, કોનાથી અલ્પઋદ્ધિવાળા કે મહાઋદ્ધિવાળા છે ?

ઉ. ગૌતમ ! ૧. કૃષ્ણલેશ્યાવાળા એકેન્દ્રિય તિર્યંચોની અપેક્ષાએ નીલલેશ્યાવાળા એકેન્દ્રિય મહર્દ્ધિક છે,
૨. નીલલેશ્યાવાળાથી કાપોતલેશ્યાવાળા મહર્દ્ધિક છે,
૩. કાપોતલેશ્યાવાળાથી તેજોલેશ્યાવાળા મહર્દ્ધિક છે,
૪. બધાથી અલ્પઋદ્ધિવાળા કૃષ્ણલેશ્યાવાળા એકેન્દ્રિય તિર્યંચયોનિક છે,
૫. બધાથી મહાઋદ્ધિવાળા તેજોલેશ્યાવાળા એકેન્દ્રિય છે.

***આ પ્રમાણે પૃથ્વીકાયિકોની અલ્પઋદ્ધિ મહાઋદ્ધિનું અલ્પબહુત્વ કહેવું જોઈએ.***

***આ પ્રમાણે ચઉરેન્દ્રિય જીવો સુધી જેમાં જેટલી લેશ્યાઓ જે ક્રમથી કહી છે તે ક્રમથી આ આલાપકનાં અનુસાર અલ્પઋદ્ધિ કે મહાઋદ્ધિવાળી જાણી લેવી જોઈએ.***

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

***पंचेंदियतिरिक्खजोणियाणं तिरिक्खजोणिणीण सम्मुच्छिमाणं गब्भवक्कंतियाण य सव्वेसिं भाणियव्वं -जाव- अप्पिड्ढिया वेमाणिया देवा तेउलेस्सा, सव्वमहिड्ढिया वेमाणिया देवा सुक्कलेस्सा ।***[1]

- पण्ण. प. १७, उ. २, सु. ११९१-११९७

**આ પ્રમાણે સમ્મૂર્ચ્છિમ અને ગર્ભજપંચેન્દ્રિય તિર્યંચયોનિકો તથા તિર્યંચયોનિક સ્ત્રીઓથી તેજોલેશ્યાવાળા વૈમાનિક દેવ અલ્પઋદ્ધિવાળા છે અને શુક્લલેશ્યાવાળા વૈમાનિક દેવ મહાઋદ્ધિ-વાળા છે ત્યાં સુધી બધુ વર્ણન પૂર્વવત્ કરવું જોઈએ.**

**५१. सलेस्स दीवकुमाराइणं इड्ढि अप्पबहुत्तं-**

प. एएसि णं भंते ! दीवकुमाराणं कण्हलेस्साणं **-जाव-** तेउलेस्साण य कयरे कयरेहिंतो अप्पिड्ढिया वा महिड्ढिया वा ?

उ. गोयमा ! १. कण्हलेस्सेहिंतो नीललेस्सा महिड्ढिया,

२. नीललेस्सेहिंतो काउलेस्सा महिड्ढिया,

३. काउलेस्सेहिंतो तेउलेस्सा महिड्ढिया,

४. सव्वप्पिड्ढिया कण्हलेस्सा सव्वमहिड्ढिया तेउलेस्सा ।

- विया. स. १६, उ. ११, सु. ४

***उदहि-दिसा-थणियकुमाराण य एवं चेव ।***

- विया. स. १६, उ. १२-१४

***नाग-सुवण्ण-विज्जु-वाउ-अग्गिकुमाराण य एवं चेव ।***

- विया. स. १७, उ. १३-१७

**૫૧. સલેશી દ્વીપકુમારાદિની ઋદ્ધિનું અલ્પબહુત્વ :**

પ્ર. ભંતે ! આ કૃષ્ણલેશ્યાવાળા **-યાવત્-** તેજોલેશ્યા-વાળા દ્વીપકુમારોમાંથી કોણ, કોનાથી અલ્પઋદ્ધિ-વાળા કે મહાઋદ્ધિવાળા છે ?

ઉ. ગૌતમ ! ૧. કૃષ્ણલેશ્યાવાળાથી નીલલેશ્યાવાળા દ્વીપકુમાર મહર્દ્ધિક છે,

૨. નીલલેશ્યાવાળાથી કાપોતલેશ્યાવાળા દ્વીપકુમાર મહર્દ્ધિક છે,

૩. કાપોતલેશ્યાવાળાથી તેજોલેશ્યાવાળા દ્વીપકુમાર મહર્દ્ધિક છે,

૪. બધાથી અલ્પઋદ્ધિવાળા કૃષ્ણલેશી છે, બધાથી મહાઋદ્ધિવાળા તેજોલેશી છે.

***ઉદધિકુમાર, દિશાકુમાર અને સ્તનિતકુમારોની અલ્પઋદ્ધિ મહાઋદ્ધિનું અલ્પ બહુત્વ આ પ્રમાણે છે.***

**નાગકુમાર, સુવર્ણકુમાર, વિદ્યુતકુમાર, વાયુકુમાર અને અગ્નિકુમારોની અલ્પઋદ્ધિ મહાઋદ્ધિનું અલ્પ - બહુત્વ આ પ્રમાણે છે.**

**५२. लेस्साणं ठाणा-**

प. केवइया णं भंते ! कण्हलेस्सट्ठाणा पण्णत्ता ?

उ. गोयमा ! असंखेज्जा कण्हलेस्सट्ठाणा पण्णत्ता ।

***एवं -जाव- सुक्कलेस्सा ।***

- पण्ण. प. १७, उ. ४, सु. १२४६

असंखेज्जा ओसप्पिणीण, उस्सप्पिणीण जे समया ।
संखाईया लोगा लेसाणं हुंति ठाणाइं ॥

- उत्त. अ. ३४, गा. ३३

**૫૨. લેશ્યાઓનાં સ્થાન :**

પ્ર. કૃષ્ણલેશ્યાનાં કેટલા સ્થાન કહ્યા છે ?

ઉ. ગૌતમ ! કૃષ્ણલેશ્યાનાં અસંખ્ય સ્થાન કહ્યા છે.

**આ પ્રમાણે શુક્લલેશ્યા સુધી અસંખ્ય સ્થાન જાણવા જોઈએ.**

અસંખ્યાત અવસર્પિણી- ઉત્સર્પિણી કાળનો જેટલો સમય છે કે સંખ્યાત લોકોનાં જેટલા આકાશ પ્રદેશ છે તેટલા લેશ્યાઓનાં સ્થાન હોય છે.

**५३. लेस्सट्ठाणाणं अप्प-बहुत्तं-**

प. एएसि णं भंते ! कण्हलेस्सट्ठाणाणं **-जाव-** सुक्कलेस्सट्ठाणाण य जहण्णगाणं दव्वट्ठयाए, पएसट्ठयाए, दव्वट्ठपएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

**૫૩. લેશ્યાનાં સ્થાનોમાં અલ્પબહુત્વ :**

પ્ર. ભંતે ! આ કૃષ્ણલેશ્યા **-યાવત્-** શુક્લલેશ્યાનાં જઘન્ય સ્થાનોમાંથી દ્રવ્યની અપેક્ષાએ, પ્રદેશોની અપેક્ષાએ અને દ્રવ્ય તથા પ્રદેશોની અપેક્ષાથી કોણ, કોનાથી અલ્પ **-યાવત્-** વિશેષાધિક છે?

---

१. (क) विया. स. १, उ. २, सु. १३ (ख) विया. स. १६, उ. ११, सु. ४

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**दव्वट्ठयाए-**

उ. गोयमा ! सव्वत्थोवा जहण्णगा काउलेस्सट्ठाणा दव्वट्ठयाए,

जहण्णगा णीललेस्सट्ठाणा दव्वट्ठयाए असंखेज्जगुणा,

जहण्णगा कण्हलेस्सट्ठाणा दव्वट्ठयाए असंखेज्जगुणा,

जहण्णगा तेउलेस्सट्ठाणा दव्वट्ठयाए असंखेज्जगुणा,

जहण्णगा पम्हलेस्सट्ठाणा दव्वट्ठयाए असंखेज्जगुणा,

जहण्णगा सुक्कलेस्सट्ठाणा दव्वट्ठयाए असंखेज्जगुणा,

**पएसट्ठयाए-**

सव्वत्थोवा जहण्णगा काउलेस्सट्ठाणा पएसट्ठयाए,

जहण्णगा णीललेस्सट्ठाणा पएसट्ठयाए असंखेज्जगुणा,

जहण्णगा कण्हलेस्सट्ठाणा पएसट्ठयाए असंखेज्जगुणा,

जहण्णगा तेउलेस्सट्ठाणा पएसट्ठयाए असंखेज्जगुणा,

जहण्णगा पम्हलेस्सट्ठाणा पएसट्ठयाए असंखेज्जगुणा,

जहण्णगा सुक्कलेस्सट्ठाणा पएसट्ठयाए असंखेज्जगुणा,

**दव्वट्ठ-पएसट्ठयाए-**

सव्वत्थोवा जहण्णगा काउलेस्सट्ठाणा दव्वट्ठयाए,

जहण्णगा णीललेस्सट्ठाणा दव्वट्ठयाए असंखेज्जगुणा,

एवं कण्हलेस्सट्ठाणा तेउलेस्सट्ठाणा पम्हलेस्सट्ठाणा,

जहण्णगा सुक्कलेस्सट्ठाणा दव्वट्ठयाए असंखेज्जगुणा,

**દ્રવ્યની અપેક્ષાથી :**

ઉ. ગૌતમ ! દ્રવ્યની અપેક્ષાએ બધાથી અલ્પ જઘન્ય કાપોતલેશ્યાનાં સ્થાન છે,

(તેનાથી) નીલલેશ્યાનાં જઘન્ય સ્થાન દ્રવ્યની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે,

(તેનાથી) કૃષ્ણલેશ્યાનાં જઘન્ય સ્થાન દ્રવ્યની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે,

(તેનાથી) તેજોલેશ્યાનાં જઘન્ય સ્થાન દ્રવ્યની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે,

(તેનાથી) પદ્મલેશ્યાનાં જઘન્ય સ્થાન દ્રવ્યની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે,

(તેનાથી) શુક્લલેશ્યાના જઘન્ય સ્થાન દ્રવ્યની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે.

**પ્રદેશોની અપેક્ષાથી :**

બધાથી અલ્પ પ્રદેશોની અપેક્ષાએ કાપોતલેશ્યાનાં જઘન્ય સ્થાન છે,

(તેનાથી) નીલલેશ્યાનાં જઘન્ય સ્થાન પ્રદેશોની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે,

(તેનાથી) કૃષ્ણલેશ્યાનાં જઘન્ય સ્થાન પ્રદેશોની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે,

(તેનાથી) તેજોલેશ્યાનાં જઘન્ય સ્થાન પ્રદેશોની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે,

(તેનાથી) પદ્મલેશ્યાનાં જઘન્ય સ્થાન પ્રદેશોની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે,

(તેનાથી) શુક્લલેશ્યાનાં જઘન્ય સ્થાન પ્રદેશોની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે,

**દ્રવ્ય અને પ્રદેશોની અપેક્ષાથી :**

બધાથી અલ્પ દ્રવ્યની અપેક્ષાએ કાપોતલેશ્યાનાં જઘન્ય સ્થાન છે,

(તેનાથી) નીલલેશ્યાનાં જઘન્ય સ્થાન દ્રવ્યની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે,

**આ પ્રમાણે** જઘન્ય કૃષ્ણલેશ્યા સ્થાન, તેજોલેશ્યા સ્થાન, પદ્મલેશ્યા સ્થાન પણ ક્રમશઃ અસંખ્યાત-ગુણા છે,

(તેનાથી) શુક્લલેશ્યાનાં જઘન્ય સ્થાન દ્રવ્યની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

जहण्णएहिंतो सुक्कलेस्सट्ठाणेहिंतो दव्वट्ठयाए जहण्णगा काउलेस्सट्ठाणा पएसट्ठयाए अणंतगुणा,

जहण्णगा णीललेस्सट्ठाणा पएसट्ठयाए असंखेज्जगुणा,

**एवं -जाव- सुक्कलेस्सट्ठाणा।**

प. एएसि णं भंते! कण्हलेस्सट्ठाणाणं **-जाव-** सुक्कलेस्सट्ठाणाण य उक्कोसगाणं दव्वट्ठयाए, पएसट्ठयाए दव्वट्ठपएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

उ. गोयमा ! सव्वत्थोवा उक्कोसगा काउलेस्सट्ठाणा दव्वट्ठयाए,

उक्कोसगा णीललेस्सट्ठाणा दव्वट्ठयाए असंखेज्जगुणा,

***एवं जहेव जहण्णगा तहेव उक्कोसगा वि,***

**णवरं-** उक्कोसत्ति अभिलावो।

प. एएसि णं भंते! कण्हलेस्सट्ठाणाणं **-जाव-** सुक्कलेस्सट्ठाणाण य जहण्णुक्कोसगाणं दव्वट्ठयाए, पएसट्ठाए, दव्वट्ठपएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

**दव्वट्ठयाए-**

उ. गोयमा ! सव्वत्थोवा जहण्णगा काउलेस्सट्ठाणा दव्वट्ठयाए,

जहण्णगा णीललेस्सट्ठाणा दव्वट्ठयाए असंखेज्जगुणा,

**एवं** कण्हलेस्सट्ठाणा, तेउलेस्सट्ठाणा, पम्हलेस्सट्ठाणा,

जहण्णगा सुक्कलेस्सट्ठाणा दव्वट्ठयाए असंखेज्जगुणा,

जहण्णएहिंतो सुक्कलेस्सट्ठाणेहिंतो दव्वट्ठयाए उक्कोसा काउलेस्सट्ठाणा दव्वट्ठयाए असंखेज्जगुणा,

દ્રવ્યની અપેક્ષાએ જઘન્ય શુક્લલેશ્યા સ્થાનોથી કાપોતલેશ્યાનાં જઘન્ય સ્થાન પ્રદેશોની અપેક્ષાએ અનન્તગુણા છે,

નીલલેશ્યાનાં જઘન્ય સ્થાન પ્રદેશોની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે,

***આ પ્રમાણે શુક્લલેશ્યાનાં સ્થાનો સુધી અસંખ્યાતગુણા જાણવાં જોઈએ.***

પ્ર. ભંતે ! આ કૃષ્ણલેશ્યાનાં ઉત્કૃષ્ટ સ્થાનો **-યાવત્-** શુક્લલેશ્યાનાં ઉત્કૃષ્ટ સ્થાનોમાંથી દ્રવ્યની અપેક્ષાથી પ્રદેશોની અપેક્ષાથી તથા દ્રવ્ય અને પ્રદેશોની અપેક્ષાથી કોણ, કોનાથી અલ્પ **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! બધાથી અલ્પ દ્રવ્યની અપેક્ષાએ કાપોતલેશ્યાનાં ઉત્કૃષ્ટ સ્થાન છે,

(તેનાથી) નીલલેશ્યાનાં ઉત્કૃષ્ટ સ્થાન દ્રવ્યની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે,

***આ પ્રમાણે જઘન્ય સ્થાનોનાં અલ્પબહુત્વનાં સમાન ઉત્કૃષ્ટ સ્થાનોનું પણ અલ્પબહુત્વ જાણવું જોઈએ,***

**વિશેષ :** જઘન્ય શબ્દનાં સ્થાનમાં ઉત્કૃષ્ટ શબ્દ કહેવા જોઈએ.

પ્ર. ભંતે ! આ કૃષ્ણલેશ્યા **-યાવત્-** શુક્લલેશ્યાના જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થાનોમાં દ્રવ્યની અપેક્ષાથી, પ્રદેશોની અપેક્ષાથી તથા દ્રવ્ય અને પ્રદેશોની અપેક્ષાથી કોણ, કોનાથી અલ્પ **-યાવત્-** વિશેષાધિક છે ?

**દ્રવ્યની અપેક્ષાથી :**

ઉ. ગૌતમ ! દ્રવ્યની અપેક્ષાથી બધાથી થોડા કાપોતલેશ્યાનાં જઘન્ય સ્થાન છે,

(તેનાથી) નીલલેશ્યાનાં જઘન્ય સ્થાન દ્રવ્યની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે,

**આ પ્રમાણે** કૃષ્ણલેશ્યા, તેજોલેશ્યા અને પદ્મલેશ્યાનાં જઘન્ય સ્થાન ક્રમશઃ અસંખ્યાતગુણા છે.

(તેનાથી) શુક્લલેશ્યાનાં જઘન્ય સ્થાન દ્રવ્યની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે,

દ્રવ્યની અપેક્ષાએ જઘન્ય શુક્લલેશ્યા સ્થાનોથી કાપોતલેશ્યાનાં ઉત્કૃષ્ટ સ્થાન દ્રવ્યની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उक्कोसा णीललेस्सट्ठाणा दव्वट्ठयाए असंखेज्जगुणा,

(તેનાથી) નીલલેશ્યાના ઉત્કૃષ્ટ સ્થાન દ્રવ્યની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે,

**एवं** कण्हलेस्सट्ठाणा तेउलेस्सट्ठाणा पम्हलेस्सट्ठाणा,

**આ પ્રમાણે**- કૃષ્ણલેશ્યા, તેજોલેશ્યા અને પદ્મલેશ્યાનાં ઉત્કૃષ્ટ સ્થાન ક્રમથી અસંખ્યાતગુણા છે,

उक्कोसा सुक्कलेस्सट्ठाणा दव्वट्ठयाए असंखेज्जगुणा।

(તેનાથી) શુક્લલેશ્યાનાં ઉત્કૃષ્ટ સ્થાન દ્રવ્યની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે.

**पएसट्ठयाए-**

**પ્રદેશોની અપેક્ષાએ :**

सव्वत्थोवा जहण्णगा काउलेस्सट्ठाणा पएसट्ठयाए,

બધાથી અલ્પ પ્રદેશોની અપેક્ષાએ કાપોતલેશ્યાના જઘન્ય સ્થાન છે,

जहण्णगा णीललेस्सट्ठाणा पएसट्ठयाए असंखेज्जगुणा,

(તેનાથી) નીલલેશ્યાનાં જઘન્ય સ્થાન પ્રદેશોની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે,

***एवं जहेव दव्वट्ठयाए तहेव पएसट्ठयाए वि भाणियव्वं।***

***આ પ્રમાણે જેમ દ્રવ્યની અપેક્ષાએ અલ્પબહુત્વનું વર્ણન કરેલ છે, તેવીજ રીતે પ્રદેશોની અપેક્ષાથી પણ અલ્પબહુત્વનું વર્ણન કરવું જોઈએ.***

**दव्वट्ठपएसट्ठयाए-**

**દ્રવ્ય અને પ્રદેશોની અપેક્ષાથી :**

सव्वत्थोवा जहण्णगा काउलेस्सट्ठाणा दव्वट्ठयाए,

કાપોતલેશ્યાનાં જઘન્ય સ્થાન દ્રવ્યની અપેક્ષાએ બધાથી અલ્પ છે,

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

जहण्णगा णीललेस्सट्ठाणा दव्वट्ठयाए असंखेज्जगुणा,

(તેનાથી) નીલલેશ્યાનાં જઘન્ય સ્થાન દ્રવ્યની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે,

**एवं** कण्हलेस्सट्ठाणा तेउलेस्सट्ठाणा पम्हलेस्सट्ठाणा,

**આ પ્રમાણે** કૃષ્ણલેશ્યા, તેજોલેશ્યા અને પદ્મલેશ્યાનાં જઘન્ય સ્થાન ક્રમથી અસંખ્યાતગુણા છે,

जहण्णगा सुक्कलेस्सट्ठाणा दव्वट्ठयाए असंखेज्जगुणा,

(તેનાથી) શુક્લલેશ્યાનાં જઘન્ય સ્થાન દ્રવ્યની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે,

जहण्णएहिंतो सुक्कलेस्सट्ठाणेहिंतो दव्वट्ठयाए, उक्कोसा काउलेस्सट्ठाणा दव्वट्ठयाए असंखेज्जगुणा,

દ્રવ્યની અપેક્ષાએ જઘન્ય શુક્લલેશ્યા સ્થાનોથી કાપોતલેશ્યાનાં ઉત્કૃષ્ટ સ્થાન દ્રવ્યની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે,

उक्कोसा णीललेस्सट्ठाणा दव्वट्ठयाए असंखेज्जगुणा,

(તેનાથી) નીલલેશ્યાનાં ઉત્કૃષ્ટ સ્થાન દ્રવ્યની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે,

**एवं** कण्हलेस्सट्ठाणा, तेउलेस्सट्ठाणा, पम्हलेस्सट्ठाणा, उक्कोसगा सुक्कलेस्सट्ठाणा दव्वट्ठयाए असंखेज्जगुणा,

**આ પ્રમાણે-** કૃષ્ણલેશ્યા, તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યાનાં ઉત્કૃષ્ટ સ્થાન દ્રવ્યની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે,

उक्कोसएहिंतो सुक्कलेस्सट्ठाणेहिंतो दव्वट्ठयाए, जहण्णगा काउलेस्सट्ठाणा पएसट्ठयाए अणंतगुणा,

દ્રવ્યની અપેક્ષાએ ઉત્કૃષ્ટ શુક્લલેશ્યા સ્થાનોથી જઘન્ય કાપોતલેશ્યાનાં સ્થાન પ્રદેશોની અપેક્ષાએ અનન્તગુણા છે,

जहण्णगा णीललेस्सट्ठाणा पएसट्ठयाए असंखेज्जगुणा,

(તેનાથી) જઘન્ય નીલલેશ્યા સ્થાન પ્રદેશોની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે,

**एवं** कण्हलेस्सट्ठाणा तेउलेस्सट्ठाणा पम्हलेस्सट्ठाणा, जहण्णगा सुक्कलेस्सट्ठाणा असंखेज्जगुणा;

जहण्णएहिंतो सुक्कलेस्सट्ठाणेहिंतो पएसट्ठयाए उक्कोसा, काउलेस्सट्ठाणा पएसट्ठयाए असंखेज्जगुणा,

उक्कोसया णीललेस्सट्ठाणा पएसट्ठयाए असंखेज्जगुणा,

**एवं** कण्हलेसट्ठाणा तेउलेस्सट्ठाणा पम्हलेसट्ठाणा, उक्कोसगा सुक्कलेसट्ठाणा पएसट्ठयाए असंखेज्जगुणा ।

- पण्ण. प. १७, उ. ४, १२४७-१२४९

**આ પ્રમાણે -** કૃષ્ણલેશ્યા, તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યાનાં જઘન્ય સ્થાન પ્રદેશોની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે,

પ્રદેશોની અપેક્ષાએ જઘન્ય શુક્લલેશ્યા સ્થાનોથી ઉત્કૃષ્ટ કાપોતલેશ્યાનાં સ્થાન પ્રદેશોની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે,

(તેનાથી) ઉત્કૃષ્ટ નીલલેશ્યાનાં સ્થાન પ્રદેશોની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે,

**આ પ્રમાણે -** કૃષ્ણલેશ્યા, તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુક્લલેશ્યાનાં ઉત્કૃષ્ટ સ્થાન પ્રદેશોની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે.

**५४. लेस्सऽज्झयणस्सणिक्खेवो-**

तम्हा एयाण लेसाणं, अणुभागे वियाणिया ।
अप्पसत्थाओ वज्जित्ता, पसत्थाओ अहिट्ठेज्जासि ॥

- उत्त. अ. ३४, गा. ६१

**૫૪. લેશ્યા અધ્યયનનો ઉપસંહાર :**

લેશ્યાઓનાં અનુભાગ (વિપાક)ને જાણીને અપ્રશસ્ત લેશ્યાઓનો પરિત્યાગ કરીને પ્રશસ્ત લેશ્યાઓમાં અધિષ્ઠિત થવું જોઈએ.

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ૨૭. ક્રિયા અધ્યયન

મન, વચન, કાયાની પ્રવૃત્તિને જૈનદર્શનમાં યોગ કહેવાય છે. એનો સંબંધ ક્રિયા સાથે છે. ક્રિયા એક પારિભાષિક શબ્દ છે. જ્યાં સુધી જીવમાં યોગ વિદ્યમાન છે ત્યાં સુધી ક્રિયા પણ વિદ્યમાન છે. જ્યારે જીવ અયોગી અવસ્થા કે શૈલેશી અવસ્થા અથવા સિધ્ધ અવસ્થા ને પ્રાપ્ત થાય છે ત્યારે તે અક્રિય થઈ જાય છે. તાત્પર્ય એ છે કે યોગ વગર ક્રિયા થતી નથી. માટે ક્રિયાનું કારણ કહો કે માધ્યમ કહો યોગ છે.

વ્યાકરણદર્શનમાં સિધ્ધ અથવા અસિધ્ધ દ્રવ્યની સાધ્યઅવસ્થાને ક્રિયા કહી છે. સાધારણ રીતે આપણે કોઈ કાર્ય સંપન્ન કરવા માટે જે પ્રવૃત્તિ કરીએ છીએ તેને ક્રિયા કહેવાય છે. તે ક્રિયા જીવમાં પણ હોઈ શકે છે અને અજીવમાં પણ હોઈ શકે છે. પણ જૈનદર્શનનો પારિભાષિક ક્રિયાનો સંબંધ જીવથી છે. જીવ પોતાની ક્રિયાથી અજીવમાં યથાસંભવ હલનચલન કરી શકે છે. છતાં પણ તાત્વિક દષ્ટિએ ક્રિયાનું ફળ જીવને મળે છે. માટે જીવમાં જ ક્રિયા માની છે. સ્થાનાંગ સૂત્રમાં પદ્યપિક્રિયા બે પ્રકારની કહી છે જીવ ક્રિયા અને અજીવ ક્રિયા. અહિં અજીવક્રિયાના ઐર્યાપથિકી અને સામ્પરાયિકી નામથી પણ બે ભેદ કર્યા છે. તેનો જીવ સાથે સંબંધ છે. અજીવ સાથે નહીં.

કષાયની ઉપસ્થિતિમાં જે ક્રિયા થાય છે તે સામ્પરાયિકી તથા કષાય રહિત અવસ્થામાં જે ક્રિયા થાય છે તે ઐર્યાપથિકી કહેવાય છે. અહિં તાત્પર્ય એ છે કે ક્રિયા કષાય નિરપેક્ષ છે તેનો કષાય હોય કે ન હોય તેની સાથે કોઈ સંબંધ નથી. તેનો સંબંધ યોગના હોવા ન હોવાથી છે.

આગમોમાં ક્રિયાના વિવિધ પ્રકારના વિભાજન ઉપલબ્ધ છે. સ્થાનાંગ સૂત્રમાં ક્રિયા બે પ્રકારની કહ્યા ઉપરાંત તેના દશેક પ્રકારના વિભાજન જોવા મળે છે. તેમાંથી કેટલાક વિભાજન આ પ્રમાણે છે. જેનો સમાવેશ ક્રિયાના પાંચ ભેદ, તેર ભેદ અથવા પચ્ચીસ ભેદમાં થઈ જાય છે. એમાં જીવ ક્રિયાના જે બે ભેદ છે તે મહત્વપૂર્ણ છે - (૧) સમ્યક્ત્વ ક્રિયા અને (૨) મિથ્યાત્વ ક્રિયા. સમ્યકત્વપૂર્વક કરેલી ક્રિયા સમ્યક્ત્વ ક્રિયા અને મિથ્યાત્વીની ક્રિયાને મિથ્યાત્વ ક્રિયા કહી શકાય છે. ક્રિયામાં રાગ અને દ્વેષ નિમિત્ત બને છે. માટે ક્રિયાના બે ભેદ આ પણ છે - (૧) પ્રેયઃ પ્રત્યયા (રાગજન્ય) (૨) દ્વેષ પ્રત્યયા (દ્વેષજન્ય). પછી પ્રેયઃ પ્રત્યયાને માયા અને લોભના રૂપમાં અને દ્વેષ પ્રત્યયાને ક્રોધ અને માનના રૂપમાં વિભક્ત કરવામાં આવી છે.

જે નિમિત્ત, હેતુ, ફળ અથવા સાધનથી ક્રિયા કરવામાં આવે છે તે નિમિત્ત, હેતુ, સાધન અથવા ફળના આધાર પર ક્રિયાનું નામકરણ કરી દીધું છે. માટે ક્રિયાના અનેક વિભાજન છે.

વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ, પ્રજ્ઞાપના, સ્થાનાંગ, સમવાયાંગ વગેરે સૂત્રોમાં ક્રિયાના પાંચ પ્રકાર કહ્યા છે - (૧) કાયિકી (૨) આધિકરણિકી (૩) પ્રાદ્વેષિકી (૪) પારિતાપનિકી અને (૫) પ્રાણાતિપાતિકી. જે ક્રિયામાં કાયાની પ્રમુખતા હોય તે કાયિકી ક્રિયા કહેવાય છે. જે ક્રિયા શસ્ત્ર આદિ ઉપકરણોની સહાયતાથી કરવામાં આવે તે આધિકરણિકી ક્રિયા કહેવાય છે. જે ક્રિયા દ્વેષપૂર્વક કરવામાં આવે છે તે પ્રાદ્વેષિકી ક્રિયા કહેવાય છે. જે ક્રિયા બીજા પ્રાણીઓને કષ્ટકારી હોય તે પારિતાપનિકી ક્રિયા તથા બીજા પ્રાણીઓના પ્રાણોનો અતિપાત કરવાવાળી ક્રિયાને પ્રાણાતિપાતિકી ક્રિયા કહેવામાં આવે છે. જીવના ચોવીસે દંડકમાં આ પાંચ પ્રકારની ક્રિયા જોવામાં આવે છે. એટલું અવશ્ય છે કે જે સમયે જીવ કાયિકી, આધિકરણિકી અને પ્રાદ્વેષિકી ક્રિયાથી સ્પૃષ્ટ થાય છે. તે સમયે પારિતાપનિકી અને પ્રાણાતિપાતિકી ક્રિયાથી કોઈ જીવ સ્પૃષ્ટ થાય છે તથા કોઈ નથી થતા. આ પાંચ ક્રિયાઓના પ્રારંભમાં ત્રણ ક્રિયાઓ કાયિકી, આધિકરણિકી અને પ્રાદ્વેષિકીમાં સહભાવ છે. અર્થાત્ આ ત્રણ ક્રિયાઓ નિયમથી સાથે જ હોય છે. પરંતુ પારિતાપનિકી અને પ્રાણાતિપાતિકી ક્રિયાઓનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સહભાવ નિયત નથી. કદાચિત્ એ સાથે હોય છે અને કદાચિત્ નથી પણ હોતી. એટલું નિર્ધારિત છે કે જ્યારે પ્રાણાતિપાતિકી ક્રિયા હોય છે. ત્યારે જીવને પૂર્વની ચારે ક્રિયાઓ હોય છે. પરંતુ પારિતાપનિકી ક્રિયાના હોવાથી પ્રાણાતિપાતિકી ક્રિયા હોય એ આવશ્યક નથી. શેષ ત્રણ ક્રિયાઓ હોય છે. આ ક્રિયાઓના સહભાવ પર પ્રસ્તુત અધ્યયનમાં જીવ, સમય, દેશ અને પ્રદેશની એકતાના આધાર પર ચાર બિંદુઓથી વિભાજન કર્યો છે. કાયિકી ક્રિયા આદિ આ પાંચે ક્રિયા સંસારમાં જોડવાવાળી હોવાથી આયોજિકા ક્રિયાઓ કહેવામાં આવી છે.

એક બીજા વિભાજનના પ્રમાણે પણ ક્રિયાઓના પાંચ પ્રકાર છે - (૧) આરંભિકી (૨) પારિગ્રહિકી (૩) માયા પ્રત્યયા (૪) અપ્રત્યાખ્યાન ક્રિયા અને (૫) મિથ્યાદર્શન પ્રત્યયા. આમાંથી આરંભિકી ક્રિયા પ્રમાદ વખતે થાય છે. આરંભયુક્ત અથવા હિંસા યુક્ત ક્રિયા આરંભિકી ક્રિયા કહેવાય છે. પરિગ્રહપૂર્વક કરેલી ક્રિયા પારિગ્રહીકી ક્રિયા હોય છે. માયાના નિમિત્તે કરેલી ક્રિયા માયા પ્રત્યયા છે. અપ્રત્યાખ્યાની જીવને અવિરતિના કારણે થવાવાળી ક્રિયા અપ્રત્યાખ્યાન ક્રિયા કહેવાય છે. તથા મિથ્યાત્વના કારણે ઉત્પન્ન ક્રિયાઓ મિથ્યાદર્શન પ્રત્યયા કહી છે. મિથ્યાદૃષ્ટિ જીવમાં આ પાંચે ક્રિયાઓ જોવા મળે છે તથા સમ્યગ્દૃષ્ટિ જીવમાં મિથ્યાદર્શન પ્રત્યયા ક્રિયાને છોડી ચારે ક્રિયાઓ જોવા મળે છે. આ પાંચે ક્રિયાઓના સહભાવનો નિયમ અલગ છે. જે જીવમાં મિથ્યાદર્શન પ્રત્યયા ક્રિયા જોવા મળે છે તેમાં શેષ ચારે ક્રિયાઓ નિયમા જોવા મળે છે. જેમાં પ્રત્યાખ્યાન ક્રિયા હોય છે તેમાં મિથ્યાદર્શન પ્રત્યયા ક્રિયા વૈકલ્પિકરૂપથી હોય છે. પરંતુ શેષ ત્રણ ક્રિયાઓ તેમાં હોય છે. માયા પ્રત્યયા ક્રિયાવાળા ને શેષ ચારે ક્રિયાઓ વૈકલ્પિક રૂપથી હોય છે. જેને પારિગ્રહિકી ક્રિયા હોય છે તેને આરંભિકી અને માયા પ્રત્યયા ક્રિયા નિશ્ચિતરૂપથી હોય છે. પરંતુ શેષ બે ક્રિયાઓ વૈકલ્પિક હોય છે. આરંભિકી ક્રિયાની સાથે માયાપ્રત્યયા ક્રિયા નિયમથી હોય છે. પરંતુ શેષ ત્રણ ક્રિયાઓ કદાચિત્ હોય છે તથા કદાચિત્ નથી હોતી. ચોવીસ દંડકોમાં કોને કેટલી ક્રિયાઓ હોય છે તેનું પ્રસ્તુત અધ્યયનમાં નિર્દેશ છે. અઢાર પાપસ્થાનમાં પ્રત્યેકથી વિરત જીવ કયા પ્રકારની ક્રિયાઓ કરે છે આનો પણ આ અધ્યયનમાં ઉલ્લેખ થયો છે.

આરંભિકી આદિ ક્રિયાઓમાં સૌથી અલ્પ મિથ્યાદર્શન પ્રત્યયા ક્રિયાઓ છે. તેમાં અપ્રત્યાખ્યાન, પારિગ્રહિકી અને આરંભિકી ક્રિયાઓ ઉત્તરોત્તર વિશેષાધિક છે તથા માયા પ્રત્યયા ક્રિયાઓ સૌથી અધિક છે.

ક્રિયાઓના પંચવિધ હોવાનું વર્ણન બીજા પ્રકારોથી પણ થયું છે. જેમકે - (૧) દૃષ્ટિ વિકારજન્ય ક્રિયા (૨) સ્પર્શ સંબંધી (૩) બહારના નિમિત્તથી ઉત્પન્ન (૪) સમૂહમાં થવાવાળી (૫) પોતાના હાથથી થવાવાળી. તેમજ બીજા પ્રકારો પણ છે. જેમકે - (૧) શસ્ત્ર વગર થવાવાળી ક્રિયા (૨) આજ્ઞા દેવાથી થવાવાળી ક્રિયા (૩) છેદન-ભેદન જન્ય ક્રિયા (૪) અજ્ઞાનતાથી થવાવાળી ક્રિયા અને (૫) આકાંક્ષા વગર થવાવાળી ક્રિયા. આ બધી ક્રિયાઓ નૈરયિકોથી લઈ વૈમાનિકો સુધી ચોવીસ દંડકોમાં જોવા મળે છે. મનુષ્યોમાં પાંચ પ્રકારની ક્રિયાઓનું વર્ણન આ પ્રમાણે છે - (૧) રાગભાવજન્ય ક્રિયા (૨) દ્વેષભાવ જન્ય ક્રિયા (૩) મન આદિની દુશ્ચેષ્ટાઓથી જન્ય ક્રિયા (૪) સામૂહિકરુપથી થવાવાળી ક્રિયા અને (૫) ગમનાગમનથી થવાવાળી ક્રિયા.

પાંચ ક્રિયાઓ આ પણ છે - (૧) પ્રાણાતિપાત ક્રિયા (૨) મૃષાવાદ ક્રિયા (૩) અદત્તાદાન ક્રિયા (૪) મૈથુન ક્રિયા અને (૫) પરિગ્રહ ક્રિયા. આ પાંચેય ક્રિયાઓ સ્પૃષ્ટ છે. આત્મકૃત છે તથા આનુપૂર્વીકૃત છે. આ પાંચે ક્રિયાઓનો આશ્રવના ભેદોમાં પણ સમાવેશ થાય છે.

ક્રિયાથી આશ્રવ થાય છે. ત્યારબાદ કર્મબંધ થાય છે. જો ક્રિયાઓ કષાયયુક્ત હોય છે તેનો બંધ અવશ્ય થાય છે અને જો ક્રિયાઓ કષાય રહિત હોય તો માત્ર આશ્રવ થાય છે. બંધ નથી થતો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એટલા માટે જ બે પ્રકારનાં ક્રિયા સ્થાન કહ્યા છે - (૧) ધર્મસ્થાન અને (૨) અધર્મસ્થાન. ધર્મયુક્ત ક્રિયા ધર્મસ્થાનનું પ્રમાણ છે તથા અધર્મપૂર્વક કરેલી ક્રિયા અધર્મસ્થાનનું બોધક છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, વિનય, સત્ય, સમિતિ, ગુપ્તિ વગેરે ક્રિયાઓમાં રુચિ હોવાને ક્રિયા રુચિ કહી છે. ક્રિયા શબ્દનો પ્રયોગ એક સ્થાને ચારિત્રના અર્થમાં પ્રયુક્ત થયો છે. "ज्ञानक्रियाभ्यां मोक्षः" ના અંતર્ગત ક્રિયા શબ્દ ચારિત્રના માટે જ પ્રયુક્ત થયો છે. આ પ્રમાણે જ્ઞાનના આચરણરૂપ જે ચારિત્ર છે તે ધર્મસ્થાન ક્રિયા છે. શેષ બધી ક્રિયાઓ અધર્મસ્થાનની અંતર્ગત આવે છે.

અધર્મસ્થાન રૂપમાં ૧૩ ક્રિયાસ્થાન કહ્યા છે, જેમકે - (૧) અર્થદંડ (૨) અનર્થદંડ (૩) હિંસા દંડ (૪) અકસ્માત્ દંડ (૫) દષ્ટિવિપર્યાસદંડ (૬) મૃષાપ્રત્યયિક (૭) અદત્તાદાન પ્રત્યયિક (૮) અધ્યાત્મ પ્રત્યયિક (દુશ્ચિંતનવાળી) (૯) માન પ્રત્યયિક (૧૦) મિત્રદ્વેષ પ્રત્યયિક (૧૧) માયા પ્રત્યયિક (૧૨) લોભ પ્રત્યયિક અને (૧૩) ઈર્યાપથિક. આમાંથી પ્રારંભના પાંચ ભેદોમાં જે દંડ શબ્દ છે તે ક્રિયાનો જ બોધક છે. ઈર્યાપથિક ક્રિયાના સિવાય અન્ય ક્રિયાઓમાં કષાય કે પ્રમાદની વિદ્યમાનતા છે. આ તેર ક્રિયા સ્થાનોનું આ અધ્યયનમાં ઉદાહરણ સહિત વિસ્તારથી નિરુપણ થયું છે. અધર્મપક્ષીય દાર્શનિકો અને ચિંતકોના મતોનું પણ ખંડન કરવામાં આવ્યું છે. અહિં એ પણ દર્શાવવામાં આવ્યું છે કે જે શ્રમણ - બ્રાહ્મણ એ માને છે કે બધા પ્રાણ **-યાવત્-** સત્વોનું હનન કરી શકાય છે, પોતાના અધીન કરી શકાય છે, દાસ બનાવી શકાય છે, પરિતાપ દઈ શકાય છે, ક્લાન્ત કરી શકાય છે અને પ્રાણોથી વિયોગ પણ કરી શકાય છે તે અનેક દુઃખોના ભાગી થશે.

તેરમું ઈર્યાપથિક ક્રિયાસ્થાનને ધર્મપક્ષીય ક્રિયા સ્થાન માન્યું છે. તેમાં અનગાર પાંચ સમિતિઓથી સહિત હોય છે. ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત હોય છે. બ્રહ્મચર્યની નવવાડથી યુક્ત હોય છે. ઉપયોગપૂર્વક બેસે છે, ઊભો થાય છે. અથવા પ્રત્યેક ક્રિયા ઉપયોગપૂર્વક કરે છે તે ઈર્યાપથિક ક્રિયા કરે છે. આ તેરમા ક્રિયાસ્થાનથી જ પ્રત્યેક જીવ સિધ્ધ થાય છે. એમની વિચારધારા અધર્મપક્ષીય ચિંતકો અને દાર્શનિકોથી વિપરીત હોય છે. તે કોઈ જીવનું હનન કરવું, તેને અધીન બનાવવું, દાસ બનાવવો, પરિતાપ દેવું આદિ ક્રિયાનાં ત્યાગી હોય છે. એ સમસ્ત દુઃખોનો અંત કરી લે છે. ત્યારબાદ અક્રિયાની સ્થિતિ બને છે. અક્રિયાનું ફળ સિધ્ધિને પ્રાપ્ત કરે છે.

વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ સૂત્રનાં અંતર્ગત ક્રિયા સંબંધી અનેક પ્રશ્ન છે. જેનો ઉત્તર ભગવાન મહાવીર આપે છે. એક પ્રશ્ન છે જયંતિનો, ભંતે ! જીવોનું સુપ્ત રહેવું સારું કે જાગૃત રહેવું સારું ? ભગવાને ઉત્તર આપ્યો - જયંતિ ! જે અધાર્મિક, અધર્મિષ્ઠ, અધર્મનું કથન કરવાવાળો, અધર્મથી આજીવિકા કરવાવાળો જીવ છે તેનું સુપ્ત રહેવું સારું છે. તથા જે ધાર્મિક, ધર્માનુસારી **-યાવત્-** ધર્મથી જ આજીવિકા ચલાવવાવાળો છે. તે જીવોનું જાગૃત રહેવું સારું છે. કોઈ પુરુષ કોઈ ત્રસ જીવોને મારે છે તો શું તે સમયે અન્ય પ્રાણીઓને પણ મારે છે ? ભગવાનનો ઉત્તર "હા" માં જાય છે કારણ કે તે મારવાની ક્રિયા કરતા સમય સુધી અન્ય ત્રસ પ્રાણીઓને પણ મારે છે. ધનુષ ચલાવવાવાળા પુરુષને કાયિકી ક્રિયાથી લઈને પ્રાણાતિપાતિકી સુધીની કેટલી ક્રિયાઓ લાગે છે ? ભગવાન ઉત્તર આપે છે કે જ્યારે પુરુષ ધનુષને ગ્રહણ કરે છે **-યાવત્-** પ્રાણીઓને જીવનથી રહિત કરી દે છે ત્યારે તે કાયિકી ક્રિયા **-યાવત્-** પ્રાણાતિપાતિકી ક્રિયારૂપ પાંચે ક્રિયાઓથી સ્પૃષ્ટ થાય છે. એ જ નહીં જે જીવોના શરીરોથી તે ધનુષ નિષ્પન્ન થયું છે તે જીવ પણ કાયિકી **યાવત્** પ્રાણાતિપાતિકી ક્રિયાઓથી સ્પૃષ્ટ થાય છે. આ તથ્ય આશ્ચર્યમાં નાંખે એવું છે કારણ કે મૃત્યુને પ્રાપ્ત જીવ પોતાના નિર્જીવ ચર્મથી કેવી રીતે કર્માશ્રય કરે છે એ વિચારણીય બિંદુ છે. એવા જ અનેક રોચક અને જ્ઞાનવર્ધક પ્રશ્નો આ અધ્યયનમાં સમાવેશ છે.

ચોવીસ દંડકોમાં એક જીવ એક જીવની અપેક્ષાએ કદાચિત્ ત્રણ, ચાર કે પાંચ ક્રિયાઓવાળા તથા કદાચિત્ અક્રિય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય છે. એક જીવ અનેક જીવોની અપેક્ષાએ, અનેક જીવ એક જીવની અપેક્ષાએ અને અનેક જીવ અનેક જીવોની અપેક્ષાએ પણ આ જ પ્રમાણે ત્રણ, ચાર કે પાંચ ક્રિયાઓવાળા અથવા અક્રિય હોય છે. પાંચ શરીરોની અપેક્ષાએ ચોવીસ દંડકોમાં ક્રિયાઓનું નિરુપણ થયું છે.

અઢાર પાપોની સંખ્યા અઢાર ક્રિયાઓના રૂપમાં વર્ણિત છે. એ અઢાર ક્રિયાઓ પ્રાણાતિપાત, મૃષાવાદ આદિથી લઈ મિથ્યાદર્શન શલ્ય સુધી છે. આ ક્રિયાઓનું નિરૂપણ કરતી વખતે પ્રશ્ન થયો કે એક જીવ પ્રાણાતિપાત ક્રિયાથી કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે છે ? ઉત્તરમાં કહ્યું - સાત કે આઠ કર્મપ્રકૃતિઓ બાંધે છે. આયુષ્ય કર્મનો બંધ કરવાથી આઠ અન્યથા સાત કર્મોનો બંધ કરે છે. આ જ પ્રમાણે મૃષાવાદથી લઈ મિથ્યાદર્શન શલ્ય સુધી સાત કે આઠ કર્મોનો બંધ થાય છે. જે પ્રમાણે અઢાર પાપ ક્રિયાઓમાં પ્રવૃત્તિ થાય છે તે પ્રમાણે તેનાથી વિરમણ પણ કરી શકાય છે.

ક્રિયાના ૨૫ ભેદ પણ મળે છે. તત્વાર્થ સૂત્રમાં ૨૫ ક્રિયાઓ કહી છે. પં. સુખલાલજીએ તેને આ પ્રમાણે ગણાવી છે - (૧) સમ્યક્ત્વ ક્રિયા (૨) મિથ્યાત્વ ક્રિયા (૩) પ્રયોગ ક્રિયા (૪) સમાદાન ક્રિયા (૫) ઈર્યાપથ ક્રિયા (૬) કાયિકી ક્રિયા (૭) અધિકરણિકી ક્રિયા (૮) પ્રાદ્વેષિકી ક્રિયા (૯) પારિતાપનિકી ક્રિયા (૧૦) પ્રાણાતિપાતિકી ક્રિયા (૧૧) દર્શન ક્રિયા (૧૨) સ્પર્શન ક્રિયા (૧૩) પ્રાત્યયીકી ક્રિયા (૧૪) સમન્તાનુપાતન ક્રિયા (૧૫) અનાભોગ ક્રિયા (૧૬) સ્વહસ્ત ક્રિયા (૧૭) નિસર્ગ ક્રિયા (૧૮) વિદાર ક્રિયા (૧૯) આજ્ઞા વ્યાપાદિકી ક્રિયા (૨૦) અનવકાંક્ષ ક્રિયા (૨૧) આરંભ ક્રિયા (૨૨) પારિગ્રહિકી ક્રિયા (૨૩) માયા પ્રત્યયા ક્રિયા (૨૪) મિથ્યાદર્શન પ્રત્યયા ક્રિયા (૨૫) અપ્રત્યાખ્યાન ક્રિયા. પ્રાયઃ આ પચ્ચીસ ક્રિયાઓનો સમાવેશ આ અધ્યયનમાં ક્રિયાના નિરુપિત વિભિન્ન વિભાજનોમાં થઈ ગયો છે.

આ અધ્યયનમાં ક્રિયાનું વ્યાપક વિવેચન થયું છે. કર્મ, આશ્રવ, યોગ, બંધ અને કષાયના સાથે ક્રિયાનો શું અને કેટલો સંબંધ છે તેને આ અધ્યયનમાં અનુશીલનના અનંતર સારી રીતે સમજી શકાય છે.

સંસારનો અંત કરવાવાળી ક્રિયા અંતઃક્રિયા કહેવાય છે. આનું ચાર પ્રકારે નિરુપણ છે.

અંતમાં એ કહી શકાય કે ક્રિયા બંને પ્રકારની હોય છે. ધર્મસ્થાનરૂપ અને અધર્મસ્થાનરૂપ. પણ અધર્મપરક ક્રિયાનો ત્યાગ કરી ધર્મપરક ક્રિયા અપનાવવામાં જ મુક્તિનાં માર્ગનો સમાવેશ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## २७. किरिया अज्झयणं

**सूत्र :**

१. **किरिया-अज्झयणस्स उक्खेवो-**

णत्थि किरिया अकिरिया वा, णेवं सन्नं निवेसए।
अत्थि किरिया अकिरिया वा, एवं सन्नं निवेसए॥

- सूय. सु. २, अ. ५, गा. ७७२

२. **किरियारुई सरूवं-**

दंसणनाणचरित्ते, तव विणए सच्च समिइ गुत्तीसु।
जो किरिया भावरुई, सो खलु किरियारुई नामं॥

- उत्त. अ. २८, गा. २५

३. **जीवेसु सकिरियत्त-अकिरियत्त परूवणं-**

प. जीवाणं भंते ! किं सकिरिया, अकिरिया ?

उ. गोयमा ! जीवा सकिरिया वि, अकिरिया वि।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-
"जीवा सकिरिया वि, अकिरिया वि"?

उ. गोयमा ! जीवा दुविहा पण्णत्ता, तं जहा-

१. संसारसमावण्णगा य, २. असंसारसमावण्णगा य।

१. तत्थ णं जे ते असंसारसमावण्णगा ते णं सिद्धा, सिद्धा अकिरिया।

२. तत्थ णं जे ते संसारसमावण्णगा ते दुविहा पण्णत्ता, तं जहा-

१. सेलेसिपडिवण्णगा य, २. असेलेसिपडिवण्णगा य।

१. तत्थ णं जे ते सेलेसिपडिवण्णगा, ते णं अकिरिया।

२. तत्थ णं जे ते असेलेसिपडिवण्णगा, ते णं सकिरिया।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-
"जीवा सकिरिया वि, अकिरिया वि।"

- पण्ण. प. २२, सु. १५७३

४. **ओहेण किरिया-**

एगा किरिया[1]। - ठाणं अ. १, सु. ४

## २७. ક્રિયા અધ્યયન

**સૂત્ર :**

૧. **ક્રિયા અધ્યયનનો ઉપોદ્ઘાત :**

"ક્રિયા અને અક્રિયા નથી એવી સંજ્ઞા રાખવી ન જોઈએ, ક્રિયા પણ છે અને અક્રિયા પણ છે એવી માન્યતા રાખવી જોઈએ."

૨. **ક્રિયા રુચિનું સ્વરુપ :**

દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, વિનય, સત્ય, સમિતિ અને ગુપ્તિ આદિ ક્રિયાઓમાં જેની ભાવથી રુચિ છે તે ક્રિયા રુચિ છે.

૩. **જીવોમાં સક્રિયત્વ - અક્રિયત્વનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! જીવ સક્રિય હોય છે કે અક્રિય હોય છે ?

ઉ. ગૌતમ ! જીવ સક્રિય પણ હોય છે અને અક્રિય પણ હોય છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -
"જીવ સક્રિય પણ હોય છે અને અક્રિય પણ હોય છે ?"

ઉ. ગૌતમ ! જીવ બે પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. સંસારસમાપન્નક, ૨. અસંસારસમાપન્નક.

૧. તેમાંથી જે અસંસાર સમાપન્નક (સંસારમુક્ત) છે. તે સિદ્ધ જીવ છે અને જે સિદ્ધ છે તે અક્રિય છે.

૨. તેમાંથી જે સંસાર સમાપન્નક (સંસાર પ્રાપ્ત) છે, તે પણ બે પ્રકારનાં કહ્યા છે, જેમકે -

૧. શૈલેશીપ્રતિપન્નક, ૨. અશૈલેશી પ્રતિપન્નક.

૧. તેમાંથી જે શૈલેશી પ્રતિપન્નક (અયોગી) છે, તે અક્રિય છે.

૨. તેમાંથી જે અશૈલેશી પ્રતિપન્નક (સયોગી) છે, તે સક્રિય છે.

માટે હે ગૌતમ ! એવું કહેવાય છે કે -
"જીવ સક્રિય પણ છે અને અક્રિય પણ છે."

૪. **એક પ્રકારની ક્રિયા :**

ક્રિયા એક છે.

---

१. सम. सम. १, सु. ५

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**५. विविहावेक्खया किरियाणं भेयप्पभेयाओ-**

दो किरियाओ पण्णत्ताओ, तं जहा-

१. जीवकिरिया चेव, २. अजीवकिरिया चेव।

१. जीवकिरिया दुविहा पण्णत्ता, तं जहा-

१. सम्मत्तकिरिया चेव, २. मिच्छत्तकिरिया चेव।

२. अजीवकिरिया दुविहा पण्णत्ता, तं जहा-

१. इरियावहिया चेव,

२. संपराइया चेव।

दो किरियाओ पण्णत्ताओ, तं जहा-

१. काइया चेव,

२. अहिगरणिया चेव।

१. काइया किरिया दुविहा पण्णत्ता, तं जहा-

१. अणुवरयकायकिरिया चेव,

२. दुपउत्तकायकिरिया चेव।

२. अहिगरणिया किरिया दुविहा पण्णत्ता, तं जहा-

१. संजोयणाधिकरणिया चेव,

२. णिव्वत्तणाधिकरणिया चेव[1]।

दो किरियाओ पण्णत्ताओ, तं जहा-

१. पाओसिया चेव,

२. पारियावणिया चेव।

१. पाओसिया किरिया दुविहा पण्णत्ता, तं जहा-

१. जीवपाओसिया चेव,

२. अजीवपाओसिया चेव।

- ठाणं अ. २, उ. २, सु. ५०/१-८

प. पाओसिया णं भंते ! किरिया कइविहा पण्णत्ता ?

उ. गोयमा ! तिविहा पण्णत्ता, तं जहा-

१. जे णं अप्पणो वा, २. परस्स वा, ३. तदुभयस्स वा असुभं मणं पहारेइ।

***से त्तं पाओसिया किरिया।***

- पण्ण. प. २२, सु. १५७०

**૫. વિવિધ અપેક્ષાઓથી ક્રિયાઓનાં ભેદ-પ્રભેદ :**

ક્રિયા બે પ્રકારની કહી છે, જેમકે -

૧. જીવ ક્રિયા, ૨. અજીવ ક્રિયા.

૧. જીવ ક્રિયા બે પ્રકારની કહી છે, જેમકે -

૧. સમ્યક્ત્વ ક્રિયા, ૨. મિથ્યાત્વક્રિયા.

૨. અજીવક્રિયા બે પ્રકારની કહી છે, જેમકે -

૧. ઈર્યાપથિકી (કષાયમુક્તની ક્રિયા),

૨. સાંપરાયિકી (કષાયયુક્તની ક્રિયા).

ક્રિયા બે પ્રકારની કહી છે, જેમકે -

૧. કાયિકી (કાયાથી થનારી) ક્રિયા,

૨. આધિકરણિકી (શસ્ત્રાદિથી થનારી) ક્રિયા.

૧. કાયિકી ક્રિયા બે પ્રકારની કહી છે, જેમકે -

૧. અનુપરતકાય ક્રિયા (વિરતિ રહિત વ્યક્તિની ક્રિયા),

૨. દુષ્પ્રયુક્તકાય ક્રિયા (વિષયાસક્તની ક્રિયા).

૨. આધિકરણીકી ક્રિયા બે પ્રકારની કહી છે, જેમકે -

૧. સંયોજનાધિકરણિકી (શસ્ત્ર જોડવાની ક્રિયા),

૨. નિર્વર્તનાધિકરણિકી (શસ્ત્ર-નિર્માણની ક્રિયા).

ક્રિયા બે પ્રકારની કહી છે, જેમકે -

૧. પ્રાદ્વેષિકી (ઈર્ષ્યા કરવાની ક્રિયા),

૨. પારિતાપનિકી (પરિતાપ આપવાની ક્રિયા).

૧. પ્રાદ્વેષિકી ક્રિયા બે પ્રકારની કહી છે, જેમકે -

૧. જીવ પ્રાદ્વેષિકી (જીવનાં પ્રતિ ઈર્ષ્યાભાવ),

૨. અજીવ પ્રાદ્વેષિકી (અજીવનાં પ્રતિ ઈર્ષ્યાભાવ).

પ્ર. ભંતે ! પ્રાદ્વેષિકી (દ્વેષ ઉત્પન્ન કરનારી) ક્રિયા કેટલા પ્રકારની કહી છે ?

ઉ. ગૌતમ ! ત્રણ પ્રકારની કહી છે, જેમકે -

૧. સ્વ (પોતાનું), ૨. પર (અન્યનું), ૩. ઉભય (બંનેનું) જેનાથી મન અશુભ પરિણત થઈ જાય છે.

***આ પ્રાદ્વેષિકી ક્રિયાનું વર્ણન છે.***

१. (क) पण्ण. प. २२, सु. १५६८-१५६९ (ख) विया. स. ३, उ. ३, सु. २-४

जैन सार्थ JAINSITE जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

पारियावणिया किरिया दुविहा पण्णत्ता, तं जहा-

१. सहत्थपारियावणिया चेव,

२. परहत्थपारियावणिया चेव[1]।

- ठाणं. अ. २, उ. २, सु. ५०/९

प. पारियावणिया णं भंते ! किरिया कइविहा पण्णत्ता ?

उ. गोयमा ! तिविहा पण्णत्ता, तं जहा-

१. जे णं अप्पणो वा, २. परस्स वा, ३. तदुभयस्स वा असायं वेयणं उदीरेइ।

***से त्तं पारियावणिया किरिया।***

- पण्ण. प. २२, सु. १५७१

दो किरियाओ पण्णत्ताओ, तं जहा-

१. पाणाइवाय किरिया चेव,

२. अपच्चक्खाणकिरिया चेव।

१. पाणाइवायकिरिया दुविहा पण्णत्ता, तं जहा-

१. सहत्थपाणाइवायकिरिया चेव,

२. परहत्थपाणाइवायकिरिया चेव[2]।

- ठाणं अ. २, उ. २, सु. ५०/१०-११

प. पाणाइवायकिरिया णं भंते ! कइविहा पण्णत्ता ?

उ. गोयमा ! तिविहा पण्णत्ता, तं जहा-

१. जे णं अप्पाणं वा, २. परं वा, ३. तदुभयं वा जीवियाओ ववरोवेइ।

***से त्तं पाणाइवाय किरिया।***

- पण्ण. प. २२, सु. १५७२

२. अपच्चक्खाणकिरिया दुविहा पण्णत्ता, तं जहा-

१. जीव अपच्चक्खाणकिरिया चेव,

२. अजीव अपच्चक्खाणकिरिया चेव।

दो किरियाओ पण्णत्ताओ, तं जहा-

પારિતાપનિકી ક્રિયા બે પ્રકારની કહી છે, જેમકે -

૧. સ્વહસ્તપારિતાપનિકી (પોતાના હાથથી કષ્ટ આપવાની ક્રિયા),

૨. પરહસ્ત પારિતાપનિકી (બીજાનાં હાથથી કષ્ટ અપાવવાની ક્રિયા).

પ્ર. ભંતે ! પારિતાપનિકી (પરિતાપ આપનારી) ક્રિયા કેટલા પ્રકારની કહી છે ?

ઉ. ગૌતમ ! ત્રણ પ્રકારની કહી છે, જેમકે -

૧. સ્વ, ૨. પર, ૩. ઉભય, જેનાથી દુઃખ ઉત્પન્ન થઈ જાય છે.

***આ પારિતાપનિકી ક્રિયાનું વર્ણન છે.***

ક્રિયા બે પ્રકારની કહી છે, જેમકે -

૧. પ્રાણાતિપાત ક્રિયા (જીવ વધથી થનારી ક્રિયા),

૨. અપ્રત્યાખ્યાન ક્રિયા (અવિરતિથી થનારી ક્રિયા).

૧. પ્રાણાતિપાત ક્રિયા બે પ્રકારની કહી છે, જેમકે -

૧. સ્વહસ્ત પ્રાણાતિપાત ક્રિયા (પોતાના હાથથી મારવાથી થનારી ક્રિયા),

૨. પરહસ્ત પ્રાણાતિપાત ક્રિયા (બીજાનાં હાથથી મરાવવાથી થનારી ક્રિયા).

પ્ર. ભંતે ! પ્રાણાતિપાત (જીવ સમાપ્ત કરનારી) ક્રિયા કેટલા પ્રકારની કહી છે ?

ઉ. ગૌતમ ! ત્રણ પ્રકારની કહી છે, જેમકે -

૧. સ્વ, ૨. પર, ૩. ઉભયનું જેનાથી જીવ નષ્ટ કરી શકાય.

***આ પ્રાણાતિપાત ક્રિયાનું વર્ણન છે.***

૨. અપ્રત્યાખ્યાનક્રિયા બે પ્રકારની કહી છે, જેમકે -

૧. જીવ અપ્રત્યાખ્યાન ક્રિયા (જીવ સંબંધી અવિરતિથી થનારી ક્રિયા),

૨. અજીવ અપ્રત્યાખ્યાન ક્રિયા (અજીવ સંબંધી અવિરતિથી થનારી ક્રિયા).

ક્રિયા બે પ્રકારની કહી છે, જેમકે -

१. विया. स. ३, उ. ३, सु. ५-६

२. विया. स. ३, उ. ३, सु. ७

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

१. आरंभिया चेव,
१. આરંભિકી ક્રિયા (પાપાર્જનની ક્રિયા),

२. पारिग्गहिया चेव।
२. પારિગ્રહીકી ક્રિયા (પરિગ્રહથી થનારી ક્રિયા).

१. आरंभिया किरिया दुविहा पण्णत्ता, तं जहा-
૧. આરંભિકી ક્રિયા બે પ્રકારની કહી છે, જેમકે -

१. जीवआरंभिया चेव,
૧. જીવ આરંભિકી ક્રિયા (જીવ મારવાની ક્રિયા)

२. अजीवआरंभिया चेव।
૨. અજીવ આરંભિકી ક્રિયા (અચેતન પદાર્થોને તોડવાની ક્રિયા)

२. पारिग्गहिया किरिया दुविहा पण्णत्ता, तं जहा-
૨. પારિગ્રહીકી ક્રિયા બે પ્રકારની કહી છે, જેમકે -

१. जीवपारिग्गहिया चेव,
૧. જીવ પારિગ્રહીકી ક્રિયા (સજીવ પદાર્થોના પ્રતિ મૂર્ચ્છાથી),

२. अजीवपारिग्गहिया चेव।
૨. અજીવ પારિગ્રહીકી ક્રિયા (અજીવ પદાર્થોનાં પ્રતિ મૂર્ચ્છાથી).

दो किरियाओ पण्णत्ताओ, तं जहा-
ક્રિયા બે પ્રકારની કહી છે, જેમકે -

१. मायावत्तिया चेव,
૧. માયા પ્રત્યયા (કપટથી કરનારી ક્રિયા),

२. मिच्छादंसणवत्तिया चेव।
૨. મિથ્યા દર્શન પ્રત્યયા (જુઠી શ્રદ્ધાથી કરનારી ક્રિયા).

१. मायावत्तिया किरिया दुविहा पण्णत्ता, तं जहा-
૧. માયા પ્રત્યયા ક્રિયા બે પ્રકારની કહી છે, જેમકે -

१. आयभाववंकणया चेव,
૧. આત્મભાવ-વંચના (પોતાની મોટાઈ બતાવનારી ક્રિયા),

२. परभाववंकणया चेव।
૨. પરભાવ-વંચના (બીજાને ઠગવાની ક્રિયા).

२. मिच्छादंसणवत्तिया किरिया दुविहा पण्णत्ता, तं जहा-
૨. મિથ્યા દર્શન પ્રત્યયા ક્રિયા બે પ્રકારની કહી છે, જેમકે -

१. ऊणाइरित्तमिच्छादंसणवत्तिया चेव,
૧. ઉનાતિરિક્ત મિથ્યાદર્શન પ્રત્યયા. (તત્વોનું ન્યૂનાધિક સ્વરુપ કહેવાની) ક્રિયા,

२. तव्वइरित्तमिच्छादंसणवत्तिया चेव।
૨. તદ્- વ્યતિરિક્ત મિથ્યાદર્શન પ્રત્યયા (તત્વોનું વિપરીત સ્વરૂપ કહેવાની ક્રિયા).

दो किरियाओ पण्णत्ताओ, तं जहा-
ક્રિયા બે પ્રકારની કહી છે, જેમકે -

१. दिट्ठिया चेव,
૧. દષ્ટિજા (રાગભાવથી જોવાની ક્રિયા),

२. पुट्ठिया चेव।
૨. સ્પૃષ્ટિજા (રાગભાવથી સ્પર્શ કરવાની ક્રિયા).

१. दिट्ठिया किरिया दुविहा पण्णत्ता, तं जहा-
૧. દષ્ટિજા ક્રિયા બે પ્રકારની કહી છે. જેમકે -

१. जीवदिट्ठिया चेव,
૧. જીવ દષ્ટિજા (રાગભાવથી સજીવ પદાર્થોને જોવાની ક્રિયા),

२. अजीवदिट्ठिया चेव।
૨. અજીવ દષ્ટિજા (રાગભાવથી અજીવ પદાર્થોને જોવાની ક્રિયા).

२. पुट्ठिया किरिया दुविहा पण्णत्ता, तं जहा-
૨. સ્પૃષ્ટિજા ક્રિયા બે પ્રકારની કહી છે. જેમકે -

१. जीवपुट्ठिया चेव,
૧. જીવ સ્પૃષ્ટિજા (રાગભાવથી સજીવ પદાર્થોને સ્પર્શ કરવાની ક્રિયા),

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

२. अजीवपुट्ठिया चेव ।

૨. અજીવ સ્પૃષ્ટિજા (રાગભાવથી અજીવ પદાર્થોને સ્પર્શ કરવાની ક્રિયા).

दो किरियाओ पण्णत्ताओ, तं जहा-

ક્રિયા બે પ્રકારની કહી છે, જેમકે -

१. पाडुच्चिया चेव,

૧. પ્રાતીત્યિકી (બાહ્ય પદાર્થોથી કરનારી ક્રિયા),

२. सामन्तोवणिवाइया चेव ।

૨. સામન્તોપનિપાતિકી (પ્રશંસા સાંભળવાથી થનારી ક્રિયા).

१. पाडुच्चिया किरिया दुविहा पण्णत्ता, तं जहा-

૧. પ્રાતીત્યિકી ક્રિયા બે પ્રકારની કહી છે, જેમકે -

१. जीवपाडुच्चिया चेव,

૧. જીવ પ્રાતીત્યિકી (જીવનાં નિમિત્તથી થનારી ક્રિયા),

२. अजीवपाडुच्चिया चेव ।

૨. અજીવ પ્રાતીત્યિકી (અજીવનાં નિમિત્તથી થનારી ક્રિયા).

२. सामन्तोवणिवाइया किरिया दुविहा पण्णत्ता, तं जहा-

૨. સામન્તોપનિપાતિકી ક્રિયા બે પ્રકારની કહી છે, જેમકે -

१. जीवसामन्तोवणिवाइया चेव,

૧. જીવ સામન્તોપનિપાતિકી ક્રિયા (પોતાના સજીવ પદાર્થોની પ્રશંસા),

२. अजीवसामन्तोवणिवाइया चेव ।

૨. અજીવ સામન્તોપનિપાતિકી ક્રિયા (પોતાના અજીવ પદાર્થોની પ્રશંસા સાંભળીને થનારી ક્રિયા).

दो किरियाओ पण्णत्ताओ, तं जहा-

ક્રિયા બે પ્રકારની કહી છે, જેમકે -

१. साहत्थिया चेव,

૧. સ્વહસ્તિકી ક્રિયા (પોતાના હાથથી થનારી ક્રિયા),

२. णेसत्थिया चेव ।

૨. નૈસૃષ્ટિકી (કોઈ વસ્તુનાં ફેંકવાથી થનારી ક્રિયા).

१. साहत्थिया किरिया दुविहा पण्णत्ता, तं जहा-

૧. સ્વહસ્તિકી ક્રિયા બે પ્રકારની કહી છે, જેમકે -

१. जीवसाहत्थिया चेव,

૧. જીવ સ્વહસ્તિકી ક્રિયા (પોતાના હાથમાં રહેલ જીવથી બીજા જીવને મારવાની ક્રિયા),

२. अजीवसाहत्थिया चेव ।

૨. અજીવ સ્વહસ્તિકી ક્રિયા (પોતાના હાથમાં રહેલ શસ્ત્રથી બીજા જીવને મારવાની ક્રિયા).

२. णेसत्थिया किरिया दुविहा पण्णत्ता, तं जहा-

૨. નૈસૃષ્ટિકી ક્રિયા બે પ્રકારની કહી છે, જેમકે -

१. जीवणेसत्थिया चेव,

૧. જીવ નૈસૃષ્ટિકી (જીવને ફેંકવાથી થનારી ક્રિયા),

२. अजीवणेसत्थिया चेव ।

૨. અજીવ નૈસૃષ્ટિકી (અજીવને ફેંકવાથી થનારી ક્રિયા).

दो किरियाओ पण्णत्ताओ, तं जहा-

ક્રિયા બે પ્રકારની કહી છે, જેમકે -

१. आणवणिया चेव,

૧. આજ્ઞાપની (આજ્ઞા આપવાથી થનારી ક્રિયા),

२. वेयारणिया चेव ।

૨. વૈદારિણી (પદાર્થોને છિન્ન-ભિન્ન કરવાની ક્રિયા).

१. आणवणिया किरिया दुविहा पण्णत्ता, तं जहा-

૧. આજ્ઞાપની ક્રિયા બે પ્રકારની કહી છે, જેમકે -

१. जीवआणवणिया चेव,

૧. જીવ-આજ્ઞાપની (અન્ય વ્યક્તિઓને આજ્ઞા આપવાની ક્રિયા),

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | |
|---|---|
| २. अजीवआणवणिया चेव । | ૨. અજીવ-આજ્ઞાપની (અજીવ પદાર્થોનાં સંબંધમાં આજ્ઞા આપવાની ક્રિયા). |
| २. वेयारणिया किरिया दुविहा पण्णत्ता, तं जहा- | ૨. વૈદારિણી ક્રિયા બે પ્રકારની કહી છે, જેમકે - |
| १. जीववेयारणिया चेव, | ૧. જીવ-વૈદારિણી (જીવોને છિન્ન-ભિન્ન કરવાની ક્રિયા), |
| २. अजीववेयारणिया चेव । | ૨. અજીવ-વૈદારિણી (અજીવોને છિન્ન-ભિન્ન કરવાની ક્રિયા). |
| दो किरियाओ पण्णत्ताओ, तं जहा- | ક્રિયા બે પ્રકારની કહી છે, જેમકે - |
| १. अणाभोगवत्तिया चेव, | ૧. અનાભોગ પ્રત્યયા. (અસાવધાનીથી થનારી ક્રિયા), |
| २. अणवकंखवत्तिया चेव । | ૨. અનવકાંક્ષા પ્રત્યયા (પરિણામ વિચાર્યા વગર થનારી ક્રિયા). |
| १. अणाभोगवत्तिया किरिया दुविहा पण्णत्ता, तं जहा- | ૧. અનાભોગ પ્રત્યયા ક્રિયા બે પ્રકારની કહી છે, જેમકે - |
| १. अणाउत्तआइयणया चेव, | ૧. અનાયુક્ત-આદાનતા (અસાવધાનીથી વસ્ત્ર આદિ લેવાની ક્રિયા), |
| २. अणाउत्तपमज्जणया चेव । | ૨. અનાયુક્ત પ્રમાર્જનતા (અસાવધાનીથી પાત્રઆદિનાં પ્રતિલેખનની ક્રિયા). |
| २. अणवकंखवत्तिया किरिया दुविहा पण्णत्ता, तं जहा- | ૨. અનવકાંક્ષાપ્રત્યયા ક્રિયા બે પ્રકારની કહી છે, જેમકે - |
| १. आयसरीरअणवकंखवत्तिया चेव, | ૧. આત્મ શરીર અનવકાંક્ષા પ્રત્યયા (સ્વશરીરની અપેક્ષા ન રાખતા થનારી ક્રિયા), |
| २. परसरीरअणवकंखवत्तिया चेव । | ૨. પર-શરીર અનવકાંક્ષા પ્રત્યયા (બીજાનાં શરીરની અપેક્ષા ન રાખતા થનારી ક્રિયા). |
| दो किरियाओ पण्णत्ताओ, तं जहा- | ક્રિયા બે પ્રકારની કહી છે, જેમકે - |
| १. पेज्जवत्तिया चेव, | ૧. પ્રેય : પ્રત્યયા (રાગભાવથી થનારી ક્રિયા), |
| २. दोसवत्तिया चेव । | ૨. દ્વેષ પ્રત્યયા (દ્વેષ ભાવથી થનારી ક્રિયા). |
| १. पेज्जवत्तिया किरिया दुविहा पण्णत्ता, तं जहा- | ૧. પ્રેય : પ્રત્યયા ક્રિયા બે પ્રકારની કહી છે, જેમકે - |
| १. मायावत्तिया चेव, | ૧. માયા પ્રત્યયા (રાગભાવથી કપટ કરીને કરનારી ક્રિયા), |
| २. लोहवत्तिया चेव । | ૨. લોભ પ્રત્યયા (રાગભાવથી લોભ કરીને કરનારી ક્રિયા). |
| २. दोसवत्तिया किरिया दुविहा पण्णत्ता, तं जहा- | ૨. દ્વેષ પ્રત્યયા ક્રિયા બે પ્રકારની કહી છે, જેમકે - |
| १. कोहे चेव, | ૧. ક્રોધ પ્રત્યયા (ક્રોધથી કરનારી ક્રિયા), |
| २. माणे चेव । | ૨. માન પ્રત્યયા (માનથી કરનારી ક્રિયા). |

- ठाणं. अ. २, उ. १, सु. ५०/१३-३६

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्

६. **काइयाइ पंच किरियाओ-**

तेणं कालेणं तेणं समएणं **-जाव-** अंतेवासी मंडियपुत्ते णामं अणगारे पगइभद्दए **-जाव-** पज्जुवासमाणे एवं वयासी-

प. कइ णं भंते ! किरियाओ पण्णत्ताओ ?

उ. मंडियपुत्ता ! पंचकिरियाओ पण्णत्ताओ, तं जहा-

१. काइया, २. अहिगरणिया, ३. पाओसिया, ४. पारियावणिया, ५. पाणाइवायकिरिया[1]।

- विया. स. ३, उ. १, सु. १-२

६. **કાયિકી આદિ પાંચ ક્રિયાઓ :**

તે કાળ અને તે સમયમાં ભગવાનનાં અંતેવાસી શિષ્ય પ્રકૃતિભદ્ર મંડિતપુત્ર નામક અણગારને **-યાવત્-** પર્યુપાસના કરતાં આ પ્રમાણે પૂછ્યું :

પ્ર. ભંતે ! ક્રિયાઓ કેટલી કહી છે ?

ઉ. મંડિતપુત્ર ! પાંચ ક્રિયાઓ કહી છે, જેમકે -

૧. કાયિકી, ૨. આધિકરણીકી, ૩. પ્રાદ્વેષિકી, ૪. પારિતાપનિકી, ૫. પ્રાણાતિપાત ક્રિયા.

७. **चउवीसदंडएसु काइयाइ पंच किरियाओ-**

प. **दं. १.** नेरइया णं भंते ! कइ किरियाओ पण्णत्ताओ ?

उ. गोयमा ! पंच किरियाओ पण्णत्ताओ, तं जहा-

१. काइया **-जाव-** ५. पाणाइवायकिरिया।

दं. **२-२४. *एवं -जाव- वेमाणियाणं।***

- पण्ण. प. २२, सु. १६०६

૭. **ચોવીસ દંડકોમાં કાયિકી આદિ પાંચ ક્રિયાઓ :**

પ્ર. **દં.૧.** ભંતે ! નારકોમાં કેટલી ક્રિયાઓ કહી છે ?

ઉ. ગૌતમ ! પાંચ ક્રિયાઓ કહી છે, જેમકે -

૧. કાયિકી **-યાવત્-** ૫. પ્રાણતિપાતક્રિયા.

**દં.૨-૨૪. *આ પ્રમાણે વૈમાનિકો સુધી પાંચ ક્રિયાઓ જાણવી જોઈએ.***

८. **जीवेसु काइयाइ किरियाणं पुट्ठापुट्ठभाव परूवणं-**

प. जीवे णं भंते ! जं समयं काइयाए आहिगरणियाए पाओसियाए किरियाए पुट्ठे तं समयं पारियावणियाए किरियाए पुट्ठे पाणाइवायकिरियाए पुट्ठे ?

उ. १. गोयमा ! अत्थेगइए जीवे एगइयाओ जीवाओ जं समयं काइयाए आहिगरणियाए पाओसियाए किरियाए पुट्ठे तं समयं पारियावणियाए किरियाए पुट्ठे, पाणाइवाय किरियाए पुट्ठे।

२. अत्थेगइए जीवे एगइयाओ जीवाओ जं समयं काइयाए आहिगरणियाए पाओसियाए किरियाए पुट्ठे तं समयं पारियावणियाए किरियाए पुट्ठे, पाणाइवायकिरियाए अपुट्ठे।

३. अत्थेगइए जीवे एगइयाओ जीवाओ जं समयं काइयाए आहिगरणियाए पाओसियाए किरियाए पुट्ठे तं समयं पारियावणियाए किरियाए अपुट्ठे, पाणाइवायकिरियाए अपुट्ठे।

૮. **જીવોમાં કાયિકી આદિ ક્રિયાઓનાં સ્પૃષ્ટા-સ્પૃષ્ટ ભાવનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! જે સમયે જીવ કાયિકી, આધિકરણીકી અને પ્રાદ્વેષિકી ક્રિયાથી સ્પૃષ્ટ થાય છે, શું તે સમયે પારિતાપનિકી ક્રિયાથી સ્પૃષ્ટ થાય છે કે પ્રાણાતિપાતની ક્રિયાથી સ્પૃષ્ટ થાય છે ?

ઉ. ૧. ગૌતમ ! કોઈ જીવ, એક જીવની અપેક્ષાથી જે સમયે કાયિકી, આધિકરણીકી અને પ્રાદ્વેષિકી ક્રિયાથી સ્પૃષ્ટ થાય છે, તે સમયે પારિતાપનિકી ક્રિયાથી પણ સ્પૃષ્ટ થાય છે અને પ્રાણાતિપાતની ક્રિયાથી પણ સ્પૃષ્ટ થાય છે.

૨. કોઈ જીવ, એક જીવની અપેક્ષાથી જે સમયે કાયિકી, આધિકરણીકી અને પ્રાદ્વેષિકી ક્રિયાથી સ્પૃષ્ટ થાય છે, તે સમયે પારિતાપનિકી ક્રિયાથી સ્પૃષ્ટ થાય છે. પરંતુ પ્રાણાતિપાતની ક્રિયાથી સ્પૃષ્ટ થતા નથી.

૩. કોઈ જીવ, એક જીવની અપેક્ષાથી જે સમયે કાયિકી, આધિકરણીકી અને પ્રાદ્વેષિકી ક્રિયાથી સ્પૃષ્ટ થાય છે, તે સમયે પારિતાપનિકી ક્રિયાથી અસ્પૃષ્ટ થાય છે અને પ્રાણાતિપાતની ક્રિયાથી પણ અસ્પૃષ્ટ થાય છે.

---

१. (क) आव. अ. ४, सु. २४ (ख) ठाणं. अ. ५, उ. २, सु. ४१९ (ग) विया. स. ८, उ. ४, सु. २ (घ) पण्ण. प. २२, सु. १५६७ (ङ) सम. स. ५, सु. १ (च) पण्ण. २२, सु. १६०५

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

४. अत्थेगइए जीवे एगइयाओ जीवाओ जं समयं काइयाए आहिगरणियाए पाओसियाए किरियाए अपुट्ठे तं समयं पारियावणियाए किरियाए अपुट्ठे, पाणाइवायकिरियाए अपुट्ठे ।

- पण्ण. प. २२, सु. १६२०

४. કોઈ જીવ, એક જીવની અપેક્ષાથી જે સમયે કાયિકી, આધિકરણીકી અને પ્રાદ્વેષિકી ક્રિયાથી અસ્પૃષ્ટ થાય છે, તે સમયે પારિતાપનીકી ક્રિયાથી પણ અસ્પૃષ્ટ થાય છે અને પ્રાણાતિપાતની ક્રિયાથી પણ અસ્પૃષ્ટ થાય છે.

**९. जीव-चउवीसदंडएसु काइयाइ पंचकिरियाणं परोप्पर-सहभावो -**

प. जस्स णं भंते ! जीवस्स काइया किरिया कज्जइ तस्स आहिगरणिया किरिया कज्जइ ? जस्स आहिगरणिया किरिया कज्जइ तस्स काइया किरिया कज्जइ ?

उ. गोयमा ! जस्स णं जीवस्स काइया किरिया कज्जइ,
तस्स आहिगरणी णियमा कज्जइ,
जस्स आहिगरणी किरिया कज्जइ,
तस्स वि काइया किरिया णियमा कज्जइ ।

प. जस्स णं भंते ! जीवस्स काइया किरिया कज्जइ,
तस्स पाओसिया किरिया कज्जइ ?
जस्स पाओसिया किरिया कज्जइ,
तस्स काइया किरिया कज्जइ ?

उ. गोयमा ! **एवं चेव** ।

प. जस्स णं भंते ! जीवस्स काइया किरिया कज्जइ ,
तस्स पारियावणिया किरिया कज्जइ ?
जस्स पारियावणिया किरिया कज्जइ,
तस्स काइया किरिया कज्जइ ?

उ. गोयमा ! जस्स णं जीवस्स काइया किरिया कज्जइ,
तस्स पारियावणिया किरिया सिय कज्जइ, सिय णो कज्जइ,
जस्स पुण पारियावणिया किरिया कज्जइ,
तस्स काइया किरिया णियमा कज्जइ ।

***एवं पाणाइवायकिरिया वि ।***

***एवं आदिल्लाओ परोप्परं णियमा तिण्णि कज्जंति ।***

जस्स आदिल्लाओ तिण्णि कज्जंति,
तस्स उवरिल्लाओ दोण्णि सिय कज्जंति, सिय णो कज्जंति,

**૯. જીવ ચોવીસ દંડકોમાં કાયિકાદિ પાંચ ક્રિયાઓનું પરસ્પર સહભાવ :**

પ્ર. ભંતે ! જે જીવને કાયિકી ક્રિયા હોય છે, શું તેને આધિકરણીકી ક્રિયા હોય છે ? જે જીવને આધિકરણીકી ક્રિયા હોય છે, શું તેને કાયિકી ક્રિયા હોય છે ?

ઉ. ગૌતમ ! જે જીવને કાયિકી ક્રિયા હોય છે,
તેના નિયમથી આધિકરણીકી ક્રિયા હોય છે,
જેને આધિકરણીકી ક્રિયા હોય છે,
તેને પણ નિયમથી કાયિકી ક્રિયા હોય છે.

પ્ર. ભંતે ! જે જીવને કાયિકી ક્રિયા હોય છે,
શું તેને પ્રાદ્વેષિકી ક્રિયા હોય છે,
જેને પ્રાદ્વેષિકી ક્રિયા હોય છે,
શું તેને કાયિકી ક્રિયા હોય છે ?

ઉ. ગૌતમ ! **પૂર્વવત્ (નિયમથી થાય) જાણવું જોઈએ.**

પ્ર. ભંતે ! જે જીવને કાયિકી ક્રિયા હોય છે
શું તેને પારિતાપનિકી ક્રિયા હોય છે ?
જેને પારિતાપનિકી ક્રિયા હોય છે
શું તેને કાયિકી ક્રિયા હોય છે ?

ઉ. ગૌતમ ! જે જીવને કાયિકી ક્રિયા હોય છે,
તેને પારિતાપનિકી ક્રિયા ક્યારેક હોય છે અને ક્યારેક હોતી નથી,
પરંતુ જેને પારિતાપનિકી ક્રિયા હોય છે,
તેને કાયિકી ક્રિયા નિશ્ચિત હોય છે.

***આ પ્રમાણે પ્રાણાતિપાત ક્રિયાનું સહભાવ કહેવું જોઈએ.***

***આ પ્રમાણે પ્રારંભની ત્રણ ક્રિયાઓનું પરસ્પર સહભાવ નિયમથી થાય છે.***

જેના પ્રારંભની ત્રણ ક્રિયાઓ હોય છે,
તેના આગળની બે ક્રિયાઓ ક્યારેક હોય છે અને ક્યારેક હોતી નથી,

जैन साहित्य JAINSITE जैनम् जयति शासनम्

जस्स उवरिल्लाओ दोण्णि कज्जंति,
तस्स आइल्लाओ तिण्णि णियमा कज्जंति ।

प. जस्स णं भंते ! जीवस्स पारियावणिया किरिया कज्जइ,
तस्स पाणाइवायकिरिया कज्जइ ?
जस्स पाणाइवायकिरिया कज्जइ,
तस्स पारियावणिया किरिया कज्जइ ?

उ. गोयमा ! जस्स णं जीवस्स पारियावणिया किरिया कज्जइ,
तस्स पाणाइवायकिरिया सिय कज्जइ, सिय णो कज्जइ,
जस्स पुण पाणाइवायकिरिया कज्जइ,
तस्स पारियावणिया किरिया णियमा कज्जइ ।

प. जस्स णं भंते ! णेरइयस्स काइया किरिया कज्जइ,
तस्स आहिगरणिया किरिया कज्जइ ?

उ. गोयमा ! ***जहेव जीवस्स तहेव णेरइयस्स वि ।***

***एवं णिरंतरं -जाव- वेमाणियस्स ।***

प. जं समयं णं भंते ! जीवस्स काइया किरिया कज्जइ,
तं समयं आहिगरणिया किरिया कज्जइ,
जं समयं आहिगरणिया किरिया कज्जइ,
तं समयं काइया किरिया कज्जइ ?

उ. गोयमा ! ***एवं जहेव आइल्लाओ दंडओ भणिओ तहेव भाणियव्वो -जाव- वेमाणियस्स ।***

प. जं देसं णं भंते ! जीवस्स काइया किरिया कज्जइ,
तं देसं णं आहिगरणिया किरिया कज्जइ ?

उ. गोयमा ! ***एवं जहेव आइल्लाओ दंडओ भणिओ तहेव -जाव- वेमाणियस्स ।***

प. जं पएसं णं भंते ! जीवस्स काइया किरिया कज्जइ,
तं पएसं आहिगरणिया किरिया कज्जइ ?

उ. गोयमा ! ***एवं जहेव आइल्लाओ दंडओ भणिओ तहेव -जाव- वेमाणियस्स ।***

જેના આગળની બે ક્રિયાઓ હોય છે,
તેના પ્રારંભની ત્રણ ક્રિયાઓ હોય છે.

પ્ર. ભંતે ! જે જીવનાં પારિતાપનીકી ક્રિયા હોય છે
શું તેને પ્રાણાતિપાત ક્રિયા હોય છે ?
જેના પ્રાણાતિપાત ક્રિયા હોય છે
શું તેને પારિતાપનિકી ક્રિયા હોય છે ?

ઉ. ગૌતમ ! જે જીવને પારિતાપનીકી ક્રિયા હોય છે,
તેને પ્રાણાતિપાત ક્રિયા ક્યારેક હોય છે અને ક્યારેક હોતી નથી,
પરંતુ જે જીવને પ્રાણાતિપાત ક્રિયા હોય છે,
તેને પારિતાપનિકી ક્રિયા નિશ્ચિત હોય છે.

પ્ર. ભંતે ! જે નૈરયિકની કાયિકી ક્રિયા હોય છે
શું તેને આધિકરણીકી ક્રિયા હોય છે ?

ઉ. ગૌતમ ! ***જે પ્રમાણે સામાન્ય જીવોનું વર્ણન છે તે પ્રમાણે નૈરયિકોનાં સંબંધમાં પણ સમજી લેવું જોઈએ.***

***આ પ્રમાણે નિરંતર વૈમાનિક સુધી (ક્રિયાઓનું પરસ્પર સહભાવ) કહેવું જોઈએ.***

પ્ર. ભંતે ! જે સમયે જીવ કાયિકી ક્રિયા કરે છે
શું તે સમયે આધિકરણીકી ક્રિયા કરે છે,
જે સમયે આધિકરણીકી ક્રિયા કરે છે
શું તે સમયે કાયિકી ક્રિયા કરે છે ?

ઉ. ગૌતમ ! ***જે પ્રમાણે ક્રિયાઓના પ્રારંભિક દંડક કહ્યા છે તે પ્રમાણે અહીં પણ વૈમાનિક સુધી કહેવું જોઈએ.***

પ્ર. ભંતે ! જે દેશમાં જીવ કાયિકી ક્રિયા કરે છે
શું તેજ દેશમાં આધિકરણીકી ક્રિયા કરે છે ?

ઉ. ગૌતમ ! ***જે પ્રમાણે ક્રિયાઓનાં પ્રારંભિક દંડક કહ્યા છે તે પ્રમાણે વૈમાનિક સુધી અહીં પણ કહેવા જોઈએ.***

પ્ર. ભંતે ! જે પ્રદેશમાં જીવકાયિકી ક્રિયા કરે છે શું તેજ પ્રદેશમાં આધિકરણીકી ક્રિયા કરે છે ?

ઉ. ગૌતમ ! ***જે પ્રમાણે ક્રિયાઓનાં પ્રારંભિક દંડક કહ્યા છે તે પ્રમાણે વૈમાનિક સુધી અહીં પણ કહેવા જોઈએ.***

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

एवं एए-१. जस्स २. जं समयं,
३. जं देसं, ४. जं पएसं णं चत्तारि दंडगा होंति।
- पण्ण. प. २२, सु. १६०७-१६१६

આ પ્રમાણે (૧) જે જીવનાં (૨) જે સમયમાં (૩) જે દેશમાં (૪) જે પ્રદેશમાં આ ચાર દંડક હોય છે.

**१०. चउवीसदंडएसु आओजिया किरियाणं परूवणं-**

प. कइ णं भंते ! आओजिया किरियाओ पण्णत्ताओ ?

उ. गोयमा ! पंच आओजिया किरियाओ पण्णत्ताओ, तं जहा-

१. काइया -जाव- ५. पाणाइवायकिरिया।

दं. *१-२४. एवं नेरइयाणं -जाव- वेमाणियाणं।*

प. जस्स णं भंते ! जीवस्स काइया आओजिया किरिया अत्थि,

तस्स आहिगरणिया आओजिया किरिया अत्थि,

जस्स आहिगरणिया आओजिया किरिया अत्थि,

तस्स काइया आओजिया किरिया अत्थि ?

उ. गोयमा ! *एवं एएणं अभिलावेणं ते चेव चत्तारि दंडगा भाणियव्वा,* तं जहा-

१. जस्स, २. जं समय, ३. जं देसं, ४. जं पदेसं।

दं. *१-२४. एवं णेरइयाणं -जाव- वेमाणियाणं।*
- पण्ण. प. २२, सु. १६१७-१६१९

**૧૦. ચોવીસ દંડકોમાં આયોજીકા ક્રિયાઓનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! આયોજીકા (જીવને સંસારથી જોડનારી) ક્રિયાઓ કેટલી કહી છે ?

ઉ. ગૌતમ ! આયોજીકા ક્રિયાઓ પાંચ કહી છે, જેમકે -

૧. કાયિકી -યાવત્- ૫. પ્રાણાતિપાત ક્રિયા.

*દં. ૧-૨૪. આ પ્રમાણે નૈરયિકોથી વૈમાનિકો સુધી પાંચે ક્રિયાઓનું વર્ણન કરવું જોઈએ.*

પ્ર. ભંતે ! જે જીવને કાયિકી આયોજીકા ક્રિયા છે

શું તેને આધિકરણીકી આયોજીકા ક્રિયા છે ?

જેને આધિકરણીકી આયોજીકા ક્રિયા છે

શું તેને કાયિકી આયોજીકા ક્રિયા છે ?

ઉ. ગૌતમ ! *આ પ્રમાણે આ આલાપકોથી તે ચાર દંડકોનું વર્ણન કરવું જોઈએ. જેમકે -*

૧. જે જીવનાં, ૨. જે સમયે, ૩. જે દેશમાં અને ૪. જે પ્રદેશમાં.

*દં. ૧-૨૪. આ પ્રમાણે નૈરયિકોથી વૈમાનિકો સુધી કહેવું જોઈએ.*

**११. आरंभियाइ पंच किरियाओ -**

प. कइ णं भंते ! किरियाओ पण्णत्ताओ ?

उ. गोयमा ! पंच किरियाओ पण्णत्ताओ, तं जहा-

१. आरंभिया २. पारिग्गहिया ३. मायावत्तिया
४. अपच्चक्खाणकिरिया, ५. मिच्छादंसणवत्तिया [1]।
- पण्ण. प. २२, सु. १६२१

**૧૧. આરંભિકી આદિ પાંચ ક્રિયાઓ :**

પ્ર. ભંતે ! ક્રિયાઓ કેટલી કહી છે ?

ઉ. ગૌતમ ! પાંચ ક્રિયાઓ કહી છે, જેમકે -

૧. આરંભિકી, ૨. પારિગ્રહીકી, ૩. માયા પ્રત્યયા, ૪. અપ્રત્યાખ્યાન ક્રિયા, ૫. મિથ્યા દર્શન પ્રત્યયા.

**१२. आरंभियाइ किरियासामित्त परूवणं-**

प. आरंभिया णं भंते ! किरिया कस्स कज्जइ ?

उ. गोयमा ! अण्णयरस्सावि पमत्तसंजयस्स।

प. पारिग्गहिया णं भंते ! किरिया कस्स कज्जइ ?

उ. गोयमा ! अण्णयरस्सावि संजयासंजयस्स।

**૧૨. આરંભિકી આદિ ક્રિયાઓનાં સ્વામીત્વનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! આરંભિકી ક્રિયા કોને હોય છે ?

ઉ. ગૌતમ ! કોઈ એક પ્રમત્તસંયતને હોય છે.

પ્ર. ભંતે ! પારિગ્રહીકી ક્રિયા કોને હોય છે ?

ઉ. ગૌતમ ! કોઈ એક સંયતાસંયતને હોય છે.

---

१. ठाणं. अ. ५, उ. २, सु. ४१९

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. मायावत्तिया णं भंते ! किरिया कस्स कज्जइ ?

उ. गोयमा ! अण्णयरस्सावि अपमत्तसंजयस्स ।

प. अप्पच्चक्खाणकिरिया णं भंते ! कस्स कज्जइ ?

उ. गोयमा ! अण्णयरस्सावि अपच्चक्खाणिस्स ।

प. मिच्छादंसणवत्तिया णं भंते ! किरिया कस्स कज्जइ ?

उ. गोयमा ! अण्णयरस्सावि मिच्छादंसणिस्स ।

- पण्ण. प. २२, सु. १६२२-१६२६

प्र. ભંતે ! માયા પ્રત્યયા ક્રિયા કોને હોય છે ?

ઉ. ગૌતમ ! કોઈ એક અપ્રમત્તસંયતને હોય છે.

પ્ર. ભંતે ! અપ્રત્યાખ્યાન ક્રિયા કોને હોય છે ?

ઉ. ગૌતમ ! કોઈ એક અપ્રત્યાખ્યાનીને હોય છે.

પ્ર. ભંતે ! મિથ્યાદર્શન પ્રત્યયા ક્રિયા કોને હોય છે ?

ઉ. ગૌતમ ! કોઈ એક મિથ્યાદર્શનીને હોય છે.

## १३. चउवीसदंडएसु आरंभियाइ पंचकिरियाओ-

प. **दं. १.** नेरइयाणं भंते ! कइ किरियाओ पण्णत्ताओ ?

उ. गोयमा ! पंच किरियाओ पण्णत्ताओ, तं जहा-

१. आरंभिया **-जाव-** ५. मिच्छादंसणवत्तिया ।

दं. २-२४. ***एवं -जाव- वेमाणियाणं ।***

- पण्ण. प. २२, सु. १६२७

## ૧૩. ચોવીસ દંડકોમાં આરંભિકી આદિ પાંચ ક્રિયાઓ :

પ્ર. **દં.૧.** ભંતે ! નૈરયિકોમાં કેટલી ક્રિયાઓ કહી છે ?

ઉ. ગૌતમ ! પાંચ ક્રિયાઓ કહી છે, જેમકે -

૧. આરંભિકી **-યાવત્-** ૫. મિથ્યાદર્શન પ્રત્યયા.

દં.૨-૨૪. ***આ પ્રમાણે વૈમાનિકો સુધી પાંચે ક્રિયાઓ કહેવી જોઈએ.***

## १४. पावट्ठाणविरयजीवेसु आरंभियाइ किरियाभेय परूवणं-

प. पाणाइवायविरयस्स णं भंते ! जीवस्स किं आरंभिया किरिया कज्जइ ?

उ. गोयमा ! पाणाइवायविरयस्स जीवस्स आरंभिया किरिया सिय कज्जइ, सिय णो कज्जइ ।

प. पाणाइवायविरयस्स णं भंते ! जीवस्स पारिग्गहिया किरिया कज्जइ ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे ।

प. पाणाइवायविरयस्स णं भंते ! जीवस्स मायावत्तिया किरिया कज्जइ ?

उ. गोयमा ! सिय कज्जइ, सिय णो कज्जइ ।

प. पाणाइवायविरयस्स णं भंते ! जीवस्स अप्पच्चक्खाणवत्तिया किरिया कज्जइ ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे ।

प. पाणाइवायविरयस्स णं भंते ! जीवस्स मिच्छादंसणवत्तिया किरिया कज्जइ ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे ।

***एवं पाणाइवायविरयस्स मणूसस्स वि ।***

## ૧૪. પાપસ્થાનોથી વિરત જીવોમાં આરંભિકી આદિ ક્રિયા ભેદોનું પ્રરુપણ :

પ્ર. ભંતે ! પ્રાણાતિપાતથી વિરત જીવ શું આરંભિકી ક્રિયા કરે છે ?

ઉ. ગૌતમ ! પ્રાણાતિપાતથી વિરત જીવ આરંભિકી ક્રિયા ક્યારેક કરે છે અને ક્યારેક કરતાં પણ નથી.

પ્ર. ભંતે ! પ્રાણાતિપાતથી વિરત જીવ શું પારિગ્રહીકી ક્રિયા કરે છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

પ્ર. ભંતે ! પ્રાણાતિપાતથી વિરત જીવ માયાપ્રત્યયા ક્રિયા કરે છે ?

ઉ. ગૌતમ ! ક્યારેક કરે છે અને ક્યારેક કરતા નથી.

પ્ર. ભંતે ! પ્રાણાતિપાતથી વિરત જીવ શું અપ્રત્યાખ્યાન-પ્રત્યયાક્રિયા કરે છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

પ્ર. ભંતે ! પ્રાણાતિપાતથી વિરત જીવ મિથ્યા દર્શન-પ્રત્યયા ક્રિયા કરે છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

***આ પ્રમાણે પ્રાણાતિપાતથી વિરત મનુષ્યનો પણ આલાપક કહેવો જોઈએ.***

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

*एवं -जाव- मायामोसविरयस्स जीवस्स मणूसस्स य।*

**આ પ્રમાણે માયામૃષાવિરત સુધી જીવ અને મનુષ્યનાં સંબંધમાં પણ કહેવું જોઈએ.**

प. मिच्छादंसणसल्लविरयस्स णं भंते ! जीवस्स किं आरंभिया किरिया कज्जइ **-जाव-** मिच्छादंसणवत्तिया किरिया कज्जइ ?

प्र. ભંતે ! મિથ્યાદર્શન-શલ્યથી વિરત જીવ શું આરંભિકી ક્રિયા કરે છે **-યાવત્-** મિથ્યાદર્શન પ્રત્યયા ક્રિયા કરે છે ?

उ. गोयमा ! मिच्छादंसणसल्लविरयस्स जीवस्स आरंभिया किरिया सिय कज्जइ, सिय णो कज्जइ।

*एवं -जाव- अप्पच्चक्खाणकिरिया।*

*मिच्छादंसणवत्तिया किरिया णो कज्जइ।*

ઉ. ગૌતમ ! મિથ્યા દર્શન શલ્યથી વિરત જીવ આરંભિકી ક્રિયા ક્યારેક કરે છે અને ક્યારેક કરતા નથી.

**આ પ્રમાણે -યાવત્- અપ્રત્યાયખ્યાન ક્રિયા ક્યારેક કરે છે અને ક્યારેક કરતા નથી.**

**પરંતુ મિથ્યાદર્શનપ્રત્યયા ક્રિયા કરતા નથી.**

प. मिच्छादंसणसल्लविरयस्स णं भंते ! णेरइयस्स किं आरंभिया किरिया कज्जइ **-जाव-** मिच्छादंसणवत्तिया किरिया कज्जइ ?

प्र. ભંતે ! મિથ્યા દર્શન શલ્યથી વિરત નૈરયિક શું આરંભિકી ક્રિયા કરે છે **-યાવત્-** મિથ્યા દર્શન-પ્રત્યયા ક્રિયા કરે છે ?

उ. गोयमा ! आरंभिया वि किरिया कज्जइ **-जाव-** अपच्चक्खाण वि किरिया कज्जइ, मिच्छादंसणवत्तिया किरिया णो कज्जइ।

*एवं -जाव- थणियकुमारस्स।*

ઉ. ગૌતમ ! તે આરંભિકી ક્રિયા પણ કરે છે **-યાવત્-** અપ્રત્યાખ્યાન ક્રિયા પણ કરે છે. પરંતુ મિથ્યા દર્શન પ્રત્યયા ક્રિયા કરતા નથી.

**આ પ્રમાણે સ્તનિતકુમાર સુધી ક્રિયા સંબંધી આલાપક કહેવા જોઈએ.**

प. मिच्छादंसणसल्लविरयस्स णं भंते ! पंचेन्दियतिरिक्खजोणियस्स किं आरंभिया किरिया कज्जइ **-जाव-** मिच्छादंसणवत्तिया किरिया कज्जइ ?

प्र. ભંતે ! મિથ્યા દર્શન શલ્ય વિરત પંચેન્દ્રિયતિર્યંચ-યોનિક શું આરંભિકી ક્રિયા કરે છે **-યાવત્-** મિથ્યા દર્શન પ્રત્યયા ક્રિયા કરે છે ?

उ. गोयमा ! आरंभिया किरिया कज्जइ **-जाव-** मायावत्तिया किरिया कज्जइ, अपच्चक्खाणकिरिया सिय कज्जइ, सिय णो कज्जइ, मिच्छादंसणवत्तिया किरिया णो कज्जइ।

*मणूसस्स जहा जीवस्स।*

*वाणमंतर-जोइसिय-वेमाणियाणं जहा णेरइयस्स।*

- पण्ण. प. २२, सु. १६५०-१६६२

ઉ. ગૌતમ ! તે આરંભિકી ક્રિયા કરે છે **-યાવત્-** માયા પ્રત્યયા ક્રિયા કરે છે, અપ્રત્યાખ્યાનક્રિયાં ક્યારેક કરે છે અને ક્યારેક કરતાં પણ નથી. મિથ્યાદર્શન પ્રત્યયા ક્રિયા પણ કરતા નથી.

**(મિથ્યા દર્શન શલ્ય વિરત) મનુષ્યનાં ક્રિયા સંબંધી આલાપક સામાન્ય જીવનાં સમાન કહેવા જોઈએ. વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકોનાં ક્રિયા સંબંધી આલાપક નૈરયિકોનાં સમાન કહેવા જોઈએ.**

१५. **चउवीसदंडएसु सम्मदिट्ठियाणं आरंभियाइ किरिया परूवणं-**

सम्मदिट्ठियाणं णेरइयाणं चत्तारि किरियाओ पण्णत्ताओ, तं जहा-

| | |
|---|---|
| १. आरंभिया, | २. पारिग्गहिया, |
| ३. मायावत्तिया, | ४. अपच्चक्खाणकिरिया। |

सम्मदिट्ठियाणं असुरकुमाराणं चत्तारि किरियाओ पण्णत्ताओ, तं जहा-

૧૫. **ચોવીસ દંડકોમાં સમ્યગ્દષ્ટિઓનાં આરંભિકી આદિ ક્રિયાઓનું પ્રરુપણ :**

સમ્યગ્દષ્ટી નૈરયિકોમાં ચાર ક્રિયાઓ કહી છે, જેમકે -

| | |
|---|---|
| ૧. આરંભિકી, | ૨. પારિગ્રહીકી, |
| ૩. માયાપ્રત્યયિકી, | ૪. અપ્રત્યાખ્યાન ક્રિયા. |

સમ્યગ્દષ્ટિ અસુરકુમારોમાં ચાર ક્રિયાઓ કહી છે, જેમકે -

JAINSITE जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

१. आरंभिया, २. पारिग्गहिया,

३. मायावत्तिया, ४. अपच्चक्खाणकिरिया।

***एवं विगलिंदियवज्जं -जाव- वेमाणियाणं।***

- ठाणं अ. ४, उ. ४, सु. ३६९

१. આરંભિકી, २. પારિગ્રહીકી,

३. માયા પ્રત્યયિકી, ४. અપ્રત્યાખ્યાન ક્રિયા.

**આ પ્રમાણે વિકલેન્દ્રિયોને છોડીને વૈમાનિકો સુધી કહેવું જોઈએ.**

**१६. मिच्छद्दिट्ठिय चउवीसदंडएसु आरंभियाइ किरिया परूवणं-**

मिच्छद्दिट्ठियाणं णेरइयाणं पंचकिरियाओ पण्णत्ताओ, तं जहा-

१. आरंभिया **-जाव-**, ५. मिच्छादंसणवत्तिया।

***एवं सव्वेसिं निरंतरं -जाव- मिच्छद्दिट्ठियाणं वेमाणियाणं।***

**णवरं** - विगलिंदिया मिच्छद्दिट्ठी ण भण्णंति। **सेसं तहेव।**

- ठाणं अ. ५, उ. २, सु. ४१९

**१६. મિથ્યાદષ્ટિ ચોવીસ દંડકોમાં આરંભિકી આદિ ક્રિયાઓનું પ્રરુપણ :**

મિથ્યાદષ્ટિ નૈરયિકોમાં પાંચ ક્રિયાઓ કહી છે, જેમકે -

१. આરંભિકી **-યાવત્-** ५. મિથ્યાદર્શન પ્રત્યયા.

**આ પ્રમાણે નિરંતર મિથ્યાદષ્ટિ વૈમાનિકો સુધી બધા દંડકોમાં પાંચે ક્રિયાઓ કહેવી જોઈએ.**

**વિશેષ :** (એકેન્દ્રિય આદિ) વિકલેન્દ્રિયોમાં (સમ્યક્ત્વનો સર્વથા અભાવ હોવાથી) મિથ્યાદષ્ટિ પદ (વિશેષણ)નું વર્ણન કરવું ન જોઈએ. **શેષ દંડકોમાં પૂર્વવત્ જાણવું જોઈએ.**

**१७. जीव-चउवीसदंडएसु आरंभियाईकिरियाणं णियमा-भयणा-**

प. जस्स णं भंते ! जीवस्स आरंभिया किरिया कज्जइ,
तस्स पारिग्गहिया किरिया कज्जइ ?
जस्स पारिग्गहिया किरिया कज्जइ,
तस्स आरंभिया किरिया कज्जइ ?

उ. गोयमा ! जस्स णं जीवस्स आरंभिया किरिया कज्जइ, तस्स पारिग्गहिया किरिया सिय कज्जइ, सिय णो कज्जइ,
जस्स पुण पारिग्गहिया किरिया कज्जइ,
तस्स आरंभिया किरिया णियमा कज्जइ।

प. जस्स णं भंते ! जीवस्स आरंभिया किरिया कज्जइ,
तस्स मायावत्तिया किरिया कज्जइ ?
जस्स मायावत्तिया किरिया कज्जइ,
तस्स आरंभिया किरिया कज्जइ ?

उ. गोयमा ! जस्स णं जीवस्स आरंभिया किरिया कज्जइ,
तस्स मायावत्तिया किरिया णियमा कज्जइ,
जस्स पुण मायावत्तिया किरिया कज्जइ,
तस्स आरंभिया किरिया सिय कज्जइ, सिय णो कज्जइ।

**१७. જીવ-ચોવીસ દંડકોમાં આરંભિકી આદિ ક્રિયાઓની નિયમા-ભજના.**

પ્ર. ભંતે ! જે જીવને આરંભિકી ક્રિયા હોય છે
શું તેને પારિગ્રહિકી ક્રિયા હોય છે ?
જેને પારિગ્રહીકી ક્રિયા હોય છે
શું તેને આરંભિકી ક્રિયા હોય છે ?

ઉ. ગૌતમ ! જે જીવને આરંભિકી ક્રિયા હોય છે તેને પારિગ્રહીકી ક્રિયા ક્યારેક હોય છે અને ક્યારેક હોતી નથી,
જેને પારિગ્રહીકી ક્રિયા હોય છે,
તેને આરંભિકી ક્રિયા નિયમથી હોય છે.

પ્ર. ભંતે ! જે જીવને આરંભિકી ક્રિયા હોય છે
શું તેને માયા પ્રત્યયા ક્રિયા હોય છે ?
જેને માયા પ્રત્યયા ક્રિયા હોય છે
શું તેને આરંભિકી ક્રિયા હોય છે ?

ઉ. ગૌતમ ! જે જીવને આરંભિકી ક્રિયા હોય છે,
તેને નિયમથી માયા પ્રત્યયા ક્રિયા હોય છે,
જેને માયા પ્રત્યયા ક્રિયા હોય છે.
તેને આરંભિકી ક્રિયા ક્યારેક હોય છે અને ક્યારેક હોતી નથી.

JAINSITE જૈન સાઈટ જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. जस्स णं भंते ! जीवस्स आरंभिया किरिया कज्जइ,
तस्स अपच्चक्खाण किरिया कज्जइ ?
जस्स अपच्चक्खाण किरिया कज्जइ,
तस्स आरंभिया किरिया कज्जइ ?

उ. गोयमा ! जस्स णं जीवस्स आरंभिया किरिया कज्जइ,
तस्स अपच्चक्खाण किरिया सिय कज्जइ, सिय णो कज्जइ,
जस्स पुण अपच्चक्खाण किरिया कज्जइ,
तस्स आरंभिया किरिया णियमा कज्जइ।

***एवं मिच्छादंसणवत्तियाए वि समं।***

***एवं पारिग्गहिया वि तिहिं उवरिल्लाहिं समं चारेयव्वा।***

जस्स मायावत्तिया किरिया कज्जइ,
तस्स उवरिल्लाओ दो वि सिय कज्जइ, सिय णो कज्जइ,
जस्स उवरिल्लाओ दो कज्जइ,
तस्स मायावत्तिया किरिया णियमा कज्जइ,
जस्स अपच्चक्खाण किरिया कज्जइ,
तस्स मिच्छादंसणवत्तिया किरिया सिय कज्जइ, सिय णो कज्जइ,
जस्स पुण मिच्छादंसणवत्तिया किरिया कज्जइ,
तस्स अपच्चक्खाणकिरिया णियमा कज्जइ।

**दं. १.** णेरइयस्स आइल्लियाओ चत्तारि परोप्परं णियमा कज्जंति।
जस्स एयाओ चत्तारि कज्जइ, तस्स मिच्छादंसणवत्तिया किरिया भइज्जंति,
जस्स पुण मिच्छादंसणवत्तिया किरिया कज्जइ, तस्स एयाओ चत्तारि किरियाओ णियमा कज्जंति।

दं. २-११. ***एवं -जाव- थणियकुमारस्स।***

दं. १२-१९. ***पुढविक्काइया -जाव- चउरिंदियस्स पंच वि परोप्परं णियमा कज्जंति।***

**दं. २०.** पंचेंदिय-तिरिक्खजोणियस्स आइल्लियाओ तिण्णि वि परोप्परं णियमा कज्जंति,

પ્ર. ભંતે ! જે જીવને આરંભિકી ક્રિયા હોય છે
શું તેને અપ્રત્યાખ્યાનિકી ક્રિયા હોય છે ?
જેને અપ્રત્યાખ્યાનિકી ક્રિયા હોય છે
શું તેને આરંભિકી ક્રિયા હોય છે ?

ઉ. ગૌતમ ! જે જીવને આરંભિકી ક્રિયા હોય છે,
તેને અપ્રત્યાખ્યાનિકી ક્રિયા ક્યારેક હોય છે અને ક્યારેક હોતી નથી,
જે જીવને અપ્રત્યાખ્યાનિકી ક્રિયા હોય છે,
તેને આરંભિકી ક્રિયા નિશ્ચિત હોય છે.

***આ પ્રમાણે મિથ્યાદર્શન પ્રત્યયાનો સહભાવ કહેવો જોઈએ.***

***આ પ્રમાણે પારિગ્રહીકી ક્રિયાનાં પણ ત્રણ આલાપક ઉપરનાં સમાન સમજી લેવા જોઈએ.***

જેને માયા પ્રત્યયા ક્રિયા હોય છે,
તેના આગળની બે ક્રિયાઓ (અપ્રત્યાખ્યાનિકી અને મિથ્યા દર્શન પ્રત્યયા) ક્યારેક હોય છે અને ક્યારેક હોતી નથી,
(પરંતુ) જેને આગળની બે ક્રિયાઓ હોય છે,
તેને માયા પ્રત્યયા ક્રિયા નિશ્ચિત હોય છે,
જેને અપ્રત્યાખ્યાન ક્રિયા હોય છે,
તેને મિથ્યાદર્શન પ્રત્યયા ક્રિયા ક્યારેક હોય છે અને ક્યારેક હોતી નથી,
(પરંતુ) જેને મિથ્યાદર્શન પ્રત્યયા ક્રિયા હોય છે,
તેને અપ્રત્યાખ્યાન ક્રિયા નિશ્ચિત હોય છે.

**દં.૧.** નૈરયિકને પ્રારંભિક ચાર ક્રિયાઓ પરસ્પર નિશ્ચિત હોય છે.
જેને આ ચાર ક્રિયાઓ હોય છે તેને મિથ્યાદર્શન પ્રત્યયા ક્રિયા વિકલ્પથી હોય છે,
જેને મિથ્યાદર્શન પ્રત્યયા ક્રિયા હોય છે તેને આ ચારેય ક્રિયાઓ નિશ્ચિત હોય છે.

દં.૨-૧૧. ***આ પ્રમાણે સ્તનિતકુમાર સુધી ક્રિયાઓનું વર્ણન કરવું જોઈએ.***

દં.૧૨-૧૯. ***પૃથ્વીકાયિકોથી ચઉરેન્દ્રિય સુધી જીવોને પાંચે ક્રિયાઓ પરસ્પર નિશ્ચિત છે.***

**દં.૨૦.** પંચેન્દ્રિય તિર્યંચયોનિકોને પ્રારંભની ત્રણ ક્રિયાઓ પરસ્પર નિશ્ચિત છે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

जस्स एयाओ कज्जंति, तस्स उवरिल्लाओ दो भइज्जंति,

जस्स उवरिल्लाओ दोण्णि कज्जंति, तस्स एयाओ तिण्णि वि णियमा कज्जंति,

जस्स अपच्चक्खाणकिरिया कज्जइ,

तस्स मिच्छादंसणवत्तिया सिय कज्जइ, सिय णो कज्जइ,

जस्स पुण मिच्छादंसणवत्तिया किरिया कज्जइ,

तस्स अपच्चक्खाणकिरिया णियमा कज्जइ।

दं. २१. **मणूसस्स जहा जीवस्स।**

दं. २२-२४. ***वाणमंतर-जोइसिय-वेमाणियस्स जहा णेरइयस्स।***

प. जं समयं णं भंते ! जीवस्स आरंभिया किरिया कज्जइ तं समयं पारिग्गहिया किरिया कज्जइ ?

उ. गोयमा ! एवं एए चत्तारि दंडगा णेयव्वा, तं जहा-

१. जस्स, २. जं समयं, ३. जं देसं, ४. जं पदेसं।

***जहा णेरइयाणं तहा सव्वदेवाणं णेयव्वं -जाव- वेमाणियाणं।***

- पण्ण. प. २२, सु. १६२८-१६३६

जेने आ त्रणेय क्रियाओ होय छे तेने आगळनी बे क्रियाओ विकल्पथी होय छे,

જેને આ ત્રણેય ક્રિયાઓ હોય છે તેને આગળની બે ક્રિયાઓ વિકલ્પથી હોય છે,

જેને આગળની બે ક્રિયાઓ હોય છે તેને એ પ્રારંભની ત્રણેય ક્રિયાઓ નિશ્ચિત છે.

જેને અપ્રત્યાખ્યાન ક્રિયા હોય છે,

તેને મિથ્યાદર્શન પ્રત્યયા ક્રિયા ક્યારેક હોય છે અને ક્યારેક હોતી નથી,

જેને મિથ્યા દર્શન પ્રત્યયા ક્રિયા હોય છે,

તેને અપ્રત્યાખ્યાન ક્રિયા નિશ્ચિત હોય છે.

દં.૨૧. ***મનુષ્યનું સામાન્ય જીવોનાં સમાન વર્ણન કરવું જોઈએ.***

દં.૨૨-૨૪. ***વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોનાં નૈરયિકોનાં સમાન વર્ણન કરવું જોઈએ.***

પ્ર. ભંતે ! જે સમયે જીવને આરંભિકી ક્રિયા હોય છે શું તે સમયે પારિગ્રહિકી ક્રિયા હોય છે ?

ઉ. ગૌતમ ! આ પ્રમાણે તે ચાર દંડક જાણવાં જોઈએ, જેમકે -

૧. જે જીવનાં, ૨. જે સમયમાં, ૩. જે દેશમાં અને ૪. જે પ્રદેશમાં.

***જેમ નૈરયિકોના વિષયમાં તે ચારે દંડક કહ્યા તે પ્રમાણે બધા દેવોના વિષયમાં વૈમાનિકો સુધી કહેવું જોઈએ.***

## १८. कय-विक्कयमाणाणं आरंभियाइ किरिया परूवणं-

प. गाहावइस्स णं भंते ! भंडं विक्किणमाणस्स केइ भंडं अवहरेज्जा,

तस्स णं भंते ! तं भंडं अणुगवेसमाणस्स-

किं आरंभिया किरिया कज्जइ,

पारिग्गहिया किरिया कज्जइ,

मायावत्तिया किरिया कज्जइ,

अपच्चक्खाणकिरिया कज्जइ,

मिच्छादंसणवत्तिया किरिया कज्जइ ?

उ. गोयमा ! आरंभिया किरिया कज्जइ,

पारिग्गहिया किरिया कज्जइ,

मायावत्तिया किरिया कज्जइ,

## ૧૮. ક્રેય-વિક્રેતાઓનાં આરંભિકી આદિ ક્રિયાઓનું પ્રરુપણ :

પ્ર. ભંતે ! કરિયાણાનો સામાન વેચતા કોઈ ગૃહસ્થનો તે કરિયાણાનો માલ કોઈ ચોરી કરી લે તો,

ભંતે ! તે કરિયાણાનો સામાનની શોધ કરતા તે ગૃહસ્થને,

શું આરંભિકી ક્રિયા લાગે છે ?

પારિગ્રહીકી ક્રિયા લાગે છે ?

માયા પ્રત્યયિકી ક્રિયા લાગે છે ?

અપ્રત્યાખ્યાનિકી ક્રિયા લાગે છે કે

મિથ્યા દર્શન- પ્રત્યયિકી ક્રિયા લાગે છે ?

ઉ. ગૌતમ ! તે પુરુષને આરંભિકી ક્રિયા લાગે છે,

પારિગ્રહીકી ક્રિયા લાગે છે,

માયા પ્રત્યયિકી ક્રિયા લાગે છે અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

अपच्चक्खाणकिरिया कज्जइ,

मिच्छादंसणवत्तियाकिरिया सिय कज्जइ, सिय नो कज्जइ,

अह से भंडे अभिसमण्णागए भवइ, तओ से पच्छा सव्वाओ ताओ पयणुई भवंति।

प. गाहावइस्स णं भंते ! भंडं विक्किणमाणस्स कइए भंडं साइज्जेज्जा, भंडे य से अणुवणीए सिया,

गाहावइस्स णं भंते ! ताओ भंडाओ किं आरंभिया किरिया कज्जइ **-जाव-** मिच्छादंसणवत्तिया किरिया कज्जइ,

कइयस्स वा ताओ भंडाओ किं आरंभिया किरिया कज्जइ **-जाव-** मिच्छादंसणवत्तिया किरिया कज्जइ ?

उ. गोयमा ! गाहावइस्स ताओ भंडाओ आरंभिया किरिया कज्जइ **-जाव-** अपच्चक्खाण किरिया कज्जइ,

मिच्छादंसणवत्तिया किरिया सिय कज्जइ, सिय नो कज्जइ,

कइयस्स णं ताओ सव्वाओ पयणुई भवंति।

प. गाहावइस्स णं भंते ! भंडं विक्किणमाणस्स कइए भंडे साइज्जेज्जा भंडे से उवणीए सिया, कइयस्स णं भंते ! ताओ भंडाओ किं आरंभिया किरिया कज्जइ **-जाव-** मिच्छादंसणवत्तिया किरिया कज्जइ,

गाहावइस्स वा ताओ भंडाओ किं आरंभिया किरिया कज्जइ **-जाव-** मिच्छादंसणवत्तिया किरिया कज्जइ ?

उ. गोयमा ! कइयस्स ताओ भंडाओ हेट्ठिल्लाओ चत्तारि किरियाओ कज्जंति,

मिच्छादंसणवत्तिया किरिया भयणाए,

गाहावइस्स णं ताओ सव्वाओ पयणुई भवंति।

અપ્રત્યાખ્યાનિકી ક્રિયા પણ લાગે છે,

પરંતુ મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા ક્યારેક લાગે છે અને ક્યારેક લાગતી નથી,

જો તે પુરુષનો ચોરાયેલ માલ પાછો મળી જાય છે તો તે બધી ક્રિયાઓ હલકી થઈ જાય છે.

પ્ર. ભંતે ! કરિયાણા વેચનાર તે ગૃહસ્થથી કોઈ વ્યક્તિએ કરિયાણાનો માલ ખરીદી લીધો છે અને સોદો પાકો કરવા માટે ખરીદદારે બ્યાનું પણ આપી દીધો છે, પરંતુ તે કરિયાણાનો માલ હજી સુધી લઈ ગયેલ નથી તો -

ભંતે ! તે માલ વેચનાર ગૃહસ્થને તે કરિયાણાનાં માલથી આરંભિકી **-યાવત્-** મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયાઓમાંથી કંઈ ક્રિયા લાગે છે ? અને

ખરીદનારને તે કરિયાણાનાં માલથી આરંભિકી **-યાવત્-** મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયાઓમાંથી કંઈ ક્રિયા લાગે છે ?

ઉ. ગૌતમ ! તે ગૃહપતિને તે કરિયાણાનાં સામાનથી આરંભિકી **-યાવત્-** અપ્રત્યાખ્યાનિકી ક્રિયાઓ લાગે છે.

મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા ક્યારેક લાગે છે અને ક્યારેક લાગતી નથી.

ખરીદનારને તો યે બધી ક્રિયાઓ હલકી થઈ જાય છે.

પ્ર. ભંતે ! કરિયાણા વેચનાર ગૃહસ્થને ત્યાંથી ખરીદનાર તે માલને પોતાને ત્યાં લઈ આવેલ તો ભંતે ! તે ખરીદનારને તે ખરીદેલ કરિયાણા માલથી આરંભિકી **-યાવત્-** મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયાઓમાંથી કંઈ ક્રિયા લાગે છે ? તથા -

તે વિક્રેતા ગૃહસ્થને તે માલથી આરંભિકી **-યાવત્-** મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયાઓમાંથી કંઈ ક્રિયા લાગે છે ?

ઉ. ગૌતમ ! ખરીદનારને તે કરિયાણા સામાનથી પ્રારંભની (આરંભિકી **-યાવત્-** અપ્રત્યાખ્યાનિકી) ચારે ક્રિયાઓ લાગે છે.

મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા વિકલ્પથી લાગે છે.

વિક્રેતા ગૃહસ્થને તો એ પાંચે ક્રિયાઓ હલકી થાય છે.

જૈન સાઇટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. गाहावइस्स णं भंते ! भंडं विक्किणमाणस्स कइए भंडं साइज्जेज्जा, धणे य से अणुवणीए सिया,

कइयस्स णं भंते ! ताओ धणाओ किं आरंभिया किरिया कज्जइ -जाव- मिच्छादंसणकिरिया कज्जइ ?

गाहावइस्स वा ताओ धणाओ किं आरंभिया किरिया कज्जइ -जाव- मिच्छादंसणकिरिया कज्जइ ?

उ. गोयमा ! कइयस्स ताओ धणाओ हेट्ठिल्लाओ चत्तारि किरियाओ कज्जंति मिच्छादंसण किरिया भयणाए, गाहावइस्स णं ताओ सव्वाओ पयणुई भवंति ।

प. गाहावइस्स णं भंते ! भंडं विक्किणमाणस्स कइए भंडं साइज्जेज्जा, धणे य से उवणीए सिया,

गाहावइस्स णं भंते ! ताओ धणाओ किं आरंभिया किरिया कज्जइ -जाव- मिच्छादंसण किरिया कज्जइ ?

कइयस्स वा ताओ धणाओ किं आरंभिया किरिया कज्जइ -जाव- मिच्छादंसण किरिया कज्जइ ?

उ. गोयमा ! गाहावइस्स ताओ धणाओ आरंभिया किरिया कज्जइ -जाव- अपच्चक्खाण किरिया कज्जइ, मिच्छादंसण किरिया सिय कज्जइ, सिय नो कज्जइ, कइयस्स णं ताओ सव्वाओ पयणुई भवंति ।

- विया. स. ५, उ. ६, सु. ५-८

પ્ર. ભંતે ! કરિયાણા વેચનાર તે ગાથાપતિનાં કરિયાણાને ખરીદનારે ખરીદીને ઘરે લઈ ગયો પરંતુ તેનું મૂલ્ય ન આપ્યું તો-

ભંતે ! ખરીદનારને તે ધનથી શું આરંભિકી ક્રિયા **-યાવત્-** મિથ્યાદર્શન ક્રિયા લાગે છે ?

અને ગાથાપતિને તે ધનથી શું આરંભિકી ક્રિયા **-યાવત્-** મિથ્યાદર્શન ક્રિયા લાગે છે ?

ઉ. ગૌતમ ! ખરીદનારને તે ધનથી પ્રારંભની ચાર ક્રિયાઓ લાગે છે અને મિથ્યાદર્શન ક્રિયા વિકલ્પથી લાગે છે. ગાથાપતિને તો તે ધનથી પાંચે ક્રિયાઓ હળવી હોય છે.

પ્ર. ભંતે ! કરિયાણા વેચનાર ગાથાપતિનાં કરિયાણાને ખરીદનાર ખરીદીને ઘરે લઈ ગયો અને તેને ધન પણ આપી દીધું,

તો ભંતે ! તે ધનથી ગાથાપતિને શું આરંભિકી ક્રિયા **-યાવત્-** મિથ્યાદર્શન ક્રિયા લાગે છે ?

અને ખરીદનારને તે ધનથી શું આરંભિકી ક્રિયા **-યાવત્-** મિથ્યાદર્શન ક્રિયા લાગે છે ?

ઉ. ગૌતમ ! ગાથાપતિને તે ધનથી આરંભિકી ક્રિયા **-યાવત્-** અપ્રત્યાખ્યાન ક્રિયા લાગે છે. પરંતુ મિથ્યાદર્શન ક્રિયા ક્યારેક લાગે છે અને ક્યારેક લાગતી નથી. ખરીદનારની તે પાંચે ક્રિયાઓ હલ્કી હોય છે.

### १९. आरंभियाइ किरियाणं अप्पाबहुयं-

प. एयासि णं भंते ! आरंभियाणं **-जाव-** मिच्छादंसण-वत्तियाण य कयरे कयरेहिंतो अप्पा वा **-जाव-** विसेसाहिया वा ?

उ. गोयमा ! १. सव्वत्थोवाओ मिच्छादंसणवत्तियाओ किरियाओ,

२. अप्पच्चक्खाण किरियाओ विसेसाहियाओ,

३. पारिग्गहियाओ किरियाओ विसेसाहियाओ,

४. आरंभियाओ किरियाओ विसेसाहियाओ,

५. मायावत्तियाओ किरियाओ विसेसाहियाओ ।[1]

- पण्ण. प. २२, सु. १६६३

### ૧૯. આરંભિકી આદિ ક્રિયાઓનો અલ્પબહુત્વ :

પ્ર. ભંતે ! આ આરંભિકી **-યાવત્-** મિથ્યાદર્શન પ્રત્યયા ક્રિયાઓમાંથી કોણ કોનાથી અલ્પ **-યાવત્-** વિશેષાધિક છે ?

ઉ. ગૌતમ ! ૧. બધાથી ઓછી મિથ્યાદર્શનપ્રત્યયા ક્રિયાઓ છે,

૨. (તેનાથી) અપ્રત્યાખ્યાન ક્રિયાઓ વિશેષાધિક છે,

૩. (તેનાથી) પારિગ્રહીકી ક્રિયાઓ વિશેષાધિક છે,

૪. (તેનાથી) આરંભિકી ક્રિયાઓ વિશેષાધિક છે,

૫. (તેનાથી) માયા પ્રત્યયા ક્રિયાઓ વિશેષાધિક છે.

१. विया. स. ८, उ. ४, सु. २

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**२०. चउवीसदंडएसु दिट्ठियाइ पंच किरियाओ-**

पंच किरियाओ पण्णत्ताओ, तं जहा-

१. दिट्ठिया,
२. पुट्ठिया,
३. पाडुच्चिया,
४. सामन्तोवणियाइया,
५. साहत्थिया।

दं. ***१-२४. एवं नेरइयाणं -जाव- वेमाणियाणं।***

- ठाणं. अ. ५, उ. २, सु. ४१९

**२१. चउवीसदंडएसु णेसत्थियाइ पंच किरियाओ-**

पंच किरियाओ पण्णत्ताओ, तं जहा-

१. णेसत्थिया,
२. आणवणिया,
३. वेयारणिया,
४. अणाभोगवत्तिया,
५. अणवकंखवत्तिया।

दं. ***१-२४. एवं नेरइयाणं -जाव- वेमाणियाणं।***

- ठाणं. अ. ५, उ. २, सु. ४१९ (१)

**२२. मणुस्सेसु पेज्जवत्तियाइ पंच किरियाओ-**

पंच किरियाओ पण्णत्ताओ, तं जहा-

१. पेज्जवत्तिया,
२. दोसवत्तिया,
३. पओगकिरिया,
४. समुदाणकिरिया,
५. ईरियावहिया।

दं. ***२१. एवं मणुस्साण वि, सेसाणं णत्थि।***

- ठाणं. अ. ५, उ. २, सु. ४१९ (२)

**२३. जीव-चउवीसदंडएसु जीवाइं पडुच्च पाणाइवायाइयाणं किरिया परूवणं-**

प. अत्थि णं भंते ! जीवाणं पाणाइवाएणं किरिया कज्जइ ?

उ. हंता, गोयमा ! अत्थि।

प. सा भंते ! किं पुट्ठा कज्जइ ? अपुट्ठा कज्जइ ?

**૨૦. ચોવીસ દંડકોમાં દષ્ટિજા આદિ પાંચ ક્રિયાઓ :**

પાંચ ક્રિયાઓ કહી છે, જેમકે -

૧. દષ્ટિનાં વિકારથી થનારી ક્રિયા.
૨. સ્પર્શનાં વિકારથી થનારી ક્રિયા.
૩. બહારનાં નિમિત્તથી થનારી ક્રિયા.
૪. સમૂહથી થનારી ક્રિયા.
૫. પોતાના હાથથી થનારી ક્રિયા.

**દં.૧-૨૪. *આ પ્રમાણે નૈરયિકોથી વૈમાનિકો સુધી પાંચેય ક્રિયાઓ જાણવી જોઈએ.***

**૨૧. ચોવીસ દંડકોમાં નૈસૃષ્ટિની આદિ પાંચ ક્રિયાઓ :**

પાંચ ક્રિયાઓ કહી છે, જેમકે -

૧. શસ્ત્ર વગર થનારી ક્રિયા,
૨. આજ્ઞા આપવાથી થનારી ક્રિયા,
૩. છેદન-ભેદન કરવાથી થનારી ક્રિયા,
૪. અજ્ઞાનતાથી થનારી ક્રિયા,
૫. આકાંક્ષા વગર થનારી ક્રિયા.

**દં.૧-૨૪. *આ પ્રમાણે નૈરયિકોથી વૈમાનિકો સુધી પાંચેય ક્રિયાઓ જાણવી જોઈએ.***

**૨૨. મનુષ્યોમાં થનારી પ્રેય-પ્રત્યયા આદિ પાંચ ક્રિયાઓ :**

પાંચ ક્રિયાઓ કહી છે, જેમકે -

૧. રાગ ભાવથી થનારી ક્રિયા,
૨. દ્વેષ ભાવથી થનારી ક્રિયા,
૩. મન આદિની દુશ્ચેષ્ટાઓથી થનારી ક્રિયા,
૪. સામૂહિક રૂપથી થનારી ક્રિયા,
૫. ગમનાગમનથી થનારી ક્રિયા.

**દં. ૨૧. *આ પાંચેય ક્રિયાઓ મનુષ્યોમાં હોય છે, શેષ દંડકોમાં હોતી નથી.***

**૨૩. જીવ-ચોવીસ દંડકોમાં જીવાદિઓની અપેક્ષાએ પ્રાણાતિપાતિની આદિ ક્રિયાઓનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! શું જીવ પ્રાણાતિપાતિકી ક્રિયા કરે છે ?

ઉ. હા, ગૌતમ ! કરે છે.

પ્ર. ભંતે ! તે ક્રિયા સ્પૃષ્ટ કરાય છે કે અસ્પૃષ્ટ કરાય છે ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उ. गोयमा ! पुट्ठा कज्जइ, नो अपुट्ठा कज्जइ **-जाव-** निव्वाघाएणं छद्दिसिं, वाघायं पडुच्च सिय तिदिसिं, सिय चउदिसिं, सिय पंचदिसिं।

ઉ. ગૌતમ ! સ્પૃષ્ટ કરાય છે અસ્પૃષ્ટ કરાતી નથી **-યાવત્-** વ્યાઘાત ન હોય તો છ દિશાઓને અને વ્યાઘાત હોય તો ક્યારેક ત્રણ, ચાર કે પાંચ દિશાઓને સ્પર્શ કરીને કરાય છે.

प. सा भंते ! किं कडा कज्जइ ? अकडा कज्जइ ?

પ્ર. ભંતે ! તે ક્રિયા કૃત છે કે અકૃત છે ?

उ. गोयमा ! कडा कज्जइ, नो अकडा कज्जइ।

ઉ. ગૌતમ ! તે ક્રિયા કૃત છે, અકૃત નથી.

प. सा भंते ! किं अत्तकडा कज्जइ ? परकडा कज्जइ ? तदुभयकडा कज्जइ ?

પ્ર. ભંતે ! તે ક્રિયા આત્મકૃત છે, પરકૃત છે કે ઉભયકૃત છે ?

उ. गोयमा ! अत्तकडा कज्जइ, णो परकडा कज्जइ, णो तदुभयकडा कज्जइ।

ઉ. ગૌતમ ! તે ક્રિયા આત્મકૃત છે, પરંતુ પરકૃત કે ઉભયકૃત નથી.

प. सा भंते ! किं आणुपुव्विकडा कज्जइ ? अणाणुपुव्विकडा कज्जइ ?

પ્ર. ભંતે ! તે ક્રિયા આનુપૂર્વી કૃત છે કે અનાનુપૂર્વી કૃત છે ?

उ. गोयमा ! आणुपुव्विकडा कज्जइ, नो अणाणुपुव्विकडा कज्जइ, जा य कडा, जा य कज्जइ, जा य कज्जिस्सइ सव्वा सा आणुपुव्विकडा, नो अणाणुपुव्विकडत्ति वत्तव्वं सिया।

ઉ. ગૌતમ ! તે અનુક્રમપૂર્વક કરાય છે, વગર અનુક્રમથી કરાતી નથી, જે ક્રિયા કરાય ગઈ છે, જે ક્રિયા કરાય છે કે જે ક્રિયા કરાશે, તે બધી અનુક્રમપૂર્વકકૃત છે, પરંતુ અનનુક્રમકૃત નથી એવું કહેવું જોઈએ.

***एवं -जाव- वेमाणियाणं।***

**આ પ્રમાણે વૈમાનિકો સુધી કહેવું જોઈએ.**

**णवरं-** जीवाणं एगिंदियाण य निव्वाघाएणं छद्दिसिं, वाघायं पडुच्च सिय तिदिसिं, सिय चउदिसिं, सिय पंचदिसिं,

**વિશેષ :** (સામાન્ય) જીવ અને એકેન્દ્રિય નિર્વ્યાઘાતની અપેક્ષાએ છ દિશાઓથી અને વ્યાઘાતની અપેક્ષાએ ક્યારેક ત્રણ, ચાર અને પાંચ દિશાઓથી સ્પૃષ્ટ ક્રિયા કરે છે.

***सेसाणं नियमं छद्दिसिं।***

***શેષ બધા જીવ નિયમથી છયે દિશાઓથી સ્પૃષ્ટ ક્રિયા કરે છે.***

प. अत्थि णं भंते ! जीवाणं मुसावाएणं किरिया कज्जइ ?

પ્ર. ભંતે ! શું જીવ મૃષાવાદ-ક્રિયા કરે છે ?

उ. हंता, गोयमा ! अत्थि।

ઉ. હા, ગૌતમ ! કરે છે.

प. सा भंते ! किं पुट्ठा कज्जइ, अपुट्ठा कज्जइ ?

પ્ર. ભંતે ! તે ક્રિયા સ્પૃષ્ટ કરાય છે કે અસ્પૃષ્ટ કરાય છે ?

उ. गोयमा ! ***जहा पाणाइवाएणं दंडओ एवं मुसावाएण वि।***

ઉ. ગૌતમ ! ***જેમ પ્રાણાતિપાતનો દંડક કહ્યો, તે પ્રમાણે મૃષાવાદ-ક્રિયાનો પણ દંડક કહેવો જોઈએ.***

***एवं अदिण्णादाणेण वि, मेहुणेण वि, परिग्गहेण वि।***

***આ પ્રમાણે અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહ ક્રિયાનાં વિષયમાં પણ જાણી લેવું જોઈએ.***

***एवं एए पंच दंडगा।***

***આ પ્રમાણે એ પાંચ દંડક થયા.***

प. जं समयं णं भंते ! जीवाणं पाणाइवाएणं किरिया कज्जइ, सा भंते ! किं पुट्ठा कज्जइ, अपुट्ठा कज्जइ ?

પ્ર. ભંતે ! જે સમયે જીવ પ્રાણાતિપાતિકી ક્રિયા કરે છે, શું તે સમયે તે સ્પૃષ્ટ ક્રિયા કરે છે કે અસ્પૃષ્ટ ક્રિયા કરે છે ?

उ. गोयमा ! ***एवं तहेव -जाव- वत्तव्वं सिया।***

ઉ. ગૌતમ ! ***પૂર્વોક્ત પ્રકારથી અનાનુપૂર્વીકૃત નથી ત્યાં સુધી કહેવું જોઈએ.***

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

*एवं -जाव- वेमाणियाणं ।*

*एवं -जाव- परिग्गहेणं ।*

*एए वि पंच दंडगा ।*

प. जं देसं णं भंते ! जीवाणं पाणाइवाएणं किरिया कज्जइ, सा भंते ! किं पुट्ठा कज्जइ, अपुट्ठा कज्जइ ?

उ. गोयमा ! *एवं -जाव- परिग्गहेणं ।*

*एवं एए वि पंच दंडगा ।*

प. जं पदेसं णं भंते ! जीवाणं पाणाइवाएणं किरिया कज्जइ, सा भंते ! किं पुट्ठा कज्जइ, अपुट्ठा कज्जइ ?

उ. गोयमा ! *एवं तहेव दंडओ ।*

*एवं -जाव- परिग्गहेणं ।*

*एवं एए वीसं दंडगा ।*

- विया. स. १७, उ. ४, सु. २-१२

**आ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું જોઈએ.**

**આ પ્રમાણે પારિગ્રહીકી ક્રિયા સુધી કહેવું જોઈએ.**

**આ પ્રમાણે તે પાંચ દંડક થયા.**

પ્ર. ભંતે ! જે દેશ (ક્ષેત્ર)માં જીવ પ્રાણાતિપાતિકી ક્રિયા કરે છે શું તે દેશમાં તે સ્પૃષ્ટ ક્રિયા કરે છે કે અસ્પૃષ્ટ ક્રિયા કરે છે ?

ઉ. ગૌતમ ! **પૂર્વવત્ પારિગ્રહીકી ક્રિયા સુધી જાણવું જોઈએ.**

**આ પ્રમાણે એ પાંચ દંડક થયા.**

પ્ર. ભંતે ! જે પ્રદેશમાં જીવ પ્રાણાતિપાતિકી ક્રિયા કરે છે શું તે પ્રદેશમાં તે સ્પૃષ્ટ ક્રિયા કરે છે કે અસ્પૃષ્ટ ક્રિયા કરે છે ?

ઉ. ગૌતમ ! **આ પ્રમાણે પૂર્વવત્ દંડક કહેવા જોઈએ.**

**આ પ્રમાણે પારિગ્રહિકી ક્રિયા સુધી જાણવું જોઈએ.**

**આ પ્રમાણે એ કુલ વીસ દંડક થયા.**

## २४. तालफलपवाडमाणस्स पुरिसस्स किरिया परूवणं-

प. पुरिसे णं भंते ! तालमारुहइ, तालमारुहित्ता तालाओ तालफलं पचालेमाणे वा, पवाडेमाणे वा कइ किरिए ?

उ. गोयमा ! जावं च णं मे पुरिसे तालमारुहइ, तालमारुहित्ता तालाओ तालफलं पचालेइ वा, पवाडेइ वा,

तावं च णं से पुरिसे काइयाए **-जाव-** पाणाइवाय किरियाए पंचहिं किरियाहिं पुट्ठे,

जेसिं पि य णं जीवाणं सरीरेहिंतो ताले निव्वत्तिए, तालफले निव्वत्तिए ते वि णं जीवा काइयाए **-जाव-** पाणाइवाय किरियाए, पंचहिं किरियाहिं पुट्ठा ।

प. अहे णं भंते ! से तालफले अप्पणो गरूयत्ताए **-जाव-** अहे वीससाए पच्चोवयमाणे जाइं तत्थ पाणाइं **-जाव-** सत्ताइं जीवियाओ ववरोवेइ तएणं भंते ! से पुरिसे कइ किरिए ?

उ. गोयमा ! जावं च णं से तालफले अप्पणो गरूयत्ताए **-जाव-** जीवियाओ ववरोवेइ, तावं च णं से पुरिसे काइयाए **-जाव-** पारितावणियाए चउहिं किरियाहिं पुट्ठे,

## ૨૪. તાડફળ પાડનાર પુરુષની ક્રિયાઓનું પ્રરુપણ :

પ્ર. ભંતે ! કોઈ પુરુષ તાડનાં વૃક્ષ પર ચઢે અને ચઢીને પછી તે તાડનાં ફળને હલાવે કે પાડે તો તે પુરુષને કેટલી ક્રિયાઓ લાગે છે ?

ઉ. ગૌતમ ! જ્યારે તે પુરુષ તાડનાં વૃક્ષ પર ચઢે છે અને ચઢીને તે તાડ વૃક્ષથી તાડ ફળને હલાવે છે અને પાડે છે,

ત્યારે તે પુરુષ કાયિકી **-યાવત્-** પ્રાણાતિપાતિકી આ પાંચેય ક્રિયાઓથી સ્પૃષ્ટ થાય છે.

જે જીવોનાં શરીરોથી તાડવૃક્ષ અને તાડફળ બનેલ છે, તે જીવ પણ કાયિકી **-યાવત્-** પ્રાણાતિપાતિકી આ પાંચેય ક્રિયાઓથી સ્પૃષ્ટ થાય છે.

પ્ર. ભંતે ! (તે પુરુષ દ્વારા તાડ વૃક્ષને હલાવવાથી) જે તે તાડફળ પોતાના ભારથી **-યાવત્-** પોતાની જાતે પડવાથી ત્યાંનાં પ્રાણી **-યાવત્-** સત્વ જીવ રહિત હોય છે ત્યારે ભંતે ! તે પુરુષને કેટલી ક્રિયાઓ લાગે છે ?

ઉ. ગૌતમ ! (પુરુષ દ્વારા તાડવૃક્ષને હલાવવાથી) જે તે તાડફળ પોતાના ભારથી પડે **-યાવત્-** જીવનથી રહિત કરે છે તો તે પુરુષ કાયિકી **-યાવત્-** પારિતાપનિકી આ ચાર ક્રિયાઓથી સ્પૃષ્ટ થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

जेसिं पि य णं जीवाणं सरीरेहिंतो ताले निव्वत्तिए,

ते वि य णं जीवा काइयाए **-जाव-** पारितावणियाए चउहिं किरियाहिं पुट्ठा,

जेसिं पि य णं जीवाणं सरीरेहिंतो तालफले निव्वत्तिए,

ते वि य णं जीवा काइयाए **-जाव-** पाणाइवाय किरियाए पंचहिं किरियाहिं पुट्ठा,

जे वि य से जीवा अहे वीससाए पच्चोवयमाणस्स उवग्गहे वट्टंति,

ते वि य णं जीवा काइयाए **-जाव-** पाणाइवाय किरियाए पंचहिं किरियाहिं पुट्ठा।

- वियाः स. १७, उ. १, सु. ८-९

जे જીવોનાં શરીરોથી તાડવૃક્ષ નિષ્પન્ન થયું છે.

તે જીવ કાયિકી **-યાવત્-** પારિતાપનિકી આ ચાર ક્રિયાઓથી સ્પૃષ્ટ થાય છે.

જે જીવોના શરીરોથી તાડવૃક્ષ નિષ્પન્ન થયું છે.

તે જીવ કાયિકી **-યાવત્-** પ્રાણાતિપાતિકી આ પાંચે ક્રિયાઓથી સ્પૃષ્ટ થાય છે.

જે જીવ સ્વાભાવિક રુપથી **નીચે** પડતા તાડફળનાં સહાયક થાય છે.

તે જીવ પણ કાયિકી **-યાવત્-** પ્રાણાતિપાતિકી આ પાંચે ક્રિયાઓથી સ્પૃષ્ટ થાય છે.

## २५. रूक्खमूलाइ पवाडमाणस्स पुरिसस्स किरिया परूवणं-

प. पुरिसे णं भंते ! रूक्खस्स मूलं पचालेमाणे वा, पवाडेमाणे वा कइ किरिए ?

उ. गोयमा ! जावं च णं से पुरिसे रूक्खस्स मूलं पचालेइ वा, पवाडेइ वा तावं च णं से पुरिसे काइयाए **-जाव-** पाणाइवायकिरियाए पंचहिं किरियाहिं पुट्ठे,

जेसिं पि य णं जीवाणं सरीरेहिंतो मूले निव्वत्तिए **-जाव-** बीए निव्वत्तिए ते वि य णं जीवा काइयाए **-जाव-** पाणाइवायकिरियाए पंचहिं किरियाहिं पुट्ठा।

प. अहे णं भंते ! से मूले अप्पणो गरूयत्ताए **-जाव-** जीवियाओ ववरोवेइ तओ णं भंते ! से पुरिसे कइ किरिए ?

उ. गोयमा ! जावं च णं से मूले अप्पणो गरूयत्ताए **-जाव-** जीवियाओ ववरोवेइ,

तावं च णं से पुरिसे काइयाए **-जाव-** पारितावणियाए चउहिं किरियाहिं पुट्ठे,

जेसिं पि य णं जीवाणं सरीरेहिंतो कंदे निव्वत्तिए **-जाव-** बीए निव्वत्तिए, ते वि य णं जीवा काइयाए **-जाव-** पारितावणियाए चउहिं किरियाहिं पुट्ठा,

जे सिं पि य णं जीवा णं सरीरेहिंतो मूले निव्वत्तिए, ते वि य णं जीवा काइयाए **-जाव-** पाणाइवाय किरियाए पंचहिं किरियाहिं पुट्ठा।

जे वि य णं से जीवा अहे वीससाए पच्चोवयमाणस्स उवग्गहे वट्टंति।

## ૨૫. વૃક્ષમૂળાદિને પાડનાર પુરુષની ક્રિયાઓનું પ્રરુપણ :

પ્ર. ભંતે ! કોઈ પુરુષ વૃક્ષનાં મૂળને હલાવે કે પાડે તો તેને કેટલી ક્રિયાઓ લાગે છે ?

ઉ. ગૌતમ ! જ્યારે તે પુરુષ વૃક્ષનાં મૂળને હલાવે કે પાડે છે ત્યારે તે પુરુષ કાયિકી **-યાવત્-** પ્રાણાતિપાતિકી આ પાંચે ક્રિયાઓથી સ્પૃષ્ટ થાય છે.

જે જીવોનાં શરીરોથી મૂળ **-યાવત્-** બીજ નિષ્પન્ન થયા છે, તે જીવ પણ કાયિકી **-યાવત્-** પ્રાણાતિપાતિકી આ પાંચે ક્રિયાઓથી સ્પૃષ્ટ થાય છે.

પ્ર. ભંતે ! જો તે મૂળ પોતાના વજનનાં કારણે નીચે પડે **-યાવત્-** જીવોનો નાશ કરે ત્યારે તે પુરુષને કેટલી ક્રિયાઓ લાગે છે ?

ઉ. ગૌતમ ! જ્યારે તે મૂળ પોતાના વજનનાં કારણે નીચે પડે છે **-યાવત્-** અન્ય જીવોનો નાશ કરે છે.

ત્યારે તે પુરુષ કાયિકી **-યાવત્-** પારિતાપનિકી આ ચાર ક્રિયાઓથી સ્પૃષ્ટ થાય છે.

જે જીવોનાં શરીરોથી તે કંદ **-યાવત્-** બીજ નિષ્પન્ન થયેલ છે, તે જીવ કાયિકી **-યાવત્-** પારિતાપનિકી આ ચાર ક્રિયાઓથી સ્પૃષ્ટ થાય છે.

જે જીવોનાં શરીરોથી મૂળ નિષ્પન્ન થયેલ છે તે જીવ કાયિકી **-યાવત્-** પ્રાણાતિપાતિકી આ પાંચે ક્રિયાઓથી સ્પૃષ્ટ થાય છે.

જે જીવ સ્વાભાવિક રૂપથી નીચે પડતા મૂળનાં સહાયક હોય છે.

जैन साहित्य JAINSITE जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ते वि य णं जीवा काइयाए **-जाव-** पाणाइवाय किरियाए पंचहिं किरियाहिं पुट्ठा।

प. पुरिसे णं भंते ! रूक्खस्स कंदे पचालेमाणे वा, पवाडेमाणे वा कइ किरिए ?

उ. गोयमा ! जावं च णं से पुरिसे कंदे पचालेमाणे वा, पवाडेमाणे वा,

तावं च णं से पुरिसे काइयाए **-जाव-** पाणाइवाय किरियाए पंचहिं किरियाहिं पुट्ठे,

जेसिं पि य णं जीवाणं सरीरेहिंतो कंदे निव्वत्तिए **-जाव-** बीए निव्वत्तिए,

ते वि य णं जीवा काइयाए **-जाव-** पाणाइवाय किरियाए पंचहिं किरियाहिं पुट्ठा।

प. अहे णं भंते ! से कंदे अप्पणो गरूयत्ताए **-जाव-** जीवयाओ ववरोवेइ तओ णं भंते ! से पुरिसे कइ किरिए ?

उ. गोयमा ! जावं च णं से कंदे अप्पणो गरूयत्ताए **-जाव-** जीवियाओ ववरोवेइ,

तावं च णं से पुरिसे काइयाए **-जाव-** पारितावणियाए चउहिं किरियाहिं पुट्ठे,

जेसिं पि य णं जीवा णं सरीरेहिंतो मूले निव्वत्तिए, कंदे निव्वत्तिए **-जाव-** बीए निव्वत्तिए,

ते वि य णं जीवा काइयाए **-जाव-** पारितावणियाए चउहिं किरियाहिं पुट्ठा,

जेसिं पि य णं जीवा णं सरीरेहिंतो कंदे निव्वत्तिए **-जाव-** बीए निव्वत्तिए,

ते वि य णं जीवा काइयाए **-जाव-** पाणाइवाय-किरियाए पंचहिं किरियाहिं पुट्ठा,

जे वि य से जीवा अहे वीससाए पच्चोवयमाणस्स उवग्गहे वट्टंति,

ते वि य णं जीवा काइयाए **-जाव-** पाणाइवाय किरियाए पंचहिं किरियाहिं पुट्ठा।

***जहा कंदे एवं -जाव- बीयं।***

- विया. स. १७, उ. १, सु. १०-१४

તે જીવ કાયિકી **-યાવત્-** પ્રાણાતિપાતિકી આ પાંચ ક્રિયાઓથી સ્પૃષ્ટ થાય છે.

પ્ર. ભંતે ! કોઈ પુરુષ વૃક્ષનાં કંદને હલાવે કે પાડે છે, તો તેને કેટલી ક્રિયાઓ લાગે છે ?

ઉ. ગૌતમ ! જ્યારે તે પુરુષ કંદને હલાવે કે પાડે છે.

ત્યારે તે પુરુષ કાયિકી **-યાવત્-** પ્રાણાતિપાતિકી આ પાંચે ક્રિયાઓથી સ્પૃષ્ટ થાય છે.

જે જીવોના શરીરોથી કંદ **-યાવત્-** બીજ નિષ્પન્ન હોય છે,

તે જીવ પણ કાયિકી **-યાવત્-** પ્રાણાતિપાતિકી આ પાંચેય ક્રિયાઓથી સ્પૃષ્ટ થાય છે.

પ્ર. ભંતે ! જો તે કંદ પોતાના વજનનાં કારણે નીચે પડે **-યાવત્-** જીવોનો નાશ કરે તો ભંતે ! તે પુરુષને કેટલી ક્રિયાઓ લાગે છે ?

पुरओ रूवाइं निज्झायमाणस्स -**जाव**-

अहे रूवाइं आलोएमाणस्स,

तस्स णं इरियावहिया किरिया कज्जइ,

नो संपराइया किरिया कज्जइ ?"

उ. गोयमा ! जस्स णं कोह-माण-माया-लोभा वोच्छिन्ना भवंति,

तस्स णं इरियावहिया किरिया कज्जइ,

नो संपराइया किरिया कज्जइ -**जाव**-

उस्सुत्तं रीयमाणस्स संपराइया किरिया कज्जइ।

से णं अहासुत्तमेव रीयइ।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"संवुडस्स णं अणगारस्स अवीयीपंथे ठिच्चा पुरओ रूवाइं निज्झायमाणस्स -**जाव**-

अहे रूवाइं आलोएमाणस्स,

तस्स णं इरियावहिया किरिया कज्जइ, नो संपराइया किरिया कज्जइ।"

- विया. स. १०, उ. २, सु. २-३

સામેનાં રુપોને નિહારતાં -**યાવત્**-

નીચેનાં રુપોને જોતાં,

તેને ઈર્યાપથિકી ક્રિયા લાગે છે,

પરંતુ સાંપરાયિકી ક્રિયા લાગતી નથી ?"

ઉ. ગૌતમ ! જેના ક્રોધ, માન, માયા અને લોભ નષ્ટ થઈ ગયા હોય,

તેને ઈર્યાપથિકી ક્રિયા લાગે છે.

તેને સાંપરાયિકી ક્રિયા લાગતી નથી -**યાવત્**-

સૂત્ર વિરુદ્ધ પ્રવૃત્તિ કરનારને સાંપરાયિકી ક્રિયા લાગે છે.

કારણ કે - તે સૂત્ર વિરુદ્ધ આચરણ કરે છે.

માટે હે ગૌતમ ! એવું કેહવાય છે કે-

"સંવૃત અનગાર અકષાયભાવમાં સ્થિત થઈને સામેનાં રુપોને નિહારતાં -**યાવત્**-

નીચેનાં રુપોને જોતાં,

તેને ઈર્યાપથિકી ક્રિયા લાગે છે, પરંતુ સાંપરાયિકી ક્રિયા લાગતી નથી."

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**८६. अणाउत्तं अणगारस्स किरिया परूवणं-**

प. अणगारस्स णं भंते ! अणाउत्तं गच्छमाणस्स वा, चिट्ठमाणस्स वा, निसीयमाणस्स वा, तुयट्टमाणस्स वा, अणाउत्तं, वत्थं पडिग्गहं कंबलं पायपुंछणं गेण्हमाणस्स वा, निक्खिवमाणस्स वा,

तस्स णं भंते ! किं इरियावहिया किरिया कज्जइ ? संपराइया किरिया कज्जइ ?

उ. गोयमा ! णो इरियावहिया किरिया कज्जइ, संपराइया किरिया कज्जइ।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

अणगारस्स णं अणाउत्तं गच्छमाणस्स वा -**जाव**- निक्खिवमाणस्स वा, नो इरियावहिया किरिया कज्जइ, संपराइया किरिया कज्जइ।

उ. गोयमा ! जस्स णं कोह-माण-माया-लोभा वोच्छिन्ना भवंति तस्स णं इरियावहिया किरिया कज्जइ, नो संपराइया किरिया कज्जइ।

**૮૬. ઉપયોગ રહિત અનગારની ક્રિયાનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! ઉપયોગ રહિત ગમન કરતાં, ઉભા રહેતાં, બેસતાં કે પડખું ફેરવતાં અને આ પ્રમાણે વગર ઉપયોગે વસ્ત્ર, પાત્ર, કંબલ અને પાદપ્રોંછન ગ્રહણ કરતાં કે રાખતાં અનગારને શું -

ભંતે ! ઈર્યાપથિકી ક્રિયા લાગે છે ? કે સાંપરાયિકી ક્રિયા લાગે છે ?

ઉ. ગૌતમ ! આવા અનગારને ઈર્યાપથિકી ક્રિયા લાગતી નથી. પરંતુ સાંપરાયિકી ક્રિયા લાગે છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"ઉપયોગ રહિત અનગારને ગમન કરતાં -**યાવત્**- ઉપકરણ રાખતાં ઈર્યાપથિકી ક્રિયા લાગતી નથી, પરંતુ સાંપરાયિકી ક્રિયા લાગે છે ?"

ઉ. ગૌતમ ! જે જીવનાં ક્રોધ, માન, માયા અને લોભ વ્યુચ્છિન્ન (ઉપશાંત) થઈ ગયા છે, તેને જ ઈર્યાપથિકી ક્રિયા લાગે છે. સાંપરાયિકી ક્રિયા લાગતી નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

जस्स णं कोह-माण-माया-लोभा अवोच्छिना भवंति तस्स णं संपराइया किरिया कज्जइ, नो इरियावहिया किरिया कज्जइ ।

अहासुत्तं रियं रीयमाणस्स इरियावहिया किरिया कज्जइ ।

उस्सुत्तं रीयमाणस्स संपराइया किरिया कज्जइ,

से णं उस्सुत्तमेवरियाइ ।

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-

"अणगारस्स णं अणाउत्तं गच्छमाणस्स वा **-जाव-** निक्खिवमाणस्स वा नो इरियावहिया किरिया कज्जइ, संपराइया किरिया कज्जइ ।"

- विया. स. ७, उ. १, सु. १६

પરંતુ જે જીવનાં ક્રોધ, માન, માયા અને લોભ વ્યુચ્છિન્ન થયા નથી તેને સાંપરાયિકી ક્રિયા લાગે છે પરંતુ ઈર્યાપથિકી ક્રિયા લાગતી નથી.

સૂત્રનાં અનુસાર પ્રવૃત્તિ કરનાર અનગારને ઈર્યાપથિકી ક્રિયા લાગે છે.

ઉત્સૂત્ર પ્રવૃત્તિ કરનાર અનગારને સાંપરાયિકી ક્રિયા લાગે છે.

કારણકે - પૂર્વોક્ત અનગાર સૂત્ર વિરુદ્ધ પ્રવૃત્તિ કરે છે.

માટે હે ગૌતમ ! એવું કહેવાય છે કે -

"ઉપયોગ રહિત ગમન કરતાં **-યાવત્-** ઉપકરણ રાખતાં અનગારને ઈર્યાપથિકી ક્રિયા લાગતી નથી. પરંતુ સાંપરાયિકી ક્રિયા લાગે છે."

**४७. आउत्तं संवुड अणगारस्स किरिया परूवणं-**

प. संवुडस्स णं भंते ! अणगारस्स आउत्तं गच्छमाणस्स **-जाव-** आउत्तं तुयट्टमाणस्स, आउत्तं वत्थं पडिग्गहं कंवलं पायपुंछणं गिण्हमाणस्स वा, निक्खिवमाणस्स वा, तस्स णं भंते ! किं इरियावहिया किरिया कज्जइ ? संपराइया किरिया कज्जइ ?

उ. गोयमा ! संवुडस्सणं अणगारस्स आउत्तं गच्छमाणस्स **-जाव-** निक्खिवमाणस्स तस्स णं इरियावहिया किरिया कज्जइ, णो संपराइया किरिया कज्जइ ।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ -

"तस्स संवुडस्स णं अणगारस्स इरियावहिया किरिया कज्जइ, नो संपराइया किरिया कज्जइ ?

उ. गोयमा ! जस्स णं कोह-माण-माया-लोभा वोच्छिन्ना भवंति तस्स णं इरियावहिया किरिया कज्जइ,

**तहेव -जाव-** उस्सुत्तं रीयमाणस्स संपराइया किरिया कज्जइ, से णं अहासुत्तमेव रीयइ,

से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ-"तस्स संवुडस्स णं अणगारस्स इरियावहिया किरिया कज्जइ, नो संपराइया किरिया कज्जइ ।"

- विया. स. ७, उ. ७, सु. १

**૪૭. ઉપયોગ સહિત સંવૃત્ત અનગારની ક્રિયાનું પ્રરુપણ :**

પ્ર. ભંતે ! ઉપયોગ સહિત ચાલતાં **-યાવત્-** પડખું બદલતાં તથા ઉપયોગ સહિત વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછન આદિ ગ્રહણ કરતાં અને રાખતા સંવૃત્ત અનગારને ભંતે ! શું ઈર્યાપથિકી ક્રિયા લાગે છે કે સાંપરાયિકી ક્રિયા લાગે છે ?

ઉ. ગૌતમ ! ઉપયોગ સહિત ગમન કરતાં **-યાવત્-** રાખતાં તે સંવૃત્ત અનગારને ઈર્યાપથિકી ક્રિયા લાગે છે, પરંતુ સાંપરાયિકી ક્રિયા લાગતી નથી.

પ્ર. ભંતે ! શા માટે એવું કેહવાય છે કે -

"તે સંવૃત્ત અનગારને ઈર્યાપથિકી ક્રિયા લાગે છે, પરંતુ સાંપરાયિકી ક્રિયા લાગતી નથી ?

ઉ. ગૌતમ ! જેના ક્રોધ, માન, માયા અને લોભ વ્યુચ્છિન્ન થઈ ગયા છે તેને ઈર્યાપથિકી ક્રિયા લાગે છે.

**તે પ્રમાણે -યાવત્-** ઉત્સૂત્ર પ્રવૃત્તિ કરનારને સાંપરાયિકી ક્રિયા લાગે છે. કારણકે - તે ઉત્સૂત્ર પ્રવૃત્તિ કરે છે.

માટે હે ગૌતમ ! એવું કહેવાય છે કે- "તે સંવૃત્ત અનગારને ઈર્યાપથિકી ક્રિયા લાગે છે. સાંપરાયિકી ક્રિયા લાગતી નથી."

**४८. पच्चक्खाण किरियाया वित्थरओ परूवणं-**

सुयं मे आउसं ! तेणं भगवया एवमक्खायं,
इह खलु पच्चक्खाण किरिया नामज्झयणे,
तस्स णं अयमट्ठे-आया अपच्चक्खाणी या वि भवइ,
आया अकिरियाकुसले या वि भवइ,

**૪૮. પ્રત્યાખ્યાન ક્રિયાનું વિસ્તારથી પ્રરુપણ :**

હે આયુષ્યમાન્ ! તે ભગવાન્ મહાવીર સ્વામીએ એવું કહ્યુ, મેં સાંભળ્યું, આ નિર્ગ્રંથ પ્રવચનમાં પ્રત્યાખ્યાન ક્રિયા નામનું અધ્યયન છે. તેનો આશય એ છે - આત્મા (જીવ) અપ્રત્યાખ્યાની (સાવદ્યાનીનો ત્યાગ ન કરનાર) પણ હોય છે. આત્મા અક્રિયાકુશલ (શુભક્રિયા ન કરવામાં નિપુણ) પણ હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

आया मिच्छासंठिए या वि भवइ,

આત્મા મિથ્યાત્વ (ના ઉદય)માં સંસ્થિત હોય છે.

आया एगंतदंडे या वि भवइ,

આત્મા એકાંત રુપથી (બીજા પ્રાણીઓને) દંડ આપનાર પણ હોય છે.

आया एगंतबाले या वि भवइ,

આત્મા એકાંત રુપથી (સર્વથા બાળ અજ્ઞાની) પણ હોય છે.

आया एगंतसुत्ते या वि भवइ,

આત્મા એકાંત રુપથી સુષુપ્ત પણ હોય છે,

आया अवियारमण-वयण-काय वक्के या वि भवइ,

આત્મા પોતાના મન, વચન, કાયા અને વાક્ય (ની પ્રવૃત્તિ) પર વિચાર કરનાર પણ હોતી નથી.

आया अप्पडिहय पच्चक्खायपावकम्मे या वि भवइ,

આત્મા પોતાના પાપ કર્મોનો ઘાત અને પ્રત્યાખ્યાન કરનાર પણ હોતી નથી.

एस खलु भगवया अक्खाए-असंजए-अविरए- अप्पडिहय-पच्चक्खाय-पावकम्मे सकिरिए असंवुडे एगंतदंडे एगंतबाले एगंतसुत्ते, से बाले अवियारमण-वयण-काय- वक्के सुविणम-वि णं पस्सइ, पावे से कम्मे कज्जइ।

આ જીવ (આત્મા)ને ભગવાને અસંયત (સંયમહીન) અવિરત, હિંસા આદિથી અનિવૃત્ત, પાપકર્મનો ઘાત (નાશ) અને પ્રત્યાખ્યાન (ત્યાગ) ન કરેલ, સક્રિય, અસંવૃત્ત, પ્રાણીઓને એકાંત (સર્વથા) દંડ આપનાર, એકાંતબાળ, એકાંતસુપ્ત કહ્યો છે અને મન, વચન, કાયા તથા વાક્ય (ની પ્રવૃત્તિ)નાં વિચારથી રહિત તે અજ્ઞાની (હિંસાનું) સ્વપ્ન પણ જોતાં નથી - અર્થાત્ અવ્યક્ત ચેતનાવાળો છે તો પણ પાપકર્મનો બંધ કરે છે.

जैन साहित्य JAINSITE .com जैनम् जयतु शासनम्

तत्थ चोयए पण्णवगं एवं वयासि-

આ પરથી પ્રશ્નકર્તાએ પ્રરૂપણા કરનારથી આ પ્રમાણે પૂછ્યું -

"अमंतएणं मणेणं पावएणं, असंतियाए वईए पावियाए, अमंतएणं काएणं पावएणं, अहणंतस्स अमणक्खस्स अवियारमण-वयण-काय-वक्कस्स सुविणमवि अपस्सओ पावे कम्मे नो कज्जइ।"

"પાપયુક્ત મન ન હોવાથી, પાપયુક્ત વચન ન હોવાથી તથા પાપયુક્ત કાયા ન હોવાથી જે પ્રાણીઓની હિંસા કરતા નથી, જે અમનસ્ક છે, જેનું મન, વચન, કાયા અને વાક્ય હિંસાદિ પાપકર્મનાં વિચારથી રહિત છે, જે સ્વપ્નમાં પણ પાપકર્મ કરવાનું વિચારતા નથી, એવા જીવને પાપકર્મનો બંધ થતો નથી."

कस्स णं तं हेउं ?

(પ્રશ્નકર્તાથી કોઈકે પૂછ્યું ) પાપકર્મનો બંધ ન થવાનું કારણ શું છે ?

चोयए एवं ब्रवीति-

ઉત્તરમાં પ્રશ્નકર્તાએ આ પ્રમાણે કહ્યું -

"अण्णयरेणं मणेणं पावएणं मणवत्तिए पावे कम्मे कज्जइ,

"મન પાપયુક્ત હોવાથી જ માનસિક પાપકર્મ કરાય છે.

अण्णयरीए वईए पावियाए वइवत्तिए पावे कम्मे कज्जइ,

પાપયુક્ત વચન હોવાથી જ વાચિક પાપકર્મ કરાય છે.

अण्णयरेणं काएणं पावएणं कायवत्तिए पावे कम्मे कज्जइ,

પાપયુક્ત શરીર હોવાથી જ કાયિક પાપકર્મ કરાય છે.

हणंतस्स समणक्खस्स सवियारमण-वयण-काय-वक्कस्स सुविणमवि पासओ, एवं गुणजाईयस्स पावे कम्मे कज्जइ।"

જે પ્રાણી હિંસા કરે છે, હિંસાયુક્ત મનોવ્યાપારથી યુક્ત છે, જાણી જોઈને મન, વચન, કાયા અને વાક્યનો પ્રયોગ કરે છે અને સ્વપ્ન પણ જુવે છે. આ વિશેષતાઓથી યુક્ત જીવ પાપકર્મ કરે છે."

पुणरवि चोयए एवं ब्रवीति-

પ્રશ્નકર્તા ફરીથી આ પ્રમાણે કહે છે -

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

तत्थ णं जे ते एवमाहंसु-

"असंतएणं मणेणं पावएणं असंतियाए वईए पावियाए, असंतएणं काएणं पावएणं अहणंतस्स अमणक्खस्स, अवियार-मण-वयण-काय वक्कस्स सुविणमवि अपस्सओ पावे कम्मे कज्जइ, जे ते एवमाहंसु मिच्छा ते एवमाहंसु।"

આ વિષયમાં જે આ કહેવામાં આવે છે કે -

"મન પણ પાપયુક્ત ન હોય, વચન પણ પાપયુક્ત ન હોય, શરીર પણ પાપયુક્ત ન હોય, કોઈ પ્રાણીનો ઘાત ન કરતા હોય, અમનસ્ક હોય, મન, વચન, કાયા અને વાક્યનાં દ્વારા પણ પાપ પ્રવૃત્તિ ન કરતા હોય અને સ્વપ્નમાં પણ (પાપ) ન જોતા હોય, ત્યારે પણ (તે) પાપ કર્મ કરે છે, તો તે મિથ્યા કહે છે."

तत्थ पण्णवगे चोयगं एवं वयासी-

"जं मए पुव्वुत्तं असंतएणं मणेणं पावएणं, असंतियाए वईए पावियाए, असंतएणं काएणं पावएणं, अहणंतस्स अमणक्खस्स अवियार-मण-वयण-काय-वक्कस्स सुविणम वि अपस्सओ पावे कम्मे कज्जइ तं सम्मं।

આના પર ઉત્તરદાતાએ પ્રશ્નકર્તાથી આ પ્રમાણે કહ્યું -

"જે મેં પહેલા કહ્યું હતું કે મન પાપયુક્ત ન હોય, વચન પણ પાપયુક્ત ન હોય, કાયા પણ પાપયુક્ત ન હોય, તે કોઈ પ્રાણીની હિંસા પણ ન કરતા હોય, મનોવિકળ હોય, મન, વચન, કાયા અને વાક્યનું સમજીને પ્રયોગ ન કરતા હોય અને પાપકારી સ્વપ્ન પણ ન જોતા હોય તો પણ એવા જીવ પાપકર્મ કરે છે, આજ સત્ય છે."

कस्स णं तं हेउं ?

આ વર્ણનનો શું હેતુ છે ?

आयरिय आह-'तत्थ खलु भगवया छज्जीवनिकाया हेऊ पण्णत्ता, तं जहा- १. पुढविकाइया **-जाव-** ६. तसकाइया।

આચાર્ય (પ્રજ્ઞાપક) એ કહ્યું - આના માટે ભગવાને છ જીવ નિકાયોને કર્મબંધનાં કારણ રૂપ કહ્યા છે, જેમકે - ૧. પૃથ્વીકાય **-યાવત્-** ૬. ત્રસકાય.

इच्चेएहिं छहिं जीवनिकाएहिं आया अप्पडिहय-पच्चक्खाय-पावकम्मे निच्चं पसढविओवात चित्तदंडे, तं जहा - १. पाणाइवाए **-जाव-** ५ परिग्गहे, ६ कोहे **-जाव-** १८ मिच्छादंसणसल्ले,

આ છ જીવનિકાયનાં જીવોની હિંસાથી જઘન્ય પાપને જે આત્માએ તપશ્ચર્યા આદિ કરીને નષ્ટ કરેલ નથી, પાપકર્મનાં પ્રત્યાખ્યાન કરેલ નથી અને જે સદૈવ નિષ્ઠુરતાપૂર્વક પ્રાણીઓની ઘાતમાં દત્તચિત્ત રહે છે અને તેને દંડ આપે છે, જેમકે - ૧. પ્રાણાતિપાત **-યાવત્-** ૫. પરિગ્રહ તથા ૬. ક્રોધ **-યાવત્-** ૧૮. મિથ્યાદર્શન શલ્ય. (આ અઢાર પાપસ્થાનોથી નિવૃત્ત થતા નથી તે પાપકર્મનો બંધ કરે છે, તે સત્ય છે.)

आयरिय आह तत्थ खलु भगवया वहए दिट्ठंते पण्णत्ते,

આચાર્ય ફરીથી કહે છે, આ વિષયમાં ભગવાને એક હત્યારાનું દૃષ્ટાંત આપ્યું છે.

से जहानामए वहए सिया गाहावइस्स वा, गाहावइपुत्तस्स वा, रण्णो वा, रायपुरिसस्स वा, खणं निदाए पविसिस्सामि खणं लद्धूणं वहिस्सामि पहारेमाणे,

જેમ કોઈ એક હત્યારો હોય, તે ગૃહપતિની અથવા ગૃહપતિનાં પુત્રની અથવા રાજાની કે રાજપુરુષની હત્યા કરવા ચાહે છે અને વિચાર કરે છે કે "હું અવસર જોઈને ઘરમાં પ્રવેશ કરીશ તથા અવસર મળતા જ તેના પર પ્રહાર કરીને હત્યા કરી દઈશ."

से किं नु हु नाम से वहए तस्स वा गाहावइस्स, तस्स वा गाहावइपुत्तस्स, तस्स वा रण्णो, तस्स वा रायपुरिसस्स, खणं निदाए पविसिस्सामि, खणं लद्धूणं वहिस्सामित्ति पहारेमाणे दिया वा राओ वा सुत्ते वा -

તે હત્યારો એ ગૃહપતિની, ગૃહપતિપુત્રની અથવા રાજાની કે રાજપુરુષની હત્યા કરવા માટે અવસર જોઈને ઘરમાં પ્રવેશ કરીશ અને અવસર મળતાં જ પ્રહાર કરીને હત્યા કરી દઈશ. આ પ્રમાણેનો સંકલ્પ-વિકલ્પ કરનાર (તે હત્યારો) દિવસનાં કે રાતનાં, સુતા-

जैन साहित्य JAINSITE जैनम् जयति शासनम्

जागरमाणे वा अमित्तभूए मिच्छासंठिए निच्चं पसढ-विओवातचित्तदंडे भवइ ?

કે જાગતાં પ્રતિક્ષણ આજ વિચારોમાં રહે છે, તે એ બધાનો શત્રુ છે. તે બધાથી મિથ્યા (પ્રતિકૂળ) વ્યવહાર કરવામાં જોડાયેલ છે, ચિત્રરૂપી દંડમાં સદૈવ વિવિધ પ્રકારથી નિષ્ઠુરતા પૂર્વક ઘાતનો વિચાર રાખે છે, શું એવો વ્યક્તિ તે પૂર્વોક્ત (વ્યક્તિઓ)નો હત્યારો કહી શકાય છે કે નહીં ?

एवं वियागरेमाणे समियाए वियागरे चोयए हंता भवइ।

આચાર્યશ્રી દ્વારા આ પ્રમાણે કહેવાથી તે પ્રશ્નકર્તા શિષ્ય સમભાવની સાથે કહે છે - "હા, પૂજ્યવર ! એવો પુરુષ હત્યારો (હિંસક) જ છે."

**आयरिया आह**-जहा से वहए तस्स वा गाहावइस्स, तस्स वा गाहावइपुत्तस्स, तस्स वा रण्णो, तस्स वा रायपुरिसस्स खणं णिदाए पविसिस्सामि, खणं लद्धूणं वहिस्सामित्ति पहारेमाणे दिया वा राओ वा सुत्ते वा जागरमाणे वा अमित्तभूए मिच्छासंठिए निच्चं पसढविओवायचित्तदंडे,

**આચાર્યએ ફરીથી કહ્યું** - જેમ તે ગૃહપતિ કે ગૃહપતિનાં પુત્રને અથવા રાજા કે રાજપુરુષને મારવા ચાહનાર તે હત્યારો પુરુષ વિચારે છે કે અવસર મેળવતા જ આના મકાન (કે નગર)માં પ્રવેશ કરીશ અને અવસર મળતા જ પ્રહાર કરીને આનો વધ કરી દઈશ. એવા દુ:વિચારથી તે રાત-દિવસ સુતા જાગતા હંમેશા ઘાત કરતો રહે છે, સદા તેનો શત્રુ બની રહે છે, મિથ્યા કુકૃત્ય કરવા માટે તત્પર રહે છે, વિભિન્ન પ્રકારથી તેના ઘાતને માટે નિત્ય શઠતાપૂર્વક હૃદયમાં દુષ્ટ સંકલ્પ વિકલ્પ કરતો રહે છે.

एवामेव बाले वि सव्वेसिं पाणाणं **-जाव-** सत्ताणं दिया वा राओ वा सुत्ते वा जागरमाणे वा अमित्तभूए मिच्छासंठिए निच्चं पसढविओवातचित्तदंडे, पाणाइवाए **-जाव-** मिच्छादंसणसल्ले।

આ પ્રમાણે (અપ્રત્યાખ્યાની, બાળ, અજ્ઞાની) જીવ પણ સમસ્ત પ્રાણીઓ **-યાવત્-** સત્વોનું દિવસ-રાત, સુતા-જાગતા સદા વૈરી (અમિત્ર) બન્યો રહે છે, મિથ્યાબુદ્ધિથી ગ્રસ્ત રહે છે, તેને નિત્ય નિરંતર તે જીવોને શઠતાપૂર્વક મારવાનાં વિચાર ઉત્પન્ન થાય છે. કારણકે - તે (અપ્રત્યાખ્યાની બાળ જીવ) પ્રાણાતિપાતથી મિથ્યાદર્શન શલ્ય સુધી અઢાર જ પાપસ્થાનોમાં ઓતપ્રોત રહે છે.

एवं खलु भगवया अक्खाए असंजए अविरए अप्पडिहय-पच्चक्खाय-पावकम्मे सकिरिए असंवुडे एगंतदंडे एगंतबाले एगंतसुत्ते या वि भवइ, से बाले अवियार-मण-वयण-काय-वक्के सुविणमवि ण पस्सइ, पावे य से कम्मे कज्जइ।

માટે ભગવાને એવા જીવને માટે કહ્યું છે કે - તે અસંયત, અવિરત, પાપકર્મોનો નાશ અને પ્રત્યાખ્યાન ન કરનાર, પાપક્રિયાથી યુક્ત સંવર રહિત એકાંત રુપથી પ્રાણીઓને દંડ આપનાર સર્વથા બાળ (અજ્ઞાની) અને સર્વથા સુપ્ત પણ હોય છે. તે બાળ અજ્ઞાની જીવ મન, વચન, કાયા અને વાક્યનો વિચારપૂર્વક પ્રયોગ કરતા નથી, (પાપકર્મ કરવાનો) સ્વપ્ન પણ જોતા નથી ત્યારે તે (અપ્રત્યાખ્યાની હોવાનાં કારણે) પાપકર્મનો બંધ કરે છે.

जहा से वहइ तस्स वा गाहावइस्स **-जाव-** तस्स वा रायपुरिसस्स पत्तेयं-पत्तेयं चित्त समादाए दिया वा राओ वा सुत्ते वा जागरमाणे वा अमित्तभूए मिच्छासंठिए णिच्चं पसढविओवातचित्तदंडे भवइ,

જેમ વધનો વિચાર કરનાર હત્યારો પુરુષ તે ગૃહપતિ **-યાવત્-** રાજપુરુષની હત્યા કરવાનો દુર્વિચાર ચિત્તમાં લેતો રાત-દિવસ, સુતા-જાગતા અમિત્ર થઈને કુવિચારોમાં ડૂબીને સદૈવ તેની હત્યા કરવાની ધુનમાં રહે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

एवामेव बाले सव्वेसिं पाणाणं -जाव- सव्वेसिं सत्ताणं पत्तेयं-पत्तेयं चित्तं समादाए दिया वा राओ वा सुत्ते वा जागरमाणे वा अमित्तभूए मिच्छासंठिए -जाव- चित्तदंडे भवइ।

આ પ્રમાણે (અપ્રત્યાખ્યાની પણ) સમસ્ત પ્રાણો -યાવત્- સત્વોનાં પ્રતિ હિંસાનો ભાવ રાખનાર અજ્ઞાની જીવ દિવસ-રાત, સુતા-જાગતાં સદૈવ તે પ્રાણીઓનાં શત્રુ અને મિથ્યા વિચારોમાં સ્થિર થઈને -યાવત્- મનમાં ઘાતની વાત વિચારતા રહે છે.

णो इणट्ठे समट्ठे चोयगो।

પ્રશ્નકર્તાએ કહ્યું - પૂર્વોક્ત વાત માન્ય થઈ શકતી નથી.

इह खलु बहवे पाणा जे इमेणं सरीरसमुस्सएणं णो दिट्ठा वा, नो सुया वा, नाभिमया वा, विण्णाया वा,

કારણકે - આ જગતમાં ઘણા એવા પ્રાણી છે. જેના શરીરને ક્યારેય જોયું નથી, સાંભળ્યું નથી, તે પ્રાણી ન તો પોતાનો ઈષ્ટ કરે છે અને ન તે જ્ઞાત છે.

जेसिं णो पत्तेयं-पत्तेयं चित्त समादाए दिया वा राओ वा सुत्ते वा जागरमाणे वा अमित्तभूए मिच्छासंठिए निच्चं पसढविओवातचित्तदंडे, पाणाइवाए -जाव- मिच्छादंसणसल्ले।

આ કારણથી એવા પ્રાણીઓમાંથી પ્રત્યેક પ્રાણીનાં પ્રતિ હિંસામય ચિત્ત રાખતા દિવસ-રાત, સુતા-જાગતાં, તેનો શત્રુ ભાવ બની રહેતો તથા તેની સાથે મિથ્યા વ્યવહાર કરવામાં સંલગ્ન રહેતો મિથ્યાદર્શન શલ્ય સુધીનાં પાપોમાં આવા પ્રાણીઓનું લિપ્ત રહેવું પણ સંભવ નથી.

आयरिए आह तत्थ खलु भगवया दुवे दिट्ठंता पण्णत्ता, तं जहा -

આચાર્યએ ઉત્તર આપ્યો આ વિષયમાં ભગવાને બે દૃષ્ટાંત આપ્યા છે, જેમકે -

१. सन्निदिट्ठंते य, २. असण्णिदिट्ठंते य।

૧. સંજ્ઞીદૃષ્ટાંત, ૨. અસંજ્ઞી દૃષ્ટાંત.

प. १. से किं तं सण्णिदिट्ठंते ?

પ્ર. ૧.સંજ્ઞી દૃષ્ટાંત શું છે ?

उ. **सण्णिदिट्ठंते** - जे इमे सण्णिपंचिंदिया पज्जत्तगा एएसि णं छज्जीवनिकाए पडुच्च, तं जहा-पुढविकायं -जाव- तसकायं, से एगइओ पुढविकाएणं किच्चं करेइ वि, कारवेइ वि, तस्स णं एवं भवइ-'एवं खलु अहं पुढविकाएणं किच्चं करेमि वि, कारवेमि वि," णो चेव णं से एवं भवइ इमेण वा-इमेण वा, से य तेणं पुढविकाएणं किच्चं करेइ वि, कारवेइ वि, से य ताओ पुढविकाइयाओ असंजय-अविरय-पडिहय-पच्चक्खाय-पावकम्मे या वि भवइ।

ઉ. **સંજ્ઞી દૃષ્ટાંત આ પ્રમાણે છે** - જો તે સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત જીવ છે. આમાં પૃથ્વીકાયથી ત્રસકાય સુધી ષડ્જીવ નિકાયનાં જીવોમાં જો કોઈ પુરુષ પૃથ્વીકાયથી જ પોતાનો (આહારાદિ) કૃત્ય કરે છે કે કરાવે છે તો તેના મનમાં એવો વિચાર આવે છે કે "હું પૃથ્વીકાયથી પોતાનું કાર્ય કરું પણ છું અને કરાવું પણ છું' પરંતુ તેને તે સમયે એવો વિચાર હોતો નથી કે આનાથી કે આ (અમુક) પૃથ્વીથી જ કાર્ય કરું છું કે કરાવું છું માટે તે વ્યક્તિ પૃથ્વીકાયનો અસંયમી, તેનાથી અવિરત તથા હિંસાનો નિરોધક અને પ્રત્યાખ્યાન કરેલ નથી.

***एवं -जाव- तसकायाओ त्ति भाणियव्वं,***

***આ પ્રમાણે ત્રસકાય સુધીનાં જીવોનાં વિષયમાં કહેવું જોઈએ.***

से एगइओ छहिं जीवनिकाएहिं किच्चं करेइ वि, कारवेइ वि, तस्स णं एवं भवइ-'एवं खलु छहिं जीवनिकाएहिं किच्चं करेमि वि, कारवेमि वि,' णो चेव णं से एवं भवइ- इमेहिं वा, इमेहिं वा, से य तेहिं

જો કોઈ વ્યક્તિ છ કાયનાં જીવોથી કાર્ય કરે છે અને કરાવે પણ છે તો તે એવો જ વિચાર કરે છે કે - 'હું છ કાયનાં જીવોથી કાર્ય કરું છું અને કરાવું પણ છું.' તે વ્યક્તિને એવો વિચાર હોતો નથી કે એજ અથવા આ જીવોથી જ કાર્ય કરે છે કે કરાવે છે (બધાથી નહીં) કારણકે તે સામાન્ય રૂપથી તે-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

छहिं जीवनिकाएहिं किच्चं करेइ वि, कारवेइ वि, से य तेहिं छहिं जीवनिकाएहिं असंजय-अविरय-अप्पडिहय-पच्चक्खाय-पावकम्मे पाणाइवाए **-जाव-** मिच्छादंसणसल्ले।

છહે જીવનિકાયોથી કાર્ય કરે છે અને કરાવે પણ છે. આ કારણે તે પ્રાણી એ છહે જીવનિકાયોનાં જીવોની હિંસાથી અસંયત, અવિરત અને તેની હિંસા આદિથી થયેલ પાપકર્મોનાં પ્રતિઘાત અને પ્રત્યાખ્યાન કરેલ નથી. આ કારણે તે પ્રાણાતિપાતથી મિથ્યા દર્શનશલ્ય સુધીનાં બધા પાપોનું સેવન કરે છે.

एस खलु भगवया अक्खाए असंजए अविरए-अपडिहय-पच्चक्खाय-पावकम्मे, सुविणमवि अपस्सओ पावे य कम्मे से कज्जइ, ***से त्तं सण्णिदिट्ठंते।***

ભગવાને એવા પ્રાણીને અસંયત, અવિરત, પાપકર્મોનો (તપ આદિથી) નાશ તથા પ્રત્યાખ્યાનથી નિરોધ ન કરનાર કહ્યો છે, ચાહે તે પ્રાણી સ્વપ્નમાં પણ ન જોતા હોય તો પણ તે પાપકર્મનો (બંધ કરે છે) ***આ સંજ્ઞીનું દૃષ્ટાંત છે.***

प. से किं तं असण्णिदिट्ठंते ?

પ્ર. અસંજ્ઞી દૃષ્ટાંત શું છે ?

उ. **असण्णिदिट्ठंते -** जे इमे असण्णिओ पाणा, पुढविकाइया **-जाव-** वणस्सइकाइया छट्ठा वेगइया तसा पाणा, जेसिं णो तक्का इ वा, सण्णा इ वा, पण्णा इ वा, मणे इ वा, वई इ वा, सयं वा करणाए, अण्णेहिं वा कारवेत्तए, करेंतं वा समणुजाणित्तए, ते वि णं बाला सव्वेसिं पाणाणं **-जाव-** सव्वेसिं सत्ताणं दिया वा राओ वा सुत्ते वा जागरमाणे वा अमित्तभूया मिच्छासंठिया निच्चं पसढवि-ओवातचित्तदंडा, पाणाइवाए **-जाव-** मिच्छा-दंसणसल्ले।

ઉ. **અસંજ્ઞી દૃષ્ટાંત આ પ્રમાણે છે -** પૃથ્વીકાયિક જીવોથી વનસ્પતિકાયિક જીવો અને છઠા જે ત્રસ સંજ્ઞક અમનસ્ક જીવ છે તે અસંજ્ઞી છે, જેનામાં તર્ક નથી, સંજ્ઞા નથી. બુદ્ધિ નથી, મન નથી, વાણી નથી અને જે પોતે કરી શકતા નથી, બીજા પાસે કરાવી શકતા નથી અને જે કરતા હોય તેને ભલું જાણી શકતા નથી, તે અજ્ઞાની પ્રાણી સમસ્ત પ્રાણીઓ **-યાવત્-** સત્વોનાં દિવસ-રાત, સુતા કે જાગતાં દરેક સમયે શત્રુભૂત થઈને મિથ્યા વ્યવહાર કરનાર હોય છે. તેના પ્રતિ સદૈવ હિંસાત્મક ચિત્તવૃત્તિ રાખે છે. આ કારણે તે પ્રાણાતિપાતથી મિથ્યાદર્શનશલ્ય સુધી અઢાર જ પાપસ્થાનોમાં સદા મગ્ન રહે છે.

इच्चेवं जाणे, णो चेव मणो, णो चेव वई पाणाणं **-जाव-** सत्ताणं दुक्खणयाए सोयणयाए जूरणयाए तिप्पणयाए पिट्टणयाए परितप्पणयाए ते दुक्खण-सोयण **-जाव-** परितप्पण-वह बंधणपरिकिलेसाओ अप्पडिविरया भवंति।

આ પ્રમાણે જો અસંજ્ઞી જીવોને મન હોતુ નથી અને વાણી હોતી નથી તથાપિ તે (અપ્રત્યાખ્યાની હોવાથી) સમસ્ત પ્રાણીઓ **-યાવત્-** સત્વોને દુઃખ આપવું, શોક ઉત્પન્ન કરાવવો, વિલાપ કરાવવો, રડાવવું, પીડા આપવી, વધ કરવો તથા પરિતાપ આપવો, તેને એકી સાથે દુઃખ શોક **-યાવત્-** સંતાપ વધ-બંધન પરિક્લેશ આદિ કરવાથી વિરત થતો નથી. (પણ પાપકર્મમાં સદા રત રહે છે)

इइ खलु ते असण्णिणो वि संता अहोनिसं पाणाइवाए उवक्खाइज्जंति **-जाव-** अहोनिसं परिग्गहे उवक्खाइज्जंति **-जाव-** मिच्छादंसणसल्ले उवक्खाइज्जंति। ***से त्तं असण्णिदिट्ठंते।***

આ પ્રમાણે તે પ્રાણી અસંજ્ઞી હોવા છતાં પણ અહર્નિશ પ્રાણાતિપાત **-યાવત્-** પરિગ્રહમાં તથા મિથ્યા દર્શન શલ્ય સુધીનાં સમસ્ત પાપસ્થાનોમાં પ્રવૃત્ત કહેવાય છે. ***આ અસંજ્ઞીનું દૃષ્ટાંત છે.***

सव्वजोणिया वि खलु सत्ता सण्णिणो होच्चा असण्णिणो होंति, असण्णिणो होच्चा सण्णिणो होंति,

બધા યોનિઓનાં પ્રાણી નિશ્ચિતરૂપથી સંજ્ઞી-અસંજ્ઞી પર્યાયમાં ઉત્પન્ન થઈ જાય છે તથા અસંજ્ઞી થઈને સંજ્ઞી (પર્યાયમાં ઉત્પન્ન) થઈ જાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

होच्चा सण्णी अदुवा असण्णी, तत्थ से अविविचिया अविधूणिया असमूच्छिया अणणुताविया,

તે સંજ્ઞી કે અસંજ્ઞી થઈને અહીં પાપકર્મોને પોતાથી અલગ ન કરતાં (તપ આદિથી) તેની નિર્જરા ન કરતા (પ્રાયશ્ચિત્ત આદિથી) તેનું ઉચ્છેદન ન કરતાં, તેની આલોચના આદિ ન કરતાં,

१. सण्णिकायाओ वा सण्णिकायं संकमंति,

૧. સંજ્ઞીનાં શરીરથી સંજ્ઞીનાં શરીરમાં સંક્રમણ કરે છે.

२. सण्णिकायाओ वा असण्णिकायं संकमंति,

૨. સંજ્ઞીનાં શરીરથી અસંજ્ઞીનાં શરીરમાં સંક્રમણ કરે છે.

३. असण्णिकायाओ वा सण्णिकायं संकमंति,

૩. અસંજ્ઞીના શરીરથી સંજ્ઞીના શરીરમાં સંક્રમણ કરે છે,

४. असण्णिकायाओ वा असण्णिकायं संकमंति।

૪. અસંજ્ઞીના શરીરથી અસંજ્ઞીના શરીરમાં સંક્રમણ કરે છે.

जे एए सण्णी वा, असण्णी वा सव्वे ते मिच्छायारा निच्चं पसढविओवातचित्तदंडा, तं जहा-

જો તે સંજ્ઞી કે અસંજ્ઞી પ્રાણી છે, તે બધા મિથ્યાચારી છે અને સદૈવ શઠતાપૂર્ણ હિંસાત્મક ચિત્તવૃત્તિ વાળા હોય છે, જેમકે -

१. पाणाइवाए **-जाव-** १८ मिच्छादंसणसल्ले।

પ્રાણાતિપાત **-યાવત્-** મિથ્યાદર્શન શલ્ય (આ અઢાર જ પાપસ્થાનોનું સેવન કરનાર હોય છે.)

एवं खलु भगवया अक्खाए असंजए-अविरए-अप्पडिहय-पच्चक्खाय-पावकम्मे सकिरिए असंवुडे एगंतदंडे एगंतबाले एगंतसुत्ते,

આ કારણથી ભગવાને તેને અસંયત, અવિરત પાપકર્મોનો નાશ અને પ્રત્યાખ્યાન ન કરનાર, અશુભક્રિયાયુક્ત, સંવરરહિત, એકાંતહિંસક, અજ્ઞાની અને એકાંતમાં (ભાવનિદ્રા) સુપ્ત કહ્યો છે.

से बाले अवियार-मण-वयण-काय-वक्के, सुविणमवि अपासओ पावे य से कम्मे कज्जइ।

તે અજ્ઞાની (અપ્રત્યાખ્યાની) જીવ ભલે મન, વચન, કાયા અને વાક્યનો પ્રયોગ વિચારપૂર્વક ન કરતા હોય તથા (હિંસાનું) સ્વપ્ન પણ ન જોતા હોય, છતાં પણ પાપકર્મ કરે છે.

**चोयग-** से किंकुव्वं-किंकारवं-कहं संजय-विरय-पडिहय-पच्चक्खाय-पावकम्मे भवइ ?

(આ સ્પષ્ટીકરણને સાંભળીને પ્રશ્નકર્તાએ) જીજ્ઞાસા બતાવી કે ત્યારે મનુષ્ય શું કરતો, શું કરાવતો તથા કેવો સંયત, વિરત તથા પાપકર્મનો નિરોધક અને પ્રત્યાખ્યાન કરનાર હોય છે ?

**आयरिय आह-** तत्थ खलु भगवया छज्जीवणिकाया हेऊ पण्णत्ता, तं जहा -

१. पुढविकाइया **-जाव-** ६. तसकाइया,

**આચાર્યએ કહ્યું -** આ વિષયમાં ભગવાને પૃથ્વીકાયથી ત્રસકાય સુધી ષડ્જીવ નિકાયોને (સંયત અનુષ્ઠાનનું) કારણ બતાવ્યું છે.

से जहानामए मम अस्सायं दंडेण वा, अट्ठीण वा, मुट्ठीण वा, लेलूण वा, कवालेण वा, आतोडिज्जमाणस्स वा, हम्ममाणस्स वा, तज्जिज्जमाणस्स वा, ताडिज्जमाणस्स वा **-जाव-** उद्दविज्जमाणस्स वा **-जाव-** लोमुक्खमा णमायमवि विहिंसक्कारं दुक्खं भयं पडिसंवेदमि, इच्चेवं जाण सव्वे पाणा **-जाव-** सव्वे सत्ता दंडेण वा **-जाव-** कवालेण वा, आलोडिज्जमाणा वा **-जाव-** उद्दविज्जमाणा वा **-जाव-**

જેમ કોઈ પ્રાણી દ્વારા ડંડાથી, હાડકાથી, મુઠ્ઠીથી, લાકડી, ઠીકરાથી પીડા તાડનના ઉપદ્રવ કરે **-યાવત્-** મારું એક રોમ ઉખાડવામાં આવે તો હું હિંસાજનિત દુઃખ ભય અને અશાતાનો અનુભવ કરું છું. આ પ્રમાણે એવું જાણો કે સમસ્ત પીડિત પ્રાણી **-યાવત્-** બધા સત્વ પણ દંડાથી **-યાવત્-** ઠીકરાથી મારવાથી **-યાવત્-** પીડા આપેલ **-યાવત્-**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

लोमुक्खमाणमायमवि विहिंसकारं दुक्खं भयं पडिसंवेदेंति,

एक-एक रोम उपाडवाथी हिंसाजनित दुःख अने भयनो अनुभव करे छे.

एवं णच्चा सव्वे पाणा **-जाव-** सव्वे सत्ता ण हंतव्वा **-जाव-** ण उद्दवेयव्वा, एस धम्मे धुवे णिइए सासए समेच्च लोगं खेत्तण्णेहिं पवेदिते।

એવું જાણીને સમસ્ત પ્રાણીઓ **-યાવત્-** સમસ્ત સત્વોનેમારવા ન જોઈએ **-યાવત્-** તેને પીડા ન આપવી જોઈએ. આજ (અહિંસા) ધર્મ જ ધ્રુવ છે, નિત્ય છે, શાશ્વત છે તથા લોકનાં સ્વરૂપને જાણનાર દ્વારા પ્રતિપાદિત છે.

एवं से भिक्खू विरए पाणाइवायाओ **-जाव-** मिच्छादंस- णसल्लाओ।

આવું જાણીને સાધુ પ્રાણાતિપાત **-યાવત્-** મિથ્યાદર્શન શલ્ય આ અઢાર જ પાપસ્થાનોથી વિરત થાય છે.

से भिक्खू णो दंतपक्खालणेणं दंते पक्खालेज्जा, नो अंजणं, णो वमणं, णो धूवणित्तिं पि आइए।

તે સાધુ દાંત સાફ કરનાર કાષ્ઠ આદિથી દાંત સાફ ન કરે, નેત્રોમાં આંજન (કાજળ) ન લગાડે, ઔષધિ લઈને વમન ન કરે અને તડકાનાં દ્વારા પોતાના વસ્ત્રો કે વાળોને સુવાસિત ન કરે.

से भिक्खू अकिरिए अलूसए अकोहे अमाणे अमाया अलोभे उवसंते परिनिव्वुडे।

તે સાધુ સાવદ્યક્રિયા રહિત, હિંસા રહિત, ક્રોધ, માન, માયા અને લોભથી રહિત ઉપશાંત અને પાપથી નિવૃત્ત થઈને રહે.

एस खलु भगवया अक्खाए संजय-विरय-पडिहय-पच्चक्खाय-पावकम्मे अकिरिए संवुडे एगंतपंडिए या वि भवइ।

એવા સાધુને ભગવાને સંયત વિરત અને પાપકર્મનો નિરોધક, પ્રત્યાખ્યાન કરનાર અક્રિય (સાવદ્યક્રિયાથી રહિત) (સંવૃત) સંવરયુક્ત અને એકાંતપંડિત હોય છે, એવું કહ્યું છે.

-सूय. सु. २, अ. ४, सु. ७४७-७५३

जैन साहित्य JAINSITE जैनम् जयति शासनम्

## ४९. समण-णिग्गंथेसु किरिया परूवणं-

प. अत्थि णं भंते ! समणाणं णिग्गंथाणं किरिया कज्जइ ?

उ. हंता, मंडियपुत्ता ! अत्थि।

प. कहं णं भंते ! समणाणं णिग्गंथाणं किरिया कज्जइ ?

उ. मंडियपुत्ता ! पमायपच्चया, जोगनिमित्तं चं।

एवं खलु समणाणं णिग्गंथाणं किरिया कज्जइ।

- विया. स. ३, उ. ३, सु. ९-१०

## ૪૯. શ્રમણ નિર્ગ્રંથોમાં ક્રિયાઓનું પ્રરુપણ :

પ્ર. ભંતે ! શું શ્રમણ નિર્ગ્રંથ ક્રિયા કરે છે ?

ઉ. હા, મંડિતપુત્ર ! ક્રિયા કરે છે.

પ્ર. ભંતે ! શ્રમણ નિર્ગ્રંથ ક્રિયા કેવી રીતે કરે છે ?

ઉ. હે મંડિતપુત્ર ! પ્રમાદથી અને યોગોનાં નિમિત્તથી ક્રિયા કરે છે.

આ પ્રમાણે નિશ્ચિય રૂપમાં શ્રમણ નિર્ગ્રંથ ક્રિયા કરે છે.

## ५०. एगसमए एगकिरिया परूवणं-

प. अण्णउत्थिया णं भंते ! एवमाइक्खंति **-जाव-** एवं परूवेंति-

एवं खलु एगे जीवे एगेणं समएणं दो किरियाओ पकरेइ, तं जहा -

१. सम्मत्तकिरियं च, २. मिच्छत्तकिरियं च।

१. जं समयं सम्मत्तकिरियं पकरेइ, तं समयं मिच्छत्तकिरियं पकरेइ,

## ૫૦. એક સમયમાં એક ક્રિયાનું પ્રરુપણ :

પ્ર. ભંતે ! અન્યતીર્થિક આ પ્રમાણે કહે છે **-યાવત્-** આ પ્રમાણે પ્રરૂપણા કરે છે કે -

"એક જીવ એક સમયમાં બે ક્રિયાઓ કરે છે, જેમકે -

૧. સમ્યક્ત્વ ક્રિયા અને ૨. મિથ્યાત્વક્રિયા.

૧. જે સમયે સમ્યક્ત્વ ક્રિયા કરે છે તેજ સમયે મિથ્યાત્વ ક્રિયા પણ કરે છે.

२. जं समयं मिच्छत्तकिरियं पकरेइ, तं समयं सम्मत्तकिरियं पकरेइ,

सम्मत्तकिरियापकरणयाए मिच्छत्तकिरियं पकरेइ,

मिच्छत्तकिरियापकरणयाए सम्मत्तकिरियं पकरेइ,

एवं खलु एगे जीवे एगेणं समएणं दो किरियाओ पकरेइ, तं जहा -

१. सम्मत्तकिरियं च, २. मिच्छत्तकिरियं च।

से कहमेयं भंते ! एवं ?

उ. गोयमा ! जन्नं से अन्नउत्थिया एवमाइक्खंति **-जाव-** एवं परूवेंति-

एवं खलु एगे जीवे एगेणं समएणं दो किरियाओ पकरेइ, **तहेव -जाव-** सम्मत्तकिरियं च, मिच्छत्तकिरियं च।

जे ते एवमाहंसु तं णं मिच्छा।

अहं पुण गोयमा ! एवमाइक्खामि **-जाव-** एवं परूवेमि-

एवं खलु एगे जीवे एगेणं समएणं एगं किरियं पकरेइ, तं जहा -

१. समत्तकिरियं वा, २. मिच्छत्तकिरियं वा।

१. जं समयं सम्मत्तकिरियं पकरेइ नो तं समयं मिच्छत्तकिरियं पकरेइ,

२. जं समयं मिच्छत्तकिरियं पकरेइ, नो तं समयं सम्मत्तकिरियं पकरेइ,

सम्मत्तकिरियापकरणयाए, नो मिच्छत्तकिरियंपकरेइ,

मिच्छत्तकिरियापकरणयाए, नो सम्मत्तकिरियंपकरेइ,

एवं खलु एगे जीवे एगेणं समएणं एगं किरियं पकरेइ, तं जहा -

सम्मत्तकिरियं वा, मिच्छत्तकिरियं वा[1]।

- जीवा. पडि. ३, उ. २, सु. १०४

प. अन्नउत्थिया णं भंते ! एवमाइक्खंति **-जाव-** एवं परूवेंति ?

एवं खलु एगे जीवे एगेणं समएणं दो किरियाओ पकरेइ, तं जहा -

१. इरियावहियं च, २. संपराइयं च।

२. જે સમયે મિથ્યાત્વ ક્રિયા કરે છે, તે જ સમયે સમ્યક્ત્વ ક્રિયા કરે છે.

સમ્યક્ત્વક્રિયા કરતો મિથ્યાત્વક્રિયા કરે છે,

મિથ્યાત્વક્રિયા કરતો સમ્યક્ત્વક્રિયા કરે છે.

આ પ્રમાણે એક જીવ એક સમયમાં બે ક્રિયાઓ કરે છે, જેમકે -

૧. સમ્યક્ત્વ ક્રિયા અને ૨. મિથ્યાત્વક્રિયા.

તો ભંતે ! તેનું આ વર્ણન કેવું છે ?

ઉ. ગૌતમ ! જે અન્યતીર્થિક આ પ્રમાણે કહે છે **-યાવત્-** આ પ્રમાણે પ્રરૂપણા કરે છે કે -

એક જીવ એક સમયમાં બે ક્રિયાઓ કરે છે. **તે પ્રમાણે -યાવત્-** સમ્યક્ત્વક્રિયા અને મિથ્યાત્વ ક્રિયા.

જે તે આ પ્રમાણે કહે છે તે મિથ્યા છે.

ગૌતમ ! હું આ પ્રમાણે કહું છું **-યાવત્-** આ પ્રમાણે પ્રરૂપણા કરું છું કે -

"એક જીવ એક સમયમાં એક ક્રિયા કરે છે, જેમકે -

૧. સમ્યક્ત્વ ક્રિયા કે, ૨. મિથ્યાત્વક્રિયા.

૧. જે સમયે સમ્યક્ત્વ ક્રિયા કરે છે તે સમયે મિથ્યાત્વક્રિયા કરતા નથી.

૨. જે સમયે મિથ્યાત્વક્રિયા કરે છે તે સમયે સમ્યક્ત્વ ક્રિયા કરતા નથી.

સમ્યક્ત્વ ક્રિયા કરતો મિથ્યાત્વક્રિયા કરતો નથી.

મિથ્યાત્વક્રિયા કરતો સમ્યક્ત્વ ક્રિયા કરતો નથી.

આ પ્રમાણે એક જીવ એક સમયમાં એક જ ક્રિયા કરે છે, જેમકે -

સમ્યક્ત્વ ક્રિયા કે મિથ્યાત્વક્રિયા.

પ્ર. ભંતે ! અન્યતીર્થિક આ પ્રમાણે કહે છે **-યાવત્-** આ પ્રમાણે પ્રરૂપણા કરે છે કે -

એક જીવ એક સમયમાં બે ક્રિયાઓ કરે છે, જેમકે -

૧. ઈર્યાપથિક અને ૨. સાંપરાયિક.

१. विया. स. ७, उ. ४, सु. १

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

१. जं समयं इरियावहियं पकरेइ, तं समयं संपराइयं पकरेइ,

२. जं समयं संपराइयं पकरेइ, तं समयं इरियावहियं पकरेइ,

इरियावहियाए पकरणयाए संपराइयं पकरेइ,

संपराइयाए पकरणयाए इरियावहियं पकरेइ,

एवं खलु एगे जीवे एगेणं समएणं दो किरियाओ पकरेइ, तं जहा -

१. इरियावहियं च, २. संपराइयं च।

से कहमेयं भंते ! एवं ?

उ. गोयमा ! जं णं ते अण्णउत्थिया एवमाइक्खंति **-जाव-** एवं परूवेंति एवं खलु एगे जीवे एगेणं समएणं दो किरियाओ पकरेइ, तं जहा-

१. इरियावहियं च, २. संपराइयं च।

जे ते एवमाहंसु तं णं मिच्छा।

अहं पुण गोयमा ! एवमाइक्खामि **-जाव-** एवं परूवेमि-

एवं खलु एगे जीवे एगेणं समएणं एगं किरियं पकरेइ, तं जहा -

१. इरियावहियं वा, २. संपराइयं वा।

जं समयं इरियावहियं पकरेइ, नो तं समयं संपराइयं पकरेइ,

जं समयं संपराइयं पकरेइ, नो तं समयं इरियावहियं पकरेइ।

इरियावहियाए पकरणयाए नो संपराइयं पकरेइ,

संपराइयाए पकरणयाए नो इरियावहियं पकरेइ,

एवं खलु एगे जीवे एगेणं समएणं एगं किरियं पकरेइ, तं जहा -

१. इरियावहियं वा, २. संपराइयं वा।

-विया. स. १, उ. १०, सु. २

१. જે સમયે ઈર્યાપથિક ક્રિયા કરે છે, તે સમયે સાંપરાયિક ક્રિયા પણ કરે છે.

૨. જે સમયે સાંપરાયિક ક્રિયા કરે છે, તે સમયે ઈર્યાપથિક ક્રિયા પણ કરે છે.

ઈર્યાપથિક ક્રિયા કરતો સાંપરાયિક ક્રિયા કરે છે.

સાંપરાયિક ક્રિયા કરતો ઈર્યાપથિક ક્રિયા કરે છે.

આ પ્રમાણે એક જીવ એક સમયમાં બે ક્રિયાઓ કરે છે, જેમકે -

૧. ઈર્યાપથિક અને, ૨. સાંપરાયિક.

તો ભંતે ! તેનું આ વર્ણન કેવું છે ?

ઉ. ગૌતમ ! જે અન્યતીર્થિક આ પ્રમાણે કહે છે **-યાવત્-** આ પ્રમાણે પ્રરૂપણા કરે છે કે- એક જીવ એક સમયમાં બે ક્રિયાઓ કરે છે, જેમકે -

૧. ઈર્યાપથિક અને ૨. સાંપરાયિક.

જે તે આ પ્રમાણે કહે છે તે મિથ્યા છે.

ગૌતમ ! હું આ પ્રમાણે કહું છું **-યાવત્-** આ પ્રમાણે પ્રરૂપણા કરું છું કે -

"એક જીવ એક સમયમાં એક જ ક્રિયા કરે છે." જેમકે -

૧. ઈર્યાપથિક અને ૨. સાંપરાયિક.

જે સમયે ઈર્યાપથિક ક્રિયા કરે છે તે સમયે સાંપરાયિક ક્રિયા કરતા નથી.

જે સમયે સાંપરાયિક ક્રિયા કરે છે તે સમયે ઈર્યાપથિક ક્રિયા કરતા નથી.

ઈર્યાપથિક ક્રિયા કરતો સાંપરાયિક ક્રિયા કરતો નથી.

સાંપરાયિક ક્રિયા કરતો ઈર્યાપથિક ક્રિયા કરતો નથી.

આ પ્રમાણે એક જીવ એક સમયમાં એક જ ક્રિયા કરે છે, જેમકે -

૧. ઈર્યાપથિક અને ૨. સાંપરાયિક.

**५१. कज्जमाणी दुक्ख निमित्ता किरिया-**

प. अण्णउत्थिया णं भंते ! एवमाइक्खंति **-जाव-** परूवेंति, "पुव्विं किरिया दुक्खा,

**૫૧. ક્રિયમાણ ક્રિયા દુઃખનું નિમિત્ત :**

પ્ર. ભંતે ! અન્યતીર્થિક આ પ્રમાણે કહે છે **-યાવત્-** આ પ્રમાણે પ્રરૂપણા કરે છે કે - "કરવાનાં પૂર્વ કરેલ ક્રિયા દુઃખરુપ છે,

જૈન સાઇટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

कज्जमाणी किरिया अदुक्खा,

किरिया समय विइक्कंतं च णं कडा किरिया दुक्खा."

जा सा पुव्विं किरिया दुक्खा, कज्जमाणी किरिया अदुक्खा, किरियासमयविइक्कंतं च णं कडा किरिया दुक्खा, सा किं करणओ दुक्खा अकरणओ दुक्खा ?

अकरणओ णं सा दुक्खा, णो खलु सा करणओ दुक्खा, सेवं वत्तव्वं सिया।

अकिच्चं दुक्खं, अफुसं दुक्खं, अकज्जमाणकडं दुक्खं अकट्टु पाण-भूय-जीव-सत्ता-वेयणं वेदेंतीति वत्तव्वं सिया।

से कहमेयं भंते ! एवं ?

उ. गोयमा ! जं णं ते अन्नउत्थिया एवमाइक्खंति -जाव- वेयणं वेदेंतीति वत्तव्वं सिया।

जे ते एवमाहंसु ते मिच्छा।

अहं पुण गोयमा ! एवमाइक्खामि -जाव- एवं परूवेमि-

'पुव्विं किरिया अदुक्खा,

कज्जमाणी किरिया दुक्खा,

किरियासमयविइक्कंतं च णं कज्जमाणी किरिया अदुक्खा।

जा सा पुव्विं किरिया अदुक्खा,

कज्जमाणी किरिया दुक्खा,

किरियासमयविइक्कंतं च णं कज्जमाणी किरिया अदुक्खा।

सा किं करणओ दुक्खा, अकरणओ दुक्खा ?

करणओ णं सा दुक्खा नो खलु सा अकरणओ दुक्खा-सेवं वत्तव्वं सिया।

किच्चं दुक्खं, फुसं दुक्खं, कज्जमाणकडं दुक्खं कट्टु पाण-भूय-जीव-सत्ता वेयणं वेदेंती त्ति वत्तव्वं सिया[1]। -विया. स. १, उ. १०, सु. १

करાતી ક્રિયા દુઃખરૂપી નથી.

કરવાનો સમય વ્યતીત થઈ ગયા પછી કરેલ ક્રિયા દુઃખરૂપ છે."

જે તે પૂર્વની ક્રિયા છે, તે દુઃખરૂપ છે, કરાતી ક્રિયા દુઃખરૂપ નથી અને કર્યા પછીની કરેલ ક્રિયા દુઃખરૂપ છે. તો શું તે કરવાથી દુઃખરૂપ છે કે ન કરવાથી દુઃખરૂપ છે ?

ન કરવાથી તે ક્રિયા દુઃખરૂપ છે અને કરવાથી દુઃખરૂપ નથી એવું કહેવું જોઈએ.

અકૃત્ય દુઃખ છે, અસ્પૃષ્ય દુઃખ છે અને અક્રિયમાણકૃત દુઃખ છે એવું ન કહેતાં પ્રાણ, ભૂત, જીવ અને સત્વ વેદના ભોગવે છે એવું કહેવું જોઈએ.

તો ભંતે ! શું અન્યતીર્થિકોનો આ મત સત્ય છે ?

ઉ. ગૌતમ ! જો તે અન્યતીર્થિક એવું કહે છે **-યાવત્-** તે (પ્રાણાદિ) વેદના વેદે છે એવું કહેવું જોઈએ.

જો એવું કહે છે તે મિથ્યા કહે છે.

ગૌતમ ! હું આ પ્રમાણે કહું છું **-યાવત્-** આ પ્રમાણે પ્રરૂપણા કરું છું કે -

"પૂર્વની ક્રિયા દુઃખમય નથી,

કરાતી ક્રિયા દુઃખરૂપ છે.

કરવાનો સમય વ્યતીત થઈ ગયા પછી કરેલ ક્રિયા દુઃખરૂપ નથી.

તે જે પૂર્વ કરેલ ક્રિયા છે તે દુઃખરૂપ નથી,

કરાતી ક્રિયા દુઃખરૂપ છે અને

કર્યા પછીની કરેલ ક્રિયા દુઃખરૂપ નથી.

તે કરવાથી દુઃખરૂપ છે કે ન કરવાથી દઃખરૂપ છે ?

તે કરવાથી દુઃખરુપ છે, ન કરવાથી દુઃખરૂપ નથી એવું કહેવું જોઈએ.

કૃત્ય દુઃખ છે, સ્પૃષ્ય દુઃખ છે, ક્રિયમાણ કૃત દુઃખ છે અને (ક્રિયાઓ આદિ) કરીને પ્રાણ, ભૂત, જીવ અને સત્વ વેદના ભોગવે છે, એવું કહેવું જોઈએ.

## ५२. किरिया वेयणासु पुव्वावरत्त परूवणं-

प. पुव्विं भंते ! किरिया पच्छा वेयणा ?

पुव्विं वेयणा पच्छा किरिया ?

## ૫૨. ક્રિયા વેદનામાં પૂર્વાપરત્વનું પ્રરુપણ :

પ્ર. ભંતે ! શું પહેલા ક્રિયા થાય છે અને પછી વેદના થાય છે ? અથવા પહેલા વેદના થાય છે અને પછી ક્રિયા થાય છે ?

१. ठाणं अ. ३, उ. ३, सु. १७५

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उ. मंडियपुत्ता ! पुव्विं किरिया पच्छा वेयणा, णो पुव्विं वेयणा पच्छा किरिया ।

- विया. स. ३, उ. ३, सु. ८

મંડિતપુત્ર ! પહેલા ક્રિયા થાય છે અને પછી વેદના થાય છે. પરંતુ પહેલા વેદના થાય અને પછી ક્રિયા થાય એવું સંભવ નથી.

**५३. जीव-चउवीसदंडएसु अट्ठारस पावट्ठाणेहिं पावकिरिया परूवणं-**

प. १. अत्थि णं भंते ! जीवाणं पाणाइवाए णं किरिया कज्जइ ?

उ. हंता, गोयमा ! अत्थि ।

प. कम्हि णं भंते ! जीवाणं पाणाइवाए णं किरिया कज्जइ ?

उ. गोयमा ! छसु जीवणिकाएसु ।

प. अत्थि णं भंते ! णेरइयाणं पाणाइवाए णं किरिया कज्जइ ?

उ. हंता, गोयमा ! **एवं चेव** ।

***एवं णिरंतरं णेरइयाणं -जाव- वेमाणियाणं ।***

प. २. अत्थि णं भंते ! जीवाणं मुसावाएणं किरिया कज्जइ ?

उ. हंता, गोयमा ! अत्थि ।

प. कम्हि णं भंते ! जीवाणं मुसावाएणं किरिया कज्जइ ?

उ. गोयमा ! सव्वदव्वेसु ।

***एवं णिरंतरं णेरइयाणं -जाव- वेमाणियाणं ।***

प. ३. अत्थि णं भंते ! जीवाणं अदिण्णादाणेणं किरिया कज्जइ ?

उ. हंता, गोयमा ! अत्थि ।

प. कम्हि णं भंते ! जीवाणं अदिण्णादाणेणं किरिया कज्जइ ?

उ. गोयमा ! गहणधारणिज्जेसु दव्वेसु ।

***एवं णिरंतरं णेरइयाणं -जाव- वेमाणियाणं ।***

प. ४. अत्थि णं भंते ! जीवाणं मेहुणेणं किरिया कज्जइ ?

उ. हंता, गोयमा ! अत्थि ।

**૫૩. જીવ-ચોવીસ દંડકોમાં અઢાર પાપસ્થાનો દ્વારા ક્રિયાઓનું પ્રરુપણ :**

પ્ર. ૧. ભંતે ! શું જીવો દ્વારા પ્રાણાતિપાત ક્રિયા કરાય છે ?

ઉ. હા, ગૌતમ ! કરાય છે.

પ્ર. ભંતે ! ક્યા વિષયમાં જીવો દ્વારા પ્રાણાતિપાત ક્રિયા કરાય છે ?

ઉ. ગૌતમ ! છ જીવનિકાયોનાં વિષયમાં ક્રિયા કરાય છે.

પ્ર. ભંતે ! નારકો દ્વારા પ્રાણાતિપાત ક્રિયા કરાય છે ?

ઉ. હા ગૌતમ ! **આ પ્રમાણે કરાય છે.**

***આ પ્રમાણે નિરંતર નૈરયિકોથી વૈમાનિકો સુધી વર્ણન કરવું જોઈએ.***

પ્ર. ૨. ભંતે ! શું જીવો દ્વારા મૃષાવાદ ક્રિયા કરાય છે ?

ઉ. હા, ગૌતમ ! કરાય છે.

પ્ર. ભંતે ! ક્યા વિષયમાં જીવો દ્વારા મૃષાવાદ ક્રિયા કરાય છે ?

ઉ. ગૌતમ ! સર્વદ્રવ્યોનાં વિષયમાં ક્રિયા કરાય છે.

***આ પ્રમાણે નિરંતર નૈરયિકોથી વૈમાનિકો સુધી વર્ણન કરવું જોઈએ.***

પ્ર. ૩. ભંતે ! શું જીવો દ્વારા અદત્તાદાન ક્રિયા કરાય છે ?

ઉ. હા, ગૌતમ ! કરાય છે.

પ્ર. ભંતે ! ક્યા વિષયમાં જીવો દ્વારા અદત્તાદાન ક્રિયા કરાય છે ?

ઉ. ગૌતમ ! ગ્રહણ કરવા અને ધારણ કરવા યોગ્ય દ્રવ્યોનાં વિષયમાં આ ક્રિયા કરાય છે.

***આ પ્રમાણે નિરંતર નૈરયિકોથી વૈમાનિકો સુધી વર્ણન કરવું જોઈએ.***

પ્ર. ૪. ભંતે ! શું જીવો દ્વારા મૈથુન ક્રિયા કરાય છે ?

હા, ગૌતમ ! કરાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. कम्हि णं भंते ! जीवाणं मेहुणेणं किरिया कज्जइ ?

उ. गोयमा ! रूवेसु वा, रूवसहगेसु वा दव्वेसु।

*एवं णिरंतरं णेरइयाणं -जाव- वेमाणियाणं।*

प. ५. अत्थि णं भंते ! जीवाणं परिग्गहेणं किरिया कज्जइ ?

उ. हंता, गोयमा ! अत्थि।

प. कम्हि णं भंते ! जीवाणं परिग्गहेणं किरिया कज्जइ ?

उ. गोयमा ! सव्वदव्वेसु।

*एवं णेरइयाणं णिरंतरं -जाव- वेमाणियाणं।*

***एवं ६. कोहेणं, ७. माणेणं, ८. मायाए, ९. लोभेणं, १०. पेज्जेणं, ११. दोसेणं, १२. कलहेणं, १३. अब्भक्खाणेणं, १४. पेसुण्णेणं, १५. परपरिवाएणं, १६. अरइ-रईए, १७. मायामोसेणं, १८. मिच्छादंसणसल्लेणं, सव्वेसु जीव णेरइयभेदेसु भाणियव्वं णिरंतरं -जाव- वेमाणियाणं ति। एवं अट्ठारस एए दंडगा।***

- पण्ण. प. २२, सु. १५७४-१५८०

प. अत्थि णं भंते ! जीवाणं पाणाइवाएणं किरिया कज्जइ ?

उ. हंता, गोयमा ! अत्थि।

प. सा भंते ! किं पुट्ठा कज्जइ, अपुट्ठा कज्जइ ?

उ. गोयमा ! पुट्ठा कज्जइ, नो अपुट्ठा कज्जइ **-जाव-** निव्वाघाएणं छद्दिसिं, वाघायं सिय तिदिसिं, सिय चउदिसिं, सिय पंचदिसिं।

प. सा भंते ! किं कडा कज्जइ, अकडा कज्जइ ?

પ્ર. ભંતે ! કયા વિષયમાં જીવો દ્વારા મૈથુન ક્રિયા કરાય છે ?

ઉ. ગૌતમ! અનેક રુપોમાં કે રુપસહગત દ્રવ્યોમાં આ ક્રિયા કરાય છે.

**આ પ્રમાણે નિરંતર નૈરયિકોથી વૈમાનિકો સુધી વર્ણન કરવું જોઈએ.**

પ્ર. **૫.** ભંતે ! શું જીવો દ્વારા પરિગ્રહ ક્રિયા કરાય છે?

ઉ. હા, ગૌતમ ! કરાય છે.

પ્ર. ભંતે ! કયા વિષયમાં જીવો દ્વારા પરિગ્રહ ક્રિયા કરાય છે ?

ઉ. ગૌતમ ! સમસ્ત દ્રવ્યોનાં વિષયમાં (પરિગ્રહ) ક્રિયા કરાય છે.

**આ પ્રમાણે નિરંતર નૈરયિકોથી વૈમાનિકો સુધી વર્ણન કરવું જોઈએ.**

***આ પ્રમાણે ૬. ક્રોધથી, ૭. માનથી, ૮. માયાથી, ૯. લોભથી, ૧૦. રાગથી, ૧૧. દ્વેષથી, ૧૨. કલહથી, ૧૩. અભ્યાખ્યાનથી, ૧૪. પૈશુન્યથી, ૧૫. પરપરિવાદથી, ૧૬. અરતિ-રતિથી, ૧૭. માયામૃષાવાદથી અને ૧૮. મિથ્યાદર્શન-શલ્યથી સમસ્ત જીવો તથા નારકોનાં ભેદોમાં નિરંતર વૈમાનિકો સુધી આલાપક કહેવા જોઈએ. આ પ્રમાણે અઢાર દંડક થયા.***

પ્ર. ભંતે ! શું જીવો દ્વારા પ્રાણાતિપાત ક્રિયા કરાય છે ?

ઉ. હા, ગૌતમ ! કરાય છે.

પ્ર. ભંતે ! શું તે (પ્રાણાતિપાત ક્રિયા) સ્પર્શ કરીને કરાય છે કે વગર સ્પર્શ કરીએ કરાય છે ?

ઉ. ગૌતમ ! સ્પર્શ કરીને કરાય છે. સ્પર્શ કર્યા વગર કરાતી નથી. (સ્પર્શ કરવાથી) **-યાવત્-** વ્યાઘાત ન હોય તો છએ દિશાઓનો અને વ્યાઘાત હોય તો ક્યારેક ત્રણ દિશાઓનો, ક્યારેક ચાર દિશાઓનો અને ક્યારેક પાંચ દિશાઓનો સ્પર્શ કરીને (પ્રાણાતિપાત ક્રિયા) કરાય છે.

પ્ર. ભંતે ! શું તે (પ્રાણાતિપાત) ક્રિયા કરીને કરાય છે કે વગર ક્રિયાએ કરાય છે ?

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उ. गोयमा ! कडा कज्जइ, नो अकडा कज्जइ ।

ઉ. ગૌતમ ! પ્રાણાતિપાતક્રિયા-ક્રિયા કરીને કરાય છે. વગર ક્રિયાએ ક્રિયા કરાતી નથી.

प. सा भंते ! किं अत्तकडा कज्जइ, परकडा कज्जइ, तदुभयकडा कज्जइ ?

પ્ર. ભંતે ! શું તે પ્રાણાતિપાત ક્રિયા સ્વયં દ્વારા કરાય છે, બીજા દ્વારા કરાય છે કે ઉભય દ્વારા કરાય છે ?

उ. गोयमा ! अत्तकडा कज्जइ, नो परकडा कज्जइ, नो तदुभयकडा कज्जइ ।

ઉ. ગૌતમ ! તે ક્રિયા સ્વયં દ્વારા કરાય છે, બીજા દ્વારા કરાતી નથી અને ઉભય દ્વારા પણ કરાતી નથી.

प. सा भंते ! किं आणुपुव्विं कडा कज्जइ, अणाणुपुव्विं कडा कज्जइ ?

પ્ર. ભંતે ! શું તે (પ્રાણાતિપાત ક્રિયા) અનુક્રમથી કરાય છે કે વગર અનુક્રમથી કરાય છે ?

उ. गोयमा ! आणुपुव्विं कडा कज्जइ, णो अणाणुपुव्विं कडा कज्जइ, जा य कडा, जा य कज्जइ, जा य कज्जिस्सइ, सव्वा सा आणुपुव्विंकडा, नो अणाणुपुव्वि कडत्ति वत्तव्वयं सिया ।

ઉ. ગૌતમ ! તે ક્રિયા અનુક્રમથી કરાય છે, વગર અનુક્રમથી કરાતી નથી. જે ક્રિયા કરાય ગઈ છે, જે ક્રિયા થઈ રહી છે અને જે ક્રિયા કરાશે તે બધી અનુક્રમથી કરાય છે,પરંતુ વગર ક્રમથી કરાતી નથી એવું કહેવું જોઈએ.

प. अत्थि णं भंते ! नेरइयाणं पाणाइवायकिरिया कज्जइ ?

પ્ર. ભંતે ! શું નૈરયિકો દ્વારા પ્રાણાતિપાત ક્રિયા કરાય છે ?

उ. हंता, गोयमा ! अत्थि ।

ઉ. હા, ગૌતમ ! કરાય છે.

प. सा भंते ! किं पुट्ठा कज्जइ, अपुट्ठा कज्जइ ?

પ્ર. ભંતે ! જે ક્રિયા કરાય છે તે (નૈરયિકો દ્વારા) શું સ્પર્શ કરીને કરાય છે કે વગર સ્પર્શે કરાય છે ?

उ. गोयमा ! -जाव- नियमा छद्दिसिं कज्जइ ।

ઉ. ગૌતમ ! તે ક્રિયા -યાવત્- નિયમથી છહે દિશાઓનો સ્પર્શ કરીને કરાય છે.

प. सा भंते ! किं कडा कज्जइ, अकडा कज्जइ ?

પ્ર. ભંતે ! જે ક્રિયા કરાય છે શું તે (નૈરયિકો દ્વારા) ક્રિયા કરીને કરાય છે કે વગર ક્રિયાએ કરાય છે ?

उ. गोयमा ! कडा कज्जइ, नो अकडा कज्जइ **तं चेव** -जाव- नो अणाणुपुव्विं कडत्ति वत्तव्वं सिया ।

ઉ. ગૌતમ ! તે ક્રિયા કરીને કરાય છે વગર ક્રિયાએ કરાતી નથી. **તે પ્રમાણે (પૂર્વવત્)** વગર ક્રમથી કરાતી નથી ત્યાં સુધી કહેવું જોઈએ.

***जहा नेरइया तहा एगिंदियवज्जा भाणियव्वा -जाव- वेमाणिया,***

***એકેન્દ્રિયને છોડીને વૈમાનિક સુધી નૈરયિકના સમાન કહેવુ જોઈએ.***

***एगिंदिया जहा जीवा तहा भाणियव्वा,***

***એકેન્દ્રિયનાં વિષયમાં સામાન્ય જીવનાં સમાન કહેવુ જોઈએ.***

***जहा पाणाइवाए तहा -जाव- मिच्छादंसणसल्ले । एवं एए अट्ठारस पावट्ठाणे चउवीसं दंडगा भाणियव्वा ।***

***પ્રાણાતિપાત ક્રિયાનાં સમાન મિથ્યાદર્શનશલ્ય સુધી આ અઢાર પાપસ્થાનોનાં વિષયમાં ચોવીસ દંડક કહેવા જોઈએ.***

- विया. स. १, उ. ६, सु. ७-११

## ५४. जीव-चउवीसदंडएसु पावकिरिया विरमण परूवणं-

## ૫૪. સામાન્ય જીવ અને ચોવીસ દંડકોમાં પાપક્રિયાઓનું વિરમણ પ્રરુપણ :

प. अत्थि णं भंते ! जीवाणं पाणाइवायवेरमणे कज्जइ ?

પ્ર. ભંતે ! શું જીવો દ્વારા પ્રાણાતિપાત વિરમણ કરવામાં આવે છે ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उ. हंता, गोयमा ! अत्थि।

प. कम्हि णं भंते ! जीवाणं पाणाइवायवेरमणे कज्जइ ?

उ. गोयमा ! छसु जीवणिकाएसु।

प. दं. १. अत्थि णं भंते ! णेरइयाणं पाणाइवायवेरमणे कज्जइ ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

दं. २-२४. ***एवं -जाव- वेमाणियाणं।***

**णवरं**-मणूसाणं जहा जीवाणं।

***एवं मुसावाएणं -जाव- मायामोसेणं जीवस्स य मणूसस्स य,***

***सेसाणं णो इणट्ठे समट्ठे।***

**णवरं**-अदिण्णादाणे गहण-धारणिज्जेसु दव्वेसु,

मेहुणे रूवेसु वा, रूवसहगएसु वा दव्वेसु,

***सेसाणं सव्वदव्वेसु।***

प. अत्थि णं भंते ! जीवाणं मिच्छादंसणसल्लवेरमणे कज्जइ ?

उ. हंता, गोयमा ! अत्थि।

प. कम्हि णं भंते ! जीवाणं मिच्छादंसणसल्लवेरमणे कज्जइ ?

उ. गोयमा ! सव्वदव्वेसु।

***एवं णेरइयाणं -जाव- वेमाणियाणं।***

**णवरं**-एगिंदिय-विगलिंदियाणं णो इणट्ठे - समट्ठे।

- पण्ण. प. २२, सु. १६३७-१६४१

## ५५. किरिया ठाणस्स दुविहा पक्खा-

सुयं मे आउसं ! तेणं भगवया एवमक्खायं-

इह खलु किरियाठाणे णामऽज्झयणे तस्स णं अयमट्ठे-

ઉ. હા, ગૌતમ ! કરવામાં આવે છે.

પ્ર. ભંતે ! કયા વિષયોમાં જીવોનું પ્રાણાતિપાત વિરમણ કરવામાં આવે છે ?

ઉ. ગૌતમ ! છ જીવનિકાયોનાં વિષયમાં (પ્રાણાતિપાત વિરમણ) કરવામાં આવે છે.

પ્ર. **દં.૧.** ભંતે ! શું નૈરયિકો દ્વારા પ્રાણાતિપાત વિરમણ કરવામાં આવે છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

દં.૨-૨૪. ***આ પ્રમાણે વૈમાનિકો સુધી જાણવું જોઈએ.***

**વિશેષ :** મનુષ્યોમાં (પ્રાણાતિપાત વિરમણ) સામાન્ય જીવોનાં સમાન કહેવું જોઈએ.

***આ પ્રમાણે મૃષાવાદથી માયામૃષાવાદ સુધી સામાન્ય જીવ અને મનુષ્યનું વિરમણ કહેવું જોઈએ.***

***બાકીનાં દંડકોમાં (પ્રાણાતિપાત વિરમણ) કરવામાં આવતું નથી.***

**વિશેષ :** અદત્તાદાન વિરમણ ગ્રહણ અને ધારણ કરવા યોગ્ય દ્રવ્યોનાં વિષયમાં હોય છે.

મૈથુન વિરમણ અનેક રુપોમાં કે રુપસહગત દ્રવ્યોમાં હોય છે.

***શેષ પાપસ્થાનોથી વિરમણ સર્વ દ્રવ્યોમાં થાય છે.***

પ્ર. ભંતે ! શું જીવો દ્વારા મિથ્યાદર્શન શલ્યથી વિરમણ કરવામાં આવે છે ?

ઉ. હા, ગૌતમ ! કરવામાં આવે છે.

પ્ર. ભંતે ! કયા વિષયમાં જીવોનાં મિથ્યાદર્શન શલ્યથી વિરમણ કરવામાં આવે છે ?

ઉ. ગૌતમ ! સર્વ દ્રવ્યોનાં વિષયમાં થાય છે.

***આ પ્રમાણે નૈરયિકોથી વૈમાનિકો સુધી (મિથ્યા દર્શનશલ્યથી વિરમણ)નું વર્ણન કરવું જોઈએ.***

**વિશેષ :** એકેન્દ્રિયો અને વિકલેન્દ્રિયોમાં આ થતું નથી.

## ૫૫. ક્રિયા સ્થાનનાં બે પક્ષ.

હે આયુષ્યમાન્ ! મેં સાંભળ્યું તે ભગવાને આ પ્રમાણે કહ્યુ છે કે -

અહીં "ક્રિયા સ્થાન" નામનું અધ્યયન છે તેનો અર્થ આ છે -

जैन साहित्य JAINSITE .com जैनम् जयति शासनम्

इह खलु संजूहेणं दुवे ठाणा एवमाहिज्जंति, तं जहा -

१. धम्मे चेव, २. अधम्मे चेव,

१. उवसंते चेव, २. अणुवसंते चेव ।

- सूय. सु. २, अ. २, सु. ६९४

આ લોકમાં સંક્ષેપમાં બે સ્થાન આ પ્રમાણે કહેવામાં આવે છે, જેમકે -

૧. ધર્મ સ્થાન, ૨. અધર્મસ્થાન,

૧. ઉપશાંત સ્થાન, ૨. અનુપશાંત સ્થાન.

**५६. तेरस किरियाठाणणामाणि -**

तत्थ णं जे से पढमस्स ठाणस्स अधम्मपक्खस्स विभंगे तस्स णं अयमट्ठे-

इह खलु पाईणं वा **-जाव-** दाहिणं वा संतेगइया मणुस्सा भवंति, तं जहा -

आरिया वेगे, अणारिया वेगे,

उच्चागोया वेगे, णीयागोया वेगे,

कायमंता वेगे, हस्समंता वेगे,

सुवण्णा वेगे, दुवण्णा वेगे,

सुरूवा वेगे, दुरूवा वेगे ।

तेसिं च णं इमं एयारूवं दंड समायाणं संपेहाए, तं जहा-

णेरइएसु, तिरिक्खजोणिएसु, माणुसेसु, देवेसु,

जे यावन्ने तहप्पगारा पाणा विण्णू वेयणं वेदेंति,

तेसिं पि य णं इमाइं तेरस किरियाठाणाइं भवंतीति मक्खायाइं, तंहा -

१. अट्ठादंडे, २. अणट्ठादंडे, ३. हिंसादंडे, ४. अकम्हादंडे, ५. दिट्ठिविपरियासियादंडे, ६. मोसवत्तिए, ७. अदिन्नादाणवत्तिए, ८. अज्झत्थिए, ९. माणवत्तिए, १०. मित्तदोसवत्तिए, ११. मायावत्तिए, १२. लोभवत्तिए, १३. इरियावहिए[1] ।

- सूय. सु. २, अ. २, सु. ६९४

**૫૬. તેર ક્રિયા સ્થાનોનાં નામ :**

આ બે સ્થાનોમાંથી પ્રથમ સ્થાન અધર્મ પક્ષનું જે વિકલ્પ છે તેનો આ અર્થ છે કે -

"આ લોકમાં પૂર્વ **-યાવત્-** દક્ષિણ દિશામાં કેટલાક મનુષ્ય હોય છે, જેમકે -

કેટલાક આર્ય હોય છે અને કેટલાક અનાર્ય હોય છે,

કેટલાક ઉંચ ગોત્રનાં હોય છે અને કેટલાક નીચગોત્રનાં હોય છે,

કેટલાક લાંબા કદનાં હોય છે અને કેટલાક નાના કદનાં હોય છે,

કેટલાક સુંદર વર્ણનાં હોય છે અને કેટલાક ખરાબ વર્ણનાં હોય છે,

કેટલાક સુરુપ હોય છે અને કેટલાક કુરુપ હોય છે.

તે આર્ય આદિ મનુષ્યોમાં આ પ્રમાણેનાં દંડ સમાદાન (હિંસાત્મક આચરણ) જોવામાં આવે છે, જેમકે -

નારકમાં, તિર્યંચયોનિકોમાં, મનુષ્યોમાં અને દેવોમાં,

જે આ પ્રમાણેનાં સમજદાર પ્રાણી છે તે સુખ-દુ:ખનું વેદન કરે છે,

તેમાં એ તેર પ્રકારનાં ક્રિયા સ્થાન છે, તે આ પ્રમાણે કહ્યા છે, જેમકે -

૧. અર્થદંડ (સપ્રયોજન હિંસા) (૨) અનર્થ દંડ (નિષ્પ્રયોજન હિંસા) (૩) હિંસા દંડ (હિંસાનાં પ્રતિહિંસા) (૪) અકસ્માત્ દંડ (અકસ્માત્થી કરાયેલ હિંસા) (૫) દૃષ્ટિ વિપર્યાસ દંડ (મતિ ભ્રમથી થનારી હિંસા) (૬) મૃષા પ્રત્યયિક (જુઠથી થનારી ક્રિયા) (૭) અદત્તાદાન પ્રત્યયિક (ચોરીથી થનારી ક્રિયા) (૮) અધ્યાત્મ પ્રત્યયિક (દુ:ચિંતનથી થનારી ક્રિયા) (૯) માન પ્રત્યયિક (અભિમાનથી થનારી ક્રિયા) (૧૦) મિત્રદ્વેષ પ્રત્યયિક (મિત્રથી દ્વેષ કરવાથી થનારી ક્રિયા) (૧૧) માયાપ્રત્યયિક. (માયાથી થનારી ક્રિયા) (૧૨) લોભપ્રત્યયિક (લોભથી થનારી ક્રિયા) (૧૩) ઈર્યાપથિક (ફક્ત ગમનાગમનનાં નિમિત્તથી થનારી ક્રિયા)

१. (क) मम. मम. १३, सु. १५-२४ (ख) आव. अ. ४, सु. २६

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**५७. अधम्मपक्खस्स किरियाठाणाण सरूव परूवणं-**

***१-पढमे दंडसमादाणे अट्ठादंडवत्तिए त्ति आहिज्जइ,***

से जहाणामए केइ पुरिसे-

आयहेउं वा, णाइहेउं वा, अगारहेउं वा, परिवारहेउं वा, मित्तहेउं वा, णागहेउं वा, भूतहेउं वा, जक्खहेउं वा,

तं दंडं तस-थावरेहिं पाणेहिं सयमेव णिसिरइ,

अण्णेण वि णिसिरावेइ,

अण्णं पि णिसिरंतं समणुजाणइ,

एवं खलु तस्स तप्पत्तियं "सावज्जे" ति आहिज्जइ,

पढमे दंडसमादाणे अट्ठादंडवत्तिए त्ति आहिए।

***२-अहावरे दोच्चे दंडसमादाणे अणट्ठादंडवत्तिए त्ति आहिज्जइ,***

(१) से जहाणामए केइ पुरिसे जे इमे तसा पाणा भवंति, ते णो अच्चाए, णो अजिणाए, णो मंसाए, णो सोणियाए, एवं हिययाए, पित्ताए, वसाए, पिच्छाए, पुच्छाए, बालाए, सिंगाए, विसाणाए, दंताए, दाढाए, णहाए, ण्हारूणीए, अट्ठीए अट्ठिमिंजाए,

णो हिंसिंसु मे त्ति, णो हिंसंति मे त्ति, णो हिंसिस्संति मे त्ति,

णो पुत्तपोसणयाए, णो पसुपोसणयाए, णो अगारपरिवूहणयाए,

णो समणमाहणवत्तिणाहेउं,

णो तस्स सरीरगस्स किंचि विपरियाइत्ता भवइ,

से हंता, छेत्ता, भेत्ता, लुंपइत्ता, विलुंपइत्ता, उद्दवइत्ता उज्झिउं. बाले वेरस्स आभागी भवइ, अणट्ठादंडे।

(२) से जहाणामए केइ पुरिसे-

जे इमे थावरा पाणा भवंति, तं जहा-

इक्कडा इ वा, कडिणा इ वा, जंतुगा इ वा, परगा इ वा, मोरका इ वा, तणा इ वा, कुसा इ वा, कुच्चका इ वा, पव्वगा इ वा, पलालए इ वा, ते णो पुत्तपोसणयाए, णो पसुपोसणयाए, णो अगारपोसणयाए, णो समणमाहणपो-मणयाए, णो तस्स सरीरगस्स किंचि विपरियाइत्ता भवइ,

**૫૭. અધર્મ પક્ષનાં ક્રિયા સ્થાનોનાં સ્વરૂપનું પ્રરુપણ :**

***૧. પહેલું દંડ સમાદાન અર્થદંડ પ્રત્યયિક કહેવાય છે-***

જેમ કોઈ પુરુષ -

પોતાના માટે, જાતિનાં માટે, ઘરનાં માટે, પરિવારનાં માટે, મિત્રનાં માટે અથવા નાગ, ભૂત અને યક્ષનાં માટે,

ત્રસ અને સ્થાવર જીવોને સ્વયં દંડ આપે છે.

બીજાથી દંડ અપાવે છે.

દંડ દેનારની અનુમોદના કરે છે.

તે પુરુષને તે દંડનાં નિમિત્તથી સાવદ્ય ક્રિયા લાગે છે.

આ પહેલુ અર્થદંડ પ્રત્યયિક દંડ સમાદાન કહેલ છે.

***૨. હવે બીજુ અનર્થદંડ પ્રત્યયિક દંડસમાદાન કહેવાય છે-***

(૧) જેમ કોઈ પુરુષ જે તે ત્રસ પ્રાણી છે. તેને તે પોતાના શરીરની રક્ષાનાં માટે, ચામડીનાં માટે, માંસનાં માટે, લોહીનાં માટે, હૃદયનાં માટે, પિત્તનાં માટે, ચરબીનાં માટે, પાંખનાં માટે, પૂંછડીનાં માટે, વાળનાં માટે, શીંગડાનાં માટે, વિષાણનાં માટે, દાંતનાં માટે, દાઢનાં માટે, નખનાં માટે, આંતરડાનાં માટે, હાડકાનાં માટે અને હાડકાનાં મજ્જાનાં માટે મારતા નથી.

આણે મને માર્યું છે, મારી રહ્યો છે કે મારશે. એટલા માટે પણ મારતા નથી.

પુત્ર પોષણનાં માટે, પશુપોષણનાં માટે તથા પોતાના ઘરને શણગારવા માટે પણ મારતા નથી.

શ્રમણ અને બ્રાહ્મણનાં જીવનનિર્વાહનાં માટે,

તેમજ તેના શરીર પર કોઈપણ વિપત્તિ આવે તેનાથી બચવા માટે પણ મારતા નથી.

(પરંતુ વગર કારણે જ) તે અજ્ઞાની તેના પ્રાણોનો નાશ, અંગોનું છેદન, ભેદન, પ્રાણહરણ કરે છે તેમની ચામડી ઉતારી નાખે છે તેમની આંખો કાઢે છે તેમને ઉદ્વેગ પહોંચાડે છે. એમ વ્યર્થ જ વૈરનો ભાગી થાય છે.

(૨) જેમ કોઈ પુરુષ -

જે તે સ્થાવર પ્રાણી છે, જેમકે -

ઈક્કડ, કડબ, જંતુક, પરક, મોરક, તૃણ, ડામ, કુચ્છક, પર્વક અને પલાલ એ વનસ્પતિઓને પુત્ર પોષણનાં માટે, પશુપોષણનાં માટે તથા પોતાના ઘરને શણગારવા માટે શ્રમણ અને બ્રાહ્મણનાં જીવનનિર્વાહનાં માટે તેમજ તેના શરીર પર આવેલ વિપત્તિથી બચાવવા માટે પણ મારતા નથી.

જૈન JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

से हंता, छेत्ता, भेत्ता, लुंपइत्ता, विलुंपइत्ता, उद्दवइत्ता, उज्झिउं बाले वेरस्स आभागी भवइ अणट्ठादंडे।

પરંતુ વગર કારણે જ તે અજ્ઞાની તે સ્થાવર પ્રાણીઓનો નાશ, છેદન, ભેદન, લુંપન, વિલુંપન પ્રાણહરણ કરીને વ્યર્થ જ વૈરનો ભાગી થાય છે.

(३) से जहाणामए केइ पुरिसे-

(૩) જેમ કોઈ પુરુષ -

कच्छंसि वा, दहंसि वा, दगंसि वा, दवियंसि वा, वलयंसि वा, णूमंसि वा, गहणंसि वा, गहणविदुग्गंसि वा, वणंसि वा, वणविदुग्गंसि वा, पव्वयंसि वा, पव्वयविदुग्गंसि वा, तणाइं ऊसविय - ऊसविय,

કચ્છમાં, દ્રહમાં, જલાશયમાં તથા નદી આદિ દ્વારા ઘેરાયેલ સ્થાનમાં, અંધકાર પૂર્ણ સ્થાનમાં, કોઈ ગહેરા સ્થાનમાં, કોઈ દુર્ગમ ગહેરા સ્થાનમાં, વનમાં કે ઘોર વનમાં, પર્વત પર કે પર્વતનાં કોઈ દુર્ગમ સ્થાનમાં તૃણ કે ઘાસને ફેલાવીને,

सयमेव अगणिकायं णिसिरइ,

સ્વયં તેમાં આગ લગાવે છે,

अण्णेण वि अगणिकायं णिसिरावेइ,

'हं भो पावाउया ! आइगरा धम्माणं नाणापन्ना **-जाव-** नाणाज्झवसाणसंजुत्ता ! कम्हा णं तुब्भे पाणिं पडिसाहरह ?

હે ધર્મના આદિકર્તા ! નાના પ્રજ્ઞાવાળા **-યાવત્-** નાના અધ્યવસાયથી યુક્ત દાર્શનિક પ્રાવાદુકો ! તમે શા માટે હાથને પાછળ ખેંચી રહ્યા છે ?

पाणी नो डज्झेज्जा ?

શું હાથ બળશે નહિ ?

दड्ढे किं भविस्सइ ?

હાથ બળવાથી શું થશે ?

दुक्खं, दुक्खं ति मण्णमाणा पडिसाहरह ।

"દુઃખ થશે- દુઃખ થશે." - એવું માનીને તમે હાથ હટાવી લો છો,

एस तुला, एस पमाणे, एस समोसरणे ।

તે તુલા (નિશ્ચિત) છે, તે પ્રમાણ છે અને તે સમવસરણ છે.

पत्तेयं तुला, पत्तेयं पमाणे, पत्तेयं समोसरणे ।

પ્રત્યેકના માટે તુલા (નિશ્ચય) છે. પ્રત્યેકના માટે પ્રમાણ છે અને પ્રત્યેકના માટે સમવસરણ છે.

तत्थ णं जे ते समणा माहणा एवमाइक्खंति **-जाव-** एवं परूवेंति-

જો તે શ્રમણ-બ્રાહ્મણ આવું આખ્યાન **-યાવત્-** આવું પ્રરુપણ કરે છે કે -

सव्वे पाणा **-जाव-** सव्वे सत्ता हंतव्वा, अज्जावेयव्वा, परिघेत्तव्वा, परितावेयव्वा, किलामेयव्वा, उद्दवेयव्वा ।

બધા પ્રાણ **-યાવત્-** બધા સત્વોનું હનન કરી શકાય છે, આધીન બનાવી શકાય છે, દાસ બનાવી શકાય છે, પરિતાપ આપી શકાય છે, કલાન્ત કરી શકાય છે અને પ્રાણોથી વિયોજીત કરી શકાય છે.

ते आगंतु छेयाए ते आगंतु भेयाए,

તે ભવિષ્યમાં શરીરનાં છેદન-ભેદનને પ્રાપ્ત થશે.

ते आगंतु जाइ-जरा-मरण-जोणिजम्मणं-संसार-पुणब्भव-गब्भवास-भवपवंच-कलंकली भागिणो भविस्संति ।

તે ભવિષ્યમાં જન્મ, જરા, મરણ, યોનિજન્મ સંસારમાં વારંવાર ઉત્પત્તિ, ગર્ભવાસ, ભવપ્રપંચમાં વ્યાકુળ ચિત્તવાળા થશે.

ते बहूणं दंडणाणं मुंडणाणं तज्जणाणं अंदुबंधणाणं घोलणाणं माइमरणाणं पिइमरणाणं भाइमरणाणं भगिणीमरणाणं भज्जामरणाणं पुत्तमरणाणं धूयमरणाणं सुण्हामरणाणं, दारिद्दाणं दोहग्गाणं अप्पियसंवासाणं पियविप्पओगाणं बहूणं दुक्खदोमणसाणं आभागिणो भविस्संति,

તે ઘણા દંડ, મુંડન, તર્જન, તાડન, સાંકળથી બાંધેલ, ફેરવવો તથા માતૃમરણ, પિતૃમરણ, ભ્રાતૃમરણ, ભગિની મરણ, ભાર્યામરણ, પુત્ર મરણ, પુત્રી મરણ, પુત્રવધૂ મરણ, તેમજ દરિદ્રતા, દૌર્ભાગ્ય, અપ્રિય-સંયોગ, પ્રિય-વિયોગ અને અનેક દુઃખ અને વૈમનસ્યનાં ભાગી થશે.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

अणाइयं च णं अणवदग्गं दीहमद्धं चाउरंतसंसारकंतारं भुज्जो-भुज्जो अणुपरियट्टिस्संति,

તે અનાદિ-અનન્ત, લાંબા માર્ગવાળા, ચતુર્ગતિક સંસાર રુપી અરણ્યમાં વારંવાર પરિભ્રમણ કરશે.

ते नो सिज्झिस्संति **-जाव-** नो सव्वदुक्खाणं अंतं करिस्संति,

તે સિદ્ધ થશે નહિં **-યાવત્-** બધા દુ:ખોનો અંત કરશે નહિં.

एस तुला, एस पमाणे, एस समोसरणे,

આ તુલા છે. આ પ્રમાણ છે અને આ સમવસરણ છે.

पत्तेयं तुला, पत्तेयं पमाणे, पत्तेयं समोसरणे।

- सूय. सु. २, अ. २, सु. ७१८-७१९

પ્રત્યેકનાં માટે તુલા છે, પ્રત્યેકના માટે પ્રમાણ છે અને પ્રત્યેકનાં માટે સમવસરણ છે.

## ६२. धम्मपक्खीय किरिया ठाणं-

## ૬૨. ધર્મપક્ષીય ક્રિયા સ્થાન :

***अहावरे तेरसमे किरियाठाणे इरियावहिए त्ति आहिज्जइ,***

***હવે તેરમું ઈર્યાપથિક ક્રિયાસ્થાન કહેવાય છે -***

इह खलु अत्तत्ताए संवुडस्स अणगारस्स-

આ જગતમાં આ ક્રિયાસ્થાનમાં આત્મ કલ્યાણનાં માટે સંવૃત અણગાર-

१. इरियासमियस्स,

२. भासासमियस्स,

३. एसणासमियस्स,

४. आयाणभंडमत्तणिक्खेवणासमियस्स,

५. उच्चार-पासवण-खेल-सिंघाणजल्लपारिट्ठावणिया समियस्स।

૧. ઈર્યા સમિતિથી યુક્ત-

૨. ભાષા સમિતિથી યુક્ત-

૩. એષણા સમિતિથી યુક્ત-

૪. પાત્ર, ઉપકરણ આદિનાં ગ્રહણ કરવાની અને રાખવાની સમિતિથી યુક્ત-

૫. મળ-મૂત્ર, કફ, શ્લેષ્મ અને મૈલની પરિષ્ઠાપના સમિતિથી યુક્ત,

१. मणसमियस्स, २.वइसमियस्स, ३. कायसमियस्स।

૧. મન સમિતિ, ૨. વચન સમિતિ, ૩. કાય સમિતિથી યુક્ત.

१. मणगुत्तस्स, २. वइगुत्तस्स, ३. कायगुत्तस्स,

૧. મનો ગુપ્તિ, ૨. વચન ગુપ્તિ, ૪. કાય ગુપ્તિથી ગુપ્ત.

गुत्तस्स गुत्तिंदियस्स गुत्तबंभचारिस्स आउत्तं गच्छमाणस्स, आउत्तं चिट्ठमाणस्स, आउत्तं णिसीयमाणस्स, आउत्तं तुयट्टमाणस्स, आउत्तं भुंजमाणस्स, आउत्तं भासमाणस्स,

જેની ઈન્દ્રિયાં બ્રહ્મચર્યની નવ ગુપ્તિઓથી ગુપ્ત છે, જે સાધક ઉપયોગ સહિત ગમન કરે છે. ઉભો રહે છે, બેસે છે, કરવટ બદલે છે, ભોજન કરે છે, બોલે છે.

आउत्तं वत्थं पडिग्गहं कंबलं पायपुंछणं गेण्हमाणस्स वा, णिक्खिवमाणस्स वा **-जाव-** चक्खुपम्हणिवायमवि अत्थि वेमाया सुहुमा किरिया इरियावहिया नामं कज्जइ।

વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછન આદિને ગ્રહણ કરે છે અને ઉપયોગ પૂર્વક જ તેને રાખે-ઉપાડે છે **-યાવત્-** આંખોની પલક પણ ઉપયોગ સહિત પડ-પડાવે છે, આવા સાધુમાં વિવિધ માત્રાવાળી સૂક્ષ્મ ઈર્યાપથિકી નામની ક્રિયા હોય છે.

सा पढमसमए बद्धपुट्ठा।

બિइयसमए वेइया,

तइयसमए णिज्जिण्णा,

તે પ્રથમ સમયમાં બદ્ધ સ્પૃષ્ટ થાય છે.

બીજા સમયમાં તેનો અનુભવ થાય છે,

તૃતીય સમયમાં તેની નિર્જરા થાય છે.

सा बद्धा पुट्ठा उदीरिया वेइया णिज्जिण्णा सेयकाले अकम्मं याऽ वि भवइ।

આ પ્રમાણે બદ્ધ, સ્પૃષ્ટ, ઉદીરણા, વેદન અને નિર્જરાના ક્રમથી ઈર્યાપથિકી ક્રિયા થાય છે અને આગામી કાળમાં તે અકર્મભાવને પ્રાપ્ત થાય છે.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

एवं खलु तस्स तप्पत्तियं असावज्जे त्ति आहिज्जइ।

આ પ્રમાણે તે સંવૃત અણગારની ઈર્યાપથિક ક્રિયા અસાવદ્ય કહેવાય છે.

तेरसमे किरियाठाणे इरियावहिए त्ति आहिए।

આ તેરમી ક્રિયા સ્થાન ઈર્યાપથિક કહેલ છે.

से बेमि-"जे य अतीता, जे य पडुप्पन्ना, जे य आगमिस्सा अरहंता भगवंता सव्वे ते एयाइं चेव तेरस किरियाठाणाइं-भासिंसु वा, भासंति वा, भासिस्संति वा,

(શ્રી સુધર્માસ્વામી જમ્બૂ સ્વામીથી કહે છે-) "હું કહું છું કે - ભૂતકાળમાં જેટલા તીર્થંકર થયેલ છે. વર્તમાન કાળમાં જેટલા તીર્થંકર છે અને ભવિષ્ય કાળમાં જેટલા પણ તીર્થંકર થશે તે બધાએ આ તેર ક્રિયાસ્થાનોનું વર્ણન કરેલ છે, કરે છે તથા કરશે.

पण्णविंसु वा, पण्णवेंति वा, पण्णविस्संति वा।

આ પ્રમાણે પ્રરુપણા કરેલ છે, પ્રરૂપણા કરે છે તથા પ્રરુપણા કરશે.

एवं चेव तेरसमं किरियाठाणं सेविंसु वा, सेवंति वा, सेविस्संति वा।"

આ પ્રમાણે તેમણે તેરમું ક્રિયા સ્થાનનું સેવન કર્યું છે, સેવન કરે છે અને સેવન કરશે."

- सूय. सु. २, अ. २, सु. ७०७

एयंसि चेव तरसमे किरियाठाणे वट्टमाणा जीवा सिज्झिंसु **-जाव-** सव्वदुक्खाणमंतं करिंसु वा, करेंति वा, करिस्संति वा।

આમાંથી તેરમાં ક્રિયાસ્થાનમાં વર્તમાન જીવ સિદ્ધ થયેલ છે, થાય છે અને થશે **-યાવત્-** બધા દુ:ખોનો અંત કર્યો છે, કરે છે અને કરશે.

एवं से भिक्खू आयट्ठी आयहिए आयगुत्ते आयजोगी आयपरक्कमे आयरक्खिए आयाणुकंपए आयनिप्फेडए आयाणमेव पडिसाहरेज्जासि त्ति बेमि।

- सूय. सु. २, अ. २, सु. ७२१

આ પ્રમાણે તે આત્માર્થી, આત્માનું હિત કરનાર, આત્મગુપ્ત, આત્મયોગી, આત્માનાં માટે પરાક્રમ કરનાર, આત્માની રક્ષા કરનાર, આત્માની અનુકંપા કરનાર, આત્માથી જગતનો ઉદ્ધાર કરનાર ભિક્ષુ પોતાની આત્માને સમસ્ત પાપોથી નિવૃત્ત કરે છે.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

## ६३. धम्म पक्खीय पुरिसस्स विसिट्ठत्तं-

अहावरे दोच्चस्स ठाणस्स धम्मपक्खस्स विभंगे एवमाहिज्जइ-

इह खलु पाईणं वा **-जाव-** दाहिणं वा संतेगइया मणुस्सा भवंति, तं जहा -

आरिया वेगे, अणारिया वेगे,

उच्चागोया वेगे, णीयागोया वेगे,

कायमंता वेगे, हस्समंता वेगे,

सुवण्णा वेगे, दुव्वण्णा वेगे,

सुरूवा वेगे, दुरूवा वेगे,

तेसिं च णं खेत्तवत्थूणि परिग्गहियाणि भवंति।

***एसो आलावगो तहा णेयव्वो जहा पोंडरीए -जाव- सव्वोवसंता सव्वयाए परिनिव्वुडे त्ति बेमि।***

## ૬૩. ધર્મપક્ષીય પુરુષનું વૈશિષ્ટ્ય :

હવે બીજુ સ્થાન ધર્મપક્ષનો વિકલ્પ આ પ્રમાણે કહેવાય છે -

પૂર્વ **-યાવત્-** દક્ષિણ દિશામાં કેટલાક મનુષ્ય હોય છે, જેમકે -

કેટલાક આર્ય હોય છે અને કેટલાક અનાર્ય હોય છે.

કેટલાક ઉચ્ચ ગોત્રવાળા હોય છે અને કેટલાક નીચ ગોત્રવાળા હોય છે.

કેટલાક લાંબા હોય છે અને કેટલાક ટૂંકા હોય છે,

કેટલાક ગોરા હોય છે અને કેટલાક કાળા હોય છે,

કેટલાક સુડોળ હોય છે અને કેટલાક કદરૂપા હોય છે,

તેની ભૂમિ અને ઘર પરિગૃહીત હોય છે,

***આ આલાપક પોંડરીકનાં સમાન જાણવાં જોઈએ -યાવત્- જે સમસ્ત કષાયથી ઉપશાંત છે અને સમસ્ત ભોગોથી નિવૃત્ત છે (તે ધર્મપક્ષીય છે) એવું હું કહું છું.***

एस ठाणे आरिए केवले **-जाव-** सव्वदुक्खप्पहीणमग्गे एगंतसम्मे साहू।

આ સ્થાન આર્ય, દ્વન્દ્વ રહિત **-યાવત્-** બધા દુઃખોના ક્ષયનો માર્ગ, એકાંત સમ્યક્ અને શ્રેષ્ઠ છે.

दोच्चस्स ठाणस्स धम्मपक्खस्स विभंगे एवमाहिए।

આ પ્રમાણે બીજુ સ્થાન ધર્મપક્ષનું વિકલ્પ નિરુપિત છે.

- सूय. सु. २, अ. २, सु. ७११

तत्थ णं जे ते समण-माहणा एवं आइक्खंति **-जाव-** एवं परूवेंति-

જો તે શ્રમણ-બ્રાહ્મણ એવું આખ્યાન **-યાવત્-** એવી પ્રરુપણા કરે છે કે -

"सव्वे पाणा **-जाव-** सव्वे सत्ता ण हंतव्वा, ण अज्जावेयव्वा, ण परिघेत्तव्वा, ण परितावेयव्वा, ण किलामेयव्वा, ण उद्दवेयव्वा।

"બધા પ્રાણ **-યાવત્-** બધા સત્વોનું હનન ન કરવું જોઈએ. અધીરા ન બનવું જોઈએ, દાસ ન બનાવો જોઈએ, પરિતાપ ન આપવો જોઈએ, કલ્પાંત ન કરવો જોઈએ અને પ્રાણોથી વિયોજીત ન કરવું જોઈએ.

ते णो आगंतु छेयाए, ते णो आगंतु भेयाए,

તે ભવિષ્યમાં શરીરનાં છેદન-ભેદનને પ્રાપ્ત થશે નહિં.

ते णो आगंतुं जाइ जरा-मरण-जोणि-जम्मण-संसार-पुणब्भवगब्भवास-भवपवंच कलंकलीभागिणो भविस्संति।

તે ભવિષ્યમાં જન્મ, જરા, મરણ, યોનિ, જન્મ, સંસારમાં વારંવાર ઉત્પન્ન, ગર્ભવાસ, ભવ પ્રપંચમાં વ્યાકુલચિત્ત-વાળા નહીં થાય.

ते णो बहूणं दंडणाणं **-जाव-** णो बहूणं दुक्खदोमणसाणं आभागिणो भविस्संति।

તે ઘણા દંડ **-યાવત્-** અનેક દુઃખ અને વૈમનસ્યનાં ભાગીદાર નહીં થાય.

अणादियं च णं अणवदग्गं दीहमद्धं चाउरंतसंसारकंतारं भुज्जो-भुज्जो णो अणुपरियट्टिस्संति।

તે અનાદિ- અનન્ત લાંબા માર્ગવાળા, ચાર ગતિ સંસારરુપી અરણ્યમાં વારંવાર પરિભ્રમણ કરશે નહિં.

ते सिज्झिस्संति **-जाव-** सव्वदुक्खाणं अंतं करिस्संति।

તે સિદ્ધ થશે **-યાવત્-** બધા દુઃખોનો અંત કરશે.

- सूय. सु. २, अ. २, सु.७२०

**६४. धम्मबहुल मिस्सठाणस्स सरूव परूवणं-**

**૬૪. ધર્મ બહુલ મિશ્ર સ્થાનનાં સ્વરુપનું પ્રરુપણ :**

अहावरे तच्चस्स ठाणस्स मीसगस्स विभंगे एवमाहिज्जइ-

હવે ત્રીજું સ્થાન મિશ્રપક્ષનું વિકલ્પ આ પ્રમાણે કહેવાય છે -

इह खलु पाईणं वा **-जाव-** दाहिणं वा संतेगइया मणुस्सा भवंति, तं जहा-

પૂર્વ **-યાવત્-** દક્ષિણ દિશામાં કેટલાક મનુષ્ય એવા હોય છે, જેમકે -

अप्पिच्छा, अप्पारंभा, अप्पपरिग्गहा, धम्मिया, धम्माणुया **-जाव-** धम्मेणं चेव वित्तिं कप्पेमाणा विहरंति,

તે અલ્પ ઈચ્છાવાળા, અલ્પ આરંભવાળા, અલ્પ પરિગ્રહવાળા, ધાર્મિક, ધર્મનું અનુગમન કરનાર **-યાવત્-** ધર્મનાં દ્વારા આજીવિકા કરનાર હોય છે.

सुसीला सुव्वया सुप्पडियाणंदा सुसाहू।

તે સુશીલ, સુવ્રત, સુપ્રત્યાનંદ સુસાધુ છે.

एगच्चाओ पाणाइवायाओ पडिविरया जावज्जीवाए, एगच्चाओ अप्पडिविरया **-जाव-** एगच्चाओ कुट्टण-पिट्टण-तज्जण-ताडण-वह-बंधपरिकिलेसाओ पडिविरया जावज्जीवाए एगच्चाओ अप्पडिविरया।

તે યાવત્જીવન કેટલાક પ્રાણાતિપાતથી વિરત હોય છે અને કેટલાક અવિરત **-યાવત્-** કેટલાક મારવું, પીડવું, તર્જન, તાડન, વધ, બંધ પરિક્લેશથી વિરત હોય છે અને કેટલાક અવિરત હોય છે.

जे यावऽण्णे तहप्पगारा सावज्जा अबोहिया कम्मंता परपाणपरितावणकरा कज्जंति, तओ वि एगच्चाओ पडिविरया जावज्जीवाए, एगच्चाओ अप्पडिविरया।

જો આ પ્રમાણેનાં અન્ય સાવદ્ય, અબોધિ કરનાર, બીજા પ્રાણીઓને પરિતાપ કરનાર, કર્મ વ્યવહાર કરાય છે. તેમાંથી પણ કેટલાક યાવત્જીવન વિરત હોય છે અને કેટલાક અવિરત હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

से जहाणामए समणोवासगा भवंति-अभिगयजीवाऽजीवा, उवलद्धपुण्णपावा, आसव-संवर-वेयण-णिज्जर-किरियाऽहिकरण-बंध-मोक्खकुसला,

કેટલાક એવા શ્રમણોપાસક હોય છે - જો જીવ અને અજીવને જાણનાર, પુણ્ય-પાપનાં મર્મને સમજનાર, આશ્રવ, સંવર, વેદના, નિર્જરા, ક્રિયા, અધિકરણ, બંધ અને મોક્ષનાં વિષયમાં કુશલ હોય છે.

असहेज्जादेवासुर-नाग-सुवण्ण-जक्ख-रक्खस-किन्नर-किंपुरिस-गरूल-गंधव्व-महोरगादीएहिं देवगणेहिं निग्गंथाओ पावयणाओ अणइक्कमणिज्जा,

સત્યનાં પ્રતિ સ્વયં નિશ્ચલ દેવ, અસુર, નાગ, સુપર્ણ, યક્ષ, રાક્ષસ, કિન્નર, કિંપુરુષ, ગરુડ, ગંધર્વ, મહોરગ આદિ દેવગણોનાં દ્વારા નિર્ગ્રંથ પ્રવચનથી વિચલિત થતા નથી.

इणमेव निग्गंथे पावयणे निस्संकिया निक्कंखिया निव्वितिगिच्छा लद्धट्ठा गहियट्ठा पुच्छियट्ठा विणिच्छियट्ठा अभिगयट्ठा अट्ठिमिंजपेम्माणुरागरत्ता,

આ નિર્ગ્રંથ પ્રવચનમાં શંકા રહિત, કાંક્ષા રહિત. વિચિકિત્સા રહિત, યથાર્થને સાંભળનાર, ગ્રહણ કરનાર, તે વિષયમાં પ્રશ્ન કરનાર, તેનું વિનિશ્ચય કરનાર, તેને જાણનાર અને પ્રેમાનુરાગથી અનુરક્ત અસ્થિ-મજ્જાવાળા હોય છે.

अयमाउसो ! निग्गंथे पावयणे अट्ठे, अयं परमट्ठे, सेसे अणट्ठे,

હે આયુષ્યમાન્ ! આ નિર્ગ્રંથ પ્રવચન યથાર્થ છે, આ પરમાર્થ છે, બાકી અનર્થ છે. (આવું માનવાવાળા)

ऊसियफलिहा अवंगुयदुवारा चियत्तंतेउरपरघरपवेसा चाउद्दसट्ठमुद्दिट्ठ पुण्णमासिणीसु पडिपुण्णं पोसहं सम्मं अणुपालेमाणा ।

તે અર્ગલાને ઉપર અને દરવાજાને ખુલ્લા રાખનાર, અંતઃપુર અને બીજાનાં ઘરોમાં કોઈપણ રુકાવટ વગર પ્રવેશ કરનાર, ચૌદસ, આઠમ, અમાસ અને પૂર્ણિમાએ પ્રતિપૂર્ણ પૌષધનું સમ્યક્ અનુપાલન કરનાર છે.

समणे निग्गंथे फासुएसणिज्जेणं असण-पाण-खाइम-साइमेणं वत्थ-पडिग्गह-कंबल-पायपुंछणेणं, ओसहभेसज्जेणं, पीढ-फलग-सेज्जासंथारएणं पडिलाभेमाणा,

તે શ્રમણ-નિર્ગ્રંથોને પ્રાસુક અને એષણીય અશન, પાન, ખાદ્ય, સ્વાદ્ય, વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપ્રોંછન, ઔષધ, ભૈષજ, પીઠ-ફલક, શય્યા અને સંસ્તારકનું દાન આપનાર,

बहूहिं सीलव्वय-गुण-वेरमण-पच्चक्खाण-पोसहोववासेहिं अहापरिग्गहिएहिं तवोकम्मेहिं अप्पाणं भावेमाणा विहरंति ।

બહુલ શીલવ્રત, ગુણવ્રત, વિરમણ, પ્રત્યાખ્યાન અને પૌષધોપવાસનાં દ્વારા તથા યથાપરિગ્રહીત તપઃકર્મનાં દ્વારા આત્માને ભાવિત કરતા રહે છે.

ते णं एयारूवेणं विहारेणं विहरमाणा -

તે આ પ્રમાણેનાં વિહારથી વિચરણ કરતાં -

बहूइं वासाइं समणोवासगपरियागं पाउणंति,

ઘણાં વર્ષો સુધી શ્રમણોપાસક પર્યાયનું પાલન કરે છે.

पाउणित्ता आबाहंसि उप्पण्णंसि वा, अणुप्पण्णंसि वा, बहूइं भत्ताइं पच्चक्खाइंति, पच्चक्खाइत्ता बहूइं भत्ताइं अणसणाए छेदेंति,

પાલન કરી રોગાદિની બાધાને ઉત્પન્ન થવાથી કે ન થવાથી અનેક દિવસો સુધી ભોજનનાં પ્રત્યાખ્યાન કરે છે, પ્રત્યાખ્યાન કરીને અનેક દિવસો સુધી ભોજનનું અનશનનાં દ્વારા વિચ્છેદ કરે છે.

छेदेत्ता, आलोइयपडिक्कंता समाहिपत्ता कालमासे कालं किच्चा अण्णयरेसु देवलोएसु देवत्ताए उववत्तारो भवंति,

વિચ્છેદ કરી આલોચના અને પ્રતિક્રમણ કરી સમાધિ પૂર્વક કાળમાસમાં કાળ કરીને કોઈ પણ દેવલોકમાં ઉત્પન્ન થાય છે.

महिड्ढिएसु महज्जुइएसु **-जाव-** महासोक्खेसु ।

તે દેવલોક મહાન્ ઋદ્ધિ, મહાન્દ્યુતિ **-યાવત્-** મહાન્ સુખવાળા હોય છે.

***सेसं तहेव -जाव-***

***બાકીનું વર્ણન પૂર્વવત્ જાણવું જોઈએ -યાવત્-***

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

एस ठाणे आरिए सव्वदुक्खप्पहीणमग्गे -जाव- एगंतसम्मे साहू।

આ સ્થાન આર્ય -યાવત્- બધા દુઃખોનાં ક્ષયનો માર્ગ, એકાંત સમ્યક્ અને સુસાધુ છે.

तच्चस्स ठाणस्स मीसगस्स विभंगे एवमाहिए।

આ ત્રીજું સ્થાન મિશ્ર પક્ષનું વિકલ્પ આ પ્રમાણે કહેલ છે.

- सूय. सु. २, अ. २, सु. ७१५

६५. **धम्मपक्खीयाणं पुरिसाणं पवित्ति परिणाम य-**

अहावरे दोच्चस्स ठाणस्स धम्मपक्खस्स विभंगे एवमाहिज्जइ-इह-खलु पाईणं वा -जाव- दाहिणं वा संतेगइया मणुस्सा भवंति, तं जहा-

अणारंभा अपरिग्गहा धम्मिया धम्माणुगा धम्मिट्ठा -जाव- धम्मेणं चेव वित्तिं कप्पेमाणा विहरंति।

सुसीला सुव्वया सुप्पडियाणंदा सुसाहू-

सव्वाओ पाणाइवायाओ पडिविरया जावज्जीवाए -जाव- सव्वाओ कुट्टण-पिट्टण-तज्जण-ताडण-वह-बंधपरिकिलेसाओ पडिविरया जावज्जीवाए,

जे यावऽण्णे तहप्पगारा सावज्जा अबोहिया कम्मंता परपाणपरितावणकरा कज्जंति त ओ वि पडिविरया जावज्जीवाए।

से जहाणामए अणगारा भगवंतो-

१. इरियासमिया,

२. भासासमिया,

३. एसणासमिया,

४. आयाण-भंड-मत्त-णिक्खेवणासमिया,

५. उच्चार-पासवण-खेल-सिंघाण-जल्लपारिट्ठावणियासमिया-

१. मणसमिया, २. वइसमिया, ३. कायसमिया,

१. मणगुत्ता, २. वइगुत्ता, ३. कायगुत्ता,

गुत्ता, गुत्तिंदिया, गुत्तबंभयारी, अकोहा अमाणा अमाया अलोभा संता पसंता उवसंता परिणिव्वुडा,

अणासवा अगंथा छिन्नसोया निरूवलेवा-

१. कंसपाई व मुक्कतोया,

२. संखो इव णिरंगणा,

६५. **ધર્મપક્ષીય પુરુષોની પ્રવૃત્તિ અને પરિણામ :**

હવે બીજું સ્થાન ધર્મપક્ષનું વિકલ્પ આ પ્રમાણે કહેવાય છે - પૂર્વ -યાવત્- દક્ષિણ દિશામાં કેટલાક મનુષ્ય હોય છે, જેમકે -

અનારંભી, અપરિગ્રહી, ધાર્મિક, ધર્મનું અનુગમન કરનાર, ધર્મિષ્ઠ -યાવત્- ધર્મનાં દ્વારા આજીવિકા કરતાં રહે છે.

તે સુશીલ, સુવ્રત, સુપ્રત્યાનંદ અર્થાત્ ઉપકારીનો ઉપકાર માનનાર સુસાધુ છે.

તે જાવજ્જીવ સુધી સર્વ પ્રાણાતિપાતથી વિરત -યાવત્- જાવજ્જીવ સુધી કુટ્ટન, પીડન, તર્જન, તાડન, વધ, બંધ, પરિક્લેશથી વિરત હોય છે.

જે આ પ્રમાણેનાં અન્ય સાવદ્ય, અબોધિ કરનાર, બીજા પ્રાણીઓને પરિતપ્ત કરનાર કર્મ-વ્યવહાર કરાય છે તેનાથી પણ તે જાવજ્જીવ સુધી પ્રતિવિરત હોય છે.

જેમ અનગાર ભગવંત -

૧. ચાલવામાં સમિત,

૨. બોલવામાં સમિત,

૩. આહારની એષણામાં સમિત,

૪. વસ્ત્ર-પાત્ર લેવામાં અને રાખવામાં સમિત,

૫. ઉચ્ચાર-પ્રસ્રવણ - કફ - શ્લેષ્મ - મેલનાં ઉત્સર્ગમાં સમિત.

૧. મનથી સમિત, ૨. વચનથી સમિત, ૩. શરીરથી સમિત,

૧. મન ગુપ્તિ, ૨. વચન ગુપ્તિ, ૩. કાય ગુપ્તિ.

ગુપ્ત, ગુપ્ત ઈન્દ્રિયવાળા, ગુપ્ત બ્રહ્મચર્યવાળા, ક્રોધ - માન-માયા અને લોભથી મુક્ત, શાંત-પ્રશાંત- ઉપશાંત અને પરિનિર્વાણને પ્રાપ્ત.

આશ્રવથી રહિત, ગ્રંથિથી રહિત, શોકથી રહિત અને લેપથી રહિત.

૧. અલિપ્ત કાંસાની વાટકીની જેમ સ્નેહમુક્ત,

૨. શંખની જેમ રંગ રહિત,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

३. जीवो इव अप्पडिहयगई,
૩. જીવની જેમ અપ્રતિહત ગતિવાળા,

४. गगणतलं पि व निरालंबणा,
૪. આકાશની જેમ આલંબન રહિત,

५. वायुरिव अपडिबद्धा,
૫. વાયુની જેમ સ્વતંત્ર,

६. सारदसलिलं व सुद्धहियया,
૬. શરદઋતુનાં જલની જેમ શુદ્ધ હૃદયવાળા,

७. पुक्खपत्तं व निरूवलेवा,
૭. કમળપત્રની જેમ નિર્લેપ,

८. कुम्मो इव गुत्तिंदिया,
૮. કાચબાની જેમ ગુપ્ત ઈન્દ્રિયવાળા,

९. विहग इव विप्पमुक्का,
૯. પક્ષીની જેમ સ્વતંત્ર વિહારી,

१०. खग्गविसाणं व एगजाया,
૧૦. ગેંડાનાં શીંગડાની જેમ એકલા,

११. भारंडपक्खी व अप्पमत्ता,
૧૧. ભારંડ પક્ષીની જેમ અપ્રમત્ત,

१२. कुंजरा इव सोंडीरा,
૧૨. હાથીની જેમ પરાક્રમી,

१३. वसभो इव जायत्थामा,
૧૩. બળદની જેમ ભારને ઉપાડવામાં સમર્થ,

१४. सीहो इव दुद्धरिसा,
૧૪. સિંહની જેમ અપરાજીત,

१५. मंदरो इव अप्पकंपा,
૧૫. મંદર પર્વતની જેમ અપ્રકંપ,

१६. सागरो इव गंभीरा,
૧૬. સાગરની જેમ ગંભીર,

१७. चंदो इव सोमलेसा,
૧૭. ચંદ્રની જેમ સૌમ્ય મનોવૃત્તિવાળા,

१८. सुरो इव दित्ततेया,
૧૮. સૂર્યની જેમ દીપ્તિ તેજસ્વી,

१९. जच्चकणगं व जातरूवा,
૧૯. શુદ્ધ સ્વર્ણની જેમ સહજ સુંદર,

२०. वसुंधरा इव सव्वफासविसहा,
૨૦. પૃથ્વીની જેમ બધા સ્પર્શોને સહન કરનાર,

२१. सुहुतहुयासणो विब तेयसा जलंता।
૨૧. ઘીની અગ્નિની જેમ તેજથી દેદીપ્યમાન થાય છે.

णत्थि णं तेसिं भगवंताणं कत्थवि पडिबंधे भवइ,
તેવા ભગવંતોને કોઈ પ્રતિબંધ નથી.

से य पडिबंधे चउव्विहे पण्णत्ते, तं जहा-
તે પ્રતિબંધ ચાર પ્રકારનાં કહ્યા છે. જેમકે -

१. अंडए इ वा, २. पोयए इ वा,
૧. અંડજ, ૨. પોતજ,

३. उग्गहे इ वा, ४. पग्गहे इ वा,
૩. અવગ્રહ, ૪. પ્રગ્રહ.

जण्णं जण्णं दिसं इच्छंति तण्णं तण्णं दिसं अप्पडिबद्धा सुइब्भूया लहुब्भूया अप्पग्गंथा संजमेणं तवसा अप्पाणं भावेमाणा विहरंति।

તે જે-જે દિશામાં જવાની ઈચ્છા રાખે છે. તે - તે દિશામાં અપ્રતિબદ્ધ, શૂચિભૂત, લઘુભૂત ધન-ધાન્યથી રહિત, અલ્પ ઉપધિવાળા, અપરિગ્રહી રહેતા, સંયમ અને તપનાં દ્વારા આત્માને ભાવિત કરતાં વિચરણ કરે છે.

तेसिं णं भगवंताणं इमा एयारूवा जायामायावित्ती होत्था, तं जहा -

તે ભગવંતોની આ પ્રમાણે સંયમી જીવન ચાલવનારી પ્રવૃત્તિ હોય છે, જેમકે -

चउत्थे भत्ते, छट्ठे भत्ते, अट्ठमे भत्ते, दसमे भत्ते, दुवालसमे भत्ते, चोद्दसमे भत्ते, अद्धमासिए भत्ते, मासिए भत्ते, दोमासिए भत्ते, तेमासिए भत्ते, चउम्मासिए भत्ते, पंचमासिए भत्ते, छम्मासिए भत्ते। अदुत्तरं च णं-

તે એક દિવસનો ઉપવાસ, બે દિવસનો ઉપવાસ, ત્રણ દિવસનો ઉપવાસ, ચાર દિવસનો ઉપવાસ, પાંચ દિવસનો ઉપવાસ, છ દિવસનો ઉપવાસ, એક પક્ષનાં ઉપવાસ, એક માસનાં ઉપવાસ, બે માસનાં ઉપવાસ, ત્રણ માસનાં ઉપવાસ, ચાર માસનાં ઉપવાસ, પાંચ માસનાં ઉપવાસ, છ માસનાં ઉપવાસ. અથવા

जैन साईट JAINSITE जैनम् जयति शासनम

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | |
|---|---|
| १. उक्खित्तचरगा, | ૧. રસોડામાંથી ભોજનને બહાર કાઢેલ ભોજનને લેનાર, |
| २. णिक्खित्तचरगा, | ૨. રસોડામાં રાખેલ ભોજનને લેનાર, |
| ३. उक्खित्तणिक्खित्तचरगा, | ૩. રસોડામાંથી બહાર કાઢેલ તથા રાખેલ ભોજનને લેનાર, |
| ४. अंतचरगा, | ૪. નિરસ ભોજન લેનાર, |
| ५. पंतचरगा, | ૫. વાસી ભોજન લેનાર, |
| ६. लूहचरगा, | ૬. લુખો આહાર લેનાર, |
| ७. समुदाणचरगा, | ૭. અનેક ઘરોથી ભિક્ષા લેનાર, |
| ८. संसट्ठचरगा, | ૮. લિપ્ત હાથ કે ચમચાથી ભિક્ષા લેનાર, |
| ९. असंसट्ठचरगा, | ૯. અલિપ્ત હાથ કે ચમચાથી ભિક્ષા લેનાર, |
| १०. तज्जायसंसट्ठचरगा, | ૧૦. આપનાર દ્રવ્યથી લિપ્ત હાથ કે ચમચાથી ભિક્ષા લેનાર, |
| ११. दिट्ठलाभिया, | ૧૧. સામે દેખાય તેવો આહાર આદિ લેનાર, |
| १२. अदिट्ठलाभिया, | ૧૨. સામે ન દેખાય તેવા આહાર આદિ ને લેનાર, |
| १३. पुट्ठलाभिया, | ૧૩. "શું ભિક્ષા લેશો?" એવું પૂછવાથી જ આહાર લેનાર, |
| १४. अपुट्ठलाभिया, | ૧૪. "શું ભિક્ષા લેશો?" એવું પૂછ્યા વગર જ આહાર લેનાર, |
| १५. भिक्खलाभिया, | ૧૫. સ્વયં ભિક્ષા લાવીને ભોજન કરનાર, |
| १६. अभिक्खलाभिया, | ૧૬. બીજા શ્રમણો દ્વારા લાવેલ ભિક્ષાનો આહાર કરનાર, |
| १७. अण्णायचरगा, | ૧૭. પરિચય આપ્યા વગર ભોજન લેનાર, |
| १८. अन्नगिलायचरगा, | ૧૮. આહાર વગર ગ્લાન થવાથી જ ભિક્ષા લેનાર, |
| १९. ओवणिहिया, | ૧૯. પાસે રાખેલ ભોજન લેનાર, |
| २०. संखादत्तिया, | ૨૦. પરિમિત દત્તીઓવાળો આહાર લેનાર, |
| २१. परिमियपिंडवाइया, | ૨૧. પરિમિત દ્રવ્યોની ભિક્ષા લેનાર, |
| २२. सुद्धेसणिया, | ૨૨. નિર્દોષ કે વ્યંજન રહિત આહાર લેનાર, |
| २३. अंताहारा, | ૨૩. બચી ગયેલ આહાર કરનાર, |
| २४. पंताहारा, | ૨૪. વાસી ભોજન કરનાર, |
| २५. अरसाहारा, | ૨૫. હીંગ આદિનાં વઘાર વગરનો આહાર કરનાર, |
| २६. विरसाहारा, | ૨૬. જુના ધાન્યોનો આહાર કરનાર, |
| २७. लूहाहारा, | ૨૭. લુખો આહાર કરનાર, |
| २८. तुच्छाहारा, | ૨૮. તુચ્છ આહાર કરનાર, |
| २९. अंतजीवी, | ૨૯. બચી ગયેલ ભોજનથી જીવન ચલાવનાર, |
| ३०. पंतजीवी, | ૩૦. વાસી ભોજનથી જીવન ચલાવનાર, |
| ३१. पुरिमड्ढिया, | ૩૧. દિવસનાં પૂર્વાર્ધમાં ભોજન નહીં કરનાર, |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

३२. आयंबिलिया,
૩૨. આયંબિલ તપ કરનાર,

३३. निव्विगइया,
૩૩. ઘૃત આદિ વિકૃતિઓને ન ખાનાર,

३४. अमज्ज-मंसासिणो,
૩૪. મદ્ય-માંસ ન ખાનાર,

३५. णो णियामरसभोई,
૩૫. અધિક રસવાળા ભોજન ન કરનાર,

३६. ठाणाईया,
૩૬. કાયોત્સર્ગ-મુદ્રામાં ઉભા રહેનાર,

३७. पडिमट्ठाईया,
૩૭. પ્રતિમાકાળમાં કાયોત્સર્ગ મુદ્રામાં અવસ્થિત,

३८. णेसज्जिया,
૩૮. વિશેષ પ્રકારથી બેસનાર,

३९. वीरासणिया,
૩૯. વીરાસનની મુદ્રામાં અવસ્થિત,

४०. दंडायतिया,
૪૦. પગને ફેલાવીને બેસનાર,

४१. लगंडसाइणो,
૪૧. લાકડાની જેમ આડા થઈને બેસનાર,

४२. आयावगा,
૪૨. આતાપના લેનાર,

४३. अवाउडा,
૪૩. વસ્ત્ર ત્યાગ કરનાર,

४४. अगत्तया,
૪૪. શરીરથી નિર્મોહી રહેનાર,

४५. अकंडुया,
૪૫. ખંજવાળ ન કરનાર,

४६. अणिट्ठुहा,
૪૬. ન થૂંકનાર,

४७. धुयकेस-मंसु-रोम-नहा,
૪૭. વાળ, શ્મશ્રુ, રોમ અને નખને ન સજાવનાર,

४८. सव्वगायपडिकम्म विप्पमुक्का चिट्ठंति।
૪૮. સંપૂર્ણ શરીરને શણગારવાથી મુક્ત થઈને રહેનાર હોય છે.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

ते णं एएणं विहारेणं विहरमाणा बहूइं वासाइं सामण्ण-परियागं पाउणंति,

તેઓ આ પ્રમાણે વિચરણ કરતા ઘણા વર્ષો સુધી શ્રામણ્ય-પર્યાયનું પાલન કરે છે.

पाउणित्ता, आबाहंसि, उप्पण्णंसि वा, अणुप्पण्णंसि वा बहूइं भत्ताइं पच्चक्खाइंति,

પાલન કરવામાં અંતરાય ઉત્પન્ન થવાથી કે ન થવાથી, અનેક દિવસો સુધી ભોજનનાં પ્રત્યાખ્યાન કરે છે.

पच्चक्खित्ता बहूइं भत्ताइं अणसणाए छेदेंति,

પ્રત્યાખ્યાન કરીને અનેક દિવસો સુધી ભોજનનો ત્યાગ કરે છે.

छेदेत्ता जस्सट्ठाए कीरइ नग्गभावे मुंडभावे अण्हाणगे अदंतवणगे अछत्तए अणोवाहणए भूमिसेज्जा फलगसेज्जा कट्ठसेज्जा केसलोए बंभचेरवासे परघरपवेसे लद्धावलद्धं-माणावमाणणाओ हीलणाओ निंदणाओ खिंसणाओ गरहणाओ-तज्जणाओ-तालणाओ, उच्चावया गामकंटगा बावीसं परीसहोवसग्गा अहियासिज्जंति, अहियासिज्जित्ता तमट्ठं आराहेंति, आराहित्ता,

ત્યાગ કરીને જે પ્રયોજનનાં માટે નગ્ન-ભાવ, મુંડભાવ, સ્નાનનો નિષેધ, દાંતણનો નિષેધ, છત્રનો નિષેધ, ચંપલનો નિષેધ, ભૂમિ-શય્યા, ફલક શય્યા, કાષ્ઠશય્યા, કેશલોચ, બ્રહ્મચર્યવાસ, ભિક્ષાર્થ પરઘર પ્રવેશ થવાથી આહાર પ્રાપ્તમાં લાભ-અલાભ, માન-અપમાન, અવહેલના, નિંદા, ભર્ત્સના, ગર્હા, તર્જના, તાડના, નાના પ્રકારનાં કટુ શબ્દ આદિ બાવીશ પરીષહ અને ઉપસર્ગ સહન કરે છે. સહન કરતાં સાધુ ધર્મની આરાધના કરે છે.

चरमेहिं उस्सासनिस्सासेहिं अणंतं अणुत्तरं णिव्वाघायं निरावरणं कसिणं पडिपुण्णं केवलवरणाण-दंसणं समुप्पाडेंति,

આરાધના કરતા અંતિમ ઉચ્છવાસ - નિઃશ્વાસોમાંથી અનંત, અનુત્તર, નિર્વ્યાઘાત, નિરાવરણ, પૂર્ણ, પ્રતિપૂર્ણ, કેવળજ્ઞાન દર્શન પ્રાપ્ત કરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

समुप्पाडित्ता तओ पच्छा सिज्झंति, बुज्झंति, मुच्चंति, परिनिव्वायंति, सव्वदुक्खाणं अंतं करेंति,

एगच्चा पुण एगे भयंतारो भवंति।

अवरे पुण पुव्वकम्मावसेसेणं कालमासे कालं किच्चा अण्णयरेसु देवलोएसु देवत्ताए उववत्तारो भवंति, तं जहा-

महिड्ढीएसु महज्जुइएसु महापरक्कमेसु महाजसेसु महब्बलेसु महाणुभावेसु महासोक्खेसु, ते णं तत्थ देवा भवंति महिड्ढिया -जाव- महासुक्खा हारविराइयवच्छा कडग-तुडिय-थंभियभुया अंगय-कुंडलमट्ठगंड तलकण्ण पीढधारी विचित्तहत्थाभरणा विचित्तमाला - मउलि - मउडा कल्लाणगगंध - पवर-वत्थ-परिहिया कल्लाणग-पवर-मल्लाणुलेवणधरा भासुरबोंदी पलंबवणमालधरा,

दिव्वेणं रूवेणं, दिव्वेणं वण्णेणं, दिव्वेणं गंधेण, दिव्वेणं फासेणं, दिव्वेणं संघाएणं, दिव्वेणं संठाणेणं, दिव्वाए इड्ढीए, दिव्वाए जुईए, दिव्वाए पभाए, दिव्वाए छायाए, दिव्वाए अच्चीए, दिव्वेणं तेएणं , दिव्वाए लेसाए दस दिसाओ उज्जोवेमाणा, पभासेमाणा, गइकल्लाणा, ठिइकल्लाणा, आगमेस्सभद्दया वि भवंति,

एस ठाणे आरिए -जाव- सव्वदुक्खप्पहीणमग्गे एगंतसम्मे साहू।

दोच्चस्स ठाणस्स धम्मपक्खस्स विभंगे एवमाहिए।

- सूय. सु. २, अ. २, सु. ७१४

પ્રાપ્ત કરીને તે સિદ્ધ, બુદ્ધ, મુક્ત અને પરિનિર્વાણને પ્રાપ્ત કરે છે તથા બધા દુઃખોનો અંત કરે છે.

કેટલાક અનગાર એક ભવ કરીને મુક્ત થાય છે.

કેટલાક પૂર્વ કર્મ બાકી રહેવાથી કાળમાસમાં કાળ કરીને દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થાય છે, જેમકે -

તે દેવલોક મહાન્ ઋદ્ધિ, મહાન્‌દ્યુતિ, મહાન્‌પરાક્રમ, મહાન્ યશ, મહાન્ બળ, મહાન્ સામર્થ્ય અને મહાન્ સુખવાળા હોય છે. તે દેવલોકમાં મહાન્ ઋદ્ધિવાળા **-યાવત્-** મહાન્ સુખવાળા દેવ હોય છે. તે હારથી સુશોભિત વક્ષ સ્થળવાળા, ભુજાઓમાં કડા અને ભુજ રક્ષક પહેરનાર, બાજુબંધ, કુંડળ, કપાળ અને કર્ણ ફૂલને ધારણ કરનાર, વિચિત્ર હસ્તાભરણવાળા, મસ્તક પર માળા અને મુકુટ ધારણ કરનાર, કલ્યાણકારી સુગંધિત ઉત્તમ વસ્ત્ર પહેરનાર, કલ્યાણકારી શ્રેષ્ઠ માળા અને અનુલેપન ધારણ કરનાર, પ્રભાયુક્ત શરીરવાળા, લાંબી વનમાળાઓને ધારણ કરનાર,

દિવ્ય રુપ, દિવ્ય વર્ણ, દિવ્ય ગંધ, દિવ્ય સ્પર્શ, દિવ્ય સંઘાત, દિવ્ય સંસ્થાન, દિવ્ય ઋદ્ધિ, દિવ્ય દ્યુતિ, દિવ્ય પ્રભા, દિવ્ય છાયા, દિવ્ય અર્ચા, દિવ્ય તેજ, દિવ્ય લેશ્યાથી દસે દિશાઓને ઉદ્યોત અને પ્રભાસિત કરનાર, કલ્યાણકારી ગતિવાળા, કલ્યાણકારી સ્થિતિવાળા અને કલ્યાણકારી ભવિષ્યવાળા હોય છે.

તે સ્થાન આર્ય **-યાવત્-** બધા દુઃખોના ક્ષયનો માર્ગ, એકાંત સમ્યક્ અને સુસાધુ છે.

આ બીજું સ્થાન ધર્મપક્ષનો વિકલ્પ કહેવાય છે.

**६६. ओहेण अकिरिया-**

एगा अकिरिया। - सम. सम. १, सु. ६

**६७. अकिरिया फलं-**

प. से णं भंते ! अकिरिया किं फला ?

उ. गोयमा ! सिद्धिपज्जवसाणफला पण्णत्ता।[1]

- विया. स. २, उ. ५, सु. २६

**६८. सुत्त-जागर-बलियत्त-दुब्बलियत्त-दक्खत्तआलसियत्ताइं पडुच्च साहु-असाहु परूवणं-**

प. सुत्तत्तं भंते ! साहू, जागरियत्तं साहू ?

**૬૬. સામાન્ય રુપથી અક્રિયા :**

અક્રિયા એક છે.

**૬૭. અક્રિયાનું ફળ :**

પ્ર. ભંતે ! અક્રિયાનું શું ફળ છે ?

ઉ. ગૌતમ ! તેનું અંતિમ ફળ સિદ્ધિ પ્રાપ્ત કરવાનું છે.

**૬૮. સુપ્ત-જાગૃત-સબળત્વ-દુર્બળત્વ-દક્ષત્વ-આળસત્વની અપેક્ષાએ સાધુ-અસાધુ પણાનું પ્રરુપણ.**

પ્ર. ભંતે ! જીવોનું સપ્ત રહેવું સારું છે કે જાગૃત રહેવું સારું છે ?

---

१. (क) प. सा णं भंते ! अकिरिया सिं फला ?
उ. निव्वाणफला, - उत्त. अ. २९, सु. २९

प. से णं भंते ! निव्वाणे किं फले ?
उ. सिद्धगइगमणपज्जवसाणफले पण्णत्ते, समणाउसो !
- ठाणं. अ. ३, सु. १९५

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उ. जयंति ! अत्थेगइयाणं जीवाणं सुत्तत्तं साहू, अत्थेगइयाणं जीवाणं जागरियत्तं साहू।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"अत्थेगइयाणं जीवाणं सुत्तत्तं साहू, अत्थेगइयाणं जीवाणं जागरियत्तं साहू ?"

उ. जयंती ! जे इमे जीवा अहम्मिया, अहम्माणुया, अहम्मिट्ठा, अहम्मक्खाई, अहम्मपलोई अहम्मपलज्जणा, अहम्मसमुदायारा अहम्मेणं चेव वित्तिं कप्पेमाणा विहरंति,

एएसि णं जीवाणं सुत्तत्तं साहू।

एए णं जीवा सुत्ता समाणा नो बहूणं पाणाणं, भूयाणं, जीवाणं, सत्ताणं दुक्खणयाए सोयणयाए **-जाव-** परियावणयाए वट्टंति।

एए णं जीवा सत्ता समाणा अप्पाणं वा, परं वा, तदुभयं वा नो बहूहिं अहम्मियाहिं संजोयणाहिं संजोएत्तारो भवंति।

एएसि णं जीवाणं सुत्तत्तं साहू।

जयंती ! जे इमे जीवा धम्मिया धम्माणुया **-जाव-** धम्मेणं चेव वित्तिं कप्पेमाणा विहरंति,

एएसि णं जीवाणं जागरियत्तं साहू।

एए णं जीवा जागरा समाणा बहूणं पाणाणं **-जाव-** सत्ताणं अदुक्खणयाए **-जाव-** अपरियावणयाए वट्टंति।

एए णं जीवा जागरमाणा अप्पाणं वा, परं वा, तदुभयं वा बहूहिं धम्मियाहिं संजोयणाहिं संजोएत्तारो भवंति।

एए णं जीवा जागरमाणा धम्मजागरियाए अप्पाणं जागरइत्तारो भवंति।

एएसि णं जीवाणं जागरियत्तं साहू।

से तेणट्ठेणं जयंति ! एवं वुच्चइ-

'अत्थेगइयाणं जीवाणं सुत्तत्तं साहू, अत्थेगइयाणं जीवाणं जागरियत्तं साहू।"

प. बलियत्तं भंते ! साहू, दुब्बलियत्तं साहू ?

उ. जयंति ! अत्थेगइयाणं जीवाणं बलियत्तं साहू, अत्थेगइयाणं जीवाणं दुब्बलियत्तं साहू।

ઉ. જયંતી ! કેટલાક જીવોનું સુપ્ત રહેવું સારું છે અને કેટલાક જીવોનું જાગૃત રહેવું સારું છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"કેટલાક જીવોનું સુપ્ત રહેવું સારું છે અને કેટલાક જીવોનું જાગૃત રહેવું સારું છે ?"

ઉ. જયંતી ! જો તે અધાર્મિક, અધર્માનુસરણકર્તા, અધર્મિષ્ઠ, અધર્મનું વર્ણન કરનાર, અધર્મ-અવલોકનકર્તા, અધર્મમાં આસક્ત, અધર્માચરણ કરનાર અને અધર્મથી જ આજીવિકા કરનાર છે.

તેવા જીવોનું સુપ્ત રહેવું સારું છે.

કારણકે તે જીવ સુપ્ત રહે છે તો અનેક પ્રાણો, ભૂતો, જીવો અને સત્વોને દુઃખ, શોક **-યાવત્-** પરિતાપ આપવામાં પ્રવૃત્ત થતાં નથી.

સુતા રહેવાથી તે જીવ સ્વયંને, બીજાને અને સ્વ-પરને અનેક અધાર્મિક ક્રિયાઓ (પ્રપંચો)માં સંયોજીત કરતા નથી.

એટલા માટે તે જીવોનું સુપ્ત રહેવું સારું છે.

જયંતી ! જો તે ધાર્મિક, ધર્માનુસારી **-યાવત્-** ધર્મથી જ પોતાની આજીવિકા કરનાર છે,

તે જીવોનું જાગૃત રહેવું સારું છે.

કારણ કે તે જીવ જાગૃત હોય તો ઘણા પ્રાણો **-યાવત્-** સત્વોને દુઃખ **-યાવત્-** પરિતાપ આપવામાં પ્રવૃત્ત થતાં નથી.

એવા (ધર્મિષ્ઠ) જીવ જાગૃત રહેતા સ્વયંને, બીજાને અને સ્વ-પરને અનેક ધાર્મિક પ્રવૃત્તિઓમાં સંયોજીત કરતા રહે છે.

એવા જીવ જાગૃત રહેતા ધર્મ જાગરણાથી પોતે પોતાને જાગૃત કરનાર હોય છે.

માટે આ જીવોનું જાગૃત રહેવું સારું છે.

માટે હે જયંતી ! એવું કહેવાય છે કે -

"કેટલાક જીવોનું સુપ્ત રહેવું સારું છે અને કેટલાક જીવોનું જાગૃત રહેવું સારું છે."

પ્ર. ભંતે ! જીવોની સબળતા સારી છે કે દુર્બળતા સારી છે ?

ઉ. જયંતી ! કેટલાક જીવોની સબળતા સારી છે અને કેટલાક જીવોની દુર્બળતા સારી છે.

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"अत्थेगइयाणं जीवाणं बलियत्तं साहू, अत्थेगइयाणं जीवाणं दुव्वलियत्तं साहू ?"

उ. जयंति ! जे इमे जीवा अहम्मिया **-जाव-** अहम्मेणं चेव वित्तिं कप्पेमाणा विहरंति, एएसि णं जीवाणं दुव्वलियत्तं साहू ।

***एएणं जीवा एवं जहा सुत्तस्स तहा दुव्वलियस्स वत्तव्वया भाणियव्वा ।***

***बलियस्स जहा जागरस्स तहा भाणियव्वं -जाव- संजोएत्तारो भवंति,***

एएसि णं जीवाणं बलियत्तं साहू ।

से तेणट्ठेणं जयंति ! एवं वुच्चइ-

'अत्थेगइयाणं जीवाणं बलियत्तं साहू, अत्थेगइयाणं जीवाणं दुव्वलियत्तं साहू ।"

प. दक्खत्तं भंते ! साहू, आलसियत्तं साहू ?

उ. जयंति ! अत्थेगइयाणं जीवाणं दक्खत्तं साहू, अत्थेगइयाणं जीवाणं आलसियत्तं साहू ।

प. से केणट्ठेणं भंते ! एवं वुच्चइ-

"अत्थेगइयाणं जीवाणं दक्खत्तं साहू, अत्थेगइयाणं जीवाणं आलसियत्तं साहू ?"

उ. जयंति ! जे इमे जीवा अहम्मिया **-जाव-** अहम्मेणं चेव वित्तिं कप्पेमाणा विहरंति, एएसि णं जीवाणं आलसियत्तं साहू,

***एए णं जीवा अलसा समाणा नो बहूणं जहा सुत्ता तहा अलसा भाणियव्वा ।***

***जहा जागरा तहा दक्खा भाणियव्वा -जाव- संजोएत्तारो भवंति ।***

एए णं जीवा दक्खा समाणा बहूहिं-

१. आयरियवेयावच्चेहिं, २. उवज्झायवेयावच्चेहिं,

३. थेरवेयावच्चेहिं,　४. तवस्सीवेयावच्चेहिं,

५. गिलाणवेयावच्चेहिं, ६. सेहवेयावच्चेहिं,

७. कुलवेयावच्चेहिं,　८. गणवेयावच्चेहिं,

९. संघवेयावच्चेहिं,　१०. साहम्मियवेयावच्चेहिं,

પ્ર. ભંતે ! શા માટે એવું કેહવાય છે કે -

"કેટલાક જીવોની સબળતા સારી છે અને કેટલાક જીવોની દુર્બળતા સારી છે ?"

ઉ. જયંતી ! જે જીવ અધાર્મિક **-યાવત્-** અધર્મથી જ આજીવિકા કરે છે, તે જીવોની દુર્બળતા સારી છે.

***જે પ્રમાણે જીવોનું સુપ્તપણાનું વર્ણન કરેલ છે તેજ પ્રમાણે દુર્બળતાનું પણ વર્ણન કરવું જોઈએ.***

***જાગૃતનાં સમાન સબળતાનું વર્ણન ધાર્મિક સંયોજનોઓમાં સંયોજીત કરે છે ત્યાં સુધી કહેવું જોઈએ.***

એવા (ધાર્મિક) જીવોની સબળતા સારી છે.

માટે હે જયંતી ! એવું કેહવાય છે કે-

"કેટલાક જીવોની સબળતા સારી છે અને કેટલાક જીવોની દુર્બળતા સારી છે."

પ્ર. ભંતે ! જીવોનું દક્ષત્વ સારું છે કે આળસપણું સારું છે ?

ઉ. જયંતી ! કેટલાક જીવોનું દક્ષત્વ સારું છે અને કેટલાક જીવોનું આળસીપણું સારું છે.

પ્ર. ભંતે ! શા માટે એવું કહેવાય છે કે -

"કેટલાક જીવોનું દક્ષત્વ સારું છે અને કેટલાક જીવોનું આળસીપણું સારું છે.?"

ઉ. જયંતી, ! જે જીવ અધાર્મિક **-યાવત્-** અધર્મથી જ આજીવિકા કરે છે તે જીવોનું આળસીપણું સારું છે.

***આ જીવો આળસી હોવાથી સુપ્તનાં સમાન આળસીપણાનું વર્ણન કરવું જોઈએ.***

***જાગૃતનાં વર્ણનનાં સમાન દક્ષતાના ધર્મની સાથે સંયોજીત કરનાર હોય છે ત્યાં સુધીનું વર્ણન કરવું જોઈએ.***

તે જીવ દક્ષ હોય તો -

૧. આચાર્ય વૈયાવૃત્ય,　૨. ઉપાધ્યાય વૈયાવૃત્ય,

૩. સ્થવિર વૈયાવૃત્ય,　૪. તપસ્વી વૈયાવૃત્ય,

૫. રોગી વૈયાવૃત્ય,　૬. નવદીક્ષિત વૈયાવૃત્ય,

૭. કુળ વૈયાવૃત્ય,　૮. ગણ વૈયાવૃત્ય,

૯. સંઘ વૈયાવૃત્ય અને, ૧૦. સાધર્મિક વૈયાવૃત્યથી,

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

अत्ताणं संजोएत्तारो भवंति।

एएसि णं जीवाणं दक्खत्तं साहू।

से तेणट्ठेणं जयंति ! एवं वुच्चइ -

"अत्थेगइयाणं जीवाणं दक्खत्तं साहू, अत्थेगइयाणं जीवाणं आलसियत्तं साहू।"

- विया. स. १२, उ. २, सु. १८-२०

६९. **चउव्विहाओ अंतकिरियाओ-**

चत्तारि अंतकिरियाओ पण्णत्ताओ, तं जहा-

१. ***तत्थ खलु इमा पढमा अंतकिरिया-***

अप्पकम्मपच्चायाए या वि भवइ, से णं मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइए, संजमबहुले, संवरबहुले, समाहिबहुले, लूहे, तीरट्ठी उवहाणवं दुक्खक्खवे तवस्सी।

तस्स णं णो तहप्पगारे तवे भवइ, णो तहप्पगारा-वेयणा भवइ,

तहप्पगारे पुरिसजाए दीहेणं परियाएणं सिज्झइ, बुज्झइ, मुच्चइ, परिणिव्वायाइ सव्वदुक्खाणमंतं करेइ,

***जहा से भरहे राया चाउरंतचक्कवट्टी,***

पढमा अंतकिरिया।

२. ***अहावरा दोच्चा अंतकिरिया,***

महाकम्मे पच्चायाए या वि भवइ, से णं मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइए, संजमबहुले **-जाव-** उवहाणवं दुक्खक्खवे तवस्सी,

तस्स णं तहप्पगारे तवे भवइ,

तहप्पगारा वेयणा भवइ,

तहप्पगारे पुरिसजाए निरूद्धेणं परियाएणं सिज्झइ **-जाव-** सव्वदुक्खाणमंतं करेइ,

***जहा से गयसुहमाले अणगारे,*** दोच्चा अंतकिरिया।

३. ***अहावरा तच्चा अंतकिरिया,***

महाकम्मे पच्चायाए या वि भवइ, से णं मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइए, संजम बहुले **-जाव-** उवहाणवं दुक्खक्खवे तवस्सी,

પોતે પોતાને સંલગ્ન કરનાર હોય છે.

માટે આ જીવોની દક્ષતા સારી છે.

માટે હે જયંતી ! એવું કહેવાય છે કે -

"કેટલાક જીવોનું દક્ષત્વ (ઉદ્યમીપણું) સારું છે અને કેટલાક જીવોનું આળસીપણું સારું છે."

૬૯. **ચાર પ્રકારની અંતક્રિયાઓ :**

અંતક્રિયા ચાર પ્રકારની કહી છે, જેમકે -

૧. ***તેમાં આ પ્રથમ અંતક્રિયા છે -***

કોઈ પુરુષ અલ્પ કર્મોની સાથે મનુષ્ય જન્મને પ્રાપ્ત કરે છે. તે મુંડિત થઈને ગૃહસ્થથી અણગાર ધર્મમાં પ્રવ્રજીત થાય, સંયમ, સંવર અને સમાધિયુક્ત થઈને રુક્ષભોજી, સંસાર સાગરને પાર કરવાનો ઈચ્છુક, ઉપધાન કરનાર અને દુઃખને ખપાવનાર તપસ્વી હોય છે.

તેને ન તો તેવા પ્રકારનાં ઉત્કૃષ્ટ તપ હોય છે અને ન તે પ્રકારની ઉત્કૃષ્ટ વેદના હોય છે.

આ પ્રમાણેનો પુરુષ દીર્ઘ પર્યાયનાં દ્વારા સિદ્ધ, બુદ્ધ, મુક્ત, પરિનિર્વૃત્ત થઈને બધા દુઃખોનો અંત કરે છે.

***જેવી રીતે ચાતુરંત ચક્રવર્તી ભરત રાજા,***

આ પ્રથમ અંતક્રિયા છે.

૨. ***બીજી અંતક્રિયા આ પ્રમાણે છે -***

કોઈ પુરુષ ઘણા બધા કર્મોની સાથે મનુષ્ય જન્મને પ્રાપ્ત કરે છે. તે મુંડિત થઈને ગૃહસ્થથી અણગાર ધર્મમાં પ્રવ્રજીત થાય, સંયમયુક્ત **-યાવત્-** ઉપધાન કરનાર અને દુઃખને ખપાવનાર તપસ્વી હોય છે.

તેને ઉત્કૃષ્ટ તપ થાય છે.

તેને ઉત્કૃષ્ટ વેદના થાય છે.

આ પ્રમાણેનો પુરુષ અલ્પકાલિક સાધુપર્યાયનાં દ્વારા સિદ્ધ થાય છે **-યાવત્-** સર્વ દુઃખોનો અંત કરે છે.

***જેવી રીતે ગજસુકુમાલ અણગાર,*** આ બીજી અંતક્રિયા છે.

૩. ***ત્રીજી અંતક્રિયા આ પ્રમાણે છે -***

કોઈ પુરુષ ઘણા કર્મોની સાથે મનુષ્ય જન્મને પ્રાપ્ત કરે છે. તે મુંડિત થઈને ગૃહસ્થથી અણગાર ધર્મમાં પ્રવ્રજિત થાય, સંયમ યુક્ત **-યાવત્-** ઉપધાન કરનાર અને દુઃખને ખપાવનાર તપસ્વી હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

तस्स णं तहप्पगारे तवे भवइ,

तहप्पगारा वेयणा भवइ,

तहप्पगारे पुरिसजाए दीहेणं परियाएणं सिज्झइ -जाव- सव्वदुक्खाणमंतं करेइ,

*जहा से सणंकुमारे राया चाउरंतचक्कवट्टी,* तच्चा अंतकिरिया।

४. *अहावरा चउत्था अंतकिरिया-*

अप्पकम्म पच्चायाए या वि भवइ, से णं मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइए, संजमबहुले -जाव- उवहाणवं दुक्खक्खवे तवस्सी,

तस्स णं णो तहप्पगारे तवे भवइ,

णो तहप्पगारा वेयणा भवइ,

तहप्पगारे पुरिसजाए निरूद्धेणं परियाएणं सिज्झइ -जाव- सव्वदुक्खाणमंतं करेइ,

*जहा सा मरूदेवा भगवई,* चउत्था अंतकिरिया।

- ठाणं. अ. ४, उ. १, सु. २३५

तेने उत्कृष्ट तप होय छे.

तेने उत्कृष्ट वेदना थाय छे.

આ પ્રમાણેનો પુરુષ દીર્ઘ-કાલિક સાધુ-પર્યાયનાં દ્વારા સિદ્ધ થાય છે **-યાવત્-** સર્વ દુઃખોનો અંત કરે છે.

જેમ - **ચાતુરન્ત ચક્રવર્તી સનત્કુમાર રાજા,** આ ત્રીજી અંત ક્રિયા છે.

૪. ***ચોથી અંતક્રિયા આ પ્રમાણે છે -***

કોઈ પુરુષ અલ્પકર્મોની સાથે મનુષ્ય જન્મને પ્રાપ્ત કરે છે. તે મુંડિત થઈને ગૃહસ્થથી અનગાર ધર્મમાં પ્રવ્રજિત થાય, સંયમયુક્ત **-યાવત્-** ઉપધાન કરનાર અને દુઃખને ખપાવનાર તપસ્વી હોય છે.

તેને ન તો ઉત્કૃષ્ટ તપ હોય છે.

ન ઉત્કૃષ્ટ વેદના હોય છે.

આ પ્રમાણેનો પુરુષ અલ્પકાલિક સાધુ-પર્યાયનાં દ્વારા સિદ્ધ થાય છે **-યાવત્-** સર્વ દુઃખોનો અંત કરે છે.

જેમ - **ભગવતી મરુદેવી,** આ ચોથી અંતક્રિયા છે.

## ७०. जीव-चउवीसदंडएसु अंतकिरिया भावाभाव परूवणं-

प. जीवे णं भंते ! अंतकिरियं करेज्जा ?

उ. गोयमा ! अत्थेगइए करेज्जा, अत्थेगइए नो करेज्जा।[1]

दं. *१-२४. एवं नेरइए -जाव- वेमाणिए।*

प. दं. १. नेरइए णं भंते ! नेरइएसु अंतकिरियं करेज्जा ?

उ. गोयमा ! नो इणट्ठे समट्ठे।

प. दं. २. नेरइए णं भंते ! असुरकुमारेसु अंतकिरियं करेज्जा ?

उ. गोयमा ! नो इणट्ठे समट्ठे।

दं. *३-२४. एवं -जाव- वेमाणिएसु, णवरं-*

प. नेरइए णं भंते ! मणूसेसु अंतकिरियं करेज्जा ?

## ७०. જીવ-ચોવીસ દંડકોમાં અંતક્રિયાનાં ભાવાભાવનું પ્રરુપણ :

પ્ર. ભંતે ! શું જીવ અંતક્રિયા કરે છે ?

ઉ. હા, ગૌતમ ! કોઈ જીવ અંતક્રિયા કરે છે અને કોઈ જીવ કરતા નથી.

**દં.૧-૨૪. આ પ્રમાણે નૈરયિકથી વૈમાનિક સુધી અંતક્રિયાનાં માટે જાણવું જોઈએ.**

પ્ર. **દં.૧.** ભંતે ! શું નારક નારકોમાં રહેતા અંતક્રિયા કરે છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

પ્ર. **દં.૨.** ભંતે ! શું નારક અસુરકુમારોમાં અંતક્રિયા કરે છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

દં.૩-૨૪. ***આ પ્રમાણે વૈમાનિક સુધી અંતક્રિયાની અસમર્થતા જાણવી જોઈએ. વિશેષ -***

પ્ર. ભંતે ! શું નારક મનુષ્યોમાં આવીને અંતક્રિયા કરે છે ?

१. विया. स. १, उ. २, सु. १८

जैनम् जयति शासनम् JAINSITE www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उ. गोयमा ! अत्थेगइए करेज्जा, अत्थेगइए नो करेज्जा ।

***एवं असुरकुमारे -जाव- वेमाणिए ।***

***एवमेव चउवीसं-चउवीसं दंडगा भवंति ।***

- पण्ण. प. २०, सु. १४०७-१४०९

ઉ. ગૌતમ ! કોઈ (અંતક્રિયા) કરે છે અને કોઈ કરતા નથી.

**આ પ્રમાણે અસુરકુમારથી વૈમાનિક સુધી કહેવું જોઈએ.**

**આ પ્રમાણે ચોવીસ દંડકોની ચોવીસ દંડકોમાં અંતક્રિયા કહેવી જોઈએ.**

(આ બધી મળીને २४×२४ = ५७६ - પ્રશ્નોત્તર થાય છે.)

**७१. अणंतरागयाईणं चउवीसदंडएसु अंतकिरिया परूवणं-**

प. **दं. १.** नेरइया णं भंते ! किं अणंतरागया अंतकिरियं करेंति, परंपरागया अंतकिरियं करेंति ?

उ. गोयमा ! अणंतरागया वि अंतकिरियं करेंति, परंपरागया वि अंतकिरियं करेंति ।

***एवं रयणप्पभापुढवी नेरइया वि -जाव- पंकप्पभापुढवी नेरइया ।***

प. धूम्मप्पभापुढवीनेरइया णं भंते ! किं अणंतरागया अंतकिरियं करेंति, परंपरागया अंतकिरियं करेंति ?

उ. गोयमा ! णो अणंतरागया अंतकिरियं करेंति, परंपरागया अंतकिरियं करेंति ।

***एवं -जाव- अहेसत्तमापुढवीनेरइया ।***

**दं. २-१३, १६.** असुरकुमारा **-जाव-** थणियकुमारा पुढवी-आउ-वणस्सइकाइया य अणंतरागया वि अंतकिरियं करेंति, परंपरागया वि अंतकिरियं करेंति ।

**दं. १४-१५-१७-१९.** तेउ-वाउ-बेइंदिय-तेइंदिय-चउरिंदिया णो अणंतरागया अंतकिरियं करेंति, परंपरागया अंतकिरियं करेंति ।

दं. २०-२४. ***सेसा अणंतरागया वि अंतकिरियं करेंति, परंपरागया वि अंतकिरियं करेंति ।***

- पण्ण. प. २०, सु. १४१०-१४१३

**७१. ચોવીસ દંડકોમાં અનન્તરાગતાદિની અંતક્રિયાનું પરુપણ :**

પ્ર. **દં.૧.** ભંતે ! શું અનન્તરાગત નૈરયિક અંતક્રિયા કરે છે કે પરંપરાગત અંતક્રિયા કરે છે ?

ઉ. ગૌતમ ! અનન્તરાગત પણ અંતક્રિયા કરે છે અને પરંપરાગત પણ અંતક્રિયા કરે છે.

**આ પ્રમાણે રત્નપ્રભા પૃથ્વીનાં નૈરયિકોથી પંકપ્રભા પૃથ્વીનાં નૈરયિક સુધી અંતક્રિયાનાં માટે જાણવું જોઈએ.**

પ્ર. ભંતે ! ધૂમપ્રભા પૃથ્વીનાં અનન્તરાગત નૈરયિક અંતક્રિયા કરે છે કે પરંપરાગત અંતક્રિયા કરે છે ?

ઉ. ગૌતમ ! અનન્તરાગત અંતક્રિયા કરતા નથી, પરંતુ પરંપરાગત અંતક્રિયા કરે છે.

**આ પ્રમાણે અધઃસપ્તમ પૃથ્વી સુધીનાં નૈરયિકોની અંતક્રિયા કહેવી જોઈએ.**

**દં.૨-૧૩, ૧૬.** અસુરકુમારથી સ્તનિતકુમાર સુધી ભવનપતિ દેવ તથા પૃથ્વીકાયિક, અપ્કાયિક અને વનસ્પતિકાયિક અનન્તરાગત જીવ પણ અંતક્રિયા કરે છે અને પરંપરાગત પણ અંતક્રિયા કરે છે.

**દં.૧૪,૧૫,૧૭,૧૯.** તેજસ્કાયિક, વાયુકાયિક, બેઈન્દ્રિય, ત્રેઈન્દ્રિય અને ચઉરેન્દ્રિય અનન્તરાગત જીવ અંતક્રિયા કરતા નથી. પરંતુ પરંપરાગત અંતક્રિયા કરે છે.

દં.૨૦-૨૪. **બાકી બધા અનન્તરાગત અંતક્રિયા પણ કરે છે અને પરંપરાગત અંતક્રિયા પણ કરે છે.**

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

**७२. अणंतरागयाणं चउवीसदंडएसु एगसमए अंतकिरिया परूवणं-**

प. **दं. १.** अणंतरागया णं भंते ! नेरइया एगसमए णं केवइया अंतकिरियं पकरेंति ?

उ. गोयमा ! जहण्णेणं एगो वा, दो वा, तिण्णि वा, उक्कोसेणं दस।

***रयणप्पभापुढवीनेरइया वि एवं चेव -जाव- वालुयप्पभापुढवीनेरइया।***

प. अणंतरागया णं भंते ! पंकप्पभापुढवीनेरइया एगसमएणं केवइया अंतकिरियं पकरेंति ?

उ. गोयमा ! जहण्णेणं एक्को वा, दो वा, तिण्णि वा, उक्कोसेणं चत्तारि।

प. दं. २-११. अणंतरागया णं भंते ! असुरकुमारा एगसमएणं केवइया अंतकिरियं पकरेंति ?

उ. गोयमा ! जहण्णेणं एक्को वा, दो वा, तिण्णि वा उक्कोसेणं पंच।

प. अणंतरागयाओ णं भंते ! असुरकुमारीओ एगसमएणं केवइयाओ अंतकिरियं पकरेंति ?

उ. गोयमा ! जहण्णेणं एक्को वा, दो वा, तिण्णि वा, उक्कोसेणं पंच।

***एवं जहा असुरकुमारा सदेवीया तहा -जाव- थणियकुमारा।***

प. दं. १२. अणंतरागया णं भंते ! पुढवीकाइया एगसमएणं केवइया अंतकिरियं पकरेंति ?

उ. गोयमा ! जहण्णेणं एक्को वा, दो वा, तिण्णि वा, उक्कोसेणं चत्तारि।

दं. ***१३. एवं आउक्काइया वि चत्तारि,***

दं. ***१६. वणस्सइकाइया छ,***

दं. २०. ***पंचेंदिय-तिरिक्खजोणिया दस,***

***तिरिक्ख- जोणिणीओ दस,***

दं. २१. ***मणुस्सा दस, मणुस्सीओ वीसं,***

दं. २२. ***वाणमंतरा दस, वाणमंतरीओ पंच,***

दं. २३. ***जोइसिया दस, जोइसिणीओ वीसं,***

**७२. એક સમયમાં અનન્તરાગત ચોવીસ દંડકોમાં અંતક્રિયાનું પ્રરુપણ :**

પ્ર. **દં.૧.** ભંતે ! અનન્તરાગત નારક એક સમયમાં કેટલી અંતક્રિયા કરે છે ?

ઉ. ગૌતમ ! એક સમયમાં તે જઘન્ય એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટ દસ અંતક્રિયા કરે છે.

***રત્નપ્રભા પૃથ્વીનાં -યાવત્- વાલુકાપ્રભા પૃથ્વીનાં અનન્તરાગત નારક પણ આ પ્રમાણે જ અંતક્રિયા કરે છે.***

પ્ર. ભંતે ! પંકપ્રભા પૃથ્વીનાં અનન્તરાગત નારક એક સમયમાં કેટલી અંતક્રિયા કરે છે ?

ઉ. ગૌતમ ! એક સમયમાં તે જઘન્ય એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટ ચાર અંતક્રિયા કરે છે.

પ્ર. દં.૨-૧૧. ભંતે ! અનન્તરાગત અસુરકુમાર એક સમયમાં કેટલી અંતક્રિયા કરે છે ?

ઉ. ગૌતમ ! એક સમયમાં તે જઘન્ય એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટ પાંચ અંતક્રિયા કરે છે.

પ્ર. ભંતે ! અનન્તરાગત અસુરકુમારિઓ એક સમયમાં કેટલી અંતક્રિયા કરે છે ?

ઉ. ગૌતમ ! એક સમયમાં તે જઘન્ય એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટ પાંચ અંતક્રિયા કરે છે.

***આ પ્રમાણે જેમ અનન્તરાગત દેવીઓ સહિત અસુરકુમારોની સંખ્યા કહી તેવી જ રીતે સ્તનિતકુમારો સુધીની સંખ્યા કહેવી જોઈએ.***

પ્ર. દં.૧૨. ભંતે ! અનન્તરાગત પૃથ્વીકાયિક એક સમયમાં કેટલી અંતક્રિયા કરે છે ?

ઉ. ગૌતમ ! એક સમયમાં તે જઘન્ય એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટ ચાર અંતક્રિયા કરે છે.

દં.૧૩. ***આ પ્રમાણે અપ્કાયિક પણ ઉત્કૃષ્ટથી ચાર,***

દં. ***૧૬. વનસ્પતિકાયિક છ,***

દં.૨૦. ***પંચેન્દ્રિય તિર્યંચયોનિક દસ,***

***પંચેન્દ્રિય તિર્યંચયોનિક સ્ત્રીઓ દસ.***

દં.૨૧. ***મનુષ્ય દસ, મનુષ્યાણી વીસ.***

દં.૨૨. ***વાણવ્યંતરદેવ દસ, વાણવ્યંતર દેવીઓ પાંચ.***

દં.૨૩. ***જ્યોતિષ્કદેવ દસ, જ્યોતિષ્ક દેવીઓ વીસ.***

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

दं. २४. **वेमाणिया अट्ठसयं, वेमाणिणीओ वीसं।**

- पण्ण. प. २०, सु. १४१४-१४१६

દં.૨૪. **વૈમાનિક દેવ એક સો આઠ, વૈમાનિક દેવીઓ વીસ અંતક્રિયા કરે છે.**

(**દં.૧૪-૧૫.** અનન્તરાગત તેજસ્કાયિક અને વાયુકાયિક અંતક્રિયા કરતા નથી.)

**७३. चउवीसदंडएसु उवट्टणानंतरं अंतकिरिया परूवणं-**

प. (क) णेरइए णं भंते ! णेरइएहिंतो अणंतरं उव्वट्टित्ता णेरइएसु उववज्जेज्जा ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

प. णेरइए णं भंते ! णेरइएहिंतो अणंतरं उव्वट्टित्ता असुरकुमारेसु उववज्जेज्जा ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

प. णेरइए णं भंते ! णेरइएहिंतो अणंतरं उव्वट्टित्ता नागकुमारेसु **-जाव-** चउरिंदिएसु उववज्जेज्जा ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

प. णेरइए णं भंते ! णेरइएहिंतो अणंतरं उव्वट्टित्ता पंचेंदिय-तिरिक्खजोणिएसु उववज्जेज्जा ?

उ. गोयमा ! अत्थेगइए उववज्जेज्जा, अत्थेगइए णो उववज्जेज्जा।

प. जे णं भंते ! णेरइएहिंतो अणंतरं उव्वट्टित्ता पंचेंदिय-तिरिक्खजोणिएसु उववज्जेज्जा से णं केवलिपण्णत्तं धम्मं लभेज्जा सवणयाए ?

उ. गोयमा ! अत्थेगइए लभेज्जा, अत्थेगइए णो लभेज्जा।

प. जे णं भंते ! केवलिपण्णत्तं धम्मं लभेज्जा सवणयाए से णं केवलं बोहिं बुज्झेज्जा ?

उ. गोयमा ! अत्थेगइए बुज्झेज्जा, अत्थेगइए णो बुज्झेज्जा।

प. जे णं भंते ! केवलं बोहिं बुज्झेज्जा, से णं सद्दहेज्जा, पत्तिएज्जा, रोएज्जा ?

उ. हंता, गोयमा ! सद्दहेज्जा पत्तिएज्जा रोएज्जा।

प. जे णं भंते ! सद्दहेज्जा पत्तिएज्जा रोएज्जा से णं आभिणिबोहियणाण-सुयणाणाइं उप्पाडेज्जा ?

**૭૩. ચોવીસ દંડકોમાં ઉદ્‌વર્તનાનન્તર અંતક્રિયાનું પ્રરુપણ :**

પ્ર. (ક) ભંતે ! નારક જીવ નારકોમાંથી નીકળીને શું અનન્તર (સીધા) નારકોમાં ઉત્પન્ન થાય છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

પ્ર. ભંતે ! નારક જીવ નારકોમાંથી નીકળીને શું અનન્તર (સીધા) અસુરકુમારોમાં ઉત્પન્ન થાય છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

પ્ર. ભંતે ! નારક જીવ નારકોમાંથી નીકળીને શું અનન્તર (સીધા) નાગકુમારોમાં **-યાવત્-** ચઉરેન્દ્રિયોમાં ઉત્પન્ન થાય છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

પ્ર. ભંતે ! નારક જીવ નારકોમાંથી નીકળીને શું અનન્તર (સીધા) પંચેન્દ્રિય તિર્યંચયોનિઓમાં ઉત્પન્ન થાય છે ?

ઉ. ગૌતમ ! કોઈ ઉત્પન્ન થાય છે અને કોઈ ઉત્પન્ન થતા નથી.

પ્ર. ભંતે ! જે નારક નારકોમાંથી નીકળીને અનન્તર (સીધા) પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવોમાં ઉત્પન્ન થાય છે તો શું તે કેવળી પ્રરૂપિત ધર્મ શ્રવણનો લાભ પ્રાપ્ત કરે છે ?

ઉ. ગૌતમ ! કોઈ ધર્મ શ્રવણનો લાભ પ્રાપ્ત કરે છે અને કોઈ કરતા નથી.

પ્ર. ભંતે ! જે કેવલી- પ્રરૂપિત ધર્મશ્રવણનો લાભ પ્રાપ્ત કરે છે શું તે કેવલી બોધિને પ્રાપ્ત કરે છે ?

ઉ. ગૌતમ ! કોઈ કેવલી બોધિને પ્રાપ્ત કરે છે અને કોઈ કરતા નથી.

પ્ર. ભંતે ! જે કેવળી-બોધિને પ્રાપ્ત કરે છે તો શું તે તેના પર શ્રદ્ધા, પ્રતીતિ, રુચિ કરે છે ?

ઉ. હા, ગૌતમ ! તે તેના પર શ્રદ્ધા, પ્રતીતિ, રુચિ કરે છે.

પ્ર. ભંતે ! જે શ્રદ્ધા-પ્રતીતિ-રુચિ કરે છે તો શું તે આભિનિબોધિકજ્ઞાન અને શ્રુતજ્ઞાન ઉપાર્જીત કરે છે ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उ. हंता, गोयमा ! उप्पाडेज्जा।

प. जे णं भंते ! आभिणिबोहियणाण-सुयणाणाइं उप्पाडेज्जा से णं संचाएज्जा सीलं वा वयं वा गुणं वा वेरमणं वा पच्चक्खाणं वा पोसहोववासं वा पडिवज्जित्तए ?

उ. गोयमा ! अत्थेगइए संचाएज्जा, अत्थेगइए णो संचाएज्जा।

प. जे णं भंते ! संचाएज्जा सीलं वा **-जाव-** पोसहोववासं वा पडिवज्जित्तए से णं ओहिणाणं उप्पाडेज्जा ?

उ. गोयमा ! अत्थेगइए उप्पाडेज्जा, अत्थेगइए णो उप्पाडेज्जा।

प. जे णं भंते ! ओहिणाणं उप्पाडेज्जा, से णं संचाएज्जा मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइत्तए ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

प. णेरइए णं भंते ! णेरइएहिंतो अणंतरं उव्वट्टित्ता मणूसेसु उववज्जेज्जा ?

उ. गोयमा ! अत्थेगइए उववज्जेज्जा, अत्थेगइए णो उववज्जेज्जा।

प. जे णं भंते ! उववज्जेज्जा से णं केवलिपण्णत्तं धम्मं लभेज्जा सवणयाए ?

उ. गोयमा ! अत्थेगइए लभेज्जा, अत्थेगइए णो लभेज्जा।

***जहा पंचेंदिय-तिरिक्खजोणिएसु तहा मणुस्सेसु -जाव-***

प. जे णं भंते ! ओहिणाणं उप्पाडेज्जा से णं संचाएज्जा मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइत्तए ?

उ. गोयमा ! अत्थेगइए संचाएज्जा, अत्थेगइए णो संचाएज्जा।

प. जे णं भंते ! संचाएज्जा मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइत्तए से णं मणपज्जवणाणं उप्पाडेज्जा ?

उ. गोयमा ! अत्थेगइए उप्पाडेज्जा, अत्थेगइए णो उप्पाडेज्जा।

ઉ. હા, ગૌતમ ! તે ઉપાર્જીત કરે છે.

પ્ર. ભંતે ! જો આભિનિબોધિક જ્ઞાન અને શ્રુતજ્ઞાનનું ઉપાર્જન કરે છે તો શું તે શીલ, વ્રત, ગુણ, વિરમણ, પ્રત્યાખ્યાન અને પૌષધોપવાસ અંગીકાર કરવામાં સમર્થ હોય છે ?

ઉ. ગૌતમ ! કોઈ અંગીકાર કરવામાં સમર્થ હોય છે અને કોઈ સમર્થ હોતા નથી.

પ્ર. ભંતે ! જે શીલ **-યાવત્-** પૌષધોપવાસ અંગીકાર કરવામાં સમર્થ હોય છે તો શું તે અવધિજ્ઞાન ઉપાર્જિત કરે છે ?

ઉ. ગૌતમ ! કોઈ ઉપાર્જિત કરે છે અને કોઈ કરતા નથી.

પ્ર. ભંતે ! જે અવધિજ્ઞાન ઉપાર્જીત કરે છે તો શું તે મુંડિત થઈને ગૃહત્યાગ કરીને અનગાર ધર્મમાં પ્રવ્રજીત થવામાં સમર્થ થાય છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

પ્ર. ભંતે ! નારક જીવ નારકોમાંથી નીકળીને શું અનન્તર (સીધા) મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે ?

ઉ. ગૌતમ ! કોઈ ઉત્પન્ન થાય છે અને કોઈ ઉત્પન્ન થતા નથી.

પ્ર. ભંતે ! જે ઉત્પન્ન થાય છે તો શું તે કેવલીપ્રરુપિત ધર્મશ્રવણનો લાભ પ્રાપ્ત કરે છે ?

ઉ. ગૌતમ ! કોઈ લાભ પ્રાપ્ત કરે છે અને કોઈ કરતા નથી.

***જેમ પંચેન્દ્રિય તિર્યંચયોનિકોનાં વિષયમાં કહ્યું તે પ્રમાણે મનુષ્યોનાં માટે પણ કહેવું જોઈએ -યાવત્-***

પ્ર. ભંતે ! જે અવધિજ્ઞાન ઉપાર્જિત કરે છે તો શું તે મુંડિત થઈને ગૃહ ત્યાગ કરીને અનગાર ધર્મમાં પ્રવ્રજીત થવામાં સમર્થ થાય છે ?

ઉ. ગૌતમ ! કોઈ સમર્થ થાય છે અને કોઈ થતા નથી.

પ્ર. ભંતે ! જે મુંડિત થઈને ગૃહત્યાગ કરી અનગાર ધર્મમાં પ્રવ્રજીત થવામાં સમર્થ થાય છે તો શું તે મનઃ પર્યવજ્ઞાન ઉપાર્જીત કરે છે ?

ઉ. ગૌતમ ! કોઈ ઉપાર્જીત કરે છે અને કોઈ કરતા નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

प. जे णं भंते ! मणपज्जवणाणं उप्पाडेज्जा, से णं केवलणाणं उप्पाडेज्जा ?

उ. गोयमा ! अत्थेगइए उप्पाडेज्जा, अत्थेगइए णो उप्पाडेज्जा।

प. जे णं भंते ! केवलनाणं उप्पाडेज्जा से णं सिज्झेज्जा **-जाव-** सव्वदुक्खाणमंतं करेज्जा ?

उ. गोयमा ! सिज्झेज्जा **-जाव-** सव्वदुक्खाणमंतं करेज्जा।

प. णेरइए णं भंते ! णेरइएहिंतो अणंतरं उव्वट्टित्ता वाणमंतर-जोइसिय-वेमाणिएसु उववज्जेज्जा ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

प. **(ख)** असुरकुमारे णं भंते ! असुरकुमारेहिंतो अणंतरं उव्वट्टित्ता णेरइएसु उववज्जेज्जा ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

प. असुरकुमारे णं भंते ! असुरकुमारेहिंतो अणंतरं उव्वट्टित्ता असुरकुमारेसु उववज्जेज्जा ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

***एवं -जाव- थणियकुमारेसु।***

प. असुरकुमारे णं भंते ! असुरकुमारेहिंतो अणंतरं उव्वट्टित्ता पुढविक्काइएसु उववज्जेज्जा ?

उ. गोयमा ! अत्थेगइए उववज्जेज्जा, अत्थेगइए नो उववज्जेज्जा।

प. जे णं भंते ! उववज्जेज्जा से णं केवलिपण्णत्तं धम्मं लभेज्जा सवणयाए ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

***एवं आउ-वणप्फईकाइएसु वि।***

प. असुरकुमारे णं भंते ! असुरकुमारेहिंतो अणंतरं उव्वट्टित्ता तेउ-वाउ-बेइंदिय-तेइंदिय-चउरिंदिएसु उववज्जेज्जा ?

उ. गोयमा ! णो इणट्ठे समट्ठे।

***अवसेसेसु पंचसु पंचेंदिय-तिरिक्खजोणियादिसु असुरकुमारे जहा णेरइए।***

પ્ર. ભંતે ! જે મન:પર્યવજ્ઞાન ઉપાર્જિત કરે છે તો શું તે કેવળજ્ઞાન ઉપાર્જીત કરે છે ?

ઉ. ગૌતમ ! કોઈ ઉપાર્જીત કરે છે અને કોઈ કરતા નથી.

પ્ર. ભંતે ! જે કેવળજ્ઞાન ઉપાર્જીત કરે છે તો શું તે સિદ્ધ થાય છે **-યાવત્-** બધા દુ:ખોનો અંત કરે છે ?

ઉ. ગૌતમ ! તે સિદ્ધ થાય છે **-યાવત્-** બધા દુ:ખોનો અંત કરે છે.

પ્ર. ભંતે ! નારક જીવ, નારકોમાંથી નીકળીને શું અનન્તર (સીધા) વાણવ્યંતર, જ્યોતિષ્ક કે વૈમાનિકોમાં ઉત્પન્ન થાય છે ?

ઉ. ગૌતમ ! આ અર્થ સમર્થ નથી.

પ્ર. **(ખ)** ભંતે ! અસુરકુમાર અસુરકુમારોમાંથી નીકળીને શું અનન્તર (સીધા) નૈરયિકોમાં ઉત્પન્ન થાય છે ?

